અનુક્રમણિકા

૧૩. સ્વામીની વાત : પ્રકરણ - ૧, વાત - ૪

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

ભગવાનની મોટાઈ જેના અંતરમાં સમજાણી હોય તેને ગમે તેવા દેશકાળની અવળાઈ થાય અથવા દેહમાં ગમે એવો રોગ થઈ આવે, ઈત્યાદિકમાં પણ એમ સમજે જે, ભગવાનના કર્યા વિનાનું પાનડું પણ કોઈનું હલાવ્યું હલતું નથી, એમ સમજીને સુખી રહે; ને એમ ન સમજે તેને કોઈ પ્રકારનો દેશકાળ આવે તો સત્સંગ ચૂંથાઈ જાય.

(નોંધ : '◎' નિશાની પછી આવતું નિરૂપણ એક્સ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.)

- **મધ્યવર્તી ઉપદેશ :**

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં આપણને ભગવાનને કર્તા-હર્તા માની જીવન જીવવાની શીખ આપે છે.

ભગવાન કર્તા છે. આ વિચાર આપણા જીવનમાં ખૂબ અગત્યનો છે. તેમાંથી શાંતિ રહે.

અંતરમાં ટાઢું રહ્યા કરે ને ધગી ન જાય તેના બે ઉપાય છે : એક તો ભગવાનનું ભજન કરવું ને બીજું ભગવાનને સર્વકર્તા સમજવા, ને તેમાં સુખ આવે તો સુખ ભોગવી લેવું ને દુઃખ આવે તો દુઃખ ભોગવી લેવું. તે કહ્યું છે જે,

દાસના દુશ્મન હરિ કે'દી હોય નહીં,
જેમ કરશે તેમ સુખ જ થાશે.
(સ્વામીની વાત : ૧/૧૪૮)

❊ ભગવાન ભક્તના શત્રુ નથી. તેઓ ભક્ત સુખી થાય તેમ જ કરે છે.

- **કોઈને દુખિયો રે, દેખી ન ખમાય :**

❊ સં.૧૮૫૮માં કાર્તિક સુદ એકાદશીના દિવસે જેતપુરમાં રામાનંદ સ્વામીએ જ્યારે સહજાનંદ સ્વામીને ગાદીએ બેસાડ્યા ત્યારે ભક્તવત્સલ પ્રભુએ આપણા સૌ માટે બે વરદાન માગ્યાં હતાં- (૧) તમારા સત્સંગી હોય તેને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તે મને એક એક રૂંવાડે કોટિ કોટિ વીંછીનું દુઃખ થાઓ પણ તમારા સત્સંગીને તે થાઓ નહીં. (૨) તમારા સત્સંગીને પ્રારબ્ધમાં રામપત્તર (ભિક્ષા માંગવાનું) લખ્યું હોય તો તે રામપત્તર મને આવે પણ તમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય.

આપણા ઈષ્ટદેવની નિમણૂંક સંપ્રદાયના સત્તાધીશ તરીકે થઈ રહી છે, તે ઘડીએ તેમને સત્સંગીઓનાં જીવનમાં આવતાં દુઃખની ચિંતા સતાવી રહી છે. બીજું, સત્સંગીને દુઃખ ન આવે તેવી પ્રાર્થના તો કરી છે, પણ તેથી અનંતગણું દુઃખ પોતાને આવે તેવી પ્રાર્થના કરી છે. વિશ્વના ઈતિહાસમાં આવી પ્રાર્થના કર્યાનો કોઈ દાખલો શોધ્યો જડે તેમ નથી !

◎ તા.૨૬/૬/૨૦૧૭, એટલાન્ટા : મહંતસ્વામી મહારાજ આરામમાં પધાર્યા હતા. થોડી વારમાં જ પથારીમાં બેઠા થઈ ગયા. સેવકોએ સ્વામીશ્રીને પૂછ્યું, 'સ્વામી ! શું થયું ? બીમાર છો ? કાંઈ તકલીફ છે ?' સ્વામીશ્રીએ ના પાડી. સેવકોએ બેઠા થઈ જવાનું કારણ પૂછ્યું ત્યારે સ્વામીશ્રીએ રહસ્ય ઉદ્‌ઘાટિત કરતા કહ્યું, 'પ્રાર્થના કરું છું.' સેવકો કહે, 'કોના માટે ?' સ્વામીશ્રી કહે, 'દેશમાં વરસાદ થાય અને હરિભક્તો સુખિયા થાય તે માટે.' સેવકો કહે, 'આપ ક્યારે ક્યારે પ્રાર્થના કરો છો ?' સ્વામીશ્રી કહે, 'દરરોજ.'

આપણા ઈષ્ટદેવ અને ગુણાતીત સત્પુરુષ આપણું કોઈ પ્રકારનુ દુઃખ જોઈ શકતા નથી, સહી શકતા નથી. આપણને સુખી કરવા માટે તેઓ અહોનિશ પ્રાર્થના કરે છે. તેમ છતાં આપણને ક્યારેક દુઃખ આવે છે, તેમાં આપણે આ જ સમજણ રાખવી ઘટે કે - ભગવાન કર્તા છે અને તેઓ જે કરે છે તે મારા સારા માટે છે.

❊ એક રાજ્યમાં રાજા અને દીવાન પાકા મિત્ર હતા. તેઓ હંમેશાં સાથે જ રહેતા. એક વાર બંને શેરડી

ખાવા બેઠેલા, તેમાં શરતચૂકથી છરી રાજાની આંગળી પર ફરી ગઈ ને તે કપાઈ ગઈ. લોહીની ધારા છૂટી. આ જોઈ દીવાન બોલ્યો, 'હશે ! ભગવાન જે કરે તે સારા માટે હોય.' આ સાંભળી રાજા અકળાઈ ગયો, 'મૂરખ! મારી આંગળી કપાઈ ને તને સારું થયું લાગે છે? જતો રહે અહીંથી.' રાજાએ દીવાનને નોકરીમાંથી છૂટો કર્યો. દીવાન જતાં-જતાં બોલ્યો, 'હશે ! ભગવાન જે કરે તે સારા માટે.'

થોડા દિવસ પછી રાજા એકલો શિકારે નીકળ્યો ને જંગલમાં ભૂલો પડ્યો. ભીલ લોકોના હાથે રાજા પકડાયો. તેઓ પોતાની દેવીને ચઢાવવા નરબલિ શોધી રહેલા. રાજા પકડાયો ને તેનો જીવ તાળવે ચોંટી ગયો. બીજે દિવસ વધ પહેલાં રાજાનું પૂજન થયું, ફૂલહાર થયા, પણ રાજા ચિંતત હતો. કારણ કે તેના જીવનની અંતિમ ઘડીઓ ગણાઈ રહી હતી. ત્યારે ભીલ લોકોનો પુરોહિત કહે, 'રહેવા દો, આને છોડી મૂકો. આ બલિ નહીં ચાલે. કારણ કે તેની એક આંગળી ખંડિત છે. દેવીને તો બત્રીસ લક્ષણાનો ભોગ ચઢાવવાનો હોય.' આ સાંભળી રાજાને છોડી મૂકવામાં આવ્યો. રાજાને દીવાનના શબ્દો યાદ આવ્યા કે 'ભગવાન જે કરે તે સારા માટે હોય છે.' જો આંગળી ન કપાઈ હોત તો આખે આખા કપાઈ જવાત. તેને દીવાનની વાત સત્ય મનાઈ, પણ અડધી જ. તેને બીજો પ્રશ્ન ઉદ્ભવ્યો કે મેં દીવાનને કાઢી મૂક્યો તેમાં તેનું શું સારું થયું હશે ? લાવો, બોલાવીને પૂછું તો ખરો. દીવાનને બોલાવ્યો ને પૂછ્યું, ત્યારે દીવાન કહે, 'કેમ રાજા સાહેબ, તમે સમજ્યા નહીં? આપણે બેય કાયમ ભેગા જ રહેતા. જો પકડાયા હોત તો ભેગા જ પકડાત. તમારી તો આંગળી કપાઈ ગયેલી એટલે તમે તો છૂટી જાત, પણ હું તો સાજો નરવો હતો ને ! હું લેવા દેવા વગરનો મરી ન જાત? માટે તમે મને કાઢી મૂકયો તે પણ સારું કર્યું.' રાજાને વાત બરાબર બેસી ગઈ કે ભગવાન જે કરે તે સારા માટે હોય છે.

❊ આપણને આ વાત ઝટ કેમ નથી સમજાતી ? તો જે વખતે મુશ્કેલી આવે તે વખતે સારું થયું છે તેવું દેખાતું નથી એટલે. રાજાને આંગળી કપાઈ ત્યારે આ ભગવાને સારા માટે કર્યું છે, તેવું ન સમજાયું, પણ ૭ દિવસ પછી સમજાયું. આપણને ૭ અઠવાડિયાં, ૭ મહિના, ૭ વરસ પછી પણ સમજાય. માટે ધીરજ રાખીએ તો અંતે ખબર પડે જ છે કે ભગવાન કર્તા છે ને જે કરે તે સારા માટે કરે છે.

❊ ભારતના ૧૧મા રાષ્ટ્રપતિ અને મહાન વૈજ્ઞાનિક ડૉ. અબ્દુલ કલામ સાહેબ ૧૯૫૭ની સાલમાં પાઈલટ બનવાના સ્વપ્ન સાથે દેહરાદૂન આવેલા. દેહરાદુનમાં પાઈલટ માટેનું ઈન્ટરવ્યૂ હતું, જેમાં કેવળ આઠ જ યુવાનોને પસંદ કરવાના હતા. કલામ સાહેબે આ ઈન્ટરવ્યૂમાં ૯મો નંબર પ્રાપ્ત કર્યો. તેઓ હતાશ હતા. ઋષિકેશમાં શિવાનંદ આશ્રમમાં ગયા. ત્યાં એક સંતે તેમને ઉદાસીનતાનું કારણ પૂછ્યું. આ યુવાને તેમને નિષ્ફળતાની વિગતે વાત કરી. તે સંતે તેમને સમજાવ્યા કે 'ભગવાનની ઈચ્છા નથી કે તું પાઈલટ બને. માટે નિષ્ફળતાને ભૂલી જા. તારી જાતને ઈશ્વરેચ્છા પર છોડી દે.' તેઓ ઘરે પાછા ફર્યા. ફરીથી અભ્યાસમાં મન પરોવ્યું અને સખત પુરુષાર્થ કર્યો. થોડા જ સમયમાં તેઓ એરોનોટિકલ એન્જિનિયર બન્યા. ત્યારબાદ ભારતના મહાન વૈજ્ઞાનિક અને રાષ્ટ્રપતિ પણ બન્યા. તેઓ કહેતા કે 'ભલે, હું પ્લેન ઉડાડનાર ન બન્યો, પણ પ્લેન કરતાં વધારે ઊંચું ઊડી શકે એવાં રોકેટ તો બનાવી જ શક્યો.'

જીવનમાં આવતી નાની-મોટી નિષ્ફળતામાં ભગવાનની મરજી સમજી ફરીથી પોતાના કાર્યમાં ઉત્સાહથી જોડાનાર વ્યક્તિ સફળતાનાં શિખરો સર કરી શકે છે. સાઈકલ શીખનાર મોટા ભાગના બાળકો સાઈકલ પરથી પડે છે, વાગ્યે પણ છે. જો તે ઘાને જોઈ ફરી સાઈકલ અડે જ નહીં તો ? કદી શીખશે જ નહીં, પણ ભગવાનની ઈચ્છા સમજી ફરી પ્રયત્ન કરશે તો શીખી જશે.

◎ સમઢિયાળાના વીરા શેલડિયાને સત્સંગ કૃપાનંદ સ્વામી અને ગુણાતીતાનંદ સ્વામીના સંગથી થયો હતો. એક વાર વીરા ભક્ત કુટુંબ સહિત ગઢડે

શ્રીજીમહારાજનાં દર્શને ગયેલા, ત્યારે દ્વેષી દરબાર દાદા ખુમાણે વીરા ભક્તનાં ઘર અને ગાડું સળગાવી દીધાં. વીરા ભક્ત પાંચ-સાત દિવસ પછી ગામ પાછા આવ્યા ત્યારે દાદો ખુમાણ કહે, 'વીરા, તું ગઢડે સ્વામિનારાયણને દર્શને ગયો તેમાં તારું શું થયું ? તારાં ઘર ને ગાડું બળી ગયાં.' તે સાંભળી વીરા ભક્ત કહે, 'સ્વામિનારાયણે તો મારું બહુ સારું કર્યું જે, બાયડી-છોકરો ઉગર્યા. ખોરડું(ઘર) તથા ગાડું બીજું કરશું, ને જુઓ આ દાણાની કોઠીઓ ભરી છે, ને ઘર માથે તો છાજ નાખી લેશું'

વીરા ભક્તને દૃઢ થઈ ગયેલું કે, 'ભગવાન જે કરે તે સારા માટે જ હોય.' તેથી દુઃખ આવ્યું છતાં સ્થિર રહી શક્યા.

❊ નિષ્કુળાનંદ સ્વામી ધીરજાખ્યાનમાં કહે છે :

'જે દુઃખે થાય સુખ જનને, તે દે છે દુઃખ દયા કરી;
જેહ સુખે દુઃખ ઊપજે, તે આપે નહીં કે'દી હરિ.'

ભગવાનની આ રીત છે. તે સમજ્યા હોઈએ તો સંસારમાં મુશ્કેલીઓ આવે, દેહમાં રોગ આવે તો સત્સંગમાંથી પણ પાછા ન પડાય.

❊ ડોક્ટર ઓપરેશનમાં કાપા મૂકે તો દર્દીને વાંધો નથી હોતો. દરજી નવાનકોર કાપડ પર કાતર ચલાવે છે, પણ તેને કોઈ રોકતું નથી. કારણ કે તે ડોક્ટર કે દરજી કાપીને પણ સારું જ કરશે તેવો વિશ્વાસ છે, તેમ ભગવાન પણ દુઃખ આપીને સુખી કરે છે, તેમ મનાય તો વાંધો ન આવે.

❊ ભક્તવત્સલ ભગવાન શૂળીનું દુઃખ કાંટે મટાડે છે અને તે કાંટાના દુઃખથી આપણી કેટલાય જન્મની વાસના, આસક્તિ ટળવાની હોય. માટે તે કાંટાનું દુઃખ રાજી થકા સહન કરવામાં જ માલ છે.

◎ શ્રીજીમહારાજ એક ગામમાં ચાલતા જતા હતા. ત્યાં એક ગાડાવાળાને દયા આવવાથી શ્રીજીમહારાજને પોતાના ગાડામાં બેસવા વિનંતી કરી. પછી શ્રીજીમહારાજને તેણે ડબ્બામાંથી સુખડી પણ જમાડી. આગળ જતાં ઘટાદાર વૃક્ષ નીચે વિસામો ખાવા ગાડું ઊભું રાખ્યું. થોડી વારે ત્યાં એક જાન આવી. જાનૈયામાંથી કોઈનો ઘરેણાંનો ડબ્બો ખોવાયો હતો, એટલે શ્રીજીમહારાજને ડબ્બા વિષે પૂછવા લાગ્યા. શ્રીજીમહારાજે ત્યારે ગાડાવાળા સામે આંગળી ચીંધી. જાનૈયા તો ગાડાવાળા ઉપર તૂટી જ પડ્યા! ગાડાવાળાને ખૂબ માર માર્યો. ત્યાં જાનૈયાઓને બીજે ઠેકાણેથી ડબ્બો મળી જતાં તેઓ જતા રહ્યા. નિર્દોષ ગાડાવાળો મહારાજ પાસે આવ્યો. પોતે તેમની સેવા કરી, જમાડ્યા તેમ છતાં વગર વાંકે માર ખવડાવ્યાનું કારણ પૂછ્યું. મહારાજ કહે, 'આ જાનૈયાને તારી સાથે સાત જન્મનું વૈર હતું, તે સાત મિનિટમાં પતાવ્યું.' ગાડાવાળો આ સાંભળી મહારાજને પગે પડ્યો.

'God's ways are strange, but his methods are sure.' ભગવાનની રીત અનપેક્ષિત પણ અમોઘ હોય છે.

માટે જીવનમાં આવતાં નાના-મોટા રોગ, અપમાન, નિષ્ફળતાઓને ભગવાનનો પ્રસાદ માની સ્વીકારી લેવામાં જ માલ છે.

- **ભગવાનને સર્વકર્તાહર્તા માનીએ તો...**

(૧) મંત્ર-જંત્રમાં કે અન્ય ઠેકાણે પ્રતીતિ ન આવે.
(૨) નાના-મોટા પ્રસંગમાં સ્થિર રહેવાય.
(૩) કોઈનો અવગુણ ન આવે.
(૪) અહંશૂન્ય રહેવાય.

૧. મંત્ર-જંત્રમાં કે અન્ય ઠેકાણે પ્રતીતિ ન આવે :

❊ જે ભક્ત ભગવાનને જ સર્વકર્તા માને, તેને ગમે તેવું દુઃખ આવી પડે તો દુઃખ આપનાર ભગવાનને જાણે અને તે દુઃખ થકી રક્ષા કરનારા પણ ભગવાન વિના બીજાને ન જાણે. તેને જંત્ર-મંત્ર, દોરા-ધાગા, ગ્રહ-પનોતી આદિમાં ક્યાંય પ્રતીતિ ન આવે.

◎ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય-૩૮**માં કહ્યું કે, 'સંસારી જીવ છે તેને તો કોઈક ધન દેનારો મળે કે દીકરો દેનારો મળે તો ત્યાં તરત પ્રતીતિ આવે, અને ભગવાનનો ભક્ત હોય તેને તો જંત્ર-મંત્ર, નાટક-ચેટકમાં ક્યાંય પ્રતીતિ આવે જ નહીં.'

❊ કલ્પિત દેવ-દેવીઓની બીક અને જંતર-મંતર, દોરા-ધાગાનો ભય દૂર કરી ભગવાનના આશરાનું બળ પ્રેરવા માટે શ્રીજીમહારાજે આ.સં. ૧૮૬૨ની

સાલમાં એક પત્ર લખી ગામોગામ સત્સંગીજનો માટે ફેરવ્યો હતો. પત્રમાં મહારાજે લખ્યું હતું કે, 'ભગવાન સિવાય કોઈ કોઇને મારવા, જિવાડવા કે દુઃખ દેવા સમર્થ નથી. જો મંત્રજંત્રવાળાનું ચાલતું હોય તો રાજા લશ્કર શા માટે રાખે? એક મંત્રવાળાને જ ન રાખે? માટે નિર્ભય રહી ભગવાનને સર્વકર્તા સમજી ભજન કરજો. આ પત્ર... તમે એકાગ્ર મન કરીને ધારજો અને વિચારજો.'

* ભાવનગર જિલ્લાના સિમારી ગામમાં એક ભક્તનો દીકરો બીમાર પડ્યો. તકલીફ એટલી બધી હતી કે આઠ દિવસ અન્નજળ વિના વિતાવ્યા. કોઈકે સલાહ પણ આપી કે 'દાણા જોવરાવો, દોરો બાંધો કે ડાકલાં બેસાડો, નહીંતર દેહ નહીં રહે.' આવા સમયે નિષ્ઠામાં કાચ્યપ હોય તો ભલભલા સંસારીને દોરા-ધાગામાં પ્રતીતિ આવી જાય, પણ આ ભક્તે કહ્યું, 'શ્રીજીમહારાજની ઇચ્છા હશે તો દેહ રહેશે, નહીં તો પડી જશે.' તે ભક્તની આવી દૃઢતા જોઈ શ્રીજીમહારાજે દર્શન દીધાં ને છોકરો સાજો થઈ ગયો.

મહારાજને જ કર્તા-હર્તા માન્યા તો અન્ય કોઈ ઠેકાણે પ્રતીતિ ન આવે.

૨. નાના-મોટા પ્રસંગમાં સ્થિર રહેવાય :

* જીવનમાં આવતા સારા-માઠા પ્રસંગોમાં ભક્ત ભગવાનને જ સર્વકર્તાહર્તા જાણે તો તે તેવી પરિસ્થિતિમાં તે સ્થિરતા જાળવી શકે.
* નાગપુર પાસે બાલાઘાટ વિસ્તારમાં કાકુભાઈ તેમના પરિવાર સાથે રહે છે. તેમનો એક દીકરો ઉમંગ ઓસ્ટ્રેલિયા રહે છે. એક દિવસ આ સત્સંગી કુટુંબ પર અણધારી આફત આવી પડી. સટ્ટો ખેલનારી એક વ્યક્તિએ કાકુભાઈના ઘરે આવી તેમનાં પત્ની પાસે પચીસ લાખ રૂપિયાની માંગણી કરી. પત્ની રૂમમાં જઈ કાકુભાઈને ફોન કરવા લાગ્યા. આ વ્યક્તિએ આ જોયું એટલે તેણે તેમનું ખૂન કરી નાખ્યું. કાકુભાઈએ આ પ્રસંગે સ્થિર રહી પત્નીની અંતિમવિધિ કરી, પણ લોકો કાકુભાઈને ટોણા મારતાં કે 'તમારા પત્નીએ આટલી બધી ભક્તિ કરી તેનું આ ફળ ?' પત્નીનું અપમૃત્યુ થયું, છતાં કાકુભાઈ સ્થિર હતા કે પત્ની ધામમાં જ બેઠા છે.

ઓસ્ટ્રેલિયામાં રહેતા તેમના દીકરાને માતુશ્રીના ધામગમનના સમાચાર મળ્યા ત્યારે તેણે પણ સ્થિરતા દાખવી. એટલું જ નહીં, પણ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદને પ્રિન્ટ કરાવી લેમિનેશન કરાવી ભારત લેતો આવ્યો અને બધા સગાંને વહેંચી. તેમાં સ્વામીબાપાના આશીર્વાદ આ પ્રમાણે લખ્યા હતા : 'કોઈ પણ પ્રશ્ન આવે તો સીધી જ વાત છે કે મહારાજ કર્તા છે. એમની મરજીથી જ થાય છે. કોઈ કોઈનું સુધારતુંય નથી અને બગાડતુંય નથી. કર્તા ભગવાન છે. તે જે કાંઈ કરે છે, કરાવે છે, તે આપણા સારા માટે જ છે. ભગવાનને જ કર્તા માનો તો શાંતિ શાંતિ અને શાંતિ. દરેકમાં રહીને ભગવાન કર્તા છે. એમ માનીએ તો કોઈ કલેશ ન થાય. સંપ રહે, અહં ન આવે, માન-ઈર્ષ્યા માર્યા ફરે, એ અડે જ નહીં.'

આખું કુટુંબ આ પરિવારની સમજણ જોઈ વિસ્મિત થઈ ગયા. મહંતસ્વામી મહારાજ સમક્ષ કાકુભાઈના પરિવારનો પ્રસંગ કહેવાયો ત્યારે સ્વામીશ્રીએ રાજીપો દર્શાવતાં કહ્યું, 'જબરદસ્ત નિષ્ઠા કહેવાય, નિષ્ઠામાં પરાકાષ્ઠા!'

* જીવનમાં આવતાં સુખ-દુઃખના તમામ પ્રસંગોમાં સ્થિર રહેવા માટે ભગવાનને સર્વકર્તાહર્તા માનવા જોઇએ.

૩. કોઈનો અવગુણ ન આવે :

* લંકામાં ભગવાન શ્રીરામે રાવણનો નાશ કર્યા પછી શ્રીરામની આજ્ઞાથી હનુમાનજીએ અશોકવાટિકામાં સીતાજીને વિજયના સમાચાર આપ્યા. પછી હનુમાનજીએ સીતાજીને વિનંતિ કરી કે, 'આ અશોકવાટિકામાં તમને રાક્ષસીઓએ ખૂબ ત્રાસ આપ્યો છે. તમને વારંવાર કઠોર વચનો કહી ધમકાવતી-ડરાવતી હતી. એ બધી વાત મેં અહીં રહીને સાંભળી છે. આપ આજ્ઞા આપો તો હું આ બધી ક્રૂર રાક્ષસીઓને અત્યારે જ હણી નાંખું.'

હનુમાનજીનાં આ વચનો સાંભળી કરુણામય

સીતાજીએ તેમને કહ્યું કે, 'કપિશ્રેષ્ઠ! આ રાક્ષસીઓ રાજાને પરાધીન હતી. રાજાની આજ્ઞા પ્રમાણે કરતી હતી. તેથી તેમના પર ગુસ્સે થવું ઠીક નથી. મારા માટે આ જ ભગવાનની ઇચ્છા હતી. તેથી રાવણની દાસીઓનો જો કાંઈ અપરાધ હોય તોપણ એને હું ક્ષમા કરું છું.'

જે થયું તેમાં ભગવાનની ઇચ્છા જાણી સીતાજીએ રાક્ષસીઓનો કોઈ પ્રકારે અવગુણ ન લીધો.

◎ ભગતજી મહારાજ જૂનાગઢમાં નવી હવેલીની સેવા કરતા હતા, ત્યારે કેટલાક દ્વેષીઓ ભગતજી મરે તો સારું, એમ સંકલ્પ કરતા. તેઓ મંદિરની સામેના વંડામાંથી બાર-બાર મણના ચૂનાના કોથળા તેમના પર ચઢાવતા, કોઇક વખત જોરથી ફેંકે પણ ખરા. પરંતુ ભગતજી તો ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિ ધારી, સ્વામી જ પોતાની કસોટી અનેક દ્વારે, અનેક પ્રકારે કરી રહ્યા છે, તેમ વિચારતા. તેથી તેમને કોઇનો અવગુણ આવતો નહીં. તેઓ તો સૌને સ્વામીસ્વરૂપ જ દેખતા.

❊ ગુણાતીતાનંદ સ્વામીએ વાતમાં કહ્યું છે કે, 'જો માર માર કરતો (અતિશય ગુસ્સામાં) કોઈ આવતો હોય તો એમ સમજવું જે, મારા સ્વામીનું જ કર્યું સર્વે થાય છે, પણ તે વિના કોઈનું હલાવ્યું પાનડું પણ હલતું નથી.'

❊ એમ સત્સંગમાં કે વ્યવહારમાં પણ કોઈ કાર્યની પાછળ આપણને વિઘ્નરૂપ કે નડતરરૂપ કોઈ વ્યક્તિ જણાય તો એની પાછળ મૂળ પ્રેરકબળ તો ભગવાન જ છે, તેમ માનવાથી તત્કાળ સમાધાન થાય છે.

❊ તા. ૩૧/૮/૨૦૧૭, ફિલાડેલ્ફિયા (અમેરિકા) મહંતસ્વામી મહારાજને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, 'આપની પણ નિંદા થઈ છે. આક્ષેપો આવ્યા છે. (એમાં આપે કેવી રીતે કાર્ય કર્યું છે?)'

સ્વામીશ્રી કહે, 'ચિંતા જ નથી, ગમે તે ટીકા-ટીપ્પણ થાય.' તરત બીજો પ્રશ્ન પૂછાયો, 'એવી વ્યક્તિ પ્રત્યે આંટી-અણગમો થાય?'

સ્વામીશ્રી કહે, 'ચલાવી જ લેવાનું. છૂટકો નથી. ભૂલી જઈએ, યાદ ન રાખવું, રીસ ન રાખવી. સમજણ રાખવી. કર્તાહર્તા ભગવાન છે. એનું તથા આપણું શ્રેય હશે.'

કર્તાપણાની સમજણથી કોઈનો અવગુણ ન આવે તે ગુણાતીત ગુરુઓએ વર્તીને બતાવ્યું છે.

૪. અહંશૂન્ય રહેવાય :

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા અંત્ય**-૩૯માં અહં-મમત્વને માયા કહી છે. આ અહં ભગવાનને સર્વકર્તાહર્તા માનવાથી ટળે છે.

❊ ભગવાને જેવી સૃષ્ટિ બનાવી છે, તેવું હજી માણસ કરી શક્યો નથી. માણસ હજી લોહીનું ટીપું બનાવી શક્યો નથી, એક વાળ પણ બનાવી શક્યો નથી. ભગવાને ઘાસમાંથી દૂધ મળે તેવી ગાયો બનાવી છે, પણ માણસ એવી ફેક્ટરી નથી કરી શક્યો કે એક બાજુથી ઘાસ નાંખે ને બીજી બાજુ દૂધ નીકળે. માણસ પેન્સિલનો એક ટુકડો આધાર વિના અધ્ધર ન રાખી શકે ને ભગવાને ૫૬૦૦ કરોડ અબજ ટન પૃથ્વી અને સમગ્ર તારામંડળ ટેકા વિના અધ્ધર રાખ્યું છે. આવી તો ભગવાનની અનંત રચના છે. તે જો મનાય તો અહંકાર ઓગળી જાય.

❊ નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'જેણે રચ્યું આ જગત, જો ને જુજવી એ જાતનું રે;
જોતાં મૂંઝાઈ જાય મત, એવું કર્યું ભાતભાતનું રે.
એણે કર્યું એવું એક, થાય નહીં જરૂર જાણિયે રે;
વણકર્યે એ વિવેક, શીદ અભિમાન આણિયે રે.'

આમ, ભગવાનને કર્તા માનવાથી અહંકારરૂપ માયા ટળે છે.

◎ ૧૯૬૧ની સાલમાં યોગીજી મહારાજે એકાવન સુશિક્ષિત યુવાનોને ભાગવતી દીક્ષા આપી અને બીજે દિવસે ગઢપુર મંદિરના શિખર સુવર્ણ કળશ ચઢ્યા. આશરે ચાલીસ હજાર ભાવિકો આ ઉત્સવ લાભ લઈ કૃતાર્થ થયા. આખા ઉત્સવને પોતાના ખભે ઊંચકનાર પ્રમુખસ્વામી મહારાજ સમૈયામાં ધુરંધર બની રહેલા, છતાં કર્તાપણાના ભાવથી સદા અલિપ્ત રહેલા. આ ઉત્સવ સંબંધી ઝીણી

ઝીણી નોંધને પોતાની રોજનીશીમાં ટપકાવનાર પ્રમુખસ્વામી મહારાજે પોતે આ સમૈયામાં ઘસાઈ છૂટ્યા તેનો ઉલ્લેખમાત્ર કર્યો નથી. તેઓ પોતાને પડદા પાછળ રાખી મંચ-માંડવો શોભાવી જાણતા.

આવા અહંશૂન્ય પુરુષને જોઈ એન.ડી.બી. (નેશનલ ડેરી ડેવલોપમેન્ટ બોર્ડ)ના ચેરમેન ડૉ. કુરિયન બોલ્યા કે, 'પ્રમુખસ્વામીનું મુખારવિંદ જોતા જ ખ્યાલ આવી જાય કે તેઓ અહંશૂન્ય પુરુષ છે.'

❋ તા.૨૫/૧/૨૦૧૭, સારંગપુરમાં શિબિર દરમ્યાન મહંતસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં તેઓના મહિમાની સંતો અને સદ્‌ગુરુ સંતોએ અદ્‌ભુત વાતો કરી. પછી નારાયણમુનિ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યું, 'સ્વામી, કેવું રહ્યું ?'

સ્વામીશ્રી કહે, 'હું તો માળા ફેરવતો હતો.' પછી કહે, 'મહારાજ-સ્વામીને બધું સોપ્યું છે. એ બધું કરે છે.'

◎ તા. ૧૫/૫/૨૦૧૮, ચેન્નાઈ : પ્રતિષ્ઠિત મહાનુભાવોએ સ્વાગતદિને સ્વામીશ્રીને સત્કાર્યા. ત્યારબાદ શુભાશિષ વરસાવતાં સ્વામીશ્રી બોલ્યા કે, 'આ સ્વાગત થયું તે મહારાજ-સ્વામીનું થયું. આપણે તો કાંઈ નથી. આપણી તો દાસભાવે સેવા કરીએ. આપણે કોણ ? મહારાજ-સ્વામીમાં બધું આવી ગયું.' સ્વામીશ્રીમાં 'હું' પણાના ભાવનો પ્રલય થઈ ગયો હોય તેવું સૌએ અનુભવ્યું.

❋ આમ, એક જ વાતમાં ગુણાતીતાનંદ સ્વામીએ અંતરમાં ટાઢું રહે, સત્સંગ ચૂંથાઈ ન જાય, જંત્ર-મંત્રમાં ફસાઈ અન્યાશ્રય ન થાય ને શ્રીજીમહારાજને વિષે જ દૃઢ નિષ્ઠા રહે, કોઈનો અભાવ-અવગુણ ન આવે તથા અહંકાર ટાળી કલ્યાણ મેળવવાનો ઉપાય, ભગવાન સ્વામિનારાયણને કર્તા-હર્તા માનવાનો સમજાવ્યો છે. આવી કર્તાપણાની સમજણ આપણા જીવનમાં દૃઢ કરી શકીએ તે પ્રાર્થના.

❀ ❀ ❀

સ્વામીની વાત : પ્રકરણ - ૧ : વાત - ૪

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે...

ભગવાનની મોટાઈ જેના અંતરમાં સમજાણી હોય તેને ગમે તેવા દેશકાળની અવળાઈ થાય અથવા દેહમાં ગમે એવો રોગ થઈ આવે, ઈત્યાદિકમાં પણ એમ સમજે જે, ભગવાનના કર્યા વિનાનું પાનડું પણ કોઈનું હલાવ્યું હલતું નથી, એમ સમજીને સુખી રહે; ને એમ ન સમજે તેને કોઈ પ્રકારનો દેશકાળ આવે તો સત્સંગ ચૂંથાઈ જાય.

■ **મધ્યવર્તી ઉપદેશ :**

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં આપણને ભગવાનને કર્તા-હર્તા માની જીવન જીવવાની શીખ આપે છે.

ભગવાન કર્તા છે. આ વિચાર આપણા જીવનમાં ખૂબ અગત્યનો છે. તેમાંથી શાંતિ રહે.

અંતરમાં ટાઢું રહ્યા કરે ને ધગી ન જાય તેના બે ઉપાય છે : એક તો ભગવાનનું ભજન કરવું ને બીજું ભગવાનને સર્વકર્તા સમજવા, ને તેમાં સુખ આવે તો સુખ ભોગવી લેવું ને દુ:ખ આવે તો દુ:ખ ભોગવી લેવું. તે કહ્યું છે જે,

દાસના દુશ્મન હરિ કે'દી હોય નહિ,
જેમ કરશે તેમ સુખ જ થાશે.
(સ્વામીની વાત : ૧/૧૪૮)

❊ આજે વ્યક્તિનું અંતર ત્રિવિધ તાપમાં ધગ્યા કરે છે. યોગીજી મહારાજ કહેતા કે મુંબઈના શેઠિયા એરકન્ડિશન્ડ બંગલામાં રહેતા હોય પણ અંતર તો એટલું બધું ધગતું હોય કે દાળ-ચોખા તપેલીમાં ભેગાં કરી, તેની છાતી પર મૂકો તો વગર અગ્નિએ ખીચડી તૈયાર થઈ જાય. તે ટાઢું રહેવા માટે ભગવાનને કર્તા-હર્તા માનવા જોઈએ.

ભગવાન કર્તા છે અને જે કરે તે મારા સારા માટે છે, તે સુખનો ઉપાય છે.

❊ એક રાજા ને એક દીવાન - બંને પાકા મિત્ર - જ્યાં જાય ત્યાં સાથે જ જાય - એકવાર બંને શેરડી ખાવા બેઠેલા - તેમાં શરતચૂકથી છરી રાજાની આંગળી પર ફરી ગઈ ને તે કપાઈ ગઈ - આ જોઈ દીવાન બોલ્યો : 'હશે ! ભગવાન જે કરે તે સારા માટે હોય.' આ સાંભળી રાજા અકળાઈ ગયો : 'મૂરખ! મારી આંગળી કપાઈ ને તને સારું થયું લાગે છે? જતો રહે અહીંથી.' રાજાએ દીવાનને નોકરીમાંથી છૂટો કર્યો.

દીવાન જતાં-જતાં બોલ્યો : 'હશે ! ભગવાન જે કરે તે સારા માટે.' થોડા દિવસ પછી રાજા એકલો શિકારે નીકળ્યો ને જંગલમાં ભૂલો પડ્યો - ભીલ લોકોના હાથે પકડાયો - તેઓ પોતાની દેવીને ચઢાવવા નરબલિ શોધી રહેલા - રાજા પકડાયો ને તેનો જીવ તાળવે ચોંટી ગયો - બીજે દિવસ વધ પહેલાં રાજાનું પૂજન થયું, ફૂલહાર થયા, પણ રાજાને ચિંતા હતી કે થોડા સમયના મહેમાન છીએ - પણ તેઓનો પુરોહિત કહે : 'રહેવા દો આને છોડી મૂકો. આ બલિ નહિ ચાલે. કારણ કે તેની એક આંગળી ખંડિત છે. દેવીને તો બત્રીસ લક્ષણાનો ભોગ ચઢાવવાનો હોય'... આ સાંભળી રાજાને છોડી મૂકવામાં આવ્યો - રાજાને દીવાનના શબ્દો યાદ આવ્યા કે 'ભગવાન જે કરે તે સારા માટે હોય છે.' જો આંગળી ન કપાઈ હોત તો આખે આખા કપાઈ જવાત. તેને દીવાનની વાત સત્ય મનાઈ, પણ અડધી જ. તેને થયું કે મેં દીવાનને કાઢી મૂક્યો તેમાં તેનું શું સારું થયું હશે ? લાવો, બોલાવીને પૂછું તો ખરો - દીવાનને બોલાવ્યો ને પૂછ્યું, ત્યારે દીવાન કહે : 'કેમ રાજા સાહેબ, તમે સમજ્યા નહિ ? આપણે બેય કાયમ ભેગા જ ફરનારા. જો પકડાયા હોત તો ભેગા જ પકડાત. તમારી તો આંગળી કપાઈ ગયેલી એટલે તમે તો છૂટી જાત, પણ હું તો સાજો નરવો હતો ને ! હું

લેવા દેવા વગરનો મરી ન જાત ? માટે તમે મને કાઢી મૂકયો તે પણ સારું કર્યું.' રાજાને વાત બરાબર બેસી ગઈ કે ભગવાન જે કરે તે સારા માટે હોય છે.

❋ આપણને આ વાત ઝટ કેમ નથી સમજાતી ? તો જે વખતે મુશ્કેલી આવે તે વખતે સારું થયું છે તેવું દેખાતું નથી એટલે. રાજાને આંગળી કપાઈ ત્યારે આ ભગવાને સારા માટે કર્યું છે, તેવું ન સમજાયું, પણ ૭ દિવસ પછી સમજાયું. આપણને ૭ અઠવાડિયા, ૭ મહિના, ૭ વરસ પછી પણ સમજાય - માટે ધીરજ રાખીએ તો અંતે ખબર પડે જ છે કે ભગવાન કર્તા છે ને જે કરે તે સારા માટે કરે છે.

❋ નિષ્કુળાનંદ સ્વામી ધીરજાખ્યાનમાં કહે છે :

'જે દુઃખે થાય સુખ જનને, તે દે છે દુઃખ દયા કરી;
જેહ સુખે દુઃખ ઊપજે, તે આપે નહિ કે'દી હરિ.'

ભગવાનની આ રીત છે. તે સમજ્યા હોઈએ તો સંસારમાં મુશ્કેલીઓ આવે, દેહમાં રોગ આવે તો સત્સંગમાંથી પણ પાછા ન પડાય.

❋ મુક્તાનંદ સ્વામીને ક્ષય રોગ થયેલો, જે તે વખતે અસાધ્ય ગણાતો. છતાં આ સમજણ હતી તો તેમનો સત્સંગમાં ચડતો ને ચડતો રંગ રહ્યો.

❋ સમઢિયાળાનો વીરો શેલડિયો, ગઢડા શ્રીજી મહારાજનો લાભ લેવા ગયો ને અદાવતીએ ગામમાં ઘર સળગાવી દીધાં. પાછા આવ્યા ત્યારે બધા કહે : 'તમે સત્સંગ કર્યો ને આવું કેમ થયું ?' વીરા ભગત કહે : 'મહારાજે રક્ષા કરી. જો અમે અહીં હોત તો અમેય ભેગા બળી જાત. અમે તો બચ્યા.' તેને સત્સંગનો અભાવ આવ્યો નહીં.

❋ પ્રમુખસ્વામી મહારાજ પર લંડનથી ફોન આવ્યો. હેરો વિસ્તારમાં મંદિર માટે જમીન લેવાનો જે કેસ ચાલતો હતો તેમાં આપણે હારી ગયા છીએ. આ કેસમાં ઘણો સમય, સંપત્તિ, શક્તિ વગેરે વપરાયેલાં પણ તે હારી ગયા, છતાં સ્વામી સમાચાર સાંભળી સૂવાનો સમય થયેલો તેથી સૂઈ ગયા. સવારે કો'કે પૂછ્યું : 'તમને ઊંઘ આવી ગઈ ?' સ્વામીશ્રી કહે : 'કેમ નહિ ? ભગવાનને આ રીતે આપણી સેવા લેવી હશે. તે જે કરે છે તે સારા માટે જ હોય. ભગવાન કર્તા છે તે જે કરે તે સારા માટે છે તે એમને દૃઢ સમજાયું છે, તેથી કોઈ દિવસ અશાંતિ - ઉદ્વેગ થતાં જ નથી.'

ઈશ ઇચ્છા સંગમાં ભેળવું ઇચ્છા માહરી;
બે પ્રવાહો એકઠા થાતાં મધુરતા છે ખરી.

❋ પ્રમુખસ્વામી મહારાજ કહે છે : 'કોઈપણ પ્રશ્ન આવે તો સીધી જ વાત છે કે મહારાજ કર્તા છે. એમની મરજીથી જ થાય છે. કોઈ કોઈનું સુધારતુંય નથી કે બગાડતુંય નથી. કર્તા ભગવાન છે. તે જે કંઈ કરે છે ને કરાવે છે, તે આપણા સારા માટે જ છે. ભગવાનને જ કર્તા માનો તો શાંતિ શાંતિ ને શાંતિ.'

આમ કર્તાપણાની સમજણ રાખવાની છે.

૧. મારા જીવનમાં સારું થાય કે નરસું થાય, તે ભગવાનની ઇચ્છાથી જ થાય છે.
૨. જે કંઈ થાય છે તે મારા સારા માટે જ છે.

❋ દરિયામાં એક વહાણમાં મુસાફરો સાથે એક સૂફી સંત બેઠા. અચાનક દરિયામાં તોફાન શરૂ થયું. વહાણ ડૂબવા જેવું થવા લાગ્યું. તરત પહેલા સંતે પોતાનો લોટો કાઢીને દરિયામાંથી વહાણમાં પાણી ભરવા માંડ્યા. બધા મુસાફરો તેની વિચિત્ર ક્રિયાનું રહસ્ય પૂછ્યું. તે કહે, ભગવાનની મરજી ભેગો ભળતો હતો. તોફાનમાં એમની ઇચ્છા વહાણ ડુબાડવાની લાગતી હતી. તો વહાણ વહેલું ડૂબે એમ કરતો હતો.

❋ ભગવાનની ઇચ્છામાં આપણે આપણી ઇચ્છા ભેળવી દઈએ તો જીવનમાં મધુરતા પ્રગટે, પણ માણસ આ કરી શકતો નથી. આપણે ઓફિસમાં ઉપરી અધિકારીની 'હા' માં 'હા' ભેળવતા થઈ ગયા; સંબંધીની 'હા' માં 'હા' ભેળવતા થઈ ગયા, પણ ભગવાનની મરજીમાં આપણી મરજી નથી ભેળવી શકતા તેથી અશાંતિ રહે છે.

"ચિત્ત તું ચિંતા શીદને કરે; કૃષ્ણને કરવું હોય તે કરે."

"રઘુનાથ છે રાખણહારો; નહીં થાશે વાળ વાંકો તારો;
છો ને પાછળ પડે ભૈ ! હજારો."

❊ ગ.અં.૧૩ : 'જ્યારે તન-મન-ધન ભગવાનને અર્પણ કર્યું છે. ત્યારે ભગવાનની ઈચ્છા એ જ આપણું પ્રારબ્ધ છે.'

❊ કારિયાણીના ૧૦મા વચનામૃતમાં ભગવાનની ઈચ્છા, કર્તાપણું સ્વીકારનારને કલ્યાણ આપી દીધું છે. ઉપાસનાની વાતમાં સાકાર, દિવ્ય, સર્વોપરી, અને પ્રગટની સાથે કર્તા સમજવાનું છે. પરંતુ આ ચારેયમાં ૮૦% સમજણ અને સાધના કર્તાપણા માટે કરવાની હોય છે.

"જબ દાંત નહિ તબ દૂધ દિયો,
જબ દાંત ભયો તબ અન્નહૂ દઈ હૈ;
જો જલ મેં, સ્થલ મેં, નભ મેં,
સબ કે સુધિ લેત સો તોરિહૂ લૈ હૈ.
કાહે કો સોચ કરૈ મન મૂરખ,
સોચ કિહ કછુ કામ ન પૈ હૈ;
જાન કો દેત, અજાન કો દેત,
અજાન કો દેત, સો તોહૂકો દૈ હૈ.

❊ ભગવાન દરેકને સાચવતા હોય છે. ભાગવત પર વિખ્યાત ટીકા લખનાર **શ્રીધર સ્વામી**ને ઘર ત્યાગ કરવાનો વિચાર થયો, પણ ચિંતા થઈ કે આ દીકરાનું પોષણ કોણ કરશે ? એટલામાં એક ગરોળીનું બચ્ચું પડયું. ગરોળી મરી ગઈ. એક માખી ગરોળી પાસે આવી. ગરોળીના બચ્ચાએ માખીને ઝડપી લીધી. શ્રીધર સ્વામીને થયું, જેનામાં આહાર મેળવવાની પણ શક્તિ નથી, તેનેય ભગવાન આપી દે છે. ભગવાન જ સૌનું પોષણ કરે છે. ને તે ગૃહત્યાગ કરી નીકળ્યા. માટે ભગવાનને કર્તા-હર્તા માનીએ તો શાંતિ રહે. જેમ ડોકટર કાપે કે સાંધે તે સારા માટે છે, તેવું દરદીને મનાયું છે, તો કાપો મૂકે તોય વાંધો નથી આવતો. પૈસા આપીને કાપો મુકાવવા જાય છે. દરજી કાતર ચલાવે કે સોય ચલાવે - કાતરે કે સાંધે - તે સારા માટે છે તેમ મનાયું છે તો સંશય થતો નથી. નવાનકોર કાપડ પર પૈસા આપીને કાતર ચલાવવાનું કહીએ છીએ, તેમ ભગવાન પણ સુખ આપે કે દુઃખ આપે તે આપણા સારા માટે જ હોય છે.

ગજકાતરણી લઈને બેઠો દરજી દીનદયાળ;
વધેઘટે તેને કરે બરોબર, સૌની લે સંભાળ.

❊ દરજી ગજકાતરણી (કાતર) લઈને વસ્ત્રને બરાબર પહેરવા લાયક બનાવે છે, તેમ ભગવાન પણ આપણા જીવનને જીવવા લાયક કરવા દુઃખમય બનનારું હોય તેને કાપી દે છે. માટે ભગવાન રાખે તેમ રાજી થઈને રહેવું.

❊ એક મુસાફર વડના ઝાડ નીચે સૂતેલો. વિચાર આવ્યો કે વડનું ઝાડ મોટું ને ફળ નાનું. અને તડબૂચનો વેલો નાનો ને ફળ મોટું. ભગવાને આ બરાબર કર્યું નથી. એટલામાં પવનથી વડનો ટેટો તેના પર પડ્યો ને મર્મસ્થાન પર વાગ્યો. તેથી તેને તમ્મર ચડી ગઈ. તેને થયું કે સારું થયું, ભગવાને નાનું ફળ વડને આપ્યું છે. મોટું આપ્યું હોત તો મરી જાત. તેને સમજાઈ ગયું કે ભગવાન જે કરે તે આપણા સુખ માટે જ હોય છે.

જે ગમે જગદ્ગુરુ દેવ જગદીશને,
તેહ તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ સરે નહિ,
ઊલટો અંતર ઉદ્વેગ ધરવો.

❊ આમ, ભગવાન કર્તા-હર્તા મનાય તો ઉદ્વેગ મટે છે. તો ભક્તને દુઃખ કેમ આવે છે ? તેનો ઉત્તર આપતાં શ્રીજી મહારાજ વચ.જે. ૫ માં કહે છે : 'સર્વે સાંભળો, આજે તો અમારે જેમ છે તેમ વાત કરવી છે જે, ભગવાનને ભજવા એથી બીજી વાત મોટી નથી. કાં જે, ભગવાનનું કર્યું સર્વે થાય છે. અને આ સમે તો આ સભાનું કર્યું પણ થાય છે, તે લ્યો કહીએ, જેવો અમે મનમાં ઘાટ કરીએ છીએ તેવો આ જગતને વિષે પ્રવર્તે છે. અને જેમ ધારીએ છીએ તેમ થાય છે પણ ખરું જે, આને રાજ આવો

તો તેને રાજ આવે છે ને આનું રાજ જાઓ તો તેનું જાય છે અને ધારીએ જે આ પળે આટલો વરસાદ આંહી થાઓ, તો તે ત્યાં જરૂર થાય છે અને આંહી ન થાઓ તો ત્યાં નથી થતો, અને વળી ધારીએ જે આને ધન પ્રાપ્ત થાઓ તો તે થાય છે અને આને પ્રાપ્ત ન થાઓ તો તેને થાતું નથી, અને આને દિકરો આવો તો તેને દિકરો આવે છે અને ધારીએ જે આને દિકરો ન આવો તો આવતો જ નથી, અને આને રોગ થાઓ તો તેને રોગ પણ થાય છે અને આને રોગ ન થાઓ તો તેને રોગ પણ થતો નથી. એવી રીતે અમે ધારીએ છીએ તેમ થાય છે ખરું.

ત્યારે તમે કહેશો જે સત્સંગીને સુખદુઃખ થાય છે અને રોગાદિક પ્રાપ્ત થાય છે અને કંઈક ધનસમૃદ્ધિની હાનિ થાય છે અને મહેનત કરીને મરી જાય છે તોપણ દરિદ્રી જેવો રહે છે તેનું શું કારણ ? તો એનું તો એમ છે એને ભગવાન ભજ્યામાં જેટલી કસર છે તેટલી તેને સર્વ ક્રિયાને વિષે બરકત થતી નથી. અને ભગવાનને તો એનું સારું જ કરવું છે. જે શૂળીનું દુઃખ હશે તે ભગવાન પોતાના આશ્રિત જનનું કાંટે કરીને ટાળતા હશે. અને અમે તો એમ જાણીએ છીએ, જે 'સત્સંગીને તો એક વીંછીની પીડા થતી હોય તો અમને હજાર ગણી થાઓ. પણ તે પીડાથી તે હરિભક્ત રહિત થાઓ, અને સુખિયા રહો.' એમ અમે રામાનંદ સ્વામી આગળ માગ્યું છે, માટે અમારી તો નજર એવી છે જે સર્વેનું સારું થાઓ, અને ભગવાનને વિષે જીવના મનની વૃત્તિને રાખવાનો ઉપાય નિરંતર કરીએ છીએ.' **(વચ. જે. ૫)**

- **ભગવાન કર્તા હર્તા મનાય તો મંત્ર-જંત્રમાં કે બીજે ક્યાંય પ્રતીતિ ન આવે :**

❋ અભેસિંહને તાવ ન ઊતર્યો છતાં દોરો ન બાંધ્યો.

❋ જેતપુરના હરજી કાપડિયાને તાવ આવ્યો ને ઊતર્યો નહિ, તોય બાવાનો દોરો ન બાંધ્યો.

- **ભગવાન કર્તા મનાય તો કોઈનો અવગુણ ન આવે :**

❋ ભગતજી મહારાજ પર તેમના દ્વેષીઓ સેવા કરતી વખતે ચૂનાના ભરેલા ભારેખમ કોથળા ફેંકતા. કોઈ આ બાબતે તેઓને પૂછે ત્યારે ભગતજી મહારાજ કહેતા : 'આ તો એ લોકોમાં રહીને ગુણાતીતાનંદ સ્વામી મારી પરીક્ષા કરે છે. બાકી એ લોકોની શું તાકાત કે મને હેરાન કરી શકે ?' સ્વામીનું ધાર્યું થાય છે, તે સમજણ હતી તો તેઓને કોઈનોય અવગુણ ન આવ્યો.

ભગવાનને કર્તા - હર્તા સમજવા તે કલ્યાણનો ઉપાય છે.

❋ શ્રીજી મહારાજ વચ.કા. ૧૦માં કહે છે : 'ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે, અને જે જીવ ભગવાનને સર્વ-કર્તા-હર્તા નથી જાણતો તેથી તો બીજો કોઈ પાપી નથી. ભૂલ્યમાં પણ તેના મુખનું વચન સાંભળવું નહિ.'

❋ વચ.ગ.મ.૨૧માં પણ શ્રીજી મહારાજ કહે છેઃ 'જેટલા કલ્યાણને અર્થે ગ્રંથ કર્યા છે તે સર્વે સુરત રાખીને અમે સાંભળ્યા. તે સર્વે શાસ્ત્રમાં એ જ સિદ્ધાંત છે અને જીવના કલ્યાણને અર્થે પણ એટલી જ વાત છે જે, આ સર્વે જગત છે તેના કર્તાહર્તા એક ભગવાન જ છે.' વળી, આગળ એ જ વચનામૃતમાં કહ્યું છે, 'અને કલ્યાણને અર્થે ભગવાનને કર્તાહર્તા જાણવા એ જ છે.'

આપણને પ્રશ્ન થાય કે ભગવાનને કર્તા-હર્તા જાણવાથી કલ્યાણની પ્રાપ્તિ, ભગવાનની પ્રાપ્તિ કેવી રીતે થાય ? તો શ્રીજી મહારાજ વચ.ગ.અં. ૩૯માં કહે છે : 'દેહને વિશે અહંબુદ્ધિ ને દેહ સંબંધી પદાર્થને વિશે મમત્વબુદ્ધિ, એ જ માયા છે. આ માયા હોય ત્યાં સુધી ભગવાનથી દૂર જ રહેવાય છે.'

❋ નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'ભક્તિ કરતાં ભગવાનની,
આવી અહંમમત્વ કેરી આડ;
પ્રભુ પાસે પહોંચતાં,
આડું દીધું એ લોહ કમાડ.'

ભગવાન પાસે પહોંચવામાં અહંમમત્વ નડે

છે, તે ટળે તો ભગવાન મળે.

❊ મુક્તાનંદ સ્વામી કહે છે : **'હું ટળ્યે હરિ ઢૂંકડા.'**
આ અહંકાર ભગવાનને કર્તા-હર્તા માનીએ તો ટળે.

ધાર્યું બધું શ્રીહરિનું જ થાય, મનુષ્ય જાણે મુજથી કરાય;
ગાડા તળે શ્વાન ગતિ કરે છે, તે માન મિથ્યા મનમાં ધરે છે.
પ્રાણ નાડી પ્રભુને જ હાથ, સૌને નચાવે વળી વિશ્વનાથ;
અજ્ઞાની લોકો અભિમાન આણે,યથાર્થ શક્તિ હરિની ન જાણે.
-(હરિલીલામૃત ૫/૭/૨૩, ૨૪)

❊ ઉપનિષદ્‌ની એક કથા છે : દેવો જીત્યા તેનો તેમને ગર્વ થયો - પણ ભગવાન યક્ષનું રૂપ લઈને આવ્યા - તણખલું ખસેડવાનું કહ્યું, બાળવાનું કહ્યું તોપણ તેમનાથી ન થયું - ગર્વ ગળી ગયો ને સમજાયું કે ભગવાન જ કર્તા-હર્તા છે.

"હું પદથી હળવા થશો, હું પદ કરો ના કોય;
ધાર્યું આપણું ધૂળ છે, હરિ કરે સો હોય."

"નીપજે નરથી તો કોઈ નવ રહે દુઃખી,
શત્રુ મારીને સહુ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દૃષ્ટ આવે નહિ,
ભવન ભવન પર છત્ર દાખે."

આમ, માણસનું ધાર્યું કાંઈ થતું નથી તે મનાય તો અહંકાર ટળે.

❊ ભગવાને જેવી સૃષ્ટિ બનાવી છે તેવું હજી માણસ કરી શક્યો નથી. માણસ હજી લોહીનું ટીપું બનાવી શક્યો નથી, એક વાળ પણ બનાવી શક્યો નથી. ભગવાને ઘાસમાંથી દૂધ મળે તેવી ગાયો બનાવી છે, પણ માણસ એવી ફેક્ટરી નથી કરી શક્યો કે એક બાજુથી ઘાસ નાંખે ને બીજી બાજુ દૂધ નીકળે. માણસ પેન્સિલનો એક ટુકડો આધાર વિના અધ્ધર ન રાખી શકે ને ભગવાને ૫૬૦૦ કરોડ અબજ ટન પૃથ્વી અને સમગ્ર તારામંડળ ટેકા વિના અધ્ધર રાખ્યું છે. આવી તો ભગવાનની અનંત રચના છે. તે જો મનાય તો અહંકાર ઓગળી જાય.

❊ નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

'જેણે રચ્યું આ જગત, જો ને જુજવી એ જાતનું રે;
જોતાં મૂંઝાઈ જાય મત, એવું કર્યું ભાતભાતનું રે.
એણે કર્યું એવું એક, થાય નહિ જરૂર જાણિયે રે;
વણકર્યે એ વિવેક, શીદ અભિમાન આણિયે રે.'
(ચોસઠ પદી - ૨૯)

આમ, ભગવાનને કર્તા માનવાથી અહંકારરૂપ માયા ટળે છે ને કલ્યાણ મળે છે.

❊ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજે અનેક વિરાટ કાર્યો કર્યાં છે. ૫૦૦ ઉપરાંત મંદિર, ૬૫૦ ઉપરાંત ધન-સ્ત્રીના ત્યાગી સંતો, લાખો હરિભક્તો, અક્ષરધામ જેવું સ્મારક, ઉત્સવો, ૪૦,૦૦૦ સ્વયંસેવકો ... દેશ-પરદેશમાં જેવા જાય તેવી સન્માનોની પરંપરા ચાલે, છતાં તેઓને લેશ પણ અહંકાર નથી. કારણ કે તેઓ ભગવાન સ્વામિનારાયણને જ કર્તા માને છે.

❊ ૧૯૯૨માં અક્ષરધામ જોઈ શ્રી એલ.કે. અડવાણી ખૂબ પ્રભાવિત થયા. સ્વામીશ્રીને તેઓએ આ બાબતે અભિનંદન આપ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'આ બધું શ્રીજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજની કૃપાથી થયું છે.'

❊ 'એન.ડી.ડી.બી.' (નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ) ના ચેરમેન ડો. કુરિયન કહે છે : 'પ્રમુખસ્વામીનું મુખારવિંદ જોતાં જ ખ્યાલ આવી જાય કે તે અહંશૂન્ય પુરુષ છે.'

❊ ૧૯૮૫માં ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ જોઈ રાષ્ટ્રપતિ ઝૈલસિંઘે પ.પૂ. સ્વામીશ્રીને કહ્યું : 'આપે અદ્‌ભુત કાર્ય કર્યું છે.' તરત જ સ્વામીશ્રી બોલ્યા : 'શ્રીજી મહારાજની કૃપા ને સંતો-સ્વયંસેવકોની મહેનતથી થયું છે.' સ્વામીશ્રીમાં અહંકાર જ નહિ.

❊ ૧૯૮૫માં લંડનમાં સ્વામીશ્રીની સુવર્ણતુલા થઈ. આવા મોટા સન્માનના પ્રસંગે પણ સ્વામીશ્રીની વાણીમાં જે નમ્રતા હતી તે વિડિયોમાં સાંભળી વિખ્યાત ઉદ્યોગપતિ સી.કે. પીઠાવાલાને ગુણ આવ્યો ને તે સત્સંગી બની ગયા.

❊ એકવાર સ્વામીશ્રી સારંગપુર હતા. સાંજે સ્મૃતિ મંદિરમાં હતા. ત્યારે વાદળાની જમાવટ, ગડગડાટ

ને વીજળીના ચમકારા શરૂ થયા. ઠંડા પવન શરૂ થયો. વરસાદ પણ વરસ્યો.

ઉતારે આવી સેવક સંત કહે, 'આ વખતે વૈશાખમાં પહેલી જ વાર વરસાદ જોયો. વેધશાળાવાળા કહે છે કે આ વરસે દુકાળ પડશે. તો સ્વામીબાપા તમે એ લેખ પર મેખ મારજો.'

સ્વામીશ્રી કહે, 'ચિહ્‌ન તો સારાં જણાય છે પછી તો જેવી ભગવાનની ઇચ્છા.'

સેવક કહે : 'તમે ભગવાન પર નાંખો છો ને ભગવાન તમારા પર નાંખે છે.'

સ્વામી તરત કહે : 'એના સિવાય આપણે ક્યાં કંઈ છીએ ?'

❊ અમેરિકામાં એકવાર હોલમાં પૂજા કરી સ્વામીશ્રી મર્સીડીઝમાં ઉતારે પધારતા હતા. ત્યાં ગાડી ચલાવતા હરિભક્ત કહે, 'આજે હળાહળ કળિયુગ છે. એકવાર કૃષ્ણભગવાન ગાડી ચલાવતા ને આજે હું સારથિ છું, ભગવાનનો.' તેમણે આ દૃષ્ટાંત સીધું સ્વામીને લગાડ્યું. સ્વામીશ્રી કહે : 'તમને ભગવાનની સેવા મળી એ મોટા ભાગ્ય માનવા.' પછી હરિકૃષ્ણ મહારાજનો નિર્દેશ કરી કહે, 'આપણો રથ એ જ ચલાવે છે. આપણને તો નિમિત્ત બનાવે છે.'

❊ ૧૯૮૧નો ઉત્સવ ઉજવાઈ ગયા પછી સ્વામીશ્રી સૌ સંતો-હરિભક્તોને કહે, 'દ્વિશતાબ્દીનો ઉત્સવ દિવ્ય થયો. પણ ન થયો હોત તો ? તોપણ કંઈ મનમાં લાવવું નહિ. ભગવાનની ઇચ્છા પ્રમાણે બધું થાય છે.'

❊ લંડનમાં એકવાર સ્વામીશ્રી અલ્પાહાર કરી રહ્યા હતા. ત્યાં એક સંત કહે : 'ગઈ કાલે આપ ભજનના સુખની વાત કરતા હતા. પણ મને મધમાખી કરડી તે સુખ ન આવ્યું.'

સ્વામી હસતાં હસતાં કહે : 'એક જ કરડીને ! ભજન કરતા હતા એટલે એક જ કરડી. બાકી તો ૨૫ (પચ્ચીસ) કરડી હોત.'

■ કોઈ વ્યક્તિનો અવગુણ ક્યારે આવે ? :

❊ જ્યારે આપણું ધાર્યું ન થાય કે આપણું ધાર્યું કરવામાં તે વિઘ્નરૂપ બને ત્યારે. તે વખતે આપણે જે તે વ્યક્તિને જ કર્તા-હર્તા માનીએ છીએ.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'કોઈ માર માર કરતો આવતો હોય, પરંતુ એમ માનવું કે ધાર્યું તો સ્વામીનું જ થાય છે ને એમની મરજી વિના સુકું પાનડું પણ હાલવાને સમર્થ નથી.'

દવાખાનામાં આપણને ઇંજેક્શન આપીને નર્સ દુઃખ પહોંચાડે છે. પણ કડવી દવા કે ઇંજેક્શન મારનાર એ નર્સનો આપણને અવગુણ આવતો નથી. કારણ કે આપણે નર્સને કર્તા માનતા નથી. નર્સને પ્રેરણા ને આજ્ઞા કરનાર તો ડોક્ટર જ છે. એવું આપણે દૃઢપણે માનીએ છીએ.

❊ એમ સત્સંગમાં કે વ્યવહારમાં પણ કોઈ કાર્યની પાછળ આપણને વિઘ્નરૂપ કે નડતરરૂપ કોઈ વ્યક્તિ જણાય એની પાછળ મૂળ પ્રેરકબળ તો ભગવાન જ છે. આમ માનવાથી તત્કાળ સમાધાન થાય છે.

આમ, સ્વામીશ્રી શ્રીજી મહારાજને જ કર્તા-હર્તા માને છે, તો તેઓને મહાન કાર્યો કરવા છતાં અહંકાર આવતો નથી.

❊ પરદેશમાં એક હરિભક્તે સ્વામીશ્રીને પૂછ્યું : 'આપની હાજરીમાં સૌ આપનાં ગુણગાન ગાય છે. તો તે વખતે આપને શું વિચાર આવે છે ?'

સ્વામીશ્રી બોલ્યા : 'આપણે કરીએ છીએ તેવું મનાય તો વિચાર આવે ને ? જે કાંઈ થાય છે તે શ્રીજી મહારાજથી જ થાય છે. આપણે કાંઈ કરી શકીએ તેમ નથી.'

આપણે પણ ભગવાન શ્રીજી મહારાજને જ કર્તા માનીએ તો આ રીતે આપણો અહંભાવ ટળે ને ભગવાન ઢૂંકડા થાય.

❊ આમ, એક જ વાતમાં ગુણાતીતાનંદ સ્વામીએ અંતરમાં ટાઢું રહે, સત્સંગ ચૂંથાઈ ન જાય, જંત્ર-મંત્રમાં ફસાઈ અન્યાશ્રય ન થાય ને શ્રીજી મહારાજને વિષે જ દૃઢ નિષ્ઠા રહે, કોઈનો અભાવ-અવગુણ ન આવે તથા અહંકાર ટાળી કલ્યાણ મેળવવાનો ઉપાય, ભગવાન સ્વામિનારાયણને કર્તા-હર્તા માનવાનો સમજાવ્યો છે.

૬. સ્વામીની વાત : પ્રકરણ : ૧, વાત : ૨૨

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે :

ભગવાન તો પોતાના ભક્તની રક્ષા કરવામાં જ બેઠા છે. કેની પેઠે તો જેમ પાંપણ આંખની રક્ષા કરે છે ને હાથ કંઠની રક્ષા કરે છે ને માવતર છોકરાંની રક્ષા કરે છે ને રાજા પ્રજાની રક્ષામાં છે, તેમજ ભગવાન આપણી રક્ષામાં છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં ભગવાનનું ભક્તવત્સલપણું સમજાવે છે. ભગવાન પોતાના ભક્તની રક્ષામાં હોય જ છે.

❊ બ્રહ્માનંદ સ્વામીએ લખ્યું છે :

ભક્તવત્સલ હરિ બિરુદ તિહારો...

❊ ભગવાન પોતાના ભકતોની અનેક પ્રકારે રક્ષા કરે છે.

૧) દૈહિક રક્ષા :

❊ પ્રેમળદાસે કીર્તનમાં લખ્યું છે :

હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે,
જેની સુરતા શામળિયાની સાથ વદે વેદ વાણી રે...
વ્હાલે ઊગાર્યો પ્રહલાદ, હિરણાકશ્યપ માર્યો રે...

❊ હિરણ્યકશિપુએ પોતાના જ દીકરા ભક્ત પ્રહ્લાદને મારવા અનેક પ્રયત્નો કર્યા. તેને પર્વત પરથી ફેંકવામાં આવ્યો, ઝેરી સાપની વચ્ચે રાખવામાં આવ્યો, દારૂથી મદોન્મત્ત થયેલા હાથી દોડાવવામાં આવ્યા. અંતમાં હિરણ્યકશિપુની બહેન હોલિકાને અગ્નિથી ન બળવાનું વરદાન હતું તેમની સાથે અગ્નિથી બાળવામાં આવ્યો. અગ્નિથી લાલચોળ થયેલા થાંભલા સાથે બાથ ભીડવાની કહી તે દરેક પ્રસંગમાં ભગવાને તેની રક્ષા કરી.

❊ શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાએ પણ પોતાના ભક્તોની રક્ષા કરી જ છે.

❊ ભોંયરાનો દરબાર વાજસૂર (વાસુર)ખાચર ભગવાન સ્વામિનારાયણનો દ્વેષી હતો. તેણે ભગવાન સ્વામિનારાયણના અનન્ય ભક્ત નાજા જોગિયાને કહ્યું : 'જો તારા સ્વામિનારાયણ ભગવાન હોય તો કાલે સવારે અહીં આવે અને ન આવે તો તારા પગના ઘૂંટણ ભાંગી નાંખીશ.' નાજા જોગિયાએ ભજન શરૂ કર્યું. ભક્તવત્સલ ભગવાને અંતર્યામીપણે ભક્તની મુશ્કેલી જાણી અડધી રાત્રે ચાલતાં વીસનગરથી વઢવાણ આવ્યા. ત્યાં ભોગાવામાં પૂર હતું છતાં એકલા ઊતરી વઢવાણ પહોંચ્યા. ત્યાં ભાણજી મહેતાના ઘરે જમીને તરત નીકળી ગયા ને સવારે તો નાજા જોગિયાને ઘરે પહોંચી ગયા. પછી દ્વેષી દરબાર

વાજસૂરખાચરને દર્શન આપવા ગયા તેને સમાધિ કરાવી તે ઊઠીને ભગવાનને પગે લાગ્યો. શ્રીજીમહારાજે આવી ક્રૂરતા ન આચરવા ઉપદેશ આપ્યો. આ રીતે નાજા જોગિયાની રક્ષા કરી.

❊ હોલેન્ડ દેશના મુમુક્ષુ હરિભક્ત હનકોપે તા. ૨૭-૧૨-૨૦૦૬, અમદાવાદમાં પ્રમુખસ્વામી મહારાજે તેમની રક્ષા કરી તેની વાત કરતાં કહ્યું : 'ભારતમાં પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન કરી, કંઠી ધારણ કરી તેઓ કરાંચી ગયેલા. ત્યાં બીચ પર રહ્યા અને આનંદ કરતા. બીચ પર છોકરાંઓ ટ્યૂબમાં બેસીને રમતો રમે. એક છોકરાથી ટ્યૂબ છૂટી જતાં દરિયામાં તણાવા લાગ્યું. બીજા છોકરાઓ રડવા લાગ્યાં. હું તરવૈયો તેથી તેમને શાંત પાડી ટ્યૂબ બચાવવા ગયો. પવન તેજ હતો. મને વચ્ચે ટ્યૂબ મળી તે પકડી તરતો હતો. થાક્યો... અચાનક છ ફૂટની મોટી શાર્ક માછલી મારી સામે આવી. તે માણસને મારી જ નાંખે તે ખબર હતી. કાકાએ શિખવાડેલું કે શાર્ક આવે તો પાણી થપથપાવવું. મેં તેમ કર્યું પણ નિષ્ફળ. મેં સ્વામીશ્રીને યાદ કર્યા અને આંખ મીંચી સ્વામિનારાયણ... સ્વામિનારાયણ ચાલુ કર્યું. મારામાં હિંમત વધી. ટ્યૂબ છોડી ઝડપથી તરવા લાગ્યો. મને પાણી-આકાશ-ટ્યૂબ કે શાર્ક કશું જ દેખાતું નહોતું. એ વખતે દેખાતી હતી કેવળ સ્વામીશ્રીની બે આંખો. હું કઈ રીતે કિનારે પહોંચી ગયો તેની ખબર નથી. મને પ્રતીતિ થઈ કે કેવળ સ્વામીશ્રીએ જ રક્ષા કરી કારણ શાર્ક સામે બચવું તથા આટલું લાંબું તરીને કિનારે આવવું અશક્ય જ હતું.'

૨) વ્યવહારની રક્ષા :

❊ **ગીતા-૯/૨૨માં** ભગવાન કહે છે :

અનન્યાશ્ચિન્તયન્તો માં યે જનાઃ પર્યુપાસતે ।
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગક્ષેમં વહામ્યહમ્ ॥

'જે અનન્ય પ્રેમી ભક્તજનો મને નિષ્કામભાવે ભજે છે, એના યોગ અને ક્ષેમનું વહન હું પોતે કરું છું.'

❊ જેતપુરમાં રામાનંદ સ્વામીએ જ્યારે શ્રીજીમહારાજને ગાદી સોંપી ત્યારે મહારાજે રામાનંદ સ્વામી પાસે બે વરદાન માંગી લીધા કે (૧) જો તમારા ભક્તના નસીબમાં રામપત્તર લખ્યું હોય તો મને મળે પણ તમારા ભક્તો અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય (૨) તમારા ભક્તના નસીબમાં એક વીંછીના ડંખની વેદના લખી હોય તો તે મને થાય, પરંતુ તમારા ભક્તને તે દુઃખ ન થાય.

❊ અગણોતેરા કાળમાં દુકાળ પડવાનો હતો. અંતર્યામી શ્રીહરિએ દુષ્કાળમાં પોતાના ભક્તો દુઃખી ન થાય તેથી ગામો-ગામ ફરી અન્નનો સંગ્રહ કરી લેવા આગ્રહ કર્યો હતો. એ જ રીતે એક વાર શ્રીહરિ પંચાળા પધાર્યા. સૌ આનંદમાં હતા. ગંગામા દર્શન માટે આવ્યા તો કહે : 'ખાવાનું લાવો'. તેઓ કહે : 'થાળ કરું છું.' મહારાજ કહે : 'હાજર હોય તે લાવો.' પછી જારનો રોટલો અને માખણ જમ્યા. પછી ભક્તવત્સલ શ્રીહરિ કહે : 'જાર ખાણમાં નાખજો. વેચશો નહિ. આવતું વર્ષ મોળું જશે માટે તમામ ઢોર વેચી એક ભેંસ તથા ઘોડી રાખજો.' મહારાજની આજ્ઞાથી ઢોર વેચી અન્ન લીધું. બીજે વર્ષ અગણોતેરો કાળ પડ્યો. ઝીણાભાઈએ ખાણમાંથી જાર વેચવા માંડી અને તેમાંથી ૩૫,૦૦૦ કોરી આવી. **(શ્રીહરિચરિત્ર ચિંતામણિ-૧/૧૮૨)**

❊ તા.૮-૪-૨૦૦૪, દારેસલામ : સ્વામીશ્રી અલ્પાહાર કરવા વિરાજ્યા. મ્વાન્ઝાના યુવકોએ તેમના મંડળના જીતુભાઈનો પ્રસંગ જણાવતાં કહ્યું : એક વાર તેઓ બહારગામ ગયા હતા. શનિવાર હતો. વૃદ્ધ માતાપિતા જ ઘરે હતાં. ઘરની નીચે જ દુકાન હતી અને આ દુકાનમાં એક વર્ષથી નોકર રાખવામાં આવ્યો હતો. આ નોકરની મતિ બગડી અને તેણે નક્કી કર્યું કે આજે ઘરડાં માબાપ એકલાં છે તો ચોરી કરવી. નોકર રસોડામાં ગયો. વૃદ્ધ માતાને કહ્યું : 'તમારો ફોન છે.' વૃદ્ધ માતા સીટિંગ રૂમમાં

ગયા એ દરમ્યાન પેલા નોકરે બારણું અંદરથી બંધ કરી દીધું અને ફોનનો વાયર કટ કરવાનો પ્રયત્ન કર્યો. પરંતુ સ્વામીશ્રીનો એવો પ્રવેશ થયો કે એણે ભૂલથી ફોનને બદલે સીડી પ્લેયરનો વાયર કાપી નાંખ્યો. આ બાજુ વૃદ્ધાએ પોલીસને ફોન જોડ્યો અને એ જ વખતે વૃદ્ધ પિતા પણ નીચે દુકાનમાં આવી પહોંચ્યા. આવા સંજોગોમાં પેલો ચોર રહી ન શક્યો અને ભાગી ગયો અને આ રીતે સ્વામીશ્રીએ તેઓની રક્ષા કરી.

૩) ધર્માદિકની રક્ષા :

❊ **વચનામૃત ગઢડા મધ્ય-૪૬** : ભગવાનના અવતાર તો પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ તે પ્રવર્તાવવાને અર્થે થાય છે.

❊ શતાનંદ મુનિ સ્તોત્રસિંધુમાં કહે છે :

અશુભભાવતઃ ક્રોધ દાવતો મૃતિજનુર્ભયાત્ પાપદુર્નયાત્

અર્થાત્ પાપને પેદા કરનારા દુરાચરણ થકી અમારું રક્ષણ કર્યું છે.

❊ તા. ૨૩-૫-૨૦૦૪ના રોજ અમેરિકાથી લખાયેલો પત્ર સ્વામીશ્રીને મળ્યો. પત્ર લખનાર નીલેશભાઈ પટેલ (ન્યૂજર્સી) આર્થિક અને સામાજિક દૃષ્ટિએ સ્થિર થવા પ્રયત્ન કરતા હતા એ જ વખતે ત્રીસ લાખ ડોલરની લાલચ સામે આવી. નીલેશભાઈ એક સ્ટોરમાં જોબ કરતા હતા. એક અમેરિકન લેડી (ઉં. વર્ષ ૭૬) પેપર લેવા અને લોટરી રમવા રેગ્યુલર આવતી હતી. એક વાર લોટરીની ટિકિટો ચેક કરવા આપી તે બાજુના સ્ટોરમાં ગઈ. નીલેશભાઈએ વારા ફરતી મશીનમાં નાંખી ટિકિટ ચેક કરવા માંડી તો એક ટિકિટ (Pick-6)માં તે ૩ મિલિયન ડોલર જીતી હતી. સ્ટોરમાં બીજું કોઈ નહિ. વળી, ટિકિટમાં તેની સહી નહિ. જેથી મનમાં એક ક્ષણ માટે મને વિચાર આવ્યો કે તેને કહેવું નથી. તુરત જ સ્વામીશ્રીનો હસતો ચહેરો મારી સમક્ષ દેખાયો. અને તે વિચાર ટળી ગયો. પછી તે લેડી મારી પાસે આવી ત્યારે મેં વાત કરી તો તેણે મશ્કરી સમજી. પરંતુ અંતે તે ટિકિટ લઈ ગઈ.

આમ, સ્વામીશ્રીએ તે યુવકની અધર્મના આચરણ થકી રક્ષા કરી.

૪) સ્વભાવ-દોષો થકી રક્ષા :

❊ કુંડળના હોથિયા પટગરને ભારે ક્રોધ હતો. એક વાર રાત્રે લઘુ માટે ઊઠ્યા હશે અને રસ્તામાં ગાડા સાથે ભટકાયાં તો ગાડાને બચકું ભર્યું. પછીથી શ્રીજીમહારાજના સાધુ થયા અને મહારાજે 'નિર્માનાનંદ' નામ આપી ખરા અર્થમાં નિર્માની બનાવી દીધા.

❊ ભાવનગરના તળાજા ગામના રીશુભાને દારૂની લત લાગેલી અને બધી વાતે પૂરા હતા. ગામમાં પણ ભારે ધાક. પત્ની-બાળકો બધા ત્રાસી ગયેલાં. પ્રમુખસ્વામી મહારાજે પધરામણી કરી અને હાથ પકડી કહ્યું : 'બાપુ, તમને આ શોભે ?' તરત જ બધા વ્યસન મૂકી આદર્શ સત્સંગીનું જીવન અપનાવ્યું. અંતમાં અખંડ માળા જપતાં ધામમાં પધાર્યા.

૫) કાળ થકી રક્ષા :

❊ નિષ્કુળાનંદ સ્વામી શ્રીહરિમુખથી આ વાત નોંધતા કહે છે :

મારા જનને અંતકાળે, જરૂર તેડવા આવવું,
બિરૂદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું.
(ભક્ત ચિંતામણિ ૬૮/૯)

❊ જેતલપુરમાં જોઈતારામ નામે વિપ્ર સત્સંગી હતા. એક વાર શ્રીજીમહારાજે તેમને દર્શન દીધાં. તેમણે મહારાજને જમવા માટે કહ્યું. મહારાજે હા પાડતાં જોઈતારામે રસોઈ બનાવી અને ભાવથી મહારાજને જમાડ્યા. શ્રીજીમહારાજ કહે : 'આજથી એક મહિના પછી તું કૂવે ના'વા જઈશ ત્યારે તારો દેહ પડી જશે. હું તને ધામમાં લઈ જવા આવીશ.' જોઈતારામ મહારાજને કહે : 'આપ થોડી વાર બેસો, મારી બહેનને દર્શનની ઇચ્છા છે.' એમ કહીને તેઓ બહેનને બોલાવવા ગયા પણ મહારાજ અદૃશ્ય થઈ ગયા,

બરાબર એક માસ પછી મહારાજ જોઈતારામને ધામમાં લઈ જવા તેડવા પધાર્યા ત્યારે અનેકને દર્શન થયાં. જોઈતારામ દેહ તજી અક્ષરધામ સિધાવ્યા.

(ભક્તચિંતામણિ-૧૩૮)

❋ અમેરિકાના એલેનટાઉન શહેરમાં વસતા ચકુભાઈનાં માતુશ્રીને ૧૯૯૪માં કેન્સર થયું. ચકુભાઈએ પ્રમુખસ્વામી મહારાજને ફોન કરી વાત કરી તો આશીર્વાદ આપતાં કહ્યું : '૫ વર્ષ સુધી વાંધો નહિ આવે.' સ્વામીશ્રીના આશીર્વાદથી સારું થઈ ગયું અને બરાબર પાંચ વર્ષ પછી ૧૯૯૯માં ફરી ઊથલો માર્યો અને અસહ્ય પીડા ઊપડી એટલે ચકુભાઈએ સ્વામીશ્રીને ધામમાં લઈ જવા વિનંતી કરી. સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા. ચકુભાઈનાં પત્નીને વિશ્વાસ નહિ. માતુશ્રીની તબિયત ખરાબ એટલે રાત્રે જાગવાના વારા કરેલા. ચકુભાઈના પત્નીનો રાત્રે જાગવાનો વારો હતો તે વખતે તેમને દર્શન થયાં કે માતુશ્રીને સ્વામીશ્રી તેડવા આવ્યા છે. તેઓએ બધાને બોલાવ્યા. પણ એટલી વારમાં ચકુભાઈના માતુશ્રી ધામમાં ગયા.

❋ ભગવાન હંમેશાં પોતાના ભક્તની રક્ષામાં સદા તત્પર જ રહ્યા છે, પરંતુ કોની રક્ષા કરે છે ? પંચાળામાં ઝીણાભાઈને ધામમાં જવાની તૈયારી હતી એ વખતે શ્રીજીમહારાજ ત્યાં પધારેલા. મહારાજે દીકરા હઠીસિંહને યાદ કરતાં ઝીણાભાઈને પૂછ્યું : 'હઠીની કાંઈ ભલામણ કરવી છે ?' ત્યારે ઝીણાભાઈ કહે : 'આપનો ભક્ત થશે તો આપ ખબર રાખશો અને જો ભક્ત નહિ થાય તો હું કહીશ તોપણ ખબર નહિ રાખો.' એમ આપણે ભગવાનના ભક્ત થઈશું તો ભગવાન કાયમ આપણી રક્ષા કરશે કરશે ને કરશે જ.

❀ ❀ ❀

૧૦. સ્વામીની વાત : ૧/૨૨

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

ભગવાન તો પોતાના ભક્તની રક્ષા કરવામાં જ બેઠા છે. કેની પેઠે? તો જેમ પાંપણ આંખની રક્ષા કરે છે ને હાથ કંઠની રક્ષા કરે છે ને માવતર છોકરાંની રક્ષા કરે છે ને રાજા પ્રજાની રક્ષામાં છે, તેમ જ ભગવાન આપણી રક્ષામાં છે.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

* ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં ભગવાનનું ભક્તવત્સલપણું સમજાવે છે. ભગવાન પોતાના ભક્તની રક્ષામાં હોય જ છે.
* ભગવાન પોતાના ભક્તોની અનેક પ્રકારે રક્ષા કરે છે.

૧) દૈહિક રક્ષા :

* પ્રેમળદાસે કીર્તનમાં લખ્યું છે :

હરિને ભજતાં હજુ કોઈની લાજ જતાં નથી જાણી રે,
જેની સુરતા શામળિયાની સાથ વદે વેદ વાણી રે...
વ્હાલે ઉગાર્યો પ્રહ્‌લાદ, હિરણાકશ્યપ માર્યો રે...

* હિરણ્યકશિપુએ પોતાના જ દીકરા ભક્ત પ્રહ્‌લાદને મારવા અનેક પ્રયત્નો કર્યા, પણ દરેક પ્રસંગમાં ભગવાને તેની રક્ષા કરી તે વાત ખૂબ પ્રચલિત છે.
* શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાએ પણ પોતાના ભક્તોની અનેક પ્રસંગે રક્ષા કરી છે.

ભોંયરાનો દરબાર વાસુરખાચર ભગવાન સ્વામિનારાયણનો દ્વેષી હતો. તેણે ભગવાન સ્વામિનારાયણના અનન્ય ભક્ત નાજા જોગિયાને કહ્યું : 'જો તારા સ્વામિનારાયણ ભગવાન હોય તો કાલે સવારે અહીં આવે, અને ન આવે તો તારા પગના ઘૂંટણ ભાંગી નાંખીશ.' નાજા જોગિયાએ ભજન શરૂ કર્યું. ભક્તવત્સલ ભગવાને અંતર્યામીપણે ભક્તની મુશ્કેલી જાણી અડધી રાત્રે ચાલતાં વિસનગરથી વઢવાણ આવ્યા. ત્યાં ભોગાવામાં પૂર હતું છતાં એકલા ઊતરી વઢવાણ પહોંચ્યા. ત્યાં ભાણજી મહેતાના ઘરે જમીને તરત નીકળી ગયા ને સવારે તો નાજા જોગિયાને ઘરે પહોંચી ગયા. પછી દ્વેષી દરબાર વાસુરખાચરને દર્શન આપવા ગયા, તેને સમાધિ કરાવી, તે ઊઠીને ભગવાનને પગે લાગ્યો. શ્રીજીમહારાજે આવી ક્રૂરતા ન આચરવા ઉપદેશ આપ્યો. આ રીતે નાજા જોગિયાની રક્ષા કરી.

◎ માર્ચ ૨૦૧૯માં અમદાવાદના યુવાન હર્ષભાઈ રામી સારંગપુરમાં મહંત સ્વામી મહારાજનાં દર્શન માટે પહોંચ્યા. સ્વામીશ્રી સાથેની મુલાકાતમાં તેઓ સ્વામીશ્રીનો હૃદયપૂર્વક આભાર માનવા લાગ્યા. તેની પાછળનું કારણ એવું હતું કે, તેમનાં પત્નીને ગર્ભ રહ્યો હતો. થોડા દિવસો પૂર્વે તેઓ પત્નીને ડોક્ટર પાસે ચેક-અપ માટે લઈ ગયા. ડોક્ટરે તપાસ બાદ કહ્યું કે, 'ગર્ભમાં રહેલા બાળકને અત્યાર સુધીમાં હૃદયના ધબકાર શરૂ થઈ જવા જોઈતા હતા. હવે જો પાંચેક દિવસમાં હૃદયના ધબકાર શરૂ ન થાય તો બાળક કાઢી નાખવું પડશે. અને હવે ધબકાર શરૂ થવાની શક્યતાઓ પણ ઘણી ઓછી છે.' ચાર દિવસ બાદ તેમની વાત મહંત સ્વામી મહારાજ પાસે પહોંચી. ત્યારે સ્વામીશ્રીએ કહેલું, 'ધબકારા ચાલુ થઈ જશે.'

સ્વામીશ્રીના આ આશીર્વાદ હર્ષભાઈને ફોન દ્વારા સેવક સંતોએ જણાવ્યા અને હર્ષભાઈ પત્ની સાથે ફરી ડોક્ટર પાસે તપાસ માટે પહોંચ્યા. ડોક્ટરે તપાસ્યા ત્યારે ગર્ભમાં રહેલા બાળકના

હૃદય ધબકાર શરૂ થઈ ચૂક્યા હતા. ડોક્ટરને આ બાબતનું આશ્ચર્ય થયું, પણ હર્ષભાઈ અને તેમનાં પત્ની સ્વામીશ્રીએ કરેલ બાળકની રક્ષા બદલ તેમનાં ચરણોમાં નમી પડ્યાં.

૨) વ્યવહારની રક્ષા :

❊ જે જીવ ભગવાનનો ભક્ત થાય છે, તેના વ્યવહારની ચિંતા ભગવાન પોતે કરે છે. ભગવાન શ્રીમદ્ ભગવદ્ગીતામાં કહે છે કે,

'જે અનન્ય પ્રેમી ભક્તજનો મને નિષ્કામભાવે ભજે છે, એના યોગ અને ક્ષેમનું વહન હું પોતે કરું છું.'

◎ જેતપુરમાં રામાનંદ સ્વામીએ જ્યારે શ્રીજીમહારાજને ગાદી સોંપી ત્યારે મહારાજે રામાનંદ સ્વામી પાસે બે વરદાન માંગી લીધાં કે (૧) જો તમારા ભક્તના નસીબમાં રામપત્તર લખ્યું હોય તો મને મળે પણ તમારા ભક્તો અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય, (૨) તમારા ભક્તના નસીબમાં એક વીંછીના ડંખની વેદના લખી હોય તો તે મને થાય, પરંતુ તમારા ભક્તને તે દુઃખ ન થાય.

❊ પંચાળાના દરબાર ઝીણાભાઈ બહોળી જમીનના માલિક હતા, છતાં તેમને ખોરી જુવાર ખાવાનો વારો આવ્યો હતો. શ્રીજીમહારાજ સં.૧૮૬૮ની સાલમાં પંચાળામાં ઝીણાભાઈના દરબારમાં પધાર્યા ત્યારે મહારાજને તેમની આવી ખરાબ દશા થયાનો ખ્યાલ આવ્યો. મહારાજે આવું થવાનું કારણ પૂછ્યું ત્યારે ઝીણાભાઈનાં માતુશ્રીએ કહ્યું, 'અમારી બહોળી જમીનમાં કેટલાક ખેડૂતો વાવે છે. પહેલાં તો વરસે વરસે નક્કી ભાગ આપી દેતા. પણ હવે તેમની મતિ ફરી છે, તેથી ભાગ આપતા નથી.'

આ સાંભળી મહારાજે નડિયાદ જઈ અંગ્રેજ અમલદાર કર્નલ વોકરને ઝીણાભાઈની વાત કરી. તેમણે તાત્કાલિક અંગ્રેજોની સેના પંચાળા મોકલી આપી. જમીન દબાવનારા ખેડૂતો પોલીસથી ખૂબ ડરતા, તેથી તેઓ બચવા માટે શ્રીજીમહારાજ પાસે પહોંચ્યા. મહારાજ કહે, 'તમે ઝીણાભાઈનું અનાજ દોઢ-બે વરસથી દબાવ્યું છે. હવે એ બધું તેમના કોઠારમાં ભરી દો અને એમની માફી માંગો.' પછી ખેડૂતોએ ઝીણાભાઈના કોઠાર ભરી દીધા.

મહારાજે ઝીણાભાઈને કહ્યું, 'આવતી સાલ ભયંકર દુષ્કાળ પડશે. માટે તમે અત્યારથી જ બધાં પશુઓ વેચી નાખજો!' ઝીણાભાઈએ પણ મહારાજની આજ્ઞા પ્રમાણે બધાં પશુ વેચી નાંખ્યાં. આમ, મહારાજે પોતાના અનન્ય ભક્તના વ્યવહારની રક્ષા કરી.

૩) ધર્માદિકની રક્ષા :

❊ શ્રીજીમહારાજ વચનામૃત **ગઢડા મધ્ય-૪૬**માં કહે છે કે, 'ભગવાનના અવતાર તો પોતાના એકાંતિક ભક્તના જે ધર્મ તે પ્રવર્તાવવાને અર્થે થાય છે.'

❊ થોડાં વર્ષો પૂર્વે અમેરિકાના ન્યૂજર્સી વિસ્તારમાં નીલેશભાઈ પટેલ એક સ્ટોર(દુકાન)માં નોકરી કરતા હતા. એક વૃદ્ધ અમેરિકન મહિલા તેમના સ્ટોર પર પેપર લેવા અને લોટરી રમવા નિયમિત રીતે આવતી. એકવાર તે મહિલા નીલેશભાઈને પોતાની લોટરીની ટિકિટોનું પરિણામ જોવા આપી બાજુના સ્ટોર પર ગઈ. નીલેશભાઈએ ટિકિટો મશીનમાં નાંખી ચેક કરી ત્યારે ટિકિટમાં તે મહિલા ૩ મિલિયન ડોલર જીતી હતી. ટિકિટ પર તે મહિલાની સહી નહોતી, અને મહિલાએ તેને આ ટિકિટ આપી છે તેની નોંધ લેનાર સ્ટોર પર કોઈ નહોતું. નીલેશભાઈને મનમાં એક ક્ષણ માટે વિચાર આવી ગયો કે લોટરીમાં આટલા ડોલર મળ્યા છે તેની વાત મહિલાને ન કરું અને હું પોતે જ સંપત્તિ મેળવી લઉં. પણ તુરત જ નીલેશને પ્રમુખસ્વામી મહારાજનું હસતું મુખારવિંદ આંખો સમક્ષ આવી ગયું. તેને થયું કે અણહકના પૈસા મેળવી મારે સ્વામીબાપાને

કુરાજી નથી કરવા. અને તેણે આવી મોટી રકમ સહજપણે જતી કરી અને ટિકિટની યોગ્ય અધિકારી તે મહિલાને હકીકત જણાવી દીધી.

આમ, સ્વામીબાપાએ તે યુવકની અધર્મના આચરણ થકી રક્ષા કરી.

૪) સ્વભાવ-દોષો થકી રક્ષા :

❋ કુંડળના હોથિયા પટગરને ભારે ક્રોધ હતો. એકવાર રાત્રે પેશાબ માટે ઊઠ્યા હશે અને રસ્તામાં ગાડા સાથે ભટકાયા તો ગાડાને બચકું ભર્યું, તો દાંત તૂટી ગયો. પછીથી શ્રીજીમહારાજના સાધુ થયા અને મહારાજે 'નિર્માનાનંદ' નામ આપી ખરા અર્થમાં નિર્માની બનાવી દીધા. ક્રોધ ક્યાંય ઊડી ગયો !

૫) અંતકાળે રક્ષા :

❋ નિષ્કુળાનંદ સ્વામી શ્રીહરિમુખની આ વાત ભક્તચિંતામણિના ૬૮મા પ્રકરણમાં નોંધતાં કહે છે :

મારા જનને અંતકાળે, જરૂર મારે આવવું,
બિરુદ મારું એ ન બદલે, તે સર્વે જનને જણાવવું.

◎ જેતલપુરમાં જોઈતારામ નામે વિપ્ર સત્સંગી હતા. એકવાર શ્રીજીમહારાજે તેમને દર્શન દીધાં. તેમણે મહારાજને જમવા માટે કહ્યું. મહારાજે હા પાડતાં જોઈતારામે રસોઈ બનાવી અને ભાવથી મહારાજને જમાડ્યા. શ્રીજીમહારાજ કહે, 'આજથી એક મહિના પછી તું કૂવે ના'વા જઈશ ત્યારે તારો દેહ પડી જશે. હું તને ધામમાં લઈ જવા આવીશ.' જોઈતારામ મહારાજને કહે, 'આપ થોડી વાર બેસો, મારી બહેનને દર્શનની ઇચ્છા છે.' એમ કહીને તેઓ બહેનને બોલાવવા ગયા પણ મહારાજ અદૃશ્ય થઈ ગયા. બરાબર એક માસ પછી મહારાજ જોઈતારામને ધામમાં લઈ જવા તેડવા પધાર્યા, ત્યારે અનેકને દર્શન થયાં. જોઈતારામ દેહ તજી અક્ષરધામ સિધાવ્યા.

❋ ભગતજી મહારાજના ભાઈ નરસિંહભાઈના વંશજ હરિભાઈ માંડલિયા છેલ્લાં ૨૨ વર્ષથી સારંગપુર મંદિરના બુકસ્ટોલમાં સેવા આપી રહ્યા હતા. થોડા દિવસોથી હૃદયની તકલીફ વધી જતાં તેઓ ઘરે ગયા હતા. તબિયત લથડતી હતી. ડોક્ટરોએ પણ કહી દીધું કે, 'હવે આ છેલ્લા દિવસો છે.' સંબંધીઓએ મહંત સ્વામી મહારાજને હરિભાઈની પરિસ્થિતિ ફોન દ્વારા જણાવી. હરિભાઈએ પણ સ્વામીશ્રીને ધામમાં તેડી જવા પ્રાર્થના કરી, 'સ્વામી, હવે ધામમાં લઈ જાવ... અને મહારાજ-સ્વામી લેવા આવશે, તે વખતે આપ પણ સાથે લેવા આવશો ને? સ્વામીશ્રી કહે, 'હા, મહારાજ સાથે અમે લેવા આવશું.'

હરિભાઈની પૌત્રીનાં લગ્ન થોડા દિવસોમાં હતાં, તેથી સ્વામીશ્રીએ કહ્યું, 'લગ્ન પછીના દસમા દિવસે અમે મહારાજ સાથે લેવા આવીશું.' અને ખરેખર બન્યું પણ એમ જ. ૩૦/૧૧/૨૦૧૭ના રોજ પૌત્રીનાં લગ્ન થયાં અને બરાબર ૧૦મા દિવસે સાંજે હરિભાઈ કહેવા લાગ્યા, 'મહારાજ પધાર્યા છે ને સાથે સ્વામી પણ છે... આરતી લાવો, આરતી કરવી છે.' હરિભાઈ અને ઘરના તમામ સભ્યોએ આરતી કરી. પછી મહારાજ તેમને તેડી ગયા.

❋ ભગવાન હંમેશાં પોતાના ભક્તની રક્ષામાં સદા તત્પર જ રહ્યા છે, પરંતુ કોની રક્ષા કરે છે ? પંચાળામાં ઝીણાભાઈને ધામમાં જવાની તૈયારી હતી એ વખતે શ્રીજીમહારાજ ત્યાં પધારેલા. મહારાજે દીકરા હઠીસિંહને યાદ કરતાં ઝીણાભાઈને પૂછ્યું : 'હઠીની કાંઈ ભલામણ કરવી છે ?' ત્યારે ઝીણાભાઈ કહે, 'આપનો ભક્ત થશે તો આપ ખબર રાખશો અને જો ભક્ત નહિ થાય તો હું કહીશ તોપણ ખબર નહિ રાખો.' એમ આપણે ભગવાનના ભક્ત થઈશું તો ભગવાન કાયમ આપણી રક્ષા કરશે કરશે ને કરશે જ. તો આપણે એવા ભક્ત બની શકીએ તે મહારાજનાં ચરણોમાં પ્રાર્થના.

૬. સ્વામીની વાત : ૧/૨૩ (સમજણ)

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે :

ભગવાન કેટલાકને સમૃદ્ધિ આપે છે ને કેટલાકને નથી આપતા તેનું કેમ સમજવું ? એ પ્રશ્ન છે. તેનો ઉત્તર જે, 'ઝાઝું ધન મળે તો વધારે ફેલ કરે, માટે થોડું મળે તે ઠીક છે.'

❋ માણસમાત્રને વધુ ને વધુ ધન મળે તેવી ઈચ્છા રહ્યા કરે છે અને તેને માટે અથાક પુરુષાર્થ પણ કરે છે. છતાં કેટલાંકને સમૃદ્ધિ મળે છે અને કેટલાકને નથી મળતી. ઘણી વાર સત્સંગ કરતાં કરતાં પણ એવી અપેક્ષા રહે કે વધારે સમૃદ્ધિ મળે તો સારું, પણ સત્સંગી-ભગવાનના ભક્ત ગરીબ હોય અને બિનસત્સંગી કે નાસ્તિકને ત્યાં ધનના ઢગલા હોય. આવું જોઈને સહેજે પ્રશ્ન થાય કે આવું કેમ ? ભગવાન

કેટલાંકને સમૃદ્ધિ આપે છે અને કેટલાંકને નથી આપતા, એનું શું કારણ હશે ? ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં તેનું નિરાકરણ કરે છે કે જો માણસને ઝાઝી સમૃદ્ધિ કે ધન મળે તો તે વધુ ફેલ કરે. એટલે ભગવાન વધુ નથી આપતા તેમાં જ આપણું સારું છે. હવે આ વાતને વિગતે સમજીએ...

૧) ઝાઝી સમૃદ્ધિ અનર્થ કરાવે :

❊ ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતમાં કહ્યું, 'ઝાઝું ધન મળે તો ફેલ કરે, માટે થોડું મળે તે ઠીક છે.'

❊ શાસ્ત્રોમાં પણ આ વાત દૃઢાવી છે કે ઝાઝું ધન મળે તો વધારે અનર્થ કરાવે. કેવા અનર્થો ?

❊ શ્રીમદ્ભાગવતમાં શ્રીકૃષ્ણભગવાન ઉદ્ધવજીને કહે છે, 'મનુષ્યમાં ચોરી, હિંસા, જૂઠ, દંભ, કામ, ક્રોધ, ગર્વ, અભિમાન, મંદબુદ્ધિ, વેર, અવિશ્વાસ, સ્પર્ધા, લંપટતા, જુગાર અને દારૂ - આ પંદર અનર્થો ધનને કારણે આવે છે.'

❊ ગુણાતીતાનંદ સ્વામી પ્રકરણ : ૨/૧૨૬મી વાતમાં કહે છે, 'દ્રવ્ય સર્વેનું ભૂંડું કરે એવું છે.'

❊ પ્રસિદ્ધ ગાંધીવાદી ચિંતક કિશોરલાલ મશરૂવાળા લખે છે : વસોનો એક ખૂબ પૈસાદારનો પુત્ર. પિતાશ્રીએ લાખ રૂપિયાની મિલકત રાખેલી, પણ પિતાજીના મૃત્યુ પછી પુત્ર વ્યસનની અંદર એવો લપેટાઈ ગયો કે જુગાર, દારૂ વગેરેમાં પોતાની સઘળી સંપત્તિ એ ગુમાવી બેઠો. છેવટે ૭૦૦ રૂપિયામાં પત્નીને પણ હોડમાં મૂકી દીધી. તે પણ હાર્યો. છેલ્લે પોતે વડોદરામાં સુરસાગર હોટલની અંદર નોકરી કરતાં કરતાં કપ-રકાબી ધોતાં ધોતાં ત્યાં ફૂટપાથ ઉપર મરણને શરણ થયો.

❊ અમેરિકામાં એક ભાઈ હતા. તેના પિતાશ્રી નોકરીમાંથી નિવૃત્ત થયા એટલે પેન્શન આવતું, પરંતુ પિતાશ્રીના મૃત્યુ પછી પેન્શન ચાલુ રહે તે માટે પિતાનો અંગૂઠો કાપીને પ્રવાહીમાં સાચવી રાખ્યો. પેન્શન આવે ત્યારે અંદર જઈ અંગૂઠો સ્કેન કરાવી પૈસા મેળવે. પૈસા માટે કેવી અનૈતિકતાનું આચરણ !

❊ ઈસુના ૧૨ મુખ્ય શિષ્યમાંનો એક હતો જુડાસ. તેણે ચાંદીના ૩૦ સિક્કા માટે ઈસુને પકડાવી દીધા અને ઈસુને ક્રોસ પર જીવતા જડી દેવામાં આવ્યા. ધનના લોભે પોતાના ગુરુ સાથે દ્રોહ કર્યો !

❊ આમ, દ્રવ્યના લોભમાં વિવેક નથી રહેતો અને વ્યક્તિ પોતે શું કરે છે, તેનો તેને ખ્યાલ નથી રહેતો અને અનર્થ કરી બેસે છે.

❊ શાસ્ત્રીજી મહારાજના સમયમાં એક હરિભક્ત ખૂબ જ આર્થિક સંકડામણમાં રહેતા. એક વાર એક જ્યોતિષ હરિભક્તે તેમની હાથની રેખાઓ જોઈ શાસ્ત્રીજી મહારાજને કહ્યું, 'સ્વામી ! આને વધારે ન આપો તો કંઈ નહિ, પણ એના પ્રારબ્ધમાં લખેલું છે કે તેને ધનનો સારો યોગ છે. તો એના પ્રારબ્ધમાં લખેલું છે એટલું ધન તો આપો.' શાસ્ત્રીજી મહારાજ કહે, 'મેં જ એનું પ્રારબ્ધ રોકી રાખ્યું છે. જો એને પૈસા મળે તો વિલાયત જઈને ફેલફતૂર કરવા માંડે. સત્સંગી જ ન રહે.' ત્યારે પેલા હરિભક્તે કહ્યું, 'સ્વામી, આપની ઘણી કૃપા...' આમ, મોટા પુરુષ ધન ન આપીને આપણી રક્ષા જ કરે છે.

૨) ભગવાન ભજવાનું ભુલાઈ ન જાય તે માટે :

❊ ભગવાન લૌકિક સમૃદ્ધિ આપે તો જીવ ભગવાન ભજવા નવરો થતો નથી.

❊ ભગવાન સ્વામિનારાયણના વખતમાં વરતાલના એક વણિક ભક્ત પ્રેમી હતા. શ્રીજીમહારાજ આવે ત્યારે ૧૦-૧૨ ગાઉ સામે લેવા જાય અને મહારાજ જાય ત્યારે ૧૦-૧૨ ગાઉ વળાવવા જાય. એક દિવસ વણિક ભક્ત આવ્યા. મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'સ્વામી ! આ ભક્ત બહુ સારા છે ને પ્રેમી છે.' મુક્તાનંદ સ્વામી કહે, 'હા મહારાજ ! એ ભક્ત તો બહુ સારા છે ને પ્રેમી છે, પણ વ્યવહાર બહુ દુર્બળ છે.' મુક્તાનંદ સ્વામીની મરજી જાણી મહારાજે દૃષ્ટિ કરી તો ૧૦,૦૦૦ રૂ.નો આસામી થઈ ગયો. પછી વણિક ભક્ત તો વ્યવહારમાં ગૂંચાણો. એક વાર શ્રીજીમહારાજ વરતાલ આવ્યા તે રાત્રે ૧૦ વાગે દર્શન કરવા આવ્યો.

મુક્તાનંદ સ્વામી પણ બેઠા હતા. મહારાજ કહે, 'કેમ ભગત ! આટલા મોડા આવ્યા ? ક્યાંય ગયા હતા કે શું ?' વણિક ભગત કહે, 'ના મહારાજ ! ક્યાંય ગયો નહોતો, પણ વ્યવહારમાં ગૂંચાણો હતો, તેથી આવી શકાયું નહીં.' ભક્તનું સદાય સારું ઇચ્છનાર શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી સામે જોઈને કહ્યું, 'આ જીવને આપીએ તોયે તે દુ:ખી થાય અને ન આપીએ તોયે તે દુ:ખી થાય છે.' પછીથી તે ભક્ત સત્સંગમાં ઘટી ગયો. (હરિચરિત્રચિંતામણિ : ૩/૫)

❋ જો ભગવાન આપણને કરોડોની મિલકતના માલિક બનાવી દે તો તેના વ્યવહાર અને વહીવટમાંથી ભગવાન ભજવા નવરા જ ન થઈએ. એટલા માટે ભગવાન આપણને ભજન કરવાનો અવકાશ મળે, તેવી સ્થિતિમાં રાખી આપણું સારું જ કરે છે !

❋ પ્રેમજી સુથારને પ્રથમથી રોટલાનું માંડ માંડ પૂરું થાતું. તેઓની બહુ વિનંતી સાંભળી શ્રીજીમહારાજ કહે, 'લ્યો, તમને રોટલાનો ઉપાય કરી દઈએ.' પછી ત્રણ પાંખડીવાળી શારડી કરાવીને માળા ઉતારતા શિખવાડી ને સૌ હરિભક્તોને શ્રીજીમહારાજે આજ્ઞા કરી જે 'જેને માળા જોઈતી હોય તે અડધો રૂપિયો દઈને માળા લેજો.' શ્રીજીમહારાજની આજ્ઞાથી સૌ અડધો રૂપિયો આપી માળા લેતા. એટલે પ્રેમજી સુથારના ઘરમાં દ્રવ્ય વધી ગયું. પછી દર્શને આવવા પણ નવરા થાય નહીં.

❋ એટલે જ કુંતાજીએ ભગવાન પાસે માંગ્યું,

વિપદ: સન્તુ ન: શશ્વત્ તત્ર તત્ર જગદ્‌ગુરો ।
ભવતો દર્શનં યત્સ્યાદપુનર્ભવદર્શનમ્ ॥
(શ્રીમદ્‌ભાગવત : ૧/૮/૨૫)

'હે જગતના ગુરુ ! અમારા જીવનમાં પગલે પગલે વિપત્તિઓ આવે. કારણ કે જ્યારે જ્યારે અમારા પર વિપત્તિ આવી છે ત્યારે ત્યારે નિશ્ચિંતરૂપે આપનાં દર્શન થયાં છે.'

❋ કુંતાજી દુ:ખ માંગે છે, વિપત્તિ માંગે છે. કારણ, વિપત્તિ એ પ્રભુદર્શનનું સાધન છે.

❋ એક વાર એક કડિયો પાંચમા માળે પ્લાસ્ટર કરતો હતો. અચાનક લેલું છટક્યું ને નીચે પડ્યું. આળસને કારણે વિચાર આવ્યો કે દોરી નીચે જવા દઉં, જેથી રસ્તે ચાલતી કોઈ વ્યક્તિ લેલું બાંધી દે, પરંતુ કોઈ બાંધે નહીં. એટલે કંટાળીને રાહદારીઓને લલચાવવા નીચે રૂપિયો નાખ્યો. એક માણસ આવ્યો. તેણે રૂપિયો જોયો પણ ઉપર જોયું નહીં અને રૂપિયો ખિસ્સામાં મૂકીને ચાલતો થયો. એમ કરતાં કડિયાના પાંચ રૂપિયા જતા રહ્યા. પછી એક માણસ આવ્યો એટલે તે કડિયાએ રૂપિયાને બદલે નાની કાંકરી નાંખી. તરત જ પેલાએ ઉપર જોયું ને કહે, 'કોણ ઉપરથી કાંકરી નાંખે છે ?' કડિયાએ કહ્યું, 'લેલું બાંધી આપ ને !' પેલા માણસે લેલું બાંધી આપ્યું. એમ પૈસા નાખે તો ઉપર જોવાનું મન થતું નથી, પણ કાંકરી નાંખે તો ઉપર જોવાનો વિચાર આવે છે.

❋ એમ ભગવાન જ્યારે કાંકરીરૂપી દુ:ખ નાંખે ત્યારે ભગવાન તરફ જોઈએ ને દુ:ખી હૃદયે મંદિરમાં જઈ પ્રાર્થના કરીએ. દુ:ખ ભગવાનનું સ્મરણ કરાવે છે અને ભગવાનનું સ્મરણ કરાવે તેને દુ:ખ શાનું કહેવાય ! તે તો ભગવાનની કૃપા કહેવાય.

❋ શ્રીમદ્‌ભાગવતમાં શ્રીકૃષ્ણ ભગવાન યુધિષ્ઠિરને કહે છે,

યસ્યાહમ્ અનુગૃહ્‌ણામિ હરિષ્યે તદ્‌ધનં શનૈઃ ।
(શ્રીમદ્‌ભાગવત : ૧૦/૮૮/૮)

અર્થાત્ 'હું જેની પર કૃપા કરું છું, તેનું સંપૂર્ણ ધન ધીરે ધીરે હરી લઉં છું.'

❋ વડતાલમાં ગોવિંદ શેઠે શ્રીજીમહારાજને કહ્યું, 'મહારાજ ! કૃપા કરો.' મહારાજે કહે, 'કૃપા કરીએ તો દીકરા મરી જશે, સ્ત્રી મરી જશે, દ્રવ્યનો નાશ થશે. જાઓ કૃપા કરી !' શેઠ કહે, 'તો કૃપા નથી જોઈતી. તમારી પાસે રાખો.' મહારાજ કહે, 'અમે આપીને પાછી લેતા નથી.' શેઠ કહે, 'અમારે નથી જોઈતી.' પછી શ્રીજીમહારાજ કહે, 'જાઓ કૃપા પાછી લઈ લીધી. તમને વરસ દહાડે ૧૦૦૦ રૂપિયા મળશે.' (સદ્. નિર્ગુણદાસ સ્વામીની વાતો : ૧૩૭)

❋ આપણને એમ કે ફલાણો કરોડપતિ થઈ ગયો, ફલાણો નેતા થઈ ગયો, ફલાણાને બંગલો થઈ ગયો, એના પર ભગવાનની કૃપા થઈ અને હું સત્સંગી છતાં મારા પર કૃપા ન થઈ ? પણ આ પ્રસંગ પરથી ખ્યાલ આવે છે કે, 'જગતની સમૃદ્ધિ મળે તેને સાચી કૃપા ન કહેવાય. આપણી જગતનાં બંધનથી રક્ષા થાય, એ જ ભગવાનની કૃપા કહેવાય.'

૩) નિર્વાસનિક કરવા માટે :

❋ શ્રીમદ્ભાગવતમાં બલિરાજાની પરીક્ષા અંગે ભગવાને બ્રહ્માને કહ્યું,

બ્રહ્મન્ યમનુગૃહ્ણામિ તદ્વિશો વિધુનોમ્યહમ્ ।
યન્મદઃ પુરુષઃ સ્તબ્ધો લોકં માં ચાવમન્યતે ॥

(શ્રીમદ્ભાગવત : ૮/૨૨/૨૪)

અર્થાત્ 'હે બ્રહ્માજી ! હું જેના પર કૃપા કરું છું તેની ધન-સંપત્તિ છીનવી લઉં છું. કારણ કે મનુષ્ય જ્યારે ધનથી મદોન્મત્ત થઈ જાય છે ત્યારે તે મારો અને સૌનો તિરસ્કાર કરવા લાગે છે.'

❋ વડોદરાના મંગળદાસ નામે એક હરિભક્તની સ્થિતિ બહુ સારી નહીં. રોજ મંદિરમાં ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા આવે અને સ્વામીની સેવા કરે. સ્વામી તેને 'મંગળિયો આવ' એમ હંમેશાં લાડમાં બોલાવે. સેવાથી સ્વામીનો રાજીપો થયો, જેથી ખૂબ પૈસાવાળો થઈ ગયો. ગામમાં બધા તેને 'મંગળિયો' કહેતા, પરંતુ હવે બધા તેને 'મંગળદાસ શેઠ' કહે. પૈસા આવ્યા તેથી સ્વામીનાં દર્શને પણ આવે નહીં. એક વાર ગોપાળાનંદ સ્વામીએ મંદિરે તેને તેડાવ્યો અને પહેલાની જેમ હેતમાં 'મંગળિયા આવ' એમ કહ્યું. આ સાંભળી તેને ખોટું લાગ્યું. એટલે સ્વામીને કહી દીધું, ''સ્વામી ! તમે મને બધાની દેખતા 'મંગળિયો' કહ્યો. હવે મને 'મંગળદાસ શેઠ' કહેવો જોઈએ.'' ગોપાળાનંદ સ્વામીની દૃષ્ટિ ફરી ગઈ. દેશકાળ લાગ્યા. પછી તો હતો તેવો મંગળિયો થઈ ગયો.

❋ ઝાઝી સમૃદ્ધિથી છકી જવાય છે. સત્સંગમાં દીન-આધીન રહેવાય અને જગતની વાસના ઓછી થાય તે માટે ભગવાન માપનું જ આપે છે.

❋ વડોદરા રાજ્યમાં ગાયકવાડ સરકારના કારભારી નારુપંત નાના ભગવાન સ્વામિનારાયણના ભક્ત હતા. વડોદરાના મહારાજા સયાજીરાવના હાથમાં નારુપંત નાનાનો હાથ મૂકી શ્રીજીમહારાજે કહેલું, 'આની ખબર રાખજો.' સમય જતાં નારુપંત રાજખટપટમાં ભળ્યા. સયાજીરાવ મહારાજાને ખબર પડી. એટલે ભળેલામાંથી કોઈને તોપે દીધા, તો કોઈને જીવતે જીવ બાળ્યા ને પોતાની રાણીને પણ દેહાંતદંડ દીધો. નારુપંત નાનાને મહારાજાએ કહ્યું, 'ભગવાન સ્વામિનારાયણે મને તારી સોંપણી કરી છે ને હાથમાં હાથ આપ્યો છે, તેથી તને જીવતો મેલું છું.' પરંતુ તેનાં ઘર-મિલકત વગેરે જપ્ત કરી લીધાં. નારુપંત ગરીબ થઈ ગયા. સદાવ્રતમાંથી શેર ખીચડી લાવીને રાંધી ખાય. આખો દિવસ મહારાજનું ભજન કરે. તે જોઈ ગોપાળાનંદ સ્વામી કહે, 'આ નારુપંત નાનાએ શ્રીજીમહારાજની નિષ્કામભાવે સેવા કરેલી. તેથી મહારાજે તેમને આ જન્મે નિષ્કંચન કરી દીધા. નહીં તો એવા મેલા થઈ જાત કે હમણાં છે એવા દશ જન્મે પણ શુદ્ધ થાત નહીં.'

(શ્રીહરિચરિત્રચિંતામણિ ૩/૧૬૪)

❋ એક વાર યોગીજી મહારાજે મુંબઈમાં માણેકલાલ શેઠને સભામાં બોલવાની આજ્ઞા કરી. શેઠે બોલવાની શરૂઆત કરી ને કંઠ ભરાઈ આવ્યો. આંસુની ધારા વહેવા માંડી, ને બોલવા લાગ્યા, 'યોગીબાપાની આજ્ઞાથી મેં ઘણા ધંધા કર્યા, પણ એકેમાં ફાવટ આવી નહીં. ચાર ધંધા કર્યા, જેમાં ચોથામાં તો લાખ રૂપિયાની ખોટ ગઈ. હું તો ખલાસ થઈ ગયો.' તેમણે ડૂસકાં લેતાં પોતાની વાત ચાલુ રાખી, 'બાપાને પૂછ્યું કે શું કરવું ?' ત્યારે આટલી ખોટ આવે છે તે જાણવા છતાં યોગીબાપાએ કહ્યું, 'ધંધો ચાલુ રાખો.' સભા સ્તબ્ધ બની સાંભળી રહી હતી. સ્વામીશ્રી નીચું મસ્તક રાખી માળા ફેરવી રહ્યા હતા. સભાજનો તો આ સાંભળી ડઘાઈ જ ગયા કે શેઠે જાહેરમાં આ બધાં

રોદણાં કેમ શરૂ કર્યાં ? શેઠે બોલવાનું બંધ કર્યું તો યોગીબાપા કહે, 'હજી બોલો !' ત્યારે તો સૌને ભારે આશ્ચર્ય થયું કે શેઠે જાહેરમાં આવી વાત કરી એટલે ઘણાને અસમાસ થશે. શેઠ બોલતાં જાય ને રડતાં જાય. માણેકલાલ શેઠે આગળ વાત કરતાં કહ્યું, 'આપણે કરોડ જન્મથી ભટકીએ છીએ, પણ આવા પુરુષ મળ્યા નથી. ભલે હું ખલાસ થઈ ગયો, પણ મને કરોડ રૂપિયા મળે ને ન થાય એવો નિશ્ચય થઈ ગયો. સ્વામીબાપા ગમે તે કરે, પણ એ જ આપણા હિતેચ્છુ છે. તે જીવનું સારું જ કરે છે. તેથી મારું સારું જ થયું છે. કેમ કે, પૈસા કમાયો હોત તો હું અને મારા બાળકો અવળા પાટે ચડી જાત ને સત્સંગ છૂટી ગયો હોત ! માટે તેમણે જે કર્યું છે તે સારું જ કર્યું છે.' આમ કહેતાં તેઓ શાંત થઈ ગયા.

❋ આમ, ભગવાન આપણને જે પરિસ્થિતિમાં રાખે તે પરિસ્થિતિ ઉત્તમ માની, તેમાં જ આપણું સારું છે, આપણું કલ્યાણ છે અને આપણું સુખ છે, આવી સમજણ રાખી સુખિયા રહી શકીએ એ જ પ્રાર્થના....

❀ ❀ ❀

સ્વામીની વાત : ૧ - (પ્રકરણ : ૧/૨૫)

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરીજે...

જેટલું કાંઈ માયામય સુખ છે તે સર્વે દુઃખ વિનાનું હોય નહિ. એ વાત પણ જાણી રાખવી.

સ્વામીની વાતનું નિરૂપણ

ગુ.સ્વાની વાતો બ્રહ્મસૂત્ર જેવી છે. જીવન-જીવવાની-સુખી રહેવાની ચાવી એમાં હોય છે. ૭ માળની હવેલી હોય, તેમાં દરવાજો ૭ માળ જેટલો ઉંચો ન હોય. એ દરવાજાનું તાળું દરવાજા જેવું ન હોય ને તાળાની ચાવી પણ તાળાની જેવડી ન હોય. તેમ સુખ ક્યાં છે એ વાત સ્વામીએ માત્ર બે લીટીની આ વાતમાં સમજાવી દીધું છે.

સુખી થવા માટેની મનુષ્યમાત્રની ઝંખના છે.

- સવારથી મોડી રાત સુધીની તમામ પ્રવૃત્તિનું મૂળ પ્રેરકબળ સુખ માટેની ઝંખના છે.
- પરંતુ સુખ માટેના એના પ્રયત્નો અવળી દિશાના છે.

એને જોઈએ તેલ અને પીલે છે રેતી.
એને જોઈએ છે માખણ ને વલોવે છે પાણી
આખી જીંદગી આની પાછળ પુરુષાર્થ કરે પણ કાર્ય સરે ?

- એક ડોશીમાંની વીંટી ખોવાઈ. ઘર બહાર વીજળીના થાંભલામાં અજવાળામાં શોધે. બહુ મહેનત કરી પણ ન મળી. કોકે પૂછ્યું 'ખોવાઈ ક્યાં ?' તો કહે, 'પેલા ઘરના ઓરડામાં' 'તો અહીં કેમ શોધો છો ?' 'ત્યાં અંધારુ છે ને અહીં અજવાળુ છે એટલે.'

એમ આપણે પણ સુખ મેળવવા માયાના ચળકાટમાં ફાંફા મારીએ છીએ પણ અંતે એમાં દુઃખ જ મળે છે.

- રશિયન વાર્તા. એક ખેડૂતને જમીનની ખૂબ લાલચ. રાજાએ તેને કહ્યું, 'સવાર ૬ વાગ્યાથી સાંજના ૬ સુધી તુ દોડવાનું શરૂ કર. એમાં જેટલા ઘેરાવામાં તું ફરે એટલી જમીન તારી. તુ જ્યાંથી દોડવાનું શરૂ કરે ત્યાં પાછા આવી જવાનું.'સવારથી તેણે દોડવાનું શરૂ કર્યું. તેને લોભમાં ને લોભમાં એટલી દોટ મૂકી કે સાંજે ૬ વાગે પાછો ફરતા મૂળ જગાથી માત્ર ૧ હાથ છેટે રહી ગયો ને જમીન પર ફસકી પડ્યો. આખા દિવસ દરમ્યાન એટલો થાકી ગયેલો, ત્રાસી ગયેલો કે જેવો પડ્યો કે તરત જ મૃત્યુ પામ્યો.

જીવપ્રાણીમાત્ર પણ સુખ મેળવવા માયા પાછળ આવી જ દોટ મૂકે છે ને અંતે મૃત્યુ પામે છે.

● માયિક પદાર્થમાં કોઈને સુખ મળ્યુ નથી.

- ચિત્રકેતુ રાજાને કરોડ સ્ત્રી હતી. છતાં પુત્ર નહોતો તે પુત્રેચ્છાથી નવી રાણી પરણ્યા. તેનાથી તેને પુત્ર થયો. રાજા ખુશ થયો. પણ બાકીની કરોડ રાણીઓને વિચાર આવ્યો કે હવે આપણે અણમાનિતી થઈ જઈશું. તેથી પુત્રને ઝેર દઈને મારી નાંખ્યો. ચિત્રકેતુ રાજા પુનઃદુઃખી થયો ને તેણે ગૃહત્યાગ કર્યો સ્ત્રીમાં પણ સુખ નથી.

ભર્તુહરિ રાજાએ પણ સ્ત્રીનો ત્યાગ કર્યો.

- ધનમાં પણ સુખ નથી - નંદરાજાએ આખી પૃથ્વીનું ધન ભેગુ કરેલું, પણ આખરે એમાંથી એને દુઃખ થયું.
- રાવણ અને દુર્યોધન - સત્તા પાછળ દોડ્યા પણ સુખી ન થયા.
- માઈકલ એન્જેલો - તેની ખ્યાતિ આખા વિશ્વમાં. પોતે શિલ્પકાર, સંગીતકાર, ચિત્રકાર, સાહિત્યકાર. છેલ્લા પાંચસો વર્ષમાં એના જેવો વિરલો પાક્યો નથી. આટલી ખ્યાતિ છતાં ૯૦ વર્ષે અંતિમ પથારીમાં બોલ્યા, 'મને પારાવાર પસ્તાવો થાય છે કે મેં મારા આત્માના કલ્યાણ માટે કઈ કર્યું નથી.'
- ગુલાબનું ફૂલ તોડવા જાવ તો તરત ભેગો કાંટો હોય જ છે. જે લોહી કાઢે. એમ માયામાં સુખ છે તે દુઃખ મિશ્રિત જ છે.
- ગુ.સ્વા. 'ઝેરના લાડવા ખાતા સારા લાગે, પણ પાછળથી ગળુ ઝાલે. એવું વિષયસુખ છે. સેકેરીન ખાંડ કરતા અનેકગણું ગળ્યું લાગે. પણ પાછળથી કડવું લાગે.
- સૂરપુર, નરપુર, નાગપુર એ તીન મેં સુખ નાહિ...
- ગ.અં. ૨૭ : માયિક સુખ અપાર દુઃખનું કારણ છે.
- શેરડી જ્યારે પાકે ત્યારે એમાં ઈયળ કાણું પાડીને પેસે. અંદર મીઠા રસની મજા માણે ને પોતા જેવું કોઈ સુખી નથી એવું થયા કરે. પણ પછી એની શું દશા છે એ વિચારો. શેરડી પીલાવા માટે જ સર્જાઈ છે. ચીચોડામાં જ્યારે એનો રસ નીકળશે એ ભેગી ઈયળનો પણ રસ નીકળશે.

એવું માયામય સુખમાં છે. સારાં સારા ભોજન, વસ્ત્ર, સારુરૂપ કે સારો શબ્દ એમાં મજા આવે. TV જોવામાં મજા આવે, વ્યસન કરવામાં પણ મજા આવે તેની પાછળ દુઃખ રહેલું છે.

- સીગારેટ કે કેફી દ્રવ્યોનું સેવન કરે ત્યારે તેનો નશો ચઢે. તેમાં મજા આવે જ. ડ્રગ્સ લે તેને તો આખી દુનિયાનો રાજા એ પોતે જ છે, વાદળા પર પોતે ચાલે છે એવું સુખ વર્ત્યા કરે. પણ જ્યાં નશો ઉતર્યો ત્યાં ઢીલાઢફ.

તેની આડઅસરમાં હૃદયરોગ, ગેંગરીન કે કેન્સર થાય એટલે આખુ જીવન દુઃખી દુઃખી થઈ જાય.

- ગુ.સ્વા. 'જો વિષયમાં સુખ હોય તો મહારાજ આપણને બંધી શા સારુ કરે ?'
- ચાર ભાઈઓએ તપ કરેલું. તેથી ભગવાન પ્રસન્ન થયા. વરદાન માગવા કહ્યું, તો કહે 'અમને ધન મળો.' ભગવાન કહે, 'તમને ધનમાંથી દુઃખ આવશે માટે કાંઈક બીજુ માગો.' તો કહે, 'આખી દુનિયાનું દુઃખ અમને આપો, પણ ધન મળો.' પછી સવામણ સોનાનો પથરો આવીને પડ્યો. ચારે જણા રાજી. 'પહેલા જમી લઈએ પછી શાંતિથી વહેંચીયે.' એવો વિચાર આવતા ૨ જણાને ગામમાં લાડવા લેવા મોકલ્યા ને બે જણ નહાવા ગયા. નહાવા ગયેલાને વિચાર આવ્યો કે જો પેલાને મારી નાંખીએ તો આપણે બમણું સોનું આવે. પેલા બે નેય એવો વિચાર આવ્યો એટલે બે જાતના લાડવા બનાવ્યા. ઘણું ઘી નંખાવીને ઝેરવાળા ને સાદા ઝેર વગરના. લાડુ લઈને આવ્યા પેલા બે કહે તમે નાહી આવો. વાવમાં નહાવા ગયા તો ઉપરથી પથરા મારીને મારી નાંખ્યા. પછી જમવા બેઠા. એમાં ઝાઝા ઘીવાળા લાડુ જોઈને લલચાયા. ખાધા. મર્યા. સોનુ તો પડ્યુ રહ્યું. ને ચારે જણ મર્યા.
- ભગતજી મહારાજને સેવાથી પ્રસન્ન થઈ ગુણાતીતાનંદ સ્વામીએ એમને આજ્ઞા કરી કે જા તું ઘેર જા.' તને રૂ. ૬૦,૦૦૦ મળશે. ને

પરણજે. હું તને ધામમાં લઈ જઈશ.'

ત્યારે ભગતજી મહારાજ કહે, '૧૩ વર્ષ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કર્યો ને ૯ વર્ષથી આપની સાથે છું. ધન અને સ્ત્રીમાં સુખ છે એવી કોઈ મોટાએ કલમ મૂકી નથી.' તો તેમાં ન લલચાયા.

- બકરીના ગળાનું આંચળ દોવો તો કેટલું દૂધ નીકળે ! એમ માયામાં સુખ છે તે એવું છે.
- પડછાયો હોય તેને ક્યારેય પકડી ન શકાય, તેમ વિષયોનો પણ અંત આવે એવો નથી.
- વિષયો તો ટાઢી અગ્નિ જેવા છે. ઠરેલા અગ્નિ પર રાખ વળી જાય. એટલે દેખાય ઠંડો તેને પકડવા જાય. પછી તરત દાઝે. એવું માયાના સુખનું છે.
- ગુણાતીતાનંદ સ્વામી કહે છે આ વાત જાણી રાખવી.
- જાણી રાખવી એટલે સમજીને તેનાથી સાવધાન રહેવું.' સાપ કરડે તો મરી જવાય' આ આપણે જાણી રાખ્યું છે. તો સ્વપ્નમાં પણ સાપ નીકળે તો દોટ મૂકાય. ભલે સાપ આપણને કરડવાનો નથી, તેમ આ વાતની દૃઢતા થાય તો લલચાવાય નહી.

૫. સ્વામીની વાત - ૧/૨૬ (સુખ)

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે :

વિષયનું જે સુખ છે તે કરતાં આત્માનું સુખ બહુ અધિક છે ને તે કરતાં ભગવાનનું સુખ એ તો ચિંતામણિ છે.

❊ ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતમાં સુખનો સાચો માર્ગ બતાવ્યો છે. ગુણાતીતાનંદ સ્વામીએ ત્રણ સુખ બતાવ્યા છે. (૧) વિષયનું સુખ (૨) આત્માનું સુખ (૩) ભગવાનનું સુખ.

આ ત્રણેય સુખ એકબીજાથી કઈ રીતે અધિક છે, તે જોવા પ્રયત્ન કરીશું.

૧) વિષયનું સુખ :

❊ આપણને મનમાં થાય કે 'આપણાં શાસ્ત્રો કહે છે કે વિષયમાં સુખ નથી.' પણ એવો અનુભવ થતો નથી. કારણ કે આઈસક્રીમ ખાઈએ ત્યારે ગળ્યો લાગે અને આનંદ પણ આવે છે. સારાં સારાં કપડાં પહેરી, ઘરેણાં પહેરી, ગાડીમાં બેસી પાર્ટીમાં નાચવા જાય ત્યારે

આનંદ અને સુખનો અનુભવ તો થાય છે.

❋ આપણા મનમાં આવા અનેક પ્રશ્નો ઘોળાયા કરે, પણ આપણી દૃષ્ટિ જુદી છે અને મોટા પુરુષની દૃષ્ટિ જુદી છે.

❋ જેમ કોઈ બીમાર વ્યક્તિને જોઈને આપણે કહીએ કે 'આ ભાઈને તાવ આવ્યો છે.' પણ આ નિદાનને કેટલા વ્યક્તિ પ્રમાણિત ગણે ? પરંતુ જો કોઈ અનુભવી ડૉક્ટર કહે કે 'ભાઈ, આને સામાન્ય તાવ નથી, મેલેરિયા થયો છે.' આવા નિદાનને બધા જ માને. કારણ કે એ ડૉક્ટર છે, અનુભવી છે. એમ, વિષયના સુખની બાબતમાં અનુભવી પુરુષને પૂછવું પડે.

❋ તો એવા અનુભવી પુરુષ ગુણાતીતાનંદ સ્વામી આપણને કહે છે કે 'જીવે વિષયનું સુખ માન્યું છે, એ તો દુઃખરૂપ છે ને વિષયમાં સુખ છે એવી તો કોઈ મોટાએ કલમ મૂકી જ નથી.' **(સ્વામીની વાત : ૨/૬)**

❋ સામાન્ય ગરીબ હબસી પરિવારમાં જન્મેલો, પણ નાની ઉંમરે વિશ્વનો શ્રેષ્ઠ પોપ સિંગર બની ગયેલો માઈકલ જેક્સન ૫૫૦ કરોડ ડોલરની મિલકતનો માલિક હતો. તેને ઢગલાબંધ ઍવોર્ડ મળ્યા હતા.

તે આટલી સમૃદ્ધિમાં આળોટતો હોવા છતાં તેને સુખ નહોતું. એણે પોતાની આત્મકથામાં લખ્યું કે - 'હકીકતે હું આ દુનિયામાં સૌથી એકલો-અટૂલો માણસ છું. હું ઘણી વાર રડી પડું છું. કારણ કે તે એકલતા મને પીડે છે. સાચું કહું તો મારું અસ્તિત્વ જ મને પીડે છે. હું સતત દુઃખમાં જીવું છું.'

❋ જો વિષયમાં સુખ હોત તો આવા ઉદ્‌ગારો ન નીકળત !

❋ એટલા માટે મહાભારતમાં કહેવાયું છે...

ઈષુપ્રપાતમાત્રં હિ સ્પર્શયોગે રતિઃ સ્મૃતા ।
રસને દર્શને ઘ્રાણે શ્રવણે ચ વિશામ્યતે ॥

જેટલા સમયની વચ્ચે ધનુષ્યથી છૂટેલું બાણ પૃથ્વી પર પડે છે, તેટલા જ સમય પૂરતું જ જોવું, ચાખવું, સૂંઘવું, સાંભળવું અને સ્પર્શવું સુખકારક લાગે છે. અર્થાત્ વિષયોનું સુખ ક્ષણિક છે.

૨) આત્માનું સુખ અધિક છે :

❋ આત્માનું સુખ, એટલે કે હું આત્મા છું, દેહ નથી. એવી સમજણથી મળતું સુખ વિષયના સુખથી અધિક છે. એટલા માટે શ્રીજીમહારાજે ગઢડા પ્રથમ-૧ થી લઈને ગઢડા અંત્ય-૩૯ સુધી વારંવાર એક વાત દૃઢાવી છે કે 'પોતાને આત્મારૂપ માનવું, એનો વેગ લગાડી દેવો.'

❋ પોતાને આત્મારૂપ માને તેમાં સુખ કયું છે ?

❋ તો, નિષ્કુળાનંદ સ્વામી ભક્તચિંતામણિ ગ્રંથમાં જણાવે છે :

જ્યારે મનાય આતમા આપ,ત્યારે જાય સર્વે સંતાપ,
આત્મરૂપ મનાય આપણું, ત્યારે નર પામે નિસ્નેહીપણું.

❋ પોતાને આત્મારૂપ મનાય તો સર્વે સંતાપ ટળી જાય. કારણે કે જે દુઃખ અને સંતાપ છે, તે પોતાને દેહરૂપ માનવાથી છે.

❋ સન ૧૯૯૧માં ઇરાકના યુદ્ધમાં જોન પીટર્સન નામના એક પાઇલટનું પ્લેન ક્રેશ થયું. તેને ઈરાકમાં કેદ કરવામાં આવ્યો. તેની પાસેથી લશ્કરી માહિતી કઢાવવા ખૂબ જ ટોર્ચરીંગ કરવામાં આવ્યું. ભલભલા સહી ન શકે તેવી પીડા તેને આપવામાં આવતી. તે બેભાન થઈ જતો તો તેને ઇલેક્ટ્રિક શોક આપી જગાડવામાં આવતો, પણ તે પાઇલટે બધું જ સહન કર્યું. વર્ષો પછી જેલમાંથી છૂટ્યા પછી તેણે 'ટોર્નેડો ડાઉન' નામે પુસ્તક લખ્યું. તેમાં તેણે લખેલું : 'જ્યારે મને ટોર્ચર કરવામાં આવતો ત્યારે હું વિચાર કરતો કે આ લોકો મારા શરીરને મારે છે. હું તો શરીરથી જુદો છું. આવા વિચારથી મારી પીડા ઓછી થતી.'

આત્મવિચારથી આટલું કષ્ટ સહન કરી શકાયું તો દૈનિક જીવનમાં શરીરને પડતી નાની-મોટી તકલીફો કે સામાન્ય અગવડોમાં આત્માનો વિચાર કરવામાં આવે તો દુઃખ ન લાગે!

❋ વૃદ્ધાવસ્થામાં યોગીજી મહારાજને કમરના વાના દુઃખાવામાં રાહત માટે દરરોજ દવા ચોપડવાની સેવા કેશુભાઈ કરતા. એક દિવસ રાજુલાના ગોવિંદભાઈએ

એ સેવા માંગી. યોગીબાપાએ હા પાડી. ગોવિંદભાઈએ ૧૦-૧૫ મિનિટ દવા ચોપડી પછી તેમનું ધ્યાન ગયું કે યોગીબાપાને કમરે ચામડી પર લોહીના ટશિયાં ફૂટી નીકળ્યા છે. વાત એમ હતી કે કડિયા કામ કરનાર ગોવિંદભાઈના હાથની ચામડી બરછટ હતી. તેને કારણે યોગીજી મહારાજની ચામડી છોલાઈ ગઈ હતી અને લોહી નીકળતું હતું. એમાં વાની દવા ચોપડાતી હતી. ગોવિંદભાઈ તરત ગળગળા થઈ કહે, 'બાપા, મારા હાથ બરછટ હોવાથી સેવા કરતાં આ અસેવા થઈ ગઈ. આપને ઘણી બળતરા થતી હશે !' યોગીબાપા પ્રેમથી કહે, 'આત્માને ક્યાં દુઃખ છે ? દેહને છે તે દેહ ભેળું જશે. માટે તમે ઓછું ન લાવતા.'

❋ બીજાની ભૂલને લીધે પોતાને તકલીફ પડે ત્યારે ઘણું જ દુઃખ થાય છે. આત્મવિચારથી આવી પરિસ્થિતિમાં દુઃખમુક્ત રહી શકાય છે.

❋ તા.૨૯/૧૧/૨૦૧૩ના રોજ સવારે સારંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજ વ્હીલચેરમાં વિરાજીને ઠાકોરજીનાં દર્શને જતા હતા. ઉતારાની બહારના રેમ્પમાં ઢોળાવ પૂરો થાય ત્યાં પ્લાસ્ટર નવું કરવાથી સહેજ ઊંચું હતું, જેનો ખ્યાલ વ્હીલચેર ચલાવનાર સંતને નહોતો અને એ જગ્યાએ વ્હીલચેરને આંચકો લાગ્યો. સ્વામીશ્રી વ્હીલચેરમાંથી સરકીને નીચે પડ્યા. ખોળામાં ઓશીકું હતું, તેથી છાતીનો ભાગ તેને ટેકે રહ્યો, પણ મુખારવિંદ જમીન પર આવ્યું. સ્વામીશ્રીએ બંને હાથે જમીન પર ટેકો લઈ લીધો હતો. સૌ ચિંતામાં પડ્યા. તત્કાલ સ્વામીશ્રીને પાછા ઉતારે લઈ જઈ ચેકઅપ કરવામાં આવ્યું. ૯૩ વર્ષની વયે આવું થાય તો હાડકાં તૂટવાનું કે સ્નાયુ ખેંચાવાનું જોખમ. તેથી યોગીચરણ સ્વામી તપાસતાં જાય અને પૂછતાં જાય, 'બાપા, અહીં દુઃખે છે ?' સ્વામીશ્રી કંઈ જવાબ ન આપે. તેઓએ પૂછ્યું, 'બાપા! આપને ક્યાંય પણ દુઃખતું હોય તો કહો, જેથી અમને ઉપચારની ખબર પડે.' સ્વામીશ્રી હસતાં હસતાં કહે, 'દેહ છે તે દુઃખે ! આત્માને દુઃખ શાનું ?'

આખો દિવસ સ્વામીશ્રીએ સવારની ઘટનાનો ઉલ્લેખ જ કર્યો નહીં. કોઈને સૂચના કે ઠપકો પણ ન આપ્યો. ઊલટું સૌને દુઃખ હતું, તે ગમ્મત કરાવી અને પ્રસાદ આપી હળવું કરી દીધું.

❋ ૧૯૯૫માં પ્રમુખસ્વામી મહારાજના આફ્રિકાના પ્રવાસ દરમ્યાન હર્ષદભાઈ રાણાએ પ્રશ્ન પૂછ્યો હતો, 'બાપા ! એવું કોઈ ઈરેઝર (રબર) છે, જે ફેરવવાથી સુખ-દુઃખ, માન-અપમાન બધું ભૂંસાઈ જાય ?' સ્વામીશ્રી તરત બોલ્યા, 'એવું રબર તો આપેલું જ છે, પણ કોઈ વાપરતું નથી. મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે તે નિજાત્માનં બ્રહ્મરૂપં. (પોતાના આત્માને બ્રહ્મરૂપ માનવું)'

❋ સ્વામીશ્રી કેવળ બોલતા નથી, પરંતુ એમના જીવનમાં આ સિદ્ધાંત દૃઢ છે. તેથી તેઓને ગમે તેવી દુઃખમય પરિસ્થિતિમાં પણ અખંડ સુખ-આનંદ અનુભવાય છે.

❋ ૨૫ જાન્યુઆરી, ૧૯૭૪નો દિવસ - વહેલી સવારે પ્રમુખસ્વામી મહારાજની પ્રથમ વિદેશયાત્રા પ્રારંભાતી હતી. બરાબર ૧૦.૧૫ વાગ્યે ઍરઇન્ડિયાનું 'ગૌરીશંકર' મહાકાય વિમાન ઊપડ્યું ને જોતજોતાંમાં અંતરીક્ષમાં અદૃશ્ય થયું. નૈરોબી ઊતર્યું- આફ્રિકાના ભક્તો ઍરપોર્ટ પર ફૂલહાર લઈને આવ્યા હતા, પરંતુ જાહેરાત થઈ, 'પ્રમુખ સ્વામીએ ભારત પાછા જવાનું છે.' આ સાંભળી સ્વામીશ્રીના અંતરમાં લેશમાત્ર ઝાંખપ આવી નહીં. ફક્ત એટલું જ બોલ્યા, 'ભગવાનની જેવી મરજી.' પણ સ્વામીશ્રીને મૂકીને બીજા કેવી રીતે ઊતરી શકે?! થોડી વારમાં બીજી જાહેરાત થઈ : 'પ્રમુખ સ્વામી એન્ડ પાર્ટી બધાએ આ જ વિમાનમાં પરત જવાનું છે.' સ્વામીશ્રીએ હસતાં હસતાં કહ્યું, 'મહારાજની ઇચ્છા એવી જ છે.' બધા સંતો સ્તબ્ધ થઈ ગયા. સૌ હતાશ ચહેરે સૂનમૂન બેસી ગયા. ફક્ત સ્વામીશ્રી સ્થિર હતા. પ્લેનમાં કોઠારી સ્વામી (ભક્તિપ્રિય

સ્વામી) જે વિચરણનો અહેવાલ લખતા હતા, તેમણે ડાયરી સ્વામીશ્રીને આપી. સ્વામીશ્રીએ તેમાં લખ્યું : 'પોતાને આત્મારૂપ માને, અક્ષરરૂપ માને તેને માન શું ને અપમાન શું ? મહારાજની ઇચ્છા હોય તેમ થાય. કોઈ પ્રકારનું દુઃખ માનવું નહીં.' બીજે દિવસે સવારે કથામાં વચનામૃત ગઢડા પ્રથમ-૭૪નું નિરૂપણ કરીને સૌને સમજણની દૃઢતા કરાવી. સ્વામીશ્રીએ રયા ગઢવીનું દૃષ્ટાંત આપી વાતાવરણ હળવું કરી દીધું. આમ, સ્વામીશ્રી સ્થિર હતા.

❋ આમ, આત્માનું સુખ અધિક છે, પરંતુ ગુણાતીતાનંદ સ્વામી આપણને અધ્યાત્મમાર્ગમાં એથીય ઊંચું સોપાન બતાવે છે.

૩) આત્માના સુખથી ભગવાનનું સુખ અધિક છે :

❋ કારણ કે શ્રીજીમહારાજ ગઢડા પ્રથમ-૬૧માં કહે છે : 'ટાઢ, તડકો, ભૂખ, તરસ, માન, અપમાન, સુખ, દુઃખ તે રૂપી નદી તેને તો આત્મનિષ્ઠાવાળો હોય તે તરી જાય, પણ મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે. માટે ત્યાં તો આત્મનિષ્ઠાવાળો હોય તથા વગર આત્મનિષ્ઠાવાળો હોય એ બેયને ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે.'

❋ સ્વરૂપાનંદ સ્વામી આત્માને દેખતા હતા, એટલે તેઓ આત્મભાવમાં જ રહેતા હતા, પણ જ્યારે આખા શરીરે બળતરા થવા માંડી ત્યારે મહારાજે ચંદન ઘસીને ચોપડાવ્યું, ટાઢું પાણી છંટાવ્યું ને પવન નખાવ્યો, પણ શાંતિ થઈ નહીં. એટલે મહારાજે કહ્યું, 'સ્વરૂપાનંદ સ્વામી ! તમે તો આત્માને દેખો છો, તે આત્મામાં જતા રહો.' પછી સ્વરૂપાનંદ સ્વામી બોલ્યા, 'તુમ આડા ખડા હો તે કહાં જાવે ?' પછી બહુ બળતરા થઈ ને મૂંઝાણા ત્યારે મહારાજે કહ્યું, 'બાહ્યદૃષ્ટિએ કરીને પ્રગટ ભગવાન અને પ્રગટ સંત, તેના સંબંધને પામેલા જે ઓરડા, ઓસરી, નળિયા ને લીંબડો એનું ધ્યાન કરો, તો શાંતિ થશે.' એટલે કે પ્રગટ ભગવાનનાં ચરિત્રોની સ્મૃતિ કરો તો શાંતિ થશે. પછી જ્યારે એમ કર્યું ત્યારે શાંતિ થઈ.

❋ ગુણાતીતાનંદ સ્વામીએ આ પ્રસંગ કહી સિદ્ધાંત સમજાવ્યો છે કે 'મહારાજે એમ જણાવ્યું જે, પ્રત્યક્ષ ભગવાનને પ્રતાપે કરીને આત્મદર્શન થાય છે, પણ જો પ્રત્યક્ષ ભગવાન કરતાં આત્મામાં અધિકપણું માની લે તો ઉપાસનાનો ભંગ થયો કહેવાય.'

❋ વચનામૃત ગઢડા મધ્ય-૫૬માં પણ કહ્યું છે કે : 'સર્વે સદ્ગ્રંથોનું પણ એ જ રહસ્ય છે, જે ભગવાન છે, એ જ પરમ સુખદાયક છે ને પરમસાર વસ્તુ છે.'

❋ આ અનુભવની વાત છે. બુદ્ધિ કે તર્કથી પરની વસ્તુ છે. જો આપણે ભગવાનના સુખની વાત બુદ્ધિ કે તર્કથી સમજવા બેસીએ તો ન પણ સમજાય.

❋ કારણ કે ઉપનિષદ કહે છે :

યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સહ ।

જ્યાં મન અને વાણી પહોંચી શકતા નથી, એવું ભગવાનનું સ્વરૂપ છે. અરે ! ભગવાનના સ્વરૂપની વાત તો જવા દો, પણ આપણી બુદ્ધિ એટલી ટૂંકી છે કે આ લોકના જ્ઞાનને પણ પૂરેપુરું પામી શકતા નથી.

❋ ડૉ. બી.આર. દેસાઈ મુંબઈમાં ઈ.એન.ટી. સ્પેશ્યાલિસ્ટ છે. ૩૦ વર્ષથી કાનમાં જ ઊંડા ઊતર્યા છે અને તેમાંય ખાસ બહેરાશ ઉપર જ. કાનમાંથી પરું નીકળે, પડઘા પડે એ ઉપર પણ નહીં, પુસ્તકો વાંચે તો બહેરાશના જ વાંચે. તેઓ કહે છે કે 'બીજા પુસ્તકોની મારે જરૂર નથી.' એ જ લાઇનના ડૉક્ટરોને જ મળવાનું. ક્યારેક હાર્ટ સર્જનોની મીટિંગ હોય, તેનું આમંત્રણ હોય તો શુભકામના પાઠવી દે, પણ એ માટે સમય ન આપે. તેઓ કહી દે : 'This is not my subject.' (આ મારો વિષય નથી) આટલા અભ્યાસી, અનુભવી અને પોતાના જ ક્ષેત્રમાં ઊંડા ઊતરેલા હોવા છતાં તેઓ કહે છે કે 'હું હજી કાનની રચનાનો પાર પામી શક્યો નથી.'

❋ જો લૌકિક જ્ઞાનમાં આપણી બુદ્ધિ પહોંચી શકતી ન હોય તો ભગવાનના જ્ઞાનમાં ક્યાંથી પહોંચી શકે ?

● **ભગવાનના સુખનું અધિકપણું કેવી રીતે સમજાય ?**

❈ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા અંત્ય-૨૭માં કહે છે કે : 'પંચવર્તમાને યુક્ત એવા સંતને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય, એવા સંતના વચનમાં વિશ્વાસ રાખીને ભગાવનના સ્વરૂપનો નિશ્ચય કરવો.' તો એવા અનુભવી પુરુષ પ્રમુખસ્વામી મહારાજ આપણને મળ્યા છે. તેઓ કહે છે, 'ભગવાન સિવાય બીજે ક્યાંય સુખ નથી.'

❈ સ્વામીશ્રી ભગવાનના સુખનો અનુભવ કરે છે. તેમનું જીવન જોઈને આપણને પ્રતીતિ થાય કે ભગવાનનું સુખ સૌથી અધિક છે.

❈ પ્રમુખસ્વામી મહારાજ એલ.એ.(યુ.એસ.એ.)માં હતા. એક અંગ્રેજ કાર્લોસ વેગા સ્વામીને મળ્યા. તેમણે વાત કરી, 'જિંદગીમાં પહેલીવાર મને આપની પાસે આવવાથી શીતળતાનો, શાંતિનો અનુભવ થયો. મારી પાસે બંગલો છે, ગાડી છે, પૈસા છે.....' સ્વામીશ્રી વચ્ચે જ બોલ્યા, 'I have no money... I have only God.' 'અમારી પાસે પૈસા નથી... માત્ર ભગવાન છે. તેમાં બધું જ સુખ આવી ગયું.'

❈ સ્વામીશ્રી પાસે ભગવાન છે. એટલે જ ૧૯૯૩ના રોજ જાણીતા પત્રકાર હરકિશન મહેતાને પ્રમુખસ્વામી મહારાજે કહેલું કે 'અમારા માટે બધા પ્રસંગો આનંદના જ છે. કાયમ આનંદ, આનંદ અને આનંદ જ છે.' આ શેનો આનંદ છે ? ભગવાનનો આનંદ.

❈ ડભોઈના ઉલ્લાસરામભાઈના પિતાશ્રી કરુણાશંકરભાઈ વડતાલ, અમદાવાદ, ધોળકા, ધોલેરા, જેતલપુર વગેરે તીર્થોમાં ફરી જૂનાગઢ આવ્યા. કરુણાશંકરભાઈને અહીં ગુણાતીતાનંદ સ્વામીના યોગમાં અંતરમાં શાંતિ થઈ. તેમણે સ્વામીને કહ્યું કે 'સ્વામી હું બધે ફરી આવ્યો, પણ બધે જ સત્સંગ ઘરડો થઈ ગયો છે. અહીં તમારા પ્રતાપે સત્સંગ લીલો પલ્લવ લાગે છે.' ત્યારે સ્વામી બોલ્યા, 'અહીં તો મહારાજ પ્રગટ બિરાજે છે. તેથી સત્સંગ લીલો પલ્લવ લાગે છે.'

❈ એમ આજે બી.એ.પી.એસ.ના દરેક સંત-હરિભક્તનાં ચહેરા અને હૃદય આનંદથી ઉછાળા મારી રહ્યાં છે. એનું કારણ છે, આજે ભગવાન સ્વામિનારાયણ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા આ સત્સંગમાં પ્રગટ છે. એટલે સ્વામીશ્રીના સાંનિધ્યમાં દરેકને ભગવાનનું સુખ અનુભવાય છે.

❈ તો આપણે પણ પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો સમાગમ કરી ભગવાનનું યથાર્થ સુખ લઈ શકીએ, એ જ મહારાજ-સ્વામીનાં ચરણોમાં પ્રાર્થના....

❀ ❀ ❀

સ્વામીની વાત : ૧. (પ્રકરણ ૧/૩૩)

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે...

આ વાતુમાંથી તો બ્રહ્મરૂપ થવાશે ને બાળ, જોબન ને વૃદ્ધ એ ત્રણ પ્રકારની સ્ત્રીયું, ને કચરો ને કંચન એ સર્વે સરખું થઈ જાશે ને કાંઈ દીઠું નહિ ગમે, એવું થાશે. ત્યારે કહેશો જે, વાતું સાંભળીએ છીએ ને કેમ થાતું નથી ?

તે તો આજ આંબો વાવે ને કાલે કેરી કેમ થાય ? પણ એ જ આંબો દસ વરસનો થાય ત્યારે એમાંથી કેરીયું થાય છે. એમ થવાનું છે.

સ્વામીની વાતનું નિરૂપણ

- પોતાની વાતોની તાકાત ગુ.સ્વા. સ્વમુખે કહે છે :
- આ વાતો ખમિયાળાના તીર જેવી છે. ખમિયાળાના તીરનું આગળનું ફળ - અણી એવી બનાવી હોય કે વાગે તે પણ મરે અને તીર પાછુ કાઢવા જાય તો આંતરડા સોતું બહાર આવે. એટલે એ રીતે ય મરે.

  એમ સ્વામીની વાતોના શબ્દો એકવાર જીવમાં પેઠા એટલે જીવમાંથી જગત ટળી જાય. ને આ શબ્દો સાંભળે એટલે એને બહારનું બીજું નાંખવા જાય તોય તેને ઉલટી થઈ આવે.
- આ વાતુ તો ફિરંગીની તોપું જેવી છે. - 'ફિરંગી એટલે પોર્ટુગીઝ. તેની તોપનો ધડાકો અને વિનાશક શક્તિ એવા પ્રબળ હતા કે જ્યાં ગોળો પડે ત્યાં બધું જ સફાચટ થઈ જાય. તેમ સ્વામીની વાતોના શબ્દોથી હૃદયમાં અજ્ઞાન, દોષો, વિષયોના મૂળિયા સાફ થઈ જાય છે.
- આ વાતુ તો અંગ્રેજના લોઢા જેવી છે - અંગ્રેજના લોઢા એટલે ઈંગ્લીશ છરી. આ છરી બ્લેડ જેવી અતિશય તીક્ષ્ણ ધારવાળી હોય. જેને અડે તેને કાપી નાંખે. તેમ સ્વામીની વાતો પણ 'અડતામાં અળગુ કરે, લેશ ન રહે સંસાર' એવી છે.

આવી વાતોમાંથી બ્રહ્મરૂપ કેવી રીતે થવાય ?

- આવી વાતો સાંભળવાથી જાણપણું આવે કે હું શું કરવા આવ્યો છું ને શું થઈ રહ્યું છે ? ધ્યેયની સ્પષ્ટતા થાય.

- ગુણાતીતાનંદ સ્વામીએ વડતાલમાં ૬ મહિનાની છાવણી કરી - સ્વામી-મહારાજના મહિમા અને વિષયખંડનની અદ્‌ભુત વાતો કરતા. આ સાંભળી ત્યાગી સંતોને ખુમારી ચડતી. પંગતમાં કોઈ લાડવા જમતા નહીં. રોજ ૨ મણ ઘી બચતું.
- વાતુમાંથી સાંખ્યની દૃઢતા થાય. જગતના નાશવંતપણાનું અનુસંધાન આવે. એટલે કે સોનું ને ધૂળ સરખું મનાય.
- સદાશિવ શેઠ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા વરતાલ ગયા. ૧૫ દિવસ રહ્યા. પછી ઘેર જવાનો વિચાર કર્યો. ગોપાળાનંદ સ્વામી કહે, 'હજી અઠવાડિયું રોકાવ.' ને પછી ગોપાળાનંદ સ્વામીએ સાંખ્યની અદ્‌ભુત વાતો કરવા માંડી. આઠ દિવસ પછી એક કાગળ ગોપાળાનંદ સ્વામીએ શેઠને આપ્યો જેમાં તેમણે બાંધેલી નવી જ હવેલી બળી ગયાના સમાચાર હતા. શેઠ કહે, 'સ્વામી અઠવાડિયા પહેલા જો આ સમાચાર તમે આપ્યા હોત તો હવેલી ભેગો હું ય બળી મરત.' કથાથી સાંખ્યજ્ઞાન થયું.
- ઉપલેટા લાલાભાઈ ગુણાતીતાનંદ સ્વામીના અનન્ય ભક્ત હતા. સ્વામીના સમાગમથી એમને એટલો સંયમ હતો કે પોતાની દીકરી ૧૬ વર્ષની થયેલી પણ તેના નાકની દાંડી સુદ્ધા જોયેલી નહીં.
- શિવલાલ શેઠને એમના સાળીએ ૬ મહિના સુધી પીરસ્યું. પણ શિવલાલ શેઠને આનો ખ્યાલ જ નહીં. આનું મૂળ સ્વામીશ્રીનો સમાગમ હતો.
- આચાર્ય રઘુવીરજી મહારાજ સાથે સંઘ કોવૈયા ગામને પાદર ગયો. ત્યાં કોક બોલ્યુ કે અહીં દરિયો નજીક જ છે. ને સંઘનું ૩૦૦ માણસ દોડ્યું. દરિયો જોવા. એમાં માવાભગત ન ગયા. ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું કે તમે ન ગયા ? તો કહે, 'એમાં શું જોવું ? ઝાઝું છે ને ખારું છે.' આવો સાંખ્ય વિચાર ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી તેમને આવેલો.
- વાતોથી પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય. પછી માન - અપમાન કે શબ્દ ન લાગે.
- યોગેશ્વરદાસ સ્વામી સદગુરુ પંક્તિના સંત હતા. જૂનાગઢ મંદિરમાં હતા. તેઓને સાંજે ન જમવું એવો નિયમ. એકવાર સંતો આગ્રહથી સાંજે જમવા બેઠા. ભંડારીને એમના પ્રત્યે દ્વેષ. એમણે જોયું. તરત પત્તર ઝૂંટવી લીધું. યોગેશ્વર સ્વામી વિના સંકોચ ઊભા થયા ને રાજી થયા, 'આપણે જમવું નહોતું એમાં ભંડારીએ મદદ કરી.
- સ્વામીની વાતોનો આવો પ્રતાપ હતો આથી જ શ્રીજીમહારાજે તમામ સત્સંગી સાધુઓને આજ્ઞા કરેલી કે બધાએ વરસમાં ૧ માસ અહીં જૂનાગઢ આવી ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવો.
- બાપુ રતનજી શ્રીજીમહારાજના અંગત પાર્ષદ હતા. તેઓ પણ જૂનાગઢ આવતા. તેમણે પણ કહેલું.
- 'જેમ મહારાજના વખતમાં કામના કે ઊંઘના સંકલ્પ થતા નહીં ને જેવો સતયુગ હતો તેવો અહીં સ્વામી પાસે અનુભવાય છે.'
- નિત્યાનંદ સ્વામી કહે : નિષ્કુળાનંદ સ્વામી શાસ્ત્રો રચીને વિષયના મૂળ કાપે છે ને ગુણાતીતાનંદ સ્વામી વાતો કરીને વિષયના મૂળિયા કાપે છે.
- સ્વામી કહે, 'આ વાતુ તો સોનાના ખોરડા બાળીને સાંભળવા જેવી છે.
- ચીર બાળીને તાપ્યા જેવો આ અવસર છે.
- કલ્પવૃક્ષ અને ચિંતામણીનો ત્યાગ કરી આ સમાગમ કરવા જેવો છે.

● આ વાતુ સાંભળીએ છીએ તો પણ બ્રહ્મરૂપ કેમ નથી થતા ?

- આપણે પણ સ્વામીની વાતો સાંભળીએ છીએ. સત્સંગસભામાં, ઘરસભામાં ને વ્યક્તિગત રીતે પણ વાંચીએ છીએ. છતાં કેમ આવી અસર થતી નથી ?
- એના ઉત્તરમાં સ્વામી સુંદર દૃષ્ટાંત આપે છે : આજે આંબો વાવે તો તેના પર કેરી આવતા પાંચ વર્ષ લાગે. તેને ગમે તેટલું પાણી પાવ કે ખાતર નાંખો પણ એમાં સમય લાગે.
- તેમ આપણે પણ સ્વામીની વાતોના શબ્દો કાને પડે છે. તેની અસર થાય છે. ધીમે ધીમે આપણે વધતા જ જઈએ છીએ.
- ગોંડલના ગરાશીયા હઠીસિંગ હતા. તેને મુક્તાનંદ સ્વામીએ વાતો કરેલી. પણ એ વખતે તેમની યુવાન અવસ્થા અને વળી રાજા હતા. તેથી બહુ ધ્યાન ન આપ્યું. પણ એ શબ્દો ૧૨ વર્ષે ઊગ્યા ને પાકા સત્સંગી બન્યા.
- આ અંગે શ્રીજી મહારાજ ગ. મ. ૧માં દૃષ્ટાંત આપે છે : કોઈ કામ ઉતાવળે થતું નથી. કૂવાના કાંઠા પર પથ્થરમાં સૂતરની નરમ દોરડીથી પાણી સીંચીએ છીએ, તો રોજ પાણી સીંચવે કરીને કાઠા પથરામાં પણ કાપો પડે, પણ લોઢાની સાંકળે કરીને એક દિવસમાં કાપો પડે નહીં.
- એમ આપણે વાતો સાંભળીએ છીએ. તો આપણામાં ફેરફાર થાય જ છે.

વાતો તરત અસર કરે તેના માટે કેવો વિચાર રાખવો જોઈએ ?

- પરીક્ષાના આગલા દિવસે શિક્ષક વિદ્યાર્થીઓને કહે કે હું જે જે પ્રશ્ન બોલું તે આવતીકાલે પ્રશ્નપત્રમાં પૂછાવવાના છે.
- નોકરને શેઠ કહે, 'હું જે આંકડો બોલું તેટલા રૂપિયા તને મળશે. આંકડો એક જ વાર બોલીશ બરાબર યાદ રાખજે.
- આ બંને કિસ્સામાં વિદ્યાર્થીઓ અને નોકર બધુ તુરત યાદ રાખે. કારણ કે મહિમા સમજાયો છે. મહિમા સમજાય તો એકાગ્રતા વધે.
- એમ આપણે જ્યારે સ્વામીની વાતો સાંભળીએ ત્યારે આ વિચાર ભળે કે આ વાતુથી મારા સ્વભાવ ટળે, મારા દોષો ટળે, મારા જન્મમરણ ટળે એવો લાભ થવાનો છે. તો શ્રવણની દૃષ્ટિ - એકાગ્રતા બદલાઈ જાય.

સ્વામીની વાત : ૨ પ્રકરણ : ૧ ◆ વાત : ૩૪

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે.....

આપણે તપાસ કરવો જે હજાર રૂપિયા મળે તેનું શું ફળ છે ? ને લાખ રૂપિયા મળે તેનું શું ફળ છે ? ને કરોડ રૂપિયા મળે તેનું શું ફળ છે ? કેમ જે રોટલાથી તો વધારે ખવાતું નથી. માટે તેનો તપાસ કરવો ને પાછા વળવા શીખવું.

❀ આ વાતની વિશેષતા :

- ❊ ભૌતિક વિચારસરણીનું ખંડન આ વાતમાં સ્વામી કરે છે.
- ❊ અંતર્દષ્ટિ કરી જીવનમાં વૃત્તિઓને પાછી વાળતાં સ્વામી આપણને શીખવે છે.

❀ જરૂરિયાતોનું જીવનમાં સ્થાન :

* જીવનમાં પ્રગતિનો આંક માણસ પાસે રહેલી ભૌતિક સંપત્તિ ઉપર મપાય છે. તે મેળવવા વધુ ને વધુ ધનપ્રાપ્તિ ઉપર દરેકની નજર રહે છે, કારણ કે અત્યારે દરેક ક્ષેત્રમાં પૈસો પ્રાણ છે.
* પણ પાયાની જરૂરિયાતો કઈ ? - રોટી, કપડાં અને મકાન.
* આ ત્રણ જરૂરિયાતો પોષાય એટલી આવક હોય તો ભગવાન ભજવાની ઇચ્છાવાળા મુમુક્ષુએ અંતરમાં તપાસ કરવો કે હજાર રૂપિયા મળે, લાખ રૂપિયા મળે કે કરોડ રૂપિયા મળે તેમાં સારામાં સારું શું ? એટલે કે વધુમાં વધુ સુખ શામાંથી આવશે ? એટલે કે વધુમાં વધુ શાંતિ - સંતોષ - આનંદ શામાંથી પ્રાપ્ત થશે ?

❀ વધુ સારા ફળની પ્રાપ્તિ :

* માટે સુખ મેળવવા માટે ભૌતિકતાને પોષવી એ સાચો માર્ગ નથી, માટે સુખી થવા માટે પ્રતિલોમવૃત્તિ કે અંતર્દષ્ટિ કરવી.
* લોભને કારણે આ થઈ શકતું નથી અને જીવન ઝંખનામાં જ પસાર થઈ જાય છે.
* જર્મન ફિલસૂફ શોપનહોવર સુખની વ્યાખ્યા નીચે મુજબ આપે છે :

  Happiness = Objects/Desires (H=O/D);
  સુખ = સાધનો/ઇચ્છાઓ
  જેટલી ઇચ્છાઓ વધે એટલું સુખ ઘટે છે અને જેટલી ઇચ્છાઓ ઘટે એટલું સુખ વધે છે. જો ઇચ્છાઓ શૂન્ય થઈ જાય તો સુખ અનંત થઈ જાય !
* ટોલ્સ્ટોયની એક વાર્તા છે : એક રાજા શહેરમાં રાતે નગરચર્યા કરવા નીકળ્યો. ફરતાં ફરતાં એક ગરીબ ખેડૂતનો ભેટો થઈ ગયો. વાતચીતમાં ખબર પડી કે એને વધુ જમીન મેળવવાની ઇચ્છા હતી. બીજે દિવસે રાજાએ પેલા ખેડૂતને કચેરીમાં બોલાવી કહ્યું : ‘સવારથી સાંજ સુધી રાજ્યની ખુલ્લી વિશાળ જમીન ઉપર દોડીને પાછો મૂળ સ્થાને તું આવીશ, તો જેટલી જમીન એના ઘેરાવામાં આવશે, એટલી તારી.’ એટલે ખેડૂત તો સવારથી ભૂખ્યો-તરસ્યો દોડવા માંડ્યો. લોભને આડે એને ખબર ન રહી કે જેટલો દૂર જઉં છું, એટલું જ પાછું પણ આવવું પડશે. સાંજે પાછા ફરવા એણે મરણિયા થઈને દોટ મૂકી, પણ થાકનો માર્યો શરૂઆતની જગાએ આવે એ પહેલાં જ મૃત્યુ પામ્યો. ત્યારે વિદ્વાનો બોલ્યા : ‘માણસને કેટલી જમીન જોઈએ ? દફનાવવામાં કામ લાગે એટલી !’
* એનાથી ઊલટું દૃષ્ટાંત : એક ગામમાં એક ખેડૂત પોતાના ખેતરે ફક્ત બપોર સુધી ખેતી કરે અને પછી આખો દિવસ આરામથી સુખ - શાંતિથી સૂઈને પસાર કરે. બાજુવાળા મિત્રે તેને સમજાવ્યો કે, ‘ભાઈ, તું થોડી ખેતી કરી, આખો દિવસ પડ્યો શું રહે છે ?’ પેલાએ પૂછ્યું : ‘વધુ મહેનત કરવાથી શું મળે ?’
  મિત્રે જવાબ આપ્યો : ‘વધુ પાક થાય.’
  ખેડૂત : ‘પછી શું થાય ?’ ‘પૈસા આવે.’
  ‘પછી શું થાય ?’ ‘ઘરબાર થાય, સાહ્યબી વધે, આબાદી વધે.’ ‘પછી શું થાય ?’
  ‘પછી શાંતિથી આરામ કરવાનો.’
  ત્યારે ખેડૂત બોલ્યો : ‘ભાઈ, આટલું બધું કર્યા પછી પણ જો શાંતિથી આરામ જ કરવાનો હોય, તો એ તો હું અત્યારે પણ કરું છું ! તો પછી નાહકની મહેનત શા માટે કરવી ?’

❀ સુખની પ્રાપ્તિના ઉપાયો :

૧. વધુ પૈસાવાળાનું દુઃખ જોવું :

* સ્વા.વાત-૧/૮૫ : નંદ રાજાએ આખી પૃથ્વીનું ધન ભેગું કર્યું ને છેલ્લી વારે તેમાંથી મોત થયું.
* વધુ પૈસાથી વધુ સામાજિક સંબંધો, વધુ સરકારી લફરાં, વધુ બાહ્યદૃષ્ટિ, વધુ મોટો વ્યવહાર, વધુ

સગવડો ભોગવવાની લાલસા, વધુ ને વધુ આ લોકની મહત્તાકાંક્ષાઓ માણસને નવરો પડવા દેતાં નથી.

૨. સાંખ્યવિચાર કરવો :

❊ સાંખ્યજ્ઞાન એટલે માયા, અને માયાના કાર્યમાંથી ઉત્પન્ન થયા જે દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવાર એ સર્વે તુચ્છ, જડ, મિથ્યા અને નાશવંત છે, એમ માનવું.

૩. ભગવાન ભજવાનું સ્પષ્ટ ધ્યેય રાખવું :

❊ ગોવિંદ સ્વામી સાધુ થવા માટે શ્રીજીમહારાજ પાસે જવા નીકળ્યા ત્યારે રસ્તે ચાલતાં એમને રાજાની એક સ્વરૂપવાન દાસી મળી. તેમનું રૂપ જોઈને એ મોહી પડી અને બોલી : 'હું અને મારું રૂપિયા દસ હજારનું સોનું-બંને તમારા !' ગોવિંદ સ્વામીએ વિચાર્યું કે, 'ભગવાન ભજવાની ઈચ્છાવાળાને સિદ્ધિઓ આડી આવે છે.' તેનાથી છૂટવા માટે તેમણે પોતાનું કપડું તેને આપીને કહ્યું : 'આને સાચવ. હું ખત્રે (શૌચ) જઈને આવું.' એમ કહીને ચાલી નીકળ્યા અને સીધા જઈને મહારાજને મળ્યા.

૪. પાછું વળવું :

❊ પાછું વળવું એટલે અંતર્દૃષ્ટિ કરવી, પ્રતિલોમ કરવું.

❊ વચ.લો.૧૦ : 'એવી રીતે જેની અલૌકિક દૃષ્ટિ થાય છે તેને પરમેશ્વર વિના સર્વ પદાર્થ તુચ્છ થઈ જાય છે.

❊ પાછા વળવું એટલે બધુ છોડી દેવું કે કાઢી નાંખવું તેમ નથી. ગૃહસ્થાશ્રમમાં રહ્યા એટલે કમાવું તો પડે જ - એ સ્વધર્મ અને ફરજ છે. પણ વધુ ને વધુ પ્રાપ્ત કરવાની લાલસા કે લોભ અંતરમાં ન હોવા જોઈએ જેથી સત્સંગ અને સેવા ગૌણ થઈ જાય.

❀ આનાથી ફાયદો શું થાય ?

૧. બીજાનું વધુ સુખ જોઈને દુઃખ ન થાય.

૨. જેટલો વ્યાપ એટલો સંતાપ એ સમજણ દૃઢ થાય.

❊ બગદાદનો બાજંદ રાજા વિશાળ લશ્કર લઈને ચડાઈ કરવા જતો હતો. ૩૦૦ ઊંટ ઉપર તો એનું રસોડું હતું ! એનું એક ઊંટ રસ્તામાં મરી ગયું અને કેડી સાંકડી હોવાથી કૂચ અટકી ગઈ. રાજા જાતે તપાસ કરવા નીકળ્યો. પેલા ઊંટને જોઈને એને અતર્દૃષ્ટિ થઈ કે, 'આપણો રૂહ (આત્મા) નીકળી જશે, ત્યારે આપણી પણ આવી જ હાલત થશે. તો પછી આ ધમપછાડા માટે ?' તેથી એ ફકીરી લઈને નીકળી ગયો. પછી તો એક દિવસ એનું રસોઈનું તુંબડું એક કૂતરું લઈને ભાગ્યું, એ જોઈને એ હસવા લાગ્યો અને કહે : 'મારું ૩૦૦ ઊંટ પર રહેતું બબરચીખાનું (રસોડું) એક કૂતરું લઈને જાય છે.' - આને કહેવાય પ્રતિલોમ.

❊ દ. આફ્રિકામાં એક ભાઈને ત્યાં પ્રમુખસ્વામી મહારાજ પધરામણીએ ગયેલા ત્યારે તે ભાઈ કહે, 'સ્વામી ! પહેલાં મહિને ૩૦૦૦ શિલિંગ કમાતો. ધંધો વધતાં ખૂબ કમાયો છું, આજે મારે ત્યાં ૩૦૦૦ના માસિક પગારદારો ઘણાં છે, પણ પહેલાં જેટલું સુખ ને શાંતિ નથી.

❊ ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય બોટાદના શિવલાલ શેઠ એ જમાનામાં નવ લાખ રૂપિયાના આસામી હતા. તેઓ નિત્યનિયમ મુજબ એક દિવસ ધ્યાનમાં બેઠા, ત્યારે એક બિલાડો આવ્યો અને મેડા ઉપર મૂકેલ ઘીથી ભરેલા માટીના ધાડવામાંથી ઘી ખાવા જતાં તે ઘાડવો ફૂટ્યો અને ઘી રેલાતું દાદર ઉપરથી છેક નીચે આવ્યું. આથી તેમના પિતાશ્રી ગુસ્સે થઈ ગયા, તો શિવલાલ કહે, 'બાપુજી ! ખાઈને ય ઢોળવાનું હતું અને આમ ઢોળાણું, બે ય એક જ છે ને !'

❊ નરસિંહ મહેતાનાં પત્ની અને પુત્ર બન્ને

ધામમાં ગયાં, પણ જો હૈયે ભગવાનનો મહિમા અને સાંખ્ય હતું, તો ગાયું કે

'ભલું થયું, ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રીગોપાળ.'

❊ આજે પણ પ્રમુખસ્વામી મહારાજનાં વચને અનેક ભક્તો પોતાનો વ્યવહાર ગૌણ કરીને અનેક પ્રકારની સેવામાં લાગી જાય છે.

❊ લંડનના ચિત્તરંજનભાઈએ પોતાની દુકાન-પૉષ્ટ ઑફિસ બીજાને ભાડે આપી દીધાં. પોતાના બંને દીકરાને બાપાના ચરણે સાધુ થવા આપી દીધા. અત્યારે તેઓ ત્યાંના વિસ્તારોમાં સત્સંગના વિકાસ માટે ફરી રહ્યા છે.

❊ આત્મા-પરમાત્માના જ્ઞાનના માર્ગે આગળ વધવા માટે આપણામાં આવી આંતરખોજ કરવાની ભાવના હોય, તો આપણે પણ દેહ, ધન, ધામ, કુટુંબ, પરિવાર, સમાજ, વ્યવહાર, સત્તા, કીર્તિ જેવી અનેક ઈતર બાહ્ય પ્રવૃત્તિઓમાંથી આપણી વૃત્તિઓ પાછી વાળી ભગવા શકીએ.

સ્વામીની વાત : ૨ પ્રકરણ : ૧ વાત : ૫૦

સ્વમિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે.....

આ સર્વે કામ મૂકીને આવીને નવરા બેસીને વાતું સાંભળીએ છીએ તે એમ સમજવું જે કરોડ કામ કરીએ છીએ. તે શું જે જમપુરી, ચોરાસી, ગર્ભવાસ એ સર્વેને માથે લીટા તાણીએ છીએ પણ નવરા બેઠા છીએ એમ ન સમજવું.

❀ સ્વામીની વાતનું નિરૂપણ :

❄ આ વાતમાં સ્વામી કથાવાર્તાનો મહિમા સમજાવે છે.

❄ માનવમાત્રને હંમેશાં લાભ સામે નજર હોય છે, કે હું જે કંઈ કામ કરું તેમાં મને લાભ કે વળતર શું છે ? કેટલું છે ? લાભ બે પ્રકારના હોય છે

૧. તાત્કાલિક લાભ : બૂટ પહેર્યા તરત ઠંડી-ગરમી લાગે નહીં. જમ્યા કે તરત જ ભૂખ મટે. પાણી પીધું ને તરત જ તરસ મટે.

૨. લાંબા સમયે મળતો લાભ : વિદ્યાર્થી ૨૦-૨૫ વર્ષની ઉંમર સુધી અભ્યાસ કરે પછી તે નોકરી-ધંધે લાગી શકે અને પૈસા કમાય.

❄ આજે આંબો વાવો, તો વર્ષો પછી જ ફળ મળે.

❄ આપણે કથાવાર્તા સાંભળીએ છીએ, ત્યારે આવો બીજા પ્રકારનો લાભ મળે છે.

❀ કથાશ્રવણનો મહિમા :

❄ સ્વામી આ જ વાતમાં કહે છે કે કથા સાંભળવામાં જ જમપુરી, લખચોરરાસી ને ગર્ભવાસને માથે લીટા તણાઈ જાય છે.

- ❋ સામાન્ય માનવીના મનમાં આ વાત જલ્દી બેસે એવી નથી, પણ સિદ્ધ પુરુષોની આ અનુભવવાણી છે તેથી આપણે સ્વીકારવી જ રહી.
- ❋ ગુણાતીતાનંદ સ્વામી અનાદિ અક્ષરબ્રહ્મ પોતે હતા. આથી એમની વાતો માયાપર કરી દે એવી હતી. પોતાની વાતોનો મહિમા ગુણાતીતાનંદ સ્વામી સ્વમુખે કહે છે :
- 'આ તે કંઈ વાતું છે ? આ તો અક્ષરધામની વાતુ છે.' (સ્વા.વા-૧/૧૨૭)
- 'જેને જીવનું રૂડું કરવું હોય તે આ સાધુની પાસે આવીને વાત સાંભળજો.' (સ્વા.વાત : ૪/૨૧)
- 'સોનાનાં ખોરડાં બાળીને આ વાતું સાંભળવી.' (સ્વા.વાત-૬/૨૪૮)
- ❋ વચ.કા.૧૨ : જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદામાં ધારે તો તેણે કરીને કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે.
- ❋ જનક રાજા રાજ્યનાં તમામ કામોને પડતાં મૂકીને નિયમિત એકાગ્રચિત્ત થઈને કથાવાર્તા સાંભળતા અને યાદ રાખતા.
- ❋ પૃથુ રાજાએ કથાવાર્તા સાંભળવા માટે ભગવાન પાસે ૧૦,૦૦૦ કાન માંગ્યા હતા.
- ❋ શ્રીજીમહારાજે તો સ્થળ-કાળ, પાત્ર-કુપાત્ર જોયા વગર સતત વાતો જ કર્યે રાખી હતી. ગુણાતીતાનંદ સ્વામીએ ૩-૩ કલાકના એક એવા આઠ પુરાણી રાખી જૂનાગઢમાં કથાવાર્તાનો અખાડો જમાવ્યો હતો.
- ❋ શાસ્ત્રીજી મહારાજે કઠણ સંજોગોમાં કે શિખરબદ્ધ મંદિરોના ચાલુ બાંધકામ વચ્ચે પણ કોઈ દિવસ કથાને ગૌણ કરી નથી.
- ❋ યોગીજી મહારાજે વર્ષો સુધી સવારે ૫ વાગે ઊઠીને યુવકો-હરિભક્તોને કથા કરી છે.
- ❋ પ્રમુખસ્વામી મહારાજ ખૂબ જ કાર્યરત અને વ્યસ્ત જીવન ગાળતા હોવા છતાં કથાવાર્તાના અતિશય આગ્રહી અને ઈશ્કી છે. કથા સાંભળતી વખતે તમામ ક્રિયાઓને ગૌણ કરી દે છે. સારંગપુરમાં એમણે પોતાની બીમારી વખતે પણ કથામાં જવાનો આગ્રહ રાખતાં કહ્યું હતું કે, 'કથામાં ન જઈએ તો આત્મા નબળો પડી જાય.'

❀ જમપુરી, ચોરાસી, ગર્ભવાસનાં દુઃખો :

- ❋ **જમપુરી :** દેહ ત્યાગ પછી જીવે પાપો કર્યાં હોય તે પ્રમાણે તેને યમલોક એટલે કે જમપુરીમાં જવું પડે છે. ત્યાં ૨૮ જાતનાં નરક છે, જેવાં કે રૌરવ, કુંભીપાક, લાલભક્ષ, સારમેયોદ, તામિસ્ર, વગેરે. એમાં જીવ અકલ્પનીય દુઃખોને ભોગવે છે.
- ❋ **ચોરાસી :** એટલે કે લખચોરાસી. જીવને ૮૪ લાખ યોનીમાં દેહ ધરવા પડે છે. પૂર્વકર્મના આધારે એને જે-તે યોનીમાં અવતાર મળે છે.
- ❋ **ગર્ભવાસ :** દરેક યોનીમાં જન્મ લેતાં પહેલાં જીવને માતાના ગર્ભમાં અમુક સમય રહેવું પડે છે. દા.ત. મનુષ્ય યોનીમાં નવ માસ ગર્ભાશયમાં ઊંધે માથે, મળમૂત્રના ખાડામાં, દુર્ગંધમાં તે રહે છે. ત્યાં નરક જેવું દુઃખ ભોગવે છે.
- ❋ જન્મ્યા પછી જીવન જીવવામાં પોતાનાં પ્રારબ્ધ, સ્વભાવ, પ્રકૃતિ, વાસના મુજબ જીવને સુખદુઃખ, માનઅપમાન, જયવિજય, સારા-નરસા પ્રસંગો ભોગવવા પડે છે.

જ્યારે આપણે સત્પુરુષની વાતો સાંભળીએ છીએ ત્યારે ઉપરની ત્રણ મહાભયંકર યાતનાઓ ઉપર લીટા વાગી જાય છે, એટલે કે જીવને તેની યાતના ભોગવવામાંથી છૂટકારો

મળી જાય છે.

❀ કથાવાર્તાથી મોક્ષ-પ્રાપ્તિ થાય છે :

અનંત જન્મોમાં અનંત કષ્ટો ભોગવી રહેલ જીવને માણસનો અવતાર જ મોક્ષની બારી સમાન છે. એ વખતે પણ કામ, લોભ, માન વગેરે સ્વભાવો-દોષો ન મૂકી શકવાને કારણે જીવને માથેથી માયાનું બંધન તૂટતું નથી. પરંતુ જો એ સાચા સંત પાસેથી કથાવાર્તા સાંભળે તો એનાં તમામ દોષોનો નાશ થઈ જાય છે, અને એની મુક્તિ થાય છે.

❀ પરિક્ષિત રાજાને સાત દિવસમાં મૃત્યુનો શાપ થયો. એણે શુકદેવજીના મુખે શ્રીમદ્ ભાગવતની કથા સાંભળી, તો એનાં વિકારો ટળી ગયાં અને એનો મોક્ષ થઈ ગયો.

❀ ભાગવતમાહાત્મ્યના પ્રકરણમાં ધુન્ધુકારીનું આખ્યાન છે. તે કામાસક્તિથી પ્રેતયોનીને પામ્યો હતો, પણ ભાગવતની કથા સાંભળવાથી તેની મુક્તિ થઈ.

❀ દક્ષ પ્રજાપતિના ૧૦,૦૦૦ પુત્રોને નારદજીએ એક જ મુહૂર્ત લગી એવી કથા સંભળાવી કે એમને તમામને સંસારમાંથી વૈરાગ્ય થઈ ગયો અને બધા જ ત્યાગી થઈ ગયા.

❀ મોક્ષ માર્ગે ઘણા આગળ વધેલ મુમુક્ષુઓને પણ ક્યારેક અહં-મમત્વરૂપ માયાનું આવરણ લાગી જાય છે, ત્યારે કથાવાર્તા વડે જ એમનું આવરણ ટળે છે અને મોક્ષમાર્ગેથી પડી જતાં બચે છે.

- પરમચૈતન્યાનંદ સ્વામીનું મહારાજને પણ માન રાખવું પડતું એવા એ સદ્ગુરુ હતા. એક વખત એમને જળઝીલણીના સમૈયામાં બોલાવવાનું ભૂલાઈ ગયું, એનો એમને અતિશય આઘાત લાગ્યો, અને ખૂબ મૂંઝાયા. એ વખતે ગોપાળાનંદ સ્વામીએ એમને કથાવાર્તાથી શાંતિ પમાડી દીધી.

- અક્ષરાનંદ સ્વામી (પૂર્વાશ્રમના રાજાભાઈ) પાસેથી વરતાલ મંદિરની મહંતાઈ છોડાવી એમને બુધેજ મૂક્યા, આથી તે અતિશય મૂંઝાયા. પછીથી ગુણાતીતાનંદ સ્વામીએ કથાવાર્તા કરીને એમની મૂંઝવણ ટાળી.

આવા સંતો-ભક્તોનાં કામ કે લોભ જેવાં બંધનો તો તૂટી ગયાં હતાં, પરંતુ દેહાભિમાન ટળ્યું ન હોવાથી અશાંતિ થઈ હતી. એના ઈલાજ તરીકે કથાવાર્તા કામ લાગી. દેહાભિમાન રહી જાત, તો કસર ટાળવા બીજા જન્મો લેવા પડત.

❀ કથાવાર્તાના અનેકવિધ લાભો :

❀ કથાવાર્તા એ કાંઈ નવરાશનો સમય પસાર કરવા માટેની પ્રવૃત્તિ નથી, એ ખૂબ મહત્ત્વની છે, કારણ કે એનાથી મોક્ષ-પ્રાપ્તિ ઉપરાંત બીજા અનેક લાભ થાય છે.

❀ ખંભાતના સદાશિવભાઈએ ખૂબ મોટો ખર્ચ કરીને હવેલી બનાવી હતી. એનું વાસ્તુ કરવા માટે ગોપાળાનંદ સ્વામીને તેડવા એ વરતાલ ગયા, ત્યારે સ્વામીએ એમને પંદર દિવસ રોકીને સાંખ્ય જ્ઞાનની ખૂબ વાતો કરી. આ બાજુ હવેલી બળી ગઈ. પણ સદાશિવભાઈને આ સમાચાર મળ્યા, ત્યારે એમને આંચકો ન લાગ્યો, અને ગોપાળાનંદ સ્વામીને એમણે કહ્યું કે, 'જો તમે મને કથાવાર્તા ન કરી હોત, તો હવેલી ભેગો હું પણ બળી જાત.'

❀ કથાવાર્તાથી આપણા દોષો ઓળખાય છે.

❀ મોટા પુરુષો ઘણીવાર કોઈને મોઢા-મોઢ એના સ્વભાવ ઉપર વાત કરતા નથી, પણ સભામાં કથા દરમ્યાન વાત કરી દે છે.

❀ શ્રીજીમહારાજ વક્તામાં પ્રવેશ કરીને એના દ્વારા આપણી કસરો ઓળખાવતા હોય છે.

❀ કથાવાર્તાથી બીજાને વિષેની ગેરસમજો દૂર થાય છે. બીજાનો મહિમા સમજાય છે.

* સંસારના દાવાનળમાં બળતાં જીવોને કથાવાર્તાથી શાંતિ મળે છે.

બળતો-જળતો આત્મા સંત-સરોવર જાય,
સત્સંગરૂપી લહેરમાં તરત ટાઢો થાય.

* આથી જ મોટા પુરુષોએ કથાવાર્તાને ખૂબ મહત્વ આપ્યું છે. જૂનાગઢના મંદિરમાં એક ભાઈ ૫૦૦ રૂપિયા મૂકીને ચાલ્યા ગયા. ગુણાતીતાનંદ સ્વામી આ જોઈને રાજી થવાને બદલે બોલ્યા કે, 'આના બદલે આ ૫૦૦ રૂપિયાનો બાજરો લઈને બેઠાં-બેઠાં ખાઈને કથા સાંભળી હોત તો કેટલો સમાસ થાત !

૧. સ્વામીની વાત : પ્રકરણ : ૧, વાત : ૫૭

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે :

આવા સાધુ ખાસડાં મારે તોપણ અક્ષરધામમાં લઈ જાય ને બીજા મશરૂના ગાદલામાં સુવાડી મૂકે તોપણ નર્કમાં નાખે એમ સમજવું.

● **મધ્યવર્તી વિચાર :**

❊ આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામી સંત તથા અસંતનો સમાગમ કરવામાં વિવેક રાખવાની તેમજ સાચા સંતનો મહિમા અને સામર્થીની સમજ આપે છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં 'આવા સાધુ' ને 'બીજા સાધુ' વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરે છે.

● **'આવા સાધુ' એટલે કોણ** ?

❊ આવા સાધુ એટલે **વચનામૃત ગઢડા પ્રથમ-૨૭** પ્રમાણે : જેના નેત્રમાં જોનારા ભગવાન છે, જેના પગમાં ચાલનારા ભગવાન છે અને સર્વ જગતના આધારરૂપ જે સંત છે એ...

❊ આવા સાધુ એટલે **વચનામૃત ગઢડા મધ્ય-૬૧** પ્રમાણે : દેશ-પરદેશમાં જાય અને ત્યાં કનક-કામિનીનો યોગ થાય તોપણ નિયમમાં ફેર પડે નહિ એવા સંત...

❊ આવા સાધુ એટલે **વચનામૃત ગઢડા અંત્ય-૨૬** પ્રમાણે : ઇંદ્રિયો-અંતઃકરણની ક્રિયાને દાબીને વર્તે, પણ એની ક્રિયાએ કરીને દબાય નહિ અને જે ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે, એવા સંત...

❊ આવા સાધુ એટલે બ્રહ્મસ્વરૂપ ગુણાતીત સંત

❊ **રામાયણ** પ્રમાણે :

નારીનયન શર જાહિ ન લાગા ।
ઘોર ક્રોધ-તમ-નિશિ જો જાગા ॥
લોભપાશ જેહી નર ન બંધાયા ।
સો નર આપ સમાન રઘુરાયા ॥

❊ **ગીતા-૧૪/૨૪ પ્રમાણે :**

સુખ-દુખને સમાન સમજે છે. માટી પથ્થર તથા સોનું જેને સમાન છે. તથા પ્રિય-અપ્રિયમાં, નિંદા-સ્તુતિમાં સમભાવે વર્તે છે.

● **'બીજા સાધુ' એટલે ?**

❊ યોગીજી મહારાજના કહ્યા પ્રમાણે : 'હાલો-પોલો' સાધુ...

❊ એટલે કે ફક્ત કપડાંથી સંત છે. આચરણથી નહિ.

❊ સ્ત્રી-ધનનો ત્યાગ રાખતા ન હોય...

❊ ફક્ત પોતાના દેહનું અને દેહાભિમાનનું પોષણ કરતા હોય અને પંચવિષયમાં આસક્ત હોય...

❊ બ્રહ્માનંદ સ્વામીના મતે :

અંગ ભસ્મ ઘસે શીર જૂટજટા
ગળે માલ તિલક તન ચટાપટા
માંહીં કામ ક્રોધ મદ મોહ ઘટા

● **સંત અને અસંતમાં તફાવત :**

❊ આ બંને પ્રકારના સંત દેખાય સરખા પણ સરખા નથી. જેમ સફેદ ગાય અને ગધેડો રંગે કરીને દેખાય સરખા, પણ સ્વભાવ અને ગુણમાં મોટો તફાવત છે.

જેમ કોયલ અને કાગડો રંગે કરીને દેખાય સરખા પણ બંનેમાં ફેર છે.

❊ ભરબીડ ગામમાં મેઘજી લુહારનો માર્ગી ગુરુ તેને ત્યાં રહે. એક દિવસ તે મેઘજીની પત્નીને લઈને ભાગી ગયો. મેઘજી તેની પાછળ શોધમાં આંબા ગામને પાદર આવ્યા. શેત્રુંજીને પાદર બંનેને દીઠા. તેણે લાકડી ઉગામી, અને પોતાના ગુરુને કહે : 'શું કરું ? આ તો ગાયે રતન ગળ્યું. બીજો હોત તો રાઈ જેટલા કટકા કરી નાખત.' ત્યાં દેવશી ભગતને જોયા અને વિગતે વાત કરી કે ૬ મહિનાથી આ ગુરુ મારી પત્નીને ભગાડી ગયો છે, તે ગાયે રતન ગળ્યું છે. ત્યાં દેવશી ભક્ત કહે : 'આ ગાય નહીં, આ તો આખલો છે. માટે દે ધડેલામાં ! નહિ તો બીજું રતન ગળશે.'

તેથી જ બ્રહ્માનંદ સ્વામી સૌને વિવેક દૃષ્ટિ

આપતાં સમજાવે છે :

જડબુદ્ધિ જીવ પ્રભુપદને ઇચ્છે તો કર સંતનું પારખું,
રંગ પીત પણે સોનું ને પિત્તળ નવ હોય એક સરખું.

❊ ગુણાતીતાનંદ સ્વામી સૂર્ય સમાન સંતનો મહિમા સમજાવે છે : 'આવા સાધુ ખાસડા મારે તોપણ અક્ષરધામમાં લઈ જાય.'

● **ખાસડા મારવા એટલે શું ?**

❊ આપણા દેહાભિમાનનું ખંડન કરવું.

❊ આપણું મનધાર્યું મુકાવવું.

❊ દુઃખ લાગે એવાં કડવાં વચન કહેવાં.

❊ નિયમ-ધર્મ પળાવવાનો આગ્રહ રાખવો, એને માટે ટોક-ટોક કરવું.

❊ રોગ આપીને કે અન્ય પ્રસંગો ઊભા કરીને પંચ વિષયમાંથી આસક્તિ તોડાવવી.

સાચા સંત આવા આવા ખાસડા મારી-મારીને જીવને શુદ્ધ કરી ભગવાનનું ધામ આપે છે.

❊ ગાનાના મગનભાઈને મોટી ઉંમરે અસહ્ય અને અસાધ્ય રોગ લાગુ પડેલો. એના લીધે ખૂબ જ શારીરિક દુઃખ અનુભવાતું. આથી રોગમાંથી મુક્ત કરી ધામમાં લઈ જવા માટે શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના કરી ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'સત્તર દિવસ પછી લઈ જઈશ.'

આ સાંભળી સૌએ વહેલી તકે દુઃખમાંથી મુક્ત કરી સુખિયા કરવા વિનંતી કરી. આ સાંભળી શાસ્ત્રીજી મહારાજ બોલ્યા : 'સત્તર જન્મ સુધી દુઃખ વેઠવું છે કે આ જન્મમાં સત્તર દિવસ સુધી દુઃખી થઈ, શુદ્ધ થઈ અક્ષરધામમાં જવું છે ?' આ સાંભળી સૌને શાસ્ત્રીજી મહારાજની સામર્થી અને દુઃખ આપી સુખી કરવાની રીત જાણી અહોભાવ થયો.

● **સંત ખાસડા શા માટે મારે ? (દુઃખ શા માટે આપે ?)**

❊ માતા પોતાના બાળકને કડવી દવા આપે છે તે દુઃખી કરવા નહીં, પણ રોગ દૂર કરી સુખી કરવા આપે છે.

તેથી જ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે :

જેમ જનનીને હૈયે હેત છે, સદા સુતને સાથ
અરોગી કરવા અર્ભકને, પાયે કડવેરા ક્વાથ
સંત વિના રે સાચી કોણ કહે.....

જેમ ડૉક્ટર દર્દીને દવા આપે અથવા ઈન્જેક્શન આપે અથવા ઑપરેશન કરે તે દર્દીને દુઃખ આપવા નહીં પણ રોગ દૂર કરી સુખી કરવા દુઃખ આપે છે. તેવી જ રીતે, સાચા સંત મુમુક્ષુનું કલ્યાણ બગડતું હોય તો દુઃખ લાગે તેવાં કઠણ વચન કહી અથવા કસોટી કરી તેનું પરમ હિત કરે છે.

❊ એટલે જ બ્રહ્માનંદ સ્વામી કહે છે :

સંત પરમ હિતકારી જગતમાંહિ, સંત પરમ હિતકારી.

❊ તેથી જ કલ્યાણની ઈચ્છાવાળા અને સમજણવાળા ભક્ત વિષે શ્રીહરિલીલામૃતમાં જણાવ્યું છે :

કરે તિરસ્કાર કદાપિ સંત, ન સંતનો ખેદ કરે ધીમંત ।
કરે સદા સંત સમીપ વાસ, કલ્યાણની જો ઉર હોય આશ ॥
(૫-૯-૨૯થી ૩૩)

● **આવી સમજણવાળા ભક્તો :**

❊ બ્રહ્માનંદ સ્વામીમાં આવી સમજણ હતી તો શ્રીજીમહારાજે વેંત કંતાન આપવાની ના પાડી છતાં મહારાજને મૂકીને ગયા નહિ.

❊ મૂળજી બ્રહ્મચારીને વગર વાંકે વિમુખ કર્યા ને ગળ્યા-ચીકણા પદાર્થ ન ખાવાનો નિયમ આપ્યો છતાં મહારાજને મૂકીને ગયા નહિ.

❊ આવી સમજણવાળા શિવલાલ શેઠ હતા. ગુણાતીતાનંદ સ્વામીએ ઘણી વાર ટોક્યા છતાં સ્વામીને મૂકીને ગયા નહિ.

શિવલાલ શેઠે ભાવનગરમાં રઘુવીરજી મહારાજને પધરાવ્યા અને ગઢડામાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા કરાવી, આ પ્રસંગ પછી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'તું એમ સમજે છે કે તેં બહું મોટું કામ કર્યું, પણ તારા જીવ સામે જોઉં છું તો અરધો સત્સંગ રહ્યો છે.'

❊ જો આવી સમજણ ન હોય તો હરખા પટેલને પગ

ધોઈને આવવાનું કહ્યું, પણ એમને ખોટું લાગતાં સત્સંગમાંથી હાથ જ ધોઈ નાંખ્યા તે પછી ક્યારેય પાછા આવ્યા નહિ.

❋ ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજને ક્યારેય સાચવ્યા નથી, પણ નાનામાં નાની સેવામાં જ જોડ્યા છે. એ પછી વાસણ ઊટકવાની હોય કે પછી પથરા ઊંચકવાની, વતું કરવાની હોય કે પછી દરજીકામ કરવાની. ત્રેવીસ-ત્રેવીસ કલાક આવી સેવાની સાથે તપ કરાવતા. બે દિવસ નિર્જળા ઉપવાસ અને ત્રીજા દિવસે એક ટાઈમ જમવાનું, પાછા બે દિવસ ઉપવાસ. આવું ત્રણ વર્ષ સુધી કર્યું. છતાં ભગતજી મહારાજ સ્વામીને મૂકીને ગયા નહિ, તો ગુણાતીતાનંદ સ્વામીએ મહારાજનો સાક્ષાત્કાર કરાવી દીધો.

❋ વૅકેશનમાં યોગીજી મહારાજ સાથે વિચરણમાં યુવકો આવતા. યોગીજી મહારાજ તેમની પાસે સેવા કરાવતા, તપ કરાવતા, સવારે વહેલા ઉઠાડતા ને રાત્રે મોડે સુવાડતા, ઠંડા પાણીએ નવરાવતા ને હાથનું જ ઓશીકું કરી કોથળા ઉપર સુવડાવતા. આવાં કષ્ટો આપતાં છતાં, કોઈ યુવક યોગીજી મહારાજને મૂકીને જતો નહિ. કારણ સૌને વિશ્વાસ હતો કે આવા સાધુ દુઃખ આપે, કષ્ટ આપે છતાં અક્ષરધામમાં લઈ જાય એવા છે.

● **બીજા સાધુ આવાં કષ્ટ ન આપે ને કેવળ દેહનું જતન જ કરાવે છતાં નર્કમાં નાંખે :**

❋ એક સાધુ બહારથી બહુ સરસ વર્તે, પણ તેનું ખાનગી જીવન બહુ જુદું હતું. ધન રાખે, જોડ વગર એકલો ફરે. સ્ત્રીઓ સાથે વ્યવહાર રાખે. તેની સાથે એક હરિભક્તને હેત થઈ ગયું. તે કહે : 'મને અંતકાળે લેવા આવજો.'

પછી સાધુ મરીને ભૂત થયો. તે મૂતરની ખાડમાં રહે. પછી જ્યારે શિષ્ય અંત અવસ્થામાં હતો ત્યારે આ ભૂત, સાધુનું રૂપ લઈને તેને લેવા ગયો. પેલા હરિભક્ત તો ખુશ થયા : 'ગુરુ લેવા આવ્યા.' પણ પછી તેને લઈને ખાડમાં નાખ્યો ત્યારે કહે : 'ગુરુ ! તમે તો અક્ષરધામનું વર્ણન કરતા હતા ને : 'શીતળ શાંત છે રે.'

ત્યારે સાધુ કહે : 'આપણે તો આ જ અક્ષરધામ. કેમ કે મેં એક પણ નિયમ પાળ્યો ન હતો અને તેં મારામાં જીવ જોડ્યો એટલે જેવી મારી ગતિ થઈ તેવી તારી ગતિ પણ થઈ.'

❋ જેમ, ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા ચરોતરમાંથી બે હરિભક્તો જૂનાગઢ આવ્યા. રસ્તામાં એક છ આંગળિયો સાધુ મળ્યો. સરભરા કરવા મંડ્યો. પછી બેમાંથી એક હરિભક્ત ગુણાતીતાનંદ સ્વામી પાસે ગયા ને બીજા વિશે પૂછ્યું ને ખબર પડી કે છ આંગળિયા સાધુનો સમાગમ કરે છે ત્યારે ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા : 'ગયો, ગયો ને ગયો' એટલે કે લખ ચોરાશી, જમપુરી ને ગર્ભવાસમાં ગયો. એનો અર્થ બીજા સાધુ મશરૂના ગાદલામાં સુવડાવે છતાં નર્કમાં નાંખે છે.

❋ આવી જ રીતે ખંભાતના જગુભાઈ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ જતા હતા. રસ્તામાં ગઢડા આવ્યું. બે-ત્રણ દિવસ ત્યાં રોકાયા. કોઠારી સિદ્ધાનંદ સ્વામીએ ખૂબ જ સરભરા કરી ને ગઢડા રોકાઈ જવા આગ્રહ કર્યો ને કહ્યું જૂનાગઢમાં પથરા ને ઝાડવાં સિવાય કંઈ નથી.

આ સાંભળી જગુભાઈ બોલ્યા : 'ગઢડામાં બધું જ છે, પણ જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી છે ? જૂનાગઢમાં એ છે એટલે હું ત્યાં જ જઈશ.' એમ કહી જૂનાગઢ ગયા.

❋ એવી જ રીતે સમગ્ર વિશ્વમાં ઘણા સારા-સારા સાધુ હશે જે સુવિધા-સગવડ આપી દે અને કષ્ટ આપી સતાવતા નહીં હોય, પણ એક વિચાર કરવો. ત્યાં પ્રમુખ સ્વામી છે ?

ભલે આપણને સ્વામીશ્રી દુઃખ આપે, કસોટી કરે, કડવાં વેણ કહે છતાં તેઓ અક્ષરધામમાં લઈ જાય એવા સમર્થ છે. માટે,

સમજીને જોડાવું સાચા સંતમાં,

ભવના ફેરા ટાળે સાચા સંત જો.

૨. સ્વામીની વાત : ૧/૫૭

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

આવા સાધુ ખાસડાં મારે તો પણ અક્ષરધામમાં લઈ જાય ને બીજા મશરૂના ગાદલામાં સુવાડી મૂકે તો પણ નર્કમાં નાખે એમ સમજવું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

● **મધ્યવર્તી વિચાર :**

❊ આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામી સંત તથા અસંતનો સમાગમ કરવામાં વિવેક રાખવાની તેમજ સાચા સંતનો મહિમા અને સામર્થીની સમજ આપે છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં 'આવા સાધુ' ને 'બીજા સાધુ' વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરે છે.

● **'આવા સાધુ' એટલે કોણ ?**

❊ આવા સાધુ એટલે વચનામૃત ગઢડા અંત્ય-૨૬ પ્રમાણે : ઇંદ્રિયો-અંતઃકરણની ક્રિયાને દાબીને વર્તે, પણ એની ક્રિયાએ કરીને દબાય નહિ અને જે ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે, એવા સંત...

❊ શ્રીમદ્ભગવદ્ગીતા પ્રમાણે આવા સાધુ એટલે જે સુખ-દુઃખને સમાન સમજે; માટી, પથ્થર તથા સોનું સમાન સમજે; તથા પ્રિય-અપ્રિયમાં, નિંદા-સ્તુતિમાં સમભાવે વર્તે.

❊ આવા સાધુ એટલે બ્રહ્મસ્વરૂપ ગુણાતીત સંત. અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીથી માંડીને મહંત સ્વામી મહારાજ સુધીની આપણી ગુરુપરંપરા આ તમામ શુભ લક્ષણે યુક્ત છે.

● **'બીજા સાધુ' એટલે ?**

❊ બીજા સાધુ એટલે જે ફક્ત કપડાંથી સંત છે. આચરણથી નહિ. સ્ત્રી-ધનનો ત્યાગ રાખતા ન હોય, ફક્ત દેહ અને દેહાભિમાનનું પોષણ કરતાં હોય.

◎ બ્રહ્માનંદ સ્વામીના એક પદમાં એવા અસંતનાં લક્ષણ જણાવતાં કહે છે કે,

'અંગ ભસ્મ ઘસે શિર જૂટ જટા,
ગળે માલ તિલક તન ચટાપટા;
માંહીં કામ ક્રોધ મદ મોહ ઘટા.'

● **સંત અને અસંતમાં ભેદ :**

❊ સંત અને અસંત દેખાય સરખા, પણ બંનેમાં બહુ ભેદ છે. ગાય અને ગધેડાનો રંગ સફેદ છે, પણ સ્વભાવ અને ગુણમાં બહુ ભેદ છે.

❊ દેવશી ભક્તનો જ્ઞાતિ ભાઈ મેઘજી હતો. મેઘજીએ એક બાવાને ગુરુ કરેલા. તે બાવો વ્યસન કરે, સ્ત્રીઓનો સંબંધ રાખે. તેથી દેવશી ભક્તે મેઘજીને આ બાવાનો સંગ છોડી દેવા બહુ સમજાવ્યો. પણ મેઘજી કહે, 'બાવો સિદ્ધ છે.' દેવશી કહે, 'બાવો તને પરચો બતાવશે ત્યારે મનાશે.' અને છ મહિના બાદ બાવાએ પરચો કર્યો. બાવો મેઘજીની પત્નીને લઈ ભાગી ગયો. મેઘજીને ખોટા સાધુની સેવા-સરભરા કર્યાનું અને પોતાની પત્ની ગુમાવ્યાનું ખૂબ દુઃખ થયું. બહુ શોધખોળના અંતે ૬ મહિના બાદ તે બાવો અને પત્ની મળી ગયા. પછી તો લાકડીઓ મારીને પાખંડી બાવાને કાઢી મૂક્યો અને પત્ની ઘરે લાવ્યો.

તેથી જ બ્રહ્માનંદ સ્વામી સૌને વિવેકદૃષ્ટિ આપતાં સમજાવે છે :

જડબુદ્ધિ જીવ, પ્રભુપદને ઇચ્છે તો કર સંતનું પારખું;
રંગ પીતપણે, સોનું ને પિત્તળ નવ હોયે એક સરખું.

જેમ સોનું ને પિત્તળ બંને પીળા રંગના હોય, પરંતુ બંનેમાં આસમાન-જમીનનો ભેદ છે, તેમ જેને મોક્ષ જોઈતો હોય તેને સંત-અસંતનો ભેદ

સમજવો અનિવાર્ય છે.

ગુણાતીત સત્પુરુષ થકી જીવનું કલ્યાણ થાય છે. આવા સંત જીવને શુદ્ધ કરવા તેની કસણી કરે છે, ખાસડાં મારે છે.

● ખાસડાં માર્વાં એટલે શું ?

❊ ખાસડાં મારવાં એટલે

- આપણા દેહાભિમાનનું ખંડન કરવું.
- આપણું મનધાર્યું મુકાવવું.
- દુઃખ લાગે એવાં કડવાં વચન કહેવાં.
- રોગ આપીને કે અન્ય પ્રસંગો ઊભા કરીને પંચ વિષયમાંથી આસક્તિ તોડાવવી.
- નિયમ-ધર્મ પળાવવાનો આગ્રહ રાખવો, એને માટે ટોક-ટોક કરવું.

સાચા સંત આવાં ખાસડાં મારી-મારીને જીવને શુદ્ધ કરી ભગવાનનું ધામ આપે છે.

❊ પ્રમુખસ્વામી મહારાજને વિચરણ દરમ્યાન કોઈ વ્યસની મળી જાય ત્યારે તેને સુખી કરવા, વ્યસન છોડવા અવશ્ય અનુરોધ કરતા.

એક વખત લેસ્ટરમાં તેમને દારૂને વશ થયેલા ઈશ્વર નામના ભાઈનો ભેટો થયો. પંચાવન વર્ષના આ ભાઈ, ચાર વર્ષના હતા ત્યારથી દારૂ પીતા થયેલા. સ્વામીબાપાએ આ બદી છોડવાનું તેમને સમજાવ્યું. તેઓના દીકરાને પણ કહ્યું, 'પિતા ન પીએ તેનું તમારે ધ્યાન રાખવું. આ તો જન્મ્યા પછી વળગ્યું છે. માટે પ્રયત્ન કરીએ તો છૂટી જાય. જન્મ્યા પહેલાં તો દારૂ નો'તા પીતા ને!'

જ્યાં સ્વામીબાપાએ આમ દલીલ કરી ત્યાં દીકરો બોલ્યો, 'મારા પિતા ને તેમના પિતા પણ પીતા હતા.' આવી ઢીલી વાત સાંભળી સ્વામીબાપાએ મૂળ સોતી ડાળને પણ ખંખેરી. બાપ-બેટા બેયને ઠપકો આપ્યો અને વ્યસનથી દૂર રહેવા સમજાવ્યું.

● સંત ખાસડાં શા માટે મારે ? (દુઃખ/ઠપકો શા માટે આપે ?)

❊ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે,

જેમ જનનીને હૈયે હેત છે, સદા સુતને સાથ;
અરોગી કરવા અર્ભકને, પાયે કડવેરા ક્વાથ,
સંત વિના રે સાચી કોણ કહે.....

(અર્ભક = બાળક, ક્વાથ = ઔષધ)

માતા પોતાના બાળકને કડવી દવા આપે છે તે દુઃખી કરવા નહીં, પણ રોગ દૂર કરી સુખી કરવા આપે છે.

તેવી જ રીતે, સાચા સંત મુમુક્ષુનું કલ્યાણ બગડતું હોય તો દુઃખ લાગે તેવાં કઠણ વચન કહી અથવા કસોટી કરી તેનું પરમ હિત કરે છે.

● આવી સમજણવાળા ભક્તો :

❊ બોટાદના શિવલાલ શેઠ ગુણાતીતાનંદ સ્વામીના કૃપાપાત્ર શિષ્યોમાંના એક હતા. એ સમયમાં તેઓ નવ લાખના આસામી હતા.

ગુણાતીતાનંદ સ્વામી તેઓની કસર ટાળવા અને અન્ય લોકોને પ્રેરણા આપવા માટે ઘણીવાર ટોકતા.

શિવલાલ શેઠે ભાવનગરમાં આચાર્ય રઘુવીરજી મહારાજને પધરાવ્યા અને ગઢડામાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા કરાવી, આ પ્રસંગ પછી ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'તું એમ સમજે છે કે તેં બહું મોટું કામ કર્યું, પણ તારા જીવ સામે જોઉં છું તો અરધો સત્સંગ રહ્યો છે.'

શિવલાલને ગુણાતીતાનંદ સ્વામીમાં અત્યંત આત્મબુદ્ધિ હતી, પરંતુ કેટલીક વ્યક્તિઓના સતત પ્રસંગથી તેમની બાહ્યવૃત્તિ થઈ ગઈ હતી. તેથી સ્વામીએ શિવલાલને ઠપકો આપ્યો, છતાં તેમને દુઃખ ન થયું. કારણ કે તેઓ જાણતા હતા કે ગુણાતીતાનંદ સ્વામી થકી જ મારો મોક્ષ છે.

◎ અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન માટે પોતાના દેહને ઘસી નાંખનાર સદ્ગુરુ નિર્ગુણદાસ સ્વામી,

શાસ્ત્રીજી મહારાજના શિષ્ય હતા. નિર્ગુણદાસ સ્વામીની ધગશ જોઈને સ્વયં શાસ્ત્રીજી મહારાજ કહેતા કે, 'સત્સંગ પ્રવર્તનમાં નિર્ગુણ સ્વામીની સેવા ૧૪ આની છે ને બાકી બધાય બે આનીમાં આવી જાય.'

સંસ્થાના વિકાસમાં નિર્ગુણ સ્વામીનો સિંહફાળો હોવા છતાં જ્યારે શાસ્ત્રીજી મહારાજ તેમની કસણી કરતા, મનનું ધાર્યું મુકાવતા, ત્યારે તેમને શાસ્ત્રીજી મહારાજનો લેશપણ અભાવ આવતો નહીં.

નિર્ગુણદાસ સ્વામીને શારીરિક પ્રકૃતિને કારણે રાત્રે વારંવાર પેશાબ માટે ઊઠવું પડતું. સારંગપુરમાં તેઓ જે ઓરડામાં ઊતરતા, ત્યાંથી ચોકડી દૂર હતી. એમને થયું કે નજીકમાં ચોકડી થઈ જાય તો સગવડ સચવાય. શાસ્ત્રીજી મહારાજને આ વાતની ખબર પડી તો તેમણે આવું કાંઈ પણ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી. છતાં નિર્ગુણ સ્વામીને દુઃખ ન થયું. મંદિરોના બાંધકામ માટે નિર્ગુણદાસ સ્વામી હજારો રૂપિયાની સેવા લોકો પાસેથી લાવતા, પણ પોતાના માટે એક નાની ચોકડી કરવા માટે ગુરુએ ના પાડી તો નિરાશ ન થયા.

નિર્ગુણ સ્વામીએ ચલાવેલ પત્રોના ધોધમાર પ્રવાહના પ્રતાપે આફ્રિકામાં સત્સંગ વિકાસ પામ્યો હતો. ધીરે ધીરે વાતો ચાલવા માંડી કે નિર્ગુણ સ્વામી આફ્રિકા પધારવા જોઈએ, જેથી ભારે સમાસ થઈ શકે. નિર્ગુણ સ્વામીને પણ શાસ્ત્રીજી મહારાજ સાથે આફ્રિકા જવાની ઊંડી અભિલાષા હતી. તેથી તેમણે શાસ્ત્રીજી મહારાજને પ્રાર્થના પણ કરી, પરંતુ શાસ્ત્રીજી મહારાજની નામરજી નિહાળી તેઓએ પણ જવાની મરજી વાળી લીધી.

આમ, શાસ્ત્રીજી મહારાજ અનેક પ્રકારે નિર્ગુણ સ્વામીના મનનું મરોડતા, કસણી કરતા છતાં નિર્ગુણ સ્વામી રંચમાત્ર પાછા પડતા નહીં.

* યુવકો વેકેશનમાં યોગીજી મહારાજ સાથે વિચરણમાં જોડાતા. યોગીજી મહારાજ તેમની પાસે સેવા કરાવતા, તપ કરાવતા, સવારે વહેલા ઉઠાડતા ને રાત્રે મોડે સુવાડતા, ઠંડા પાણીએ નવરાવતા ને હાથનું જ ઓશીકું કરી કોથળા ઉપર સુવડાવતા. આવાં કષ્ટો આપતા, છતાં યુવકો યોગીજી મહારાજને મૂકીને જતા નહીં. કારણ તેમને વિશ્વાસ હતો કે આવા સાધુ કષ્ટ આપે છતાં અક્ષરધામમાં લઈ જાય એવા છે.

● **'બીજા સાધુ'નું વર્તન :**

* એક સાધુ બહારથી બહુ સરસ વર્તે, પણ તેનું ખાનગી જીવન બહુ જુદું હતું. ધન રાખે, સ્ત્રીઓ સાથે વ્યવહાર રાખે. તેની સાથે એક ભાઈને હેત થઈ ગયું. તે કહે, 'મને અંતકાળે લેવા આવજો.'

પછી સાધુ મરીને ભૂત થયો. તે મૂતરના ખાડામાં રહે. પછી જ્યારે શિષ્ય અંત અવસ્થામાં હતો ત્યારે આ ભૂત, સાધુનું રૂપ લઈને તેને લેવા ગયો. પેલા હરિભક્ત તો ખુશ થયા, 'ગુરુ લેવા આવ્યા.' પણ પછી તેને લઈને ખાડામાં નાખ્યો ત્યારે કહે, 'ગુરુ ! તમે તો ધામનું અદ્ભુત વર્ણન કરતા હતા ને!'

ત્યારે સાધુ કહે, 'આપણે તો આ જ ધામ. કેમ કે મેં એક પણ નિયમ પાળ્યો ન હતો, અને તેં મારામાં જીવ જોડ્યો એટલે જેવી મારી ગતિ થઈ તેવી તારી ગતિ પણ થઈ.'

* સમગ્ર વિશ્વમાં એવા ઘણા સાધુ હશે જે સુવિધા-સગવડ આપી દે, અને કષ્ટ પડવા ન દેતાં હોય, આપણી ભૂલ બદલ રોકે-ટોકે નહીં પણ એક વિચાર કરવો, ત્યાં મહંત સ્વામી મહારાજ છે ?

ભલે આપણને સ્વામીશ્રી દુઃખ આપે, કસોટી કરે, કડવાં વેણ કહે છતાં તેઓ અક્ષરધામમાં લઈ જાય એવા સમર્થ છે. માટે,

સમજીને જોડાવું સાચા સંતમાં,
ભવના ફેરા ટાળે સાચા સંત જો.

૪. સ્વામીની વાત : પ્રકરણ : ૧, વાત : ૯૩

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે :

ગાફલાઈ ટાળવાનું કારણ તો એ છે જે ખટકો રાખે તો ટળે ને બીજો ઉપાય તો કોઈક શિક્ષા કરે ત્યારે ટળે.

❊ એક ટ્રકની પાછળ લખેલું હતું, જેમાં ટ્રક પોતાના ડ્રાઈવરને કહે છે :

માલ ભરો મન ચાહે ઈતના, મંઝિલ તક પહુંચા દૂંગી,
થોડી સી લાપરવાહી કી તો મિટ્ટી મે મિલા દૂંગી !

● **ગાફલાઈથી નુકસાન :**

❊ રસોઈ કરનાર થોડીક ગાફલાઈ રાખે તો રસોઈ ચોંટી જાય.

❊ ડ્રાઈવર થોડીક ગાફલાઈ રાખે તો ગાડીમાં બેઠેલા મૃત્યુ પામે અથવા ઈજાગ્રસ્ત બને.

❊ વિદ્યાર્થી થોડી ગાફલાઈ રાખે તો નાપાસ થાય અથવા ઓછા ટકા આવે.

❊ ખેલ કરતો નટ થોડી ગાફલાઈ રાખે તો પડે અથવા તો હાડકાં ભાંગે.

તેમ મુમુક્ષુ - ભક્ત જો આધ્યાત્મિક માર્ગમાં થોડીક ગાફલાઈ રાખે તો મોક્ષ બગડે, કાર્યસિદ્ધિ ન થાય.

❊ તેથી જ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૪૫માં** કહે છે : 'જે જે મારા કહેવાયા છો તેમાં મારે એક તલમાત્ર કસર રહેવા દેવી નથી. માટે તમે પણ સુધા સાવધાન રહેજ્યો, જો જરાય ગાફલાઈ રાખશો તો તમારો પગ ટકશે નહિ.'

❊ ભગવાન બુદ્ધે પોતાના ઉપદેશમાં કહ્યું છે : ''આળસુ, એદી માણસ બુદ્ધિથી આધ્યાત્મિક માર્ગ શોધી શકતો નથી. તેથી જ તેઓએ કહ્યું : '**ન પ્રમાદેન સંવસે.**' પ્રમાદથી ન રહેવું જોઈએ.''

❊ નિષ્કુળાનંદ સ્વામીએ આ વાતને પુષ્ટ કરી :

રહેવું નહિ ગાફલ ગમાર, માલ અતોલ મળે;
કહે નિષ્કુળાનંદ વિચાર, કરવો પળે પળે.

❊ ગાફલાઈ એટલે દીર્ઘસૂત્રીપણું. થાય છે, શું ઉતાવળ છે, હજુ ઘણો સમય છે, થઈ જશે એવી વૃત્તિ. ટૂંકમાં એદીપણું, આળસ, પ્રમાદ વગેરે. ગુણાતીતાનંદ સ્વામીએ આ નાની વાતમાં ગાફલાઈ ટાળવાના બે સચોટ ઉપાય બતાવ્યા છે.

૧) ખટકો રાખે તો ગાફલાઈ ટળે :

❊ ખટકો રાખવો અર્થાત્ સ્વની જાગૃતિ

❊ ખટકો રાખવો અર્થાત્ ચીવટ રાખવી.

❊ ખટકો રાખવો એટલે ભવિષ્ય પર કામ ન ઠેલવાની વૃત્તિ.

❋ ખટકો રાખવો એટલે એદીપણું ન સેવવું.

● **આળસ-પ્રમાદને તિલાંજલિ આપવી :**

❋ સ્વામી રામતીર્થ બી.એ.ની પરીક્ષામાં નાપાસ થયા. આળસને કારણે ઓછું વાંચવાનું થયું તેનું આ પરિણામ હતું. બીજા વર્ષે એટલી જબરદસ્ત મહેનત કરી કે પ્રશ્નપત્રમાં એવી સૂચના આપવામાં આવેલી કે ૧૩ પ્રશ્નોમાંથી કોઈ પણ ૯ પ્રશ્નોનાં જવાબ લખો. એમણે ઉત્તરવહીમાં બધા જ પ્રશ્નોનાં ઉત્તરો ખૂબ જ સારી રીતે લખ્યા અને સૂચના લખી કે ૧૩માંથી કોઈ પણ ૯ તપાસો. તેઓ ખૂબ સારા માર્ક્સ સાથે ઉત્તીર્ણ થયા.

સ્વની જાગૃતિ દ્વારા મંજિલ દેખાય તો ગાફલાઈ ટળે ને ધાર્યું પરિણામ મળે.

❋ આર્ક રાઈટ નામનો ૫૦ વર્ષનો પ્રૌઢ માણસ, જેણે બાળપણ તથા યુવાનીમાં આળસ રાખી કોઈ પ્રકારની વિદ્યા સંપાદન કરી ન હતી, પરંતુ પાછળથી પસ્તાવો થતાં પોતાની આળસ ખંખેરી, ૫૦ વર્ષે સ્લેટ લાવ્યો. પૌત્રે પૂછ્યું : 'દાદાજી ! સ્લેટ મારા માટે લાવ્યા ?' 'ના, મારા માટે.' પૌત્ર કહે : 'શું તમે હવે ભણવાના ?' 'હા, ભણી ગણીને હોશિયાર થવાનો !' પૌત્ર આખી શેરીમાં દાદાના સમાચાર આપી આવ્યો. લોકો હસે અને જુદું જુદું બોલે.

'હજામતનો ધંધો કરીને ખાતો નથી ને ડોસો ભણવા બેઠો છે'

'પાકા ઘડે કાંઠા ચડતા હશે ?'

'ઘરડો પોપટ વેદ વાંચવા બેસે તો કેવું લાગે ?' આવું બોલે છતાં રાઈટ સાંભળ્યા વિના મંડ્યો રહ્યો અને વિખ્યાત યંત્ર શોધક બન્યો. તેણે પાણીથી ચાલતું વોટરફ્રેમ નામનું રૂ કાંતવાનું મશીન શોધ્યું .

ખટકાને ઉંમર સાથે કાંઈ લેવાદેવા નથી. ફક્ત સ્વની જાગૃતિ આવે તો ગમે તે સમયે કાર્ય થઈ શકે. જો ગાફલાઈ રાખી હોત તો જિંદગી પૂરી થાત, પરંતુ ખટકો રાખ્યો, સ્વની જાગૃતિ લાવ્યા તો મોટી ઉંમરે પણ સિદ્ધિ હાંસલ થઈ.

❋ વિશ્વ વિખ્યાત મહાન ચિંતક રસ્કિન એવું કહેતા હતા : 'આજ પર જ નજર રાખો ગઈ કાલ પર નહિ, આવતી કાલ પર પણ નહિ. ગઈ કાલ તમને કોઈ જ કામમાં આવવાની નથી. ગઈ કાલનાં રોદણાં રડી હતાશ થવાની જરૂર નથી. આજ પર બરાબર ધ્યાન આપશો તો આવતી કાલ તમારી જ છે.'

❋ દેવાનંદ સ્વામી કહે છે :

આળસ ને અજ્ઞાન અતિશે કામ બગાડ્યું તારું;
દેવાનંદ કહે દેખ વિચારી માન કહ્યું તું મારું.

માટે જો જીવનમાં ખટકો રાખો તો ગાફલાઈ અવશ્ય ટળે.

❋ લાલજી સુથાર અને મૂળજી શર્મા રોજ પાંચ -સાત ગાઉ ચાલતા આવીને મહાદેવની ડેરીએ ભેગા થઈને સમાગમ કરતા.

❋ ભગતજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા ગઢડા આવવા નીકળેલા. સ્વામી ગઢડાથી નીકળી સારંગપુર ગયા હતા. ભગતજી મહારાજ રાત્રે ચાલતાં ચાલતાં સારંગપુર આવ્યા. ગુણાતીતાનંદ સ્વામી સારંગપુરથી ખાંભડા ગયેલા તો ભગતજી મહારાજ પણ મુશળધાર વરસાદમાં રાત્રે જ ખાંભડા પહોંચ્યા અને સ્વામીનાં દર્શન કર્યાં. આવો ખટકો ભગતજી મહારાજનો હતો.

❋ શ્રીજીમહારાજ રાત્રે મોડે સુધી વાતો કરે. ખટકાવાળા દર્શન કરે ને બીજા સૂઈ રહેતા.

❋ તા.૨૬-૧૨-૨૦૦૧ના રોજ સ્વામીશ્રી સાંકરીમાં બિરાજ્યા હતા. સાંજે પરવાર્યા પછી અંગત મુલાકાત અને મીટિંગનો દોર ચાલુ રહ્યો. રાત્રે જમવાના સમયને ત્રણ મિનિટ બાકી હતી. નારાયણમુનિ સ્વામી કહે : 'હવે જમ્યા પછી બેસીશું.' ત્યારે બાપા કહે : 'આવવા દો, તા એ તા થઈ જાય.' પછી શાસ્ત્રીજી મહારાજની વાત કરતા કહે, એક વાર સારંગપુરમાં મહારો ચઢાવવાનો હતો. હરિકૃષ્ણસ્વામી શાસ્ત્રીજી મહારાજને જમવા બોલાવવા આવ્યા ત્યારે શા.મ. કહે : 'તું ભુખાળવો છે. હું અહીં રહું તો અડધો કલાકમાં સહેજે થઈ

જાય. જે કામમાં ત્રણ કલાક થાય તેવું હતું પણ એક કલાકમાં થઈ ગયું.'

❊ પ્રમુખ સ્વામી ભાદરણ ભણતા ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોરસદ રોકાયેલા તો પ્રમુખ સ્વામી રોજ ભાદરણથી ચાલતા બોરસદ જતા અને સંસ્કૃતનો અભ્યાસ ચાલુ હોવાથી રાત્રે જ બોરસદથી પાછા ભાદરણ આવે. સ્વામીશ્રીનાં જીવનમાં જરાય ગાફલાઈ જોવા મળતી નથી. કારણ કે તેઓ ખટકો વ્યવસ્થિત રાખે છે.

❊ એક વાર સ્વામીશ્રી ગાંધીનગર બિરાજતા હતા. સાંજે પ્રસાદના સમયે બારણું ખૂલ્યું ત્યારે સ્વામીશ્રી પત્ર લખી રહ્યા હતા. સૌ થોડી વાર બેઠા રહ્યા. છેલ્લે નારાયણચરણ સ્વામીએ પૂછ્યું : 'પ્રસાદ લેવો છે ?' 'હા લાવો.' ઊંચું જોયા વગર જ આટલું કહીને પાછું વાંચવા માંડ્યા. નારાયણચરણ સ્વામી કહે : 'હજી કામ તો ચાલુ છે.' સ્વામીશ્રી કહે : 'ભલેને એ તો ચાલુ રહે. તમ તમારે થાળ લાવોને.' એમ કહીને ધર્મચરણ સ્વામીએ લખીને પેડમાં મૂકેલાં ઇન્લેન્ડ, પોસ્ટકાર્ડ વગેરે પત્રોને જુદાં પાડી દીધાં. ધર્મચરણ સ્વામીએ પૂછ્યું : 'આમ કેમ કર્યું ? સ્વામીશ્રી કહે : 'પત્રો જુદા પાડી રાખ્યા હોય તો સભામાં કામકાજ જલ્દીથી ચાલે ને !' કેવો અદ્ભુત ખટકો !

❊ ઈ.સ. ૧૯૯૪ની સાલમાં વિદેશ વિચરણમાં સ્વામીશ્રી ભારતથી લંડન જઈ રહ્યા હતા. પ્લેનમાં લઘુશંકા માટે ઊભા તો થયા, પરંતુ અંદર કોઈ ગયું હોઈ ઊભું રહેવું પડ્યું. ૨-૩ મિનિટ ઊભા રહેવાનું બન્યું પરંતુ એમાંય ૨-૩ પત્રો વાંચી લીધા.

❊ સ્વામીશ્રીને લંડનથી અમેરિકા જવાનો દિવસ નજીક આવી ગયો હતો. સ્વામીશ્રીને સમાચાર મળ્યા કે આજે એક હરિભક્ત ભારત જઈ રહ્યા છે. સ્વામીશ્રીએ પત્ર લેખન કરનાર સંતને બોલાવી લીધા. ૨૪ મિનિટમાં ૨૫ પત્રોના ઉત્તર લખી આપ્યા.

❊ **કલ કરે સો આજ કર, આજ કરે સો અબ,**
પલ મેં પ્રલય હોયગી, બહુરી કરેગા કબ.

આવો વિચાર હોય તો આળસ, ગાફલાઈ ઊભા ન રહે, અવશ્ય ટળે.

૨) ટોકે તો ગાફલાઈ ટળે :

❊ ગાફલાઈ ટાળવાનો બીજો ઉપાય ગુણાતીતાનંદ સ્વામી શિક્ષા બતાવે છે.

❊ આપણે ત્યાં કહેવત છે :

સોટી વાગે ચમચમ વિદ્યા આવે રમઝમ.

કોઈ ટોકે કે શિક્ષા કરે તો આપણે કામ કરતા થઈ જઈએ છીએ.

❊ દુર્યોધન સાવ નિષ્ક્રિય થઈ ગયો હતો. એક વાર દ્રોણાચાર્યે પૂછ્યું : 'આજકાલ તારા પાઠ બરાબર થતા નથી.' દુર્યોધન કહે : 'મને કાંઈ કરવાનું મન થતું નથી.' દ્રોણ કહે : 'તને ખાવાનું મન થાય છે ?' તો કહે : 'હા' દ્રોણ કહે : 'બધી બાબતમાં મન મરી જાય તો ખાવાનો પણ અભાવ થવો જોઈએને ! આનો અર્થ એવો કે તારું મન તને છેતરવા માંડ્યું છે. અર્જુનની સ્પર્ધામાં ઊભા રહેનારની આવી હાલત ?' દુર્યોધન કહે : 'તો હું શું કરું ?' ગુરુ દ્રોણ કહે : 'ગાફલાઈ તજી કર્મ કરવા મંડી પડ.' ગુરુની ટકોરથી દુર્યોધન સજાગ થઈ ગયો.

❊ એટલે જ કહ્યું છે : **તેજીને ટકોર ને ગધેડાને ડફણાં.**

જે સમજુ હોય તેને ટકોર કરે એમાં જ એ બધું સમજી જાય.

❊ યોગીજી મહારાજ અને સ્વામીશ્રીની ટોકણીથી જીવનમાં ગાફલાઈ ટાળી હોય તેવા કેટલાય પ્રસંગો છે.

❊ યોગીજી મહારાજની સાથે કેટલાક યુવકો વિચરણમાં જોડાયા હતા. એક વાર તેઓ બટાકા ધોવાની સેવા કરતા હતા. યુવકોએ નળને ગળણું નહિ બાધેલું અને અનગળ પાણીથી બટાકા ધોતા હતા. યોગીજી મહારાજે આ જોયું અને યુવકોને આજ્ઞા કરી, બધા બટાકા રાખથી ઊટકવા પડશે. અને બધા જ બટાકા રાખથી ઉટકાવ્યા પછી આ યુવકો ક્યારેય આવી ભૂલ ન કરે તે સ્વાભાવિક છે.

❊ એક વાર યોગીજી મહારાજની સાથે ફરતા બે યુવકોએ ઉપવાસ કરેલો. યુવકોએ પારણાના દિવસે સવારે લારીમાંથી ચા બનાવરાવી પીધી. યોગીજી મહારાજને ખબર પડી અને યુવકોને નિર્જળા ઉપવાસ

કરવાની આજ્ઞા કરી.

❋ ૧૯૮૦માં સ્વામીશ્રી અમેરિકાની ધર્મયાત્રાએ ગયેલા. એમની સાથે કેટલાક યુવકો લાભ લેવા ફરતા હતા. તેઓ સ્વામીશ્રીને કહે : 'બાપા, અમારે લાસવેગાસ જોવા જવું છે.' સ્વામીશ્રી કહે : 'ત્યાં જુગારી વાતાવરણ છે. એમાં આપણે લપસી જઈએ.' યુવકો કહે : 'ના બાપા અમે નહિ રમીએ. ફકત જોઈને જ પાછા આવી જઈશું.' ખૂબ વિનંતી કરી અંતે બાપાએ એમને હા પાડી. યુવકો ગયાં અને ત્યાં લપસી ગયા. થોડા પૈસા હારી ને આવ્યા. સ્વામીશ્રીને બધી વાત કરી. સ્વામીશ્રીએ યુવકોને નિર્જળા ઉપવાસની શિક્ષા કરી. ત્યારથી આજ સુધી આ યુવકો જુગાર રમ્યા નથી. સ્વામીશ્રીની શિક્ષાથી એમનો આ સ્વભાવ સુધરી ગયો.

માટે ગાફલાઈ ટાળવાના આ બે મહાન ઉપાય છે. એ બંને આપણા જીવનમાં આવે તો લેશમાત્ર ગાફલાઈ ન રહે અને આ ને આ જન્મે પરિશુદ્ધ થઈ મુકત અવસ્થા ને પ્રાપ્ત કરી શકીએ.

❀ ❀ ❀

૨. સ્વામીની વાત : પ્રકરણ : ૧, વાત : ૧૦૯

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે :

પોતાને જાણે બે માણસનું કામ કરે તેથી પણ મોટાની આજ્ઞાએ કરીને બેસી રહે અથવા કહે એટલું કરે એ જ શ્રેષ્ઠ છે.

● મધ્યવર્તી વિચાર :

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં સમજાવે છે કે આપણે આપણી પોતાની રીતે મનમાં જે આવ્યું તે રીતે ગમે તેટલી સેવા, ભક્તિ કરીએ તેના કરતાં મોટાપુરુષની આજ્ઞાથી થોડું જ કરીએ તો તે શ્રેષ્ઠ છે અને તેમાં જ લાભ છે.

● મનગમતું કરવાની સહજ પ્રકૃતિ :

❊ ગુણાતીતાનંદ સ્વામી **૨/૧૫૬મી વાતમાં** કહે છે : 'મનગમતું ન કરવું અને ન ખાવું એ બહુ આકરું કહેવાય.'

❊ વિખ્યાત અને સફળ મેનેજર ઓવન ડી. યંગ કહે છે : 'કોઈને બીજાનું કરવું ગમતું નથી અર્થાત્ પોતાનું જ ધાર્યું કરવું ગમે છે.'

❊ ટૂંકમાં '**કીધો કુંભાર ગધેડે ન ચઢે.**' આ કહેવત અનુસાર જીવનનાં તમામ ક્ષેત્રોમાં આપણને મનગમતું કરવું ગમે છે. મનધાર્યું કરવાના આપણને હેવા પડી ગયા છે, પરંતુ મનગમતું મૂકીને મોટાપુરુષ કહે તેમ કરીએ તો ઘણા લાભ થાય છે.

● મનગમતું મૂકવાના લાભ :

❊ અમદાવાદમાં એન. આઈ. ડી. કૉલેજના એક પ્રૉફેસર વર્ષના પ્રારંભમાં પોતાના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને એક વાત કાયમ કરતા કે જો હું કહું તેમ તમે કરશો તો ૨૦ વર્ષ આગળ નીકળી જશો. કારણ શું ? એમનો એ વિષયનો ૨૦ વર્ષનો અનુભવ હતો. મોટાના વચનમાં રહેવાથી આપણી તમામ જવાબદારી તેમની થઈ જાય છે.

❊ મહાભારતના યુદ્ધમાં ભીષ્મ, દ્રોણ, કર્ણ વગેરે જ્ઞાની હતા, ભકત હતા, પણ ભગવાનના વચનમાં ન ભળ્યા, તેમની રુચિ ન સમજ્યા તો કુટુંબે સહિત મરાયા તથા અપકીર્તિ થઈ. જ્યારે અર્જુને ભગવાનના વચન પ્રમાણે યુદ્ધ કર્યું તો ભગવાને તેમની દરેક વખતે રક્ષા કરી. અને અભયપદ આપ્યું તથા મોટા ભક્ત કહેવાણા. ભગવાન સ્વામિનારાયણે તેમની મૂર્તિ પણ પધરાવી.

❊ તેથી જ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'મોટાપુરુષની અનુવૃત્તિમાં રાજી રહે ને કહે એટલું જ કરે, પણ જાસ્તી કરે નહિ તે એવાની ફિકર સંતને રહે છે.'

❊ રામકૃષ્ણ પરમહંસને કોઈએ પૂછ્યું : 'ગુરુની શું આવશ્યકતા છે ?' પરમહંસે કહ્યું : 'પેલી હોડી છે તેને કલકત્તા પહોંચતાં કેટલો સમય લાગે ?' 'પાંચ કલાક' 'ને આગબોટ સાથે બાંધો તો ?' 'તો તો અડધા કલાકમાં પહોચી જાય.' 'બસ, ગુરુની આ જ આવશ્યકતા છે. જેને માટે કઠોર સાધના કરવી પડે તે ગુરુકૃપાથી સહજ થઈ જાય, જો ગુરુ કહે તે પ્રમાણે કરવામાં આવે તો.'

❊ યોગીજી મહારાજ મુંબઈ બિરાજમાન હતા. એક મુમુક્ષુએ ૧૨ માસનાં ધારણાં-પારણાં કરેલાં. તેમાં કાંઈ ભૂલચૂક થઈ હોય તો તેના નિવારણ માટે બીજા એક મહિનાના ધારણાં-પારણાં કરેલાં. યોગીજી મહારાજ પાસે તેઓ પૂર્ણાહુતિનાં પારણાં કરવા આવ્યા. તેમના ગયા પછી યોગીજી મહારાજે કહ્યું : 'આમના ૧૩ માસનાં ધારણાં-પારણાં કરતાં શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી એક ઉપવાસ કરે તે અધિક.'

❊ તેથી જ **હરિલીલામૃતમાં** કહ્યું છે :

પ્રભુની આજ્ઞા તપ જાપ તેહ, પ્રભુની આજ્ઞા વ્રત સર્વ એહ ।
આજ્ઞાથી સૌ સાધનસિદ્ધિ થાય, સર્વે પદો હસ્તિપદે સમાય ॥

❊ તા.૧૭-૧૨-૨૦૦૪, નવસારી : સ્વામીશ્રી અલ્પાહાર, મુલાકાત, સ્નાનવિધિ બાદ રૂમમાં એક પરિવાર સાથે બેઠા. ઈતર સંપ્રદાયમાંથી આવ્યા છે

છતાં જીવમાં નિષ્ઠા છે. તેમણે અનુભવની વાત કરતાં કહ્યું : 'અમારો ધંધો મોટો... ભાઈઓ સાથે વિખવાદ છે, કોર્ટ સુધી વાત પહોંચી. ભાઈઓ તરફથી જ સોપારી અપાઈ હતી. કોઈ વાતે આ મેટર પતે તેમ ન હતું. અમે ઈતર સંપ્રદાયમાં, પરંતુ મનમાં થયું પ્રમુખ સ્વામીની સલાહ લઈએ.' સ્વામીશ્રીએ ધ્યાનથી વાત સાંભળી એક જ વાક્યમાં નિર્ણય આપતાં કહ્યું : 'તમારા ભાઈઓ તોતિંગ રકમની માંગણી કરે છે પણ એ આપી દો. ભગવાન બધું સારું કરશે, બીજા ધંધામાં બરકત આવશે. મનની શાંતિ કરી લ્યો. અમે પ્રાર્થના કરીશું.'

સ્વામીના વચને અમે અમારા મનનું ધાર્યું મૂકી રકમ ભરપાઈ કરી છૂટા થયા. સ્વામીનો આ નિર્ણય અમારા માટે સોનાનો નિર્ણય હતો. જો અમે અમારું પકડી રાખ્યું હોત તો આજદિન સુધી ઊંચા આવ્યા ન હોત અને ખુવાર થઈ ગયા હોત. સ્વામીશ્રીએ નિર્ણય આપ્યો એમ અમે કર્યું તો શ્રીજીમહારાજે અમારી સામું જોયું. આશીર્વાદ ફળ્યા. અત્યારે એટલા જ સુખી છીએ.

❊ શ્રીમદ્ભાગવતના પંચમસ્કંધમાં ભરતજીનું આખ્યાન આવે છે. તેમાં ભરતજીએ પોતાની મેળે સાધના કરી તો મૃગમાં બંધાયા અને ત્રણ જન્મ લેવા પડ્યા. એટલે ગુરુના માર્ગદર્શન વિના પોતાની મેળે સાધનામાં આવું થાય છે.

● મનગમતું કરે તેના ઉપર કુરાજીપો થાય છે :

❊ શાંતાનંદ ગોદડિયા ગુણાતીતાનંદ સ્વામી સાથે સુરતના પ્રેમીભક્તોએ આપેલાં અથાણું, બરફીની માટલી, એક સાદડી તથા સતીગીતાનું પુસ્તક લઈ ચાલતાં ચાલતાં સુરતથી કારિયાણી આવ્યા. શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. સુરતના હરિભક્તોના ખબરઅંતર પૂછી ગુણાતીતાનંદ સ્વામીને શ્રીજીમહારાજ ૨૨ વખત ભેટ્યા, પરંતુ શાંતાનંદ સ્વામીની સામે જુએ પણ નહિ. કારણ કે શાંતાનંદ સ્વામી મુક્તાનંદ સ્વામીને એવું કહીને આવેલા કે મારે શ્રીજીમહારાજનાં દર્શન કરવા જવું છે. તમે કહેશો તોપણ જઈશ અને ના કહેશો તોપણ જઈશ. ગુણાતીતાનંદ સ્વામીએ જ્યારે શાંતાનંદ સ્વામીને ભેટવા શ્રીજીમહારાજને પ્રાર્થના કરી ત્યારે શ્રીજીમહારાજ તેમને ભેટ્યા ખરા, પણ બોલ્યા કે સ્વામી તમને ૨૨ વાર ભેટતાં કઠણ ન પડ્યું અને આ સાધુને એક વાર ભેટતાં કઠણ પડ્યું.

❊ તેથી જ **ભક્તચિંતામણિમાં** કહ્યું છે :

આગન્યા વિના જે આવવું તેમાં રાજી અમે નહિ રતિ।
વચન પ્રમાણે જે વરતે તે ઉપરે પ્રસન્ન અતિ॥

❊ **હરિચરિત્રામૃતસાગરમાં** આધારાનંદ સ્વામી લખે છે : 'મરજી વિના ગમે એટલી સેવા કરે તોય શ્રીજીમહારાજને ગમતું નથી.'

(પુર-૧૦, તરંગ-૨૯)

❊ શાસ્ત્રીજી મહારાજ એક પ્રસંગ અવારનવાર કહેતા સં. ૧૯૫૨માં ભગતજી ગઢડા આવેલા. તમામ સંઘ તેમણે જમાડેલો, સંતોને ધોતિયાં ઓઢાડેલાં. હજારેક રૂપિયાનો ખર્ચ થયો. ભગતજી મહારાજે અડધા રૂપિયા ઝવેરીલાલને અને અડધા રૂપિયા સત્સંગીઓને આપવા કહ્યું. ઝવેરીલાલે અડધા રૂપિયા આપ્યા. સત્સંગીઓની રકમમાં ૧૩ રૂપિયાની ઘટ પડી. ભગતજી મહારાજે ઝવેરીલાલને ૧૩ રૂપિયા આપવા કહ્યું. ઝવેરીલાલે કહ્યું : 'હવે હું ના આપું. મેં મારા ભાગના આપી દીધા છે.' ફરી હરિભક્તોમાંથી ૧૩ રૂપિયા ઉઘરાવી પૂરા કર્યા. ઝવેરીલાલને ૫૦૦ રૂપિયા આપતાં વાંધો ન આવ્યો, પણ માત્ર ૧૩ રૂપિયા આપતાં કઠણ પડ્યું. એટલે મનુષ્યનો સ્વભાવ એવો છે કે સર્વથા મનનું મુકાતું નથી. પાછળથી ઝવેરીલાલને તેનો પસ્તાવો પણ થયો.

❊ તેથી જ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે જેટલી આજ્ઞા લોપાતી હશે તેટલું હૈયામાં દુઃખ હશે.

❊ નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે :

વચન ઉલ્લંઘી વાલા તણું, જે જે જન કરે છે કામ
તે લાજ જાશે આ લોકમાં, વળી થાશે જીવિત હરામ.

❋ શ્રીજીમહારાજનો અંતિમ મંદવાડ હતો તે વખતે મહારાજને સંતોને ભાવથી શેર શેર ઘીના ચૂરમાના લાડું જમાડવાની ઇચ્છા હતી. તે માટે ગઢડાના કોઠારી વિરક્તાનંદ સ્વામીને મહારાજે બે વાર આજ્ઞા કરી. તેઓએ આજ્ઞા પાળી, પરંતુ લોભને કારણે પાશેર ઘીવાળા ગોળના લાડુ બનાવ્યા. મહારાજ ઉદાસ થઈ ગયા. વિરક્તાનંદ સ્વામીને ખૂબ પશ્ચાત્તાપ થયો. તેમની સ્થિતિમાં પણ ફેરફાર થયો, ગાંડા જેવા થઈ ગયા.

❋ મુક્તાનંદ સ્વામી કહે છે :

મનમત્ત થઈને તુ કોટિ સાધન કરે

સદ્‌ગુરુ શબ્દ વિણ સરવે કાચું

❋ **શ્રી હરિચરિત્રામૃતસાગરમાં** શ્રીજીમહારાજ કહે છે : 'મનનું ધાર્યું કરે તેવા સંતો, વર્ણી અને પાળાને અમે તજી દઈએ છીએ.'

❋ **સુભાષિતમાં કહ્યું છે :**

ન સ્વેચ્છં વ્યવહર્તવ્યમ્ આત્મનો ભૂતિમિચ્છતા ।

અર્થાત્ પોતાનું કલ્યાણ ઇચ્છતા સર્વને મનધાર્યો વ્યવહાર ન કરવો.

આમ, આધ્યાત્મિક માર્ગમાં મનગમતું કરવામાં નુકસાન છે અને મૂકવામાં અનેક લાભ છે. તેથી જ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'મનગમતું કરવું તે કનિષ્ઠ છે ને સંત કહે તેમ કરવું તે શ્રેષ્ઠ છે.'

● આજ્ઞા પ્રમાણે કરે તે શ્રેષ્ઠ છે :

૧) લૌકિક ફળ :

❋ ગુણાતીતાનંદ સ્વામી **૨/૨૬મી વાતમાં** કહે છે : 'આજ્ઞાએ થોડું કરે તોપણ ઘણું (ફળ) થાય છે. જેમ ગણપતિએ આજ્ઞાથી ગાયની પ્રદક્ષિણા કરી અને કન્યા વરી.'

૨) સત્પુરુષનો રાજીપો થાય :

❋ સ્વામીશ્રી તા.૪-૨-૧૯૯૬ના રોજ વિદ્યાનગરમાં બિરાજમાન હતા. રક્ષિત કહે : 'અમે જે કરીએ છીએ તેમાં આપ રાજી છો ?' સ્વામીશ્રી કહે : 'આજ્ઞાથી થાય એમાં રાજી છીએ. ભલેને સેવા સોંપી હોય તે ઝાડુ વાળવાની હોય કે બીજી, પણ એ પ્રમાણે કરવું તો રાજીપો થઈ જાય.'

૩) બ્રહ્મરૂપે વર્તાય :

❋ એક વખત યોગીજી મહારાજ ઝારોલા ગામમાં પધારેલા. યોગીજી મહારાજે યુવકોને કહ્યું : 'હું પધરામણીએ જાઉં છું. તમે વચનામૃત ગઢડા મધ્ય ૫૧નો મુખપાઠ કરો.' બધાએ મુખપાઠ કર્યો. યોગીજી મહારાજ પાઠ લીધા પછી કહે : 'તમે બધા બ્રહ્મરૂપે વર્ત્યા.'

સત્પુરુષની આજ્ઞાથી ઘંટડી ખખડાવે તોપણ બ્રહ્મરૂપે વર્ત્યા કહેવાય.

❋ ઘણી વખત આપણને શંકા થાય કે રવિસભા ભરવાથી બ્રહ્મરૂપ થવાતું હશે ? હા, થવાય છે કારણ કે This is a divine technology. આ દિવ્ય કરામત છે.

માથું મોટું હોય પણ તે દુખતું હોય ત્યારે દવાની ગોળી માથા જેટલી મોટી ન હોય. ગોળી નાની જ હોય. તેમાં પણ હોમિયોપેથીની ગોળી તો સાવ નાની હોય. પણ માથું દુખતું મટી જાય. તેમ ગમે તેટલી કસર હોય પણ નાની આજ્ઞા પણ અનંત જન્મોની કસર ટાળી શકે, બ્રહ્મરૂપ કરી શકે.

● પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં મોટાપુરુષોનાં વચનની મહત્તા :

❋ તા.૨૩-૪-૨૦૦૭, સારંગપુર : ભોજન દરમ્યાન સંતોએ સ્વામીશ્રીની રુચિ જાણવાના હેતુથી પ્રશ્નોત્તરીના કાર્યક્રમનું આયોજન કરેલું. તેમાં પ્રશ્ન પૂછ્યો : 'આપને સેવાની પસંદગી કરવાની હોય તો કઈ સેવા પસંદ કરો ?' તેમાં વિકલ્પ છે : (૧) સાફ સફાઈ (૨) વાસણ ધોવાની (૩) રસોઈ કરવી (૪) સંડાસ-બાથરૂમ સાફ કરવાની. આ ચારેય સેવા સ્વામીશ્રીએ ખૂબ જ કરી છે. પસંદગી અઘરી હતી છતાં સ્વામીશ્રીએ તત્ક્ષણ જવાબ આપ્યો : 'શાસ્ત્રીજી મહારાજની જે આજ્ઞા થાય તે અમે પસંદ કરીએ.' અહીં સ્વામીશ્રી આપણને શીખવે છે કે સેવા પણ

આપણી પસંદગીની નહીં, ગુરુની આજ્ઞા અનુસાર કરવી જોઈએ.

❊ રાજકોટમાં એક યુવકે પ્રમુખસ્વામી મહારાજને પ્રશ્ન પૂછ્યો : 'આપની પ્રગતિનું રહસ્ય શું ?' સ્વામીશ્રીએ જવાબ આપતાં કહ્યું : 'આધ્યાત્મિક માર્ગે જે લોકો પ્રગતિ પામી ચૂક્યા છે, અત્યારે પ્રગતિ પામી રહ્યા છે અને ભવિષ્યમાં પ્રગતિ પામશે તે બધા ગુરુનાં વચન પ્રમાણે કરવાથી જ પ્રગતિ પામ્યા છે. તે વિના બીજું કોઈ રહસ્ય નથી.'

આમ, આપણે જોયું કે પોતાની મેળે ગમે તેટલું કરે તેમાં મહેનત વધુ છે. તેમાં વિઘ્ન છે, અશાંતિ છે, અસુખ છે, જ્યારે મોટાપુરુષનાં વચન પ્રમાણે કરવાથી કાર્ય સરળ બને છે. તેમાં વિઘ્ન નથી, શાંતિ ને સુખ મળે છે. તો મોટાપુરુષનાં વચન પ્રમાણે વર્તી આપણી જીવનસાધનાને વધુ સુગમ બનાવીએ તેવું બળ, બુદ્ધિ આપણને મહારાજ-સ્વામી આપે તે જ તેમનાં ચરણોમાં પ્રાર્થના.

❁ ❁ ❁

આવ્યું હતું : Obey your ગુરુ, Obey your પ્રગતિનું.

સ્વામીની વાત : ૨ (પ્રકરણ : ૧/૧૧૭)

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરીજે...

મોટા છે તે કોઈકને વધુ સુખ આપે છે ને કોઈકને થોડુંક સુખ આપે છે તેનું કેમ સમજવું ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, મોટા તો સમુદ્ર જેવા છે તે સમુદ્રમાં પાણીની ખોટ નથી.' તેમ એ તો કોઈને ઓછું સુખ આપતા નથી. પણ પાત્રને લઈને એમ જણાય છે. ને ઉપરથી તો મોટા માણસનું રાખવું પડે છે એવું ગરીબનું ન રખાય, એ તો વહેવાર કહેવાય જે પર્વતભાઈ જેવા વાંસે બેસે ને મોટું માણસ હોય તે આગળ બેસે.

સ્વામીની વાતનું નિરૂપણ

- આ વાતમાં સત્સંગી માત્ર-ને સત્સંગમાં આવ્યા બાદ ઉદ્‌ભવતા પ્રશ્નનું સમાધાન છે.
- 'સ્વામીબાપા અમુક હરિભક્તોને વધારે બોલાવે છે. તેને જ લાભ આપે છે. પૈસાદારને આગળ બેસાડાય છે. વી.આઈ.પી. વ્યવસ્થા નકામી છે. અમુકને હાર આપે છે.' આવા પ્રશ્નો આપણને સહજ થાય છે.
- આનું કારણ છે આપણે પ્રગટને ભજીએ છીએ. ભગવાન જ્યારે મનુષ્યરૂપે પ્રગટ થાય ત્યારે તેમની દરેક ક્રિયા મનુષ્ય જેવી જ હોય. મનુષ્ય જેવા જ સ્વભાવો-કામ, ક્રોધ, લોભ, પક્ષપાત વગેરે એમાં ભાસે છે. (પં. ૪) એમની ક્રિયા જોઈને આપણને મનુષ્ભાવ આવે જ.
- મહારાજ દાદાખાચરના દરબારમાં રહેતા. દાદાની ભક્તિને સમર્પણ જોઈને તેને વશ થયેલા. આથી જીવા ખાચરને મહારાજનો સતત અભાવ આવે. ઈર્ષ્યાને લીધે મહારાજને મારવા તૈયાર થયા. - આ મનુષ્યભાવ છે.
- આવું જોઈએ ત્યારે કઈ રીતે સમાધાન કરવું ?

મોટાપુરુષ પક્ષપાત શા માટે રાખે ?

- જો એને અમુક વહાલા હોય તે અમુક જ અળખામણા હોય તો તે પૃથ્વી પર જ ન આવે, ને આવે તો જ્યાં પૈસાદાર દેશ ને વસ્તી હોય ત્યાં જ રહે. સ્વામીબાપા આદિવાસીની ઝૂંપડીમાં જાય છે. ગામડે ય જાય છે.
- એક સાથે લાખ - કરોડ કીડીઓ નીકળી હોય તેમાં કઈ મોટી ને કઈ નાની ? એમ મોટાપુરુષની અક્ષરઆકારે દૃષ્ટિ છે. અક્ષરની નજરમાં તો બ્રહ્માંડ પણ અણુ જેવા હોય છે તો માણસ કે તેની લૌકિક મોટ્યપ શું નજરમાં આવે ? એને બધુ એક સરખુ હોય છે. કોઈ મોંઘો હાર કે મોંઘી ભેટ આપે તો ફુલાઈ ન જાય. એમને બધુ એકસરખું છે.
- શ્રીજીમહારાજ : જેટલું માયિક પદાર્થ છે તે સર્વ નાશવંત ને તુચ્છ સરખુ જણાયા કરે છે. પણ એમ વિક્તિ નથી જણાતી કે આ પદાર્થ સારુ છે ને આ ભૂંડું પદાર્થ છે.' જેટલા માયિક પદાર્થ છે તે સર્વે એક સરખા જણાય છે. જેમ કાખના મુવાળા છે તેમાં કયો સારો ને કયો નરસો ? સહુ એકસરખા છે. તેમ છતાં કાંઈક સારુ-નરસુ કહીએ છીએ તે તો ભગવાનના ભક્તોને સારું લગાડવાને અર્થે કહીએ છીએ. - ગ.મ. ૫૫
- ગ.મ. ૧૩ : આ હરિભક્ત બહુ મોટો ને આ

હરિભક્ત બહુ નાનો એમ નથી જણાતું. બધાય હરિભક્ત સરખા જણાય છે. (શ્રીજી મહારાજ)

● મોટાપુરુષ સમુદ્ર જેવા છે :

- સમુદ્રમાં ગારો, લીલ, છીપ, મોતી, માછલાં, કાચબા, ઝેરીસાપ, મગરમચ્છ ને વહેલ જેવી માછલી - એ બધુ જ હોય. સમુદ્ર એ બધાને એક જ પાણીમાં રાખે છે. એ જરા પણ પક્ષપાત રાખતો નથી. એમ મોટાપુરુષ પણ સત્સંગમાં નાનાથી માંડીને મોટા સુધીના વિવિધ કર્મ-સંસ્કાર-પ્રારબ્ધવાળા જીવોને રાખે, પણ એને કોઈ વહાલો કે અળખામણો નથી.
- સમુદ્રમાં બીજી વિશેષતા એ છે એમાંથી ગમે તે જીવ-જંતુ-પશુ-પક્ષી-જળચર કે વાદળાં- ગમે તેટલું પાણી પીએ, પણ સમુદ્ર જરાપણ ઓછો થતો નથી. એમાં વધઘટ થાય નહીં. એ હંમેશાં સ્થિર રહે.

એમ મોટાપુરુષમાં પણ સુખનો અખૂટ ભંડાર છે. કોઈ ગમે એટલું લૂંટે પણ એમાં ક્યારેય વધ-ઘટ થતી નથી. લૂંટે એટલું એનું કારણ સત્પુરુષ એના એ જ છે. **પણ વધુ-ઓછુ સુખ આવે છે** એનું સામાવાળાની પાત્રતા છે.

સૂર્યનો પ્રકાશ પૃથ્વી પર પડે તો તેનું જરાપણ પ્રતિબિંબ ન પડે. ડહોળા પાણી પર પડે તો આધુંપાછું ઝાંખોળું પડે. પણ અરીસા પર પડે તો જેવો સૂર્ય એવો જ પ્રકાશ સામો દેખાય. સૂર્ય એનો એ જ છે પણ સામા પાત્રને લીધે પ્રકાશની માત્રામાં ફેર પડી ગયો.

એમ સત્પુરુષ એના એ જ રહે છે. જેવી આપણી ભાવના, દિવ્યભાવ, મુમુક્ષુતા ને સમજણ એ મુજબ આપણને સુખ ને દિવ્યતાનો અનુભવ થાય.

- નાજા જોગીયા શ્રીજીમહારાજ ભેગા જ રહેતા. અંગત સેવક જ હતા. એમને પોતાને એવું રહ્યા કરે કે અમે ભાગ્યશાળી. પણ તેમને સમજણની કસર રહી ગઈ. ગુણાતીતાનંદ સ્વામી મળ્યા ત્યારે ટળી. જ્યારે બીજી બાજુ જાગાસ્વામી ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી સાંખડાવદરમાં બીડ સાચવવા ગયા. તો ય સુખ આપ્યું. દૂર રહ્યા છતાં. આનું કારણ પાત્રતા અને સમજણનો ભેદ છે.
- ગુણાતીતાનંદ સ્વામીના સિગરામ સાથે હરિભક્તો પણ ચાલતા. ભગતજીને બોલાવ્યા તો એ ન આવ્યા. કારણ પૂછ્યું તો કહે : સ્વામીની ગોદડીમાંથી અનંત સૂર્યનું તેજ નીકળે છે.' બીજા હરિભક્તને તો ફાટેલી ગોદડી દેખાતી. જ્યારે ભગતજી મહારાજ મહિમા સહિત દર્શન કરતા હોવાથી તેજતેજ જણાતું.
- વરતાલમાં એકવાર શ્રીજીમહારાજ પાસે ચાર પાટીદાર આવ્યા. કહે : 'મહારાજ ! તમારા ચરણ સામુ જોઈએ છીએ ત્યારે તમે ભગવાન જણાઓ છો, પણ તમારા મુખ સામે જોઈએ છીએ ત્યારે તમે મનુષ્ય જેવા લાગો છો.'

આ પાટીદારોને મહારાજનું મુખ સામાન્ય માણસ જેવું જ લાગ્યું. જ્યારે નંદ સંતોએ મહારાજના મુખના વર્ણન માટે 'પૂરણશશીમુખ, વદનકમળ, મુખારવિંદ' એવી ઉપમા આપી છે. આનું કારણ - પાત્રતા.

- સમુદ્રમાં પાણી અખૂટ છે. તેમાંથી ચકલી, સમડી, મોર, ગરુડ કે અનળ પક્ષી - જેની જેવી ચાંચ એટલું પાણી પોતે ભરી શકે. એમ મોટાપુરુષના સુખ સાગરમાંથી જે જેટલો પાત્ર, તેટલું સુખ એ મેળવી શકે.
- એમને મન નાના-મોટાનો ભેદ નથી. મહારાજ સગરામ વાઘરીને ત્યાં પણ જતા ને સયાજીરાવ ગાયકવાડને ત્યાં પણ જતા.
- પ્ર.સ્વા. મહારાજ પણ રાષ્ટ્રપતિને જે ભાવથી મળે છે તે જ ભાવથી તેના પટાવાળાને પણ મળે છે.
- એકવાર સારંગપુરમાં એક સામાન્ય માણસે

સ્વામીને રોક્યા. ૧૦ મિનિટ સુધી મુદ્દા વિનાની સાવ વાહિયાત વાતો કરી. સ્વામી ધ્યાનથી સાંભળતા રહ્યા. સમજવા પ્રયત્ન કરી રહ્યા. ત્યાં કોઈ આવીને પેલાને બાજુ પર લઈ ગયું. 'સ્વામી ! આ તો પાગલ છે.' સ્વામીને જરાય ભેદ નહીં.

- અમદાવાદમાં સાવ ગરીબ, વૃદ્ધ ને અશક્ત એવા નારણભાઈ મિસ્ત્રી સ્વામીની વાટ જોતા ઉતારાના પગથિયા પર બેઠેલા. સ્વામીએ એમને જોયા ને પગથિયા પર બેસી ગયા. ને પ્રેમથી સમાચાર પૂછવા લાગ્યા.

● પાત્ર થવા માટે :

૧. દિવ્યભાવ રાખવો :

એમની દરેક ક્રિયા દિવ્ય અને કલ્યાણકારી જ છે. મને નથી સમજાતું એ મારી ખોટ છે - અરિસામાં કોઈ ડાઘ નથી. મારા મોઢા પર ડાઘ છે એ જ અરીસામાં દેખાય છે. સ્વામીશ્રીની દરેક ક્રિયા નિર્મળ છે. દિવ્ય છે. મારા દોષોના આવરણને લીધે તેમનામાં દોષ દેખાય છે.

- પ્ર.સ્વા.ને પૂછ્યું 'તમને શાસ્ત્રીજી મહારાજની કઈ ક્રિયા ગમતી ?'

'બધી જ.'

૨. આજ્ઞા પાળવી.

મોટાનું રાખે છે : શા માટે ?

- એ લૌકિક વિવેક કહેવાય. મહારાજની આજ્ઞા છે. (ગ.મ. ૬૧)

સંસારમાં કોઈ મોટો કહેવાતો હોય ને તે જ્યારે સભામાં આવે ત્યારે એને યાદ કરી આગળ બેસારવો જોઈએ. અને એ વ્યવહાર છે તે જ્ઞાની-ત્યાગી તેણે પણ રાખવો જોઈએ. ભેદ ન રાખે તો એમાંથી ભૂંડું થાય ને ભજન-સ્મરણમાં વિક્ષેપ થાય.'

- પરિક્ષિત રાજા શમીક ઋષિના આશ્રમમાં ગયા. ઋષિ સમાધિમાં હતા. રાજાનું સન્માન થયું નહીં. તેથી રાજાને રીસ ચડી. મરેલો સાપ ઋષિના ગળામાં નાંખ્યો ને તે જોઈને ઋષિના પુત્રે રાજાને શાપ દીધો કે ૭ દિવસમાં મૃત્યુ થાય. આમ ભૂંડું થયું.

- આપણી સભામાં મુખ્યમંત્રી આવે ને તેનું યોગ્ય સન્માન ન કરીએ તો તે આપણને ભજનમાં વિક્ષેપ કરે.

● સાચી મોટ્યપ કઈ છે ?

શ્રીજીમહારાજના મતે ૧. ભગવાનના નિશ્ચયે કરીને. ૨. એની આજ્ઞા પાળવે કરીને જ સાચી મોટ્યપ છે. પર્વતભાઈ ભલે વાંસે બેસે, પણ એ તો મહારાજને શિખામણ દે એવા હતા. ◆

સ્વામીની વાત : ૧ (પ્રકરણ : ૧/૧૧૯)

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે...

કોટિ જન્મે કસર ટળવાની હોય તે આજ ટળી જાય, ને બ્રહ્મરૂપ કરી મૂકે, જો ખરેખરા સાધુ મળે ને તે કહે તેમ કરે તો.

સ્વામીની વાતનું નિરૂપણ

● કસર એટલે શું ?

- કસર એટલે માયા. અનાદિ અજ્ઞાન, અવિદ્યા, કારણ શરીર, વિષયવાસના, જન્મમરણ.
- કારણ શરીર આંબલીના કચૂકાની છાલ જેવું છે. આ છાલ કચૂકા સાથે એ રીતે જોડાયેલી હોય છે કે કોઈ રીતે છૂટી ન પડે. જો તોડો તો કચૂકો ભાંગે પણ છાલ છૂટી ન પડે. તેમ જીવ સાથે આ કારણદેહ-કસર ચોંટેલી છે. તે અનાદિની છે. ક્યારેય ટળે એવી નથી.
- વાસના અગ્નિમાં ન બળી, જઠરાગ્નિમાં ન બળી, વીજળીનાં અગ્નિમાં ન બળી તે મહાપ્રલયકાળના અગ્નિમાં પણ ન બળી. - ગુણાતીતાનંદ સ્વામી
- એક સુદર્શન ચક્રમાં ૧૦,૦૦૦ સૂર્યનું તેજ છે. તે સુદર્શનચક્રને જો માયાના અંધકારમાં મૂકે તો તે એક ટમટમિયું બની જાય એવી પ્રબળ છે

આ વાસના.

- ભલભલાને ભૂલાવે. ભરતજી સમગ્ર પૃથ્વીના રાજા હતા. ભગવાનના પુત્ર હતા. તેનો ત્યાગ કરીને વનમાં ગયા. ભગવાન ભજવા. ત્યાં મૃગના બચ્ચામાં આસક્તિ બંધાઈ ને તેમાં ચોંટી ગયા. તો બીજો જન્મ મૃગનો આવ્યો. કસર રહી ગઈ.
- આવી કસર ટાળવાનો એક અદ્‌ભુત ઉપાય ગુણાતીતાનંદ સ્વામી બતાવે છે : માત્ર કસર ટાળે નહીં, પણ સાથે બ્રહ્મરૂપ પણ કરી મૂકે.
- દારૂગોળાનો મોટો ઢગલો હોય તેને બાળવા માટે એવા જ મોટા અગ્નિની જરૂર ન પડે. માત્ર એક તણખો પડે તો ય બધુ બળીને ભસ્મ થઈ જાય. તેમ કરોડ જન્મની કસર સાચા સંતના માત્ર એક શબ્દથી ટળે.
- ગુણાતીતાનંદ સ્વામી : બીજે જે કામ એક કલ્પે થાય છે તે અહીં એક દિવસમાં થાય છે. એટલે કે એક સેકન્ડમાં એક લાખ વર્ષનું કામ થાય છે - સાચા સંતના સમાગમમાં.
- સંત ઈબ્રાહીમ : ઓલિયા સાથે વીતાવેલી એક પળ એ ૧૦૦ વર્ષની ઈશ્વરની બંદગી કરતા પણ અધિક છે.
- ખરેખરા સાધુ એટલે પરમ એકાંતિક સંત, ગુણાતીત સત્પુરુષ.
- મૂંજો શૂરુ લુંટારો હતો. લોકોને તે રંજાડતો. પાપનો પર્વત કહેવાય. તેને ગુણાતીતાનંદ સ્વામીનો યોગ થયો. ભક્ત બની ગયો. એકવાર એક ભરવાડ સ્વામીને મળ્યો. પૂછ્યું : 'ઓલ્યા મુજા શૂરુના ગુરુ તમે ?' સ્વામી : 'હા,' તો દંડવત્ કરવા માંડ્યો. 'તમે મને ન્યાલ કરી દીધો. એ મૂંજો મારા વાડામાંથી રોજ બકરા ઉપાડી જતો.'
- વાલિયો લૂંટારો નારદજીના સમાગમથી વાલ્મિકી ઋષિ બની ગયા.
- સોનાનો સંગ થવાથી કાચ, એ પણ મહામૂલા મરકત મણિ જેવું તેજ પ્રાપ્ત કરે છે. જ્યારે સત્પુરુષોની સાથે રહેવાથી મૂર્ખ પ્રવીણતા પ્રાપ્ત કરે છે.

એક ઘડી આધી ઘડી.
તાકી પૂની આધ.
તુલસી સંગત સંત કી,
કરે કોટિ અપરાધ.

- સયાજીરાવ ગાયકવાડનો પુત્ર અવસાન પામ્યો. ખૂબ અશાંત થઈ ગયા. બોચાસણ આવ્યા. શાસ્ત્રીજી મહારાજની વાતો સાંભળી. શાંતિ થઈ ગઈ.

તીન તાપ કી ઝાલ ઝર્યો, પ્રાની કોઈ આવે,
તાકુ શીતલ કરત, તુરત દિલ દાહ મીટાવે.

- ૧૯૮૨માં અમેરિકામાં રહેતા હરિભક્ત જયંતીભાઈના દીકરાનું અવસાન થયું. તેમને ખૂબ જ અશાંતિ થઈ. પ્રમુખસ્વામી મહારાજને ફોન કર્યો. સ્વામીશ્રીએ ફોન પર વાતો કરી. તો અપાર શાંતિ થઈ.

ખરેખરા સાધુ મળે તો કાર્ય થાય. પણ ક્યારે ? **તે કહે તેમ કરે તો.**

- સાચા સાધુની આજ્ઞામાં વર્તવું પડે.
- એક ભાઈને ભૂત વશ્ય થયેલો. તે કહે તે બધુ કામ ભૂત કરે. જ્યારે કામ પતી જાય ત્યારે ભૂત આ ભાઈની પાછળ પડે. ને ખાવા દોડે. ભાઈ કંટાળ્યા. સાધુ પાસે ગયા. સાધુ કહે તું આંગણામાં એક વાંસડો રોપ. જ્યારે ભૂત નવરો પડે ત્યારે કહેવાનું કે આના પર ચઢ-ઊતર સાધુએ કીધુ એ પ્રમાણે કર્યું તો શાંતિ થઈ ગઈ. સાધુ કહે એમ કરવું પડે.
- ઉપેન્દ્રાનંદ સ્વામીને કામ બહુ પીડતો. ગુણાતીતાનંદ સ્વામીને વાત કરી. ગુણાતીતાનંદ સ્વામી કહે : 'ચાલો, જૂનાગઢ.' જૂનાગઢમાં સ્વામી એમને વિવિધ સેવામાં જોડે. ઉપેન્દ્રાનંદ સ્વામી વિશ્વાસ રાખીને સેવા કર્યા

કરે. એક દિવસ સ્વામીએ મેડી ઉપર ગાર લીપવાની આજ્ઞા કરી. ઉપેન્દ્રાનંદ સ્વામી ગાર લીપવા લાગ્યા. એટલામાં ત્યાંથી ગુણાતીતાનંદ સ્વામી નીકળ્યા. એક દૃષ્ટિ કરી ને આંખમાંથી કામ ખેંચી લીધો. કસર ટાળી દીધી.

- બોચાસણમાં હીરાભાઈ મુખી માથા-ભારે માણસ. દારૂ-માંસ બધુ લે. ગામમાં પણ બધાને રંજાડે. એકવાર શાસ્ત્રીજી મહારાજને જમવા આમંત્ર્યા. બધા જમ્યા. શાસ્ત્રીજી મહારાજ કહે : 'તમારુ એક પણ વર્તમાન ચોખ્ખું નથી. વર્તમાન ધરાવો તો અમે જમીએ.' સ્વામીએ વર્તમાન ધરાવ્યા. ને હીરાભાઈ પરમ ભક્ત બની ગયા.
- પ્રમુખસ્વામીએ આ જ રીતે તળાજાના રીશુભા વાળાનું પરિવર્તન કરેલું છે.
- ગ.પ્ર. ૭૬ ગમે એવા વચનમાં ભીડામાં લઈએ અને એનું ગમતું મુકાવીએ અમારા ગમતામાં રાખીએ તો પણ કોઈ રીતે દેહપર્યંત મુઝાય નહીં એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું હેત થાય છે.
- જૂનાગઢમાં યોગેશ્વરદાસ સ્વામી અને બાલમુકુંદ સ્વામી સાધુ થવા આવ્યા. સાધુ થયા પછી ગુણાતીતાનંદ સ્વામી એમને રોજ ૧ કલાક બપોરે તડકામાં ઊભા રાખે. આવું એક મહિનો કર્યું. બંને જરાપણ સંશય વિના આજ્ઞા પાળે. સ્વામીએ પૂછ્યું, 'તમને કંઈ પ્રશ્ન નથી થતો કે કેમ તડકામાં ઊભા રાખે છે ? 'બેય બોલ્યા : 'અમે ઘરેથી નક્કી કરીને આવ્યા હતા કે સ્વામી કહે એમ જ કરવું.' ગુણાતીતાનંદ સ્વામી વિશેષ રાજી થયા.

અતિ મોટા પુરુષને આશરે રે
બળે પૂર્વ જન્મના પાપ,
માટે સેવે તું સાચા સંત ને રે,
તારા ટળશે ત્રિવિધના તાપ
- દેવાનંદ સ્વામી

- ગુણાતીતાનંદ સ્વામી : સંત કહે તેમ કરવું તે શ્રેષ્ઠ છે. આજ્ઞાથી થોડું કરે તો પણ ઘણું થાય છે.

જૂનાગઢમાં મુકુંદચરણદાસ પાર્ષદ હતા ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ તેમને વાવવાનું કહ્યું : 'તો કહે મેં ક્યારેય વાવ્યું નથી.'

સ્વામી કહે : 'તો ય વાવો.' આજ્ઞાથી બાજરો વાવ્યો. સાંજે આવ્યા. સ્વામી રાજી થયા ને કહે : 'આ તો મોટા સત્પુરુષ થશે ને કોઠારી બનશે.' પછી ત્યાગી થયા ને કોઠારી બન્યા.

- જૂનાગઢમાં ચુનાની ભઠ્ઠી કાઢવાની હતી. ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજને આજ્ઞા કરી કે ૨૦૦ પાવડા ને ૩૦૦ તગારા ભેગા કર.' થોડીવાર પછી ૧૦-૧૫ પાવડા ને ૨૦-૨૫ તગારા ભેગા કર્યા. સ્વામીએ કહ્યું : 'ઓછા હતા તો હા કેમ પાડી ?' ભગતજી મહારાજ કહે : 'મારે તમારું વચન હેઠુ નહોતું પડવા દેવું.'
- આ જ રીતે ગિરનારને બોલાવવાની આજ્ઞા કરી તે પણ પાળી.
- પથરા ઉચક્યા. ચૂનો કાલવ્યો.

તો સ્વામીશ્રીએ બ્રાહ્મીસ્થિતિ પમાડી દીધી.

- આ જ રીતે આપણને ખરેખરા સાધુ તો મળી જ ગયા છે. એ છે પ્રમુખસ્વામી મહારાજ. એમના સાન્નિધ્યમાં આપણી કરોડ જન્મની કસર ટળી શકે એમ છે. એટલે આપણું ૫૦% કાર્ય તો સિદ્ધ થઈ જ ગયું છે. બાકીનું ૫૦% આપણા ભાગે રહે છે. : એ છે એ કહે એમ કરવું તે.'

એટલે કસર ટાળવા એક જ ઉપાય છે. એમની આજ્ઞાનું પાલન કરો.

- અમૃત મહોત્સવમાં હવાઈ ટાપુ પર હિન્દુ સંસ્કૃતિનું પ્રચાર-પ્રસાર કરતા શિવાય સુબ્રહ્મણ્યમ્ સ્વામી આવેલા. પોતે મૂળ વિદેશી

છે. પરંતુ સાધુની દીક્ષા લીધી છે. તેમણે સભામાં બેઠેલા હરિભક્તોને એક જ સૂત્ર આપ્યું હતું : Obey your ગુરુ, Obey your ગુરુ, Obey your ગુરુ,' એટલે ગુરુની આજ્ઞાનું પાલન કરો.' આ જ એક સૂત્ર છે : પ્રગતિનું.

સ્વામીની વાત : પ્રકરણ - ૧ : વાત - ૧૧૯

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે...

કોટિ જન્મે કસર ટળવાની હોય તે આજ ટળી જાય ને બ્રહ્મરૂપ કરી મૂકે, જો ખરેખરા સાધુ મળે ને તે કહે તેમ કરે તો.

■ **મધ્યવર્તી વિચાર :**

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં કસરમાત્ર કાઢવાનો અને બ્રહ્મરૂપ થવાનો સરળ ઉપાય - સંત બતાવી રહ્યા છે.

❊ કસર એટલે પંચવિષયની આસક્તિ, સ્વભાવો.

❊ બ્રહ્મરૂપ એટલે વિષય, વહેમ, વાસના ને વ્યસનથી મુક્ત થવું. એકવાર પ.પૂ. સ્વામીશ્રીએ કહેલું : સત્પુરુષ જેમ સમજે છે તેમ સમજવું, તે જેમ વર્તે છે તેમ વર્તવું અને તેમણે જેમ પોતાનો દેહ ભક્તિમાં વાળ્યો છે, તેમ આપણે પણ ભક્તિ કરવી તેનું નામ બ્રહ્મરૂપ થયા કહેવાય.

❊ કસર ટાળવાની અને બ્રહ્મરૂપ થવાની શી જરૂર?

૧. વ્યાવહારિક જીવનમાં સુખી થવા માટે :

❊ **વચનામૃત ગઢડા મધ્ય-૫૧ :** ત્રણ ગુણનો સંગ છે ત્યાં સુધી કોઈ જીવ સુખિયો રહે નહિ.

❊ દુઃખમાત્ર આપણા સ્વભાવોને લીધે જ આવે છે. દુર્યોધન લોભથી દુઃખી; રાવણ કામથી દુઃખી, દક્ષ પ્રજાપતિ માનથી દુઃખી, લવિયો દરજી સ્વાદથી દુઃખી. એક ગામમાં બે પાડોશી રહેતા. બંને ખરીદી કરવા રેલ્વેમાં બેસી મોટા શહેરમાં જઈ રહ્યા હતા. અચાનક ટ્રેનને એક્સિડન્ટ થયો. બેમાંથી એકનું ત્યાં ને ત્યાં જ મૃત્યુ થયું. બીજાનો પગ કપાયો. એકનું શબ ઘરે આવ્યું, બીજો ઘાયલ અવસ્થામાં ઘરે આવ્યો. જે બાઈ વિધવા બની તે તો આ જોઈ રડવા માંડી. તેને જોઈને જેના ધણીનો પગ કપાયેલો તે રાજી થઈ ને પડોશણને વધુ દુઃખી કરવા જોરજોરથી બોલે : ભલે, આપણે તો ધણીનો પગ જ કપાયો ને ! ચૂડી-ચાંદલો તો અમર રહ્યા ને! આ સાંભળી વિધવા પડોશણ વધુ દુઃખી થાય. તેને દુઃખી થતી જોઈને બોલનાર બાઈ રાજી થાય. તેવામાં રેડિયો પર જાહેરાત થઈ કે આ અકસ્માતમાં જેનું સ્વજન મરી ગયું હશે તેને વ્યક્તિગત ૫-૫ લાખ રૂા. ની સહાય સરકાર આપશે. આ સાંભળી પેલી બાઈ કે જેનો ધણી જીવતો હતો તે દુઃખી થઈ ગઈ કે, બાજુવાળીને ૫ લાખ રૂા. મળશે ને આપણને કાંઈ જ નહિ. દુઃખ કેમ થયું ? ઈર્ષ્યાનો સ્વભાવ બહાર આવ્યો. માટે માણસ સ્વભાવથી જ દુઃખી. તે કસર ટળે તો આનંદ.

❊ **મુક્તાનંદ સ્વામી :**

અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે;
જીવનમુક્ત જોગિયા અંતર અરોગી રે...

❊ જેના અંતરમાં રોગ-કસર નથી તે સુખ ભોગવે છે.

❊ જેમ શરીરમાં કસર હોય તો સામે જ મિષ્ટાન્ન પડ્યું હોય પણ તેનું સુખ ન આવે. તેમ અંતરમાં કસર હોય તો બધું હોવા છતાં સુખી ન રહેવાય. અને તે કસર ટળે તો કાંઈ ન હોય છતાં અખંડ સુખ રહે. માટે વ્યાવહારિક જીવનમાં પણ સુખી થવા કસર ટાળી બ્રહ્મરૂપ થવાની જરૂર છે.

❊ આંખમાં કણું પડ્યું હોય તો મોંઘા ગોગલ્સ પહેર્યે તે દુઃખ દૂર ન થાય પણ કણું કાઢવું પડે; પગમાં કાંટો વાગ્યો હોય તો કિમતી પગરખાં લાવ્યે તે દુઃખ દૂર ન થાય પણ કાંટો કાંઢવો પડે; પેટમાં પથરીનો દુઃખાવો ઉપડે તો એ.સી. રૂમમાં છ ઈંચના જાડા ગાદલા પર સૂવાથી દુઃખ દૂર ન થાય પણ પથરી કાઢવી પડે, તેમ કસર ટાળ્યા વિના છૂટકો નથી કાં દુઃખ ભોગવ્યા વિના છૂટકો નથી.

૨. સત્સંગમાં વિઘ્ન ન આવે તે માટે :

❊ અલૈયા ખાચરને માનથી વિઘ્ન - જીવા ખાચરને ઈર્ષ્યાથી અને ફઈબાને હઠથી વિઘ્ન - ઉમરેઠના ગંગારામે આંબલીના સ્વાદ સારુ સમાગમ ખોયો.

❊ માટે શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા અંત્ય-૨૧માં કહે છે :

જે સત્તારૂપ (આત્મારૂપ-બ્રહ્મરૂપ) રહી નહિ શકે તેને તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિક જે શત્રુ, તે પીડ્યા વિના રહે જ નહિ. માટે જે આત્મસત્તારૂપ થઈ ભક્તિ નહિ કરતા હોય તેનું રૂપ તો આ સત્સંગમાં ઉઘાડું થયા વિના રહે જ નહિ.

❊ વળી તે જ વચનામૃતમાં કહે છે :
'...માટે સત્સંગ કરવો તે તો આત્મસત્તારૂપ થઈને અતિ દૃઢપણે કરવો.'

❊ **ગઢડા પ્રથમ ૨૩ :** એવી રીતની સ્થિતિ (બ્રહ્મરૂપની સ્થિતિ) જ્યાં સુધી નથી થઈ ત્યાં સુધી ભગવાનનો ભક્ત છે તોપણ તેને માથે વિઘ્ન છે. અને જો એવી સ્થિતિમાં શિવજી નહોતા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા અને એવી સ્થિતિમાં બ્રહ્મા નહોતા વર્તતા તો સરસ્વતીને દેખીને મોહ પામ્યા અને એવી સ્થિતિમાં નારદજી નહોતા વર્તતા તો પરણ્યાનું મન થયું અને ઈન્દ્ર તથા ચંદ્રાદિક તેમને જો એવી સ્થિતિ નો'તી તો કલંક લાગ્યાં; અને ભગવાનનો ભક્ત હોય પણ જો એવી સ્થિતિને પામ્યો ન હોય તો ભગવાનને વિષે પણ પ્રાકૃતભાવ પરઠાઈ જાય. જેમ રાજા પરીક્ષિત એવો ભક્ત નહોતો તો રાસક્રીડા સાંભળીને શ્રીકૃષ્ણ ભગવાનને વિશે સંશય થયો અને શુકજી જો એવા ભક્ત હતા તો તેને કાંઈ જાતનો સંશય થયો જ નહિ.

❊ પર્વતભાઈ શ્રીજીમહારાજનો સમાગમ કરવા ગઢડા ગયા. મહારાજે જોયું કે પર્વતભાઈ આવ્યા છે અને રોજ નિયમિત રીતે કથાવાર્તા, દર્શન-સમાગમનો લાભ લે છે. એમ કરતાં સાત દિવસ થયા. એક દિવસ શ્રીજીમહારાજે મૂળજી બ્રહ્મચારીને પૂછ્યું, 'પર્વતભાઈ આવ્યા છે તેમની જમવાની વ્યવસ્થા શું કરી છે ?' બ્રહ્મચારી કહે મહારાજ, 'લાડુબા-જીવુબા જમાડતાં હશે ?' મહારાજે લાડુબા-જીવુબાને પૂછ્યું તો કહે, 'મહારાજ અમે જમાડતાં નથી. અમને એમ કે બ્રહ્મચારી તમારા થાળની પ્રસાદી આપતા હશો.'

મહારાજે પર્વતભાઈને પૂછ્યું તો કહે, 'મહારાજ, બજારમાંથી દાળિયા (ચણા) ને ગોળ લઈ જમી લઉં છું. આપના સમાગમનો ખૂબ આનંદ આવે છે. કાઈ પ્રશ્ન નથી.

મહારાજે આઠમા દિવસથી બ્રહ્મચારીને કહી. થાળની પ્રસાદિ જમાડવાની વ્યવસ્થા કરી આપી. પણ પર્વતભાઈને સાત દિવસ સુધી જમવાનું કોઈએ પૂછ્યું નહીં. છતાં કસર ટળેલી તો પ્રશ્ન

ન થયો.

❊ શીવલાલ શેઠ ગુણાતીતાનંદ સ્વામીના અનન્ય ભક્ત હતા. બોટાદના નગરશેઠ હતા. નવ લાખના આસામી હતા.

એકવાર સભામાં બેસી કથાવાર્તા સાંભળતા હતા. શીવલાલ શેઠ મોંઢામાં સોપારી ચાવતાં હોવાથી કટ, કટ અવાજ આવતો હતો. અવાજને કારણે સભામાં વિક્ષેપ થતો હતો. ગુણાતીતાનંદ સ્વામીએ ચાલુ સભાએ ટકોર કરી કે, 'હાડકું કોણ ચાવે છે ?' શીવલાલ શેઠ બે હાઠ જોડીને ઊભા થયાં અને બહાર જઈને સોપારી થૂંકી આવ્યાં.

શીવલાલ શેઠે ગુણાતીતાનંદ સ્વામી થકી જ્ઞાન-સમજણ સિદ્ધ કર્યા હતા. તો અપમાનમાં પણ ખોટું ન લાગ્યું.

❊ ગુણાતીતાનંદ સ્વામીની વાતોમાં કહ્યું છે કે એક હરિજને ચાર-પાંચ વચનામૃત વાંચ્યા, તે વચનામૃતનાં નામ-પ્રથમનું ત્રેવીસ ને મધ્યનું ત્રીસ ને પિસ્તાલીશ ને અમદાવાદનું બીજું ને ત્રીજું. ત્યારે સ્વામી બેઠા થઈને બોલ્યા જે, 'આ વચનામૃત તો જાણે સાંભળ્યા જ નહોતાં.' એમ કહીને બોલ્યા જે, 'ફરીથી વાંચો.' ત્યારે ફરીથી વાંચ્યાં. ત્યારે સ્વામી બોલ્યા જે, 'કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી. તે આપણે તો કર્યા વિના છૂટકો નથી પણ આચાર્ય હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે નાના-મોટા ભગવાન હોય, પણ એમ કર્યા વિના છૂટકો નથી, કેમ જે એ પણ મહારાજનો મત છે.'

૩. ભગવાન અને સંતમાં મનુષ્યભાવ ન આવે :

❊ **વચનામૃત ગઢડા મધ્ય-૫૭ :** અને એ આત્મારૂપે જે વર્તવું તે કેવળ બ્રહ્મ થઈને મસ્ત થવું એને અર્થે નથી. એ તો પોતાને આત્મારૂપે રહેવું તેનું એ પ્રયોજન છે જે 'હું આત્મા છું તે મારે વિષે કોઈ જાતનું માયાનું આવરણ નથી. તો આત્મા થકી પર જે પરમાત્મા નારાયણ વાસુદેવ તેને વિષે તો માયાનો લેશ પણ કેમ હોય ? એવી રીતે ભગવાનમાં કોઈ રીતનો દોષ ન આવે તે સારુ આત્મનિષ્ઠા દૃઢ કરીને રાખવી.

❊ મુક્તાનંદ સ્વામીને લઈને શ્રીજીમહારાજ જેતલપુરમાં (નાથીબાઈ) ગણિકાને ઘેર પધરામણીએ ગયા તોય મુક્તાનંદ સ્વામીને સંશય ન થયો ને કીર્તન રચ્યું :

સજની કોડે આનંદ મારે ઘેર શ્રીજી પધાર્યા ...

❊ પણ આંબા શેઠને એવી સ્થિતિ નો'તી તો મહારાજે અદીબાને ખભે હાથ મૂક્યો તેમાં મનુષ્યભાવ આવી ગયો.

૪. ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ પધરાવવા માટે :

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, એક હરિજન સામું જોઈને બોલ્યા જે, તમારે મૂર્તિ તો છે, પણ મંદિર વિના પધરાવશો ક્યાં ? માટે ભગવાન પધરાવવા હોય તો આમાં કહ્યું એવું મંદિર કરવા શીખો, તો ભગવાન રહે. એમ કહીને બોલ્યા જે, આ મંદિર સારુ મૂર્તિયું લેવા ગયા ત્યારે સલાટે કહ્યું જે, કેવી મૂર્તિયું કાઢી આપું ?

ત્યારે સાધુએ કહ્યું, 'આ નકશા પ્રમાણે કાઢી આપો.' ત્યારે તે સલાટે કહ્યું જે, 'લાખો રૂપિયાનું મંદિર હોય ત્યારે એવી મૂર્તિયું શોભે.' પછી સાધુએ કહ્યું જે, 'મંદિર પ્રમાણે જ મૂર્તિયું લેવા આવ્યા છીએ.' ત્યારે કહે જે, 'તો કાઢી આપું.' પછી સલાટે મૂર્તિયું કાઢી આપીયું. તેમ આપણે બ્રહ્મરૂપ થયા વિના પુરુષોત્તમને પધરાવશું ક્યાં ? માટે પુરુષોત્તમ પધરાવવા હોય તો બ્રહ્મરૂપ થાવું.

૫. ભગવાન આપણી સાથે કાયમ રહે તેના માટે પણ બ્રહ્મરૂપ થવું પડે :

❊ જેમ વરસાદને ઝીલવા પાત્ર જોઈએ; હવામાં તરંગો હોય પણ ઝીલવા રેડિયો જોઈએ તેમ

ભગવાનને પધરાવવા બ્રહ્મરૂપ થવું પડે.

❊ શિક્ષાપત્રીનો સારભૂત શ્લોક :

નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રયવિલક્ષણમ્, ।
વિભાવ્ય તેન કર્તવ્યા ભક્તિઃ કૃષ્ણસ્ય સર્વદા ॥
(શિક્ષાપત્રી-૧૧૬)

આમ, કસર ટાળી બ્રહ્મરૂપ થવું તે સત્સંગ તથા જીવનમાં નિર્વિઘ્ન પ્રગતિ માટે આવશ્યક નહિ પણ અનિવાર્ય છે.

■ **બ્રહ્મરૂપ કેમ થવાય ? :**

❊ **વચનામૃત ગઢડા મધ્ય-૩૦ :** મનન કરતો સતો બ્રહ્મનો સંગ કરે તો એ બ્રહ્મના ગુણ જીવને વિશે આવે.

બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ ।

ઉપનિષદ - જે બ્રહ્મ(સ્વરૂપ)ને જાણે તે બ્રહ્મ(રૂપ) થાય છે.

❊ **વચનામૃત ગઢડા પ્રથમ-૬૦ :** એકાંતિક થકી એકાંતિકનો ધર્મ પમાય છે.

સાક્ષાત્ ભગવતઃ સંગાત્ તદ્ભક્તાનાં ચ વેર્દશામ્ ।
ધર્મો હ્યેકાન્તિકો પુમ્ભિઃ પ્રાપ્યતે નાન્યથા ક્વચિત્ ॥

સાક્ષાત્ ભગવાન કે ભગવાનના એકાંતિક સંત થકી એકાંતિકનો ધર્મ પમાય છે. તે વિના કદાપિ ન પમાય. **(સત્સંગિજીવન)**

❊ આમ, બ્રહ્મરૂપ થવા બ્રહ્મસ્વરૂપ સંત મળવા અનિવાર્ય છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, આ સાધુ તો અનેક પ્રકારથી એને (જીવને) બ્રહ્મરૂપ કરી દે. **(સ્વામીની વાત : ૪/૪)**

❊ ડોકટરથી ડોકટર થવાય. ઢોર ચારનારાથી ન થવાય. એન્જિનિયર થી એન્જિનિયર થવાય, રસોઈયાથી ન થવાય, તેમ બ્રહ્મરૂપ થવા બ્રહ્મસ્વરૂપ ગુરુ મળવા જોઈએ. તેવા ગુરુને અહીં મોટા સાધુ તરીકે સ્વામીએ કહ્યા છે કે મોટા સાધુ મળે તો બ્રહ્મરૂપ કરે.

■ **બ્રહ્મસ્વરૂપ ગુરુ કેવા હોય ? :**

❊ શ્રીજીમહારાજે તમામ શાસ્ત્રોમાં લખેલા બ્રહ્મસ્વરૂપ ગુરુ, સાચા સંતનાં લક્ષણોનો સમન્વય આપતા વાત કરી છે. શાસ્ત્રે કહ્યાં જે નિષ્કામ, નિર્લોભ, નિર્માન, નિઃસ્વાદ, નિઃસ્નેહ, ઈત્યાદિક સંતનાં લક્ષણ તેને સાંભળીને એવાં લક્ષણ જ્યાં દેખાય એવા જે સંત તેને ને ભગવાનને સાક્ષાત્ સંબંધ હોય. **(વચનામૃત : ગઢડા અંત્ય-૨૭)**

❊ સત્સંગિજીવનમાં લખ્યું :

ત્યાગીનાં પરમો ધર્મો શ્રીકૃષ્ણેખિલકારણે ।
ભક્તિરેકાન્તિકી નિત્યા તન્માહાત્મ્યાવબોધયુક્ ॥

ભગવાનની ભક્તિ તે ત્યાગીનો પરમ ધર્મ છે.

❊ આમ, પંચવર્તમાન સહિત ભક્તિ એ બ્રહ્મસ્વરૂપ ગુરુના, સાચા સંતના લક્ષણ છે.

❊ ગુણાતીત સંત પરંપરામાં આ લક્ષણોનાં સૌને દર્શન થાય છે.

❊ નિષ્કામી વર્તમાન એટલે બ્રહ્મચર્ય - ગુણાતીતાનંદ સ્વામીનું આ વર્તમાન જોઈ લોકો કહેતા : 'આપનું બ્રહ્મચર્ય જોઈ અમારા કાળજા તૂટી જાય છે.'

❊ વરતાલના કોઠારી ગોરધનદાસ કહેતા : વરતાલના બે હજાર સાધુઓમાં શાસ્ત્રી યજ્ઞપુરુષદાસ જેવો ધન-સ્ત્રીનો ત્યાગી હજી જોયો નથી.

❊ નિર્લોભી વર્તમાન એટલે દ્રવ્યનો ત્યાગ.

❊ ગુણાતીતાનંદ સ્વામીની ઝોળીમાંથી એક કોડી જેટલું પણ ધન ન નીકળ્યું તે જોઈ મંદિર જોવા આવેલ સૌરાષ્ટ્રની એક મોટી જગ્યાના સંતોને આશ્ચર્ય થયું.

❊ યોગીજી મહારાજને ટ્રેનમાં પરોક્ષના એક બાવાને પૈસા ગણતો જોઈ તાવ ચડી ગયો કે સાધુ થઈને પૈસાને અડે છે ?

❊ પ્રમુખસ્વામી મહારાજે ૪૫૦ ઉપરાંત મંદિરો કર્યા છતાં તેઓના નામે એક પાઈ કે એક ઈંચ જમીન

પણ નથી.

❊ <u>નિઃસ્વાદી વર્તમાન</u> એટલે જગતની વાનગીઓના સ્વાદનો ત્યાગ - જે લાવે તે ભેગું કરી, પત્તરમાં મૂકી, જળની અંજલિ નાંખી જમી જવાનું.

❊ યોગીજી મહારાજને આ રીતે જમતાં જોઈ મુંબઈના વિખ્યાત ધારાશાસ્ત્રી મનુ સુબેદારને આશ્ચર્ય થયું. તેઓએ પૂછ્યું : 'સ્વામી ! આમાંથી તમને સ્વાદ શું આવે ?' ''ગુરુ ! ભગવાનની મૂર્તિનો સ્વાદ આવે.'' યોગીજી મહારાજ હસતાં હસતાં બોલ્યા.

❊ <u>નિર્માની વર્તમાન</u> એટલે માનરહિત વર્તવું.

❊ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ મંદિરના મહંત છતાં મંદિરનો ચોક વાળવાની સેવા કરતા. ભગતજી મહારાજે અમદાવાદમાં ધૂળના ગાડાં ખાલી કરેલાં.

❊ શાસ્ત્રીજી મહારાજ મંદિરના પાયા ગાળતા, તગારાં ઉપાડતા, અપમાન સહન કરતા.

❊ યોગીજી મહારાજ કહેતા, 'કોઈ મારું અપમાન કરે તો હું રાજી ... કોઈ મારી જય બોલાવે તો મને ન ગમે, હાર પહેરાવે - દંડવત્ કરે તે ન ગમે.'

❊ પ્રમુખસ્વામી મહારાજને જોઈને એન.ડી.ડી.બી.ના ચેરમેન ડો. કુરિયન બોલી ઉઠેલા કે પ્રમુખસ્વામીનું મુખારવિંદ જોઈને જ ખબર પડી જાય કે સ્વામીશ્રી નિર્માની છે.

❊ ૧૯૮૫માં રાષ્ટ્રપતિ ઝૈલસિંઘ સ્વામિનારાયણ નગર અને સ્વામીશ્રીના દર્શનથી પ્રભાવિત થઈ ''પ્રમુખસ્વામી અહંશૂન્ય હૈ'' તેમ બોલી ઊઠેલા.

❊ પ.પૂ. સ્વામીશ્રીએ પ્રમુખ થયા પછી હરિભક્તોના એઠાં વાસણ ઉટક્યા છે; સંડાસ અને મૂતરડી સાફ કર્યા છે.

■ **નિઃસ્નેહી વર્તમાન એટલે ઘર તથા સંબંધીનો ત્યાગ :**

❊ પ્રમુખસ્વામી પાસે એક હરિભક્ત ચાણસદ (પ.પૂ. સ્વામીશ્રીનું જન્મસ્થાન)માં સ્વામીશ્રીના ઘરના પુર્નનિર્માણ માટેનો પ્લાન લઈને ગયા. સ્વામીશ્રીએ લક્ષ્ય જ ન આપ્યું.

■ **ભક્તિ :**

❊ ગુણાતીતાનંદ સ્વામી મહારાજનાં દર્શન માટે વરસતાં વરસાદમાં નેવા નીચે ઊભા રહ્યા.

❊ શાસ્ત્રીજી મહારાજ કહેતા : યોગીજી મહારાજની ઠાકોરજી પ્રત્યેની ભક્તિ મહાપ્રભુ વલ્લભાચાર્ય જેવી છે.

❊ પ્રમુખસ્વામી મહારાજ ગમે ત્યાં જાય પણ ઠાકોરજી સાથે જ રાખે. રાષ્ટ્રપતિભવન, યુનોનું સંકુલ, કેનેડાની પાર્લામેન્ટમાં ઠાકોરજીને આગળ રાખે. ઠાકોરજીને ધરાવ્યા વિનાનો હાર ન પહેરે, વાનગી ન જમે.

❊ પ્રમુખસ્વામી જેવા બ્રહ્મસ્વરૂપ ગુરુ - મોટા સાધુ મળે તો જીવ બ્રહ્મરૂપ થાય, કસર ટળે. પણ આટલાથી કામ સરતું નથી

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે તેવા સાધુ મળે પછી કહે તેમ કરવું પડે.

❊ મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવવાથી ડોકટર ન થઈ જવાય, ભણવું પડે. તેમ આવા ગુરુ મળે પછી કહે તેમ કરવું પડે.

❊ ડોકટર ગમે તેટલો સારો મળે પણ તેથી સાજા ન થવાય. તે કહે તેમ ગોળી ગળવી પડે, ચરી પાળવી પડે. તેમ સંત કહે તેમ કરવું પડે

❊ અર્જુનને મહાભારતનું યુદ્ધ પોતાના સગા ભાઈઓ, દાદા, ગુરુ વગેરે સામે લડવાનું હતું તેથી મનમાં અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પ તથા મૂંઝવણો થવા માંડી.

તેના સમાધાન માટે શ્રીકૃષ્ણ ભગવાને ઉપદેશ આપ્યો અને કર્મયોગ, જ્ઞાનયોગ, ભક્તિયોગ વગેરે વિગતવાર સમજાવ્યું.

તેની મૂંઝવણનો યોગ્ય ઉકેલ મળ્યા પછી અર્જુને કહ્યું, 'મારો મોહ નષ્ટ થયો છે, મારા મનના સર્વ સંશયો છેદાઈ ગયા છે. મારા મનનું સમાધાન થયું છે માટે હે ભગવન્ ! કરિષ્યે વચનં તવ' (તમે જેમ કહેશો તેમ કરીશ.)

❊ દેવાનંદ સ્વામી :

વચનમાં વિશ્વાસ રાખી, ભજનમાં ભળી;
પૂરવ કેરાં પાપ તારાં, તો જાશે બળી.

❊ ભગતજી મહારાજને ગિરનાર બોલાવી લાવવાની આજ્ઞા કરી તો સંશય વિના ગયા, તો પાત્ર તૈયાર થયું ને ગુણાતીતાનંદ સ્વામીએ બ્રહ્મરસ રેડી દીધો કેટલાકે ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું : 'સ્વામી ! કોઈ બ્રાહ્મણ - બ્રહ્મચારીમાં નહિ ને આ દરજીના છોકરામાં ઐશ્વર્ય નાંખ્યું !' ત્યારે સ્વામી કહે : મારે તો ઘણુંય નોતું આપવું પણ હાથ છૂટી બલા થઈ ગઈ છે.' ત્યારે તેઓ કહે : 'તો પાછું ખેંચી લો ને!' ગુણાતીતાનંદ સ્વામી બોલ્યા : 'આ કાંઈ ઠોઠ-બોટિયું નથી તે પાછું ખેંચી લેવાય.' ગુણાતીતાનંદ સ્વામીની જીભ વળી તેમ ભગતજીનો દેહ વળ્યો તો કસર ટળી ગઈ.

❊ ઉપેન્દ્રાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને વિનંતી કરી, 'સ્વામી બધા વર્તમાન બરાબર પળે છે પણ મનના ભૂંડા સંકલ્પ-વિકલ્પ ટળતા નથી. આપ દયા કરો તો સંકલ્પો ટળી જાય અને મૂર્તિનું સુખ આવે. ગુણાતીતાનંદ સ્વામીએ ઉપેન્દ્રાનંદ સ્વામીને ગાર લીંપવાની આજ્ઞા કરી. તે પ્રમાણે કર્યું તો મનમાં સંકલ્પ-વિકલ્પ ઉઠવારૂપ કસર હતી તે ટળી ગઈ.

❊ **વચનામૃત કારિયાણી-૧૨ :** ''એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરનાં વચનને હૃદામાં ધારે તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે.'' અહીં શ્રીજીમહારાજ સંતના વચનને હૃદયમાં ધારવાની એટલે કે તે કહે તેમ કરવાની વાત સમજાવે છે. તે થાય તો કસર ટળે.

❊ **વચનામૃત સારંગપુર-૧૮ :** જે શ્રદ્ધાવાન પુરુષ હોય અને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતને વચનને વિષે શ્રદ્ધાવાન થાય, તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રકટ થઈ આવે છે અને કામ-ક્રોધાદિક જે વિકાર બળી જાય છે.

❊ અહીં પણ સંતના વચનમાં શ્રદ્ધા રાખી મંડવાની વાત કરી છે.

❊ **મુક્તાનંદ સ્વામી :**

જી રે સંતવચન સાચા સુણી,
ગયો વનમાં રે, ધ્રુવ નાનકડો બાળ,
પ્રગટ પ્રભુને તે પામીયો,
વાધ્યો જગમાં રે, મોટો જશ વિશાળ...

❊ ધ્રુવ સંતના વચને સાધનામાં મંડ્યો તો ભગવાન મળ્યા.

❊ ગુણાતીતાનંદ સ્વામી બાલમુકુંદ સ્વામી અને યોગેશ્વરદાસ સ્વામીને ૧૧.૦૦ વાગ્યા સુધી ભંડારમાં રોટલા ઘડાવી વળી તડકે ધ્યાનમાં બેસાડતા. ૧૨.૦૦ વાગે બોલાવે. આ રીતે એક મહિનો વીત્યા બાદ સ્વામીએ તેઓને બોલાવ્યા ને પૂછ્યું : 'તમને તડકે બેસાર્યા તો તમે ના કેમ ન પાડી ?' ત્યારે તેઓ કહે : 'અમે નક્કી જ કરેલું છે કે આપ કહો તેમજ કરવું છે.' આજ રીતે વર્ત્યા તો સ્વામીની દૃષ્ટિની પડી ને ઉચ્ચ સ્થિતિને પામ્યા.

❊ એક યુવાને યોગીજી મહારાજને પૂછ્યું : 'તમારી ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિનું રહસ્ય શું ?' યોગીજી મહારાજ કહે : 'અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજની

આજ્ઞાથી વાસણ ઉટક્યા તેથી આ સ્થિતિ થઈ.' ગુરુ કહે તેમ કરવાથી જ બ્રહ્મસ્થિતિ મળે તે તેમણે સમજાવ્યું.

❊ ઝારોળા ગામમાં યોગીજી મહારાજે યુવકોને કહ્યું : 'હું પધરામણીએ જાઉં છું. તમે મધ્યનું ૫૧મું વચનામૃત મુખપાઠ કરો.' બધાએ મોઢે કર્યું. યોગીજી મહારાજે પાઠ લીધો. પછી કહે : 'તમે બધા બ્રહ્મરૂપે વર્ત્યા. સત્પુરુષની આજ્ઞાથી ઘંટડી ખખડાવે તો પણ બ્રહ્મરૂપે વર્ત્યો કહેવાય.'

❊ યોગીજી મહારાજ : પ્રગટની એક આજ્ઞા બીજી કરોડ આજ્ઞા કરતાં અધિક છે.

❊ **મુક્તાનંદ સ્વામી :**

મેલ મન તાણ ગ્રહી વચન ગુરુદેવનું, સેવ તું રૂપ એ શુદ્ધ સાચું,
મનમત્ત થઈને તું કોટિ સાધન કરે, સદ્ગુરુ શબ્દ વિણ સર્વ કાચું.

❊ મનનું મૂકી ગુરુ કહે તેમ કરવાથી કસર ટળે.

❊ ૧૯૫૫માં યોગીજી મહારાજ વિદેશ પ્રવાસે આફ્રિકા જવાના હતા. સંપ્રદાયમાં સંતો વિદેશ જતા હોય તેવી આ પ્રથમ યાત્રા હતી. યોગીજી મહારાજના સેવક તરીકે પૂ. બાલમુકુંદ સ્વામી જવાના હતા. નીકળવાના થોડાક જ દિવસો પહેલાં યોગીજી મહારાજે તેઓને કહ્યું : 'તમે મારે બદલે અહીં બોચાસણમાં અક્ષરપુરુષ સ્વામીની સેવામાં રોકાઈ જાઓ.' બાલમુકુંદ સ્વામીએ તરત 'હા' પાડી ને રોકાઈ ગયા. યોગીજી મહારાજ રાજી થઈ ગયા. કહ્યા પ્રમાણે કર્યું તો, તેઓ આજે અંતરે સુખી છે.

❊ ત્યાગવલ્લભ સ્વામીને રસોડા સંબંધી કોઈ જ જ્ઞાન, આવડત નહી. છતાં યોગીજી મહારાજે તેમને રસોડા, ભંડાર સંબંધી સેવા સોંપી. તેઓએ સ્વીકારી લીધી. કહ્યા પ્રમાણે કર્યું તો અત્યારે અંતરે આનંદ વર્તે છે.

❊ શ્રીમદ્ રાજચંદ્ર કહે છે : ગુરુના એક શબ્દમાં અનંત આગમ (શાસ્ત્રો) રહેલાં છે. અર્થાત્ ગુરુનું એક વચન પાળીએ તોપણ શાસ્ત્રમાત્રનું જ્ઞાન સિદ્ધ થઈ જાય.

❊ આજે પ્રમુખસ્વામી મહારાજ આપણને પૂજા, તિલક-ચાંદલો, અઠવાડિક સભા, ઘરસભા વગેરેની આજ્ઞા કરે છે. તે પ્રમાણે વર્તીએ તો કસર ટળે. આપણને ઘણી વાર લાગે કે આવા સામાન્ય વચનથી તે કાંઈ બ્રહ્મરૂપ થવાતું હશે ? પણ શરીરમાં કસર હોય તો શરીર જેટલી મોટી ગોળી ડોકટર નથી આપતા. માથાનો દુઃખાવો મટાડવાની ગોળી માથા જેટલી મોટી નથી હોતી. તેમ ગુરુનાં સામાન્ય વચન પ્રમાણે વર્તીએ તોપણ કસર ટળે.

❊ સત્યકામ જાબાલિને સોંપાયેલું ઢોર ચરાવવાનું કામ સામાન્ય જ હતું, પણ તે વચન ગુરુનું હતું તો તેને બ્રહ્મજ્ઞાન મળ્યું.

❊ યોગીજી મહારાજને સોંપાયેલું વાસણ ઉટકવાનું કામ સામાન્ય જ હતું, છતાં તેમાંથી તેઓની બ્રાહ્મીસ્થિતિ થઈ. આવા મોટા સંતો તો અનાદિ સિદ્ધ હોય છે પણ આપણને સમજાવ્યું કે ગુરુના સામાન્ય વચનથી પણ મોટી કસર ટળે છે.

❊ તેથી બ્રહ્માનંદ સ્વામી કહે :

સાચે સંત મિલે કમી કાહું રહી, સાચી શીખવે રામકી રીતકુંજી;
પરાપાર સોઈ પરબ્રહ્મ હૈ, તામેં ઠહરાવે જીવકે ચિત્તકુંજી;

❊ આમ આવા ખરેખરા સાધુ એટલે કે ભગવાનના અખંડ ધારક સંત મળે અને તેમને ઓળખી વચન અધ્ધર ઝીલે તો ગમે તેવો જીવ હોય તેને પણ ૧૦૦ ટકા શુદ્ધ - બ્રહ્મરૂપ કરી ભગવાનના સુખે સુખિયો કરી દે.

❊ આપણા બહુ મોટાં ભાગ્ય છે કે વર્તમાનકાળે એવા જ ગુણાતીતગુરુ પ. પૂ. પ્રમુખસ્વામી મહારાજ આપણને મળ્યા છે. તો આપણે સૌ પણ તેમના વચનમાં વર્તી બ્રહ્મરૂપ થઈ ભગવાનના સુખના અધિકારી થઈએ.

૪. સ્વામીની વાત : ૧/૧૪૮ (ભગવાનનું ભજન અને સર્વકર્તાપણું)

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે :

અંતરમાં ટાઢું રહ્યા કરે ને ધગી ન જાય તેના બે ઉપાય છે : એક તો ભગવાનનું ભજન કરવું ને બીજું ભગવાનને સર્વકર્તા સમજવા ને તેમાં સુખ આવે તો સુખ ભોગવી લેવું ને દુઃખ આવે તો દુઃખ ભોગવી લેવું. તે કહ્યું છે જે, દાસના દુશ્મન હરિ કે'દી હોય નહિ, જેમ કરશે તેમ સુખ જ થાશે.

- યોગીજી મહારાજ કહેતા : 'મુંબઈના શેઠિયાની છાતી પર શેર ખીચડી તપેલીમાં મૂકો તો વગર અગ્નિએ તરત ચઢી જાય. એવાં તેમનાં અંતર ધગેલાં હોય છે.'
- સંસારના અનેક પ્રશ્નોથી માણસનું અંતર ધગેલું રહે છે. ક્યારેક તો બહારથી બધું જ સારું લાગતું હોય, કોઈ જ પ્રશ્ન ન હોય છતાં અંતર ખાલી-ખાલી લાગે. જીવનનો આનંદ જ ન અનુભવાય.
- યોગીજી મહારાજ એક વાર મુંબઈમાં વાલકેશ્વરમાં પધરામણીએ પધારેલા. એક હરિભક્ત પોતાના પાડોશીને ત્યાં યોગીબાપાને લઈ ગયા. સાડા પાંચ કરોડનો બંગલો હતો, પણ માલિક યોગીબાપાને કહે, 'મારે આપનું માર્ગદર્શન જોઈએ છે.' યોગીબાપા કહે, 'શું પ્રશ્ન છે ? ઘરમાં ઝઘડા થાય છે ?' પેલા કહે, 'ના.' યોગીબાપા કહે, 'તો ધંધામાં ખોટ ગઈ છે ?' પેલા ભાઈ કહે, 'ના, તેમાં પ્રગતિ થઈ છે.' યોગીબાપા કહે, 'શરીરમાં તકલીફ છે ?' પેલા કહે, 'ના, કોઈ જ રોગ નથી.' યોગીબાપા કહે, 'તો શેનું દુઃખ છે ?' પેલા ભાઈ કહે, 'મને પણ એ જ ખબર નથી પડતી કે શેનું દુઃખ છે, પણ સતત ખાલીપો રહ્યા કરે છે. કંઈ મજા આવતી નથી.' યોગીબાપાએ આશીર્વાદ આપ્યા કે, 'ભજન કરજો.'
- ગુણાતીતાનંદ સ્વામી પણ અહીં અંતર સદાય ટાઢું રહે, અંતરમાં આનંદ અનુભવાય તેના ઉપાય બતાવતાં કહે છે...

૧) ભગવાનનું ભજન કરવું :

- પ્રમુખસ્વામી મહારાજ સમજાવે છે કે 'બહાર ગરમી હોય તો ઠંડી મેળવવા એ.સી. (ઍરકન્ડિશનર) જોઈએ, એમ અંતરમાં ટાઢું કરવા માટે અંતરનું એ.સી. ચાલુ કરવું. અંતરનું એ.સી. એટલે સ્વામિનારાયણ... સ્વામિનારાયણ એમ ભજન કરવું.'
- યોગીજી મહારાજ કહેતા, 'ભગવાનના ભક્તને દુઃખ ન આવે એમ હું નહીં કહું, દુઃખ તો આવે, પણ હું તો સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરાવું. મને તો ધૂન કરાવવી આવડે. એમ ભજન કરવાથી દુઃખ ઊડી જાય.'
- પ્રમુખસ્વામી મહારાજ લંડનમાં વિરાજમાન હતા. એક વાર સ્વામીશ્રી બાળ સભામાં પધાર્યા. સંચાલકે બાળકો સાથે પ્રશ્નોત્તરી શરૂ કરી. ઘણા પ્રશ્નો પુછાયા તેમાં એક પ્રશ્ન આવ્યો, 'ત્રણ પ્રકારનાં દુઃખ કયાં ?' બાળકો બોલ્યાં, 'આધિ, વ્યાધિ અને ઉપાધિ.' સ્વામીશ્રીએ તરત ઉત્તર આપનાર બાળકને પૂછ્યું, 'આ બધાં દુઃખ ક્યારે ટળે તે જાણો છો ?' બાળક કહે, 'ના.' સ્વામીશ્રી કહે, 'ભગવાન ભજીએ તો બધાં દુઃખ ટળે. સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું. તો આધિ, વ્યાધિ, ઉપાધિ કંઈ ન રહે !'
- સ્વામીશ્રીના જીવનમાં પણ દેખાય છે કે કોઈ પણ પ્રશ્ન આવે, કઠિન પરિસ્થિતિ આવે ત્યારે સ્વામીશ્રીનું સૌપ્રથમ પગલું હોય 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ધૂન કરો.'
- ભૂજના ભૂકંપના સમાચાર હોય કે પોતાની એન્જિયોગ્રાફી કરાવવાની હોય, કોઈ હરિભક્તને ભયંકર બીમારી હોય કે કોઈને આર્થિક મુશ્કેલી હોય, કોઈને સંબંધીજનો તરફથી પ્રશ્નો હોય કે કોઈને ભૂતપ્રેતના વળગાડ હોય, સ્વામીશ્રી દરેક પરિસ્થિતિમાં પ્રથમ ધૂન શરૂ કરાવે કે માળાજાપ કરવાનો આદેશ આપે.

* પરીક્ષા આપનાર વિદ્યાર્થીથી માંડી ઓપનહાર્ટ સર્જરી કરનાર હૃદયના ડૉક્ટરના ચિંતાથી ધગતા અંતરને ભજનથી ઠંડક પ્રાપ્ત થાય છે, હળવાશ અને હિંમત પ્રાપ્ત થાય છે.
* અમદાવાદના સત્સંગી ડૉક્ટર વ્રજલાલનાં દીકરીનો ધોરણ-૧૨ સાયન્સમાં સમગ્ર ગુજરાત બોર્ડમાં પ્રથમ નંબર આવ્યો હતો. તેઓ કહે છે, 'બારમા ધોરણના બોર્ડની પરીક્ષા વખતે સામાન્યતઃ વિદ્યાર્થી છેલ્લી ક્ષણ સુધી ભય અને માનસિક તાણમાં હોય છે. કોઈ પુસ્તક વાંચતું હોય તો કોઈ મન હળવું કરવા ગપ્પાં મારતા હોય ! પણ અમે અમારી દીકરી માટે એક જુદી પ્રથા પાડી હતી. ભજનની પ્રથા. પરીક્ષાના એક કલાક પહેલા વાંચવાનું મૂકી દેવાનું. ઘરમાં ધૂનની અને કીર્તનની કેસેટ ચાલુ કરી દેવાની. તેમાં ધ્યાન પરોવવાનું. પરીક્ષા સ્થળે પણ પુસ્તક નહીં લઈ જવાનાં. પરીક્ષા સુધી મનમાં 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' રટણ કરવાનું. પેપર હાથમાં આવે ત્યારે બે મિનિટ આંખ બંધ કરી સ્વામિનારાયણ મંત્રનું રટણ કરવાનું અને સ્વામીશ્રીને યાદ કરી 'ગુણાતીતોડક્ષરમ્....' શ્લોક બોલવાનો પછી પેપર લખવાનું શરૂ કરવાનું. આખા વર્ષ દરમ્યાન જ્યારે પણ વાંચવા બેસે ત્યારે પ્રથમ સ્વામિનારાયણ મંત્રનું રટણ કરી શ્લોક બોલી પછી જ વાંચવાનું શરૂ કરવાનું. આમ કરવાથી તેનું મન એકદમ સ્થિર થઈ જાય અને નિશ્ચિંત થઈ જાય. એ જ સૌથી મહત્ત્વનું હોય છે. જ્યારે તેનું રિઝલ્ટ આવ્યું અને પ્રથમ નંબર આવ્યો ત્યારે અમને સૌને સ્પષ્ટ હતું કે આમાં મહેનતની સાથે સાથે ભજનનું બળ પણ કારણભૂત છે!'
* યુ.કે.ના પ્રસિદ્ધ હાર્ટસર્જન ડૉ. હરિકૃષ્ણ દોશી કહે છે, 'કોઈ પણ હૃદયની સર્જરી શરૂ કરતાં પહેલાં હાથ ધોવા જાઉં ત્યારથી હું 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ભજન શરૂ કરી દઉં છું. સર્જરી દરમ્યાન વિપરીતતા ઊભી થાય ત્યારે આ ભજનને લીધે જ મને ધીરજ, શાંતિ અને હિંમત પ્રાપ્ત થાય છે અને મારું કાર્ય સારી રીતે સિદ્ધ થાય છે !'
* અંતરને બાળતી રોજબરોજના જીવનની કોઈ પણ પરિસ્થિતિમાં અંતરને શીતળ કરવાનો ઉપાય છે, ભજન કરવું.
* બાહ્ય પરિસ્થિતિની જેમ જ માણસના સ્વભાવો પણ તેના અંતરને બાળે છે. બીજાને નુકસાન કરનારા પોતાના ખરાબ સ્વભાવો માણસના અંતરને અશાંત કરી દે છે. એવા સમયે પણ ભજન કરવાથી શાંતિ મળે છે અને સ્વભાવ ટાળવાની દિશામાં ડગ મંડાય છે.
* સ્વામિનારાયણ નામનું ભજન કરવાનો લાભ બતાવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'એનાથી વિષય ઊડી જાય છે અને બ્રહ્મરૂપ થવાય છે.'
* તા.૨/૫/૨૦૦૮ના રોજ પ્રમુખસ્વામી મહારાજ ઉપર પરદેશથી એક પત્ર આવ્યો હતો. તે ભક્તે લખ્યું હતું, 'અમારા ઘરમાં ખૂબ ઝઘડા થાય છે. મને ગુસ્સો ખૂબ આવે છે. મારાં જ સંતાનો સાથે ઢોર જેવું વર્તન કરી બેસું છું. વિશેષ તો અમે પતિ-પત્ની બંને ગુસ્સે થઈને વારંવાર એકબીજાનો દોષ કાઢીએ છીએ. બેમાંથી એકેયને વાણી-વિવેક નથી રહેતો. ગુસ્સો ન આવે એવા આશીર્વાદ આપો.' પત્ર વાંચી સ્વામીશ્રીએ કહ્યું, ''સ્વભાવ ટળશે તો જ શાંતિ થશે. એમને કહેજો કે ગુસ્સો આવે ત્યારે 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ભજન કરવું. અને બેમાંથી એક જણે ત્યાંથી નીકળી જવું.''
* પૂર્વ આફ્રિકાના ટાન્ઝાનિયાના ઉદ્યોગપતિ અને સત્સંગી બંધુ સુભાષભાઈ પટેલ કહે છે, 'મારો ગુસ્સો એટલો બધો હતો કે મેં અગણિત લોકો પર હાથ ઉપાડ્યો હતો, પણ પ્રમુખસ્વામી મહારાજે મને સતત માળા કરવાની અને સ્વામિનારાયણ મંત્રનો જાપ કરવાની આજ્ઞા કરી. એનાથી મારું અંતર શાંત થયું છે. હજુ પણ ક્યારેક ગુસ્સો આવે છે ખરો, પણ સ્વામિનારાયણ નામનું ભજન કરવાથી શાંત થઈ જવાય છે.'

આમ, બાહ્ય પ્રશ્નો હોય કે આંતરિક પ્રશ્નો હોય, ભજન કરવાથી અંતરમાં ટાઢું રહે છે, શાંતિ રહે છે.

૨) ભગવાનને સર્વકર્તા જાણવા :

❊ ભજન કરવાની સાથે સાથે અહીં ગુણાતીતાનંદ સ્વામી કહે છે, "ભગવાનને સર્વકર્તા સમજવા ને તેમાં સુખ આવે તો સુખ ભોગવી લેવું અને દુઃખ આવે તો દુઃખ ભોગવી લેવું. તે કહ્યું છે જે 'દાસના દુશ્મન હરિ કે'દિ હોય નહીં, તે જેમ કરશે તેમ સુખ જ થાશે."

❊ સમજણ વગર કરાતું ભજન લાંબો સમય ટકતું નથી. ક્યારેક એવું બને પણ ખરું કે ભજન કરવા છતાં, પ્રાર્થના કરવા છતાં ધાર્યું પરિણામ ન મળે ! એવા સમયે શ્રદ્ધા ડગી જાય. એટલે જ ભજનની સાથે સાથે ભગવાન જ સર્વકર્તા છે અને તે જે કરશે તેમાં મારું સારું જ છે, એવી સમજણ દૃઢ કરવી પણ આવશ્યક છે. નહિ તો અંતરમાં ટાઢક ન રહે ! સતત દુઃખ, ચિંતા, હતાશા અને નિરાશાની જ્વાળાઓ દઝાડતી જ રહે !

જો આ સમજણ દૃઢ હોય તો...

૧) પ્રત્યેક સંજોગોમાં નિશ્ચિંત રહેવાય, હળવા રહેવાય : મારું શું થશે ? કેમ થશે ? એવી ચિંતાની ચિતામાં માણસ બળી મરે છે, પરંતુ ભગવાન જે કરશે તે સારા માટે જ કરશે, એવો વિશ્વાસ જેને હોય તેના અંતરમાં હંમેશાં ટાઢું જ રહે !

ગોરિયાદના રણછોડભાઈ શાસ્ત્રીજી મહારાજના સંનિષ્ઠ ભક્ત હતા. એક વાર તેઓને કેટલાક અદાવતીઓએ ઘાયજ ગામને પાદરે આંતર્યા. આજુબાજુ કોઈ હતું નહીં. પેલાએ જૂના જમાનાનો સાત બારનો તમંચો (બંદૂક) તાક્યો અને કહે, 'આજે તને પૂરો કરી દઉં.' રણછોડભાઈ હળવાશથી કહે, 'તારે કરવા હોય એટલા ભડાકા કર ! મારા ગુરુ શાસ્ત્રીજી મહારાજની ઇચ્છા વિના સૂકું પાંદડું હાલતું નથી ! તેમની ઇચ્છાથી હું મરી જઈશ તોય અક્ષરધામમાં જઈશ! અને નહીં મરું તો એમનાં દર્શન થશે. મારે તો જે થશે તે સારા માટે જ થશે !' અને આશ્ચર્ય એ થયું કે પેલાએ બહુ જ પ્રયત્ન કર્યો, પણ તમંચામાંથી એક પણ ગોળી છૂટી જ નહિ ! રણછોડભાઈ તો ત્યાંથી ચાલી નીકળ્યા. જેવા રણછોડભાઈ ગયા કે એની મેળે તમંચામાંથી સાતે સાત ગોળીઓ ધડાકાભેર છૂટી! આમ, રણછોડભાઈની રક્ષા થઈ.

પરંતુ જો રક્ષા ન થઈ હોત તોપણ રણછોડભાઈને તો જરાય ચિંતા નહોતી !

❊ ગઢડા મંદિરના કોઠારી અક્ષરસ્વામી ખૂબ સારી રસોઈ બનાવે. તેમાં પણ તેઓના બનાવેલા ગોટા સૌને ખૂબ ભાવે. મોટી ઉંમરે તેમને ગળાનું કેન્સર થયું હતું. અંત અવસ્થામાં તેઓ જરા પણ ખાઈ શકતા ન હતા, છતાં તેમને અખંડ આનંદ અને ઉત્સાહ. પોતાની સારવાર કરવા આવનાર ડૉક્ટરોને જાતે ગોટા બનાવીને ખવડાવે. અંત સમય સુધી સેવા અને ભજન કરતાં કરતાં હસતે મુખે અક્ષરધામમાં પધાર્યા.

❊ કેનેડાના ભગવાનજી માંડવિયા, આફ્રિકાના સી.ટી. પટેલ,આણંદના મોતીભાઈ આવા તો અનેક ભક્તો ભગવાન જે કરશે તે સારું કરશે એવી દૃઢતા સાથે શરીરની અને સંસારની અનેક આધિ-વ્યાધિ-ઉપાધિ વચ્ચે સ્થિર રહ્યા છે, આનંદમાં રહ્યા છે.

જો આ દૃઢતા હોય તો...

૨) પ્રત્યેક પરિસ્થિતિમાં સવળો વિચાર રહે.

❊ નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

સમું સમજે શોધતાં એવા, જોતાં ઝાઝાં નવ જડે રે,
જેને ન આવડે અવળું લેવા, વણતોળી વિપત જો પડે રે.

જીવનની વિપત્તિઓમાં સવળો વિચાર રાખે અને અવળો વિચાર ત્યાગે એવા માણસો શોધતાં પણ બહુ મળે નહીં.

❊ અવળો વિચાર જ માણસને અશાંત કરે છે.

❊ ધારો કે બે માણસોને પેટમાં દુખે છે. ડૉક્ટર પાસે સારવાર લેવા જતાં પહેલાં એક વિચારે છે કે, 'બાપ રે... મને પેટનું કેન્સર હશે તો...' અને બીજો વિચારે છે, 'આ તો થોડો વાયુ થયો છે. હમણાં મટી જશે !'

ડૉક્ટર રોગનું નિદાન જે કરે તે, પરંતુ અવળું વિચારનારને વધુ ચિંતા થશે અને સવળું વિચારનાર હળવો રહી શકશે. અવળા વિચારોને કારણે જ આપણે સમસ્યા આવતાં પહેલાં સમસ્યાની ચિંતામાં બળી મરીએ છીએ.

❋ ભગવાને જે કર્યું છે અને જે કરશે તે સારા માટે જ છે, એવો વિચાર હોય તો જ જીવનની વિપરીતતાઓમાં સવળો અભિગમ રહે અને આવા સવળા અભિગમથી જ અંતરમાં શાંતિ રહે.

❋ આણંદના પ્રભુદાસ લાલાજીને આફ્રિકાનાં પોતાનાં ઘરબાર-સંપત્તિ બધું જ છોડીને હાથે-પગે દેશમાં પાછા ફરવું પડ્યું. તેઓ કહે, 'ભગવાનની કેવી કૃપા ! હું ધોતિયું પહેરીને ગયો હતો ને કોટ-પાટલૂન (પેન્ટ) પહેરીને પાછો આવ્યો !'

❋ આશાભાઈ-ઈશ્વરભાઈના ઘરમાં અનાજ રાખવાની જગ્યાએ આગ લાગી. તેમાં ૬૦૦ મણ કપાસ, ૭૦૦ મણ ચણા, ૧૦૦૦ મણ ઘઉં બળી ગયા. ઘરમાં ખાવા માટે ધાન રહ્યું નહીં. છતાં શાસ્ત્રીજી મહારાજે મૂર્તિની સેવા માંગી તો દસ હજાર રૂપિયા ઉછીના લાવી સેવા કરી. અને કહે, 'શાસ્ત્રીજી મહારાજની કૃપા કે આ આગમાં અમારા પૂર્વનાં પાપ બળીને ભસ્મ થઈ ગયાં. આવા સમયે સેવા માંગે તે અનંતગણું કરી પાછું આપવા સમર્થ હોય તે જ માંગી શકે !'

❋ ભગવાન જે કરે છે તે સારું જ કરે છે, તેવી દઢતાથી જ આ ભક્તોને સવળો વિચાર રહ્યો અને શાંતિ રહી.

❋ આમ, ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતમાં બતાવેલા ઉપાય એટલે કે ભગવાન જે કરે તે સારા માટે કરે, એવી સમજણ સાથે ભગવાનનું ભજન કરવું. તેનાથી જ સુખ અને શાંતિ રહે.

❋ સન ૧૯૯૨માં યોગીશતાબ્દી ઉત્સવમાં ઓસ્ટ્રેલિયાના બે ડૉક્ટરો, ડૉ. હેકર અને ડૉ. મોનાહન પ્રમુખસ્વામી મહારાજને મળવા આવ્યા હતા. સ્વામીશ્રી કહે, 'તમે ભગવાનને યાદ કરો છો ?' તેઓ કહે, 'ના.' સ્વામીશ્રી કહે, 'રોજ ભગવાનને યાદ કરવા તો ઑપરેશનમાં નિષ્ફળ જઈએ તો નિરાશ ન થવાય.' તેઓ કહે, 'અમે ક્યારેય નિષ્ફળ જતા જ નથી.' સ્વામીશ્રી કહે, 'તો સફળતામાં અહંકાર ન આવે એટલે ભગવાનને યાદ કરવા.'

❋ દુઃખમાં નિરાશાની બળતરા અને સુખમાં અહંકારની આગ માણસને સતત દઝાડતી જ રહે છે. એટલે જીવનમાં સફળતા મળે કે નિષ્ફળતા, સુખ આવે કે દુઃખ આવે ભગવાન કર્તાહર્તા છે, એ વિચાર સાથે ભગવાનનું ભજન કરવાથી જ અંતરમાં ટાઢું રહેશે.

❋ આપણે પણ આવી દઢતા સાથે ભગવાનનું ભજન કરી શકીએ, એ જ પ્રાર્થના...

❀ ❀ ❀

૫. સ્વામીની વાત - ૧/૨૬ (સુખ)

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે :

વિષયનું જે સુખ છે તે કરતાં આત્માનું સુખ બહુ અધિક છે ને તે કરતાં ભગવાનનું સુખ એ તો ચિંતામણિ છે.

❋ ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતમાં સુખનો સાચો માર્ગ બતાવ્યો છે. ગુણાતીતાનંદ સ્વામીએ ત્રણ સુખ બતાવ્યા છે. (૧) વિષયનું સુખ (૨) આત્માનું સુખ (૩) ભગવાનનું સુખ.

આ ત્રણેય સુખ એકબીજાથી કઈ રીતે અધિક છે, તે જોવા પ્રયત્ન કરીશું.

૧) વિષયનું સુખ :

❋ આપણને મનમાં થાય કે 'આપણાં શાસ્ત્રો કહે છે કે વિષયમાં સુખ નથી.' પણ એવો અનુભવ થતો નથી. કારણ કે આઈસક્રીમ ખાઈએ ત્યારે ગળ્યો લાગે અને આનંદ પણ આવે છે. સારાં સારાં કપડાં પહેરી, ઘરેણાં પહેરી, ગાડીમાં બેસી પાર્ટીમાં નાચવા જાય ત્યારે

સ્વામીની વાત : ૧ પ્રકરણ : ૧ વાત : ૧૪૮

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે.....

અંતરમાં ટાઢું રહ્યા કરે ને ધગી ન જાય તેના બે ઉપાય છે : એક તો ભગવાનનું ભજન કરવું ને (ઢા.૧) બીજું ભગવાનને સર્વકર્તા સમજવા ને તેમાં સુખ અ
ભોગવી લેવું. તે કહ્યું છે જે, 'દાસના દુશ્મન હરિ કે 'દિ હોય

❀ આ વાતની વિશેષતા :

❋ ભક્તને અંતરે ટાઢું રહેવાના બે સચોટ ઉપાયો સ્વામી અહીં બતાવે છે.

❋ ભગવાનની પોતાની આશ્રિત માટે કેવી દયાળુ પ્રકૃતિ છે તે પણ આ વાતમાં સ્વામી સમજાવે છે.

❀ અંતર ધગી જવાનાં કારણો :

૧. ત્રિવિધ તાપે કરીને ધગી જાય છે. ત્રણ પ્રકારનાં તાપની વિકૃત અસરો અંતઃકરણને લાગે છે :

ક. આધ્યાત્મિક તાપ : મનનાં દુઃખ, આધ્યાત્મિક અણસમજણથી ઉત્પન્ન થતી દ્વિધા, વિમાસણ.

ખ. આધિભૌતિક તાપ : દેહ સંબંધી દુઃખો, જેવાં કે રોગ, સગવડ-અગવડ, સફળતા-નિષ્ફળતા વગેરે.

ગ. આધિદૈવિક તાપ : દેવો તરફથી આવતી આપત્તિઓ - જેવી કે ધરતીકંપ, દુષ્કાળ વગેરે.

૨. પંચવિષય ભોગવવાની લાલસાથી અંતઃકરણ ધગી જાય છે :

૩. આજ્ઞા લોપ :

❋ વચ.ગ.પ્ર.૩૪ : ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે.

૪. સ્વા.વાત-૩/૫૯ : 'લોક, ભોગ ને આ દેહ તેણે કરીને તો જીવ સોરાઈ ગયા છે, એમ પ્રત્યક્ષ દેખાય છે.' એટલે કે સ્વભાવ-પ્રકૃતિ-વાસના-પંચવિષય ને કુસંગે કરીને અંતઃકરણ ભગવાનને માર્ગેથી પાછું પડી જાય છે.

❀ અંતરે ટાઢું રહેવાના બે ઉપાયો :

૧. ભગવાનનું ભજન કરવું :

❋ મીરાંબાઈ :

'तेरी मीट जाये सब शंका चिंता, नाम हरिका बोल रे...'

❋ વચ.વર.૧૬ : ભગવાનના ભજનના સુખ આગળ તો ચૌદ લોકનું જે સુખ તે નરક જેવું કહ્યું છે.

❋ મુક્તાનંદ સ્વામી :

ભજન કર ભાવશું પ્રગટ પરબ્રહ્મનું,
રાખ હરિરૂપમાં મન તારું;
પ્રગટના ભજનથી પરમ સુખ પામીએ,
ઉર થકી નાશ પામે અંધારું.

❋ પરમહંસોને બહાર સમાજમાં બાવા-વૈરાગીઓ અને બીજા ધાર્મિક પંથો તરફથી શારીરિક અને માનસિક તકલીફો અને વિરોધો ઘણાં હતાં, છતાં જો ભગવાનનું ભજન કરતા હતા, તો અંતરે શાંતિ હતી અને આનંદ હતો.

દુઃસહ દુઃખ કાપિયું અખંડ સુખ આપિયું,
અસ્થિર સ્થિર સ્થાપિયું છેલ રસિયા;
કહે છે મુક્તાનંદ સર્વે કસર ટળી,
માહરે મંદિરે નાથ વસિયા.

- મુક્તાનંદ સ્વામી.

❋ વચ.ગ.મ.૪૯ : ભગવાનના સ્વરૂપના ચિંતવન કરનારા છે તે તો કાળ, કર્મ ને માયા એ સર્વેના બંધન થકી છૂટીને અભયપદને પામે છે.

૨. ભગવાનને સવકર્તા જાણવા :

❋ વચ.કા.૧૦ : ભગવાનને જ સર્વકર્તા જાણે તોય પણ જન્મ-મરણના દુઃખથી તો જીવ તરી જાય.

❋ સ્વા.વા-૧/૮૮ : જો માર માર કરતો કોઈ આવતો હોય તો એમ સમજવું કે મારા સ્વામીનું જ કર્યું સર્વે થાય છે, પણ તે વિના કોઈનું હલાવ્યું પાંદડું પણ હલતું નથી.

❋ મુક્તાનંદ સ્વામી અને બ્રહ્માનંદ સ્વામીને કોઈ બાવાએ પકડ્યા ને ઓરડીમાં પૂર્યા, ને નાક-કાન કાપવા માટે છરાની ધાર કાઢવા બેઠો. બ્રહ્માનંદ સ્વામી કહે, 'શું થશે ?' મુક્તાનંદ સ્વામી કહે, 'નાક-કાન કાપવા કોના હાથમાં છે ?' ત્યાં તો રાઘવ જતે છોડાવ્યા.

❋ લંડનમાં હેરો વિસ્તારમાં મંદિર માટે એક મોકાની જમીન સંસ્થાએ પસંદ કરી હતી. તેની પરમીશન માટે હરિભક્તોએ ખૂબ મહેનત તથા ખર્ચ કર્યાં હતાં, પણ પરમીશન ન મળી. સ્વામીબાપાને આ સમાચાર ફોનથી આપ્યા, ત્યારે આસપાસના બધાને આઘાત લાગ્યો. પણ સ્વામીબાપા 'જેવી ભગવાનની મરજી !' બોલીને પોઢી ગયા અને ઘસઘસાટ ઊંઘી ગયા. ભગવાનને કર્તા માન્યા, તો અશાંતિ થઈ નહિ.

❋ નરસિંહ મહેતા :

જે ગમે જગદ્‌ગુરુ દેવ જગદીશને,
તેહ તણો ખરખરો ફોક કરવો,
આપણો આદર્યો અર્થ એકે સરે નહિ,
ઉલટો ઉપરે ઉદ્વેગ ધરવો.

❋ શાસ્ત્રીજી મહારાજ કહેતા કે, 'માથે પાણીનું બેડું ઉપાડીએ તો ભાર લાગે, પણ સમુદ્રમાં ડૂબકી મારીએ તો માથા ઉપર કેટલું બધું પાણી ફરી વળે તો પણ ભાર ન લાગે. તેમ ભગવાનને કર્તા સમજીએ તો ભાર ન લાગે, પણ ખુદને કર્તા સમજીએ તો ભાર લાગે.'

❀ ભગવાન જે કરે તે સારા માટે :

❋ ભગવાનની પ્રત્યેક ક્રિયા આપણું સારું કરવા માટે જ હોય છે. જો આ યથાર્થપણે મનાઈ જાય તો સુખ-દુઃખમાં આપણી મતિ સ્થિર રહે.

❋ નિષ્કુળાનંદ સ્વામી :

જે દુઃખે સુખ ઉપજે, તે દુઃખ દે છે દયા કરી,
જે સુખે દુઃખ ઉપજે, તે સુખ ન આપે કે દી' હરિ.

❋ વચ.ગ.અં.૧૩ : આપણે પોતાના દેહને ભગવાનના ગમતામાં વર્તાવવો છે તે જેમ એ ભગવાનનું ગમતું હોય તેમ જ આપણે ગમે છે... માટે ભગવાનની ઇચ્છાએ કરીને ગમે તેવું સુખ-દુઃખ આવે તેમાં કોઈ રીતે અકળાઈ જવું નહિ. ને જેમ ભગવાન રાજી તેમ જ આપણે રાજી રહેવું.

❋ શ્રીજીમહારાજને પગપાળા જતાં જોઈને એક ગાડાવાળાએ એમને પોતાના ગાડે બેસાડ્યા. આગળ જતાં એક જાન મળી, જેમાં ઘરેણાંનો ડબ્બો ચોરાયો હતો. મહારાજે તો પોતાને બેસાડનાર ગાડાવાળાને જ જાનૈયા આગળ

ઘરેણાંનો ચોર કહ્યો આથી જાનૈયા ગાડાવાળા ઉપર તૂટી પડ્યા અને એને સારી પેઠે માર્યો. પછી તપાસ કરતાં ઘરેણાંનો દાબડો જાનૈયાના સામાનમાંથી જ મળી ગયો. આ જોઈ ભક્તોએ મહારાજને પૂછ્યું, 'તમે આ ગાડાવાળાને ખોટી રીતે શા માટે માર ખવડાવ્યો ?' મહારાજ કહે, 'આ ગાડાવાળાને અને જાનૈયાને સાત જન્મનું વેર હતું તે અત્યારે જ વસૂલ થઈ ગયું, નહિ તો બંનેને સાત જન્મ લેવા પડત.' મહારાજની ક્રિયાઓ પાછળનું આવું રહસ્ય કોને સમજાય ?

❊ એક હરિભક્ત બીમારીથી અતિશય પીડાતા હતા. તેથી બીજા ભક્તોએ શાસ્ત્રીજી મહારાજને પેલા હરિભક્તની બીમારી દૂર કરવા પ્રાર્થના કરી. પણ શાસ્ત્રીજી મહારાજે ના પાડી. ૭ દિવસ પછી પેલા હરિભક્ત ખૂબ પીડા ભોગવીને ધામમાં ગયા. ત્યારે શાસ્ત્રીજી મહારાજ બોલ્યા, '૭ દિવસમાં ૭ જન્મની કસર ટળી ગઈ, નહિ તો ૭ જન્મ લેવા પડત.'

❊ સ્વા.વા-૧/૨૨ : ભગવાન તો પોતાના ભક્તની રક્ષા કરવામાં જ બેઠા છે. કેની પેઠે, તો જેમ પાંપણ આંખની રક્ષા કરે છે ને હાથ કંઠની રક્ષા કરે છે ને માવતર છોકરાંની રક્ષા કરે છે ને રાજા પ્રજાની રક્ષામાં છે, તેમ જ ભગવાન આપણી રક્ષામાં છે.

❊ નારદજીને પરણવાનું મન થયું. ભગવાને પોતાના આવા અનન્ય ભક્ત માયામાં ન પડે એ સારુ નારદજી અને પર્વત બંને વચ્ચે ઈર્ષ્યા ઉત્પન્ન કરાવી, જેથી બંનેનાં મોઢાં માંકડાનાં થયાં અને કન્યા વરી નહિ. આથી નારદજીએ ગુસ્સે થઈને ભગવાનને શાપ આપ્યો, તે ભગવાને સ્વીકારી લીધો, પણ નારદજીને સંસારમાં પડવા ન દીધા.

❊ જેમ બાળક અણસમજણે કરીને અગ્નિ કે છરીને પકડવા જાય તો વડીલો તેને પકડવા દેતા નથી. જો બાળક ન માને, તો ધમકાવીને, મારીને, રડાવીને પણ તેનું ધાર્યું થવા દેતા નથી. તેમ જ આપણને કોઈક ઠેકાણે વિઘ્ન આવવાનું હોય, તે જાણીને ભગવાન અને સંત આપણને ના પાડે, કે મનધાર્યું છોડાવે, કે આપણું આયોજન નિષ્ફળ બનાવે, તો એની પાછળ આપણું કેમ સારું થાય

૧૭. સ્વામીની વાત : પ્રકરણ : ૧, વાત : ૧૬૩

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

અલભ્ય લાભ મળ્યો છે અને આત્યંતિક મુક્તિને પામ્યા છીએ અને આજ તો સત્સંગની ભરજુવાની છે ને આજ તો શેરડીના સાંઠાનો વચલો ભાગ આપણને મળ્યો છે. તેમાં રસ ઘણો ને સુગમ પણ છે.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

❊ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના ઉપદેશ વચનો સ્વામિનારાયણ સંપ્રદાયમાં 'સ્વામીની વાતો' તરીકે પ્રસિદ્ધ છે. 'સ્વામીની વાતો'ની અનેક વિશેષતા છે. પરંતુ ઊડીને આંખે વળગે તેવી એક વિશેષતા એ રહી છે કે જુદાં જુદાં દૃષ્ટાંતો, પ્રસંગો, પૌરાણિક કથાઓ, કહેવતો દ્વારા જ્ઞાનપ્રચુર હોવા છતાં આ વાતો અત્યંત સરળ અને સંક્ષિપ્ત છે. ક્યાંય કોઈ વિષયનું અકારણ લાંબું વિવરણ તેમાં જોવા મળતું નથી. સીધી મુદ્દાને સ્પર્શે અને વાચકને તરત સમજાઈ જાય તેવી 'ટૂંકી ને ટચ' વાતો સ્વામીએ કરી છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં આપણને જે પ્રાપ્તિ થઈ છે તેનું જ્ઞાન આપવા માંગે છે. સ્વામીએ વાતની શરૂઆતમાં બે વિરોધાભાસી જણાતા શબ્દો 'અલભ્ય લાભ' વાપર્યા છે. 'અલભ્ય લાભ મળ્યો છે' એટલે જે મળી શકે એવું નથી છતાં મળી ગયું છે. આપણી ખામી એ છે કે આપણને જે અલભ્ય લાભ મળ્યો છે, દુર્લભ વસ્તુ પ્રાપ્ત થઈ છે તેને આપણે ઓળખતા નથી. તેથી આપણે તેલપળીના વ્યાપારમાંથી નવરા થતા નથી.

❊ એક ગામમાં એક વાણિયો તેલપળીનો ધંધો કરતો હતો. તેની નાની અમથી દુકાનમાં પળી, બે પળી તેલ વેચવામાં તે નવરો ન થાય. એવામાં એક મહાત્મા તપ કરવા જતા હતા તે વાણિયાની દુકાને પહોંચ્યા. તેમની પાસે એક પારસમણિ હતો, તે આ ગરીબ વાણિયાને આપ્યો. મહાત્માએ કહ્યું, 'આ પારસમણિ છે. લોઢાને અડાડીશ તો તેનું સોનું થઈ જશે. તારું દારિદ્રય દૂર થઈ જશે. હું થોડા મહિના બાદ પાછા વળતાં લેતો જઈશ.'

વાણિયો તો પોતાના વેપારમાં પડેલો તેથી મહાત્માની વાત પર બહુ ધ્યાન ન આપ્યું. પારસમણિ મહાત્મા પાસે જ ગોખલામાં મુકાવી દીધો. મહાત્મા ત્યાંથી વિદાય થયા.

છ મહિને મહાત્મા પાછા ફર્યા. તેમને થયું કે વાણિયો તો સુખી થઈ ગયો હશે. પણ ગામમાં આવીને જોયું તો વાણિયો એ જ હાલતમાં ધંધો કરી રહેલો. વાણિયાને તેલપળીના ધંધામાંથી મણિ સામે જોવાની પણ ફુરસદ મળેલી નહીં. મહાત્માએ ગોખલામાં જોયું તો પારસમણિ ઉપર ધૂળ ચઢી ગયેલી. તેમને વાણિયાની મૂર્ખતા પર દયા આવી. તેમણે થોડું લોઢું શોધી પારસમણિનો સ્પર્શ કરાવ્યો. મણિનો સ્પર્શ થતાં જ લોઢું સોનું થઈ ગયું. વાણિયો આશ્ચર્યની સાથે મણિનો પ્રભાવ જોઈ રહ્યો. હવે મણિ પોતાની પાસે રાખવા માટે તે મહાત્મા પાસે કરગર્યો. પણ મહાત્મા તો મણિ લઈ ચાલતા થયા.

વેપારી પાસે પારસમણિ છ મહિના રહ્યો, પરંતુ તેનું જ્ઞાન નહીં, તેથી સુખી ન થઈ શક્યો. આપણું પણ ક્યારેક તેલપળીના વેપારી જેવું થાય છે. આપણને જે મળ્યું છે તેનું યથાર્થ જ્ઞાન ન હોવાથી દુ:ખી રહીએ છીએ.

❊ ગુણાતીતાનંદ સ્વામીએ વાતમાં કહ્યું એ મુજબ આપણે અલભ્ય લાભ પામી ચૂક્યા છીએ. બહુ દુર્લભ પ્રાપ્તિ આપણને થઈ ચૂકી છે. આપણને

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીની પ્રાપ્તિ થઈ છે. આ પ્રાપ્તિ આપણને સંસારનાં અનેક દુઃખ વચ્ચે પણ સુખી કરે તેમ છે, આપણને આત્યંતિક મુક્તિનો અનુભવ કરાવે તેમ છે.

આ પ્રાપ્તિને સમજવા માટે એક અનિવાર્ય બાબત છે - વિશ્વાસ.

● **પ્રાપ્તિ સમજવા વિશ્વાસ અનિવાર્ય :**

❊ મહંત સ્વામી મહારાજે નેનપુરમાં તા.૧૦ થી ૧૯/૫/૨૦૨૦ દરમ્યાન પોતાના ભક્તોને પ્રાપ્તિની વાત સમજાવવાનો જાણે નિર્ધાર કર્યો હતો. સ્વામીશ્રી રોજ કાગળ-કલમ લઈ પ્રાપ્તિ સંબંધી વાત પોતાના પ્રિય ભક્તોને લખતા. 'મહારાજ-સ્વામી એ જ પ્રાપ્તિ' એમ મથાળું આપી કુલ ૧૨ પાનાં સ્વામીશ્રીએ લખ્યાં. તેમાં સ્વામીશ્રીએ લખ્યું, 'પ્રાપ્તિને સમજવા માટે, અનુભવવા માટે કેવળ વિશ્વાસ જ કામ લાગે. મહારાજ અને ગુણાતીત પરંપરાનાં વચનોમાં દૃઢ વિશ્વાસ રાખવો. વિશ્વાસ રાખવા જેવા પુરુષ છે, એટલે વિશ્વાસ રાખવાનો છે. આ પુરુષોને જૂઠું બોલ્યાનું કોઈ કારણ નથી. એમને આપણી પાસેથી કાંઈ જોઈતું નથી. તે આપવા આવ્યા છે. એમણે કૃપા કરીને પોતાનું સ્વરૂપ સમજાવ્યું છે, એને પરમ સત્ય કરીને માનવું.'

ખરેખર, આપણે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજનું જીવન નજીકથી જોયું છે, તેમના પ્રસંગો સાંભળ્યા છે. તેઓ અતિ શુદ્ધ પુરુષ છે. આ લોકમાં તેમને કોઈ આસક્તિ નથી, તેમને કોઈનું અહિત કરવાનો વિચાર સુધ્ધાં ક્યારેય આવ્યો નથી. તેમને ભગવાનનો સાક્ષાત્કાર છે. તેઓ આપણને અક્ષરધામ સુધી લઈ જવા માટે આવ્યા છે. તેથી આપણે તેમના વચનમાં દૃઢ વિશ્વાસ રાખવો જ જોઈએ.

❊ જૂનાગઢમાં એક સંતે ગમ્મત કરતાં મહંત સ્વામી મહારાજને પૂછ્યું, 'હું પંચતીર્થીનો ભોમિયો છું અને આ (બીજા સંત) જંગલના ભોમિયા છે. આપ ક્યાંના ભોમિયા છો ?' સ્વામીશ્રી કહે, 'અક્ષરધામના.'

મહંત સ્વામી મહારાજ અક્ષરધામનો રસ્તો તાદૃશ જુએ છે, અને તે આપણને આ રસ્તે ચઢાવવા-વધારવા માંગે છે.

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ-૬૭**માં કહ્યું, "કોઈક સત્પુરુષ છે તેને આ લોકના સુખમાં તો પ્રીતિ જ નથી અને પરલોક જે ભગવાનનું ધામ તથા ભગવાનની મૂર્તિ તેને વિષે વાસના છે. અને જે તેનો સંગ કરે તેનું પણ એવી જ જાતનું હિત કરે જે, 'આ મારો સંગી છે તેને સંસારની વાસના તૂટી જાય ને ભગવાનને વિષે પ્રીતિ થાય તો ઘણું સારું છે."

મહારાજે વચનામૃતમાં સત્પુરુષની જીવનભાવના કહી, તેને આપણે મહંત સ્વામી મહારાજમાં નિહાળીએ છીએ.

❊ તા.૧૧/૧૦/૨૦૧૭ના રોજ લંડનમાં મહંત સ્વામી મહારાજ આરામમાં પધારી રહ્યા હતા. ત્યાં ત્રિપાઈ પર પડેલી એક નવી ટોર્ચ હાથમાં લઈ સ્વિચ ચાલુ કરી સ્વામી સામે બેઠેલા દર્શનાર્થીઓ પર પ્રકાશ પાથરવા લાગ્યા. પછી ટોર્ચ બાજુ પર મૂકી દીધી. સ્વામીશ્રીની આ લીલા જોઈ સેવક સંતે સ્વામીશ્રીને પૂછ્યું, 'ક્યા વિચારથી આપે બધા પર ટોર્ચથી પ્રકાશ પાથર્યો?' સ્વામીશ્રી કહે, 'અમારે તો અખંડ વિચાર હોય છે કે બધા બ્રહ્મરૂપ થાય. નીલકંઠવર્ણીની રોજ પ્રદક્ષિણા કરું છું ત્યારે બધા બ્રહ્મરૂપ થાય એવો વિચાર રાખું છું.'

❊ સ્વામીશ્રીની આ હૃદયની ભાવના છે કે આપણે બ્રહ્મરૂપ થઈએ. તેના માટે તેઓ આ લોકમાં આવ્યા છે. તેમની સર્વ ક્રિયા (વિચરણ, પધરામણી, પત્રવ્યવહાર, કથાવાર્તા વગેરે) એના માટે જ છે. તેમને આપણી પાસે કોઈ અંગત સ્વાર્થ નથી, કેવળ બ્રહ્મરૂપ કરવાનું તાન રહે

છે. તેથી આપણે એમના વચનમાં દૃઢ વિશ્વાસ રાખવો અનિવાર્ય છે.

● **સ્વામીશ્રી શું જણાવે છે ?**

* મહંત સ્વામી મહારાજે નેનપુરમાં પ્રાપ્તિ અંગે જે વાતો લખી હતી તેમાં તેઓ જણાવે છે -
  ૧. શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે,
  ૨. ગુણાતીતાનંદ સ્વામી અક્ષરબ્રહ્મ છે,
  ૩. પ્રગટ સત્પુરુષ મોક્ષનું દ્વાર છે. સત્પુરુષ દ્વારા મહારાજ સદાય પ્રગટ છે.

આપણી ગુણાતીત ગુરુપરંપરાએ આપણને પ્રાપ્તિની આ જ વાત અનેક પ્રસંગે દૃઢાવી છે.

* સન ૧૯૩૮ની આ વાત છે. બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી આફ્રિકામાં હરમાનભાઈ પટેલ મુમુક્ષુઓને કથાવાર્તા કરી સત્સંગમાં જોડતા. તેમાં જૂના સ્વામિનારાયણ સંપ્રદાયના સત્સંગીઓ પણ આવી વાતો સાંભળતા. એકવાર મોક્ષમાર્ગમાં અક્ષરબ્રહ્મ કેવી રીતે અનિવાર્ય છે ? ગુણાતીતાનંદ સ્વામી જ અક્ષરબ્રહ્મ શા માટે છે? તેની ચર્ચા નીકળી. આ અંગેનું વધુ માર્ગદર્શન મેળવવા હરિભક્તોએ શાસ્ત્રીજી મહારાજને પત્ર લખ્યો.

શાસ્ત્રીજી મહારાજે ખાનદેશથી પ્રત્યુત્તરમાં આફ્રિકા મંડળને દસ્તાવેજ સમો એક પત્ર લખ્યો. તા.૭/૧૨/૧૯૩૮ના દિવસે લખાયેલા એ પત્રમાં મુખ્ય વાત એ હતી કે 'ખાસ મારો વિશ્વાસ હોય ને હું સાચાબોલો પ્રામાણિક પુરુષ હોઉં એમ માનતા હોય તો ઉપરની વાત સાચી માની ખરા અંતઃકરણથી ગુણાતીતાનંદ સ્વામી અનાદિ અક્ષર છે એ વાતની નિષ્ઠા કરશો. ને શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન છે તે ખચીત માનજો. ને પ્રાગજી ભગત પરમ એકાંતિક સત્પુરુષ છે ને સ્વામીના કૃપાપાત્ર છે એમ જાણશો...'

* પ્રમુખસ્વામી મહારાજે પણ અનેક પ્રસંગે આપણને 'ગુણાતીતાનંદ મૂળ અક્ષર, સહજાનંદ એક પરમેશ્વર' ની વાત સમજાવી છે.

* આપણે ભાગ્યશાળી એટલે છીએ કે સદા માયાથી પર રહેનારા અક્ષર-પુરુષોત્તમ મહારાજ આપણને સત્પુરુષ દ્વારા પ્રગટ મળ્યા છે. મહંત સ્વામી મહારાજના રોમરોમમાં શ્રીજીમહારાજ બિરાજમાન છે. તેમણે શ્રીજીમહારાજને સમ્યક્‌પણે ધારણ કર્યા છે. તેઓ સાક્ષાત્ શ્રીજીમહારાજનું સ્વરૂપ છે.

* નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે,

'ધન્ય ધન્ય એ સંત સુજાણને,
જેનું ઊલટી પલટ્યું આપ...
સંત તે સ્વયં હરિ.'

* સુરતમાં અડાજણ મંદિરે મહંત સ્વામી મહારાજ પોતાના કક્ષમાં બેસી પત્રલેખન કરી રહેલા. પત્રલેખન બાદ, સામે નીલકંઠવર્ણીની બે મૂર્તિઓ હતી, તે મૂર્તિઓનાં દર્શન કરતાં હાથ જોડી સ્વામીશ્રી કહે, 'મૂર્તિઓ બહુ ફાઈન છે !'

સેવક સંત : 'આ (નીલકંઠવર્ણીની) મૂર્તિ અને આ મૂર્તિમાં (સ્વામીશ્રી તરફ અંગૂલિનિર્દેશ કરીને) કાંઈ ફેર છે ?'

સ્વામીશ્રી : 'એ (નીલકંઠવર્ણી) સાક્ષાત્ ભગવાન છે અને આ (પોતે) સ્વરૂપ છે.'

* મહંત સ્વામી મહારાજ પર એક ભક્તનો અમેરિકાથી પત્ર આવેલો. તે ભક્તે પત્રમાં પ્રશ્ન પૂછેલો કે, 'આપની તાત્ત્વિક ઓળખાણ એક શબ્દમાં આપવી હોય તો કયા શબ્દથી અપાય?' સેવક સંતે સ્વામીશ્રીને આ પ્રશ્ન પૂછ્યો ત્યારે મહંત સ્વામી મહારાજ કહે, 'પરમ એકાંતિક સંત.'

ઉપનિષદોમાં જેમને અક્ષરબ્રહ્મસ્વરૂપ, પરબ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય મહાપુરુષ કહ્યા છે, શ્રીમદ્‌ભાગવતમાં જેમને પરમ ભાગવતની ઉપમા આપી છે, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા જેમને ગુણાતીત અને સ્થિતપ્રજ્ઞ કહી વર્ણવે છે, વચનામૃતમાં શ્રીહરિ જેમને પરમ એકાંતિક સત્પુરુષ ઓળખાવે છે, એવા સત્પુરુષ મહંત

સ્વામી મહારાજની આપણને પ્રાપ્તિ થઈ છે.

* ભગવાન સદાય ગુણાતીત સંત દ્વારા આ સત્સંગમાં પ્રગટ રહે છે. એટલે જ તો આ સત્સંગ લીલોપલ્લવ છે, અને સ્વામીએ આ વાતમાં કહ્યું તેમ 'આજ તો સત્સંગની ભરજુવાની' છે.

ડભોઈના કરુણાશંકર વડતાલ, અમદાવાદ, ધોળકા, ધોલેરા, જેતલપુર વગેરે તીર્થોમાં ફરી જૂનાગઢ પહોંચ્યા. અહીં સવારમાં મોટી સભા ભરાયેલી. તેમાં ગુણાતીતાનંદ સ્વામી વાતો કરતા હતા. ને આખી સભા તેમની સામે જોઈ રહી હતી. કરુણાશંકરને પણ અંતરમાં શાંતિ થઈ. તેમણે સ્વામીને કહ્યું, 'સ્વામી! હું બધે ફરી આવ્યો, પણ બધે જ સત્સંગ ઘરડો થઈ ગયો છે. અહીં તમારા પ્રતાપે સત્સંગ લીલોપલ્લવ લાગે છે.' ત્યારે સ્વામી કહે, 'અહીં મહારાજ પ્રગટ બિરાજે છે, તેથી સત્સંગ લીલોપલ્લવ છે.'

વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજમાં રહી શ્રીજીમહારાજ આ સત્સંગનું પોષણ અને સંવર્ધન કરી રહ્યા છે. તેથી જ નાના-મોટા સૌનો સાક્ષી સ્વામીએ કહ્યું એ વાતને કબૂલે છે કે 'આજ તો સત્સંગની ભરજુવાની છે.'

* આપણને સર્વોપરી ભગવાન અને સર્વોપરી ગુરુની પ્રાપ્તિ થઈ, તે આપણાં કેટલાં મોટાં ભાગ્ય ? આપણને શેરડીના સાંઠાનો વચલો ભાગ મળ્યો છે, અને તે રસથી ભરપૂર છે. આ પ્રાપ્તિ થવાથી જન્મોજનમનું દુઃખ ટળી ગયું. નિષ્કુળાનંદ સ્વામી કહે છે,

'પામ્યા પામ્યા રે ભવજળ પાર
શ્રી હરિ સંત મળી;
વામ્યા વામ્યા રે દુઃખ અપાર
શ્રી હરિ સંત મળી.

આવી પ્રાપ્તિ ગમે તેટલાં સાધન કરી છૂટીએ તોપણ થાય તેમ નથી. આપણે ગમે તેટલાં તપ-વ્રત, યોગ-યજ્ઞ, સમાજસેવા, દાન વગેરે કરીએ પણ તેનાથી ભગવાન મળે તેમ નથી.

* નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીમાં કહે છે,

કિયાં જીવ કિયાં જગદીશ,
જાણો જુજવી એ જાત છે રે;
મર આપિયે સો સો શીશ,
તોયે વણમળ્યાની વાત છે રે.

આપણાં કયાં એવાં સાધન, કઈ એવી ભક્તિ કે આ ભવમાં ભગવાનનો ભેટો થાય ? આવા ગુણાતીત સત્પુરુષનો યોગ થાય ?

* સારંગપુરમાં ફૂલદોલના બીજા દિવસે શ્રીજીમહારાજ પોઢવા પલંગે વિરાજ્યા, ત્યારે મહાનુભાવાનંદ સ્વામી ચરણ ચાંપવા આવ્યા. મહારાજે પોતાનાં ચરણ ખેંચી લીધાં. સ્વામી કહે, 'કેમ ચરણસેવાથી વંચિત રાખો છો ? આપ કાજે સંસાર મૂક્યો, અપમાન-તિરસ્કાર સહ્યાં, માર ખાધો, પ્રકરણોમાં પાર થયા. છતાં આ લાભ લેવા નથી દેતા ?' મહારાજ કહે : "એક શ્રીમંત પાસે ભિખારી ભીખ માગવા આવ્યો. શેઠ કહે : 'અણહકનો રોટલો નહિ પચે, માટે ફળિયું વાળ.' તેણે ફળિયું વાળ્યું. શેઠ કહે : 'શું મજૂરી આપું ?' ભિખારી કહે : 'અધમણ સોનું આપો.' શેઠ કહે : 'બે પૈસાનું કામ ને અધમણ સોનું ?'' આમ કહી મહારાજ બોલ્યા : "એવું તમે અમ પાસે માગો છો."

કેવો દુર્લભ છે આ ભગવાનનો યોગ ? પણ મહારાજે આપણા પર અતિશય કરુણા કરી.

* અનંત કોટિ બ્રહ્માંડના રાજાધિરાજ સામે ચાલી આ બ્રહ્માંડમાં, આ લોકમાં પધાર્યા. તેઓ સત્પુરુષ દ્વારા પ્રગટ રહ્યા અને આપણને સામે ચાલીને મળ્યા. આ પ્રાપ્તિ થવામાં આપણો પુરુષાર્થ, આપણાં સાધન નહીં, પરંતુ તેમની કૃપા અને કરુણા જ કારણભૂત છે.

● જો પ્રાપ્તિનો આવો ખરેખરો મહિમા સમજાય તો...

૧) કલ્યાણની દૃઢ પ્રતીતિ આવે :

* જે ભક્તને પ્રાપ્તિ સમજાઈ છે તેને ભગવાન

અને સંતનું અતિશય બળ હોય છે. તેને અખંડ એવો વિચાર રહે કે આ ભગવાનના પ્રતાપે મારું કલ્યાણ નિશ્ચિત છે.

* શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૭૨**માં તેવા મહિમાવંત ભક્તની સમજણ જણાવતાં કહે છે, 'જ્યારથી ભગવાનનું દર્શન થયું તે દિવસથી જ મારું કલ્યાણ તો થઈ રહ્યું છે અને જે જીવ ભાવે કરીને મારું દર્શન કરે તથા મારું વચન માને તેનું પણ કલ્યાણ થઈ જાય, તો મારે કલ્યાણનો શો સંશય છે ? હું તો કૃતાર્થ છું.' એવું તે હરિભક્તને અંતરે વર્તતું હોય.
* ઝીંઝોડા ગામના હાથિયો માજરિયો નામે હરિભક્ત હતા. એકવાર તેના ગામમાંથી સંઘ કાશીએ જવા નીકળતો હતો. ત્યારે સૌએ તેને ભેગા આવવા આગ્રહ કર્યો. પણ હાથિયો કહે, 'મને તો ભગવાન સાક્ષાત્ મળ્યા છે. માટે તેમનાં દર્શનમાં મારે તો અડસઠ તીરથ આવી ગયાં.' એમ કહી તેઓ કાશીએ ન જતાં ગઢડા ગયા. પરંતુ થોડા દિવસમાં તેઓનો એક બળદ મૃત્યુ પામ્યો. ત્યારે લોકોએ મહેણું માર્યું કે, 'તમે કાશીએ ન આવ્યા તેથી આ થયું.' ત્યારે હાથિયો કહે : 'અરે ! મારો બળદ તો ધામમાં ગયો છે ને વળી બીજોય જશે તો નવી જોડ લાવીશ.' કો'કે કહ્યું : 'ગઢડા જઈને શું કમાણા ? ઘેલો તો સુકાય છે.' ત્યારે હાથિયાએ કહ્યું : 'ઘેલા નદીનું પાણી તો ઠીક, પણ કાંકરોય લઈને માથે ચડાવો તોય કલ્યાણ થઈ જાય.' કેવો પ્રાપ્તિનો મહિમા ! તેને કારણે કલ્યાણની કેવી પ્રતીતિ !

૨)અખંડ કેફ વર્તે :

* ગુણાતીતાનંદ સ્વામી ૧/૧૮૪મી વાતમાં કહે છે કે 'જેને જ્ઞાન ન હોય તેને તો એમ થાય જે, આપણે શું પામશું અને ક્યાં જાશું ? ને જેને જ્ઞાન હોય તેને તો અહો! અહો! થયા કરે જે, આ પ્રાપ્તિ થઈ છે, હવે કાંઈ કરવું રહ્યું નથી!'
* ભાદરા ગામના ડોસા ભગતનો વ્યવહાર તદન સામાન્ય હોવાથી ફક્ત જારના રોટલા જમતા. સાથે ઘી-ગોળ કે અથાણું નહિ, પણ ફક્ત પાણી સાથે રોટલા જમતા. એકવાર કોઈએ તેમને પૂછ્યું : 'ડોસા ભગત, આમ લૂખું કેમ ખાઓ છો?' આ સાંભળી ડોસા ભગત બોલ્યા, 'લૂખું ખાય તે હરામ ખાય. હું તો મહારાજને સંભારીને જમું છું.'

ડોસા ભગતને આવો પ્રાપ્તિનો કેફ હતો, તો આવી અતિ સામાન્ય પરિસ્થિતિમાં પણ તેઓ આનંદથી જીવતા હતા.

* યોગીજી મહારાજ ઘણીવાર વજેસિંહના હોકાની ફૂંકનું દૃષ્ટાંત આપી સમજાવતા કે, 'આવો પ્રાપ્તિનો કેફ આપણને ન ચઢે તો ક્યાં આપણે ગુરુને સેવ્યા જ છે ? કોણ આપણા ગુરુ ? તેનો કેફ રહેવો જોઈએ.'

મુખોમુખ થઈ ઓળખાણ,
કોઈ વાતની ન રહી તાણ,
આ બ્રહ્માંડમાં આપણા તુલ્ય,
ભાગ્યશાળી માનો એ જ ભૂલ્ય.

આમ, પ્રાપ્તિ સમજાય તો આ રીતે અખંડ કેફ રહે.

૩) લૌકિક વિક્ષેપની ગણતરી ન રહે :

* રોજિંદા જીવનમાં આપણે અનેક પ્રકારના પ્રશ્નોનો સામનો કરવો પડતો હોય છે. આ પ્રશ્નોથી આપણું અંતર ડિસ્ટર્બ થઈ જાય છે. પરંતુ મહંત સ્વામી મહારાજ ઘણીવાર કહે છે કે 'આપણને પ્રાપ્તિ હિમાલય જેવી થઈ છે, અને તેની સામે આપણા પ્રશ્નો ઢેફાં જેવા છે.'
* કોઈ ગરીબ વિદ્યાર્થી હોય જે ઝૂંપડામાં રહેતો હોય, થીંગડાંવાળાં કપડાં પહેરતો હોય, બે ટંક ખાવા પણ ન મળતું હોય. અનેક મુશ્કેલીઓ વચ્ચે તેના દિવસો પસાર થતા હોય. આ વિદ્યાર્થીને મેડિકલ કોલેજની પ્રવેશ પરીક્ષામાં પ્રથમ નંબર આવે, તો તેને ગરીબીનું દુઃખ નજરમાં નહીં રહે.

ધારો કે, કોઈ ભાઈ પોતાના જીવનમાં અનેક પ્રશ્નો વચ્ચેથી પસાર થઈ રહ્યા છે. ધંધો ખોટમાં ચાલે છે, આર્થિક કટોકટી ખૂબ સતાવે છે. એવામાં આ ભાઈને કરોડ રૂપિયાની લોટરી લાગે તો ?

આ દૃષ્ટાંતોમાં આપણે જોઈ શકીએ છીએ કે જ્યારે વિદ્યાર્થીનો પ્રથમ નંબર આવે કે વ્યક્તિને કરોડ રૂપિયાની લોટરી લાગે; ત્યારે તાત્કાલિક દૈહિક, બાહ્ય પરિસ્થિતિ પલટાઈ જતી નથી, છતાં તેનું દુઃખ ભુલાઈ જાય છે, કારણ કે મન કોઈક જુદી ભૂમિકામાં જતું રહે છે. પોતાને થયેલ પ્રાપ્તિ સામે પ્રશ્નો ઢેફાં સમાન લાગે છે. તેમ પ્રાપ્તિના વિચારથી મન કાયમ માટે એવી ભૂમિકામાં રહે છે કે આ લોકનું કોઈ દુઃખ નડતું-કનડતું નથી.

❊ બ્રહ્માનંદ સ્વામી ખટરસના નિયમથી રતાંધળા જેવા થઈ ગયા હતા. શ્રીજીમહારાજને આ ખબર પડી ત્યારે મહારાજ પોતે દિલગીર થઈ ગયા. ત્યારે બ્રહ્માનંદ સ્વામી કહે છે : 'મહારાજ ! અમારી આ પરિસ્થિતિ જોઈ આપ દુઃખી ન થતા, કારણ કે અમને તો તમારી પ્રાપ્તિ થઈ છે, તેથી આ દુનિયાનાં કે દેહનાં દુઃખ નજરમાં જ નથી આવતાં.' આમ કહી તે વખતે તેઓએ કીર્તન રચ્યું :

રાજ મારે દિન દિન દિવાળી રે,
વહાલા મળતાં તમને વનમાળી રે.

બ્રહ્માનંદ સ્વામીને તો અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ દિવાળીના જેવો આનંદ રહેતો, કારણ કે પ્રાપ્તિનો વિચાર તેઓના અંતરમાં સ્થિર રહેતો.

❊ શિકાગોના નિરલભાઈ પટેલનું જીવન એટલે શારીરિક પ્રશ્નોની પરંપરા. જન્મથી જ તેઓને બંને કીડનીમાં તકલીફ હતી. બે વર્ષે બંને કીડની કાઢી નાખવામાં આવી. ચાર ચાર વખત કીડની ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરવામાં આવી. પરંતુ ચારેચાર વખત ડોક્ટરોને નિષ્ફળતા જ સાંપડી. પેટમાં એવી ચૂંક આવે કે બેવડ વળી જવાય. તાવ, ઊલટી, બ્લડ પ્રેશર, ઝાડામાં લોહી પડવું, બધું નિત્યક્રમ બની ગયેલું. આવાં શારીરિક કષ્ટો વચ્ચે પણ નિરલભાઈને જરાય દુઃખ નહોતું. તેમણે જીવનમાં ક્યારેય ફરિયાદ નહોતી કરી. તેઓ તો અખંડ આનંદમાં હતા. મંદિરે નાની-મોટી સેવામાં જોડાતા. સામેથી સેવા માંગતા.

પાંત્રીસમા વર્ષ સુધીમાં તેમના શરીર પર ૭૦ સર્જરી થયેલી. તેઓને તબિયત અંગે પૂછવામાં આવે ત્યારે તેઓ કહેતા, 'I am fine. Don't worry about me. Maharaj-Swami is with me for all the time.' - મને સારું છે. મારી ચિંતા ન કરશો. મહારાજ-સ્વામી હંમેશાં મારી સાથે જ છે. છેલ્લા પાંચ દિવસ લાઈફ સપોર્ટ પર રહ્યા. તા.૧૦/૨/૨૦૧૮ના દિવસે તેઓ અક્ષરનિવાસી થયા.

અસહ્ય પીડાઓની નિરલભાઈને જાણે ગણતરી જ નહોતી. પોતાને થયેલી પ્રાપ્તિના બળે તેઓ અંતરે સુખી હતા. મહંત સ્વામી મહારાજ પણ તેઓની આવી સમજણ જોઈ ખૂબ પ્રસન્ન થયા હતા.

❊ વર્તમાનકાળે આપણા સત્સંગમાં આવા અનેક સંતો-ભક્તો છે જેઓ શારીરિક, વ્યાવહારિક, પારિવારિક, સામાજિક મુશ્કેલીઓ વચ્ચે પણ પ્રાપ્તિના બળે અંતરથી સુખ અને શાંતિનો અનુભવ કરે છે. આપણે પણ મહારાજ-સ્વામીની પ્રાપ્તિનું આવું બળ રાખી શકીએ તે પ્રાર્થના.

❀ ❀ ❀

સ્વામીની વાત : ૨ (પ્રકરણ ૧/૧૭૧)

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે

એક તો યજ્ઞ કરે તે આખી પૃથ્વીમાં ઘોડો ફેરવે તેમાં બહુ દાખડો, કેમ જે કોઈક બાંધે તો યજ્ઞ અધૂરો રહે, ને એક તો ફળિયામાં ઘોડો ફેરવીને યજ્ઞ કરી લે. તેમાં શું કહ્યું જે, ઈન્દ્રિયું, અંતઃકરણ તેને વશ કરવાં એ તો પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું છે, ને પોતાને બ્રહ્મરૂપ માનવું એ તો ફળિયામાં ઘોડો ફેરવવા જેવું છે અને વળી ચોસઠ લક્ષણ સાધુનાં કહ્યાં છે તે શીખવાં એ તો પૃથ્વીમાં ઘોડો ફેરવવા જેવું કઠણ છે ને ચોસઠ લક્ષણવાળા સાધુમાં જોડાવું એ તો ફળિયામાં ઘોડો ફેરવવા જેવું સુગમ છે.

સ્વામીની વાતનું નિરૂપણ

- આ વાતમાં સ્વામી આધ્યાત્મિક પ્રગતિનો 'Short cut' બતાવે છે.
- આપણને શુદ્ધ ઘીનો શીરો જમવાની ઈચ્છા થાય તો કેટલી વિધિ કરવી પડે ?

  ઘી મેળવવું પડે. ઘી મેળવવા ભેંસ લાવવી પડે. તેને દોહવી - દહીં જમાવવું - વલોવવું - માખણ કાઢવું - ગરમ કરવું પછી ઘી મળે. આ સાથે લોટ, ગોળ ને વાસણોની જરૂર પડે. બધું હોય પણ જો બનાવતા ન આવડે તો ? આમ, કેટલી મહેનત કરો ત્યારે શીરો પામો.

  જ્યારે બીજી બાજુ ઠાકોરજીના થાળમાંથી સીધો પ્રસાદ મળી જાય તો ?
- આ વાતમાં સ્વામી એવો સીધો-સરળ માર્ગ બતાવે છે.

(૧) ઇન્દ્રિયો - અંતઃકરણ જીતવા કઠણ છે

- પહેલાના સમયમાં અશ્વમેધ યજ્ઞ કરવામાં આવતા. જો આ યજ્ઞ નિર્વિઘ્ન પૂરો થાય તો તેને પૃથ્વીનું રાજ મળતું. પરંતુ આ કઠણ કામ હતું. એક અશ્વને પૃથ્વી પર છૂટો મૂકવામાં આવે. તેને કોઈ પકડે તો તે રાજાની સાથે યુદ્ધ કરીને પરાજીત કરવો પડે. આમ, સમગ્ર પૃથ્વીના તમામ રાજાઓ પાસેથી અશ્વ હેમખેમ

પાછો આવે ત્યારે યજ્ઞ પૂરો થાય.

- આવું જ દુષ્કર, બલ્કે એથી કપરુ કામ છે ઇન્દ્રિયો-અંતઃકરણને જીતવાનું.
- ઇન્દ્રિયો ચંચળ છે. જેમ લોહચુંબકને જોઈને લોઢું તણાય તેમ વિષયને જોઈને ઇન્દ્રિયો ખેંચાય જ.
- જેમ વેગે વહેતું પાણી નાવને ખેંચી જાય તેમ વિષયો તરફ આપણને ઇન્દ્રિયો ખેંચી જાય છે.
- એક યુરોપિયન સાહેબના ઘેર સુથાર કામ કરવા ગયો. ત્યાં આંગણામાં સાહેબના રૂપાળા મેડમ બેઠેલાં. સુથારની નજર એમાં સ્થિર થઈ. સાહેબે આ જોયું. તેણે સુથારને ચેતવ્યો કે 'મત જોના.' પણ વિવશ સુથાર વારે વારે જોતો. ત્રણવાર ચેતવ્યો. પછી તેની આંખો ફોડી નાંખી.
- મુક્તાનંદ સ્વામી સાધુ થવા માટે ધ્રાંગધ્રાના તુલસીદાસ બાવા પાસે ગયા. એ બાવાએ વાત કરી કે બ્રહ્મચર્ય પાળવું બહુ અઘરું છે. હું ૪૦ વર્ષ પહેલા ઉજ્જનને પાદરે ગયો. ત્યાં એક બાઈને રસ્તો પૂછ્યો. તેણે હાથનું લટકું કરી રસ્તો બતાવ્યો. તે લટકું આજે ૪૦ વર્ષે પણ ભુલાતું નથી.'
- માટે ઇન્દ્રિયો-અંતઃકરણ જીતવા બહુ અઘરા છે.

મુનિ મન મધ્ય વિચાર એવો કરે,
મોહ શું લડે તે મર્દ કેવા
પાખરીયા નર તે, કૈંક પાડયા ખરા,
શૃંગી શશી સુરરાજ જેવા

- મુક્તાનંદ સ્વામી

- આવા દુર્જય શત્રુને જીતવાનો સરળ ઉપાય ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'પોતાને બ્રહ્મરૂપ માનવું.'
- બ્રહ્મરૂપ માને એટલે દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણથી નોંખા પડી જાય. પોતાના સ્વરૂપનું જ્ઞાન થવાથી ઇન્દ્રિયાદિકનું જોર ચાલે નહીં.
- આ શરીરરૂપી નગરમાં આત્મા-જીવ એ રાજા છે. ને દેહાદિક પ્રજા છે. જો રાજાને પોતાની સત્તા-સામર્થીનો ખ્યાલ આવે તો પ્રજાનું ઉપજે નહીં.
- જનકરાજાના દરબારમાં એક સંન્યાસીની આવી. સુલભા એનું નામ. તે રાજા પાસે નિર્વસ્ત્ર થઈ ગઈ. પરંતુ જનકરાજા બ્રહ્મરૂપ હતા. તો બોલ્યા : 'તું મારા મનને મોહ પમાડવાનું કરે છે. પણ મારા અડધા શરીરને ચંદન ચર્ચો ને અડધા શરીરને તલવારે કાપો, મારે બેય સરખું છે.' એ જરાપણ ક્ષોભ કે લાલચ ન પામ્યા.
- પોતાને બ્રહ્મરૂપ-અક્ષરરૂપ માને એટલે વિષયોની અસારતા-તુચ્છતા થાય છે. લાખ-કરોડ કીડીઓ નીકળે એમાં સારી કઈ. રૂપાળી કઈ, નાની કઈ, મોટી કઈ એ જણાતું નથી. તેમ બ્રહ્માકારે દૃષ્ટિ થવાથી જીવપ્રાણીમાત્રના દેહ સરખા થઈ જાય છે. સારા-નરસા વિષયો એક થઈ જાય છે.
- ગુણાતીતાનંદ સ્વામી : વિષયરૂપી ખાડો કોટિ કલ્પે પૂરાય એમ નથી, પણ જો પોતાને બ્રહ્મરૂપ માને તો પુરાય.
- બ્રહ્મરૂપ કેવી રીતે થવાય ? ગ.મ. ૩૧ પ્રમાણે મનન દ્વારા બ્રહ્મનો સંગ કરે તો બ્રહ્મના ગુણો આવે. અત્યારે બ્રહ્મનું પ્રગટ સ્વરૂપ પ્રમુખ સ્વામી મહારાજ છે. તેમની મન દ્વારા સ્મૃતિ, તેના ગુણોનું વર્ણન ને શ્રવણ કરીએ તો બ્રહ્મરૂપ થવાય.

(૨) આ વાતના બીજા ભાગમાં સ્વામી બીજી ચાવી બતાવે છે.

- ૬૪ લક્ષણ સાધુના શીખવાની વાત તો બાજુ પર, નામ જ ના આવડે. કદાચ વાંચે તો મોઢે કરતા મહિનો થઈ જાય. સમજતા વર્ષો જાય ને જીવનમાં ઉતારતા જન્મો થઈ જાય.
- એક એક ગુણ મોટા મેરુ પર્વત જેવા અજેય

છે. દા.ત. ઈર્ષ્યાનો ત્યાગ કરવો અને-નિર્મત્સરતાનો ગુણ લાવવો હોય તો ?

નારદજીએ તુંબરુને સારુ ગાતા જોયા. ભગવાન એની ઉપર પ્રસન્ન થયા. આથી નારદજીએ તુંબરુની ઈર્ષ્યા આવી કે હું ય એનાથી સારુ ગાઉ ને ભગવાનને પ્રસન્ન કરું.' ગાન વિદ્યા શીખવા લાગ્યા. પણ ભગવાન રાજી જ ન થયા. ૭ મન્વંતર સુધી નારદજીની ઈર્ષ્યા ટળી નહીં. પછી જ્યારે તુંબરુ પાસે નિર્માની થઈને ગયા ને શીખ્યા ત્યારે ટળી.

આ તો એક જ દોષની વાત થઈ. પણ આવા માન, સ્વાદ, સ્નેહ, કામ, ક્રોધ, લોભ... આવી વણજાર છે આ બધી વણજાર પહેલા તો ટાળવાની ને પછી ગુણો લાવવાના. કેટલું અઘરું કામ છે ?

- પરંતુ અહીં સહેલો ઉપાય બતાવ્યો છે : ૬૪ લક્ષણવાળા સાધુમાં જોડાઈ જાય.

માટીના નાના નાના કાંકરા બજારમાં વેચવા જાય તો કેટલી કિંમત આવે ? પણ એ જ કાંકરા ઘઉંમાં ભળે તો, ઘઉં સાથે જોડાય તો ? એની કિંમત ઘઉં જેટલી જ. એમ સાચા સંતમાં જોડાઈએ તો સંતમાં કિંમતી ગુણો છે તે ય આપણામાં આવે.

- ધન્ય ધન્ય સો જન, શોધી સત્સંગતિ આયો,
તીરથવ્રત જપ જોગ, સબન કો ફળ સો પાયો.

- નામદેવ વિઠોબા સાથે વાતો કરતા. તેનો તેને ગર્વ. એકવાર ગોરા કુંભારને ત્યાં સત્સંગમાં ગયા. ભક્તો કહે અમે કાચા કે પાકા એ કહો. ગોરા ભક્તે ટપલો લીધો ને દરેકના માથે ટકોરો મારે ને કાચા કે પાકો એવો નિર્ણય આપે. નામદેવનો વારો આવ્યો. તેને કહે : 'નામા કચ્ચા, નામા કચ્ચા !' નામદેવને અપમાન લાગ્યું. 'હું ભગવાન સાથે વાતો કરુ તો ય કાચો ?' ભગવાને દર્શન દીધા ને કહ્યું : 'તું નુગરો (ગુરુ વિનાનો) છે. ગુરુ કર., એમાં જોડા તો પાકો થઈશ.'

- ગુરુ મળે તો જ પાકા કરે. પાકા એટલે સદ્‌ગુણોવાળા.

- ગુરુ મળ્યા ગુણવાળા,
મળ્યા જી મુને ગુરુ મળ્યા ગુણવાળા.
હૈયાની હાટડીમાં કળશી કચરો
ને ઉપર જામ્યા તા જાળા.
સંત સહાયથી બધું ય સુધર્યું
ને ખૂલ્યા કટાયેલ તાળાં.

- રામકૃષ્ણ પરમહંસને કોઈએ પ્રશ્ન પૂછ્યો : 'ગુરુથી શો લાભ ?' રામકૃષ્ણ કહે : 'પેલી હોડીને કલકત્તા પહોંચતા કેટલો સમય લે ?' 'પાંચ કલાક.' 'આગબોટ સાથે બાંધે તો ?' અડધા કલાકમાં.' 'બસ, આ જ કામ ગુરુનું છે. કઠોર સાધનાથી ન થાય તે ગુરુકૃપાથી સહજ થાય.

- ગુરુ કૃપા હિ કેવલમ્ શિષ્ય પરમ મંગલમ્.

- એવા ગુરુ પ્રમુખસ્વામી મહારાજ છે. એમાં જોડાવું પડે. જોડાવું એટલે એની રુચિ-આજ્ઞા મુજબ જ કરવું- રહેવું.

કામરોળના દરબાર દાજી ભાઈ. ગુણાતીતાનંદ સ્વામી પાસે વર્તમાન ધરાવ્યા. ને કહે : 'બીજા બધા નિયમ પાળીશ પણ નિષ્કામી વર્તમાનનું પાકુ નહીં. મેં ચકલાને મારીને તેની જીભ ખૂબ ખાધી છે. એટલે સ્વામી કહે : 'લો, આ માળા, મારી સામે જોઈને પાંચ ફેરવો.' પાંચ માળા ફેરવી. ત્યાં અંતરમાંથી કામ કાઢી નાંખ્યો. સ્વામી સાથે જોડાયા તો કાર્ય સહજ સિદ્ધ થયું એમ આપણે પણ સ્વામીની આજ્ઞા પાળીને એમાં જોડાઈએ તો સર્વગુણ આવતા જરાપણ વાર ન લાગે.

◆

સ્વામીની વાત : ૨, પ્રકરણ : ૧, વાત : ૧૯૬

સ્વામિનારાયણ હરે..... સ્વામીએ વાત કરી જે.....

આપણે જાણીએ છીએ જે, આપણને ભગવાનમાં હેત છે પણ આપણા કરતાં તો આપણા ઉપર ભગવાન ને સાધુને ઝાઝું હેત છે.

● વાતનું નિરૂપણ

* આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામી ભગવાન અને સંતની પોતાના ભક્તો ઉપરની અપાર કરુણા - અપાર સ્નેહનાં દર્શન કરાવે છે.

* જીવપ્રાણીમાત્રના અસ્તિત્વનો આધાર સ્નેહ છે. નાનું બાળક માતાપિતાનો પ્રેમ ઝંખે છે, પશુ પણ પોતાના માલિકનો પ્રેમ ઇચ્છે છે. એમ ભક્તને પણ ભગવાનના સ્નેહની ઝંખના હોય જ.

* જ્યારે ભક્તને એવી પ્રતીતિ થાય છે કે 'ભગવાન અને સંતને મારા પર હેત છે.' તે ક્ષણે આધ્યાત્મિક માર્ગે આગળ વધવાનું તેને અખૂટ બળ પ્રાપ્ત થાય છે.

- **આપણે જાણીએ છીએ જે આપણે ભગવાનમાં હેત છે :**

* આપણને ભગવાનમાં હેત છે એ ઘણી વાર દેખાય નહીં. પણ આ વાતનું રહસ્ય ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતમાં સમજાવે છે. જીવાખાચરને ગરાસમાં હેત છે. તે તેને કોઈ છોડાવવા આવે ત્યારે ખબર પડે, એમ કોઈ આપણને સત્સંગ છોડાવવા આવે ત્યારે આપણને સત્સંગમાં કેટલું હેત છે તે ખબર પડે.'
* ભગવાનમાં હેત હોય તેની નિશાની કારિયાણીના ૧૧મા વચનામૃતમાં શ્રીજીમહારાજ વર્ણવે છે : જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહીં ને જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે.
* હેત છે એટલે તન, મન, ધનથી સત્સંગનો ઘસારો વેઠાય છે.
* દાદાખાચરે શ્રીજીમહારાજ માટે સર્વ પ્રકારનો ભીડો સહન કર્યો, તેનું કારણ હતું : હેત.
* શ્રીજીમહારાજે પરમહંસોને ૧૧૪ આકરા પ્રકરણોમાં વર્તાવ્યા. જેવાં કે ગોળા ખાવા, કંતાન પહેરવું, શિયાળામાં પાણીમાં બેસવું, ઝાડ નીચે રહેવું... આ બધું જ એમણે પાળ્યું. એક જ કારણથી - હેત હતું.
* યોગીજી મહારાજને શાસ્ત્રીજી મહારાજ પર હેત હતું તો ૪૦ વર્ષ સુધી રોટલા ઘડવાની આજ્ઞા સારધાર પાળી.
* આપણે પણ સ્વામીશ્રીની આજ્ઞા મુજબ જેટલું વર્તીએ એટલું હેત જાણવું. ને જેટલી આજ્ઞામાં કચાશ એટલી પ્રેમમાં ખામી.

- **આમ છતાં આપણા પર ભગવાન અને સંતને ઝાઝું હેત છે.**

* મહારાજનું પૃથ્વી પર પધારવાનું કારણ જ ભક્તો પરનું હેત છે. પોતાના પ્રેમી ભક્તોના મનોરથો પૂરા કરવા એ જ ભગવાનને અવતાર ધર્યાનું પ્રયોજન છે.
* મહારાજ આગળના અવતારોની જેમ રાજારૂપે ન આવ્યા. જો એમ હોત તો આપણે હળીમળી જ ના શકત પરંતુ આપણા જેવા સામાન્ય થઈને આવ્યા. ને સામાન્ય જેવા જ રહ્યા.
* માનકૂવામાં શ્રીજીમહારાજને ભૂખ લાગી. વશરામ ભગતે ખીચડી બનાવી. ઠારવા માટે કંઈ પાત્ર ન હતું. પથ્થરની છીપર પર ઠારી. મહારાજ છીપર પર ખીચડી જમી ગયા.
* સગરામ વાઘરીના કૂબામાં કે જેતલપુરની ગણિકાના મહેલમાં જવામાં તેઓ ખચકાયા નહીં, કારણ કે ભક્તો પર હેત હતું.
* મહારાજ કાઠી દરબારો સાથે ઘોડા ખેલાવે. ગઢડામાં પાંચુબા સાથે છાશ વલોવે... આ મનુષ્ય જેવાં ચરિત્રોથી ભક્તોની તમામ ઇચ્છા પૂરી કરતા.
* શ્રીજીમહારાજે રામાનંદ સ્વામી પાસે માગેલા બે વરદાન જ સૂચવે છે કે મહારાજને ભક્તો અતિશય વહાલાં છે ને એમની જ ચિંતા છે :
  ૧. મારા ભક્તના ભાગ્યમાં રામપાતર (ભિક્ષાપાત્ર) હોય તો તે મને આવે, પણ ભક્ત અન્નવસ્ત્રે દુઃખી ન થાય.
  ૨. મારા ભક્તને એક વીંછીના ડંખની વેદના થવાની હોય તો મને રૂંવાડે રૂંવાડે કરોડ કરોડ વીંછીની વેદના થાય પણ મારા ભક્ત દુઃખી ન થાય.
* મહારાજને પહેલેથી વનપર્વત અને એકાંત ગમતું. પણ પોતાના ભક્તો સાથેની અતિશય પ્રીતિને કારણે તેઓ સમૂહમાં માણસો વચ્ચે રહે છે. 'અમે ભગવાન અને ભગવાનના ભક્ત સંગાથે અમારા મનને અતિશય પ્રીતિએ કરીને જોડી રાખ્યું છે.' (ગ.અં. ૧૩)

* શ્રીજીમહારાજ ભક્તોના સુખદુઃખમાં સદાય સાથી રહ્યા છે. નાજા જોગિયાની રક્ષા કરવા રાતોરાત છેક વીસનગરથી ચાલતાં ચાલતાં ભોંયરા પહોંચ્યા.

જે જે હરિએ કર્યું હેત, એવું કરે કોણ આપણે રે,
માતતાત સગા સમેત માન્યા, સનેહી ભોળાપણે રે..
જોને ગર્ભવાસની ત્રાસ, ટળે કેમ ટાળી કોઈની રે,
તે પણ ટાળીને અવિનાશ, રાખે ખબર અન્ન તોયની રે..

- નિષ્કુળાનંદ સ્વામી

* શ્રીજીમહારાજે આપણા દેહની ચિંતા કરી છે ને દેહ મૂક્યા પછીની ચિંતા પણ કરી છે.

મારા જનને અંતકાળે, જરૂર તેડવા આવવું.
બિરુદ મારું એ ન બદલે, એમ સર્વ જનને જણાવવું.

* 'અમારે તો જન્મોજન્મ ભગવાના ભક્તની સેવા જ કરવી છે.' (ગ.મ. ૨૮)
* હેત હોય તે ભવિષ્યની પણ ચિંતા કરે. શ્રીજીમહારાજ પૃથ્વી પર પોતાનું અખંડ પ્રાગટ્ય સંત દ્વારા રાખી ગયા - પોતાના ભક્તોની સંભાળ રાખવા.
* વર.૧૯ : 'આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્ય દેહ આવે છે, ત્યારે ભગવાન કે ભગવાનના સંત જરૂર પૃથ્વી પર વિચરતા હોય છે.'
* આ ગુણાતીત સંત દ્વારા પણ, મુમુક્ષુ એવું જ હેત પામે છે.
* ગુણાતીતાનંદ સ્વામી મંદિરમાં ધર્માદામાં આવેલા બાજરાના દાણા જોઈને કહી દેતા કે કોના ખેતરનું ધાન છે ?' પોતે સ્વધામ પધારવાના હતા, તેની છેલ્લી ઘડી સુધી પધરામણી કરીને હરિભક્તોને રાજી કર્યા.
* ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને કહેલું : 'જો હરિભક્તોને સાચવશો, તો મને સોને મઢ્યો એમ માનીશ.''
* યોગીજી મહારાજે એઠાં વાસણો ઊટક્યા. હેત હોય તો જ સાધુ થઈને ગૃહસ્થની આવી નીચી પ્રકારની સેવા થાય.
* એક વાર ભાદરણમાં અમદાવાદના યુવક જગદીશભાઈ ત્રિપાઠી બીમાર પડ્યા. યોગીબાપા જઈને તેમનું માથું દાબવા લાગ્યા. એમને સારું લાગ્યું. તેથી દબાવા દીધું. થોડી વારે જાગીને જોયું ત્યારે ખબર પડી ને ગળગળા થઈ ગયા : 'બાપા ! આપે અમારી સેવા ન કરાય.' યોગીજી મહારાજ કહે : 'ગુરુ, તમે અમારી સેવા કરો છો, તો અમારે ય કરવી પડે ને ?' એમ કહીને સૂવડાવી દીધા. બપોરે જમવા આવ્યા ત્યારે ત્રણ વાટકા શીખંડ જમાડ્યો.

● પ્રમુખસ્વામી મહારાજનું આપણા પર હેત :

* સ્વામીશ્રીએ પોતાનો દેહ હરિભક્તો માટે કૃષ્ણાર્પણ કર્યો છે. રાજમહેલ જેવાં મંદિરોમાં રહેવાનું છોડીને સ્વામીશ્રી સતત વિચરણ કરે છે.
* પોતાના સ્વાસ્થ્યની પણ તેઓ પરવા કરતા નથી. સુંદલપુરામાં હાર્ટએૅટેક આવ્યો. સ્વામીશ્રીને વડોદરા લઈ જતા હતા. ત્યાં રસ્તામાં ગાડી ઊભી રખાવી ને આણંદમાં ડાહ્યાભાઈ ગજ્જરને ત્યાં પારાયણમાં કોણ જશે તેની ચિંતા કરવા લાગ્યા. ને આચાર્ય સ્વામીને ત્યાં જવાની આજ્ઞા કરી ત્યારે શાંતિ થઈ.
* સ્વામીશ્રી હરિભક્તોના દુઃખે દુઃખી છે. ૧૯૯૦ માં લંડનમાં અડધી રાતે ઊઠીને સ્વામીશ્રી ધૂન કરવા લાગ્યા, કારણ કે એ વખતે સૌરાષ્ટ્રમાં વરસાદની ખેંચ હતી. પોતાના ભક્તો દુઃખી ન થાય એ માટે રાતની ઊંઘ હરામ કરે તે હેત હોય તો જ થાય.
* ઈ.સ. ૧૯૫૦માં શાસ્ત્રીજી મહારાજે સ્વામીશ્રીની પ્રમુખ તરીકે વરણી કરી ત્યારે સ્વામીશ્રીએ પ્રાર્થના કરી : 'આપના સમગ્ર આશ્રિતો તન-મન-ધનથી સુખિયા રહે. આ લોકમાં તેમને કોઈ પ્રકારનું કષ્ટ કે દુઃખ ન આવે અને સુખેથી સ્વામીશ્રીનું ભજન કરી અંતે અક્ષરધામમાં નિવાસ કરે એવા આશીર્વાદ માગું છું. વળી ભૂલેચૂકે પણ અક્ષરપુરુષોત્તમ

મહારાજનું નામ લે તેને પણ આપ આપના પ્રૌઢ પ્રતાપ વડે અક્ષરધામ બક્ષીસ આપજો.'

* ગઢડામાં એક વાર સંતો સાથે સહેજે વાત નીકળી, 'અહીં તો મચ્છરના ઝૂંડના ઝૂંડ આવે છે.' આ સાંભળીને સ્વામીશ્રી બોલ્યા : 'હરિભક્તોનું શું થતું હશે ? તેમને મચ્છરદાની આપો છો ?'
* અમૃત મહોત્સવમાં સ્વામીશ્રીએ રસ્તા પર સામાન ઊંચકીને જતા યુવકોને જોયા. સંભામંડપમાં પહોંચીને તરત જ જવાબદાર વ્યક્તિને સામાન માટે વાહનની વ્યવસ્થા કરવા જણાવ્યું.

- **ભગવાન અને સંતના પ્રેમની વિશેષતા એ છે કે એ ભેદભાવ વગરનો છે**

* સાંકરીમાં સ્વામીશ્રીએ દૂબળા આદિવાસીઓને રસ્તામાં જોયા. ત્યાં જ ઊભા રહીને ૧૫-૨૦ મિનિટ સુધી ઉપદેશ આપ્યો : 'આ મંદિર તમારું જ છે. એમાં નિયમિત દર્શને આવવું જ.'' બધાને વ્યસનમુક્ત કર્યા.

- **ભગવાન અને સંતનું હેત નિઃસ્વાર્થ છે.**

સારંગપુરમાં સંતો દ્વારા સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો : 'આપ અમને સાધુ કેમ બનાવો છો ?'

ત્યારે સ્વામીશ્રીએ કહ્યું : 'અમારે કંઈ તમારી પાસે હાથ-પગ દબાવડાવવા નથી કે સેવા કરાવવી નથી. તમે બધા એકાંતિક ધર્મ સિદ્ધ કરો ને ભગવાનના સુખને પામો એ જ ઈચ્છા રહે.'

* આવા સત્પુરુષોને એક જ ઈચ્છા હોય : બધા મારા જેવા સુખને પામે - આનું મૂળ કારણ આપણા પરનું હેત છે. ◆

સ્વામીની વાતઃ ૧ પ્રકરણ : ૧/૨૧૪

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરીજે...

દિવ્યભાવ ને મનુષ્યભાવ એ બેને એક સમજે તે માયાને તરી રહ્યો છે, ને એજ માયા છે તે જાણવી, ને એમ ન જાણે તો પ્રથમ પ્રતાપ દેખાડે છે ત્યારે આનંદ થાય, ને રુવે ત્યારે મૂંઝવણ થાય. ને દિવ્યભાવ-મનુષ્યભાવ એક સમજે તેને ક્યું સાધન કરવાનું બાકી છે ? કાંઈ પણ નથી.

સર્વના કારણ ને સદા દિવ્ય સાકાર એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ તેની મૂર્તિ દીઠી હોય તેનું જ ધ્યાન-ઉપાસના-ભક્તિ કરવી. પણ તેથી કાંઈ પૃથક્ ન સમજવું. અને તે ભગવાનમાં જે દેહભાવ જણાય છે તે તો નટની માયાની પેઠે સમજવો. અને જે આવી રીતે સમજે તેને તે ભગવાનને વિષે કોઈ રીતે મોહ થતો નથી.

સ્વામીની વાતનું નિરૂપણ

- પોતાના ભક્તોનાં મનોરથ પૂરા કરવા ભગવાન મનુષ્યાકૃતિ ધારણ કરે છે. (કા-૫)
- ભગવાનના આ મનુષ્યરૂપમાં સહેજે ભૂલા પડી જવાય છે. કારણ કે એ વખતે ભગવાનની બધી જ ક્રિયા મનુષ્ય જેવી જ હોય છે.
- ગઢાળીનાં આંબા શેઠ, મહારાજ માટે રોજ વહેલી પરોઢે એલાયચીમાં બોળેલું દાતણ લઈને આવતા હતા તે બંધ થઈ ગયા. કારણ કે એક દિવસ વહેલી સવારે મહારાજને અદીબાને ખભે હાથ મૂકીને પગથિયા ઉતરતા જોયા. આમ મહારાજના મનુષ્ય ચરિત્રમાં મોહ થયો.
- આપણને પણ આજે મહારાજ પ્રમુખસ્વામી રૂપે મળ્યા છે તેમના ચરિત્રોમાં મોહ ન થાય તે અંગેની સમજ આ વાતમાં છે :

  (૧) પ્રત્યક્ષ મૂર્તિને વિશે ત્યાગ-ભાગ સમજવો નહીં. એટલે કે જેમ સાકરની કોઈ મૂર્તિ હોય તેમાં કયો ભાગ ગળ્યો ન હોય ? તેના હાથ, પગ, માથું, પેટ બધું જ ગળ્યું હોય. તેમાંથી કોઈ ભાગ ત્યાગવા જેવો ન હોય.
- તે રીતે આપણને મળેલી મનુષ્યરૂપી ભગવાનની મૂર્તિમાં કોઈ ત્યાગભાગ નથી. તેની પ્રત્યેક ક્રિયા, દર્શન, ચરિત્ર, કલ્યાણકારી અને દિવ્ય જ છે.
- ભગવાન મનુષ્ય જેવા થાય તો જ આપણને સુવાણ થાય. આપણને સુખ આવે. ધુવારણના પાવર મથક ૨ લાખ વોલ્ટ દબાણ સાથે વિદ્યુત ઉત્પન્ન થાય છે. આપણા ઘરમાં આપણે પ્રકાશની જરૂર હોય તે વખતે ધુવારણના જનરેટરમાંથી સીધો જ કરંટ ઘરમાં આવે તો ? ધડાકા થાય. બધુ બળીને ખાખ થઈ જાય. ઘરમાં આપણે ૨૪૦ વોલ્ટ જ જોઈએ. એમ ભગવાન મનુષ્ય જેવા થાય અને એ રીતે વર્તે તો જ આપણને સુખ આવે. તેમની જેટલી છે એટલી સામર્થી સાથે આવે તો આપણને પચે નહીં.
- સામાન્ય નાના ગામડામાં અમેરિકાના પ્રમુખ આવે તો ? એ પ્રમુખ ગામડાના માણસ જેવા જ હોય. બે કાન, હાથ, પગ, એ ખાય પણ મોઢેથી જ. એને ઊંઘ આવે. એને થાક લાગે. એ ઘરડો થાય. એ માંદો પડે. બધી ક્રિયા એક સામાન્ય માણસ જેવી જ હોય. પણ આપણને એ સતત જુદો જ દેખાય. કેમ ? એની સત્તાનો-સામર્થીનો ખ્યાલ છે. આનું નામ દિવ્યભાવ. એવો જ ભાવ ભગવાન અને સંતમાં રાખવાનો છે.
- વીરા શેલડીયાને દ્વેષી કાઠીઓએ એકવાર કહ્યું, ‘તારા સ્વામિનારાયણ બે કાઠિયાણિઓને લઈને ભાગી ગયા.’ ત્યારે વીરો કહે, ‘જ્યાં

સુધી ૧૬૧૦૮ લઈ જશે ત્યાં સુધી તેને કૃષ્ણ જેવા માનીશ અને એથી વધુ લઈ જશે તો સર્વોપરી' આમ દરેક ક્રિયામાં દિવ્યભાવ.

- યોગીજી મહારાજને કોઈએ કહ્યું, 'શાસ્ત્રીજી મહારાજના અક્ષર ગરબડિયા. ઉકલે જ નહીં.' યોગીજી મહારાજ કહે, 'ગુરુ એમ નો કહેવાય. શાસ્ત્રીજી મહારાજના અક્ષર તો બહુ સારા. આ તો આપણને વાંચતા નથી આવડતું.'
- દિવ્યભાવ-મનુષ્યભાવ એક સમજાય એટલે બધું જ થઈ રહ્યું. (ગુણાતીતાનંદ સ્વામી)
- લોયા-૧૮ જેને ભગવાનને વિષે દિવ્યભાવ છે. તેને પૂરો નિશ્ચય જાણવો.
- નિત્યાનંદ સ્વામી મહારાજને કહેતા, 'હે મહારાજ, તમે લગ્ન કર્યું હોય ને પાંચ-સાત છોકરા થાય ને તમે વડોદરાની માંડવી બજારમાં ભીખ માંગતા હો તો પણ તમે પુરુષોત્તમ નારાયણ છો.' નિશ્ચય મને મટે નહીં.
- પ્રમુખસ્વામીને કોઈએ પૂછ્યું : 'તમને શાસ્ત્રીજી મહારાજની કઈ ક્રિયા ગમતી ?' પ્રમુખસ્વામી, 'બધી જ દિવ્ય હતી ને ગમતી.'

આ ન સમજાય તો માયા કહેવાય :

- બ્રહ્માએ શ્રીકૃષ્ણનો મહિમા ખૂબ જાણ્યો. સાક્ષાત્ પરમાત્મા મનુષ્યરૂપે પ્રગટ થયા છે. એવું જાણીને ભગવાનની પ્રસાદી લેવા માટે યમુના નદીમાં માછલું બન્યા. શ્રીકૃષ્ણે ગોવાળો સાથે ઉજાણી કરી. બ્રહ્માને એમ કે હાથ ધોવા નદીમાં આવશે ને હાથ પર ચોંટેલી પ્રસાદી મને મળશે.' શ્રીકૃષ્ણે એમની કસોટી કરવા ધૂળથી જ હાથ ધોઈ નાંખ્યા. બ્રહ્માને તરત શંકા, 'આ નોય પરબ્રહ્મ, આ તો ગોવાળિયો છે. સામાન્ય વિવેક પણ નથી.' ભૂલા પડ્યા.
- આ રીતે પાર્વતીજી પણ ભૂલા પડ્યા. રાવણ સીતાનું હરણ કરી ગયો. રામ બાવરા બનીને ઝાડ, મૃગલા, પર્વત બધાને પૂછે, 'તમે સીતા જોયા ?' રડે. આ જોઈને પાર્વતી શંકરને કહે, 'આવા ભગવાન હોય ? એક સ્ત્રી સારું રડે ? લાવો હું તેમની પરીક્ષા કરું. સીતાનું રૂપ ધરીને જ જઉં.' શંકરે ના પાડી. છતાં ગયા. રામે તરત પૂછ્યું, 'અહો પાર્વતીજી, તમે એકલા કેમ ? શિવજી ક્યાં ?' પાર્વતી ભોંઠા પડી ગયા.
- યોગીજી મહારાજને કોઈએ પૂછ્યું, 'શાસ્ત્રીજી મહારાજ સૂઈ ગયા ?' 'ના, બીજા બ્રહ્માંડમાં કાર્ય કરવા ગયા છે.'
- શ્રીજીમહારાજે સગરામ વાઘરીના ઘેર સ્ત્રીના કપડા પહેર્યા. બ્રહ્માનંદ સ્વામીએ આ જોયું પણ સંશય થયો નહીં.
- ગુ.સ્વા. સાથે પ્રાગજીભક્ત વિચરણમાં નીકળ્યા. સ્વામીના સિગરામ પાસે પ્રાગજી ભક્ત જાય નહીં. 'સ્વામીની ગોદડીમાંથી કરોડ કરોડ સૂર્યનું તેજ નીકળે છે. એટલે નજીક જવાતુ નથી.' આવો દિવ્યભાવ હતો.
- **ફગવા** : 'જે જે લીલા કરો તમે લાલ, તેને સમજુ અલૌકિક ખ્યાલ' આ પ્રાર્થના નિત્ય કરવી.

૩. સ્વામીની વાત : ૧/૨૧૪

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

દિવ્યભાવ ને મનુષ્યભાવ એ બેને એક સમજે તે માયાને તરી રહ્યો છે, ને એ જ માયા છે તે જાણવી, ને એમ ન જાણે તો પ્રથમ પ્રતાપ દેખાડે ત્યારે આનંદ થાય, ને રુએ ત્યારે મૂંઝવણ થાય. ને દિવ્યભાવ-મનુષ્યભાવ એક સમજે તેને કયું સાધન કરવાનું બાકી છે ? કાંઈ પણ નથી.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

* મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીના બાળપણનું નામ મૂળજી હતું. મૂળજી એકવાર બાળમિત્રો સાથે ખેતરે જતા હતા. રસ્તામાં કૂવો આવતાં મૂળજીએ તેમાં એક પથ્થર નાખ્યો. એટલે પાણી ઉપરની લીલ ખસી ગઈ. મિત્રોએ પણ જોયું કે પથ્થર નાંખવાથી લીલ ખસી ગઈ. મૂળજીએ આને નિમિત્ત બનાવી કહ્યું, 'પાણી ઉપર લીલ જામી ગઈ હતી તેથી પાણી જેવું છે તેવું દેખાતું ન હતું. તેમ આપણો જીવાત્મા માયાના આવરણથી જેવો છે તેવો જણાતો નથી અને તેથી ભગવાનનો સંબંધ પણ થતો નથી.'

અલ્પ પ્રસંગમાંથી પણ મહત બોધ આપવો તેમના માટે બાળપણથી સહજ હતો. તેઓ જાણતા'તા કે ભગવાનની માયા અતિ પ્રબળ છે, મોટા મોટા પણ આ માયાને ઓળંગી નથી શક્યા. તેથી પોતાના યોગમાં આવનાર નાના બાળક હોય કે મોટા સત્તાધીશ સૌને માયાપર થવાની વાતો તેઓ કરતા.

● **માયાનું સ્વરૂપ :**

* શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા મધ્ય-૬૫માં કહે છે કે, **'ભગવાનને પોતા જેવા મનુષ્ય જાણે છે પણ ભગવાનનો અલૌકિક મહિમા તેને જાણતા નથી; એ જ ભગવાનની માયા છે.'**

* જેમ સમુદ્રને વિષે ચંદ્રમાનું પ્રતિબિંબ પડતું હોય ત્યારે માછલાં એવું સમજે કે આ પણ મારા જેવું માછલું છે, પણ ચંદ્ર અઢાર ભાર ઔષધિઓનું પોષણ કરે છે ને જેણે કરીને સમુદ્રમાં ભરતી અને ઓટ આવે છે, એવો ચંદ્રનો મહિમા છે તેને માછલાં સમજી શકતાં નથી.

તેવી રીતે આ સંસારમાં ભગવાન મનુષ્ય શરીર ધારણ કરીને જ્યારે આવે ત્યારે ઓળખવા બહુ મુશ્કેલ પડે છે.

* ઘણી વખત સામાન્ય માણસને ઓળખવામાં થાપ ખાઈ જવાય છે, તો ભગવાન ક્યાંથી ઓળખાય?

મુંબઈમાં બાળગંધર્વ નામે નટ(કલાકાર) હતો. પૂર્વે જે જમાનામાં સ્ત્રીઓ નાટકમાં પાત્ર નહોતી ભજવતી, ત્યારે આ પુરુષ નટ સ્ત્રીનો વેશ ભજવતો. એકવાર તે સ્ત્રીનાં કપડાં પહેરીને પોતાને ઘેર ગયો તો તેની પત્ની પણ ભૂલી પડી! પોતાના જ પતિને ન ઓળખી શકી!

એક નટ જ્યારે ઓળખાતો નથી, તો ભગવાન તો નટવર છે. તેમનું અસલ સ્વરૂપ ઓળખવું કેટલું કઠણ પડે?

◎ ભગવાન શ્રીકૃષ્ણે અનેક અસુરોનો નાશ કર્યો હતો. પાંચ વર્ષની ઉંમરે તેમણે અજગરના રૂપમાં આવેલા અઘાસુરનો નાશ કર્યો. તેનો નાશ કર્યા બાદ શ્રીકૃષ્ણ ગોપબાળકો સાથે ભોજન કરવા બેઠા. શ્રીકૃષ્ણ અને બાળકો પોતપોતાના સ્વાદની વાતો કરતા, એકબીજાને હસતાં-હસાવતાં ભોજન કરી રહ્યા હતા. શ્રીકૃષ્ણના ડાબા હાથમાં દહીં-ભાતનો કોળિયો હતો અને જમણા હાથમાં લીંબુંના અથાણાની ચીર હતી.

ભગવાને અઘાસુરનો નાશ કર્યો હતો તે ચરિત્ર

બ્રહ્માજીએ જોયું હતું, છતાં જ્યારે ભગવાનને આ રીતે ગોપબાળકો સાથે બાળક બનીને જમતા જોયા ત્યારે તેમને મનમાં સંશય થઈ આવ્યો. તેમને મોહ થયો કે આ કંઈ ભગવાન નોય, આ તો ગોવાળિયો છે. પછી ભગવાનની પરીક્ષા કરી.

જો બ્રહ્માજી જેવા ભગવાનની માયામાં ભૂલા પડી જાય તો 'અસ્માકં કા કથા?' આપણી શી વાત કરવી?

❊ ભગવાન સ્વામિનારાયણ મનુષ્ય દેહ ધારણ કરી આ લોકમાં પ્રગટ્યા, ત્યારે અનેક લોકોએ તેમને પોતા જેવા જ જાણ્યા. અમદાવાદનો સૂબો, ભુજનો દીવાન જગજીવન, વડોદરાનો દીવાન વિઠ્ઠલરાવ વગેરે સત્તાધીશોએ તો મહારાજને મારી નાંખવાના પ્રયત્નો પણ કરેલા.

'પ્રગટ હોય ત્યારે કોઈ ન જાણે, રમાપતિની રીત,
હરિકૃપાથી હરિજન જાણે, જગત આંધળું ભીંત.'

❊ ભગવાન પોતાનાં અપાર ઐશ્વર્ય, સામર્થ્ય, તેજ અને દિવ્યતાને છુપાવીને મનુષ્યની જેમ વર્તે છે. આમ કરવું તેઓ માટે ફરજિયાત છે. તેઓ જો પોતાનું અસલ સ્વરૂપ ધારણ કરે, તો આપણે તેમની નજીક પણ ન જઈ શકીએ, તેમને વિષે હેત પણ ન થાય.

અર્જુન શ્રીકૃષ્ણ ભગવાન સાથે સખાભાવે જોડાયેલા હતા. પણ મહાભારતના યુદ્ધમાં શ્રીકૃષ્ણ ભગવાને પોતાનું વિરાટ સ્વરૂપ અર્જુનને બતાવ્યું, ત્યારે અર્જુન તે જોવા માટે સમર્થ ન થયા. તેમણે ભગવાનને પ્રાર્થના કરી કે, 'ભયથી મારું મન વ્યાકુળ થઈ રહ્યું છે. મને તમારું સૌમ્ય રૂપ જ દેખાડો.' ભગવાને મનુષ્યરૂપ ધારણ કર્યું ત્યારપછી તેમને શાંતિ થઈ.

❊ નિષ્કુળાનંદ સ્વામીએ ચોસઠપદીમાં કહ્યું,

'અતિ અણમળ્યાનું એહ, મળવું માયિક અમાયિકને રે;
તે તો દયા કરી ધરી દેહ, આવે ઉદ્ધારવા અનેકને રે.'

આપણા જેવા માયિક જીવો માયા - પર (અમાયિક) એવા ભગવાનને કોઈ રીતે મળી ન શકે. પણ ભગવાન જીવનો ઉદ્ધાર કરવા માટે દયા કરીને મનુષ્ય દેહ ધારણ કરે છે.

❊ ભગવાન અને ગુણાતીત સંત મનુષ્યદેહ ધારણ કરે ત્યારે તેઓ મનુષ્યની જેમ જ વર્તે. શ્રીજીમહારાજ વચનામૃત **પંચાળા-૪**માં કહે છે કે, **'એ ભગવાન મનુષ્યનો દેહ ધારણ કરે છે ત્યારે મનુષ્યના જેવી જ ક્રિયા કરે છે.'** તેમનું ખાવું-પીવું, ઊઠવું-બેસવું બધું જ મનુષ્ય જેવું જ દેખાય. મનુષ્યની જેમ જ તેઓ ભૂખ-તરસ, ભય-નિર્ભય, પારકું-પોતાનું, કામ-ક્રોધાદિક સ્વભાવ પોતામાં બતાવે. તેમનું જન્મ-મરણ પણ મનુષ્ય જેવું જ હોય, પણ તેઓ મનુષ્ય નથી.

● **મનુષ્યભાવ એટલે શું?**

❊ ભગવાન અને ગુણાતીત સંતને મનુષ્ય જેવા, માયિક માની લેવા તે જ મનુષ્યભાવ છે. તેઓ જે દિવ્યતા છુપાવે છે, તેના કારણે દિવ્યતા તેમનામાં નથી એમ માનવું; અને જે પ્રાકૃતભાવો ગ્રહણ કરીને દેખાડે છે, તે તેમનામાં છે એમ માની લેવું; એ જ મનુષ્યભાવ છે.

❊ મનુષ્યભાવ મુખ્યત્વે બે પ્રકારના છે.

૧. <u>સ્વરૂપ સંબંધી મનુષ્યભાવ</u> :

ભગવાન અને ગુણાતીત સંતનાં સ્વરૂપમાં સંશય થાય તે સ્વરૂપ સંબંધી મનુષ્યભાવ છે. શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે, ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષર છે અને પ્રગટ સત્પુરુષ મહંત સ્વામી મહારાજ મોક્ષનું દ્વાર છે. આ વાતમાં જેને સંશય રહ્યા કરે તે સ્વરૂપ સંબંધી મનુષ્યભાવ છે.

❊ જૂનાગઢમાં અમરશી પાળો દરવાણી(દ્વારપાળ) હતો. ગુણાતીતાનંદ સ્વામીને તે સામાન્ય સાધુ જેવા જ સમજતો. તેનો સંગ કરનારને પણ તે આવી જ વાતો કરતો. એકવાર ગુણાતીતાનંદ સ્વામીએ પોતાના અક્ષરબ્રહ્મ સ્વરૂપ સંબંધી મહિમાની વાતો સભામાં કરી. અલ્પબુદ્ધિવાળા

જલા ભગતને આ વાત ન મનાઈ. તેથી તે અમરશી પાળા પાસે ગયા ને પૂછ્યું કે, 'અક્ષરના એક-એક રૂંવાડે અનંત કોટિ બ્રહ્માંડો ઊડતાં ફરે છે, એવી મહિમાની વાતો સ્વામી કરે છે, તેનું શું સમજવું?' ત્યારે અમરશી પાળો કહે, 'એ તો સ્વામી મોટા અને એમનાં ગપ્પાં પણ મોટાં!'

અમરશી પાળાને આવો સ્વામીના સ્વરૂપનો મનુષ્યભાવ હતો. તેના યોગમાં આવનારને પણ તે આવી મનુષ્યભાવની વાતો કરતો.

૨. <u>વર્તન કે પ્રવૃત્તિ સંબંધી મનુષ્યભાવ</u> :

આપણી પોતાની ધારણા, માન્યતા, જીવનશૈલી અથવા સિદ્ધાંત અનુરૂપ સત્પુરુષનું વર્તન કે પ્રવૃત્તિ જોવા ન મળે, ત્યારે આપણા મનમાં પ્રશ્નો, તર્કો, શંકાઓ ઊઠે છે. આવું થાય ત્યારે જાણવું કે આ વર્તન અથવા પ્રવૃત્તિ સંબંધી મનુષ્યભાવ છે.

* જેને આ પ્રકારનો મનુષ્યભાવ હોય તે ભગવાન અથવા સત્પુરુષમાં એમ ખોટ્ય કાઢે જે, 'આ મોટાપુરુષ છે અથવા ભગવાન છે પણ આટલું ઠીક કરતા નથી.'(**વચનામૃત ગઢડા મધ્ય-૫૩**)
* યોગીજી મહારાજને ગોંડલ અક્ષર મંદિર માટે અનેરો લગાવ હતો. તેના માટે તેઓ ખૂબ મમત્વ બતાવતા. વસ્તુઓ, આર્થિક સેવાઓ, મહાપૂજાઓ વગેરે ગોંડલ મોકલાવતા. પ્રમુખસ્વામી મહારાજ, મહંત સ્વામી મહારાજ અને અન્ય સંતો યોગીબાપાની આ લીલાને માણતા, પરંતુ કેટલાકને યોગીબાપાનું આ મમત્વ રુચતું નહીં. કેટલાક તો યોગીબાપાને આ અંગે ટકોર પણ કરતા.

૧૯૬૦ના દાયકાની આ વાત છે, જ્યારે અમદાવાદમાં શિખરબદ્ધ મંદિરનું બાંધકામ ચાલી રહ્યું હતું. આવા સમયે મંદિરમાં આર્થિક સેવાની જરૂર પડે તે સ્વાભાવિક છે. એક વ્યવસ્થાપકે યોગીજી મહારાજને ગોંડલ મંદિરમાંથી આર્થિક સેવા મોકલી આપવા વાત કરી. યોગીબાપાએ તેમને કહ્યું, 'રૂપિયાની જરૂર છે તો અમે હરિભક્તોને સેવા કરવા કહીશું, તે સેવા કરી દેશે.' પણ પેલા વ્યવસ્થાપક ન માન્યા. તેમના મનમાં એમ કે યોગીબાપા શા માટે ગોંડલ મંદિરનો આટલો પક્ષ અને મમત્વ રાખે છે? તેમણે ગોંડલ મંદિરમાંથી જ સેવા લેવાનો દુરાગ્રહ ચાલુ રાખ્યો. યોગીબાપાએ નમતું જોખીને તે વ્યવસ્થાપકને રાજી કર્યા. યોગીજી મહારાજમાં આ પ્રકારે મનુષ્યભાવ પરઠવાથી તે વ્યક્તિ આગળ જતાં સેવામાં ટકી ન શકી.

● દિવ્યભાવ-મનુષ્યભાવને એક સમજવા એટલે?

* ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં દિવ્યભાવ અને મનુષ્યભાવને એક સમજવાની વાત કરી રહ્યા છે. આ વાક્યના ત્રણ અર્થ છે.

૧. જે પરબ્રહ્મ અને અક્ષરબ્રહ્મ અક્ષરધામમાં છે, તે જ આ પૃથ્વી પર મનુષ્યરૂપે થાય છે. અક્ષરધામમાં જે દિવ્યસ્વરૂપો છે તે જ પૃથ્વી પરનાં મનુષ્યસ્વરૂપો છે.

૨. આ પૃથ્વી પર જે સત્પુરુષ દિવ્યચરિત્રો કરે છે, તેઓ જ મનુષ્યચરિત્ર પણ કરે છે. દિવ્યચરિત્ર કરનારા જુદા અને મનુષ્યચરિત્ર કરનારા જુદા, એમ નથી.

૩. જેમ સત્પુરુષનાં દિવ્યચરિત્રો કલ્યાણકારી છે, તેમ જ મનુષ્યચરિત્ર પણ કલ્યાણકારી છે.

ટૂંકમાં, જે અક્ષરબ્રહ્મ અક્ષરધામમાં છે, તે જ અક્ષરબ્રહ્મ વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજ રૂપે વિચરે છે. મહંત સ્વામી મહારાજ દિવ્યચરિત્ર અને મનુષ્યચરિત્રના કર્તા છે. તેમનાં બધાં જ ચરિત્રો કલ્યાણકારી છે.

● દિવ્યભાવ - મનુષ્યભાવ એક ન સમજવાથી ખોટ :

* ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં કહે છે કે, દિવ્યભાવ અને મનુષ્યભાવ એક ન સમજાય એ જ માયા છે. ભગવાન અને સંતનાં ચરિત્રોમાં

દિવ્યભાવ ન રહે, સંશય રહે તેનાથી જીવ અનેક પ્રકારે પાછો પડે છે.

૧. <u>અંતરમાં ઝાંખપ આવે</u> :

❊ શ્રીજીમહારાજ વચનામૃત **ગઢડા પ્રથમ-૬૩**માં કહે છે કે, **'જેને નિશ્ચયમાં કસર હોય તેને જ્યારે ભગવાનમાં કાંઈ સામર્થી દેખાય ત્યારે અતિ આનંદ થાય અને જ્યારે સામર્થી ન દેખાય ત્યારે અંતર ઝાંખું થઈ જાય.'**

◎ શ્રીજીમહારાજે ગુજરાત પધારી જે રીતે સમાજને સુધાર્યો, સમાધિ પ્રકરણ ચલાવ્યું, ભક્તોનો મોટો સમુદાય તૈયાર કર્યો, સ્ત્રી-ધનના ત્યાગી સંતો કર્યા, અલ્પકાળમાં છ-છ શિખરબદ્ધ મંદિરો બાંધ્યાં, તે જોતાં-સાંભળતાં આપણને ખૂબ આનંદ થાય. પરંતુ એ જ શ્રીજીમહારાજે ગઢડામાં શિખરબદ્ધ મંદિર તૈયાર કર્યું, ત્યારે તેમાં વિઘ્નો શરૂ થયાં. વિઘ્નસંતોષીઓએ ભાવનગરના વજેસિંહ દરબારના કાન ભંભેર્યા કે, 'સ્વામિનારાયણે તો કોઠલા બાંધ્યા છે, તેમાં હથિયારો રાખશે. આંબરડીના ખુમાણો સાથે તે ભાવનગર સ્ટેટ ઉપર ચડાઈ કરવાના છે.' કાચા કાનના વજેસિંહ દરબારે તપાસ વગર બધી વાત સ્વીકારી લીધી. દાદાખાચરને પકડવાના વોરંટ સાથે આરબની બેરખ ગઢડા મોકલી. આ સમાચાર મળતાં જ મહારાજ દાદાખાચરના કુટુંબને લઈને રાધાવાવ તરફ ચાલ્યા ગયા. પ્રતિષ્ઠાની આરતી કરવા મહારાજ હાજર રહી ન શક્યા. નિત્યાનંદ સ્વામીને પ્રતિષ્ઠાની આરતી કરવી પડી.

જે શ્રીજીમહારાજ ચપટી માત્રે અનેકને સમાધિ કરાવી શકતા, તે શ્રીજીમહારાજને મંદિરની પ્રતિષ્ઠા વેળાએ સંતાઈ જવું પડ્યું. આવા સમયે જેમણે જેમણે દિવ્યભાવ-મનુષ્યભાવની સમજણ દૃઢ નહીં કરી હોય તેમને શંકા થઈ હશે કે આ ખરેખર ભગવાન હશે કે નહીં ? અને તેઓ સત્સંગમાંથી પાછા પણ પડી ગયા હશે.

❊ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી ભક્તોના અસાધ્ય રોગ ટળી જાય, ભક્તોના અનેક પ્રકારના શુભ સંકલ્પો પૂર્ણ થાય ત્યારે સૌને અહોભાવ થાય, તેમના પ્રત્યે દિવ્યભાવની દૃઢતા વધે. પરંતુ મહંત સ્વામી મહારાજ પોતે જ બીમારી ગ્રહણ કરે, પોતાની બીમારી ટાળી ન શકે ત્યારે તેઓ સામાન્ય મનુષ્ય જેવા જ જણાય. તેવા સમયે જો એવી સમજણ દૃઢ ન કરી હોય કે સત્પુરુષ દિવ્યચરિત્ર અને મનુષ્યચરિત્ર બંનેના કર્તા છે અને આ બેય પ્રકારનાં ચરિત્રો કલ્યાણકારી છે, તો અંતરમાં મૂંઝવણ અને ઝાંખપ આવી જાય તે સ્વાભાવિક છે.

❊ યોગીબાપાએ એક ભાઈને પરીક્ષામાં પાસ થવાના આશીર્વાદ આપ્યા, 'જાવ, ફર્સ્ટમાં પાસ થઈ જશો.' આ ભાઈ પાસ થાય તેવા નહોતા, પણ યોગીબાપાના આશીર્વાદથી પાસ થઈ ગયા. તેઓ આગળ જતાં પ્રોફેસર પણ થયા. આવી પ્રગતિ થઈ એટલે આ ભાઈને યોગીબાપા માટે ખૂબ ભાવ રહેતો. પણ એકવાર યોગીબાપાએ મનુષ્યચરિત્ર કર્યું. તેઓ દાદરા ઊતરી રહ્યા હતા. ત્યાં પોતાની જ એક મૂર્તિ (છબિ) જોઈ તેઓ થોડા મલકયા. આ દૃશ્ય પેલા ભાઈએ જોયું અને તેમને યોગીબાપાનો અભાવ આવી ગયો. તેઓ સત્સંગમાંથી પાછા પડી ગયા.

૨. <u>હૈયામાં દોષોનો નિવાસ થાય છે</u> :

❊ મુક્તાનંદ સ્વામીએ પદમાં લખ્યું છે,

'જે સૂરજ સામી રજ નાંખે, તે ઊલટી આવી પડે આંખે,
રવિ રોષ રાગ મન નવ રાખે.'

સૂર્ય સામે ધૂડની ફાંટ ભરીને નાંખીએ તે ધૂડ પોતાની આંખમાં પડે છે, તેમ ભગવાનને વિષે જે જાતના દોષની કલ્પના કરીએ, તે દોષ પોતાને દુઃખ દે છે.

❊ શ્રીજીમહારાજ **વચનામૃત સારંગપુર-૧૮**માં કહે છે કે, **'મોટાપુરુષ હોય તેને વિષે જે જે જાતના દોષ પરઠે તે તે જાતના દોષ પોતાના હૈયામાં આવીને નિવાસ કરે છે.'**

* મહાભારતમાં ચેદિપ્રદેશના રાજા શિશુપાલની વાત આવે છે. શિશુપાલ ભગવાન શ્રીકૃષ્ણનો સંબંધી હતો, છતાં તેમની સાથે શત્રુતા રાખતો. તે શ્રીકૃષ્ણ ભગવાનને કપટી અને પાખંડી જાણતો. અનેક પ્રકારે તે ભગવાનનો અવગુણ લેતો, તેમને દોષી કહેતો. તેથી શિશુપાલ પોતે આસુરી બુદ્ધિવાળો થયો. કપટ કરી અનેક લોકોને તેણે મારી નાંખેલા, કેટલાકને બંદી બનાવેલા. વળી, કપટ કરી સ્ત્રીઓને બળપૂર્વક હરી લેતો. શિશુપાલે ભગવાનમાં દોષ પરઠ્યો તો અનેક દોષો તેના જ અંતરમાં આવી વસ્યા અને તે આસુરી મતિવાળો થયો.

૩. <u>કલ્યાણ ન થાય</u> :

* ગુણાતીતાનંદ સ્વામી **૫/૧૧૫મી વાતમાં** કહે છે કે, **'ભગવાનમાં મનુષ્યભાવ રહી જાય તો કલ્યાણ ન થાય.'**

* બુઢ્ઢો ધાધલ શ્રીજીમહારાજનો ભક્ત હતો. એક પ્રસંગે તેનું માનખંડન થવાથી તેને દાદાખાચરનો અભાવ આવ્યો. મુક્તાનંદ સ્વામી બુઢ્ઢા ધાધલને સમજાવવા ગયા તો તેને મુક્તાનંદ સ્વામીનો પણ અભાવ આવ્યો અને જેમ તેમ બોલવા લાગ્યો. મુક્તાનંદ સ્વામી જેવા સંતની પણ તેણે મર્યાદા ન રાખી, તે શ્રીજીમહારાજને ન ગમ્યું. તેથી મહારાજે તેને ઠપકો આપ્યો. આથી બુઢ્ઢા ધાધલને મહારાજનો પણ અભાવ આવ્યો. બીજા લોકો પાસે જઈ તે કહેવા લાગ્યો, 'મેં જાણ્યું સહજાનંદ ઠીક હશે, પણ તેય એવા છે.'

મહારાજમાં તેને ભગવાનપણાનો ભાવ ન રહ્યો. મહારાજમાં જુદા-જુદા દોષોની કલ્પના કરવા લાગ્યો. પોતાનો સંગ કરનારને પણ તે આવી મનુષ્યભાવની વાતો કરતો. તેણે પોતાનું કલ્યાણ તો બગાડ્યું, સાથે બીજા અનેકને કલ્યાણના માર્ગેથી પાછા પાડ્યા.

આમ, દિવ્ય એવા ભગવાનમાં મનુષ્યભાવ કલ્પવાથી જીવન ખુવાર થાય છે, કાંઠે આવેલું વહાણ ડૂબી જાય છે.

● **દિવ્યભાવ-મનુષ્યભાવ એક સમજવાથી લાભ:**

* ભગવાન અને સંતના દિવ્યચરિત્રમાં તો સૌને દિવ્યભાવ રહે, પરંતુ મનુષ્યચરિત્રમાં પણ જેને દિવ્યભાવ રહે તેને કોઈ સાધન કરવાનું બાકી નથી. તે સાધનાના અંતને પામી રહ્યો છે, માયાને તરી રહ્યો છે, એમ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં જણાવે છે. ભગવાન અને ગુણાતીત સંતનું સાચું સ્વરૂપ આપણને સમજાય તો સહેજે જ તેમની માનુષિક ક્રિયામાં પણ દિવ્યભાવ રહે. તેથી જ શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાએ અવારનવાર આપણને પોતાનું સાચું સ્વરૂપ સમજાવ્યું છે.

* સન ૨૦૧૭માં એક ભક્તે મહંત સ્વામી મહારાજને પત્રમાં પોતાનો પ્રશ્ન લખી જણાવ્યો. તેમનો પ્રશ્ન હતો કે, 'આપની તાત્ત્વિક ઓળખાણ એક શબ્દમાં આપવી હોય તો કયા શબ્દથી અપાય?' મહંત સ્વામી મહારાજે તત્કાળ જવાબ આપતાં કહ્યું, 'પરમ એકાંતિક સંત'

સ્વામીશ્રી ભગવાનના અખંડ ધારક પરમ એકાંતિક સંત છે, જેમનું સ્વરૂપ યથાર્થ સમજ્યા પછી બીજું કાંઈ સમજવાનું બાકી રહેતું નથી. પછી બીજી કોઈ સાધના કરવાની રહેતી નથી.

* શ્રીજીમહારાજે વચનામૃત **ગઢડા મધ્ય-૧૩માં** કહ્યું કે, તે(ભગવાનનું) સ્વરૂપ તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહીં, સહજે જિતાઈ જશે.

◎ શ્રીમદ્ભગવદ્ગીતાના ચોથા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે,

'જન્મ કર્મ ચ મે દિવ્યમ્ એવં યો વેત્તિ તત્ત્વતઃ ।
ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોર્જુનઃ ॥'

'હે અર્જુન! મારાં જન્મ ને કર્મ બંને દિવ્ય છે. જે ખરેખર તત્ત્વતઃ તેને જાણે છે, તે દેહ

મૂકીને બીજો જન્મ પામતો નથી, પરંતુ મને જ પામે છે.'

* ભગવાન અને સંતને જોવાની દૃષ્ટિ બદલાઈ જાય તો આનંદનો પાર ન આવે, દોષો નિર્મૂળ થઈ જાય, બ્રહ્મરૂપ થઈ જવાય.

સારંગપુરના વાઘાખાચરને સ્વપ્નમાં ધિંગાણું દેખાતું. આ દેહે કરીને બ્રહ્મરૂપ કેમ થવાશે તેની તેમને ચિંતા હતી. ગુણાતીતાનંદ સ્વામીને તેઓ સારા મોટા સાધુ જાણતા. તેથી ગુણાતીતાનંદ સ્વામી સમક્ષ નિષ્કપટભાવે પોતાની વાત કરી. સ્વામીએ તેમને જૂનાગઢ આવવા કહ્યું. જૂનાગઢ આવી તેઓ રોકાયા. એકવાર વાડીમાં સેવા કરતા હતા ત્યારે પ્રાગજીભક્ત અને મહુવાનું મંડળ દિવ્ય આનંદ માણતાં માણતાં સેવા કરતાં હતાં. તેથી તેમણે પૂછ્યું કે, 'તમને સૌને જેવો આનંદ આવે છે, તેવો મને કેમ આવતો નથી?' ત્યારે પ્રાગજી ભક્તે કહ્યું, 'તમે સ્વામીના સ્વરૂપને બરોબર સમજ્યા નથી. જો તમે સ્વામીને અક્ષર સમજો તો તમને પણ આવો જ આનંદ આવે.' વાઘાખાચરે કહ્યું કે, ''ગુણાતીતાનંદ સ્વામી મને પંડે કહે કે, 'હું અક્ષર છું' તો માનું.'' પ્રાગજી ભક્તના સંકલ્પથી સ્વામી વાડીમાં પધાર્યા અને વાઘાખાચરને કહ્યું કે 'પ્રાગજી જે વાત કરે છે તે સત્ય છે. અમે પંડે અક્ષર.' વાઘાખાચરનું અંતર ભેદાઈ ગયું. તેમને થયું કે મનુષ્ય સ્વરૂપમાં હું સાક્ષાત્ અક્ષરબ્રહ્મને જોઈ રહ્યો છું ! પ્રાપ્તિનો કેફ ચઢી ગયો. નિરાવરણ સ્થિતિ થઈ ગઈ!

ગુણાતીત સત્પુરુષનું સાચું સ્વરૂપ સમજાઈ જાય તો દેહ છતાં બ્રહ્મરૂપ થઈ જવાય.

* આપણને શ્રીજીમહારાજ ગુણાતીત સત્પુરુષ સ્વરૂપે મળ્યા છે. તેમને મનુષ્ય કહેવાય જ નહિ, પણ તેઓ મનુષ્યનો એટલો અદ્ભુત રોલ ભજવે છે કે ખબર જ પડવા દેતા નથી. તેમના મનુષ્યચરિત્રોમાં દિવ્યતાનું દર્શન કરવું, એ અતિ કઠણ કલમ છે. આ કલમ જેના હાથમાં આવી તેનો બેડો પાર થઈ જાય.

* ભગવાન અને ગુણાતીત સંતનાં મનુષ્યચરિત્રોમાં દિવ્યતા કેવી રીતે રાખવી, તે આપણી ગુરુપરંપરાએ પોતાના વર્તન દ્વારા ખૂબ જ સારી રીતે આપણને શીખવ્યું છે.

યોગીજી મહારાજના વખતમાં એક મંદિર સેવકને યોગીજી મહારાજ પ્રત્યે ભાવ ખરો, પરંતુ તેઓનું અમુક કાર્ય આ સેવકને અયોગ્ય લાગતું હતું. ફક્ત વ્યાવહારિક દૃષ્ટિકોણથી સત્પુરુષનાં કાર્યોને માપવા જતાં તેમની બુદ્ધિ ટૂંકી પડેલી. તેથી તેમને યોગીબાપાનો અભાવ આવેલો. પોતાનો અસંતોષ તેમણે પ્રમુખસ્વામી મહારાજ આગળ વ્યક્ત કર્યો.

પ્રમુખસ્વામી મહારાજ આ સેવકના મનની પરિસ્થિતિ સમજી ગયા. પછી તેમણે તે સેવકને સમજાવ્યું, ''જીવમાં વ્યવહારનું પ્રધાનપણું હોય ને આપણું ધાર્યું ન થાય તેથી મોટાપુરુષનો અભાવ આવે કે 'આટલું ઠીક કરતા નથી.' પણ એવું સમજો કે યોગીજી મહારાજ એ શાસ્ત્રીજી મહારાજ જ છે! તેમાં રોમનોય ફેર નથી. યોગીજી મહારાજના કોઈ કાર્યમાં ક્યારેય શંકા ન કરવી. દિવ્ય જ સમજવું. આપણને મમત્વ હોય તેથી 'મંદિરનો વ્યવહાર હું સુધારી દઉં' એમ થાય, પણ એમની દૃષ્ટિ વગર કાંઈ ન થાય.''

King does no wrong. તેમ સત્પુરુષ ક્યારેય અયોગ્ય કાર્ય કરતા જ નથી. બધું યોગ્ય અને દિવ્ય જ કરે છે. આટલું સમજાઈ જાય પછી ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે બીજું કોઈ સાધન કરવાનું બાકી રહેતું નથી.

વર્તમાનકાળે મહંત સ્વામી મહારાજ દ્વારા શ્રીજીમહારાજ કાર્ય કરી રહ્યા છે. તો તેમનાં સ્વરૂપ અને કાર્યને દિવ્ય સમજી શકીએ તે પ્રાર્થના.

૫. સ્વામીની વાત : પ્રકરણ : ૧, વાત : ૨૧૫

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે :

વણથળીમાં વાત કરી જે, 'આ વણથળી ગામ કોઈકને આપે તો તે ગાંડો થઈ જાય, ને વળી વડોદરું આપે તો વાત જ શી કહેવી ? ને આપણને તો કરોડ કરોડ વડોદરાં મળ્યાં છે, તે એમ પણ કહેવાય નહિ, ને હવે તો દેહ રહે ત્યાં સુધી બાજરો ખાવો અને પ્રભુ ભજવા. ને રોટલા તો ભગવાનને દેવા છે, ને સાધુને દેવા છે, તે આપરો; ને દેહ પડશે કે ભગવાન પાસે જઈને બેસવું છે. તે જેમ અંગરખું ઉતારી મૂકે તેમ દેહ પડ્યું રહેશે,' એમ વાત કરી.

● **મધ્યવર્તી વિચાર :**

❋ (૧) આપણને જે પ્રાપ્તિ થઈ છે, તેનો મહિમા અપાર છે.

(૨) આ પ્રાપ્તિનો કેફ રાખવો. આ પ્રાપ્તિથી આ લોક અને પરલોક બંનેમાં સુખ થાય છે.

❋ આપણાં મોટાં ભાગ્ય છે કે પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ ઠેઠ અક્ષરધામથી આ પૃથ્વી ઉપર પધાર્યા અને ગુણાતીત સત્પુરુષ દ્વારા પ્રગટ રહ્યા. જે શ્રીજીમહારાજ પાંચસો પરમહંસોને મળેલા તે જ આજે પ્રમુખસ્વામી મહારાજ દ્વારા આપણને મળ્યા છે.

❋ ગુણાતીતાનંદ સ્વામી **૧/૨૯૪ની વાતમાં** કહે છે : 'કોટિ તપ કરીને, કોટિ જપ કરીને, કોટિ વ્રત કરીને, કોટિ દાન કરીને, કોટિ યજ્ઞ કરીને જે ભગવાનને ને સાધુને પામવા હતા, તે આજ આપણને મળ્યા છે.'

● **આપણને થયેલી પ્રાપ્તિનો મહિમા :**

❋ સ્વામીશ્રીનો મહિમા અપાર છે, પરંતુ આપણે

અનુભવી શકીએ તે માટે ત્રણ રીતે તેઓનો મહિમા વિચારી શકાય.

૧) સ્વામીશ્રીનું અજોડ કાર્ય

૨) સ્વામીશ્રીના અપાર ગુણો

૩) સ્વામીશ્રીનું અજોડ સ્વરૂપ

૧) સ્વામીશ્રીનું અજોડ કાર્ય :

❊ માત્ર પાંચ વર્ષમાં સ્વામીશ્રીએ જે રીતે દિલ્હીનું ભવ્ય અક્ષરધામ બાંધ્યું, તે જોતાં તો કોઈ પણ વ્યક્તિ બોલ્યા વિના રહી શકતી નથી કે પ્રમુખસ્વામી સિવાય આવું કોઈ ન કરી શકે.

❊ રિલાયન્સ ગ્રુપ ઓફ કંપનીના માલિક અને અનેક અશક્ય પ્રોજેક્ટ સફળતાથી પાર પાડનાર મૂકેશભાઈ અંબાણી દિલ્હી અક્ષરધામ જોઈને બોલી ઊઠ્યા હતા : 'No construction company or project managment company can do this in such a record time. It is God`s work.'

આવું કાર્ય કોઈ કરી શકે નહીં, આ ભગવાનનું કાર્ય છે.'

❊ સ્વામીશ્રી આજે જે રીતે સમાજમાં આધ્યાત્મિકતા સાથે માનવસેવાનું કાર્ય કરી રહ્યા છે, તે પણ અજોડ છે.

❊ પ્રસિદ્ધ યોગાચાર્ય પૂ. શ્રી રામદેવજી મહારાજ તા.૩-૭-૦૭ના દિવસે ફોન પર સ્વામીશ્રી સાથે વાત કરતી વેળાએ બોલી ઊઠ્યા હતા : 'આપ જેવા ભગવત્ સ્વરૂપ સંતની નિશ્રામાં સંસ્થા પ્રગતિ કરે છે. આપ દ્વારા ભારતીય સંસ્કૃતિનું જબરજસ્ત કાર્ય થઈ રહ્યું છે. હું તો આપને ભગવાનનું સ્વરૂપ જ માનું છું. આપના દ્વારા ભગવાન કાર્ય કરી રહ્યા છે.'

❊ સ્વામીશ્રીએ દેશ અને વિદેશમાં કરેલી અનેકવિધ સામાજિક અને સાંસ્કૃતિક ઉત્થાનની પ્રવૃત્તિઓ પણ બેનમૂન છે.

❊ એક ભક્ત કવિએ ગાયું છે :

યુગો સુધી આ જગમાં જેનાં મળતાં રહેશે અજવાળાં,
પ્રમુખસ્વામીનાં કાર્યોના કોઈ કરી શકે ના સરવાળા.

સ્વામીશ્રીના કાર્યને જોતાં તેઓના પેંગડામાં પગ નાખવાને કોઈ સમર્થ નથી !

૨) સ્વામીશ્રીના અપાર ગુણો :

❊ ભગવાન જેમાં પ્રગટ રહે તેવા સંતનાં લક્ષણો શાસ્ત્રોમાં બતાવ્યાં છે.

- ઉપનિષદોમાં આવા સંતને શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ કહ્યા છે.

- શ્રીમદ્ ભગવદ્ગીતામાં આવા સંતને સ્થિતપ્રજ્ઞ કહી, બીજા અધ્યાયમાં તેમનાં લક્ષણો બતાવ્યાં છે.

- શ્રીમદ્ ભાગવતમાં પ્રથમ સ્કંધના ૧૦મા અધ્યાયમાં આવા સંતના ૩૯ ગુણો કહ્યા છે.

– **વચનામૃત ગઢડા પ્રથમ-૨૭, પ્રથમ-૬૭, વરતાલ-૫, સારંગપુર-૭** વગેરેમાં પણ આવા સંતનો મહિમા કહી લક્ષણો વર્ણવ્યાં છે.

❊ આ તમામ લક્ષાણોનું જીવંત સ્વરૂપ એટલે પ્રમુખસ્વામી મહારાજ. સ્વામીશ્રીને નજીકથી નિહાળનાર સૌ તેઓના ગુણસાગરમાં ડૂબકી ખાઈને દિવ્યતાની અનુભૂતિ કરે છે.

❊ સ્વામીશ્રીનું બાયપાસ ઑપરેશન કરનાર ડૉ. સુબ્રમણ્યમ્ અમદાવાદ ક્રિષ્ના હોસ્પિટલની મુલાકાત લઈ હિંમતનગર પ્રમુખસ્વામી મહારાજને મળવા જતા હતા. સાથેના ડો. અતુલ ચોકસીએ તેમને પૂછ્યું : 'આટલા વ્યસ્ત છો છતાં એટલે દૂર ગાડીમાં બેસી, બપોરની મુસાફરી કરી પ્રમુખસ્વામીને મળવા શા માટે જાઓ છો ?' સ્વામીશ્રીને મળ્યા પહેલાં ડૉ.સુબ્રમણ્યમ કોઈ સંત પ્રત્યે આદર ધરાવતા નહોતા. અને માત્ર ગીતા વાંચી તેને આધારે સ્વકર્મમાં જ અભિરત રહેવું એવું માનતા. આ પ્રશ્નનો જવાબ આપતા તેઓએ કહ્યું : 'ડૉ. ચોકસી તમે શ્રીમદ્ ભગવદ્ગીતા વાંચો છો ને ! એ જ ગીતા પ્રમાણે પ્રમુખસ્વામી મહારાજ જીવન જીવી રહ્યા છે. આજે તમને પ્રમુખસ્વામીનાં દર્શનથી ગીતા મૂર્તિમાન સમજાશે.'

પંચવિષયમાં તદ્દન અનાસક્ત અને પંચવર્તમાનમાં અતિ દઢ સ્વામીશ્રી અનંત ગુણોના ધારક છે.

* તમામ ગુણોમાં જો કોઈ શિરમોર ગુણ હોય તો તે છે, નિર્માનીપણું, અનહંકૃતિ, અહંશૂન્યતા. બીજા ગુણની અપેક્ષાએ આ ગુણ દુર્લભ છે.
* તુલસીદાસ કહે છે :
કનક તજ્યો કામિની તજ્યો, તજ્યો ધાતુકો સંગ,
તુલસી લઘુ ભોજન કરી, જીવે માનકે રંગ.
* સ્વામીશ્રી આટલું વિરાટ કાર્ય કરે છે, લાખોના ગુરુપદે બિરાજે છે, તેમ છતાં તેમના જીવનમાં 'હું' કાર ક્યારેય દેખાયો નથી. બેસુમાર વખાણ થવા છતાં 'આ મેં કર્યું.' એવો ભાર તેઓમાં લેશમાત્ર આવતો નથી.
* દિલ્હી અક્ષરધામના ઉદ્‌ઘાટન વખતે અનેક મહાનુભાવો સ્વામીશ્રીના ગુણગાન ગાતા થાકતા નહીં. આવા એક મહાનુભાવની વિદાય પછી એક સંતે સ્વામીને પૂછ્યું : 'આટલાં બધાં વખાણ સાંભળ્યા પછી ગમે તે હોય તો તે ફુલાઈ જાય, પણ આપને તો કાંઈ અસર જ થતી નથી.' સ્વામીશ્રી કહે : 'આપણાથી ક્યાં કશું થાય છે ? બધું મહારાજ-સ્વામીના પ્રતાપે થાય છે.' એ સંતે રમૂજમાં કહ્યું : 'આપના ગુણગાન આપની સમક્ષ ગવાય છે, તે આપને સંભળાય છે તો ખરા ને ? બહેરાશ તો નથી ને ?' સ્વામીશ્રી કહે : 'સંભળાય છે ને !' તે સંત કહે : 'તો કાંઈ પ્રતિભાવ તો મળતો નથી.' સ્વામીશ્રી કહે : 'સાંભળીએ છીએ એ કે મહારાજ અને સ્વામીનો કેવો અદ્‌ભુત પ્રતાપ છે !'
* આવા ગુણોને લીધે જ સ્વામીશ્રી ભગવાનને રહેવાનું ઉત્તમ પાત્ર છે.
* મુક્તાનંદ સ્વામીએ ગાયું છે :
હું ટળે હરિ ઢૂંકડા, તે ટળાય દાસે રે.

3) સ્વામીશ્રીનું અજોડ સ્વરૂપ :

* ભગવાન સ્વામિનારાયણે ગુણાતીત સંત દ્વારા પૃથ્વી પર પ્રગટ રહેવાનું વરદાન આપ્યું છે.
* વળી, મહારાજે એ પણ કહ્યું છે :
સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે,
સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે.
* આ સંત પોતે ભગવાન નથી, પરંતુ ભગવાન તેમનામાં સમ્યક્‌પણે રહ્યા છે.

સ્વામીશ્રી ક્યારેક ક્યારેક આપણને પ્રતીતિ માટે પરભાવમાં આવીને પોતાના સ્વરૂપની સ્પષ્ટ વાત સીધી કે આડકતરી રીતે કહી દે છે.

* તા.૭-૯-૧૯૯૪ના દિવસે સ્વામીશ્રી લંડનમાં હતા. સ્વામીશ્રીના અહીંના રોકાણ દરમ્યાન કીર્તન નામનો બાળક રોજ સ્વામીશ્રીનાં દર્શને આવતો. સ્વામીશ્રીની પૂજામાં દંડવત્ કરે. સ્વામીશ્રી પણ પૂજા બાદ તેને ઠાકોરજીની પ્રસાદી આપે, ચોકલેટ આપે અને બાળક રાજી થઈને જતો રહે. એક દિવસ કીર્તન આવીને સ્વામીશ્રીને કહે : "હું મહારાજની મૂર્તિ સામે ગાઉં છું કે 'ઘનશ્યામ ઘનશ્યામ મારી સાથે રમવા આવશો કે નહિ' પરંતુ ઠાકોરજી તો મારી સાથે રમવા આવતા નથી." સ્વામીશ્રી બાળકનો આવો નિર્દોષ પ્રેમ સાંભળી તેની સાથે ગોષ્ઠિ કરતાં બોલ્યા, 'આવે જ છે ને ! અત્યારે પણ તારી સાથે રમે છે. રોજ તને ચોકલેટ આપે છે. લાવ, તું પણ ચોકલેટ આપ તો રમવા આવે.'

સ્વામીશ્રીએ બાળકના મિષે આપણને સૌને સમજાવ્યું કે તેઓ દ્વારા મહારાજ જ આપણને સુખ આપે છે.

* આપણને જે પ્રાપ્તિ થઈ છે, તે જેમ છે તેમ સમજાય તો અખંડ કેફ ચડી જાય. **વચનામૃત ગઢડા પ્રથમ-૭૮માં** મહારાજ કહે છે : 'આ વાત સમજાય તો આઠે પહોર આનંદના સમુદ્રમાં ઝુલતો રહે.'
* યોગીજી મહારાજ કહેતાં : 'સત્સંગ મળ્યો, સ્વામી મળ્યા, કેફના ફુવારા, મોતીનો વરસાદ. બગાસું ખાતાં સાંકરનો ગાંગડો મોંમાં આવી ગયો.'

આવો અખંડ આનંદ આપણને રહે.

● પ્રાપ્તિના કેફથી...

૧) સાંસારિક દુ:ખોમાં આનંદ :

* આપણને થયેલ પ્રાપ્તિનો મહિમા સમજાય તો કેફ ચડી જાય, અખંડ આનંદ રહે. પ્રાપ્તિના કેફ સામે

જીવનનાં દુઃખો, પ્રશ્નો કાંઈ હિસાબમાં નથી.

❋ મુંબઈમાં એક હરિભક્ત રહે છે. તેઓની મિલકત બધા ભાઈઓએ પચાવી પાડી અને હાથે-પગે કરીને પતિ-પત્નીને વતન ગાંધીનગરમાંથી કાઢી મૂક્યા. મુંબઈમાં ભાડાના મકાનમાં રહી, પતિ-પત્ની બંને નોકરી કરે છે. માત્ર રૂ. ૫૦૦૦ની આવક છે. પત્નીને અચાનક કિડનીની બીમારી આવી. દર મહિને હજાર રૂપિયા દવાનો ખર્ચ આવે. ૧૦માં ધોરણમાં ભણતા દીકરા માટે પણ શેઠ પાસેથી લોન લેવી પડેલી. ૨૦૦૮ની સાલમાં ઠાકોરજીના સિંહાસન માટે સુવર્ણદાન પ્રોજેક્ટમાં આ હરિભક્તને પણ સેવા કરવાની ઇચ્છા થઈ. ઘરમાં માત્ર પોતાના લગ્ન વખતની વીંટી અને પત્નીનું મંગળસૂત્ર એ સિવાય કાંઈ જ હતું નહિ. બંને વસ્તુ તેમણે ઠાકોરજીને અર્પણ કરી દીધી. પરિસ્થિતિ જાણ્યા પછી સંતોએ સુવર્ણ લેવાની ના પાડી. મંગળસૂત્ર રાખવા માટે ખાસ આગ્રહ કરવામાં આવ્યો, ત્યારે તે હરિભક્ત કહે : 'સ્વામી ! આપણા સૌના ધણી તો પ્રમુખસ્વામી છે. તેમની કંઠી ગળામાં હોય પછી બીજા સૌભાગ્ય ચિહ્નની ક્યાં જરૂર છે ?'

પ્રાપ્તિનો કેવો કેફ !

૨) શારીરિક દુઃખોમાં આનંદ :

❋ લંડનમાં કાર્યકર રાકેશ ચુંગાલા ખૂબ જ ઉત્સાહથી મંદિરમાં સેવા કરે. તા.૧૨-૧૦-૦૭ના દિવસે સ્વામીશ્રીને વાત કરતાં તેમણે કહ્યું : ''મારા મોઢામાં કેન્સરની ગાંઠ થઈ હતી. ૨૦૦૦ની સાલમાં ઘણાં ઑપરેશનો કર્યાં. લગભગ આખું વર્ષ હોસ્પિટલમાં ગયું. ખવાતું નહોતું, અસહ્ય દુખાવો થતો હતો. પરંતુ આપની મૂર્તિનાં દર્શનથી મને કેન્સર સામે લડવાનું બળ મળતું. ૨૦૦૦ની સાલમાં આપે ગુરુભક્તિ દિને આશીર્વાદમાં કહેલું કે, 'આ સમૈયાની સ્મૃતિ કરશે તેને અક્ષરધામ મળશે.' આવા અદ્‌ભુત આશીર્વાદ સામે મારા દુઃખનો કાંઈ હિસાબ નહોતો. આપ જ ખરા મોક્ષના દાતા છો.''

આ છે પ્રાપ્તિના વિચારનો ખરેખરો ચમત્કાર. તેની સામે આ લોકનાં સુખ-દુઃખ કાંઈ ગણતરીમાં નથી રહેતાં.

૩) કલ્યાણની ખાતરીનો આનંદ :

❋ સત્પુરુષ આપણો હાથ પકડીને છેક અક્ષરધામ સુધી પહોંચાડવાની ખાતરી આપે, તેનાથી બીજી મોટી વાત કઈ હોઈ શકે ?

❋ તા.૧૬-૧-૨૦૦૧, સુરેન્દ્રનગરમાં સ્વામીશ્રી સભામાં જવા માટે ગાડીમાં બેઠા તો આગળ ડેશ બોર્ડ પર નાનો પતંગ મૂકેલો. સ્વામીશ્રી તે જોઈ કહે : 'વાહ ! ઇંદ્રભાઈ તમારો પતંગ સારો ઊડે છે. ચંદ્રલોક સુધી પહોંચી જશે.' ઇન્દ્રવદનભાઈ કહે : 'એટલી જ ગતિ ?' સંતસ્વરૂપ સ્વામી કહે : 'દોરી તમારા હાથમાં રાખજો બાપા !' સ્વામીશ્રી તરત લટકું કરતાં બોલ્યા, 'તો તો ઠેઠ અક્ષરધામમાં પહોંચી જશે.'

❋ ગુણાતીત સંતનું આ સામર્થ્ય છે. આ લોકનો ઇન્સ્યોરન્સ, આપણા મૃત્યુ પછી બીજાને લાભ કરાવે, પરંતુ આ પ્રાપ્તિથી મૃત્યુ પછી આપણને સુખી કરે એવો ઇન્સ્યોરન્સ મળી ગયો છે.

મારા જનને અંતઃકાળે, જરૂર તેડવા આવવું,
બિરુદ મારું એ ન બદલે, તે સરવે જનને જણાવવું.

❋ યોગીજી મહારાજ ઘણી વાર કહેતા :

બળભરી વાતો મુખે કરવી,
મોળી વાત કે'દી ન ઉચ્ચરવી,
મુખોમુખ થઈ ઓળખાણ,
કોઈ વાતની ન રહી તાણ;
આ બ્રહ્માંડમાં આપણા તુલ્ય,
ભાગ્યશાળી માનો એ જ ભૂલ્ય,
માટે નિશંક થઈને રહેવું,
મુખે સ્વામિનારાયણ કહેવું.

તો આવો, આપણે પણ આપણને થયેલી પ્રાપ્તિનો યથાર્થ મહિમા સમજી શકીએ અને તેના કેફમાં આપણાં દુઃખ-પ્રશ્નો વિસારી, આનંદથી સત્સંગ-ભજન-ભક્તિ કરી શકીએ તે માટે મહારાજ-સ્વામીને પ્રાર્થના..

સ્વામીની વાત ૧ પ્રકરણ : ૧/૨૩૩

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે...

વહેવાર છે તે દેહે કરીને કરવો ને મને કરીને જુદા પડવું ને મનમાં ભળવા આવે તો જ્ઞાને કરીને ત્યાગ કરવો.

સ્વામીની વાતનું નિરૂપણ

- વ્યવહાર કેવી રીતે કરવો એનું જાણપણું પણ ગુણાતીતાનંદ સ્વામી એમની વાતોમાં આપે છે. ટોપરું જેમ ખમણીએ કરીને ઉઝરડાઈ જાય, તેમ અંતઃકરણ છે તે પણ વ્યવહાર કરવાથી ઉઝરડાઈ જાય છે. સોરાઈ જાય છે. તેમાં કેવી દૃષ્ટિ કરીને વ્યવહાર કરવો એ માર્ગદર્શન સ્વામી આ વાતમાં આપે છે.

● વ્યવહાર કેવો છે ?

- વ્યવહાર એટલે દેહ, દેહના સંબંધી અને તેના નિભાવ માટે કરવી પડતી પ્રવૃત્તિઓ. આપણી નોકરી, ખેતી, વેપાર, ધંધો કે દિવસ દરમ્યાન થતી બધી જ નાની મોટી ક્રિયાઓને વ્યવહારમાં ગણી શકાય.
- વ્યવહાર એ ઊંટના બેસણા જેવો છે. (શાસ્ત્રીજી મહારાજ) જેમ ઊંટ પર બેસે તેને હેલા આવે જ. સ્થિરતા ન રહે. તેમ વ્યવહારમાં પણ સુખદુઃખ આવ્યા જ કરે. દુઃખ ઝાઝુ આવે.
- આખી જીંદગી વ્યવહાર કરીએ છીએ પણ તેનું ફળ શૂન્ય છે. જેમ પાણીને સો વર્ષ સુધી વલોવીએ તો પણ તેમાંથી ઘી ન મળે. આકાશને સો વર્ષ સુધી ચાટીએ તો પણ ખાટો-ખારો સ્વાદ ન આવે. તેમ આખું જીવન લૌકિક કાર્યો પાછળ ખર્ચી નાંખીએ તો પણ તેનું ફળ કાંઈ નથી.
- જ્યાં લગી જગ વિસ્તર્યો મૃગતૃષ્ણા પાણી રે... મૃગતૃષ્ણા એટલે ઝાંઝવાના જળ. મૃગ પાણી માટે તેની પાછળ દોડી દોડીને વલખાં મારે છે. પણ કંઈ મળતું નથી તેમ વ્યહારમાંથી કાંઈ મળતું નથી. અંતરની સાચી શાંતિ કે સુખ ક્યારેય પ્રાપ્ત થતાં નથી.

● વ્યવહાર કેવી રીતે કરવો ?

- વ્યવહાર તો કરવાનો જ છે. તે વિના ચાલશે નહીં. તે આપણી ફરજ છે. પરંતુ મને કરીને જુદા રહેવું.
- વ્યવહાર છે તે કરવો ને મને કરીને જુદા રહેવું. ધૃતરાષ્ટ્રને ભીમ મળ્યા એવું હેત વ્યવહારમાં દેહે કરીને રાખવું. ગરાસિયાના જેવું હેત રાખવું. મને કરીને, જીવે કરીને જુદા રહેવું. તેમાં ભળવા આવે તેનો ત્યાગ કરવો. વહેવારમાં હરખશોક થાય એ જ માયાનું રૂપ છે. ગુ.સ્વા.(૫-૨૫૭)
- મહાભારતના યુદ્ધ પછી ધૃતરાષ્ટ્રે પાંચ પાંડવોને મળવા બોલાવ્યા. ભીમે દુર્યોધનને માર્યો હોવાથી તેના પર ખૂબ દાઝ-પાંડવો આવ્યા ધૃતરાષ્ટ્રે ઉપરથી અતિશય પ્રેમ બતાવ્યો અને કહે : 'આવ ભીમ, તને ભેટવું છે દીકરા.' કૃષ્ણને આની ખબર હોવાથી ભીમના કદનું લોઢાનું પૂતળું આગળ ધર્યું. ધૃતરાષ્ટ્રે દાઝથી એવી જોરદાર બાથ ભીડી કે લોઢાના પૂતળાના કૂચા નીકળી ગયા. ઉપરથી બહુ પ્રેમ બતાવ્યો પણ અંતરમાં જરાય હેત ન હતું. આવું જ વ્યવહાર પ્રત્યે રાખવાનું છે.
- ગરાસિયાના જેવું હેત એટલે શું ? એક ગામમાં એક બ્રાહ્મણ ગયો. ગામમાં બધા ગરાસિયા બહુ પ્રેમી, બ્રાહ્મણને કહે : 'મહારાજ, આજ

રોકાઈ જાવ.' બીજો કહે : 'આઠ દિવસ રોકાઈને લાભ આપો.' એમ બધા જ આગ્રહ કરવા માંડ્યા. બ્રાહ્મણ રાજી થયો અને પૂછ્યું : 'સારું, મારે કોને ઘેર ઊતરવાનું છે ?' ત્યાં બધા એકબીજા સામું જોવા લાગ્યા અને કહે : 'હા ઈ તમે કહો.' બધાનો ખોટો ભાવ જોઈ બ્રાહ્મણ ત્યાંથી વિદાય થઈ ગયો.

- નાવનું જીવન પાણી છે. પાણીમાં જ નાવ ચાલે પણ નાવમાં પાણી પેસે તો ? ડૂબી જ જવાય. તેમ વ્યવહાર કરવાનો છે, પરંતુ વ્યવહારને આપણા હૃદયમાં ન પેસવા દેવો. હૃદયમાં તો ભગવાન ને સંત રાખવા.
- તુલસી જગમેં યું રહો જ્યું જિહ્વા મુખમાંહી;
ઘી ઘણું ભક્ષણ કરે, ફિરભી ચિકની નાહી.
- બોટાદના શિવલાલ શેઠ નવલાખના આસામી - નગરશેઠ કહેવાય. ઘણો વ્યવહાર હતો. પરંતુ પૂજા કરવા બસે ત્યારે આખું ગામ, પોતાની હવેલી, ઘરના સગા, પોતાનો દેહ એ બધું મનથી બાળી નાંખે અને એની રાખ કરી તેના પર બેસીને ધ્યાન કરે. મનથી સદા નિર્લેપ રહે.
- બંધિયાના ડોસાભાઈ તેલઘાણીનો વ્યાપાર કરે. સવારે કાને દાતણ ખોસે તો ૧૦ વાગે દાતણ કરવા નવરા પડે એવા વેપારી. એકવાર મહારાજનો કાગળ આવ્યો કે આ પત્ર મળે કે તરત જ ઘરબાર છોડી ત્યાગી થઈ ગઢડા આવજો. તરત જ તેલપળી પડ્યા મૂકીને રવાના. સાધુ બની ગયા. મનથી જુદા રહેતા હતા.
- માલવણ જાતની ગાય હિંસોરા બહુ કરે. ભરવાડણ આવે ત્યારે પૂછડું પટપટાવે, તેને ચાટે એમ લાડ કરે પણ દૂધ જરાય ન આપે. તેમ વ્યવહાર પણ માલવણ ગાયની પેઠે કરવો.

● સાચા વ્યવહારની રીત :

- ભગવાન અને સંતને વ્યવહારની જવાબદારી સોંપી દેવી. આપણે માત્ર ગુમાસ્તા બની જવું. નફો, ખોટ, હરખ, શોક બધુ તેમના પર નાંખવું.
- તેમની આજ્ઞા હોય તેટલો જ વ્યવહાર કરવો. વધારે ય નહીં, ઓછો ય નહીં.
- વ્યવહાર જો મનમાં ભળવા આવે તો તેનો ત્યાગ કરવો. કહેતાં જો સત્સંગ કરતા વ્યવહાર પ્રધાન થઈ જાય તો વ્યવહાર ઓછો કરવો.
- મયારામ ભટ્ટ અને તેના ભાઈ નવી દુકાન શરૂ કરવા બેઠા કે દુકાનમાં શું લાવીશું, શું કરીશું વગેરે. એ ચર્ચામાં રાત વીતી ને સવારે કૂકડો બોલ્યો. બેયને થયું, 'હજી શરૂ કર્યું નથી ત્યાં રાત વીતી તો શરૂ થશે ત્યારે કેવા હાલ થશે ? માટે પાણી લો કે આજથી આવો વેપાર કરવો નહીં.'
- આપણો વ્યવહાર આપણને સત્સંગ કરવામાં નડતો હોય તો તેને ઘટાડવો. રવિસભા, ઘરસભા, સાહિત્યવાંચન, સેવા કે અન્ય કોઈપણ સત્સંગ-પ્રવૃત્તિમાં નડવો ન જોઈએ.
- વ્યવહારમાં હરખશોક થાય એ જ માયાનું રૂપ છે.

પ્રમુખસ્વામી મહારાજ દિવસમાં ૧૪ કલાક પ્રવૃત્તિ કરે છે. ભગવાન સંબંધી જ છે. છતાં જ્યારે એક પ્રવૃત્તિમાંથી બીજીમાં જોડાય તો તરત જૂની ક્રિયા ધબ લઈને પડી મૂકે છે. મને કરીને ક્રિયામાં ભળતા નથી. મને કરીને ભળ્યા ક્યારે કહેવાય કે ક્રિયારૂપ ક્યારે થયા કહેવાય ? તો ક્રિયા કર્યા પછી પણ એના જ મનસૂબા થાય.

- એ ન થાય એ માટે મહારાજને કર્તા-હર્તા જાણવા. શાસ્ત્રીજી મહારાજને શિરે પાંચ મંદિરો બાંધવાનો ભાર હતો. પૈસાની ભીડ. માણસો ન મળે. વિરોધ પણ એવો. સંતો ઓછા ને બીજા સેંકડો પ્રશ્નો : છતાં જ્યારે પથારીમાં પડે કે તરત જ ઊંઘ આવી જાય.

આનું કારણ એ પોતે કહેતા :

જો સમુદ્રમાંથી પાણી ભરીને એક બેડુ માથે મૂકીએ તો માથે મણભાર લાગે. પણ સમુદ્રમાં ડૂબકી મારી દઈએ તો ? કરોડો મણ પાણી ફરી વળે, છતાં ભાર ન લાગે. તેમ મનમાં જો ક્રિયાનો ભાર રાખીએ તો મૂંઝવણ થાય. પણ જો ભગવાને સોંપી દઈએ તો હળવા ફૂલ.

- ક્રિયારૂપ થઈને વહેવાર કરીએ, એ મય બની જઈએ એ સત્પુરુષને નથી ગમતું. પ્રાગજી ભક્ત જૂનાગઢમાં કંસારવાળા તપેલા ઉટકતા હતા. તેમાં તળીએ કંસાર ચોંટ્યો. તે ઉખાડવા જોર કર્યું. ત્યાં ભગવાનમાંથી વૃત્તિ તૂટી ગઈ. સ્વામી સભામંડપમાં હતા. ઊભા થયા ને ત્યાં જઈ પ્રાગજી ભક્તને કહે : 'પ્રાગજી, ગોબરો થઈને મૂર્તિ ભૂલીને શું સેવા કરે છે ?' એટલે કે જે કાંઈ ક્રિયા - મંદિરની હોય પણ જો સ્મૃતિ વિના થાય તો તે ગોબરી છે એવું સ્વામી જણાવે છે.

- વ્યવહાર એ એક પ્રકારની માયા જ છે. માયામય સુખ દુઃખ વિનાનું હોય નહીં. (ગુ.સ્વા.) વ્યવહારમાં હરખશોક આવ્યા જ કરે છે.

- એક બ્રાહ્મણ દીકરો મરી ગયો. તો તેની પાછળ તે પણ માથુ ફૂટીને મરવા તૈયાર થયો.

- નંદરાજાએ આખી પૃથ્વીનું ધન દરિયામાં ભેગું કરેલું. દરિયામાં રસ્તો કરવા માટે તેની પાસે હાડકું હતું. તે હાડકું તેની રાણીએ બાળી નાંખ્યું ત્યારે નંદ રાજાને આઘાત લાગવાથી તરત મૃત્યુ પામ્યા.

૨. સ્વામીની વાત : ૧/૨૩૭ (ભાગ-૧ : અવગુણ ત્યાગ)

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે :

નિત્ય લાખ રૂપિયા લાવે ને સત્સંગનું ઘસાતું બોલતો હોય તો તે મને ન ગમે, ને સૂતો સૂતો ખાય પણ ભગવાનના ભક્તનું સારું બોલતો હોય તો તેની ચાકરી હું કરાવું, એવો મારો સ્વભાવ છે.

❊ સત્સંગનું ઘસાતું બોલતો હોય એટલે કે અભાવ-અવગુણની વાતો કરતો હોય તેના પ્રત્યે સત્પુરુષને કેટલો અણગમો છે, તેનો ખ્યાલ આ વાતમાંથી આવે છે.

● **અભાવ-અવગુણ લેવા એટલે શું ?**

❊ સત્સંગનું ઘસાતું બોલવું એટલે સંસ્થા, સત્પુરુષ, મંદિર કે હરિભક્તના અભાવ-અવગુણની વાતો કરવી.

❊ યોગીજી મહારાજ કહેતા : 'કોઈ હરિભક્તની કાંઈ ભૂલ થઈ ગઈ હોય, અગર કાંઈ થોડું બન્યું હોય તેનો ફજેતો કરે, બીજાને વિસ્તારથી કહી સંભળાવે તે અભાવ-અવગુણ લીધા કહેવાય.'

❊ પ્રમુખસ્વામી મહારાજ કહે છે, 'કાળું હોય તે દેખાય ખરું પણ આ કાળું છે... આ કાળું છે.. એમ ગા ગા કરે તે અભાવ લીધો કહેવાય.'

❊ પોંડિચેરીમાં અરવિંદ આશ્રમમાં મહર્ષિ અરવિંદ રહેતા. તેઓના પ્રવચનનો લાભ લેવા એક પરિવાર દિલ્હીથી ખાસ ત્યાં ગયો. તેઓએ આશ્રમમાં એક જગ્યાએ કચરો પડેલો જોયો. મહર્ષિ અરવિંદ પાસે જઈને તેમણે ફરિયાદ કરી. મહર્ષિએ તેમને કહ્યું, 'તમે દિલ્હીથી ઍરોપ્લેનમાં ખર્ચ કરીને અહીં આવ્યા અને નજરમાં કેવળ કચરો જ આવ્યો ? એ તો દિલ્હીમાં પણ મળી જાત.'

❊ મુક્તાનંદ સ્વામી વિવેક ચિંતામણિ ગ્રંથમાં લખે છે :

મુક્ત કહે મતિમંદ નર, સબકે ઔગુન ગાન
જ્યું બગુલા ગંગા ગયો, તદપિ મછલી ખાત.

જેમ બગલો ગંગામાં જઈને પવિત્ર નીર પીવાને બદલે માછલી જ ખાય છે, તેમ મંદ બુદ્ધિનો મનુષ્ય બધાના અવગુણ ગાતો ફરે છે.

❊ આપણે પણ સત્સંગમાં દિવ્યતા જોવાને બદલે અહીં આવું કેમ છે ? આ બરાબર નથી, ફલાણો ખોટો છે. આમ ન થવું જોઈએ, - એવું ઘસાતું બોલીએ તો આપણે પણ બગલા જેવા મંદ બુદ્ધિના ગણાઈએ.

❊ અવગુણ ગાવાની પ્રકૃતિથી વ્યક્તિને પોતાને જ ઘણું નુકસાન થાય છે.

● **અભાવ-અવગુણથી લૌકિક નુકસાન :**

❊ કોઈની ખામી શોધવી, સતત તેની ચર્ચા કરવી, તેના જ વિચારો કરવા, આવી પ્રકૃતિવાળા માણસના સ્વાસ્થ્ય પર ખૂબ જ માઠી અસર પડતી હોય છે. આજના મેડિકલ વિજ્ઞાનમાં એ વાત સિદ્ધ થઈ ચૂકી છે.

❊ 'Text of psychiatry' (ટેક્ષ્ટ્ ઑફ સાઈક્રીયાટ્રી) નામનું પુસ્તક મનોચિકિત્સક ડૉક્ટરો માટે પાયાનું પુસ્તક ગણાય છે. તે પુસ્તકના લેખકોએ અનેક દર્દીઓના અનુભવોને આધારે તારણ કાઢ્યું છે કે 'જેને સતત અન્ય પ્રત્યે પૂર્વગ્રહ બંધાય અને અવગુણ જોયા કરવાની ટેવ હોય, તેને અલ્સર જેવી બીમારી જલદી થાય છે. અને વારસાગત રોગ જેવા કે ડાયાબિટીસ, બી.પી. વગેરે થવાની શક્યતા વધી જાય છે.'

❊ સન ૧૯૭૦ની આસપાસ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં અભ્યાસ કરનારા એક સંત પોતાના એક સહાધ્યાયીની વાત કરે છે. એ વિદ્યાર્થી ગણિતમાં ખૂબ જ તેજસ્વી હતો. દરેક પરીક્ષામાં ગણિતમાં ૯૮-૯૯ માર્કસ આવે. પરંતુ બીજા વર્ષમાં ગણિતના શિક્ષક બદલાયા. એ શિક્ષકને સિગારેટ પીવાની આદત હતી. શિક્ષક ખૂબ જ સરસ રીતે ભણાવતા, પણ પેલા વિદ્યાર્થીને શિક્ષક સિગારેટ પીએ તે ગમે નહીં. હંમેશાં સૌની સામે તે શિક્ષકની ટીકા - નિંદા કર્યા કરે. તેની સિગારેટ પીવાની ટેવની હાંસી ઉડાવે. શિક્ષકની ભણાવવાની રીત બહુ સારી

હતી, પણ તે વિદ્યાર્થીની દૃષ્ટિ શિક્ષકના અવગુણ તરફ જ રહેતી. તેને કારણે તેને ગણિતના અભ્યાસમાંથી રસ ઊડી ગયો અને બીજા વર્ષે તે વિદ્યાર્થીનું ગણિતનું પરિણામ ખૂબ જ ઓછું આવ્યું. ૯૮-૯૯ ટકાને બદલે માંડ માંડ પાસીંગ માર્કસ આવ્યા. બીજાના અવગુણ જોવાથી પોતાની જ અધોગતિ થાય છે.

❊ અભાવ - અવગુણની વૃત્તિથી કુટુંબ પરિવારમાં પણ કુસંપ જન્મે છે. મંથરાએ કૈકેયીના મનમાં કૌશલ્યાના અભાવની વાત નાંખી અને દશરથ રાજાના કુટુંબમાં ભયંકર પ્રશ્ન ઊભો થયો, જેને કારણે દશરથ રાજાનું મૃત્યું થયું અને શ્રીરામને વનવાસ થયો.

❊ મહાભારતમાં વાત આવે છે. કૌરવો નાના હતા. પોતાના પિતાના મૃત્યુ બાદ પાંડવો વનમાંથી હસ્તિનાપુરમાં આવ્યા. કૌરવો અને પાંડવો રમતો રમતાં તેમાં ભીમ પોતાની શક્તિથી સૌને હરાવી દેતો. આમલી-પીપળી રમતા હોય તો ભીમ ઝાડને થડથી પકડી હલાવે અને બધા નીચે પડે. કબડ્ડી જેવી રમતમાં ભીમ સૌને વાળથી પકડી ધૂળ ચાટતા કરી દેતો. જ્યારે રમતની સ્પર્ધા ન હોય ત્યારે ભીમ કોઈની સાથે દુર્વ્યવહાર નહોતો કરતો. બધા સાથે પ્રેમ કરતો, પરંતુ દુર્યોધનને ભીમનો અભાવ આવ્યો કે ભીમ મારા ભાઈઓને મારે છે, હેરાન કરે છે. મહાભારત કહે છે કે...

રમતમાં ભીમસેનના આવા વર્તનને પાપ કર્મ તરીકે જોવાથી દુર્યોધન સતત ભીમના દોષોનું ચિંતવન કર્યા કરતો. તેને લીધે તે સ્વયં દોષી બની ગયો. ત્યાર પછી દુર્યોધને બાળ પાંડવોને મારી નાંખવા અનેક ષડ્યંત્રો કર્યાં હતાં.

❊ આમ, ભીમના ગુણને બદલે તેના દોષ જ જોવાથી દુર્યોધનની બુદ્ધિ દૂષિત થઈ, જેને પરિણામે કુરુકુળમાં ભાઈઓ વચ્ચે યુદ્ધ થયું.

❊ અવગુણ લેવાનો સ્વભાવ હોય તેની આસુરી બુદ્ધિ થઈ જાય. **(વચનામૃત : ગઢડા પ્રથમ - ૩૧)**

❊ આમ, લૌકિક દૃષ્ટિએ અભાવ-અવગુણથી ઘણું નુકસાન છે.

● આધ્યાત્મિક માર્ગે નુકસાન :

૧) સાધના વ્યર્થ જાય :

❊ પ્રમુખસ્વામી મહારાજ કહે છે, 'આગળ જાય વાવતો ને પાછળ જાય ટોરતો. વાવણી કરીએ પણ તેના પર સો ટનનું રોલર ફેરવીએ તો કશું જ ન ઊગે, તેમ સેવા, ભક્તિ, કથા બધું જ કરીએ પણ જો અભાવ - અવગુણની વાતો કરીએ તો બધું જ નિષ્ફળ જાય.'

❊ અવગુણ ગ્રહણ કરે તેના જ્ઞાન-વૈરાગ્યાદિક શુભગુણ તે ઘટી જાય છે. **(વચનામૃત : ગઢડા પ્રથમ - ૫૩)**

❊ શ્રીમદ્‌ભાગવત્‌માં ચિત્રકેતુ રાજાની વાત આવે છે. તેને કરોડ રાણીઓ હતી. રાજ્ય-સમૃદ્ધિ અને કરોડ સ્ત્રીઓનો ત્યાગ કરી તેણે તપ કર્યું. તેના ફળ સ્વરૂપે તે સદેહે સ્વર્ગમાં આવ-જા કરી શકતો. એક વાર આકાશ માર્ગે કૈલાસ પર્વત પરથી પસાર થતો હતો. કૈલાસ એટલે શિવજીનું નિવાસ સ્થાન. ચિત્રકેતુએ જોયું કે શિવજીની બાજુમાં પાર્વતીજી વિરાજમાન હતા. બંને વાર્તાલાપ કરી રહ્યા હતા. ચિત્રકેતુને અભાવ આવ્યો કે 'મેં કરોડ સ્ત્રીનો ત્યાગ કરી દીધો અને આ શિવજી એક પત્નીમાં આસક્ત થઈ રહ્યા છે.' આ વિચારથી તે હસ્યો. તેના આ પાપને લીધે તેને પાર્વતીજીએ શાપ આપ્યો અને તે અસુરકુળમાં વૃત્રાસુર તરીકે જન્મ્યો. અભાવ લીધો તેને કારણે તપનું અને ત્યાગનું બધું જ પુણ્ય એળે ગયું.

❊ વચનામૃતમાં પણ શ્રીજીમહારાજ કહે છે...

❊ અવગુણ લે તો તેના હૃદયને વિષે કુટુંબે સહિત અધર્મ આવીને નિવાસ કરે છે.

(વચનામૃત : ગઢડા મધ્ય-૧૧)

❊ અવગુણ લેવાવાળાને કોઈ શાસ્ત્રમાં એ પાપ છૂટ્યાનો ઉપાય કહ્યો નથી. તેની આસુરી મતિ ક્યારેય ટળે નહીં. **(વચનામૃત : ગઢડા અંત્ય-૧૨)**

❊ એટલે મુક્તાનંદ સ્વામીએ ગાયું છે કે,

ભક્તન કી નિંદા કરે, સો નર જમપુર જાત.
મુક્ત કહે મતિ મંદકુ, કાલ નિરંતર ખાત.

❋ અભાવ-અવગુણથી બીજું ભયંકર નુકસાન છે...

૨) ભગવાન અને સત્પુરુષનો કુરાજીપો :

❋ આ અંગે વચનામૃતના શબ્દો સાંભળીએ...

'જે કોઈ ભગવાનના ભક્તનું ઘસાતું બોલે તે તો અમને દીઠો જ ગમે નહીં. અને જે ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તેના હાથનું તો અન્ન-જળ પણ ભાવે નહિ.'

(વચનામૃત ગઢડા અંત્ય-૨૧)

❋ આપણે ઠાકોરજીની રસોઈની સેવા કરીએ, સભામાં પ્રસાદની સેવા કરીએ, ઘરમંદિરમાં થાળ ધરાવીએ, અન્નકૂટમાં ઘરેથી વાનગી બનાવીને ઠાકોરજી માટે લાવીએ, પણ જો આપણે કોઈનું ઘસાતું બોલતા હોઈએ તો શ્રીજીમહારાજ આપણું અન્ન કેવી રીતે ગ્રહણ કરે ? ન જ કરે.

❋ શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે, 'જે બીજામાં અવગુણ જુએ છે, તે તો સત્સંગી છે તોપણ અર્ધો વિમુખ છે.' **(વચનામૃત : ગઢડા મધ્ય-૪૬)**

❋ શાસ્ત્રીજી મહારાજ વરતાલમાં હતા ત્યારે એક વાર વડોદરાના મંદિરે પારાયણ માટે પધાર્યા હતા. અહીંના નિરન્નમુક્ત નામના સાધુને વરતાલ સંસ્થાના કોઠારી ગોવર્ધનભાઈ વિષે કંઈક ફરિયાદ હશે. તેઓ બધા હરિભક્તો વચ્ચે શાસ્ત્રીજી મહારાજ સામે કોઠારીનું વાંકું બોલવા લાગ્યા. શાસ્ત્રીજી મહારાજે તેમને ન બોલવા સમજાવ્યા, પણ તે અટક્યા નહીં. તેથી શાસ્ત્રીજી મહારાજે ગીગા ભગતને કહ્યું, 'આમને ઊંચકીને મંદિરમાંથી બહાર કાઢો, એનામાં અસુરે પ્રવેશ કર્યો છે !' અભાવ-અવગુણની વાતથી સત્પુરુષને આટલી બધી એલર્જી છે.

❋ આ વાતમાં પણ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે નિત્ય લાખ રૂપિયા લાવતો હોય ને સત્સંગનું ઘસાતું બોલતો હોય તો તે મને ન ગમે.

❋ આજથી બસો વર્ષ પહેલાં નિત્ય લાખ રૂપિયા લાવે તો આજના કેટલા બધા રૂપિયા થાય ? છતાં જો તે સત્સંગનું ઘસાતું બોલે તો તેના પર કુરાજીપો થાય.

❋ કેટલાંક ને વાતે વાતે સત્સંગનું ઘસાતું બોલવાની ટેવ હોય છે કે 'આપણા મંડળમાં આ બરાબર થતું નથી, મંદિરમાં આટલો સુધારો કરવો જોઈએ, કાર્યકરોએ ફલાણો નિર્ણય લીધો તે યોગ્ય નથી, સંસ્થામાં અમુક વ્યવસ્થા બરાબર નથી', વગેરે... અનેક પ્રકારની ઘસાતી વાતો કર્યા જ કરે. પરંતુ આવી વાતો કરનાર ગમે તેટલા સેવાભાવી હોય, જૂના હોય કે મોટા હોય, ભગવાન અને સત્પુરુષને તે દીઠા ગમતા નથી. તેમના પર ક્યારેય ભગવાન અને સંતનો રાજીપો થતો નથી.

● અભાવ - અવગુણથી બચવાનો ઉપાય :

૧) ઝડપી નિર્ણય ન લેવો :

❋ એક હરિભક્તે ડૉક્ટર સ્વામીને ફરિયાદ કરી કે મંદિરમાં ડુંગળી લાવીને ખવાય છે. ડૉક્ટર સ્વામીએ તપાસ કરી તો ખબર પડી કે સ્ટાફના એક ભાઈને સેવા કરતાં વાઈનો આંચકો આવેલો (ફીટ આવી હતી). તે જોડો સૂંઘાડ્યો પણ રાહત ન થઈ, તેથી કો'કે ડુંગળી સૂંઘાડવા કહ્યું અને ડુંગળી લાવીને સૂંઘાડી હતી.

❋ મંદિરમાં ડુંગળી આવી એના પરથી અનુમાન કરી લીધું કે કોઈએ ડુંગળી ખાધી, પણ ધીરજથી સાચી વાત જાણી હોત તો આવી ગેરસમજ ન થાત.

❋ અભાવ-અવગુણની મોટા ભાગની ચર્ચાઓમાં આવી ઉપરછલ્લી માની લીધેલી વાતો જ હોય છે. તેથી કોઈ પણ પરિસ્થિતિમાં ઝડપી નિર્ણય લઈને અભાવ-અવગુણની વાતમાં ન પડવું.

❋ ગુણાતીતાનંદ સ્વામી એટલે જ કહે છે, 'પોતે દીઠું ન હોય ને પાકું જાણ્યું ન હોય ને બોલી-બકી ઊઠાય તે બહુ ખોટું છે. પીંછનું પારેવું ન કરવું.'

૨) કુસંગથી દૂર રહેવું :

❋ કેટલાંક સત્સંગમાં હોવા છતાં જ્યાં ત્યાં અભાવ - અવગુણની વાતો કરતા ફરે. આવા ખટપટિયાનો સંગ ન કરવો કે તેમની વાતમાં વિશ્વાસ ન કરવો જોઈએ.

* સન ૧૯૬૧માં ગઢડામાં મંદિરનો કળશ મહોત્સવ હતો. તે વખતે એક હરિભક્તના દીકરા નદીમાં તણાઈ ગયા. આ જોઈ કેટલાકે હોહા મચાવી મૂકી. તે સમૈયામાં ભાવનગરના મહારાજા અને મહારાણી પણ આવેલાં. કેટલાક ખટપટિયાઓએ મહારાણીને આ બધી વાત કરી. રાણીને આ સમૈયામાં લોહીનાં આંધણ લાગ્યાં. અહીં બધા બેજવાબદાર છે એટલે આ દુર્ઘટના બની ગઈ, આવું વિચારી રાણી અને મહારાજા સમૈયો છોડી પાછા જવા તૈયાર થયા. તે સમયે હકાબાપુ મૃત્યુ પામનાર છોકરાનાં મા-બાપને મહારાણી પાસે લઈ ગયા. છોકરાનાં મા-બાપ તો યોગીજી મહારાજની પ્રાપ્તિના કેફમાં ગુલતાન હતા. મહારાણીને સમજાઈ ગયું કે 'અવસાન પામનાર છોકરાઓનાં મા-બાપને તો કોઈ શોક નથી. મને ભંભેરણી કરી તે તો કોઈ દ્વેષીએ અમથું ઊભું કર્યું લાગે છે.' અને મહારાણી રોકાઈ ગયાં.
* આજના જમાનામાં કોઈક સત્સંગ વિશે ઘસાતું બોલે અને બોલનારની વાતો તર્કસંગત હોય, બુદ્ધિપૂર્વકની હોય અને તેમાં વિશ્વાસ આવી જાય તો સત્સંગનો અભાવ આવી જાય.
* અમેરિકાનો એક યુવક સત્સંગમાં ખૂબ જ ઉત્સાહથી સેવા કરે. તેણે એક વાર ઇન્ટરનેટ પર એક વીડિયો પ્રવચન સાંભળ્યું તેમાં એક પરધર્મી ભાઈ યુક્તિપૂર્વક ભગવાન નિરાકાર છે અને મૂર્તિપૂજા ખોટી છે, તેવી વાત સમજાવતા હતા. આ વાત સાંભળી તે યુવકને પ્રશ્ન થઈ ગયો કે આપણે મંદિરોમાં મૂર્તિઓ શા માટે પધરાવીએ છીએ ? તેણે પૂજા કરવી બંધ કરી દીધી. સંતોને ખ્યાલ આવતાં તેને સમજાવ્યો, પણ તેનું મન ન માન્યું અને સત્સંગ મૂકી દીધો.
* આપણે વિચાર કરવો કે કોના પર વિશ્વાસ કરવો ? આ લોકના સ્વાર્થી મનુષ્ય પર કે નિઃસ્વાર્થી સંત અને પરલોકના દિવ્યપુરુષ પ્રમુખસ્વામી મહારાજ પર ?
* જો અભાવ-અવગુણરૂપી વાત કરનાર કુસંગને ઓળખી તેનાથી દૂર રહીએ તો અભાવ-અવગુણથી બચી શકાય.

૩) પોતાના સ્વભાવો-દોષોનો વિચાર :

* વચનામૃત ગઢડા પ્રથમ-૧૬માં શ્રીજીમહારાજ કહે છે, 'ભગવાન અને સંત એનો દોષ દેખાડીને એની આગળ વાત કરે છે, તે વાતને માને કરીને અવળી લે છે. અને વાતના કરનારાનો અવગુણ લે છે, તે તો દિવસે દિવસે ઘટતો જાય છે.'
* સત્સંગમાં પોતાના સ્વભાવનું ખંડન થાય ત્યારે અભાવ આવે છે.
* પોતાને દાળમાં ગળપણ વધુ પડતું જોઈએ, પણ મંદિરમાં દાળ તીખી હોય તો રસોઈ બનાવનારાનો અભાવ આવે. કારણ શું પોતાનો સ્વાદ !
* પોતાને માન હોય કે 'હું મંડળમાં મોટેરો છું' અને જો ઉત્સવમાં પાતાને હાર ન પહેરાવે તો કાર્યકરો અને સંતોનું ઘસાતું બોલે. કારણ શું ? પોતાનું માન.
* પોતાથી પૈસો છૂટતો ન હોય અને સંતો-કાર્યકરો ધર્માદાની કે સેવાની વાત કરે ત્યારે અવગુણ લે કે 'સ્વામિનારાયણવાળા તો બહુ પૈસા માંગ માંગ કરે છે.' અને અવગુણ આવે. કારણ શું ? પોતાનો લોભ.
* આમ, આપણા સ્વભાવ અને આપણી વિષયાસક્તિને કારણે આપણને અવગુણ આવે છે. જો આપણા સ્વભાવ ઓળખી રાખ્યા હોય તો અભાવ-અવગુણથી દૂર રહી શકાય.
* કબીરજીએ કહ્યું છે :

  બુરા દેખન મેં ચલા, બુરા ન પાયા કોય,
  જો મન ખોજા આપના, મુજ સા બુરા ન કોઈ.
* આપણા દોષ તરફ દૃષ્ટિ કરીએ તો અન્યના અવગુણનો વિચાર જ ન આવે.

૪) પ્રાર્થના :

* અને અંતે અભાવ-અવગુણથી બચવા માટે અતિ મહત્ત્વનો ઉપાય છે પ્રાર્થના.
* જ્યારે જ્યારે કોઈના પણ અવગુણનો વિચાર આવે ત્યારે સાચા હૃદયથી મહારાજ-સ્વામીને પ્રાર્થના કરવી જોઈએ. તો અવશ્ય આપણી અભાવ-અવગુણથી રક્ષા થાય. તો ચાલો, મહારાજ-સ્વામીને પ્રાર્થના કરીએ...

સતસંગી જે તમારા કહાવે, તેનો કે'દિ અભાવ ન આવે,
દેશ કાળ ને ક્રિયાએ કરી, કે'દિ તમને ન ભૂલીએ હરિ.

૩. સ્વામીની વાત : ૧/૨૩૭ (ભાગ-૨ : ગુણગ્રહણ)

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે :

નિત્ય લાખ રૂપિયા લાવે ને સત્સંગનું ઘસાતું બોલતો હોય તો તે મને ન ગમે, ને સૂતો સૂતો ખાય પણ ભગવાનના ભક્તનું સારું બોલતો હોય તો તેની ચાકરી હું કરાવું, એવો મારો સ્વભાવ છે.

- આ વાતમાં સ્વામી પ્રથમ તો સત્સંગનું ઘસાતું બોલનાર પ્રત્યે અણગમો વ્યક્ત કરે છે અને કોના પર રાજીપો થાય તે જણાવતાં કહે છે, 'સૂતો સૂતો ખાય પણ ભક્તનું સારું બોલતો હોય એટલે કે ગુણગ્રહણ કરતો હોય તેના પર રાજીપો થાય છે.'

● **ગુણગ્રહણનું મહત્ત્વ :**

❋ ભગવાનના ભક્તનું સારું બોલવું એટલે કે ગુણગ્રહણ કરવા, એ ખૂબ જ મહત્ત્વની સાધના છે.

❋ પ્રમુખસ્વામી મહારાજ કહે છે, 'દેખતાં છતાં આંધળા થવું અને સાંભળતાં છતાં બહેરા થવું.' એટલે કે અવગુણ દેખાય તોપણ તેની અવગણના કરીને ગુણો તરફ દૃષ્ટિ રાખવી. અવગુણની વાત કોઈ કરે પણ તેને લક્ષમાં ન લેવી અને ગુણની જ વાતો કરવી.

❋ એક રાજા હતો. તે શૂરવીર અને બાહોશ હતો. પ્રજામાં પણ ખૂબ પ્રિય હતો. તેના શાસનમાં રાજ્ય ખૂબ જ સમૃદ્ધ થયું હતું, પરંતુ રાજામાં એક ખામી હતી. તે એક આંખે કાણો હતો. રાજાની ઉંમર વધતી ગઈ. પ્રજાજનોએ પ્રસ્તાવ મૂક્યો કે રાજાનું એક શિલ્પ તૈયાર કરી નગર વચ્ચે સ્થાપવું જોઈએ, જેથી રાજાની કીર્તિ અમર રહે !' રાજાએ પ્રસ્તાવ સ્વીકાર્યો. શ્રેષ્ઠ શિલ્પીઓને ભેગા કરી જાહેરાત કરી કે 'જે સારામાં સારું શિલ્પ બનાવશે તેને ઇનામ મળશે. શરત એ કે રાજા જેવો છે, તેવું જ શિલ્પ બનવું જોઈએ અને રાજાને તે ગમવું જોઈએ. જો રાજાને તે શિલ્પ નહીં ગમે તો તે શિલ્પીને દંડ થશે.' એક શિલ્પીએ આબેહૂબ રાજા જેવું શિલ્પ બનાવ્યું, પણ રાજાની એક આંખ કાણી બનાવી હતી. તે રાજાને ન ગમ્યું અને તેને દંડ ફટકાર્યો. બીજાએ પણ શિલ્પ બનાવ્યું, તેમાં રાજાની બંને આંખો સારી બતાવી. રાજા કહે, 'આ તો કોઈ બીજાનું હોય તેમ લાગે છે. મારે તો એક જ આંખ છે.' તેને પણ દંડ થયો.

હવે બધા મૂંઝાયા. રાજા કાણો છે, તે વાસ્તવિકતાને ઢાંક્યા વિના રાજાને ગમે તેવું શિલ્પ કેવી રીતે બની શકે ?

એક શિલ્પી તૈયાર થયો. તેણે રાજાનું શિલ્પ બનાવ્યું. રાજાને ગમ્યું અને તે શિલ્પીને ઇનામ મળ્યું ! કેવું હતું તે શિલ્પ ? તે શિલ્પીએ એમાં રાજાને શિકાર કરતો બતાવ્યો હતો. ધનુષ્ય તાણીને એક આંખે નિશાન તાકતા રાજાની મુદ્રા એ શિલ્પમાં તેણે કંડારી હતી.

રાજાનો દોષ ઢાંકી દીધો અને રાજાનાં શૂરવીરતા, તીરંદાજી, એકાગ્રતા વગેરે ગુણ દર્શાવ્યા. એ જ રીતે સત્સંગમાં કોઈ ભક્તના દોષ-અવગુણ હોય, દેખાય પણ ખરા, પરંતુ તેની વાત ન કરાય. વાત તો ગુણોની જ કરાય.

❋ યોગીજી મહારાજની આવી જ જીવનભાવના હતી. તેઓ કહેતા, 'મને પચાસ વરસ સત્સંગમાં થયા. કોઈ દિવસ કોઈ સત્સંગી નાનામાં નાનો હોય, થાથા થાબડા જેવો હોય, કાંઈ ન આવડતું હોય તેનો પણ અભાવ આવ્યો નથી.'

❋ એક વાર એક પરોક્ષ મંદિરમાં કથા ચાલતી હતી. યોગીજી મહારાજ આયોજકોના આમંત્રણથી ત્યાં ગયા, પણ કથા કરનાર કથાકારને યોગીજી મહારાજ આવે તે પસંદ ન હતું. તેણે યોગીજી મહારાજની સામે પણ ન જોયું અને કથા ચાલુ રાખી, જાણે કોઈ મંચ પર આવ્યું જ નથી. યોગીજી મહારાજ તો થોડી વાર બેઠા પછી આયોજકોને આશીર્વાદ આપી મંદિરે પાછા આવ્યા. કોઈએ કહ્યું, 'બાપા ! આ કેવા કથાકાર કે આપની

સામે પણ ન જોયું ?' યોગીબાપા કહે, 'આપણે અવગુણ ન લેવો. તેઓ કથાના ધ્યાનમાં હતા, તેથી સામું ન જોયું. બહુ સારા કથા કરવાવાળા છે.'

- એક વાર એક પેનથી યોગીબાપા પત્ર લખતા હતા. પેન ખરાબ હતી. તેથી કાગળ ફાટતો હતો. કોઈ કહે, 'બાપા ! આ પેન સારી નથી.' યોગીબાપા કહે, 'પેન તો સારી જ છે, પણ આપણને વાપરતાં આવડતી નથી !' પેન જેવી વસ્તુનો પણ ગુણ ગ્રહણ કર્યો.

❊ પ્રમુખસ્વામી મહારાજની પણ આવી જ જીવનશૈલી છે.

❊ એક વાર પ્રમુખસ્વામી મહારાજની ઉપસ્થિતિમાં અમેરિકાના એક કાર્યકરે વાત કરી કે બાપા ! અમારા વિસ્તારમાં એક બહુ મોટા કથાકારે કથામાં મંદિરોની ટીકા કરી અને કહ્યું કે 'બી.એ.પી.એસ.વાળા મંદિરમાં ખોટા ખર્ચા કરે છે. તેમાં દાન આપવું નહિ.' પછી બીજા હરિભક્ત કહે, 'બાપા તે કથાકાર કાયમ કથામાં આપના કાર્યની ટીકા કરે છે.' સ્વામીશ્રી તરત તેમને અટકાવતાં કહે, 'તેમણે શાસ્ત્રની કથા દ્વારા દેશ-પરદેશમાં કેટલા બધા લોકોને સારી પ્રેરણા આપી છે. તેઓ કથા ખૂબ જ સારી કરે છે. એ જોવું. બીજું બધું જોવાની જરૂર નથી.'

પ્યાલામાં અડધું જ પાણી ભર્યું હોય તો અરધો ખાલી છે, એમ કહેવા કરતાં અડધો ભરેલો છે, તેમ કહેવું એ જ ગુણગ્રાહક વૃત્તિ. આ વૃત્તિ કેળવવાથી લૌકિક માર્ગે અને આધ્યાત્મિક માર્ગે ઘણો લાભ થાય છે.

● **ગુણગ્રહણથી લૌકિક લાભ :**

❊ સ્કોટલેન્ડનો સામાન્ય પરિવારનો યુવક એન્ડ્રુ કાર્નેગી અમેરિકા જઈને અમેરિકાની સૌથી મોટી સ્ટીલ કંપનીનો માલિક બન્યો. તેના હાથ નીચે કામ કરનારા ૪૩ લોકો કરોડપતિ હતા. તેમની પ્રગતિનું રહસ્ય જણાવતાં એક ઇન્ટરવ્યૂમાં શ્રી કાર્નેગીએ કહ્યું હતું, 'એક તોલો સોનું ખોદવા માટે લાખો ટન માટી હટાવવી પડે, પણ તમે જ્યારે શોધો છો ત્યારે માટી નહીં સોનું શોધો છો. તેમ હું હજારો અવગુણવાળા માણસનો એક ગુણ શોધી કાઢું છું અને તેના એ ગુણનો ઉપયોગ કરી તેના દ્વારા કામ કરાવું છું !'

❊ 'A Touch of Wonder.' (અ ટચ ઓફ વન્ડર) નામના પુસ્તકમાં અમેરિકન લેખક આર્થર ગોર્ડને એક વાત લખી છે. અમેરિકાની યુનિવર્સિટી ઓફ વિસ્કોનસિનના ટેલેન્ટેડ વિદ્યાર્થીઓનાં બે ગ્રુપ હતાં. બંને ગ્રુપના વિદ્યાર્થીઓમાં લેખક, કવિ, પત્રકાર અને સારા સર્જક બની શકે તેવા ટેલેન્ટેડ વિદ્યાર્થીઓ હતા, પરંતુ બંનેની શીખવાની પદ્ધતિ જુદી હતી. એક ગ્રુપના વિદ્યાર્થીઓ દરરોજ ભેગા થાય. દરેક વ્યક્તિ પોતાનું લખાણ ગ્રુપ સામે વાંચે અને ગ્રુપના સભ્યોએ તેમાં રહેલી ખામી શોધવાની અને તેની કડક ટીકા કરવાની, જેથી ક્યાં સુધારો કરવો તે ખ્યાલ આવે. આ ગ્રુપ સ્ટ્રેન્ગલર્સના નામે ઓળખાયું.

અને બીજા ગ્રુપના વિદ્યાર્થીઓ જ્યારે ભેગા થાય ત્યારે દરેકના આર્ટિકલ સાંભળે અને તેમાં રહેલી સારી બાબતો શોધવાની અને તેમાં શું સારું છે તેની ચર્ચા કરવાની અને વધુ સારું લખી શકાય તે માટે પ્રોત્સાહન આપવાનું. આ ગ્રુપના વિદ્યાર્થીઓ રેન્ગલર્સના નામે ઓળખાતા.

૨૦ વર્ષ પછી યુનિવર્સિટીના અધિકારીઓએ આ બંને ગ્રુપના હોનહાર છાત્રોની કારકિર્દીની તપાસ કરી ત્યારે ખ્યાલ આવ્યો કે સ્ટ્રેન્ગલર્સના ગ્રૂપમાંથી એક પણ વિદ્યાર્થી લેખન જગતમાં નોંધનીય પ્રદાન આપી શક્યો નહોતો, જ્યારે રેન્ગલર્સના ગ્રુપમાંથી અડધો ડઝન જેટલા સાહિત્યકારોએ પોતાના ક્ષેત્રમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને એમાંથી એકે તો પત્રકારત્વ અને લેખનમાં દુનિયામાં શ્રેષ્ઠ કહી શકાય તેવું પુલિત્સર પ્રાઇઝ મેળવ્યું હતું.

આ વિગત લખીને પુસ્તકના લેખક કહે છે, 'મારા કરતાં પણ વધુ આવડતવાળો મારો એક મિત્ર સ્ટ્રેન્ગલર્સ ગ્રુપમાં હતો. મારું ભાગ્ય કે હું યુનિવર્સિટીના એ ગ્રુપમાં નહોતો.'

ગુણગ્રહણથી જ પ્રગતિ થાય છે અને ગુણગ્રહણથી જ પતન અટકાવી શકાય છે.

* દશરથ રાજાના કુટુંબમાં પ્રશ્ન આવ્યો. રામચંદ્રજીને વનવાસ થયો. તેમાં કૈકેયી કારણભૂત હતી, પરંતુ રામચંદ્રજીએ તેમના ગુણ જ ગ્રહણ કર્યા, જેને કારણે પરિવારમાં સંપ જળવાઈ રહ્યો. ૧૪ વર્ષ પછી પણ બધાં જ સુખપૂર્વક એક સાથે રહી શક્યાં.

વનવાસ બાદ રામચંદ્રજી પરત ફર્યા ત્યારે સૌ પ્રથમ માતા કૈકેયીને પગે લાગ્યા અને બોલ્યા, 'માતા આપ ક્ષોભ ન પામશો. આપે વનવાસ અપાવીને મારા પર કેટકેટલા ઉપકાર કર્યા છે, તે સાંભળો,

તાતસ્નેહો ભરતમહિમા પૌરુષં વાયુસૂનોઃ
સખ્યં ચાપિ પ્લવગનૃપતેઃ ક્વાપિ સૌમિત્રભક્તિઃ ।
સીતાસત્યં નિજભુજબલં વૈરિણાં વૈરભાવો
જ્ઞાતં સર્વં તવ ચરણયોર્માતરેષ પ્રસાદઃ ॥

'હે માતા ! પિતાનો સ્નેહ કેવો કે મારા ગયા પછી તરત તેઓએ દેહ મૂકી દીધો, ભરત જેવો ભાઈ કેવો કે તેણે રાજ્યગાદીનો ત્યાગ કરી દીધો, હનુમાનજીનું બળ કેવું અતુલ્ય છે, સુગ્રીવની મિત્રતા, લક્ષ્મણની મારા પ્રત્યેની ભક્તિ તથા અગ્નિ પરીક્ષામાંથી પસાર થયેલી સીતાના પતિવ્રતાપણાનો મને અને વિશ્વને ખ્યાલ આવ્યો. રાવણ સાથેના યુદ્ધમાં મને મારા બાહુબળનો તથા દુશ્મનના વૈરીભાવનો ખ્યાલ આવ્યો. આ બધું આપનાં ચરણની કૃપાથી જ મને જાણવા મળ્યું છે !'

ગુણગ્રહણ કરીએ તો ગમે તેવી બગડેલી પરિસ્થિતિ અને બગડેલા સંબંધોને સુધારી શકાય છે.

● **આધ્યાત્મિક લાભ :**

* વચનામૃત ગઢડા પ્રથમ-૨૮માં શ્રીજીમહારાજ કહે છે, 'અવગુણ આવે તો રાત્રિદિવસ હૈયામાં મૂંઝાયા કરે, દિવસે સુખ ન આવે, રાત્રે ઊંઘ ન આવે, ક્રોધ તો મટે જ નહીં. અર્ધબળ્યા કાષ્ઠની જેમ ધૂંધવાયા કરે... પણ સત્સંગીનો ગુણ લે તો આઠેય પહોર હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે.'
* ગુણગ્રહણ કરવાથી સત્સંગમાં સ્થિરતા, પ્રગતિ અને સુખ-શાંતિ પ્રાપ્ત થાય છે. એટલે જ ગુણગ્રહણ કરવાથી સત્પુરુષનો રાજીપો પ્રાપ્ત થાય છે.
* તા.૮/૧૧/૨૦૦૬ના રોજ સ્વામીશ્રી લંડનમાં વિરાજમાન હતા. ત્યાં અમેરિકાથી એક હરિભક્ત દર્શન કરવા આવ્યા હતા. તેમના વિશે વાત કરતાં સંતો કહે, 'આ હરિભક્તની વિશેષતા એ છે કે તેમના મોઢેથી અવગુણની વાત નીકળે જ નહીં.' સ્વામીશ્રી અત્યંત રાજી થયા અને તે હરિભક્તને ધબ્બો માર્યો. પછી સામે ઊભેલા સૌને કહે, 'આપણે પણ આ જ શીખવાનું છે.'
* યોગીજી મહારાજ કહેતા, 'આપણે ગુણ લઈએ તો મોટાપુરુષ પોતા જેવા કરી દે, અંતરનો રાજીપો થઈ જાય.'
* વચનામૃત ગઢડા પ્રથમ-૬માં શ્રીજીમહારાજ કહે છે, 'અવગુણ લેનારો દિવસે દિવસે ઘટતો જાય છે અને સત્સંગમાં પ્રતિષ્ઠાહીન થઈ જાય છે.' સામે વચનામૃત ગઢડા પ્રથમ-૨૮માં તેઓ કહે છે, 'ગુણ લે તે દિવસે દિવસે સત્સંગને વિશે મોટ્યપને પામે છે.'
* જૂનાગઢના માવા ભગત શારીરિક અવસ્થાને કારણે સેવા ઓછી કરે. તેમને સૂવા વધારે જોઈએ, પણ ભોજન સારું જમી જાણે. તે જોઈ મંદિરના સૌ કહે, 'તમે સેવા તો કરતા નથી ને મંદિરનું ખાઈને સૂઈ રહો છો.' પરંતુ માવા ભગત ક્યારેય કોઈના અવગુણની વાત ન કરે. જે મળે તેને સંતોના, હરિભક્તોના ગુણોની અને મહિમાની વાતો કરે. એટલે ગુણાતીતાનંદ સ્વામી તેમના પર અત્યંત રાજી રહેતા. અને જ્યારે કોઈ કહે કે માવા ભગત સેવા નથી કરતા તો સ્વામી કહેતા, 'તેઓ તમારા કરતાં વધુ સેવા કરે છે. કારણ કે એ બધાના ગુણ લે છે.'
* ગુણાતીતાનંદ સ્વામીએ ગુણગ્રહણ કરનાર પર આટલો રાજીપો બતાવ્યો. કારણ કે... વચનામૃત ગઢડા અંત્ય-૧૨ પ્રમાણે અવગુણ લે તે સત્સંગી કહેવાતો હોય છતાં હડકાયા શ્વાન જેવો છે. તેનાથી જીવ નાશ પામી જાય

છે. કોઈ દિવસ પોતાના કલ્યાણનો ઉપાય કરી શકે નહીં. જ્યારે વચનામૃત વરતાલ-૧૪ પ્રમાણે ભગવાન ને ભગવાનના ભક્તનો ગુણ આવે તો પાપનો નાશ થઈ જાય છે અને જીવ અતિશય પવિત્ર થઈ જાય છે.'

❊ ગુણગ્રહણની ટેવ હોય તો ગુણાતીતાનંદ સ્વામી તેનો લાભ બતાવતાં કહે છે, 'ભગવાનના ભક્તના ગુણ કહેવા, તેમાંથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય.'

● **સૌથી મોટો ગુણ - સંબંધનો મહિમા :**

❊ આમ, ગુણગ્રહણથી સત્સંગમાં અનેક લાભ થાય છે, પરંતુ કોઈને થાય કે કોઈનો અયોગ્ય સ્વભાવ હોય, તેનામાં જરાય ગુણ ન હોય તો કેવી રીતે ગુણ લેવો ?

❊ સામાન્યતઃ દરેકમાં કંઈક ને કંઈક તો સારું - ગુણ હોય જ છે. આપણે તે જોવાની દૃષ્ટિ કેળવવાની છે. ગૌતમ બુદ્ધને મરેલા ઢોરમાં સારું દેખાયું કે 'એના દાંત કેવા સફેદ છે.' દત્તાત્રેયજીએ વેશ્યા, કૂતરો, ચોર વગેરેમાંથી પણ ગુણગ્રહણ કરીને પ્રેરણા લીધી. ભગવાન સ્વામિનારાયણે સેવકરામ જેવાનો પણ ગુણ લીધો કે 'તે ભાગવતનો ભણેલો છે.' યોગીજી મહારાજે ટ્રેનમાં પત્તાં રમનાર છોકરાંઓમાંથી ગુણ લીધો કે 'એ પત્તા રમવામાં કેવા એકાગ્ર થઈ ગયા કે સ્ટેશન ભૂલી ગયા. એમ ભગવાન ભજવામાં એવી લગની લાગી જાય તો માયાનું સ્ટેશન ચુકાઈ જાય.' એ રીતે આપણે પણ ગુણ શોધી શકીએ.

❊ અને કદાચ આપણી ગુણ શોધવાની દૃષ્ટિ ન હોય તો શ્રીજીમહારાજ એક મોટો ગુણ બતાવે છે, તે છે સંબંધનો મહિમા.

❊ વચનામૃત ગઢડા પ્રથમ-૨૪માં તેઓ કહે છે 'જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે, એનો સ્વભાવ સત્સંગમાં ન ઘટે તેવો છે, તોપણ એને સત્સંગ મળ્યો છે અને એ જેવો તેવો છે તોય સત્સંગમાં પડ્યો છે, તે એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે. તેથી આવો સત્સંગ મળ્યો છે, એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો.'

❊ સત્સંગ મળ્યો એ જ મોટો ગુણ અને એ જ સંબંધનો મહિમા.

❊ ભગવાનના સંબંધવાળો લીમડો પોતાની કડવાશ નથી છોડતો છતાં તેને પ્રસાદીનો જાણી તેને પગે લાગીએ છીએ, એમ ભગવાનના સંબંધવાળા ભક્તના દોષ ન જોવા. તેમનો મહિમા સમજવો.

❊ ભગતજી મહારાજ પાસે ગોરધનદાસ કોઠારી જેટલી સત્તા તથા માન-સન્માન નહોતાં, છતાં ગોરધનદાસ કોઠારી કરતાં ભગતજીને વધુ આનંદ આવતો. ભગતજીએ પોતાના આનંદનું રહસ્ય બતાવતાં કહેલું, 'હું તો સૌને બ્રહ્મની મૂર્તિ દેખું છું !'

❊ પ્રમુખસ્વામી મહારાજને એક વાર પૂછવામાં આવેલું કે આપ સંતો-ભક્તોને કેવી દૃષ્ટિથી જુઓ છો ?' ત્યારે સ્વામીશ્રીએ કહેલું, 'બધા અક્ષરધામના મુક્તો છે, બધા દિવ્ય છે !'

❊ જો હીરાનો વેપાર કરીએ તો ફાયદો પણ કરોડો રૂપિયાનો અને ખોટ પણ કરોડો રૂપિયાની, એમ આવા દિવ્ય સત્સંગમાં અભાવ-અવગુણ લઈએ તો જીવ નાશ પામે એવી મોટી ખોટ અને ગુણગ્રહણ કરીએ તો બ્રહ્મરૂપ થઈ જવાય એવો મોટો ફાયદો છે.

❊ વચનામૃત ગઢડા પ્રથમ-૫૩ પ્રમાણે અવગુણ લેનારો સત્સંગમાંથી વિમુખ થાય છે, જ્યારે લોયા-૫ પ્રમાણે જેનો ગુણ ગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ પાયો સત્સંગમાં અચળ રહે છે !

❊ આપણે સત્સંગમાં ખોટનો ધંધો મૂકી ફાયદો પ્રાપ્ત કરી શકીએ, સત્સંગમાં આપણો પાયો અચળ રહે તે માટે ગુણગ્રહણ કરી શકીએ, એ જ પ્રાર્થના...

❀ ❀ ❀

સ્વામીની વાત : ૨ (પ્રકરણ : ૧/૨૩૭)

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે...)

નિત્યે લાખ રૂપિયા લાવે ને સત્સંગનું ઘસાતું બોલતો હોય તો તે મને ન ગમે; ને સૂતો સૂતો ખાય પણ ભગવાનના ભક્તનું સારું બોલતો હોય તો તેની ચાકરી હું કરાવું, એવો મારો સ્વભાવ છે.

સ્વામીની વાતનું નિરૂપણ

- નિત્ય લાખ રૂપિયા લાવે તે કેટલી મોટી સેવા કહેવાય. પણ જો સત્સંગનો - સત્સંગીનો અભાવ અવગુણ લે તો તે સ્વામીને ન ગમે.
- વડોદરામાં શાસ્ત્રાર્થ કરી સભા જીતીને મુક્તાનંદ સ્વામી આવ્યા. મહારાજે સભામાં તેમના વખાણ કર્યા. નિર્વિકલ્પાનંદ, હર્યાનંદ નામના સાધુઓને આ ન ગમ્યું 'એમાં શું મોટો સિંહ માર્યો ? અમને મોકલ્યા હોત તો અમે પણ કરીને આવત.' મહારાજે આ સાંભળ્યું. ઉદાસ થઈને નીકળી ગયા.
- આત્માનંદ સ્વામીએ એમના સેવક સાધુને અમુક જાતનું શાક વઘારવા કહ્યું. સેવકે આ વાતની હોહા કરી મૂકી. 'આત્માનંદ સ્વામી માંગી માંગીને મનપસંદ રસોઈ બનાવડાવે છે.' મહારાજને આ ખબર પડી ત્યારે મહારાજ કહે, 'એણે એના જીવનું બહુ ભૂંડું કર્યું.'
- ગુણાતીતાનંદ સ્વામી : અભાવ અવગુણ લેવો એ અસેવા છે.
- ગ.અં. ૨૧: જે હરિભક્તનું ઘસાતું બોલતો હોય તેના હાથનું અન્નજળ પણ ન ભાવે. આપણે ઘરમંદિરમાં ભગવાનની સેવા કરીએ, સ્વામીની સેવા કરીએ પણ જો મંડળમાં રહેલા હરિભક્તોનો અવગુણ આવે તો સેવા સ્વીકારાતી જ નથી.
- ભગવદાનંદ સ્વામીએ વડતાલમાં ગોપાળાનંદ સ્વામીનું અપમાન કરવાનું નક્કી કર્યું. ગુણાતીતાનંદ સ્વામી તેની પાસે ગયા. અને કહે, 'ગોપાળાનંદ સ્વામીનો દ્રોહ કરે છે. પણ હું તને ધામમાં નહિ જવા દઉં. તડકે ઊભો રાખીશ માટે એ વાત મૂકી દે.' સત્પુરુષને આ નથી ગમતું.
- ઋષિઓ ભગવાનની નિત્ય પૂજા-સ્મરણ-ભક્તિ કરે. તેમનો નદીએ જવાનો રસ્તો

શબરી વાળી નાંખે. એક દિવસ શરતચૂકથી આ રહી ગયું. ઋષિઓએ ક્રોધમાં શબરીને કડવા વેણ માર્યા. પછી નદીએ ગયા તો પાણીની જગ્યાએ લોહી જોયું. શબરીની માફી માગી. ત્યારે નદીમાં લોહીને બદલે પાણી થયું.

- આપણે પણ સ્વામીના સંબંધવાળા હરિભક્તોનું ઘસાતું બોલીએ તો મહારાજને ગમતું નથી. સ્વામી રાજી થતા નથી અને એને પરિણામે આપણે પાછા પડીએ છીએ.

કહી કહીને કહીએ કેટલું નથી
કેને કહ્યાનું કાજ રે
પાકરા દોષ દેખાડતા થાય,
આપણું અકાજ રે...

નિષ્કુળાનંદ સ્વામી

● સત્સંગનું સારું બોલે તેની ચાકરી કરાવે

- સત્સંગનું સારું બોલે તેની ચાકરી ગુણાતીતાનંદ સ્વામી કરાવે એવો એમનો સ્વભાવ છે. આનો અર્થ એમ કે સત્સંગ તેમ જ ભગવાન તથા સંતના સંબંધવાળા ભક્તોનો મહિમા સમજીએ તો ગુણાતીતાનંદ સ્વામીને બહુ ગમે છે. સ્વામી તેની ચાકરી કરાવે. કહેતા તેનામાં રૂડા ગુણ આપે. અંતરે શાંતિ કરે. સત્સંગમાં વૃદ્ધિ પમાડે. તેના પર ભગવાન ને સંત રાજી રહે.
- ઉકાખાચરને મહારાજે પૂછ્યું 'પૂજામાં કેટલી મૂર્તિ રાખો છો ?' ઉકા '૫૦૦' 'કેવી રીતે ?' મહારાજે પૂછ્યું. ઉકાખાચરે પરમહંસોના નામ ગણાવ્યા. આ સાંભળી મહારાજ રાજી થયા.
- જાગા ભક્ત સ્વામી અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા હરિભક્તોની નામાવલિ પૂજામાં રાખતા અને નિત્ય તેમને યાદ કરી મહિમા સમજતા.
- ભાદરાના ડોસાભાઈ મંદિરમાં રહે. કાંઈ સેવા ન કરે. બીજા બધા તેમનો અભાવ લેતા ત્યારે ગોપાળાનંદ સ્વામી કહે, 'ડોસાભાઈ સૂતા સૂતા બધા હરિભક્તોના ગુણ લે છે. એ મોટી સેવા છે એના જેવું કામ બીજા કોઈ કરતા નથી.'
- તુલસી જ્યાં કે મુખન સે ભૂલે નિકસે રામ
તાકે પગકી પહેનીયા, મેરે તનકી ચામ
- કારિયાણી-૯ સંબંધવાળા ભક્તોનો મહિમા ન સમજે તો તે અર્ધો વિમુખ છે.
- પ્રમુખસ્વામી 'આ સંતો-હરિભક્તો માટે હું શું કરી નાંખું એવું મને અખંડ રહ્યા કરે છે' આને લીધે મહારાજ તેમના ઉપર સતત રાજી રહે છે. તેઓ મહારાજને સૌથી વધુ પ્રિય છે.
લોયા-૫ સત્સંગમાં અચળ પાયો કોનો ? જેને ગુણગ્રાહક દૃષ્ટિ હોય તેનો
- અવગુણ લેવો એ જીવદશા છે. કાગડા જેવી દૃષ્ટિ છે. કાગડો ફક્ત ચાંદા પર જ નજર રાખે ને ત્યાં જ ચાંચ મારે.
- સત્પુરુષને આ ગમતુ નથી. યો.મ. કહે : 'અવગુણ જોવાનો-ઝેર પીવાનો રસ્તો ન લેવો. પૂ. મહંત સ્વામી ટ્રેનમાં એક હરિભક્ત સાથે આવતા હતા. પેલા હરિભક્તે અભાવ અવગુણની વાતો શરૂ કરી. ના છુટકે સાંભળવી પડી. યોગીજી મહારાજને આ ખબર પડી. મહંતસ્વામીને બે સળંગ ઉપવાસ આપ્યા.
- 'સત્સંગનું સુખ કેસર કેરી જેવું ગળ્યું છે. પરંતુ જો તેમાં અભાવ-અવગુણ રૂપ ખટાશ ન ભળે તો.' -યોગીજી મહારાજ
- શ્રીજીમહારાજની સ્વાભાવિક પ્રકૃતિ-રુચિનું વર્ણન છે. આ વર્ણન વચનામૃતના શરૂઆતમાં પરથારામાં આપેલું છે. તેમાં ક્યારેક કોઈક કોઈકનું ઘસાતું બોલે તો મહારાજ તેને ટોકતા, કુરાજીપો બતાવતા એવી વાત આવે છે.
- ગ.મ. ૨૮ : જો ભગગવાનના ભક્તનું ઘસાતુ બોલે તો તેની સાથે બોલવાને હું ઘણો ઈચ્છું તો પણ બોલવાનું મન ન થાય. - મહારાજ ◆

શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજથી એમનો વિચાર ક્યારેય નોંખો પડયો નથી. સંપૂર્ણપણે ગુરુભક્તિમાં જોડાઈ ગયા છે.

માટે આવા ગુણાતીત સંતના કાર્યમાં મન-કર્મ-વચને હ્યાહોમ કરીશું તો જરૂર અક્ષરરૂપ થઈ પુરુષોત્તમને ભજી શકશું.

સ્વામીની વાત : ૨ પ્રકરણ : ૧ વાત : ૨૭૯

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરીજે.....

સાંખ્ય વિચાર કરવાની બહુ વાત કરી. તે સાંખ્ય વિચાર તો નિત્ય નિયમ રાખીને કરવો. ને સાંખ્ય વિના તો અરધો સત્સંગ કહેવાય ને સાંખ્ય વિના સુખ થાય નહિ ને સાંખ્ય છે તે તો આંખ છે. ને આંખે કરીને સર્વે દેખાય ને દત્તાત્રેય સાંખ્યવાળા ને સુખિયા રહેતા માટે આપણે એ સાંખ્ય વિચાર કરવા માંડે તો ધીરે ધીરે સિદ્ધ થાય. તેમાં સાંખ્ય શું ? જે, આ લોક, ભોગ સર્વે ખોટું છે ને આત્મા છે તે સત્ય છે ને આકાશ સરખો નિર્લેપ છે, ને દેહ, ઇન્દ્રિયું, અંતઃકરણ અસંગી છે.

❀ સ્વામીની વાતનું નિરૂપણ :

સ્વામી આ વાતમાં સુખી થવાનો રાજમાર્ગ બતાવે છે. તેમાં કરવાનું થોડું છે, સમજવાનું ઝાઝું છે. સ્વામી સાંખ્યની સમજણ કેળવવા ઉપર સુંદર વાત કરે છે.

❀ સાંખ્ય-વિચાર એટલે શું ?

* દેહ, લોક, ભોગ ખોટું છે એટલે કે નાશવંત છે એમ માનવું.
* આત્મા સત્ય છે એટલે કે અજર-અમર છે એમ માનવું.
* ટૂંકમાં, આત્મા અને પરમાત્મા સિવાય બધું નાશવંત છે એમ માનવું તેને સાંખ્ય વિચાર કહેવાય.

❀ સાંખ્ય વિચારની અગત્યતા :

* સ્વામી કહે છે - સાંખ્ય વિના અરધો સત્સંગ કહેવાય, એટલે કે એવા સત્સંગનો વિશ્વાસ નહિ. સાંખ્ય વિના સત્સંગ ઘસાઈ જાય.
* દેહની સગવડતા ન સચવાય તો સત્સંગ મૂકી દે. ઉતારો સારો ન મળે, જમવામાં વ્યવસ્થા ન સચવાય એટલામાં સત્સંગ મૂકી દે.
* ગોંડલમાં એક હરિભક્ત મંદિરે આવ્યા. તેમણે એક સંત પાસે પાણી માગ્યું. તે સંતે કહ્યું : 'સામે નળ છે, ત્યાં પાણી પી લો.' પેલા હરિભક્તને ખોટું લાગ્યું. મનમાં થયું કે, 'હું આટઆટલી સત્સંગની સેવા કરું છું અને મને નળ બતાવી દીધો ! એક પ્યાલો પાણી ન પાયું !' ત્યાંથી જ તે ચાલતા થયા. નિર્ગુણદાસ સ્વામીને ખબર પડી. તેમણે તેમને પાછા બોલાવી સમજાવ્યા કે, 'નળ બતાવનાર સંત તો અતિ વૃદ્ધ છે. તેમને પોતાને પાણી પીવું હોય તોય બીજા પાસે માંગવું પડે છે. વળી, યોગીજી મહારાજે કે શાસ્ત્રીજી મહારાજે તમને એવું કહેલું ? તો શા માટે ખોટું લગાડવું જોઈએ...' એમ ખૂબ વાતો કરી ત્યારે તેમના મનનું સમાધાન થયું.
* આ લોકની દૃષ્ટિએ કાંઈક નુકસાન થાય તો પણ સત્સંગ મૂકી દે. દીકરો-દીકરી મરી જાય, નોકરી જતી રહે-વિગેરેમાં સત્સંગ છોડી દે.
* ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં એક ભાઈએ વર્તમાન ધરાવ્યા પછી એમની ભેંસ મરી ગઈ, તો કંઠી પાછી આપવા આવ્યા - 'કંઠી પહેરી ને ભેંસ કેમ મરી ગઈ ?' - પણ કંઠી ન પહેરી હોત ત્યારે પણ ભેંસ તો એની આવરદા પૂરી થયે મરવાની જ હતી. પણ સાંખ્ય વિચાર વિના સત્સંગનો અભાવ આવ્યો.

❀ સાંખ્યને સ્વામીએ આંખ કહી છે શાથી ?

- આંખથી સર્વે પદાર્થોનું જ્ઞાન થાય છે કે આ પદાર્થ આવું છે. તેમ સાંખ્યજ્ઞાન પણ એવું છે કે જેનાથી પદાર્થનું યથાર્થ જ્ઞાન થાય છે, એટલે કે તેનો અસલ સ્વભાવ-નાશવંતપણું અને દુઃખે સહિતપણું - જાણ્યામાં આવે છે.
- સાંખ્યથી સમજાય કે - 'નાતમાં સો વર્ષ પહેલાં કોઈ ન હતું ને સો વર્ષ પછી પણ કોઈ નહિ હોય.' તેથી દેહ અને દેહના સંબંધીમાંથી પ્રીતિ તૂટે.

* સાંખ્યથી સમજાય કે -

'જન્મ્યા પહેલાં જગત નો'તું, મૂવા પાછળ નથી જી;
વચમાં વળગ્યું જૂઠા જેવું, કવિ કહે છે કથી જી.'

- એટલે પંચવિષયની આસક્તિ છૂટે.
- આમ, સાંખ્ય એ આંખ છે.

❀ સાંખ્યથી સુખીયા રહેવાય :

* એક ફકીરને રસ્તામાં એક રસ્સીનો ટૂકડો મળ્યો. 'કંઈક કામમાં આવશે.'-આમ વિચારીને તે ટૂકડો તેણે ખભે નાંખ્યો. આગળ જતાં તેને ખબર ન રહી ને રસ્સીનો ટૂકડો ખભા પરથી સરીને નીચે પડી ગયો. જ્યારે ફકીરને પછીથી ખબર પડી ત્યારે તેણે વિચાર્યું, 'મૈંને રસ્સા પાયા હિ નહિ થા.' એમ સાંખ્ય કરીને મસ્તીમાં આગળ ચાલ્યો.
* એક બ્રાહ્મણનો દીકરો મરી ગયો, એટલે અનહદ કલ્પાંત કરતો હતો. વળી સંબંધીઓ ખરખરો કરવા આવે તે દીકરાના વખાણ કરે - 'બહુ ડાહ્યો હતો... આ કરતો...' એમ કહીને પેલા બ્રાહ્મણને વધુ ને વધુ રડાવતા. એ વખતે

ભટ્ટજી (ઘણું કરીને મયારામ ભટ્ટ)ખરખરે ગયા. તેણે બ્રાહ્મણનું કલ્પાંત સાંભળ્યું. પછી નહાવા ગયા ત્યારે કહ્યું, 'તું તો ખાતો-પીતો નથી તે શું છે ? આ તારો દીકરો મરી ગયો તે શું કાંઈ ઉદેપુરની ગાદી ખાલી થઈ ? (એટલે કે કાંઈ જબરજસ્ત નુકસાન થઈ ગયું ?) આ એક બ્રાહ્મણ મૂવો તો એક ખડિયો (ભિક્ષા માંગવા માટેની કપડાની ઝોળી) ઓછો. એમાં તે શું છે ?' એમ સાંખ્ય કરાવ્યું. બ્રાહ્મણે તે વાત પર વિચાર કર્યો ને શાંત થયો. પછી કહે, 'હું તો પંદર દિવસમાં આમ ને આમ મરી જાત, પણ તમે જીવતો રાખ્યો.' સાંખ્ય ન હતું ત્યાં સુધી અપાર દુઃખ હતું ને સાંખ્યની સમજણ દૃઢ થતાં દુઃખ દૂર થયું. શાંતિ થઈ. જીવતદાન મળ્યું.

* ગાનાના પ્રભુદાસ લાલાજી યુગાન્ડામાં ખૂબ સાધન સંપન્ન હતા. ઈદી અમીને બધા એશિયનોને પહેરેલે લૂગડે હાંકી કાઢ્યા, તેમાં એમને તમામ ધન-વૈભવ છોડીને અહીં આવી જવું પડ્યું. પછી કોઈ પૂછે તો કેફથી કહેતા, 'ધોતિયું-ઝભ્ભો પહેરીને ગયો'તો ને કોટ-પાટલૂન પહેરીને આવ્યો.' - અર્થાત્ 'હું તો લાભમાં જ છું.' સાંખ્યની સમજણ હતી તો વ્યવહારમાં આટલો મોટો ધક્કો લાગવા છતાં દુઃખ ન થયું, આનંદ ઓસર્યો નહિ, બાકી એ વખતે આવા આઘાતમાં કોઈક ગાંડા થઈ ગયા હતા અને કોઈકે આપઘાત પણ કર્યો હતો.
* જનક રાજાની મિથિલા નગરી સળગી ત્યારે જનક સ્વસ્થ ચિત્તે બોલ્યા, 'આ મિથિલા નગરી બળે છે તેમાં મારું કાંઈ બળતું નથી.' કેવી સાંખ્યની દૃઢતા કહેવાય !
* પર્વતભાઈ મહારાજ પાસે જવા નીકળ્યા. હજુ ગામની ભાગોળ નથી વટાવી ત્યાં સંદેશો મળ્યો કે -'તમારો પુત્ર ધામમાં ગયો છે.' તેના અગ્નિસંસ્કારની ભલામણ કરી, નદીમાં સ્નાન કરી, પર્વતભાઈ આગળ ચાલ્યા, પણ પાછા ઘરે ન આવ્યા.
* એક શિષ્યે આવીને ગુરુને કહ્યું, 'હું ગાય લાવ્યો.' ગુરુજી કહે, 'સારું. દૂધ મળશે.' થોડા દિવસ બાદ ફરી શિષ્યે ગુરુને કહ્યું, 'ગુરુજી ! ગાય કોઈ ચોરી ગયું.' ગુરુજી કહે, 'સારું, તારે છાણ-વાસીદું કરવાનું ટળ્યું.' આમ, સાંખ્યજ્ઞાનવાળો કોઈપણ સંજોગોમાં સુખીયો જ રહે છે.
* ગુણાતીતાનંદ સ્વામીએ ગોંડલના રાજા સંગ્રામજીને કુંવર પથુભાના ધામમાં જવાથી થયેલો વિરહ ટાળવા સુંદર સાંખ્યોપદેશ આપ્યો હતો :

પગ પર્વત ઠેલી પાડતા, કરી અંજલિ સિંધુ પી જતા;
નભ તારા નખથી ઉખાડતા, નવ જાણે જન કોઈ ક્યાં હતા.
ફૂલવાડી વિષે જણાય છે, ફૂલડાં નિત્ય નવાં ફૂલાય છે;
કળિયો ખીલીને ખરી પડે, પછી તે તો નહીં દૃષ્ટિએ ચડે.
નભ ઈન્દ્રધનુષ દેખીએ, પળ વીત્યા પછી તે ન પેખીએ,
વળી વાદળ કેરી છાંયડી, પળમાં જાય ટકે નહીં ઘડી.
નિજનું તન એવું જોઈને, શીદ રોવું પછી અન્ય કોઈને.

- શ્રી હરિલીલામૃત

❀ સાંખ્ય વિચાર કેવી રીતે કરવો ?

* સ્વામી કહે છે - નિત્ય નિયમ રાખીને સાંખ્ય વિચાર કરવો. નિયમ રાખીએ તો સિદ્ધિ મળે. કોઈ ખાડો પૂરવો હોય ને દરરોજ એક ઘડો પાણી રેડો તો ? આગળના દિવસનું પાણી બીજે દિવસે તો સૂકાઈ ગયું હોય. પણ આંગળી જેટલી પાણીની સેર જો અખંડ વહેતી રહે, તો અવશ્ય પાણીનો ધરો ભરાઈ જાય. તેમ નિત્ય નિયમ રાખીને સાંખ્ય વિચાર કરવો આવશ્યક છે.
* યોગીજી મહારાજ કહેતા : 'નિત્ય બળિયું.' અર્થાત્ નિત્ય નિયમ રાખીને કરવાથી અસરકારક લાભ મેળવી શકાય છે.

❋ 'યોગીગીતા'માં યોગીજી મહારાજ કહે છે : રોજ સવારમાં ઊઠીને વિચારવું કે 'હું બ્રહ્મસ્વરૂપ છું ને મારા જીવને વિષે સ્વામીશ્રીજી સાક્ષાત્ બેઠા છે. દેહ, લોક, ભોગ ખોટા સમજી લેવા. આવો વિચાર રોજ સવારમાં કરવો.'

❋ પ્રમુખસ્વામી મહારાજ એકવાર સારંગપુરમાં હતા. રવિસભામાં આ સ્વામીની વાત વંચાઈ. ત્યારે સ્વામીશ્રી બોલ્યા, 'દરરોજ બે કલાક સાંખ્ય વિચાર કરવો.' એટલે ઘનશ્યામચરણ સ્વામી આશ્ચર્ય પામતાં બોલી ઊઠ્યા, 'બે કલાક ?!' સ્વામીશ્રીએ કહ્યું : 'હા, બે કલાક દરરોજ સાંખ્ય વિચાર કરવો. જેમ માળાનો નિયમ છે, તેમ આ નિયમ રાખવો.'

સાંખ્ય દૃઢ હશે, પડ્યાનું તો પ્રગટ ભગવાનનો યોગ દૃઢ રહી શકશે. માટે સત્સંગ દૃઢ કરવા પ્રથમ સાંખ્યની ખોટ પૂરી કરી શકીએ એ જ પ્રાર્થના.

૧૯. સ્વામીની વાત : ૧/૨૯૮

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

સ્વરૂપનિષ્ઠા છે ને મહિમા છે, એ તો વરને ઠેકાણે છે, ને બીજાં સાધન તો જાનને ઠેકાણે છે. ને વળી સમજણ છે એ તો બસેં બખતરિયાને ઠેકાણે છે ને વિષય છે એ તો એક બહારવટિયાને ઠેકાણે છે.

(નોંધ : '◎' <u>નિશાની પછી આવતું નિરૂપણ એકસ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.</u>)

- **મધ્યવર્તી વિચાર :**

❋ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં સ્વરૂપનિષ્ઠાની સમજણ આપે છે.

- **સ્વરૂપનિષ્ઠાની આવશ્યકતા :**

❋ મનુષ્યમાત્રની પાંચ ઈચ્છા હોય છે - (૧) શાશ્વત અને અનંત સુખ (૨) શાશ્વત અને અનંત જ્ઞાન (૩) શાશ્વત અસ્તિત્વ (૪) શાશ્વત સ્વતંત્રતા (૫) શાશ્વત સાર્વભૌમત્વ

અન્ય ચાર ઈચ્છા પણ પ્રથમ ઈચ્છા - શાશ્વત અને અનંત સુખ માટે જ છે. ટૂંકમાં, કોઈ એકમાત્ર ઈચ્છા હોય તો તે છે -શાશ્વત સુખ, દુઃખ રહિતનું સુખ અને વધુમાં વધુ સુખ.

❋ આ ઈચ્છાની પૂર્તિ અને તૃપ્તિ માટે જ મનુષ્યમાત્રના પ્રયત્નો હોય છે. તેના માટે આપણે બાહ્યજીવનમાં સુધારા ઘણા કર્યા છે. દા.ત. - દૂરધ્વનિયંત્ર (ફોન) - પૂર્વે ચકરડાંવાળાં ફોન આવતા, પછી કોર્ડલેસ આવ્યા, પછી મોબાઈલ ફોન આવ્યા, તેમાંય ટચસ્ક્રીન ફોન આવ્યા. હજુ તેમાં સુધારા થતાં જ રહે છે.

આવા તો જીવનના દરેક ક્ષેત્રમાં સુખી થવા માટે સુધારા ચાલ્યા જ કરશે.

❋ સુખી થવા માણસે દોટ મૂકી તો ખરી, પણ શું ખરેખર તે સુખી થયો છે ?

આજે દુનિયાના ૩૫ કરોડથી વધુ લોકો માનસિક રોગોથી પીડાય છે.

આજે સમાજમાં ચોરી, લૂંટફાટ, હત્યા, આપઘાત, અપહરણ, અનાચાર, વ્યભિચાર, ભ્રષ્ટાચાર, છૂટાછેડાના કિસ્સા કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે.

❋ રાવણ, દુર્યોધન, કંસ, કીંગ સોલોમન, સિકંદર, નેપોલિયન, એલ્વીસ પ્રેસ્લી પાસે જે સુખ-સુવિધાનાં સાધનો હતાં તેના કરતાં ઘણાં વધારે સારાં, વધારે આધુનિક સાધનો ઘણાની પાસે છે. છતાં વ્યક્તિ સુખી થયો છે ? સુખ માટે દોડતો માણસ, સ્પીડ વધારવા પ્રયત્ન કરતો માણસ હજુ કેમ 'સુખના સ્ટેશને' પહોંચ્યો નથી ? એનું કારણ એટલું જ છે કે તેની દિશા ખોટી છે, તેથી સ્પીડ વધે છે, તેમ તેમ લક્ષ્ય-સ્થાન દૂર થતું જાય છે.

❋ ગુણાતીતાનંદ સ્વામીએ વાતમાં સુખનું સાચું સરનામું બનાવતાં કહ્યું કે,

સુરપુર, નરપુર, નાગપુર એ તીનમેં સુખ નાંહીં,
કાં સુખ હરિ કે ચરણમેં, કાં સંતનકે માંહીં.

ભગવાન અને ગુણાતીત સંત પાસે જ પરમ સુખ રહ્યું છે. તેમના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય તો જીવ સુખિયો થઈ જાય.

❋ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ-૫૬**માં કહ્યું કે, 'કેટલાક સિદ્ધ થાય છે, ને કેટલાક સર્વજ્ઞ થાય છે, ને કેટલાક દેવતા થાય છે ઈત્યાદિક અનંત પ્રકારની મોટ્યપ પામે છે તથા પરમપદને પામે છે, તે સર્વે ઉપાસનાના બળે પામે છે, પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી.' એટલે કે ઉપાસના અથવા સ્વરૂપનિષ્ઠા વિના સુખ નહીં જ મળે.

❋ હા, તપ, ત્યાગ, દાન, સમાજસેવા વગેરે સાધન ક્ષણિક સુખ આપશે, પણ શાશ્વત અને અનંત સુખ પ્રાપ્ત કરવા માટે સ્વરૂપનિષ્ઠા એકમાત્ર ઉપાય છે.

❋ એક હરિભક્તે ગુણાતીતાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે 'વચનામૃતમાં આશરાનું બળ, ધર્મ, જ્ઞાન, આત્મનિષ્ઠાની વાત છે, એવાં ઘણાં સાધન છે. તેનાં એકને વિષે બધાં આવી જાય અને ઉત્તમ મોક્ષ થાય એવું એક સાધન કયું છે ?' ગુણાતીતાનંદ

સ્વામીએ જવાબ આપતાં કહ્યું કે, 'ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય અને ઉપાસના હોય તો બધું આવે.' અર્થાત્ સાધનાનો એકડો સ્વરૂપનિષ્ઠા છે.

❋ નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે :

'જેમ સો સો શૂન્ય સારા કરે, પણ એક ન કરે જો આગળે;
તે સરવાળો શાનો મેલશે, કાં કરે છે કાળપ કાગળે.
તેમ એક હરિને પરહરિ, બીજી કરે ચતુરાઈ કોટ;
તે તો માથાફર ચાલે મારગે, જેમ જેમ ચાલે તેમ ખોટ.'

એકડો આગળ કર્યા વિના ગમે તેટલાં મીંડાં કરીએ પણ સરવાળો શૂન્ય જ રહે, તેમ સ્વરૂપનિષ્ઠા વિના જપ, તપ, વ્રત વગેરે ગમે તેટલાં સાધન કરો પણ ફળ શૂન્ય જ આવે.

❋ વિશ્વમાં અસંખ્ય મનુષ્યો સ્વકલ્યાણ માટે અષ્ટાંગ યોગ, તપ, જપ, તીર્થયાત્રા વગેરે જુદાં જુદાં સાધનો કરે છે, જેના દ્વારા આત્યંતિક કલ્યાણ પ્રાપ્ત કરવાની મહેચ્છા ધરાવે છે. વાસ્તવિક દૃષ્ટિએ આ બધાં સાધનો ઉપયોગી છે, પરંતુ એના દ્વારા આત્યંતિક કલ્યાણ થઈ શકતું નથી.

● **અષ્ટાંગયોગ :**

❋ વ્યાયામ, યોગાસન, પ્રાણાયામ સ્વાસ્થ્ય માટે લાભદાયી છે.

❋ યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા અને સમાધિ - આ આઠ અંગો સિદ્ધ કરવા અતિ કઠણ છે અને કદાચ કોઈ કરે છતાં પણ તે વિષયથી પર થઈ શકતો નથી.

❋ શ્રીજીમહારાજના સમયમાં ભાદરાના રત્ના ભક્તને સમાધિ થતી હતી, છતાં પણ તેમણે બે ઘર કર્યાં એટલે કે બે વાર લગ્ન કર્યાં. એટલે, સમાધિ થતી હોવા છતાં વિષયમાંથી આસક્તિ ટળી નહીં તો પછી ભગવાન વશ ક્યાંથી થાય ?

● **તપ :**

❋ જૂનાગઢના લોટિયા સાધુઓ ફક્ત લોટ પાણીમાં ઘોળીને પીતા. બીજું કાંઈ ખાતા નહીં. કેટલું અઘરું તપ કરતા ! પણ તપના માનને લીધે ગુણાતીતાનંદ સ્વામીનો અભાવ લીધો. પરિણામે સત્સંગ છોડીને જતા રહ્યા.

શાસ્ત્રો સાક્ષી પૂરે છે કે સૌભરી, ચ્યવન, પરાશર આદિ અનેક ઋષિઓએ વર્ષો સુધી તપ કર્યું છતાં ભગવાનને વશ ન કરી શક્યા.

● **દાન :**

❋ શ્રીજીમહારાજના વખતમાં વૃંદાવનના લક્ષ્મીચંદ શેઠ હતા. તેઓ ખૂબ જ દાન-પુણ્ય કરતા. શ્રીજીમહારાજના સંતો દ્વારા તેમને મહારાજનો પરિચય થયો. શેઠને મહારાજનાં દર્શન કરવાની અતિ તીવ્ર ઇચ્છા હતી. તેઓ વૃંદાવનથી ગઢડા આવવા નીકળ્યા, પણ એમનાં એટલાં પુણ્ય નહોતાં કે આ જન્મે મહારાજનાં દર્શન થાય. તેઓ ગઢડા આવતાં રસ્તામાં મૃત્યુ પામ્યા.

● **તીર્થ, વ્રત** અને **યજ્ઞે** કરીને સ્વર્ગ મળે, પણ ભગવાન વશ થતા નથી. મુક્તાનંદ સ્વામીએ કહ્યું,

યજ્ઞ યાગે કરી સ્વર્ગસુખ ભોગવે,
પુણ્ય ખૂટ્યે પડે નક્કી પાછો,
તીર્થ ને વ્રતતણું જોર પણ ત્યાં લગી,
ગુરુગમ વિના ઉપાય કાચો.

કોઈ જીવ પોતાના બળથી અથવા કોઈ સાધનોથી ભગવાનને વશ કરી શકતો નથી અથવા આત્યંતિક કલ્યાણ મેળવી શકતો નથી.

● **ધ્યાન :**

❋ આંખો બંધ કરી ધ્યાન કરવું આધ્યાત્મિક માર્ગે ઉપયોગી છે, પરંતુ તેનાથી નથી તો જીવના સ્વભાવ ટળતા કે નથી આત્યંતિક કલ્યાણ થતું.

❋ શ્રીજીમહારાજના એક સંત નારાયણદાસ હતા, જેઓ સમાધિનિષ્ઠ હતા. એક વખત શ્રીજીમહારાજ જેનાં વસ્ત્ર ફાટી ગયા હોય તેવા સૌ સંતોને નવાં વસ્ત્ર આપવાના હતા. નારાયણદાસ પાસે વસ્ત્ર હતાં, પણ નવાં લેવા માટે તેણે જૂનાં વસ્ત્ર ઉકરડામાં સંતાડી દીધાં અને મહારાજ પાસે નવાં માગ્યાં. મહારાજે તેને નવાં વસ્ત્ર આપ્યાં, પરંતુ એક વખત ઉકરડો ઉથામતાં વસ્ત્ર નીકળ્યાં. તેના ઉપર નારાયણદાસનું નામ હતું. તેથી મહારાજે તેમને બોલાવીને ઠપકો આપ્યો. આમ, સમાધિનિષ્ઠ હોય તોપણ નવાં વસ્ત્ર માટે ભગવાનને પણ છેતરવાનો પ્રયત્ન કર્યો.

માટે સમાધિ અને ધ્યાન કરતાં પણ સ્વરૂપનિષ્ઠા અગત્યની છે.

● **સમાજસેવા :**

❊ બી.એ.પી.એસ. સંસ્થા અનેકવિધ સામાજિક સેવાઓ ભગવાનને આગળ રાખી કરી રહી છે. દા.ત. વ્યસનમુક્તિ અભિયાન, વૃક્ષારોપણ, ચેક ડેમ બાંધવા, કેટલકેમ્પ, ભૂકંપ/અતિવૃષ્ટિ/અનાવૃષ્ટિમાં લોકોને સહાય, પાઠશાળા/હોસ્પિટલ બાંધવી વગેરે...

❊ કેટલાક લોકો કહે છે કે, 'જનસેવા એ જ પ્રભુસેવા.' આવું કહી ભગવાન ગૌણ કરે છે. સમાજસેવા ખોટી નથી, પણ ભગવાનની સ્વરૂપનિષ્ઠા વિના સમાજસેવા કરવી, તે દુઃખ તરફ દોરી જાય છે.

❊ કવિ નર્મદે કહ્યું કે, '૬૦ વર્ષની જિંદગી મેં સમાજસેવા માટે કાઢી તે કરતાં આત્માના કલ્યાણ માટે કાઢી હોત તો સારું હતું.'

માટે, સમાજસેવા કરતાં સ્વરૂપનિષ્ઠા અગત્યની છે.

● **આત્મનિષ્ઠા :**

❊ ટાઢ-તડકો, ભૂખ-તરસ, માન-અપમાન, સુખ-દુઃખ, સફળતા-નિષ્ફળતાથી પર થવા મટે આત્મનિષ્ઠા ઉપયોગી છે. સ્વયં શ્રીજીમહારાજે વચનામૃતમાં અનેક ઠેકાણે આત્મારૂપે વર્તવાની વાતો કરી છે, પણ ફક્ત આત્મનિષ્ઠાથી જ કલ્યાણ થતું નથી.

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ-૬૧**માં કહ્યું કે, 'મૃત્યુસમય તો સમુદ્ર જેવો છે. માટે ત્યાં તો આત્મનિષ્ઠાવાળો હોય કે વગર આત્મનિષ્ઠાવાળો હોય એ બેયને ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે. તે સારુ ભગવાનની ઉપાસના દૃઢ કરીને રાખવી.

❊ રામાનંદ સ્વામી થકી દીક્ષા પામેલા ભાયાત્માનંદ સ્વામી સદ્‌ગુરુ સંત હતા. શ્રીજીમહારાજની આજ્ઞા પ્રમાણે જ તેમનું જીવન હતું. તેથી શ્રીજીમહારાજ તેમને 'વચનની મૂર્તિ' કહી બોલાવતા. વળી, તેમની દૃઢ આત્મનિષ્ઠાના વખાણ પણ શ્રીજીમહારાજ ખૂબ કરતા, પણ તેઓ શ્રીજીમહારાજને સર્વોપરી ભગવાન નહોતા માનતા. તેથી ૧૧૬ વર્ષની ઉંમર થવા છતાં શ્રીજીમહારાજ તેમને અક્ષરધામમાં નહોતાં તેડી જતા, તેથી તેઓ દુઃખી હતા. એક વાર ગુણાતીતાનંદ સ્વામી ફરતા ફરતા અણિયાળી ગામે પધાર્યા અને ભાયાત્માનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીને પોતાના દુઃખની વાત કરી. તેથી ગુણાતીતાનંદ સ્વામીએ તેમને શ્રીજીમહારાજના સર્વોપરીપણાની વાતો કરી. પછી શ્રીજીમહારાજ તેમને ધામમાં તેડી ગયા.

માટે, બધાં સાધનો કરતાં સ્વરૂપનિષ્ઠા અગત્યની છે. બીજાં સાધન ન કરવાની વાત નથી. આપણા ગુણાતીત સત્પુરુષોએ બધું જ કર્યું છે, પણ ભગવાનને આગળ રાખીને.

● **સ્વરૂપનિષ્ઠામાં શું સમજવું ? :**

૧. ભગવાન સર્વકર્તાહર્તા છે :

❊ અનંતકોટિ બ્રહ્માંડને વિષે અનંત પ્રકારનાં આશ્ચર્ય થાય છે. તેમાંથી કેટલાક તો આપણે પણ જોઈએ છીએ. દા.ત. સૂર્ય-ચંદ્રનો ઉદય-અસ્ત, આકાશમાં અધ્ધર જળ રહેવું અને તેમાંથી વરસાદ પડવો, મનુષ્ય શરીરનાં વિશિષ્ટ અંગો અને તેનાં કાર્યો. આવાં અનંત આશ્ચર્ય પ્રત્યક્ષ ભગવાન થકી થાય છે.

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ-૨૭**માં કહ્યું કે, 'પૂર્વે જે જે અનંત આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે, તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે.'

❊ કર્તાપણામાં શું સમજવું ? રોજબરોજના દૈનિક જીવનમાં, વ્યવહારમાં, સત્સંગમાં, શરીરમાં કે આર્થિક વ્યવસ્થામાં જે કાંઈ પણ સારું થાય છે, તે પણ ભગવાનની ઈચ્છાથી જ થાય છે ને આપણને ન ગમતું કંઈક અઘટિત થાય છે, તે પણ ભગવાનની ઈચ્છા છે.

સારા-નરસામાં કર્તાપણાની આવી દૃઢતાથી અંતરમાં ટાઢું રહે. માન-અપમાન, સુખ-દુઃખ, સફળતા-નિષ્ફળતામાં આ સમજણથી સ્થિર રહેવાય.

❊ પ્રેમાનંદ સ્વામીએ રચેલ 'ઓરડાનાં પદ'માં શ્રીજીમહારાજે કહ્યું છે :

'જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન;
સહુને વશ કરું રે, સહુનો પ્રેરક હું ભગવાન.
અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.'

❊ મહંતસ્વામી મહારાજે સારંગપુરમાં એક વાર સંતોને લખી આપ્યું હતું કે, '૮૦ ટકા માર્ક્સ ભગવાનને કર્તાહર્તા સમજવાના છે.'

૨. ભગવાન સદા દિવ્ય છે :

❊ શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને કહે છે કે, **'जन्म कर्म च मे दिव्यम् ।'**

'મારાં જન્મ અને કર્મ દિવ્ય છે.'

જે વ્યક્તિ ભગવાનને સદા દિવ્ય જાણે છે તેનું જન્મ મરણ ટળી જાય છે.

❊ શ્રીજીમહારાજે **વચનામૃત લોયા-૧૮**માં કહ્યું છે, 'ભગવાનને વિષે તો મનુષ્યભાવ ન જ પરઠવો.'

જો આ લોકના નટ (એક્ટર)ની ક્રિયા ઓળખી શકાતી નથી, તો ભગવાન નટવર એટલે કે નટમાં પણ શ્રેષ્ઠ છે. તે મનુષ્ય જેવા થઈને આવે ત્યારે ભૂલા પડી જવાય.

◎ જ્યારે શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મ થયો ત્યારે બ્રહ્માજીએ તેમની સ્તુતિ કરી હતી, પરંતુ જ્યારે ભગવાને ગોવાળ મંડળી કરી જમી લીધું ત્યારે બ્રહ્માજીને ઈચ્છા થઈ કે, 'ભગવાન હાથ ધોવા માટે નદીમાં આવશે ત્યારે હું માછલી બનીને પ્રસાદી લઈશ.' પરંતુ ભગવાને તો ધૂળથી હાથ ધોઈ નાખ્યા અને બ્રહ્માજીને પ્રસાદી ન મળી. તેથી બ્રહ્માજીને મનુષ્યભાવ આવ્યો કે, 'નોય નોય પરબ્રહ્મ, આ તો ગોવાળિયો છે.'

આપણા સંકલ્પ ભગવાન અથવા સત્પુરુષ પૂરા ન કરે ત્યારે આપણને પણ તેમનામાં મનુષ્યભાવ આવે છે. આપણે ભૂલી જઈએ છીએ કે ભગવાન સદાય દિવ્ય છે.

❊ એક વાર શ્રીજીમહારાજને ભગા અને મૂળાએ કહ્યું, 'હે મહારાજ ! વરસાદ પાડો.' મહારાજ કહે, '૫૦૦/- રૂ. ભેટ મૂકો તો પડે.' તેઓએ ભેટ મૂકી ને વરસાદ પડ્યો. આ વખતે શ્રીજીમહારાજમાં લોભ લાગે, પણ વિચારવું પડે કે જો લોભ જ હોય તો ૫૦૦ ગામનું ધરમપુરનું રાજ્ય કેમ ઠુકરાવ્યું ? બુટોલનગર, નેપાળ, પંજાબનું રાજ્ય કેમ ઠુકરાવ્યું? માટે અહીં લોભ બતાવ્યો છે, હકીક્તે તેઓમાં છે નહીં. ભક્તને સુખ અને સ્મૃતિ આપવા તેઓ મનુષ્યચરિત્ર કરે છે.

❊ જેમ છાપાનો કાગળ ને રૂપિયાની નોટનો કાગળ; બંને કાગળ છે. ફાડો તો ફાટી જાય, બાળો તો બળી જાય, પાણીમાં નાંખો તો પલળી જાય પણ ફેર છે. તેમ ભગવાન અને મનુષ્યની ક્રિયા સરખી દેખાય પણ આપણે માયિક છીએ, તેઓ અમાયિક છે તેમ સમજવું તે દિવ્યભાવ. આવો દિવ્યભાવ હોય તો માયા ટળે.

૩. ભગવાન સદા સાકાર છે :

❊ મકાન સાકાર હોય, તો તેને બનાવનાર પણ સાકાર જ હોય, ચશ્માની ફ્રેમ સાકાર હોય, તો તેને બનાવનાર પણ સાકાર જ હોય, તેમ મનુષ્ય, પશુ-પંખી સાકાર હોય તો તેને બનાવનાર પણ સાકાર જ હોય.

વળી, ભગવાન બધે જ ઠેકાણે વ્યાપીને રહ્યા હોય, તો મૂર્તિ કે છબિમાં કેમ ન હોય ?

❊ ઉપનિષદ્માં કહ્યું છે કે, 'સ ઈક્ષત' અર્થાત્ ભગવાન માયા સામું જોતા હવા. આનું મનન આપતા શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું કે, 'જ્યારે જુએ ત્યારે તેને શું એકલી આંખ્ય જ હોય, હાથ-પગ પણ હોય. માટે (ઉપનિષદ્માં) સાકાર સ્વરૂપનું પ્રતિપાદન છે.'

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ-૪૫**માં કહ્યું કે, 'ભગવાન પુરુષોત્તમ તો સદા સાકાર જ છે, પણ નિરાકાર નથી અને જે નિરાકાર કહે છે તે સમજતા નથી.'

૪. ભગવાન સર્વોપરી છે :

❊ શ્રીજીમહારાજને ભગવાન માનીને તો તેમના સૌ આશ્રિતો તેમનું ભજન કરે જ છે, પરંતુ તેમને સર્વોપરી, સર્વ અવતારોથી ભિન્ન અને સર્વાવતારના

અવતારી, સર્વકારણના કારણ માનીને તેમના સ્વરૂપની નિષ્ઠા દઢ કર્યા વિના ચાલે તેમ જ નથી.

❋ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય-૯**માં કહ્યું કે, 'પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું... અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.'

❋ જે ભગવાનનું ભજન કરીને જેમના ધામમાં જવાનું છે, તેમને સર્વોપરી ન સમજીને બીજા અવતાર જેવા જાણવારૂપ દ્રોહ થાય, તો તેમના ધામમાં પહોંચી જ કેમ શકાય?

◎ શ્રીજીમહારાજના હૃદગત અભિપ્રાયને સમજનારા અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી પણ પોતાની વાતોમાં મહારાજને સર્વોપરી સમજવાની વાતો અનેકવાર કરતા.

◎ ગુણાતીતાનંદ સ્વામીએ ૨/૧૦૭મી વાતમાં કહ્યું કે, 'ઉપાસના ચોખ્ખી સમજવી ને મહારાજનું સર્વ-કારણપણું સમજવું... ને પુરુષોત્તમના ભક્તમાં ને બીજા અવતારના ભક્તમાં કેમ ભેદ છે? તો જેમ હાથણી વિયાય ત્યારે ભેંસ જેવડું બચ્ચું આવે ને જૂ વિયાય ત્યારે તેને લીખ આવે. એમ ભેદ છે.'

❋ જે સંતો-ભક્તો શ્રીજીમહારાજને સર્વોપરી ભગવાન સમજતા તેઓ ઉપર શ્રીજીમહારાજ પ્રસન્નતા પણ દાખવતા.

ગઢડામાં શ્રીજીમહારાજે સત્સંગીજીવન ગ્રંથ લખાવ્યો ત્યારે તેમાં ઉપાસના સંબંધી ચર્ચા થઈ. નિત્યાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને સર્વોપરી, સર્વ અવતારના અવતારી લખવા આગ્રહ રાખ્યો. બીજા પરમહંસોએ શ્રીજીમહારાજને શ્રીકૃષ્ણ જેવા લખવાનું કહ્યું. નિત્યાનંદ સ્વામીએ કહ્યું કે મહારાજનાં ચરિત્રો ને બીજા અવતારનાં ચરિત્રો સરખાવો. વળી, શ્રીજીમહારાજે ચોવીસે અવતારોને પોતામાં લીન કરી બતાવ્યા છે, વગેરે ઘણી વાતો દ્વારા શ્રીજીમહારાજ સર્વોપરી છે, એવું કહ્યું. બધા શ્રીજીમહારાજ પાસે ગયા. શ્રીજીમહારાજ પણ બીજા પરમહંસો સાથે ભળી ગયા અને નિત્યાનંદ સ્વામીને સાત દિવસ વિમુખ કર્યા. છતાં નિત્યાનંદ સ્વામી અડગ રહ્યા. અંતે શ્રીજીમહારાજ નિત્યાનંદ સ્વામી ઉપર પ્રસન્ન થયા અને પ્રસન્નતાનો હાર આપ્યો અને બધા પરમહંસોને કહ્યું, 'ઉપાસક તો આવા જ હોવા જોઈએ. અમે આટલો અનાદર કર્યો, અપમાન કર્યું, અમે પોતે સમજાવ્યા છતાં તે નિશ્ચયમાં અડગ રહ્યા. માટે નિત્યાનંદ સ્વામીની સમજણ સર્વોપરી છે. માટે તમારે સર્વેએ એ સમજે છે તેમ સમજવું.'

આ રીતે નિત્યાનંદ સ્વામી મહારાજને સર્વોપરી સમજતા હતા તો તેઓ ઉપર મહારાજનો રાજીપો થયો.

૫. ભગવાન પ્રગટ છે :

❋ જેમ પ્રગટ સૂર્ય વિના અંધારું ન જાય, પ્રગટ ભોજન વિના ભૂખ ન ટળે, અન્નકૂટના ફોટાથી ભૂખ ટળતી નથી, તેમ પ્રગટ ભગવાન વિના આત્યંતિક કલ્યાણ ન થાય. નિષ્કુળાનંદ સ્વામીએ પણ 'કલ્યાણનિર્ણય'માં કહ્યું કે,

'મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલે કલ્યાણ રે;
તેહ વિના કોટિ ઉપાયે, આત્યંતિક કલ્યાણ ન થાયે રે.'

❋ શ્રીજીમહારાજે **વચનામૃત વરતાલ-૧૯**માં કહ્યું કે, 'આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે, ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે.'

❋ શ્રીજીમહારાજ આ લોકમાં પોતાનું અક્ષરધામ ગુણાતીતાનંદ સ્વામીને સાથે લઈને પધાર્યા. તેમણે અનેક પ્રસંગોએ સંતો-ભક્તોને ગુણાતીતાનંદ સ્વામીની ઓળખાણ પોતાને રહેવાના ધામ તરીકે કરાવી હતી. તેમણે અનેક વચનામૃતમાં આ ગુણાતીત સંતનો મહિમા ગાયો છે અને આવા સંતને ઓળખી તેમનો દઢ આશ્રય કરવાની વાત કરી છે. ટૂંકમાં, મહારાજે ગુણાતીત સત્પુરુષ દ્વારા સદાય પ્રગટ રહેવાનો કોલ આપણને આપ્યો છે.

❊ વર્તમાનકાળે શ્રીજીમહારાજ એ જ ગુણાતીત સંત - મહંતસ્વામી મહારાજ દ્વારા પ્રગટ છે.

❊ તા.૧૧/૩/૨૦૧૮, એડિલેડ (ઓસ્ટ્રેલિયા) : મહંતસ્વામી મહારાજે શિબિરમાં આશીર્વાદ આપતાં કહ્યું કે, ''શાસ્ત્રીજી મહારાજે કહ્યું છે કે 'મારું કાર્ય ચાલુ રહેશે.' ને બીજી વાત 'સત્પુરુષ પૃથ્વી પરથી ક્યારેય જતાં જ નથી.' આ બે વાક્યો પર આખું તંત્ર ચાલે છે ને લાઇન ચાલી આવે છે ને ચાલવાની છે.' (હરિભક્તોએ આ સાંભળી તાળીઓ પાડી ત્યારે) સ્વામીશ્રી કહે, 'તાળીઓ પાડો કે ના પાડો, ચે કરો કે ચૂં કરો, તોય લાઇન ચાલવાની જ છે.''

● **સ્વરૂપનિષ્ઠાથી વિષય જિતાય છે :**

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં કહે છે કે આવી ભગવાનના સ્વરૂપની સમજણ હોય, મહિમા હોય તો વિષય પણ જિતાઈ જાય. બસો બખતરિયા સાથે હોય તો એક બહારવટિયો ભાગી જ જાય.

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય-૧૩**માં કહ્યું છે કે, 'જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ ક્યાંય આસક્તિ રહે જ નહીં.'

❊ નિષ્કુળાનંદ સ્વામી :

'એવી કોણ વસ્તુ છે આ ભૂ'માં;
જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં.'

અમૃત મળે પછી છાશમાંથી મન ઊતરી જાય અને સુંદર વસ્ત્ર પહેરવા મળે તો ઊતરતામાંથી મન ઊતરી જાય, તેમ ભગવાનનો મહિમા સમજાતાં વિષયમાંથી મન ઊતરી જાય.

માટે ભગવાનના સ્વરૂપની દૃઢતા હોય તો પંચવિષયના રાગ, સ્વભાવ ટળી જાય છે. માટે આ વાતમાં સ્વામીએ સ્વરૂપનિષ્ઠાને વર તથા સાધનાને જાનૈયાની ઉપમા આપી છે. સર્વોપરીપણાની સમજણને બસો બખતરિયા અને વિષયને બહારવટિયા કહ્યા છે.

❀ ❀ ❀

સ્વામીની વાત : પ્રકરણ - ૧ : વાત - ૨૯૮

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

સ્વરૂપનિષ્ઠા છે ને મહિમા છે, એ તો વરને ઠેકાણે છે, ને બીજાં સાધન તો જાનને ઠેકાણે છે. ને વળી સમજણ છે એ તો બસેં બખતરિયાને ઠેકાણે છે ને વિષય છે એ તો એક બહારવટિયાને ઠેકાણે છે.

■ **મધ્યવર્તી વિચાર :**

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં સ્વરૂપનિષ્ઠાની સમજણ આપે છે.

મનુષ્યના શરીરમાં હૃદયનું જે સ્થાન છે, મનુષ્યના જીવનમાં ઓક્સિજનનું જે સ્થાન છે, તેવું સ્થાન આધ્યાત્મિક જીવનમાં સ્વરૂપનિષ્ઠાનું છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી સ્વરૂપનિષ્ઠા, મહિમાને એકડો

અને સર્વ સાધનને મીંડાં ગણાવતાં કહે છે કે સ્વરૂપનિષ્ઠા છે તે એકડાને ઠેકાણે છે, અને સાધન સર્વે મીંડા છે, એકડા વિના સરવાળો ન થાય.

નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે :

'જેમ સો સો શૂન્ય સારા કરે, પણ એક ન કરે જો આગળે;
તે સરવાળો શાનો મેલશે, જે કરે છે કાળપ કાગળે.
તેમ એક હરિને પરહરે, બીજી કરે ચતુરાઈ કોટ;
તે તો માથાફર ચાલે મારગે, જેમ જેમ ચાલે તેમ ખોટ'

એકડો આગળ કર્યા વિના ગમે તેટલાં મીંડાં કરીએ પણ સરવાળે શૂન્ય જ રહે, તેમ સ્વરૂપનિષ્ઠા વિના જપ, તપ, વ્રત વગેરે ગમે તેટલાં સાધન કરો પણ ફળ શૂન્ય જ આવે. અવળે માર્ગે ચાલનારો માણસ જેમ જેમ ચાલે તેમ ધ્યેયથી દૂર થતો જાય ને ખોટ ખાતો જાય, તેમ સ્વરૂપનિષ્ઠા વિનાનાં કોટિ સાધન ખોટ જ આપનારાં છે.

❊ તેથી જ નાનકે કહ્યું છે :

'રામ નામ એક અંક હૈ, સબ સાધન હૈ શૂન્ય;
એક ગયે સબ ગયે, એક રહે દશ ગુન ...'

એક પછી એક-એક મીંડે દશ-દશ ગણી સંખ્યા વધતી જાય, તેમ ભગવાનની નિષ્ઠા રાખીને કરેલું પ્રત્યેક સાધન ૧૦-૧૦ ગણું ફળ આપનારું છે.

નાવ વડે સમુદ્ર તરી શકાય પણ તુંબડા વડે ન તરાય, તેમ ભગવાનની નિષ્ઠા નાવને ઠેકાણે છે ને સાધન તુંબડાને ઠેકાણે છે.

"સાધન સર્વે નાવ કહીએ, તુંબા મશકને તુલ્ય;
એને આધારે ભવ ન તરીએ, જાય જીવન અમૂલ્ય."

❊ શ્રીજી મહારાજ વચ.મ. ૧૪ માં કહે છે : 'જેને ભગવાનના સ્વરૂપનો તો એવો નિશ્ચય નથી ને તે સુધો ત્યાગી રહેતો હોય ને કામ, ક્રોધ, લોભાદિકને ટાળ્યામાં સાવધાન વર્તતો હોય, તોપણ તેના ટાળ્યા કામાદિ નહિ ટળે અને તે અંતે ખરાબ થઈને નરકમાં જ જશે.' વળી, વચ. મ. ૧૩ માં પણ કહે છે, 'અને જ્યારે એવું ભગવાનનું સ્વરૂપ છે, તેને દૃઢ કરીને સમજશો ત્યારે તમને કોઈ પ્રકારનું વિઘ્ન કલ્યાણના માર્ગને વિશે નહિ થાય, ને એ ભગવાનના સ્વરૂપની દૃઢતા વિના તો ગમે તેટલો ત્યાગ રાખો ને ગમે તેટલા ઉપવાસ કરો પણ કોઈ રીતે ખામી ભાંગશે નહિ.'

વચનામૃતમાં શ્રીજી મહારાજે બધાં જ સાધનો કરતાં સ્વરૂપનિષ્ઠાની મહત્તા વિશેષ બતાવી છે.

❊ વચ.પ્ર.૨૫માં અષ્ટાંગયોગ કરતાં સ્વરૂપનિષ્ઠા મહત્ત્વની છે તેમ કહેતાં જણાવ્યું છે : 'જો ચિત્ત નિર્વાસનિક થઈને ભગવાન વિષે જોડાય તો ચિત્તને નિરોધે કરીને પ્રાણનો નિરોધ થાય છે. માટે જેમ અષ્ટાંગયોગ સાધવે કરીને ચિત્તનો નિરોધ થાય છે તેમ ભગવાનના સ્વરૂપને વિષે જોડાવે કરીને ચિત્તનો નિરોધ થાય છે, માટે જે ભક્તની ચિત્તવૃત્તિ ભગવાનના સ્વરૂપને વિષે જોડાણી તેને અષ્ટાંગયોગ વગર સાધે સધાઈ રહ્યો.'

વચ. વર.૧માં પણ કહ્યું : 'તેમ જેને પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનના સ્વરૂપનો દૃઢ નિશ્ચય થયો ને તેમાં કોઈ જાતનો કુતર્ક ન થાય તો તે પુરુષના પ્રાણ લીન ન થયા હોય તોપણ નિર્વિકલ્પ સમાધિ છે ને પ્રાણ લીન થયા હોય તોપણ નિર્વિકલ્પ સમાધિ છે.'

❊ વચ. વર. ૧૨માં શાસ્ત્રાભ્યાસ કરતાં સ્વરૂપનિષ્ઠા મહત્ત્વની છે તેમ કહેતાં જણાવ્યું છે : 'જેને ભગવાનનો મહિમા સહિત નિશ્ચય નથી તો તેને મુખે ગીતા, ભાગવત જેવા સદ્ગ્રંથ સાંભળે પણ, તેણે કરીને કોઈનું કલ્યાણ નથી થતું, અને વળી જેમ દૂધ ને સાકર હોય ને તેમાં સર્પની લાળ પડી, પછી તેને જે કોઈ પીવે તેના પ્રાણ જાય, તેમ માહાત્મ્ય સહિત જે ભગવાનનો નિશ્ચય તેણે રહિત એવો જે જીવ તેના મુખ થકી ગીતા, ભાગવતને સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી, એમાંથી તો મૂળગું ભૂંડું થાય છે.'

❊ વચ. પં.૭ માં બ્રહ્મચર્ય, ત્યાગ વગેરે સાધનો કરતાં સ્વરૂપનિષ્ઠા મહત્ત્વની છે તેમ કહેતાં જણાવ્યું છે : 'આવી રીતે જેને પ્રત્યક્ષ ભગવાનના સ્વરૂપની દૃઢ ઉપાસના હોય ને તેને ભગવાનના સ્વરૂપમાં કોઈ

દિવસ માયિકપણાનો સંશય ન થતો હોય, ને તેને કદાચિત્ કોઈ કુસંગને યોગે કરીને અથવા પ્રારબ્ધકર્મને યોગે કરીને કાંઈ અવળું વર્તાઈ જાય તોપણ તેનું કલ્યાણ થાય. અને જો આવી રીતે ભગવાનને જાણ્યામાં જેને સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા - નૈષ્ઠિક બ્રહ્મચારી હોય ને મહાત્યાગી હોય, તોપણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે.'

❊ વચ. પ્ર. ૬૧ માં આત્મનિષ્ઠાદિક સાધનો કરતાં સ્વરૂપનિષ્ઠા મહત્ત્વની છે તેમ કહેતાં જણાવ્યું છે : 'અંતકાળે તો ભગવાનનો દૃઢ આશરો હોય તે જ કામમાં આવે છે, પણ અંતસમે આત્મનિષ્ઠા કાંઈ કામમાં આવતી નથી, તે સારુ ભગવાનની ઉપાસનાને દૃઢ કરીને રાખવી.'

આમ, આશરો, નિશ્ચય, ઉપાસના, નિષ્ઠા, મહિમા વગેરે વિવિધ શબ્દો સ્વરૂપનિષ્ઠાના પર્યાય તરીકે વાપરીને શ્રીજી મહારાજે સર્વ સાધન કરતાં સ્વરૂપનિષ્ઠાને શ્રેષ્ઠ કહી છે. જેમ જાનમાં માણસો ઘણા, પણ વર શ્રેષ્ઠ હોય, તેમ ગુ.સ્વા. કહે છે કે સાધનો ઘણાં પણ સ્વરૂપનિષ્ઠા સૌથી શ્રેષ્ઠ સાધન છે, તેનાથી ભગવાનની આજ્ઞા પળાય છે, સ્વભાવ ટળે છે.

❊ તેથી ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'આ જીવ સાધન તે શું કરશે ? એ તો જેમ કોશ જોડીને વાડી કરવી તેમાં ઘણો દાખડો, કેમ જે તેનાથી તેને ઢોર ખાય, પંખી ખાય, તેમ સાધન વતે કલ્યાણ થાવું તે એવું છે; ને ભગવાનની પ્રાપ્તિ વતે કેવું થાય છે ? તો જેમ આખી પૃથ્વીમાં વરસાદ વરસે ને દાણા પાકે છે. પછી તેને ઢોર ખાય, પંખી ખાય, ચોર લઈ જાય તોપણ ખૂટે નહિ. ને કૂવા, તળાવ ને નદિયું ખૂટે પણ સમુદ્ર ન ખૂટે, તેમ ભગવાન વતે કલ્યાણ તે એવું છે.' (૧/૫)

ભગવાન સ્વામિનારાયણ પણ વચ.ગ.પ્ર.૩૩ માં કહે છે : 'ભગવાનનો જે દૃઢ આશરો એ એક સર્વ સાધનમાં મોટું સાધન છે, તેણે કરીને ભગવાન રાજી થાય છે.'

■ શા માટે સ્વરૂપનિષ્ઠા શ્રેષ્ઠ ? :

બોર્ડ ઉપર ચોકથી લીટી કરી હોય તો તરત હાથથી કે કપડાથી ભૂંસી જાય. પણ હીરામાં ડાઘ હોય કે આરસના પત્થરમાં ડાઘ હોય તે કોઈ રીતે મિટાવી શકાય નહિ. આ હીરામાં ડાઘની જેમ સ્વભાવો જીવમાં ચોંટલા છે.

સ્વરૂપનિષ્ઠાથી જ સ્વભાવ ટળે છે, સાધનથી ટળતા નથી. કદાચ વધે પણ ખરા. પણ ટળે તો નહિ જ.

❊ શ્રીજી મહારાજ વચ. મ. ૧૩ માં કહે છે : 'જો ભગવાનના સ્વરૂપની આવી રીતે દૃઢતા હોય ને કદાચિત્ જો નિર્માન, નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ અને નિઃસ્નેહ એમાં કોઈક થોડી - ઘણી કાચ્યપ રહી જાય તો તેની કાંઈ ચિંતા નથી, પણ ભગવાનના સ્વરૂપમાં જો કોઈ રીતની સમજ્યામાં કસર રહી, તો કોઈ રીતે વાંધો ભાંગશે નહિ.' વળી, તે જ વચનામૃતમાં કહે છે : 'અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો, પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી. અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જિત્યામાં પ્રયાસ થશે નહિ, સહેજે જીતાઈ જશે. એવી રીતે જેણે ભગવાનનું સ્વરૂપ જાણ્યું, તેને અમારી પેઠે જ પંચવિષયમાં ક્યાંઈ પ્રીતિ રહેતી નથી ને તે સ્વતંત્ર થાય છે.'

ભગવદ્ગીતામાં પણ આ જ કહ્યું છે :

'વિષયા વિનિવર્તન્તે નિરાહારસ્ય દેહિનઃ ।
રસવર્જં રસોઽપ્યસ્ય પરં દૃષ્ટ્વા નિવર્તતે ॥'

અર્થાત્ તપ વગેરે સાધનો કરવાથી વિષયોમાંથી વૃત્તિ પાછી વળે છે, પણ તોય સંપૂર્ણ રસ નાશ પામતો નથી. પણ ભગવાનના સ્વરૂપને જાણવાથી તે રસની નિવૃત્તિ થઈ જાય છે.

❊ મુંડક ઉપનિષદ પણ કહે છે :

ભિદ્યન્તે હૃદયગ્રંથિચ્છિદ્યન્તે સર્વસંશયાઃ ।
ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ તસ્મિન્ દૃષ્ટે પરાવરે ॥

પરાત્પર ભગવાનના સ્વરૂપમાં દૃષ્ટિ પડતાં

અર્થાત્ તેમાં નિષ્ઠા થતાં હૃદયગ્રંથિ ભેદાય છે, ને સર્વ કર્મોના બંધ છૂટી જાય છે.

આમ, સ્વભાવ - વાસના ટાળવાનું કાર્ય સાધનથી સિદ્ધ નથી થતું, પણ સ્વરૂપનિષ્ઠાથી સિદ્ધ થાય છે. માટે સ્વરૂપનિષ્ઠા મહત્ત્વની ગણી છે.

જેમ લગ્નનું કાર્ય જાનૈયાથી સિદ્ધ ન થાય પણ વરરાજાથી સિદ્ધ થાય છે, તેમ ભગવાનને વરવાનું કાર્ય પણ સ્વરૂપનિષ્ઠાથી સિદ્ધ થાય છે, સાધનથી નહિ. માટે સ્વરૂપનિષ્ઠા તે વરને ઠેકાણે છે.

❊ બ્રહ્માનંદ સ્વામી કહે છે :

જો ઇડા પિંગલાની ખબર જડે, કરી આગ્રહ તેની કેડ્યે પડે;
તેના ચિત્તને બમણો ફેર ચડે.
કોઈ વાસ કરે જઈને કાશી, કોઈ અન્ન ન ખાય રહે ઉપવાસી;
એ મનની છે સર્વે હાંસી.
જો અડસઠ તીરથ કરી આવે, નિત્ય નિગમ વિધિ કરી કરી નાવે;
તેનું જીવપણું કે'દિ નવ જાવે... સત્સંગ વિના.

અહીં અષ્ટાંગયોગ, તીર્થયાત્રા, ઉપવાસ, કર્મકાંડ વગેરે સાધનોથી જીવદશા, જીવભાવ ટળતો નથી, તેમ બ્રહ્માનંદ સ્વામી સમજાવે છે. તે કામ સ્વરૂપનિષ્ઠાથી થાય છે. શ્રીજી મહારાજ વચ.ગ.પ્ર.૫૬ માં કહે છે : 'જીવને જેટલી પોતાના ઈષ્ટદેવ જે પરમેશ્વર તેને વિષે નિષ્ઠા હોય તેટલો જ આત્મા-અનાત્માનો વિવેક થાય છે.'

આમ, સ્વભાવ ટાળવાનું કાર્ય સાધનથી નહિ, પણ સ્વરૂપનિષ્ઠાથી થાય છે. માટે સ્વરૂપનિષ્ઠાને મુખ્ય કહી છે.

સાધનની સિદ્ધિ પણ સ્વરૂપનિષ્ઠાથી જ થાય છે. માટે,

શ્રીજી મહારાજ વચ.ગ.પ્ર.૫૬ માં કહે છે :

''ઈષ્ટદેવના બળ વિના કોઈ સાધન સિદ્ધ થતાં નથી.''

આમ, સ્વરૂપનિષ્ઠા સાધનાની ધરી છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'એક તો ભગવાનની આજ્ઞા પાળવી અને બીજું સંતનું સ્વરૂપ સમજવું અને ત્રીજું ભગવાનનું સ્વરૂપ સમજવું, એ ત્રણ વાતમાં ભગવાન રાજી, રાજી ને રાજી છે; ને તેને ધન્ય છે, ધન્ય છે ને ધન્ય છે, એ ત્રણ વાત રાખવી.' (૧/૧૬૫)

ગુણાતીતાનંદ સ્વામી 'ભગવાનના સ્વરૂપની નિષ્ઠા થઈ તેને સાધન સર્વે થઈ રહ્યાં, બાકી કાંઈ કરવું રહ્યું નથી.' (૧/૧૨૩)

■ આ સ્વરૂપનિષ્ઠામાં શું સમજવું ? :

૧. ભગવાન કર્તા - હર્તા છે :

❊ વચ.ગ. પ્ર. ૨૭ : ''પરમેશ્વરને ભજવાની તો સર્વને ઈચ્છા છે પણ સમજણમાં ફેર રહે છે, માટે જેની આવી સમજણ હોય તેના હૃદયમાં ભગવાન સર્વ પ્રકારે નિવાસ કરીને રહે છે. તેની વિગત જે, જે એમ સમજતો હોય જે, 'આ પૃથ્વી જેની રાખી સ્થિર રહી છે ને ડોલાવી ડોલે છે તથા આ તારામંડળ જેનું રાખ્યું અધર રહ્યું છે તથા જેના વરસાવ્યા મેઘ વર્ષે છે, તથા જેની આજ્ઞાએ કરીને સૂર્ય-ચંદ્ર ઉદય-અસ્તપણાને પામે છે, તથા ચંદ્રમાની કળા વધે-ઘટે છે, તથા પાળ વિનાનો સમુદ્ર જેની મર્યાદામાં રહે છે તથા જળના બિંદુમાંથી મનુષ્ય ઉત્પન્ન થાય છે અને તેને હાથ, પગ, નાક, કાન એ આદિક દશ ઈન્દ્રિયો થઈ આવે છે, તથા આકાશને વિષે અધર જળ રાખી મૂક્યું છે અને તેમાં ગાજવીજ થાય છે, એવાં અનંત આશ્ચર્ય છે, તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે', એમ સમજે પણ પ્રગટ પ્રમાણ જે ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહિ. અને, 'પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે, તે સર્વ મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે, એમ સમજે.''

❊ વચ.વર.૨: 'જે આ સર્વ જગતના કર્તાહર્તા ભગવાન છે, અને કર્તાહર્તા ન સમજીએ ને વિશ્વના કર્તાહર્તા કાળને જાણીએ, અથવા માયાને જાણીએ અથવા કર્મને જાણીએ અથવા સ્વભાવને જાણીએ, એ તે ભગવાનનો દ્રોહ છે. કેમ જે, ભગવાન સર્વના

કર્તાહર્તા છે તેનો ત્યાગ કરીને કેવળ કાળ, કર્મ, સ્વભાવ અને માયા તેને જગતના કર્તાહર્તા કહે છે; માટે એ ભગવાનનો અતિદ્રોહ છે.'

❊ વચ.કા.૧૦ : 'ભગવાનને વિષે જ એક કર્તાપણું સમજવું એ જ કલ્યાણનું પરમ કારણ છે.'

કર્તાપણામાં શું સમજવું ? રોજબરોજના દૈનિક જીવનમાં, વ્યવહારમાં, સત્સંગમાં, શરીરમાં કે આર્થિક વ્યવસ્થામાં જે કાંઈ પણ સારું થાય છે, તે પણ ભગવાનની ઈચ્છાથી જ થાય છે ને આપણને ન ગમતું અઘટિત થાય છે તે પણ ભગવાનની ઈચ્છા છે.

સારા-નરસામાં કર્તાપણાની આવી દૃઢતાથી અંતરમાં ટાઢું રહેશે.

શ્રીજી મહારાજે કહ્યું છે :

'અગણિત વિશ્વની રે, ઉત્પત્તિ પાલન પ્રલય થાય;
મારી મરજી વિના રે, કોઈથી તરણું નવ તોડાય.'

૨. ભગવાન સદા દિવ્ય છે :

❊ ગીતામાં કહ્યું છે :

'જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ ।
ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુન ॥'

'મારાં જન્મ, કર્મને જે દિવ્ય જાણે તે મને પામે છે પણ પુનર્જન્મ પામતો નથી.'

❊ વચ. લો. ૧૮ : 'ભગવાનને વિષે તો મનુષ્યભાવ ન જ પરઠવો.'

❊ વચ. મ. ૫૩ : 'માટે એવા જે પરમેશ્વર તેનાં ચરિત્રને વિષે ને તે ભગવાનની જે સમજણ તેને વિષે જે દોષ દેખે છે, તેને વિમુખ ને અધર્મી જાણવો અને સર્વે મૂર્ખનો રાજા જાણવો.'

જો આ લોકના નટ (એક્ટર) ની ક્રિયા ઓળખી શકાતી નથી, તો ભગવાન નટવર એટલે કે નટમાં પણ શ્રેષ્ઠ છે. તે મનુષ્ય જેવા થઈને આવે ત્યારે ભૂલા પડી જવાય.

કૃષ્ણ અવતર્યા, ત્યારે બ્રહ્મા સ્વયં સ્તુતિ કરવા આવેલા, પણ ચરિત્ર જોઈ **''નોય નોય પરબ્રહ્મ ગોવાળિયો છે''** એમ બોલી ગયા.

આંબાશેઠ શ્રીજી મહારાજના મનુષ્યચરિત્રમાં ભૂલા પડ્યા.

રામના ચરિત્રમાં પાર્વતીજી ભૂલા પડ્યા.

જો ભગવાનનાં ચરિત્રો વિચારીએ તો જણાય કે તે દિવ્ય છે.

❊ એકવાર શ્રીજી મહારાજને ભગા અને મૂળાએ કહ્યું,'હે મહારાજ ! વરસાદ પાડો.' મહારાજ કહે, '૫૦૦/- રૂા. ભેટ મૂકો તો પડે.' તેઓએ ભેટ મૂકી ને વરસાદ પડ્યો. આ વખતે શ્રીજી મહારાજમાં લોભ લાગે, પણ વિચારવું પડે કે જો લોભ જ હોય તો ૫૦૦ ગામનું ધરમપુરનું રાજ્ય કેમ ઠુકરાવ્યું ? બુટોલનગર, નેપાળ, પંજાબનું રાજ્ય કેમ ઠુકરાવ્યું ? માટે અહીં લોભ બતાવ્યો છે, હકીક્તે તેઓમાં છે નહિ. ભક્તને સુખ, સ્મૃતિ આપવા તેઓ મનુષ્યચરિત્ર કરે.

જેમ છાપાનો કાગળ ને રૂપિયાની નોટનો કાગળ; બંને કાગળ છે. ફાડો તો ફાટી જાય, બાળો તો બળી જાય; પાણીમાં નાંખો તો પલળી જાય પણ ફેર છે. તેમ ભગવાન અને મનુષ્યની ક્રિયા સરખી દેખાય પણ આપણે માયિક છીએ, તેઓ અમાયિક છે તેમ સમજવું તે દિવ્યભાવ. આવો દિવ્યભાવ હોય તો માયા ટળે.

❊ વચ. વર. ૫ : ''પરમેશ્વરને યથાર્થપણે કરીને પરમેશ્વર જાણ્યા જે, 'એ ભગવાનના સ્વરૂપને વિષે કોઈ પ્રકારે માયિક ભાવ નથી, અને એ ભગવાન તો માયા ને માયાનું કાર્ય જે ત્રણ ગુણ તે થકી પર છે.' એવો જેને ભગવાનનો દૃઢ નિશ્ચય થયો તે ભગવાનની માયાને તરી ચૂક્યો છે. અને પોતાનામાં તો માયાના ગુણનું કાર્ય જે ભૂત, ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતા તે પોતપોતાની ક્રિયાને વિષે પ્રવર્તે છે તોપણ એ માયાને તર્યો કહેવાય. કેમ જે, એ માયાનું કાર્ય પોતાને વિષે તો હોય પણ પોતાને ભજન કરવા યોગ્ય એવા જે પ્રકટ પ્રમાણ શ્રીવાસુદેવ ભગવાન તેને તો માયાના ગુણથી પર સમજે છે, માટે એને પણ માયાથી પર જાણવો.''

૩. ભગવાનને સદા સાકાર સમજવા :

❊ વચ.ગ. પ્ર. ૪૦ : 'ઉપાસના તો તેને કહીએ જે, ભગવાનના સ્વરૂપને વિષે સદા સાકારપણાની દૃઢ નિષ્ઠા હોય, ને પોતે જે ભજનનો કરનારો તે બ્રહ્મરૂપ થાય તોપણ તે નિષ્ઠા જાય જ નહિ, અને ગમે તેવા નિરાકાર પ્રતિપાદનના ગ્રંથને સાંભળે તોપણ ભગવાનના સ્વરૂપને સદા સાકાર જ સમજે, અને શાસ્ત્રને વિષે ગમે તેવી વાત આવે પણ પોતે ભગવાનના સાકાર સ્વરૂપનું જ પ્રતિપાદન કરે, પણ પોતાની ઉપાસનાનું ખંડન થવા દે જ નહિ. એવી રીતે જેની દૃઢ સમજણ હોય તેને ઉપાસનાવાળો કહીએ.'

❊ કુંભાર સાકાર છે તો માટલું સાકાર બને છે; લુહાર સાકાર છે તો લોઢામાંથી સાકાર વસ્તુ બને છે. તેમ ભગવાને રચેલી સૃષ્ટિમાં દરેક વસ્તુને આકાર છે તો તેના બનાવનાર પણ સાકાર જ હોય. હવામાંથી માટલું કે મૂર્તિ બનતી નથી.

ભગવાનને સાકાર સમજીએ તો જ સ્વરૂપનિષ્ઠા, ઉપસના દૃઢ કહેવાય. આજે ઘણા સંપ્રદાયો ભગવાનને આકાર નથી, તે નિરાકાર તેજરૂપે છે તેમ માને છે; ઘણાં એવું માને છે કે ભગવાનનું મૂળ સ્વરૂપ તો નિર્ગુણ નિરાકાર છે પણ પૃથ્વી પર પધારે ત્યારે સગુણ-સાકાર છે.

પરંતુ શ્રીજી મહારાજ આ વાત ખોટી જણાવતાં કહે છે : કોઈકને એમ આશંકા થાય જે, 'ભગવાન નિર્ગુણ રૂપે તો અતિ સૂક્ષ્મ કરતાં પણ સૂક્ષ્મ છે અને સગુણ રૂપે તો અતિસ્થૂળ કરતાં પણ સ્થૂળ છે, ત્યારે એ બેય રૂપનું ધરનારું જે ભગવાનનું મૂળ સ્વરૂપ તે કેવું છે ? તો તેનો ઉત્તર એ છે જે, પ્રકટ પ્રમાણ મનુષ્યાકારે દેખાય છે એ જ ભગવાનનું સદાય મૂળ સ્વરૂપ છે, અને નિર્ગુણપણું ને સગુણપણું એ તો એ મૂર્તિનું કોઈક અલૌકિક ઐશ્વર્ય છે.' **(વચ. કા. ૮)**

❊ વળી, વચ.ગ.મ.૧૦ માં કહે છે : 'શ્રીમદ્ ભાગવતમાં સાકાર બ્રહ્મનું પ્રતિપાદન છે, પણ જે વાંચનારા હોય તેને જો પરમેશ્વરની ભક્તિ ન હોય તો ભગવાનનું સ્વરૂપ શ્રીમદ્ ભાગવતમાંથી પણ નિરાકાર સમજાય છે. અને દ્વિતીય સ્કંધમાં જ્યાં આશ્રયનું રૂપ કર્યું છે, ત્યાં પણ ભગવાનનું સ્વરૂપ ભક્તિહીન હોય તેને નિરાકાર સમજાય છે, પણ ભગવાનનું સ્વરૂપ નિરાકાર નથી. કાં જે, ભગવાન થકી જ સર્વ સ્થાવર-જંગમ સૃષ્ટિ થાય છે, તે જો ભગવાન નિરાકાર હોય તો તે થકી સાકાર સૃષ્ટિ કેમ થાય ? જેમ આકાશ નિરાકાર છે તો તે થકી જેવા પૃથ્વી થકી ઘટાદિક આકાર થાય છે તેવા થતા નથી, તેમ બ્રહ્માદિક જે સૃષ્ટિ તે સાકાર છે, તો તેના કરનારા જે પરમેશ્વર તે પણ સાકાર જ છે.'

નિરાકાર સ્વરૂપમાં વૃત્તિ રાખી શકાય તેમ નથી. કારણ કે મનને પરોવવા આકાર જોઈએ જ. જેથી કો'ક કાબાના પથ્થરને, કો'ક ક્રોસને, કો'ક કબૂતરને મનમાં ધારે છે; તેમ ધારવાનું માનવું પડ્યું છે. જ્યારે આપણે તો શાસ્ત્રોના ઋષિઓ પહેલેથી જ આ વાત સમજતા હતા, માટે જડ નહિ પણ દિવ્ય ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાની વાત પહેલેથી જ કહી છે. મનને પરોવવા માટે જ સાકાર ભગવાનની કલ્પના નથી, પણ ભગવાન સાકાર જ છે, તેમ સમજવું.

❊ ભગવાનને નિરાકાર માની ધ્યાન - ભજન કરવાથી કોઈ દિવસ આત્મા કે બ્રહ્મનો સાક્ષાત્કાર થાય જ નહિ, તે વાત સ્પષ્ટપણે શ્રીજી મહારાજ વચ. અં. ૩૬માં કહે છે : 'હું તો એમ જાણું છું જે, ભગવાનની મૂર્તિની જે ઉપાસના ને ધ્યાન તે વિના જે આત્માને દેખવો ને બ્રહ્મને દેખવું તે તો થાય જ નહિ, ને ઉપાસનાએ કરીને જ આત્મા દેખાય, બ્રહ્મ દેખાય પણ તે વિના તો દેખાય જ નહિ. અને ઉપાસના વિના આત્મા-બ્રહ્મને દેખવાને ઈચ્છવું તે કેમ છે તો, જેમ આકાશને જીભે કરીને સો વર્ષ સુધી ચાટીએ તોપણ ક્યારેય ખાટો, ખારો સ્વાદ આવે જ નહિ, તેમ ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા કે બ્રહ્મ દેખાય જ નહિ, તે ગમે તેટલું

જતન કરે તોપણ ન દેખાય. અને નિર્બીજ એવાં જે સાંખ્ય ને યોગ તેણે કરીને જે આત્માનું દર્શન શાસ્ત્રમાં કહ્યું છે, તે ભલે કહ્યું છે, પણ અમે એવો કોઈ દીઠો નથી, ને અનુભવમાં પણ એ વાર્તા મળતી આવતી નથી. માટે એ વાર્તા ખોટી છે.'

ભગવાનને સાકાર સમજવા એટલે અષ્ટપ્રકારની પ્રતિમા અને નવમા સંત એમાં ભગવાન વિરાજમાન છે, એવો દૃઢ વિશ્વાસ રાખવો ને એને પૂજવા.

૪. સ્વરૂપનિષ્ઠામાં ભગવાનને સર્વોપરી સમજવા :

❋ વચ.ગ.મ.૯ : 'તે માટે પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય.

❋ ગુણાતીતાનંદ સ્વામી : 'શ્રીજી મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ.' (૩/૧૨)

પોતાના ઈષ્ટદેવને સર્વોપરી માની ભજવા તે પતિવ્રતાની ભક્તિ છે. જેમ પતિવ્રતા સ્ત્રી પોતાના ધણીને દુનિયાના બીજા બધા કરતાં શ્રેષ્ઠ માને. વ્યભિચારિણી સ્ત્રીને બધા સરખા હોય. પતિવ્રતા પોતાના પતિને શ્રેષ્ઠ માને તેમાં કોઈનો નિષેધ નથી, તેમ આપણા ઈષ્ટદેવને સર્વોપરી માનવામાં બીજાની નિંદા નથી.

❋ તુલસીદાસને બાંકે બિહારીએ વૃંદાવનમાં દર્શન આપ્યાં ત્યારે તેઓ બોલ્યા :

'કહાં કહું છબી આજ કી, ભલે બિરાજો નાથ;
તુલસી મસ્તક તબ નમે, જબ ધનુષ્યબાણ લિયો હાથ.'

તુલસીદાસને રામચંદ્રની ઉપાસના હતી તેથી આમ કહ્યું, તો તુલસીદાસને નિંદા કરનાર કોઈ નથી કહેતું.

મીરાંએ ગાયું :

'મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરો ન કોઈ.'

તો મીરાંને બીજાની નિંદા કરનાર કોઈ નથી કહેતું.

માટે ઈષ્ટદેવને સર્વોપરી માનવા તે સાચી ભક્તિ, ઉપાસના છે. તેથી પ્રેમાનંદ સ્વામીએ ગાયું :

'હમ તો એક સહજાનંદ સહજાનંદ ગાવે,
હમારે મન સ્વામિનારાયણ દૂસરો ન ભાવે.'

૫. ભગવાનને પ્રગટ સમજવા :

❋ વચ. વર. ૧૯ : 'આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે, ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે.'

પ્રગટને ભજી ભજી પાર પામ્યાં ઘણા,
ગીધ, ગણિકા, કપિવૃંદ કોટિ
- મુક્તાનંદ સ્વામી

મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલે કલ્યાણ રે;
તેહ વિના કોટિ ઉપાયે, આત્યંતિક કલ્યાણ ન થાયે રે.
- નિષ્કુળાનંદ સ્વામી

સોળ કળા શશી ઉગહિ, તારાગણ સમુદાય;
સબ ગિરિ દાહ લગાઈએ, રવિ બિન રાત ન જાય.

સોળે કળાએ ચંદ્ર ખીલે; તારા પ્રકાશતાં હોય; ડુંગરાનાં બધાં વૃક્ષો જલાવવામાં આવે તોય સૂર્ય ઊગ્યા વિના રાત ન જાય, તેમ પ્રગટ ભગવાન વિના અંતરનું અંધારું ન જાય.

ભગવાન સંત દ્વારા પ્રગટ રહે છે :

સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે,
સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે.
- પુરુષોત્તમપ્રકાશ

નારી નયનશર જાહિ ન લાગા, ઘોર ક્રોધ તમ નિશિ જો જાગા;
લોભપાશ જેહિ નર ન બંધાયા, સો નર આપ સમાન રઘુરાયા.
(તુલસી રામાયણ, ૪/૩૪/૪,૫)

❋ જેને નારીનાં નયનબાણ વીંધી શક્યાં ન હોય, ને લોભરૂપી દોરડું બાંધી ન શક્યું હોય તેવા સંત ભગવાન તુલ્ય છે. અર્થાત્ તેના દ્વારા ભગવાન પ્રગટ રહે છે.

❋ બ્રહ્માનંદ સ્વામી એવા સંતનો મહિમા આ મુજબ

કહે છે :

નિષ્કામી સદા મન રામ રીઝાવન,
દામ આરુ વામ સે દૂર હૈ જી;
લવલેશ નહિ જાકે લોભહું કા,
નહિ કામ ન ક્રોધ ન ક્રૂર હૈ જી;
મન પ્રાન ઈન્દ્રિય કે મામલે સે,
હઠે નાંહિ પીછા ઐસા શૂર હૈ જી;
બ્રહ્માનંદ કહે સત્ય બારતા કું,
ઐસે સંત મેં શ્યામ હજૂર હૈ જી.

ટૂંકમાં, ગુણાતીત સંત દ્વારા ભગવાન પ્રગટ છે તેમ સમજીએ ત્યારે સ્વરૂપનિષ્ઠા પાકી કહેવાય. આવી સ્વરૂપનિષ્ઠા દૃઢ હોય તો શ્રીજી મહારાજ વચ.ગ.પ્ર.૭૨માં કહે છે : 'જે ભગવાનના ભક્તને ભગવાનનો નિશ્ચય માહાત્મ્યે સહિત હોય, ને સંતનું ને સત્સંગીનું માહાત્મ્ય ઘણું જાણતો હોય, ને તે ભક્તનું જો કર્મ કઠણ હોય ને કાળ પણ કઠણ હોય તોપણ તે ભક્તને એવી ભક્તિનું અતિશય બળ છે, તે કાળ ને કર્મ એ બેય મળીને તેનું ભૂંડું કરી શકતાં નથી. અને જેને ભગવાન ને ભગવાનના સંતને વિષે જો નિષ્ઠામાં કાંઈક ફેર હોય તો તેનું ભગવાન રૂડું કરવાને ઈચ્છે તોય રૂડું થતું નથી.'

(૬) સ્વરૂપનિષ્ઠા દૃઢ કેવી રીતે થાય ? :

- શ્રીજી મહારાજ વચ.કા.૧૨ માં કહે છે, 'જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે....' આમ, પરમેશ્વરનું સ્વરૂપ સંતના વચનથી ઓળખાય છે.

આમ, સ્વરૂપનિષ્ઠા દૃઢ કરવાનું સાધન સંત છે.

- વચ. પં.૭ : 'જ્યારે ભગવાનના એકાંતિક સાધુના વચનને વિષે વિશ્વાસ લાવીને નિષ્કપટભાવે કરીને ભગવાનના ચરણકમળને ભજે છે, ત્યારે તેની માયિક દૃષ્ટિ મટે છે. તે પછી એની એ જે ભગવાનની મૂર્તિ તેને પરમ ચૈતન્ય સત્ ચિત્ આનંદમય જાણે છે.'
- ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી ઊનાના શેઠિયાઓને શ્રીજી મહારાજની સર્વોપરીપણાની નિષ્ઠા થઈ. ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે અમે જ્યાં જ્યાં ફર્યા ત્યાં દોરો કે ડાકલાં પેસવા દીધાં નથી. આમ, સંત દ્વારા સ્વરૂપનિષ્ઠા દૃઢ થાય.
- ગોંડલના રાજાને મુક્તાનંદ સ્વામી થકી પ્રગટ ભગવાનનો નિશ્ચય થયો; બૂવાના કાનદાસ તથા ગઢાળીના આંબા શેઠને પણ દિવ્યભાવની દૃઢતા મુક્તાનંદ સ્વામીએ કરાવી.
- ૧૧૬ વર્ષના ભાયાત્માનંદ સ્વામીને ગુ.સ્વા.એ સર્વોપરીપણાની નિષ્ઠા દૃઢ કરાવી.
- શાસ્ત્રીજી મહારાજ થકી ગોવિંદસિંહ ચુડાસમા (કલેકટર) તથા જેઠા ભગત (પાછળથી સદ્. નિર્ગુણદાસ સ્વામી)ને અક્ષરપુરુષોત્તમ ની નિષ્ઠા દૃઢ થઈ.

આવી ભગવાનના સ્વરૂપની સમજણ હોય, મહિમા હોય તો સ્વામી કહે છે કે વિષય પણ જિતાઈ જશે. બસો બખતરિયા સાથે હોય તો એક બહારવટિયો ભાગી જ જાય.

- વચ.ગ. મ. ૧૩ : 'જ્યારે એ સ્વરૂપ જેને જાણ્યામાં આવે તેને જેમ અમને કોઈ વિષય સંબંધી સુખમાં આસક્તિ નથી તેમ તે પુરુષને પણ કયાંય આસક્તિ રહે જ નહિ.'
- વચ. લો.૧૦ : 'અને ભગવાનનો મહિમા સમજે ..... તેને ગમે તેવા સુંદર વિષય પ્રાપ્ત થાય પણ તેણે કરીને લેશમાત્ર તેનું મન વિકારને પામે નહિ. તથા ભગવાનના સ્વરૂપનો મહિમા જાણ્યો છે, તે માટે એને સોનું, કૂચો, લોઢું, પાષાણ એ સર્વને વિષે સમબુદ્ધિ વર્તે છે, તથા માન-અપમાનને વિષે સમબુદ્ધિ વર્તે છે, અને તેને કોઈ પદાર્થ બંધન કરવા સમર્થ નથી.'

નિષ્કુળાનંદ સ્વામી :

'એવી કોણ વસ્તુ છે આ ભૂ'માં;
જેમાં લોભે જે લોભ્યા પ્રભુમાં.'

- ભગવાનનો મહિમા સમજાતાં તેની દૃષ્ટિ મોટી

થઈ જાય છે. જેમ જેની પાસે કરોડ રૂા. હોય તેના ખિસ્સામાંથી ૧૦ રૂા. પડી જાય તો તે દિવેલ બાળીને ગોતવા ન નીકળે. કારણ કે, તેની મોટી દૃષ્ટિ થઈ. તેમ જેને ભગવાનનો આવો મહિમા સમજાય તે પણ વિષય મળે તેથી હર્ષ ન પામે, અને ન મળે તો દુઃખી ન થાય.

અમૃત મળે પછી છાશમાંથી મન ઉતરી જાય અને સુંદર વસ્ત્ર પહેરવા મળે તો ઊતરતામાંથી મન ઊતરી જાય, તેમ ભગવાનનો મહિમા સમજાતાં વિષયમાંથી મન ઊતરી જાય. માટે વિષય ટાળવા સ્વરૂપનિષ્ઠા શ્રેષ્ઠ સાધન છે.

- તપ કરવાથી વિષયના રાગ ન ટળ્યા - દા.ત. સૌભરિ
- ત્યાગ કરવાથી વિષયના રાગ ન ટળ્યા - દા.ત. ભરતજી
- અષ્ટાંગયોગ સાધવાથી વિષયના રાગ ન ટળ્યા - દા.ત. નારદજી
- બ્રહ્મા, પરાશર (વચ. વર. ૨૦)
- યજ્ઞયાગે કરી સ્વર્ગસુખ ભોગવે ... તે પ્રમાણે યજ્ઞ કરવાથી સ્વર્ગ મળે, પણ વિષયના રાગ ટળતા નથી. દા.ત. ઈન્દ્ર, નહુષ ...

પરંતુ ભગવાનનું સ્વરૂપ સાચા ગુરુ થકી ઓળખાય તો વિષયના રાગ ટળે છે.

❋ દા.ત. જનક - રાજ્ય કરવા છતાં નિર્લેપ રહ્યા.

❋ શિવલાલ શેઠ - છ મહિનાથી સાળી ઘરમાં હતી, છતાં ખબર નહોતી.

❋ લાલાભાઈ (ઉપલેટાના) - દીકરી ૧૬ વર્ષની થયેલી તોય નાકની દાંડી સામું જોયું નહોતું.

❋ સુરાખાચર - **''અમે તમણા ને તમે અમણા''** એવી નિષ્ઠા બેસી ગઈ તો એકાંતમાં સ્ત્રીનો યોગ થવા છતાં ન ડગ્યા.

માટે ભગવાનના સ્વરૂપની દૃઢતા હોય તો પંચવિષયના રાગ, સ્વભાવ ટળી જાય છે. માટે આ વાતમાં સ્વામીએ સ્વરૂપનિષ્ઠાને વર તથા બખતરિયાની ઉપમા આપી છે, અને જાનૈયા જેવાં સાધનો તથા બહારવટિયા જેવા વિષયોને ગૌણ કહ્યા છે.

૪. સ્વામીની વાત : ૧/૩૧૨

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

જીવની અવળાઈ તે શું કહીએ? જીવ તે જીવ જ. તે કહ્યું છે જે, 'ઊંટ તો સઘળે અંગે વાંકું,' એવો જીવ અવળો. વળી, લંબકર્ણ જેવો જીવ તેનું પણ ભગવાનને સારું કરવું છે.

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

● **જીવની અવળાઈ :**

❋ ગુણાતીતાનંદ સ્વામી અહીં જીવ અને જગદીશની (ભગવાન) પ્રકૃતિ વચ્ચેનો તફાવત જણાવે છે. ભગવાન જીવને સુખી કરવા માટે આ લોકમાં આવ્યા છે, પણ જીવની પ્રકૃતિ અનાદિકાળથી અવળી છે એટલે તે અવળાઈને મૂકી શકતો નથી.

❋ ગુણાતીતાનંદ સ્વામી જીવની અવળાઈને ઊંટની ઉપમા આપે છે. ઊંટ જેમ સઘળે અંગે વાંકું છે, તેમ જીવ પણ અવળો છે અને આવી અવળાઈને લઈને જાતે દુ:ખી થાય છે.

શ્રીજીમહારાજના સમયમાં વિસનગરમાં શોભારામ નામે એક દ્વેષી હતો. તેણે વિસનગરના સત્સંગીઓને નાત બહાર કરાવેલા. એ પાપ તો એણે કર્યું પણ ઊલટું એમ કહ્યું કે, 'સ્વામિનારાયણનો હું આટલો દ્રોહ કરું છું પરંતુ જો તે ખરેખર ભગવાન હોય તો મને તેનું ફળ મળે ને?' એટલે સત્સંગીઓએ તેને પૂછ્યું, 'તારે શું ફળ જોઈએ છે?' ત્યારે તે કહે, 'જો તે ભગવાન હોય તો હું આઠ દિવસમાં આંધળો થાઉં.' સત્સંગીઓએ તેને આવું ન માંગવા માટે સમજાવ્યો, પણ તે મક્કમ રહ્યો. પછી તો આઠ દિવસના બદલે ચાર જ દિવસમાં આંધળો થયો.

કરુણામૂર્તિ શ્રીહરિ જ્યારે વિસનગર પધાર્યા અને તેઓને આ સમાચાર મળ્યા ત્યારે તેમને દુ:ખ થયું. શોભારામ ફરી દેખતો થાય તે માટે મહારાજ સામે ચાલીને તેના ઘરે ગયા. પણ શોભારામે અવળાઈ ન છોડી અને કહેવડાવ્યું કે, સ્વામિનારાયણના આશીર્વાદ મારે નથી જોતાં. તે જેવા આવ્યા છે તેવા જ પાછા જાય. મહારાજ આ સાંભળી 'હરિ હરિ' બોલતા પાછા વળી ગયા.

❋ આવા લોકો માટે નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

જે કર્યાનું તે કરે નહિ, અણ કર્યાની લિયે ઓટ રે;
મરે પણ મૂકે નહિ, બાંધી મમત જે મોટ રે.

◎ કેટલીકવાર માણસ અવળાઈને લઈને પોતે તો મરે પણ ભેગા અનેકને મરાવે પણ છે.

મહાભારતમાં દુર્યોધનને યુદ્ધ ન કરવા અને સમાધાન કરવા માટે કેટકેટલાએ સમજાવ્યો, ખુદ ધૃતરાષ્ટ્ર પણ પરિસ્થિતિ સમજીને સમાધાન કરવા તૈયાર હતા. સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ સંધિ કરાવવા દૂત બનીને આવ્યા, પણ જીવનો સ્વભાવ જ અવળો તે દુર્યોધન માન્યો જ નહીં અને બધા જ કૌરવોનો નાશ થયો.

◎ ક્યારેક જીવની અવળાઈ સત્પુરુષને પણ ત્રાસ પમાડવામાં બાકાત રાખતી નથી.

સન ૧૯૫૨માં યોગીજી મહારાજ ગામડે વિચરણ કરી રહ્યા હતા. ઉંમર વધતા તેઓની શારીરિક પ્રકૃતિ એવી થઈ કે તેઓ ઠંડી લેશપણ સહન કરી શકતા નહીં. એક વ્યક્તિ યોગીબાપાની આવી પ્રતિકૂળતા જાણતી હતી, છતાં પવન આવે તેવી ખુલ્લી જગ્યામાં તેઓની પથારી કરી. યોગીબાપા તે વ્યક્તિને કહે, 'મને પવન નહીં ફાવે!' તે વ્યક્તિ અકળાઈને કહે, 'પહેલાં તો ઠંડા પાણીથી નાહતા અને ખુલ્લા શરીરે કોથળા ઉપર સૂઈ રહેતા હતા. હવે પવન

કેમ ન ફાવે?' યોગીબાપા હાથ જોડી કરગરવા લાગ્યા, 'ભૈ સા'બ, હવે શરીર ખમે તેવું નથી.' છતાં તે વ્યક્તિ ગણકાર્યા વિના જતી રહી.

તે ભાઈને જાણ ન થાય તેમ યોગીબાપાએ વિચરણમાં સાથે જોડાયેલા વિનુભાઈ (મહંત સ્વામી મહારાજનું પૂર્વાશ્રમનું નામ) પાસે પથારી ઓરડામાં લેવડાવી. વહેલી સવારે ફરી તે વ્યક્તિ જાગે તે પહેલાં વિનુભાઈને કહી પથારી બહાર હતી તેમ મુકાવી દીધી.

જીવની અવળાઈ સત્પુરુષને પણ ઓશિયાળા થવા મજબૂર કરે છે.

* આપણી કદાચ આ કક્ષાની અવળાઈ નહીં હોય, પરંતુ અંતર્દષ્ટિ કરીએ તો ખ્યાલ આવે કે અમુક અંશે તો આપણે અવળાઈ કરી બેસીએ છીએ. દા.ત. સત્પુરુષ એકની એક વાત અનેકવાર સીધા-સાદા, સરળ શબ્દોમાં કહે, છતાં આપણા ગળે તેમની વાત ઊતરતી નથી, તે આપણી ખામી છે.
* સ્વામીશ્રી આપણને કહે કે ટી.વી.માં ફિલ્મો, સિરીયલો ઝેર છે, ના જોઈશ. વ્યસનો ના કરીશ. પણ આપણાથી તે છૂટતું નથી.
* સ્વામીશ્રી આપણને કહે, નિત્યપૂજા કરો, સત્સંગ સભામાં જાવ પણ આપણી અવળાઈ કેવી ? હમણાં ક્યાં ઉતાવળ છે? મોટી ઉંમરે કરીશું !!

● **ભગવાન અને સંતને આવા અવળા જીવનું પણ સારું કરવું છે :**

* 'બીજાના ભલામાં આપણું ભલું છે, બીજાના સુખમાં આપણું સુખ છે' એ ગુણાતીત સત્પુરુષોની ફક્ત જીવનભાવના નહીં, પરંતુ જીવનશૈલી છે. તેઓ સૌનું હિત ઇચ્છે છે.

◎ એકવાર શિકાર માટે નીકળેલો રાજા તરસ્યો થયો. દૂર એક ખેડૂત હળ ચલાવતો હતો. પાણીની આશાએ રાજા તેના તરફ ચાલ્યો અને મનમાં સંકલ્પ કર્યો, ખેડૂત પાણી આપે તેના બદલામાં તેને ગામ આપવું. પરંતુ રાજા તેની નજીક પહોંચ્યો ત્યારે જ ખેડૂતે આડોડાઈથી પાણી હતું તે બધું ઢોળી નાખ્યું, પણ રાજાને ન આપ્યું. છતાં રાજાએ સંકલ્પ કરેલો કે મારે તેને ગામ આપવું છે, એટલે ગામ આપ્યું.

* આપણો અવળો સ્વભાવ હોવા છતાં ભગવાન આપણું સારું કરવા માટે ચાર ઉપાય કરે છે. ગુણાતીતાનંદ સ્વામી **૨/૧૧૯મી વાતમાં** આ અંગે જણાવતાં કહે છે : '... સામ - જે વાતું કરીએ છીએ ને દામ - જે ભગવાન આપીએ છીએ ને ભેદ - જે સર્વે ખોટું કહીએ છે ને દંડ - જે જમપુરીનાં દુ:ખ દેખાડીએ છીએ, એમ કરીએ છીએ.'

૧. <u>સામ - એટલે વાતો કરે છે</u> :

* ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'વાતન કી વાત બડી કરામત. વાતું કરવાથી માખીમાંથી સૂરજ થાય છે.' સત્પુરુષ વાતો કરીને જીવની અવળાઈ દૂર કરે છે, તેને માખીમાંથી સૂર્ય સમાન તેજસ્વી બનાવે છે.
* એકવાર મુંબઈમાં પ્રમુખસ્વામી મહારાજે સભામાં વાત કરી, 'ગધેડાને ભલે અક્કલ ઓછી હોય, પણ એ બિચારો વેજિટેરિયન છે. તમાકુના ખેતરમાં પેસે તોય તમાકુને અડે નહીં. અરે! સૂંઘેય નહીં... એમ સમજે છે કે તમાકુ ખાવા જેવી નથી ને આપણે માણસો ખાધે જ રાખે છે... ગધેડા કરતાંય આપણે ઊતરતા થયા ને?! એમાં શું ખાવાનું છે ? શું ફાયદો?... પણ માણસ એની આગળ સાવ લાચાર બની જાય છે...'

પ્રવચનની સમાપ્તિ સાથે જ સભામાં બેઠેલા ચંદુભાઈ પ્રમુખસ્વામી મહારાજ પાસે પહોંચ્યા અને વર્ષો જૂની કુટેવ છોડવાની તૈયારી બતાવતાં કહે, 'આપે ગધેડાની વાત કરી એ મારા અંતરમાં એવી સોંસરી ઊતરી ગઈ કે આજથી તમાકુ ન ખાવાનો નિયમ લઉં છું.'

ભગવાન અને સંતના વચને અનેક જીવો પોતાની અવળાઈનો ત્યાગ સહજતાથી કરી શકે છે.

૨. <u>દામ - જે ભગવાન આપે છે</u> :

❋ મીરાંબાઈએ ગાયું છે,

ખરચૈ ન ખૂટૈ વા કો ચોર ન લૂટૈ,

દિન દિન બઢત સવાયો..

પાયોજી મૈંને, રામ રતન ધન પાયો.

ભગવાનરૂપી નાણું એવું છે કે ક્યારેય ખૂટે નહિ અને ખર્ચીએ તેમ વધતું જ જાય. માટે આ સંપત્તિ સંત આપણને આપે છે.

❋ મહંત સ્વામી મહારાજ ૨૦૧૮ની સાલમાં સારંગપુરમાં બિરાજમાન હતા. સ્વામીશ્રી ઉતારે પધારી રહ્યા હતા ત્યાં એક ભાઈ આવી સ્વામીશ્રીનાં ચરણોમાં પડ્યા અને કહેવા લાગ્યા, 'સ્વામી, મારી જિંદગી કૂતરા અને ભૂંડડા જેવી હતી. હું કોઈ દિવસ મંદિરમાં આવતો નહોતો, પણ આપ અમારે ત્યાં પધાર્યા. મેં આપની પૂજાનાં દર્શન કર્યા. આપની દૃષ્ટિ મારા પર પડી ને મારું આખું જીવન બદલાઈ ગયું.' તેમણે ક્ષમાયાચના સાથે ૧૪ પાનાંનો પત્ર સ્વામીશ્રી પર લખી મોકલ્યો. તેમાં તેમણે લખ્યું હતું કે અનેક વ્યસનો અને દુરાચારોથી ભરપૂર તેમનું જીવન કેવળ સ્વામીશ્રીની દૃષ્ટિએ સુધરી ગયું હતું.

હૃદયમાં રહેલી ભૂંડી પંચવિષયની આસક્તિનું સ્થાન હવે ભગવાન અને સંતે લીધું હતું અને એ પ્રસ્થાપિત કરનારા હતા - મહંત સ્વામી મહારાજ.

૩. <u>ભેદ - જે સર્વે ખોટું દેખાડે છે</u> :

❋ પંચવિષય, દેહ અને દેહના સંબંધીમાં આસક્તિ હોવાને કારણે જીવ અવળાઈ કરતો હોય છે. ભગવાન અને સંત સાંખ્યવિચાર દૃઢાવી એમાંથી આસક્તિ છોડાવે છે અને જીવને ભગવાનમાં જોડે છે.

❋ એક વખતે ગુણાતીતાનંદ સ્વામીએ ધોલેરામાં ભક્તોને સાંખ્યનો મર્મ સમજાવતાં કહ્યું કે, શ્રીજીમહારાજ કહેતા કે જેમ વડોદરામાં માંડવીની બજારમાં લોકો બંને બાજુ ઝાડે ફરવા બેસે તે વિષ્ટા વચ્ચેથી પસાર થતાં કેટલો કંટાળો ઊપજે ? ઊલટી થાય તેવા ઊબકા આવે. એમ તે સંભારીને જગતને ખોટું કરવું..'

આવી સાંખ્યની વાતો સાંભળી આશરે પંચોતેર ભક્તોને ઊલટી થઈ ગઈ. જગતના પંચવિષય પ્રત્યેનો વિકાર ટળી ગયો! સત્પુરુષ આપણને સંસાર દુઃખરૂપ છે, તેમ વાતો કરી આપણી આસક્તિ છોડાવે છે.

૪. <u>દંડ - જે જમપુરીનાં દુઃખ દેખાડે છે</u> :

❋ સત્પુરુષ જીવની અવળાઈ ટાળવા સામ, દામ અને ભેદનો ઉપાય અપનાવે છે. તેમ છતાં જો જીવ સુધરે નહિ, તો અંતે કોઈક પ્રકારે દંડ આપીને પણ તેને સુધારવા પ્રયત્ન કરે છે.

❋ ગોંડલ પાસે લીલાખા ગામમાં મુંજો સૂરુ રહે. દારૂ-માંસ તેનું નિત્યકર્મ. કોઈ પણ જાતના શિકારમાં એને સંકોચ ન થાય. ગુણાતીતાનંદ સ્વામી એના ગામમાં પધાર્યા. સ્વામીએ એને દારૂમાંસના નિષેધની વાત કરી, પણ કોઈ અસર ન થઈ. સ્વામીએ એની સામે દૃષ્ટિ કરીને સમાધિ કરાવી. સમાધિમાં મુંજાએ નરકનાં દુઃખ જોયાં. નરકમાં સબડતા જીવોને જોઈને મુંજાને ત્રાસ ઊપજ્યો અને ધ્રુજારી છૂટી ગઈ. એ પછી ગુણાતીતાનંદ સ્વામીનાં ચરણમાં પડી ગયો. સ્વામીએ એને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી.

આમ, ભગવાન અને સંત વિવિધ ઉપાયો દ્વારા આપણને સુખિયા કરવાનો પ્રયત્ન કરે છે. તો આપણે પણ આપણી અવળાઈ મૂકી તેમના પ્રયત્નને સાર્થક કરીએ તેવી મહારાજ-સ્વામીને પ્રાર્થના.

❀ ❀ ❀

૩. સ્વામીની વાત : પ્રકરણ : ૧, વાત : ૩૧૩

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે :

જીવની અવળાઈ તે શું કહીએ, જીવ તે જીવ જ. તે કહ્યું છે જે : 'ઊંટ તો સઘળે અંગે વાકું એવો જીવ અવળો. વળી, લંબકર્ણ જેવો જીવ તેનું પણ ભગવાનને સારું કરવું છે.'

● **જીવની અવળાઈ :**

❊ ગુણાતીતાનંદ સ્વામી અહીં જીવ અને જગદીશની (ભગવાન) પ્રકૃતિ વચ્ચેનો તફાવત જણાવે છે. ભગવાન જીવને સુખી કરવા માટે આ લોકમાં આવ્યા છે, પણ જીવની પ્રકૃતિ અનાદિકાળથી અવળી છે એટલે તે અવળાઈને મૂકી શકતો નથી.

❊ ગુણાતીતાનંદ સ્વામી જીવની અવળાઈને ઊંટની ઉપમા આપે છે. કવિ દલપતરામ કહે છે :

ઊંટ કહે આ સમામાં વાંકા અંગવાળા,
ભૂંડા ભૂતળમાં પશુઓ ને પક્ષીઓ અપાર છે.
બગલાની ડોક વાંકી પોપટની ચાંચ વાંકી,
કૂતરાની પૂંછડીનો વાંકો વિસ્તાર છે.
વારણની સૂંઢ વાંકી વાઘના છે નખ વાંકાં,
ભેંસના તે શિર વાંકા શિંગડાનો ભાર છે.
સાંભળી શિયાળ બોલ્યો દાખે દલપતરામ,
અન્યનું તો એક વાંકું આપના અઢાર છે.

જીવ પણ ઊંટની જેમ સઘળે અંગે વાંકો છે - અવળો છે અને આવી અવળાઈને લઈને જાતે દુઃખી થાય છે.

❊ શ્રીજીમહારાજ વીસનગરમાં ગયા. ત્યાં શોભારામ શાસ્ત્રી નામે એક મહારાજનો દ્વેષી. કહે : 'જો સ્વામિનારાયણ ભગવાન હોય તો હું ૮ દિવસમાં આંધળો થઈ જાઉં.' અને ચોથા જ દિવસે એની આંખો ગઈ. કેવી અવળાઈ ! પછી મહારાજને ખબર પડતાં કહે : 'એને દર્શને બોલાવો તો સારું કરીએ.' પણ શોભારામે અવળાઈ ના છોડી અને મહારાજ પાસે ન ગયો.

❊ માણસ અવળાઈને લઈને દુઃખી જ નહીં ઘણી વાર મરે પણ છે.

એક અવળચંડી બાઈ હતી. તેનો પતિ જે કહે તેના કરતાં ઊંધું જ કરે. ઠંડું પાણી માગે તો ગરમ આપે. ખીચડી કરવાની કહે તો દાળ બનાવે. ખાટલો પાથરવાનું કહે તો ઊંધો પાથરે. એક વાર ગામ પાસેની નદીમાં પૂર આવ્યું અને પૂરનાં પાણી ગામમાં પેસી ગયાં. બધાં એને કહે : 'ધ્યાન રાખજે, પડી ના જઉં.' પેલી બાઈ જાણી જોઈને પાણીમાં પડી. ત્યાં એક ભેંસ પણ તણાતી હતી એનું પૂંછડું એ બાઈના

હાથમાં આવી ગયું અને તરવા લાગી. એનો પતિ કહે : 'બરાબર પકડજે. છોડતી નહીં.' પેલી બાઈ કહે : 'લે, આ છોડ્યું.' અને સમુદ્રમાં તણાઈ ગઈ.

❋ તેથી જ નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

જે કર્યાનું તે કરે નહિ, અણ કર્યાની લિયે ઓટ રે;
મરે પણ મૂકે નહિ, બાંધી મમત જે મોટ રે.

❋ માણસ અવળાઈને લઈને પોતે તો મરે પણ ભેગા અનેકને મરાવે પણ છે.

મહાભારતમાં દુર્યોધનને યુદ્ધ ન કરવા અને સમાધાન કરવા માટે કેટકેટલાએ સમજાવ્યો, ખુદ ધૃતરાષ્ટ્ર પણ પરિસ્થિતિ સમજીને સમાધાન કરવા તૈયાર હતા. સ્વયં ભગવાન શ્રીકૃષ્ણ સંધિ કરાવવા દૂત બનીને આવ્યા, પણ જીવનો સ્વભાવ જ અવળો તે દુર્યોધન માન્યો જ નહીં અને બધા જ કૌરવોનો નાશ થયો.

❋ ભગવાન ભજવામાં પણ જીવને અવળાઈ આડી આવે છે.

અગતરાઈમાં કલ્યાણભાઈને ત્યાં શ્રીજીમહારાજ અને મૂળજી બ્રહ્મચારી થાળ જમ્યા ને ઘરમાં બેઠા. શ્રીહરિએ સભામાં વાતો કરી કે ભગવાન ભજવા ને જે નહીં ભજે તે જમપુરીમાં જાશે ને ૬ લાખ ૮૪ હજાર નરકના કુંડ છે તેમાં પડશે ને જમ મારી મારી હાડકાં ભાંગશે. ત્યાં એક કણબી કહે : 'દાણા આપો તો ભગવાન ભજીએ.' શ્રીજીમહારાજ કલ્યાણભાઈને કહે : 'મોટી કોઠીનાં સાણાં ઉઘાડો દાણા આપીએ.' કલ્યાણભાઈ કહે : 'મહારાજ, કોઠી ખાલી છે.' મહારાજ કહે : 'તમે ખોલો તો ખરા !' તેમણે કોઠી ખોલી ત્યાં બાજરાનો ઢગલો થયો. મહારાજ કહે : 'દાણા લો ને ભગવાન ભજો.' ત્યારે કણબી કહે : 'અમે નિયમમાં કાચા છીએ. તમારા નિયમ અમારાથી પળે નહીં.' મહારાજ કલ્યાણભાઈને કહે : 'આ કણબીને રે'વા દો, નહિ માને.'

જીવનો કેવો અવળો સ્વભાવ ? ભગવાને દાણા આપ્યા. પણ કણબીએ ભગવાન ભજવાની તૈયારી ન બતાવી.

❋ મેથાણ ગામમાં શ્રીજીમહારાજ પૂંજાભાઈ સાથે એક ભક્તને ત્યાં જમવા જતા હતા. રસ્તામાં એક બાઈ છાણાં થાપતી હતી. મહારાજ કહે : 'ડોશી ! સ્વામિનારાયણ એક વાર બોલ તો જીવનું કલ્યાણ થાય.' ડોશી કહે : 'હા, મહારાજ ! બોલીએ તો કલ્યાણ થાય.' મહારાજ કહે : 'ડોશી ! બોલ તો ખરી.' 'હા, મહારાજ ! બોલીએ તો જરૂર કલ્યાણ થાય.' પૂંજોજી કહે : 'અભાગણી ! બોલતી કેમ નથી ?' ડોશી કહે : 'તમે ઠીક કહો છો. બોલ્યા હોય તો કામ થાય ખરું.' મહારાજ હસતાં હસતાં ચાલ્યા ગયા.

જીવની કેવી અવળાઈ ? પોતે જાણે છે કે ભગવાનનું નામ લઈએ તો કલ્યાણ થાય છતાં પણ લીધું જ નહિ.

❋ સ્વામીશ્રી આપણને કહે કે ટી.વી. ઝેર છે, ના જોઈશ. વ્યસનો ના કરીશ. પણ આપણાથી તે છૂટતાં નથી.

❋ સ્વામીશ્રી આપણને કહે, અભાવ-અવગુણ એ સત્સંગમાંથી પડવાનો રસ્તો છે, પણ આપણે અભાવ-અવગુણ લીધા જ કરીએ.

❋ સ્વામીશ્રી આપણને કહે, ભગવાન ભજો, સત્સંગ કરો, રવિસભામાં જાવ. પણ આપણી અવળાઈ કેવી ? હમણાં ક્યાં ઉતાવળ છે. મોટી ઉંમરે કરીશું !!

● ભગવાન અને સંતને આવા અવળા જીવનું પણ સારું કરવું છે :

❋ એક વાર શિકાર માટે નીકળેલો રાજા તરસ્યો થયો. દૂર એક ખેડૂત હળ ચલાવતો હતો. પાણીની આશાએ રાજા તેના તરફ ચાલ્યો અને મનમાં સંકલ્પ કર્યો, ખેડૂત પાણી આપે તેના બદલામાં તેને ગામ આપવું. પરંતુ રાજા તેની નજીક પહોંચ્યો ત્યારે જ ખેડૂતે આડોડાઈથી પાણી હતું તે બધું ઢોળી નાખ્યું. પણ રાજાને ન આપ્યું. છતાં રાજાએ સંકલ્પ કરેલો કે મારે તેને ગામ આપવું છે, એટલે ગામ આપ્યું.

તેમ, આપણે અવળો સ્વભાવ હોવા છતાં ભગવાન આપણું સારું કરવા માટે ચાર ઉપાય કરે છે. ગુણાતીતાનંદ સ્વામી **૨/૧૧૯મી વાતમાં** આ અંગે

જણાવતાં કહે છે : '... સામ - જે વાતું કરીએ છીએ ને દામ - જે ભગવાન આપીએ છીએ ને ભેદ - જે સર્વે ખોટું કહીએ છે ને દંડ - જે જમપુરીનાં દુઃખ દેખાડીએ છીએ, એમ કરીએ છીએ.'

૧) સામ - એટલે વાતો કરે છે :

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : **'વાતન કી વાત બડી કરામત. વાતું કરવાથી માખીમાંથી સૂરજ થાય છે.'** એટલે જ કોઈ કથા ગૌણ કરે તે તેમને ન ગમતું.

❊ એક વાર શિવલાલ શેઠ જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા ગયા ત્યાં બપોરના સમયે એક જગ્યાએથી સોનું લઈને બીજી જગ્યાએ વેચ્યું. તેથી રૂ. ૧૫૦ નફો થયો. તેની એમણે મંદિરમાં રસોઈ આપી. સ્વામી કહે : '૧૦૦ કરોડ મણ ઢૂંસાનો વેપાર કરવાનો વિચાર આવે છે ? આટલો સમય વાતો સાંભળી હોત તો કેટલો સમાસ થાત ?' કથાના ભોગે સેવા થાય તે સ્વામીને મંજૂર નથી.

❊ મુંબઈમાં ગુણાતીતાનંદ સ્વામીનું હસ્તલિખિત જીવનચરિત્ર વંચાતું હતું. યોગીજી મહારાજ બીમાર હતા. છતાં ખૂબ રસથી સાંભળે. એક સંત માંદા હતા. તે કથામાં નહોતા આવ્યા. સ્વામી કહે : 'આ કથા એવી છે કે મારો અડધો રોગ મટી ગયો.'

૨) દામ - જે ભગવાન આપે છે :

❊ સંત પાસે જવાથી આપણને ભગવાનરૂપી નાણું મળે છે. જે નાણું અવિનાશી છે. મુક્તાનંદ સ્વામી કહે છે : **'રે શ્યામ તમે સાચું નાણું, બીજું સર્વે દુઃખદાયક જાણું...'**

❊ મીરાંબાઈએ કહ્યું છે :

ખરચ્યું ન ખૂટે વાકો ચોર ન લૂટે, દિન દિન બઢત સવાયો..
પાયોજી મૈને, રામ રતન ધન પાયો.

ભગવાનરૂપી નાણું એવું છે જે ક્યારેય ખૂટે નહિ અને ખર્ચીએ તેમ વધતું જ જાય માટે આ સંપત્તિ સંત આપણને આપે છે.

❊ ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની સાડા ત્રણ વર્ષ એકધારી સેવા કરી. પછી ગુણાતીતાનંદ સ્વામીએ ૯ દિવસ ધ્યાનમાં બેસાડ્યા અને શ્રીજીમહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર કરાવ્યો.

૩) ભેદ - જે સર્વે ખોટું દેખાડે છે :

❊ ભગવાન અને સંત જગતનાં નાશવંતપણાની સમજણ દૃઢ કરાવે. આ સમજણથી અહં-મમત્વ ટળે છે. આને સાંખ્ય વિચાર કહે છે.

❊ મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે :

જ્યાં લગી જગ વિસ્તર્યો મૃગતૃષ્ણા પાણી રે,
તેમાં મોહ ન પામે મહામુનિ સ્વપ્નું પ્રમાણી રે.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : **'સાંખ્ય વિના કસર ટળે નહીં. સાંખ્ય છે તે આંખ છે. સર્વ ક્રિયામાં નાશવંતપણાનું અનુસંધાન રાખવું જેથી દુઃખ ન થાય.'**

❊ એક બ્રાહ્મણનો દીકરો મરી ગયો. બ્રાહ્મણ માથું કૂટીને રડવા માંડ્યો. કોઈ રીતે છાનો ના રહે. ગુણાતીતાનંદ સ્વામી એને મળ્યા. સ્વામી કહે : 'એક બ્રાહ્મણ મર્યો તો એક ખડિયો ઓછો. એનાથી કંઈ ઉદેપુરની ગાદી ખાલી પડી છે ? કાનખજૂરાનો એક પગ ભાંગે તો તેમાં શું ? કોઈ મરતું જ નહીં હોય ?' સ્વામીની વાત સાંભળીને પેલા બ્રાહ્મણની વૃત્તિ તરત પાછી વળી ગઈ.

૪) દંડ - જે જમપુરીના દુઃખ દેખાડે છે :

❊ કચ્છ-ભુજના રવજી સુથાર શ્રીજીમહારાજના ભક્ત હતા. તેઓ વિધુર થયા પછી મહારાજે બીજું બૈરું કરવા ના કહેલી છતાં તેમણે મહારાજને ખૂબ વિનંતી કરી. તેથી ફરી લગ્ન કરાવી આપ્યા. બાઈ શ્રીજીમહારાજની પરમ ભક્ત હતી. તેથી મહારાજ બાઈને કહે : 'બીજાને એક જમપુરી ને તારે માથે બે, કારણ કે મારા ભક્તને તારા થકી બંધન થયું છે.' પછી એ બાઈ પૂછે છે હું શું કરું ? મહારાજ તેને ઉપાય બતાવે છે : 'રવજી કહે તેનાથી ઊંધું જ કરવું. આસક્તિ તોડવા માટે.' પત્નીના આવા વિપરીત વલણથી રવજી સુથાર કંટાળી ગયા. છેવટે મહારાજે બાઈના દેહમાં ભયંકર રોગ મૂક્યો. તેની શુશ્રૂષા કરીને રવજી સુથારને સંસાર પ્રત્યે તદ્દન નફરત થઈ ગઈ. છેવટે મહારાજે તેમને વાસનામુક્ત

કરી ત્યાગીની દીક્ષા આપી હતી.

❋ ગોંડલ પાસે લીલાખા ગામમાં મુંજો સુરુ રહે. દારૂ-માંસ તેનું નિત્યકર્મ. કોઈ પણ જાતના શિકારમાં એને સંકોચ ન થાય. ગુણાતીતાનંદ સ્વામી એના ગામમાં પધાર્યા. સ્વામીએ એને દારૂમાંસના નિષેધની વાત કરી, પણ કોઈ અસર ન થઈ. સ્વામીએ એની સામે દૃષ્ટિ કરીને સમાધિ કરાવી. સમાધિમાં મૂંજાએ નરકનાં દુ:ખ જોયાં. નરકમાં સબડતા જીવોને જોઈને મૂંજાને ત્રાસ ઊપજ્યો અને ધ્રુજારી છૂટી ગઈ. એ પછી ગુણાતીતાનંદ સ્વામીના પગમાં પડી ગયો. સ્વામીએ એને વર્તમાન ધરાવી કંઠી પહેરાવી.

આમ, ભગવાન અને સંત વિવિધ ઉપાયો સમજાવી આપણને સુખિયા કરવાનો પ્રયત્ન કરે છે તો આપણે પણ આપણી અવળાઈ મૂકી તેમના પ્રયત્નને સાર્થક કરીએ તેવી મહારાજ-સ્વામીને પ્રાર્થના.

❁ ❁ ❁

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...
એક રુચિવાળા બે જ હોઈએ તો હજારો ને લાખો છીએ ને તે વિના તો હજારો ને લાખો હોઈએ તોપણ એકલા જ છીએ, એમ સમજવું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

❋ આ વાતમાં સ્વામી સંપનો મહિમા વર્ણવે છે અને સ્પષ્ટતા કરે છે કે સંપ એટલે માત્ર ઝાઝો-મોટો સમૂહ નહીં, પરંતુ એક રુચિ. આવા એક રુચિવાળા બે જ હોય તોપણ એ હજારો લાખોના સમૂહ બરાબર છે.

❋ કવિ મરીઝ કહે છે :

બે જણા દિલથી મળે તો મિજલસ છે,
'મરીઝ' મન વિના લાખો મળે તેને સભા કહેતા નથી.

◎ સમૂહ ભલે ઓછો હોય પણ રુચિ એક હોય તો તેમને માટે કશું અશક્ય નથી. સંસ્કૃત ઉક્તિમાં કહ્યું છે :

એકચિત્તે દ્વયોરેવ કિમ્ અસાધ્યં ભવેદ્ ઇહ ? ।

એક રુચિવાળા બે માટે આ લોકમાં કશું જ અસાધ્ય નથી. એક રુચિ એટલે એક વિચારથી એક દિશા નક્કી કરી, એક સાથે કાર્યમાં જોડાવું.

❋ એકવાર બાંધકામ વગેરેની સેવાના જાણકાર ધર્મસુત સ્વામી અને વ્યાકરણ તથા શબ્દજ્ઞાનમાં નિપુણ ભદ્રેશ સ્વામીએ પ્રમુખસ્વામી મહારાજની હાજરીમાં ચર્ચા કરી કે ટોળું અને સંઘ એક કે જુદા? ધર્મસુત સ્વામી કહે : 'જુદા. ટોળાને દિશા ન હોય, સંઘને ચોક્કસ દિશા હોય.' ભદ્રેશ સ્વામીએ વ્યાકરણની રીતે શબ્દનું મૂળ વ્યુત્પત્તિ વગેરે દ્વારા સાબિત કર્યું કે, બંને એકબીજાના પર્યાય સમાનાર્થી શબ્દો છે. અંતે પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું તો તેઓએ કહ્યું : 'આ ધર્મસુત સ્વામી કહે છે તે બરાબર છે. પંડિત કહે છે તે બરાબર નથી.'

એક રુચિવાળાને સંઘ કહેવાય, નહીં તો ટોળું કહેવાય. એક રુચિવાળા બધા પોતપોતાના વિચાર મૂકી દઈને એક દિશામાં મંડી પડે.

❋ **બહુ જન મળીને જે કરે, તે જુદે નવ થાય,**
સાવરણી ઘર સજ્જ કરે, સળીઓથી શું થાય ?

૫૦ સળીઓથી ૫૦ માણસો મંડે તોપણ ઘર સાફ ન થાય. ૫૦ સળીઓ એક બની સાવરણી બને તો એક વ્યક્તિ જ આખું ઘર વાળી નાખે.

❋ શાસ્ત્રીજી મહારાજે વડતાલથી પ્રસ્થાન કર્યું ત્યારે ફક્ત પાંચ સંતો અને મુઠ્ઠીભર હરિભક્તો હતા. છતાં સૌ શુદ્ધ ઉપાસના પ્રવર્તનની એક રુચિ સાથે મંડ્યા તો છ મહિનામાં જ બોચાસણમાં મંદિર થઈ ગયું. પછી તો સારંગપુર, ગોંડલ, અટલાદરા અને ગઢડાના ગગનચુંબી મંદિરો પણ થઈ ગયા. યોગીબાપા કહેતા, 'શાસ્ત્રીજી મહારાજના ૫૦ સંતો હતા તે સ્વામી કહે આમ તો આમ, એ રીતે બધા એક સાથે મંડી પડતા તેથી કેવું કાર્ય થયું !'

આમ, પોતપોતાના વિચારો મૂકી દઈ એક રુચિ થાય તો ઓછી શક્તિ અને ઓછા સમયમાં વધુ પરિણામ મળે.

બીજી તરફ, બધા પોતપોતાના વિચારો મૂકી એક રુચિ કરી, એક સાથે ન જોડાઈ શકે તો ઘણો સમૂહ હોવા છતાં કંઈ લાભ ન થાય.

❋ ભારત પર જ્યારે બાબરનું આક્રમણ થયું ત્યારે ભારતમાં નાનાં નાનાં ઘણાં રાજ્યો હતાં. બાબરના માર્ગમાં જે રાજ્ય આવે તેનો રાજા બાબર સામે લડતો. બીજા કોઈ રાજાઓ તેને મદદ ન કરતા. તેથી બાબર એક પછી એક રાજાને હરાવતો ગયો! પણ જો બધા જ

રાજાઓએ ભેગા થઈને બાબર સાથે યુદ્ધ કર્યું હોત તો ઈતિહાસ કંઈક જુદો હોત.

❊ United we stand, divided we fall.

❊ સત્સંગ મંડળમાં પણ જો કોઈ આયોજન થયું હોય અને તેમાં બધા સભ્યો એક રુચિ ન કરી શકે તો કાર્યમાં સફળતા ન જ મળે.

સભાસ્થળ, સભા કાર્યક્રમ, પ્રસાદ વગેરે બાબતમાં જો મતભેદ થાય અને કોઈ એક વિચાર પર બધા ન આવી શકે તો કાર્ય બગડે જ છે. એટલું જ નહિ, આગળ જતાં મન જુદાં થઈ જાય અને સત્સંગ મંડળનો વિકાસ અટકી જાય.

◎ કવિ દલપતરામ હરિલીલામૃતમાં કહે છે :

સત્સંગમાં સંપ ઘણો જણાશે,
સત્સંગની વૃદ્ધિ વિશેષ થાશે,
સત્સંગથી સંપ જશે જ જ્યારે,
દશા જણાશે પડતી જ ત્યારે.

● **એક રુચિ રાખવાનો સર્વોત્તમ ઉપાય :**

❊ ભગવાન અને સંતની રુચિ પ્રમાણે રુચિ રાખવાથી સંપ જળવાઈ રહે છે.

❊ પાંડવો ઓછા હતા. તેમનામાં અંદરોઅંદર મતભેદ પણ હતા, પણ શ્રીકૃષ્ણ ભગવાનની વાતમાં બધા સંમત થઈ જતા અને ભગવાનની રુચિમાં પોતાની રુચિ ભેળવી દેતા, તેથી તેઓ અંદરોઅંદર સંપ રાખી શક્યા.

❊ જુગારમાં હાર્યા પછી પાંડવો વનમાં ભટકતા હતા. ત્યારે ભીમ, અર્જુન તથા દ્રૌપદી યુધિષ્ઠિરને અત્યારે જ યુદ્ધ કરી કૌરવોને હરાવવા ઘણાં કડવાં વચનો કહેતાં, પણ યુધિષ્ઠિર તેમાં સંમત ન થતા. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાનના કહેવાથી સૌ એક વિચાર પર આવ્યા કે હમણાં વનવાસ પૂરો કરવો. તે દરમ્યાન વિવિધ શસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરવું. પછી જો શરત પ્રમાણે રાજ્ય ન મળે તો યુદ્ધ કરવું. આમ, શ્રીકૃષ્ણ ભગવાન સાથે પોતાના વિચારો ભેળવી દઈ સૌ એક વિચાર પર આવ્યા.

◎ યુદ્ધ દરમ્યાન એક દિવસ કર્ણે ખૂબ જ સંહાર કર્યો. તેથી યુધિષ્ઠિર નિરાશ થઈ યુદ્ધમેદાન છોડી છાવણીમાં ચાલ્યા ગયા. અર્જુનને આ વાતની ખબર પડી, તે યુધિષ્ઠિરને મળવા ગયા. યુધિષ્ઠિર કહે : 'તું મન દઈને લડતો નથી. કર્ણનો વાળ વાંકો થયો નથી. તને અને તારા ગાંડીવ ધનુષ્યને ધિક્કાર છે.' એમ કહી યુધિષ્ઠિરે અર્જુનને તીખાં વચનો માર્યાં. અર્જુન અકળાયા અને કહે : 'મારા ગાંડીવનું અપમાન કરે તેને મારી નાખવો, એવી મારી પ્રતિજ્ઞા છે.' એમ કહી યુધિષ્ઠિરને મારવા તૈયાર થયા.

શ્રીકૃષ્ણ ભગવાન વચ્ચે પડ્યા અને કહ્યું, 'રાજાનું અપમાન કરવું, એ મારી નાંખવા બરાબર છે. તું એવું કર.' અર્જુને તીખાં વચનોથી યુધિષ્ઠિરનું અપમાન કર્યું, પણ વળી પાછા કહે, 'મોટાભાઈનું અપમાન કરે એને જીવતો ન રહેવા દેવો એવી મારી પ્રતિજ્ઞા છે.' એમ કહી પોતે મરવા તૈયાર થયા. શ્રીકૃષ્ણ ભગવાન કહે, 'પોતાનાં વખાણ એ મૃત્યુ છે. તું તારાં વખાણ કર.' અને એ રીતે અર્જુનને વાર્યા. આમ, શ્રીકૃષ્ણ ભગવાને જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે બંનેએ કર્યું તો બંને વચ્ચેનો વિખવાદ ટળી ગયો.

આમ, મતભેદ હોવા છતાં પાંચ પાંડવો શ્રીકૃષ્ણ ભગવાનની રુચિના દોરામાં પરોવાયેલા રહ્યા, તેથી માળાની જેમ શોભ્યા. અને કૌરવો સમર્થ અને ઝાઝા હોવા છતાં તેમનામાં કોઈ શ્રીકૃષ્ણ ન હતા, તેથી એક ન થઈ શક્યા.

◎ એકવાર દામોદર શેઠ અને જેરામ બ્રહ્મચારી વચ્ચે વઢવેડ થઈ. બંને એકબીજા સાથે બોલે નહીં, પણ મહારાજે બંનેને બોલાવી માફી માંગવા કહ્યું. તો બંનેએ સભામાં દંડવત કરી એકબીજાની માફી માંગી. આમ, મહારાજની રુચિમાં ભળ્યા તો સંપ થઈ શક્યો.

❊ દિલ્હી અક્ષરધામ પાંચ વર્ષમાં બન્યું તેનું કારણ

પણ સંપ જ છે. અક્ષરધામ ટીમના સંતો કહે છે, ‘જ્યારે કોઈ બાબતે અમારામાં મતભેદ પડતા અને શું કરવું તેનો નિર્ણય ન લઈ શકતા ત્યારે પ્રમુખસ્વામી મહારાજ સાથે મીટિંગ કરીએ. તેમાં સ્વામીબાપા જે કહે તેમાં બધા સંમત થઈ જતા અને ઝડપથી નિર્ણય આવી જતો. આમ, અમારો એક ઠરાવ હતો કે સ્વામીબાપાની રુચિ પ્રમાણે જ કરવું છે, તો ક્યારેય કાર્ય અટક્યું નથી અને કોઈને મતભેદ થયો નથી.’

❊ કુટુંબના સભ્યોમાં પણ કદાચ મતભેદ હોય, પરંતુ મહંત સ્વામી મહારાજની રુચિમાં બધા સભ્યો ભળી જાય તો તુરત વિખવાદ ટળી જાય અને સૌ એક નિર્ણય પર આવી શકે.

અરે ! સ્વામીશ્રીની એક રુચિ ‘ઘરસભા’ આપણે અપનાવીએ, તોપણ કુટુંબમાં એક રુચિ અને સંપ જળવાઈ રહે.

❊ ૧૯૮૯ની સાલમાં મધુવનમાં સંત શિબિરમાં પ્રમુખસ્વામી મહારાજ વોકિંગ કરી રહ્યા હતા અને તે જ સમયે સભામંડપમાં મહંત સ્વામી પ્રવચન કરી રહ્યા હતા. સ્વામીબાપાએ પૂછ્યું, ‘કોણ પ્રવચન કરે છે ? શું વાત ચાલે છે ?’ સેવક સંતો કહે, ‘મહંત સ્વામી સંપ વિષય ઉપર પ્રવચન કરે છે.’ વોકિંગ પૂરું કર્યા પછી સ્વામીબાપાએ સભામાં આવીને વાત કરતા કહ્યું, ‘સંપ એટલે ખમવું, ઘસાવું, મનગમતું મૂકવું અને અનુકૂળ થવું.’ પોતાનાં વર્ષોના અનુભવના નિચોડ રૂપે સહજમાં સંપનાં ચાર સોપાન સ્વામીબાપાએ બતાવ્યાં.

❊ ૧૯૫૭માં કંથારિયામાં યોગીબાપાને એક યુવકે પૂછ્યું, ‘બાપા ! સંપ, સુહૃદભાવ આપણે રાખીએ પણ સામેવાળા ન રાખે તો શું કરવું ?’ બાપા કહે, ‘પરસ્પર સંપ રાખવો જોઈએ. કોઈ ન રાખે તોય આપણે રાખવો. જે ખાય તેની ભૂખ જાય. તેમ જે સંપ રાખે તેને લાભ થાય.’

આમ, આપણે જ ખમવાનું છે, ઘસાવાનું છે, મનગમતું મૂકવાનું છે તથા અનુકૂળ થવાનું છે.

❊ મહંત સ્વામી મહારાજને પણ સંપ અત્યંત પ્રિય છે. હરિભક્તો સંપીને રહે, સેવા-ભક્તિ કરે તે માટે તેઓ અવાર-નવાર કથા-પ્રવચનમાં વાત કરે, સંપનો હાર રચાવી ઠાકોરજીને અર્પે, કોઈ સંપીને કાર્ય કરે તો રાજીપો પણ દર્શાવે. તેઓની સંપ માટેની આ રુચિ ગુરુપદે આવ્યા ત્યારપછીની નથી, તેઓ તો બાળપણથી જ સંપના પ્રેરક બન્યા છે.

સ્કૂલમાં Three leged race (ત્રણ પગની રેસ) થતી. તેમાં ત્રણ બાળકોનો એક-એક પગ દોરીથી બાંધવામાં આવતો. ત્યારપછી ત્રણ-ત્રણ બાળકોના વૃંદે આ રીતે દોડવાનું રહેતું. વિનુભાઈ (મહંત સ્વામી મહારાજ) બીજાને અનુકૂળતા રહે તે માટે હંમેશાં પોતાના ડાબા પગે દોરી બંધાવતા તેમ છતાં રેસમાં પ્રથમ આવતા. બીજાને અનુકૂળ થવાની, સ્વયં રાજીપે સહન કરી લેવાની ભાવના તેઓમાં નાનપણથી જ રહેલી.

❊ સન ૨૦૧૭માં મહંત સ્વામી મહારાજ પરદેશના એક સત્સંગ કેન્દ્રમાં પધારેલા. એક સત્સંગી પરિવારના બે સગા ભાઈઓ વચ્ચે ઘણા સમયથી અબોલા ચાલી રહેલા. બંને વચ્ચે વિચારોની ખાઈ કોઈ રીતે પુરાતી નહોતી. પણ આજે સ્વામીશ્રીની રુચિમાં ભળતા બંને ભાઈઓએ સંપ કરી લીધો હતો. તેમાંના એક ભાઈ સ્વામીશ્રી સમક્ષ ઊભા હતા. સ્વામીશ્રી તેમને રાજી થઈ ભેટી પડ્યા. બીજા ભાઈને ફોન પર આશીર્વાદ આપ્યા. તે ફોનને પોતાની છાતી પર સ્પર્શ કરાવ્યો.

ટૂંકમાં, આપણા પરિવાર કે સત્સંગ મંડળમાં આપણે સંપીને ગુરુહરિની એક રુચિમાં રહીએ તો તેમનો અઢળક રાજીપો આપણા પર થાય છે. આવા રાજીપાના અધિકારી આપણે થઈ શકીએ તે પ્રાર્થના...

૨. સ્વામીની વાત : પ્રકરણ : ૧, વાત : ૩૩૮

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

આ કીર્તનમાં કહ્યું એ વાત નિરંતર સંભારવી જે,

ઉધો સંત સુખી રે સંસાર મેં...

રાજા ભી દુખિયા ને રંક ભી દુખિયા, ધનપતિ દુઃખિત વિકાર મેં;

વિના વિવેક ભેખ સબ દુખિયા, જૂઠા તન અહંકાર મેં... ઉધો.

માટે સમજણવાળાને સંત કહે છે; તે અંબરીષ, પ્રહ્લાદ ને જનક આદિક રાજા હતા, પણ તે સાધુ કહેવાય છે એમ સમજવું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

❊ વિશ્વની પ્રત્યેક વ્યક્તિને સુખી થવું છે, પણ સુખનું સરનામું તેને જડતું નથી. ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં સુખનું સરનામું સમજણમાં બતાવે છે.

● **સમજણ વિના સંપત્તિવાન દુઃખી :**

❊ ગ્લેન બ્લાન્ડ નામના એક લેખક Success (સફળતા) નામના પોતાના પુસ્તકમાં વિશ્વની ધનાઢ્ય વ્યક્તિઓની વાત નોંધે છે. સન ૧૯૨૩માં શિકાગોની એડવોટર બીચ હોટલમાં વિશ્વના સૌથી ધનાઢ્ય કહી શકાય તેવા નવ પુરુષો મિટિંગ માટે એકત્રિત થયેલા. ધનની દૃષ્ટિએ જોવા જઈએ તો આ નવ પુરુષો દુનિયા પર રાજ કરતા હતા. તેમાંના એક અમેરિકાની પ્રથમ ક્રમાંકની સ્ટીલ કંપનીના પ્રમુખ હતા, તો બીજા અમેરિકાની પ્રથમ નંબરની ગેસ કંપનીના પ્રમુખ, તો ત્રીજા ન્યૂયોર્ક સ્ટોક એક્સચેન્જના પ્રમુખ હતા. આવા તો જુદા જુદા ક્ષેત્રોના નવ ધન કુબેરો મિટિંગ માટે ભેગા થયેલા. મિટિંગ સારી રીતે સંપન્ન થઈ.

૨૫ વર્ષ બાદનું ચિત્ર ચોંકાવનારું હતું. આ નવમાંથી ત્રણ ધનકુબેરો આપઘાત કરીને મરી ગયેલા. બે જેલમાં સબડતા હતા. બે નાદાર બની ગયેલા. કેવળ સંપત્તિ મનુષ્યને સુખી નહીં કરી શકે તે વાત આ પ્રસંગને આધારે સ્પષ્ટ સમજી શકાય તેમ છે. તો શું સંપત્તિનો ત્યાગ કરી સંન્યાસી થવામાં સુખ છે ?

● **વિના વિવેક ભેખ સબ દુખિયા,**
જૂઠા તન અહંકારમેં...

❊ સંપત્તિ ભલે ત્યાગી પરંતુ સત્-અસત્‌ના વિવેક વિના દેહભાવમાં રાચતો સંન્યાસી પણ દુઃખી છે.

❊ નીલકંઠ વર્ણીને નેપાળમાં આવા એક મહાત્માનો ભેટો થયેલો. આખું વર્ષ તદ્દન નિરાહાર રહે. વર્ષમાં માત્ર એક જ વાર ગુફામાંથી બહાર આવે. પરંતુ નીલકંઠ વર્ણીના કહેવાથી ગુફામાંથી બહાર આવવાના સમયે કોઈ સન્માન કરવા ન ગયું, તો 'કુછ ભી નહીં' એમ કહી મહાત્મા મરી ગયા. માનના આધારે જીવનાર આવા મહાત્માઓ પણ દુઃખી જ થાય છે.

આમ, સંપત્તિ કે સંસાર ત્યાગ કરવાથી સુખી થવાશે એવું પણ નથી.

● **સંત સુખી સંસારમેં...**

❊ સંત એટલે સમજણવાળો, પછી તે ગૃહસ્થ હોય કે ત્યાગી હોય. ગુણાતીતાનંદ સ્વામી સમજાવે છે કે સુખ-દુઃખ એ પદાર્થના યોગ-વિયોગમાં નહિ, પણ મનની સમજણમાં છે. સારામાં સારો ભાવતો આઈસ્ક્રીમ ખાતી વખતે કોઈ ગાળ આપી જાય, તો મન અસ્વસ્થ થાય છે અને આઈસ્ક્રીમનું સુખ આવતું નથી. એટલે કીર્તનમાં

આગળ કહ્યું :

જ્ઞાન વિના દુઃખ પાવત દુનિયા....

દુઃખનું કારણ છે, સમજણનો અભાવ.

❋ જ્યારે ભાદરાના ડોસાભાઈ સૂકો રોટલો ખાતા હતા, પણ સમજણને પ્રતાપે આનંદમાં હતા. તેથી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે :

સખી સમજણમાં ઘણું સુખ છે,
એવું મા'તમ રે જાણજે મનમાંય...

❋ ગુણાતીતાનંદ સ્વામી સમજણવાળા ત્રણ ભક્તોને યાદ કરે છે. અંબરીષ, પ્રહ્‌લાદ અને જનક. આ ત્રણેય સંસારી હતા, રાજા હતા, છતાં સાધુ કહેવાયા. કારણ કે સમજણવાળા હતા. તેઓની સમજણ કેવી હતી, તે જોઈએ.

૧) અંબરીષ રાજાની સમજણ :

❋ શ્રીમદ્‌ભાગવતના ૯મા સ્કંધમાં ચોથા અને પાંચમા અધ્યાયમાં અંબરીષ રાજાનું આખ્યાન છે.

અંબરીષ રાજાએ એક વર્ષનું વ્રત કરેલું. વ્રતની પૂર્ણાહુતિ પૂર્વે દુર્વાસા ઋષિ પધાર્યા. રાજાએ તેમનું સ્વાગત કર્યું. પણ વ્રતના પૂર્ણાહુતિ સમયે જ ઋષિ સ્નાન કરવા ગયા. પૂર્ણાહુતિનો સમય વીતી જાય તેમ હતો. તેથી તેમની ગેરહાજરીમાં જ બ્રાહ્મણોના કહેવાથી રાજાએ તુલસીપત્ર પર જળનું ટીપુ લઈને તેનાથી પારણાં કર્યાં. આ વાતની ખબર પડતાં દુર્વાસા ક્રોધે ભરાયા. રાજાને મારવા કૃત્યા ઉત્પન્ન કરી, પણ અંબરીષની રક્ષામાં રહેલું ભગવાનનું સુદર્શનચક્ર કૃત્યાને મારીને દુર્વાસાની પાછળ પડ્યું. ઋષિ બધા દેવો પાસે ગયા, પણ રક્ષા ન થઈ. છેવટે ભગવાનના કહેવાથી દુર્વાસા, અંબરીષ પાસે આવ્યા. માફ કરવા આજીજી કરી. રાજાએ સંકલ્પ કર્યો : 'દુર્વાસા ઋષિ જ્યારે પ્રથમ આવ્યા, તે વખતે તેમના પ્રત્યે જેવો ભાવ હતો, તેવો જ ભાવ અત્યારે પણ હોય તો સુદર્શનચક્ર પાછું વળે.' અને સુદર્શનચક્ર પાછું વળી ગયું.

અંબરીષ રાજાને ક્રોધી સ્વભાવના દુર્વાસા ઋષિ પ્રત્યે દ્વેષ ન થયો, તેનું કારણ ભાગવતમાં આ રીતે જણાવ્યું છે કે,

અંબરીષ રાજાને ભગવાન વાસુદેવ તથા તેમના ભક્તો-સાધુપુરુષો પ્રત્યે પરમ ભક્તિ હતી, જેને લીધે આ જગત ધૂળ જેવું તુચ્છ થઈ ગયું હતું.

વળી, આગળ વાત આવે છે કે તેઓ સૌના આત્મામાં પરમાત્માને દેખતા. આ મહિમાની દૃષ્ટિથી જ તેઓ સુખિયા હતા.

❋ યોગીજી મહારાજ કહેતા : 'ભગવાનના ભક્તો માથાના મુગટ છે, બ્રહ્મની મૂર્તિ છે.' આ વાત સમજાય તો અખંડ આનંદ અને સુખ આવે, કોઈ પ્રત્યે દ્વેષ ન થાય.

◎ તા.૩/૬/૨૦૧૮ના રોજ રાજકોટમાં એક સંતે મહંત સ્વામી મહારાજને વાત કરી, ''સ્વામી ! આપ આશીર્વાદમાં એવું બોલ્યા હતા કે, 'સત્પુરુષ તો બધાને ઉઘાડા દેખે છે.' (કહેતા સત્પુરુષ અંતર્યામી છે.)

સ્વામીશ્રીએ 'હા' કહી.

તે સંતે આગળ વાત કરી, 'આપ કોઈ વ્યક્તિને જોતા હો ત્યારે સ્વભાવ, પ્રકૃતિ વગેરે ન દેખાય?' સ્વામીશ્રી કહે, 'યોગીબાપાનાં દર્શન થતા હોય તો એ ક્યાંથી દેખાય ?'

સ્વામીશ્રી આવી દિવ્ય દૃષ્ટિથી સૌને જુએ છે.

❋ આપણે સૌ પણ આપણી આસપાસના ભક્તો કે પરિવારજનોના સ્વભાવો સામું ન જોતાં, સ્વામીશ્રીની દૃષ્ટિએ જોતાં શીખીએ તો કોઈ પ્રત્યે દ્વેષ ન થાય, અને પરિવારમાં અને અંતરમાં શાંતિ રહે. સૌના સ્વભાવો સહન કરી શકાય અને સૌને ક્ષમા આપી શકાય.

૨) પ્રહ્‌લાદજીની સમજણ :

❋ શ્રીમદ્‌ભાગવતના ૭મા સ્કંધમાં ૪ થી ૧૦ અધ્યાય સુધી પ્રહ્‌લાદજીની કથા વિસ્તરેલી છે. તેમનું આખ્યાન પ્રચલિત છે. તેમની સમજણનો મુખ્ય સાર એ છે કે ભગવાનનો અતિશય મહિમા

કે ભગવાન જ કર્તા-હર્તા છે અને ભગવાનમાં અતિશય દૃઢ વિશ્વાસ કે ભગવાન જે કરે તે સારું જ કરે !

આ સમજણ જીવનમાં દૃઢ થાય તો ગમે તેવા કપરા સંજોગોમાં પણ પ્રહ્‌લાદજીની જેમ તનાવ- મુક્ત રહી આનંદપૂર્વક ભજન-ભક્તિ કરી શકાય.

◎ શાસ્ત્રીજી મહારાજના શિષ્ય શાંતિભાઈ શાહ ટેક્સ્ટાઇલ એન્જિનીયર હતા. તેઓ અમદાવાદની જુબિલિ મિલમાં સારી કામગીરી બજાવતા હતા. તેઓ ખૂબ જ કાર્યકુશળ હોવાથી એક સમયે તેમની મેનેજર તરીકે બઢતી થાય તેવો સુયોગ રચાયો. પણ બન્યું એવું કે તેમનાથી ૧૦ વર્ષ નાની વયના એક કર્મચારીએ લાગવગ લગાડી અને તે મેનેજર બની ગયો. આવા સમયે ગમે તેવી વ્યક્તિ પોતાને અન્યાય થયાની ફરિયાદ કરે, પણ શાંતિભાઈ સ્થિર રહ્યા. તેમણે સવળો વિચાર કર્યો કે ભગવાનની ઇચ્છાથી જે થયું તે સારું થયું. ભવિષ્યમાં વિઘ્ન આવવાનું હશે તે ટળી ગયું. શાંતિભાઈના હાથ નીચે ૧૫૦ માણસો કામ કરતા હતા. તેઓ શાંતિભાઈને થયેલ અન્યાયથી હડતાલ પર જવા તૈયાર થયા. પણ શાંતિભાઈએ સૌને ભગવાન કર્તાહર્તા છે તે વાત સમજાવી શાંત પાડ્યા.

આવી કર્તાપણાની સમજણ સાથે જીવીએ તો સુખ-શાંતિ અખંડ રહે તેમાં શી નવાઈ ?

3) જનકની સમજણ :

❊ જનક રાજાની સમજણ શ્રીજીમહારાજે વચનામૃત વરતાલ-૨૦ અને લોયા-૧૦માં વખાણી છે.

❊ **વચનામૃત વરતાલ-૨૦માં** મહારાજે જનક રાજાની સાંખ્ય અને યોગની સમજણ વખાણી છે, જેણે કરીને જનક સુલભામાં મોહ્યા નહિ અને મિથિલા બળી છતાં પણ 'તેમાં મારું કંઈ બળતું નથી.' એમ કહી સ્થિર રહ્યા. આ સમજણ એટલે દેહ તથા જગત નાશવંત છે અને પરમાત્માનું સુખ શાશ્વત છે. આ સમજણથી લૌકિક વિષયો મળે કે ન મળે, પણ દુઃખ થતું નથી.

❊ આ સમજણ દૃઢ હતી તો દ્વેષીઓએ ખંભાતના સદાશિવભાઈની હવેલી બાળી નાખી, તોપણ તેમને કોઈના પર ગુસ્સો ન આવ્યો, દુઃખ પણ થયું નહીં અને આનંદમાં રહ્યા.

❊ **વચનામૃત લોયા-૧૦માં** મહારાજે જનક રાજાની આત્મનિષ્ઠાની સમજણ વખાણી છે. આપણે આત્મા છીએ, દેહ નથી. દેહ દુઃખરૂપ છે, આત્મા સુખરૂપ છે. આત્માને સુખી થવા કોઈ પદાર્થ, વસ્તુ, માન-અપમાનની અપેક્ષા નથી. તે તો ભગવાનના સુખે સુખિયો છે. આ વિચારથી આપણે જીવનનાં તમામ દ્વન્દ્વોમાં સુખિયા રહી શકીએ.

◎ ઈ.સ.૧૯૯૫માં પ્રમુખસ્વામી મહારાજના આફ્રિકાના પ્રવાસ દરમ્યાન હર્ષદભાઈ રાણાએ પ્રશ્ન પૂછ્યો હતો, 'બાપા ! એવું કોઈ ઈરેઝર છે, જે ફેરવવાથી સુખ-દુઃખ, માન-અપમાન બધું ભૂંસાઈ જાય ?' સ્વામીબાપા કહે, 'એવું રબર તો આપેલું જ છે, પણ કોઈ વાપરતું નથી.' હર્ષદભાઈએ આશ્ચર્ય સાથે પૂછ્યું, 'કયું રબર ?' સ્વામીબાપાએ કહ્યું, 'કેમ ! મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે તે નિજાત્માનં બ્રહ્મરુપં...' આમ, આત્મનિષ્ઠા દ્વારા તમામ સંજોગોમાં સ્થિર રહીને સુખિયા રહી શકાય છે.

❊ આમ, આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામીએ સુખિયા રહેવા માટે આ ત્રણ ભક્તોની સમજણનો નકશો દેખાડી દીધો છે.

❊ આ સમજણ આપણા જીવનમાં દૃઢ થશે તો સંપત્તિ હશે કે નહિ હોય, દેહમાં સુખ હશે કે દુઃખ, કોઈ આપણો દ્વેષ કરે કે ન કરે, આપણને સફળતા મળે કે નિષ્ફળતા મળે, આ તમામ વિપરીત સંજોગોમાંય આપણે સુખિયા રહી શકીશું અને આ સમજણ વિના બીજું બધું હશે, પણ સુખ નહીં હોય.

મહારાજ - સ્વામીનાં ચરણોમાં પ્રાર્થના કરીએ કે સાચી સમજણ જીવનમાં દૃઢ કરી સુખી થઈ શકીએ...

3. સ્વામીની વાત : પ્રકરણ : ૧, વાત : 33૯

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે :

આ કીર્તનમાં કહ્યું એ વાત નિરંતર સંભારવી જે,

ઉધો સંત સુખી રે સંસારમેં...
રાજા ભી દુઃખિયા રંક ભી દુઃખિયા, ધનપતિ દુઃખિત વિકારમેં;
વિના વિવેક ભેખ સબ દુઃખિયા, જૂઠા તન અહંકારમેં.

માટે સમજણવાળાને સંત કહે છે; તે અંબરીષ, પ્રહ્લાદ ને જનક આદિક રાજા હતા, પણ તે સાધુ કહેવાય છે એમ સમજવું.

* **સુખનું સરનામું આપો,**
જીવનના કોઈ એક પાના પર એનો નકશો છાપો,
કોઈ મને સુખનું સરનામું આપો...

પ્રત્યેક વ્યક્તિની આ માગણીનો જવાબ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં આપે છે કે સમજણવાળાને સુખ છે.

● **સમજણ વિના સંપત્તિવાન દુઃખી :**

૨૦૦૫માં Time મેગેઝીનમાં 'World Happi-

ness Survey' અંગેનો લેખ આવેલ. તેમાં અલગ અલગ દેશોના કુલ ૨૦,૦૦૦ લોકોના ઈન્ટરવ્યુ પરથી તારણ કાઢેલ કે 'More money does not brings more happiness.'

'વધુ પૈસાથી વધુ સુખ મેળવી શકાતું નથી.'

આ વાત વિશ્વના કહેવાતા ધનપતિઓનાં જીવનમાં ઊંડા ઉતરતાં સત્ય લાગે છે.

* ઈ.સ. ૧૯૨૫ની આસપાસ એક ૧૪ વર્ષનો છોકરો સુખી થવા મુંબઈ આવ્યો. આંગળીઓના પડછાયાથી તમાશો બતાવતાં તે આગળ વધ્યો અને એક સફળ એક્ટર અને ડિરેક્ટર બન્યો. એ હતો ફિલ્મસ્ટાર ગુરુદત્ત. તેને પુષ્કળ ઍવોર્ડ મળ્યા, પરંતુ સુખ ન મળ્યું. પોતાની સૌથી વધુ સફળ ફિલ્મ રીલીઝ થઈ, પછી તેણે પોતાના મિત્રને કહ્યું : 'દેખોના મુજે એક્ટર બનના થા, બન ગયા. ફિલ્મે અચ્છી બનાની થી, બન ગઈ. મેરે પાસ પૈસા હૈ, બંગલા હૈ, પર કુછ નહીં રહા.'

તે બહારથી સમૃદ્ધ હતો પરંતુ અંતરથી ખાલી હતો. અને આ ખાલીપો પૂરવા ૪૯ વર્ષની વયે ઈ.સ. ૧૯૬૦માં ત્રીજા પ્રયાસે ઊંઘની ગોળી ખાઈ આત્મહત્યા કરી !

* એલ્વીસ પ્રેસ્લી, કિંગ સોલોમન, સિકંદર, માઈકલ જેકસન વગેરે જેવા સુખ માટે સંપતિ પાછળ દોડનાર અને નિરાશ થનારની યાદીમાં હજુ ઘણાં ઘણાં નામ ઉમેરી શકાય એમ છે.

* એટલે જ એક કવિ કહે છે :

નથી મળવાની ખુશી સંપત્તિમાં,
આ મોજાંઓ રડીરડીને કહે છે,
ભીતરમાં મોતી ભર્યા છે,
છતાં સમંદરનાં ખારાં જીવન થઈ ગયા.

તો શું સંપત્તિનો ત્યાગ કરી સંન્યાસી થવામાં સુખ છે ?

● વિના વિવેક ભેખ સબ દુઃખિયા, જૂઠા તન અહંકારમેં...

* સંપત્તિ ભલે ત્યાગી પરંતુ સત્-અસત્‌ના વિવેક વિના દેહભાવમાં રાચતો સંન્યાસી પણ દુઃખી છે.

* નીલકંઠ વર્ણીને નેપાળમાં આવા એક મહાત્માનો ભેટો થયેલ. આખું વર્ષ તદ્દન નિરાહાર રહે. વર્ષમાં માત્ર એક વાર જ ગુફામાંથી બહાર આવે. પરંતુ નીલકંઠ વર્ણીના કહેવાથી ગુફામાંથી બહાર આવવાના સમયે કોઈ સન્માન કરવા ન ગયું, તો 'કુછ ભી નહીં' એમ કહી મહાત્મા મરી ગયો.

માનના આધારે જીવનાર આવા મહાત્માઓ પણ દુઃખી જ થાય છે.

આમ, સંપત્તિ કે સંસાર ત્યાગ કરવાથી સુખી થવાશે એવું પણ નથી.

● સંત સુખી સંસારમેં...

* સંત એટલે સમજણવાળો પછી તે ગૃહસ્થ હોય કે ત્યાગી હોય.

* એટલે ગુણાતીતાનંદ સ્વામી સમજાવે છે કે સુખ-દુઃખ એ પદાર્થના યોગ-વિયોગમાં નહિ, પણ મનની સમજણમાં છે. સારામાં સારો ભાવતો આઈસ્ક્રીમ ખાતી વખતે કોઈ ગાળ આપી જાય, તો મન અસ્વસ્થ થાય છે અને આઈસ્ક્રીમનું સુખ આવતું નથી.

* જ્યારે ભાદરાના ડોસાભાઈ સૂકો રોટલો ખાતા હતા, પણ સમજણને પ્રતાપે આનંદમાં હતા.

* એટલે કીર્તનમાં આગળ કહ્યું :

જ્ઞાન વિના દુઃખ પાવત દુનિયા....

* દુઃખનું કારણ છે, સમજણનો અભાવ.

* તેથી નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે :

સખી સમજણમાં ઘણું સુખ છે,
એવું મા'તમ રે જાણજે મનમાંય...

* ગુણાતીતાનંદ સ્વામી સમજણવાળા ત્રણ ભક્તોને યાદ કરે છે. અંબરીષ, પ્રહ્‌લાદ અને જનક. આ ત્રણેય સંસારી હતા, રાજા હતા, છતાં સાધુ કહેવાયા. કારણ કે સમજણવાળા હતા. તેઓની સમજણ કેવી હતી, તે જોઈએ.

૧) અંબરીષ રાજાની સમજણ :

❊ શ્રીમદ્ ભાગવત્‌ના ૯મા સ્કંધમાં ચોથા અને પાંચમા અધ્યાયમાં અંબરીષ રાજાનું આખ્યાન છે.

અંબરીષ રાજાને એકાદશી વ્રતનાં પારણાં હતાં. પરંતુ દુર્વાસા ઋષિને નાહીને આવતાં વાર થઈ, અને તેમને જમાડ્યા વિના પારણાં કરે તો અતિથિ-ધર્મ ચૂકે અને રાહ જુએ તો મુહૂર્ત વીતી જાય. એટલે બ્રાહ્મણોએ બતાવેલ વચલા માર્ગ મુજબ રાજાએ તુલસીપત્ર પર જળનું ટીપુ લઈને તેનાથી પારણાં કર્યાં. આ વાતની ખબર પડતાં દુર્વાસા ક્રોધે ભરાયા. રાજાને મારવા કૃત્યા ઉત્પન્ન કરી, પણ અંબરીષની રક્ષામાં રહેલા ભગવાનનું સુદર્શનચક્ર કૃત્યાને મારીને દુર્વાસાની પાછળ પડ્યું. બધા દેવો પાસે ઋષિ ગયા, પણ રક્ષા ન થઈ. છેવટે ભગવાનના કહેવાથી દુર્વાસા, અંબરીષ પાસે આવ્યા. રાજાએ સંકલ્પ કર્યો : 'દુર્વાસા ઋષિ જ્યારે પ્રથમ આવ્યા, તે વખતે તેમના પ્રત્યે જેવો ભાવ હતો, તેવો જ ભાવ અત્યારે પણ હોય તો સુદર્શનચક્ર પાછું વળે.' અને સુદર્શનચક્ર પાછું વળી ગયું.

અંબરીષ રાજાને ક્રોધી સ્વભાવના દુર્વાસા ઋષિ પ્રત્યે દ્વેષ ન થયો, તેનું કારણ ભાગવતમાં આ રીતે જણાવ્યું છે :

વાસુદેવે ભગવતિ તવ ભક્તેષુ ચ સાધુષુ,
પ્રાપ્તો ભાવં પરં વિશ્વં યેનેદં લોષ્ટવત્ સ્મૃતમ્ ।

તેમને ભગવાન વાસુદેવ તથા તેમના ભક્તો-સાધુપુરુષો પ્રત્યે પરમ ભક્તિ હતી, જેને લીધે આ જગત ધૂળ જેવું તુચ્છ થઈ ગયું હતું.

વળી, આગળ વાત આવે છે કે તેઓ સૌના આત્મામાં પરમાત્માને દેખતા. આ મહિમાની દૃષ્ટિથી જ તેઓ સુખિયા હતા.

❊ યોગીજી મહારાજ કહેતા : 'ભગવાનના ભક્તો માથાના મુગટ છે, બ્રહ્મની મૂર્તિ છે.' આ વાત સમજાય તો અખંડ આનંદ અને સુખ આવે, કોઈ પ્રત્યે દ્વેષ ન થાય.

❊ ગોવર્ધનદાસ કોઠારી વરતાલના સર્વ સત્તાધીશ હતા, છતાં તેમને અંતરમાં અશાંતિ રહેતી હતી. તેમણે ભગતજી મહારાજના મુખ પર આનંદ જોઈ તેનું કારણ પૂછ્યું, તો ભગતજીએ જણાવ્યું હતું કે, 'આ બધા સંતોને બ્રહ્મની મૂર્તિ દેખું છું, તેનો આનંદ છે.'

ભગતજી જોડે સત્તા કે સંપત્તિ ન હતી. તેમનું અપમાન થતું, છતાં તેમને આનંદ હતો, સમજણથી.

❊ ગઢડા **પ્રથમ-૨૪ના વચનામૃતમાં** બ્રહ્માનંદ સ્વામી મહારાજને પ્રશ્ન પૂછે છે કે અંતરમાં સૂનું સૂનું કેમ રહ્યા કરે છે ? તેના જવાબમાં મહારાજ બે વાત કરે છે - (૧) સત્સંગ અને પ્રગટ ભગવાનની પ્રાપ્તિનો વિચાર કરે તો આનંદ રહે. (૨) ભક્તોની પ્રકૃતિ જોઈને તેમનો અવગુણ ન લે અને તેને સત્સંગ મળ્યો છે તો એનાં મોટાં પુણ્ય છે, એમ મહિમા સમજી ગુણ લે તો આનંદ રહે.

ભક્તોના સ્વભાવો સામે જોવાની દૃષ્ટિ, આપણને જે મળ્યું છે તેનો આનંદ લેવા દેતી નથી. એટલે સૌ પ્રત્યે મહિમાની દૃષ્ટિ રાખવી.

❊ પ્રમુખસ્વામી મહારાજમાં આ સમજણ અતિ દૃઢ છે, તેથી તેઓ અખંડ સુખિયા છે.

❊ ૨૦૦૭, સારંગપુર : સ્વામીશ્રીને સંતોએ પ્રશ્ન પૂછ્યો કે 'આપ સૌ ભક્તોને કેવી દૃષ્ટિએ જુઓ છો ?' તેના જવાબમાં ચાર વિકલ્પ હતા : (૧) ગુરુ શિષ્યને જુએ તેમ (૨) માતાપિતા બાળકને જુએ તેમ (૩) મિત્ર મિત્રને જુએ તેમ (૪) ભગવાન ભક્તને જુએ તેમ.

સ્વામીશ્રી બોલ્યા : 'બધા અક્ષરધામના મુક્તો છે. આ સંતો, હરિભક્તો, યુવકો, બાળકો બધા જ અક્ષરધામના મુક્તો છે. યોગીબાપા પણ એ જ કહેતા.' એટલે જ આતંકવાદી હોય કે પોતાનો વિરોધી હોય, સ્વામીશ્રીને કદીય કોઈનું અહિત કરવાનો વિચાર નથી આવ્યો.

પોતાને ઝેર આપનાર હોય કે અપમાન કરનાર હોય, સૌને ઉદાર દિલે તેઓ ક્ષમા આપી શકે છે

અને અખંડ આનંદમાં રહે છે.

❊ આપણે સૌ પણ આપણી આસપાસના ભક્તો કે પરિવારજનોના સ્વભાવો સામું ન જોતાં, સ્વામીશ્રીની દૃષ્ટિએ જોતાં શીખીએ તો કોઈ પ્રત્યે દ્વેષ ન થાય, અને પરિવારમાં અને અંતરમાં શાંતિ રહે. સૌના સ્વભાવો સહન કરી શકાય અને સૌને ક્ષમા આપી શકાય.

૨) પ્રહ્લાદજીની સમજણ :

❊ શ્રીમદ્ ભાગવત્‌ના ૭મા સ્કંધમાં ૪ થી ૧૦ અધ્યાય સુધી પ્રહ્લાદજીની કથા વિસ્તરેલી છે. તેમનું આખ્યાન પ્રચલિત છે. તેમની સમજણનો મુખ્ય સાર એ છે કે ભગવાનનો અતિશય મહિમા કે ભગવાન જ કર્તા-હર્તા છે અને ભગવાનમાં અતિશય દૃઢ વિશ્વાસ કે ભગવાન જે કરે તે સારું જ કરે !

આ સમજણ જીવનમાં દૃઢ થાય તો ગમે તેવા કપરા સંજોગોમાં પણ પ્રહ્લાદજીની જેમ તનાવ-મુક્ત રહી આનંદપૂર્વક ભજન-ભક્તિ કરી શકાય.

❊ ઈ.સ.૨૦૦૪માં સ્વામીશ્રી દિલ્હી અક્ષરધામના કાર્યનું નિરીક્ષણ કરવા પધાર્યા હતા. આખી સાઈટ પર ચારેય બાજુ અસંખ્ય પથ્થરો ખડકાયેલા હતા. આ દૃશ્ય જોઈ બ્રહ્મવિહારી સ્વામીએ સ્વામીશ્રીને કહ્યું : 'આ સાઈટ આવી જ હાલતમાં કોઈ કંપનીને આપી દઈએ, તો એના છાતીનાં પાટિયાં બેસી જાય. પણ આપને કંઈ થતું નથી કે ક્યારે પૂરું થશે ?'

સ્વામીશ્રી તરત પોતાના હૃદય પર હાથ અડાડીને કહે : 'ભલે બહાર પથ્થરોના પથ્થર પડ્યા હોય, પણ અહીં એક કાંકરી જેટલો પણ ભાર નથી. કર્તા-હર્તા ભગવાન છે, શ્રીજીમહારાજ છે.'

સ્વામીશ્રીએ બધો જ ભાર ભગવાનને સોંપ્યો છે.

ભાર જેણે દઈ દીધો ભગવાનને,
વહી તે તો શકે છે, ભાર બીજાનો સહેલાઈથી.

એટલે જ સ્વામીશ્રી આટલી હળવાશથી વિરાટ સંસ્થાનો અને લાખો હરિભક્તોનો ભાર વહન કરી શકે છે. આ સમજણથી આપણે પણ આપણી કૌટુંબિક, સામાજિક, આર્થિક કે સત્સંગની જવાબદારીઓ વચ્ચે પણ હળવા રહી શકીએ અને ભગવાનની ભક્તિ કરી શકીએ. તેમ છતાં પણ ક્યારેક કાંઈ દુઃખ કે મુશ્કેલી આવી પડે, તો તેમાં પણ 'ભગવાનની ઇચ્છા' એવી સમજણથી રાજી રહેવાય.

❊ કારણ કે,

જે દુઃખે થાય સુખ જનને, તે દે છે દુઃખ દયા કરી,
જેહ સુખે દુઃખ ઉપજે, તે આપે નહિ કે'દિ હરિ.

(ધીરજાખ્યાન)

૩) જનકની સમજણ :

❊ જનક રાજાની સમજણ શ્રીજીમહારાજે **વચનામૃત વરતાલ-૨૦** અને **લોયા-૧૦માં** વખાણી છે.

❊ **વચનામૃત વરતાલ-૨૦માં** મહારાજે જનક રાજાની સાંખ્ય અને યોગની સમજણ વખાણી છે, જેણે કરીને જનક સુલભામાં મોહ્યા નહિ અને મિથિલા બળી છતાં પણ 'તેમાં મારું કંઈ બળતું નથી.' એમ કહી સ્થિર રહ્યા. આ સમજણ એટલે દેહ તથા જગત નાશવંત છે અને પરમાત્માનું સુખ શાશ્વત છે. આ સમજણથી લૌકિક વિષયો મળે કે ન મળે, પણ દુઃખ થતું નથી.

❊ જગત અને પંચવિષય નાશવંત છે, આવી સમજણ ન હતી તેથી ગૌતમ ઘાસ્ટેએ કઢી ન મળતાં તેની પત્નીને મારી નાખી અને દુઃખી થયો, પરંતુ આ સમજણ દૃઢ હતી તો દ્વેષીઓએ ખંભાતના સદાશિવભાઈની હવેલી બાળી નાખી, તોપણ તેમને કોઈના પર ગુસ્સો ન આવ્યો, દુઃખ પણ થયું નહીં અને આનંદમાં રહ્યા.

❊ આ દેહ નાશવંત છે, સૌએ મૃત્યુ પામવાનું છે, એવી સમજણથી ગમે તેવા સ્નેહીના મૃત્યુથી તથા ગમે તેવા દુઃખમાં પણ સ્થિર રહી શકાય.

❊ મુંબઈના એક પ્રતિષ્ઠિત ડોક્ટરનો એકનો એક MBBS થયેલો દીકરો અકસ્માતમાં મૃત્યુ પામતાં

તેઓ હતાશ થઈ ગયા. પરંતુ યોગી બાપાએ તેમને સમજણ આપતાં કહ્યું : 'બધું નાશવંત છે, માટે ભગવાન ભજી લેવા.' અને ડૉક્ટરને આ વિચારથી શાંતિ થઈ ગઈ. તેઓ કહેતા, 'મને એમ કે મારી ગાડી, બંગલો, મિત્રો મને સુખ આપશે. પણ યોગી બાપાના આ શબ્દોએ મને જે સુખ આપ્યું, શાંતિ આપી, તે એ બધાં ન આપી શક્યા.'

આમ, આ સાંખ્યની સમજણ સુખદાયી છે.

* **વચનામૃત લોયા-૧૦માં** મહારાજે જનક રાજાની આત્મનિષ્ઠાની સમજણ વખાણી છે. આપણે આત્મા છીએ, દેહ નથી. દેહ દુઃખરૂપ છે, આત્મા સુખરૂપ છે. આત્માને સુખી થવા કોઈ પદાર્થ, વસ્તુ, માન-અપમાનની અપેક્ષા નથી. તે તો ભગવાનના સુખે સુખિયો છે. આ વિચારથી આપણે જીવનનાં તમામ દ્વન્દ્વોમાં સુખિયા રહી શકીએ.
* ઈ.સ.૧૯૯૫માં પ્રમુખસ્વામી મહારાજના આફ્રિકાના પ્રવાસ દરમ્યાન હર્ષદભાઈ રાણાએ પ્રશ્ન પૂછ્યો હતો : 'બાપા ! એવું કોઈ ઈરેઝર છે, જે ફેરવવાથી સુખ-દુઃખ, માન-અપમાન બધું ભૂંસાઈ જાય ?' સ્વામીશ્રી તરત બોલ્યા, 'એવું રબર તો આપેલું જ છે, પણ કોઈ વાપરતું નથી.' હર્ષદભાઈએ આશ્ચર્ય સાથે પૂછ્યું : 'કયું રબર ?' સ્વામીશ્રીએ કહ્યું : 'કેમ ! મહારાજે શિક્ષાપત્રીમાં કહ્યું છે તે નિજાત્માનં બ્રહ્મરુપં...' આમ, આત્મનિષ્ઠા દ્વારા તમામ સંજોગોમાં સ્થિર રહીને સુખિયા રહી શકાય છે.

આમ, આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામીએ સુખિયા રહેવા માટે આ ત્રણ ભક્તોની સમજણનો નકશો દેખાડી દીધો છે.

* આ સમજણ આપણા જીવનમાં દૃઢ થશે તો સંપત્તિ હશે કે નહિ હોય, દેહમાં સુખ હશે કે દુઃખ, કોઈ આપણો દ્વેષ કરે કે ન કરે, આપણને સફળતા મળે કે નિષ્ફળતા મળે, આ તમામ વિપરીત સંજોગોમાંય આપણે સુખિયા રહી શકીશું અને આ સમજણ વિના બીજું બધું હશે, પણ સુખ નહીં હોય.

તો જેમ જનકરાજાએ પોતાના ગુરુનો સમાગમ કરીને સમજણ દૃઢ કરી હતી, તેમ આપણે પણ આ સમજણ દૃઢ કરવા સત્સંગસભા, કથાવાર્તા સાંપ્રદાયિક ગ્રંથોનું વાંચન રૂપી સમાગમ નિયમિત કરતા રહીએ એ જ પ્રાર્થના.

❀ ❀ ❀

સ્વામીની વાત : ૧ (પ્રકરણ ૧/૩૪૨)

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે...

કથા કરે, કીર્તન કરે, વાતું કરે પણ આ દેહ હું નહીં, એમ માને નહીં માટે આઠે પહોર ભજન કરવું જે, હું દેહ નથી ને દેહમાં રહ્યો એવો જે હું, આત્મા છું, બ્રહ્મ છું, અક્ષર છું ને મારે વિષે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ અખંડ રહ્યા છે. તે કેવા છે ? તો સર્વ અવતારના અવતારી છે સર્વ કારણના કારણ છે ને સર્વ થકી પર છે, તે પ્રગટ આ મને મળ્યા તે છે. આ વાતમાં સાંખ્ય ને યોગ બેય આવી રહ્યા.

સ્વામીની વાતનું નિરૂપણ

- દેહ પોતે નથી તે સાક્ષાત્ દેખાય છે, ને દેહ મનાઈ ગયું છે એ અજ્ઞાન છે.
- આપણે આ દેહ નથી. પણ દેહથી કંઈક જુદુ તત્ત્વ છીએ.
- આપણને થાય કે કાન સાંભળે છે, આંખ જુએ છે. જીભ ચાખે છે, પણ પગ ચાલે છે. પરંતુ હકીકતમાં કાન સાંભળતો નથી, આંખ જોતી નથી. માણસ મૃત્યુ પામે પછી તેની જીભ પર સાકર મૂકો તો ગળી લાગશે ? તેને ભગવાનનો ફોટો બતાવો તો હાથ જોડશે ? તેના પગ એવા ને એવા જ છે. પરંતુ તે ચાલી શકશે ? આ બધાનો ઉત્તર છે, 'ના' એનો અર્થ એવો થયો કે આપણામાં જોનારો, બોલનારો, સાંભળનારો, ચાલનારો બીજો છે.
- તમારો ૧ વર્ષનો ફોટો પાડ્યો હોય ને તમને પૂછે કે આ કોણ છે ? તો તમે કહેશો 'હું શાંતિલાલ' પછી ૫ વર્ષનો, ૨૫ વર્ષે ફોટો પાડીને પૂછે તો પણ જવાબમાં આપશે, 'હું શાંતિલાલ છું.' આ બધા ફોટા જો, લાઈનમાં મૂકો તો એક પણ ફોટો સરખો નહીં લાગે, પણ આપણે કહીએ કે હું છું. આનો અર્થ એ દેહ તમારું સ્વરૂપ નથી.
- આપણા પૂર્વના હાડકાં આપણી સામે પડ્યા હોય તો પણ આપણને ખબર ન પડે. (ગુ. સ્વા.)
- આપણા શરીરમાંથી હાથ કપાઈ જાય તો પણ માણસ જીવતો રહે છે. પગ કપાઈ જાય તો પણ જીવે છે. એક આંખ ન હોય, કાને બહેરો હોય તો પણ મૃત્યુ પામતો નથી. ઘણા માણસો પોતાની એક કીડની ઉપર જીવે છે. શ્વાસનળી કાઢી નાંખી હોય તો પણ જીવે છે. આનો અર્થ એ થયો કે શરીરમાં વિવિધ અંગો હોય કે ન હોય તો પણ આપણે જીવી શકીએ છીએ. એટલે આપણે ને દેહ જુદા છીએ. બંનેને એક બીજા સાથે કોઈ સંબંધ નથી.
- દેહ પોતે છે એ મનાઈ ગયું છે એ અજ્ઞાન છે.
- અગત્રાઈમાં મહારાજે એક ઢેઢનાં છોકરા પાસે સો વાર બોલાવ્યું કે 'તું ઢેઢ નથી, આત્મા છે.

એમ બોલ' પછી પૂછ્યું, 'બોલ, તું આત્મા છે ? ઢેઢ,' તમે કહો છો એટલે આત્મા છું. પણ છું તો ઢેઢ.' મહારાજ કહે : 'આનો જીવ દેહ સાથે કેવો જડાઈ ગયો છે. આ જ અજ્ઞાન છે.'

- આપણે આત્મા છીએ. આત્માને નાત-જાત, દેહ-સગાસંબંધી કશું નથી. તે નિર્લેપ છે. પણ અજ્ઞાને કરીને આ બધું પોતાનું મનાઈ ગયું છે.
- એક ગામમાં એક પટેલના દીકરાને એમ દઢતા થઈ ગઈ કે હું ચોખાનો દાણો છું. ને મહંમદનો કૂકડો મને ખાઈ જશે. બધા સમજાવે કે તારો આકાર જો, આમ બધા દલીલોથી સમજાવે પણ પેલાને મનમાં દઢ થઈ ગયું કે હું ચોખાનો દાણો જ છું.' આપણે પણ પોતાને દેહ માનીએ છીએ તે આવી જ વાત છે.
- આ અજ્ઞાન મૂકીએ તો સુખી થવાય.
- જેમ આપણે કપડાં જૂના થાય ને નવા બદલીએ છીએ. તેમ જીવ, એક દેહ જૂનો થાય, ઘરડો થાય એટલે બીજો બદલે છે (ગીતા)
- દેહરૂપ ડગલાનું વચનામૃત (જુઓ ગ.પ્ર. ૪૪)
- આપણને વધારેમાં વધારે જો કોઈ દુઃખ આપતું હોય તો દેહભાવ-દેહ વિશેની આત્મબુદ્ધિ છે.
- એક સમડી માંસનો લોચો લઈને જતી હતી. બીજી બધી સમડીઓ તેની પાછળ પડી ને તેને ચાંચો મારી હેરાન કરવા લાગી. પેલી સમડીએ જેવો માંસનો લોચો મૂક્યો કે બધી લોચા પાછળ ગઈ. તેમ આપણે આ દેહાધ્યાસનો લોચો મૂકીએ તો બધા દુઃખ જાય.
- આત્માના જ્ઞાનથી સુખ-દુઃખ ખોટા થઈ જાય છે.
- આત્મનિષ્ઠાનો મારગ પાણા વિનાનો છે. તેમાં કોઈ વિધિ ન મળે. જેમ ગુજરાતની ભૂમિમાં પાતાળ સુધી ખોદો તો ય પાણો ન નીકળે તેમ. આપણને પોતાનું સ્વરૂપ આત્મા મનાય. અક્ષર મનાય ને બ્રહ્મ મનાય તે માટે નિત્ય એનો અભ્યાસ કરવો. આ માટે રોજ પૂજામાં નિદિધ્યાસન કરવાની મહારાજ સ્વામીની આજ્ઞા છે.

ફક્ત પોતાનું સ્વરૂપ આત્મા-અક્ષર માનવાથી કાર્ય સરતું નથી. મારા ચૈતન્યન વિશે ભગવાન સદાય બિરાજમાન છે એ પણ માનવાનું છે.

- આવું માનવાથી આત્મનિષ્ઠા સબીજ થાય છે. ભગવાનનું દાસપણું-સેવકપણું રહે. કેવળ આત્મનિષ્ઠાવાળો કૈવલ્યાર્થી છે ને ભગવાનનું સુખ પામતો નથી. (કા.૧)
- ફક્ત આત્મજ્ઞાનમાં ઉપાસનાનું ખંડન થવાનો ભય છે. (ગ.મ. ૨૩)
- અંત સમે આત્મનિષ્ઠા કામ આવતી નથી. (ગ.મ. ૬૧)

આત્મનિષ્ઠાની આ ન્યૂનતા છે. તેથી ભગવાનની ઉપાસના જીવને જોઈએ જ. તો જ એ ભવસાગરને પાર કરી શકે.

- પોતાના સ્વરૂપ અને ભગવાનનો મહિમા- બે ય યથાર્થ સમજવાના છે. આત્મા અને પરમાત્માનો વેગ લગાવવાનો છે. ભગવાનનો યથાર્થ મહિમા સમજ્યા પછી તેમને વિશે ક્યારેય ગૌણતા આવતી નથી. તેમની આજ્ઞા પાળવામાં ઉમંગ રહે છે. નિયમ ધર્મ સચવાય છે. ઉમરેઠમાં નંદરામ ઠાકરે સંતોને રસ રોટલી જમાડી. ચૈત્રનો તાપ હતો. આંબા નીચે મહારાજ બેઠેલા. બધાને ખૂબ જમાડ્યા. તેથી સૌ અકળાય. મહારાજ કહે : 'હવે કોઈ ઝીલણીયા કીર્તન બોલો તો કામ થાય.' ગુણાતીતાનંદ સ્વામી બે કલાક ઊભા ઊભા મૂર્તિનાં પદો બોલ્યા. પોતે સાક્ષાત્ અક્ષરબ્રહ્મ હતા છતાં પ્રગટ ભગવાનનો મહિમા હોવાથી તેમની આજ્ઞા ઝીલી.
- 'મારા ચૈતન્યને વિશે ભગવાન સદા

બિરાજમાન છે.' આ દઢતા થાય તો ત્રણેય - અવસ્થા એક પણ ક્રિયા મન-કર્મ-વચને આજ્ઞા બહાર ન થાય. એમને ગમે એમ જ વર્તાય.

આપણે પણ નિત્ય અભ્યાસ કરવાનો છે કે મારા ચૈતન્યને વિશે શ્રીજીમહારાજ આજે પ્રમુખ રૂપે બિરાજમાન છે ને મારી પ્રત્યેક ક્રિયાને તેઓ જુએ છે.

સ્વામીની વાત : ૨ પ્રકરણ : ૨ વાત : ૬

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે.....

ચાર વાતમાં સુખ છે. તેમાં એક તો ભગવાનની મૂર્તિની સ્મૃતિ, બીજું સાધુનો સમાગમ, ત્રીજું

સદ્વિચાર ને ચોથું તો જીવે વિષયનું સુખ માન્યું છે એ તો દુઃખરૂપ છે, ને સુખ તો ત્રણ વાતમાં જ છે. ને વિષયમાં સુખ છે એવી તો કોઈ મોટાએ કલમ મૂકી જ નથી. ને આત્મારૂપે વર્તવું એ તો દેશ જ નોખો છે. તેમાં કામાદિક દોષ જ નથી, જેમ ગુજરાત દેશમાં પૃથ્વી ખોદે તેમાં પાણો જ ન મળે તેમ.

❀ સ્વામીની વાતનું નિરૂપણ :

❋ આ દુનિયામાં લોકો પોતાને મનગમતી વસ્તુઓ મળે તેને તથા જેમાંથી પંચવિષય ભોગવવા મળે એવા પદાર્થોને સુખરૂપ માને છે પણ ગુણાતીતાનંદ સ્વામી સાચું સુખ નીચેની ત્રણ બાબતોમાં છે એમ સમજાવે છે :

૧. ભગવાનની મૂર્તિની સ્મૃતિ. ૨. સંત સમાગમ. ૩. સદ્વિચાર.

❀ ૧. ભગવાનની મૂર્તિની સ્મૃતિ :

ભગવાન સુખમાત્રનું મૂળ છે, એટલે એમની સ્મૃતિ કરવાથી સુખ પ્રાપ્ત થાય છે.

❋ વચ.વર.૧૬ : અમારે તો નેત્ર મીંચીને ભગવાનની મૂર્તિનું ચિંતવન કરીએ તેમાં જેવું સુખ છે તેવું ચૌદ લોકના રાજ્યને વિષે પણ નથી.

❋ વચ.સા.૧ : ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ જો અનંતકોટિ બ્રહ્માંડના વિષયસુખ ભેળાં કરીએ તો પણ તેના કોટિમા ભાગની બરોબર પણ થાય નહિ.

❋ યોગીજી મહારાજ કહેતા : સમર્તિ (સ્મૃતિ) દુઃખની હરનારી છે.

❋ સ્મૃતિ કેવી રીતે કરવી :

❋ વચ.ગ.પ્ર.૨૨ : હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં સર્વ ક્રિયાને વિષે ભગવાનના સ્વરૂપમાં વૃત્તિ રાખવાનો અભ્યાસ કરવો તો તેને ભજનમાં બેસે ત્યારે ભગવાનમાં વૃત્તિ સ્થિર થાય. અને જેને ભગવાનમાં વૃત્તિ રહેવા લાગે તેને તો કામકાજ કરતે પણ રહે.

❋ સ્વા.વાત-૪/૧ : એક તો त्रिभुवनविभवहेत-वेप्यकुंठ - એટલે અખંડ ભગવાનની સ્મૃતિ કરે. ને બીજો પ્રકાર તો નિષ્ઠા છે તે સ્મૃતિ તો થાય કે ન થાય પણ નિષ્ઠા ફરે નહિ ને નિષ્ઠા થકી त्रिभुवनविभवहेतवेप्यकुंठની સ્થિતિ થઈ છે માટે એ ઠીક છે; ને આપણામાં બહુધા તો નિષ્ઠાની સ્થિતિની ખીલી છે.

❋ જાગાસ્વામી મંદિરના બાંધકામ માટેનાં બેલાં ઘડતા હતા. ત્યાં આવીને ગુણાતીતાનંદ સ્વામીએ ટકોર કરી કે, 'ભલે બે બેલાં ઓછાં ઘડાય, પણ સ્મૃતિ કરતાં કરતાં સેવા કરો.'

❋ વચ.ગ.પ્ર.૩૮ : મનને ભગવાનનાં જે ચરિત્ર તેનું જે મહિમાએ સહિત નિત્ય સ્મરણ તે રૂપ ફૂલને વિષે વાસવું. અને ભગવાનના ચરિત્રરૂપ જાળાને વિષે મનને ગૂંચવી મેલવું ને ભગવાનના ઘાટ મનમાં કર્યા કરવા.

❋ આપણે દરેક ક્રિયામાં પ્રમુખસ્વામી મહારાજની સ્મૃતિ કરવાનો પ્રયત્ન કરવો. તદ્ઉપરાંત આપણને મંદિરની મૂર્તિના શણગાર ગમી ગયા હોય તો તે સંભારવા, અથવા કોઈ કીર્તનની કડી, કથાવાર્તાનો મુદ્દો, મહિમાનો વિચાર, સ્વામીબાપાનો આપણી સાથેનો પ્રસંગ કે ઉત્સવ-સમૈયાની સ્મૃતિ, કે મનમાં 'સ્વામિનારાયણ' મંત્રનું રટણ કર્યા કરીએ એને પણ સ્મૃતિ રાખી કહેવાય.

૨. સાધુનો સમાગમ :

❋ મુક્તાનંદ સ્વામી :

સુખદાયક રે, સાચા સંતનો સંગ, સંત સમાગમ કીજીયે;
જી રે સંત સમાગમથી ટળે, આશા તૃષ્ણા રે,
ઈર્ષ્યા અભિમાન, મોહ મત્સર મમતા બળે;
પ્રગટે ઉરમાં રે, પ્રભુનું દૃઢ જ્ઞાન.

❋ વચ.ગ.પ્ર.૧૪ : સંતનો સમાગમ મળ્યો છે તે તો મને પરમ ચિંતામણિ અને કલ્પવૃક્ષ મળ્યો

છે અને ધન, દોલત, દીકરા, દીકરી એ તો સર્વે સ્વપ્નતુલ્ય છે અને સાચો લાભ તે સંતનો સમાગમ મળ્યો એ જ છે.

* વચ.ગ.પ્ર.૭૦ (ભાવાર્થ) : સંત સમાગમે કરીને શૂળી જેટલું દુઃખ હોય તે કાંટાથી મટે છે.
* સ્વા.વાત-૨/૩૯ : મોટા સંતનો સમાગમ તો ભગવાન ભેળું રહેવું તે કરતાં પણ અધિક છે.
* આદિ આચાર્ય રઘુવીરજી મહારાજે તમામ જવાબદારીઓ તથા માન-મોટપનો ત્યાગ કરીને તીર્થવાસી થઈને જૂનાગઢ જઈને ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કર્યો, તો સ્વામીએ એમની તમામ ગ્રંથીઓ ગાળી દીધી, અને ગુણાતીત સ્થિતિને પમાડ્યા.
* નારદજીના ઉપદેશથી વાલિયા લૂંટારામાંથી વાલ્મિકિ ઋષી બન્યા.
* અનેક કુકર્મો કરી ચૂકેલા બોચાસણના હીરાભાઈ મુખી શાસ્ત્રીજી મહારાજના સમાગમથી આદર્શ ભક્ત બન્યા.
* તળાજાના રિસુભા વાળા દારૂ, વ્યસનો, અને ગૂંડાગીરીમાં ચકચૂર હતા, પરંતુ પ્રમુખસ્વામી મહારાજના થોડા જ સમાગમથી એમનું હૃદય-પરિવર્તન થયું. આજે તેઓ એક આદર્શ સત્સંગીના રૂપમાં અનેકને પ્રેરણા આપી રહ્યા છે.
* આજના દિવસે આપણે આ પ્રકારે સંત સમાગમ કરી શકીએ : પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન-સમાગમનો શક્ય એટલો નિયમમાં રહીને લાભ લેવો, મંદિરોમાં જઈએ ત્યારે અથવા સંતો આપણા ગામમાં પધારે ત્યારે કથા-વાર્તાનો લાભ લેવો, અઠવાડિક સભામાં નિયમિત હાજરી આપવી, સદ્‌ગ્રંથોનું નિત્ય વાચન કરવું.

૩. સદ્વિચાર :

મુમુક્ષુ પોતે ગુરુના સમાગમથી અથવા સદ્‌ગ્રંથોમાંથી અથવા પોતાની બુદ્ધિથી એવા સારા વિચારને પામે છે કે જેથી તે સુખી રહે છે. વચ.ગ.મ.૬૦ પ્રમાણે આત્મવિચાર, ભગવાનના મહિમાનો વિચાર અને સાંખ્ય વિચાર - એ સદ્વિચાર છે.

* નેનપુરના દેવજી ભગતનો એકનો એક જુવાન દીકરો ધામમાં ગયો. એમનાં પત્નીએ મહારાજને કહ્યું, ‘દીકરો સુખીયો હતો અને વધારે સુખીયો થઈ ગયો, કારણ કે એને સમાધિ થતી હતી, પણ જો સંસારની પળોજણમાં પડત, તો સમાધિ છૂટી જાત. એના બદલે હવે આપની મૂર્તિનું સુખ લેશે.’
* ભગવાન બુદ્ધને એક વિરોધીએ ખૂબ ગાળો દીધી. એમણે શાંતિથી સાંભળી લીધી. કોઈએ પૂછ્યું, ‘તમને કાંઈ તકલીફ ન થઈ ?’ બુદ્ધ કહે, ‘કોઈ મને એક વસ્તુ આપે, પણ હું લઉં નહિ તો ?’ ‘તો એ એની પાસે જ રહે.’ ‘તો એ રીતે જ મેં આ ગાળો લીધી નથી.’
* જૂનાગઢના યોગેશ્વરદાસ સ્વામી એકટાણાં કરતા. એક વખત હરિભક્તોના અતિશય આગ્રહથી સાંજે ભંડારમાં જમવા ગયા. ત્યાં ભંડારીએ ‘કેમ બીજીવાર પત્તર પલાળો છો ?’ - એમ કહીને પત્તર આંચકી લીધું અને ઉઠાડી મૂક્યા. તો એ કહે, ‘સારું થયું, મારો નિયમ સચવાયો.’
* મહારાષ્ટ્રના સંત તુકારામને વિરોધીઓએ માથે મુંડન કરી ગાજર-રીંગણની માળા પહેરાવી અવળે ગધેડે બેસાડી ગામમાં ફેરવ્યા. એમની પત્ની રડવા લાગી, તો એ કહે, ‘આમાં તો આપણને ઘણો ફાયદો થયો. મફતમાં મુંડન થઈ ગયું. ચૂનો ચોપડ્યો એટલે ખોડો મટી જશે. મફતમાં શાક-ભાજી મળી ગયાં. લગ્ન વખતે ફુલેકું નહોતું નીકળ્યું તે આજે નીકળ્યું. આમાં શું ખોટું થયું ? આમાં રડવાનું ન હોય.’

* મીતીયાળાના વીરા શેલડીયા ગઢડા ગયેલા ત્યારે દ્વેષી દરબારે એમનાં ઘર સળગાવી દીધાં. તો એ કહે, 'સારું થયું, અમે તો જીવતા બચી ગયા !'
* આમ, ગમે તેવું આપણું માન-અપમાન થાય, મનધાર્યું ન થાય, દુઃખો આવે, તો પણ સવળું લેતાં શીખીએ, તો દુઃખી ન થવાય.

❀ વિષયમાં સુખ નથી :

* વચ.વર.૧૯ : ભગવાનના ધામનું જે સુખ છે તેની આગળ માયિક પંચવિષયનું સુખ છે તે તો નરક જેવું છે.
* વચ.ગ.અં.૨૭ : માયિક સુખ તો તુચ્છ છે ને નાશવંત છે ને અંતે અપાર દુઃખનું કારણ છે.
* સ્વા.વાત : વિષય ભોગવવા સારા લાગે છે પણ તેનું ફળ દુઃખ છે, ને સારા વિષય ને નરસા વિષય એ બેય નાશવંત તો છે, પણ નરસામાં દુઃખ છે ને દોષ નથી ને સારામાં દુઃખ ને દોષ બેય છે.
* ભગતજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીએ રાજી થઈને વર આપ્યો કે, 'તું ઘરે જા, તને ૬૦,૦૦૦/- રૂા. મળશે. તું લગ્ન કરજે. હું તને બૈરાં-છોકરાં સહિત અક્ષરધામમાં લઈ જઈશ.' પરંતુ ભગતજી મહારાજે એનો અસ્વીકાર કરતાં કહ્યું, '૧૩ વર્ષ ગોપાળાનંદ સ્વામીનો અને ૯ વર્ષ તમારો સમાગમ કર્યો, પણ એમાં વિષયમાં સુખ છે એવી વાત કોઈ દિવસ આવી નથી.'
* પંચવિષય ભોગવવાને માર્ગે આગળ વધેલાં તમામ દુઃખી જ થયાં છે. અત્યંત ધનવાન, બુદ્ધિશાળી, વિલાસી રાજા સોલોમને અંત સમયે પોતાને જીંદગીમાં કાંઈ જ સુખ ન મળ્યાનો એકરાર કર્યો છે. વિશ્વવિજેતા સિકંદર પણ અસહાય-અસંતોષી માનસ સાથે મર્યો છે. નંદરાજાએ ભેળું કરેલું આખી પૃથ્વીનું ધન જ એના મોતનું કારણ બન્યું છે. ઈન્દ્ર, બ્રહ્મા, સૌભરી, પરાશર, વિશ્વામિત્ર વિગેરે સ્ત્રી-આસક્તિને લીધે પડી ગયા છે.

❀ આત્મારૂપે વર્તવું :

* વચ.લો.૬ : આત્મનિષ્ઠારૂપ એક ગુણ આવે તો સર્વે ગુણ માત્ર આવે છે.
* સ્વા.વાત-૬/૮૪ : આત્મનિષ્ઠ થવું, તે કાંઈ જોઈએ જ નહિ, એ મારગમાં દુઃખ ન મળે.
* આપણે આ રીતે રહીને આત્મનિષ્ઠા દૃઢ કરવાની છે : વહેવારિક સુખ-દુઃખ આવે તેણે કરીને સુખી-દુઃખી ન થવું, ભગવાનની ઈચ્છાથી જેટલું મળે એનાથી જ સંતોષ માનવો, સત્સંગ જીવનમાં પ્રધાન રાખવો, માન-અપમાનમાં ધીરજ ન ગુમાવવી, પ્રમુખસ્વામી મહારાજને આપણા આત્મા માનવા - એટલે કે જે કાંઈ સંજોગો ઉપસ્થિત થાય એમાં આપણી જગ્યાએ સ્વામી હોય તો કેવી રીતે વર્તે - એવો વિચાર કરી સુખીયા રહેવું.

◆

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે :

ચાર વાતમાં સુખ છે. તેમાં એક તો ભગવાનની મૂર્તિની સ્મૃતિ, બીજું સાધુનો સમાગમ, ત્રીજું સદ્‌વિચાર, ને ચોથું જીવે વિષયનું સુખ માન્યું છે એ તો દુઃખરૂપ છે, ને સુખ તો ત્રણ વાતમાં જ છે. ને વિષયમાં સુખ છે એવી તો કોઈ મોટાએ કલમ મૂકી જ નથી.

● **પ્રારંભ અને પૂર્વભૂમિકા :**

❋ એક કવિએ કહ્યું છે :

કયાં છે મજા ? ક્યાં છે મજા ? કહે તું મુસાફર વિશ્વના,
દુનિયા મહીં કયાં છે મજા ? શોધી લઉં શામાં મજા ?
છે ખુશીની ખાણ શું આ વિશ્વને કોઈ ખૂણે ?
દેખાડી દે ! જો હોય તો, ખોદી લઉં ત્યાંથી મજા.

દુનિયામાં ખુશીની, સુખની ખાણ બધા શોધે છે. બધાને તેમાંથી સુખનું સોનું ખોદી લેવું છે. લોકો સુખ મેળવવા માટે જાત-જાતના પ્રયત્નો કરે છે...

❋ સ્વિડનમાં માણસ દીઠ બબ્બે કાર અને સ્વીમિંગ પુલ છે. રોટી માટે તેમને ઝઝૂમવું પડતું નથી, છતાં, લોકોને કંટાળો આવે છે. આને Boredom (બોરડમ)કહે છે. તે દૂર કરવા જાતજાતના પ્રયત્નો થાય છે.

❋ ઇંગ્લેન્ડના બ્લેકપુલ નામના મનોરંજનના સ્થળે ધનાઢ્યો પોતાની મોંઘામાં મોંઘી રોલ્સરોયસ મોટરકાર એક બાજુ મૂકીને ગધેડા પર સવારી કરવા આવે છે.

❋ અમદાવાદમાં લોકો ફાઈવ સ્ટાર હોટેલોનાં ખાણાં છોડીને હોટેલ વિશાલામાં ગામડાની દેશી પદ્ધતિથી જમવા જાય છે.

❋ આમ, ખુશીની ખાણ શોધવા લોકો જુદી જુદી દિશાઓમાં દોટ મૂકે છે, પણ અંતે ઠેરના ઠેર. તો પછી સાચી ખુશીની ખાણ છે ક્યાં ? ગુણાતીતાનંદ સ્વામી સુખની સાચી ખાણ બતાવે છે.

❋ ***(આટલી પૂર્વભૂમિકા બાંધી સ્વામીની વાત વાંચવી)***

❋ અહીં સ્વામી જે ચાર બાબતો બતાવે છે તેમાં અપાર સુખ રહ્યું છે. આપણે પણ એમાંથી અનંત સુખ પ્રાપ્ત કરી શકીએ, જો તેમાંથી સુખ લેતાં આવડે તો. ભોજન તો મળે, પણ જ્યાં સુધી સારી રીતે કોળિયો મોંમાં ન મૂકીએ, ત્યાં સુધી જમવાનું સુખ ન આવે. તેમ આ ચારેય બાબતોમાં સુખ તો રહ્યું છે, પરંતુ એ મેળવવાની સાચી રીત જ્યાં સુધી ન શીખીએ અને એ પ્રમાણે વર્તીએ નહીં, ત્યાં સુધી સુખ આવે નહીં.

અહીં આપણે આ ચારેય બાબતોમાંથી સુખ પ્રાપ્ત કરવાની રીત સમજીશું. પહેલી બાબત છે...

(૧) ભગવાનની મૂર્તિની સ્મૃતિ :

❋ યોગીજી મહારાજ કહેતા કે 'ભગવાનની સમર્તિ દુઃખની હરનારી છે.' ભક્ત કવિઓ કહે છે કે 'મેં તો સુમિરન મેં સુખ પાઉં.'

(૧.૧) સ્મૃતિથી લાભ :

❋ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે, 'કોઈ ભગવાન સંભારે તેની સેવા મારે કરાવવી, ને તેનાં લૂગડાં મારે ધોવડાવવાં, ને તેને મારે બેઠાં બેઠાં ખાવા દેવું.' (સ્વામીની વાત : ૧/૨૭૬) સ્મૃતિ કરનારના વ્યવહારની જવાબદારી ભગવાન અને સંત પોતાને શિરે લે છે.

❋ વળી, સંસારમાં રહેવાથી લૌકિક બાબતોમાં મન પરોવવું પડે. એને લીધે મનમાં લૌકિક પદાર્થોની સ્મૃતિ સહેજે થઈ આવે, પરંતુ આ લૌકિક સ્મૃતિ બંધનકારી છે. એટલે તેની વિસ્મૃતિ થાય તે પણ જરૂરી છે. નહીં તો ભરતજી જેવું થાય.

❋ તુલસીદાસજી કહે છે :

એક મૃગ કે વાસતે, ભરત ધર્યો તીન દેહ;
તુલસી ઉનકી ક્યા ગતિ, જો ઘટ ઘટ કરત સનેહ.

❋ ભરતજીને એક મૃગલામાં સ્નેહ થયો, પરિણામે અંતકાળે તેની સ્મૃતિ થઈ આવી, અને ત્રણ જન્મ

લેવા પડ્યા. તો પછી જેને સંસારમાં ઘણાં બધાં સાથે સ્નેહ છે, તેની શી ગતિ થશે ?

* લૌકિક સ્મૃતિની વિસ્મૃતિ થાય અને અંતકાળે ભગવાનની સ્મૃતિ થઈ આવે, તે માટે કાયમ સ્મૃતિ કરવાની ટેવ પાડવી પડે.
* વચનામૃત ગઢડા પ્રથમ-૧૪માં ભગવાન સ્વામિનારાયણ કહે છે, 'હમણાં જેવી મતિ હશે તેવી અંતકાળે ગતિ થશે.' એટલે સંસાર-વ્યવહારનાં કાર્યોની સાથે સાથે જ ભગવાનની સ્મૃતિ કરવાની ટેવ પાડીશું, તો અંતકાળે ભગવાનની સ્મૃતિ થઈ આવશે.

(૧.૨) ભગવાનની મૂર્તિની સ્મૃતિની રીત :

■ ચરિત્રોની સ્મૃતિ કરવી :

* વચનામૃત ગઢડા પ્રથમ-૩૮માં કહ્યું છે કે જે ઝાઝું ન સમજતો હોય તેના માટે લીલાચરિત્ર સંભારી રાખવાં એ જ શ્રેષ્ઠ ઉપાય છે.
* વચનામૃત ગઢડા પ્રથમ-૩માં કહ્યું છે કે જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય, તેણે પણ ભગવાનનાં લીલાચરિત્રો સંભારી રાખવાં.
* આમ, સાધકથી લઈ સિદ્ધ સુધી ચરિત્રોની સ્મૃતિ કરવી સુખદાયી છે, તેવું મહારાજ જણાવે છે.
* મહંત સ્વામી આ અંગે પોતાનો એક અનુભવ જણાવે છે. તેઓએ હૃદયની બાયપાસ સર્જરી કરાવી હતી. ત્યાર પછી આરામમાં હતા ત્યારે ખૂબ જ કળતર થાય, અતિશય પીડા થાય. ઘણી દવા લીધી, એ.સી.વાળો રૂમ. અરે ! આત્મવિચાર પણ ખૂબ કર્યો, પણ મન પીડામાંથી દૂર ખસ્યું જ નહીં. સુખ ન થયું. પછી અચાનક જ યોગીજી મહારાજનો એક પ્રસંગ યાદ આવી ગયો. પછી તો તેમાંથી યોગીજી મહારાજનો અને સ્વામીશ્રીનો લાભ લીધેલો તે પ્રસંગો યાદ આવવા લાગ્યા, અને બધું દુઃખ વીસરાઈ ગયું.
* શાસ્ત્રીજી મહારાજને પણ એક વાર તાવ આવેલો, ત્યારે તેઓએ ભગતજી મહારાજનાં ચરિત્રોની કથા કરી અને તાવ ઊતરી ગયો.
* આમ, આપણે પણ સ્વામીશ્રીના પ્રસંગોની સ્મૃતિ કરવાની ટેવ પાડવી જોઈએ.

■ ભક્તિ સંબંધી ક્રિયા કરતાં કરતાં સ્મૃતિ કરવી :

* નિત્યપૂજા, આરતી, મંદિરદર્શન, વગેરે નિત્યક્રમની ભક્તિ સંબંધી ક્રિયાઓમાં ચરિત્રોની સ્મૃતિ કરવાની ટેવ પાડવી જોઈએ.

દા.ત. તિલક-ચાંદલો કરતી વખતે સ્વામીશ્રીનાં તિલક-ચાંદલો કરતાં દર્શન કર્યાં હોય કે સ્વામીશ્રી તિલકિયું છેક ભાલથી ઉપર સુધી લઈ જાય છે, ચાંદલો કર્યા પછી આંગળી વળે ચાંદલો ઘૂંટે છે, વગેરે સ્મૃતિ કરી શકાય.

– મંદિરમાં દર્શન કરતી વખતે દર્શન કર્યા પછી પ્રદક્ષિણા ફરતાં ફરતાં કે દંડવત કરતાં ઠાકોરજીના શણગારની સ્મૃતિ કરી શકાય. મંદિરની પ્રદક્ષિણામાં બેઠક રાખવામાં આવે છે, તેનો હેતુ વડીલો કહે છે કે દર્શન કર્યા પછી ત્યાં બેસી મૂર્તિના શણગારની સ્મૃતિ થાય.

* એક વાર યોગીબાપા મુંબઈમાં ઠાકોરજીનાં દર્શન કરતા હતા, ત્યારે આગલા સાત દિવસના શણગાર ક્રમમાં યાદ કરીને બોલી ગયા હતા.

– આરતી-અષ્ટક બોલતા હોઈએ, ત્યારે તેના શબ્દોની સાથે મહારાજ કે સ્વામીશ્રીના ગુણોનું સ્મરણ કરી શકાય.

* ત્યાગવલ્લભ સ્વામી કહે છે કે 'આપણે આરતી, પૂજા વગેરેમાં સમય તો આપીએ જ છીએ. તો પછી માત્ર સ્થૂળ રીતે બધું કરીએ, એના કરતાં એ સમયમાં સ્મૃતિ કરી એનો યોગ્ય ઉપયોગ કેમ ન કરી લઈએ ?'

■ નિત્ય ચેષ્ટાગાન દ્વારા સ્મૃતિ :

* ભગવાન સ્વામિનારાયણ સ્વધામ પધાર્યા પછી મોટેરા પરમહંસોએ મહારાજની નિત્ય સ્મૃતિ થાય તે હેતુથી નિત્ય ચેષ્ટા બોલવાની પ્રણાલી શરૂ કરી.
* ચેષ્ટાનાં પદોમાં મહારાજનાં ચરિત્રો, ગુણો અને મૂર્તિનું તાદૃશ વર્ણન છે.

* આજે પણ કેટલાય હરિભક્તો આ નિયમ-ચેષ્ટામાં દૃઢ છે. અરે ! દેશ-પરદેશમાં યુવકો પણ નિત્ય ચેષ્ટાના નિયમ દૃઢતાથી પાળે છે.
* તા.૧૪-૫-૨૦૦૭ને દિવસે સ્વામીશ્રી નૈરોબીમાં વિરાજમાન હતા. અલ્પાહાર દરમ્યાન યુવક મંડળનો અહેવાલ અપાયો. તેમાં એક યુવકની વાત કરતાં કાર્યકરોએ કહ્યું, 'ધવલ પટેલ, કેન્યા એરવેઝનો પાઈલટ છે. તેઓ પાઈલટનો અભ્યાસ કરવા માટે અમેરિકા ગયા. ટ્રેનિંગ માટે સ્વિડન જવાનું થયું. રોજ ચેષ્ટાનો નિયમ એટલે આઈપોડમાં રેકોર્ડ કરેલી ચેષ્ટા રોજ સાંભળીને બોલે. એક દિવસ આઈપોડ ચાલ્યું નહીં. તો ધવલે સંતોને ફોન કરીને અંગ્રેજી લિપિમાં ચેષ્ટા હોય તો ફેક્સ કરવાની વિનંતી કરી. સંતોએ ફેક્સ કર્યો ને એણે આ રીતે નિયમ સાચવ્યો.
* દેશમાં કેટલાંક ગામોમાં હરિભક્તો હરિમંદિરમાં ભેગા થઈ ચેષ્ટા બોલે છે. આમ, ચેષ્ટા બોલવાનો નિયમ હોય તો રાત્રે સૂતાં પહેલાં મૂર્તિની સ્મૃતિ સહેજે સહેજે થઈ જાય.

■ **બિનજરૂરી ક્રિયાઓને બદલે સ્મૃતિ કરવી :**

* હરતાં ફરતાં જે મોઢે મનગમતાં ફિલ્મી ગીતો ગવાય છે, તે મોઢે ભગવાનનાં ભજન પણ ગાઈ શકાય.
* ક્યાંક ટોળે મળીને ગામગપાટા કે છાપાના સમાચારની ચર્ચા થાય છે, ત્યાં સ્વામીશ્રીનાં લીલાચરિત્રો કે મહિમાની વાતો પણ થઈ શકે.
* કો'કનાં લગ્નમાં ગયા હોઈએ અને નવરા બેઠા બેઠા હાથમાં રૂમાલ રમાડીએ, કે પછી કીચેઈન આંગળીમાં ભરાવી ટાઇમપાસ કરીએ, તેના કરતાં તે વખતે માળા ફેરવી, ભગવાનનું નામ-સ્મરણ કરીને પણ સમયનો ઉપયોગ કરી શકાય.

■ **અન્ય ક્રિયાઓ કરતાં કરતાં સ્મૃતિ કરવી :**

* ભગવાન કૃષ્ણ જ્યારે ગાયો ચરાવવા જતા, ત્યારે ગોપીઓ ઘરનું કામકાજ કરતાં કરતાં આખો દિવસ તેઓનું સ્મરણ કર્યા કરતી. તે ભાવો ભાગવતમાં યુગલ ગીતમાં સમાવવામાં આવ્યા છે. ગોપીઓની આ ટેવને સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ સરળ શબ્દોમાં વર્ણવી છે કે...

હરતાં ફરતાં કામ કરતાં, કૃષ્ણ કૃષ્ણ કરે કામની;
પ્રીત વશ થઈ પ્રમદા, જાતિ જાણે નહીં દિન જામની.

આપણને થાય કે આવી રીતે હરતાં ફરતાં અને કામ કરતાં કરતાં સ્મૃતિ કરીએ, તો કામકાજમાં ભલીવાર ન આવે, પરંતુ એવું નથી. એક સાથે બે ક્રિયાઓ સારી રીતે કરી શકાય છે.

■ **ક્રિયા કરતાં કરતાં સ્મૃતિની ટેવ પડી શકે ?**

* છાપું વાંચતાં વાંચતાં ચા પિવાય છે.
* ગાડી ચલાવતાં ચલાવતાં વાતો થાય, ટેપમાં સીડી મૂકી ચાલુ કરી શકાય, ગીતો સંભળાય, નાસ્તો થાય, તોપણ રસ્તા તરફ નજર રહે. બધી ક્રિયા એકસાથે થઈ શકે, કારણ કે તેનો અભ્યાસ છે, ટેવ પાડી છે.
* મહારાજ વચનામૃત ગઢડા અંત્ય-૯માં કહે છે કે 'જેમ પાણિયારી (પનિહારી) હોય તે કૂવા ઉપર જળ સિંચવા જાય છે, ત્યારે કૂવાના કાંઠા ઉપર પગ મૂક્યો હોય તેની પણ સૂરત રાખે છે જે રખે કૂવામાં પડી જાઉં, અને બીજી વૃત્તિએ કરીને કૂવામાંથી પાણી સિંચે છે. વળી, બીજું દૃષ્ટાંત : જેમ કોઈક પુરુષ ઘોડે ચડ્યો હોય ત્યારે ઘોડાનાં પેંગડાંમાં પગ હોય ત્યાં પણ સૂરત રાખે, અને ઘોડાની લગામ પકડી હોય ત્યાં પણ સૂરત રાખે. અને દોડતાં થકાં વાટમાં ઝાડ આવે, ખાડો આવે, પથરો આવે ત્યાં પણ સૂરત રાખે. એવી રીતે આ સર્વે સાધુ અંતર સન્મુખ દૃષ્ટિ રાખી ભગવાનની સેવામાં પણ રહે છે, અને દેહની ક્રિયા પણ કરે છે.'
* આમ, જો અભ્યાસ રાખીએ, તો ક્રિયા કરતાં કરતાં ભગવાનની સ્મૃતિ કરવાની ટેવ પણ પડે.
* આવી રીતે આપણી રોજિંદી ક્રિયાઓમાં સ્મૃતિ જોડી દેવી જોઈએ.
* આજના જમાનામાં મોબાઈલ ફોન, આઈપોડ, ઓડિયો-વીડિયો ડીવીડી, ઈન્ટરનેટ વગેરે જેવાં આધુનિક સાધનો દ્વારા સ્મૃતિ કરવી સરળ પડે. આ

સાધનોના ઉપયોગથી નવરાશના સમયે કે હરતાં ફરતાં ભજન, કથા, જીવચરિત્રની ઓડિયો બુક વગેરે સાંભળીએ એ તો સારું જ છે, પરંતુ એટલું પૂરતું નથી. સાથે સાથે મુખપાઠ કરવો, અને પ્રત્યક્ષ જોયેલાં કે સાંભળેલાં સત્પુરુષનાં ચરિત્રોની નોંધ કરવી એ પણ જરૂરી છે.

■ **મુખપાઠ દ્વારા સ્મૃતિ :**

* કેટલાકને એવી ટેવ હોય કે કથાપ્રવચનની ઓડિયો સીડી કે સત્સંગની વીડિયો વગેરે ભેગું કર્યા કરે. આઈપોડમાં કે મોબાઈલની મેમરીમાં કેટલાંય પ્રવચનો, ભજનો ભરી રાખે, પરંતુ યાદ કશું ન હોય. એટલે જ્યારે સાધન ઉપલબ્ધ ન હોય ત્યારે સ્મૃતિ ન થઈ શકે, પણ જો મોઢે કર્યું હોય તો સાધનોની ગુલામી વિના ગમે ત્યારે, ગમે તે અવસ્થામાં સ્મૃતિ થઈ શકે. ઘડપણમાં શરીર ચાલતું ન હોય, આંખે ઓછું દેખાતું હોય, કાને ઓછું સંભળાતું હોય ત્યારે મુખપાઠ કરેલું જ કામ લાગે છે.
* આપણને ગમતાં ભજનો, મહારાજ કે સ્વામીશ્રીના મનગમતા પ્રસંગોનો મુખપાઠ કરી રાખ્યો હોય, તો તેને હરતાં-ફરતાં વાગોળી શકાય.
* એટલે યોગીજી મહારાજ યુવકોને કીર્તનો મોઢે કરાવતા. એટલે જ બાળમંડળ-યુવકમંડળમાં નાનપણથી જ મુખપાઠની ટેવ પાડવામાં આવે છે.

■ **જોયેલાં કે સાંભળેલાં ચરિત્રોની નોંધ :**

* વચનામૃત ગઢડા પ્રથમ-૩૮માં શ્રીજીમહારાજ કહે છે, 'ભગવાનનાં ચરિત્રરૂપ જાળાને વિશે મનને ગૂંચવી મેલવું ને ભગવાનના ઘાટ મનમાં કર્યા કરવા. એક શમ્યો ને બીજો કરવો. બીજો શમ્યો ને ત્રીજો કરવો. એમ ને એમ મનને નવરું રહેવા દેવું નહીં.'
* આપણને થાય કે સતત સ્મૃતિ કરવી કેવી રીતે ? આપણે ક્યાં એટલું બધું જાણીએ છીએ ? પણ મહારાજ કહે છે કે "એવી રીતે ભગવાનનાં જે ચરિત્ર તથા વાર્તા તથા દર્શન તે એક દિવસનાં જો સંભારવા માંડે તો તેનો પાર ન આવે. તો સત્સંગ થયા તો દસ-પંદર વર્ષ થયાં હોય એનો તો પાર જ ન આવે. અને તે એવી રીતે સંભારવાં જે, 'આ ગામમાં આવી રીતે મહારાજ તથા પરમહંસની સભા થઈ, અને આવી રીતે મહારાજની પૂજા થઈ ને આવી રીતે વાર્તા થઈ. ઇત્યાદિક જે ભગવાનનાં ચરિત્ર તેને વારંવાર સંભારવાં."
* દર્શન, કથા અને ચરિત્રો વગેરે યાદ રાખવા કેટલાક હરિભક્તો ડાયરીમાં નોંધી રાખે છે, અને તેને આધારે અવારનવાર સ્મૃતિ કરે છે. ઘનશ્યામચરણ સ્વામી, વિવેકસાગર સ્વામી, કોઠારી ભક્તિપ્રિય સ્વામી જેવા મોટેરા સંતો પણ સ્વામીશ્રીનાં દર્શન થયાં હોય તેની નોંધ રોજ રોજ ડાયરીમાં ટપકાવી દે છે, અને સમયાંતરે તેનું વાંચન કરીને યાદ રાખવા પ્રયત્ન કરે છે. આવી ટેવ પાડીએ તો સ્મૃતિનો ખજાનો જમા કરી શકાય.
* સ્મૃતિ પછી સુખની બીજી ખાણ છે...

(૨) સંતસમાગમ :

(૨.૧) સંતસમાગમથી શાંતિ :

* સંતનાં દર્શનમાત્રથી જ સંસારના ત્રિવિધ તાપથી તપેલા જીવોને શાંતિનો અનુભવ થાય છે.
* પ્રમુખસ્વામી મહારાજ વલસાડ જિલ્લાના ટાંકલ ગામે શિક્ષક શિબિરમાં પધાર્યા હતા. તે શિબિરમાં સુરતના પ્રસિદ્ધ શાયર શ્રી ગની દહીંવાલાએ સ્વામીશ્રીનાં દર્શન કર્યાં. સ્વામીશ્રીનાં દર્શનથી પોતાને થયેલ શાંતિની અનુભૂતિ તેમણે એક પંક્તિ દ્વારા રજૂ કરી હતી...

હસી રહી'તી મંઝિલો, છૂટી ગયો'તો કાફલો,
થઈ રહ્યો હતો, બધે દિશાઓનો મુકાબલો,
મને થતું કે કોણ હવે, લઈ જશે ઉજાસમાં,
પ્રભુ કૃપા કે સંત, તમે મળ્યા જીવન પ્રવાસમાં.

સુખ-શાંતિના તમામ રસ્તા બંધ થઈ જાય, બધા સાથ છોડી દે, દશે દિશાઓથી અશાંતિનું અંધારું આવી ચડે, ત્યારે સંતનો સમાગમ જ શાંતિના ઉજાસમાં લઈ જાય છે.

(૨.૨) સંતસમાગમથી જીવન-પરિવર્તન :

* સંતસમાગમની આ ખાણ એવી છે કે તેમાંથી સોનું નહીં, પણ 'પારસમણિ' મળે છે. જેમ પારસમણિ લોઢાને પોતાના સ્પર્શમાત્રથી સોનું બનાવે છે, તેમ અલ્પ જેટલો સંતસમાગમ પણ વ્યક્તિનું સમૂળું પરિવર્તન કરી શકે છે.
* સને ૧૯૭૭માં પ્રમુખસ્વામી મહારાજ લુસાકાથી જ્હોનિસબર્ગ જતા હતા. એરપોર્ટ ઉપર ત્યાંના બે-ત્રણ કર્મચારીઓ મળી ગયા. સ્વામીશ્રીએ તેમને સહેજે થોડી વાતો કરી, પણ ત્રણેને એવી અસર થઈ કે એમણે પોતાનાં બધાં વ્યસનો ને કુટેવો છોડી દીધાં ! ફરી જ્યારે '૮૦ની સાલમાં એ બધા સ્વામીશ્રીને મળવા આવ્યા, ત્યારે અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ લઈને આવેલા ને કહે, 'સ્વામી ! તમે જે નિયમ આપેલા કે દારૂ ન પીવો, સિગારેટ ન પીવી, માંસ ન ખાવું - આ બધા જ નિયમ આજે ત્રણ વર્ષ થયાં, પણ હજી પાળીએ છીએ. આપે અમારા જીવનમાં શાંતિ કરી દીધી.'

આ છે થોડા જ સંતસમાગમનો પ્રતાપ ! સત્સંગનું એવું બળ છે કે આપણને ખબર પણ ન પડે અને પરિવર્તન થતું રહે છે !

* એટલે જ તુલસીદાસજી કહે છે :

એક ઘડી આધી ઘડી, આધી મેં પુની આધ;
તુલસી સંગત સંત કી, કટે કોટિ અપરાધ.

(૨.૩) સંતસમાગમની રીત :

* મન, કર્મ અને વચને સંતસમાગમ કરવો જોઈએ.

■ મને કરીને :

* મને કરીને સંતને નિર્દોષ જાણવા. બાકી તો ઘણા ગુણાતીતાનંદ સ્વામી પાસે રહેતા, પણ કહે કે 'સ્વામીય મોટા ને તેમનાં ગપ્પાંય મોટાં.' એવું થઈ જાય તો થઈ રહ્યું ! માટે સ્વામીશ્રીમાં સાક્ષાત્ શ્રીજીમહારાજ વિરાજમાન છે, એવી સમજણ રહે તે જ મનનો સમાગમ છે.

■ કર્મે કરીને :

* સંત કહે તેમ કરવું, તે કર્મે કરીને સમાગમ. મંદિરમાં ઝાડુ વાળવું કે દેહે કરીને એવી બીજી સેવા કરવી, એ કર્મે કરીને સમાગમ છે. સત્પુરુષની આજ્ઞાથી જે કાંઈ કરીએ, તેનું નામ સમાગમ. ભગતજી મહારાજને સ્વામીએ હવેલીના બાંધકામનું કાર્ય સોંપ્યું, તેમાં ચૂનો કાલવવાનો હતો, તો તે પણ સંતસમાગમ જ કહેવાય.

■ વચને કરીને :

* સત્પુરુષમાં અનંત ગુણો રહ્યા છે, તે ગાવા ને સાંભળવા તે વચને કરીને સમાગમ કર્યો કહેવાય. આપણને જે કોઈ, જ્યાં પણ મળે, દરેકને દરેક સ્થળે ભગવાન ને સંતના મહિમાની વાતો કહેતા રહેવું, એ પણ સંતસમાગમ છે.
* આફ્રિકામાં મુક્તરાજ મગનભાઈને એવી લગની હતી કે તેઓ સ્ટેશન માસ્તર હતા, ત્યાં જે આવે તેને શાસ્ત્રીજી મહારાજની વાત કર્યા વિના રહે જ નહીં. આ વચને કરીને સંતનો સમાગમ કર્યો કહેવાય.
* આ ઉપરાંત તેમના ગુણો અને મહિમાનું વાંચન કરવું તે પણ સમાગમ !
* આપણે વચનામૃત વાંચતા હોઈએ, તો સમજવું કે શ્રીજીમહારાજનો સમાગમ કરીએ છીએ; અને ગુણાતીતાનંદ સ્વામીની વાતું વાંચતા હોઈએ, તો સમજવું કે સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો સમાગમ કરીએ છીએ.
* સત્સંગ શિક્ષણ પરીક્ષાનાં પુસ્તકોનું વાંચન કરીએ, પરીક્ષા આપીએ એ પણ સંતસમાગમ. ઘરસભા, સત્સંગ સભા એ પણ સંતસમાગમ કહેવાય. તો આપણે આ રીતે જેમ જેમ મન, કર્મ, વચને વધુ સંતસમાગમ કરીશું, તેમ તેમ વધુ સુખિયા થઈશું.

(૨.૪) સંતસમાગમની સુલભતા :

* વર્ષો પહેલાં સંતસમાગમ કરવો હોય તો જંગલોમાં રહેતા ઋષિમુનિઓના આશ્રમમાં જવું પડતું. વનનાં કંદમૂળ, ફળફૂલ વગેરે ખાઈને રહેવું પડતું.
* ભગવાન સ્વામિનારાયણે સંતોને સમાજમાં રાખ્યા. જેથી સમાજના લોકોને સંતસમાગમનો લાભ મળે.

છે મંદિરો કર્યાં, જેમાં કથાવાર્તા થાય અને સંતસમાગમનો સૌને લાભ મળે. ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં ભક્તો એક એક મહિના સુધી ઘરબાર, ધંધો-વહેવાર છોડીને જૂનાગઢ મંદિરમાં રોકાતા અને સંતસમાગમ કરતા.

પરંતુ આજે આપણા માટે તો સંતસમાગમ સુલભ થયો છે. આપણે સંતસમાગમરૂપી સુખની ખાણ શોધવા પૂર્વેના ભક્તોની જેમ જરાય દાખડો કરવાની જરૂર નથી.

* કારણ કે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આજે તો જાણે સંતસમાગમની 'હોમ ડીલીવરી' થઈ રહી છે. યોગીજી મહારાજે સત્સંગ પ્રવૃત્તિનું વિરાટ આયોજન આપ્યું. ગામોગામ સત્સંગ મંડળો સ્થાપ્યાં, સત્સંગ સભાઓ શરૂ કરી. એ માટે સંતો-કાર્યકરોને ગામડે-ગામડે, ઘરે-ઘરે મોકલ્યા.
* વળી, પ્રમુખસ્વામી મહારાજે પણ દેશ-વિદેશોમાં ૧૧૦૦ મંદિરો અને હજારો સત્સંગ કેન્દ્રો સ્થાપી ઠેર ઠેર સત્સંગની પરબ ખોલી છે. ઘરસભાનો આદેશ આપીને ઘરે બેઠાં જ સંતસમાગમ થાય તેવું સુંદર આયોજન આપ્યું છે.

આમ, આપણા માટે સંતસમાગમ આજે સુલભ છે, પરંતુ જરૂર છે આળસ છોડી આ સત્સંગનો યથાર્થ લાભ લેવાની.

* એક આળસુ બોરના ઝાડ નીચે સૂતો હતો. તેની છાતી ઉપર બોર પડ્યું. તેણે વિચાર કર્યો કે રસ્તા પરથી કોઈ પસાર થાય તેને બોલાવું. એવામાં એક ઊંટવાળો પસાર થયો. આળસુએ તેને બૂમ પાડી નજીક બોલાવ્યો. ઊંટવાળાને થયું કે 'બિચારો કોઈ દુઃખી હશે ! લાવ તેને મદદ કરું.' તે નજીક આવ્યો. માંડ માંડ ઊંટને બેસાડ્યું. પછી કહે, 'શું થયું ભાઈ ? પેટમાં દુઃખે છે ?' પેલો કહે, 'ના, ના, એવું કાંઈ નથી, પણ આ બોર મારી છાતી પર છે, તેને મારા મોંમાં મૂકી દે ને !' પેલો ઊંટવાળો ગુસ્સે થઈ ગયો, કહે, 'મૂર્ખ, તેં આટલા સારુ મને આટલો બધો પરિશ્રમ કરાવ્યો ?' છેવટે બોર આપ્યા વગર તે જતો રહ્યો. ત્યારે પેલો આળસુ સૂતો સૂતો કહે, 'માળો, આળસુ લાગે છે, આટલુંય કામ ન કર્યું !'

તેમ આપણા માટે આપણી છાતી પર સંતસમાગમરૂપી બોર આવીને પડ્યું છે. મોંમાં મૂકવાનું બાકી છે.

* 'સભાનું સ્થળ દૂર પડે છે', 'આ અઠવાડિયે સમય નથી', 'ઘરનું કામકાજ કરતાં મોડું થઈ જાય છે' વગેરે બહાનાં કાઢીને સૂતા રહીએ, તો આપણે સંતસમાગમનો યથાર્થ લાભ લઈ શકતા નથી.
* પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે 'કદાચ કોઈ કોળિયો મોંમાં મૂકી આપે, પણ ચાવવું તો પોતે જ પડે ને !' આપણે પક્ષે પણ સત્સંગની તત્પરતા હોવી જોઈએ. તો ચાલો, એવી તત્પરતા સાથે મન-કર્મ-વચને સંતસમાગમ કરી સુખિયા થઈએ...

હવે, સ્વામી સુખની ત્રીજી ખાણ બતાવે છે કે...

(૩) સદ્‌વિચાર :

* સદ્‌વિચાર એ અદ્‌ભુત શક્તિ છે.
* છાપાં વેચનારા એક નાનકડા બાળકે છાપામાં યુદ્ધના વિમાનનો ફોટો જોયો. તેના મનમાં વિચાર આવ્યો કે મારે આવું વિમાન બનાવવું છે. અને એ વિચારને કારણે તેણે જીવનમાં પ્રગતિ કરી. એ બાળક એટલે ભારતના મિસાઈલમેન ડૉ. અબ્દુલ કલામ.
* એક લૂંટારો લૂંટફાટ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો. એક સંતે તેને પૂછ્યું, 'આનું પાપ નહીં લાગે ને ?' અને તે લૂંટારાને એક સદ્‌વિચાર મળ્યો. પાપ-પુણ્યનું ભાન થયું. પાપકર્મ છોડ્યાં, પુણ્ય કમાવા ભગવાનનું નામ લેવાનું શરૂ કર્યું, અને શાસ્ત્રોની રચના કરનાર ઋષિ બની ગયો. એ ઋષિ એટલે રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મીકિ.

સદ્‌વિચાર માણસની લૌકિક અને આધ્યાત્મિક પ્રગતિનું મૂળ છે. એ દૃષ્ટિએ સદ્‌વિચારથી લૌકિક અને પારલૌકિક બંને સુખ પ્રાપ્ત થાય છે.

* વૈજ્ઞાનિકો કહે છે કે એક સેકન્ડનો ૩૪ હજારમો ભાગ એટલે એક ક્રતિ. આ એક ક્રતિ જેટલા સમયમાં માણસને ૭ જુદા જુદા વિચાર આવે છે. આટલી

વિચારવાની શક્તિ માણસના મનમાં રહેલી છે.

* આટલા બધા વિચારોમાંથી ક્યો વિચાર સદ્‌વિચાર કહેવાય ? સંતો કહે છે :

વિવેકી પ્રાણી કર વિચાર મુક્તિ પામવા,
મુક્તિ પામવા સુખેથી ધામમાં જવા.

જે વિચાર મુક્તિ અપાવે, ભગવાનના ધામમાં લઈ જાય, કલ્યાણને માર્ગે આગળ વધારે, તે વિચાર એટલે સદ્‌વિચાર...

* કલ્યાણને માર્ગે આગળ વધારતા સત્સંગના કેટલાક પાયાના વિચારો છે, જે કાયમ કરવા જોઈએ, તે છે...

(૧) પ્રાપ્તિનો વિચાર
(૨) મહિમા અને ગુણગ્રહણનો વિચાર
(૩) આત્મવિચાર
(૪) રાજીપાનો વિચાર
(૫) સાંખ્યવિચાર
(૬) ભગવાનના સર્વકર્તા-હર્તાપણાનો વિચાર

(દરેક વિષે એક-બે વાક્યમાં સમજૂતી આપી શકાય.)

(૩.૧) નિત્ય સદ્‌વિચાર કરવા :

■ આ વિચારો દરરોજ દૃઢ કરતા રહેવા જોઈએ. તો જ તેમાંથી યથાર્થ સુખ થાય. કારણ કે એકનો એક વિચાર વારંવાર દૃઢાવવાથી તે વિચાર આપણી ક્રિયામાં પરિણમે છે.

* 'kit-kat' કીટકેટ ચોકલેટ સૌથી વધુ વેચાતી ચોકલેટમાંની એક છે. તેની લોકપ્રિયતાનું રહસ્ય છે, તેનું સૂત્ર. આ ચોકલેટ જ્યારથી બજારમાં આવી ત્યારથી તેનું સૂત્ર એક જ રહ્યું છે. 'Have a break! Have a kit-kat !' (હેવ એ બ્રેક, હેવ એ કીટકેટ.) વર્ષોથી આ જ સૂત્ર ચોકલેટના રેપર પર, એડવર્ટાઈઝમેન્ટ વગેરે બધી જ જગ્યાએ દૃઢાવવામાં આવ્યું છે.

આવું જ બધી સફળ પ્રોડક્ટ્સની બાબતમાં છે. નિષ્ણાતો કહે છે : 'કોઈ પણ પ્રોડક્ટની સાથે જો સતત એકનો એક જ વિચાર જોડાયેલો રહે, અને એ વિચાર વિવિધ માધ્યમથી લોકોને દૃઢાવવામાં આવે, તો તે વિચારની અસર વધી જતી હોય છે.'

* એ રીતે આધ્યાત્મિક માર્ગના આ વિચારો વારંવાર દૃઢાવવાથી તેની દૃઢતા થાય છે.

■ પરંતુ સમય મળતો નથી, એવું બહાનું કાઢી આપણે ઘણી મહત્ત્વની બાબતો કરવાની ચૂકી જઈએ છીએ. તેમાંની એક બાબત છે, આ સદ્‌વિચારો...

* કઠિયારો કુહાડીથી ઝાડ કાપ્યા જ કરે, કાપ્યા જ કરે, પણ બુઠ્ઠી થઈ ગયેલ કુહાડીની ધાર ન કાઢે તો ? કઠિયારાને એમ કે ધાર કાઢવામાં સમય ક્યાં બગાડવો ? એના કરતાં એટલાં વધુ ઝાડ ન કાપું? પણ તેને ખબર નથી કે ધાર કાઢવાનો સમય કાઢશે તો બાકીના સમયમાં વધુ ઝાડ કપાશે.

એમ આપણે સદ્‌વિચારો માટે રોજ થોડો થોડો સમય કાઢીશું, તો આપણી ધાર સતેજ થશે, અને જીવનની અન્ય બાબતોમાં આપણને ખૂબ જ લાભ થશે. પછી તે વ્યાવહારિક હોય કે આધ્યાત્મિક.

* એટલે સદ્‌વિચારો માટે સમય ગમે ત્યાંથી કાઢવાની ટેવ પાડવી પડે.

આઈનસ્ટાઈનને એક વાર તેઓના એક વૈજ્ઞાનિક મિત્રે મળવા બોલાવ્યા. તેઓને કહેલું, 'તમે સાંજે સાત વાગ્યે પુલના છેડે ઊભા રહેજો, હું ત્યાં તમને મળીશ.' આઈનસ્ટાઈન સાત વાગ્યે ત્યાં પહોંચી ગયા. પેલા મિત્રને અચાનક કોઈ કામ આવી પડતાં આવવામાં અડધો કલાક મોડું થયું. આવીને તેઓએ આઈનસ્ટાઈનનો સમય બગડવા બદલ માફી માંગી. આઈનસ્ટાઈન કહે, 'મારો સમય જરાય બગડ્યો નથી. જે કામ હું લેબમાં (મારી પ્રયોગશાળામાં) કરવાનો હતો, તે જ કામ મેં અહીં ઊભા ઊભા કર્યું છે.' મિત્રે પૂછ્યું, 'એવું કયું કામ આપ અહીં પુલને છેડે ઊભા ઊભા કરી શક્યા?' તેમણે જવાબ આપ્યો, 'વિચાર કરવાનું કામ. મારે એક મહત્ત્વનો વિચાર કરવાનો હતો, તે મેં અહીં ઊભા ઊભા કર્યો.'

આમ, આપણે નક્કી કરીએ તો સદ્‌વિચારો માટે સમય ફાળવી જ શકીએ.

* આ પાયાના સદ્‌વિચારોમાંથી જ એક વિચાર સ્વામી સુખિયા થવાની ચોથી ખાણ તરીકે આપે છે.

(૪) વિષયમાં સુખ નથી (સાંખ્યવિચાર):

* સ્વામી કહે છે કે વિષયમાં સુખ છે એમ કોઈ મોટાએ કલમ મૂકી નથી. એટલે કે, જે જે મોટાપુરુષો-મહાનપુરુષો થઈ ગયા તેમાંથી કોઈએ એવું નથી કહ્યું કે પંચવિષયમાં સુખ છે.

ચાલો ! 'વિષયમાં સુખ નથી' એ શબ્દો પર થોડો વિચાર કરીએ...

* આપણે વિચાર કરીએ તો આપણને લાગે છે કે આપણે પંચવિષય ભોગવીએ છીએ ત્યારે આપણને તો સુખનો અનુભવ થાય છે.
  - આઇસક્રીમ ખાઈએ ને મજા આવે.
  - ટી.વી.માં રમૂજી સીરિયલ જોઈએ ને ખુશ થઈ જવાય.
  - સારા સુગંધીદાર સાબુથી સ્નાન કરીએ ને તાજા થઈ જવાય.
* આવો આપણો અનુભવ છે, પણ આધ્યાત્મિક માર્ગે આપણો અનુભવ ન ચાલે. તેથી સ્વામી મોટાપુરુષોના અનુભવનો આધાર લેવાનું કહે છે. મોટાપુરુષોનો અનુભવ એ જ છે કે વિષયમાં સુખ નથી, દુઃખ છે.

- શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા અંત્ય-૨૭માં કહે છે કે વિષય-સુખ તુચ્છ, નાશવંત અને અંતે અપાર દુઃખનું કારણ છે.
- ભગતજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીએ રૂપિયા માંગવાનું કહ્યું, તો ભગતજીએ કહ્યું, 'સ્વામી, મેં આપનો અને ગોપાળાનંદ સ્વામીનો સમાગમ ખૂબ કર્યો છે, પણ તેમાં સ્ત્રી અને ધનમાં સુખ છે એવું ક્યારેય જાણ્યું નથી. માટે મારે તે જોઈતું નથી.'
- યોગીજી મહારાજ કહેતા, 'પંચવિષયનું સુખ કાકવિષ્ટા તુલ્ય છે. શેરડીના કૂચા છે.'
- પ્રમુખસ્વામી મહારાજ પણ કહે છે : 'ભગવાનના સુખ આગળ ચૌદ લોકના બ્રહ્માંડનાં વિષયસુખ નરક તુલ્ય છે.'

* આમ, મોટાપુરુષો આપણને કહે છે કે જગતનું સુખ દુઃખરૂપ છે. તો તેમની વાતમાં વિશ્વાસ રાખી આપણા અનુભવને એકબાજુ પર મૂકી દેવો પડે.
* કારણ કે આપણે વિચાર કરીએ તો ખ્યાલ આવે છે કે આપણો અનુભવ સંપૂર્ણ નથી. તે ક્યારેક ખોટો પણ હોય છે.
* એક ભાઈ ચા પીવા ગયા. તેણે જોયું કે ચામાં કીડી છે. તેણે ચાવાળાને ખખડાવ્યો. પછી પેલાએ કહ્યું કે 'કીડી ચામાં નહીં, તમારાં ચશ્માં પર ચોંટી ગઈ છે.' એમ આપણા અનુભવ ખોટા પણ હોઈ શકે.

- હવામાં બેક્ટેરિયા છે, આપણને દેખાતા નથી, પણ લેબોરેટરીમાં માઈક્રોસ્કોપથી જુએ તેને દેખાય છે.
- આપણને લોહી લાલ દેખાય, પણ તેમાં શ્વેતકણો (સફેદ કણો) અને રક્તકણો (લાલ કણો) બંને હોય છે. તે તેના નિષ્ણાતને દેખાય.
- ટ્રેનમાં જતા હોઈએ ત્યારે બારીમાંથી બહાર જોતાં બાજુમાં ઊભેલી ટ્રેન પાછળ જતી હોય એવું લાગે, પણ એ અનુભવ ખોટો છે. વાસ્તવમાં આપણી ટ્રેન આગળ જાય છે.

* એ રીતે પંચવિષયની બાબતમાં આપણો નહીં, પણ મોટાપુરુષોનો અનુભવ સાચો છે કે, પંચવિષય ભોગવીને દુઃખી થવાય છે. તેમાં વિશ્વાસ રાખી પંચવિષયની લાલસા ઓછી કરીએ તો જ સુખ થાય.

(૫) સમાપન :

આમ, ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતમાં સુખની અખૂટ ખાણો બતાવી છે, તે છે...

(૧) ભગવાનની મૂર્તિની સ્મૃતિ
(૨) સંતનો સમાગમ
(૩) સદ્‌વિચાર
(૪) વિષયમાં સુખ નથી.

આ ખાણોમાંથી આપણે જેટલું સુખનું સોનું ખોદી શકીએ એટલું આપણું. તો ચાલો, મંડી પડીએ આ ખાણો ખોદવા.

૬. સ્વામીની વાત : પ્રકરણ : ૨, વાત : ૬

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે :

ચાર વાતમાં સુખ છે. તેમાં એક તો ભગવાનની મૂર્તિની સ્મૃતિ, બીજું સાધુનો સમાગમ, ત્રીજું સદ્‌વિચાર, ને ચોથું જીવે વિષયનું સુખ માન્યું છે એ તો દુઃખરૂપ છે, ને સુખ તો ત્રણ વાતમાં જ છે. ને વિષયમાં સુખ છે એવી તો કોઈ મોટાએ કલમ મૂકી જ નથી.

● પ્રારંભ અને પૂર્વભૂમિકા :

❊ ભગવાને બનાવેલી આ અજબગજબ દુનિયામાં સુખની ખાણ બધા શોધે છે. બધાને તેમાંથી સુખનું સોનું ખોદી લેવું છે. લોકો સુખ મેળવવા માટે જાત-જાતના પ્રયત્નો કરે છે...

- સ્વિડનમાં માણસ દીઠ બબ્બે કાર અને સ્વીમિંગ પુલ છે. રોટી માટે તેમને ઝઝૂમવું પડતું નથી, છતાં, લોકોને કંટાળો આવે છે. આને Boredem (બોરડમ)કહે છે. તે દૂર કરવા જાતજાતના પ્રયત્નો થાય છે.
- ઇંગ્લેન્ડના બ્લેકપુલ નામના મનોરંજનના સ્થળે ધનાઢ્યો પોતાની મોંઘામાં મોંઘી રોલ્સરોય મોટરકાર એક બાજુ મૂકીને ગધેડા પર સવારી કરવા આવે છે.
- અમદાવાદમાં લોકો ફાઈવ સ્ટાર હોટેલોનાં ખાણાં છોડીને હોટેલ વિશાલામાં ગામડાની દેશી પદ્ધતિથી જમવા જાય છે.

આમ, સુખની ખાણ શોધવા લોકો જુદી જુદી દિશાઓમાં દોટ મૂકે છે, પણ અંતે ઠેરના ઠેર. તો પછી સાચી સુખની ખાણ છે ક્યાં? ગુણાતીતાનંદ સ્વામી સુખની સાચી ખાણ બતાવે છે.

(આટલી પૂર્વભૂમિકા બાંધી સ્વામીની વાત વાંચવી)

❊ અહીં સ્વામી જે ચાર બાબતો બતાવે છે તેમાં અપાર સુખ રહ્યું છે. આપણે પણ એમાંથી અનંત સુખ પ્રાપ્ત કરી શકીએ, જો તેમાંથી સુખ લેતાં આવડે તો. ભોજન તો મળે, પણ જ્યાં સુધી કોળિયો મોંમાં ન મૂકીએ, ત્યાં સુધી જમવાનું સુખ ન આવે. તેમ આ ચારેય બાબતોમાં સુખ તો રહ્યું છે, પરંતુ એ મેળવવાની સાચી રીત જ્યાં સુધી ન શીખીએ અને એ પ્રમાણે વર્તીએ નહીં, ત્યાં સુધી સુખ આવે નહીં.

અહીં આપણે આ ચારેય બાબતોમાંથી સુખ પ્રાપ્ત કરવાની રીત સમજીશું. પહેલી બાબત છે...

(૧) ભગવાનની મૂર્તિની સ્મૃતિ :

■ યોગીજી મહારાજ કહેતા કે 'ભગવાનની સમર્તિ દુઃખની હરનારી છે.' ભક્ત કવિઓ કહે છે કે **'મેં તો સુમિરન મેં સુખ પાઉં.'**

(૧.૧) સ્મૃતિથી લાભ :

❊ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે, 'કોઈ ભગવાન સંભારે તેની સેવા મારે કરાવવી, ને તેનાં લૂગડાં મારે ધોવડાવવાં, ને તેને મારે બેઠાં બેઠાં ખાવા દેવું.' **(સ્વામીની વાત : ૧/૨૭૬)**

સ્મૃતિ કરનારના વ્યવહારની જવાબદારી ભગવાન અને સંત પોતાને શિરે લે છે.

❊ વચનામૃત ગઢડા પ્રથમ-૧૪માં ભગવાન સ્વામિનારાયણ કહે છે, 'હમણાં જેવી મતિ હશે તેવી અંતકાળે ગતિ થશે.' એટલે સંસાર-વ્યવહારનાં કાર્યોની સાથે સાથે જ ભગવાનની સ્મૃતિ કરવાની ટેવ પાડીશું, તો અંતકાળે ભગવાનની સ્મૃતિ થઈ આવશે.

(૧.૨) ભગવાનની મૂર્તિની સ્મૃતિની રીત :

■ ચરિત્રોની સ્મૃતિ કરવી :

❊ વચનામૃત ગઢડા પ્રથમ-૩૮માં કહ્યું છે કે જે ઝાઝું ન સમજતો હોય તેના માટે લીલાચરિત્ર સંભારી રાખવાં એ જ શ્રેષ્ઠ ઉપાય છે.

❋ વચનામૃત ગઢડા પ્રથમ-૩માં કહ્યું છે કે જેને ભગવાનની મૂર્તિ અંતરમાં અખંડ દેખાતી હોય, તેણે પણ ભગવાનનાં લીલાચરિત્રો સંભારી રાખવાં.

સાધકથી લઈ સિદ્ધ સુધી ચરિત્રોની સ્મૃતિ કરવી સુખદાયી છે, તેવું મહારાજ જણાવે છે.

❋ મહંત સ્વામી મહારાજ આ અંગે પોતાનો એક અનુભવ જણાવે છે. તેઓએ હૃદયની બાયપાસ સર્જરી કરાવ્યા બાદ આરામમાં હતા ત્યારે ખૂબ જ કળતર થાય, અતિશય પીડા થાય. ઘણી દવા લીધી, એ.સી.વાળો રૂમ. અરે! આત્મવિચાર પણ ખૂબ કર્યો, પણ મન પીડામાંથી દૂર ખસ્યું જ નહીં. સુખ ન થયું. પછી અચાનક જ યોગીજી મહારાજનો એક પ્રસંગ યાદ આવી ગયો. પછી તો તેમાંથી યોગીજી મહારાજનો અને સ્વામીશ્રીનો લાભ લીધેલો તે પ્રસંગો યાદ આવવા લાગ્યા, અને બધું દુઃખ વીસરાઈ ગયું.

❋ શાસ્ત્રીજી મહારાજને પણ એક વાર તાવ આવેલો, ત્યારે તેઓએ ભગતજી મહારાજનાં ચરિત્રોની કથા કરી અને તાવ ઊતરી ગયો.

આપણે પણ સ્વામીશ્રીના પ્રસંગોની સ્મૃતિ કરવાની ટેવ પાડવી જોઈએ.

■ ભક્તિ સંબંધી ક્રિયા કરતાં કરતાં સ્મૃતિ કરવી

❋ એક વાર યોગીબાપા મુંબઈમાં ઠાકોરજીનાં દર્શન કરતા હતા, ત્યારે આગલા સાત દિવસના શણગાર ક્રમમાં યાદ કરીને બોલી ગયા હતા. એમ આપણે પણ આરતી-સ્તુતિ બોલતા હોઈએ, ત્યારે તેના શબ્દોની સાથે મહારાજ કે સ્વામીશ્રીના ગુણોનું સ્મરણ કરી શકાય.

ત્યાગવલ્લભ સ્વામી કહે છે કે 'આપણે આરતી, પૂજા વગેરેમાં સમય તો આપીએ જ છીએ. તો પછી માત્ર સ્થૂળ રીતે બધું કરીએ, એના કરતાં એ સમયમાં સ્મૃતિ કરી એનો યોગ્ય ઉપયોગ કેમ ન કરી લઈએ?'

■ નિત્ય ચેષ્ટાગાન દ્વારા સ્મૃતિ :

❋ ભગવાન સ્વામિનારાયણ સ્વધામ પધાર્યા પછી મોટેરા પરમહંસોએ મહારાજની નિત્ય સ્મૃતિ થાય તે હેતુથી નિત્ય ચેષ્ટા બોલવાની પ્રણાલી શરૂ કરી.

ચેષ્ટાનાં પદોમાં મહારાજનાં ચરિત્રો, ગુણો અને મૂર્તિનું તાદૃશ વર્ણન છે.

❋ આજે પણ કેટલાય હરિભક્તો આ નિયમ-ચેષ્ટામાં દૃઢ છે. અરે! દેશ-પરદેશમાં યુવકો પણ નિત્ય ચેષ્ટાના નિયમ દૃઢતાથી પાળે છે.

■ આપણને થાય કે કામ કરતાં કરતાં સ્મૃતિ કરીએ, તો કામકાજમાં ભલીવાર ન આવે, પરંતુ એવું નથી. એક સાથે બે ક્રિયાઓ સારી રીતે કરી શકાય છે.

- છાપું વાંચતાં વાંચતાં ચા પિવાય છે.
- ગાડી ચલાવતાં ચલાવતાં વાતો થાય, ઓડિયોમાં ગીતો સંભળાય, નાસ્તો થાય, તોપણ રસ્તા તરફ નજર રહે. બધી ક્રિયા એકસાથે થઈ શકે, કારણ કે તેનો અભ્યાસ છે, ટેવ પાડી છે.

❋ મહારાજ વચનામૃત ગઢડા અંત્ય-૯માં કહે છે કે 'જેમ પાણિયારી (પનિહારી) હોય તે કૂવા ઉપર જળ સિંચવા જાય છે, ત્યારે કૂવાના કાંઠા ઉપર પગ મૂક્યો હોય તેની પણ સૂરત રાખે છે જે રખે કૂવામાં પડી જાઉં, અને બીજી વૃત્તિએ કરીને કૂવામાંથી પાણી સિંચે છે.

વળી, બીજું દૃષ્ટાંતઃ જેમ કોઈક પુરુષ ઘોડે ચડ્યો હોય ત્યારે ઘોડાનાં પેંગડાંમાં પગ હોય ત્યાં પણ સૂરત રાખે, અને ઘોડાની લગામ પકડી હોય ત્યાં પણ સૂરત રાખે. અને દોડતાં થકાં વાટમાં ઝાડ આવે, ખાડો આવે, પથરો આવે ત્યાં પણ સૂરત રાખે. એવી રીતે આ સર્વે સાધુ અંતર સન્મુખ દૃષ્ટિ રાખી ભગવાનની સેવામાં પણ રહે છે, અને દેહની ક્રિયા પણ કરે છે.'

❋ આવો અભ્યાસ રાખીએ, તો ક્રિયા કરતાં કરતાં ભગવાનની સ્મૃતિ કરવાની ટેવ પડે.

■ **મુખપાઠ દ્વારા સ્મૃતિ :**

❊ ઘડપણમાં શરીર ચાલતું ન હોય, આંખે ઓછું દેખાતું હોય, કાને ઓછું સંભળાતું હોય ત્યારે મુખપાઠ કરેલું જ કામ લાગે છે.

આપણને ગમતાં ભજનો, મહારાજ કે સ્વામીશ્રીના મનગમતા પ્રસંગોનો મુખપાઠ કરી રાખ્યો હોય, તો તેને હરતાં-ફરતાં વાગોળી શકાય.

એટલે યોગીજી મહારાજ યુવકોને કીર્તનો મોઢે કરાવતા. એટલે જ બાળમંડળ-યુવકમંડળમાં નાનપણથી જ મુખપાઠની ટેવ પડાય છે.

■ **જોયેલાં કે સાંભળેલાં ચરિત્રોની નોંધ :**

❊ વચનામૃત ગઢડા પ્રથમ-૩૮માં શ્રીજીમહારાજ કહે છે, 'ભગવાનનાં ચરિત્રરૂપ જાળાને વિશે મનને ગૂંચવી મેલવું ને ભગવાનના ઘાટ મનમાં કર્યા કરવા. એક શમ્યો ને બીજો કરવો. બીજો શમ્યો ને ત્રીજો કરવો. એમ ને એમ મનને નવરું રહેવા દેવું નહીં.'

❊ આપણને થાય કે સતત સ્મૃતિ કરવી કેવી રીતે? આપણે ક્યાં એટલું બધું જાણીએ છીએ? પણ મહારાજ કહે છે કે ''એવી રીતે ભગવાનનાં જે ચરિત્ર તથા વાર્તા તથા દર્શન તે એક દિવસનાં જો સંભારવા માંડે તો તેનો પાર ન આવે. તો સત્સંગ થયા તો દસ-પંદર વર્ષ થયાં હોય એનો તો પાર જ ન આવે. અને તે એવી રીતે સંભારવાં જે, 'આ ગામમાં આવી રીતે મહારાજ તથા પરમહંસની સભા થઈ, અને આવી રીતે મહારાજની પૂજા થઈ ને આવી રીતે વાર્તા થઈ. ઈત્યાદિક જે ભગવાનનાં ચરિત્ર તેને વારંવાર સંભારવાં.''

❊ દર્શન, કથા અને ચરિત્રો વગેરે યાદ રાખવા કેટલાક હરિભક્તો ડાયરીમાં નોંધી રાખે છે, અને તેને આધારે અવારનવાર સ્મૃતિ કરે છે. ઘનશ્યામચરણ સ્વામી, વિવેકસાગર સ્વામી, કોઠારી ભક્તિપ્રિય સ્વામી જેવા મોટેરા સંતો પણ સ્વામીશ્રીનાં દર્શન થયાં હોય તેની નોંધ રોજ રોજ ડાયરીમાં ટપકાવી દે છે, અને સમયાંતરે તેનું વાંચન કરીને યાદ રાખવા પ્રયત્ન કરે છે. આવી ટેવ પાડીએ તો સ્મૃતિનો ખજાનો જમા કરી શકાય.

❊ સ્મૃતિ પછી સુખની બીજી ખાણ છે...

(૨) સંતસમાગમ :

(૨.૧) સંતસમાગમથી શાંતિ :

■ સંતનાં દર્શનમાત્રથી જ સંસારના ત્રિવિધ તાપથી તપેલા જીવોને શાંતિનો અનુભવ થાય છે.

❊ પ્રમુખસ્વામી મહારાજ વલસાડ જિલ્લાના ટાંકલ ગામે શિક્ષક શિબિરમાં પધાર્યા હતા. તે શિબિરમાં સુરતના પ્રસિદ્ધ શાયર શ્રી ગની દહીંવાલાએ સ્વામીશ્રીનાં દર્શન કર્યા. સ્વામીશ્રીનાં દર્શનથી પોતાને થયેલ શાંતિની અનુભૂતિ તેમણે એક પંક્તિ દ્વારા રજૂ કરી હતી...

હસી રહી'તી મંઝિલો, છૂટી ગયો'તો કાફલો,
થઈ રહ્યો હતો, બધે દિશાઓનો મુકાબલો,
મને થતું કે કોણ હવે, લઈ જશે ઉજાસમાં,
પ્રભુ કૃપા કે સંત, તમે મળ્યા જીવન પ્રવાસમાં.

સુખ-શાંતિના તમામ રસ્તા બંધ થઈ જાય, બધા સાથ છોડી દે, દશે દિશાઓથી અશાંતિનું અંધારું આવી ચડે, ત્યારે સંતનો સમાગમ જ શાંતિના ઉજાસમાં લઈ જાય છે.

(૨.૨) સંતસમાગમથી જીવન-પરિવર્તન :

■ સંતસમાગમની આ ખાણ એવી છે કે તેમાંથી સોનું નહીં, પણ 'પારસમણિ' મળે છે. જેમ પારસમણિ લોઢાને પોતાના સ્પર્શમાત્રથી સોનું બનાવે છે, તેમ અલ્પ જેટલો સંતસમાગમ પણ વ્યક્તિનું સમૂળું પરિવર્તન કરી શકે છે.

❊ સને ૧૯૭૭માં પ્રમુખસ્વામી મહારાજ લુસાકાથી જહોનિસબર્ગ જતા હતા. એરપોર્ટ ઉપર ત્યાંના બે-ત્રણ કર્મચારીઓ મળી ગયા. સ્વામીશ્રીએ તેમને સહેજે થોડી વાતો કરી, પણ ત્રણેને એવી અસર થઈ કે એમણે પોતાનાં બધાં વ્યસનો ને કુટેવો છોડી

દીધાં! ફરી જ્યારે '૮૦ની સાલમાં એ બધા સ્વામીશ્રીને મળવા આવ્યા, ત્યારે અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ લઈને આવેલા ને કહે, 'સ્વામી! તમે જે નિયમ આપેલા કે દારૂ ન પીવો, સિગારેટ ન પીવી, માંસ ન ખાવું - આ બધા જ નિયમ આજે ત્રણ વર્ષ થયાં, પણ હજી પાળીએ છીએ. આપે અમારા જીવનમાં શાંતિ કરી દીધી.'

આ છે થોડા જ સંતસમાગમનો પ્રતાપ! સત્સંગનું એવું બળ છે કે આપણને ખબર પણ ન પડે અને પરિવર્તન થતું રહે છે!

❊ એટલે જ તુલસીદાસજી કહે છેઃ

એક ઘડી આધી ઘડી, આધી મેં પુની આધ;
તુલસી સંગત સંત કી, કટે કોટિ અપરાધ.

(૨.૩) સંતસમાગમની રીતઃ

❊ મન, કર્મ અને વચને સંતસમાગમ કરવો જોઈએ.

■ **મને કરીને :**

❊ મને કરીને સંતને નિર્દોષ જાણવા. બાકી તો ઘણા ગુણાતીતાનંદ સ્વામી પાસે રહેતા, પણ કહે કે 'સ્વામીય મોટા ને તેમનાં ગપ્પાંય મોટાં.' એવું થઈ જાય તો થઈ રહ્યું! માટે સ્વામીશ્રીમાં સાક્ષાત્ શ્રીજીમહારાજ વિરાજમાન છે, એવી સમજણ રહે તે જ મનનો સમાગમ છે.

■ **કર્મે કરીને :**

❊ સંત કહે તેમ કરવું, તે કર્મે કરીને સમાગમ. મંદિરમાં ઝાડુ વાળવું કે દેહે કરીને એવી બીજી સેવા કરવી, એ કર્મે કરીને સમાગમ છે. સત્પુરુષની આજ્ઞાથી જે કાંઈ કરીએ, તેનું નામ સમાગમ. ભગતજી મહારાજને સ્વામીએ હવેલીના બાંધકામનું કાર્ય સોંપ્યું, તેમાં ચૂનો કાલવવાનો હતો, તો તે પણ સંતસમાગમ જ કહેવાય.

■ **વચને કરીને :**

❊ સત્પુરુષમાં અનંત ગુણો રહ્યા છે, તે ગાવા ને સાંભળવા તે વચને કરીને સમાગમ કર્યો કહેવાય. આપણને જે કોઈ, જ્યાં પણ મળે, દરેકને દરેક સ્થળે ભગવાન ને સંતના મહિમાની વાતો કહેતા રહેવું, એ પણ સંતસમાગમ છે.

❊ આફ્રિકામાં મુક્તરાજ મગનભાઈને એવી લગની હતી કે તેઓ સ્ટેશન માસ્તર હતા, ત્યાં જે આવે તેને શાસ્ત્રીજી મહારાજની વાત કર્યા વિના રહે જ નહીં. આ વચને કરીને સંતનો સમાગમ કર્યો કહેવાય.

■ આ ઉપરાંત તેમના ગુણો અને મહિમાનું વાંચન કરવું તે પણ સમાગમ!

❊ આપણે વચનામૃત વાંચતા હોઈએ, તો સમજવું કે શ્રીજીમહારાજનો સમાગમ કરીએ છીએ; અને ગુણાતીતાનંદ સ્વામીની વાતું વાંચતા હોઈએ, તો સમજવું કે સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો સમાગમ કરીએ છીએ.

❊ સત્સંગ શિક્ષણ પરીક્ષાનાં પુસ્તકોનું વાંચન કરીએ, પરીક્ષા આપીએ એ પણ સંતસમાગમ. ઘરસભા, સત્સંગ સભા એ પણ સંતસમાગમ કહેવાય. તો આપણે આ રીતે જેમ જેમ મન, કર્મ, વચને વધુ સંતસમાગમ કરીશું, તેમ તેમ વધુ સુખિયા થઈશું.

(૨.૪) સંતસમાગમની સુલભતા :

■ વર્ષો પહેલાં સંતસમાગમ કરવો હોય તો જંગલોમાં રહેતા ઋષિમુનિઓના આશ્રમમાં જવું પડતું. વનનાં કંદમૂળ, ફળફૂલ વગેરે ખાઈને રહેવું પડતું.

❊ ભગવાન સ્વામિનારાયણે સંતોને સમાજમાં રાખ્યા. જેથી સમાજના લોકોને સંતસમાગમનો લાભ મળે. છ મંદિરો કર્યા, જેમાં કથાવાર્તા થાય અને સંતસમાગમનો સૌને લાભ મળે. ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં ભક્તો એક મહિનો ઘરબાર, ધંધો-વહેવાર છોડીને જૂનાગઢ મંદિરમાં રોકાતા અને સંતસમાગમ કરતા.

પરંતુ આજે આપણા માટે તો સંતસમાગમ સુલભ થયો છે. આપણે સંતસમાગમરૂપી સુખની ખાણ શોધવા પૂર્વેના ભક્તોની જેમ જરાય દાખડો કરવાની જરૂર નથી.

❋ કારણ કે બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આજે તો જાણે સંતસમાગમની 'હોમ ડીલીવરી' થઈ રહી છે. યોગીજી મહારાજે સત્સંગ પ્રવૃત્તિનું વિરાટ આયોજન આપ્યું. ગામોગામ સત્સંગ મંડળો સ્થાપ્યાં, સત્સંગ સભાઓ શરૂ કરી. એ માટે સંતો-કાર્યકરોને ગામડે-ગામડે, ઘરે-ઘરે મોકલ્યા.

❋ વળી, પ્રમુખસ્વામી મહારાજે પણ દેશ-વિદેશોમાં ૧૧૦૦ મંદિરો અને હજારો સત્સંગ કેન્દ્રો સ્થાપી ઠેર ઠેર સત્સંગની પરબ ખોલી છે. ઘરસભાનો આદેશ આપીને ઘરે બેઠાં જ સંતસમાગમ થાય તેવું સુંદર આયોજન આપ્યું છે.

આમ, આપણા માટે સંતસમાગમ આજે સુલભ છે, પરંતુ જરૂર છે આળસ છોડી આ સત્સંગનો યથાર્થ લાભ લેવાની.

❋ હવે, સ્વામી સુખની ત્રીજી ખાણ બતાવે છે કે...

(૩) સદ્‌વિચાર :

■ સદ્‌વિચાર એ અદ્‌ભુત શક્તિ છે.

❋ છાપાં વેચનારા એક નાનકડા બાળકે છાપામાં યુદ્ધના વિમાનનો ફોટો જોયો. તેના મનમાં વિચાર આવ્યો કે મારે આવું વિમાન બનાવવું છે. અને એ વિચારને કારણે તેણે જીવનમાં પ્રગતિ કરી. એ બાળક એટલે ભારતના મિસાઈલમેન ડો. અબ્દુલ કલામ.

❋ રત્નાકર લૂંટારો લૂંટફાટ કરીને પરિવારનું ગુજરાન ચલાવતો. નારદજીએ તેને પૂછ્યું, 'આનું પાપ નહીં લાગે ને?' અને તે લૂંટારાને એક સદ્‌વિચાર મળ્યો. પાપ-પુણ્યનું ભાન થયું. પાપકર્મ છોડ્યાં, પુણ્ય કમાવા ભગવાનનું નામ લેવાનું શરૂ કર્યું, અને શાસ્ત્રોની રચના કરનાર ઋષિ બની ગયા. એ ઋષિ એટલે રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મીકિ.

સદ્‌વિચાર માણસની લૌકિક અને આધ્યાત્મિક પ્રગતિનું મૂળ છે. એ દૃષ્ટિએ સદ્‌વિચારથી લૌકિક અને પારલૌકિક બંને સુખ પ્રાપ્ત થાય છે.

■ વૈજ્ઞાનિકો કહે છે કે એક સેકન્ડનો ૩૪ હજારમો ભાગ એટલે એક ક્રતિ. આ એક ક્રતિ જેટલા સમયમાં માણસને ૭ જુદા જુદા વિચાર આવે છે. આટલી વિચારવાની શક્તિ માણસના મનમાં રહેલી છે.

❋ આટલા બધા વિચારોમાંથી કયો વિચાર સદ્‌વિચાર કહેવાય? સંતો કહે છેઃ

વિવેકી પ્રાણી કર વિચાર મુક્તિ પામવા,
મુક્તિ પામવા સુખેથી ધામમાં જવા.

જે વિચાર મુક્તિ અપાવે, ભગવાનના ધામમાં લઈ જાય, કલ્યાણને માર્ગે આગળ વધારે, તે વિચાર એટલે સદ્‌વિચાર...

■ કલ્યાણને માર્ગે આગળ વધારતા સત્સંગના કેટલાક પાયાના વિચારો છે, જે કાયમ કરવા જોઈએ, તે છે...

(૧) પ્રાપ્તિનો વિચાર
(૨) મહિમા અને ગુણગ્રહણનો વિચાર
(૩) આત્મવિચાર
(૪) રાજીપાનો વિચાર
(૫) સાંખ્યવિચાર
(૬) ભગવાનના સર્વકર્તા-હર્તાપણાનો વિચાર

(દરેક વિષે એક-બે વાક્યમાં સમજૂતી આપી શકાય.)

આમ, આપણે નક્કી કરીએ તો સદ્‌વિચારો માટે સમય ફાળવી જ શકીએ.

❋ આ પાયાના સદ્‌વિચારોમાંથી જ એક વિચાર સ્વામી સુખિયા થવાની ચોથી ખાણ તરીકે આપે છે.

(૪) વિષયમાં સુખ નથી (સાંખ્યવિચાર) :

■ સ્વામી કહે છે કે વિષયમાં સુખ છે એમ કોઈ મોટાએ કલમ મૂકી નથી. એટલે કે, જે

જે મોટાપુરુષો-મહાનપુરુષો થઈ ગયા તેમાંથી કોઈએ એવું નથી કહ્યું કે પંચવિષયમાં સુખ છે. ચાલો! 'વિષયમાં સુખ નથી' એ શબ્દો પર થોડો વિચાર કરીએ...

❋ આપણે વિચાર કરીએ તો આપણને લાગે છે કે આપણે પંચવિષય ભોગવીએ છીએ ત્યારે આપણને તો સુખનો અનુભવ થાય છે.
- આઇસક્રીમ ખાઈએ ને મજા આવે.
- ટી.વી.માં રમૂજી સીરિયલ જોઈએ ને ખુશ થઈ જવાય.
- સારા સુગંધીદાર સાબુથી સ્નાન કરીએ ને તાજા થઈ જવાય.

❋ આવો આપણો અનુભવ છે, પણ આધ્યાત્મિક માર્ગે આપણો અનુભવ ન ચાલે. તેથી સ્વામી મોટાપુરુષોના અનુભવનો આધાર લેવાનું કહે છે. મોટાપુરુષોનો અનુભવ એ જ છે કે વિષયમાં સુખ નથી, દુઃખ છે.
- શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા અંત્ય-૨૭માં કહે છે કે વિષય-સુખ તુચ્છ, નાશવંત અને અંતે અપાર દુઃખનું કારણ છે.
- ભગતજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીએ રૂપિયા માંગવાનું કહ્યું, તો ભગતજીએ કહ્યું, 'સ્વામી, મેં આપનો અને ગોપાળાનંદ સ્વામીનો સમાગમ ખૂબ કર્યો છે, પણ તેમાં સ્ત્રી અને ધનમાં સુખ છે એવું ક્યારેય જાણ્યું નથી. માટે મારે તે જોઈતું નથી.'
- યોગીજી મહારાજ કહેતા, 'પંચવિષયનું સુખ કાકવિષ્ટા તુલ્ય છે. શેરડીના કૂચા છે.'
- પ્રમુખસ્વામી મહારાજ પણ કહેતા અને આજે મહંત સ્વામી મહારાજ પણ કહે છે: 'ભગવાનના સુખ આગળ ચૌદ લોકના બ્રહ્માંડનાં વિષયસુખ નરક તુલ્ય છે.'

આમ, મોટાપુરુષો આપણને કહે છે કે જગતનું સુખ દુઃખરૂપ છે. તો તેમની વાતમાં વિશ્વાસ રાખી આપણા અનુભવને એકબાજુ પર મૂકી દેવો પડે.

■ કારણ કે આપણે વિચાર કરીએ તો ખ્યાલ આવે છે કે આપણો અનુભવ સંપૂર્ણ નથી. તે ક્યારેક ખોટો પણ હોય છે.

❋ એક ભાઈ ચા પીવા ગયા. તેણે જોયું કે ચામાં કીડી છે. તેણે ચાવાળાને ખખડાવ્યો. પછી પેલાએ કહ્યું કે 'કીડી ચામાં નહીં, તમારાં ચશ્માં પર ચોંટી ગઈ છે.' એમ આપણા અનુભવ ખોટા પણ હોઈ શકે.
- હવામાં બેક્ટેરિયા છે, આપણને દેખાતા નથી, પણ લેબોરેટરીમાં માઈક્રોસ્કોપથી જૂએ તેને દેખાય છે.
- આપણને લોહી લાલ દેખાય, પણ તેમાં શ્વેતકણો (સફેદ કણો) અને રક્તકણો (લાલ કણો) બંને હોય છે. તે તેના નિષ્ણાતને દેખાય.
- ટ્રેનમાં જતા હોઈએ ત્યારે બારીમાંથી બહાર જોતાં બાજુમાં ઊભેલી ટ્રેન પાછળ જતી હોય એવું લાગે, પણ એ અનુભવ ખોટો છે. વાસ્તવમાં આપણી ટ્રેન આગળ જાય છે.

❋ એ રીતે પંચવિષયની બાબતમાં આપણો નહીં, પણ મોટાપુરુષોનો અનુભવ સાચો છે કે, પંચવિષય ભોગવીને દુઃખી થવાય છે. તેમાં વિશ્વાસ રાખી પંચવિષયની લાલસા ઓછી કરીએ તો જ સુખ થાય.

(૫) સમાપન :

આમ, ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતમાં સુખની અખૂટ ખાણો બતાવી છે, તે છે...

(૧) ભગવાનની મૂર્તિની સ્મૃતિ
(૨) સંતનો સમાગમ
(૩) સદ્‌વિચાર
(૪) વિષયમાં સુખ નથી.

❋ આ ખાણોમાંથી આપણે જેટલું સુખનું સોનું ખોદી શકીએ એટલું આપણું. તો ચાલો, મંડી પડીએ સાચા સુખની આ ખાણો ખોદવા.

૧૨. સ્વામીની વાત : પ્રકરણ : ૨, વાત : ૧૮

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

- **નિરૂપણ :**

❊ ગુજરાતી ભાષામાં એક કહેવત છે, 'બોલનો તોલ કરવો.' વાત કોણ બોલે છે તેના પર વાતનો આધાર છે. પાનના ગલ્લા પર મિત્રો જગતની જાતજાતની વાતો કરતા હોય છે, પણ તેવી વાતોની કિંમત કેટલી ? બીજી તરફ કોઈ બુદ્ધિશાળી અને અનુભવી વ્યક્તિ કંઈક વાત કરે તો?

ભારતના પ્રખ્યાત કાયદાશાસ્ત્રી અને અર્થશાસ્ત્રી નાની પાલખીવાલા પાસે વર્ષો પહેલાં એક શેઠ ગયેલા. તેમને એક કોર્ટ કેસ અંગે માર્ગદર્શન મેળવવું હતું. શેઠે અઢાર મિનિટ પ્રશ્નની રજૂઆત કરી. નાની પાલખીવાલાએ તેમનો પ્રશ્ન સાંભળી બે મિનિટ સોલ્યુશન આપ્યું. પણ આ બે મિનિટના માર્ગદર્શન માટે શેઠને વીસ હજાર રૂપિયા ફી ચૂકવવાની થઈ. શેઠે આટલા રૂપિયા કેમ ચૂકવ્યા? કારણ કે સલાહ આપનાર પ્રખ્યાત ધારાશાસ્ત્રી કાયદાના નિષ્ણાત એવા નાની પાલખીવાલા હતા. શેઠ પાલખીવાલાના બોલની કિંમત જાણતા હતા. એટલે વાત કોના મુખેથી નીકળી છે તેનું મહત્ત્વ છે.

❊ એ જ પ્રમાણે આ 'સ્વામીની વાતો' ગ્રંથમાં જે વાતો લખાઈ છે, તેના ઉચ્ચારનારા કેવી ઉચ્ચ કોટિના સંત હતા તે સમજાય, તો આપણને તેમની વાતમાં વિશ્વાસ આવે અને તે મુજબ વર્તવાનું બળ પ્રાપ્ત થાય.

❊ સંયમ, દેહદમન, સહનશીલતા, ક્ષમાવૃત્તિ, અખંડ ભગવાનમય વૃત્તિ, સેવા, આજ્ઞાપાલન વગેરે સદ્‌ગુણોથી યુક્ત ગુણાતીતાનંદ સ્વામીનું જીવન હતું. ગુણાતીતાનંદ સ્વામીની બ્રહ્મચર્યવ્રતની દૃઢતા જોઈ જૂનાગઢના નાગર બ્રાહ્મણો કહેતા, 'સ્વામી! આપનું બ્રહ્મચર્ય જોઈ અમારાં કાળજાં તૂટી જાય છે.'

❊ ભગવાન સ્વામિનારાયણે અનેક પ્રસંગે તેમની અક્ષરબ્રહ્મ તરીકે ઓળખ આપી તેમનો મહિમા ગાયો હતો.

❊ આ અક્ષરબ્રહ્મનો મહિમા શાસ્ત્રોએ પણ ખૂબ ગાયો છે. મુંડક ઉપનિષદમાં અક્ષરને ભગવાન પામવા માટેના સેતુ કહ્યા છે. તેમાં કહ્યું, **'अमृतस्यैष सेतुः।'**

આમ, જે સંતના શરણે જવાથી, તેમની વાતો સાંભળવાથી, તેમની વાતો આચરણમાં મૂકવાથી ભગવાન પામી શકાય એવા આ ગુણાતીત સંત છે.

❊ ગુણાતીતાનંદ સ્વામીની વાતોનો તોલ વરતાલના આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે કર્યો, તો તેમની જગતની ગંધ નીકળી ગઈ.

સ્વામીની વાતોનો તોલ ઉપેન્દ્રાનંદ સ્વામીએ કર્યો, તો તેમનો કામદોષ ક્યાંય ઊડી ગયો.

સ્વામીની વાતોનો તોલ બોટાદના શિવલાલ શેઠ, ઉપલેટાના લાલાભાઈ, સારંગપુરના વાઘાખાચર, જાગાભક્ત આદિ અનેકે કર્યો તો તેઓ ઉચ્ચ આધ્યાત્મિક સ્થિતિને પામ્યા.

❊ શ્રીજીમહારાજે પણ તેથી જ સત્સંગ સમાજને દર વર્ષે એક માસ માટે જૂનાગઢ જઈ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા આજ્ઞા કરી હતી.

'વરષોવરષ એક માસ રે,
કરવો આ મંદિર માંહી વાસ રે.'
(પુરુષોત્તમ પ્રકાશ-૩૨/૧૩)

❊ સ્વયં ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની આ વાતોનો મહિમા કહેલો છે કે 'આ તો અક્ષરધામની વાતું છે. આ વાતું ફરી જન્મ ન થવા દે તેવી છે.'

❊ આજે આપણે મોક્ષમાર્ગમાં ઉપયોગી થનારી એવી એક સ્વામીની વાતનું શ્રવણ કરીએ...

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

'ભગવાનના ભક્તનો અવગુણ આવે ત્યારે તેમાં ગુણ હોય તે વિચારવા, તો તે અવગુણ ટળી જાય, જેમ પાંચ લડવા આવ્યા હોય તે સામા પચાસ આવે તો તેને હઠાવી દિયે; તેમ ગુણ તો ઘણાય હોય તે વિચારવા, તો દોષ થોડા હોય તે ટળી જાય; ને જો દોષ ઝાઝા હોય તો સત્સંગમાં રહેવાય નહિ...'.

❊ ભગવાનની આ સૃષ્ટિ ખામી અને ખૂબીઓથી ભરેલી છે. પરંતુ જે વ્યક્તિ સૃષ્ટિમાં રહેલી સારી વસ્તુઓ તરફ નજર રાખે છે તે સુખી થાય છે.

ઉદ્યાનમાં રહેલા ગુલાબના છોડ પર કાંટા પણ હોય છે, પરંતુ વ્યક્તિ કાંટાને નહીં, ગુલાબને પસંદ કરે છે.

પૃથ્વી પર ખારું અને મીઠું જળ બંને રહેલું છે. પરંતુ વ્યક્તિ પીવા માટે મીઠું જળ ગ્રહણ કરે છે.

વ્યક્તિ શાકમાર્કેટમાં ખરીદી કરવા જાય છે ત્યારે સારાં શાક ખરીદે છે, નરસાંનો ત્યાગ કરે છે. તેમ આ સત્સંગ સમાજમાં લાખો ભક્તો છે. બધા પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે ભગવાનને પ્રસન્ન કરવા સાધના કરે છે. આ ભક્તોમાં કોઈક ખામી અથવા અવગુણ હોવાની પણ સંભાવના છે.

જેમ વ્યક્તિ ગુલાબનું પુષ્પ, મીઠું જળ અથવા સારાં શાક પસંદ કરે છે, તેમ આપણે ભક્તોનાં જીવનમાંથી સદ્ગુણો તરફ દૃષ્ટિ રાખવાની છે.

જે વ્યક્તિ કાંટા, ખારું જળ અથવા નરસાં શાક પસંદ કરે છે તે મંદબુદ્ધિવાળો કહેવાય છે.

❊ મુક્તાનંદ સ્વામી વિવેક ચિંતામણિ ગ્રંથમાં લખે છે :

મુક્ત કહે મતિમંદ નર, સબકે ઔગુન ગાત;
જ્યું બગુલા ગંગા ગયો, તદપિ મછલી ખાત.

જેમ બગલો ગંગામાં જઈને પવિત્ર નીર પીવાને બદલે માછલી જ ખાય છે, તેમ મંદ બુદ્ધિનો મનુષ્ય બધાના અવગુણ ગાતો ફરે છે.

❊ આપણે પણ સત્સંગમાં દિવ્યતા જોવાને બદલે અહીં આવું કેમ છે ? આ બરાબર નથી, ફલાણો ખોટો છે, આમ ન થવું જોઈએ - એવું ઘસાતું બોલીએ તો આપણે પણ બગલા જેવા ગણાઈએ.

◎ પ્રમુખસ્વામી મહારાજે સત્સંગમાં આવનાર એક નવા મુમુક્ષુ યુવકને કહેલું કે આ સત્સંગ દરિયા જેવો છે. દરિયામાં છીપલાં પણ હોય ને માછલાં પણ હોય, રેતી પણ હોય ને મોતી પણ હોય. પરંતુ માછીમારની નજર માછલાં ઉપર હોય ને મરજીવાની નજર મોતી ઉપર હોય છે. માછીમાર થવું કે મરજીવા તે આપણે નક્કી કરવાનું છે. મોતી મેળવવાં છે કે માછલાં તે નિર્ણય આપણે કરવાનો છે. સત્સંગમાં અને દુનિયામાં માછલાં ને મોતી બધું જ પડેલું છે. પરંતુ આપણે મરજીવા થઈશું તો મોતી હાથ આવશે. એટલે ગુણ ગ્રહણ એ મરજીવાનો માર્ગ છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં કહે છે કે કોઈ ભક્તમાં અવગુણ દેખાય તો તેના સદ્ગુણો સામે જોવું. સદ્ગુણો સામે નજર રાખીએ તો અવગુણ આપણી દૃષ્ટિમાં ન આવે. જેમ પાંચ માણસ લડવા માટે, ઝઘડો કરવા માટે આવ્યા હોય અને આ પાંચની સામે પચાસ માણસ જઈ ઊભા રહે તો પાંચને પાછા પાડે. પચાસની સામે પાંચ ઊભા ન રહે, ચાલ્યા જાય.

● **અવગુણ લેવાથી નુકસાન :**

અવગુણ જોવાની, ચર્ચા કરવાની આપણી કુટેવ અંતે તો આપણને નુકસાન કરે છે. મહંત સ્વામી મહારાજે સત્સંગદીક્ષા ગ્રંથના ૧૬૫મા શ્લોકમાં લખ્યું,

अन्य-अवगुणदोषादि-वार्तां कदापि नोच्चरेत्।
तथाकृते त्वशान्तिः स्याद् अप्रीतिश्च हरेर्गुरोः॥

ક્યારેય કોઈના અવગુણ કે દોષની વાત

ન કરવી. એમ કરવાથી અશાંતિ થાય અને ભગવાન તથા ગુરુનો કુરાજીપો થાય.

અહીં મહંત સ્વામી મહારાજે અવગુણ લેવાનાં બે નુકસાન બતાવ્યાં છે -

૧. અશાંતિનો અનુભવ

૨. ભગવાન તથા ગુરુનો કુરાજીપો

૧. અશાંતિનો અનુભવ :

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ-૨૮માં** અવગુણ લેવાથી કેવી અશાંતિનો અનુભવ થાય છે તેનું વર્ણન કર્યું છે. મહારાજ ત્યાં કહે છે કે અવગુણ લેનાર -

- પોતાને સર્વથી અધિક સમજે,
- તેને અસદ્‌વાસનાની વૃદ્ધિ થાય,
- રાત્રિ-દિવસ મૂંઝાયા કરે,
- દિવસમાં સુખે કરી બેસે નહીં અને રાત્રે નિદ્રા પણ આવે નહીં,
- ક્રોધ તો મટે જ નહીં,
- અર્ધબળેલા કાષ્ઠની પેઠે ધૂંધવાયા કરે,
- અંતે પાછો પડી જાય છે.

૨. ભગવાન તથા ગુરુનો કુરાજીપો :

❊ વચનામૃતના પરથારામાં શ્રીહરિની સહજ પ્રકૃતિ લખાઈ છે. તેમાં લખ્યું છે, 'ક્યારેક પોતાની આગળ કોઈક સાધુનું અથવા હરિભક્તનું ઘસાતું બોલે તેને સાંભળી પોતે કચવાઈ જાય છે ને તેનો અનાદર કરી તેને ઠપકો દે છે.'

❊ મુક્તાનંદ સ્વામી અને આત્માનંદ સ્વામી સાધુતાવાળા અને શ્રીહરિના કૃપાપાત્ર સંતો હતા. નિર્વિકલ્પાનંદ નામે એક સંતને આ બંનેનો અભાવ હતો. એકવાર નિર્વિકલ્પાનંદે એક પત્ર શ્રીહરિ પર લખ્યો. તેમાં પ્રથમ તો શ્રીહરિની ખૂબ સ્તુતિ કરી. પછી આ બંને સંતો - મુક્તાનંદ સ્વામી અને આત્માનંદ સ્વામીના અભાવની વાત લખી. મહારાજે આ પત્ર વાંચી કુરાજી થતાં કહ્યું, 'તેણે અમને લાંચિયા જાણ્યા ? તે શું અમે એવા લાંચિયા છીએ ?' પછી ખિજાઈને પત્ર ફાડી નાંખ્યો.

ગુણાતીતાનંદ સ્વામીએ આ પ્રસંગ યાદ કરી કહેલું, 'જેમ નિર્વિકલ્પાનંદ પર મહારાજ કુરાજી થયા તેમ આપણે કોઈનું વાંકું બોલશું તો મહારાજ દુખાઈ જશે.'

❊ મહંત સ્વામી મહારાજે પણ અનેકવાર પોતાના આશીર્વચનોમાં અભાવ-અવગુણની પ્રવૃત્તિ માટે અણગમો દર્શાવ્યો છે. અભાવ-અવગુણની પ્રવૃત્તિથી આપણે દૂર રહીએ તે માટે તેઓ ઘણીવાર દાંત પીસીને અને પોતાના હાથથી મોટી ચોકડી એક્શન કરીને દર્શાવે છે.

❊ અવગુણ લેવાથી અશાંતિ અને કુરાજીપો થાય છે. તેથી મનમાં જેનો અવગુણ આવ્યો હોય તે ટાળવાનો તરત ઉપાય કરવો જોઈએ.

● અવગુણ ટાળવાનો ઉપાય - ગુણગ્રહણ :

❊ પ્રમુખસ્વામી મહારાજ કહેતા, 'દેખતા છતાં આંધળા થવું અને સાંભળવા છતાં બહેરા થવું.' એટલે કે અવગુણ દેખાય તોપણ તેની અવગણના કરીને ગુણો તરફ દૃષ્ટિ રાખવી.

❊ એક રાજા હતો. તે શૂરવીર અને બાહોશ હતો. પ્રજામાં પણ ખૂબ પ્રિય હતો. તેના શાસનમાં રાજ્ય ખૂબ જ સમૃદ્ધ થયું હતું, પરંતુ રાજામાં એક ખામી હતી. તે એક આંખે કાણો હતો. રાજાની ઉંમર વધતી ગઈ. પ્રજાજનોએ પ્રસ્તાવ મૂક્યો કે રાજાનું એક શિલ્પ તૈયાર કરી નગર વચ્ચે સ્થાપવું જોઈએ, જેથી રાજાની કીર્તિ અમર રહે! રાજાએ પ્રસ્તાવ સ્વીકાર્યો. શ્રેષ્ઠ શિલ્પીઓને ભેગા કરી જાહેરાત કરી કે 'જે સારામાં સારું શિલ્પ બનાવશે તેને ઇનામ મળશે. શરત એ કે રાજા જેવો છે, તેવું જ શિલ્પ બનવું જોઈએ અને રાજાને તે ગમવું જોઈએ. જો રાજાને તે શિલ્પ નહીં ગમે તો તે શિલ્પીને દંડ થશે.' એક શિલ્પીએ આબેહૂબ રાજા જેવું શિલ્પ બનાવ્યું, પણ રાજાની એક આંખ કાણી બનાવી હતી. તે રાજાને ન ગમ્યું અને તેને દંડ ફટકાર્યો. બીજાએ પણ શિલ્પ બનાવ્યું, તેમાં રાજાની બંને આંખો

સારી બતાવી. રાજા કહે, 'આ તો કોઈ બીજાનું હોય તેમ લાગે છે. મારે તો એક જ આંખ છે.' તેને પણ દંડ થયો.

હવે બધા મૂંઝાયા. રાજા કાણો છે, તે વાસ્તવિકતાને ઢાંક્યા વિના રાજાને ગમે તેવું શિલ્પ કેવી રીતે બની શકે ?

એક શિલ્પી તૈયાર થયો. તેણે રાજાનું શિલ્પ બનાવ્યું. રાજાને ગમ્યું અને તે શિલ્પીને ઇનામ મળ્યું ! કેવું હતું તે શિલ્પ ? તે શિલ્પીએ એમાં રાજાને શિકાર કરતો બતાવ્યો હતો. ધનુષ્ય તાણીને એક આંખે નિશાન તાકતા રાજાની મુદ્રા એ શિલ્પમાં તેણે કંડારી હતી.

રાજાનો દોષ ઢાંકીને રાજાના શૂરવીરતા, તીરંદાજી, એકાગ્રતા વગેરે ગુણો શિલ્પમાં દર્શાવ્યા. લૌકિક ક્ષેત્રે જે વ્યક્તિઓએ સફળતા પ્રાપ્ત કરી છે તેમણે ગુણ ગ્રહણ તરફ જ દૃષ્ટિ રાખી છે.

❋ સ્કોટલેન્ડનો સામાન્ય પરિવારનો યુવક એન્ડ્રુ કાર્નેગી અમેરિકા જઈને અમેરિકાની સૌથી મોટી સ્ટીલ કંપનીનો માલિક બન્યો. તેના હાથ નીચે કામ કરનારા ૪૩ લોકો કરોડપતિ હતા. પોતાની પ્રગતિનું રહસ્ય જણાવતાં એક ઇન્ટરવ્યૂમાં શ્રી કાર્નેગીએ કહ્યું હતું, 'એક તોલો સોનું ખોદવા માટે લાખો ટન માટી હટાવવી પડે, પણ તમે જ્યારે શોધો છો ત્યારે માટી નહીં સોનું શોધો છો. તેમ હું હજારો અવગુણવાળા માણસનો એક ગુણ શોધી કાઢું છું અને તેના એ ગુણનો ઉપયોગ કરી તેના દ્વારા કામ કરાવું છું !'

◎ 'A Touch of Wonder' (અ ટચ ઓફ વન્ડર) નામના પુસ્તકમાં અમેરિકન લેખક આર્થર ગોર્ડને એક વાત લખી છે. અમેરિકાની યુનિવર્સિટી ઓફ વિસ્કોનસિનના ટેલેન્ટેડ વિદ્યાર્થીઓનાં બે ગ્રુપ હતાં. બંને ગ્રુપના વિદ્યાર્થીઓમાં લેખક, કવિ, પત્રકાર અને સારા સર્જક બની શકે તેવા ટેલેન્ટેડ વિદ્યાર્થીઓ હતા, પરંતુ બંનેની શીખવાની પદ્ધતિ જુદી હતી. એક ગ્રુપના વિદ્યાર્થીઓ દરરોજ ભેગા થાય. દરેક વ્યક્તિ પોતાનું લખાણ ગ્રુપ સામે વાંચે અને ગ્રુપના સભ્યોએ તેમાં રહેલી ખામી શોધવાની અને તેની કડક ટીકા કરવાની, જેથી ક્યાં સુધારો કરવો તે ખ્યાલ આવે. આ ગ્રુપ સ્ટ્રેન્ગલર્સના નામે ઓળખાયું.

અને બીજા ગ્રુપના વિદ્યાર્થીઓ જ્યારે ભેગા થાય ત્યારે દરેકના આર્ટિકલ સાંભળે અને તેમાં રહેલી સારી બાબતો શોધવાની અને તેમાં શું સારું છે તેની ચર્ચા કરવાની અને વધુ સારું લખી શકાય તે માટે પ્રોત્સાહન આપવાનું. આ ગ્રુપના વિદ્યાર્થીઓ રેન્ગલર્સના નામે ઓળખાતા.

૨૦ વર્ષ પછી યુનિવર્સિટીના અધિકારીઓએ આ બંને ગ્રુપના હોનહાર છાત્રોની કારકિર્દીની તપાસ કરી ત્યારે ખ્યાલ આવ્યો કે સ્ટ્રેન્ગલર્સના ગ્રુપમાંથી એક પણ વિદ્યાર્થી લેખન જગતમાં નોંધનીય પ્રદાન આપી શક્યો નહોતો, જ્યારે રેન્ગલર્સના ગ્રુપમાંથી અડધો ડઝન જેટલા સાહિત્યકારોએ પોતાના ક્ષેત્રમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું, અને એમાંથી એકે તો પત્રકારત્વ અને લેખનમાં દુનિયામાં શ્રેષ્ઠ કહી શકાય તેવું પુલિત્સર પ્રાઇઝ મેળવ્યું હતું.

આ વિગત લખીને પુસ્તકના લેખક કહે છે, 'મારા કરતાં પણ વધુ આવડતવાળો મારો એક મિત્ર સ્ટ્રેન્ગલર્સ ગ્રુપમાં હતો. મારું ભાગ્ય કે હું યુનિવર્સિટીના એ ગ્રુપમાં નહોતો.'

અવગુણ તરફ ઉપેક્ષા કરીને ગુણગ્રહણથી જ પ્રગતિ થાય છે અને ગુણગ્રહણથી જ પતન અટકાવી શકાય છે.

❋ દશરથ રાજાના કુટુંબમાં પ્રશ્ન આવ્યો. રામચંદ્રજીને વનવાસ થયો. તેમાં કૈકેયી કારણભૂત હતી, પરંતુ રામચંદ્રજીએ તેમના ગુણ જ ગ્રહણ કર્યા, જેને કારણે પરિવારમાં સંપ જળવાઈ રહ્યો. ૧૪ વર્ષ પછી પણ બધાં જ સુખપૂર્વક એક સાથે રહી શક્યાં.

વનવાસ બાદ રામચંદ્રજી પરત ફર્યા ત્યારે સૌ પ્રથમ માતા કૈકેયીને પગે લાગ્યા અને બોલ્યા, 'માતા આપ ક્ષોભ ન પામશો. આપે વનવાસ અપાવીને મારા પર કેટકેટલા ઉપકાર કર્યા છે, તે સાંભળો,

તાતસ્નેહો ભરતમહિમા પૌરુષં વાયુસૂનોઃ
સખ્યં ચાપિ પ્લવગનૃપતેઃ ક્વાપિ સૌમિત્રભક્તિઃ ।
સીતાસત્યં નિજભુજબલં વૈરિણાં વૈરભાવો
જ્ઞાતં સર્વં તવ ચરણયોર્માતરેષ પ્રસાદઃ ॥

'હે માતા ! પિતાનો સ્નેહ કેવો કે મારા ગયા પછી તરત તેઓએ દેહ મૂકી દીધો, ભરત જેવો ભાઈ કેવો કે તેણે રાજ્યગાદીનો ત્યાગ કરી દીધો, હનુમાનજીનું બળ કેવું અતુલ્ય છે, સુગ્રીવની મિત્રતા, લક્ષ્મણની મારા પ્રત્યેની ભક્તિ તથા અગ્નિ પરીક્ષામાંથી પસાર થયેલી સીતાના પતિવ્રતાપણાનો મને અને વિશ્વને ખ્યાલ આવ્યો. રાવણ સાથેના યુદ્ધમાં મને મારા બાહુબળનો તથા દુશ્મનના વૈરીભાવનો ખ્યાલ આવ્યો. આ બધું આપનાં ચરણની કૃપાથી જ મને જાણવા મળ્યું છે !'

અવગુણ તરફ ન જોતાં ગુણગ્રહણ કરીએ તો ગમે તેવી બગડેલી પરિસ્થિતિ અને બગડેલા સંબંધોને સુધારી શકાય છે.

❋ યોગીજી મહારાજની આવી જ જીવનભાવના હતી. તેઓ કહેતા, 'મને પચાસ વરસ સત્સંગમાં થયાં. કોઈ દિવસ કોઈ સત્સંગી નાનામાં નાનો હોય, થાથા થાબડા જેવો હોય, કાંઈ ન આવડતું હોય તેનો પણ અભાવ આવ્યો નથી.'

❋ એકવાર ગોંડલમાં ગુણવંતભાઈએ યોગીબાપાને એક યુવકની વાત કરતાં કહ્યું, 'બાપા, એ સેવા કરતા નથી ને બીડી પીવે છે.' યોગીબાપા કહે, 'તમે શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કર્યાં છે?' ગુણવંતભાઈએ ના પાડી. યોગીબાપા કહે, 'એણે સ્વામી શાસ્ત્રીજી મહારાજનાં દર્શન કર્યાં છે. તે તમારાથી જૂના છે. તમારે મહિમા સમજવો જોઈએ. તમે આપણી હારે રહ્યા ને અવયવ ન બદલાયા, તો શું ગુણ આવ્યા ? અભાવ-અવગુણ કોઈનો આવવો ન જોઈએ, તો રજકણ બદલાયા કહેવાય.' ગુણવંતભાઈએ તરત માફી માંગી.

❋ સન ૧૯૫૫માં મુંબઈના એક હરિભક્ત પરિવાર સાથે ગોંડલ દર્શન માટે ગયેલા. અહીં તેમનાં બાળકો માટે તેમણે કોઠારી સંત પાસે દૂધ માંગ્યું. તે અરસામાં ગોંડલ મંદિરમાં ઠાકોરજી માટે દૂધ બહારથી આવતું. તેથી કોઠારીએ કહ્યું, 'દૂધ આવે પછી આવજો.' મંદિરની પરિસ્થિતિથી અજાણ હરિભક્તને એવું લાગ્યું કે કોઠારીને દૂધ આપવું નથી, એટલે તેમના વિષે મનમાં થોડું માઠું લાગ્યું. પણ બોલ્યા વગર અક્ષરદેરીમાં જઈ પ્રદક્ષિણા કરવા લાગ્યા. ત્યાં યોગીજી મહારાજ દેરીમાં પધાર્યા ને હરિભક્તને કહ્યું, 'દૂધ ન મળ્યું તેનો વાંધો નહીં. હમણાં મળશે. પણ તમે બોલ્યા નહીં તે સારું થયું. આપણે એમ વિચારવું કે હું સંસારમાં રચ્યોપચ્યો છું ને સાધુ તો સંસાર મૂકીને આવ્યા છે. એમ સંતોનો ગુણ લેવો.'

યોગીજી મહારાજે શીખવ્યું કે અવગુણની સામે સાધુનો જે ગુણ છે તે તરફ દૃષ્ટિ રાખવી.

◎ યુવકોને વેકેશન પડે ત્યારે સૌ યોગીજી મહારાજ સાથે વિચરણમાં જોડાતા. યોગીજી મહારાજની એવી રુચિ કે યુવકો સવારે વહેલા ઊઠે. તેથી તેઓ ડો. રમણભાઈ (પૂ. ડોક્ટર સ્વામી)ને ઊઠાડવા મોકલતા.

એકવાર વાસણા ગામમાં યોગીબાપાએ રમણભાઈને યુવકોને જગાડવા મોકલ્યા. રમણભાઈએ પાછા આવી જે જે નહોતા ઊઠ્યા તેમનાં નામ કહેવાં શરૂ કર્યાં. યોગીબાપા કહે, 'ગુરુ, એમ ન કહેવું. આપણે ગુણ જ લેવો. દોષ ન જોવા. આપણે એમ માનવું કે બધા આગળ કરીને આવ્યા છે ને આપણે હજુ બાકી છે.'

❋ મહંત સ્વામી મહારાજે તો પોતાની ગુણગ્રહણ અંગેની રુચિ અનેક પ્રસંગે જણાવી છે. તેઓ

ઘણીવાર કીડીનું દૃષ્ટાંત આપી સમજાવે છે કે ધૂળના ઢગલામાં અલ્પ ખાંડ હોય પણ કીડી તે ધૂળમાંથી ખાંડ શોધી ગ્રહણ કરે છે. તેમ આપણે અન્યમાંથી સદ્‌ગુણ લેવા.

* સન ૨૦૨૦માં એક દિવસ મહંત સ્વામી મહારાજ ગઢપુર ખાતે જીવાખાચરના દરબારમાં પધાર્યા હતા. અહીં શ્રીહરિના પ્રાસાદિક ઓરડાઓમાં દર્શન કરી સ્વામીશ્રીએ એક અગત્યની વાત કરી.

સ્વામીશ્રી કહે, 'જીવાખાચર પરમ ભક્ત થઈ ગયા. તેમણે કેટલી બધી ભક્તિ કરી! કેટલું બધું (સમર્પણ) કર્યું હતું! એની સામે ગુના (ભૂલો) તો કાંઈ ગણ્યામાં ન આવે. શ્રીજીમહારાજ તેમની અંત અવસ્થામાં જાતે આવ્યા. શરીરે હાથ ફેરવ્યો અને અગ્નિસંસ્કાર પણ કર્યો છે. માટે આપણે ખાલી ગુણ જ કહેવા. બીજી કોઈ વાત કરવી નહીં.'

શ્રીહરિ અને ગુણાતીત સત્પુરુષ જો કોઈ ભક્તના દોષ તરફ દૃષ્ટિ ન કરતા હોય તો આપણે પણ એ માર્ગે આગળ વધવું રહ્યું.

* તા.૨૬/૪/૨૦૧૭ના રોજ મહંત સ્વામી મહારાજ કોલકાતામાં હતા. સ્વામીશ્રી અલ્પાહાર ગ્રહણ કરવા વિરાજ્યા ત્યારે મંદબુદ્ધિના લોકોની વાતો નીકળી. અલગ-અલગ સ્થાનોએ મંદબુદ્ધિના લોકો કેવા હતા, શું કરતા, તે વાતોમાં અક્ષરભુવનમાં (મુંબઈમાં) એક આવો ગાંડો હતો તેની વાત થઈ. સ્વામીશ્રી કહે, 'પણ ઠાકોરજીને દંડવત કરતો - ૧૫, ૨૦ અને કોઈકવાર ૨૫...' સ્વામીશ્રીએ તેનો ગુણ, સારી વાત શોધી કાઢી, સૌને ગુણગ્રહણ કરવાની રૂડી રીત શીખવી.

અલ્પ પ્રસંગમાંથી પણ ગુણાતીત સત્પુરુષો દોષને ઢાંકીને આપણને ગુણગ્રહણ તરફ વાળે છે. તેમની આ અંગેની રુચિ છે, આગ્રહ છે.

* ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં કહે છે કે, 'દોષ ઝાઝા હોય તો સત્સંગમાં રહેવાય નહીં.' આ વાક્યનો એ અર્થ થયો કે જે સત્સંગમાં રહ્યા છે તેનામાં દોષ કરતાં ગુણ ઝાઝા છે. એટલે જ તે સત્સંગમાં રહ્યા છે. હરિભક્તમાં નિત્યપૂજા કરવી, સત્સંગ સભા ભરવી, ભગવાનમાં શ્રદ્ધા હોવી, સત્પુરુષમાં જોડાણ, દૈહિક-આર્થિક સેવા કરવી, નિયમ-ધર્મ પાળવા, અન્ય હરિભક્તોને મદદરૂપ થવું વગેરે ગુણો હોઈ શકે છે. તેથી આપણે આવા સદ્‌ગુણો તરફ દૃષ્ટિ રાખવી.

* કદાચ એવું બને કે કોઈ ભક્તનો આપણને કોઈ ગુણ ન દેખાય, તે હરિભક્તનો વિચિત્ર સ્વભાવ જોઈ તેના પ્રત્યે સહેજે કંટાળો આવી જાય અને તેનો અભાવ આવી જાય, ત્યારે તેમાંથી બચવાનો ઉપાય શ્રીજીમહારાજ **ગઢડા પ્રથમ-૨૪ના વચનામૃતમાં** બતાવે છે : "જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે, 'આનો સ્વભાવ સત્સંગમાં ન ઘટે એવો છે તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને તે જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે તો આવો સત્સંગ મળ્યો છે' એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો."

કોઈકને સત્સંગ મળ્યો છે એ જ એક મોટો ગુણ છે. તે જીવના પૂર્વસંસ્કાર ઘણા છે તેમ વિચારીને પણ ગુણ લેવો.

* મહંત સ્વામી મહારાજ અક્ષરબ્રહ્મ છે, તેઓ અંતર્યામી છે, દરેકના ગુણ-અવગુણ જાણે છે. છતાં તેઓ દરેક ભક્તને દિવ્યદૃષ્ટિથી જ જુએ છે અને આપણને તે માટે પ્રેરણા આપે છે.

* જેમ ભમરી દરેક પુષ્પમાંથી કેવળ મધ જ એકઠું કરે છે, તેમ આપણે પણ ગુણગ્રાહક દૃષ્ટિએ દરેકમાંથી ગુણગ્રહણ કરવાની વૃત્તિ રાખીશું તો જીવન મધની જેમ મીઠાશભર્યું બનશે, શ્રીજીમહારાજ અને ગુણાતીત સત્પુરુષોનો રાજીપો પ્રાપ્ત થશે અને આપણે એકાંતિક ધર્મ સિદ્ધ કરી શકીશું. મહારાજ, સ્વામી આપણને આ માર્ગે આગળ વધવા વિશેષ બળ આપે તે પ્રાર્થના...

૮. સ્વામીની વાત : પ્રકરણ : ૨, વાત : ૧૯

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે :

આ મેડિયું મળી છે ને સારું સારું ખાવા મળે છે, કે માન મળે છે, ઈત્યાદિક મનુષ્ય દેહનું ફળ નથી. તે તો વિમુખને પણ મળે છે. માટે મનુષ્ય દેહનું ફળ તો સારાનો સંગ ને સ્વભાવ ટળે, એટલું જ છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં મુખ્ય બે વાત સમજાવે છે :

(૧) મનુષ્ય દેહનું ફળ લૌકિક માન-મોટપ મળે, વિષયો મળે તે નથી.

(૨) મનુષ્ય દેહનું ફળ તો સારાનો સંગ-સત્સંગ મળે અને સ્વભાવ ટળે એ જ છે.

● **મનુષ્યદેહની દુર્લભતા :**

❊ શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે : **'દુર્લભો માનુષો દેહો ।** મનુષ્યદેહ દુર્લભ છે.'

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : કરોડ રૂપિયા આપતાં પણ મનુષ્ય દેહ મળે નહિ. **(સ્વામીની વાત : ૧/૧૯)**

❊ તુલસીદાસજી કહે છે :

બડે ભાગ માનુષ તનુ પાવા ।
સુર દુર્લભ સબ ગ્રંથહિ ગાવા ।

❊ દેવાનંદ સ્વામી કહે છે :

માણસનો અવતાર મોંઘો, નહીં મળે ફરી.

❊ ૩ ઉપર ૧૭ મીંડા ચડે તેટલા રૂપિયાનો આ મનુષ્ય દેહ થાય તેમ વૈજ્ઞાનિકોએ ગણતરી કરી છે. તે પણ ચૈતન્ય વિનાનો.

❊ **'ન હિ માનુષાત્ શ્રેષ્ઠતરં હિ કિંચિત્'** અર્થાત્ માણસથી શ્રેષ્ઠ કશું જ નથી.

આમ, મનુષ્યદેહ સમગ્ર પ્રાણીજગતમાં શ્રેષ્ઠ

છે. તેથી શાસ્ત્રોમાં કહ્યું છે કે ચોરાસી લાખ યોનિમાં ફરીને એક જ વખત મનુષ્યનો દેહ આવે છે.

● **મનુષ્યદેહનો ખોટો ઉપયોગ :**

❊ ગુણાતીતાનંદ સ્વામીએ એક વાતમાં કહ્યું : એક કઠિયારો હતો તે લાકડાનાં ભારા લાવીને વેચતો. પછી એક દિવસ હેમગોપાળની ઝાડીમાંથી બાવના ચંદનનું લાકડું આવી ગયું. તેને ખબર વિના ચૂલામાં સળગાવ્યું ને તેની સુગંધ કોઈક શાહુકારને આવી, પછી તે શાહુકારે પૂછ્યું : 'આ ગામમાં બાવના ચંદન બાળે એવો કોણ છે ?' પછી સર્વે કહે : 'અહીં તો કઠિયારો રહે છે.' પછી શાહુકારે ત્યાં જઈને બળતાં થોડુંક રહ્યું હતું તે ચંદન લાવીને વિષ્ણુ ભગવાનને ચડાવ્યું. શાહુકારે દેહ મૂક્યો ત્યારે તે વિષ્ણુના લોકમાં ગયો. એ તો દૃષ્ટાંત છે અને સિદ્ધાંત એ છે જે હેમગોપાળને ઠેકાણે તો આ ભરતખંડ છે અને બાવના ચંદનને ઠેકાણે તો મનુષ્યદેહ છે. તે ખબર વિનાનું સ્ત્રી, દ્રવ્ય, દીકરા, દીકરી, લોક, ભોગ વિષે બાળી દે છે અને પછી પસ્તાય છે.

❊ સી. એમ. લૂઈસ નામના લેખકે 'Mere Christianity' પુસ્તકમાં અમેરિકાના અતિ ધનાઢ્ય ઉદ્યોગપતિ થોમસ મોનાહનનો ઉલ્લેખ કર્યો છે : અનાથાશ્રમમાં ઉછરેલા થોમસે ઈ.સ. ૧૯૬૦માં 'પીઝા હટ' શરૂ કર્યાં. ૧૯૮૯માં ૫૦૦૦ દુકાનો કરી. દર વર્ષે ૨૫૦ કરોડનું ટર્નઓવર કરતો. અમેરિકાનો મોટામાં મોટો ફાસ્ટફૂડ બિઝનેસ. પોતાની એક અબજ ડોલરની સંપત્તિ. પોતે ૪ લાખ ડોલરની રોલેક્સ ઘડિયાળ પહેરતો. પોતાનું ખાનગી હેલિકોપ્ટર, ખાનગી વિમાન, ખાનગી બોટ અને ૧૨થી વધુ કરોડનું મકાન. છતાં કહે છે : 'આમાંથી એક પણ વસ્તુએ મને સુખ આપ્યું નથી. બીજાનું ધ્યાન ખેંચવા હું આ ખરીદતો. મારા અહંને પોષવા જ પરિગ્રહ વધારતો. મને લાગે છે કે હું મહાપાપી છું. હવે હું બધાને તિલાંજલિ આપું છું.'

❊ દેવાનંદ સ્વામી કહે છે :

મનુષ્યદેહ મળ્યો અતિ મોંઘો, ખોટો જાણી ખોયો રે...
દુનિયામાં ડાહ્યો ડહાપણમાં દુઃખ પામે...

❊ તેથી ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે વિષય ભોગવવા એ મનુષ્ય દેહનું ફળ નથી.

● **મનુષ્યદેહનો સાચો ઉપયોગ** :

❊ મર્સિડીઝનો ઉપયોગ ઘાસ ભરવા અને સોનાની થાળીનો ઉપયોગ ધૂળ ભરવા માટે થાય ?

ખેડૂત આંબો વાવે તો તેનો ઉપયોગ લાકડાં, પાંદડાં અને કેવળ છાંયડો મેળવવા નહિ. તે તો બીજા ઝાડ પાસેથી પણ મળે, પરંતુ તેનો સાચો ઉપયોગ કેરીનું ફળ મળે તે છે.

તેથી ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'મનુષ્યદેહનું ફળ સારાનો સંગ મળે, સત્સંગ કરે અને સ્વભાવ ટળે એ છે.'

● **સ્વભાવ ટાળવાનું મહત્ત્વ** :

રાવણ પાસે સોનાની લંકા હતી. જેની સામર્થિ માટે કહેવાતું :

નવગ્રહ જેણે ઢોલિયે રે બાંધ્યા, વાયુ વાસીદાં કરતાં રે,
ગણેશજી જેની ગાયું ચરાવે, મેઘ પાણીડાં ભરતાં રે,
બ્રહ્માદિ જેના ધોતિયા ધોતાં, શિવ ભંડારી કરતાં રે,
વિધાતા જેને વાયુ ઢોળે, રવિ રસોઈયું જેની કરતાં રે...

તેને ૭૩ હજાર પટરાણીઓ છતાં સીતામાતાનું રૂપ જોઈ અપહરણ કર્યું અને અંતે મૃત્યુ થયું. કારણ કે કામનો સ્વભાવ.

❊ દુર્યોધન પાસે હસ્તિનાપુરનું રાજ્ય હતું. છતાં લોભને કારણે પોતાના ભાઈઓ એવા પાંડવોને સોયની અણી જેટલી જમીન આપવા ના પાડી. અંતમાં યુદ્ધ થયું અને સંપત્તિ ભોગવવા ન રહ્યો, કારણ કે લોભનો સ્વભાવ.

❊ જીવાખાચરે શ્રીજીમહારાજની અનન્ય સેવા કરી. પ્રથમ વાર ગઢડા ગામમાં લાવ્યા. થૂંકવા માટે પોતાની પાઘ ધરી દીધી. શૌચવિધિ માટે ઘરમાં ચૂલા પર બેસાડ્યા, ઠંડી લાગતી હતી તો તાપણા માટે

નવો ઢોલિયો તોડી તપાવ્યા. છતાં તેમણે જ રામખાચરને શ્રીજીમહારાજને મારી નાખવા તલવાર લઈ મોકલ્યા. કારણ હતું દાદાખાચર પ્રત્યેની ઈર્ષ્યાનો સ્વભાવ.

❊ મછિયાવનાં ફઈબા. જેમના ઘરે શ્રીજીમહારાજે ૩૨-૩૨ વખત પધારી સમૈયાનો લાભ આપેલો છતાં વહુ સાથે અણબનાવ હતો. શ્રીજીમહારાજે ફઈબાને મનાવવા પ્રયત્ન કર્યો, છતાં ન માન્યા. મહારાજ તૈયાર રસોઈ મૂકી ચાલી નીકળ્યા. કારણ હઠનો સ્વભાવ.

❊ તેથી નિષ્કુળાનંદ સ્વામી કહે છે :

કામ ક્રોધ લોભનું, જ્યાં લગી મૂળ ન જાયજી,
સંગ પ્રસંગે તે ઊપજે, ઇંદ્રિય વિષય આકારજી,
ત્યાગ ન ટકે રે...

આમ, સ્વભાવ ન ટળે તો લૌકિક તથા આધ્યાત્મિક સુખ આવતું નથી. આ સ્વભાવ ટાળવાનો ઉપાય પણ સ્વામી આ વાતમાં જ બતાવી દે છે.

❊ ટેક્નોલોજીના આ યુગમાં સૌને થોડું કરીને વધારે મેળવવાની ઇચ્છા રહે. સત્સંગ અનેક વર્ષોનું કાર્ય થોડા સમયમાં કરી દે છે. આ અંગે મોટાપુરુષોનાં પ્રમાણો જોઈએ.

❊ પચાસ વર્ષનું કામ - અડધી ઘડી એટલે ૧૨થી ૧૫ મિનિટમાં :

સાધુ સંગત આધી ઘડી સુમિરન વર્ષ પચાસ ।
વર્ષા વરસે એક ઘડી રેંટ ફિરે બારે માસ ॥

આ સાખીમાં કેટલું સરસ દૃષ્ટાંત આપ્યું છે કે વરસાદ થોડા સમયમાં પૃથ્વીનો ઘણો ભાગ ભીંજવી દે, જ્યારે રેંટ, પંપ, કોશ કેટલો સમય ચાલે ત્યારે પૃથ્વીને પાણી મળે. તેમ સાધનો અને સત્સંગમાં તફાવત છે.

❊ તેનાથી આગળ કહે છે, ૧૦૦ વરસનું કામ - એક પળમાં :

ઈબ્રાહિમ કહે છે **: ઓલિયા સાથે વીતાવેલી એક પળ સો વરસની બંદગી કરતાં અધિક છે.**

❊ તેનાથી પણ આગળ કહે છે, ૮ અબજ અને ૬૪ કરોડ વરસ અર્થાત્ એક કલ્પનું કામ એક દિવસમાં :

ગુણાતીતાનંદ સ્વામીએ **૨/૪૫મી વાતમાં** કહ્યું છે, બીજે ઠેકાણે જેટલું કામ એક કલ્પમાં થાય છે તેટલું કામ અહીં એક દિવસે થાય છે.

❊ તુલસીદાસ કહે છે :

એક ઘડી આધી ઘડી. તાકી પુની આધ,
તુલસી સંગત સંત કી, કટે કોટિ અપરાધ

❊ મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે :

જી રે સંત સમાગમથી ટળે, આશા-તૃષ્ણા રે,
ઈર્ષ્યા અભિમાન, મોહ-મત્સર-મમતા બળે.

એટલે સારાનો સંગ મળવો તે દુર્લભ છે અને તે મનુષ્ય દેહનું ફળ છે. અને આવા સંતનો સંગ મળે ત્યારે સ્વભાવ સહેજમાં ટળે છે.

❊ એક નાગર બ્રાહ્મણને ભારે રસાસ્વાદ. દરરોજ ઘરે સંઘર્ષ થાય. એક વાર તેઓ મંદિરે આવ્યા તો સ્વામીએ કથામાં બેસાર્યા. કથા પછી સ્વામી જમવા ગયા તો તેઓ પણ 'સ્વામી જૂનાગઢ મંદિરના મહંત છે તો સારું સારું જમતા હશે' તેમ માની જોવા ગયા. દૂર ઊભા રહ્યા. સ્વામીના પત્તરમાં સેવકે છાશ નાંખી તે તેને દૂધપાક લાગ્યો. પછી આગલા દિવસનો રોટલાનો ભૂકો નાંખ્યો તે ચૂરમાં જેવું લાગ્યું. પછી સ્વામીએ મીઠું મંગાવ્યું તેથી તેને વિચાર થયો કે દૂધપાકમાં મીઠું ન હોય. પછી ખબર પડી કે સ્વામી તો છાશ-રોટલો જમે છે. 'આટલા મોટા મંદિરના મહંત માત્ર છાશ અને રોટલો જમે છે !' - એમ તેને સ્વામીનો અત્યંત ગુણ આવ્યો ત્યારથી તેમનો રસાસ્વાદ ટળી ગયો.

❊ રઘુવીરજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામી વગેરે સંતો સાથે વિચરણ કરી રહ્યા હતા. વરતાલથી ખંભાત જતાં સ્વામીએ રઘુવીરજી મહારાજની મુમુક્ષુતા જોઈ કહ્યું : 'તમે તીર્થવાસી થઈ જૂનાગઢ આવો તો બધી ગ્રંથિ ગાળી દઉં.' તેમણે મુમુક્ષુતાથી પોતે આચાર્ય હોવા છતાં વૈભવ છોડી, તીર્થવાસી થઈ, જૂનાગઢ જઈ સાડા ત્રણ મહિના સ્વામીનો

સત્સંગ કર્યો અને સ્વામીએ તેમની ગ્રંથિ ટાળી દીધી. આણંદના જીભાઈ શેલત કહેતા કે સ્વામીના સમાગમ પછી તેઓ ખરેખર ગુણાતીત થઈ ગયા હતા. છતી દેહે જ બ્રાહ્મીસ્થિતિને પામી ગયા હતા. આમ, સારાના સંગથી સ્વભાવ ટળે એટલું જ નહિ છતી દેહે બ્રાહ્મીસ્થિતિ પણ પ્રાપ્ત કરી શકાય.

❊ તળાજાના રીસુભા. દારૂના અઠંગ વ્યસની. પત્ની અને પુત્રી પણ તેમનાં વ્યસનથી કંટાળેલા. તેમના ઘરે પ્રમુખ સ્વામી પધાર્યા, પણ તે વખતે રીશુભાએ દારૂ પીધો હતો તેથી નજીક નહોતા આવતા. માંડ બોલાવ્યા અને હાથ પકડી સ્વામીએ કહ્યું : ‘બાપુ ! આ તમને શોભે ?’ તેમનો દારૂનો નશો ઊતરી ગયો અને સંપૂર્ણ નિર્વ્યસની જીવન બની ગયું.

❊ એક શિક્ષકનો સ્વભાવ સહેજમા જ ભડકો થઈ ઊઠે એવો હતો. એક વાર એમની નાની દીકરીને રેડિયો બંધ કરવાનું કહ્યું. થોડી વાર પછી દીકરીને થયું પપ્પા ઊંઘી ગયા છે એટલે ધીમે અવાજે ચાલુ કર્યો. શિક્ષકે તરત જ ઊભા થઈને ગુસ્સામાં રેડિયાનો ભીંતમાં ઘા કર્યો. રેડિયાના ભુક્કા બોલી ગયા.

બીજા એક પ્રસંગે તેમણે તેમનો પુત્ર તડકામાં સાઈકલ બહાર ફેરવતો હતો તો એવો ક્રોધ ચડ્યો કે સાઈકલને ફટકારી ફટકારીને તોડી-ફોડી નાખી, પરંતુ જ્યારે એ શિક્ષક સ્વામીને બોચાસણ મળ્યા ત્યારે સ્વામીશ્રીનાં દર્શન માત્રથી તેમનું પરિવર્તન થયું. હવે કહે છે, મારો ક્રોધ લગભગ નાબૂદ થઈ ગયો છે. સ્વામીશ્રીએ મારા જીવનમાં જે પરિવર્તન આણ્યું છે તેને માટે હું કાયમનો સ્વામીશ્રીનો ઋણી છું.

❊ એટલે મુક્તાનંદ સ્વામી કહે છે :

સદ્‌ગુરુ સેવીએ સાચા શુદ્ધ ભાવશું રે,
જેથી ટળે મનના વિવિધ વિકાર...

આપણને પ્રમુખસ્વામી મહારાજ જેવા સાચા સંત મળ્યા છે, તો તેમનો સમાગમ કરી સેવા કરી, સ્વભાવ ટાળી, મનુષ્યદેહને સાર્થક કરીએ એ જ પ્રાર્થના.

❁ ❁ ❁

સ્વામીની વાત : ૨ પ્રકરણ : ૨ વાત : ૨૯

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે.....

ભગવાનને સંભારીને જે જે ક્રિયા કરે છે તો પણ તે નથી કરતો ને તે અકર્તા છે, ને તે વિના તો બેઠા છે તો પણ કર્તા છે. અને ભગવાનને સંભારીને ખાય છે, બોલે છે, જુએ છે, સૂવે છે, ચાલે છે, ઇત્યાદિક જે જે ક્રિયા કરે છે તો પણ તે કાંઈ કરતો નથી ને તે અકર્તા છે.

ગંભીરતા તેમાં હોય છે. આથી અલ્પ વચનમાં પણ ફેર ન પડે એની સાવધાની રાખતા હોય છે. આપણાથી [illegible] આજ્ઞાનો [illegible] ભંગ થાય [illegible] પ્રમુખસ્વામી [illegible]

❀ સ્વામીની વાતનું નિરૂપણ :

વૈદિક હિન્દુ ધર્મ કર્મના સિદ્ધાંતને માને છે. જીવપ્રાણીમાત્ર જે જે કર્મ કરે છે, તેનું ફળ ભગવાન તેને આપે છે. સત્કર્મનું સારું ફળ- સુખ, સમૃદ્ધ, સદ્‌ગતિ અને દુષ્કર્મનું નરસું ફળ- દુઃખ, દારિદ્રય અને અધોગતિ વગેરે હોય છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી આપણને આ કર્મબંધનમાંથી મુક્તિ મળે એવો સચોટ ઉપાય આ વાતમાં બતાવે છે.

❀ કર્તા ને અકર્તા કોણ ?

❊ ભગવાનને સંભારીને જે ક્રિયા કરે છે, તે અકર્તા છે. કઈ રીતે ? સ્મૃતિ સહિત ક્રિયા કરનારને કર્મનું બંધન થતું નથી. તેની ક્રિયામાં ભગવાનનો સંબંધ ભળ્યો હોવાથી ક્રિયા નિર્ગુણ થઈ જાય છે.

❊ ભગવાનને સંભાર્યા વિના કેવળ બેસી જ રહે તો પણ તે ક્રિયાનો કરનારો છે. અર્થાત્ તેને કર્મનું ફળ ભોગવવું જ પડશે. કઈ રીતે ? બેસી રહેનારાનું કદાચ શરીર સ્થિર છે પણ મન ? મનના વિચારોથી તો સતત કર્મ થતાં જ રહે છે.

❊ ક્રિયા તો મન, શરીર અને વાણી - ત્રણ પ્રકારે થાય છે, અને તેનું કર્મ લાગે છે. જીવપ્રાણી

માત્રને કર્મ કર્યા વિના રહેવાતું નથી. તેમાં ભગવાનનો સંબંધ ન હોય તો તેને ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કર્તા કહ્યો છે.

ટૂંકમાં, સ્વામીનો કહેવાનો મુદ્દો એ છે કે :

❀ સ્મૃતિ સહિત ક્રિયા કરવી :

* સ્વા.વાત : અમે જે જે ક્રિયા કરીએ તે મહારાજની મૂર્તિને સંભારીને કરીએ, નહિ તો તાળવું ફાટી જાય.
* ગઢડામાં મંદિરનું કામ ચાલતું હતું. કેટલાંક વૃદ્ધ હરિભક્તો દર્શને આવ્યા. મહારાજે તેમને પૂછ્યું, 'તમે આ સંતોને કેવા જાણો છો ?' તેઓ કહે, 'મુક્તાનંદ વગેરે બરાબર પણ બાકીના તો ધાન ખાવા ભેગા થયા છે.' આ સાંભળી મહારાજે સિદ્ધાનંદ સ્વામીને બોલાવ્યા. તેઓ સેવાથી પરસેવે રેબઝેબ હતા ને કંઠમાં સતત સ્વામિનારાયણનું ભજન કરતા હોવાથી ગળું મોરની જેમ હાલે. મહારાજે કહ્યું, 'જુઓ આ સંત. આટલી સેવામાં પણ અમારું ભજન કરે છે. બધા સંતો આવા જ છે.'
* વચ.ગ.મ.૪૮ : જેને ભગવાનના સ્વરૂપનું એવી રીતે ચિંતવન થાય છે તે તો કૃતાર્થ થયો છે ને તેને કાંઈ કરવું બાકી રહ્યું નથી.
* કુંડળ ગામે હરિભક્તો સ્મૃતિ વિના નાહ્યા તો મહારાજે કહ્યું, 'તમે લોહીમાં સ્નાન કર્યું છે !' અને તેમણે સ્મૃતિ સહિત ફરી સ્નાન કર્યું, ત્યારે પ્રસન્ન થયા.
* કારિયાણીમાં ભગતજી મહારાજ વાસણ ઊટકતા હતા. તપેલામાં ચોંટેલ કંસાર ઊખેડતાં તેમની વૃત્તિ ક્ષણભર મૂર્તિમાંથી તૂટી, તો ગુણાતીતાનંદ સ્વામીએ ટકોર કરતાં કહ્યું, 'પ્રાગજી ! ગોબરો થઈને શું ક્રિયા કરે છે ?'
* પ્રમુખ સ્વામી મહારાજ પણ હંમેશાં આ જ પ્રકારનો આગ્રહ સેવે છે.

❀ સ્મૃતિ સહિત ક્રિયા કરવાથી થતા લાભ :

* ગામડે વિચરણ કરતાં સંતો 'રે સગપણ હરિવરનું સાચું...' એ પદ ગાતા હતા. એક બિનસત્સંગી બાઈને તે યાદ રહી ગયું. ઘરનું કામકાજ કરતાં તે કાયમ આ કીર્તનની કડી ગાયા કરે. તો અંતકાળે શ્રીજીમહારાજ તેને ધામમાં તેડવા પધાર્યા !
* સ્મૃતિથી અંતરમાં શાંતિ રહે, કારણ કે સ્મૃતિ દ્વારા મન ભગવાન કે સંતમાં પરોવાઈને સ્થિર થાય છે અને મન સ્થિર હોય એટલે શાંતિનો અનુભવ થાય છે.
* સ્મૃતિથી ભગવાનનું સુખ આવે છે. ભાદરાના ડોસાભાઈ રોટલો ને મીઠું જમતા હતા. કોઈએ કહ્યું, 'ડોસાભાઈ ! લૂખું કેમ ખાવ છો ?' ડોસાભાઈ ખુમારીથી બોલ્યા, 'લૂખું ખાય તે હરામ ખાય. હું તો ભગવાનને સંભારીને જમું છું.' લૂખા-સૂકા ભોજનમાં પણ તેમને સુખ હતું !
* સ્મૃતિ સહિત ક્રિયા કરવાથી ક્રિયામાં સફળતા કે નિષ્ફળતા મળે, તેનો હરખ-શોક ન થાય.

❀ સ્મૃતિ કેવી રીતે થઈ શકે ?

* વચ.ગ.પ્ર.૩૮ મુજબ આપણા મનને લીલા-ચરિત્રરૂપ જાળાને વિષે ગૂંચવી મેલવું. એટલે કે આપણે જે સ્વામીશ્રીનાં દર્શન કર્યાં હોય, ઉત્સવ-સમૈયામાં કે બીજા પ્રસંગોએ લાભ લીધો હોય તે સંભારવો.
* વિદ્યાનગરના સી.ટી.પટેલ શાસ્ત્રીજી મહારાજનો જ્યારથી યોગ થયો ત્યારથી માંડીને આજે પ્રમુખસ્વામી મહારાજના લીધેલા લાભના તમામ પ્રસંગોની નિયમિત સ્મૃતિ કરે છે.
* કોઈપણ ક્રિયા શરૂ કરતાં પહેલાં મહારાજ અને પ્રગટ ગુરુહરિને યાદ કરવા, અને આ કાર્ય કેવળ એમની પ્રસન્નતા માટે કરું છું - એવો સંકલ્પ કરવો.
* વચ. ગ.અં.૯ મુજબ સતત અભ્યાસ રાખીએ તો કાર્ય કરતાં કરતાં પણ ભગવાનની સ્મૃતિ

રહેવા લાગશે.

- ❋ પર્વતભાઈ ખેતી કરતાં કરતાં પણ મહારાજની અખંડ સ્મૃતિ કરતા.
- ❋ કલ્યાણભાઈ (વંથલી) કૂવા પર કોસથી પાણી કાઢતા ત્યારે દરેક વખતે મહારાજની મૂર્તિનું એક ચિહ્ન સંભારતા. ૬૪ ચિહ્ન પૂરા થાય, ત્યારે સમજતા કે ૬૪ કોસ થયા.
- ❋ સતત ક્રિયા કરતાં રહીને પણ ભગવાનની અખંડ સ્મૃતિ રાખી શકાય છે, એનું જ્વલંત ઉદાહરણ છે - પ્રમુખસ્વામી મહારાજ.
  આટઆટલી સંસ્થાકીય પ્રવૃત્તિઓમાં સતત વ્યસ્ત રહેતાં હોવા છતાં સ્વામીશ્રીનું મન અખંડ મહારાજની મૂર્તિમાં જ સંલગ્ન રહે છે.
- ❋ એકવાર તેઓ સહજતાથી બોલી ગયેલા : ‘અમે દેશ-પરદેશમાં ફરીએ પણ મન તો ભગવાનના ચરણારવિંદમાં જ રાખીએ.’
- ❋ સ્વામીશ્રી ભાવનગરમાં એક રાત્રે પત્રલેખન કરી રહ્યા હતા. તે વખતે પ્રકાશી રહેલો ગરમાગરમ ઈલેક્ટ્રિક બલ્બ બરાબર તેમની ઉપર પડ્યો. સ્વામીશ્રીને ડોકની પાછળના ભાગે વાગ્યો. પરંતુ સ્વામીશ્રી પત્રલેખનમાં મશગૂલ હતા. લેશમાત્ર હલ્યા પણ નહિ. પછીથી સંતોએ પૂછ્યું, તો સહજતાથી કહે, ‘વૃત્તિ ભગવાનમાં હોય પછી શું ખબર પડે ?’
  આના પરથી ખ્યાલ આવે છે કે સ્વામીશ્રી ભલે ક્રિયાઓ કરે છે, પરંતુ એમની વૃત્તિ તો અખંડ ભગવાનમાં જ પરોવાયેલી રહે છે.

❀ ઉપસંહાર :

- ❋ ભગવાન અને સંતની આજ્ઞાથી, તેમને કેવળ પ્રસન્ન કરવાની ભાવનાથી જે કરીએ તે કર્મ નિર્ગુણ કહેવાય. જો દરેક ક્રિયામાં એ પ્રમાણે સ્મૃતિ રહે, તો આપણે સંપૂર્ણ અકર્તા બન્યા કહેવાઈએ. મહારાજ અને ગુરુવર્યોએ વ્યવહાર સાથે મોક્ષ સાધવાની જે આ સાધના દર્શાવી છે તે મુજબ ચાલીને આપણે પણ નિર્ગુણભાવને પામી શકીએ એ જ પ્રાર્થના. ◆

સ્વામીની વાત : પ્રકરણ - ૨ : વાત - ૩૫

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે...

નિરંતર સર્વ ક્રિયામાં પાછું વાળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું ? એમ જોયા કરવું.

■ **મધ્યવર્તી ઉપદેશ :**

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં જાણપણું રાખવાની શીખ આપે છે.

❊ પ્રમુખસ્વામી મહારાજ ઘણીવાર કહેતા હોય છે કે, 'કરવા ગયા કંસાર ને થઈ ગયું થૂલું' - જો જાણપણું ન રહે તો જે કરવાનું હોય તે ન થાય ને

બીજું થાય. માટે સત્સંગ સીધી લીટીમાં રહે તે માટે જાણપણું જરૂરી.

❊ ભરત રાજા ઋષભદેવ ભગવાનના પુત્ર હતા. કેવળ ભગવાનનું ભજન કરવા માટે જ તેઓએ સમગ્ર પૃથ્વીના રાજનો ત્યાગ કરીને વનમાં ગયેલા. અંતરમાં ભગવાનના ભજન કરવાની કેટલી તીવ્રતા હશે, ત્યારે આવો ત્યાગ થાય ? પરંતુ જંગલમાં એક મૃગલીના બચ્ચામાં હેત થયું. પછી તેની જ સારસંભાળ ને પરિચર્યામાં પડ્યા. તો એનું બંધન થઈ ગયું. ૨૪ કલાક મૃગઆકારે વૃત્તિ થઈ ગઈ. અંત સમય આવ્યો તોપણ મૃગ જ સાંભરે. તે પછી તે પાપે બીજો જન્મ મૃગનો થયો.

❊ **એક મૃગ કે કારણે, ભરત ધરી તીન દેહ;**
તુલસી તિનકી કયા ગતિ, જો ઘટ ઘટ કરત સનેહ.

❊ શ્રીજીમહારાજે ભરતજીના આખ્યાનને ચમત્કારી કહ્યું છે. કારણ કે દરિયો તરીને ખાબોચિયામાં કોઈ ડૂબે ? એમ રાજપાટ ને સમૃદ્ધિનો ત્યાગ કરીને મૃગ જેવા તુચ્છ પ્રાણીમાં કોઈ બંધાય ? પણ ભરતજી બંધાયા.

❊ નીલકંઠવર્ણી રૂપે વિચરણ દરમ્યાન આ ભરતજીનું આખ્યાન અખંડ યાદ રાખતા.

❊ ભરતજીની આ દશા થઈ એનું કારણ એટલું જ હતું કે તેમણે પાછા વળીને જોયું નહીં કે હું શું કરવા આવ્યો છું ને શું થાય છે ?

❊ વિમાન ચલાવનાર પાયલોટ કે સ્ટીમર ચલાવનાર કેપ્ટન સદાય ધ્રુવ પાંખડી (હોકાયંત્ર) તરફ નજર રાખે. જો દોરાનો જ ફેર હોય તોપણ જ્યાં પહોંચવાનું હોય ત્યાંથી ઘણા દૂર પહોંચી જવાય. તેમ સત્સંગમાં પણ ભજનનું નિશાન બરાબર રહે છે કે નહીં તે જોવું પડે.

❊ મોટર ચલાવતાં સ્ટીયરીંગ સતત હલાવીને દિશા બાંધવી પડે છે. મોટર સીધી જતી લાગતી હોય ને તેથી સ્ટીયરીંગ એડજેસ્ટ ન કરીએ તો ધીમેધીમે તે ફંટાતી જતી હોય છે. તેમ સત્સંગમાં સતત તપાસ કરતાં રહેવી પડે કે ભગવાન જ ભજાય છે કે બીજું થાય છે ?

❊ અંતર્દષ્ટિ વિનાનું જીવન નિરર્થક છે - સોક્રેટિસ.

❊ એકવાર શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો કે તમને કોઈ પ્રવૃત્તિમાં જોડીએ તો તમે કેવી રીતે ક્રિયા કરો ? ત્યારે મુક્તાનંદ સ્વામી બોલ્યા જે, 'મહારાજ, પહેલાં તો ક્રિયા કરવા માટે એક વેંત વૃત્તિ બહાર કાઢું ને પછી જ્યારે ક્રિયા પૂરી થાય એક હાથ વૃત્તિ પાછી વાળું ત્યારે સુખેથી ભજન થાય.' મુક્તાનંદ સ્વામી સતત અંતર્દષ્ટિવાળા સંત હતા. તેમને આ વાતનું સતત અનુસંધાન રહેતું હશે. એટલે જ શ્રીજીમહારાજ બીજી એક વાતમાં મુક્તાનંદ સ્વામીનું પ્રમાણ આપતાં સ્વામીની વાતોમાં કહે છે, 'હરેક શબ્દ સાંભળીને તે આકારે થઈ જવું એ જેવી તો કોઈ મોટી ખોટ નથી. મુક્તાનંદ સ્વામીને કોઈ શબ્દ કહે તો પ્રથમ સાંભળી લે ને પછી બોલવું ઘટે તો બોલે નહીંતર મૌન રહે. આનું મૂળ પ્રતિલોમ છે.'

❊ સિંહ બે ડગલાં ચાલે ને તરત પાછું વળી જોઈ લે. તેમ સત્સંગમાં પણ પાછું જોઈને, તપાસ કરવી પડે.

❊ ગોવિંદાનંદ સ્વામી ૧૦,૦૦૦/- રૂપિયા અને રાજાની બાની (દાસી)ને ઠુકરાવીને સાધુ થયેલા - પણ જાણપણું ચૂક્યા તો ગંગામાનાં દાળ-ભાતમાં બંધાઈ ગયા - મહારાજે પછી દયા કરીને છોડાવ્યા.

(સ્વામીની વાત : ૩/૫૨)

❊ પરમહંસાનંદ સ્વામી ગૌશાળામાં સેવા કરતા હતા તે ત્યાં બંધાઈ ગયા. **(સ્વામીની વાત : ૩/૫૨)**

❊ એક સંતની શ્રીજીમહારાજે વડતાલ મંદિરથી અમદાવાદ મંદિરમાં બદલી કરી તો ન ફાવ્યું ને જતા રહ્યા.

❊ આમ, ભજન કરતાં કરતાં ભગવાન સિવાય બીજે વૃત્તિ તો નથી જતી ને ? તે તપાસ કરતા રહેવું પડે

❊ **ખોળી ખોટ ન રાખે કાંઈ, ભલી ભક્તિ ભજવવા રે;**
એક રહે અંતરમાંય, તાન હરિને રીઝવવા રે...

- નિષ્કુળાનંદ સ્વામી

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે નિરંતર પોતે પોતાનો તપાસ કરવો ને પાછું વાળીને જોવું જે આ કરવાનું છે ને હું શું કરવા આવ્યો છું ને શું થાય છે?

(સ્વામીની વાત : ૪/૧૦૬)

❊ શ્રીજીમહારાજ પોતાના મોટેરા સદ્ગુરુ સંતો કેવી માનસિક ભૂમિકામાં વસે છે તેની સુંદર વાત વચનામૃત ગઢડા અંત્યના ૯માં કહે છે કે અમારા મુનિમંડળમાં જે મોટા મોટા સંત છે તેને એમ વર્તે છે જે, પોતાના હૃદયને વિષે જે જાણપણું છે, તે ભગવાનના ધામનો દરવાજો છે અને તે દરવાજા ઉપર સર્વે સંત ઊભા છે જેમ રાજાના ચાકર છે, તે રાજાના ઘરને દરવાજે ઊભા રહ્યા થકા કોઈ ચોર-ચકારને રાજા પાસે જવા દેતા નથી અને તે રાજાના ચાકરને એમ હિંમત રહે છે જે 'કોઈ રાજા પાસે વિઘ્ન કરવા જાય તો તેના કટકા કરી નાંખીએ પણ કોઈ રીતે રાજા સુધી પૂગવા દઈએ નહિ. એવી રીતે હિંમત સહિત ઢાલ, તલવાર બાંધીને ઊભા રહે છે તેમ આ સર્વે સંત છે, તે જાણપણારૂપ જે ભગવાનના ધામનો દરવાજો ત્યાં ઊભા રહે છે અને એ જાણપણાને માંહી જે અક્ષરધામ તેમાં ભગવાન છે તેનાં દર્શન કરે છે અને તે ભગવાન ભેળું પોતાના હૃદયને વિષે ધન, સ્ત્રી આદિક જે માયિક પદાર્થ તેને પેસવા દેતા નથી. અને કોઈ જોરે કરીને માયિક પદાર્થ હૃદયમાં પેસવા આવે તો તેનો નાશ કરી નાખે છે, પણ કોઈ રીતે જે ઠેકાણે ભગવાનને હૃદયમાં ધાર્યા છે તે ઠેકાણે પેસવા દેતા નથી અને શૂરવીરની પેઠે સાવધાન થકા ઊભા રહે છે અને હાનિ, વૃદ્ધિ, સુખ, દુ:ખ, માન, અપમાન આદિક અનંત જાતનાં વિઘ્ન આવે તેણે કરીને પોતાના મુકામથી ડગતા નથી. - શ્રીજીમહારાજના મોટેરા પરમહંસો આ રીતે જાણપણું રાખીને ક્રિયા કરતા.

❊ અલૈયા ખાચર ભગવાન ભજતા હતા પણ પાછું વાળીને જોતા નહીં હોય, તો ભેગું માન પણ વધતું ગયું. તેનું ખંડન થયું તો સત્સંગ મૂકી દીધો.

❊ જીવા ખાચરને જાણપણું ન રહ્યું કે હું ભક્તિભાવથી સેવા કરું છું કે દાદાખાચર પ્રત્યેની ઈર્ષ્યાથી સેવા કરું છું ? - જાણપણું ચૂક્યા ને મહારાજને મારવા સુધી પહોંચી ગયા.

❊ જાણપણું ચૂકાય ત્યારે કેવી દશા થાય છે તેનું સુંદર ચિત્ર નિષ્કુળાનંદ સ્વામીએ દોર્યું છે :

જેનું રે મન વન વાંછતું, અતિ રે'તા ઉદાસજી;
તે તાક્યા વસ્તીએ વસવા, બાંધી સૌ સાથે આશજી....
જેને રે ગમતી જીરણ કંથા, જેવું તેવું જળઠામજી;
તેણે રંગ્યા રૂડાં તુંબડાં, ગમતાં વસ્ત્ર માંગે ગામોગામજી...
રસરહિત અન્ન ઈચ્છતા, દેવા દેહને દંડજી;
તેને રે જોઈએ તીખા તમતમાં, ખાવા ખીર ને ખાંડજી...
જેને રે જાગ્ય આગ્ય લાગતી, ગમતાં નહીં સજ્યાં ઘરજી;
તેને આસનથી ઉઠાડતાં, જાણે જગાડ્યો મણિધરજી....
પોતાનો પરિવાર પરહરી, ચાલ્યો એકીલો આપજી;
તેણે રે કર્યો સ્નેહ શિષ્યશું, લીધો પરનો સંતાપજી...

❊ સૌભરી, વિશ્વામિત્ર, ચ્યવન વગેરે જાણપણું ચૂક્યા તો ભગવાન ભજવા જંગલમાં ગયેલા ને સંસાર માંડી બેઠા. કરવા ગયેલા કંસાર ને થઈ ગયું થૂલું.

❊ ભર્તુહરિ તથા ગોપીચંદ રાજપાટ મૂકીને ભગવાન ભજવા નીકળી પડેલા પણ ખીંટી માટે બાઝ્યા.

❊ મગનીરામ શુદ્ધ મુમુક્ષુ હતો. ભગવાન ભજવા ઘેરથી નીકળેલો. જાણપણું ચૂકાયું તો ભગવાનને પડતા મૂકી મંત્ર-તંત્રની મેલી વિદ્યામાં ફસાઈ ગયો. શ્રીજીમહારાજ મળ્યા ત્યારે નીકળ્યો.

❊ પર્વતભાઈ ગઢડા સમાગમ માટે આવ્યા. ૭ દિવસ સુધી જમવાનો મેળ ન પડ્યો, તો દાળિયા ફાકીને રહ્યા પણ ઘેર ન ગયા. જાણપણું હતું કે, 'હું સમાગમ કરવા આવ્યો છું પણ ખાવા-પીવા આવ્યો નથી' - નિશાન પર નજર હતી તો વાંધો ન આવ્યો.

❊ હું ભગવાન ભજવા જ સત્સંગમાં જાઉં છું કે બીજો કોઈ હેતુ છે ? આ જાણપણું ન હોય તો ભોજન, ઉતારા, સભા, સરભરા વગેરેમાં તકલીફ પડે ને લોકો સત્સંગ મૂકીને ચાલ્યા જાય છે.

❊ મારે સત્સંગમાં રહી ભગવાન જ ભજવા છે, તેવો વિચાર ન હોય તો અભાવ-અવગુણની પ્રવૃત્તિમાં પડી જવાય.

❊ પોંડિચેરી 'અરવિંદ આશ્રમ'માં એક યુગલ દર્શને ગયું. ખૂણામાં પડેલો કચરો બતાવીને તેઓએ

સંચાલકને કહ્યું : 'કચરો કેમ પડ્યો છે?' સંચાલકે પૂછ્યું : 'તમે ક્યાંથી આવો છો ?' - 'દિલ્હીથી'. સંચાલકે કહ્યું : 'છેક દિલ્હીથી આ કચરો જોવા આવ્યા, તેના કરતાં ત્યાંની બજારમાં કચરો જોઈ લીધો હોત તો ભાડાનો ખર્ચો બચી જાત.'. આવ્યા હતા દર્શન માટે ને કચરો જોઈને ગયા. લક્ષ્ય, જાણપણું ચૂકાય તો દાખડો-મહેનત માથે પડે.

❊ બુઢા ધાધલને ભગવાન ભજવાનું અનુસંધાન ન રહ્યું, તો દાદાખાચર, મુક્તાનંદ સ્વામી, શ્રીજીમહારાજ - એમ બધાનો અવગુણ આવ્યો.

❊ **શોધી આવ્યો તુ સત્સંગમાં રે, ભજવાને ભગવાન;**
આવ્યો તૈયે તારા અંગમાં રે, નો'તા મોટપ માન...
સહુ સંતને શીશ નામતો રે, થઈને દાસાનુદાસ;
ગુણ ગોવિંદજીના ગાવતો રે, જગથી થઈ ઉદાસ...
એહ ગયું તારી ગાંઠનું રે, બીજું પેઠું પાપ;
લઈ લીધું લક્ષણ લાંઠનું રે, અવળું કર્યું આપ...
બની વાત ગઈ બગડી રે, કવથાણું છે કામ;
દિલે સળગે છે સગડી રે, સહુનો થાવા શ્યામ...

❊ સત્સંગમાં જાણપણા વિના મુમુક્ષુ કેવો ફંટાઈ જાય છે, તેની વાત ઉપરોક્ત પદમાં નિષ્કુળાનંદ સ્વામીએ કહી છે.

❊ કૂવામાં આવતી પાણીની સેર ઘણીવાર બીજે વળી જાય છે અને કૂવો ખાલી રહી જાય છે. તેમ જાણપણા વિના મનની સેર ભગવાન સિવાય આ લોકની મોટપ, પંચવિષય વગેરે બાજુ વળી જાય છે. ને ભક્તિ વિના અંતર ખાલી રહી જાય છે.

❊ સંસ્કૃતમાં કહ્યું છે. :

વિનાયકં પ્રકુર્વાણો રચયામાસ વાનરમ્ ।

એક મૂર્તિકાર માટીમાંથી ગણેશજી બનાવવા ગયો ને વાંદરો કરી નાંખ્યો.

❊ મુક્તાનંદ સ્વામીએ આવી વાત પોતાના એક પદમાં કરી છે : એક ભરવાડે એક નવું ઘેટું પાળ્યું. કારણ કે તેને ઊનમાં ખોટ હતી. તેથી વધુ ઊન મળે તે હેતુથી નવું ઘેટું ખરીદ્યું. પરંતુ આ ખેપાની ઘેટું, જ્યારે ભરવાડ ઘરની બહાર જાય ત્યારે બીજાં ઘેટાના ઊનમાંથી તૈયાર કરીને વાળેલાં ઊનના કોકડાં પોતે ખાઈ જાય.

❊ એટલે મુક્તાનંદ સ્વામી લખે છે :
ગાડર આણીએ ઊનને કારણે, કાંતેલાં કોકડાં તે જ ખાશે..

❊ જે ગાડર (ઘેટું) ઊન માટે લાવ્યા, તે જ ઊન ઓછું કરવા માંડ્યું. તેમ પૂર્વના અતિ બલિષ્ઠ સંસ્કાર-પુણ્યને પ્રતાપે આપણને આ સત્સંગનો યોગ થયો છે. હવે વધુ સેવા, વધુ ભક્તિ કરીને એ 'બેલેન્સ' વધારવાનું છે. પરંતુ જો પાછી વૃત્તિ વાળીને તપાસ કરવાની ટેવ ન હોય તો રસ્તો ફંટાઈ જાય. તે પછી અભાવ-અવગુણ, ખટપટ, ઈર્ષ્યા તેમજ કુસંગના રવાડે ચડી જવાય ને પુણ્ય તો બળે પણ ભેગા ભેગું પાપ પણ વધી જાય. માટે સતત અંતર્દષ્ટિ કરવી જરૂરી છે.

❊ તેમ જાણપણા વિના કલ્યાણ કરવા આવેલા આપણે ઘણીવાર અધોગતિ નોતરી બેસીએ છીએ.

❊ લાલા પાળાએ ગોપાળાનંદ સ્વામીનો અવગુણ લીધો તો ગંગાજળિયા કૂવામાં ભૂત થયો. ઉર્ધ્વગતિ તો દૂર રહી પણ મનુષ્યયોનિમાંય ન રહ્યો ને ભૂતયોનિને પામ્યો.

❊ કેવળાત્માનંદ સ્વામીને હરિભક્તો કહે : 'સ્વામી ! પાકી રસોઈ સ્વીકારો.' ત્યારે તે કહેતા કે, 'જૂનેગઢથી કાગળ મંગાવ્યો છે તે આજ્ઞા આવશે ત્યારે લેશું.' કાગળ ક્યારે આવે ને ક્યારે રસોઈ થાય ? ત્યાં સુધી તો ગામ બદલાઈ ગયું હોય. જો મુખ્ય વસ્તુ કરવાની તે ખબર હતી તો બંધનમાં આવતા નહીં.

❊ પરમચૈતન્યાનંદ સ્વામીને માનખંડન થતાં ઉદાસી આવી ગઈ. - બાલમુકુંદાનંદ સ્વામીએ કહ્યું : 'સ્વામી ! આપણે ક્યાં માન માટે સાધુ થયા છીએ?'' તરત અંતર્દષ્ટિ થઈ ને ઉદાસી જતી રહી. જાણપણું આવી ગયું તો ભગવાન ભજવાના માર્ગે આવી ગયા.

❊ બાપુભાઈને જાણપણું ન રહ્યું તો ડભાણ યજ્ઞમાંથી ૨,૦૦૦/- રૂા. ચોરી લીધા. પકડાયા ને ફજેત થયા. ભગવાન ભજવા આવેલા પણ માર્ગ ચૂકાઈ ગયો.

❊ મછિયાવના ફોઈબાને મહારાજની આજ્ઞામાં વર્તી કલ્યાણ કરવાનું જાણપણું ચૂકાયું તો મહારાજ પાસે હઠ પકડી. શ્રીજીમહારાજ ઓશિયાળા થઈ ગયા ને

પરમહંસો સાથે ભૂખ્યા નીકળવાનું થયું.

❊ માટે ગુણાતીતાનંદ સ્વામી કહે છે : બીજું એ જે, સારા સાથે જીવ બાંધવો. કેમ જે, કહેનારા કોઈ ન મળે ત્યારે એ કરવું ને સુખિયા રહેવું. ને પોતાની ખોટ કહેવી ને જે ન સૂઝતી હોય તેઓને કહેવું જે, 'હું' માં જે જે વાતની ખોટ હોય તે દયા કરીને તમે કહેજો. એમ રોજ કહેવું, કાં આઠ દિવસે, કાં પંદર દિવસે, કાં મહિને તો જરૂર કહેવું. કાં જે, મહિને તો જરૂર કાંઈક ભેગ થઈ જાય. તે ઉપર નામાના વચનામૃતનું (**ગઢડા પ્રથમ : ૩૮**) કહ્યું જે, મહિને ન ચૂકવે તો ભેળું થઈ જાય. આમ ભગવાનને ગમે છે, તે ગમતું તમને કહ્યું (**સ્વામીની વાત : ૬/૯૨**)

❊ એક ઋષિ જંગલમાં તપ કરવા ગયા. તેમને તપોભંગ કરવા ઋષિ ધ્યાનમાં હતા, ત્યારે ઈન્દ્ર બાજુમાં તલવાર મૂકી ગયો. ઋષિએ તલવાર લઈ ફેરવી તો ઝાડ-પાન કપાયાં ને રસ્તો થયો. ઋષિને હથિયાર કામનું લાગ્યું, તેથી સાથે રાખવા માંડ્યા. એકવાર કૂતરો- બિલાડી ઝઘડ્યા. ઋષિએ તલવારથી કૂતારને ઊડાડી બિલાડીને બચાવી. ઋષિને થયું : 'ન્યાય સારો થયો. હથિયાર કામનું છે.' પછી તે તલવાર મનુષ્યની ગરદન પર પણ ફરવા માંડી ને તે ઋષિમાંથી મોટા ડાકુ બની ગયા. જાણપણું ચૂક્યા તો હાથમાં માળાની જગ્યાએ તલવાર આવી ગઈ.

❊ રવજી સુથારને શ્રીજીમહારાજે કચ્છમાં સત્સંગ કરાવવા મોકલેલા. ગળ્યું-ચીકણું જમવાનું નહીં, ઝીણાં વસ્ત્ર પહેરવાં નહીં, બાઈઓને વાતો ન કરવી વગેરે નિયમો આપેલા. પણ ભગવાનનો મહિમા કહેવા આવ્યો છું, તે જાણપણું ચૂક્યા ને બંધાઈ ગયા.

❊ શેખજીને શ્રીજીમહારાજએ ઐશ્વર્ય આપી સત્સંગ પ્રચાર માટે મોકલેલા, પણ તેમને પોતાની જ મોટપ મનાઈ ગઈ ને મહારાજ બાજુમાં રહી ગયા. જાણપણું ચૂકાયું તો વિઘ્ન આવ્યું.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે સત્સંગમાં મંદિર કર્યા હોય તે ઘરે જાય ને ઈંટ પણ ઉપાડી ન હોય તે પાર પડી જાય. માટે જાણપણું જરૂરનું છે.

❊ એક મુમુક્ષુ સાધુ થવા આવેલો ત્યારે તેને જલેબીની પણ ખબર નહોતી, પણ પછી ભગવાનની કૃપાથી અન્નકૂટ કરી શકે તેટલી આવડત આવી ગઈ. એકવાર તેઓને પતાસાં પ્રસાદ માટે પાડવાની વાત કરી ત્યારે અકળાઈ ગયો ને કહે 'હું અહીં પતાસાં પાડવા થોડો આવ્યો છું ?'- જાણપણું ચૂકાયું તો અંહકાર આવી ગયો ને સેવા જતી કરી.

❊ વચનામૃત ગઢડા મધ્ય-૨૫માં શ્રીજીમહારાજ કહે છે કે જ્યારે ઘરમાં એક મણ અન્ન મળતું હોય ને ત્યારે જેવી સંતની ઉપર પ્રીતિ હોય ને જેવું દીનપણું હોય અને પછી તેને એક ગામનું રાજ્ય આવે અથવા પાંચ ગામનું રાજ્ય આવે અથવા પચાસ ગામનું રાજ્ય આવે અથવા સો ગામનું રાજ્ય આવે અથવા સર્વે પૃથ્વીનું રાજ્ય આવે તોપણ સંતની આગળ જેવો કંગાલ હતો ને દીન-આધીન રહેતો, તેવો ને તેવો જ પ્રીતિએ યુક્ત થકો દીન-આધીન રહે તેમજ ઈન્દ્રલોક તથા બ્રહ્મલોકનું રાજ્ય પામે તોપણ સંતની આગળ તેવો ને તેવો જ દીન-આધીન રહે. અને ત્યાગી હોય ને તે જેવો પ્રથમ ગરીબ હોય અને જેમ સૌ સંતની ટેલચાકરી કરતો હોય તેવી ને તેવી જ પોતાનામાં ભગવાનનાં જેવાં ઐશ્વર્ય આવે તોપણ કરતો રહે પણ સાધુ સાથે પિતરાઈ દાવો બાંધે નહિ અને બરોબરિયાપણું કરે નહિ એવા જેનાં લક્ષણ હોય તેની ઉપર ભગવાન અતિપ્રસન્ન થાય છે.

❊ યોગીજી મહારાજના સમયમાં ઉત્તમચરણદાસ નામે સાધુ ગૌશાળામાં સેવા કરતા હતા. તેને યોગીજી મહારાજે પોતાની સાથે વિચરણમાં આવવા આજ્ઞા કરી. તે ન માન્યા ને કહે : 'મારા વિના ગૌશાળામાં ગાયો દોહવા ન દે.' યોગીજી મહારાજે ફરી આગ્રહ કર્યો પણ તે ન જ માન્યા. યોગીજી મહારાજ પધારી ગયા. પછી તેઓને કોઈ કારણસર મૂંઝવણ ઉપડી ને ત્યાગાશ્રમ છોડી જતા રહ્યા. યોગીજી મહારાજ આ વિઘ્ન જાણતા હશે ને તેથી જ સાથે આવવા કહેતા હશે પણ સાધુ મમત્વ મૂકી ન શક્યા. જાણપણું ચૂકી ગયા કે 'શું કરવા આવ્યો છું ને શું થાય છે ?' તો વિઘ્ન આવ્યું.

❊ ગુણાતીતાનંદ સ્વામી વિષયખંડનની વાતો કરતા તો કેટલાકને ગમતી નહિ. તેથી સ્વામી મરે તેવી માનતા કરતા. ભગવાન ભજવા આવ્યા હોય તેણે તો વિષય અને સ્વભાવનું ખંડન થાય ત્યારે રાજી થવું જોઈએ, પણ તે જાણપણું ચૂકાઈ ગયું તો અસદ્‌પ્રવૃત્તિમાં પડી ગયા.

❊ યોગીજી મહારાજ આફ્રિકામાં હતા. એક બાળક ઓટોગ્રાફબુકમાં તેઓના હસ્તાક્ષર કરાવી ગયો. તે વખતે ત્યાં સ્વામિનારાયણ સંપ્રદાયની એક અન્ય શાખાના વડીલ સંત પણ પધારેલા. તેમની પાસે પેલો બાળક હસ્તાક્ષર કરાવવા ગયો. તે સંતે યોગીજી મહારાજની સહી તે ચોપડીમાં જોઈને તે ફાડવા ગયા. બાળકે ચોપડી ખેંચી લીધી. તે સંત કહે, 'આ સહી ફાડી નાંખ તો મારી સહી કરી આપું.'. બાળકે તેમ કરવાની ના પાડી ને યોગીજી મહારાજ પાસે પહોંચી ગયો. ને યોગીજી મહારાજને આ વાત કરી. યોગીજી મહારાજ હસતાં હસતાં કહે : 'ગુરુ ! ફાડી નાંખવા દેવી હતી ને! અમે તો બીજી કરી આપત. પણ તમને પેલા મહાત્માના હસ્તાક્ષર મળી જાત ને'. યોગીજી મહારાજ નિર્મત્સર રહ્યા, પણ પેલા સાધુ ભગવાન ભજવા નીકળ્યા હશે છતાં તે લક્ષ્ય ચૂકી યોગીજી મહારાજની ઈર્ષ્યામાં ડૂબી ગયેલા. આમ, જાણપણું ન હોય તો સત્સંગમાં સ્વભાવ વધી જાય છે. મોક્ષનું કાર્ય એક બાજુ રહી જાય.

❊ શાસ્ત્રીજી મહારાજનો જૂના સંપ્રદાય તરફથી ઘણો વિરોધ થયો, પણ તેનો જવાબ આપવામાં શાસ્ત્રીજી મહારાજ પ્રવૃત્ત જ ન થયા. પોતાનું કામ તેમણે ચાલુ રાખ્યું, કારણ કે તેઓ સતત જાણપણારૂપ દરવાજે ઊભા હતા.

❊ દોરડા પર નટ ચડ્યો હોય તે પોતાની મશ્કરી કરનાર કે પોતાને પ્રોત્સાહન આપનાર કોઈ તરફ નજર નાંખતો નથી, પણ દોરડા પર જ નજર રાખે છે, તેમ આપણે પણ તે રીતે ભગવાન ભજવાના કાર્ય પર જ નજર રાખીએ તો વિઘ્ન કદી આવે નહીં ને પ્રલોભનથી ડગીએ નહીં.

■ **પાછું વાળવામાં શું શું વિચારવું ને જોવું ? :**

❊ દિવસ દરમ્યાન અને સત્સંગમાં આવ્યા તે દિવસથી આપણે ત્રણ પ્રકારની સેવા અને ભક્તિ કરીએ છીએ : મનથી, વચનથી અને દેહે કરીને. આ ત્રણે પ્રકારે થતી ભક્તિ કે સેવા મહારાજ અને સ્વામી રાજી થાય એ પ્રકારે થાય છે ?

❊ હું નિત્યપૂજા કરું છું ? જે રીતે થવી જોઈએ એ રીતે થાય છે કે પછી ગરબડ ?

❊ મારી આરતી કેવી થાય છે ?

❊ મારી ઘરસભાનું શું ?

❊ સેવામાં અભાવ-અવગુણની પ્રવૃત્તિ થાય છે ?

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે અંતર્દૃષ્ટિ કરીને હૈયામાં જોવું ને તે વિના તો ગુણદોષ યથાર્થ ન સૂઝે. બાહ્યદૃષ્ટિ દૈત્યની કહી છે. ને અંતર્દૃષ્ટિ રાખવાનો અભ્યાસ કરતા સુખ થાય ને જેમ ચકમક ખરે, ને ખેરતાં (ખેરવતાં) દેવતા કળી (રૂના પૂમડાં)માં લાગી જાય છે. એમ કોઈ દિવસ પ્રકાશ થઈ જાય એ સિદ્ધાંત છે.

❊ બીજી એક વાતમાં ગુણાતીતાનંદ સ્વામી અદ્‌ભુત વાત કહે છે કે આ તો નિયમે કેટલુંક વરતાય છે. પણ સર્વ વાતની છૂટ મૂકે જે જેમ ફાવે તેમ વર્તવું, એવી આજ્ઞા થાય, ત્યારે કેટલું વર્તાય ? એમ પોતાનો તપાસ કરવો. **(સ્વામીની વાત : ૨/૧૭૯)**

❊ દા.ત. સ્વામી બાપા આજ્ઞા કરે કે સિનેમા જોશે ને હોટલનું ખાશે, તોય અક્ષરધામમાં જશે. તો મારાથી કેટલું પળાય ? આવો વિચાર એ અંતર્દૃષ્ટિ છે.

❊ મોટાના શબ્દની હાર્યું કરીને તપાસ કરવો જે એમનો શું મત છે ને એ શું કરવાનું કહે છે એ કેમ વર્તે છે ? એમ તપાસીને પછી એ માર્ગે ચાલવું.

(સ્વામીની વાત : ૨/૭)

• • •

૧. સ્વામીની વાત : પ્રકરણ : ૨, વાત : ૪૪

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

મોટા સંતનો સમાગમ કરવાનો મહિમા કહ્યો જે, 'રોટલા ખાવા મળે છે પણ કદાચ તે ન મળે તો રાંધેલું અન્ન માગી ખાઈને પણ આ સાધુનો સમાગમ કરીએ, નીકર કાચા દાણા ખાઈને પણ સમાગમ કરીએ, નીકર ઉપવાસ કરીને પણ સમાગમ કરીએ, અથવા લીંબડો ખાઈને, નહિ તો વાયુ ભરખીને પણ આ સમાગમ કર્યા જેવો છે. અને જેને કોઈક કામનો કરનારો હોય કે જેને રોટલા ખાવા મળતા હોય, તે જો આ સમાગમ નહિ કરે તો તેને તો બહુ ખોટ જાશે.' એમ ઘણીક વાર્તા કરી.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

❊ મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં મોટા સંતનો સમાગમ કરવાનો મહિમા કહી રહ્યા છે. પણ મોટા સંત એટલે કોણ? દુનિયામાં સાધુ તો ઘણા હોય પણ મોટા સંત એટલે ગુણાતીત સત્પુરુષ.

યોગીજી મહારાજે એક પ્રસંગે કહેલું, 'એવા મોટા સંત કોણ હશે? ગુણાતીત!' એમ પોતે જ પ્રશ્ન પૂછી જવાબ આપ્યો.

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં કહે છે કે રોટલા ખાવા મળે છે પણ કદાચ તે ન મળે, તો ભિક્ષા માંગીને, લીમડો ખાઈને અથવા ઉપવાસ કરીને પણ સમાગમ કરી લેવો જોઈએ.

બીજા શબ્દોમાં કહીએ તો દેહને ગમે તેવો ભીડો પડે અથવા કષ્ટ પડે તો તે સહન કરીને પણ ગુણાતીત સત્પુરુષનો સમાગમ કરી લેવો જોઈએ.

❊ એક ગુરુ હતા. તે વનમાં તપ કરતા હતા. તેમની પાસે એક મુમુક્ષુ ગયો અને સેવા માટે ત્યાં રહેવા દેવાની માંગણી કરી. ત્યારે તે ગુરુએ કહ્યું કે, 'અહીં મારે માટે રોજના એક શેર ચોખા આવે છે. તે રાંધીને ખાઉં છું, બીજું કાંઈ નથી.'

મુમુક્ષુ અતિશય ખપવાળો હતો. તેણે કહ્યું, 'ભાતનું ઓસામણ હશે તે પીને સમાગમ કરીશ.' આ સાંભળી ગુરુએ તેને ત્યાં રહેવાની રજા આપી.

થોડા વખત પછી બીજો મુમુક્ષુ આવ્યો. તેણે પણ ગુરુનો સમાગમ કરવા માટે ત્યાં રહેવા દેવાની માગણી કરી. ત્યારે ગુરુએ પરિસ્થિતિ જણાવી કે ભોજનની કાંઈ વ્યવસ્થા નથી. ત્યારે ચેલાએ પૂછ્યું કે, 'આ ચેલો શેનાથી નિર્વાહ કરે છે?' ત્યારે ગુરુ કહે કે, 'તે તો ભાતનું ઓસામણ પીવે છે.'

એટલે તે ચેલાએ કહ્યું કે, 'ભાતની હાંડલીમાં જે વધ્યું હશે તેનું ધોવરામણ પીને હું સમાગમ કરીશ.' તેનો ઈશક જોઈને તેને પણ રહેવાની ગુરુએ હા પાડી.

થોડા દહાડા પછી ત્રીજો સેવક આવ્યો, ગુરુએ તેની આગળ ઉપરની હકીકત રજૂ કરી ત્યારે તેણે કહ્યું, 'આપની થાળીમાં ચળું કર્યા પછી જે ધોવરામણ રહેશે તે પીને હું સમાગમ કરીશ.' તેનો પણ ખપ જોઈને ગુરુ બહુ રાજી થયા ને રહેવાની રજા આપી.

થોડા દહાડા પછી ચોથો શિષ્ય સમાગમ કરવા આવ્યો ને તેને ગુરુએ કહ્યું કે, 'હવે તારા જીવનનિર્વાહ માટે કશું જ નથી, કારણ કે ઓસામણ તથા તપેલાનું અને થાળીનું પાણી ત્રણ સેવક પી જાય છે.'

ત્યારે તે મુમુક્ષુએ કહ્યું, 'ચોખા સાફ કરતી વખતે ઝાટકશો ને જે ટુકડા-દાણા બહાર પડશે તે વીણીને ખાઈશ ને તે દ્વારા દેહનો નિર્વાહ

કરીશ.' છેવટે તેને પણ ઉત્કૃષ્ટ મુમુક્ષુ જાણીને ગુરુએ રહેવા માટે હા પાડી.

આ ચારેય શિષ્યો સંત સમાગમનો મહિમા યથાર્થ સમજતા હતા તેથી પોતાને પડતા કષ્ટ સામું ન જોતાં ગુરુના સમાગમ માટે તૈયાર થયા.

● **સત્પુરુષનો સમાગમ એટલે શું?**

❊ ગુણાતીત સત્પુરુષનો સમાગમ કરવાનો અઢળક મહિમા છે. પરંતુ તેમનો સમાગમ એટલે તેમની સામે બેસીને વાતો સાંભળવી અથવા પ્રશ્નોત્તરી કરી જ્ઞાન મેળવવા પૂરતું સીમિત નથી. અને એમ કરવું દરેક માટે શક્ય પણ નથી. રવિસભા, અઠવાડિક સભા, સત્સંગ ગોષ્ઠિ, ઘરસભા, વચનામૃત-સ્વામીની વાતો અથવા જીવનચરિત્રોનું વાંચન પણ સમાગમ જ છે. દા.ત. મહંત સ્વામી મહારાજ કોઈ શહેરમાં બિરાજમાન હોય તો અન્ય શહેર અથવા અન્ય રાજ્ય કે દેશના ભક્તો માટે સ્વામીશ્રીનાં દર્શન-સમાગમનો સ્થૂળ રીતે લાભ લેવો શક્ય ન બને. પરંતુ સ્વામીશ્રીની આજ્ઞા મુજબ તે ભક્તો જ્યાં રહે છે ત્યાં રવિસભા, અઠવાડિક સભા ભરતા હોય, તો તે સ્વામીશ્રીના સમાગમમાં જ છે. કોઈક વ્યક્તિ પ્રમુખસ્વામી મહારાજનું જીવનચરિત્ર વાંચે છે, તો તે પ્રમુખસ્વામી મહારાજનો સમાગમ કર્યા તુલ્ય જ છે. ઘરના સભ્યો ભેગા થઈ ઘરસભા કરે તે પણ સમાગમ જ છે.

● **સત્સંગ કરવાનો આટલો મહિમા શા માટે ?**

❊ ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતમાં સંતસમાગમ કહેતાં સત્સંગ કરવાનો આટલો બધો મહિમા કહ્યો છે, તેમાં અનેક પ્રકારના લાભ અવશ્ય સૌને થાય છે.

સત્પુરુષના એક વચનમાં અનેક રહસ્ય સમાયેલાં હોય છે. સામાન્ય જીવ માટે તે સમજવું કઠણ છે, પણ લાભ થાય છે તે હકીકત છે. તેને જુદા-જુદા પ્રસંગોના આધારે સમજવા પ્રયત્ન કરીએ.

૧. સદ્‌ગુણો ખીલે છે :

સત્સંગ કરવાથી ભક્તના જીવનમાં અનેક સદ્‌ગુણો ખીલે છે. વ્યસન-દૂષણ અને સ્વભાવ-દોષોનો નાશ થાય છે.

❊ ધરમપુર વિસ્તારના રમણભાઈ પટેલનું જીવન પશુથી બદતર હતું. બકરાં, મરઘાં કે માછલાં મારી ખાવાની સહજ ટેવ હતી. ચોરી-લૂંટફાટ પણ કરે. ચોરીના પૈસાથી દારૂ પીવે. પોલીસ પણ તેનાથી ગભરાય એવી તેમની ધાક હતી. પણ સન ૧૯૯૨માં પડોશમાં રહેતા બે સત્સંગીઓ થકી તેઓ સત્સંગના યોગમાં આવ્યા. સંતોનો યોગ અને સત્સંગસભાથી ધીમે ધીમે વ્યસન-દૂષણ છૂટ્યાં. તેમનું આંતરિક પરિવર્તન થવા લાગ્યું. જેનાથી ગામલોકો ડરતા તેમનું જીવન એવું ગુણિયલ થયું કે અનેક માટે પ્રેરણારૂપ બન્યું.

❊ અમદાવાદના લાલજીભાઈ મુંજાણીને ૧૯૭૮માં પ્રમુખસ્વામી મહારાજે રવિસભા અને ઘરસભાની આજ્ઞા કરી હતી. લાલજીભાઈ દૃઢપણે માને છે કે તેમના ત્રણે દીકરા સત્સંગનો નિત્ય યોગ રાખવાથી જ ગુણિયલ થયા છે. દીકરાઓને કોઈ પ્રકારનો કુસંગ અડ્યો નથી. ટી.વી. કે સિનેમાનું નામ સુધ્ધાં લેતા નથી. ખોટા ખર્ચ કે મોજશોખ નહીં. ઘરમાં કોઈ નવી વસ્તુ આવે તો ઠાકોરજીની પ્રસાદી કરીને જ વાપરવાની ટેવ છે. લાલજીભાઈને મન રવિસભા ચિંતામણિ છે અને ઘરસભા પારસમણિ!

◎ નાના બાળકોમાં પણ બાળસભા દ્વારા સંસ્કારોનું સિંચન થતું હોય છે. મુંબઈનો એક બાળક નિયમિતપણે બાળસભા ભરે. તેના પરિવારજનોને સત્સંગનો વિશેષ યોગ નહીં. એકવાર પરિવારના અમુક સભ્યો સિનેમા જોવા ગયા. આ બાળકને પણ સાથે આવવા કહેવામાં આવ્યું પણ બાળકે સ્પષ્ટ ના પાડી દીધી. તે દાદા-દાદી સાથે ઘરે જ રહ્યો. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તું કેમ

સિનેમા જોવા ન ગયો? ત્યારે તે કહે, 'મારે તો ગુરુ મહંત સ્વામી મહારાજને રાજી કરવા છે. બીજું, મારે સિનેમા ન જોવાનો નિયમ છે એટલે ન ગયો.'

ટૂંકમાં, સત્સંગ સદ્‌ગુણોનું ઉપવન છે. તે ઉપવનમાંથી દરેક વ્યક્તિ પોતાની શ્રદ્ધા અને શક્તિ મુજબ સદ્‌ગુણો ખીલવે છે.

૨. સમજણ દૃઢ થાય છે :

❊ પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે, 'આ દુનિયામાં એવું કોઈ સરોવર નથી જ્યાં તરંગો ન ઊઠતા હોય. આ દુનિયામાં એવું કોઈ જંગલ નથી જ્યાં પવન ન આવતો હોય, આ દુનિયામાં એવું કોઈ જીવન નથી જ્યાં પ્રશ્નો ન આવતા હોય.'

સંસારની આ લાક્ષણિકતા છે કે ત્યાં પ્રશ્નો આવે જ. પણ તે પ્રશ્નો વચ્ચે પણ સ્થિરતા રહે તેના માટે સત્સંગ છે. સત્સંગ દ્વારા અનેક પ્રકારની સમજણ દૃઢ થાય છે. જે આપણને સ્થિરતા આપે છે.

❊ સમઢિયાળા ગામના ભોજા ભક્ત ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય હતા. એકવાર તેમના ખેતરનો બધો કપાસ સળગી ગયો. આવી દુર્ઘટના થાય ત્યારે સ્વાભાવિક રીતે ખેડૂતને દુઃખ થાય. તેથી કૃષ્ણચરણ સ્વામી તેમને આશ્વાસન આપવા ગયા. પણ ભોજા ભક્ત તો સ્થિર અને શાંત હતા. તેમણે વાત કરી કે, 'મેં ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કર્યો છે. મારી બધી સંપત્તિ નાશ પામે ને રામપત્તર લઈ માંગવું પડે તોય અંતરમાં જરાય દુઃખ ન થાય.'

ભોજા ભક્ત ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરતા, તેથી તેઓ આ લોકનું બધું નાશવંત સમજતા. નાશવંતપણાની સમજણથી તેઓ સ્થિર રહી શક્યા.

❊ અમેરિકાના બ્રાયન વિસ્તારના મંદિરમાં જનકભાઈ અમીન સેવા કરી રહેલા. તેઓને સેવા દરમ્યાન જ અચાનક હાર્ટ એટેક આવ્યો અને થોડા જ સમયમાં ધામમાં પધાર્યા. એક સંતે આ સમાચાર કોલેજમાં અભ્યાસ કરી રહેલા તેમના દીકરા મનીષને આપ્યા. થોડી વાર માટે મનીષ મૌન થઈ ગયો. સંતે પૂછ્યું, 'મનીષ! શું થયું? કેમ કંઈ બોલતો નથી?' ત્યારે મનીષ કહે, 'કાંઈ થયું નથી. આજ સુધી કથાવાર્તામાં સાંભળ્યું છે કે ભગવાન સર્વકર્તાહર્તા છે. તેઓ જે કરે તે સારા માટે જ હોય. આ વાતનો વિચાર કરી રહ્યો છું.'

◎ અમદાવાદના શાંતિભાઈ શાહ મુંબઈની ખ્યાતનામ વી.જે.ટી.આઈ. કોલેજમાંથી ટેક્સટાઈલ એન્જિનિયર થયેલા. અમદાવાદની જુબિલિ મીલમાં તેઓ ઊંચા હોદ્દા પર હતા. વર્ષોની સુંદર કામગીરી હોવાથી તેઓની મીલના મેનેજર તરીકેની બઢતી થવાની હતી. પણ તેમનાથી દસ વર્ષ જુનિયર વ્યક્તિએ લાગવગ લગાવી પોતે જ મેનેજર થયો.

શાંતિભાઈ માટે આ પરિસ્થિતિ ખૂબ જ અપમાનજનક અને દુઃખ ઉપજાવનારી હતી. પણ શાંતિભાઈ આ સમયે સ્થિર હતા. વર્ષોથી રોજ અમદાવાદના શાહીબાગ મંદિરે આરતી અને કથા તેમના નિત્યક્રમનો ભાગ હતાં. કથાવાર્તાના શબ્દો તેમની સમક્ષ ઢાલ બની ઊભા રહ્યા. તેમણે આ સમયે વિચાર કર્યો કે ભગવાનની ઈચ્છાથી જે થયું તે સારું થયું. ભવિષ્યમાં કાંઈક વિઘ્ન આવવાનું હશે તે ટળી ગયું. શાંતિભાઈના હાથ નીચે ૧૫૦ કારીગરો કામ કરતા હતા. તે કારીગરોને શાંતિભાઈની બઢતી ન થઈ, તે ન ગમ્યું. તે લોકો હડતાલ પર જવા તૈયાર થયા. આ સમયે શાંતિભાઈએ સૌને સમજાવ્યા કે ભગવાન સર્વકર્તા છે, માટે કોઈ વિરોધ કરવાની જરૂર નથી.

શાંતિભાઈ ઘણીવાર વાત કરતા કે, 'મને યોગીજી મહારાજનો સત્સંગ મળ્યો તેથી હું તે પ્રસંગે સ્થિર રહી શક્યો.' આમ, જીવનમાં

દુઃખ અને અપમાનના પ્રસંગોમાં સત્સંગ દ્વારા કેળવેલી સમજણ સ્થિરતા આપે છે.

❋ જેમ ગંગા નદીનું ઉદ્‌ગમ સ્થાન ગંગોત્રી છે, તેમ સાચી સમજણનું જન્મસ્થાન સત્સંગ કહેતાં સંત સમાગમ છે. સત્સંગ દ્વારા પ્રાપ્ત થતી સાચી સમજણ જીવને સારા-માઠા પ્રસંગોમાં સ્થિરતા આપે છે.

૩. શાંતિનો અનુભવ થાય છે :

❋ સંસારના ત્રિવિધ તાપમાં જીવ અશાંતિ અનુભવે છે. પરંતુ સત્સંગ કરવાથી તેની અશાંતિ દૂર થાય છે અને શાંતિ અનુભવાય છે. એક સાખીમાં કહ્યું છે,

'બળતો જળતો આત્મા, સંત સરોવર જાય;
સત્સંગરૂપી લહેરમાં, તરત ટાઢો થાય.'

❋ અમદાવાદના સંદીપભાઈ પટેલ વ્યવસાયથી ફિલ્મ ડાયરેક્ટર છે. નાનપણથી તેમને જુદા જુદા ચિંતકો-લેખકોનાં સાહિત્ય પુસ્તકો વાંચવાનો શોખ હતો. તે વાંચવાથી તેમને બૌદ્ધિક રીતે સંતોષ પણ થતો. એ દરમ્યાન તેમના હાથમાં યોગીજી મહારાજનું જીવનચરિત્ર આવ્યું. થોડાં જ પાનાં વાંચવાથી તેઓ ખૂબ પ્રભાવિત થયા. તેમણે એક પ્રસંગે સંતોને વાત કરી કે, 'મેં ધુરંધર ચિંતકોનાં પુસ્તકો પૂર્વે વાંચ્યાં છે. તે એટલી સરસ રીતે પોતાના વિચારો રજૂ કરે કે આપણને ગમે. પણ અહીં મને જુદો અનુભવ થયો. ચિંતકોના આખા પુસ્તકના વાંચન બાદ જે સમાધાન ન મળે, તે સમાધાન જીવનચરિત્રના વાંચનથી મળ્યું.' તેમણે બીજી વાત કરી કે, 'હું જે ઠેકાણે કામ કરું છું ત્યાંનું વાતાવરણ કલુષિત હોય, વિકારપૂર્ણ હોય, છતાં જીવનચરિત્ર વાંચનને લીધે હું મારું જીવન સત્સંગપ્રધાન અને પવિત્ર રાખી શક્યો છું. હવે જેમ જેમ આગળ વાંચું છું, તેમ તેમ વિશેષ શાંતિનો અનુભવ થાય છે.'

સંદીપભાઈને પૂર્વે ક્યારેય ન અનુભવેલી શાંતિ જીવનચરિત્ર વાંચનથી પ્રાપ્ત થઈ. તેથી તેમણે નિયમ લીધો કે રોજ રાત્રે સૂતાં પહેલાં જીવનચરિત્ર વાંચી જ લેવું. નિત્યવાંચનની આ ટેવથી તેમણે શ્રીજીમહારાજથી લઈ તમામ ગુરુઓનાં જીવનચરિત્રો વાંચી લીધાં.

૪. મોક્ષની પ્રતીતિ આવે છે :

❋ આપણો જીવ અનાદિનો છે. આજ સુધીમાં તેણે અનેક શરીર ધારણ કર્યાં છે. જન્મ-મરણના ચકરાવામાંથી તે બહાર નીકળી નથી શક્યો. પરંતુ સત્સંગ કરવાથી જીવનું અજ્ઞાન નાશ પામે છે. તેને પૂર્ણકામપણાનો અનુભવ થાય છે. મારો મોક્ષ નિશ્ચિત થઈ જ જશે તેવો વિશ્વાસ આવે છે.

❋ મુંબઈના સાધુરામભાઈ પટેલને સન ૧૯૭૫માં ભક્તરાજ શ્રી હર્ષદભાઈ દવે થકી પ્રમુખસ્વામી મહારાજનો યોગ થયો. પ્રમુખસ્વામી મહારાજના પ્રથમ દર્શને જ તેમને આકર્ષણ થયું. ત્યારપછી હર્ષદભાઈ દવે સાથે સાધુરામભાઈની ઊઠક-બેઠક વધી. બન્ને વચ્ચે અનેક જ્ઞાનગોષ્ઠિ થઈ. સાધુરામભાઈના આધ્યાત્મિક પ્રશ્નોનું નિરાકરણ હર્ષદભાઈના સંગમાં થતું ગયું. તેમને પ્રમુખસ્વામી મહારાજનો પણ ખૂબ મહિમા આ રીતે સમજાયો. તેઓ નિષ્ઠાવાન સત્સંગી બન્યા. નિત્યપૂજા, રવિસભા વગેરે પણ નિયમિતપણે કરતા થયા.

ગુરુ સાથેનું જોડાણ ધીમે ધીમે દૃઢ થતું ગયું. પરંતુ તેમના મનમાં ઘણા સમયથી એક પ્રશ્ન હતો. એક અંગત મુલાકાતમાં તેમણે પ્રમુખસ્વામી મહારાજ પાસે તે પ્રશ્ન રજૂ કર્યો, 'આપે મારા પર, મારા પરિવાર પર અનહદ કૃપા કરી છે. હું ખૂબ સુખી છું. પણ મારા ભાગ્યમાં કાળસર્પયોગ લખ્યો છે. અને મારા જીવનમાં છેલ્લે આવું કંઈક થાય ત્યારે આપનો સંબંધ ન હોય તો...'

તેઓ હજુ આગળ કંઈ બોલે તે પહેલાં

સ્વામીબાપાએ તેમનો હાથ જરા જોરથી પકડ્યો. આંખોમાં આંખો પરોવી સ્વામીબાપા કહે, 'આ કાળસર્પયોગનો શો હિસાબ છે! આપણે તો સાક્ષાત્ અક્ષરધામમાં જ બેઠા છીએ. ત્યાં કાળ છે જ ક્યાં!' આ સાંભળી સાધુરામભાઈને અકલ્પ્ય સુખની અનુભૂતિ થઈ.

ત્યારપછી તેઓને હંમેશાં એવું લાગતું કે મારા ભાગ્યનો કોઈ પાર નથી. મારે હવે કશું જોઈતું નથી. કશી અપેક્ષા નથી. મારો મોક્ષ નિશ્ચિત છે. આવી મોક્ષની પ્રતીતિ સાચા સંતના સમાગમથી આવે છે.

● **સમાગમ વિના ખોટ :**

❋ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં જણાવે છે કે જેને કોઈક કામનો કરનારો હોય અથવા જેને રોટલા ખાવા મળતા હોય, તે જો આ સમાગમ નહીં કરે તો તેને બહુ ખોટ જાશે. બીજા શબ્દોમાં કહીએ તો, નિત્ય સત્સંગ નહીં કરે તેને બહુ ખોટ જશે.

ઘર આંગણે ગંગા વહેતી હોય પણ વ્યક્તિ તેમાં નહાય જ નહીં તો ખોટનો પાર નથી. નજર સમક્ષ અમૃત કળશ હોય પણ અમૃતનું આચમન ન કરે તો ખોટનો પાર નથી. ગંગાજળ અને અમૃતરસ તો શરીરને સુખ આપે છે. બીજી બાજુ, સત્સંગ તો અંતરાત્માનું શ્રેય કરનારો છે. જન્મ-મરણ ટાળનારો છે. સત્સંગનો યોગ ન રાખે તેને કેટલી ખોટ જાય!

સત્સંગ કરવાથી વ્યક્તિને અનેક લાભ થાય છે, પણ કોઈ વ્યક્તિ સત્સંગ ન કરે તે અનેક લાભથી વંચિત રહી જાય છે. હતાશા-નિરાશા, વ્યસન-દૂષણ, દુર્ગુણો, કુસંસ્કાર, દુઃખ અને અશાંતિ તેને ઘેરી વળે છે.

❋ યોગીજી મહારાજ પાસે એક વડીલ દર્શન માટે ગયા. યોગીબાપા તેમના પરિવારથી સુપરિચિત હતા. તેથી તેમને પૂછ્યું કે તમારો એક દીકરો તો દર્શન-સમાગમ માટે આવે છે, પરંતુ બીજા દીકરાઓ કેમ દેખાતા નથી? તે વડીલ પોતાના દીકરાઓનો બચાવ કરવા લાગ્યા કે તેમને પરીક્ષા છે એટલે નથી આવતા, અભ્યાસમાંથી નવરાશ નથી મળતી વગેરે. યોગીબાપાએ તે વડીલને સમજાવ્યા પરંતુ તેઓ તે સમયે ગલ્લાંતલ્લાં જ કરતા રહ્યા. થોડાં વર્ષો પછી તેમના બે દીકરા પરદેશ ગયા. પણ ત્યાં કોઈ ઠેકાણે નોકરી નહોતી મળતી. છેવટે એક ઇતરધર્મી વ્યક્તિએ બંનેને નોકરી પર રાખવાની તૈયારી બતાવી. પણ તેણે શરત મૂકી કે બંનેએ તેનો ધર્મ સ્વીકારવાનો. આ બંને દીકરાઓને સત્સંગનો યોગ હતો નહીં, તેથી હિંદુ ધર્મ કે સ્વામિનારાયણ સંપ્રદાયની અસ્મિતા પણ નહોતી. તેમણે થોડા પૈસાની નોકરી માટે ઇતરધર્મ સ્વીકારી લીધો.

યોગીબાપાએ સમજાવ્યા ત્યારે તો એ વડીલ નહોતા સમજ્યા, પરંતુ વર્ષો પછી તેમને સત્સંગ કરવાનો મહિમા સમજાયો.

❋ થોડાં વર્ષો પૂર્વે એક પ્રોફેસર આપણા કેટલાક સત્સંગી યુવકોને ગણિત અને વિજ્ઞાન ભણાવવા માટે એક મંદિરમાં આવતા. તેમની ભણાવવાની શૈલી ખૂબ જ સુંદર હતી. યુવકો પણ અઘરા વિષયને ખૂબ સરળતાથી સમજી શકતા, યાદ રાખી શકતા. આ પ્રોફેસરના પરિવારજનો સત્સંગી હતા, પરંતુ તેમને સત્સંગનો રંગ અડ્યો નહોતો. કુસંગના લીધે તેમને તમાકુ અને દારૂનું વ્યસન હતું. સ્થાનિક સંતોએ તેમને સત્સંગ સભામાં આવવા કહ્યું, પણ તે ન માન્યા. પ્રમુખસ્વામી મહારાજે પણ આ ભાઈને વ્યસન મૂકી સત્સંગ કરવા પ્રેરણા આપી. પણ તેમના પગ સભા તરફ ન જ વળ્યા. થોડાં જ વર્ષો બાદ તે ભાઈ વ્યસનને લીધે ગંભીર બીમારીમાં પટકાયા. અલ્પ વયમાં જ તેમનું અવસાન થયું.

◎ એક સત્સંગી યુવકે સંસ્થાના છાત્રાલયમાં રહી ધોરણ ૧૧ અને ૧૨નો અભ્યાસ કર્યો. ધો.૧૨માં સારું પરિણામ મળવાથી તેને મેડિકલ કોલેજમાં

એડમિશન પ્રાપ્ત થયું. 'હવે હું ડોક્ટર થવાનો છું, સત્સંગનું જ્ઞાન તો મને છે જ. તેથી સભા કદાચ ન ભરી શકાય તો તેમાં શું ખાટું-મોળું થઈ જવાનું છે?' એમ વિચારી અઠવાડિક સભા પર કાપ મૂક્યો. પછી નિત્યપૂજા બંધ થઈ અને ભાઈને કુસંગી મિત્રો સાથે રસ પડ્યો. પરિણામ એ આવ્યું કે કોલેજના અભ્યાસમાં ચાર વાર ફેઈલ થયો!

* એક યુવાનને સંતોએ સત્સંગનો મહિમા સમજાવ્યો. સત્સંગ સભા ભરવા પ્રેરણા આપી. તે યુવાન સંતોને ના તો ન કહી શક્યો, પણ તેને થયું કે આપણે તો જમાના સાથે ચાલવું જોઈએ. આ સભા, ધૂન, કીર્તન તો ઘરડાંઓનું કામ છે. થોડા સમય બાદ તેણે પ્રેમલગ્ન કર્યાં. લગ્નનાં બે વર્ષ બાદ તેણે સ્થાનિક સંતને ફોન કરી રડતાં રડતાં વાત કરી, 'હું આજે આત્મહત્યા કરવા જઈ રહ્યો છું.' સંતે તેને શાંત પાડી વિગતે વાત પૂછી. તેણે કહ્યું કે, 'મારાં પત્નીએ મને દગો દીધો છે. તેનું કારણ પણ હું જ છું. મેં જ સત્સંગ ન કર્યો અને તેને ન કરવા દીધો. હવે હું પસ્તાઉં છું...' તે સંતે તેને શાંત પાડી મહંત સ્વામી મહારાજને પત્ર લખવા જણાવ્યું. પતિ-પત્નીને પોતાની ભૂલનો પસ્તાવો હતો તેથી મહંત સ્વામી મહારાજને નિષ્કપટભાવે બધી વિગત લખી જણાવી. સ્વામીશ્રીએ તેમની ભૂલો માફ કરી, બધું ભૂલી જઈ નિયમિત સત્સંગ કરવાની આજ્ઞા કરી. દંપતીને નવું જીવન મળ્યાનો અહેસાસ થયો. આજે સત્સંગ કરી સુખી છે.

* ટૂંકમાં, સત્સંગ કરવાથી લાભનો પાર નથી અને તેનો ત્યાગ કરવાથી ખોટનો પાર નથી. એટલો જ ગુણાતીતાનંદ સ્વામીની આ વાતનો મર્મ છે.

* બ્રહ્માનંદ સ્વામી પણ નિત્ય સત્સંગ કરવાની વાત કરતાં જણાવે છે કે,

'બ્રહ્માનંદ કહે સંતકી સોબત,જન્મ સુફલ કરી લીજે
હો નિશદિન, સંત સમાગમ કીજે.'

આપણે પણ આજના દિવસે નિત્ય સત્સંગ કરવા માટે કટિબદ્ધ થઈએ અને સુખી થઈએ તે પ્રાર્થના.

❀ ❀ ❀

૧. સ્વામીની વાત : પ્રકરણ : ૨, વાત : ૪૪

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે :

મોટા સંતનો સમાગમ કરવાનો મહિમા કહ્યો જે, 'રોટલા ખાવા મળે છે પણ કદાચ તે ન મળે તો રાંધેલું અન્ન માગી ખાઈને પણ આ સાધુનો સમાગમ કરીએ, નીકર કાચા દાણા ખાઈને પણ સમાગમ કરીએ, નીકર ઉપવાસ કરીને પણ સમાગમ કરીએ અથવા લીંબડો ખાઈને, નહિ તો વાયુ ભરખીને પણ આ સમાગમ કર્યા જેવો છે. અને જેને કોઈક કામનો કરનારો હોય કે જેને રોટલા ખાવા મળતા હોય, તે જો આ સમાગમ નહિ કરે તો તેને બહુ ખોટ જાશે.' એમ ઘણી વાર્તા કરી.

- **મધ્યવર્તી વિચાર :**

❊ **સંતસમાગમનો અપરંપાર મહિમા છે. તેની આગળ દૈહિક કષ્ટનો કોઈ જ હિસાબ નથી.**

❊ કોઈ વ્યક્તિને ફાંસી થવાની હોય અને તેને જો કહેવામાં આવે કે જો તારે ફાંસીમાંથી મુક્તિ મેળવવી હોય તો એક વરસનાં ધારણાં-પારણાં કરવાનાં, દશ દિવસ કડવો લીંબડો વાટીને પીવાનો અને મહિને પાંચ નિર્જળ ઉપવાસ કરવાના. તો એ વ્યક્તિ અત્યંત રાજી થકા તમામ શરતોનો સ્વીકાર કરે.

❊ અમેરિકા જવા માટે પણ આ બધી શરતો મૂકવામાં આવે, તોપણ સહર્ષ આ શરતોનો સ્વીકાર કરે, કારણ કે તેને ખબર છે કે દૈહિક કષ્ટનાં દુઃખ સામે અમેરિકા જવાનો લાભ મળવાનો છે.

❊ બકરીના કોટનો હીરો ઝવેરીના દીકરાએ પોતાનો ખજાનો લૂંટાવીને લીધો ત્યારે અજ્ઞાની લોકો એમ સમજ્યા કે દીકરાએ ખોટનો ધંધો કર્યો. જ્યારે ઝવેરીએ કહ્યું કે, 'હીરો મફતમાં પડાવી લીધો.' કારણ કે ખજાના કરતાં હીરામાં અનેક ગણો માલ હતો, તે તેને ખબર હતી.

એમ, સમાગમનો મહિમા સમજાયો હોય તો સંપત્તિ લૂંટાવીને અથવા ગમે તેવી દૈહિક ઉપાધિ હોય છતાં સમાગમ થાય.

- **સંપત્તિ કરતાં સંતસમાગમ અધિક :**

❊ હરિચરિત્રામૃતસાગરમાં શ્રીજીમહારાજે કહ્યું છે :

અનંતકોટિ બ્રહ્માંડ કો સુખા,
સત્સંગ આગે કહત સબ લૂખા.

કારણ કે સંત સમાગમ જે આપે છે, તે સંપત્તિ દ્વારા મળતું નથી.

❊ નીતિશતકમાં ભર્તૃહરિ પણ લખે છે :

જાડ્યં ધિયો હરતિ સિંચતિ વાચિ સત્યં
માનોન્નતિં દિશતિ પાપમપાકરોતિ ।
ચેતઃ પ્રસાદયતિ દિક્ષુ તનોતિ કીર્તિં
સત્સંગતિઃ કથય કિં ન કરોતિ પુંસામ્ ? ॥

સત્સંગ અર્થાત્ સંતસમાગમ બુદ્ધિની જડતા દૂર કરે છે, વાણીમાં સત્યનું સિંચન કરે છે, સન્માનનો વધારો કરે છે, પાપ બાળે છે, મનને પ્રસન્ન કરે છે, તમામ દિશાઓમાં કીર્તિ ફેલાવે છે. બોલો, સંતસમાગમ માણસનું શું ભલું નથી કરતો ?

- **સંતસમાગમથી સમજણ આવે છે અને સુખી થવાય છે :**

❊ સંતસમાગમ દ્વારા સમજણ આવે છે અને તેનાથી ગમે તેવા દુઃખના પ્રસંગમાં શાંતિ રહે છે અને દુઃખને પાર કરી જવાય છે.

❊ ૧૯૯૭માં અમદાવાદના મંદિરે એક વડીલ આવ્યા અને તેમણે સ્વામીશ્રીની મુલાકાત માટે ઇચ્છા બતાવી. સ્વામીશ્રી વ્યસ્ત હતા એટલે મુલાકાત શક્ય નહોતી. એટલે તે વડીલે પોતાના ખીસામાંથી ૫૦ ગોળીઓની સ્ટ્રીપ કાઢીને કહ્યું : "જુઓ, હું આ ગોળીઓ લઈને આપઘાત કરવા નીકળ્યો છું. અહીંથી પસાર થતાં જાણ્યું કે પ્રમુખસ્વામી મહારાજ અહીં છે. તો થયું કે મરતાં પહેલાં ચાલો, એક વાર

દર્શન કરી લઉં. સભામાં આવ્યો, સ્વામીનું પ્રવચન શરૂ થયું. એમની કથા મારી ઉપર જ હોય એવું મને લાગ્યું. તેઓ બોલતા હતા કે 'દુઃખથી મરી જવામાં શું બહાદુરી કે શૂરવીરતા ? શૂરવીરતા તો ભગવાનની આજ્ઞા પ્રમાણે જીવન જીવીને પરિવારનું વહન સુખેથી કરે તેમાં છે. સુખદુઃખ તો કાયમ રહેવાનાં નથી.' આ વાતે મને પાછો વાળ્યો. એટલે મારે હવે તેમને મળવું છે.''

તરત તેઓને સ્વામીશ્રી પાસે લઈ જવામાં આવ્યા. તેમની વાત સાંભળી સ્વામીશ્રીએ તેમની છાતી પર હાથ મૂકી ધીરજ આપી અને ઘરસભા અને સત્સંગસભા દ્વારા કથાવાર્તાનો યોગ રાખવા કહ્યું. આજે એ વડીલનો પરિવાર સુખી છે અને નિત્ય સત્સંગ કરે છે.

આમ, દુઃખમય સંસારમાં સત્સંગ સુખેથી જીવન જીવવાનું શીખવે છે.

❋ એટલે જ બ્રહ્માનંદ સ્વામીએ ગાયું છે :

તીન તાપકી ઝાલ ઝર્યો પ્રાની કોઈ આવે,
તાકું શીતલ કરત તુરત દિલ દાહ મિટાવે;
કહી કહી સુંદર બેન રેન - અજ્ઞાન નિકાસે,
પ્રગટ હોત પહિચાન જ્ઞાન ઉર ભાનુ પ્રકાશે;
વૈરાગ્ય ત્યાગ રાજત વિમળ ભવદુઃખ કાટત જંતકો,
કહે બ્રહ્મમુનિ આ જક્તમેં સંગ અનુપમ સંતકો.

❋ આપત્તિ વખતે સમૃદ્ધિ નહિ, પરંતુ સત્સંગ જ સુખદાયી થાય છે.

❋ અમેરિકાના બ્રાયન વિસ્તારમાં રહેતા મનીષ જનકભાઈ અમીનના પિતા મંદિરમાં સેવા કરતાં કરતાં હાર્ટએટેકથી અચાનક મૃત્યુ પામ્યા. મનીષ તે વખતે કૉલેજમાંથી કાર ડ્રાઇવ કરીને પોતાની હૉસ્ટેલ પર જતો હતો. એક સંતે તેને ફોન કર્યો અને ગાડી ઊભી રાખી વાત સાંભળવા કહ્યું. જ્યારે તે સંતે કહ્યું કે તારા પિતા ધામમાં ગયા છે, ત્યારે મનીષ મૌન થઈ ગયો. ચિંતા થવાથી તે સંતે તેને પૂછ્યું : 'શું થયું ? કેમ બોલતો નથી ?' ત્યારે મનીષ કહે : 'કાંઈ થયું નથી. અત્યાર સુધી જે કથાવાર્તા સાંભળી છે કે ભગવાન જે કરે તે સારા માટે કરે, તે વિચારું છું.' મનીષ સમજણથી સ્થિર રહ્યો.

આમ, સંતસમાગમ-કથાવાર્તાથી જીવનમાં સમજણ આવતા સારા-માઠા પ્રસંગોમાં સ્થિરતા રહે છે. એટલા માટે કષ્ટ વેઠીને પણ સત્સંગ કરવાનું કહ્યું છે.

● **સંતસમાગમથી દૈહિક દુઃખમાં શાંતિ :**

❋ કથાવાર્તાથી દૈહિક દુઃખ સહન કરવાનું બળ મળે છે અને શાંતિનો અનુભવ થાય છે.

❋ શાસ્ત્રીજી મહારાજ પાસે જૂનાગઢથી આવેલા સંતોમાં નાપાડના બાલમુકુંદદાસ હતા. તેમને ઘણા સમયથી શરીરમાં પતનો રોગ હતો અને કાયમ બળતરા રહેતી. કોઈ દવાથી મટતું નહોતું, પરંતુ જ્યારે તેઓ રાજકોટમાં કૃષ્ણજી અદાની કથાવાર્તા સાંભળતાં ત્યારે બળતરા મટી જતી અને શાંતિ થઈ જતી.

પછી તો શાસ્ત્રીજી મહારાજના આશીર્વાદથી તેમનો રોગ મટી ગયો હતો.

❋ આજનું તબીબ વિજ્ઞાન કહે છે કે રોગ કરતાં રોગની ચિંતા ભયંકર છે. સમાગમ-કથાવાર્તાથી આપણું મન ભગવાનમાં પરોવાય અને મનમાંથી ચિંતા દૂર થાય છે, રોગની પીડા ઓછી થાય છે.

● **અન્ય સાધનો કરતાં સંતસમાગમ અધિક :**

❋ આધ્યાત્મિક માર્ગની સંપત્તિ તપ-ત્યાગ, ધ્યાન-યોગ વગેરે સાધનો કરતાં સંતસમાગમ અધિક છે.

❋ **વચનામૃત ગઢડા મધ્ય-૫૪માં** તપ, ત્યાગ, અષ્ટાંગયોગ, યજ્ઞ આદિ તમામ સાધનો કરતાં સત્સંગ શ્રેષ્ઠ છે, એમ કહ્યું છે.

❋ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'કરોડ જન્મ તપ કરીએ તોપણ આ વાતું જેટલો સમાસ ન થાય.'

(સ્વામીની વાત : ૬/૧૮)

❋ વળી, તેઓ કહે છે : 'કોટિ સાધન કરે, પણ આ વાતું કરવી અને સાંભળવી તેની બરાબર થાય નહિ.'

(સ્વામીની વાત : ૧/૨૨૬)

● **સંતસમાગમથી સ્વભાવ ટળે :**

❊ સૌભરી, પરાશર, ભરતજી, વિશ્વામિત્ર વગેરેએ હજારો વર્ષો સુધી અનેક કઠણ સાધનો કરેલાં, પરંતુ તેમના સ્વભાવો ન ટળ્યા. પરંતુ શિવલાલ શેઠ, ઉપલેટાના લાલાભાઈ વગેરે જેવાં કેટલાય ભક્તોએ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કર્યો અને તેને લીધે તેઓ સ્વભાવ ઉપર વિજય પ્રાપ્ત કરી શક્યા.

❊ મુક્તાનંદ સ્વામીએ પણ પોતાના કીર્તનમાં ગાયું છે :

જી રે સંત સમાગમથી ટળે, આશાતૃષ્ણા રે,
ઈર્ષ્યા અભિમાન, મોહ મત્સર મમતા બળે,
પ્રગટે ઉરમાં રે, પ્રભુનું દઢ જ્ઞાન,
સંતસમાગમ કીજીએ...

❊ રામાયણમાં ભગવાન શ્રી રામ પણ કહે છે : 'સત્પુરુષોનો સમાગમ આત્માની-જીવની મલિનતાને ટાળીને શુદ્ધતા આપે છે.'

❊ એટલે જ તુલસીદાસ કહે છે :

પારસ કે સ્પર્શ સે, કંચન ભયી તલવાર,
તુલસી તીનોં ન મિટે, માર ધાર આકાર.

જેમ પારસમણિના સ્પર્શથી તલવાર સુવર્ણની થઈ જાય છે, તેમ સાધનોથી પુણ્યશાળી અવશ્ય થવાય છે. પરંતુ માર, ધાર, આકાર એટલે કે સ્વભાવ બદલાતા નથી.

જ્યારે સંત વાતરૂપી હથોડાથી ઘડતર કરે છે, ત્યારે સ્વભાવો નાશ પામે છે.

❊ **જ્ઞાન હથોડા કર ગ્રહી, સદ્‌ગુરુ ભયે સોનાર,**
તુલસી તીનોં મિટ ગયે, માર ધાર આકાર.

❊ બ્રહ્માનંદ સ્વામી કહે છે :

ગુરુદેવ મેરો ઘાટ દૂસરો બનાયો હૈ...

સત્સંગ અને સંતસમાગમથી કેટલાયનાં જીવન સમૂળાં બદલાઈ ગયાં છે અને સ્વભાવો ઘસાઈ ગયા છે.

❊ ૧-૧-૧૯૯૨ના દિવસે હેતલ પંચાલ નામના એક યુવકે સ્વામીશ્રી સમક્ષ પોતાની વાત કરતાં કહેલું કે "૧૯૮૫ના સમૈયામાં મારા પિતા નવા સત્સંગી થયેલા અને સમૈયામાં સેવા કરવા ગયેલા. હું પણ ભેગો ગયેલો. એક વાર હું મારા મિત્ર સાથે રાત્રે પિક્ચર જોવા ગયો. પિતા મારી રાહ જોતા ૧૨ વાગ્યા સુધી બેઠા અને જ્યારે હું પાછો આવ્યો, ત્યારે એટલા બધા ગુસ્સામાં હતા કે સિક્યુરિટીવાળાના તાપણાનું સળગતું લાકડું લઈને મને મારવા દોડ્યા. પરંતુ એ પછી સત્સંગ સભામાં નિયમિત જતા થયા. ઘરસભા ચાલુ થઈ અને ધીમે ધીમે તેમનો ક્રોધ ઓછો થતો ગયો. હમણાં થોડા દિવસો પહેલાં હું સ્કૂટર લઈને બહાર ગયેલો અને એક્સિડન્ટ થયો. મને થયું મારું આવી બન્યું. પરંતુ તેમણે મને પ્રેમથી સમજાવ્યો કે ધ્યાન રાખીને સ્કૂટર ચલાવવું.' બીજું કાંઈ બોલ્યા નહિ."

આમ, સંતસમાગમથી સ્વભાવ ઘસાય છે,
સંતસમાગમથી તો આવા અનેક લાભ થાય છે.

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૮માં** કહે છે : 'જ્યારે એ સાધુનો સંગ કરે છે ત્યારે એને દેહને વિશે જે અંહબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહનાં સંબંધીને વિશે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને ભગવાનને વિશે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિશે વૈરાગ્ય થાય છે.'

❊ એટલા માટે જ ગુણાતીતાનંદ સ્વામી કહે : 'વાયુ ભરખીને પણ સંતસમાગમ કરી લેવો. જેને રોટલા ખાવા મળે છે, તે જો સંતસમાગમ નહિ કરે તો તેને ઝાઝી ખોટ રહી જશે.'

તો આપણને તો રોટલા ખાવા મળે જ છે. તો આપણે સત્સંગસભા, ઘરસભા માટે નિયમિત સમય ફાળવીએ અને ખોટ ન રહી જાય તે માટે ભગવાનને પ્રાર્થના કરીએ... ❀

સ્વામીની વાત : ૧, પ્રકરણ : ૨, વાત-૪૭

સ્વામિનારાયણ હરે..... સ્વામીએ વાત કરી જે.....

સંસારમાં સુખ જેવું જણાય છે પણ તેમાં તો દુઃખ છે. જેમ શેરડીના સાંઠામાં ઇયળ પડે તે સુખ માને છે, પણ ચીચોડામાં ભૂકા નીસરશે. ને કાગડાને શ્રાદ્ધના સોળ દિવસનું સુખ ને પછે બંદૂકની ગોળિયું ખાવાની છે તેમ.

● વાતનું નિરૂપણ

* આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામી સંસારનું સાચું સ્વરૂપ ઉઘાડું કરે છે.
* સ્વામી કહે છે : સંસારમાં સુખ જેવું જણાય છે. 'જણાવું' અને 'હોવું' માં તફાવત છે. 'જણાવું' એટલે ભાસવું, ભ્રમ થવો. એટલે કે સંસારમાં હકીકતમાં સુખ છે નહીં, જણાય છે.
* જેમ પાણીમાં પેનસિલ ડૂબાડો તો ત્રાંસી લાગે, ગાડીના બે પાટા દૂર જાય ત્યારે ભેગા થતા અનુભવાય છે, ઉનાળામાં ડામરના રોડ પર ઝાંઝવાના પાણી જણાય છે. આ બધી ઘટનાઓ વાસ્તવમાં સત્ય નથી, છતાં સત્ય જેવી ભાસે છે, તેમ સંસારમાં હકીકતમાં સુખ નથી જ. સુખ જેવું ભાસે છે.
* સંસાર એ અવિરત વિટંબણાઓથી ભરેલો છે. 'એક સાંધો ને તેર તૂટે.' એક ભરવાડ પાસે ૧૦૦ ઢોર હતા. ચરાવવા નીકળ્યો. ગરમીના દિવસે બપોરે એક મોટા વડ નીચે બધા ઢોર બેસાડ્યા. બધા ઢોર ટપોટપ બેસીને આરામ કરવા લાગ્યા. ભરવાડ બધા બેસી જાય તેની

રાહ જોવા લાગ્યો ને પછી હું આરામ કરીશ એમ વિચારીને છેલ્લે ઊભેલા એક ઢોરને બેસાડવા લાગ્યો. પેલું ઢોર બેસવા તૈયાર જ નહીં. એટલે ભરવાડે તેને પગેથી પકડીને બેસાડવા પ્રયત્ન કર્યો ને પેલું ઢોર ધબ લઈને પડ્યું. તે ધબાકામાં બેઠેલા ૯૯ ઊભા થઈ ગયા. સંસારનું પણ આવું જ છે.

સુખનું પલ્લું સહેજ નમે, ત્યાં દુઃખની આવે ભરતી.

* શાસ્ત્રીજી મહારાજ સંસારને ઊંટના બેસણાની ઉપમા આપતા. ઊંટની મુસાફરીમાં હેલા આવ્યા જ કરે. સંસારરૂપી પછેડી એવી છે કે તે ક્યારેય પગ ને માથું બેય એક સાથે ઢાંકી શકતી જ નથી. માથું ઢંકાય તો પગ ઉઘાડા રહે ને પગ ઢંકાય તો માથું ઉઘાડું રહે.
* આ સંસાર એટલે શું ? દેહ, દેહના સગાસંબંધી અને તેને માટેના વ્યવહારમાં આસક્તિપૂર્વકનું જોડાણ. આખી જિંદગી એમાં ખર્ચી નાખો પણ અંતે તેમાંથી કંઈ પ્રાપ્ત થતું નથી. મનુષ્ય માત્રની પ્રત્યેક ક્રિયાનું પ્રેરક બળ સુખની ઝંખના છે. સુખી થવા માટે જ તે બોલે છે, વિચારે છે, કાર્ય કરે છે... કહેતા સંસારમાં નિમગ્ન થાય છે પરંતુ એ સુખ માટેના એ પ્રયત્નો કેવા છે ?
  રેતી પીલીને તેલ કાઢવા જેવા, પાણી વલોવીને માખણ મેળવવા જેવા, વાંઝણી ગાય પાસેથી વાછરડું પ્રાપ્ત કરવા જેવા. અહીં કોઈ કાળે હેતુ સિદ્ધ ન થાય એવું જ સંસારના સુખનું છે.
* ઉલટાનું સંસારમાં જેમ જેમ ખૂંપે તેમ તેમ સુખને બદલે દુઃખનો અનુભવ વધારે થાય છે. બાવળ વાવીને કેળા કેવી રીતે પ્રાપ્ત થાય ? એમ જેમાં સુખ છે જ નહી ત્યાં પૂરું જીવન વીતાવી દે તો પણ કામ થાય ?
* અહીં સ્વામી શેરડીના સાંઠામાં પડેલી ઈયળનું દૃષ્ટાંત આપે છે. ઈયળ મનોમન મલકાય છે, કારણ કે તેને મીઠો રસ ખાવા મળે, ચારે બાજુ રસનું જ ઘર, એક ભાગ પૂરો થાય તો બીજા ભાગમાં એમ રસમાં ગરકાવ થાય છે પણ તેને ખ્યાલ નથી કે શેરડી કપાઈને ચીચોડામાં જશે ત્યારે શેરડી ભેગા તેના પણ ભૂક્કા નીકળી જશે. એમ સંસારમાં સુખ માનીને કોઈ જીવ એમાં ચકચૂર બને, પણ આગળ તો જન્મમરણ, લખચોરાશી, ગર્ભવાસના દુઃખ ઊભા જ છે.

જોબન ધનનું જોર જણાવે, ફાટી આંખે ફરતો,
કાળ કરાળ કઠણ શિર વેરી,
દિલમાં કેમ નથી ડરતો...
અજ્ઞાની તારા અંતરમાં દેખ વિચારી

– દેવાનંદ સ્વામી

* ઝેરના લાડવા ખાતાં સારા લાગે, પણ પાછળથી ગળું ઝલાય એમ આ વેવાર છે. (સ્વામીની વાત)
* નિષ્કુળાનંદ સ્વામી આ વાતને સુંદર રીતે સમજાવે છે.

કાપે છે સર્પનો કંડિયો, માગ થાતા મૂસો મલકાય છે;
પણ જાણતો નથી આખું આંધળો, હમણાં ખીજી નાગ ખાય છે

એટલે કે એક કરંડિયાને 'અંદર સારું ખાવાનું હશે.' એમ માનીને ઉંદર કાપવા લાગ્યો. પણ અંદર તો સાપ હતો. ઉંદરની શી દશા થાય ? એ જ રીતે સંસારરૂપી કરંડિયામાં કાળ રૂપી સર્પ સામે જીવો દોડે છે ને ખુવાર થાય છે.

* સ્વામી અહીં બીજું દૃષ્ટાંત પણ સમજાવે છે : કાગડાને ૧૬ દિવસનું શ્રાદ્ધ ને પછી બંદૂકની ગોળીઓ. હા, શ્રાદ્ધ પર્વમાં કાગડાને સૌ જમાડે પણ પછી જો કાગડો ઘર પર બેસે ને અવાજ કરે તો પથરો જ મારે. એમ પંચવિષય સંબંધી સંસારના સુખ એવા જ છે. 'ચાર દિન કી ચાંદની...' જેવું.
* મહાભારતમાં મનુષ્યની આ આસક્તિને સુંદર રીતે વર્ણવી છે. ઝાડ પરના મધપૂડામાંથી મધ ટપકી રહ્યું હોય છે. આ ઝાડની ડાળ કૂવા પર લટકી રહી હોય છે. કૂવામાં મગર છે. એ ડાળ પર એક માણસ દોરડું બાંધીને મધના ટીપાં ઝીલવા કૂવા પર લટકી રહ્યો છે. દોરડાને એક

કાળો ને ધોળો ઉંદર ડાળી પરથી કાપી રહ્યો છે. પેલો માણસ આ જુવે છે. નીચે મગર છે છતાં એક ટીપું વધુ મળી જાય એ લાલસાથી લટકતો જ રહે છે અને અંતે કૂવામાં મગરના મુખમાં પડે છે. એ જ રીતે સંસારના ટીપાં જેવા સુખની લાલચમાંથી માણસ બહાર આવી શક્તો નથી અને અંતે મહાદુ:ખને પામે છે.

સંસાર ધુમાડાના બાચકા રે, અંતે આપે ન કાંય;
રંગ પતંગનો ઊડી જાશે, જેમ આંકડાના તૂર.

* ચિત્રકેતુને કરોડ સ્ત્રીઓ હતી તોય દુ:ખી રહ્યો. યયાતિ રાજાએ ૧૦૦૦ વર્ષ સુધી વિષયો ભોગવ્યા તોય સુખ ન આવ્યું. નંદ રાજાએ આખી પૃથ્વીનું ધન ભેગું કર્યું. રાવણ ને નેપોલિયને વિશાળ સત્તાઓ મેળવી તોય દુ:ખી થઈને મર્યા.
* બુદ્ધે રાજપાટ છોડ્યું ને છેવટે બોલ્યા સર્વં દુ:ખં દુ:ખં. ભર્તુહરિએ પણ એ જ કહ્યું.
* સંસારમાં જળકમળવત્ રહેવું. કમળ પાણીમાં જ રહે, પરંતુ પાણીથી પલળે નહીં. એમાં સાંસારિક જવાબદારીઓ અદા કરવી, પણ મનમાં તેનો ડંસ બેસવો ન જોઈએ. પૂજા-દર્શન કે ભક્તિ સંબંધી ક્રિયા દરમ્યાન એ યાદ ન આવવું જોઈએ.
* એ કરવા માટે દોષદ્દષ્ટિ કેળવવી પડે. જેમ દૂધપાકમાં સર્પની લાળ પડતા જોઈ હોય પછી તે દૂધપાક પીવાનું કહે તો ન પીવે. કારણ કે જીવમાં દૃઢ થઈ ગયું છે કે એને પીવે તો પ્રાણ જાય. એમ જે પદાર્થને દુ:ખદાયી જાણીને અત્યંત મનન થયું હોય તો તેમાંથી જીવ પાછો વળે. (લોયા. ૧૦)
* નાવને પાણીમાં ચલાવવી પણ નાવમાં પાણી ન ભરાવા દેવું. એમ સંસારમાં રહેવાનું ખરું, પણ સંસારને જીવમાં ન પેસવા દેવો.
* ભગતજી મહારાજ આ જ રીતે નિર્લેપ રહ્યા છે : ગુણાતીતાનંદ સ્વામીએ એમને કહ્યું : 'જા, તને ૬૦,૦૦૦ રૂપિયા મળશે. એમાંથી તું લગ્ન કરજે અને અંતે હું તને અક્ષરધામમાં તેડી જઈશ.' ત્યારે ભગતજી બોલ્યા : 'સ્ત્રી અને ધનમાં સુખ છે એવી તો મેં કોઈ દિવસ વાત સાંભળી નથી.' એમ કહીને એ વાત ન સ્વીકારી.
* બોટાદના શિવલાલ શેઠ પણ એ જમાનામાં ૯ લાખના આસામી હતા. યુવાન વય હતી. છતાં રોજના ૩ કલાક ધ્યાન કરતા. વળી, તેમની સાળી તેમના ઘેર છ મહિનાથી આવેલી, છતાં તેમના પર નજર સુદ્ધાં ગઈ નહોતી. શ્રીજીમહારાજના સમયમાં પર્વતભાઈ ગોરધનભાઈ પણ આ રીતે વર્તતા.
* જનકરાજા પણ આ રીતે વર્તતા. એ પોતાને આત્મા માનતા ને વ્યવહારથી નિર્લેપ રહેતા. માટે પોતાનું સ્વરૂપ આત્મા મનાય ત્યારે સંસારથી નિર્લેપ રહેવાય.
* ભગવાન અને ગુરુનો આશરો અને એમની આજ્ઞા પાળવાથી સંસાર બંધનરૂપ થતો નથી.

ભવસાગર સબ સુખ ગયા રે,
ફિકર નહીં મોરે તરનનકી
મોહે લાગી લટક ગુરુ ચરનનકી...

- મીરાંબાઈ

◆

સ્વામીની વાત : ૨, પ્રકરણ : ૨, વાત : ૫૫

સ્વામિનારાયણ હરે... સ્વામીએ વાત કરી જે...

કોઈ કૂવે પડવા જાતો હોય તેને આડા હજારો માણસ ફરે તો પડવા દે નહીં, તેમ સત્પુરુષ ને સત્શાસ્ત્રના બહુ શબ્દ સાંભળ્યા હોય તો વિષયમાર્ગથી રક્ષા કરે. અને ગમે એવું અવળું માણસ હોય તેને પણ વશ કરીએ, એ તો આવડ્યું જોઈએ. તેને નમી દઈએ, તેનું રાખીએ, તેને પૂછીએ, એ અનુસારે વશ કરીએ એ તો કઠણ નથી, જો આપણે એના થઈ જાઈએ તો તે આપણા થઈ જાય.

● વાતનું નિરૂપણ

* આ વાતમાં સ્વામી સાચા સંતના સમાગમથી કેવો મોટો લાભ થાય છે તથા વ્યવહારમાં ને સત્સંગમાં સફળ થવા માટે માણસો સાથે કેવો દૃષ્ટિકોણ અપનાવવો એનું સચોટ માર્ગદર્શન આપે છે.
* સંતની વાત-સંતનો સમાગમ આપણી રક્ષા કરે છે.
* સત્સંગ કરવાથી શૂળીનું દુઃખ કાંટે મટે છે. (ગ.પ્ર. ૭૦) એક ચોર ચોરી કરવા ન જતા સાધુની વાત સાંભળવા ગયો. એના સાથી પેલા ચોરોને રાજાએ પકડીને શૂળીએ ચઢાવ્યા ને સાધુ પાસે ગયેલો ચોર બચી ગયો. એના સાથી કારણ કે સાધુએ સાક્ષી પૂરી કે આને કાંટો વાગ્યો હતો. તેથી અહીં હતો, પણ ચોરી કરવા ગયો નહોતો.
* ખંભાતના સદાશિવભાઈએ સુંદર હવેલી બનાવી અને તેના વાસ્તુ માટે ગોપાળાનંદ સ્વામીને આમંત્રણ આપવા આવ્યા. સ્વામીએ તેમને થોડા દિવસ રોકાઈ જવા જણાવ્યું. એ દરમ્યાન સ્વામીએ તેમને ખૂબ કથાવાર્તા કરી. આ બાજુ તેમની હવેલી સંપૂર્ણ ભસ્મીભૂત થયાના સમાચાર આવ્યા. તે સમાચાર સ્વામીએ શેઠને આપ્યા. તો કહે : 'સ્વામી ! જો ૧૫ દિવસ પહેલા મને આ સમાચાર મળ્યા હોત તો હવેલી ભેગો હું ય બળીને ભસ્મીભૂત થઈ જાત.

એક ઘડી આધી ઘડી, તાકી પૂનિ આધ,

તુલસી સંગત સંતકી, કટે કોટિ અપરાધ.

* આમ, કથાવાર્તાથી રક્ષા થાય છે.
* રામ કથા સુંદર કરતારી, સંશય વિહગ ઉડાવનહારી : - તુલસીદાસ
રામ કથા તાળી જેવી છે. તાળી પાડીએ તો પક્ષીઓ ઊડી જાય. એમ સંતની વાત સાંભળવાથી સંશયરૂપી મૂંઝવણ અને દુઃખ ઊડી જાય છે.
* એક બ્રાહ્મણનો દીકરો મરી ગયો. તેને બહુ વહાલો હતો. તેની પાછળ રડ્યા કરે. ખાય નહીં, પીવે નહીં, કોઈ તેને મયારામ ભટ્ટ પાસે લાવ્યું. ત્યારે ભટ્ટજીએ સાંખ્યની વાતો કરી કહ્યું : 'એક બ્રાહ્મણ મૂઓ તો ઉદેપુરની ગાદી ખાલી પડી ? એક ખડિયો ઓછો. ભીખ માગવાનું મટ્યું.' આમ, વાત સાંભળી ત્યાં બ્રાહ્મણને અંતર્દષ્ટિ થઈ ને પાછો સુખિયો થઈ ગયો.
* બિનુ સત્સંગ હરિકથા, તા બીન મોહ ન જાય.
* સંતની વાત સાંભળવાથી આપણા સ્વભાવો-દોષો અને પ્રકૃતિની પણ ઓળખાણ થાય છે. સંતના શબ્દો કેવા છે ? ગુણાતીતાનંદ સ્વામી પોતાની વાતોને ફિરંગીની તોપની ઉપમા આપે છે. જેમ તોપ ગમે તેવા અવરોધોના ભૂક્કા બોલાવી દે, એમ સંતની વાતો છે વિષય, સ્વભાવો કે સંશયનો નામશેષ કરી નાખે છે.
* ભક્ત ચિંતામણિ :
* **જન પ્રત્યે જીવન કહે, જેને જેટલો સત્સંગ;**
તેને તેટલા પાપનો થાય બાહેર ભીતર ભંગ.
* **સુત, દારા અરુ લક્ષ્મી, પાપી કો ભી હોય;**
સંત સમાગમ હરિકથા, તુલસી દુર્લભ સોય.
પુત્ર, પરિવાર અને અઢળક ધન તો પાપીનેય મળી શકે, પણ સંત સમાગમ જ દુર્લભ છે, કારણ કે એનાથી જ અનાદિ અજ્ઞાનનો નાશ થાય છે. જીવને પરમસુખની પ્રાપ્તિ થાય છે. સ્વભાવો-દોષો કે વિષયના મૂળિયા કપાય છે.
* સંતના શબ્દ સાંભળ્યા હોય તે સમયે ઢાલ થઈને કાર્ય કરે છે. દા.ત. નિયમિત કથા સાંભળી હોય ને તેમાં બહારની ખાણીપીણીનો નિષેધ, સિનેમા-ટી.વી.ના ખંડનની વાતો સાંભળી હોય તો કુસંગનો યોગ થાય કે આપણું મન આમાં કંઈ કરાવે ત્યારે તરત પાછું વળાય ને આપણી રક્ષા થાય.
* જોગીદાસ ખુમાણથી એક વાર પરસ્ત્રી સામે કુદષ્ટિથી જોવાઈ ગયું. તરત તેની વૃત્તિ પાછી વળી ને વિચાર આવ્યો કે 'હું તો જોગીનો દાસ. મને આ ન શોભે.' ને તરત આંખને દંડ દેવા મરચાં ભર્યાં. આ જ રીતે જો આપણે સંતનો બહુ પ્રકારે સમાગમ કર્યો હોય તો વૃત્તિ તરત પાછી વળે.

- **ગમે તેવું અવળું માણસ હોય તેને વશ કરવાની કળા :**

* મનુષ્ય સામાજિક પ્રાણી છે. વ્યવહારમાં અને સત્સંગમાં તેને હંમેશાં સમૂહમાં માણસો સાથે રહીને જ કામ કરવાનું હોય છે. પ્રત્યેક માણસને પોતાના અંગત અહં-મમત્વ હોય જ છે. તેમાં સાથે રહીને કાર્ય સફળ કરવા શું કરવું ?
* ઘરમાંથી કબાટ બહાર કાઢવું હોય તો બે બાજુ બે વ્યક્તિ સામસામે ધક્કા મારે તો ન નીકળે. બેય બળ વાપરે છે, પુરુષાર્થ કરે છે. કબાટને ખસેડવાની ઇચ્છા છે, પરંતુ સામસામા થાય તો કાર્ય ન થાય. આવું જ વ્યવહારમાં ને સત્સંગમાં પણ છે.
* કોઈ પણ કાર્ય સરળતાથી-સફળતાથી પાર પડે એ જ આપણો મુખ્ય હેતુ છે. આ હેતુ સિદ્ધ કરવા સ્વામી કહે છે : સામી વ્યક્તિને વશ કરવી જોઈએ. જડ વસ્તુ પર કબજો તરત લેવાય, તે ખરીદી પણ શકાય, પણ માણસ તો ચૈતન્ય છે. તેને વશ કેવી રીતે કરવું ? તેની કળા સ્વામી બતાવે છે.

૧. **તેને નમી જઈએ :** નમતું જોખીએ તો સામી વ્યક્તિ વશ થાય જ.

* યોગીજી મહારાજ : આપણે વેગમાં કોઈ કાર્ય કરતા હોઈએ ને કોઈ વાળે ત્યારે કટ વળી જવું.
* સરળ રીતે વર્તવાથી સામી વ્યક્તિ નરમ બને છે.

મન, કર્મ, વચને માનને મૂકી, કાઢ અભિમાન બારુ,
હાથ જોડી હાજી હાજી કરતા કે'દિ ન બગડે તારુ રે...
-નિષ્કુળાનંદ સ્વામી

* નીલકંઠ વર્ણીને જૂનાગઢમાં ૧૭ વખત ઉઠાડ્યા. પણ તેમણે દરેક વખતે નમતું જ જોખ્યું.
* યોગીજી મહારાજને સૌ વશ વર્તતા એનું રહસ્ય આ વાતમાં છે.
* શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે : સત્સંગમાં ભગવાનના ભક્ત સાથે હારીને રાજી થવું.

૨. તેનું રાખીએ.

* ગુણાતીતાનંદ સ્વામી પાસે જૂનાગઢમાં ૩૦૦ સંતો રહેતા. આટલા સંતોને સ્વામી સાચવી શકતા. તેનું કારણ બતાવતા સ્વામી કહે છે : હું માં સૌને હેત થાય છે તે શેણે તો કે હુ ંતો જે જેમ કહે તેમ કરું. આ આમ કહે તો હું કહું, 'હા, એમ. કોઈ કહે,' આમ, તો એમ. કોઈનું મરડું જ નહીં. ત્યારે હેત રહે છે. (૬/૨૩૦)
* યોગીજી મહારાજ : મેં બધાનું સાચવ્યું છે. બધાની સેવા કરી છે. કોઈનું અપમાન કર્યું નથી. કોઈનો તિરસ્કાર કર્યો નથી. એટલે બધાને મારી ઉપર હેત થાય ને ?
* રાખવું એટલે સામી વ્યક્તિને ઊભી થયેલી પરિસ્થિતિ કે પ્રશ્નોમાં સહાયભૂત થવું. એને સાંભળવા. તેને સાંત્વન આપવું.
* પ્રમુખસ્વામી મહારાજ પાસે ૬૫૦ સંતો છે. અને લાખો હરિભક્તો છે. એ બધાને તેઓ સાચવી શકે એનું કારણ શું ? આ જ મૂળ કારણ છે.

૩. એને પૂછીએ : મન નોંખા પડવામાં એક મોટું કારણ છે અવગણના અથવા અવગણનાનો સંદેહ.

* સમૂહમાં જ્યારે રહે ત્યારે જો એકબીજાને જાણ કર્યા વિના કંઈ નિર્ણય લેવાઈ જાય તો સામી વ્યક્તિ આડી જ પડે.
* તમારો શું અભિપ્રાય છે? આ કેવી રીતે કરશું ? એવું પૂછીને જ્યારે સમૂહમાં નિર્ણય લેવાય ત્યારે કાર્ય નિર્વિઘ્ને પાર પડે છે.

૪. જો આપણે એના થઈ જઈએ તો એ આપણા થઈ જાય :

* કોઈ વ્યક્તિને વશ કરવાનું આ સોનેરી સૂત્ર છે.
* એના થવું એટલે મન, કર્મ અને વચનથી એના માટે ઘસાઈ છૂટવું. આ સુહૃદભાવ છે.
* પ્રમુખસ્વામી મહારાજ : સુહૃદભાવ એટલે ઘસાવું, ખમવું, મનગમતું મૂકવું ને અનુકૂળ થવું.
* બલિરાજા વામનજીને વશ થયા, તો ભગવાન એના દરવાજે અખંડ રહેવા તૈયાર થયા. (ગ.પ્ર. ૬૧)
* દાદાખાચરના દરબારમાં શ્રીજીમહારાજ ગારમાટીના સામાન્ય જેવા ખોરડામાં ૩૦-૩૦ વર્ષ સુધી રહ્યા. તેનું કારણ પણ આ જ છે. દાદાખાચર શ્રીજીમહારાજના થઈને જ રહ્યા.
* એના થઈને રહેવું એટલે એને ગમે તે રુચિ મુજબ જ વર્તન અને વિચાર રાખવા.

જે ન ગમે જગદીશને જાણો તેનું ન પૂછીએ નામ,
કરીએ રાજી ઘનશ્યામ- નિષ્કુળાનંદ સ્વામી

* એના થયેલાને ભગવાન પણ વશ વર્તે ને પશુ પણ વશ વર્તે. એક વાર શ્રીજીમહારાજને ચૈત્ર સુદ નવમીને દિવસે ગઢડાથી વરતાલ સમૈયો કરવાની ઇચ્છા હતી. લાડુબા-જીવુબાની આમાં ઇચ્છા ન હતી. પણ મહારાજ તૈયાર થઈ ગયા. માણકી પર બેઠા. પણ માણકી પગ ઉપાડે જ નહીં. કારણ કે માણકીની વૃત્તિ લાડુબા-જીવુબાએ બાંધેલી તેથી માણકી તેઓને વશ વર્તતી હતી. મહારાજને આ વાતની ખબર પડી એટલે મહારાજે ભક્તો પાસે વિનંતી કરી આજ્ઞા

માગી કે જો તમે રાજી હો તો અમે જઈએ. આટલા વશ ભગવાન થયા. કારણ કે તેઓ ભગવાનને સંપૂર્ણ વશ હતા.

❋ આપણે પણ પ્રમુખસ્વામી મહારાજને વશ કરવા સ્મરણ, સમર્પણ અને આજ્ઞાપાલન દૃઢ કરીએ તો તે કાર્ય સિદ્ધ થાય જ. ◆

૧. સ્વામીની વાત : ૨/૬૧ (પોતાને સમજવાનો આગ્રહ)

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે :

જેવો બીજાને સમજાવવાનો આગ્રહ છે, એવો પોતાને સમજવાનો હોય અને જેવો બીજાના દોષ જોવાનો આગ્રહ છે તેવો પોતાના દોષ ટાળવાનો હોય તો કાંઈ કસર રહે જ નહિ.

❊ સ્વામી આપણને આ વાત કરી અંતર્દષ્ટિ કરાવે છે. જેમ રોગ આપણને થયો હોય અને દવાની ગોળીનો મહિમા બીજાને કહીએ તો રોગ ન જાય, પોતે જ ગોળીનો મહિમા સમજી ગળવી પડે - તેમ કસર ટાળવા માટે પોતાને સમજવા રૂપ ઔષધ લેવું પડે.

● **બીજાને સમજાવવાનો આગ્રહ :**

❊ નિષ્કુળાનંદ સ્વામીએ 'ચોસઠ પદી'માં લખ્યું છે:

પરને કહેવા પ્રવીણ છું પૂરો,
પોતાનું તો તું ન પેખે રે;
સામાને શીખ દેવામાં છું શૂરો,
નિજ દોષને નવ દેખે રે.

❊ યોગીજી મહારાજ એક બોધકથા કહેતા. એક ગામમાં એક ભાઈ રહે. ગામમાં કોઈ મરણ પામે તો તેને સમજાવે કે - 'જગત નાશવંત છે. જન્મે તેનું મૃત્યુ નિશ્ચિત છે.' એક દિવસ તેઓ ઘેર રડતાં હતા, કોઈકે પૂછ્યું, 'કેમ રડો છો ?' તો કહે, 'મારી બકરી મરી ગઈ.' એ ભાઈને જેવો બીજાને સમજાવવાનો આગ્રહ હતો, એવો પોતાને સમજવાનો હતો નહિ !

❊ ઘણી વાર એવું જોવા મળે છે કે કેટલાક લોકો બીજાને ઉપદેશ આપી સમજાવવામાં શૂરા હોય, પણ જ્યારે પોતાના પગ નીચે રેલો આવે ત્યારે સમજી શકતા નથી.

❊ અર્નેસ્ટ હેમિન્ગ્વે અમેરિકાના બહુ જ પ્રસિદ્ધ લેખક હતા. સન ૧૯૫૪માં તેમને એક પુસ્તક માટે નોબેલ પ્રાઇઝ મળ્યું હતું. પુસ્તકનું નામ હતું 'ધ ઓલ્ડ મેન એન્ડ ધ સી' પુસ્તકનો સાર એ હતો કે માણસે ક્યારેય પરાજય સ્વીકારવો ન જોઈએ. હારવું ન જોઈએ. ગમે તેવી મુસીબત આવે સહન કરી હિંમતથી લડતા રહેવું જોઈએ. પોતાનાં તમામ પ્રવચનોમાં તેઓ માણસને હિંમતપૂર્વક પ્રશ્નોનો સામનો કરવાની શીખ આપતા, પરંતુ તેઓ પોતાના જીવનની મુશ્કેલીમાં હિંમત રાખી ન શક્યા અને બંદૂકથી આત્મહત્યા કરી.

❊ એક વાર જર્મનીના હેમ્બર્ગ શહેરમાં વિશ્વના ટોચના મનોચિકિત્સકોની કોન્ફરન્સ યોજાઈ. પ્રથમ દિવસે એક વિષય પર વાર્તાલાપમાં બે ડૉક્ટરો વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ. ચર્ચામાંથી ગાળાગાળી અને પછી મારામારી થઈ. બધા ડૉક્ટરો બે જૂથમાં વહેંચાઈ ગયા અને આખા હોલમાં ધમાચકડી મચી ગઈ. પોલીસ આવી. ૯ ડૉક્ટરો ઘવાયા હતા. ચારની ધરપકડ થઈ. સૌને આશ્ચર્ય એ હતું કે કયા વિષય પર આટલી ઉગ્ર ચર્ચા અને મારામારી થઈ ? વિષય હતો, 'ક્રોધ પર કાબૂ કેમ મેળવશો ?' બીજાને સમજાવવામાં પોતે સમજવાનું રહી ગયું.

❊ આયરલેન્ડના સુવિખ્યાત બિશપ ડૉ. એમન કેસી તેઓના બ્રહ્મચર્ય વિષયક વ્યાખ્યાનો માટે પ્રસિદ્ધ હતા. તે વિષયક પુસ્તકો પણ તેમણે લખેલાં. તેઓ પોતાના પ્રવચનમાં સલાહ આપતા કે બ્રહ્મચર્યના પાલન માટે પરણવું ન જોઈએ અને પ્રાર્થના કરવી જોઈએ.

આ બિશપે પોતાના માટે પ્રાર્થના કરી હશે કે નહીં, પણ 'એની મર્ફી' નામના એક બહેને ૧૭ વર્ષના એક છોકરાને બતાવી કબૂલાત કરી હતી કે ૧૯ વર્ષ પહેલાં બિશપે મારી સાથે વ્યભિચાર કરેલો. આ બાળક તેનું પરિણામ છે.

❊ સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે :

પરોપદેશે પાણ્ડિત્યં સર્વેષાં સુકરં નૃણામ્ ।
ધર્મે સ્વીયમનુષ્ઠાનં કસ્યચિત્ સુમહાત્મનઃ ॥

બીજાને ઉપદેશ આપવા માટેની વિદ્વત્તા બધાને સુગમ હોય છે, પણ ધર્મમાર્ગે પોતાનું આચરણ તો કોઈ મહાત્માનું જ હોય છે.

❊ બીજાને સમજાવવા જેટલો પુરુષાર્થ કરવામાં આવે છે, તેટલો પુરુષાર્થ પોતાને સમજવામાં કરવામાં આવે, તે જ અંતે લાભદાયી થાય છે.

❊ ગુણાતીતાનંદ સ્વામીને એક વાર ગઢડાના એક સંતે કહેલું, 'મહારાજે આપને બરછટ ધાબડો ઓઢાડીને જડભરત કહ્યા હતા. તે હવે સૌને જડભરત કરો.' સ્વામી જાણતા હતા કે આ સાધુ પરોપદેશમાં શૂરા છે. એટલે સ્વામી કહે, 'આપણે બેય જડભરત થાઈએ એટલે બધાય થઈ રહ્યા.'

● **પોતાનું વર્તન બદલવું :**

❊ આ વાતનો અન્ય એક અર્થ થાય છે કે બીજાનું વર્તન બદલવાનો આગ્રહ કરવાને બદલે પોતાનું વર્તન બદલવા પ્રયત્ન કરવો જોઈએ. બીજાને કોઈ સદ્‌ગુણ કેળવવા સમજાવતાં પહેલાં પોતે એ સદ્‌ગુણ કેળવવા પ્રયત્ન કરવો જોઈએ. પ્રમુખસ્વામી મહારાજની આ જ રીત છે.

❊ પ્રમુખસ્વામી મહારાજને આંખનું ઑપરેશન કરાવ્યું ત્યારબાદ ડૉક્ટરોએ કંકુનો ચાંદલો કરવાની ના પાડી હતી. કારણ કે જો આંખમાં કંકુ પડે તો નુકસાન થાય તેમ હતું. તેથી સ્વામીશ્રીએ ઑપરેશન બાદ થોડા મહિના ચંદનનો ચાંદલો કર્યો, પણ ગુરુપૂર્ણિમાના દિવસે સ્વામીશ્રીએ કંકુનો ચાંદલો કરવા ઇચ્છા રજૂ કરી. સેવકોની ના છતાં કંકુનો ચાંદલો જ કર્યો અને કહ્યું, 'આપણે બધાને તિલક-ચાંદલો ભપકાબંધ કરવાની વાત કરીએ અને આપણે ન કરીએ તે કેવું કહેવાય ?'

❊ સન ૧૯૮૧માં નવદીક્ષિત સંતો સત્સંગ શિક્ષણ પરીક્ષા આપવાના હતા. તે અરસામાં સ્વામીશ્રી સારંગપુર પધાર્યા હતા. સંતોને અભ્યાસ કરાવનાર શિક્ષક સંતોએ સ્વામીશ્રીને વિનંતી કરી કે 'બાપા ! આપ આ સંતોને પરીક્ષા માટે બળભર્યા આશીર્વાદ આપો.' સ્વામીશ્રી તરત જ કહે, 'મેં જ સત્સંગ શિક્ષણ પરીક્ષા નથી આપી તો હું કેવી રીતે આ સંતોને વાત કરું ?' પછી બધાએ કહ્યું કે 'બાપા ! આપે ભલે પરીક્ષા નથી આપી પણ આપે પરીક્ષાનાં બધાં જ પુસ્તકો વાંચી લીધાં છે કે ભોજન કરતાં કરતાં સાંભળ્યા છે.' પછી સ્વામીશ્રીએ ખૂબ જ ટૂંકમાં આશીર્વાદ આપ્યા.

❊ સન ૧૯૮૭માં દુષ્કાળનું વર્ષ હતું. સ્વામીશ્રી સારંગપુર પધાર્યા હતા. દુષ્કાળને કારણે પાણીની તંગી હતી. તે બાબતે સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં સાંજની સભામાં પાણીની બચત અંગે જાહેરાત કરવામાં આવી. તેમાં એક જાહેરાત હતી - 'સૌએ નાહવામાં વધુ પાણી ન વાપરવું. જરૂર પૂરતું જ વાપરવું.'

બીજે દિવસે સવારે સ્વામીશ્રી સ્નાન કરવા પધાર્યા. દરરોજના ક્રમ મુજબ સેવક સંતે પાણીની બે ડોલ ભરીને બાથરૂમમાં તૈયાર રાખી હતી, પણ આજે સ્વામીશ્રીએ એક ડોલ પાણીથી સ્નાનાદિક ક્રિયા પતાવી દીધી. બીજી ડોલનું પાણી વાપર્યું નહીં. સંતો કહે, 'બાપા, દરરોજ તો આપ બે ડોલ પાણીથી સ્નાન વગેરે ક્રિયા કરો છો. આજે આમ કેમ ?' સ્વામીશ્રી કહે, 'કાલે આપણે જાહેરાત કરાવીને કે પાણી ઓછું વાપરવું તો પહેલાં આપણે તો તે પ્રમાણે વર્તવું જોઈએ ને !' સંતો કહે, 'બાપા ! હવે પાણી લાવી જ દીધું છે, તો આજે વાપરી દો. કાલથી એક જ ડોલ લાવીશું.' સ્વામીશ્રી કહે, 'ના ! આ પાણી તમે કપડાં ધોવા માટે વાપરજો !'

❊ સ્વામીશ્રી પોતે વર્તીને બીજાને સમજાવે છે. એટલે તેમની સમજાવટ અસરકારક હોય છે, તેઓ અનેકને સત્માર્ગે વાળી શકે છે.

❊ મેનેજમેન્ટનાં શ્રેષ્ઠ અને અસરકારક પુસ્તકો લખનાર અમેરિકન લેખક શ્રી સ્ટીફન કોવી કહે છે.... 'બીજાને બદલવાનો (સમજાવવાનો) પ્રયત્ન કરવાને બદલે તમે પોતે જ બદલાઈ જાવ (સમજી જાવ) તો બીજા આપમેળે તમને અનુસરશે.'

* ઈસ્ટ આફ્રિકાના સત્સંગી બંધુ શ્રી કુમારભાઈ પૂજારા કહે છે, 'અમે નવા નવા સત્સંગી હતા ત્યારે ક્યારેક બહારનું ખાઈ લેતા. અમારાં સંતાનો વારંવાર બહારનું ખાતાં. અમે તેમને ન ખાવાની વાત કરતા, પણ આગ્રહપૂર્વક કહી ન શકતા. પણ મેં અને મારા પત્નીએ બહારનું ન ખાવાનો નિયમ લીધો. તેના છ માસ બાદ અમે અમારા સંતાનોને પણ એ નિયમ લેવા વાત કરી તો તેઓ માની ગયાં !'
* આપણે જ સમજીને વર્તવા માંડીએ તો બીજાને સમજાવવાની જરૂર પડતી નથી. એટલે જ શ્રીજીમહારાજે કહેલું કે, 'વર્તન વાતું કરશે.'

● બીજાને સમજવાનો પ્રયત્ન :

* સ્વામીની આ વાતનો બીજો એક અર્થ એમ પણ થાય કે પોતાની વાત, પોતાનો વિચાર, પોતાની પરિસ્થિતિ બીજાને સમજાવી દેવા કરતાં બીજાની વાત, વિચાર અને પરિસ્થિતિ સમજવા પ્રયત્ન કરવો જોઈએ.
* આ રીતે વર્તીને પ્રમુખસ્વામી મહારાજે અનેકના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે.
* સ્વામીશ્રી આણંદમાં પધરામણી કરીને બપોરે અઢી વાગે ઉતારે પધાર્યા હતા. સ્વામીશ્રી ભોજન માટે વિરાજી ગયા હતા. પત્તરમાં જમવાનું પીરસાઈ ગયું હતું. ત્યાં જ એક હરિભક્ત આવ્યા કહે, 'મારે ઘરે પધરામણીએ પધારો.' સેવક સંત કહે, 'આપને ત્યાં સ્વામીશ્રી પધરામણી કરી આવ્યા, પણ તમે ઘરે નહોતા.' પેલા હરિભક્ત કહે, 'મને સમય આપેલો તેના કરતાં બાપાને આવતાં મોડું થયું એટલે હું બાપાને શોધવા બહાર નીકળેલો. એ ગાળામાં મારે ત્યાં પધરામણી થઈ ગઈ અને મારો લાભ જતો રહ્યો.' આટલું બોલતાં બોલતાં તો તે હરિભક્તને ગળે ડૂમો ભરાઈ આવ્યો અને આંખેથી આંસુ સરી પડ્યા ! સેવકો તેમને સમજાવવા પ્રયત્ન કરતા હતા ત્યારે તેમને અટકાવી સ્વામીશ્રી કહે, 'એમને સમજાવશો નહીં. એમનો ભાવ તો જુઓ. આપણે જ સમજી જઈએ.' એમ કહી પત્તર આઘું કરી સ્વામીશ્રી તેમને ત્યાં પધરામણીએ પધાર્યા.
* બીજાને સમજાવી દેવાના આગ્રહને બદલે સ્વામીશ્રીની જેમ બીજાની લાગણી સમજવાનો આવો પ્રયત્ન કરવામાં આવે તો ઘરપરિવારમાં થતા કેટલાય ઝઘડા અટકી જાય.

● પોતાના દોષ ટાળવાનો આગ્રહ રાખવો જોઈએ :

* કાગડો જેમ ઢોરનાં ચાંદા પર જ બેસે છે, તેમ મનુષ્યની નજર હંમેશાં બીજાના દોષ ઉપર જ પડે છે, તે ખોટું છે.
* મહંમદ પયગંબર એક વ્યક્તિને ખૂબ સમજાવીને મસ્જિદમાં લઈ ગયા. ત્યાં પગથિયા પર એક માણસ સૂતો હતો. પેલાએ પૂછ્યું, 'આ કેમ અંદર નથી આવતો ?' પોતે તો પહેલી જ વાર જતો હતો, પણ તોય તેને બીજાનો દોષ નજરમાં આવ્યો.
* ઊંટ તમામ પ્રાણીઓમાંથી કોનું કયું અંગ વાંકું છે, એની યાદી બનાવવા લાગ્યું. આ જોઈ શિયાળ કહે, 'બીજાના તો એક એક અંગ વાંકા હશે, પરંતુ આપનાં તો અઢારે અંગ વાંકાં છે, એનો વિચાર કરો ને !' એમ આપણે બીજાના દોષ જોવા કરતાં પોતાના દોષોનો વિચાર પહેલાં કરવો જોઈએ.
* અહીં સ્વામી અગત્યનો શબ્દ મૂકે છે - 'દોષ ટાળવાનો આગ્રહ.' દોષ ખબર પડે પછી પણ ટાળવાનો આગ્રહ જરૂરી છે.
* અમેરિકામાં 'કોની મેક' નામના બેઝબોલના કોચ હતા. નેશનલ લેવલે તેમની ટીમ સતત ત્રણ વર્ષ હારી. તેમણે ખેલાડીઓનો દોષ ન લીધો. 'પોતાની જ કંઈક ખામી છે,' એમ કહી તેઓએ ખેલાડીઓને સારી ટ્રેનિંગ કેવી રીતે આપવી, તે માટે એક વર્ષ સુધી અભ્યાસ કર્યો અને જુનિયર લેવલના ખેલાડીઓની ટીમ સાથે રહી અનુભવ મેળવ્યો. અને ફરીથી પાછા નેશનલ લેવલની ટીમના કોચ બન્યા અને ખેલાડીઓને સફળતા અપાવી. તે વખતે તેમની ટીમે વિશ્વની શ્રેષ્ઠ ટીમ તરીકે નામના મેળવી હતી.

બીજાના દોષ જોવાને બદલે પોતાના દોષ-ખામી

જોઈને તેને સુધારવા પ્રયત્ન કરીએ તો જ પ્રગતિ થાય.

❋ દુર્વાસાને પોતાના ક્રોધી સ્વભાવની ખબર હતી ખરી, પણ તેને ટાળવાનો આગ્રહ કેટલો હતો ? સહેજ પણ નહિ. તો તેમનો ક્રોધી સ્વભાવ સુધર્યો નહિ.

❋ નિષ્કુળાનંદ સ્વામીને લીલાં મરચાં ખાવાનો સંકલ્પ થયો, તો એમણે એક સાથે એટલાં બધાં મરચાં ખાધાં કે ઝાડા-ઊલટી થઈ ગયાં. મરચાંનો જિંદગીભરનો અભાવ આવી ગયો. આને કહેવાય સ્વભાવ ટાળવાનો ખટકો.

❋ હોથિયા પટગરનો સ્વભાવ જબરજસ્ત ક્રોધી હતો, પણ શ્રીજીમહારાજના સંગે 'નિર્માનાનંદ સ્વામી' બન્યા. તે પછી, 'મારું નામ નિર્માનાનંદ મારાથી ક્રોધ ન થાય.' એવા વિચારથી તે લોકોનાં અનેક માન-અપમાન સહન કરતા.

❋ શ્રીજીમહારાજ કહે છે, 'પોતામાં કોઈ સ્વભાવ હોય ને તેને સંતનો સમાગમ કરીને સમજી વિચારીને ટાળે તો તે સ્વભાવનો નાશ થઈ જાય.' (**વચનામૃત સારંગપુર-૧૮**) એટલે કે સ્વભાવ ટાળવાનો ખટકો જોઈએ.

❋ અમદાવાદના પાટીદાર દામોદરભાઈ શ્રીજીમહારાજના અનન્ય આશ્રિત હતા. એક પ્રસંગે એક સાધુએ કાંઈક અણસમજથી તેમને ધોલ મારી દીધી. મહારાજને આ વાતની જાણ થતાં તેમણે તે સાધુને ઠપકો આપવા બોલાવ્યા. ભક્તરાજ દામોદરભાઈએ શ્રીહરિને પ્રાર્થના કરતાં કહ્યું, ''મહારાજ, સંતો તો અમારાં મા-બાપ છે. તે છોકરા ભૂલ કરે તો મા-બાપ કો'ક દી' મારે પણ ખરા. આપ જો આમ સંતને ઠપકો દેશો તો અમારા દોષો કોણ બતાવશે અને દોષ કેવી રીતે ટળશે?'' દામોદરભાઈની આવી સમજણથી મહારાજ તેમના પર ખૂબ રાજી થયા.

❋ પવિત્રાનંદ સ્વામી વડીલ સંત હતા, સદ્ગુરુ હતા. પણ આણંદમાં એક નાના સંતે તેમનું અપમાન કર્યું, તેથી પવિત્રાનંદ સ્વામી મૂંઝાયા પણ તે સંતનો દોષ લેવાને બદલે પવિત્રાનંદ સ્વામીએ ભગતજી મહારાજ પાસે જઈ વચનામૃતની કથા સાંભળી. પંચાળા-૩ પ્રમાણે માન ટાળવાની વાતો ભગતજીએ કરી અને પવિત્રાનંદ સ્વામીને શાંતિ થઈ.

અપમાન કરનારાએ તો અપમાન કર્યું, પણ મને અપમાન લાગી ગયું એ મારો દોષ છે ! આવા વિચારથી પવિત્રાનંદ સ્વામીએ પોતાનો દોષ ટાળવા આગ્રહ રાખ્યો અને કથાવાર્તા સાંભળી તો તેમને શાંતિ થઈ.

❋ આમ, બીજાના દોષ જોવાને બદલે પોતે પોતાના દોષ ટાળવા માટે ખટકો રાખીને પુરુષાર્થ કરે તો કસર ટળે !

● **સમાપન :**

❋ ધૃતરાષ્ટ્રના દીકરા દુર્યોધને યુધિષ્ઠિરની બધી જ સંપત્તિ પડાવી લીધી હતી. વનવાસ પૂરો થયા પછી પણ તે રાજ્ય પાછું આપવાની ના પાડતો હતો. ત્યારે ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને સંદેશો મોકલ્યો કે 'હે યુધિષ્ઠિર ! ધનની લાલસાથી મનુષ્યનો નાશ થાય છે. તમારે ધનની કે રાજ્યની લાલસા ન રાખવી. વનમાં જઈ તપસ્વીની જેમ તમે અત્યાર સુધી રહ્યા છો, તો આજીવન વનમાં જ રહીને સુખી રહેવું જોઈએ. તમારા પિતા પાંડુ પણ ભલા અને સંતોષી વૃત્તિવાળા હતા. તમે યુદ્ધ કરી રાજ્ય લેવાનો વિચાર કરો છો, તે તમારે માટે શોભાસ્પદ નથી.' પોતે અને પોતાના દીકરાએ પારકી સંપત્તિ પચાવી પાડી છે, એનો વિચાર ધૃતરાષ્ટ્રને નથી આવતો અને બીજાને લોભી કહી તેને સમજાવે છે.

આવી વૃત્તિને લીધે જ ધૃતરાષ્ટ્ર કે દુર્યોધનને ક્યારેય સુખ ને શાંતિ મળ્યાં નહોતાં કે તેઓમાં સુધારો થયો નહોતો અને તેમનો વિનાશ થયો હતો. આપણે આવી ધૃતરાષ્ટ્ર વૃત્તિથી બચીએ અને આપણી કસર ટાળી સુખિયા થઈ શકીએ તેવી પ્રાર્થના....

❀ ❀ ❀

સ્વામીની વાત : ૧ પ્રકરણ : ૨ વાત : ૬૧

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે.....

જેવો બીજાને સમજાવવાનો આગ્રહ છે, એવો પોતાને સમજવાનો હોય ને જેવો બીજાનું જોવાનો આગ્રહ છે તેવો પોતાના દોષ ટાળવાનો હોય તો કાંઈ કસર રહે જ નહિ.

મોટેરા દુકાને ગયા, વધારાની ઘડિયાળ પાછી આપી ત્યારે આવી પ્રમાણિકતાથી અવાચક બની ગયેલા લોકોની આંખોમાં આંસુ આવી ગયાં.

❊ સ્વામીબાપાના ચરણે કેટલાંય દંપતિઓએ પોતાના ભણેલ-ગણેલ, વ્હાલસોયા, એકના એક, કે બન્ને સુપુત્રોને ત્યાગી થવા અર્પણ કરી દીધા છે. આ એમના શ્રીજીમહારાજ અર્પિત દિવ્ય ઐશ્વર્યને કારણે શક્ય બન્યું છે.

❀ સ્વામીની વાતનું નિરૂપણ :

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં કસર ટાળવાનો ઉપાય બતાવે છે.

❊ કસર એટલે દોષ, સ્વભાવ, પ્રકૃતિ, વાસના.

❊ અક્ષરધામમાં મહારાજની સેવામાં રહેવું હોય તો અક્ષરરૂપ થવું પડે, અને અક્ષરરૂપ થવા કસર ટાળવી પડે. માટે આ વાત પાયાની છે.

❀ બીજાને સમજાવવાનો આગ્રહ :

❊ નિષ્કુળાનંદ સ્વામીએ 'ચોસઠ પદી'માં લખ્યું છે:

પરને કહેવા પ્રવીણ છું પૂરો, પોતાનું તો તું ન પેખે રે;
સામાને શીખ દેવામાં છું શૂરો, નિજ દોષને નવ દેખે રે.

❊ એક હરિભક્તના દીકરાને સાધુ થવાની રજા આપવા યોગીજી મહારાજે ઘણીવાર કહેલું, પણ તેમણે માનેલું નહિ. એક વખત તેમણે યોગીજી મહારાજની હાજરીમાં મુંબઈમાં સત્સંગ સભામાં સુંદર વાતો કરી. આ સાંભળી એક હરિભક્ત બોલ્યા, 'આમની વાતને હું ટેકો આપું છું.' તુરત જ યોગીજી મહારાજે કહ્યું, 'ટેકો આપવો છે, પણ બેટો નથી આપવો.' સહુ હસી પડ્યા.

❊ યોગીજી મહારાજ એક બોધકથા કહેતા. એક ગામમાં મિયાંજી રહે. ગામમાં કોઈ મરણ પામે તો તેને સમજાવે કે - 'જગત નાશવંત છે. જન્મે તેનું મૃત્યુ નિશ્ચિત છે.' એક દિવસ તેઓ ઘેર રડતાં બેઠેલા. કોઈકે પૂછ્યું, 'કેમ રડો છો ?' તો મિયાંજી કહે, 'મારી બકરી મરી ગઈ.' મિયાંજીને જેવો બીજાને સમજાવવાનો આગ્રહ હતો એવો પોતાને સમજવાનો હતો નહિ !

❊ સ્વામી આપણને આ વાત કરી અંતર્દષ્ટિ કરાવે છે. જેમ રોગ આપણને થયો હોય, અને ગોળીનો મહિમા બીજાને કહીએ તો રોગ ન જાય, પોતે જ ગોળીનો મહિમા સમજી ગળવી પડે - તેમ કસર ટાળવા માટે પોતાને સમજવા રૂપ ઔષધ લેવું પડે.

❀ પોતે સમજવાથી થતા ફાયદા :

૧. પોતે સમજવાથી સત્સંગમાં ખોટું ન લાગે :

❊ શિવલાલ શેઠ કથામાં બેઠાં બેઠાં સોપારી ચાવતા હતા. તેઓ ખૂબ જ પૈસાપાત્ર, પ્રતિષ્ઠિત અને સેવાભાવી મોટેરા હરિભક્ત હતા, એટલે તેમને

કહેવાની કોઈ હિંમત ન કરે. પરંતુ આત્માનંદ સ્વામીએ ભરસભામાં જાહેરમાં તેમને ટોક્યા કે, 'સભામાં હાડકું કોણ ચાવે છે ?' એટલે કે, તેમની કૂતરા સાથે સરખામણી કરી, તો પણ શિવલાલ શેઠે સવળું જ લીધું. તેઓ ઊભા થઈને સોપારી થૂંકી આવ્યા અને ફરી કદી ન ખાવાનો નિયમ લઈ લીધો.

૨. સત્સંગની ગરજ રહે :

* જૂનાગઢના સદ્‌ગુરુ યોગેશ્વરદાસ સ્વામીને એક જ વખત જમવાનો નિયમ હતો. એક વખત સાંજે એમના હેતવાળા હરિભક્તો બહારગામથી આવ્યા અને એમની પ્રસાદી મળે એ હેતુથી એમને ફરી વખત સાંજે જમવા બેસવાનો ખૂબ આગ્રહ કર્યો. સ્વામી ભંડારમાં પત્તર લઈ જમવા બેઠા, ત્યારે ભંડારી સાધુએ એમનું પત્તર આંચકી લીધું અને જાહેરમાં ઠપકો આપવા લાગ્યા કે, 'બીજી વખત કેમ પત્તર પલાળો છો ?' સ્વામીને તો જમવાની કોઈ જ આસક્તિ ન હતી, છતાં આવો આક્ષેપ કર્યો, તે એમણે સહન કરી લીધો અને જમ્યા સિવાય ઊભા થઈ ગયા. ઉપરાંતમાં એવો ગુણ લીધો કે, 'સારું થયું. મારો નિયમ સચવાયો.'
* સમૈયા-ઉત્સવ પ્રસંગે આપણને શિસ્ત અને વ્યવસ્થા ખાતર અમુક જગ્યાએ જવા દેવામાં ન આવે, અમુક ઠેકાણે બેસવા દેવામાં ન આવે, વિગેરે પ્રસંગોમાં આપણે પોતે સમજી લઈએ તો ખોટું ન લાગે, અને સમૈયો છોડીને જતા રહેવાનું મન થાય નહિ.

૩. ભીડો સહન થાય :

* પરમહંસોને અપાર શારીરિક અને માનસિક કષ્ટો પડ્યાં તો પણ ડગ્યા નહિ.
* યોગીજી મહારાજ કહેતા - 'આપણે જ્યાં-ત્યાં, જેમ-તેમ, જેવું-તેવું ચલાવી લેતાં શીખવું.' આવી સમજણ કેળવી હોય તો મોટા સમૂહમાં આપણી કોઈક સગવડ ન સચવાય તો પણ વાંધો આવે નહિ.

❀ પોતાના દોષ ટાળવાનો આગ્રહ રાખવો જોઈએ :

* મનુષ્યની નજર હંમેશા બીજાના દોષ ઉપર જ પડે છે, તે ખોટું છે.
- કાગડો જેમ ચાંદા પર જ બેસે છે.
- ઊંટ તમામ પ્રાણીઓમાંથી કોનું કયું અંગ વાંકું છે એની યાદી બનાવવા લાગ્યું. આ જોઈ શિયાળ કહે, 'બીજાના તો એક એક અંગ વાંકાં હશે, પરંતુ આપના તો અઢારે અંગ વાંકાં છે, એનો વિચાર કરો ને ?' એમ આપણે બીજાના દોષ જોવા કરતાં પોતાના દોષોનો વિચાર પહેલાં કરવો જોઈએ.
* મહંમદ પયગંબર એક વ્યક્તિને ખૂબ સમજાવીને મસ્જિદમાં લઈ ગયા. ત્યાં પગથિયા પર એક માણસ સૂતો હતો. પેલાએ પૂછ્યું, 'આ કેમ અંદર નથી આવતો ?' પોતે તો પહેલી જ વાર જતો હતો પણ તોય તેને બીજાનો દોષ નજરમાં આવ્યો.
* અહીં સ્વામી અગત્યનો શબ્દ મૂકે છે - 'દોષ ટાળવાનો આગ્રહ.' દોષ ખબર પડે પછી પણ ટાળવાનો આગ્રહ જરૂરી છે.
* દુર્વાસાને પોતાના ક્રોધી સ્વભાવની ખબર હતી ખરી, પણ તેને ટાળવાનો આગ્રહ કેટલો હતો ? સહેજ પણ નહિ. તો તેમનો ક્રોધી સ્વભાવ સુધર્યો નહિ.

❀ દોષ ટાળવા માટે શું કરવું જોઈએ ?

૧. પોતામાં કોઈ સ્વભાવ હોય ને તેને સંતનો સમાગમ કરીને સમજી વિચારીને ટાળે તો તે સ્વભાવનો નાશ થઈ જાય. (વચ.સારંગ.૧૮) એટલે કે **સ્વભાવ ટાળવાનો ખટકો** જોઈએ.

* નિષ્કુળાનંદ સ્વામીને લીલાં મરચાં ખાવાનો સંકલ્પ થયો, તો એમણે એક સાથે એટલાં બધાં

મરચાં ખાધાં કે ઝાડા-ઉલટી થઈ ગયાં. મરચાંનો જીંદગીભરનો અભાવ આવી ગયો. આને કહેવાય સ્વભાવ ટાળવાનો ખટકો.

❋ હોથિયા પટગરનો જબરજસ્ત ક્રોધી સ્વભાવ હતો, પણ મહારાજના સંગે સ્વભાવ ટાળી 'નિર્માનાનંદ સ્વામી' બન્યા. તે પછી લોકોના અનેક માન-અપમાન સહન કરતા.

૨. સ્વભાવને વિષે શત્રુપણું રાખવું તો દોષ ટળે.

❋ આત્માનંદ સ્વામી દરરોજ પોતાના મનને ઠપકો આપતા કે, 'હે મન, તેં અનંત જન્મો સુધી તારું ધાર્યું જ કર્યું છે એટલે મને ખૂબ ખોટ ગઈ છે. એટલે આ જન્મે તારું ધાર્યું કરવું જ નથી.' અને એ વિચાર પ્રમાણે જ તેઓ મનમાં જેનો સંકલ્પ થાય, એ પદાર્થ ભોગવવાથી દૂર રહેતા.

૩. વચ.ગ.મ.૭માં શ્રીજીમહારાજે સ્વભાવ ટાળવાનો સુંદર ઉપાય બતાવ્યો છે કે - ભગવાન અને મોટા સંતની **અતિશય સેવા** કરે અને **આજ્ઞા**માં જેમ કહે તેમ મંડ્યો રહે, તો તેની ઉપર કૃપાદૃષ્ટિ થાય અને તેના દોષો ટળી જાય. પણ એ માટે અતિશય સેવા કરવાનો અને આજ્ઞા પાળવાનો આગ્રહ તો સાધકે પોતે જ રાખવો પડે.

- ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી એક સાધુ પૂળા ગોઠવવામાં સ્વામીને મદદ કરવા લાગ્યા. જેટલી વાર પૂળા લે એટલી વાર સ્વામીની દૃષ્ટિ એમના પર પડે. આ આજ્ઞાધારી સાધુ ઉપર સ્વામીની દૃષ્ટિ પડી ને નિર્વિકારી થઈ ગયા.
- વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજ એવા સંત છે. જો આપણો દોષ ટાળવાનો આગ્રહ હશે, તો તેઓ જરૂર કૃપા કરશે.
- તળાજાના રિસુભા વાળા સ્વામીશ્રીની કૃપાથી દોષમુક્ત થયા.

❀ ઉપસંહાર :

❋ જો કસર નહિ ટળે તો સત્સંગનું સુખ નહિ આવે. આંખમાં કણું પડ્યું હોય, કે બૂટમાં કાંકરી પેસી ગઈ હોય, તો ય સુખ નથી આવતું, તેમ અવગુણ જોવારૂપ કસર હશે, ત્યાં સુધી સુખ આવવાનું નથી.

માટે, આ વાત પ્રમાણે જેટલી અંતર્દષ્ટિ કરીશું, તેટલું સુખ થશે. ◆

૩. સ્વામીની વાત : પ્રકરણ : ૨, વાત : ૭૯

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

બે પ્રકારના માણસ મંદિરમાં ને મંડળમાં છે, તેમાં એક તો પોતે જ રહ્યો હોય ને એકને તો રાખવો પડે એવો હોય; તે બેમાં પોતાનું તપાસવું.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

● **મધ્યવર્તી વિચાર :**

❊ આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામીએ અવલોકન કર્યું છે કે સત્સંગમાં બે પ્રકારના માણસો છે.

(૧) સત્સંગમાં સાચવવા પડે તેવા.

(૨) સત્સંગમાં સાચવવા ન પડે તેવા.

આ બેમાં આપણે ક્યાં છીએ, તેનો તપાસ કરવાનું ગુણાતીતાનંદ સ્વામી કહે છે.

● **સત્સંગમાં રાખવા પડે તે કેવા હોય ?**

૧)અપેક્ષા પૂરી ન થાય તો ખોટું લાગી જાય :

❊ જેમની અપેક્ષા પૂરી ન થાય તો ખોટું લાગે કે અભાવ આવે અને તેમનું મન સત્સંગમાંથી પાછું પડી જાય.

જેમ કે,

- ઉત્સવ-સમૈયામાં સભામાં આગળ બેસવા ન મળે.
- કોઈ મંદિરમાં કે સમૈયામાં ઉતારો ન મળે અથવા પોતાની અપેક્ષા મુજબ સગવડ ન મળે.
- સંસ્થાની શાળા કે છાત્રાલયોમાં ભલામણ કરવા છતાં એડમિશન ન મળે.
- સ્વામીશ્રીની વ્યક્તિગત મુલાકાત-દર્શનનો લાભ ન મળે. આવા સંજોગોમાં સત્સંગમાં મોળપ આવી જાય.

❊ સુરતમાં એક હરિભક્તને ત્યાં પ્રમુખસ્વામી મહારાજની પધરામણી ન થઈ તો ખોટું લાગ્યું, ઘણું સમજાવ્યા છતાં સત્સંગ મૂકી જ દીધો.

❊ મહેમદાવાદ પાસેના એક ગામના સત્સંગીની ભલામણથી ગામના બાળકને સંસ્થાની શાળામાં એડમિશન ન મળ્યું તો ખોટું લાગી ગયું. સત્સંગ સભામાં જવાનું, સંતોની પધરામણી કરાવવાની વગેરે બંધ કરી દીધું. શરૂઆતમાં પૂજા કરતા હતા, પછી એ પણ બંધ થઈ ગઈ.

૨)માન-સન્માન ન મળે ત્યારે ખોટું લાગી જાય :

❊ અલૈયા ખાચરે ૨૦૦૦ વ્યક્તિઓને સત્સંગ કરાવેલો, પણ તેમને માનની ભૂખ રહ્યા કરતી. શ્રીજીમહારાજથી આ વાત અજાણી નહોતી. મહારાજ અલૈયાને સપ્તર્ષિ જેવા કહી માન આપતા. છતાં અલૈયાને સંતોષ નહોતો થતો. એક પ્રસંગે મુક્તાનંદ સ્વામીએ અલૈયાનું ધ્યાન દોર્યું કે 'તમને તો મહારાજ સપ્તર્ષિ કહી માન આપે છે છતાં મહારાજ સાથે કેમ માન રાખો છો ?'

ત્યારે અલૈયાએ વરાળ કાઢી કે 'મહારાજને મારી ગણતરી નથી, મને તેમણે બરોબર ઓળખ્યો નથી. મને સપ્તર્ષિમાં ગણ્યો ખરો પણ ત્રીજો ! દાદાખાચર પહેલા, સુરાખાચર બીજા. તે બંને તો ગૃહસ્થ છે અને હું બ્રહ્મચર્ય પાળવા છતાં ત્રીજો ?'

શ્રીજીમહારાજ આ વાત સાંભળી ગયા. તરત મહારાજે કહ્યું 'અલૈયા ! તમારી તોલે તો કોઈ આવે નહીં.' અલૈયાખાચરને આ રીતે મહારાજે સાચવવા પડતા.

આમ, જે હરિભક્તો અપેક્ષા સાથે સત્સંગ કરે છે, તે કાચના વાસણ જેવા છે. તેમને સાચવવા પડે છે.

૩)ટકોર સહન ન થાય ને માઠું લાગી જાય :

❊ સત્સંગના વ્યાપ અને બદલાતા સમાજને અનુરૂપ સત્સંગમાં, મંદિરોમાં કે મંડળોમાં અમુક પ્રકારની વ્યવસ્થા અને શિસ્ત જરૂરી છે. તેના પાલન માટે ક્યારેક કોઈને ટકોર કરવામાં આવે ત્યારે

ખોટું લાગી જાય. ક્યારેક અજાણતાં સ્વભાવવશ કોઈકને કહેવાઈ જાય ત્યારે ખોટું લાગી જાય.

❊ એક મંડળમાં નવા કાર્યકરે ઓળખાણ ન હોવાથી એક વડીલ સત્સંગીને વ્યવસ્થા પ્રમાણે બેસવાનું કહ્યું. પેલા વડીલને ખોટું લાગી ગયું. સભામાં આવવાનું બંધ કરી દીધું. કાર્યકરે માફી માગી, સંતોએ ઘણું સમજાવ્યા ત્યારે માંડ સભામાં આવતા થયા.

◎ અમદાવાદમાં એક વખત પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ એક કાર્યક્રમ રજૂ થયો. તેમાં સંવાદ દ્વારા કાર્યકરો અને હરિભક્તોના પ્રશ્નો રજૂ થયા. કાર્યકરોનો પ્રશ્ન હતો, 'અમે આટલો પુરુષાર્થ કરી આયોજન-વ્યવસ્થા કરીએ, પણ હરિભક્તો વ્યવસ્થામાં સહકાર આપતા નથી !' અને હરિભક્તોનો પ્રશ્ન હતો, ''અમે ઘણાં વર્ષોથી સત્સંગ કરીએ છીએ, અમેય આયોજનો કર્યાં છે, પણ આ આજકાલના નવા આવેલા સમજ્યા વિના અમને કહે : 'અહીંયાં ગાડી ન મૂકો, અહીં ન બેસો, અહીં લાઇનમાં ઊભા રહો.' એવું કેમ ચાલે ?'' આ પ્રશ્નો સાંભળી આશીર્વાદ દરમ્યાન સ્વામીબાપાએ કહેલું, 'હરિભક્તોએ હવેના સમય પ્રમાણેની વ્યવસ્થા જાળવવામાં સહકાર આપવો જોઈએ અને કાર્યકરોએ પણ જૂના-વડીલ હરિભક્તોને ઓળખી તેમનાં ભોગ-સમર્પણ સામે જોઈ મહિમાથી તેમને સાચવવા જોઈએ.'

આમ, મોટાપુરુષ કૃપા કરી આપણને સાચવી લે છે, પરંતુ આપણને સાચવવા ન પડે તેવી સમજણ તો આપણે કરવી જ જોઈએ.

● **સત્સંગમાં પોતાની મેળે રહ્યા હોય તેની સમજણ :**

❊ સત્સંગમાં પોતાની મેળે રહેવાય અને સાચવવા ન પડે તે માટે કેવી સમજણ દૃઢ કરવી જોઈએ ?

સન ૨૦૦૫માં ગઢડામાં એક પ્રસંગે પ્રમુખસ્વામી મહારાજે સત્સંગમાં ટકી રહેવાય તેવી બે સમજણ આપી હતી.

(૧) મહિમા હોય તો ખોટું ન લાગે.

(૨) જો મોક્ષ મેળવવો છે, એ ધ્યેય સ્પષ્ટ હોય તો ખોટું ન લાગે અને સત્સંગ છોડી ન દેવાય.

૧) મહિમાનો વિચાર :

❊ ગુણાતીતાનંદ સ્વામીએ ૩/૪૨મી વાતમાં કહ્યું છે, 'જો સાધુમાં જીવ બંધાણો હોય તો સત્સંગમાંથી પડાય નહીં.'

મહિમા સમજી સત્પુરુષ સાથે જીવ જડી દીધો હોય, તો ક્યારેય સત્સંગમાંથી પાછા પડવાનો વારો ન આવે.

❊ પ્રેમાનંદ સ્વામી મહારાજ સાથે દૃઢ પ્રીતિ સાથે જોડાયા હતા, પણ તેમની એ પ્રીતિમાં સમજણ પણ જોડાયેલી હતી. તેઓ એક પદમાં જણાવે છે,

સમજી વિચારી પ્યારે તોસું જોરી,
કાહુંકી તોરાઈ ન છૂટે રે.

મહિમા સમજીને મહારાજ સાથે પ્રીત કરી છે. હવે કોઈ પણ સંજોગોમાં તે તૂટે તેમ નથી.

◎ પ્રેમાનંદ સ્વામીને મહારાજ સંતોની પંગતમાં જમવા ન બેસવા દેતા અને દૂર જુદા બેસાડતા, તોપણ તેમને ક્યારેય ખોટું લાગ્યું નથી.

❊ આવું જ દૃઢ જોડાણ નિર્ગુણ સ્વામીનું શાસ્ત્રીજી મહારાજ સાથે હતું.

એકવાર નિર્ગુણ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજ પાસે પહેરવા નવું ધોતિયું માંગ્યું. પરંતુ શાસ્ત્રીજી મહારાજે ન આપ્યું અને જૂનું ફાટેલું હતું તેનાથી ચલાવવાનું કહ્યું. બીજે જ દિવસે એક સંન્યાસી આવ્યા. તેમને શાસ્ત્રીજી મહારાજે નવું નક્કોર ધોતિયું આપ્યું. નિર્ગુણ સ્વામીએ આ જોયું, તોપણ તેમને ખોટું લાગ્યું નહીં.

◎ સારંગપુરમાં નિર્ગુણ સ્વામીનો ઉતારો મેડા ઉપર હતો. તેમને વારે-વારે લઘુ કરવા માટે મેડા ઉપરથી નીચે આવવું પડતું. તેથી તેમને પોતાના ઉતારે મેડા ઉપર લઘુ કરવા માટેની ચોકડી

બનાવવી હતી. પરંતુ શાસ્ત્રીજી મહારાજે ના પાડી તો જરાય ખોટું ન લાગ્યું.

* ૧૦૦ પાનાથી વધુ લાંબા પત્રો લખીને ૧૪ આની સત્સંગ કરાવનાર નિર્ગુણ સ્વામીની આટલી વ્યવસ્થા ન સચવાઈ અને જરૂરિયાત પૂરી ન થઈ, છતાં તેઓનું મન શાસ્ત્રીજી મહારાજથી જરાય જુદું થયું નહીં. કારણ, શાસ્ત્રીજી મહારાજનો મહિમા તેમને જીવમાં હતો.

સત્પુરુષનો આવો મહિમા સમજીને તેઓ સાથે જોડાણ થઈ ગયું હોય તો ક્યારેય સત્સંગ છૂટે નહિ.

૨)ધ્યેયની સ્પષ્ટતા :

* સત્સંગ કરીને શું પામવાનું છે ? તે ધ્યેય સ્પષ્ટ હોય તો સત્સંગમાં કોઈ વિઘ્ન ન નડે.
* **વચનામૃત ગઢડા પ્રથમ-૭૦માં** મહારાજે કહ્યું છે : 'સત્સંગ કરવો તે પોતે પોતાના જીવના કલ્યાણને જ અર્થે જ કરવો પણ કોઈ પદાર્થની ઇચ્છા તો રાખવી જ નહિ.'
* સત્સંગ કે મંદિરમાં આપણે સગવડ કે માન-મોટપ માટે નહિ, પરંતુ મોક્ષ માટે આવ્યા છીએ એવી સ્પષ્ટતા હોય તો યોગીજી મહારાજના સૂત્ર પ્રમાણે 'જ્યાં-ત્યાં, જેમ-તેમ, જેવું-તેવું' ચલાવી લેતાં શિખાય અને સગવડ કે માન-મોટપની અપેક્ષા ન રહે.
* શાસ્ત્રીજી મહારાજના વખતમાં મનુભાઈ સારીંગવાળા આવકનો અર્ધોઅર્ધ ધર્માદો કાઢતા. સેવા માટે આવકનો તથા સમયનો પણ ભોગ આપતા. પરંતુ જ્યારે મંદિરે આવે ત્યારે કેવળ શાસ્ત્રીજી મહારાજનો સમાગમ કરવો છે એ જ અપેક્ષા સાથે આવે. કોઈ સગવડની અપેક્ષા નહીં. સભામંડપમાં ખીંટીએ થેલી લટકાવી દે. પાથરવાનું મળે કે ન મળે, સભામંડપમાં જ સૂઈ જાય. સમયે ભોજનશાળામાં સૌ ભેગા જમી લે, કૂવામાંથી જાતે પાણી સિંચીને નાહી લે.

આમ, તેઓની આવી સમજણને લીધે તેમને ક્યારેય સાચવવા પડતા નહીં.

* સત્પુરુષને રાજી કરીને બ્રહ્મરૂપ થઈ અક્ષરધામમાં જવું છે, એવું નિશાન દૃઢ હોય તો સત્સંગમાં ગમે તેવી અગવડ પડે, તોપણ સત્સંગમાં પોતાની મેળે રહેવાય. સાચવવા ન પડે.
* મધદરિયે વહાણ ચાલતું હોય અને કાગડો વહાણના કૂવાસ્તંભ પર બેઠો હોય ત્યારે ખલાસીઓ પથરા મારે, ઉડાડે તેમ છતાં કાગડો સહેજ ઊડી પાછો વહાણ પર જ આવે. કારણ, ચારેબાજુ સમુદ્ર છે. વહાણ સિવાય સમુદ્ર પાર કરવાનો કોઈ આધાર નથી.

એ જ રીતે મહંત સ્વામી મહારાજના સત્સંગરૂપી વહાણમાં આપણે બેઠા છીએ. ભવસાગર પાર કરવા તેના સિવાય બીજો કોઈ આધાર જ નથી.

આવી દૃઢતા હોય તો વહાણના અન્ય ખલાસીઓ દ્વારા ગમે તેટલા પથરા વાગ્યે, વહાણમાં ગમે તેવી અગવડ પડે, તેમ છતાં વહાણ છોડી દેવાનો વિચાર ન આવે.

કારણ કે...

નાવકે કાગકી ગતિ ભઈ મેરી,
જહાં દેખું તહાં જલનિધિ ખારા
મોહે તો તુમ પ્રભુ એક આધારા.

* મહારાજે **વચનામૃત ગઢડા મધ્ય-૨૧માં** કહ્યું છે તેમ, આ વાત આજે સમજાય કે લાખ વર્ષ કેડે સમજાય, પરંતુ પ્રત્યક્ષ સંત એટલે કે મહંત સ્વામી મહારાજ વિના કલ્યાણના દાતા કોઈ જ નથી.

આવો મુદ્દો દૃઢ થઈ ગયો હોય તો સત્સંગમાં આપણને સાચવવા ન પડે. આપણે આપણી મેળે જ સત્સંગમાં રહીએ તેવા થઈ જઈએ.

આમ, આ બંને પ્રકારની સમજણ દૃઢ કરીને આપણે છેવટના શ્વાસ સુધી સત્સંગમાં રહી શકીએ, તેવી મહારાજ-સ્વામીનાં ચરણોમાં પ્રાર્થના...

૪. સ્વામીની વાત : પ્રકરણ : ૨, વાત : ૮૦

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે :

બે પ્રકારના માણસ મંદિરમાં ને મંડળમાં છે, તેમાં એક તો પોતે જ રહ્યો હોય ને એકને તો રાખવો પડે એવો હોય; તે બેમાં પોતાનું તપાસવું.

- **મધ્યવર્તી વિચાર :**

❊ આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામીએ અવલોકન કર્યું છે કે સત્સંગમાં બે પ્રકારના માણસો છે.

(૧) સત્સંગમાં સાચવવા પડે તેવા.

(૨) સત્સંગમાં સાચવવા ન પડે તેવા.

આ બેમાં આપણે ક્યાં છીએ, તેનો તપાસ કરવાનું ગુણાતીતાનંદ સ્વામી કહે છે.

- **સત્સંગમાં રાખવા પડે તે કેવા હોય ?**

૧) અપેક્ષા પૂરી ન થાય તો ખોટું લાગી જાય :

❊ જેમની અપેક્ષા પૂરી ન થાય તો ખોટું લાગે કે અભાવ આવે અને તેમનું મન સત્સંગમાંથી પાછું પડી જાય. જેમકે,

- ઉત્સવ-સમૈયામાં સભામાં આગળ બેસવા ન મળે.
- કોઈ મંદિરમાં કે સમૈયામાં ઉતારો ન મળે અથવા

પોતાની અપેક્ષા મુજબ સગવડ ન મળે.
- સંસ્થાની શાળા કે છાત્રાલયોમાં ભલામણ કરવા છતાં એડમિશન ન મળે.
- સ્વામીશ્રીની વ્યક્તિગત મુલાકાત-દર્શનનો લાભ ન મળે.

* સુરતમાં એક હરિભક્તને ત્યાં સ્વામીશ્રીની પધરામણી ન થઈ તો ખોટું લાગ્યું, ઘણું સમજાવ્યા છતાં સત્સંગ મૂકી જ દીધો.
* મહેમદાવાદ પાસેના એક ગામના સત્સંગીની ભલામણથી ગામના બાળકને સંસ્થાની શાળામાં એડમિશન ન મળ્યું તો ખોટું લાગી ગયું. સત્સંગ સભામાં જવાનું, સંતોની પધરામણી કરાવવાની વગેરે બંધ કરી દીધું. શરૂઆતમાં પૂજા કરતા હતા, પછી એ પણ બંધ થઈ ગઈ.
* શાસ્ત્રીજી મહારાજના વખતમાં આણંદના એક સાધન-સંપન્ન હરિભક્ત ગોંડલ સમૈયામાં આવેલા. તેમને પાણી પીવું હતું, પરંતુ સંતો સેવામાં વ્યસ્ત હતા. દૂર એક સંતને બેઠેલા જોઈ તેમણે તેઓની પાસે પાણી માગ્યું. તે સંતે આંગળી ચીંધી પાણીનો નળ બતાવ્યો ! આ હરિભક્તને ખોટું લાગ્યું કે હું મંદિર અને સંતો માટે આટલો ઘસાઉં છું અને મને નળ બતાવી જાતે પાણી પીવાનું કહ્યું ? તેઓ ઘરે જવા તૈયાર થયા. નિર્ગુણ સ્વામીએ તેમને સમજાવ્યું, 'જરા જુઓ તો ખરા ! આ વૃદ્ધ સાધુને પોતાને પાણી પીવું હોય તોય બીજાની મદદ લેવી પડે તેમ છે ! એવી પરિસ્થિતિમાં એ બીજું શું કરી શકે ?'

૨) માન-સન્માન ન મળે ત્યારે ખોટું લાગી જાય :

* અલૈયા ખાચરે ૨૦૦૦ વ્યક્તિઓને સત્સંગ કરાવેલો, પરંતુ તેમનું નામ પ્રથમ નંબરના સત્સંગીમાં ન આવ્યું તો તેમને ખોટું લાગ્યું.
* દીનાનાથ ભટ્ટ વિદ્વાન હતા, છતાં શિક્ષાપત્રીમાં નામ ન આવ્યું તો મહારાજનો અભાવ આવ્યો.
* નિર્વિકલ્પાનંદ સ્વામીને નિત્યાનંદ સ્વામીની હારોહાર બેસવા આસન ન મળ્યું તો ખોટું લાગ્યું અને ત્યાગાશ્રમ છોડી ચાલ્યા ગયા.

આમ, જે સંતો-હરિભક્તો અપેક્ષા સાથે સત્સંગ કરે છે, તે કાચના વાસણ જેવા છે. તેમને સાચવવા પડે છે.

૩) ટકોર સહન ન થાય ને માઠું લાગી જાય :

* સત્સંગના વ્યાપ અને બદલાતા સમાજને અનુરૂપ સત્સંગમાં, મંદિરોમાં કે મંડળોમાં અમુક પ્રકારની વ્યવસ્થા અને શિસ્ત જરૂરી છે. તેના પાલન માટે ક્યારેક કોઈને ટકોર કરવામાં આવે ત્યારે ખોટું લાગી જાય. ક્યારેક અજાણતાં સ્વભાવવશ કોઈકને કહેવાઈ જાય ત્યારે ખોટું લાગી જાય.
* સભામાં પાથરણું ન બગડે તે માટે ગુણાતીતાનંદ સ્વામીએ સભામાં બેસતાં પહેલાં પગ ધોવાની વ્યવસ્થા રાખેલી. ગોખરવાળાના હરખા પટેલ પગ ધોયા વિના બેસવા ગયા, તેથી સ્વામીએ હળવેકથી કહ્યું : 'પટેલ, જરા પગ ધોઈને આવજો.' અને પટેલને એવું તો ખોટું લાગ્યું કે આજ સુધી પગ ધોઈને આવ્યા નથી !
* એક મંડળમાં નવા કાર્યકરે ઓળખાણ ન હોવાથી એક વડીલ સત્સંગીને વ્યવસ્થા પ્રમાણે બેસવાનું કહ્યું. પેલા વડીલને ખોટું લાગી ગયું. સભામાં આવવાનું બંધ કરી દીધું. કાર્યકરે માફી માગી, સંતોએ ઘણું સમજાવ્યા ત્યારે માંડ સભામાં આવતા થયા.
* અમદાવાદમાં એક વખત સ્વામીશ્રી સમક્ષ એક કાર્યક્રમ રજૂ થયો. તેમાં સંવાદ દ્વારા કાર્યકરો અને હરિભક્તોના પ્રશ્નો રજૂ થયા. કાર્યકરોનો પ્રશ્ન હતો, 'અમે આટલો પુરુષાર્થ કરી આયોજન-વ્યવસ્થા કરીએ, પણ હરિભક્તો વ્યવસ્થામાં સહકાર આપતા નથી !' અને હરિભક્તોનો પ્રશ્ન હતો, ''અમે ઘણાં વર્ષોથી સત્સંગ કરીએ છીએ, અમેય આયોજનો કર્યાં છે, પણ આ આજકાલના નવા આવેલા સમજ્યા વિના અમને કહે : 'અહીંયાં ગાડી ન મૂકો, અહીં ન બેસો, અહીં લાઇનમાં ઊભા રહો.' એવું કેમ ચાલે ?'' આ પ્રશ્નો સાંભળી આશીર્વાદ દરમ્યાન સ્વામીશ્રીએ કહેલું, 'હરિભક્તોએ હવેના

સમય પ્રમાણેની વ્યવસ્થા જાળવવામાં સહકાર આપવો જોઈએ અને કાર્યકરોએ પણ જૂના-વડીલ હરિભક્તોને ઓળખી તેમનાં ભોગ-સમર્પણ સામે જોઈ મહિમાથી તેમને સાચવવા જોઈએ.'

આમ, મોટાપુરુષ કૃપા કરી આપણને સાચવી લે છે, પરંતુ આપણને સાચવવા ન પડે તેવી સમજણ તો આપણે કરવી જ જોઈએ.

● **સત્સંગમાં પોતાની મેળે રહ્યા હોય તેની સમજણ :**

❊ સત્સંગમાં પોતાની મેળે રહેવાય અને સાચવવા ન પડે તે માટે કેવી સમજણ દૃઢ કરવી જોઈએ ? તે એક પ્રસંગ દ્વારા જોઈએ.

❊ ૨૦૦૫માં ગઢડામાં સ્વામીશ્રી પાસે સંતો એક હરિભક્તને લઈને આવ્યા. સંતોએ કહ્યું : 'આપ જ્યારે આ હરિભક્તના વિસ્તારમાં પધારેલા, ત્યારે એમને અને એમના પુત્રને આપનાં દર્શને આવતાં અટકાવેલા. ત્યારથી ખોટું લાગી ગયું છે.' સ્વામીશ્રીએ આ વાત સાંભળી બેઉને સમજણ આપતાં કહ્યું : "રાષ્ટ્રપતિ આપણા ગામમાં આવ્યા હોય ને એ વખતે માઇલ-માઇલ લાંબી લાઇન હોય. એ વખતે જો એની સભામાં આપણે ગયા હોઇએ તોપણ કેફ ચડી જાય કે રાષ્ટ્રપતિની સભામાં હું ગયેલો ને એમને મેં જોયા ! અહોહો... શું સભા હતી ! ત્યાં ખોટું નથી લાગતું, કારણ કે એમનો મહિમા છે. એમ, જો સત્પુરુષનો મહિમા હોય તો આવું કંઈ થાય તો ખોટું ન લાગે. એ તો ઠીક છે પણ ગાંધીનગર કામ હોય ને ત્યાં પટાવાળો રોકી રાખીને કહે કે 'આવતી કાલે આવજો...' તો પરાણે એમ કરવું પડે. તો અહીં તો મોક્ષના કામ માટે આપણે આવીએ છીએ. ક્યારેક સંતો-કાર્યકરો ના પાડે પણ એમનો આશય એવો ન હોય. વળી, ક્યારેક એવા કામપ્રસંગ ચાલતા હોય અથવા તો આરામમાં ગયા હોઈએ ને ના પાડે તો એ આપણે સમજવું જોઇએ."

આ વાતમાં સ્વામીશ્રી સત્સંગમાં ટકી રહેવાય તેવી બે સમજણ આપે છે.

❊ (૧) સત્પુરુષ-સત્સંગના મહિમાનો વિચાર :

મહિમા હોય તો ખોટું ન લાગે.

(૨) મોક્ષ માટે સત્સંગ કરવો એવી ધ્યેયની સ્પષ્ટતા :

જો મોક્ષ મેળવવો છે, એ ધ્યેય સ્પષ્ટ હોય તો ખોટું ન લાગે અને સત્સંગ છોડી ન દેવાય.

૧) મહિમાનો વિચાર :

❊ ગુણાતીતાનંદ સ્વામીએ ૩/૪૨**મી વાતમાં** કહ્યું છે : 'જો સાધુમાં જીવ બંધાણો હોય તો સત્સંગમાંથી પડાય નહીં.'

મહિમા સમજી સત્પુરુષ સાથે જીવ જડી દીધો હોય, તો ક્યારેય સત્સંગમાંથી પાછા પડવાનો વારો ન આવે.

❊ પ્રેમાનંદ સ્વામીએ પોતાની મહારાજ સાથેની પ્રીતિ કેવી હતી, તે એક કીર્તનમાં જણાવી છે :

પ્યારે તોરી મોરી પ્રીત ન છૂટે રે,
લગી હૈ પ્રીત તોસું શ્યામ સુંદર જૈસે,
હીરો ફોર્યો ન ફૂટે રે.

આવી દૃઢ પ્રીતિનું કારણ તેઓ આગળની કડીમાં કહે છે :

સમજી વિચારી પ્યારે તોસું જોરી,
કાહુંકી તોરાઈ ન છૂટે રે.

મહિમા સમજીને મહારાજ સાથે પ્રીત કરી છે. હવે કોઈ પણ સંજોગોમાં તે તૂટે તેમ નથી.

❊ પ્રેમાનંદ સ્વામીને મહારાજ સંતોની પંગતમાં જમવા ન બેસવા દેતા અને દૂર જુદા બેસાડતા, તોપણ તેમને ક્યારેય ખોટું લાગ્યું નથી.

❊ આવું જ દૃઢ જોડાણ નિર્ગુણ સ્વામીનું શાસ્ત્રીજી મહારાજ સાથે હતું.

❊ એક વાર નિર્ગુણ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજ પાસે પહેરવા નવું ધોતિયું માંગ્યું. પરંતુ શાસ્ત્રીજી મહારાજે ન આપ્યું અને જૂનું ફાટેલું હતું તેનાથી ચલાવવાનું કહ્યું. બીજે જ દિવસે એક વૈરાગી આવ્યો. તેને શાસ્ત્રીજી મહારાજે નવું નક્કોર ધોતિયું આપ્યું. નિર્ગુણ સ્વામીએ આ જોયું, તોપણ તેમને ખોટું

લાગ્યું નહીં.

* બીજા એક પ્રસંગે સારંગપુરમાં નિર્ગુણ સ્વામીએ મેડા ઉપર પોતાના ઉતારે લઘુ કરવા માટેની ચોકડી બનાવવાની શરૂ કરાવી. મોટી ઉંમરને કારણે તેઓને નીચે ઊતરવામાં તકલીફ થતી હતી. પરંતુ શાસ્ત્રીજી મહારાજે ચોકડીનું કામ બંધ કરાવી દીધું. નિર્ગુણ સ્વામીને જરાય ખોટું ન લાગ્યું.
* ૧૦૦ પાનાથી વધુ લાંબા પત્રો લખીને ૧૪ આની સત્સંગ કરાવનાર નિર્ગુણ સ્વામીની આટલી વ્યવસ્થા ન સચવાઈ અને જરૂરિયાત પૂરી ન થઈ, છતાં તેઓનું મન શાસ્ત્રીજી મહારાજથી જરાય જુદું થયું નહીં. કારણ, શાસ્ત્રીજી મહારાજનો મહિમા તેમને જીવમાં હતો.
* તા.૨-૧-૧૯૧૬ના દિવસે બોચાસણથી ભાવનગર કુબેરભાઈને લખેલા પત્રમાં નિર્ગુણ સ્વામીએ લખ્યું છે, 'અમારે તો પ્રથમથી મોટા પુરુષની (ભગતજી મહારાજની) રૂબરૂમાં સહીઓ થઈ ગઈ છે. તે કોટિ કલ્પે (શાસ્ત્રીજી મહારાજનો મહિમા) કાઢવા જઈએ તોપણ નીકળે નહિ, એવો મોટાપુરુષનો મહિમા નજરે દેખેલો છે. (શાસ્ત્રીજી મહારાજનો મહિમા) તે અમારા જીવમાંથી મુસલમાન થઈએ તોપણ કેમ નીકળે ?'

સત્પુરુષનો આવો મહિમા સમજીને તેઓ સાથે જોડાણ થઈ ગયું હોય તો ક્યારેય સત્સંગ છૂટે નહિ.

૨) ધ્યેયની સ્પષ્ટતા :

* સત્સંગ કરીને શું પામવાનું છે ? તે ધ્યેય સ્પષ્ટ હોય તો સત્સંગમાં કોઈ વિઘ્ન ન નડે.
* **વચનામૃત ગઢડા પ્રથમ-૭૦માં** મહારાજે કહ્યું છે : 'સત્સંગ કરવો તે પોતે પોતાના જીવના કલ્યાણને જ અર્થે જ કરવો પણ કોઈ પદાર્થની ઇચ્છા તો રાખવી જ નહિ.'
* સત્સંગ કે મંદિરમાં આપણે સગવડ કે માન- મોટપ માટે નહિ, પરંતુ મોક્ષ માટે આવ્યા છીએ એવી સ્પષ્ટતા હોય તો યોગીજી મહારાજના સૂત્ર પ્રમાણે 'જ્યાં-ત્યાં, જેમ-તેમ, જેવું-તેવું' ચલાવી લેતાં શિખાય અને સગવડ કે માન-મોટપની અપેક્ષા ન રહે.
* શાસ્ત્રીજી મહારાજના વખતમાં મનુભાઈ સારીંગવાળા આવકનો અર્ધોઅર્ધ ધર્માદો કાઢતા. સેવા માટે આવકનો તથા સમયનો પણ ભોગ આપતા. પરંતુ જ્યારે મંદિરે આવે ત્યારે કેવળ શાસ્ત્રીજી મહારાજનો સમાગમ કરવો છે એ જ અપેક્ષા સાથે આવે. કોઈ સગવડની અપેક્ષા નહીં. સભામંડપમાં ખીંટીએ થેલી લટકાવી દે. પાથરવાનું મળે કે ન મળે, સભામંડપમાં જ સૂઈ જાય. સમયે ભોજનશાળામાં સૌ ભેગા જમી લે, કૂવામાંથી જાતે પાણી સિંચીને નાહી લે.

આમ, તેઓની આવી સમજણને લીધે તેમને ક્યારેય સાચવવા પડતા નહીં.

* સત્પુરુષને રાજી કરીને બ્રહ્મરૂપ થઈ અક્ષરધામમાં જવું છે, એવું નિશાન દૃઢ હોય તો સત્સંગમાં ગમે તેવી અગવડ પડે, તોપણ સત્સંગમાં પોતાની મેળે રહેવાય. સાચવવા ન પડે.
* શાસ્ત્રીજી મહારાજની સાથે આવેલા ગોવિંદ ભગત દીક્ષા લઈ નવા સાધુ બનેલા. તેઓનું નામ હરિકૃષ્ણદાસ પાડેલું. એક વાર સારંગપુરમાં સવારે તેઓ કૂવેથી નાહીને પીઠા ખાચરના ઓરડા તરફ આવતા હતા. તેમણે માથે પાણીનાં બેડાં ઊંચક્યાં હતાં. તે જોઈને ઝીંઝરના દરબાર રાણાભાઈએ કહ્યું : 'સાધુરામ ! શું કામ હેરાન થાવ છો ? માથે પાણીનાં માટલાં, પગમાં જોડાં નહિ. આવો મમત શું કામ રાખો છો ? આવી જાઓ અમારા મંદિરમાં, રાજધાની ભોગવવાની છે !' હરિકૃષ્ણદાસે સ્પષ્ટ જવાબ આપી દીધો : 'અમે આ જે કરીએ છીએ તે મહારાજને રાજી કરવા કરીએ છીએ. કલ્યાણ શાસ્ત્રીજી મહારાજ પાસે જ છે. રાજધાની ભોગવવી હોત તો ઘર શું કામ છોડત ?'

ધ્યેય સ્પષ્ટ હતો તો અપાર દુઃખો, કષ્ટો હતાં, છતાં પણ તમામ સંતો શિર સાટે શાસ્ત્રીજી મહારાજ

સાથે જોડાયેલા. તેઓનો મંત્ર હતો,

જે દુઃખ થાય તે થાજો રે, રૂડા સ્વામીને ભજતાં,
જીવ જાયે તો જાજો રે, રૂડા સ્વામીને ભજતાં.

આવી તૈયારી સાથે સૌ સત્સંગમાં જોડાયેલા. તેનું કારણ એ કે તેઓને સમજાઈ ગયેલું કે મોક્ષ તો કેવળ શાસ્ત્રીજી મહારાજ પાસે જ છે.

❈ મધદરિયે વહાણ ચાલતું હોય અને કાગડો વહાણના કૂવાસ્તંભ પર બેઠો હોય ત્યારે ખલાસીઓ પથરા મારે, ઉડાડે તેમ છતાં કાગડો સહેજ ઊડી પાછો વહાણ પર જ આવે. કારણ, ચારેબાજુ સમુદ્ર છે. વહાણ સિવાય સમુદ્ર પાર કરવાનો કોઈ આધાર નથી.

એ જ રીતે પ્રમુખસ્વામી મહારાજના સત્સંગરૂપી વહાણમાં આપણે બેઠા છીએ. ભવસાગર પાર કરવા તેના સિવાય બીજો કોઈ આધાર જ નથી.

આવી દૃઢતા હોય તો વહાણના અન્ય ખલાસીઓ દ્વારા ગમે તેટલા પથરા વાગે, વહાણમાં ગમે તેવી અગવડ પડે, તેમ છતાં વહાણ છોડી દેવાનો વિચાર ન આવે.

કારણ કે...

નાવકે કાગકી ગતિ ભઈ મેરી,
જહાં દેખું તહાં જલનિધિ ખારા
મોહે તો તુમ પ્રભુ એક આધારા.

❈ મહારાજે **વચનામૃત ગઢડા મધ્ય-૨૧માં** કહ્યું છે તેમ, આ વાત આજે સમજાય કે લાખ વર્ષે કેડે સમજાય, પરંતુ પ્રત્યક્ષ સંત એટલે કે પ્રમુખસ્વામી મહારાજ વિના કલ્યાણના દાતા કોઈ જ નથી.

આવો મુદ્દો દૃઢ થઈ ગયો હોય તો સત્સંગમાં આપણને સાચવવા ન પડે. આપણે આપણી મેળે જ સત્સંગમાં રહીએ તેવા થઈ જઈએ.

આમ, આ બંને પ્રકારની સમજણ દૃઢ કરીને આપણે છેવટના શ્વાસ સુધી સત્સંગમાં રહી શકીએ, તેવી મહારાજ-સ્વામીનાં ચરણોમાં પ્રાર્થના...

❀ ❀ ❀

૪. સ્વામીની વાત : પ્રકરણ : ૨, વાત : ૮૨

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

'આ જીવે કરોડ કલ્પ થયાં મનગમતું જ કર્યું છે, તે એટલા કલ્પ પણ કહેવાય તો નહિ. પણ હવે તો આ દેહે કરીને ભગવાનનું ગમતું કરી લેવું.'

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

❊ ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતમાં મનગમતું મૂકી ભગવાનનું ગમતું કરવું તેમ કહ્યું છે. શરૂઆતમાં તેમણે કરોડ કલ્પની વાત કરી છે. એક કલ્પ એટલે ચાર અબજ બત્રીસ કરોડ વર્ષનો સમય. આવા કરોડો કલ્પથી આપણે મનગમતું જ કર્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો અનંત જન્મથી આપણે મનગમતું જ કર્યું છે. પણ ભગવાન અને સંતનું ગમતું કર્યું નથી. એટલે જ આપણે અનંતવાર જન્મ-મરણ લેવા પડ્યા છે.

આપણા મોક્ષમાં વિઘ્નરૂપ થનારા કેટલાક મનના વિચારો કેવા હોય છે ?

- મારે આ જ ક્રિયા અને તે પણ આ જ રીતે કરવી છે.
- હું તો આમ જ માનવાનો, આમ જ સમજવાનો અને આમ જ કરવાનો.
- ક્યારેક ભગવાન અને સંતની રુચિ મુજબ ક્રિયા થાય પણ તેમાંય થોડું પોતાનું ધાર્યું કરી લેવાનો વિચાર રહે. આવા વિચારો વ્યક્તિને આ લોક-પરલોકમાં દુ:ખી કરે છે.

● **મનગમતું કરવાથી દુ:ખ :**

❊ દૂર્યોધનના મનમાં પોતાનું જ ધાર્યું કરી લેવાની વૃત્તિ હતી. પાંડવોને એમના હકનું રાજ્ય પાછું આપી દેવા સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાને સમજાવેલા, તેમ છતાં તેનું મનોવલણ ન જ બદલાયું. પરિણામે મહાભારતના યુદ્ધમાં કૌરવોની સાથે કરોડો લોકોનો કચ્ચરઘાણ નીકળી ગયો.

❊ સં.૧૮૬૯ની સાલમાં ગુજરાતમાં કારમો દુષ્કાળ આવ્યો હતો. [illegible] દુષ્કાળ ઓગણોતેરો કાળના નામથી પણ પ્રચલિત છે. ભક્તોની રક્ષા માટે મહારાજ આગલા વર્ષે ગામોગામ વિચરણ કરી સૌને ચેતવતા હતા કે 'આવતા વર્ષે કપરો કાળ આવશે. માટે પશુ કે અન્ય ચીજ-વસ્તુઓ વેચીને અનાજનો સંગ્રહ કરજો.'

શ્રીજીમહારાજ ઉપલેટા પધાર્યા ત્યારે આ વાત તેમણે વેરાભાઈને જણાવી. વેરાભાઈ સત્સંગી હતા. પણ તેમણે મહારાજને કહ્યું, 'મહારાજ! અમારે ગોંડળના રાજાનું પસાયતું છે. એટલે ઘોડા વેચી નાખવા અમને પાલવે નહીં.' મહારાજે વેરાભાઈને ફરી સમજાવ્યા પણ તેમના ગળે વાત ન ઊતરી.

બીજે વર્ષે મહારાજે કહ્યું તેમ જ થયું. ભયંકર દુષ્કાળ આવ્યો. મનુષ્ય અને પશુ પાણી વિના તરફડવા લાગ્યાં. અનાજના સાંસા પડવા માંડ્યા. વેરાભાઈએ મહારાજની વાત સ્વીકારી નહોતી તેથી તેમની ચીંથરેહાલ પરિસ્થિતિ થઈ. તેઓ મહારાજને પંચાળામાં મળ્યા અને રડતાં રડતાં મહારાજની માફી માંગી 'મહારાજ ! મારો અપરાધ ક્ષમા કરો. મેં અમારા જાતિસ્વભાવના તોરમાં આપની આજ્ઞા પાળી નહીં. એટલે મને દુ:ખ આવ્યું છે.' પછી તો મહારાજે તેમને સાંત્વન આપી ઝીણાભાઈ પાસે મદદ કરાવી. વેરાભાઈને સમજાઈ ગયું કે પોતાના મનનું ગમતું મૂકી ભગવાનના ગમતામાં રહ્યો હોત તો આવું દુ:ખ કદાપિ સહન ન કરવું પડત.

❊ માણાવદરના હંસરાજ પટેલ રાજ્યના મોટા-મોટા કામ કરતા. નવાબ સાહેબના દરબારમાં તેમની ખુરશી પડતી. ગુણાતીતાનંદ સ્વામીએ એક

વખત તેમને કહ્યું, 'પટેલ ! તમે પટલાઈ મૂકી, લોકવહેવાર મૂકી જૂનાગઢ સમાગમ કરવા આવો.' પરંતુ પટેલને મનમાં થયું કે હું રાજ્યના મોટા મોટા કામ કરું, ન ઊકલે તેવી ગૂંચો ઉકેલું ને હું મંદિરમાં જઈ કથા સાંભળું ? સ્વામીનો તો એ ધરમ છે તો ઉપદેશ આપે. આવા વિચાર સાથે તેમણે પોતાનું મનગમતું જ કાર્ય ચાલુ રાખ્યું.

તે અરસામાં બ્રિટિશ સરકારે જુદા જુદા સીમાડા નક્કી કરવાનું વિચાર્યું અને પોલિટિકલ એજન્ટ સાહેબે તે કામ હંસરાજ પટેલને આપ્યું. હંસરાજભાઈએ સીમાડા નક્કી કરી દીધા ને તેના ખૂંટા પણ મારી દીધા. આમાં એક ખેડૂતની આખી જમીન ગઈ. તેને થયું કે હંસરાજે રજવાડાને રાજી કરવા મારી જમીન પડાવી લીધી. આથી એક દિવસ હંસરાજને જમવા બોલાવ્યા ને ભોજનમાં ઝેર આપી દીધું. હંસરાજનું અકાળે મૃત્યુ થયું.

ગુણાતીતાનંદ સ્વામી તો હંસરાજને સુખી કરવા ઇચ્છતા હતા, પણ તેણે મનધાર્યું કરી સામે ચાલી દુઃખ વહોર્યું.

❊ ભગવાનના ભક્ત થઈને મનધાર્યું કરીએ તો તે કનિષ્ઠ ભક્ત કહેવાય છે. ગુણાતીતાનંદ સ્વામીએ ૨/૫૭ની વાતમાં કહ્યું, **'સંત કહે તેમ કરવું તે શ્રેષ્ઠ છે ને મનધાર્યું કરવું તે કનિષ્ઠ છે.'**

◎ બોચાસણમાં યોગીજી મહારાજના સમયમાં ઉત્તમચરણદાસ નામે એક યુવાન સેવાભાવી સંત હતા. તેઓ બોચાસણ મંદિરમાં ગૌશાળાની સેવામાં હતા. એકવાર યોગીજી મહારાજે વિનુભાઈને (મહંત સ્વામી મહારાજને) ઉત્તમચરણ સ્વામીને બોલાવી લાવવા કહ્યું. તેઓ આવ્યા એટલે યોગીબાપાએ તેમને પ્રસાદ આપી કહ્યું, 'ગુરુ, આઠ દિવસ હાલો, આપણી ભેગા. તમને ખૂબ સુખ આપવું છે, વાતો કરવી છે.' ઉત્તમચરણ સ્વામીએ ના પાડી 'સ્વામી, આ ગાયો દોવા ન દે.' યોગીબાપાએ સમજાવ્યા પણ તેઓ ન માન્યા. બીજે દિવસે ફરીથી યોગીબાપાએ તેમને બોલાવી ચાર દિવસ માટે... બે દિવસ માટે... સાથે આવવા કહ્યું. છતાં તેમણે મનધાર્યું ન જ છોડ્યું. ગુરુની મરજી ન સમજી શક્યા. પછી તે જ રાત્રે કોઈની સાથે ઝઘડો થયો ને ત્યાગાશ્રમ છોડી દીધો.

◎ નડિયાદના રામચંદ્ર સુથારને યોગીજી મહારાજે સાધુ થવા પૂછ્યું, 'સાધુ થશો ?' રામચંદ્રભાઈએ હા પાડી. યોગીબાપાએ ત્રણ વાર પાણી મૂકાવી સંકલ્પ કરાવ્યો. બે વર્ષ પછી બાવળામાં મળ્યા ત્યારે યોગીબાપા તેમને કહે, 'તમે સાધુ થાવ તો મંદિરના કોઠારી બનાવું અને તમારી એકોતેર પેઢી તરી જશે.' પણ નોકરીના બહાને તેમણે ના પાડી. પછી બોચાસણમાં રામચંદ્રભાઈ લગ્નના આશીર્વાદ લેવા ગયા ત્યારે યોગીબાપા કહે, 'સંસારમાં પડશો નહીં, બહુ દુઃખ થશે. માટે ભગવાન ભજી લો.' છતાં તેમણે લગ્ન કર્યાં. પરિણામ એ આવ્યું કે પંદર જ દિવસમાં પત્ની નાસી ગઈ. બીજા લગ્નમાં બે વરસમાં છૂટાછેડા લેવા પડ્યા. પોતે દુઃખી થઈ ગયા. પછી તે પસ્તાવા સાથે કહેતા, 'સ્વામીનું વચન પાળ્યું હોત તો તેઓ રાજી થઈ ગયા હોત, પણ આજે ઘાંચીના બળદની જેમ ચક્કર મારીને ત્યાંને ત્યાં જ પડી રહ્યો છું.'

❊ મુક્તાનંદ સ્વામીએ એક પદમાં લખ્યું છે,

'મેલ મન તાણ ગ્રહી વચન ગુરુદેવનું,
સેવ તું રૂપ એ શુદ્ધ સાચું;
મનમત્ત થઈને તું કોટિ સાધન કરે,
સદ્‌ગુરુ શબ્દ વિણ સર્વે કાચું.

મુમુક્ષુમાત્રને ઉપદેશ આપતા મુક્તાનંદ સ્વામી અહીં કહે છે કે મનની તાણ છોડી (મનગમતું મૂકી) ગુરુનું વચન ગ્રહણ કરવું જોઈએ અને ગુરુના સ્વરૂપનું સેવન કરવું જોઈએ. ગુરુના

વચન મુજબ ન વર્તતા બીજા કોટિ સાધન મનગમતા કરીએ તોપણ તેનો કોઈ અર્થ નથી.

❊ ભક્તરાજ દાદાખાચર પર શ્રીજીમહારાજનો અનન્ય રાજીપો હતો. કારણ કે તેઓ હંમેશાં મહારાજના ગમતામાં રહેતા. મહારાજ અનેક પ્રસંગે તેમની કસોટી કરતા, છતાં તેઓ મહારાજની રુચિ મુજબ જ વર્તતા.

કોઈ ઘરમાલિક અતિથિની મરજી મુજબ પોતાનો ઉતારો ફેરવે ખરા ? પણ દાદાખાચરે એક-બે વાર નહીં, પરંતુ છપ્પન વાર મહારાજની મરજી મુજબ ઉતારો ફેરવેલો. એટલું જ નહીં, મહારાજે દાદાખાચરને આખો ગરાસ બહેનોના નામે કરી તેમના ગોલા (સેવક) થવાનું કહ્યું તોપણ વિના સંકોચે તેમણે તે કરી બતાવ્યું.

આમ, મહારાજ દાદાખાચરને જેમ વાળતા તેમ તેઓ વળી જતા.

❊ આપણા ગુરુજનોએ આચરણ દ્વારા આપણને ગુરુ ગમતામાં રહેવાની પ્રેરણા આપી છે.

વરતાલમાં શાસ્ત્રીજી મહારાજના મંડળમાં રામરતનદાસ નામે એક સંત હતા. તેમની પાસે શ્રીજીમહારાજના ચરણારવિંદની છાપ હતી, પણ તે ઝાંખી હતી. તેથી તેમણે શાસ્ત્રીજી મહારાજ પાસેથી બીજા સારાં ચરણારવિંદની છાપ બદલી આપવા વાત કરી. શાસ્ત્રીજી મહારાજે ના કહી. શાસ્ત્રીજી મહારાજ તેમના મંડળના મુખ્ય સંત હોવાથી તેઓ ન આપે તે જ યોગ્ય હતું.

રામરતનદાસે ભગતજી મહારાજ પાસે જઈ શાસ્ત્રીજી મહારાજ પાસેથી ચરણારવિંદની જોડ બદલાવી આપવા કહ્યું. ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને બોલાવી રામરતનદાસ પાસેના ચરણારવિંદ બદલી આપવા કહ્યું. તેઓ રાજી થકા તૈયાર થઈ ગયા. પણ રામરતનદાસે લોભી સ્વભાવને લીધે ચરણારવિંદ બદલાવવાને બદલે બીજી નવી જોડ માંગી. ભગતજી રામરતનદાસના સ્વભાવથી ઉદાસ થયા. પણ શાસ્ત્રીજી મહારાજે ગુરુ ભગતજી મહારાજને પ્રસન્ન કરવા પોતાની સારી ચરણારવિંદની છાપ આપી દીધી.

આમ, ગુરુ મરજીમાં પોતાની મરજી ભેળવી શાસ્ત્રીજી મહારાજે આપણા માટે સાધનાની સાચી રીત શીખવી દીધી.

❊ પ્રમુખસ્વામી મહારાજને બાળપણથી અંગ્રેજી ભાષાનો અભ્યાસ કરવાની ઈચ્છા હતી. શાસ્ત્રીજી મહારાજ તેમને સાધુ કરવા લઈ આવ્યા હતા, અંગ્રેજી ભણવાનું વચન આપીને. પણ દીક્ષાના બીજા જ દિવસથી શાસ્ત્રીજી મહારાજે સ્વામીબાપાને અંગ્રેજીના સ્થાને સંસ્કૃતનો અભ્યાસ શરૂ કરાવી દીધો.

આ જ સંદર્ભમાં પ્રમુખસ્વામી મહારાજને એકવાર પૂછવામાં આવેલું ત્યારે સ્વામીબાપાએ કહેલું, 'ભાષાને વળગી રહીએ તો સ્વામીનો રાજીપો ન થાય.. શાંતિ ન થાય. આપણે સ્વામી કહે એમ કરવાનું. એટલે બીજી પંચાત જ ન થાય.'

પ્રમુખસ્વામી મહારાજે આ રીતે પોતાનું સમગ્ર જીવન ગુરુગમતામાં જ વીતાવ્યું હતું. આ રીતે તેઓ એક આદર્શ ગુરુભક્ત બન્યા હતા.

❊ તા.૭/૧૨/૨૦૧૭ના રોજ મહંત સ્વામી મહારાજે ધોળકામાં વાત કરેલી, 'આપણને ભગવાન ગમે છે, પણ ભગવાનને આપણે ગમીએ છીએ? સરલપણે વર્તે તો ભગવાન સહેજે પાસે આવે, તેમને પ્રીતિ થાય. પોતાનું મનગમતું મૂકીને ભગવાનનું ગમતું કરવું. આ સત્સંગ છે. બીજા ગુણોથી ધીરે ધીરે આગળ વધે પણ આનાથી એકદમ રોકેટ સ્પીડે વધે. એવાં લક્ષણ હોય તો બસ, કામ થઈ જાય.'

આપણે પણ મનગમતું મૂકી ઈષ્ટદેવ અને ગુરુના ગમતાં રહી શકીએ એ જ તેમનાં ચરણોમાં પ્રાર્થના....

૬. સ્વામીની વાત : પ્રકરણ : ૨, વાત : ૮૩

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે :

'આ જીવે કરોડ કલ્પ થયાં મનગમતું જ કર્યું છે, તે એટલા કલ્પ પણ કહેવાય તો નહિ. પણ હવે તો આ દેહે કરીને ભગવાનનું ગમતું કરી લેવું.'

● **મનગમતું કરવું સૌને ગમે છે :**

શું પૂછો છો મુજને, કે હું શું કરું છું,
મને જ્યાં ગમે ત્યાં, હરું છું ફરું છું.

❊ માણસમાત્રની પ્રવૃત્તિ પાછળ આ વૃત્તિ રહેલી છે. કોઈને બંધન કે નિયમન ગમતું નથી. તેમાં પોતાની સ્વતંત્રતા હણાઈ જતી હોય, તેવું સૌને લાગે છે.

❊ સૌને પોતાની મરજીના માલિક થવું ગમે છે.

❊ **હું ચાહે એમ કરું, હું ચાહે તેમ ફરું, મારી મરજી, કોઈ મને રોકે નહિ, કોઈ મને ટોકે નહિ, મારી મરજી.**

❊ આધુનિકતાની હવાની અસરમાં શાસ્ત્રોની મર્યાદા, ધર્મ-નિયમ વગેરે બંધનરૂપ લાગે છે. ઘણી વાર કોઈને કંઠી પહેરવાની વાત કરવામાં આવે તો કહે છે આપણને આ બંધન ન ગમે !

❊ મહારાજના સમયથી સમાજમાં એક લોકોક્તિ પ્રચલિત છે,

શીદને ભળીએ સ્વામિનારાયણમાં, નિત ઊઠીને ના'વું,
ભળીએ નહિ ભફાકિયામાં, નાહ્યા વિના ખાવું.

પરંતુ મર્યાદાને નેવે મૂકીને મનગમતું કરવું તે સ્વતંત્રતા નહિ, સ્વચ્છંદતા છે.

● **ક્યાંક તો મનગમતું મૂકવું પડે છે :**

❊ માણસ સમાજ વચ્ચે રહે છે, તેથી દરેક જગ્યાએ 'મારી મરજી' ન ચાલે. ક્યાંક તો બીજાની મરજી પ્રમાણે ચાલવું જ પડે.

રોડ પર ડાબી બાજુએ જ ગાડી ચલાવાય. ત્યાં 'મારી મરજી'થી અકસ્માત થાય.

ગમે તેટલું મોડું થતું હોય તોપણ સિગ્નલ આગળ ટ્રાફિક પોલીસના ઈશારે ઊભા રહી જવું પડે.

ઑફિસમાં બોસનું નિયમન કે ધંધા-વ્યવસાયમાં રાષ્ટ્રના કાયદાઓ તો પાળવા જ પડે છે.

હવે જો આ લોકનાં બંધન મને-કમને સ્વીકારવાં પડતાં હોય તો પછી ભગવાન અને સંત આપણને જે આજ્ઞા કરે છે, તે તો આપણા હિત માટે છે. તે શાશ્વત કાયદાઓ છે. તો તેનો પણ સ્વીકાર કરવો જોઈએ.

● **મનગમતું કરવાથી દુ:ખ આવે છે :**

❊ જેમ આ લોકમાં કાયદાનો ભંગ કરવાથી મુશ્કેલી ઊભી થાય, તેમ આધ્યાત્મિક માર્ગમાં શાશ્વત નિયમોનું ઉલ્લંઘન કરવાથી દુ:ખી થવાય છે.

❊ **વચનામૃત ગઢડા મધ્ય-૫૧માં** શ્રીજીમહારાજ કહે છે : 'મોટાપુરુષની બાંધેલ મર્યાદા લોપીને કોઈ સુખી થતો નથી.'

- 'પરસ્ત્રી માત સમાન' મર્યાદા રાવણ માટે બંધન હતું ?
- 'પરધન પથ્થર જાણીએ' એ દુર્યોધન માટે બંધન હતું ?
- લક્ષ્મણરેખા સીતાજી માટે બંધન હતું ?

મનગમતું મૂકીને ધર્મ-મર્યાદામાં રહેવું, એ બંધન હોય તોપણ આપણી સલામતી છે.

❊ આ બંધન તોડીને સ્વેચ્છાચાર કરવાથી દુ:ખી થવાય છે.

૧૯૮૦ થી ૨૦૦૫ સુધીમાં વિશ્વમાં કુલ ૪.૫ કરોડ લોકો એઈડ્સથી મૃત્યુ પામ્યા છે. માત્ર ૨૦૦૬ના વર્ષમાં જ ૪૫ લાખ લોકો એઈડ્સથી મૃત્યુ પામ્યા છે. તેને લીધે કેટલાય પરિવારો દુ:ખી થયા છે.

❊ જહોનસન નામનો અમેરિકાનો શ્રેષ્ઠ બાસ્કેટબોલ પ્લેયર નાની વયે એઈડ્સનો શિકાર બન્યો. પોતાના

કૌશલ્યથી તે અમેરિકન પ્રજામાં 'મેજીક જહોનસન' નામે ઓળખાતો, પરંતુ તેની કારકિર્દી અકાળે આથમી ગઈ.

* ગાઓલા નામનો ગણિતશાસ્ત્રી એક સ્ત્રી સાથે વ્યભિચાર કરવાથી મૃત્યુ પામ્યો હતો. મૃત્યુ પામતી વખતે તેણે પોતાના મિત્ર ઓગસ્ટે શોવાલિયર પર લખેલ પત્રમાં અપાર દુઃખ અને પસ્તાવો વ્યક્ત કર્યો હતો.
* અમદાવાદમાં એઈડ્સના કારણે મૃત્યુના બિછાને પડેલા હિમાંશુ નામના કિશોરે કહેલું કે 'મારા મૃત્યુનું કારણ એઈડ્સ નથી, પણ નવરાત્રિ છે.'
* 'વ્યભિચારો ન કર્તવ્યઃ' તે મર્યાદાનું ઉલ્લંઘન કરી મનફાવે તેમ વર્તવાનો ક્ષણિક આનંદ લેવા જતાં દુઃખી થવાનો વારો આવે છે.
* એટલા માટે નિષ્કુળાનંદ સ્વામી કહે છે :
અલ્પ સુખ સારુ આગન્યા, લોપે છે શ્રીહરિ તણી,
પરમ સુખ કેમ પામશે, ભાઈ ધારજો તેના ધણી.
* અજા કણબી નામના સત્સંગીએ ઉતાવળમાં વાડીમાં છીંડું પાડી ટૂંકે રસ્તે જવા પ્રયત્ન કર્યો. પરંતુ ફોજદારે પકડ્યો અને પાંચ કોરડા માર્યા.

સામાન્ય આજ્ઞા લોપી તો દુઃખ આવ્યું.

* ગુણાતીતાનંદ સ્વામીએ દુષ્કાળમાં હરિભક્તોને કહેવડાવેલું કે જો શિક્ષાપત્રી પ્રમાણે રહેશો તો વરસાદ નહિ પડે તોપણ સુખી રહેશો અને મનફાવે તેમ વર્તશો તો વરસાદ આવશે તોય દુઃખી થશો.

આમ, આપણે સત્સંગી છીએ. તેથી આપણે ભગવાનના ગમતામાં રહેવાથી જ સુખિયા થઈશું.

● ભગવાનનું ગમતું કરવામાં સુખ :

* આજે તીથલ-સેલવાસ વગેરે પ્રદેશનાં આદિવાસી ગામડાંઓમાં આદિવાસી પરિવારો સત્સંગી થયા. નિયમ-ધર્મ પાળતા થયાં. વ્યસનો , દારૂ, વ્યભિચાર, ચોરી વગેરે બંધ થયાં અને આવક વેડફાતી બંધ થઈ. તો તેઓ આર્થિક રીતે સુખી થયા. ઝૂંપડાંમાંથી પાકાં મકાનો થઈ ગયાં.
* ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે : **'કુસંગીના ફેલમાં, સત્સંગીના રોટલા !'**
* વળી, આધ્યાત્મિક માર્ગે પણ જે જે સુખી થયા છે, તે મનગમતું મૂકીને અને ભગવાનનું ગમતું કરવાથી જ સુખી થયા છે.
* ઇ.સ.૧૯૮૬માં સારંગપુરમાં પ્રમુખસ્વામી મહારાજને પ્રશ્ન પૂછેલો કે 'આપ આટલું સુખ ભોગવો છો. આપ આટલી ઊંચી આધ્યાત્મિક સ્થિતિએ બિરાજો છો. તો તેનું રહસ્ય શું છે ?' સ્વામીશ્રીએ જવાબમાં જણાવ્યું હતું કે 'જેની જેની પ્રગતિ થઈ છે, તે ગુરુની આજ્ઞા પાળવાથી જ થઈ છે.'

● મનગમતું કરવાથી ભગવાન અને સંતનો કુરાજીપો :

* ભગવાન અને સંતનો કુરાજીપો થાય તો આધ્યાત્મિક માર્ગે ખૂબ જ મોટું નુકસાન થાય છે. ઘણી વાર ભગવાનનું ગમતું કરવામાં પણ મન રમાડી જાય છે અને ભગવાન અને સંતનો કુરાજીપો થાય છે.
* તા.૧૫-૭-૨૦૦૭ - અમેરિકામાં બાળ-શિબિર પૂરી કરીને ઘરે જતાં બાળકોની ફલાઈટ મોડી પડી. બાળકો માટે બીજી વ્યવસ્થા કરવામાં રાત્રે મોડું થઈ ગયું. તેથી કેટલાક યુવકોએ ભૂખ લાગતાં બજારની સેન્ડવિચ ખાધી. આ વાતની જાણ સ્વામીશ્રીને થઈ, ત્યારે તેઓ નારાજગી દર્શાવતાં બોલ્યા, 'શિબિર ફેઈલ' પછી સ્વામીશ્રીએ બધા યુવકોને બહારનું ન ખાવાનો નિયમ લેવડાવ્યો !
* તા.૧૩-૧-૨૦૦૬, સુરત : લોકની શેહશરમમાં આવીને ડુંગળી-લસણ ખાઈ લેતાં અને નિયમ-ધર્મમાં બાંધછોડ કરતાં એક યુવકને સ્વામીશ્રીએ કહેલું કે 'ઝેર ખાવાનું મન થાય તો ડુંગળી-લસણ ખાજે.' પછી તેના પ્રત્યે નારાજગી બતાવતાં બોલેલા કે 'કોઈ પણ જગ્યાએ જઈએ પણ આજ્ઞા લોપવી

નહિ. લસણ-ડુંગળી સગાંસંબંધીને ત્યાં ગયા હોઈએ તોપણ ન ખાવું. આપણે મહારાજને રાજી કરવાના છે, દુનિયાને નહિ. આ તો આપણને લઘુતાગ્રંથિ થઈ ગઈ છે કે એની સાથે જમવું પડે, પીવું પડે !'

- **ભગવાનને ગમતું કરવાથી ભગવાન અને સંતનો રાજીપો થાય છે :**

❈ જેઓ નિયમ-ધર્મની દઢતા રાખી ભગવાન અને સંતના ગમતામાં વર્તે છે, તેમના પર ભગવાન અને સંતની અપાર પ્રસન્નતા થાય છે.

❈ નિલેશ રાઠવા નામના યુવકે અભ્યાસ બાદ સંસ્થાના યુવા તાલીમ કેન્દ્રમાં ૬ માસની તાલીમ લીધી. ત્યારબાદ તે વડોદરામાં એક સારી કંપનીમાં જોડાયો. એક વાર તેના બોસના જન્મદિવસે બોસ તરફથી સૌને પાર્ટી હતી. બોસે પોતાના સ્ટાફને ટિફિન લઈને આવવાની ના પાડેલી. પરંતુ નિલેશ બહારનું ખાતો ન હોવાથી ટિફિન લઈ ગયો. સહકર્મચારીઓએ ચેતવ્યો કે બોસને ખોટું લાગશે, નવી નોકરી છે, પાર્ટીમાં ભળવું પડે. પણ નિલેશે દઢતા રાખીને બોસને શાંતિથી પોતાના નિયમ-ધર્મની અને સ્વામીશ્રીના મહિમાની વાત કરી. બોસ આ સાંભળીને એટલા રાજી થયા કે તેમણે નિલેશ માટે આઈસ્ક્રીમ, વેફર્સ વગેરેની વ્યવસ્થા કરી આપી.

મુક્તાનંદ સ્વામીએ ગાયું છે.

એવી દઢતા ધારે તે મુખિયા,
તે કોઈ કાળે નવ હોય દુઃખિયા,
કહે મુક્તાનંદ તે મહા સુખિયા.

❈ પૂનાના સંનિષ્ઠ સત્સંગીબંધુ અને પ્રસિદ્ધ ઉદ્યોગપતિ સંજયભાઈ અજમેરા તથા તેમનાં પત્ની અને સંતાનો પણ આવી જ દઢતાવાળાં છે. તેઓના ઘરમાં બાળકો ટી.વી. જોતાં નથી. ઘરે સવાર-સાંજ આરતી પછી થાળ બોલે અને સાથે જ જમે ! ઘરસભા પણ રોજ થાય. તેમને હોટલમાં ન જમવાનો નિયમ છે. તેઓ પરદેશ પ્રવાસમાં ગયેલા, ત્યારે સેવન સ્ટાર હોટલમાં પણ જાતે જ રૂમમાં રસોઈ બનાવીને પરિવારના સભ્યો જમ્યા હતા. સંજયભાઈને જ્યારે એકલા બિઝનેસ માટે પરદેશ જવાનું થાય, ત્યારે પણ દાળ ચોખા તથા મસાલા વગેરે સાથે લઈ જાય, કૂકર જેવાં વાસણો પણ ભેગાં રાખે અને જ્યાં રોકાય ત્યાં જાતે ખીચડી બનાવે અને પોતે જમે.

સ્વામીશ્રી આ ભક્તોની આવી દઢતાથી ખૂબ જ રાજી થયા હતા.

❈ આપણું શુદ્ધ વર્તન જોઈને સત્પુરુષ રાજી થાય છે. વળી, સત્સંગસભા, રવિસભા, સાંપ્રદાયિક વાંચન વગેરે દ્વારા કથાવાર્તાનો યોગ રહે તેવા નિયમોનું પાલન કરવાથી પણ સ્વામીશ્રીનો અપાર રાજીપો થાય છે.

❈ તા.૮-૬-૨૦૦૪ના દિવસે એટલાન્ટામાં એક યુવક હરિ અને તેનાં પત્નીની સત્સંગસભાના નિયમની વાત કરતાં કાર્યકરે સ્વામીશ્રીને કહ્યું : 'તેમને એક સ્ટોર છે. સભા વખતે કોઈ એક વ્યક્તિએ સ્ટોર પર અચૂક હાજર રહેવું પડે. તેથી બંને પતિ-પત્ની એકાંતરે રવિસભા ભરે છે. જે સ્ટોર પર હોય તેનો નિયમ સચવાય તે માટે મોબાઈલ ફોન દ્વારા આખી સભાનો કાર્યક્રમ સ્ટોર પર રહ્યા-રહ્યા સાંભળે.' આ સાંભળીને રાજીપો દર્શાવતાં સ્વામીશ્રી સૌ યુવકોને કહે : 'આને બુદ્ધિ વાપરી કહેવાય. ફોનનો ઉપયોગ આમ પણ થાય ! તમે પણ આવી દઢતા રાખજો જેથી ધંધોય થાય અને સત્સંગેય થાય.'

❈ તા.૧૦-૬-૦૩ના દિવસે આણંદ સત્સંગસભામાં સ્વામીશ્રીએ કહેલું, 'નાની સરખી આજ્ઞા છે કે રવિસભામાં આવવું. જો એટલી આજ્ઞા પાળીએ, તો એનાથી પણ બ્રહ્મરૂપ થવાય, સ્વભાવ ઘસાય અને ધર્મમાં આપણી નિષ્ઠા થઈ જાય.'

❈ આમ, આપણે પણ મનગમતું મૂકીને ભગવાનનું ગમતું કરીએ તો આપણને સુખ થાય છે અને ભગવાન તથા સંતના રાજીપાના અધિકારી થવાય છે.

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

કલ્યાણનો ખપ કેવો રાખ્યો જોઈએ ? જે, ઓગણોતેરા કાળમાં ભીમનાથમાં રાંકાં માગવા આવતાં ને કરગરતાં ને તેને ધક્કા મારે પણ જાય નહીં, એવો ખપ રાખવો.

(નોંધ : '◎' નિશાની પછી આવતું નિરૂપણ એકસ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.)

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં સત્સંગમાં કેવી રીતે રહેવું જોઈએ તેની રીત સમજાવે છે.

કોઈ વસ્તુ પ્રાપ્ત કરવી અઘરી છે, પણ તે પ્રાપ્ત થયા પછી તેને સાચવવી તેથીય અઘરી છે.

To maintain is more difficult than to attain.

મેળવવા કરતાં સાચવવું અઘરું છે.

કરોડ રૂપિયા કમાવવા અઘરા છે, પણ છેક સુધી તેટલા ને તેટલા સાચવી રાખવા, તે કમાવવા કરતાંય અઘરા છે - બંગલો બાંધવો અઘરો છે, પણ તે બાંધ્યા પછી તેવો ને તેવો જ સાચવીને જાળવી રાખવો, તે બાંધવા કરતાંય અઘરું છે - તેવી રીતે સત્સંગ મળવો દુર્લભ છે.

◎ શંકરાચાર્યે વિવેકચૂડામણિમાં લખ્યું છે :

દુર્લભં ત્રયમેવૈતદ્ દેવાનુગ્રહહેતુકમ્ ।
મનુષ્યત્વં મુમુક્ષુત્વં મહાપુરુષસંશ્રયઃ ॥

દુનિયામાં ત્રણ વસ્તુ પૈસા આપવા છતાંય ન મળે તેવી દુર્લભ છે. તે ત્રણ વસ્તુ કેવળ ભગવાનની કૃપાથી મળે છે. તેમાં એક સત્સંગ ગણાવ્યો છે. આમ, તે મળવો અઘરો છે, પણ મળ્યા પછી જાળવવો તેથી અઘરો છે.

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૨**માં કહે છે :

'સર્વે સાધનના ફળરૂપ આ સત્સંગ છે,' બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ પ્રાપ્ત થયા પછી તેને ટકાવી રાખવો તે તેથીય અઘરું છે. સત્સંગ મળ્યા પછી તેને મૂકી દીધાના દાખલા સત્સંગમાં જોવા મળે છે.

❊ અલૈયા ખાચરને સત્સંગનો યોગ થયેલો છતાં ગુમાવી બેઠા. ફઈબાને સત્સંગ મળેલો પણ ગુમાવી દીધો.

* શ્રીજીમહારાજે એક સાધુને ચૂંટિયો લીધો ને તેમને અપમાન લાગ્યું. ઘેર જતા રહ્યા અને સત્સંગ ગુમાવી દીધો. આવી ભૂલ આપણા જીવનમાં ન થાય તેનું માર્ગદર્શન ગુણાતીતાનંદ સ્વામી અહીં આપે છે.
* સ્વામી કહે છે કે જો ખપ હોય તો સત્સંગમાં ગમે તેવું દુઃખ આવે પણ સત્સંગ મૂકાય નહીં, માટે ખપ રાખવો. ઓગણોતેરા કાળમાં કાઠિયાવાડમાં ધંધુકા પાસે ભીમનાથ મહાદેવના બારણે કડછો થૂલું આપવામાં આવતું. તેથી ભૂખ્યા જન ત્યાં લાઇનમાં સદાવ્રત લેવા ઊભા રહેતા. ધક્કામુક્કી થાય ત્યારે સદાવ્રત આપનારો અકળાઈને બધાને ધક્કો મારે. ત્યારે બધા નીચે નીલકા નદીમાં જઈ પડે. તોય પાછા ઊભા થઈ લાઇનમાં જોડાઈ જતા કારણ કે ખબર હતી કે ડંકો થૂલું અહીં જ મળવાનું છે. બીજે ક્યાંય મળશે નહીં. આપણને આવો કલ્યાણનો ખપ હોય તો સત્સંગ છોડીને જવાય નહીં.

● **ખપ હોય તો પ્રલોભનોમાં ન ફસાય :**

જે વસ્તુ પામવાનો નિરધાર કર્યો હોય, તેમાં ભલે અનેક પ્રકારનાં પ્રલોભનો આવે, પણ ખપવાળો તેથી દૂર રહે. પ્રલોભનો તેને બાંધી ન શકે.

કોઈ વ્યક્તિને એક કલાક બાદ રાષ્ટ્રપતિના હાથે 'ભારત રત્ન' એવોર્ડ પ્રાપ્ત થનાર હોય અને તે જ સમયે તેનો મિત્ર તેને વર્લ્ડકપ મેચ જોવા જવાનું આમંત્રણ આપે તો જાય ? સિનેમામાં જવાનું કહે તો ? આ ટાણે તો તેને રાષ્ટ્રપતિ અને પોતાના એવોર્ડ સિવાય કાંઈ ન સૂઝે, કોઈ પ્રલોભનમાં ન અટવાય, તેવી જ રીતે શ્રીજીમહારાજ અને ગુણાતીત સત્પુરુષનો મહિમા સમજાયો હોય તે કોઈ પ્રલોભનને તિલાંજલિ આપવામાં ખચકાય નહીં.

* સર્વનિર્વાસાનંદ સ્વામી અમદાવાદ દેશના સાધુ હતા. એક વાર સદ્. ગોપાળાનંદ સ્વામી અમદાવાદ પધારેલા. સર્વનિવાસાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામી પાસેથી વચનામૃત ગઢડા પ્રથમ ૨૦મું સાંભળ્યું ને ચોટ લાગી ગઈ. તેમણે ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવાનું નક્કી કર્યું. અમદાવાદ દેશ છોડી વડતાલ જવા તૈયાર થયા. અમદાવાદના આચાર્ય મહારાજે તેમને કહ્યું કે, 'તમને અમદાવાદ મંદિરના મહંત બનાવું, ચરણારવિંદની જોડ આપું, સેવકો, રથ આપું પણ અમદાવાદ છોડી ન જાઓ.' પણ તેઓ પ્રલોભનોમાં ન ફસાયા અને ગોપાળાનંદ સ્વામી પાસે રહી બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરી.
* ગુણાતીતાનંદ સ્વામીએ ૨/૨૮મી વાતમાં કહ્યું છે કે, 'બહુ ખપવાળો હોય તેનું સમું રહે; નીકર બહુ પ્રકારના શબ્દ આવે તે મૂળગો ઘટી જાય.'
* બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અનેક કષ્ટો વચ્ચે બોચાસણ મંદિર કરી સારંગપુર મંદિર માટે પગરણ માંડ્યા. તે સમયે સંતો સારંગપુરમાં પીઠા ખાચરના ઓરડામાં રહેતા. એક દિવસ પરોઢિયે હરિકૃષ્ણદાસ સ્વામી કૂવે નાહીને માથે પાણીનું ભરેલું માટલું ઊંચકી પાછા આવતા હતા, ત્યારે ઝીંઝરના દરબાર રાણાભાઈ સામા મળ્યા. રાણાભાઈ તેમને જોઈ કહે, 'સાધુ, શું કામ હેરાન થાઓ છો ? માથે પાણીનાં માટલાં, પગમાં જોડા નહીં. આવો મમત શું કામ રાખો છો ? ચાલો, અમારા મંદિરમાં, રાજધાની ભોગવવાની છે, રાજધાની.'

પણ હરિકૃષ્ણ સ્વામીને ખ્યાલ હતો કે આ શબ્દો અણસમજણના છે. તેમનું આપેલું પ્રલોભન પણ અણસમજણ ભરેલું છે. હરિકૃષ્ણ સ્વામીના હૃદયનો સાક્ષી કબૂલી રહેલો કે શાસ્ત્રીજી મહારાજ સાચા પુરુષ છે, તેમનું કાર્ય સાચું છે અને મોક્ષ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાથી જ મળશે, ભલે શાસ્ત્રીજી મહારાજ પાસે રહેવાથી અનેક શારીરિક અને માનસિક કષ્ટો સહન કરવા પડે, પરંતુ તેમનો સંગ ક્યારેય મૂક્વો નથી. તેમનું અંતર કહી રહ્યું હતું કે, 'જે દુઃખ થાય તે થાજો રે, રૂડા સ્વામીને ભજતાં.' તેથી દરબારને સંભળાવી દીધું કે 'રાજધાની ભોગવવી હોત તો ઘર શું કામ મૂકત?'

દરબાર તો આ સાધુની નિષ્ઠા અને ખપથી પ્રભાવિત થઈ શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા અને શાસ્ત્રીજી મહારાજની વાતો સાંભળી પોતાની અણસમજણ દૂર કરી અને સત્સંગી થઈ ગયા.

● **ખપવાળાને ખોટું ન લાગે - અપમાન ન લાગે :**

સાચા ખપવાળાને સત્સંગમાં આવતા નાના-મોટા પ્રશ્નોમાં ક્યારેય ખોટું ન લાગે. સારંગપુરના સદ્ગુરુ સંતવલ્લભ સ્વામી ઘણી વાર વાત કરતા, 'જેને મોક્ષનો ખપ હોય તેને સત્સંગમાં કોઈ પ્રશ્ન જ ન નડે, પણ આવા ખપવાળા ઝાઝા ન હોય.'

❋ મગનીરામ બહુ મોટો સિદ્ધ હતો. તે શ્રીજીમહારાજ પાસે સિદ્ધાઈ બતાવવા આવ્યો, પણ તેનું કાંઈ ચાલ્યું નહીં, તેથી તેને મહારાજનો મહિમા સમજાયો. તેણે મહારાજ પાસે સાધુ થવાની વાત કરી. શ્રીજીમહારાજે કહ્યું, 'તમારી દાઢી, જટા, મૂંછ મુંડાવી રસ્તામાં નાંખો. તેના પરથી સાધુ - હરિભક્તો પસાર થાય. જો તે તમને કબૂલ હોય તો બોલો.' સિદ્ધને તો જટા-દાઢી પ્રિય હોય વળી, તે પર લોકો ચાલે તે તો કેમ સહન થાય ? પણ મગનીરામને સમજાઈ ગયું કે, કલ્યાણ શ્રીજીમહારાજ પાસે જ છે, તેથી તેણે તેમ કરવા હા કહી. સંતોનાં જોડાંની ગાંસડી માથે લઈ ફર્યા, ને તે સાધુ બન્યા. અદ્વૈતાનંદ તેમનું નામ પાડયું. આવો ખપ હોય તો વાંધો ન આવે.

❋ શ્રીજીમહારાજ વાત કરતા-એક ગુરુ હતા તે વનમાં તપ કરતા હતા. તેમની પાસે એક મુમુક્ષુ ગયો ને સેવા કરવા માટે ત્યાં રહેવા દેવાની માંગણી કરી. ત્યારે તે ગુરુએ કહ્યું, 'અહીં મારે માટે રોજના એક શેર ચોખા આવે છે, તે રાંધીને ખાઉં છું. બીજું કાંઈ નથી.' મુમુક્ષુ અતિશય ખપવાળો હતો. તેણે કહ્યું, 'ભાતનું ઓસામણ હશે તે પીને સમાગમ કરીશ.' આ સાંભળી ગુરુએ તેને ત્યાં રહેવાની રજા આપી.

થોડા વખત પછી બીજો મુમુક્ષુ આવ્યો. તેણે પણ ગુરુનો સમાગમ કરવા માટે ત્યાં રહેવા દેવાની માગણી કરી. ત્યારે ગુરુએ પરિસ્થિતિ જણાવી કે ભોજનની કાંઈ વ્યવસ્થા નથી. ત્યારે ચેલાએ પૂછ્યું, 'આ ચેલો શેનાથી નિર્વાહ કરે છે?' ત્યારે ગુરુએ કહ્યું 'તે તો ભાતનું ઓસામણ પીવે છે.' એટલે તે ચેલાએ કહ્યું, 'ભાતની હાંડલીમાં જે વધ્યું હશે તેનું ધોવાણ પીને હું સમાગમ કરીશ.' તેનો ઇશક જોઇને તેને પણ રહેવા દેવાની ગુરુએ હા પાડી.

થોડા દહાડા પછી ત્રીજો સેવક આવ્યો. ગુરુએ તેની આગળ ઉપરની હકીકત રજૂ કરી ત્યારે તેણે કહ્યું, 'આપની થાળીમાં ચળું કર્યા પછી જે ધોવાણ રહેશે, તે પીને હું સમાગમ કરીશ.' તેનો પણ ખપ જોઇને ગુરુ બહુ રાજી થયા ને રહેવાની રજા આપી.

થોડા દહાડા પછી ચોથો શિષ્ય સમાગમ કરવા આવ્યો ને તેને ગુરુએ કહ્યું કે હવે તેના જીવનનિર્વાહ માટે કશું જ નથી. કારણ કે ઓસામણ તથા તપેલાનું અને થાળીનું પાણી ત્રણ સેવક પી જાય છે. ત્યારે તે મુમુક્ષુએ કહ્યું, 'ચોખા સાફ કરતી વખતે ઝાટકશોને, ત્યારે જે ટુકડા-દાણા બહાર પડશે તે વીણીને ખાઇશ, ને તે દ્વારા દેહનો નિર્વાહ કરીશ.' છેવટે તેને પણ ઉત્કૃષ્ટ મુમુક્ષુ જાણીને ગુરુએ રહેવા માટે હા પાડી.

આ શિષ્યોએ જો ગુરુનો સાચો મહિમા જાણ્યો હતો ને મોક્ષનો ખપ હતો તો ઓસામણ ને પાણી ઉપર રહીને પણ સમાગમ કરવા તેઓ તૈયાર થયા. જેને મોક્ષનો આવો ખપ હોય, તે દિવસ દિવસ પ્રત્યે સત્સંગમાં વધતો જાય છે.

❋ મૂળજી બ્રહ્મચારી શ્રીજીમહારાજના સેવક હતા. એક વખત ભાદરામાં શ્રીજીમહારાજે મૂળજી બ્રહ્મચારીને મોજડી તેલ ચોપડવા આપી. તે સેવા કરવા બેઠા ત્યાં જ વશરામભાઇએ તેમની પાસે સેવા માંગતા કહ્યું : 'બ્રહ્મચારી ! તમે તો ઘણીય સેવા કરો છો. આ લાભ મને આપો.' વશરામભાઇએ બ્રહ્મચારી પાસેથી આગ્રહ કરી મોજડી લઈ લીધી અને તેલ ચોપડવા બેઠા. બ્રહ્મચારી બીજી સેવા કરવા લાગ્યા. તે વખતે જ શ્રીજીમહારાજ ત્યાં પધાર્યા ને બ્રહ્મચારીને પૂછ્યું, 'તમે સેવા કેમ બીજાને આપી ? જાઓ વિમુખ. આજથી પગમાં જોડા પહેરશો નહીં ને ગળ્યું - ચીકણું ખાશો નહીં.' બ્રહ્મચારી આ વાત સાંભળી નીકળી ગયા. વાંક વિના વિમુખ કર્યા, પણ શ્રીજીમહારાજ વિશે લેશ પણ ભાવફેર ન થયો. વિમુખ થયા પછી પણ નિયમ પાળ્યા. ઉનાળામાં દોઢ મણ કેરીનો ટોપલો ડભાણથી ગઢડા ઉઘાડે પગે ચાલતા લાવી શ્રીજીમહારાજને આપ્યો, પણ શ્રીજીમહારાજે સામે પણ ન જોયું. 'જય સ્વામિનારાયણ' પણ કર્યા નહીં.

આવી આકરી પરીક્ષા શ્રીજીમહારાજે લીધી, પણ રાજી કરવાનો ખપ હતો તો કસોટીમાંથી પાર ઊતરી ગયા.

❋ ખોરાસાના રાજાભાઈ પોતાનું સર્વસ્વ શ્રીજીમહારાજને સમર્પી સાધુ થવા આવ્યા. શ્રીજીમહારાજે તેમને પર્વતભાઈને ત્યાં હળ હાંકવા મોકલ્યા. તેમણે ક્ષત્રિય હોવા છતાં ૧૪ વર્ષ સુધી પટેલ હરિભક્તનું હળ હાંક્યું. પોતાની જ્ઞાતિનું પણ માન ન રાખ્યું. તે દરમ્યાન મહારાજે કોઈ ખબર - અંતર પૂછાવ્યા નહીં, છતાં શંકા ન થઈ. અંતે, મહારાજ તેમનો આવો ખપ જોઈ રાજી થઈ ગયા ને દીક્ષા આપી. અક્ષરાનંદ સ્વામી નામ પાડી સીધા વરતાલના મહંત બનાવ્યા.

❋ આપણે સૌ આપણા સત્સંગકેન્દ્રની, મંદિરની નાની-મોટી સેવામાં જોડાતા હોઇએ છીએ, પરંતુ ખોરાસાના રાજાભાઈની જેમ આપણને સંતો મનધારી સેવા મૂકાવી અન્ય સેવા ચીંધે ત્યારે પણ ઉત્સાહ મોળો ન પડવા દેવો - એ ખપનું લક્ષણ છે.

◎ વળી, સત્સંગનો ખપ હોય તો અનેક પ્રકારનાં દુઃખ સહન થઈ શકે. પાંચસો પરમહંસો ખપવાળા હતા તો સત્સંગમાં પાર પડી ગયા. તેઓની કેવાં દુઃખો સહન કરવાની તૈયારી હતી, તેનું વર્ણન ભક્તચિંતામણિમાં છે. તે સૌ મહારાજને કહે છે :

પછી સંત ઊઠ્યા જોડી હાથ,
જેમ કહો તેમ કરીએ નાથ;
કહો તો મટકું ન ભરીએ મીટે,
કહો તો અન્ન ન જમીએ પેટે;
કહો તો તજીએ છાદનનો સંગ,
રહીએ હિમમાં ઉઘાડે અંગ;
કહો તો પીવું તજી દઈએ પાણી,
રહીએ મૌન ન બોલીએ વાણી;
બેસીએ આસન વાળી,
નવ્ય જોયે આ દેહ સાંભળી;
એમ હિંમત છે મનમાંય,
તમે કહો તે કેમ ન થાય.
(પ્રકરણ-૭૧)

● **ખપ હોય તો સાધનામાં આળસ ન રહે :**

❋ સત્સંગ કરવામાં આપણને કેટલીક વાર આળસ અને ગાફલાઈ અવરોધરૂપ બને છે. યોગીજી મહારાજ કહેતા કે, 'પચ્ચીસ હજાર રૂપિયાનો નફો જતો કરીને પણ રવિસભા ભરવી.' પરંતુ આપણે આળસને કારણે રવિસભા અથવા પરાસભામાં હાજર રહેતા નથી. જો સત્સંગનો સાચો ખપ હોય તો વ્યક્તિ રવિસભા અને પરાસભામાં અવશ્ય હાજર રહે.

❋ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૨૭**માં કહે છે, ''જે હરિભક્તને ભગવાનની ભક્તિનો ખપ હોય તથા સંત સમાગમનો ખપ હોય તો તે ગમે તેવો પોતાનો સ્વભાવ હોય તો તેને ટાળીને જેમ તે સંત કહે ને તેની મરજી હોય તેમ વર્તે અને તે સ્વભાવ તો એવો જ હોય જે 'ચૈતન્ય સાથે જડાઈ ગયો હોય' તોપણ તેને સત્સંગના ખપવાળો ટાળી નાંખે.''

❋ ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં અમદાવાદના પીતાંબર અત્યંત રંગીલા હતા. સારાં કપડાં પહેરે, અત્તર છાંટે, ૨૫ પાન ખાય. ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરવાની બળવાન ઈચ્છા થઈ, તેથી સ્વામીએ તેમને કહ્યું, 'તારો આ વેશ્યાના જેવો વેશ ને રજોગુણની મૂર્તિ છો, તે સમાગમ શી રીતે કરશો ?' પણ તેમને ખપ હતો તો બધું મૂકી દીધું ને સમાગમ કર્યો. સમય જતા સાધુ થયા અને વિજ્ઞાનદાસ નામ પડ્યું.

❋ બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજ તો અનાદિ સિદ્ધપુરુષ હતા. સાધનાનો આદર્શ સ્થાપવા તેઓ એક સાધક બની વર્ત્યા અને ગુણાતીત ગુરુનો રાજીપો કેવી રીતે પ્રાપ્ત થાય, તે પોતાના જીવન દ્વારા બતાવ્યું.

ગુણાતીતાનંદ સ્વામી સારંગપુરના નારાયણકુંડે બહિર્ભૂમિ જઈ પધાર્યા. ભગતજી તેમના હાથ ધોવરાવતા હતા. ત્યારે સ્વામી કહે, 'પ્રાગજી ! હૈયામાં જ્ઞાન તો ઘણું ભર્યું છે, પણ કોઈ ઝીલનાર પાત્ર નથી.' ભગતજી કહે, 'એ જ્ઞાન મને ન આપો?' સ્વામી કહે, 'એ તો જે મરણિયો થાય અને દેહ-ઈન્દ્રિયોના ચૂરેચૂરા કરી અમારી પાસે રહે તેને મળે.'

ભગતજીએ આ જ્ઞાન પામવાનો ઠરાવ કરી લીધો. સ્વામીને પ્રસન્ન કરવા દિવસ-રાત દેહનો વિચાર કર્યા વિના મંડી પડ્યા.

❊ એક વાર આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ ફૂલદોલ સમૈયે જૂનાગઢ પધારવાના હતા. તેથી સ્વામીએ સભામંડપમાં શોભે એવી મોટી ચંદની તૈયાર કરવાનું ભગતજીને કહ્યું. વળી, કોઠારમાંથી ચંદની માટેનું કાપડ ખરીદવા પૈસા તો અપાવ્યા જ નહીં. ભગતજીએ પ્રથમ ચંદનીના કાપડ માટે પોતાની પાસે વાતો સાંભળવા આવતા હરિભક્તો પાસે લખાણી કરાવી રૂપિયા ૬૦૦ ભેગા કર્યા. તેમાંથી જાડા કપડાં લઈ, છપાવી, ચંદની સીવવાની તૈયારી કરી. દસ દરજી બે મહિને જે કામ કરી શકે તે ભગતજીએ એકલાએ જ ફક્ત ૪૧ દિવસમાં પૂરું કર્યું. રોજ સવારમાં ત્રણ વાગ્યે ઊઠે અને નિત્યક્રમ પતાવી મંગળા આરતી કરી બેસે તો ઠેઠ રાત્રે બાર વાગ્યે સૂવે. વચ્ચે ફક્ત એક વાર જમવા માટે ઊઠે. સ્વામી પણ આ પ્રસંગે તેમના પર ખૂબ રાજી થયા.

❊ જૂનાગઢમાં નવી હવેલીના કામમાં પણ પાયા ખોદવાના, રેતી ધોઈને નાખવાની અને ચૂનો કરવાની ક્રિયામાં ભગતજી હોંશે હોંશે જોડાયા. જ્યારે અન્ય લોકોને ચૂનાની ગરમીથી અંધ થવાની બીક લાગતી, ત્યારે ભગતજી અતિ ઉત્સાહથી જોડાતા અને કહેતા કે 'સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે અને મારે તો ગમે તેમ થાય પણ તેમને રાજી કરી દેવા છે.' પોતે દસ-દસ માણસનું કામ એકલા કરતા અને રાત્રે સ્વામી પાસે બેસી કથા સાંભળે. ચાર વર્ષ સુધી તો સૂતા જ નહોતા. વળી, બે દિવસ નિર્જળા ઉપવાસ અને ત્રીજે દિવસે એક જ સમયે જમતા.

❊ સમુદ્રમાં છીપ (એક જાતની માછલી) રહે છે, તેને સમુદ્રનું પાણી ખપતું નથી, તે તો જ્યારે સ્વાતિ નક્ષત્રમાં વરસાદનાં બુંદ પડે છે, તેને જે ઠેકીને ગ્રહણ કરે છે તે મોતી લાખ રૂપિયાનું થાય છે; ને જે મંદ શ્રદ્ધાએ કરીને ગ્રહણ કરે છે તે તો ફટકિયું થાય છે; તેમ જેને ભગતજી મહારાજ જેવો સત્સંગનો ખપ હોય તો તે છતી દેહે બ્રહ્મરૂપ થઈ શકે છે.

ગુણાતીત સત્પુરુષનો રાજીપો પ્રાપ્ત કરવા કેવો ખપ રાખવો, તેનું ભગતજી મહારાજ શ્રેષ્ઠ દૃષ્ટાંત છે.

- **ખપ કેવી રીતે જાગે ? :**

❊ મહિમા સમજાય તો જ ભગતજી મહારાજ જેવો ખપ જાગે.

❊ બ્રહ્માનંદ સ્વામીને મહારાજે બે હાથ કંતાન વધારે ન આપ્યું છતાં ખોટું ન લાગ્યું. કારણ કે શ્રીજીમહારાજનો મહિમા તેમના જીવમાં હતો. પછી કહ્યું, ''નખ જેટલી પૃથ્વીમાંય તમારા સિવાય બીજો કોઈ ભગવાન દેખાતો નથી. માટે ગમે તેમ રાખશો તોય અહીં જ રહીશ.'' જેના એક એક વેણે રાજાઓ મખમલી તાકા પાથરી દેતા, તે બ્રહ્માનંદ સ્વામીને શ્રીજીમહારાજે કંતાન ન આપ્યું તોય ડગ્યા નહીં.

❊ હરખા પટેલને ગુણાતીતાનંદ સ્વામીએ પગ ધોઈને આવવાનું કહ્યું તો ઘેર જતા રહ્યા. મહિમા નહોતો તો ખપ ન રહ્યો અને સત્સંગ ખોઈ બેઠા.

❊ શ્રીજીમહારાજે **વચનામૃત લોયા-૧૭**માં કહ્યું છે કે, 'એવા ભગવાનના સંત હોય તેને આગળ માન કેમ રહે ? જો સંતની મોટાઈ જાણી હોય તો તે સંત ગમે એવો તિરસ્કાર કરે તોપણ ધોખો થાય નહીં અને જેટલો લે એટલો પોતાનો અવગુણ લે પણ સંતનો અવગુણ કોઈ રીતે લે જ નહીં.'

❊ પ્રમુખસ્વામી મહારાજે એક વાર કહેલું કે, 'વડાપ્રધાનની સભામાં કોઈ બોલાવે નહીં, પાણીનોય કોઈ ભાવ ન પૂછે, આગળ બેસવા ન મળે તોય ધોખો થાય નહીં. કારણ કે તેની મોટાઈ સમજાઈ છે, તેમ સત્સંગનો મહિમા સમજાય તો પ્રશ્ન ન આવે, ખોટું ન લાગે.'

❊ મુક્તાનંદ સ્વામીએ કહ્યું :

શૂળી ઉપર શયન કરાવે,

તોય સાધુને સંગે રહીએ રે ...

● **આવશ્યકતા, જરૂરિયાત મનાય તો ખપ રહે :**

❋ આપણને જે રોગ થયો હોય તેની દવા જે ડોક્ટર પાસેથી મળતી હોય તો તે ડોક્ટર તિરસ્કાર કરે અને તકલીફ આપે તોય આપણે તે ડોક્ટરને ન છોડીએ. કેરોસીન, રેશનીંગની લાઇનમાં લોકો સવારના ચાર વાગ્યાના ઊભા રહી જાય, દુકાનદાર ધમકાવે તોય ન ખસે, તેમ કલ્યાણની જરૂરિયાત હોય તો ખપ જાગે.

❋ રામકૃષ્ણ પરમહંસ પાસે એક મુમુક્ષુ આવ્યા. તે મુમુક્ષુએ કહ્યું, 'મારે ભગવાન જોવા છે.' એટલે પરમહંસે ગરદન પકડી તેને પાણીમાં ડૂબાડયો. તે મુમુક્ષુ બહાર નીકળવા ફાંફા મારે પણ પરમહંસ નીકળવા ન દે. થોડીવાર પછી પરમહંસે તેને બહાર કાઢયો ને કહ્યું, 'પાણીમાંથી બહાર નીકળવાનો જેવો તલસાટ હતો, તેવો ભગવાન મેળવવાનો છે?' કલ્યાણની આવી રીતે જરૂરિયાત મનાય તો ખપ જાગે.

◎ સચ્ચિદાનંદ સ્વામી કહેતાં : 'મારા પગ કાપી નાંખે તો હું ઢસડાતો ઢસડાતો, જ્યાં સાધુનો એંઠવાડ નાંખે છે ત્યાં બેસું અને એંઠવાડ ખાઈને સત્સંગમાં પડયો રહું પણ સત્સંગ છોડું નહીં.' સચ્ચિદાનંદ સ્વામીને કલ્યાણની મહત્તા સમજાયેલી તો તેમને આટલો ખપ હતો.

◎ મુક્તાનંદ સ્વામીએ કહ્યું છે કે,

વણવાંકે વઢજો મારા વહાલમા;
દુઃખ લગાડીને દમતા;
એક પગ પર અમે ઊભલા રે રૈશું;
તજીને દેહની મમતા ...

ખપવાળાની આ વાણી છે!

આપણને પણ કલ્યાણની આવી જરૂરિયાત મનાય અને સત્સંગનો યથાર્થ મહિમા સમજાય તો ખપ જાગે !

❀ ❀ ❀

પ્રવચન - ૨ : સ્વામીની વાત : પ્રકરણ - ૨ : વાત - ૯૫

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે....
કલ્યાણનો ખપ કેવો રાખ્યો જોઈએ ? જે, ઓગણોતેરા કાળમાં ભીમનાથમાં રાંકાં માગવા આવતાં ને કરગરતાં ને તેને ધક્કા મારે પણ જાય નહિ, એવો ખપ રાખવો.

■ મધ્યવર્તી ઉપદેશ :

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં સત્સંગમાં કેવી રીતે રહેવું જોઈએ તેની રીત સમજાવે છે.

કોઈ વસ્તુ પ્રાપ્ત કરવી અઘરી છે, પણ તે પ્રાપ્ત થયા પછી તેને સાચવવી તેથીય અઘરી છે.

કરોડ રૂપિયા કમાવા અઘરા છે, પણ છેક સુધી તેટલા ને તેટલા સાચવી રાખવા તે કમાવા કરતાંય અઘરા છે - બંગલો બાંધવો અઘરો છે, પણ તે બાંધ્યા પછી તેવો ને તેવો જ સાચવીને જાળવી રાખવો, તે બાંધવા કરતાંય અઘરું છે - તેવી રીતે સત્સંગ મળવો દુર્લભ છે.

❊ શ્રીજી મહારાજ વચ.ગ.અં.ર માં કહે છે :

'સર્વે સાધનના ફળરૂપ આ સત્સંગ છે, બ્રહ્માદિકને પણ દુર્લભ એવો જે આ સત્સંગ.' પણ તે પ્રાપ્ત થયા પછી તેને ટકાવી રાખવો તે તેથીય અઘરું છે. સત્સંગ મળ્યા પછી તેને મૂકી દીધાના દાખલા સત્સંગમાં જોવા મળે છે. તે ભૂલ આપણા જીવનમાં ન થાય તેનું માર્ગદર્શન સ્વામી અહીં આપે છે.

To Maintain is more difficult than to attain.

મેળવવા કરતાં સાચવવું અઘરું છે.

❊ શંકરાચાર્યે વિવેકચૂડામણિમાં લખ્યું છે :

દુર્લભં ત્રયમેવૈતદ્ દેવાનુગ્રહહેતુકમ્ ।
મનુષ્યત્વં મુમુક્ષુત્વં મહાપુરુષસંશ્રયઃ ॥

દુનિયામાં ત્રણ વસ્તુ પૈસા આપવા છતાંય ન મળે તેવી દુર્લભ છે. તે ત્રણ વસ્તુ કેવળ ભગવાનની કૃપાથી મળે છે. તેમાં એક સત્સંગ ગણાવ્યો છે. આમ, તે મળવો અઘરો છે. પણ મળ્યા પછી જાળવવો તેથી અઘરો છે.

❊ અલૈયા ખાચરને સત્સંગનો યોગ થયેલો છતાં ગુમાવી બેઠા.

❊ ફઈબાને સત્સંગ મળેલો પણ ગુમાવી દીધો.

❊ શ્રીજી મહારાજે એક સાધુને ચૂંટિયો લીધો ને તેમને અપમાન લાગ્યું - ઘેર જતા રહ્યા - સત્સંગ ગુમાવી દીધો.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે જો ખપ હોય તો સત્સંગમાં ગમે તેવું દુઃખ આવે પણ સત્સંગ મૂકાય નહિ. માટે ખપ રાખવો - તેમાં ભીમનાથના રાંકાની વાત કરી - દુષ્કાળના સમયમાં ભીમનાથમાં સદાવ્રત ચાલતું. તેથી ભૂખ્યા જન ત્યાં લાઈનમાં સદાવ્રત લેવા ઊભા રહેતા - ધક્કામુક્કી થાય ત્યારે સદાવ્રત આપનારો અકળાઈને બધાને ધક્કો મારે. ત્યારે બધા નીચે નીલકા નદીમાં જઈ પડે - તોય પાછા ઊભા થઈ લાઈનમાં જોડાઈ જતા - કારણકે ખબર હતી કે ડંકો થૂલું અહી મળવાનું છે. બીજે ક્યાંય મળશે નહિ - આપણને આવો કલ્યાણનો ખપ હોય તો સત્સંગ છોડીને જવાય નહિ.

■ ખપવાળાને ખોટું ન લાગે - અપમાન ન લાગે :

❊ મગનીરામ બહુ મોટો સિદ્ધ હતો. તે શ્રીજી મહારાજ પાસે સિદ્ધાઈ બતાવવા આવ્યો, પણ તેનું કાંઈ ચાલ્યું નહિ, તેથી તેને મહારાજનો મહિમા સમજાયો. તેણે મહારાજ પાસે સાધુ થવાની વાત કરી. શ્રીજી મહારાજે કહ્યું, 'તમારી દાઢી, જટા, મૂંછ મુંડાવી રસ્તામાં નાંખો. તેના પરથી સાધુ - હરિભક્તો પસાર થાય. જો તે તમને કબૂલ હોય તો બોલો.' સિદ્ધને તો જટા-દાઢી પ્રિય હોય વળી, તે પર લોકો ચાલે તે તો કેમ સહન થાય ? પણ મગનીરામને

સમજાઈ ગયું કે, કલ્યાણ શ્રીજી મહારાજ પાસે જ છે, તેથી તેણે તેમ કરવા હા કહી. સંતોનાં જોડાંની ગાંસડી માથે લઈ ફર્યા. ને તે સાધુ બન્યા. અદ્વૈતાનંદ તેમનું નામ પાડયું. આવો ખપ હોય તો વાંધો ન આવે.

❊ એકવાર એક ગુરુ પાસે શિષ્ય આવ્યો. ગુરુ કહે : 'મારી પાસે તને ખવડાવવા માટે કાંઈ નથી.' શિષ્ય કહે : 'હું ધોવરામણ પીને રહીશ પણ મને જ્ઞાન આપો.' તેમ કહી રોકાયો બીજો આવ્યો. તે સાફ કરતા વધેલા ચોખા ખાઈને પણ રહેવાની તૈયારી સાથે રોકાયો. ત્રીજો આવ્યો તે હાંડલીમાં ચોંટેલા ચોખા ખાઈને રહેવાની તૈયારી કરી રોકાયો. ચોથો ચળું પીને તથા પાંચમો હવા ખાઈને રહેવાની તૈયારી સાથે રોકાયો. આવો ખપ હોય તો સત્સંગ મૂકાય નહિ.

જ્યાં ખાસડાં સંત તણા પડે છે,
ત્યાં બેસવા મારગ જો જડે છે;
માને મહાભાગ્ય તણો પ્રકાશ,
કલ્યાણની જો ઉર હોય આશ.
જો શૂલીએ સંત કદી સુવારે,
તથાપિ સદ્‌ભાગ્ય સુજાણ ધારે;
લે સંત પાસે મુખમાંહિ ઘાસ,
કલ્યાણની જો ઉર હોય આશ;
કરે તિરસ્કાર કદાપિ સંત,
ન સંતનો દ્રોહ કરે ધીમંત;
કરે સદા સંત સમીપ વાસ,
કલ્યાણની જો ઉર હોય આશ.

(હરિલીલામૃત)

❊ અમદાવાદના દામોદર શેઠ - એકવાર એક સાધુએ ધોલ મારી - સહી લીધું - કો'કે આ બાબતે પૂછ્યું તો કહે : 'સંત તો મા-બાપ કહેવાય ને મા-બાપ તો છોકરાને મારે તેમાં શું ?'

❊ મૂળજી બ્રહ્મચારીને મોજડીને તેલ ચોપડવા શ્રીજી મહારાજે આપી. તે સેવા કરવા બેઠા ત્યાં જ એક હરિભક્તે તે સેવા માંગતા કહ્યું : 'બ્રહ્મચારી ! તમે તો ઘણીય સેવા કરો છો. આ લાભ મને આપો.' તેમની વિનંતી સાંભળી બ્રહ્મચારીએ તે સેવા તેમને સોંપી ને પોતે બીજી સેવા કરવા લાગ્યા. તે વખતે જ શ્રીજી મહારાજ ત્યાં પધાર્યા ને બ્રહ્મચારીને પૂછ્યું : 'તમે સેવા કેમ બીજાને આપી ? જાઓ વિમુખ - પગમાં જોડા પહેરશો નહિ ને ગળ્યું - ચીકણું ખાશો નહિ.' બ્રહ્મચારી આ વાત સાંભળી નીકળી ગયા. પણ મહારાજ વિશે લેશ પણ ભાવફેર ન થયો. ઉનાળામાં કેરીનો ટોપલો ડભાણથી ગઢડા ઉઘાડે પગે ચાલતા લાવી મહારાજને આપ્યો. મહારાજ રાજી થઈ ગયા. ખપ હતો તો વાંધો ન આવ્યો.

પાંચસો પરમહંસો ખપવાળા હતા તો સત્સંગમાં પાર પડી ગયા. તેઓની કેવા દુઃખો સહન કરવાની તૈયારી હતી તેનું વર્ણન ભક્તચિંતામણિમાં છે. તે સૌ મહારાજને કહે છે :

પછી સંત ઉઠ્યા જોડી હાથ,
જેમ કહો તેમ કરીએ નાથ;
કહો તો મટકું ન ભરીએ મીટે,
કહો તો અન્ન ન જમીએ પેટે;
કહો તો તજીએ છાદનનો સંગ,
રહીએ હિમમાં ઉઘાડે અંગ;
કહો તો પીવું તજી દઈએ પાણી,
રહીએ મૌન ન બોલીએ વાણી;
બેસીએ આસન વાળી,
નવ્ય જોયે આ દેહ સાંભળી;
એમ હિંમત છે મનમાંય,
તમે કહો તે કેમ ન થાય.

(પ્ર. ૭૧)

❊ ખોરાસાના રાજાભાઈ - સર્વસ્વ શ્રીજી મહારાજને સમર્પી સાધુ થવા આવ્યા - મહારાજે પર્વતભાઈને ત્યાં હળ હાંકવા મોકલ્યા - ક્ષત્રિય થઈને ૧૪ વર્ષ પટેલ હરિભક્તનું હળ હાંક્યું - તે દરમ્યાન મહારાજે કોઈ ખબર - અંતર પૂછાવ્યા નહિ - છતાં શંકા ન થઈ - અંતે મહારાજ રાજી થઈ ગયા ને દીક્ષા

આપી. અક્ષરાનંદ સ્વામી નામ પાડી સીધા વરતાલના મહંત બનાવ્યા.

■ **ખપ હોય તો સાધનામાં આળસ ન રહે :**

❋ ભગતજી મહારાજ ચાર વર્ષ સૂતા જ નહોતા - બે દિવસ નિર્જળા ઉપવાસ ને ત્રીજે દિવસ એક સમય જ જમતા.

❋ પરમહંસો ૧૧૪ પ્રકરણમાંથી પસાર થયા પણ પાછા ન પડયા.

નથી એવું કઠણ કાંઈ કામ રે,
તમે કહોને ન થાય ઘનશ્યામ રે;
જે જે કહો તે અમે કરીએ રે,
સર્વે વચન શીશ પર ધરીયે રે.

- પુરુષોત્તમપ્રકાશ

❋ આપણી સંસ્થાના એક મંદિરમાં એક યુવક સેવા કરવા આવ્યા. સંતો તેને કહે તારે મોડામાં મોડા સાડા સાતે શણગાર આરતીમાં તૈયાર થઈને આવી જવું. આવું તેને ૫૦ વાર કહ્યું હશે. પણ ૯ વાગે જ તૈયાર થાય. કથામાં પણ ન જાય.

સંજોગોવશાત તેને નોકરી મળી. સવારે ૭ થી સાંજના ૭. પગાર ૫ હજાર રૂપિયા. બે મહિના પછી તે સંતોને મળ્યો. પૂછ્યું કેટલા વાગે તૈયાર થાય છે ? સાડા છએ તૈયાર થઈને નીકળી જવું પડે.

ખપ જાગે તો વધુ જાગે.

અમેરિકા જવા માટેનું પ્લેન રાતે ૩.૩૦ વાગે જ ઊપડે. પણ બધા તૈયાર બેઠા હોય. ખપ છે.

❋ ખપવાળાને નિયમ પાળવા કઠણ ન પડે - શ્રીજી મહારાજ જુદાં જુદાં પ્રકરણો ફેરવતાં ત્યારે મુક્તાનંદ સ્વામીએ લીમડો વાટીને તે પીવાનું શરૂ કર્યું - કો'કે પૂછયું : 'કેમ?' મુક્તાનંદ સ્વામી કહે, 'આનાથી અઘરું પ્રકરણ તો નહિ આવે ને !' તેઓની આવી તૈયારી હતી.

❋ શ્રીજી મહારાજ ગ.અં.૨૭માં કહે છે : ''જે હરિભક્તને ભગવાનની ભક્તિનો ખપ હોય તથા સંત સમાગમનો ખપ હોય તો તે ગમે તેવો પોતાનો સ્વભાવ હોય તો તેને ટાળીને જેમ તે સંત કહે ને તેની મરજી હોય તેમ વર્તે અને તે સ્વભાવ તો એવો જ હોય જે 'ચૈતન્ય સાથે જડાઈ ગયો હોય' તોપણ તેને સત્સંગના ખપવાળો ટાળી નાંખે.''

❋ હોથિયો પટગર ગાડાને ભટકાયા તો ગાડાને બટકું ભરી લીધેલું ને તેમાં પોતાના બે દાંત પડી ગયેલા. આવા ક્રોધી હતા પણ પરમહંસ બન્યા પછી ગામડે જાય ત્યારે લોકો છાણ, વાસીદું નાંખી, પથરા મારી, ગાળો બોલી અપમાન કરતા તોય તેઓ કોઈ પ્રતિકાર કરે નહિ. કોઈ પૂછતું ત્યારે કહેતાં : 'હોથિયો મરી ગયો. હવે હું નિર્માનાનંદ બન્યો છું.' - ખપ હતો તો જીવ સાથે જડાયેલો સ્વભાવ ટાળી નાંખ્યો.

❋ ગુણાતીતાનંદ સ્વામીના સમયમાં અમદાવાદના પીતાંબર અત્યંત રંગીલા - સારાં કપડાં પહેરે, અત્તર છાંટે ૨૫ પાન ખાય - ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરવાની બળવાન ઈચ્છા થઈ - સ્વામી કહે, 'તારો આ વેશ્યાના જેવો વેશ ને, રજોગુણની મૂર્તિ છે તે સમાગમ શી રીતે કરશો ?' - ખપ હતો તો બધું મૂકી દીધું ને સમાગમ કર્યો - સાધુ થયા - વિજ્ઞાનદાસ નામ પડ્યું.

રજો તમોના ગુણ જો જણાય,
તે ટાળવા સંત કરે પ્રયાસ;
તે તર્ત છોડે ન પડે પ્રયાસ,
કલ્યાણની જો ઉર હોય આશ.

ક્વચિત્પૃથ્વીશય્યાઃ ક્વચિદપિ ચ પર્યંક શયનમ્ઃ
ક્વચિત્છાકાહારઃ ક્વચિદપિ ચ શાલ્યોદન રૂચિઃ ।
ક્વચિત્કન્થાધારી ક્વચિદપિ ચ દિવ્યામ્બરધરો
મનસ્વી કાર્યાર્થી ન ગણયતિ દુઃખં ન ચ સુખમ્ ॥

કોઈવાર જમીન પર તો કોઈવાર પલંગમાં સુવાનું મળે, કોઈવાર શાક તો કોઈવાર સુંદર ભાત ખાવાના મળે, કોઈવાર ફાટેલી કંથા (ગોદડી) તો કોઈવાર દિવ્ય વસ્ત્રો પહેરવાના મળે; પણ પોતાનું કાર્ય સિદ્ધ કરવા મંડેલો પુરુષ સુખ કે દુઃખને

ગણતો નથી.

■ **ખપ હોય તો પ્રલોભનોમાં પણ ન ફસાય :**

❊ ગોવિંદાનંદ સ્વામી સાધુ થવા નીકળ્યા ત્યારે રાજાની બાની ૧૦,૦૦૦/- રૂા. લઈને આવી - હું તમારી ને રૂપિયા તમારા તેમ કહ્યું - પણ તે ફસાયા નહિ ને નીકળી ગયા.

❊ બ્રહ્માનંદ સ્વામી સાધુ થવાના છે તે ખબર ગાયકવાડ સરકારને પડી, ત્યારે તેમણે સ્વામીને ઓફર મોકલી: 'તમે જો અહીં આવો તો તમને રાજકવિનું પદ, પરગણું, મહેલ, નોકર-ચાકર જે માંગો તે આપીએ.' આ જાણી બ્રહ્માનંદ સ્વામીએ પાછું લખી મોકલ્યું :

'મૈં ઢાઢી મહારાજ કો, હાજર હુકમ હજૂર;
ગાયો જશ ગોવિંદ કો, પાયો ધન ભરપૂર.'

તેઓ ન લોભાયા ને પરમહંસ બની ગયા.

આપણે પણ સત્સંગ કરીએ, ત્યારે ફિલ્મ, ટી.વી. હોટલ વગેરે પ્રલોભનો આવે છે. જો ખપ હોય તો તે ઠુકરાવી દેવાય.

❊ ક્રિકેટનો રસિયો હોય ને વર્લ્ડકપની છેલ્લી મેચ ચાલતી હોય. તેમાં જોવા જવાનું તેને આમંત્રણ મળે. ૯.૦૦ વાગે મેચ શરૂ થવાની હોય. તો તેની તૈયારી કેવી હોય ?

- રસ્તામાં કોઈ મિત્ર મળે ને કહે, 'ચાલ બગીચામાં ફરવા.' - તો જાય ?
- 'ચાલ, સીનેમાં જોવા, મફતમાં.' - તો જાય ?
- હોટલ કે પાણી પુરી ખાવામાં સમય બગાડે?!

બધાં પ્રલોભનોને પાર કરી જાય.

❊ સર્વનિવાસાનંદ સ્વામીએ ગોપાળાનંદ સ્વામી પાસેથી ગ.પ્ર.૨૦મું વચ. સાંભળ્યું ને ચોટ લાગી ગઈ - ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવાનું નક્કી કર્યું - વડતાલ જવા તૈયાર થયા - અમદાવાદના આચાર્ય કહે, 'તમને અમદાવાદ મંદિરના મહંત બનાવું, ચરણારવિંદની જોડ આપું, સેવકો, રથ આપું પણ અમદાવાદ છોડી ન જાઓ.' તેઓ પ્રલોભનોમાં ન ફસાયા અને ગોપાળાનંદ સ્વામી પાસે રહી બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરી.

સાચા ખપવાળાને કોઈ વિઘ્ન ન આવે. સંત સ્વામી ઘણીવાર વાત કરતા : 'જેને મોક્ષનો ખપ હોય તેને સત્સંગમાં કોઈ પ્રશ્ન જ ન નડે.' પણ આવા ખપવાળા ઝાઝા ન હોય.

❊ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું :

'ખોળી ખોળીને ખોળીયું, ખરા ખપવાળાની ખોટ રે;
જેને ન જોઈએ જાળવ્યા, સુણી સમજે સીધું સોટ રે.'

■ **ખપ કેવી રીતે જાગે ? મહિમા સમજાય તો :**

❊ વચ.ગ.મ.૧૬ : 'જો ભગવાનનું માહાત્મ્ય જણાય તો સહજ સ્વભાવે જ ભગવાનમાં તથા કથા-કીર્તનાદિકમાં શ્રદ્ધા વૃદ્ધિ પામે છે.'

❊ વચ.લોયા ૧૭ : 'એવા ભગવાનના સંત હોય તેને આગળ માન કેમ રહે ? જો સંતની મોટાઈ જાણી હોય તો તે સંત ગમે એવો તિરસ્કાર કરે તોપણ ધોખો થાય નહિ અને જેટલો લે એટલો પોતાનો અવગુણ લે પણ સંતનો અવગુણ કોઈ રીતે લે જ નહિ.'

❊ પર્વતભાઈ ગઢડા સમાગમ કરવા ગયા. ૭ દિવસ સુધી કોઈએ જમવાનુંય પૂછ્યું નહિ. તોય ડગ્યા નહિ. કારણ કે શ્રીજી મહારાજનો મહિમા સમજાયેલો.

❊ પ્રમુખસ્વામી : ''વડાપ્રધાનની સભામાં કોઈ બોલાવે નહિ, પાણીનોય કોઈ ભાવ ન પૂછે, આગળ બેસવા ન મળે તોય ધોખો થાય નહિ. કારણ કે, તેની મોટાઈ સમજાઈ છે, તેમ સત્સંગનો મહિમા સમજાય તો પ્રશ્ન ન આવે, ખોટું ન લાગે.''

મુક્તાનંદ સ્વામીએ કહ્યું :

શૂળી ઉપર શયન કરાવે,
તોય સાધુને સંગે રહીએ રે ...

❊ શિવલાલ શેઠને સોપારી ખાવા બદલ આત્માનંદ સ્વામીએ ભરસભામાં ટોક્યા કે, સભામાં હાડકું કોણ ચાવે છે ? - ખોટું ન લાગ્યું - ઊભા થઈને થૂંકી આવ્યા ને સોપારી ન ખાવાનો નિયમ લીધો.

આચાર્ય રઘુવીરજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીનો મહિમા સમજાયો તો તીર્થવાસી થઈ જૂનાગઢ રહ્યા.

❋ બ્રહ્માનંદ સ્વામીને મહારાજે બે હાથ કંતાન વધારે ન આપ્યું છતાં ખોટું ન લાગ્યું. કારણ કે શ્રીજી મહારાજનો મહિમા - પછી કહ્યું, ''નખ જેટલી પૃથ્વીમાંય તમારા સિવાય બીજો કોઈ ભગવાન દેખાતો નથી. માટે ગમે તેમ રાખશો તોય અહીં જ રહીશ.'' - જેના એક એક વેણે રાજાઓ મખમલી તાકા પાથરી દેતા, તે બ્રહ્માનંદ સ્વામીને શ્રીજી મહારાજે કંતાન ન આપ્યું તોય ડગ્યા નહિ.

❋ એક પટેલને ગુણાતીતાનંદ સ્વામીએ પગ ધોઈને આવવાનું કહ્યું તો ઘેર જતા રહ્યા - મહિમા નહોતો તો ખપ ન રહ્યો - સત્સંગ ખોઈ બેઠા.

❋ કૃષ્ણભક્તિનો મહિમા સમજાઈ ગયો તો શાહજહાંની પુત્રી 'આઝ' રાજમહેલ છોડીને નીકળી ગઈ ને બોલી :

સુનિયો સુજાની મેરે દિલ કી કહાની,
તેરે હાથ મેં બિકાની બદનામી ભી સહુંગી મૈં;
દેવપૂજા ઠાની તજી કલમા કુરાની,
મૈં નિમાઝ હું ભૂલાની, તેરે ગુન હી ગ્રહુંગી મૈં.
શ્યામલા સલૂના શિરતાજ શિરકલાધર,
તેરે નેહ દાગમેં નિહાલ હો રહુંગી મૈં;
નંદ કે કુમાર કુરબાન તેરે શરનો મેં,
હું તો મુગલાની હિંદવાની હો રહુંગી મૈં.

દુનિયામાં બધાને પૈસાનો મહિમા છે તો તે મેળવવા ઉપરી અધિકારીના લોકો તિરસ્કાર સહન કરી લે છે; ઘણાને સ્ત્રીનો મહિમા હોય છે તો ત્યાં પણ અપમાન થાય તો ખોટું ન લગાડે.

❋ દેવાનંદ સ્વામી કહે છે :

'નારી આગળ નિર્લજ્જ થઈને બીતો બીતો બોલે;
હડકલાવે હસી બોલાવે, કરે તરણને તોલે.'

આટલું અપમાન વેઠીને પણ તેને ન મૂકે - તેમ સત્સંગનો મહિમા સમજાય તો ખપ રહે.

■ **આવશ્યક્તા, જરૂરિયાત મનાય તો ખપ રહે :**

આપણને જે રોગ થયો હોય તેની દવા જે દુકાને મળતી હોય તો તે દુકાનદાર તિરસ્કાર કરે, ત્યાં તકલીફ પડે તોય તે દુકાન ન છોડીએ - કેરોસીન, રેશનીંગની લાઈનમાં લોકો સવારના ચાર વાગ્યાના ઊભા રહી જાય - દુકાનદાર ધમકાવે તોય ન ખસે - તેમ કલ્યાણની જરૂરિયાત હોય તો ખપ જાગે.

❋ મુક્તાનંદ સ્વામીને મોક્ષની અગત્યતા સમજાઈ તો ઘર મૂકી નીકળી ગયા ને ક્યાંય ન રોકાતા, ફસાતા રામાનંદ સ્વામી પાસે આવીને રહ્યા.

❋ સચ્ચિદાનંદ સ્વામી કહેતાં : 'મારા પગ કાપી નાંખે તો હું ઢસડાતો ઢસડાતો, જ્યાં સાધુનો એંઠવાડ નાંખે છે ત્યાં બેસું. અને એંઠવાડ ખાઈને સત્સંગમાં પડયો રહું પણ સત્સંગ છોડું નહિ.' કલ્યાણની મહત્તા સમજાયેલી તો તેમને આટલો ખપ હતો.

❋ રામકૃષ્ણ પરમહંસ પાસે એક મુમુક્ષુ - મારે ભગવાન જોવા છે - પરમહંસે ગરદન પકડી તેને પાણીમાં ડૂબાડયો - તે બહાર નીકળવા ફાંફા મારે પણ પરમહંસ નીકળવા ન દે. થોડીવાર પછી તેને બહાર કાઢયો ને કહ્યું : 'પાણીમાંથી બહાર નીકળવાનો જેવો તલસાટ હતો, તેવો ભગવાન મેળવવાનો છે ?' કલ્યાણની આવી રીતે જરૂરિયાત મનાય તો ખપ જાગે.

❋ ઝમકુબાને કલ્યાણની તાલાવેલી જાગી તો રાજમહેલ છોડી ગઢડા આવી ગયા. રસ્તામાં મરેલા ઊંટના હાડપિંજરમાં ભરાઈને રહેવું પડયું તોય પાછા ન પડ્યા - ગઢડામાં રાણી હતા છતાં છાણ-વાસીદું વાળવાની સેવા સોંપાઈ તોય ખોટું ન લાગ્યું.

❋ મુક્તાનંદ સ્વામી :

વણવાંકે વઢજો મારા વ્હાલમા;
દુઃખ લગાડીને દમતા;
એક પગ પર અમે ઊભલા રે રૈશું;
તજીને દેહની મમતા ...

ખપવાળાની આ વાણી છે!

આપણને પણ કલ્યાણની આવી જરૂરિયાત મનાય અને સત્સંગનો યથાર્થ મહિમા સમજાય તો ખપ જાગે !

૬. સ્વામીની વાત : ૨/૧૧૧ (સંત-સમાગમ)

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

મુમુક્ષુ છે તે નેત્રને ઠેકાણે છે, ને સમાગમ છે તે સૂર્યને ઠેકાણે છે. સૂર્ય હોય તો નેત્રે દેખાય, ને ગમે એવો સંસ્કાર હોય તોપણ સમાગમ વિના ટળી જાય, ને સમાગમ હોય ને સંસ્કાર ન હોય તોપણ (સંસ્કાર) થાય. માટે ક્રિયમાણ બળવાન છે.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

◎ **પૂર્વસંસ્કારનું બળ :**

આધ્યાત્મિક પ્રગતિ માટે પૂર્વ-સંસ્કાર પ્રબળ હોય તે સારી બાબત છે.

દા.ત. કેટલાક સત્સંગમાં નવા હોય, તેમ છતાં અલ્પકાળમાં તેને સત્પુરુષમાં હેત થઈ જાય, સાધનામાર્ગમાં અલ્પ દાખડો કરવા છતાં ભગવાન અને સંતનો નિશ્ચય થઈ જાય, તેનું કારણ એ છે કે તેના પૂર્વસંસ્કાર ભારે છે.

❊ પૂર્વસંસ્કારથી ઘણો લાભ થાય છે. તેનાથી સત્સંગ અને સત્પુરુષનો યોગ થાય છે. પરંતુ પૂર્વસંસ્કારથી અધિક સંતસમાગમનો મહિમા છે.

◎ **પૂર્વસંસ્કારથી અધિક સંતસમાગમનો મહિમા :**

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં સમજાવે છે કે પૂર્વસંસ્કાર કરતાંય આધ્યાત્મિક પ્રગતિનો મુખ્ય આધાર સમાગમ છે, સત્સંગ છે. સમાગમ ન હોય તો સંસ્કાર ભલે સારા હોય પણ જાણપણું ન હોય તો ટળી જાય છે, અને સમાગમ હોય તો સંસ્કાર ન હોય તોય થાય છે. તેથી ક્રિયમાણ એટલે કે અત્યારે આપણે જે સત્સંગ કરીએ છીએ, તે બળવાન છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, 'બી ગમે તેટલું સારું હોય, પણ વરસાદનો જોગ થાય, તો જ ઊગે.'

ગુણાતીતાનંદ સ્વામી ૫/૩૯મી વાતમાં કહે છે, 'પૂર્વનો સંસ્કાર હોય પણ ઊતરતો સંગ મળે તો સંસ્કાર ટળી જાય, ને સો જન્મે સારો થવાનો હોય તેને રૂડો સંગ મળે તો તરત સારો થઈ જાય.'

❊ અધ્યાત્મ રામાયણમાં વાલિયા લૂંટારાનું જીવન વૃત્તાંત દર્શાવ્યું છે. ચોરો સાથેના સહવાસને કારણે તે પાકો ચોર થઈ ગયેલો. ધનુષ્ય-બાણ લઈ વનમાં ભટકતો, વટેમાર્ગુને રોકતો, ચોરીને ધન મેળવતો. એકવાર તેણે સાત ઋષિઓને (સપ્તર્ષિઓને) વનમાંથી પસાર થતા જોયા. તેમણે વાલિયાને ખોટાં કર્મ કરવાનું કારણ પૂછ્યું. વાલિયો તો કુટુંબીજનોના ભરણપોષણ માટે અનાચાર કરતો હતો. ઋષિઓના કહેવાથી તેણે કુટુંબીજનોને આ પાપમાં ભાગીદાર થવા અંગે પૂછ્યું, પણ બધાએ ના પાડી દીધી એટલે વાલિયાને સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગ્યો. તેણે ઋષિઓનાં ચરણ પકડ્યાં. ઋષિઓએ તેને કહ્યું કે, "જ્યાં સુધી અમે પાછા ન આવીએ ત્યાં સુધી આ જ સ્થાને એકાગ્ર મનથી 'મરા' 'મરા' એમ જપ કરતો રહેજે." એક હજાર યુગ પછી ઋષિઓ પુનઃ પધાર્યા. વાલિયાના શરીર પર માટીનો રાફડો થઈ ગયેલો. ઋષિઓની આજ્ઞાથી વાલિયો ત્યારે વાલ્મીકમાંથી (રાફડામાંથી) બહાર આવ્યો. ઋષિઓએ તેનું નામ 'વાલ્મીકિ' પાડ્યું. તુલસીદાસજી કહે છે કે વાલ્મીકિજી ભગવાનનું ઊલટું (ઊંધું)નામ જપીને પણ પવિત્ર થઈ ગયા, બ્રહ્મર્ષિ તુલ્ય થઈ ગયા.

આ રીતે ભલે વાલિયા લૂંટારાના પૂર્વના સંસ્કાર ખરાબ હતા, પણ સંતસમાગમથી તે ખૂનીમાંથી મુનિ થઈ ગયા.

❊ બીજી બાજુ, શ્રીજીમહારાજના હસ્તે વાલો પટેલ ત્યાગી થયા અને તેમનું નામ વિરક્તાનંદ સ્વામી પડ્યું. તેઓ ગઢડા મંદિરના મહંત તરીકે સેવા આપતા હતા. આવા સારા પૂર્વસંસ્કાર હતા, છતાં કૃપાનંદ સ્વામીનો દ્રોહ કર્યો તો ગાંડા થઈ ગયા ને સ્થિતિ બહુ બગડી ગઈ.

આ રીતે વાલા પટેલના પૂર્વસંસ્કાર સારા હતા, પણ સંતના દ્રોહથી વિપરીત મતિ થઈ ગઈ.

તેથી જ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય - ૪૫** માં કહ્યું છે કે, **'ભગવાન અને ભગવાનના સંતને કુરાજી કરે ને તેણે જો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય, તો પણ તેનો નાશ થઈ જાય ને નરકમાં જવું પડે. અને ભગવાન અને સંત રાજી થાય એવું કર્મ કર્યું હોય ને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તોપણ તે ભૂંડાં કર્મનો નાશ થઈ જાય અને પરમપદને પામે.'**

◎ સિરપુરના સિદ્ધવલ્લભ રાજાને શ્રીજીમહારાજનો નીલકંઠવર્ણી વેશે યોગ થયો. તે સમાગમથી સંસ્કાર પલટાયા ને બીજે જન્મે શિવલાલ શેઠ નામે ઉત્તમ સત્સંગી બન્યા. ક્રિયમાણ સારું થયું તો સંસ્કાર થયા.

◎ દેવાનંદ સ્વામી કહે છે :

'અતિ મોટા પુરુષને આશરે રે;
બળે પૂર્વ જનમનાં પાપ ...'

❊ લક્ષ્મીચંદ શેઠ ખૂબ સત્કર્મવાળા હતા. તેઓએ શ્રીજીમહારાજ માટે અત્તરની શીશી ભેટ મોકલાવી. સંતોએ તે શ્રીજીમહારાજને આપી ત્યારે મહારાજે તે અત્તર થોડું થોડું સંતોની નાસિકાને ચર્ચ્યું. શેઠની આ સેવાથી તેમના સંસ્કાર જાગ્રત થયા ને બીજે જન્મે સત્સંગમાં આવ્યા.

આમ, સંસ્કાર ખૂબ સારા હતા પણ સમાગમ મળ્યો તો કામ થયું. માટે ક્રિયમાણ બળવાન છે. તેથી જ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૨**માં કહે છે : 'અમને તો એમ ભાસે છે જે, પૂર્વજન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષને યોગે કરીને થયો હશે અને આજ પણ જેને સંસ્કાર થાય છે તે સત્પુરુષને યોગે કરીને જ થાય છે.'

❊ નારદજીના સંગે અજામેળનું પ્રારબ્ધ, સંસ્કાર ફરી ગયાં ને તે ભગવાનના ધામને પામ્યો. વાલેરો વરુ, મુંજો સૂરુ જેવાના સંસ્કાર એવા નહોતા કે જેથી તે ભગવાનના ધામમાં જઈ શકે. પણ ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી સંસ્કાર થયા ને ધામમાં ગયા.

❊ બોચાસણના માથાભારે હીરામુખી શાસ્ત્રીજી મહારાજના સમાગમથી ભક્ત બન્યા.

❊ આફ્રિકામાં દાર એ સલામના વતની સુભાષભાઈ પટેલનું પ્રમુખસ્વામી મહારાજના પ્રસંગ પૂર્વેનું જીવન દુરાચારથી ભરપૂર હતું. કોઈ પ્રકારનું વ્યસન બાકી રાખેલું નહીં. ખાવું, પીવું, મારપીટ કરવી તો રોજિંદો ક્રમ હતો.

૧૯૯૫માં પ્રમુખસ્વામી મહારાજ સાથેની નાની મુલાકાતે તેમના જીવનમાંથી બધાં જ વ્યસન અને દુરાચારોએ છેલ્લાં રામ રામ કહ્યાં. હાથમાં બંદૂકનું સ્થાન માળાએ લીધું. ભક્તિમય જીવન બન્યું. આખું કુટુંબ સત્સંગી થયું. તેમણે બીજા અનેકને વ્યસનમુક્ત કર્યા અને સત્સંગમાં જોડ્યા.

❊ કબીરજીએ ગાયું...

'ગુરુ બિન કૌન બતાવે બાટ,
બડા વિકટ યમઘાટ.'(બાટ=રસ્તો)

સાચા સંતનો સમાગમ સૂર્ય જેવો છે, તે મુમુક્ષુને મુક્તિપંથે ચાલવા પ્રકાશ પાથરી આપે છે.

◎ મુંબઈ નિવાસી ફિલ્મ ડાયરેક્ટર શ્રી અરવિંદ બબ્બલને સિગારેટનું અઠંગ વ્યસન હતું. છેલ્લાં ૩૫ વર્ષથી રોજની ૪૫ સિગારેટ પીતા. એકવાર કંઈક કામપ્રસંગે પોલેન્ડ (યુરોપ) જવાનું હતું.

પોલેન્ડ જતી સીધી ફ્લાઈટ પકડે તો ૧૩ કલાકમાં ત્યાં પહોંચી શકાય, પણ તેમાં સિગારેટનું સુખ ત્યજવું પડે. તેથી દર બે કલાકે ફ્લાઈટ બદલી શકાય અને વચ્ચેના ગાળામાં સિગારેટ પિવાય તેઓ રસ્તો પસંદ કર્યો. આમ કરતાં ૩૬ કલાકે પોલેન્ડ પહોંચ્યા. પોલેન્ડથી ભારત પાછા વળતાં પણ આવું જ કરવું હતું, પણ તેમને સમાચાર મળ્યા કે મોસ્કોના એરપોર્ટ પર ધૂમ્રપાનનો નિષેધ છે, અને કોઈ ધૂમ્રપાન કરતાં પકડાય તો એક લાખ વીસ હજાર રૂપિયાનો દંડ ભરવો પડે. તેમને મન સિગારેટની ફૂંક સામે દંડ ક્ષુલ્લક બાબત હતી. તેમણે નક્કી કર્યું કે ભલે દંડ થાય, પણ સિગારેટ તો પીવી જ. તો એરપોર્ટ પર બાથરૂમમાં જઈને છૂપી રીતે ફૂંક લીધે પાર કરી. આવી વ્યક્તિને સિગારેટ છોડવાનો વિચાર સુધ્ધાં ક્યાંથી આવે ! પણ તા.૬/૧૨/૨૦૧૬ના રોજ મહંત સ્વામી મહારાજનાં દર્શને સુરત આવ્યા. સ્વામીશ્રીએ તેમના વ્યસનની વાત જાણી, તેમની આંખોમાં આંખ પરોવી બે હાથ ઘસીને કહ્યું કે 'ગયું' અને એક જ ઝાટકે ૩૫ વર્ષ જૂનું વ્યસન નિર્મૂળ થઈ ગયું.

❊ સાચા સંતના સમાગમથી વ્યસન અને સ્વભાવનું ઉન્મૂલન તો થાય જ છે. સાથે સાથે સાચા સંત જીવના હૃદયમાંથી માયિક દોષ પણ ટાળે છે.

શ્રીજીમહારાજે **વચનામૃત પંચાળા** - ૭માં કહ્યું કે, **'જ્યારે ભગવાનના એકાંતિક સાધુના વચનને વિષે વિશ્વાસ લાવીને નિષ્કપટભાવે કરીને ચરણકમળને ભજે છે ત્યારે એની માયિક દૃષ્ટિ મટે છે.'**

❊ યોગીજી મહારાજ વિશે એક સંતને ખૂબ ભાવ, પણ વ્યાવહારિક દૃષ્ટિએ અન્ય મંદિરોની સાધારણ આર્થિક સ્થિતિ સામે ગોંડલ મંદિરની રિદ્ધિ-સિદ્ધિ જોઈને તેમને લાગતું કે 'યોગીબાપા ગોંડલ મંદિરનું વિશેષ ધ્યાન રાખે છે. તેમને કેમ કોઈ કાંઈ કહેતું નથી ?' પોતાના મનમાં ઘૂમરાતી આ વાત તેમણે પ્રમુખસ્વામી મહારાજને કરી.

સ્વામીબાપાએ બધી વાત શાંતિથી સાંભળી, પછી તેમને સમજાવ્યા કે, 'મોટાપુરુષનો અભાવ આવે કે આટલું ઠીક કરતા નથી, પણ આટલું સમજો કે આ યોગીજી મહારાજ એ શાસ્ત્રીજી મહારાજ જ છે ! તેમાં રોમનોય ફેર નથી. મંદિરનો વ્યવહાર તો તેમની દૃષ્ટિથી ચાલશે.' સ્વામીબાપાના સમાગમથી તે સંતના હૃદયમાંથી બધી કસર ટળી ગઈ અને યોગીબાપા સાથે સંપૂર્ણ હેતથી જોડાઈ ગયા.

આમ, સંતસમાગમથી જીવમાંથી અભાવ-સ્વભાવ, મનુષ્યભાવ ટળે છે અને ભગવાન-સંત સાથે દૃઢ પ્રીતિ થાય છે.

◎ સંસ્કૃતમાં કહ્યું છે :

'દૃશ્યં તમસિ ન પશ્યતિ દીપેન વિના સચક્ષુરપિ।'

પોતાની પાસે આંખો હોવા છતાં અંધકારમાં દીવા વિના દૃશ્ય જોઈ શકાતું નથી, તેમ સમાગમ દીપક તુલ્ય છે. તે આપણને દૃષ્ટિ આપે છે.

❊ ગુણાતીતાનંદ સ્વામીએ ૧/૩૩૭મી વાતમાં કહ્યું કે, 'પૂર્વનો સંસ્કાર તે પૂર્વજન્મનું કરેલું હોય તેને કહેવાય એમ ન સમજવું, ત્યારે પૂર્વસંસ્કાર તે શું જે, આજે જે ક્રિયા કરીએ તે આવતીકાલે પૂર્વ કહેવાય એમ સમજવું. માટે આપણે મોટાનો સમાગમ થયો તે આજ આપણે ઘણું પૂર્વ થયું.'

માટે જો પૂર્વસંસ્કાર બળવાન કરવા હોય તો વર્તમાન સુધારવા પર તાન રાખવું જોઈએ. તેના માટે સત્પુરુષનો સમાગમ કરી તેમને રાજી કરી લેવા જોઈએ. આપણે પણ તે પ્રમાણે કરી શકીએ તે જ મહારાજ-સ્વામીનાં ચરણોમાં પ્રાર્થના.

❀ ❀ ❀

સ્વામીની વાત : પ્રકરણ - ૨ : વાત - ૧૧૨

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

મુમુક્ષુ છે તે નેત્રને ઠેકાણે છે, ને સમાગમ છે તે સૂર્યને ઠેકાણે છે. સૂર્ય હોય તો નેત્રે દેખાય, ને ગમે એવો સંસ્કાર હોય તોપણ સમાગમ વિના ટળી જાય, ને સમાગમ હોય ને સંસ્કાર ન હોય તોપણ (સંસ્કાર) થાય. માટે ક્રિયમાણ બળવાન છે.

■ **મધ્યવર્તી ઉપદેશ :**

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં સમાગમની આવશ્યકતા મહિમા સમજાવે છે.

સંસ્કૃતમાં કહ્યું છે :

'દૃશ્યં તમસિ ન પશ્યતિ દીપેન વિના સચક્ષુરપિ ।'

પોતાની પાસે આંખો હોવા છતાં અંધકારમાં દીવા વિના દૃશ્ય જોઈ શકાતું નથી. તેમ સમાગમ દીપક તુલ્ય છે. તે આપણને દૃષ્ટિ આપે છે.

શાસ્ત્રોમાં આધ્યાત્મિક પ્રગતિ માટે પૂર્વ-સંસ્કારની અગત્યતા સ્વીકારવામાં આવી છે. ભરતજીને પૂર્વસંસ્કાર બલિષ્ટ હતા, તો મૃગના દેહમાં અને બ્રાહ્મણના દેહમાં પણ તેની સ્મૃતિ રહી અને ક્યાંય ન બંધાયા.

❊ ભાગવતમાં વૃત્રાસુરની અદ્‌ભુત પ્રાર્થના આવે છે. આ શબ્દો કો'ક ભક્ત ભગવાનને પ્રાર્થના કરતો હોય તે કક્ષાના છે. આપણને આશ્ચર્ય થાય કે આવા શબ્દો અસુરના મુખે કેવી રીતે ? પણ પૂર્વે તે ચિત્રકેતુ રાજા હતો. તે ભક્તિ કરતો, પણ સહેજ ભૂલને લઈને તેને અસુર થવું પડેલું. છતાં પૂર્વસંસ્કારથી તેને સ્મૃતિ રહી ને ભગવાન પાસે યોગ્ય માંગ્યું.

જે કર્મ પૂર્વભવે કર્યું છે,
પ્રારબ્ધ તે આ તનનું ઠર્યું છે;
કર્મ પ્રમાણે સુખ દુઃખ થાય,
અભક્ત કે ભક્ત ભલે ગણાય.

- હરિલીલામૃત.

❊ ગ.મ. ૫૯ : ''સંતની ને ભગવાનની પ્રાપ્તિ થઈ છે, તોપણ કોઈકને એમ ડગમગાટ રહે છે જે, 'મારું કલ્યાણ થશે કે નહિ થાય ?' તેનું શું કારણ છે ? તો એ જીવને પૂર્વ જન્મને વિષે ભગવાન કે ભગવાનના સંતની પ્રાપ્તિ થઈ નથી ને તેમની સેવા પણ તેણે કરી નથી. એને તો આ જન્મમાં જ નવો આદર છે, તે આગલ્યા જન્મમાં ફળશે. અને જેને પૂર્વ જન્મમાં ભગવાનની કે ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હશે તથા તેમની સેવા કરી હશે, તેને તો આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ. અને નિશ્ચયમાં પણ ડગમગાટ થાય નહિ અને કામ, ક્રોધ, લોભ સંબંધી ઘાટ તો કદાચિત્ રહે, પણ ભગવાનનો નિશ્ચય તો કોઈ રીતે મટે નહિ, તે કોઈકને વચને કરીને ન મટે એમાં શું કહેવું ? એને તો જો પોતાનું મન ડગમગાટ કરાવે, તોપણ ડગમગાટ થાય નહિ.''

સંસ્કાર જો પૂર્વ તણો ન હોય,
સત્સંગી સારો નવ થાય કોય;
ઊંડી ન પેસે ઉરમાંહિ વાત,
જાળી વિના જેમ પડે ન ભાત.
મળે હરિ કે હરિના મળેલા,
સત્સંગી જે તેહ થકી થયેલા;
તેઓ તણાં ઉત્તમ અંગ જેવા,
પરંપરા અંગ ન હોય એવાં.

- હરિલીલામૃત

❊ આમ, સંચિત કર્મ એટલે કે પૂર્વ સંસ્કાર સારા હોય તો ઘણો લાભ થાય છે. તો જ સત્સંગ અને સત્પુરુષનો યોગ થાય છે. પણ સ્વામી સમજાવે છે કે તેના કરતાંય આધ્યાત્મિક પ્રગતિનો મુખ્ય આધાર સમાગમ છે, સત્સંગ છે. સમાગમ ન હોય તો સંસ્કાર ટળી જાય છે અને સમાગમ હોય તો સંસ્કાર ન હોય તોય થાય છે. તેથી ક્રિયામાણ

એટલે કે અત્યારે હાલ આપણે જે સત્સંગ કરીએ છીએ, તે બળવાન છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે, બી ગમે તેટલું સારું હોય, પણ વરસાદનો જોગ થાય, તો જ ઉગે.

ગુણાતીતાનંદ સ્વામી : 'પૂર્વનો સંસ્કાર હોય પણ ઉતરતો સંગ મળે તો સંસ્કાર ટળી જાય ને સો જન્મે સારો થવાનો હોય તેને રૂડો સંગ મળે તો તરત સારો થઈ જાય.' **(સ્વા. વાતો : ૫/૩૯)**

❊ ગ.મ. ૨૭ : 'જો નારદજીને રાજી કર્યા તો પ્રહ્‌લાદને દેશકાળાદિક અશુભ હતા, તોપણ નડી શક્યા નહિ અને જો સનકાદિકને કોપાયમાન કર્યા તો દેશકાળાદિક શુભ હતા, તોપણ જય-વિજય પડી ગયા.' અહીં સમાગમની - સંતની મહત્તા સ્પષ્ટ દેખાય છે.

❊ વર. ૧૪ : 'સત્પુરુષનો આશરો કરે ત્યારે ગમે તેવો પાપી હોય તોપણ અતિ પવિત્ર થઈ જાય છે અને તેને સમાધિ થઈ જાય છે. અને સત્પુરુષનો દ્રોહી હોય ને તે ગમે તેવો ધર્મવાળો જણાતો હોય તોપણ મહાપાપી છે. ને તેને કોઈ કાળે ભગવાનનાં દર્શન હૃદયને વિષે થાય જ નહિ.'

આમ, ગમે તેટલાં સત્કર્મ કર્યા હોય પણ સત્પુરુષ વિના તેનું ફળ મળતું નથી.

❊ ગ.મ. ૪૫ : 'ભગવાન અને ભગવાનના સંતને કુરાજી કરે ને તેણે જો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય, તોપણ તેનો નાશ થઈ જાય ને નરકમાં જવું પડે અને ભગવાન અને સંત રાજી થાય એવું કર્મ કર્યું હોય ને તેને જો નરકમાં જવાનું પ્રારબ્ધ હોય તોપણ તે ભૂંડાં કર્મનો નાશ થઈ જાય અને પરમપદને પામે.'

❊ ગ.પ્ર. ૫૮ : 'અતિશય જે મોટા પુરુષ તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે અને મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રૂડાં થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય.'

❊ ગ.પ્ર. ૫૫ : 'જો મોટા પુરુષની સેવામાં ખબડદાર થઈને રહે તો એનાં પાપ બળીને ભસ્મ થઈ જાય.'

આમ, સંસ્કાર કરતાં સંત સમાગમ મહત્ત્વનો છે.

❊ વાલિયાના પૂર્વ સંસ્કાર મલિન હતા, પણ નારદજીનો સમાગમ મળ્યો, તો ક્રિયમાણ બળવાન થયું ને સંસ્કારનું જોર ઘટી ગયું.

માટે ગુણાતીતાનંદ સ્વામી કહે છે :

'સત્પુરુષને સંબંધે કરીને જીવને સંસ્કાર થાય છે, તે એક જન્મે કે બે જન્મે પણ ભગવાનના ધામને પમાડે એવો પ્રગટનો પ્રતાપ છે. તેની વિક્તિ જે, એનું દર્શન થાય, એનો ગુણ લે, એનો પક્ષ લે, એની આગળ હાથ જોડે ને વળી સાધુ બહુ સારા છે એમ બોલે ને એને અન્ન-જળ આપે ઈત્યાદિક સંબંધ થાય; વળી જે ઝાડ તળે બેસે, વળી જે ઝાડનું ફળ જમે, વળી જે ઢોરનું દૂધ-દહીં જમે, ઈત્યાદિક અનંત પ્રકારે જીવને સંબંધ થાય તો તે સર્વે ભગવાનના ધામને પામે. એવો પ્રગટનો સંબંધ બળવાન છે અને પરોક્ષના સંસ્કારનું ફળ એ છે જે, ખાવા મળે, દેહે સાજો રહે, ને લોકમાં આબરૂ - ધર્મ રહે, એ પરોક્ષના આશરાનું ફળ છે.' **(સ્વા. વાતો : ૧/૨૯૯)**

❊ સિરપુરના સિદ્ધવલ્લભ રાજાને શ્રીજી મહારાજનો નીલકંઠવર્ણી વેશે યોગ થયો. તે સમાગમથી સંસ્કાર પલટાયા ને બીજે જન્મે શિવલાલ શેઠ નામે ઉત્તમ સત્સંગી બન્યા. ક્રિયમાણ સારું થયું તો સંસ્કાર થયા.

❊ જેતપુરનો રતો બશિયો પૂર્વજન્મમાં રાક્ષસ હતો. પણ નીલકંઠના પાદસ્પર્શે તેના સંસ્કાર બદલાયા ને બીજે જન્મે સત્સંગમાં,

ભલો ભક્ત થયો હતો બશિયો,
સદા શ્યામ સમીપે તે વસિયો;
પૂર્વભવનું હતું તેને જ્ઞાન,
વાત કરતો થઈ સાવધાન,
એનાં લક્ષણ એવાં જણાય,
પૂર્વભવનો તે ભક્ત મનાય;

કહી ઉત્તામ ભક્તિનું કામ,
અંતે પામ્યો તે અક્ષરધામ.
- હરિલીલામૃત

દેવાનંદ સ્વામી કહે છે :

'અતિ મોટા પુરુષને આશરે રે;
બળે પૂર્વ જનમનાં પાપ ...'

❊ વર. ૧૪ : ''ધર્મશાસ્ત્રને વિષે જે જે વર્ણાશ્રમના ધર્મ કહ્યા છે તે થકી જે બાહ્ય વર્તતો હોય તેને સર્વે લોક એમ જાણે જે 'આ કુપાત્ર માણસ છે' અને તે કુપાત્રને ભગવાન કે ભગવાનના સંતનો જો હૈયામાં ગુણ આવે તો એને એ મોટું પુણ્ય થાય છે અને વર્ણાશ્રમના ધર્મ લોપ્યા હતા, તેનું જે પાપ લાગ્યું હતું તે સર્વે નાશ થઈ જાય છે. અને તે જીવ અતિશય પવિત્ર થઈ જાય છે. માટે એને ભગવાનના સ્વરૂપમાં ચિત્ત ચોંટે છે, ત્યારે સમાધિ થઈ જાય છે. અને જે પુરુષ ધર્મશાસ્ત્રે કહ્યા એવા જે વર્ણાશ્રમના ધર્મ તેને પાળતો હોય ત્યારે સર્વે લોક તેને ધર્મવાળો જાણે. પણ ભગવાન અને ભગવાનના સાધુ તેનો જો દ્રોહ કરતો હોય તો તે સત્પુરુષના દ્રોહનું એવું પાપ લાગે છે જે, 'વર્ણાશ્રમના ધર્મ પાળ્યાનું પુણ્ય તેને બાળીને ભસ્મ કરી નાંખે છે.''

❊ લક્ષ્મીચંદ શેઠ ખૂબ સત્કર્મવાળા હતા. તેઓએ શ્રીજી મહારાજ માટે અત્તરની શીશી ભેટ મોકલાવી. સંતોએ તે શ્રીજી મહારાજને આપી ત્યારે મહારાજે તે અત્તર થોડું થોડું સંતોની નાસિકાને ચર્ચ્યું. શેઠની આ સેવાથી તેમના સંસ્કાર જાગ્રત થયા ને બીજે જન્મે સત્સંગમાં આવ્યા.

આમ, સંસ્કાર ખૂબ સારા હતા પણ સમાગમ મળ્યો તો કામ થયું. માટે ક્રિયમાણ બળવાન છે. તેથી જ શ્રીજી મહારાજ વચ.ગ.અં.૨માં કહે છે : 'અમને તો એમ ભાસે છે જે, પૂર્વજન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષને યોગે કરીને થયો હશે અને આજ પણ જેને સંસ્કાર થાય છે તે સત્પુરુષને યોગે કરીને જ થાય છે.'

સંસ્કાર બીજ જેવા છે અને સમાગમ વરસાદ જેવો છે.

વરસાદ પડે તો બીજ ઊગી આવે, તેમ સમાગમ મળે તો સંસ્કાર જાગ્રત થાય ને ફળ મળે. એટલું જ નહિ પણ સમાગમની અગત્યતા સમજાવવા ગુણાતીતાનંદ સ્વામી આથી પણ આગળની વાત કરે છે કે સમાગમનું બળ એવું છે કે તે સંસ્કાર ન હોય તો સંસ્કાર પણ કરે ને તેનુંય ફળ આપે.

❊ મુક્તાનંદ સ્વામી :

'સજના તણો સંસ્કાર શો શુભ હતો,
ગીધ ગણિકા અજામેળ એવાં;
એવા અધમ ઉદ્ધારણ પ્રભુને પરહરી,
કર્મ કર્તા કહે પશુ જેવા.
કર્મની રેખા તે કર્મજડને શિરે,
(ખરા) મર્મના જાણતલ ધર્મ પાળે;
મુક્તાનંદ ગુરુચરણને સેવતાં,
બ્રહ્મઅગ્નિ સર્વે કર્મ બાળે.'

❊ મુક્તાનંદ સ્વામી જણાવે છે કે ગીધ (જટાયુ), ગણિકા વગેરેને સંસ્કાર શુભ નહોતા, પણ બળવાન સમાગમ મળ્યો તો સદ્‌ગતિ પામ્યા. માટે ક્રિયમાણ બળવાન છે. તેથી જે આ મર્મના જાણનારા છે તે બીજાં સાધન મુક્તિ માટે નથી કરતા, પણ સાચા સંતના સમાગમમાં રહેવાનું પસંદ કરે છે.

ગ.પ્ર.૭૮ : 'શાસ્ત્રમાં તો પરમેશ્વર અને પરમેશ્વરના ભક્તનો સંગ તેનું જ પ્રધાનપણું છે. માટે દેશ-કાળાદિક તો પૂર્વકર્મના ફેરવ્યા ફરે નહિ, તે માટે જે પોતાના કલ્યાણને ઈચ્છે તેને તો નાસ્તિકની પેઠે કર્મનું બળ રાખવું નહિ. અને મન, કર્મ, વચને સંગ તો પરમેશ્વર અથવા પરમેશ્વરના ભક્ત તેનો જ કરવો.'

❊ નારદજીના સંગે અજામેળનું પ્રારબ્ધ, સંસ્કાર ફરી ગયાં ને તે ભગવાનના ધામને પામ્યો. વાલેરો વરુ, મુંજો સુરૂ, તખા પગી જેવાના સંસ્કાર હતા નહિ કે જેથી તે ભગવાનના ધામમાં જઈ શકે. પણ ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી સંસ્કાર થયા

ને ધામમાં ગયા.

બોચાસણના માથાભારે હીરામુખી શાસ્ત્રીજી મહારાજના સમાગમથી ભક્ત બન્યા.

રામસંગ બાપુ પ્રમુખસ્વામી મહારાજના સમાગમથી ભક્ત થયા. માટે ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે સમાગમ હોય તો સંસ્કાર ન હોય તોપણ સંસ્કાર થાય. તે વિના તો મુક્ત કક્ષાનો જીવ પણ બગડી જાય.

❊ અક્ષરધામના મુક્ત હોય તે પણ આ લોકમાં બંધાઈ જાય છે. તે વિજ્ઞાનદાસજીને અક્ષરધામની તો સમાધિ થતી ને મહારાજને ત્રણે અવસ્થામાં દેખતા, તોય ત્રણ ઘર કર્યા, પણ પોતાની મેળે નીકળાણું નહિ, પણ જ્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, ત્યારે નીકળાણું, એવો આ લોક છે. તે સારું તો મહારાજ અક્ષરધામ ને અનંત મુક્તે સહિત જ પધાર્યા છે, માટે સમાગમ કરી લેવો.

અક્ષરમુક્ત આ લોકમાં ચોંટી જાય નહિ, પણ સમાગમની મહત્તા બતાવવા ગુણાતીતાનંદ સ્વામીએ આ કહ્યું છે. સમજવાનું એટલું કે ગમે તેટલી ઉચ્ચ કક્ષાને પામ્યો હોય પણ સમાગમ ન કરે તો નીચે ઊતરી જાય.

❊ ભરત રાજા ઉત્તમ મુમુક્ષુ હતા. રાજ્ય છોડી વનમાં ગયેલા. પણ સમાગમ ન રહ્યો, તો મૃગલામાં બંધાયા. માટે સમાગમ વિના સાધનામાર્ગ સ્પષ્ટ થાય તેવો નથી.

❊ જનક રાજાને ગુરુનો સમાગમ હતો તો સાધનામાર્ગમાં ક્યાંય અટવાયા નહિ ને રાજ્ય કરવા છતાં ક્યાંય ન બંધાયા. માટે સમાગમ સૂર્ય જેવો છે, તે મુમુક્ષુને આગળ લઈ જાય છે.

કબીર :

'ગુરુ બિન કૌન બતાવે બાટ; બડા વિકટ યમઘાટ.'

બ્રહ્માનંદ સ્વામી :

'અંતર પ્રકાશ ભ્રમ નાશ નાહિ ગુરુ બિન,
કુન સત્ય બાતકું સુનાવહિ.'

સમાગમ સૂર્ય જેવો છે. તેથી અંતરનું અંધારું નાસે છે ને પ્રકાશ થાય છે.

ગુ શબ્દ અન્ધકારોઽસ્તિ, રુ શબ્દ તન્નિરોધકઃ ।
અંધકારવિરોધિત્વાદ ગુરુરિત્યાભિધીયતે ॥

❊ ગુરુ શબ્દનો પ્રથમ 'ગુ' અક્ષર અજ્ઞાનરૂપ અંધકારનો સૂચક છે અને બીજો 'રુ' અક્ષર અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરનાર પ્રકાશરૂપ છે. એટલે અજ્ઞાનરૂપ અંધકારનો વિરોધી હોવાથી 'ગુરુ' એ પ્રકારનું નામ કહેવાય છે.

આમ, ગુરુનો સમાગમ પ્રકાશ દેતાં સૂર્ય સરખો છે. તેથી જ કહેવાયું છે :

'અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાગ્જનશલાકયા ।
ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥'

અજ્ઞાનરૂપ તિમિર રોગથી આંધળા થયેલા મનુષ્યોના જેમણે જ્ઞાનરૂપ અંજન આંજવાની સળી વડે જ્ઞાનનેત્ર ઉઘાડ્યાં છે તે જ્ઞાન-વિજ્ઞાનની શોભાયુક્ત શ્રી ગુરુદેવને મારા નમસ્કાર હો!

❊ વિવેકાનંદને રામકૃષ્ણ પરમહંસ મળ્યા તો સાક્ષાત્કાર થઈ શક્યો. સમાગમથી સંસ્કાર જાગ્રત થયા.

❊ રાજા પરીક્ષિતને શુકદેવજી મળ્યા તો દૃષ્ટિ આપી.

'ત્વં તુ રાજન્ મરિષ્યતિ પશુબુદ્ધિં ઈમાં જહિ ।'

''હે રાજા ! તુ મરવાનો છે તેવી પશુબુદ્ધિનો ત્યાગ કર.'' સૂર્ય દૃષ્ટિ આપે તેમ શુકદેવજીએ જ્ઞાનદૃષ્ટિ આપી ને પરીક્ષિત નિર્ભય બની ગયો.

❊ ગોરા કુંભારને ભક્તોએ વિનંતી કરી કે ''માટલાની જેમ અમને પણ કાચા-પાકા ન ઓળખાવો ?'' ભગત બધાને માથે ટકોરો મારવા લાગ્યા. સંત નામદેવનો વારો આવ્યો. ગોરા ભગતે ટકોરો મારી કહ્યું : ''નામા કચ્ચા.'' નામદેવને અપમાન લાગ્યું કે, હું વિઠોબા સાથે વાતો કરું છતાં કાચો ? રાત્રે ધ્યાનમાં વિઠોબા (વિષ્ણુ) પાસે વાત કરી. વિઠોબા કહે, 'હા, કચાશ તો ખરી જ. તું ગુરુ કર. તે તને પાકો કરશે.' આમ, સંત ભગવાન સુધી પહોંચવાનો માર્ગ, પ્રકાશ પાથરી નિર્વિઘ્ન કરે છે. માટે તેના સમાગમની મહત્તા છે.

❋ આંબા શેઠ મુમુક્ષુ હતા. પણ શ્રીજી મહારાજમાં મનુષ્યભાવ આવી ગયો. મુક્તાનંદ સ્વામીનો સમાગમ મળ્યો, તો દૃષ્ટિ આપી. મુક્તાનંદ સ્વામીએ સમજાવ્યું કે, ''ભગવાન આગળ જગતનાં સ્ત્રી-પુરુષો તો રમકડાં જેવાં છે. રમકડાંમાં બાળકને મોહ થાય, મોટાને ન થાય. તેમ શ્રીજી મહારાજને આ લોકના કોઈમાં મોહ ન હોય.'' આ દૃષ્ટિ મળી ને આંબા શેઠ સત્સંગમાં દૃઢ થયા. માટે સમાગમ સૂર્યને ઠેકાણે છે.

ગુણાતીતાનંદ સ્વામી કહેતાં કે શ્રીજી મહારાજ પાસે કોઈ થોડી વાર બેસે, એટલે મહારાજ તેને મુક્તાનંદ સ્વામી પાસે મોકલતા. મુક્તાનંદ સ્વામી સમાગમથી ભગવાનના સ્વરૂપની સૌને દૃઢતા કરાવતા.

❋ શ્રીજી મહારાજ વચ.પં. ૭માં કહે છે :

'એ જ પ્રત્યક્ષ ભગવાનને મૂઢ જીવ છે તે માયિક દૃષ્ટિએ કરીને જુએ છે, ત્યારે પોતા જેવા મનુષ્ય દેખે છે અને જે પોતે જન્મ્યો હોય, બાળક થાય, યુવા થાય, વૃદ્ધ થાય ને મરી જાય તેમજ ભગવાનને પણ જાણે છે. અને જ્યારે ભગવાનના એકાંતિક સાધુના વચનને વિષે વિશ્વાસ લાવીને નિષ્કપટભાવે કરીને ચરણકમળને ભજે છે ત્યારે એની માયિક દૃષ્ટિ મટે છે.'

સૂર્ય જેમ નેત્ર આગળ રહેલું અંધારું ટાળે છે, તેમ સંત-સમાગમ મુમુક્ષુનું અજ્ઞાન અંધારું ટાળે છે. માટે પૂર્વ સંસ્કાર કરતાં તેની અગત્યતા વધારે છે.

❋ નારદજીના સમાગમથી કીડો પોપટ બન્યો, વાછડું બન્યો ને અંતે રાજાનો કુમાર બન્યો ને ભગવાનના ધામમાં ગયો. સમાગમથી સંસ્કાર થતા ગયા ને ઉર્ધ્વગતિ થઈ.

❋ આજે પ્રમુખસ્વામી મહારાજના યોગે આદિવાસી વિસ્તારોમાં જાગૃતિ આવી છે. તેઓ સ્નાન કરતા થયા, પૂજા કર્યા વિના પાણી ન પીએ. દારૂ-તાડી-માંસ છોડી દીધા; સાયકલ નીચે દેડકો કચડાઈ જાય તો ઉપવાસ કરી નાંખે. સંસ્કારશૂન્ય હતા, પણ સમાગમ મળ્યો તો સંસ્કાર થયા. માટે ક્રિયમાણ બળવાન છે.

વિદેશમાં આપણા સત્સંગી બાળકો એકાદશી કરે, બહારનું ખાય-પીવે નહિ, સિનેમા જુવે નહિ, માતા-પિતાને પગે લાગે. ત્યાંના વાતાવરણમાં તો સંસ્કાર રહે જ નહિ, પણ સ્વામીશ્રીના સમાગમથી આ બળ રહે છે. માટે ક્રિયમાણ બળવાન છે.

❋ ઈ.સ. ૧૯૮૫ - ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવમાં કેન્યાના મિનિસ્ટર જોસેફ મટુરિયાએ જીવનમાં કદાપિ દારૂ ન પીવાની પ્રતિજ્ઞા લીધી. તેને તો ગળથૂંથીમાંથી જ આ વ્યસન હોય જ, પણ સમાગમ મળ્યો તો અશુભ સંસ્કાર ટળી ગયા. માટે ક્રિયમાણ બળવાન છે.

આમ, આપણી મુમુક્ષુતાને સફળ કરવી હોય તો સમાગમ અનિવાર્ય છે. અર્જુનને ભગવાને દિવ્યદૃષ્ટિ આપી, તો વિશ્વરૂપ જોઈ શક્યો. તેમ સંત આપણને જ્ઞાનદૃષ્ટિ-દિવ્યદૃષ્ટિ આપે છે. તો આપણે ભગવાનનો મહિમા યથાર્થ સમજી શકીયે.

❋ બ્રહ્માનંદ સ્વામી :

'નાસિકા બદન બૈન દિને ગુરુ દિવ્ય નૈન,
શોભિત શ્રવન દૈ કે શબ્દ સુનાયો હૈ;
દિયે ગુરુ કર પાવ શીતલતા શિષ્યભાવ,
ગુરુરાય પિંડરું મેં પ્રાણ ઠહરાયો હૈ,
કહત હૈ બ્રહ્માનંદ કંદ સુખ દયાસિંધુ;
ગુરુદેવ મેરો ઘાટ દૂસરો બનાયો હૈ.'

ગુરુ દિવ્યદૃષ્ટિ આપી આપણો જીવભાવ ટાળી બ્રહ્મભાવ પમાડી દે છે; આપણા અવયવોનો માયિકભાવ ટાળી દે છે.

તેથી જ શ્રીજી મહારાજ વચ.વર.૪માં કહે છે:

''ત્રીશ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ તે મન-કર્મ-વચને કરીને રાખે, તો જેટલાં કલ્યાણને અર્થે સાધન છે તેટલાં સર્વે તેના સંગમાં આવી જાય છે.''

સ્વામીની વાત : ૨ (પ્રકરણ : ૨/૧૧૯)

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે...

મહારાજ કહેતા જે, હરિભક્ત કોઈ રીતે સુખિયા થાતા નથી; તે જો રૂપિયા આપીએ તો દર્શન કરવા નવરા થાતા નથી ને ગરીબ રાખીએ તો કહેશે જે ભાતું ન મળે, શું દર્શને જઈએ ? માટે બેય વાતે જીવ ભગવાનને ભજતા નથી. તે સારું ચાર ઉપાય કરીએ છીએ. તે સામ જે-વાતુ કરીએ છીએ ને દામ-જે ભગવાન આપીએ છીએ ને ભેદજે-સર્વે ખોટું કહીએ છીએ ને દંડ જે-જમપુરીનાં દુઃખ દેખાડીએ છીએ, એમ કરીએ છીએ.

- આ વાતમાં સ્વામી જીવની અવળાઈની વાત કરે છે.
- એક અવળચંડી બાઈ હતી. તેને તેના પતિ કહે એનાથી ઊંધુ જ કરે. ઠંડું પાણી માગે તો ગરમ લાવી દે. ખીચડી કરવાનું કહે તો દાળ કરે. ખાટલો પાથરવાનું કહે તો ઊંધો પાથરે. આવી અવળાઈનું ફળ ઊંધું જ આવે. એકવાર નદીમાં પૂર આવ્યું. બધા કહે, 'ધ્યાન રાખજે, પડે નહીં.' પેલી બાઈ પડી. ડૂબવા લાગી. ત્યાં એક ભેંસનું પૂંછડું હાથમાં આવી ગયું. એ પકડીને તરવા લાગી. ત્યા એના પતિએ કહ્યું, 'બરાબર પકડજે.' તો કહે 'લે આ છોડ્યું.' ને સમુદ્રમાં તણાઈ ગઈ. અવળાઈને લીધે.
- બીજા ઠેલ્યા ન ખસે ઠામથી,
  રોકે ત્યાં મૂકે દોટ રે... નિષ્કુળાનંદ સ્વામી
- ગ.મ. ૬૨ : આ જીવનો તો એવો સ્વભાવ છે કે જ્યારે ગૃહસ્થાશ્રમમાં હોય ત્યારે સંસારનો ત્યાગ કરવો ગમે અને જ્યારે ત્યાગ કરે ત્યાં સંસારસંબંધી સુખના ઘાટ થયા કરે.
- ગુ.સ્વા : જીવની અવળાઈને શું કહીએ ? જીવ તે જીવ જ. તે કહ્યું છે જે ઊંટ તો સઘળે અંગે વાકું. એવો જીવ અવળો છે. વળી લંબકર્ણ જેવો જીવ, તેનું પણ ભગવાનને સારું કરવું છે.
- એક ડોસીને શ્રીજી મહારાજ કહે, 'સ્વામિનારાયણ નામ બોલો.' 'હા, લેવા જેવું ખરું.' 'પણ બોલો તો કલ્યાણ થાય.' ડોશી, 'હા, લીધું હોય તો કલ્યાણ થાય.' પણ બોલી નહીં.
- અહીં સ્વામી હરિભક્તોના માનસની વાત કરે છે. પૈસા ન હોય તો ય દુઃખ ને હોય તો ય દુઃખ. રોટલા ખાવા ન મળે તો ય ફરિયાદ કરે ને મળે ત્યારે ભૂખ ન લાગે તો ય ફરિયાદ કરે.
- આણંદજીભાઈ સંઘેડિયાને વ્યવહાર ચાલે નહીં, તેથી દુઃખી થાય. મહારાજને દયા આવી. સંઘેડો લાવી આપ્યો ને કંઠીમાળા બનાવવાનું શરૂ કરાવી આપ્યું. પછી તો ધંધો જામ્યો. તો મહારાજને મળવા ય નવરા ન થાય.
- પ્ર. સ્વા. : કોઈ ગાડીવાળો કથામાં બેસવા તૈયાર થતો નથી.
- 'તડકામાં હોય તો બોલે તાપ લાગે છે. છાંયડે ઉભો રાખે તો કહે ઠંડી લાગે છે.' આવા માણસને શું કરીએ તો સુખ થાય એની વાત અહીં સ્વામી કરે છે.
- એવી સમજણ આપે છે કે સામી વ્યક્તિ સ્થિર રહી શકે - ગમે તેવા હેલા આવે, તો પણ.
- સંસાર ઉંટના બેસણા જેવો છે. એમાં હડદોલા આવશે જ. એમાં સુખ કે દુઃખ આવે તેમાં સ્થિર રહેવાનો એક જ ઉપાય છે - ભગવાનનું ભજન કરવું.
- જીવ ભગવાનનું ભજન નથી કરતો, તેનો આશરો નથી કરતો તેથી દુઃખી રહે છે. શ્રીજીમહારાજ વીસનગરમાં ગયા. ત્યાં શોભારામ શાસ્ત્રી મહારાજનો દ્વેષી. તે કહે, જો સ્વામિનારાયણ ભગવાન હોય તો ૮ દિવસમાં આંધળો થાઉં.' ચોથા જ દિવસે આંખો ગઈ. મહારાજ ગયા. દયા આવી ને કહે, 'એને દર્શને બોલાવો તો સારુ કરીએ.' ના ગયો. તેથી દુઃખી.
- જીવ ભગવાનને માર્ગે વળે એ માટે સ્વામી ચાર રસ્તા અજમાવે છે :

૧. સામ - એટલે વાતો કરે છે :

- મહારાજથી માંડીને ગુરુપરંપરામાં આ જ દિવસ સુધી એમણે કથા જ કરી છે.
- ગુ.સ્વા. : વાતનકી વાત બડી કરામત. વાતુ કરવાથી માખીમાંથી સૂરજ થાય છે. ને સૂર્યમાંથી માખી થાય. વાતન કી વાત બડી કરામત. કથા છે તે ભગવાનની મૂર્તિ છે.
- શિવલાલ શેઠ જૂનાગઢ ગયા. એક જગાએથી

સોનુ લઈને બીજી જગાએ વેચ્યું. તો રૂ. ૧૫૦ નફો થયો. તેની રસોઈ આપી. સ્વામી કહે, 'આ તો ૧૦૦ કરોડ મણ ઠૂંસાનો વેપાર કરવાનો વિચાર આવે ? આટલો સમય વાતો સાંભળી હોત તો કેટલો સમાસ થાત ?'

- ગ.મ. ૨૨માં શ્રીજીમહારાજ સંતોને અડધી રાતે જગાડીને વાતો કરે છે. પંક્તિમાં જમતા જમતા પણ વાતો કરતા.
- મુંબઈમાં ગુણાતીતાનંદ સ્વામીનું હસ્તલિખિત જીવનચરિત્ર વંચાતુ હતું. યોગીજી મહારાજ બિમાર હતા. છતાં ખૂબ રસથી સાંભળે. એક સંત માંદા હતા. તે કથામાં નહોતા આવ્યા. સ્વામી કહે, 'આ કથા એવી છે કે મારો રોગ અડધો મટી ગયો.'

૨. દામ જે ભગવાન આપીએ છીએ :

- લાભની વાત માણસને તરત મનાય છે.
- ભગવાન ને સંત પાસે જવાથી જે નાણું મળે છે તે અવિનાશી છે.
- રે શ્યામ તમે સાચુ નાણું, બીજુ સર્વે દુઃખદાયક જાણું -મુક્તાનંદ સ્વામી
- ભગવાનની મૂર્તિરૂપી સંપત્તિમાં જ્યારે જીવની દૃષ્ટિ પડે છે ત્યારે દુઃખ માત્ર ટળી જાય છે.
- બોટાદમાં ગોપાળાનંદ સ્વામીને શરીરે કળતર થઈ. એક સંતે આખી રાત સેવા કરી. ગોપાળાનંદ સ્વામી રાજી થયા. કહે, 'તમે મારા દેહની કળતર મટાડી, હું તમારા જીવની કળતર મટાડીશ.' જીવની કળતર ક્યારે મટે ? ભગવાન મળે તો.
- સંત કૃપાએ સુખ ઉપજે, સંત કૃપાથી સરે કામ, સંત કૃપાથી પામીએ પૂરણ પુરુષોત્તમ ધામ.
- ભગતજી મહારાજે સાડા ત્રણ વર્ષ સેવા કરી. પછી ગુ.સ્વાએ ૯ દિવસ ધ્યાનમાં બેસાર્યા ને મહારાજની મૂર્તિનો સાક્ષાત્કાર કરાવ્યો.

૩. ભેદ - જે સર્વે ખોટું દેખાડીએ :

- ભગવાન ને સંત થકી જગતના નાશવંતપણાની સમજણ દૃઢ થાય છે. ને તેથી અહં-મમત્વ ટળે છે. આને સાંખ્ય વિચાર કહે છે.
- સાંખ્ય વિના કસર ટળે નહીં. સાંખ્ય છે તે આંખ છે. સર્વ ક્રિયામાં નાશવંતપણાનું અનુસંધાન રાખવું જેથી દુઃખ ન થાય. - ગુ.સ્વા.
- એક બ્રાહ્મણનો દીકરો મરી ગયો. માથુ કૂટીને રડવા માંડ્યો. છાનો રહે જ નહીં. ગુ.સ્વા. એને મળ્યા. સ્વામી કહે, 'એક બ્રાહ્મણ મર્યો તો એક ખડિયો ઓછો. એનાથી કંઈ ઉદેપુરની ગાદી ખાલી થોડી પડી. કાનખજૂરાનો એક પગ ભાંગે તેમાં શું ? કોઈ મરતું જ નહીં હોય ?' પેલાને તરત વૃત્તિ પાછી વળી.
- ગઢડામાં વંડામાં ઓરડા ચણાયા. શ્રીજીમહારાજ રહેવા ગયા. ત્યાં કોઠારી કહે, 'મહારાજ ઓરડા બહુ સારા થયા.' મહારાજ કહે, 'પીંડા પર પીંડા ચઢાવ્યા. પડશે તે પાછા પૃથ્વીમાં સમાશે.'
- મયારામ ભટ્ટને સાંખ્યની આવી દૃઢતા થયેલી. દેહ, સગાસંબંધી કે જગત ખોટું થયેલું. તો ઘણીવાર કહેતા, 'આ બાયડી-છોકરા મરે, તો હમણા નવરા છીએ તે બાળી આવીએ.'
- મયારામ ભટ્ટ વિધુર હતા. ફરી લગ્ન કરવાનું રામાનંદ સ્વામીને પૂછવા ગયા. રામાનંદ સ્વામી, 'ત્રણ ફર્યા હોય તો ચોથો ફરવાની ના પાડું.' ન પરણ્યા.

૪. દંડ - જમપુરીના દુઃખ દેખાડે છે.

રવજી સુથારને પરણવાની ખૂબ ઈચ્છા. મહારાજની ના છતાં પરણ્યા. મહારાજે તેના પત્નીને બોલાવ્યા. 'બીજાને માથે એક જમપુરી, તારે માથે બે. માટે તું એ કહે એનાથી અવળુ કરજે.' એમ કહીને આવી બીક બતાવી. ને રવજી સુથારની આસક્તિ ટાળી.

આમ મહારાજ-સ્વામીને એક જ ઈચ્છા રહ્યા કરે કે જીવ કોઈ રીતે ભગવાનને માર્ગે ચડે. એ માટે પોતે વિવિધ ઉપાયો અજમાવે છે. ◆

સ્વામીની વાત : ૧ પ્રકરણ : ૨ વાત : ૧૭૧

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે.....

'ઉપાસના સમજવી જે કોટાનકોટી ભગવાનના અવતાર જે શ્રીકૃષ્ણ રામચંદ્ર, વાસુદેવ, નરનારાયણ ઇત્યાદિક સર્વના કારણ મહારાજ છે. ને પૂર્વે અવતાર થઈ ગયા એવા તો આજ સત્સંગી ને સાધુ છે. પણ આપણને મહિમા પૂરો સમજાતો નથી ને શ્રીકૃષ્ણે કેટલું જ્ઞાન કર્યું ત્યારે એક ઉદ્ધવે ત્યાગ કર્યો ને આજ તો વીસ વીસ વરસના સંસાર મૂકીને ચાલ્યા આવે છે. ને પૂર્વે શાસ્ત્રમાં સ્ત્રી તો કોઈએ ત્યાગી નથી ને આજ તો હજારુ બાઈયું ત્યાગ કરે છે. ને પૂર્વે ભગવાન બે-ત્રણને તેડવા આવ્યા તે શાસ્ત્રમાં લખ્યું છે. ને આજ તો ઘરોઘર ભગવાન તેડવા આવે છે, ને બીજા અવતાર મોટા મોટા પારસમણિ જેવા છે ને પુરુષોત્તમ તો ચિંતામણિ છે.'

● સ્વામીની વાતનું નિરૂપણ

* શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામીના વચનોને આધારે ઉપાસના સમજવી, સ્વરૂપનિષ્ઠા દૃઢ કરવી અતિ આવશ્યક છે.
* સત્સંગની સૌથી અગત્યની વાત ગુણાતીતાનંદ સ્વામી અહીં સમજાવે છે.
* ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'સ્વરૂપનિષ્ઠા છે તે એકડાને ઠેકાણે છે.' એકડો હોય તો જ શૂન્યની કિંમત છે. એમ સ્વરૂપનિષ્ઠા કલ્યાણના માર્ગમાં એકડાનું સ્થાન ભોગવે છે.
* ગ.મ. ૯ : 'પોતાને મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય, સાકારમૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું.'
* ગુણાતીતાનંદ સ્વામી : 'શ્રીજીમહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં નહીં જવાય.'
* અક્ષરધામમાં જવા, ભગવાનના દ્રોહથી બચવા, સર્વ સાધનની સિદ્ધિ માટે (ગ.પ્ર. ૫૬) ઉપાસના અતિ આવશ્યક છે.
* 'ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની ઉપાસનાનું બળ સત્સંગ કરીને દિવસે દિવસે વૃદ્ધિ પમાડવું.' (ગ.પ્ર. ૫૬)
* ઉપાસના એટલે ઉપ્ + આ + સના એટલે ''ની સામે આસન કરવું તે.''

● ઉપાસનામાં શું સમજવું ?

* શ્રીજીમહારાજ કર્તા, સાકાર, સદા દિવ્ય, સર્વોપરી અને પ્રગટ છે. આ પાંચ વાત ઉપાસનામાં સમજવી.

● આ વાતમાં સ્વામી શ્રીજીમહારાજનું સર્વોપરીપણું સમજાવે છે. ગુણાતીતાનંદ સ્વામી વંથળીના કલ્યાણભાઈના દીકરા ડાહ્યા સામે જોઈને બોલ્યા :

'પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે તે કરતાં આ સત્સંગીના છોકરા સામું જોઈએ છીએ ત્યાં તો કરોડ કરોડ ગણું અધિક દૈવત જણાય છે.' (૩/૭૨)

અવતારો જેવું સામર્થ્ય તો સત્સંગીના છોકરાઓમાં કહ્યું. તો શ્રીજીમહારાજ સર્વોપરી

કેમ નહીં ?

૧. શાસ્ત્રોમાં સમાધિને અતિ દુર્લભ કહી છે. અષ્ટાંગયોગ સિદ્ધ કર્યા પછી સમાધિ શ્રીજીમહારાજ પોતે તો કરાવતા પણ તેમના ભક્તો દ્વારા પણ કરાવતા.

ભક્તચિંતામણિ : **પછી મુક્તાનંદ સ્વામીને વચને, થાય સમાધિ સહુ જનને.**

૨. સ્વામીની વાત : 'શાસ્ત્રમાં એક નરનારાયણને નિષ્કામી કહ્યા છે.'

જ્યારે મહારાજે કેવા નિષ્કામી સંતો/હરિભક્તો પકવ્યા તે જૂઓ.

* મયારામને એકાંતમાં સ્ત્રીનો યોગ થયો છતાં ડગ્યા નહીં.
* ગોવિંદ સ્વામીને રૂપિયા ૧૦૦૦ રોકડા અને ઘરેણાં સાથે બાની મળી પણ લોભાણા નહીં.
* સુરાખાચર (લોયા) જસદણની કુલટા બાઈમાં ન લોભાણા. મહારાજ એમને યતિ કહીને ભેટ્યા હતા.
* બ્રહ્માનંદ સ્વામીને વચનામૃત જેતલપુર-૨માં યતિ કહ્યા.
* શિવલાલ શેઠને પોતાના ઘરમાં છ માસથી આવેલ સાળીની ખબર નહોતી.
* ઉપલેટાના લાલભાઈએ પોતાની ૧૬ વર્ષની દીકરી સામે નજર સુદ્ધાં નહોતી નાખી.

૩. સ્વામી કહે છે : 'શ્રીકૃષ્ણે કેટલું જ્ઞાન કર્યું ત્યારે ઉદ્ધવે માંડ માંડ ઘર છોડ્યું. પણ શ્રીજી મહારાજના વચને કેટલાય નાની ઉંમરે (૨૦-૨૦ વર્ષના) સંસાર ત્યાગીને સાધુ થયા છે.'

* વળી, શ્રીજીમહારાજનો એક પત્ર વાંચીને ૧૮ ગૃહસ્થો જેમાં ગરાસદારો, દરબારો, વેપારીઓ, મોટા ખેડૂતો, જાગીરદારો હતા. તે સાધુ થવા નીકળ્યા હતા. એમાં કડુના કલ્યાણભાઈનું નામ પણ નહોતું તે કલ્યાણભાઈ લગ્નની ચોરીમાંથી સાધુ થવા નીકળી ગયા હતા.
* કચ્છમાં માનકૂવાના મૂળજી-કૃષ્ણજી પહેરણ કાઢવા પણ ન રહ્યા ને સાધુ થવા નીકળી પડ્યા.
* હરજી ઠક્કરને તેમના જમાનામાં લાખ રૂપિયાનું ધીરાણ હતું પણ તે છોડી મહારાજના કારભારી તરીકે સેવામાં આવી ગયા હતા.

● **એજ રીતે આજે તો હજારું બાઈયું પુરુષોનો ત્યાગ કરે છે.**

* જીવુબા લાડુબાએ સંસાર ન માંડ્યો
* રાઈબાએ પરણ્યા ધણીનો ત્યાગ કર્યો.
* ઉદેપુરના ઝમકુબા રાજપાટ-રાણીપદ છોડી સાંખ્યયોગી થયાં.
* જેતલપુરના રામબાઈએ પરણ્યા ધણીનો ત્યાગ કર્યો.
* પચ્છમ અને બોરૂની વચ્ચે તળાવ કિનારે બેઠેલા શ્રીજીમહારાજની સભામાં કમિયાળાના મોડભાના બહેન જીજીબા પોતાનાં માતુશ્રી સાથે બેઠા હતાં. ત્યારે મહારાજે પૂછ્યું : 'રામબાઈ સાંખ્યયોગી થયા ત્યારે કેટલી ઉંમર હશે ? કોઈકે કહ્યું : '૧૦-૧૨ વર્ષની.' આમ, બે-ત્રણ વાર મહારાજે પૂછ્યું એટલે જીજીબા પોતાનાં માને કહે : 'મા ! મા ! હવે સંસાર હરામ.' મા કહે : 'આવું અમંગળ ન બોલાય?' ત્યારે જીજીબા કહે : 'મહારાજ મારી સામું જોઈને વાત કરે છે.' એમ બોલી ઘર છોડી આજીવન સાંખ્યયોગી થઈને રહ્યા.

● **શ્રીજીમહારાજ અંતકાળે પોતાના ભક્તોને ધામમાં લઈ જવા પધારે છે.**

ભક્તચિંતામણિ :

'મારા જનને અંતકાળે, જરૂર તેડવા આવવું,
બિરૂદ મારું એ ન બદલે, તે સરવે જનને જણાવવું.'

* શ્રીજીમહારાજે આ વચન એવી રીતે પાળ્યું કે અનેકને દિવ્ય વાહનો દ્વારા અંતકાળે તેડવા પધારતા.
* અલિયાસ નામના મુસલમાને ગઢડા મંદિરના પાયામાં અજાણે એક પથ્થર નાખ્યો. તેની સેવા ગણી મહારાજ અંતકાળે તેને તેડવા આવ્યા.

* વડોદરાની એક બાઈને કાને 'રે સગપણ હરિવરનું સાચું-' એ કીર્તનના શબ્દો પડ્યા હતા. તે ગમી જતા તે અખંડ ગણગણ્યા કરતી તેને અંતકાળે મહારાજ તેડવા ગયા. તેણે પૂછ્યું : 'તમે કોણ ?' ત્યારે મહારાજ કહે : 'સ્વામિનારાયણ.'

તે કહે : 'કેમ આવ્યા છો ?'

તો મહારાજ કહે : 'તું કાયમ હરિવરને યાદ કરતી હતી તે હરિવર હું છું, તે સગપણે કરીને તને ધામમાં લેવા આવ્યો છું.'

આવા અનેક પ્રસંગો સત્સંગના ઈતિહાસમાં છે.

* આ બધી વાત દ્વારા સ્વામી સમજાવે છે કે શ્રીજીમહારાજ દ્વારા જે સામર્થ્ય જણાયું તેવું તો અગાઉના કોઈ અવતારમાં જોવા મળતું નથી. માટે શ્રીજીમહારાજ સર્વ અવતારના કારણ છે.

● **સર્વોપરીપણાના શ્રીજીમહારાજનાં વચનો :**

* અમ. ૭ : 'અમે એકલા જ સર્વેથી પર એવું જે પુરુષોત્તમનું ધામ તેમાં ગયા. ત્યાં પણ હું જ પુરુષોત્તમ છું. મારા વિના બીજો કોઈ મોટો દેખ્યો નહીં.'
* અમ. ૬ : 'આ સત્સંગમાં જે ભગવાન વિરાજે છે, તે જ ભગવાનમાંથી સર્વે અવતારો થયા છે ને પોતે તો અવતારી છે ને એ જ સર્વેના અંતર્યામી છે.'
* ગ.અં. ૩૮ : 'અને એવા જે પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તેના સ્વરૂપમાં અને અક્ષરધામને વિષે રહ્યા જે ભગવાન તેના સ્વરૂપમાં કાંઈ ભેદ નથી. એ બે એક જ છે. એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે. ઈશ્વરના ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને સર્વ અવતારના અવતારી છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે.'

આવી રીતે અક્ષર અને પુરુષોત્તમનાં વચનો દ્વારા સ્વરૂપનિષ્ઠાની સર્વોપરીપણાની આ વાત આપણે સમજીને સિદ્ધ કરવાની છે.

● **સ્વરૂપનિષ્ઠા સમજવાથી ફાયદા :**

* ગ.મ.૧૩ 'પંચવિષય અને સ્વભાવ જીતાય છે...'
* ભગવાનની પ્રાપ્તિનો અખંડ આનંદ રહે છે.
* નિષ્કુળાનંદ સ્વામી :

શીદને રહીએ રે કંગાલ રે સંતો, શીદને રહીએ રે કંગાલ;
જ્યારે મળ્યો મહા મોટો માલ રે...

● **આવી વાત કોના થકી સમજવી :**

* ગ.મ. ૧૩ : 'જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે.'

  ગુણાતીતાનંદ સ્વામીએ ૧૧૬ વર્ષના ભાયાત્માનંદ સ્વામીને સર્વોપરીપણાની નિષ્ઠા કરાવી હતી.
* એ પરંપરામાં અત્યારે પ્રમુખસ્વામી મહારાજના સમાગમથી આ સ્વરૂપનિષ્ઠા દૃઢ થાય છે.

● આવી નિષ્ઠા વગર અક્ષરધામમાં જવાતું નથી. તેથી તે નિષ્ઠા કરવા શું કરવું - મન કર્મ વચને પ્રગટ સત્પુરુષનો સમાગમ કરવો પડે છે.

મન - મને કરીને સંતને નિર્દોષ જાણવા.

કર્મ - દેહે કરીને સંતની આજ્ઞા પાળવી.

વચન - વચને કરીને સંતના ગુણ ગાવા-સાંભળવા. ◆

સ્વામીની વાત : ૨ : (પ્રકરણ : ૨/૧૮૯)

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે...

પરલોકમાં જાવું છે એવો તો કોઈ મનસૂબો જ કરતા નથી, પણ આંહી તો નહીં જ રહેવાય ને આ લોકમાં તો જાણે આવ્યા જ નથી, એવું કરી નાખવું ને છેલ્લો જન્મ કરી નાખવો તે છેલ્લો જન્મ તે શું જે, કાંઈ વાસના રહેવા દેવી નહીં. ને આ લોકની સ્થિતિ બાંધવાનું તાન છે, પણ એ તો નહીં રહે ને ગમે એટલાં કામ કરશું તો પણ સર્વે એક દિવસ મૂકીને સ્વભાવ મૂકવા છે ને સાધુ થવું છે, તે સારું કથા, વાર્તા, સ્મૃતિ કરવી, ગુણ ઓળખવા એ કરવાનું છે.

સ્વામીની વાતનું નિરૂપણ

- આ લોકનું કશું જ સાથે આવવાનું નથી. આ વિચાર દૃઢ કરવો. આનું નામ સાંખ્ય.
- બોટાદના શિવલાલ શેઠ ધ્યાન કરતા હતા. તે વખતે ઘી ઢોળાયું. ધ્યાન ન આપ્યું. તેના પિતા કહે : 'શિવા, થોડુ ધ્યાન તો રાખ.'
  શિવલાલ શેઠ કહે : 'બહાર ઢોળાવાનું હતું તેની બદલે અહીં ઢોળાયું.
- ભક્તિવલ્લભ સ્વામી પૂર્વાશ્રમના આણંદના પાટીદાર હતા. શાસ્ત્રીજી મહારાજ તેમની દુકાને ગયા. પૂછવું : 'સાધુ થવું છે !'
  'હા.' તરત જ સાથે નીકળ્યા. શા.મ. 'દુકાનની ભલામણ નથી કરવી ?' તો કહે : 'આપણી ક્યાં છે. આપણે ક્યાં ભેગી લાવ્યા હતા ?'
- માતા-પિતા યુવતી સૂત બાંધવ
  સંગ ચલત નહીં,
  સમજ મન હરિ ભજતા સુખ હોઈ - બ્રહ્માનંદ સ્વામી
- બગદાલ નામે એક ઋષિ થઈ ગયા. તેમને પૂછ્યું : 'તમારી ઉંમર કેટલી ? '૭૮, રામાવતાર થઈ ગયા.' 'રહેવા માટે કંઈક ઝૂંપડી જેવું તો બાંધો.' 'થોડા કાળ જીવવું ને ઝૂંપડી ક્યાં બાંધવી.' હવે વિચારો એક રામાવતાર ૨૧ લાખ વર્ષે થાય. આવા ૭૮ અવતાર જીવ્યા. પણ મનમાં સાંખ્યની દૃઢતા કે અહીં નહીં જ રહેવાય ને સાથે ય કશું નથી જ આવવાનું.
- એક શિષ્યએ ગુરુને કહ્યું : 'જુઓ આ ગાય લાવ્યો.' 'બહુ સારુ. દૂધ મળશે.' થોડા દિવસ પછી રડવા લાગ્યો. 'ગાય, કોઈ ચોરી ગયું.' ગુરુ કહે : 'સારુ થયું. છાણવાસીદું મટ્યું.' આમ સમજીને સુખી રહેવાય.
- ગમે તેટલું કરીશું પણ એ બધું મૂકીને સ્વભાવ મૂકવાના છે. તે સારુ કથા-વાર્તા ને સ્મૃતિ કરવી.
- મનુષ્યદેહનું ફળ શું ? સ્વભાવ ટળે અને સારાં સાધુનો સંગ મળે. - ગુણાતીતાનંદ સ્વામી
- મનુષ્યદેહ મળ્યા પછી લૌકિક કમાણી ગમે તેટલી કરી, પણ આંખ મીંચાયા પછી કશું જ સાથે નથી આવવાનું. તે માટે સંત સમાગમ કરી સ્વભાવ ટાળવાનો અભ્યાસ રાખવો. ને આ લોકમાં ક્યાંય વાસના રહેવા દેવી નહીં.
- આ લોકનો જીવને ફેર ચડી ગયો છે. તે વાત સાંભળે ત્યારે જેમ પાણી ઉપર શેવાળમાં

લાકડી મારે તે નોંખું થઈને પાછું ભેગું થઈ જાય, તેમ લોકમાં પાછું ભળી જવાય છે. એવો આ જીવનો ઢાળ છે.

- ફેર ચડી જવો એટલે એ રૂપ થઈ જવું. સૂતા, જાગતા, હાલતા, ચાલતા એના વિચારો આવે એ ફેર ચડ્યો કહેવાય.
- ગઢાળીના આંબા શેઠ કાપડના વેપારી હતા. રોજ ગ્રાહકની સાથે ભાવતાલમાં આનાકાની કરે. એક વાર સ્વપ્નમાં એક ઘરાક સાથે સોદો ચાલ્યો. પેલો કહે : 'પાંચ રૂપિયા.' ને શેઠ કહે : '૬ રૂપિયા' એમ રકઝકમાં છેવટે શેઠ સૂતા સૂતા જ બબડ્યા. 'લે તારુંય નહીં ને મારું ય નહીં, સાડા પાંચમાં ઉઠાવ.' એમ કહીને ઓઢેલો ચોફાળને વચ્ચેથી ચીરી નાંખ્યો.

નિર્લજ્જ તું નવરો ન રહ્યો, ઘરધંધો કરી,
માયા માયા કરતો મૂરખ, ના બેઠો ઠરી.
- દેવાનંદ સ્વામી

- વસોના વાઘજીભાઈ ગુણાતીતાનંદ સ્વામીનાં ખૂબ કૃપાપાત્ર. તેમને સદાય આનંદમાં જોઈ તેમના પિતા તુલસીભાઈએ એકવાર સ્વામીને વસો બોલાવ્યા અને કહે : 'બેના ચાર દિવસ રહો, પણ વાઘજી જેવું ટાઢું કરો. પણ હું હમણા દુકાને જઈ આવું. રાતે લાભ લઈશ.' આમ રોજ કહે, પણ દુકાને જાય ને નવરા જ ન પડે. આમ, સ્વામી ૮ દિવસ રોકાયા તો ય બેઠા નહીં ને 'ટાઢુ કરો.' એમ કીધા કરે. પછી સ્વામીએ તેમને પકડીને બેસાડ્યા. ને કહે : 'લાખ મણ લોઢાની લોઢી તપાવીને લાલચોળ કરી હોય પછી તેને ડોલ પાણી છાંટો તો ઠરે ? તેમ તમારું અંતર વહેવારથી ધગી ગયું છે. આ ફેર ચડ્યો છે. એટલે અમારી વાત તમને ઊતરશે નહીં.'
- આપણને આ લોકની સત્તા, સંપત્તિ મોટાઈ, વેપાર-નોકરીનો ફેર ચડી ગયો છે. એટલે મહારાજ-સ્વામી પાસે માગવાનું પણ આવું થાય છે. સ્વામીબાપાને પત્રો આવે છે, તેમાં ૯૦% પત્રોમાં લૌકિક વ્યવહારની જ માંગણી હોય. આ જ સૂચવે છે કે મોટા ભાગનાને લોકનો ફેર ચડી ગયો છે.
- બોટાદના ધના સોનીને મહારાજે સમાધિમાં અક્ષરધામ બતાવ્યું. અક્ષરધામમાં સુવર્ણના મહેલ ફુવારા, બાગ બગીચા જોઈ તે ડોલવા લાગ્યા. ઈંટો પણ સોનાની. તેમને થયું કે એક ઈંટ આવી જાય તો કામ થઈ જાય. અક્ષરધામમાં સોનાની ઈંટ ખેંચવા લાગ્યા. આનું નામ ફેર.
- ગઢડામાં પ્રેમજી સુથારને દેશકાળ બહુ ખરાબ. એટલે મહારાજ પાસે આખો દિવસ બેસી રહે, મહારાજે તેમને આવક થાય તે હેતુથી ત્રણ પાંખડાવાળી સારડી અપાવી અને કંઠી-માળા બનાવવા કહ્યું. હરિભક્તોને પણ તેની કંઠી ખરીદવા આજ્ઞા કરી. પ્રેમજીનો ધંધો ચાલ્યો, એવો ચાલ્યો કે નવરો પડે જ નહીં. દર્શન-કથા બધું બંધ થઈ ગયું. આનું નામ ફેર.
- વાત સાંભળે ત્યારે મનમાં થઈ જાય હવે ભગવાન ભજવા છે.
- કુવામાં સપાટી પર લીલ ભેગી થઈ જાય તેમ આપણે સ્વામીબાપાની વાત સાંભળીએ, વચનામૃત વાંચીએ કે પૂર્વના હરિભક્તોના પ્રસંગો સાંભળીએ, ત્યારે બળ આવી જાય કે હવે તો પર્વતભાઈ ગોરધનભાઈ જેવું જીવન જ જીવવું છે. પણ જેવા ઘેર જાય કે તરત ઢીલા ઘેંસ.
- એક ભાઈએ બુદ્ધનું જીવનચરિત્ર વાંચ્યું કે એક જણને મરેલો જોઈ તેમણે રાજ છોડી દીધું ને ઉચ્ચ સ્થિતિને પામ્યા. થોડા દિવસ પછી તેમના પડોશી મરી ગયા. ભાઈને બુદ્ધ યાદ આવ્યા. તરત ઉદાસ થઈ ગયા. સ્મશાનમાં ગયા પેલાને બળતો જોઈને થયું કે આ બધું નાશવંત છે. હવે તો આત્મકલ્યાણ કરી જ લેવું છે. આમ નિશ્ચય કરી ઘેર આવ્યા ત્યાં કહે, 'ચા લાવો, એના વિના નહિ ચાલે.' આમ ઘર ત્યાગ તો શું પણ ચા પણ ન છૂટી કારણ લીલ ભેગી થઈ ગઈ. ◆

સ્વામીની વાત : ૧ (પ્રકરણ : ૩/૪)

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે...

અવતાર માત્ર તો ચમકપાણ જેવા છે, તેમાં કેટલાક તો મણ જેવા છે ને કેટલાક તો દશ મણ જેવા છે ને કેટલાલક તો સો મણ જેવા છે. ને કેટલાક તો લાખ મણ જેવા છે તેમાં જે મણ ચમક હોય તે આ મંદિરનું લોઢું હોય તેને તાણે, ને દશ મણ ચમક હોય તો આખા શહેરના લોઢાને તાણે, ને સો મણ ચમક હોય તો આ દેશના લોઢાને તાણે, ને લાખ મણ ચમક હોય તો આખા પરગણાના લોઢાને તાણે, ને આજ તો બધો ચમકનો પર્વત આવ્યો છે, નહીં તો બધું બ્રહ્માંડ તણાય કેમ ? એમ વાત કરીને બોલ્યા જે, પૂર્વના

અવતારમાં જેમાં જેટલું ઐશ્વર્ય છે તેમાં તેટલા જીવ તણાય છે ને આજ તો સર્વ અવતારના અવતારી ને સર્વ કારણના કારણ એવા જે પુરુષોત્તમ તે જ પધાર્યા છે ને તેને જોઈને તો અનંત ધામના પતિ, તે ધામના મુક્ત, તે મહારાજની મૂર્તિને વિષે તણાઈ ગયા, જેમ ચમકના પર્વતને દેખીને વહાણના ખીલા તણાઈ જાય છે તેમ.

સ્વામીની વાતનું નિરૂપણ

- આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામી અવતાર-અવતારીનો ભેદ સમજાવે છે.
- અવતાર એટલે પૂર્વે થઈ ગયેલા કપિલ, દત્તાત્રેય, રામ-કૃષ્ણ વગેરે અવતારો.
- અવતારી એટલે શ્રીજીમહારાજ.
- અવતારો અનેક છે. ક્યાંક ૨૪ ગણાવ્યા છે. ક્યાંક દશ ગણાવ્યા છે.

  જેમ સરોવરમાંથી ઝરણા ફૂટે છે, તેમ સત્ત્વગુણના-નિધિ એવા શ્રીહરિમાંથી પણ અસંખ્ય અવતારો નીકળે છે. (ભાગવત)
- ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે, 'હે અર્જુન, તારા અને મારા અનેક જન્મો થઈ ગયા છે તે બધા હું જાણું છું પણ તું જાણતો નથી.'
- પૂર્વે થઈ ગયેલા બધાં જ અવતારોમાં પરભાવના શબ્દો બોલાવ્યા છે. તે શ્રીજીમહારાજે જ તેમનામાં અનુપ્રવેશ કરીને બોલાવ્યા છે એમ માનવું. મહારાજની શક્તિ-પ્રવેશ નીકળી ગયા પછી તે પોતાની અસલ સ્થિતિમાં આવી જાય છે. જેમ લોખંડના ગોળાને તપાવીને લાલચોળ કરીએ ત્યારે તેનો કાળો રંગ અને શીતલતા અદશ્ય થઈ જાય છે, પણ ઠંડો થતા તેમાંથી અગ્નિનો પ્રવેશ નીકળી જાય છે, ત્યારે તે મૂળ સ્વરૂપે કાળો-ઠંડો બની જાય છે.
- તીર અને તીરના નાંખનારમાં જેટલો ભેદ એટલો અવતારો ને મહારાજમાં ભેદ છે.
- વાદી, ફૂલવાદી ને ગારડી, તેમાં વાદી હોય તે તો ગરીબ સાપ હોય તેને ઝાલે, ને ફૂલવાદી તે તો હાથ આવે તો ઝાલે, નહીં તો લૂગડાના છેડાને વળ દઈને મારી નાખે, ને ગારડી હોય તેની આગળ તો ગમે તેવો મણિધર હોય તે પણ ડોલે. એ તો દૃષ્ટાંત છે ને એનો સિદ્ધાંત તો એ છે જે, દત્તાત્રય, કપિલ ત તો વાદીને ઠેકાણે છે, તે તો મુમુક્ષુ હોય તેનું કલ્યાણ કરે, ને મહારાજ તો ગારડીને ઠેકાણે છે ને તેમની આગળ તો જીવ, ઈશ્વર, પુરુષ ને અક્ષરાદિક તે સર્વે હાથ જોડીને ઊભા છે. (૩-૫)
- દત્તાત્રેય-કપિલ જેવા અવતારો મુમુક્ષુનું જ કલ્યાણ કરે, જ્યાં બધી જ વાતે સાનુકૂળ હોય ત્યાં તેઓ કાર્ય કરી શકે.
- રામ-કૃષ્ણ આગળ થોડી મુમુક્ષુતા વાળા અને થોડા અવળા જીવો હોય તો ય તેઓ કલ્યાણ કરે. કંસ-શિશુપાલ કે રાવણ-વાલી જેવાને પણ તેમણે પાઠ ભણાવીને ધામમાં મોકલ્યા. પણ મહારાજ તો ગારુડીને ઠેકાણે છે. ગમે તેવા વાંકા, પાપના પર્વત જેવા આસુરીવૃત્તિવાળા જીવોને પણ ભક્ત બનાવી દે. જોબનપગી, માનભા, તખોપગી વગેરેને એમણે સુધાર્યા.

મહારાજ સર્વોપરિ અવતારી કઈ રીતે ?

૧. મહારાજનું અક્ષરધામ સર્વોપરિ છે. કારણ કે...

- ચૌદલોક વૈકુંઠ લાગી માયાની પાગી રે

  મુક્તાનંદ સ્વામી. એટલે કે બીજા બધા જ ધામોમાં માયા છે, પણ અક્ષરધામ માયાથી પર છે.
- પંચાળા-૧ માં મહારાજ પશુથી ગોલોક સુધીના સુખ ગણાવે છે અને અક્ષરધામનું સુખ સર્વથી

અધિક છે એમ જણાવે છે.

- યદ્ગત્વા ન નિવર્તન્તે તત્ ધામ પરમં મમ (ગીતા). એટલે કે જે ધામમાં ગયા પછી પુનઃજન્મ થતો નથી એવું મારું અક્ષરધામ છે.
- જેહ ધામને પામીને પ્રાણી પાછા પડવાનું નથી રે.. નિષ્કુળાનંદ સ્વામી

૨. પર્વતભાઈને એકવાર ખેતી કરતાં કરતાં સંકલ્પ થયો કે નૃસિંહ અવતાર કેવો હશે ? ત્યાં તેમને મહારાજની મૂર્તિમાંથી નૃસિંહ પ્રગટ થતા દેખાયા. થોડીવાર પછી મચ્છ, કચ્છ એમ ૨૪ અવતારો એક પછી એક મહારાજના તેજમાંથી પ્રગટ થયા ને પાછા એમાં સમાઈ ગયા. આ પરથી ખ્યાલ આવે છે જે સમર્થ હોય તે જ બીજાને પોતામાં લીન કરી શકે.

૩. સમાધિ પ્રકરણ : કઠિન અષ્ટાંગ યોગથી પ્રાપ્ય સમાધિ મહારાજે સહજ કરાવી. પોતાનું ઐશ્વર્ય બધાને બતાવ્યું. જ્ઞાની-અજ્ઞાની, ભક્ત-અભક્ત, પશુ-પંખી, જીવ-જંતુ, માછલા, વાંદરા, મગર વગેરે બધાને સમાધિ કરાવી.

- જુદા જુદા સંપ્રદાયોનાં અનુયાયીઓને સમાધિ કરાવી. પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવી. પોતપોતાનામાં લીન કરી બતાવ્યા.

૪. શ્રીજીમહારાજે એક જ રાતમાં કરી પરમહંસો કર્યા, તેમને એકવાર મહારાજે પૂછ્યું : 'હે પરમહંસો, પૂર્વના અવતારોએ અનેક અસુરો માર્યા છે, સમુદ્રમંથન કર્યું છે, પૃથ્વી નક્ષત્રી કરી, રાવણ સંહાર્યો. સમુદ્ર પર પુલ બાંધ્યો, ગોવર્ધન ઊંચક્યો, પરંતુ અમે તો આ કાંઈ કર્યું નથી છતાં અમને ભગવાન કેમ કહો છો ?' પરમહંસો, 'હે મહારાજ તમે ભલે અસુરનો સંહાર નથી કર્યો પણ કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા આદિ અસુર કરતા પણ ભયાનક દોષો આપે નિર્મૂળ કર્યા છે, માટે એ જ બતાવે છે કે આપ અવતારી છો.'

- ગુણાતીતાનંદ સ્વામી 'પૂર્વ અવતારોએ કલ્યાણ કર્યું છે, પણ કારણ શરીર ટાળ્યા નથી. મહારાજે કારણ શરીર બાળીને કલ્યાણ કર્યું છે.

૫. પરમહંસો ગામડેથી ફરીને આવ્યા. મહારાજે પૂછ્યું : 'અમને કેવા કહ્યા ?' પરમહંસો, 'દત્તાત્રેય, કપિલ, શુકસનકાદિ જેવા મોટા તરીકે આપને ઓળખાવ્યા.'

મહારાજ : 'કબૂતરના કબૂતર જ રહ્યા. અમારા ચરિત્ર-કાર્ય જોયા તો પણ યથાર્થ ન ઓળખ્યા. અમે તો અવતારીના અવતારી છીએ.'

૬. મહારાજની આગળ ઐશ્વર્યધારી સંતો પણ હાથ જોડી ઊભા રહેતા. ગોપાળાનંદ સ્વામી બ્રહ્માંડના ગ્રહોની સ્થિતિ બદલી શકતા.

નિત્યાનંદ સ્વામીને શાસ્ત્રાર્થમાં કોઈ હરાવી ન શકે તેવા હતા.

બ્રહ્માનંદ સ્વામી કાવ્યપિંગળમાં અજોડ હતા.

મુક્તાનંદ સ્વામી ગમે તેવા પથ્થર જેવા માણસનું હૃદય પીંગળાવી દે તેવા હતા છતાં સૌ મહારાજ આગળ રાંક બની ઊભા રહેતા.

આ જ દર્શાવે છે કે મહારાજ સર્વોપરિ હતા.

સ્વામીની વાત : ૧ પ્રકરણ : ૩. વાત : ૧૨

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે.....

મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ ને બ્રહ્મરૂપ થયા વિના મહારાજની સેવામાં રહેવાય નહિ. ત્યારે શિવલાલે પ્રશ્ન પૂછ્યો જે, પુરુષોત્તમ કેમ જાણવા ? ને બ્રહ્મરૂપ કેમ થવાય ? ત્યારે કહ્યું જે મહારાજ તો સર્વોપરી ને સર્વ અવતારના અવતારી સર્વ કારણના કારણ છે. તે ઉપર મધ્યનું નવમું ને છેલ્લાનું આડત્રીસમું વચનામૃત વંચાવીને કહ્યું જે, આજ તો સત્સંગમાં સાધુ, આચાર્ય, મંદિર ને મૂર્તિયું તે સર્વોપરી છે, તો મહારાજ સર્વોપરી હોય તેમાં શું કહેવું ? એ તો સર્વોપરી જ છે એમ સમજવું. અને બ્રહ્મરૂપ તો એમ થવાય છે જે આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે. તે ઉપર વરતાલનું અગિયારમું વચનામૃત વંચાવીને કહ્યું જે, આવો થાય છે ત્યારે પુરુષોત્તમની સેવામાં રહેવાય છે.

❋ આમાં લાભ જણાય તો આ કહ્યું એમ કરવું અઘરુ નથી. જેમ કે, કોઈને ૫૦૦ રૂપિયાના બદલામાં પાંચ કરોડ રૂપિયા મળતા હોય તો ૫૦૦નો ત્યાગ કરવો સહેજ પણ અઘરો પડે નહિ.

❋ જેણે ભગવાન અને સંતના અનંત, શાશ્વત અને દિવ્ય સુખનો મહિમા જાણ્યો છે, તેને આ લોકના ધન, દેહસુખ વિગેરેમાં મોહ થતો નથી.

❀ સ્વામીની વાતનું નિરૂપણ :

આ સ્વામીની વાત સૈદ્ધાંતિક વાત છે, જેમાં બે સિદ્ધાંતો સ્વામી સમજાવે છે :

૧. મહારાજને સર્વોપરી પુરુષોત્તમ જાણ્યા વિના ધામમાં ન જવાય.

૨. બ્રહ્મરૂપ થયા વિના મહારાજી સેવામાં ન રહેવાય.

❀ મહારાજને સર્વોપરી જાણ્યા સિવાય અક્ષરધામમાં જવાતું નથી :

❋ ગોંડળના દેવરાજ કડિયાએ ગઢડા મંદિરના બાંધકામમાં ખૂબ મહેનત કરી હતી, આથી એને મહારાજે થાળ પણ આપ્યો હતો. એના માથે વાણિયાનું દેવું હતું, જે એણે ભરપાઈ કરી એનું લખત કરાવી લીધું હતું. એના ધામમાં ગયા પછી વાણિયાએ ખોટી રીતે ઉઘરાણી કરી. એના દીકરાને લખાણનો કાગળ જડ્યો નહિ એટલે મૂંઝાયો. આથી ગોપાળાનંદ સ્વામીએ એને સમાધિ કરાવી અક્ષરધામમાં મોકલ્યો. પણ ત્યાં દેવરાજભાઈ ન હતા. આથી ગોપાળાનંદ સ્વામીએ દીકરાને વૈકુંઠમાં મોકલ્યો, કારણ કે દેવરાજભાઈને અમોઘાનંદ સ્વામીમાં હેત હતું, અને અમોઘાનંદ સ્વામી મહારાજને રામ જેવા સમજતા હોવાથી વૈકુંઠમાં ગયા હતા. વૈકુંઠમાં દેવરાજભાઈ મળી ગયા, અને દીકરાએ કાગળ અંગે પૂછી લીધું. આ રીતે, મહારાજને જે ધામમાં પતિ જાણ્યા, એ ધામ સુધી જ ગતિ થઈ.

❋ આ જ રીતે મહારાજનાં ઘણાં આશ્રિતો અક્ષરધામને બદલે બીજાં ધામોને પામ્યાં હતાં, તે ઘણાં સમાધિવાળાંએ જોયું છે, કારણ કે તેઓ મહારાજને સર્વોપરી નહોતા જાણતા, પરંતુ તે-તે ધામના પતિ જાણતા હતા.

❀ મહારાજને સર્વોપરી કેવી રીતે જાણવા ?

૧. શ્રીજીમહારાજનાં સ્વમુખનાં વચનો

વચનામૃતમાં છે - વચ.ગ.મ.૧૩ : જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે.

૨. શ્રીજીમહારાજે પોતે સર્વોપરી ભગવાન છે, એવી વાત સ્વમુખે કહી છે. પર્વતભાઈને હળ હાંકતાં સંકલ્પ થયો કે, 'નૃસિંહ અવતાર કેવો હશે ?' ત્યારે મહારાજે ત્યાં જ દિવ્યદેહે દર્શન દઈ ચોવીસ અવતારોને પોતાના સ્વરૂપમાંથી પ્રગટ કર્યા અને પોતાનામાં લીન કરી બતાવ્યાં.

૩. સમાધિ પ્રકરણ દ્વારા :

❋ મહારાજે દરેકને પોતપોતાના ઈષ્ટદેવનાં દર્શન કરાવ્યાં.

❋ શીતળદાસને સમાધિમાં પોતાનું સર્વોપરીપણું બતાવ્યું. શીતળદાસને અનંત મુક્તોનું પૂજન એક સાથે કરવું હતું. આ માટે એમણે અવતારોને વિષે એમ ધારીને સંકલ્પ કર્યા કે, 'જો એ અવતાર સર્વોપરી હોય તો મારાં અનંત રૂપો થાય'-પણ ન થયાં. જ્યારે મહારાજને વિષે સર્વોપરીપણું ધાર્યું, તો તત્કાળ અનંત રૂપો થયાં.

૪. મહારાજે અંતરના દોષો ટાળ્યા. અન્ય અવતારોએ તો બાહ્ય શત્રુઓ હણ્યા, પણ મહારાજે કેવું કાર્ય કર્યું :

તેને કામક્રોધેલોભે મળી, નાખ્યા મોહ મમતાએ દળી,
એવા કામક્રોધાદિક મોટા, જેને આગે હાર્યા છોટા મોટા.
એવા દુષ્ટ જે થકી હણાય, તે તો સર્વથી મોટા ગણાય,
કામ, ક્રોધ, લોભ જે ચાંડાળ, એથી ભૂંડું થાય તત્કાળ.
જે જે પ્રાપતિમાંહિથી પડયા, તેહ સર્વને એ શત્રુ નડ્યા,
માટે એને દિયે જે વિદારી, તે તો અવતારના અવતારી.

- નિષ્કુળાનંદસ્વામી(ભક્તચિંતામણિ-પ્ર. ૧૦૫)

૫. અમ.૩(વધારાનું)વચનામૃતમાં શ્રીજીમહારાજે પુરુષોત્તમનારાયણનું અસાધારણ લક્ષણ જણાવ્યું છે કે :

ક. અક્ષરાદિકને નિયમમાં વર્તાવે. શ્રીજી-મહારાજના પરમહંસો કેવા સમર્થ હતા ?

- બ્રહ્માનંદ - સર્વગુણ સંપન્ન, મેઘાવી, વિચક્ષણ પુરુષ
- વ્યાપકાનંદ - મરેલી ઘોડી બેઠી કરી
- નિત્યાનંદ - ચાર વેદમાં નિપુણ
- ગોપાળાનંદ - અષ્ટાંગ યોગી
- આવા સમર્થ સંતોને મહારાજે પોતાની આજ્ઞામાં વર્તાવ્યા.

ખ. સમાધિ : અનેકને કૃપાસમાધિ કરાવી.

ગ. લક્ષાવધિ મનુષ્યને વશ રાખે

- શ્રીજીમહારાજે હજારો હરિભક્તોને સ્વમૂર્તિમાં વશ કરી રાખ્યા હતા.

૬. અને છેલ્લે, કોઈ અવતારે પણ જે કાર્ય નહોતું કર્યું તે શ્રીજીમહારાજે કર્યું - વરતાલના મંદિરમાં પોતાના જ હસ્તે પોતાની મૂર્તિ પધરાવી.

❀ બ્રહ્મરૂપ થયા વિના ભગવાનની સેવામાં ન રહેવાય :

❋ કોઈપણ કાર્ય કરતાં પહેલાં તે માટેની લાયકાત કેળવવી ફરજિયાત હોય છે. એમ અક્ષરધામમાં શ્રીજીમહારાજની સેવામાં રહેવું હોય, તો પહેલાં બ્રહ્મરૂપ થવું પડે.

❋ વચ.લો.૫ : જે બ્રહ્મરૂપ થાય છે, તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર મળે છે.

❀ બ્રહ્મરૂપ થવું એટલે શું ?

❋ ત્રણ દેહ, ત્રણ અવસ્થા ને ત્રણ ગુણથી પર વર્તવું અને પોતાને અક્ષરરૂપ માનવું. આજે અક્ષરબ્રહ્મસ્વરૂપ સંત પરમપૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ છે, તેને પોતાનો આત્મા માની સેવક ભાવે પુરુષોત્તમનારાયણની ઉપાસના કરવી.

❋ શિક્ષાપત્રી શ્લોક ૧૧૬ :

निजात्मानं ब्रह्मरूपं देहत्रय विलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥

❋ સ્વા.વાત-૩/૧૩ : સ્વામીએ વચ.ગ.પ્ર.૨૩, ગ.મ.૩૦, ગ.મ.૪૫, અમ.૨, અમ.૩ વંચાવ્યા જેમાં બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસના

કરવાની વાત આવે છે. તે પછી બોલ્યા, 'આ વચનામૃત સાંભળતાં એમ જણાણું જે, કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી. તે આપણે તો કર્યા વિના છૂટકો નથી, પણ આચાર્ય હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે નાના-મોટા ભગવાન હોય, પણ એમ કર્યા વિના છૂટકો નથી, કેમ જે એ પણ મહારાજનો મત છે.

❀ બ્રહ્મરૂપ કેમ થવાય ?

૧. ભગવાન અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતને બ્રહ્મરૂપ અર્થાત્ નિર્દોષ જાણવાથી.

૨. એવા સંતનો મન-કર્મ-વચને સંગ કરવાથી.

❀ સત્પુરુષને નિર્દોષ જાણવા એટલે :

* એમને માયાના ગુણોથી રહિત જાણવા.
* શ્રીજીમહારાજ જેવા અક્ષરધામમાં બિરાજે છે, એવા જ આ સત્પુરુષ દ્વારા સાક્ષાત્ મળ્યા છે એમ જાણવું.
* વચ.ગ.પ્ર.૨૪ : પોતામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ અતિશય નિર્દોષ થઈ જાય છે.
* વચ.વર.૫ : માયાનું કાર્ય પોતાને વિષે તો હોય પણ પોતાને ભજન કરવા યોગ્ય એવા જે પ્રકટ પ્રમાણ શ્રીવાસુદેવ ભગવાન તેને તો માયાના ગુણથી પર સમજે છે, માટે એને પણ માયાથી પર જ જાણવો.
* યોગીજી મહારાજ યોગી ગીતામાં કહે છે : જો સત્પુરુષનો અભાવ ન લે ને ગુણ લે તો ગમે તેવો પાપી હોય તોય ધામમાં જાય. સાધન કરવા ગ્યો ? ના, અભાવ ન લીધો એટલું જ સાધન.

❀ મન-કર્મ-વચને સંગ કરવો એટલે :

૧. મનથી સંગ કરવો એટલે સત્પુરુષને નિર્દોષ જાણવા.

૨. કર્મથી સંગ : સત્પુરુષની નાની મોટી દરેક આજ્ઞા પાળવી, જેવી કે શિક્ષાપત્રીની આજ્ઞાઓ, 'નિર્વિકલ્પ ઉત્તમ અતિ' એ સાયંપ્રાર્થનામાં આવતા અગિયાર નિયમો, ટી.વી.-સિનેમાનો ત્યાગ, રોજ ઘરસભા કરવી, રવિસભામાં નિયમિત જવું વગેરે...

૩. વચનથી સેવા : સત્પુરુષના અનંત ગુણોનું ગાન કરવું. એમનો મહિમા પ્રવર્તાવવો.

* વંથળીના કલ્યાણભાઈ પોતાના સાંતી હાંકનારને વાતો કરતા. પર્વતભાઈએ ઘણા હરિભક્તોને વાતો કરી ચુસ્ત સત્સંગી બનાવ્યા હતા. કેટલાકને સાધુ બનવા મહારાજ પાસે મોકલ્યા હતા.
* ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીની આ રીતે મન-કર્મ-વચને સેવા કરી લીધી, તો સ્વામીએ એમની બ્રહ્મસ્થિતિ કરાવી દીધી.
* આવા સત્પુરુષ વર્તમાનકાળે પ્રમુખસ્વામી મહારાજ છે. ભમરીના સંગે ઈયળ પણ ભમરી થઈ જાય છે તેમ એમના સંગે બ્રહ્મરૂપ થઈએ તો મહારાજની સેવામાં રહેવાશે.
* બ્રહ્મરૂપ ન થયા હોઈએ, તો કદાચ કૃપાએ કરીને ધામમાં પહોંચીએ, પણ ત્યાં રહી શકાતું નથી.

- સ્વા.વા.-૧/૮૯ : 'વાંદરું વૈકુંઠમાં રહે નહિ' એમ કહે છે, તે સારુ આપણે ભગવાન પાસે રહેવાય એવા સ્વભાવ કરવા.
- રામચંદ્ર ભગવાન પોતાના ભક્ત વાનરોને કૃપા કરીને વૈકુંઠમાં લઈ ગયા. ત્યાં રાયણ ખાતાં ઊંચે કૂદ્યો, એ જોઈને બીજો વાંદરો એનાથી માથા ઊંચે કૂદ્યો, ત્રીજો વળી એથી ઊંચે, એમ
મૂર્તિની સ્મૃતિ, બીજું સાધુનો સંગ. એમ, ત્રીજું
બધે હૂપાહૂપ ને કૂદાકૂદ થઈ ગઈ ! આથી ભગવાને બધાને પાછા પૃથ્વીલોક ઉપર મોકલી આપ્યા.

સ્વામીની વાત : ૧ પ્રકરણ : 3 વાત : ૧૩

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે.....

એક હરિજને ચાર-પાંચ વચનામૃત વાંચ્યા, તે વચનામૃતનાં નામ-પ્રથમનું ત્રેવીસ ને મધ્યનું ત્રીસ ને પિસ્તાલીસ ને અમદાવાદનું બીજું ને ત્રીજું-ત્યારે સ્વામી બેઠા થઈને બોલ્યા જે, આ વચનામૃત તો જાણે સાંભળ્યાં જ નહોતાં. એમ કહીને બોલ્યા જે, ફરીથી વાંચો, ત્યારે ફરીથી વાંચ્યાં. ત્યારે સ્વામી બોલ્યા જે, આ વચનામૃત સાંભળતાં એમ જણાણું જે કોટિ કલ્પ સુધી એમ કર્યા વિના છૂટકો નથી. તે આપણે તો કર્યા વિના છૂટકો નથી, પણ આચાર્ય હોય કે ભગવાનનો પુત્ર હોય કે ઈશ્વર હોય કે નાના-મોટા ભગવાન હોય, પણ એમ કર્યા વિના છૂટકો નથી, કેમ જે એ પણ મહારાજનો મત છે. તે ઉપરથી મહારાજના કહેલા શ્લોક બોલ્યા જે : નિજાત્માનં બ્રહ્મરૂપં દેહત્રયવિલક્ષણમ્...

એવા એવા ઘણાક શ્લોક બોલીને કહ્યું જે, આવો થાય ત્યારે તેના હૃદયમાં ભગવાન નિવાસ કરીને રહે છે. પછી એક હરિજન સામું જોઈને બોલ્યા જે, તમારે મૂર્તિ તો છે, પણ મંદિર વિના

અશુભ કાળ, [illegible] ન [illegible] શકે.
* અંત સમયે શ્રીજીમહારાજે ભક્તોને જે આદેશ અને આશીર્વાદ આપ્યા છે, તે વાત પુરુષોત્તમ પ્રકાશમાં નિષ્કુળાનંદ સ્વામીએ લખી છે :

છેલ્લી વાત એ છે માની લેજો રે,
શિક્ષાપત્રી પ્રમાણે સહુ રેજો રે,
શિક્ષાપત્રી માંહિ એમ
રહી એમાં સહુને સુખ દેશું રે.

પધરાવશો ક્યાં ? માટે ભગવાન પધરાવવા હોય તો આમાં કહ્યું એવું મંદિર કરવા શીખો તો ભગવાન રહે. એમ કહીને બોલ્યા જે, આ મંદિર સારું મૂર્તિયું લેવા ગયા ત્યારે સલાટે કહ્યું જે, 'કેવી મૂર્તિયું કાઢી આપું ?' ત્યારે સાધુએ કહ્યું : 'આ નકશા પ્રમાણે કાઢી આપો.' ત્યારે તે સલાટે કહ્યું જે 'લાખો રૂપિયાનું મંદિર હોય ત્યારે એવી મૂર્તિયું શોભે.' પછી સાધુએ કહ્યું જે, 'મંદિર પ્રમાણે જ મૂર્તિયું લેવા આવ્યા છીએ.' ત્યારે કહે જે, 'તો કાઢી આપું.' પછી સલાટે મૂર્તિયું કાઢી આપીયું. તેમ આપણે બ્રહ્મરૂપ થયા વિના પુરુષોત્તમને પધરાવશું ક્યાં ? માટે પુરુષોત્તમ પધરાવવા હોય તો બ્રહ્મરૂપ થાવું.' એમ કહીને ઊઠ્યા. પછી એક હરિજનનું કાંડું ઝાલીને ચાલ્યા. પછી તેને કહ્યું જે 'ખબડદાર સંકલ્પ કર્યા છે તો !' ત્યારે તે ભક્તના સંકલ્પ બંધ થઈ ગયા ! પછી તેને કહ્યું જે, 'આમ નિરંતર રહેવાય તો સંશયગ્રંથિ, કર્મગ્રંથિ, ઇચ્છાગ્રંથિ, મમત્વગ્રંથિ ને અહંગ્રંથિ આદિક અનેક પ્રકારની ગ્રંથિઓ નાશ પામી જાય છે ને નિરંતર ભગવાનમાં રહેવાય છે.'

❀ આ વાતની વિશેષતા :

* ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતમાં શ્રીજીમહારાજનો હૃદગત અભિપ્રાય, સિદ્ધાંત, મત અને રુચિ સમજાવ્યાં છે.
* સ્વામીએ વંચાવેલાં પાંચ વચનામૃતોમાં મુખ્ય એક જ વાત છે : બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ભક્તિ કરવી.

❀ બ્રહ્મરૂપ થવું એટલે શું ?

* ત્રણ ગુણ, ત્રણ દેહ, ત્રણ અવસ્થાથી પર થવું.
* માન-અપમાનમાં એકતા વર્તે, સુખદુઃખમાં સમભાવ વર્તે, સર્વે પદાર્થોમાં અનાસક્તિ રહે, દેહને પોતાનું રૂપ માને જ નહિ, રોગાદિ આપત્કાળમાં પણ ભગવાનનું ભજન મૂકે નહિ.
* ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ યથાર્થ રૂપમાં સિદ્ધ થાય.
* ગુણાતીત પરંપરામાં આ લક્ષણો આપણને જોવા મળે છે.

❀ બ્રહ્મરૂપ થઈને જ શા માટે ભક્તિ કરવી જોઈએ ?

૧. વચ. લો. ૭ : બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.'

* આ જ વાતમાં સ્વામીએ સમજાવ્યું છે કે મંદિર વિના મૂર્તિ પધરાવશો ક્યાં ? એમ બ્રહ્મરૂપ થયા સિવાય ભગવાન અંતરમાં નિવાસ કરી શકે નહિ.

૨. **બ્રહ્મરૂપ ન થવાથી આવતાં વિઘ્નો :** વચ.ગ.પ્ર. ૨૩ : ભક્ત બે પ્રકારના છે, એકને ભગવાનનો નિશ્ચય યથાર્થ છે તો પણ દેહાત્મબુદ્ધિ સોતો ભગવાનનું ભજન કરે છે અને બીજો જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તથા સ્થૂળ, સૂક્ષ્મ, કારણ એ ત્રણ દેહ, તેથી પર ને ચૈતન્યરૂપ એવું પોતાના સ્વરૂપને માને અને ભગવાનની મૂર્તિને ધારીને ભગવાનનું ભજન કરે... એવી રીતની સ્થિતિ જ્યાં સુધી થઈ નથી ત્યાં સુધી ભગવાનનો ભક્ત છે તોપણ તેને માથે વિઘ્ન છે.

* આવી સ્થિતિમાં શિવજી નો'તા વર્તતા તો મોહિની સ્વરૂપમાં મોહ પામ્યા. સમુદ્રમંથન વખતે વિષ્ણુએ મોહિની(સ્ત્રી)નું રૂપ ધર્યું ને અસુરોને મોહિત કરી દેવોને અમૃત પાયું. તે પછી એકવાર શિવજીના આગ્રહથી વિષ્ણુએ મોહિની રૂપ ધર્યું. શિવજી તેમને પકડવા પાછળ દોડ્યા અને પોતાના બ્રહ્મચર્યવ્રતમાં ચલિત થયા.
* નારદજી તો ભગવાનનું મન કહેવાતા તેમ છતાં શીલનિધિ રાજાની કુંવરી વિશ્વમોહિનીનો હાથ જોયો ને પોતાને જ તેની સાથે પરણવાનું મન થઈ ગયું.
* આમ, ભક્તો-દેવો કે ઋષિઓ જે કોઈ ત્રણ દેહ, ત્રણ ગુણ, ત્રણ અવસ્થાથી પર નહોતા

વર્તતા તે તમામને વિઘ્ન આવ્યું છે.

૩. **બ્રહ્મરૂપ થયા વિના ભગવાન ને સંતમાં મનુષ્યભાવ આવે :**

❊ અલૈયા ખાચરનું મહારાજે અનેકવાર રાખ્યું છતાં એક-બે પ્રસંગે તેમની માનહાનિ થઈ તો બે હજારને સત્સંગ કરાવ્યો હતો તે બધાને શ્રીજીમહારાજનો અભાવ નાખ્યો : 'નો'ય ભગવાન. આ તો પુરબિયો બ્રાહ્મણ છે...'

❊ પરીક્ષિત બ્રહ્મરૂપ નહોતા થયા તો શ્રીકૃષ્ણનાં લીલાચરિત્રોમાં મનુષ્યભાવ આવ્યો, શુકજી બ્રહ્મરૂપ થયેલા તો ભગવાનનાં મનુષ્યચરિત્રોનું ગાન પણ રસપૂર્વક કરતા.

❊ ગોંડળથી સરદારગઢ પધરામણીનો કાર્યક્રમ યોગીજી મહારાજે ગોઠવ્યો. સાથે પ્રમુખસ્વામીને લીધા. તે ગામમાં અમુક તત્ત્વોએ સ્વામીની ગાડી પર પથ્થર ફેંકેલા. આ બધી વાત ટ્રસ્ટીઓએ જાણી. જ્યારે ગોંડલ પાછા પધાર્યા ત્યારે ટ્રસ્ટીઓએ કાર્યક્રમ કોણે ગોઠવ્યો તે અંગે યોગીજી મહારાજને પૂછ્યું. તેઓ કહે : 'પ્રમુખસ્વામીએ બધું ગોઠવ્યું હતું...' અને તરત બધા પ્રમુખસ્વામીને ઠપકો આપવા લાગ્યા. સ્વામી કહે : 'મારી ભૂલ થઈ. હવે ધ્યાન રાખીશ. માફ કરો. ' એમ કહી નમ્રભાવે હાથ જોડ્યા. સ્વામીશ્રી બ્રહ્મરૂપે વર્તે છે તો યોગીજી મહારાજમાં મનુષ્યભાવ ન આવ્યો. આ પ્રસંગ પછી યોગીજી મહારાજ તેમને ભેટી પડેલા.

❊ હોદ્દો મળે કે ન મળે, નામ છપાય કે ન છપાય, ફોટો પડે કે ન પડે, કોઈ વખાણે કે ન વખાણે - આ બધામાં આપણી સમજણનો માપદંડ પરખાય છે. પોતાને બ્રહ્મરૂપ માનીએ તો હરખશોક લાગે નહિ.

❀ બ્રહ્મરૂપ કઈ રીતે થવાય ?

૧. પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતને વિષે શ્રદ્ધા ને વિશ્વાસ રાખીને જોડાઈ જવાથી :

❊ આદિ આચાર્ય રઘુવીરજી મહારાજને ઘરભંગ થયા પછી વાસના ટાળવાની મહત્તા સમજાઈ હતી. ગુણાતીતાનંદ સ્વામીએ એમને કોલ આપ્યો કે 'જો તમે તીર્થવાસી થઈને જૂનાગઢ આવો તો તમારી તમામ ગ્રંથિઓ ગાળી દઉં.' રઘુવીરજી મહારાજ આ વચનમાં વિશ્વાસ રાખી ભગવત્પ્રસાદજી મહારાજને ગાદી સોંપીને તમામ વ્યવહારથી મુક્ત થઈને એક પણ સેવક સાથે લાવ્યા વિના જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા તીર્થવાસી થઈને રોકાયા. ત્યાં તેઓ જાતે જ ખીચડી સાથે રીંગણ બાફીને ખાઈ લેતા- આવો સંયમ રાખ્યો. એ પ્રસંગે ગુણાતીતાનંદ સ્વામીએ એમને વાતો કરી, જ્ઞાન આપીને બ્રહ્મરૂપ કરી દીધા.

❊ શાસ્ત્રીજી મહારાજના વચને મંદિર બાંધકામમાં જોડાયેલા સંતો વિષે શાસ્ત્રીજી મહારાજ કહેતા, 'હું તો પથરા ઊંચકાવીને ભગવાન આપીશ.'

❊ પ્રમુખસ્વામીને મને કરીને નિર્દોષ જાણીએ, કર્મે કરીને તેમની સેવામાં આજ્ઞા મુજબ દેહને જોડી દઈએ, અને વચને કરીને તેમના ગુણગાન ગાઈએ-તે મન, કર્મ, વચને સેવ્યા કહેવાય, અને એવી સેવાથી બ્રહ્મરૂપ થવાય.

૨. ગુણાતીત સત્પુરુષને પોતાનો આત્મા માનવાથી બ્રહ્મરૂપ થવાય :

❊ આપણી જીવદશા છે, દેહભાવ છે, અહંભાવ છે. પરંતુ પ્રમુખસ્વામીને આત્મા માનીએ તો દેહભાવ ટળે છે. જેમ કે આપણામાં સ્વાદ છે પણ સ્વામીશ્રી કેવા નિઃસ્વાદી છે ! - આમ વિચારવાથી આપણો સ્વાદ ટળશે. એકવાર જાપાનમાં શીરામાં ખાંડને બદલે મીઠું પડી ગયેલું. તે પ્રસાદી પોતે પ્રેમથી જમી ગયા હતા ! કડવાં ગલકાંવાળી કઢી કે કડવી કાકડી કે કડવી દૂધીનાં થેપલાં અજાણમાં સ્વામીને પીરસાયાં હોય ને સ્વામીશ્રી ભગવાનના

આનંદમાં મસ્ત રહી જમી ગયા હોય તેવા પ્રસંગો યાદ કરીએ, તો આપણો સ્વાદ પણ ટળી જાય. આમ માન, ક્રોધ, લોભ, મોહ, અહંકાર વગેરે બાબતે પણ ‘સ્વામીશ્રીમાં તેનો લેશ નથી’ - એ ભાવ રાખીને એવા પ્રસંગોનું મનન કરીએ તો એમનામાં આપોપું થાય અને એ ભાવને આપણે પણ પામી જઈએ.

* વચ.ગ.મ.૩૧ : મનન દ્વારા બ્રહ્મનો સંગ કરવાથી બ્રહ્મના ગુણ જીવને વિષે આવે છે - એટલે કે પ્રમુખસ્વામી મહારાજનું નિત્ય સ્મરણ કરતાં જ રહેવું.

૩. ગુણાતીત સત્પુરુષ સાથે અંતરાય ન રાખીએ, સર્વજ્ઞ જાણીએ, નિર્દોષ જાણીએ તો બ્રહ્મરૂપ થવાય.

* આ જ વાત-૩/૩૩ : હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી, અને સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય તો પણ તેનો વિશ્વાસ ન આવે... વળી વિશ્વાસ તો હોય, તો પણ નિષ્કપટપણે વર્તાય નહીં, ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહીં, એ સિદ્ધાંત વાત છે.
* સ્વા.વાત-૩/૩૪ : સત્પુરુષના ગુણ તો તો આવે, જો એવાને નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે ને તેની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહીં.
* વચ.વર.૧૧ : સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે. પ્રીતિ હોય તો આજ્ઞા પળાય, ને આજ્ઞા પાળવાથી રાજીપો મળે. પછી સહેજે બ્રહ્મરૂપે વર્તાય.

❀ બ્રહ્મરૂપ થવાના લાભ :

* બ્રહ્મરૂપ થયા પછી પ્રાર્થના કરવી ન પડે કે મારા અંતરમાં અખંડ રહેજો.
* પછી જે જે ભક્તિ કરીએ તે ભગવાન હોંશે હોંશે સ્વીકારે છે. એ સિવાયની ભક્તિ ભગવાન સુધી પહોંચતી જ નથી.
* બ્રહ્મરૂપ થયા વિના જે સાધન કરીએ તે બધાં માયામાં લીન થઈ જાય છે.
* ભગવદ્‌ગીતા કહે છે :

  ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न कांक्षति ।
  समः सर्वेषु भूतेषु मद्‌भक्तिं लभते पराम् ॥

  અર્થાત્ ‘જે બ્રહ્મરૂપ થયો તે અખંડ પ્રસન્ન રહે છે, કદી શોક કરતો નથી કે કોઈ પદાર્થની ઈચ્છા કરતો નથી. વળી, જીવપ્રાણીમાત્રને સમદૃષ્ટિથી જુએ છે અને બ્રહ્મરૂપ થાય છે તે જ મારી પરાભક્તિને પામે છે. એટલે કે એને સુખદુઃખમાં સમતા થઈ જાય છે, અને ભગવાનનું સુખ અનુભવી શકે છે.’
* શ્રીમદ્ ભાગવત પણ કહે છે : ‘परिनिष्ठितोऽपि नैर्गुण्ये...’ અર્થાત્ બ્રહ્મમાં સ્થિતિ થવા છતાં પણ ભગવાનના ગુણાનુવાદ, લીલા, કથામૃત કરવા-સાંભળવામાં એ તત્પર રહે છે. છેલ્લા શ્વાસ સુધી ભક્તિમય જીવન બને છે.

૭. સ્વામીની વાત : પ્રકરણ : ૩, વાત : ૨૨

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે :

સ્વામીએ એક દિવસ શિવલાલને કહ્યું જે, 'આજ ક્યાં ગયા હતા?' પછી હાથ જોડીને કહ્યું જે, 'આજ તો શહેરમાં ગયો હતો.' પછી વળી કહ્યું જે, 'એક રસોઈ લઈ આવ્યો છું.' પછી સ્વામીએ કહ્યું જે, 'રસોઈ કેવી?' ત્યારે શિવલાલે કહ્યું જે, 'સોનું લઈને બીજે દીધું, તેમાંથી દોઢસો રૂપિયા રહ્યા તેની રસોઈ.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'એ તો ઠીક, પણ સોનું લેવાનો સંકલ્પ થયો પણ કોઈ દી સો કરોડ મણ ઢૂંસાં (સાળ-ડાંગરનાં ફોતરાં) લઈને કમાણી કરીએ, એવો સંકલ્પ થાય છે?' ત્યારે કહ્યું જે, 'ના મહારાજ!' ત્યારે સ્વામી બોલ્યા જે, 'મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃતિપુરુષ સુધી ઢૂંસાં જ છે, પણ કાંઈ માલ જણાતો નથી. તમે એટલી ઘડી આવા સાધુનાં દર્શન ને વાતું મૂકીને શી કમાણી કરી?' એમ કહી બુદ્ધિનો ડોડ ટાળી નાખ્યો.

❋ આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામી સભામાં શિવલાલ શેઠને ટકોર કરે છે. પ્રથમ શિવલાલ શેઠ કોણ હતા, કેવા હરિભક્ત હતા તે જાણીએ...

● **શિવલાલ શેઠનો પરિચય :**

❋ શ્રીજીમહારાજના સમયના વ્યાપકાનંદ સ્વામીએ બોટાદના હમીરખાચરની ઘોડી જીવતી કરી, એ પ્રસંગથી બોટાદના નગરશેઠના દીકરા ભગા દોશીને સત્સંગનો રંગ લાગ્યો. તેમના દીકરા એટલે શિવલાલ શેઠ.

શિવલાલ શેઠ સવા વર્ષના હતા ત્યારે ભગા દોશી તેમને ગઢડા શ્રીજીમહારાજને પગે લગાડવા લઈ ગયેલા. મહારાજે શિવલાલને માથે હાથ મૂકી કહેલું, 'આ તો સિદ્ધવલ્લભ રાજા છે. તેમણે વનવિચરણ વખતે અમારી સેવા કરેલી. તે પુણ્યપ્રતાપે સત્સંગમાં તમારે ત્યાં જન્મ લીધો છે.'

નાનપણથી શિવલાલ સત્સંગ-પરાયણ હતા. સિદ્ધાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે સંતોના સમાગમમાં તેઓ રહેતા.

તેઓએ ગોપાળાનંદ સ્વામીના કહેવાથી ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરપણાનો નિશ્ચય કરી તેમને ગુરુ કર્યા હતા, અને દર વર્ષે નિયમિત જૂનાગઢ જઈ સ્વામીનો સમાગમ કરતા.

તરુણવયમાં તેમને સાધુ થવાની લગની લાગેલી, પરંતુ શ્રીમંત પિતાના એકના એક પુત્ર હોવાથી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે તેમને સમજાવીને ના પાડેલી.

■ તેઓ પિતાની નવ લાખની સંપત્તિના એકમાત્ર વારસ હતા. આવી સમૃદ્ધિની છોળોમાં પણ તેઓ નિઃસ્પૃહી રીતે વર્તતા. વ્યક્તિગત જીવનમાં પણ તેઓ સત્સંગના નિયમ-ધર્મમાં સારધાર અને સંસાર-વ્યવહારથી અનાસક્ત હતા. તેવા પ્રસંગો પણ પ્રચલિત છે.

ઘણા સમયથી તેમના ઘરમાં આવેલી પોતાની સાળી તરફ દૃષ્ટિ માંડીને જોયું નહોતું.

રસ્તામાં નીચી દૃષ્ટિ રાખી અખંડ ભજન કરતાં કરતાં ચાલવાની ટેવ પાડી હતી. તેથી નિત્ય જે રસ્તે જતા ત્યાં હવેલી બંધાઈ, છતાં છ માસ સુધી ખ્યાલ ન આવ્યો.

રોજ પાંચ સમયની માનસી, ધ્યાન, સંધ્યાકાળે મંદિરમાં આરતી-દર્શન, અને મંદિરમાં જ નિત્યનિયમની ચેષ્ટા બોલતા, એવા નિયમ તેમને હતા. શિવલાલ શેઠ આવા ઉચ્ચ કક્ષાના સત્સંગી હતા.

■ છતાં અહીં આપણે આ વાતના પ્રસંગમાં જોયું તેમ ગુણાતીતાનંદ સ્વામી તેમને મંદિરે સભામાં બધા સત્સંગીઓની હાજરીમાં ટોકે છે.

શિવલાલ શેઠનાં ખપ-મુમુક્ષુતા ઉત્તમ કક્ષાનાં હતાં, તેથી તેઓ આવી ટકોરને સવળી લેતા, અને પોતાનો અવગુણ ટાળવા પ્રયત્ન કરતા.

● **અહીં ગુણાતીતાનંદ સ્વામી શિવલાલ શેઠને ટકોર કરે છે, તે પ્રસંગ કેવો છે?**

❋ શિવલાલ શેઠ બોટાદથી છેક જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા આવ્યા છે. આપણે કલ્પી શકીએ છીએ કે સવાર ને સાંજ શેઠ સ્વામીની કથાવાર્તા સાંભળતા જ હશે, પણ વચમાં ક્યાંક નવરાશનો સમય મળ્યો હશે. તેમાં તેઓ શહેરમાં ગયા હશે, અને એક જગ્યાએથી સોનું ખરીદી બીજે વેચી ૧૫૦/- રૂા. નફો કમાયા. પોતાની વેપારી આવડત વાપરી કમાણી કરી, અને એ તમામ રકમ ઠાકોરજીની રસોઈ માટે અર્પણ કરી.

આ ઘટના પછી સ્વામી તેમને પૂછે છે કે ક્યાં ગયા હતા? ત્યારે તેઓ પ્રથમ તો સોનું લેવા-દેવાની વાત કરતા નથી, પણ કહે છે કે 'શહેરમાં ગયો હતો અને એક રસોઈ લઈ આવ્યો છું.' પછી સ્વામી વિગતે પૂછે છે. ત્યારે સોનાના વેપારની વાત કરે છે. એટલે તેમણે સેવા કરવાની ભાવનાથી આ વેપાર કર્યો છે, તેવું જણાય છે.

શિવલાલ શેઠની ભાવના અતિશુદ્ધ હતી કે ઠાકોરજીની આર્થિક સેવા થાય, સમયનો સદુપયોગ થાય, મારી ધંધા-વ્યવહારની આવડત ભગવાનની સેવામાં વપરાય.

આપણને આમાં કંઈ ખોટું દેખાય નહીં, ઊલટું શિવલાલ શેઠને શાબાશી આપવાનું મન થાય. પણ ગુણાતીતાનંદ સ્વામી તેમને શાબાશી આપવાને બદલે ટોકે છે.

■ **ટકોર કરવા પાછળ હિત કરવાની ભાવના :**

સત્પુરુષ ટોકે-વઢે તેમાં પણ સૌનું હિત જ કરે છે.

❋ સ્વામીએ કહ્યું છે, 'સગી મા હોય તે લીમડો પાય, તેમ સાચા સાધુ હોય તે હિતનાં વચન વઢીને કહે.'

❋ વળી, નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે કે...

સંત વિના રે સાચી કોણ
કહે, સારા સુખની વાત (૨),
દયા રહી છે જેના દિલમાં, નથી ઘટમાં ઘાત..
સંત વિના...
જેમ જનનીને હૈયે હેત છે, સદા સુતને સાથ,
અરોગી કરવા અર્ભકને, પાયે કડવેરા ક્વાથ...
સંત વિના...

જેમ બાળકનું ભલું કરવા માતા તેને કડવું ઔષધ પાય છે, તે જ રીતે ભક્તોનું ભલું કરવા સત્પુરુષો ટોકે-વઢે છે.

■ વળી, શિવલાલ શેઠે પોતાની ડાયરીમાં નોંધ્યું છે કે 'અમારે ને ગુણાતીતાનંદ સ્વામીને બાપ-બેટા જેવું હેત હતું.'

જેમ બાપ ટોકી-વઢીને પણ દીકરાની ખામી બતાવે, તે દીકરાને આગળ વધારવા માટે હોય છે; તેમ અહીં સ્વામી પણ શિવલાલ શેઠને ટોકે છે, ખામી બતાવે છે, તે શિવલાલ શેઠને આગળ વધારવા માટે છે.

અહીં આપણને પ્રશ્ન થાય કે સ્વામીને શિવલાલ શેઠની કઈ ખામી દેખાઈ હશે? આપણને તો આમાં ખામી જેવું લાગતું નથી!

■ **સત્પુરુષની અલૌકિક દૃષ્ટિ :**

સત્પુરુષોની દૃષ્ટિ અલૌકિક હોય છે. આપણે આપણી લૌકિક દૃષ્ટિથી જોઈએ છીએ. લૌકિક દૃષ્ટિ અને અલૌકિક દૃષ્ટિમાં આસમાન-જમીનનો ફેર હોય છે.

❋ આ બાબતમાં ડૉક્ટર સ્વામી પોતાના અભ્યાસકાળ દરમ્યાનનો એક પ્રસંગ કહે છે.

તેઓ જ્યારે મેડિકલ કૉલેજમાં હતા ત્યારની આ વાત છે. તેઓના રૂમ પાર્ટનર ડૉક્ટર દલાલ એમ.ડી.ના વિદ્યાર્થી હતા.

એક દિવસ તેઓના ટેબલ પર તેમની પરીક્ષાની ઉત્તરવહી પડી હતી. ડૉક્ટર સ્વામીએ જિજ્ઞાસાવશ તે જવાબ વાંચ્યો. તેઓને આ જવાબ ઉત્કૃષ્ટ લાગ્યો. પણ છેલ્લે જોયું, તો તપાસનાર શિક્ષક ડો. દસ્તૂરે 'Very poor standard.' (વેરી પુઅર સ્ટાડર્ડ) એટલે કે લગભગ નાપાસ જેવું પરિણામ કહી શકાય તેવી નોંધ કરી હતી.

ડોક્ટર સ્વામીને આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું કે 'મને તો આ જવાબ શ્રેષ્ઠ લાગે છે, છતાં શા માટે નબળું સ્ટાન્ડર્ડ?' ત્યારે ડૉક્ટર દલાલે કહ્યું, 'તમે MBBSના લેવલથી જુઓ છો, જ્યારે ડો. દસ્તૂર FRCSના લેવલથી જુએ છે.' (MBBS મેડિકલની પ્રથમ ડિગ્રી છે તેના પછી FRCSની ડિગ્રી મળે.)

❊ એમ અહીં આપણે MBBSના લેવલથી શિવલાલ શેઠને જોઈએ છીએ, અને ગુણાતીતાનંદ સ્વામી આ પ્રસંગને FRCSના લેવલથી જુએ છે.

એટલે આપણને જેમાં શાબાશી આપવાનું મન થાય છે, તે સ્વામીની દૃષ્ટિએ ટોકવા યોગ્ય ખામી છે. સ્વામીને અહીં શિવલાલ શેઠની શી ખામી દેખાઈ, તે સ્વામીના દૃષ્ટિકોણથી સમજવા પ્રયત્ન કરીએ...

■ **સ્વામીની દૃષ્ટિએ શિવલાલ શેઠની ખામી :**

(૧) અંતરમાં ધનની મહત્તા રહે છે તે ખામી :

❊ સ્વામી શિવલાલ શેઠને કહે છે, 'સોનું લેવાનો વિચાર થયો, પણ સો કરોડ મણ ઢૂંસાં લઈને કમાણી કરવાનો વિચાર આવ્યો?' અહીં સ્વામીનો કહેવાનો ભાવ એ છે કે, સોનું ખરીદવાનો સંકલ્પ થયો, એટલે કે હજુ તમને સોનામાં માલ મનાયો છે, ધન-સંપત્તિની તુચ્છતા મનાઈ નથી. એટલે જ તો સોનાનો વેપાર કર્યો. સ્વામીને ખબર છે કે અંતરમાં જે હોય તે જ બાહ્યવર્તનમાં આવે.

આમ, અંતરમાં પડેલી ધન-સંપત્તિની મહત્તા શિવલાલના વર્તનમાં આવી, તે સ્વામી જોઈ શકતા હતા. અંતરમાં ધન-સંપત્તિની મહત્તા રહે છે, તે સ્વામીની દૃષ્ટિએ ખામી છે.

(૨) પોતાની આવડતનું માન એ ખામી છે :

❊ વળી, સ્વામી કહે છે, 'આટલી ઘડી દર્શન ને વાતું મૂકી શી કમાણી કરી?' અહીં સ્વામીનો કહેવાનો અર્થ છે કે તમને તમારી આવડતનું માન છે કે 'વાહ! મેં કેવો વેપાર કર્યો! કેવી કમાણી કરી! મારી આવડતના પ્રતાપે રસોઈ લાવ્યો;' પરંતુ એમાં તમે કમાણી નથી કરી, ઊલટું માનનું પોષણ કર્યું છે, નુકસાન કર્યું છે.

આવું સૂક્ષ્મ માન પણ આગળ જતાં સત્સંગમાં વિઘ્ન કરી શકે.

આ બંને સૂક્ષ્મ ખામી તરફ નિર્દેશ કરી તે ટાળવા માટે સમજણ પણ ગુણાતીતાનંદ સ્વામી આપે છે.

● **ખામી ટાળવા સ્વામીએ આપેલી સમજણ :**

❊ સૌપ્રથમ તો સ્વામી શિવલાલ શેઠને પૂછે છે કે, 'આજે ક્યાં ગયા હતા?' એટલે કે સ્વામીને આ પ્રસંગ ઊભો કરીને સમજાવવું છે કે કથાવાર્તા-દર્શન માટે મંદિરમાં ગયા હોઈએ ત્યારે તેને જ પ્રધાન્ય આપવું અને ધંધા-વ્યવહારના વિચારોને પાછા પાડવા. કથાવાર્તા, દર્શન સિવાય લૌકિક કામકાજ ઊભા ન કરવા અને હરવું-ફરવું નહીં.

(૧) સંતનાં દર્શન અને વાતુંમાં ધન કરતાં વધુ સુખ છે :

❊ ગુણાતીતાનંદ સ્વામીની છઠ્ઠા પ્રકરણની ૨૪૭મી વાતમાં કથાવાર્તા સાંભળવાનો અપાર મહિમા જણાવ્યો છે. તેમાં સ્વામી કહે છે કે...

- 'કોઈ વાતું સાંભળવા મંદિરમાં રહેતા હોય, અને તમારે રળ્યામાં-પૈસા કમાવામાં ખોટ આવતી હોય તો ધર્મવેરામાંથી કાપી લેજો. એટલે કે એટલા રૂપિયા ધર્માદો ઓછો આપજો, પણ સમાગમ કરજો.'

- 'વળી, જો કોઈ આ રીતે સમાગમ કરવા રહે, તો અમે મંદિરમાંથી મહિને ૧૦ રૂા. આપીએ.'
- 'શ્રીજીમહારાજે જેમ આવકનો દશાંશ ધર્માદો કાઢવાનો કહ્યો છે, તેમ આ રીતે ૧૨ મહિને ૧ મહિનો સમયનો ધર્માદો કાઢી કથા સાંભળવાથી જ્ઞાન થાય.'

❊ ભગવાન સ્વામિનારાયણ તો ત્યાં સુધી કહે છે કે,

અનંત કોટિ બ્રહ્માંડ કે સુખા,
સત્સંગ આગે કહત સબ લૂખા.

માત્ર આ લોકની સંપત્તિ જ નહીં, પરંતુ સત્સંગના સુખ આગળ અનંત કોટિ બ્રહ્માંડની સંપત્તિનું સુખ લૂખું છે.

■ જગતનું સુખ કેવી રીતે લૂખું છે? અને સંતસમાગમનું સુખ કેવી રીતે અધિક છે? તે નિષ્કુળાનંદ સ્વામી સમજાવે છે કે...

કામદુઘા, કલ્પતરુ, પારસ, ચિંતામણિ ચાર;
સંત સમાન એકે નહીં, મેં મનમાં કર્યો વિચાર.

કામદુઘા ગાય, કલ્પવૃક્ષ, પારસમણિ અને ચિંતામણિ ચારેય કોઈની પાસે હોય તેના કરતાં સંતસમાગમ અધિક છે.

આ વાત તેમણે કયા વિચારથી કહી છે?

અલ્પ સુખ એમાં રહ્યું, મળી ટળી જાય એહ;
સંત સેવ્યે સુખ ઊપજે, રહે અખંડ અટળ જેહ.

❊ ઉપરોક્ત ચારના સેવનથી જે સુખ મળે, તે અલ્પ છે, કારણ કે તે મળે છે અને ટળી જાય છે, પણ સંતસમાગમથી જે સુખ મળે છે, તે અખંડ છે અને અટળ છે, એટલે કે ટળી જતું નથી.

મૃત્યુ બાદ તો આ લોકનું સુખ અને સંપત્તિ ટળી જવાની છે, પણ સંતસમાગમનું સુખ અખંડ રહેશે.

■ સત્પુરુષનાં (મહંત સ્વામી મહારાજનાં) દર્શન એક વાર થયાં હોય, તેઓની મુલાકાતમાં તેઓએ માથે હાથ મૂક્યો હોય, આશીર્વાદ આપ્યા હોય, એ સુખ એવું છે કે એક વાર લીધા પછી જ્યારે જ્યારે સંભારીએ ત્યારે ત્યારે એટલો જ આનંદ આવે. એનો ફોટો જોઈએ, એનો વીડિયો જોઈએ, તોપણ એટલો જ આનંદ આવે. આ અલ્પ સમયના સંતસમાગમનું સુખ છે જે અખંડ રહે છે.

❊ વલ્લભવિદ્યાનગર લાઈબ્રેરીના લાઈબ્રેરિયન ડો.ચારણે વર્ષો પહેલાં માત્ર એક જ વાર યોગીજી મહારાજનો ધબ્બો ખાધેલો. એ વખતે તેમને જે આનંદ આવ્યો હતો તેની સ્મૃતિ કરતાં ઈ.સ.૨૦૦૩માં યોગીજયંતીએ તેઓ બોલેલા, 'યોગીજી મહારાજનો એ ધબ્બો જ્યારે જ્યારે યાદ કરું છું ત્યારે જાણે કે યોગીજી મહારાજ મને હાજરાહજૂર ધબ્બો મારતા હોય, અને જે આનંદ થાય એવો જ આનંદ અનુભવાય છે.'

❊ એટલું જ નહીં, ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા અંત્ય-૨માં કહે છે, 'પૂર્વ જન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષના યોગે કરીને થયો હશે, ને આજ પણ જેને સંસ્કાર થાય છે તે પણ સત્પુરુષના યોગે કરીને જ થાય છે.' એટલે કે...

■ સત્પુરુષનો યોગ થાય અને જે સંસ્કાર થાય, જે પુણ્ય મળે, તે જન્મોજનમ સુધી સાથે રહે છે, મૃત્યુ પછીયે અટળ રહે છે, ક્યારેય ટળતું નથી.

આ જીવન દરમ્યાન પણ સત્પુરુષના સંગથી અર્થાત્ સત્સંગ અને કથાવાર્તાથી જે સંસ્કાર થાય છે તે પણ કાયમી છે. એ સંસ્કાર એટલે સમજણ. આ સમજણથી જ કાયમી સુખિયા રહી શકાય છે.

- ખંભાતના સદાશિવભાઈની નવી બંધાવેલી સાતમાળની હવેલી બળી ગઈ. આ દુઃખમાં તેઓ સુખિયા રહી શક્યા તેનું કારણ શું?
- વસોના વાઘજીભાઈને સંસાર-વ્યવહારની અનંત જવાબદારીઓ વચ્ચે પણ અંતરમાં અખંડ ટાઢું રહેતું તેનું કારણ શું?

- પરીક્ષિત રાજા મૃત્યુનો ભય ટાળી શક્યા તેનું કારણ શું?

આ તમામનું કારણ એક જ છે, સંતસમાગમને લીધે પ્રાપ્ત થયેલ સમજણ.

❊ સદાશિવભાઈને ગોપાળાનંદ સ્વામીએ અઠવાડિયું રોકી કથાવાર્તા સંભળાવેલી, વાઘજીભાઈ પણ ગુણાતીતાનંદ સ્વામીની કથાવાર્તા નિયમિત સાંભળતા. પરીક્ષિત રાજાએ પણ સતત સાત દિવસ શુકદેવજીની કથાવાર્તા સાંભળી હતી.

આમ, કથાવાર્તા સાંભળવાથી આ સૌને સમજણ પ્રાપ્ત થઈ હતી, જેને લીધે તેઓ સુખિયા રહી શક્યા. તેમની સંપત્તિ તેમને સુખી કરી શકી નહોતી.

એટલે ગુણાતીતાનંદ સ્વામીએ શિવલાલ શેઠને કહ્યું કે મોટા સાધુની દૃષ્ટિમાં પ્રકૃતિપુરુષ સુધી ઢૂંસાં જ છે. કારણ કે એના કરતાં કથાવાર્તામાં વધુ સુખ છે.

■ વળી, સત્સંગમાં આવ્યા પછી પણ સાચી કમાણી કથાવાર્તા, સંતસમાગમ છે, તે પણ સ્વામી શિવલાલને સમજાવે છે.

(૨) સંતસમાગમ અને દર્શનની કમાણી એ આત્માની સાચી કમાણી છે :

❊ અહીં તો શિવલાલ શેઠે ૧૫૦/- રૂ.ની રસોઈ આપી હતી, પણ સ્વામીની વાતોમાં એક પ્રસંગ આવે છે કે કોઈકે ૫૦૦/-રૂ.ની રસોઈ આપી, ત્યારે પણ સ્વામીએ આ જ વાત કરેલી કે...

'એક જણ એક મંદિરમાં પાંચસેં રૂપિયા મૂકીને ચાલ્યા ગયા, પણ એટલા રૂપિયા બેઠાં બેઠાં ખાઈને સાધુનો સમાગમ કર્યો હોત તો બહુ સમાસ થાત.' **(સ્વામીની વાત : ૧/૨૫)**

■ કેટલીક વ્યક્તિઓ આર્થિક રીતે સેવા ખૂબ કરે, દાન-ધર્માદો વગેરે પણ ખૂબ કરે. વળી સમાજમાં પણ આર્થિક રીતે ગરીબોને સહાય કરે, પણ તેને કથાવાર્તામાં બેસવાનું કહીએ, સભામાં આવવાનું કહીએ, તો ન આવે અને કહે કે 'હું આર્થિક સેવા તો કરું જ છું.' 'હું દાન-પુણ્ય તો કરું જ છું.' 'મારે સભામાં આવવાની શી જરૂર?'

❊ એવા લોકોને સ્વામી સમજાવે છે કે આર્થિક દાન વગેરે કરવું તે બરાબર છે, પરંતુ તે કરતાં સંતસમાગમથી વધુ લાભ થાય છે. આર્થિક દાન વગેરેની સાથે જો કથાવાર્તાની ટેવ ન હોય તો નુકસાન છે. કારણ કે આર્થિક દાન વગેરે કરવાથી તેનું માન આવે, અને સત્સંગમાં લૌકિક અપેક્ષા રહે, તેની પૂરેપૂરી શક્યતા છે.

❊ સત્સંગમાં એવા ઘણા પ્રસંગો બન્યા છે કે કોઈની આવી અપેક્ષા ક્યારેક ન સંતોષાય, તો ખોટું લાગી જાય છે કે પાછા પડી જવાય છે. ક્યારેક સત્સંગ પણ છૂટી જાય છે.

- સભામાં નામ જાહેર કરવાનું રહી ગયું હોય
- હારતોરા કે સન્માનમાં નામ રહી ગયું હોય
- VIP પાસ ન મળ્યો હોય
- મંદિરમાં ઉતારો ન મળ્યો હોય
- સંસ્થાની શાળા કે છાત્રાલયમાં એડમીશન ન મળ્યું હોય... તો ખોટું લાગી જાય છે, કે પછી પાછા પડી જવાય છે.

■ **કથાવાર્તાથી માન અને અપેક્ષા ન રહે :**

❊ કથાવાર્તા સાંભળવાની ટેવ હોય તો સમજણ દૃઢ થાય અને સત્સંગનો પાયો દૃઢ થાય. જે જે ભક્તોએ કથાવાર્તા દ્વારા સત્સંગનો પાયો દૃઢ કર્યો છે, તેઓ માન અને અપેક્ષાઓથી બચી શક્યા છે.

❊ પર્વતભાઈ આર્થિક રીતે પણ ખૂબ સેવા કરતા. દુષ્કાળમાં ૧૬ કળશી અનાજ મહારાજની આજ્ઞાથી સદાવ્રતમાં આપેલું. છતાં ગઢડામાં તેમની અઠવાડિયા સુધી જમવાની વ્યવસ્થા ન થઈ, તો દાળિયા (ચણા) ફાકીને પણ રહ્યા. ખોટું ન લાગ્યું.

❊ શાસ્ત્રીજી મહારાજના વખતમાં મનુભાઈ સારિંગવાળા આવકનો અડધોઅડધ (૫૦%)

ધર્માદો કાઢતા. ઘરે કોઈ વસ્તુ નવી લાવે તો મંદિરમાં પણ તે વસ્તુ કે તેટલી રકમની સેવા કરે. પણ સાથે સાથે કથાવાર્તાથી સમજણ દૃઢ કરેલી, તેથી મંદિરમાં આવે ત્યારે કોઈ અપેક્ષા રહેતી નહોતી. પાથરવાનું મળે કે ન મળે, સભામંડપમાં જ ખુલ્લામાં સૂઈ રહે, ભોજનશાળામાં સૌ ભેગા જમી લે, કૂવામાંથી જાતે પાણી સિંચી નાહી લે.

આમ, કથાવાર્તાથી સમજણ આવે છે, અને સમજણના પ્રતાપે સત્સંગમાં માન અને અપેક્ષા રહેતાં નથી. અને એ ન રહે તો સત્સંગનો પાયો દૃઢ થાય છે.

તેથી સ્વામી ધન કરતાં કથાવાર્તાને અધિક કહે છે.

❊ વળી, વાતને અંતે નોંધ્યું છે કે 'આમ કહીને સ્વામીએ શિવલાલ શેઠનો બુદ્ધિનો ડોળ ટાળી નાખ્યો.'

સત્સંગમાં પોતાની આવડત કે પોતાની બુદ્ધિ કે પોતાનું સમર્પણ, તેનું જરા સરખું પણ માન આવે તે સત્પુરુષને પસંદ નથી, અને તેથી આવી ટકોર કરીને તેઓ તે ટાળતા હોય છે.

■ આમ, સ્વામીએ જાહેરમાં શિવલાલ શેઠને ટકોર કરી અને સાચી સમજણ આપી, પરંતુ શું આ ટકોર માત્ર શિવલાલ શેઠ પૂરતી જ છે? ના...

● **આ ટકોર કોને માટે?**

❊ એકવાર પ્રમુખસ્વામી મહારાજ સભામાં કથા કરી રહ્યા હતા. તેમાં સામે બેઠેલા હર્ષદભાઈ રાણા (નૈરોબી)ને સંબોધીને સ્વામીએ કહ્યું, 'આ દેહ, સંપત્તિ બધું જતું રહેશે. માટે સત્સંગ માટે વપરાયું તેટલું જ સાચું.' પછી સ્વામીશ્રીએ કહ્યું, 'આ તો અમારે વાત કરવા સામે કોઈક નિશાન જોઈએ, તેથી રાણાનું નામ લઈને વાત કરી, પણ આ વાત માત્ર એમના એકલા માટે નથી. એ તો બધા માટે છે. બધાએ આ સમજવાનું છે.'

એમ અહીં ગુણાતીતાનંદ સ્વામીએ શિવલાલ શેઠનું મિષ લઈને આપણને બધાને સમજાવ્યું કે વ્યવહારના વિચારો મનમાંથી કાઢો, અને જીવનમાં સત્સંગ પ્રધાન કરો.

❊ શિવલાલ શેઠ તો ઉત્તમ ભક્ત હતા. તેમનામાં તો તલમાત્ર કસર હતી, જ્યારે આપણામાં તો ગાડેગાડાં ભરીને કસર રહી છે. એટલે આપણે તો ખૂબ જ ધ્યાન રાખવું પડે. દર વખતે કંઈ સોનું લેવાનું નથી હોતું, પણ જુદાં જુદાં કારણસર આપણાથી સત્સંગ કે કથાવાર્તાની ગૌણતા થઈ જાય છે. જેમ કે...

- સત્સંગ શિબિરમાં ગયા હોઈએ અને રીસેસ પડે કે તરત ફોન કરી ઘરે ખબર-અંતર પૂછી લઈએ, કે ધંધા-નોકરીના સમાચાર જાણી લઈએ.
- સભાના ભોગે નોકરીમાં ઓવરટાઈમ કરીએ. સભાના ટાઈમે દુકાન કે ધંધો બંધ ન કરીએ, અને મન મનાવી લઈએ કે વધારે આવક થાય તો ધર્માદો વધુ થાય.
- દીકરા કે દીકરી ૧૦મા કે ૧૨મા ધોરણમાં હોય, ત્યારે સભામાં આવે તો સમય બગડે એવું લાગે.
- કોઈ મિત્ર કે સગાસંબંધીને ત્યાં જવાનું હોય, ત્યારે સભામાં ન જઈએ તો ચાલે એવું થઈ જાય.

❊ આ રીતે આપણે કથાવાર્તા, સત્સંગની ગૌણતા ન કરીએ તે માટે આ ટકોર આપણા સૌ માટે છે.

તો ચાલો, આજે આપણે સંકલ્પ કરીએ કે ગુણાતીતાનંદ સ્વામીએ જે ટકોર કરી છે તે આપણે સવળી ગ્રહણ કરીએ, આપણામાં સુધારો કરીએ, જીવનમાં રવિસભા અને પરાસભાને મહત્ત્વ આપીએ; અને જેમ સ્વામીની આવી ટકોરથી ઘડતર પામી શીવલાલ શેઠ ઉત્તમ સત્સંગી થયા, તેમ આપણે પણ ઉત્તમ સત્સંગી થઈએ.

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે :

સ્વામીએ એક દિવસ શિવલાલને કહ્યું જે, 'આજ ક્યાં ગયા હતા ?' પછી હાથ જોડીને કહ્યું જે, 'આજ તો શહેરમાં ગયો હતો.' પછી વળી કહ્યું જે, 'એક રસોઈ લઈ આવ્યો છું.' પછી સ્વામીએ કહ્યું જે, 'રસોઈ કેવી ?' ત્યારે શિવલાલે કહ્યું જે, 'સોનું લઈને બીજે દીધું, તેમાંથી દોઢસો રૂપિયા રહ્યા તેની રસોઈ.' ત્યારે સ્વામી બોલ્યા જે, 'એ તો ઠીક, પણ સોનું લેવાનો સંકલ્પ થયો પણ કોઈ દી સો કરોડ મણ ઢૂંસાં (સાળ-ડાંગરનાં ફોતરાં) લઈને કમાણી કરીએ, એવો સંકલ્પ થાય છે ?' ત્યારે કહ્યું જે, 'ના મહારાજ !' ત્યારે સ્વામી બોલ્યા જે, 'મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના પ્રકૃતિપુરુષ સુધી ઢૂંસાં જ છે, પણ કાંઈ માલ જણાતો નથી. તમે એટલી ઘડી આવા સાધુનાં દર્શન ને વાતું મૂકીને શી કમાણી કરી ?' એમ કહી બુદ્ધિનો ડોડ ટાળી નાખ્યો.

❋ આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામી સભામાં શિવલાલ શેઠને ટકોર કરે છે. પ્રથમ શિવલાલ શેઠ કોણ હતા, કેવા હરિભક્ત હતા તે જાણીએ...

● **શિવલાલ શેઠનો પરિચય :**

❋ શ્રીજીમહારાજના સમયના વ્યાપકાનંદ સ્વામીએ બોટાદના હમીરખાચરની ઘોડી જીવતી કરી, એ પ્રસંગથી બોટાદના નગરશેઠના દીકરા ભગા દોશીને સત્સંગનો રંગ લાગ્યો. બાપદાદાનો જૈન ધર્મ છોડી તેઓ સત્સંગી થયા. તેમના દીકરા એટલે શિવલાલ શેઠ.

❋ શિવલાલ શેઠ સવા વર્ષના હતા ત્યારે ભગા દોશી તેમને ગઢડા શ્રીજીમહારાજને પગે લગાડવા લઈ ગયેલા. શ્રીજીમહારાજે શિવલાલને માથે હાથ મૂકી કહેલું, 'આ તો સિદ્ધવલ્લભ રાજા છે. તેમણે વનવિચરણ વખતે અમારી સેવા કરેલી. તે પુણ્યપ્રતાપે સત્સંગમાં તમારે ત્યાં જન્મ લીધો છે.'

❋ નાનપણથી શિવલાલ સત્સંગ-પરાયણ હતા. સિદ્ધાનંદ સ્વામી, યોગાનંદ સ્વામી, ભાયાત્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી વગેરે સંતોના સમાગમમાં તેઓ રહેતા.

❋ તેઓએ ગોપાળાનંદ સ્વામીના કહેવાથી ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરપણાનો નિશ્ચય કરી તેમને ગુરુ કર્યા હતા, અને દર વર્ષે નિયમિત જૂનાગઢ જઈ સ્વામીનો સમાગમ કરતા.

❋ તરુણવયમાં તેમને સાધુ થવાની લગની લાગેલી, પરંતુ શ્રીમંત પિતાના એકના એક પુત્ર હોવાથી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે તેમને સમજાવીને ના પાડેલી.

❋ તેઓ પિતાની નવ લાખની સંપત્તિના એકમાત્ર વારસ હતા. આવી સમૃદ્ધિની છોળોમાં પણ તેઓ નિઃસ્પૃહી રીતે વર્તતા.

❋ એક વખત રઘુવીરજી મહારાજ ગઢડે બિરાજતા હતા. ત્યારે સયાજીરાવ ગાયકવાડ મંદિરમાં દર્શને આવવાના હતા. આ વખતે આચાર્ય મહારાજની આજ્ઞાથી શિવલાલભાઈ ગાયકવાડના સામૈયામાં કારભારી બન્યા હતા. શિવલાલભાઈ હંમેશાં સાદાં વસ્ત્રો પહેરતા. તેથી રોજના પહેરવેશમાં જ ગાયકવાડનું સામૈયું (સ્વાગત) કરવા જઈ રહ્યા હતા. આ જોઈ આચાર્ય મહારાજે એમને સારાં વસ્ત્રો અને ઘરેણાં પહેરીને જવાની આજ્ઞા કરી, પણ શિવલાલભાઈ કહે કે, 'મારી પાસે તો આ જ વસ્ત્રો છે. ને ઘરેણાં તો હું પહેરતો જ નથી.'

પછી આચાર્ય મહારાજની આજ્ઞાથી સારાં વસ્ત્રો-ઘરેણાં પહેરીને ગાયકવાડ સરકારનું સામૈયું કરવા સૌ સાથે ગયા. પણ સામૈયામાંથી જેવા પાછા ફર્યા, કે તરત રૂડાં વસ્ત્રો તથા અલંકારો કાઢી નાખ્યાં, ને

પોતાનાં સાદાં વસ્ત્રો પહેરી લીધાં.

* વ્યક્તિગત જીવનમાં સાદાઈ છતાં સત્સંગમાં આર્થિક સેવા કરવામાં તેઓ જરાય ક્યાશ ન રાખતા.
* તેમને શ્રીજીમહારાજે સ્વપ્નમાં આજ્ઞા કરી હતી તેથી સારંગપુરના વૃદ્ધ રાઠોડ ધાધલનો વ્યવહાર જીવ્યા ત્યાં સુધી ચલાવ્યો હતો. ગઢપુર મંદિરમાં હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવી ત્યારે પણ એ જમાનામાં બાવીસ હજાર રૂપિયા જેટલું ખર્ચ કરી અદ્ભુત સમૈયો કરાવ્યો હતો.
* વ્યક્તિગત જીવનમાં પણ તેઓ સત્સંગના નિયમ-ધર્મમાં સારધાર અને સંસાર-વ્યવહારથી અનાસક્ત હતા. તેવા પ્રસંગો પણ પ્રચલિત છે.
* ઘણા સમયથી ઘરમાં આવેલી પોતાની સાળી તરફ દૃષ્ટિ માંડીને જોયું નહોતું.
* રસ્તામાં નીચી દૃષ્ટિ રાખી અખંડ ભજન કરતાં કરતાં ચાલવાની ટેવ પાડી હતી. તેથી નિત્ય જે રસ્તે જતા ત્યાં હવેલી બંધાઈ, છતાં છ માસ સુધી ખ્યાલ ન આવ્યો.
* રોજ પાંચ સમયની માનસી, ધ્યાન, સંધ્યાકાળે મંદિરમાં આરતી-દર્શન, અને મંદિરમાં જ નિત્યનિયમની ચેષ્ટા બોલતા, એવા નિયમ તેમને હતા. (વધુ વિગત માટે જુઓ સત્સંગ વાંચનમાળા ભાગ-૩, પ્રકરણ - ૭.)
* શિવલાલ શેઠ આવા ઉચ્ચ કક્ષાના સત્સંગી હતા. છતાં અહીં આપણે આ વાતના પ્રસંગમાં જોયું તેમ ગુણાતીતાનંદ સ્વામી તેમને મંદિરે સભામાં બધા સત્સંગીઓની હાજરીમાં ટોકે છે. આવી ટકોર શિવલાલ શેઠ માટે પ્રથમ વાર નહોતી.

● શિવલાલ શેઠને ટોક્યા હોય તેવા પ્રસંગો :

* સં. ૧૯૧૬માં તેઓએ ગઢડા મંદિરમાં ૨૨,૦૦૦ રૂપિયાની સેવા કરી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવી, અને ભાવનગરમાં આચાર્ય મહારાજની પધરામણી, શોભાયાત્રા અને સમૈયામાં ધામધૂમ કરાવી હતી. તમામ ખર્ચો પોતે ભોગવ્યો હતો. આ સેવા કર્યા પછી જ્યારે તેઓ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ ગયા, ત્યારે સ્વામીએ આ જ રીતે ગાડામાં બેસાડી ખાનગીમાં ટકોર કરેલી કે 'તું જાણે છે જે, મેં ઘણું મોટું કામ કર્યું, પણ તારા જીવ સામે જોઉં છું તો અરધો સત્સંગ રહ્યો છે.' (સ્વા.વાત : ૩/૨૧)
* શિવલાલ શેઠ એક વાર જમ્યા બાદ સોપારી ચાવતાં સભામાં બેઠા. તેમાં સોપારી ચાવવાનો 'કટ કટ' અવાજ આવ્યો. આ જોઈ કથા કરતા આત્માનંદ સ્વામીએ કડક શબ્દોમાં ટકોર કરી કે 'સભામાં હાડકું કોણ ચાવે છે?' (હાડકાનો ટુકડો લઈ દાંત વડે ચાવે તેનો 'કટ કટ' અવાજ આવે, તે સંદર્ભમાં સ્વામીએ આ કહ્યું.) શિવલાલ શેઠે આ ટકોર સાંભળી તરત ઊભા થઈ સોપારી થૂંકી નાખી, અને ત્યારબાદ સોપારી ન ખાવાનો નિયમ લીધો.

આમ, શિવલાલ શેઠનાં ખપ-મુમુક્ષુતા ઉત્તમ કક્ષાનાં હતાં, તેથી તેઓ આવી ટકોરને સવળી લેતા, અને પોતાનો અવગુણ જોઈ તેને ટાળવા પ્રયત્ન કરતા.

● **અહીં ગુણાતીતાનંદ સ્વામી શિવલાલ શેઠને ટકોર કરે છે, તે પ્રસંગ કેવો છે ?**

* શિવલાલ શેઠ બોટાદથી છેક જૂનાગઢ સ્વામીનો સમાગમ કરવા આવ્યા છે. આપણે કલ્પી શકીએ છીએ કે સવાર ને સાંજ શેઠ સ્વામીની કથાવાર્તા સાંભળતા જ હશે, પણ વચમાં ક્યાંક નવરાશનો સમય મળ્યો હશે તેમાં તેઓ શહેરમાં ગયા હશે, અને એક જગ્યાએથી સોનું ખરીદી બીજે વેચી ૧૫૦/- રૂા. નફો કમાયા. પોતાની વેપારી આવડત વાપરી કમાણી કરી, અને એ તમામ રકમ ઠાકોરજીની રસોઈ માટે અર્પણ કરી.

આ ઘટના પછી સ્વામી તેમને પૂછે છે કે ક્યાં ગયા હતા ? ત્યારે તેઓ પ્રથમ તો સોનું લેવા-દેવાની વાત કરતા નથી, પણ કહે છે કે 'શહેરમાં ગયો હતો અને એક રસોઈ લઈ આવ્યો છું.' પછી સ્વામી વિગતે પૂછે છે. ત્યારે સોનાના વેપારની વાત કરે છે. એટલે તેમણે સેવા કરવાની ભાવનાથી આ વેપાર કર્યો છે, તેવું જણાય છે.

શિવલાલ શેઠની ભાવના હતી કે ઠાકોરજીની આર્થિક સેવા થાય, સમયનો સદુપયોગ થાય, મારી ધંધા-વ્યવહારની આવડત ભગવાનની સેવામાં વપરાય.

* આપણને આમાં કંઈ ખોટું દેખાય નહીં, ઊલટું શિવલાલ શેઠને અભિનંદન-શાબાશી આપવાનું મન થાય. પણ ગુણાતીતાનંદ સ્વામી તેમને શાબાશી આપવાને બદલે ટોકે છે.

■ **ટકોર કરવા પાછળ સ્વામીની ભાવના :**

* શિવલાલ શેઠે આર્થિક સેવા કરી. આર્થિક સેવા કરવી તે સારું છે, એવું ગુણાતીતાનંદ સ્વામી સમજે છે. તેમને પૈસાની કિંમત નહોતી એવું નથી. સ્વામી તો વ્યવહારકુશળ હતા.
* ઠાકોરજીનો એક એક પૈસો અને મંદિરની મિલકતનું સ્વામી જતન કરતા, વેડફાવા દેતા નહીં.
* સંતોના મુંડન માટે એક પૈસો વધુ આપવો ન પડે, તે માટે સ્વામીએ ૬ માસ સુધી પ્રાગજી ભક્ત પાસે સંતોનું વતું કરાવ્યું હતું.
* એક વાર સ્વામીએ મંદિરના પૂજારીને કહ્યું હતું કે 'આવતીકાલે ઠાકોરજીને ભારે શણગાર કે સુવર્ણનાં આભૂષણ ન ધરાવશો.' કારણ કે, બીજે દિવસે રાજ્યના માથાફરેલ દીવાન જબ્બર ભાટિયા દર્શને આવવાના હતા. તે આવે અને સુવર્ણનાં આભૂષણો જોઈ માંગણી કરે, તો ઠાકોરજીનું દ્રવ્ય જાય. એટલે સ્વામીએ આવી અગમચેતી વાપરી હતી.
* વળી, ગોપાળાનંદ સ્વામી, આચાર્ય રઘુવીરજી મહારાજ વગેરે પ્રમાણ કરતા કે 'જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીએ જેવો મંદિરનો વહેવાર ચલાવ્યો તેવો બીજાને ન આવડે.'

આમ, સ્વામી વ્યવહારદક્ષ હતા, આર્થિક સેવાનું મહત્ત્વ સમજતા હતા, છતાં તેઓને શિવલાલ શેઠનું અલૌકિક હિત કરવું છે તેથી આ પ્રસંગે ટોકે છે.

■ **હિત કરવાની ભાવના :**

* સત્પુરુષ ટોકે-વઢે તેમાં પણ સૌનું હિત જ કરે છે.
* સ્વામીએ કહ્યું છે, 'સગી મા હોય તે લીમડો પાય, તેમ સાચા સાધુ હોય તે હિતનાં વચન વઢીને કહે.'
* વળી, નિષ્કુળાનંદ સ્વામીએ પણ કહ્યું છે કે...

સંત વિના રે સાચી કોણ કહે, સારા સુખની વાત (૨),
દયા રહી છે જેના દિલમાં, નથી ઘટમાં ઘાત.. સંત વિના...
જેમ જનનીને હૈયે હેત છે, સદા સુતને સાથ,
અરોગી કરવા અર્ભકને, પાયે કડવેરા ક્વાથ. સંત વિના...

* જેમ બાળકનું ભલું કરવા માતા તેને કડવું ઔષધ પાય છે, તે જ રીતે ભક્તોનું ભલું કરવા સત્પુરુષો ટોકે-વઢે છે.
* વળી, શિવલાલ શેઠે પોતાની ડાયરીમાં નોંધ્યું છે કે 'અમારે ને ગુણાતીતાનંદ સ્વામીને બાપ-બેટા જેવું હેત હતું.'
* જેમ બાપ ટોકી-વઢીને પણ દીકરાની ખામી બતાવે, તે દીકરાને આગળ વધારવા માટે હોય છે; તેમ અહીં સ્વામી પણ શિવલાલ શેઠને ટોકે છે, ખામી બતાવે છે, તે શિવલાલ શેઠને આગળ વધારવા માટે છે.
* અહીં આપણને પ્રશ્ન થાય કે સ્વામીને શિવલાલ શેઠની કઈ ખામી દેખાઈ હશે ? આપણને તો આમાં ખામી જેવું લાગતું નથી !

■ **સત્પુરુષની અલૌકિક દૃષ્ટિ :**

* સત્પુરુષોની દૃષ્ટિ અલૌકિક હોય છે. આપણે આપણી લૌકિક દૃષ્ટિથી જોઈએ છીએ. લૌકિક દૃષ્ટિ અને અલૌકિક દૃષ્ટિમાં આસમાન-જમીનનો ફેર હોય છે.
* આ બાબતમાં ડૉક્ટર સ્વામી પોતાના અભ્યાસકાળ દરમ્યાનનો એક પ્રસંગ કહે છે. તેઓ જ્યારે મેડિકલ કૉલેજમાં હતા ત્યારની આ વાત છે. તેઓના રૂમ પાર્ટનર ડોક્ટર દલાલ એમ.ડી.ના વિદ્યાર્થી હતા.

એક દિવસ તેઓના ટેબલ પર તેમની પરીક્ષાની ઉત્તરવહી પડી હતી. ડોક્ટર સ્વામીએ જિજ્ઞાસાવશ તે જવાબ વાંચ્યો. તેઓને આ જવાબ ઉત્કૃષ્ટ લાગ્યો. પણ છેલ્લે જોયું, તો તપાસનાર શિક્ષક ડૉ. દસ્તૂરે 'Very poor standard.' (વેરી પુઅર સ્ટાર્ડ) એટલે કે લગભગ નાપાસ જેવું પરિણામ કહી શકાય તેવી નોંધ કરી હતી. ડોક્ટર સ્વામીને આશ્ચર્ય થયું.

તેમણે પૂછ્યું કે 'મને તો આ જવાબ શ્રેષ્ઠ લાગે છે, છતાં શા માટે નબળું સ્ટાન્ડર્ડ ?' ત્યારે ડૉક્ટર દલાલે કહ્યું, 'તમે MBBSના લેવલથી જુઓ છો, જ્યારે ડૉ. દસ્તૂર FRCSના લેવલથી જુએ છે.' (MBBS મેડિકલની પ્રથમ ડિગ્રી છે તેના પછી FRCSની ડિગ્રી મળે.)

એમ અહીં આપણે MBBSના લેવલથી શિવલાલ શેઠને જોઈએ છીએ, અને ગુણાતીતાનંદ સ્વામી આ પ્રસંગને FRCSના લેવલથી જુએ છે.

એટલે આપણને જેમાં શાબાશી આપવાનું મન થાય છે, તે સ્વામીની દૃષ્ટિએ ટોકવા યોગ્ય ખામી છે. સ્વામીને અહીં શિવલાલ શેઠની શી ખામી દેખાઈ, તે સ્વામીના દૃષ્ટિકોણથી સમજવા પ્રયત્ન કરીએ...

■ **સ્વામીની દૃષ્ટિએ શિવલાલ શેઠની ખામી :**

(૧) અંતરમાં ધન-સંપત્તિની મહત્તા રહે છે તે ખામી :

✻ સ્વામી શિવલાલ શેઠને કહે છે, 'સોનું લેવાનો વિચાર થયો, પણ સો કરોડ મણ ઢૂંસાં લઈને કમાણી કરવાનો વિચાર આવ્યો ?' અહીં સ્વામીનો કહેવાનો ભાવ એ છે કે, સોનું ખરીદવાનો સંકલ્પ થયો, એટલે કે હજુ તમને સોનામાં માલ મનાયો છે, ધન-સંપત્તિની તુચ્છતા મનાઈ નથી. એટલે જ તો સોનાનો વેપાર કર્યો. સ્વામીને ખબર છે કે અંતરમાં જે હોય તે જ બાહ્યવર્તનમાં આવે.

✻ એક વાર પ્રમુખસ્વામી મહારાજને મળવા છાત્રાલયનો એક પૂર્વ વિદ્યાર્થી આવ્યો. છાત્રાલય નિવાસ દરમ્યાન તે સ્વામીશ્રી સાથે ખૂબ હેત-પ્રેમથી જોડાયેલો. સ્વામીશ્રી સમક્ષ કાવ્યો રજૂ કરે, પ્રશ્નો પૂછે, હળવી ગમ્મત કરે, એ રીતે ખૂબ લાભ લીધેલો, પરંતુ આજે તેના કપાળમાં તિલક-ચાંદલો નહોતો. તેનો વેશ પણ સત્સંગીને ન શોભે તેવો વરણાગી હતો. તે સત્સંગી છે, તેવું તેના દેખાવ પરથી જરાય લાગતું નહોતું. તેથી સ્વામીશ્રીએ કહ્યું, 'આવો વેશ કેમ રાખ્યો છે ?' પેલો કહે, 'બાપા ! અંતરમાં આપ છો, તો બહારનું શું જોવું? આપ તો અંતર્યામી છો, છતાં બહારનું જોવા લાગ્યા.' સ્વામીશ્રી તરત જ કહે, 'જે અંતરમાં હોય ને, તે જ બહાર આવે.'

✻ આમ, અંતરમાં પડેલી ધન-સંપત્તિની મહત્તા શિવલાલના વર્તનમાં આવી, તે સ્વામી જોઈ શક્તા હતા.

✻ અંતરમાં ધન-સંપત્તિની મહત્તા રહે છે, તે સ્વામીની દૃષ્ટિએ ખામી છે.

(૨) પોતાની આવડતનું માન એ ખામી છે :

✻ વળી, સ્વામી કહે છે, 'આટલી ઘડી દર્શન ને વાતું મૂકી શી કમાણી કરી ?' અહીં સ્વામીનો કહેવાનો અર્થ છે કે તમને તમારી આવડતનું માન છે કે 'વાહ! મેં કેવો વેપાર કર્યો ! કેવી કમાણી કરી ! મારી આવડતના પ્રતાપે રસોઈ લાવ્યો'; પરંતુ એમાં તમે કમાણી નથી કરી, ઊલટું માનનું પોષણ કર્યું છે, નુકસાન કર્યું છે.

✻ આવું સૂક્ષ્મ માન પણ આગળ જતાં સત્સંગમાં વિઘ્ન કરી શકે. એ સ્વામીને ખબર હતી.

- કીડીસખીને પોતાની ગાનવિદ્યાની આવડતનું માન હતું, તો મહારાજે વખાણ ન કર્યાં એમાં ખોટું લાગી ગયું, અને સત્સંગ છોડીને ચાલ્યા ગયા.
- આમ, આપણને સત્સંગમાં આવડત કે કળાનું જરા સરખું માન રહેતું હોય કે 'હું બહુ સારું પ્રવચન કરું છું.', 'હું બહુ સારી રસોઈ બનાવી શકું છું', 'હું બહુ સારું આયોજન કરી જાણું', 'હું બહુ સારું પી. આર. કરી જાણું.' એ પણ સ્વામીની દૃષ્ટિએ ખામી છે.

✻ આ બંને સૂક્ષ્મ ખામી તરફ નિર્દેશ કરી તે ટાળવા માટે સમજણ પણ ગુણાતીતાનંદ સ્વામી આપે છે.

● **ખામી ટાળવા સ્વામીએ આપેલી સમજણ :**

✻ સૌપ્રથમ તો સ્વામી શિવલાલ શેઠને પૂછે છે કે, 'આજે ક્યાં ગયા હતા ?' એટલે કે સ્વામીને આ પ્રસંગ ઊભો કરીને સમજાવવું છે કે કથાવાર્તા-દર્શન માટે મંદિરમાં ગયા હોઈએ ત્યારે તેને જ પ્રધાન્ય આપવું, પણ ધંધા-વ્યવહારના વિચારોને પાછા પાડવા. કથા-વાર્તા, દર્શન સિવાય લૌકિક કામકાજ ઊભા ન કરવા અને હરવું-ફરવું નહીં.

● **કથા-વાર્તા, દર્શનની પ્રધાનતા :**

❋ જ્યારે આપણે સભામાં જઈએ, કથા સાંભળતા હોઈએ, ત્યારે મનમાં ધંધા-વ્યવહારના કે અન્ય વિચારો આવે તે અયોગ્ય છે.

❋ એક વાર લોધિકાના દરબાર અભેસિંહજી જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા આવેલા. તેઓ ધ્યાનમાં બેઠા હતા ત્યારે જમ્યા પછી સ્વામી સળી વડે દાંત સાફ કરતાં કરતાં તેમની પાસે આવ્યા અને કહ્યું, 'બાપુ ! અહીં બેઠાં બેઠાં કાંઈ લોધિકાનું કામ નહીં થાય. ત્યાંનું કામ તો ત્યાં જશો ત્યારે થશે. માટે અહીં બેઠાં મહારાજને મૂકીને, અને આ વાતુંને મૂકીને બીજું શું સંભારો છો ?' દરબાર પગે પડી કહે, 'સ્વામી ધ્યાન કરતાં લોધિકાના રાજકાજના વિચારે હું ચડી ગયેલો, તે આપે કૃપા કરી મારા સંકલ્પ પકડી મને વાર્યો.'

આમ, સંસાર-વ્યવહારના વિચારો તથા અન્ય લૌકિક બાબતો સત્સંગ અને કથાવાર્તામાં અવરોધરૂપ ન બનવી જોઈએ, તે સ્વામી અહીં સમજાવે છે. અને તે માટે સ્વામી બે વિચાર આપે છે :

(૧) સંતની વાતું અને દર્શનના સુખ સામે આ લોકની તમામ સંપત્તિનું સુખ તુચ્છ છે. (પ્રકૃતિપુરુષ સુધી ઢૂંસાં છે.) એટલે કે સંતનાં દર્શન અને વાતુંમાં ધન-સંપત્તિ કરતાં વધુ સુખ છે.

(૨) સંતનાં દર્શન અને વાતું મૂકીને શી કમાણી કરી ? એટલે કે સંતનાં દર્શન અને વાતુંની કમાણી એ જ સાચી કમાણી છે.

(૧) સંતનાં દર્શન અને વાતુંમાં ધન કરતાં વધુ સુખ છે :

❋ ગુણાતીતાનંદ સ્વામીની છઠ્ઠા પ્રકરણની ૨૪૭મી વાતમાં કથાવાર્તા સાંભળવાનો અપાર મહિમા જણાવ્યો છે. તેમાં સ્વામી કહે છે કે...

– 'કોઈ વાતું સાંભળવા મંદિરમાં રહેતા હોય, અને તમારે રળ્યામાં-પૈસા કમાવામાં ખોટ આવતી હોય તો ધર્મવેરામાંથી કાપી લેજો. એટલે કે એટલા રૂપિયા ધર્માદો ઓછો આપજો, પણ સમાગમ કરજો.'

– 'વળી, જો કોઈ આ રીતે સમાગમ કરવા રહે, તો અમે મંદિરમાંથી મહિને ૧૦ રૂ. આપીએ.'

– 'શ્રીજીમહારાજે જેમ આવકનો દશાંશ ધર્માદો કાઢવાનો કહ્યો છે, તેમ આ રીતે ૧૨ મહિને ૧ મહિનો સમયનો ધર્માદો કાઢી કથા સાંભળવાથી જ્ઞાન થાય.'

– 'કો'ક લાખ રૂપિયા ખર્ચે તેના કરતાં મંદિરના રોટલા ખાઈને વાતું સાંભળે તે મુને અધિક લાગે છે.'

– 'જણાતું નથી, પણ સોનાની મેડી હોય તો તે બાળીને પણ આ વાતું સાંભળીએ.'

આટલો મહિમા સ્વામીએ કથાવાર્તા સાંભળવાનો કહ્યો છે.

❋ શા માટે સોનાની મેડીને બાળીને પણ આ વાતું સાંભળવી ?

❋ કારણ કે સોનાનાં ખોરડાં એટલે કે આ લોકની ધનસંપત્તિ કરતાં કથાવાર્તા-દર્શનનું સુખ અધિક છે.

❋ ભગવાન સ્વામિનારાયણ તો ત્યાં સુધી કહે છે કે,

અનંત કોટિ બ્રહ્માંડ કે સુખા,
સત્સંગ આગે કહત સબ લૂખા.

માત્ર આ લોકની સંપત્તિ જ નહીં, પરંતુ સત્સંગના સુખ આગળ અનંત કોટિ બ્રહ્માંડની સંપત્તિનું સુખ લૂખું છે.

❋ જગતનું સુખ કેવી રીતે લૂખું છે ? અને સંતસમાગમનું સુખ કેવી રીતે અધિક છે ? તે નિષ્કુળાનંદ સ્વામી સમજાવે છે કે...

કામદુધા, કલ્પતરુ, પારસ, ચિંતામણિ ચાર;
સંત સમાન એકે નહીં, મેં મનમાં કર્યો વિચાર.

❋ કામદુધા ગાય, કલ્પવૃક્ષ, પારસમણિ અને ચિંતામણિ ચારેય કોઈની પાસે હોય તેના કરતાં સંતસમાગમ અધિક છે.

❋ આ વાત તેમણે વિચાર કરીને કહી છે. કયો વિચાર ?

અલ્પ સુખ એમાં રહ્યું ,મળી ટળી જાય એહ;
સંત સેવ્યે સુખ ઊપજે, રહે અખંડ અટળ જેહ.

* ઉપરોક્ત ચારના સેવનથી જે સુખ મળે, તે અલ્પ છે, કારણ કે તે મળે છે અને ટળી જાય છે, પણ સંતસમાગમથી જે સુખ મળે છે, તે અખંડ છે અને અટળ છે, એટલે કે ટળી જતું નથી.
* આ વાત તો આપણે પણ અનુભવી શકીએ છીએ કે જગતનું સુખ મળે છે, પછી ટળી જાય છે, અખંડ રહેતું નથી.
* ગમે તેટલી સારી અને આપણને ભાવતી વાનગી ખાધી હોય તેનું સુખ ક્યાં સુધી આવે ? જ્યાં સુધી તે ખાતા હોઈએ ત્યાં સુધી. ખાઈને ઊભા થયા એટલે ટળી ગયું. બીજે દિવસે સામાન્ય રસોઈ જમતી વખતે ગઈકાલની વાનગી મનમાં સંભારીએ તો સુખ આવે ? ન જ આવે. ઊલટું દુ:ખ થાય કે આજે કેમ સાદું ખાવાનું!
* લૌકિક સુખમાત્ર ક્યારેક તો ટળી જશે જ. કેટલુંક સુખ એક કલાકમાં, કેટલુંક એક દિવસમાં, કેટલુંક એક મહિનામાં, કેટલુંક એક વર્ષમાં અને કેટલુંક એક જિંદગીમાં, એટલે કે અંતે તો ટળી જ જવાનું છે. મૃત્યુ સમયે સાથે કાંઈ જ આવવાનું નથી, બધું અહીં જ મૂકીને જવાનું છે. એટલે જ કહ્યું છે કે...

  સપને ચાહે લાખ સજા લો, કુછ ન આયે સાથ;
  રાજા, રંક, ફકીર સભી કો, જાના ખાલી હાથ.
* મૃત્યુ બાદ તો આ લોકનું સુખ અને સંપત્તિ ટળી જવાની છે, પણ સંતસમાગમનું સુખ અખંડ રહેશે.
* સત્પુરુષનાં (પ્રમુખસ્વામી મહારાજનાં) દર્શન એક વાર થયાં હોય, તેઓની મુલાકાતમાં તેઓએ માથે હાથ મૂક્યો હોય, આશીર્વાદ આપ્યા હોય, એ સુખ એવું છે કે એક વાર લીધા પછી જ્યારે જ્યારે સંભારીએ ત્યારે ત્યારે એટલો જ આનંદ આવે. એનો ફોટો જોઈએ, એનો વીડિયો જોઈએ, તોપણ એટલો જ આનંદ આવે. આ અલ્પ સમયના સંતસમાગમનું સુખ છે જે અખંડ રહે છે.
* વલ્લભવિદ્યાનગર લાઈબ્રેરીના લાઈબ્રેરિયન ડૉ.ચારણે વર્ષો પહેલાં માત્ર એક જ વાર યોગીજી મહારાજનો ધબ્બો ખાધેલો. એ વખતે તેમને જે આનંદ આવ્યો હતો તેની સ્મૃતિ કરતાં ઈ.સ.૨૦૦૩માં યોગીજયંતીએ તેઓ બોલેલા, 'યોગીજી મહારાજનો એ ધબ્બો જ્યારે જ્યારે યાદ કરું છું ત્યારે જાણે કે યોગીજી મહારાજ મને હાજરાહજૂર ધબ્બો મારતા હોય, અને જે આનંદ થાય એવો જ આનંદ અનુભવાય છે.'

■ એટલું જ નહીં, ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા અંત્ય-૨માં કહે છે, 'પૂર્વ જન્મનો સંસ્કાર હશે તે પણ સત્પુરુષના યોગે કરીને થયો હશે, ને આજ પણ જેને સંસ્કાર થાય છે તે પણ સત્પુરુષના યોગે કરીને જ થાય છે.' એટલે કે...

* સત્પુરુષનો યોગ થાય અને જે સંસ્કાર થાય, જે પુણ્ય મળે, તે જન્મોજનમ સુધી સાથે રહે છે, મૃત્યુ પછીયે અટળ રહે છે, ક્યારેય ટળતું નથી.
* આ જીવન દરમ્યાન પણ સત્પુરુષના સંગથી અર્થાત્ સત્સંગ અને કથાવાર્તાથી જે સંસ્કાર થાય છે તે પણ કાયમી છે. એ સંસ્કાર એટલે સમજણ. આ સમજણથી જ કાયમી સુખિયા રહી શકાય છે.
* ખંભાતના સદાશિવભાઈની નવી બંધાવેલી સાતમાળની હવેલી બળી ગઈ. આ દુ:ખમાં તેઓ સુખિયા રહી શક્યા તેનું કારણ શું ?
* વસોના વાઘજીભાઈને સંસાર-વ્યવહારની અનંત જવાબદારીઓ વચ્ચે પણ અંતરમાં અખંડ ટાઢું રહેતું તેનું કારણ શું ?
* પરીક્ષિત રાજા મૃત્યુને હસતાં હસતાં આવકારી શક્યા તેનું કારણ શું ?

આ તમામનું કારણ એક જ છે, સંતસમાગમને લીધે પ્રાપ્ત થયેલ સમજણ.

સદાશિવભાઈને ગોપાળાનંદ સ્વામીએ અઠવાડિયું રોકી કથાવાર્તા સંભળાવેલી, વાઘજીભાઈ પણ ગુણાતીતાનંદ સ્વામીની કથાવાર્તા નિયમિત સાંભળતા. પરીક્ષિત રાજાએ પણ સતત સાત દિવસ શુકદેવજીની કથાવાર્તા સાંભળી હતી.

આમ, કથાવાર્તા સાંભળવાથી આ સૌને સમજણ

પ્રાપ્ત થઈ હતી, જેને લીધે તેઓ સુખિયા રહી શક્યા. તેમની સંપત્તિ તેમને સુખી કરી શકી નહોતી.

* એટલે ગુણાતીતાનંદ સ્વામીએ શિવલાલ શેઠને કહ્યું કે મોટા સાધુની દૃષ્ટિમાં પ્રકૃતિપુરુષ સુધી ઢૂંસાં જ છે. કારણ કે એના કરતાં કથાવાર્તામાં વધુ સુખ છે.

વળી, સત્સંગમાં આવ્યા પછી પણ સાચી કમાણી કથાવાર્તા, સંતસમાગમ છે, તે પણ સ્વામી શિવલાલને સમજાવે છે.

(૨) સંતસમાગમ અને દર્શનની કમાણી એ આત્માની સાચી કમાણી છે :

* અહીં તો શિવલાલ શેઠે ૧૫૦/- રૂ.ની રસોઈ આપી હતી, પણ સ્વામીની વાતોમાં અન્ય એક પ્રસંગ આવે છે કે કોઈકે ૫૦૦/-રૂ.ની રસોઈ આપી, ત્યારે પણ સ્વામીએ આ જ વાત કરેલી કે...

'એક જણ એક મંદિરમાં પાંચસેં રૂપિયા મૂકીને ચાલ્યા ગયા, પણ એટલા રૂપિયા બેઠાં બેઠાં ખાઈને સાધુનો સમાગમ કર્યો હોત તો બહુ સમાસ થાત.' (૧/૨૫)

* કેટલીક વ્યક્તિઓ આર્થિક રીતે સેવા ખૂબ કરે, દાન-ધર્માદો વગેરે પણ ખૂબ કરે. વળી સમાજમાં પણ આર્થિક રીતે ગરીબોને સહાય કરે, પણ તેને કથાવાર્તામાં બેસવાનું કહીએ, સભામાં આવવાનું કહીએ, તો ન આવે અને કહે કે 'હું આર્થિક સેવા તો કરું જ છું.' 'હું દાન-પુણ્ય તો કરું જ છું.' 'મારે સભામાં આવવાની શી જરૂર?'

* એવા લોકોને સ્વામી સમજાવે છે કે આર્થિક દાન વગેરે કરવું તે બરાબર છે, પરંતુ તે કરતાં સંતસમાગમથી વધુ લાભ થાય છે. આર્થિક દાન વગેરેની સાથે સાથે જો કથાવાર્તાની ટેવ ન હોય તો નુકસાન છે. કારણ કે આર્થિક દાન વગેરે કરવાથી તેનું માન આવે, અને સત્સંગમાં લૌકિક અપેક્ષા રહે, તેની પૂરેપૂરી શક્યતા છે.

* કારણ કે કોઈ વ્યક્તિ કોઈને મદદ કરે તોપણ 'મેં મદદ કરી છે' તેવો અહંકારનો ભાવ રહે છે.

એક વાર એક ભાઈને લગ્ન માટે સારો સૂટ જોઈતો હતો. તેના એક ખાસ મિત્ર પાસેથી તેણે લગ્નમાં પહેરવા માટે સૂટ માંગી લીધો. લગ્નના દિવસે પેલો મિત્ર તેને મળવા આવ્યો અને બધાની હાજરીમાં કહે, 'વાહ ! મારા સૂટમાં તો તું ખૂબ શોભે છે.' પેલાને તો કાપો તો લોહી ન નીકળે તેવું થયું. મિત્રને બાજુ પર લઈ જઈને કહે, 'યાર ! જાહેરમાં શું કામ મારી આબરૂ જાય તેવું કરે છે? હવે કોઈને કહેતો નહીં કે આ તારો સૂટ છે.' મિત્ર કહે, 'વાંધો નહીં.' પછી થોડી વારે તેના સાળાભાઈ આવ્યા અને સાળાભાઈ કહે, 'આ સૂટ તમને ખૂબ શોભે છે, સરસ છે.' તરત જ પેલાનો મિત્ર કહે, 'હા ! એ તો એનો પોતાનો જ સૂટ છે. મારી પાસેથી ઉધાર લીધો નથી.' પછી તેની સામે જોઈ કહે, 'બરાબર ? તેં કહ્યું તેમ જ બોલ્યો ને ?' પેલાએ કપાળ કૂટ્યું કે 'ક્યાં તારું માગી લાવ્યો!'

આમ, વ્યક્તિ દાન-પુણ્ય કરે કે આર્થિક ભોગ આપે તેનો સૂક્ષ્મ અહંકાર તેના મનમાં રહી જતો હોય છે કે 'મેં કર્યું.' એમાંથી તેને અપેક્ષા જન્મે છે, 'મેં કર્યું તેથી મને બદલો મળવો જોઈએ', 'મારી કદર થવી જોઈએ' એવી અપેક્ષા સત્સંગમાં પણ બંધાય છે.

* સામાન્યપણે માન અને અપેક્ષા એ બે એવી બાબતો છે કે જેને લીધે સત્સંગમાંથી પડી જવાય છે.

* સત્સંગમાં એવા ઘણા પ્રસંગો બન્યા છે કે કોઈની આવી અપેક્ષા ક્યારેક ન સંતોષાય, તો ખોટું લાગી જાય છે કે પાછા પડી જવાય છે. ક્યારેક સત્સંગ પણ છૂટી જાય છે.

- સભામાં નામ જાહેર કરવાનું રહી ગયું હોય
- હારતોરા કે સન્માનમાં નામ રહી ગયું હોય
- VIPનો પાસ ન મળ્યો હોય
- મંદિરમાં ઉતારો ન મળ્યો હોય
- સંસ્થાની શાળા કે છાત્રાલયમાં એડમીશન ન મળ્યું હોય... તો ખોટું લાગી જાય છે, કે પછી પાછા પડી જવાય છે.

■ **કથાવાર્તાથી માન અને અપેક્ષા ન રહે :**

* કથાવાર્તા સાંભળવાની ટેવ હોય તો સમજણ દૃઢ થાય અને સત્સંગનો પાયો દૃઢ થાય. જે જે ભક્તોએ કથાવાર્તા દ્વારા સત્સંગનો પાયો દૃઢ કર્યો છે, તેઓ માન અને અપેક્ષાઓથી બચી શક્યા છે.
* પર્વતભાઈ આર્થિક રીતે પણ ખૂબ સેવા કરતા. દુષ્કાળમાં ૧૬ કળશી અનાજ મહારાજની આજ્ઞાથી સદાવ્રતમાં આપેલું. છતાં ગઢડામાં તેમની અઠવાડિયા સુધી જમવાની વ્યવસ્થા ન થઈ, તો દાળિયા ફાકીને પણ રહ્યા. ખોટું ન લાગ્યું.
* શાસ્ત્રીજી મહારાજના વખતમાં મનુભાઈ સારિંગવાળા આવકનો અડધોઅડધ ધર્માદો કાઢતા. (૫૦%). ઘરે કોઈ વસ્તુ નવી લાવે તો મંદિરમાં પણ તે વસ્તુ કે તેટલી રકમની સેવા કરે. પણ સાથે સાથે કથાવાર્તાથી સમજણ દૃઢ કરેલી, તેથી મંદિરમાં આવે ત્યારે કોઈ અપેક્ષા રહેતી નહોતી. પાથરવાનું મળે કે ન મળે, સભામંડપમાં જ ખુલ્લામાં સૂઈ રહે, ભોજનશાળામાં સૌ ભેગા જમી લે, કૂવામાંથી જાતે પાણી સિંચી નાહી લે.
* આમ, કથાવાર્તાથી સમજણ આવે છે, અને સમજણના પ્રતાપે સત્સંગમાં માન અને અપેક્ષા રહેતાં નથી. અને એ ન રહે તો સત્સંગનો પાયો દૃઢ થાય છે.
* તેથી સ્વામી ધન કરતાં કથાવાર્તાને અધિક કહે છે.
* વળી, વાતને અંતે નોંધ્યું છે કે 'આમ કહીને સ્વામીએ શિવલાલ શેઠનો બુદ્ધિનો ડોળ ટાળી નાખ્યો.'
* સત્સંગમાં પોતાની આવડત કે પોતાની બુદ્ધિ કે પોતાનું સમર્પણ, તેનું જરા સરખું પણ માન આવે તે સત્પુરુષને પસંદ નથી, અને તેથી આવી ટકોર કરીને તેઓ તે ટાળતા હોય છે.
* આમ, સ્વામીએ જાહેરમાં શિવલાલ શેઠને ટકોર કરી અને સાચી સમજણ આપી, પરંતુ શું આ વાત માત્ર શિવલાલ શેઠ પૂરતી જ છે ? ના...

● **આ ટકોર કોને માટે ?**

* એક વાર પ્રમુખસ્વામી મહારાજ સભામાં કથા કરી રહ્યા હતા. તેમાં સામે બેઠેલા હર્ષદભાઈ રાણા (નૈરોબી)ને સંબોધીને સ્વામીએ કહ્યું, 'આ દેહ, સંપત્તિ બધું જતું રહેશે. માટે સત્સંગ માટે વપરાયું તેટલું જ સાચું.' પછી સ્વામીશ્રીએ કહ્યું, 'આ તો અમારે વાત કરવા સામે કોઈક નિશાન જોઈએ, તેથી રાણાનું નામ લઈને વાત કરી, પણ આ વાત માત્ર એમના એકલા માટે નથી. એ તો બધા માટે છે. બધાએ આ સમજવાનું છે.'
* એમ અહીં ગુણાતીતાનંદ સ્વામીએ શિવલાલ શેઠનું મિષ લઈને (નિમિત્ત બનાવીને) આપણને બધાને સમજાવ્યું કે વ્યવહારના વિચારો મનમાંથી કાઢો, અને જીવનમાં સત્સંગ પ્રધાન કરો.
* શિવલાલ શેઠ તો ઉત્તમ ભક્ત હતા. તેમનામાં તો તલમાત્ર કસર હતી, જ્યારે આપણામાં તો ગાડેગાડાં ભરીને કસર રહી છે. એટલે આપણે તો ખૂબ જ ધ્યાન રાખવું પડે. દર વખતે કંઈ સોનું લેવાનું નથી હોતું, પણ જુદાં જુદાં કારણસર આપણાથી સત્સંગ કે કથાવાર્તાની ગૌણતા થઈ જાય છે. જેમ કે...
– સત્સંગ શિબિરમાં ગયા હોઈએ અને રીસેસ પડે કે તરત મોબાઈલ કરી ઘરે ખબર-અંતર પૂછી લઈએ, કે ધંધા-નોકરીના સમાચાર જાણી લઈએ.
– સભાના ભોગે નોકરીમાં ઓવરટાઈમ કરીએ. સભાના ટાઇમે દુકાન કે ધંધો બંધ ન કરીએ, અને મન મનાવી લઈએ કે વધારે આવક થાય તો ધર્માદો વધુ થાય.
– દીકરા કે દીકરી ૧૦મા કે ૧૨મા ધોરણમાં હોય, ત્યારે સભામાં આવે તો સમય બગડે એવું લાગે.
– કોઈ મિત્ર કે સગાસંબંધીને ત્યાં જવાનું હોય, ત્યારે સભામાં ન જઈએ તો ચાલે એવું થઈ જાય.
* આ રીતે આપણે કથાવાર્તા, સત્સંગની ગૌણતા ન કરીએ તે માટે આ ટકોર આપણા સૌ માટે છે.
* તો ચાલો, આજે આપણે સંકલ્પ કરીએ કે ગુણાતીતાનંદ સ્વામીએ જે ટકોર કરી છે તે આપણે ગ્રહણ કરીએ, સવળી ગ્રહણ કરીએ, આપણામાં સુધારો કરીએ, જીવનમાં રવિસભા અને પરાસભાને મહત્ત્વ આપીએ; અને જેમ સ્વામીની આવી ટકોરથી ઘડતર પામી શિવલાલ શેઠ ઉત્તમ સત્સંગી થયા, તેમ આપણે પણ ઉત્તમ સત્સંગી થઈએ.

સ્વામીની વાત : ૨, પ્રકરણ : ૩, વાત : ૨૮

સ્વામિનારાયણ હરે..... સ્વામીએ વાત કરી જે.....

સો કરોડ રાખનાં પડીકાં વાળીને પટારામાં ભરી મૂકીએ ને તાળાં દઈ રાખીએ ને જે દિવસ કાંઈક કામ પડે ને કાઢીએ તો કાંઈ સારું નીસરે ? ત્યારે કહ્યું જે, ના મહારાજ - ત્યારે સ્વામી બોલ્યા જે, મહારાજની મૂર્તિ વિના અને સાધુ વિના પ્રકૃતિ પુરુષ સુધી રાખનાં પડીકાં જ છે, તે ગમે તો મૂર્તિને મૂકીને દેવતાના લોકમાં જાઓ ને ગમે તો ઈશ્વરકોટીના લોકમાં જાઓ ને ગમે તો પુરુષ કોટીના લોકમાં જાઓ, પણ મહારાજની મૂર્તિ વિના ને આ સાધુ વિના સુખ કે શાંતિ ક્યાંઈ નથી એમ કહીને બોલ્યા જે,

સુરપુર નરપુર નાગપુર, એ તીનમેં સુખ નાંહી;
કાં સુખ હરિકે ચરણમેં, કાં સંતન કે માંહી.

● સ્વામીની વાતનું નિરૂપણ

* આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામી સુખનું સાચું સ્થાન બતાવે છે. મનુષ્યમાત્રને સુખની અપેક્ષા છે. અખંડિત, શાશ્વત અને દુઃખ વિનાના સુખ

માટે રાતદિવસ પ્રયત્ન કરે છે.

* માણસે પોતાની બુદ્ધિથી અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. ચંદ્ર પર ગયો, પ્લેન ઉડાડ્યાં, સમુદ્રના પેટાળમાં ગયો, દરિયા નીચે ટનલો બનાવી. આ બધી જ ભૌતિક સિદ્ધિઓમાં તે અવશ્ય સફળ થયો છે. પણ સુખ માટેના પ્રયત્નોમાં તે નિષ્ફળ ગયો છે. એમાં તો જેમ જેમ વધારે પ્રયત્ન કરે, તેમ તેમ વધુ ને વધુ દુઃખી થતો જાય છે.
* દુઃખમાંથી મુક્ત થવા તેણે સુખ સગવડ-મનોરંજનનાં સાધનો શોધ્યાં.

રશિયાના ચિંતક મેક્સિમ ગોર્કી અમેરિકા ગયા. ત્યાં મોજ-મઝા અને મનોરંજનનાં વિવિધ સાધનો ને માધ્યમો જોયાં. છેલ્લે તેમને પ્રશ્ન પૂછ્યો, 'તમને અમેરિકા કેવું લાગ્યું ?' તો કહે : 'અરેરે ! આ દેશ એટલો બધો દુઃખી છે કે તેને મનોરંજન માટે આટલાં બધાં સાધનોની જરૂર પડે છે ?'

* સ્વીડનમાં માણસ દીઠ બે બે કાર, સ્વીમીંગ પુલ બધું જ છે. પરંતુ એનાથી ય લોકો કંટાળ્યા છે. ઇંગ્લેન્ડમાં બ્લેકપુલમાં રોલ્સરોઈસ ગાડીમાં આવનાર ગાડીમાંથી ઊતરી મઝા મેળવવા ગધેડા પર સવારી કરે છે. કેલિફોર્નિયા-અમેરિકામાં હવે બંગલા, ગાડી, ટી.વી. સોફા... આ બધાથી કંટાળીને હવે જંગલમાં ઝાડ નીચે ઝૂંપડાં બાંધીને રહેવા લાગ્યા છે.
* આથી ગુણાતીતાનંદ સ્વામી કહે છે : જેટલું કાંઈ માયામય સુખ છે તે સર્વે દુઃખ વિનાનું હોય નહીં. આ વાત પણ જાણી રાખવી.
* માયિક સુખને મહારાજે ત્રણ ઉપમા આપી છે : તુચ્છ, નાશવંત અને અપાર દુઃખનું કારણ.

સુખ સ્વપ્ના જેવું છે સંસારનું રે,
તેને જાતા ન લાગે વાર...

- દેવાનંદ સ્વામી

* આનાથી છેવટે કંટાળે ત્યારે માણસ આપઘાત કરે છે. અમેરિકાની આટલી સમૃદ્ધિ વચ્ચે દર ૨૦ સેકન્ડે આપઘાત થાય છે. દુનિયાના અતિ સમૃદ્ધ ગણાતા એવા શિકાગોમાં એક વિસ્તારને આપઘાતી ક્ષેત્ર તરીકેનું નામ આપવામાં આવ્યું છે.
* આટલા પ્રયત્નો છતાં, આટલો વિજ્ઞાન અને ટેક્નોલોજીનો વિકાસ થયો છતાં સુખ હાથમાં કેમ આવતું નથી ? પાણીને ગમે તેટલું વલોવો, માખણ નીકળે નહીં; રેતીને ગમે તેટલી પીલો, પણ તેમાંથી તેલ ન નીકળે. કેમ ? એમાં એ છે જ નહીં, એમ જગતનાં પદાર્થમાં સુખ છે જ નહીં તો મળે ક્યાંથી ?

એક ડોશીમા વીંટી શોધતા હતાં. ખૂબ શોધ્યું, ન મળી. કોઈએ પૂછ્યું : 'વીંટી ખોવાઈ ક્યાં છે ?' 'એ તો ત્યાં ઘરમાં.' 'તો અહીં બહાર થાંભલા નીચે શું કામ શોધો છો ?'

* ડોશી કહે : 'ત્યાં અંધારું છે ને અહીં અજવાળું છે એટલે.' તો ક્યાંથી મળે ? એમ, સુખ જ્યાં હોય ત્યાં જ શોધવું પડે.
* ગુણાતીતાનંદ સ્વામી : 'જો વિષયમાં સુખ હોત જ તો મહારાજ આપણને તેની બંધી શા સારુ કરત ?
* જેણે જેણે જગતના માર્ગે સુખ મેળવવા પ્રયત્ન કર્યા છે એ બધા જ નિષ્ફળ ગયા છે.
* કિંગ સોલોમન જેની પાસે ૩૦,૦૦૦ કિલો સોનું હતું. દર વર્ષે ૯.૬ લાખ તોલા સોનું એના ખજાનામાં ઉમેરાતું. ૭૦૦ રાણીઓ, ૩૦૦ રખાતો, દરેકને બંગલા, રથ... આ બધું હોવા છતાં તેણે આપઘાત કર્યો.
* નેપોલિયન : જો હું ધારું તો આખા વિશ્વને મારા પગ નીચે લાવી દઉં. દુનિયાની કોઈ પણ વસ્તુ ખરીદી શકું એવો સમૃદ્ધ છું. છતાં મારા જીવનમાં મેં સુખના છ દિવસ જોયા નથી.
* એલ્વીસ પ્રેસ્ટલી : ૧૯૬૦-૭૦ના દાયકાનો વિશ્વપ્રસિદ્ધ ગાયક-પુષ્કળ આવક-પોતાનાં જ ખાનગી વિમાનો-અઢળક સંપત્તિ-છતાં દુઃખી

ઘેનની ગોળીઓ ખાઈને આપઘાત કર્યો.

* યયાતિ રાજાને વિષયો ભોગવવાની તીવ્ર લાલસા. છતાં તૃપ્તિ નહીં. પોતાના પુત્રની જુવાની માગી અને ફરી વિષયો ભોગવ્યા ને છેવટે કંટાળ્યો.

જેમ દીવામાં ઘી પૂરો તેમ વધારે પ્રજ્વલિત થાય, તેમ વિષયો ભોગવવાથી તૃષ્ણા વધતી જ જાય છે.

* ગ.મ. ૪૭ : 'પાતાળ સુધી પૃથ્વી ફાટી છે. તેને પાણીથી ભરવા માંડે તો ભરાય નહીં. તેમ વિષય થકી કોઈ કાળે તૃપ્તિ થતી નથી.'

* આ તૃષ્ણાની સાંકળથી બંધાયેલ લોકો દોડ્યા જ કરે છે.

* દેવતાના લોકના સુખ પણ માન, ઈર્ષ્યા, બરોબરિયાપણું આદિથી ભરેલા છે.

* ગ.મ. ૫૧ 'જ્યાં સુધી જીવને ત્રણ ગુણનો સંબંધ છે ત્યાં સુધી કોઈ જીવ સુખિયો રહી શકે નહીં.'

રે બ્રહ્માથી કીટ (નાના કીડા) લગી જોયું;
જૂઠું સુખ જાણી વગોવ્યું....

- મુક્તાનંદ સ્વામી

* આમ, અહીં આપેલી સાખી યોગ્ય છે :

સુરપુર નરપુર નાગપુર, એ તીન મેં સુખ નાહીં.
કાં સુખ હરિ કે ચરણ મેં, કાં સંતન કે માંહીં.

સુરપુર (દેવલોક), નરપુર (મૃત્યુલોક) ને નાગપુર (પાતાળલોક) આ ત્રણેમાંથી એકેય જગ્યાએ સુખ નથી. તો હવે સુખ માટે ક્યાં જવું તો ?

કાં સુખ હરિ કે ચરણમેં, કાં સંતન કે માંહી.

* **સહજાનંદજી સનેહી સુખધામ છે જો...**

- પ્રેમાનંદ સ્વામી

* (ગ.અં.૭ :) જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તો ભગવાન કે ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી.

* ભગવાનનું સુખ કેવું છે ?

વર-૧૬માં એનું વર્ણન કરતા શ્રીજીમહારાજ કહે છે : 'નેત્ર મીંચીને ભગવાનનું ચિંતવન કરીએ, તેમાં જેવું સુખ છે એવું તો ચૌદ લોકના રાજ્યને વિષે નથી.'

મન લાગો મેરો યાર ફકીરી મેં
જો સુખ પાયો રામ ભજનમેં,
સો સુખ નાહીં અમીરી મેં...

- બ્રહ્માનંદ સ્વામી

* સા. ૧. : 'ભગવાનના એક નિમિષ માત્રનાં દર્શન પર અનંત કોટિ બ્રહ્માંડના વિષયસુખને વારી ફેરીને નાખી દઈએ.'

* મનુ સૂબેદાર મુંબઈમાં યોગીજી મહારાજને આનંદમાં ગરકાવ જોઈને કહે : 'મારી પાસે, પૈસા, પ્રતિષ્ઠા, ઘર બધું જ છે. તમારી પાસે આમાંનું કંઈ નથી, તોય તમારે આમ અખંડ આનંદ શેનો છે ?' યોગીજી મહારાજ સરળતાથી તરત બોલ્યા : 'ભગવાનનો આનંદ.'

* શ્રીજીમહારાજના પરમહંસોને બાહ્ય પરિસ્થિતિ, અત્યંત ત્રાસજનક સંજોગો, દૈહિક સગવડ કે અન્ય ભૌતિક જરૂરિયાતો સાવ પ્રતિકૂળ હતા છતાં તેમનાં પદોમાં કેફ ને ખુમારી છલકાય છે. એ ભગવાનના સુખનો આનંદ છે.

* **રાંકપણું તો રહ્યું નહીં, કોઈ મા કહેશો કંગાલ;**
નિરધનીયા તો અમે નથી, મહા મળ્યો છે માલ.

- નિષ્કુળાનંદ સ્વામી

* **શી કહું એ સુખની વાત, કહી નથી જાતી,**
એ સુખ સંભારતા, આજ ફાટે મારી છાતી રે...

- યોગાનંદ સ્વામી

* **રાજ મારે દિન દિન દિવાળી...**

- બ્રહ્માનંદ સ્વામી

* સ્વામીશ્રી પણ અખંડ આનંદમાં રહે છે એનું મૂળ ભગવાન છે. બાહ્ય પ્રસંગો કે પરિસ્થિતિ એમને વિકળ બનાવી શકતા નથી. ૧૯૭૪માં નૈરોબીમાં ઍરપોર્ટ પરથી પાછા વળવાનું થયું, છતાં પોતે ઝાંખા ન પડ્યા.

* પ્રો. ફીચ, જેણે અક્ષરધામનો મલ્ટીમીડિયા શૉ બનાવ્યો છે. તે કહે છે : 'મેં અનેક રાજાઓ, ઉદ્યોગપતિઓ અને મહાનુભાવોના ફોટા પાડ્યા

છે. એ દરેકના ૭૦% ફોટા કાઢી નાખવા પડે તેવા હોય છે. જ્યારે પ્રમુખસ્વામી મહારાજના મેં ૮૦૦ ફોટા પાડ્યા, પણ કયો કેન્સલ કરવો એ જ પ્રશ્ન છે. દરેકમાં સરખી જ પ્રસન્નતા.

સ્વામીશ્રીના સુખમાં આવનજાવન નથી કારણ કે એ સુખનું મૂળ ભગવાન છે.

* ટ્રીનીદાદના પ્રધાનમંત્રી કહે : 'સ્વામીજી ! ખરેખર આપનાં દર્શનથી, આજે મેં અગાધ શાંતિનો અનુભવ કર્યો છે.'
* આપણને આ સુખ આવે ક્યારે ?
* ગ.મ. ૫૧ : 'આત્મસત્તારૂપે વર્તે ત્યારે જીવ સુખિયો થાય.' આત્મસત્તારૂપે વર્તવું એટલે સત્પુરુષની આજ્ઞા પ્રમાણે વર્તવું.
* પંચાળા-૧ : વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે 'જેમ દીવાની નજીક જઈએ એમ વધારે પ્રકાશ અનુભવાય એમ જેટલો ભગવાનનો સંબંધ વધુ રહે તેમ વધુ સુખ થાય.' માટે મહારાજ-સ્વામીના ચરિત્રોનું ગાન અને સ્મૃતિ કર્યા કરવી.
* ગ.અં. ૨૭ : 'શ્રવણ, મનન, નિદિધ્યાસ કરીએ તો એ સુખનો સાક્ષાત્કાર થાય.'
* ગ.અં.૨૮ : 'ભગવાનનું સુખ કોણ પામે ? જેને પંચવિષયથી જીવનપણું ટળી જાય તે...' ◆

સ્વામીની વાત : ૨ (પ્રકરણ : 3/30)

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે...

એક હરિજન સંસાર મૂકીને આવ્યા, તેને બોલાવીને વાત કરી જે, એક કઠિયારો હતો તે લાકડાના ભારા લાવીને વેચતો, પછી એક દિવસ હેમગોપાળની ઝાડીમાંથી બાવના ચંદનનું લાકડું આવી ગયું. તેને ખબર વિના ચૂલામાં સળગાવ્યું ને તેની સુગંધ કોઈક શાહુકારને આવી. પછી તે શાહુકારે પૂછ્યું જે, આ ગામમાં બાવના ચંદન બાળે એવો ધનાઢ્ય કોણ છે ? પછી સર્વેએ કહ્યું જે, આ ગામમાં તો કઠિયારા રહે છે. પછી તે શાહુકારે ત્યાં જઈને બાળતા થોડુંક રહ્યું હતું તે લાવીને વિષ્ણુ ભગવાનને ચડાવ્યું તે જ્યારે દેહ મૂક્યો ત્યારે વિષ્ણુના લોકમા ગયો.

એ તો દૃષ્ટાંત છે ને એનું સિદ્ધાંત તો એ છે જે, હેમગોપાળને ઠેકાણે તો આ ભરતખંડ છે ને બાવના ચંદનને ઠેકાણે તો મનુષ્યદેહ છે. તે ખબર વિનાનું સ્ત્રી, દ્રવ્ય, દીકરા, લોક, ભોગ ને દેહ તેને વિશે બાળી દે છે, તેમ આપણે બાળવું નહિ. આપણે તો **અર્થં સાધયામિ વા દેહં પાતયામિ ।** એમ જ કરવું. એમ કહીને બોલ્યા જે કોટી જન્મ લગી રગડ હમારી, વરું શંભુ કે રહું કુમારી એટલી વાત કરીને ઊઠ્યા.

સ્વામીની વાતનું નિરૂપણ

- આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામી મનુષ્ય દેહની દુર્લભતા અને તેના યથાર્થ ઉપયોગનું માર્ગદર્શન આપે છે.
- મનુષ્યદેહથી શું કરવાનું છે અને શું થાય છે એ સમજાવે છે.
- ભગવત કહે છે : દુર્લભો માનુષો દેહો ! મનુષ્ય શરીર દુર્લભ છે.
- શ્રીકૃષ્ણને અર્જુને પૂછ્યું : 'મનુષ્યદેહ ક્યારે મળે?'
- શ્રીકૃષ્ણ કહે : '૪૦૦ ગાઉ લાંબી-પહોળી અને એક ગાઉ ઊંડી વાવને પાણીથી ભરીએ અને માથાના વાળના ચાર ઊભા ફાડિયા કરીને એમાંથી એક ફાડિયાને પાણીમાં બોળીએ અને બહાર ખંખેરીએ અને જ્યારે એ વાવનું બધું જ પાણી ઉલેચાઈ ત્યારે મનુષ્ય દેહ મળે.'
- કરોડ રૂપિયા આપતા મનુષ્યદેહ મળે નહીં. (ગુણાતીતાનંદ સ્વામી)
- દેવાનંદ સ્વામી : 'માણસનો અવતાર મોંઘો નહીં મળે ફરી.
- વિરાટ બ્રહ્માના એક દિવસમાં આપણા ૮ અબજ ને ૬૪ કરોડ વર્ષ જાય. આવા ૩૬૫ દિવસનું એક વર્ષ થાય.
- આવા ૧૦૦ વર્ષે પ્રાકૃતપ્રલય થાય. આવા સાડા ત્રણ કરોડ પ્રાકૃત પ્રલય થાય ત્યારે મનુષ્યદેહ મળે છે. (ભાગવત્)
- અમેરિકામાં અબ્રાહમ લિંકનનું પૂતળું છે. મશીનથી ચાલે છે. પાંચ મિનિટ બોલે. પણ તેની કિંમત ૧૫ લાખ ડોલર એટલે કે ૭૫ લાખ રૂપિયા !!! જ્યારે આપણે વર્ષોથી બોલીએ છીએ. તો આપણી કિંમત.
- વૈજ્ઞાનિકોએ આ મનુષ્ય શરીરની કિંમત આંકી છે. પૃથ્વી પરની સાડા પાંચ અબજની વસ્તીમાંથી દરેક માનવ ૧-૧ કરોડ રૂપિયા આપે ને તેનો જે ઢગલો થાય તેમાંથી ૧ માનવ શરીર બને. અને તે પણ મૃત, આત્મા વિનાનું.
- આવું કિંમતી-દુર્લભ છે આપણું શરીર. જેમ વસ્તુની કિંમત વધે તેમ તેનો ઉપયોગ વધુ વિશિષ્ટ ને મહત્વનો હોય. દા.ત. સાવરણી ફક્ત વાળવા જ વપરાય. સસ્તી છે. પણ ટેલિફોન કે ઘડિયાળથી વળાય નહીં કે તેનો પેપરવેટ તરીકે પણ ઉપયોગ ન કરી શકાય. કિંમત વધી તો ઉપયોગ પણ વિશિષ્ટ થયો.

● આવો કિંમતી દેહ ક્યાં વપરાય છે ?

- એક બાદશાહે વજીરને શાલ આપી. વજીરને છીંક આવી. તેણે તે શાલથી નાક લૂંછી નાંખ્યું. રાજાએ તેને કાઢી મૂક્યો. વજીર સાધુ પાસે ગયો. સાધુ તે રાજા પાસે ગયો ને કહે : 'તારામાં ને વજીરમાં કોઈ ફેર નથી. શાલ જેવા જ કિંમતી આ શરીરનો તું પણ દૂરુપયોગ જ કરે છે - પૈસા, સત્તા ને સ્ત્રી પાછળ. તો તને તારા પર ક્રોધ નથી આવતો ?'
- ગુણાતીતાનંદ સ્વામી : 'ચંદન જેમ ઓરસિયે ઘસાય તેમ જીવપ્રાણીમાત્ર પોતાનો દેહ ઘસીઘસીને સ્ત્રી- પુત્રાદિકને ચઢાવે છે.'
- એક મૂર્ખને રાજાએ સોનાનો થાળ આપ્યો. તે તેમાં કચરો ભરે. એમ આપણે પણ આ દેહે કરીને એવું જ કરીએ છીએ.
- પૈસા કમાવા, ખાવું, પીવું, જોવું, વિષય ભોગવવા ને પુત્ર-પરિવારમાં આવો મનુષ્યદેહ છે તે ખોઈ નાંખીએ છીએ.

તું ને રાત ગવાઈ સોઈ કે
દિવસ ગવાયા ખાય.
હીરા જનમ અમોલ સા,
કોડી બદલે જાય...

- નાનક

- અ વાતમાં સ્વામીએ વર્ણવેલા કઠિયારામાં ને

આપણામાં કોઈ ફેર નથી. જેમ ચંદનના લાકડાથી કોઈ ખીચડી પકાવે, એમ આપણે પણ આ દેહરૂપી લાકડાથી લૌકિક-નાશવંત કમાણીરૂપી ખીચડી પકાવવામાં જ પડ્યા છીએ.

● આવા કિંમતી દેહથી કરવાનું છે શું?

- આ મનુષ્ય શરીર જ બંધન અને મોક્ષનું કારણ છે. જેમ બારણું ખોલવા અને બંધ કરવાની ચાવી એક જ હોય, પણ ચાવી કઈ બાજુ ફેરવો છો તેના આધારે બારણું ખૂલે કે બંધ થાય. તેમ આ જ મનુષ્ય શરીરથી મોક્ષ થઈ શકે. જો ભગવાન ભજીએ તો.

નાશવંત આ દેહ વડેથી,
અવિનાશી ફળ લેવું જી.
પત્રાવળામાં જમી કરીને,
બહાર ફેંકી દેવું જી

- નારાયણદાસ કવિ

- જેતલપુર-૪ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે આ દેહે કરીને ભગવાન ભજવા એવી બીજી કોઈ મોટી વાત નથી.
- કોટિ જનમના પુણ્યથી મળ્યો મનુષ્ય અવતાર, ભાવે કરી પ્રભુ નવ ભજે, તેને લાખવાર ધિક્કાર.
- માંગરોળમાં શ્રીજીમહારાજ હરિભક્તો સાથે બજારમાં નીકળ્યા. તે વખતે એક માણસ નાળિયેરની કાચલીના ત્રાજવા બનાવી તેમાં છાલ, ધૂળ, પથરા ભરીને બોલે, 'લો એલાયચી, લો લવીંગ.' આમ વેપાર કરે.
- મહારાજ કહે : 'આ કોણ છે ?' 'મહારાજ, આ કમા શેઠ છે. બહુ મોટા વેપારી હતા. પણ વેપારમાં નુકસાન જવાથી મગજ ફસકી ગયું. એટલે હવે આવું કરે છે. 'મહારાજ : અમારી નજરમાં તો જે ભગવાન ભજતા નથી એ સર્વે કમા ગાંડા જ છે.'
- કૂપ નીર બિન, ધેનું છીર બીન, ધરતી મેહ બીના, યુ પ્રાણી હરિનામ બિના - નાનક : પાણી વિનાનો કૂવો, દૂધ વગરની વાંઝણી ગાય ને વરસાદ વિનાની ધરતી જેમ નિરર્થક છે તે જ રીતે ભગવાનના ભજન વગરનો મનુષ્ય પણ નકામો છે.
- બ્રિટનમાં એક ચિંતક કર્કગાર્ડ નામે. તેના લગ્ન રાજકુંવરી સાથે થવાના હતાં. એ જ દિવસે આકાશવાણી થઈ કે મનુષ્ય શરીરથી તો ભગવાન ભજવાના છે. તે નીકળી ગયો. પાદરીઓ તેને બોલાવવા ગયા. પણ ન ફર્યો
- મુક્તાનંદ સ્વામીને આ વાત સમજાઈ ગઈ હતી. તો ભગવાન ભજવા માટે તેમણે કેટલો પુરુષાર્થ કર્યો. રામાનંદ સ્વામીના આશ્રમમાં ગયા. રામાનંદ કહે : 'માતા-પિતાની રજા લઈ આવો.' માતાપિતા રજા ન આપે. તેથી એક દિવસ આંગણામાં જ કૂવો ખોદવા માંડ્યા. ગાંડાની જેમ વર્તે. બધા પૂછે 'આમ કેમ ?' તો કહે : 'મારા જેવો દીકરો હોય, ને મારી માને કૂવે પાણી ભરવા જવું પડે?' ગાંડાની જેમ વર્ત્યા ને માતાપિતાએ રજા આપી.
- ઉદેપુરના રાણી ઝમકુબાને સમજાયું કે ગુજરાતમાં ભગવાન પ્રગટ્યા છે. તેથી તેઓ રાજમાંથી ભાગી નીકળ્યા. પાછળ અસવારો પડ્યા. મરેલા ઊંટના ખોળિયામાં ત્રણ દિવસ સુધી રહ્યા. ને પછી શોધતાં શોધતાં ગઢડા આવ્યા. ત્યાં સાંખ્યયોગી બાઈઓ સાથે કચરોવાળે, વાસણ ઊટકે એવી હલકી સેવા કરતા, રાણી હોવા છતાં. કારણ કે એમણે નક્કી કરેલું કે ભલે દેહ પડી જાય પણ ભગવાન જ ભજવા છે.

કોટિ જન્મ લગી રગડ હમારી,
વરું શભુ કે રહુ કુમારી.

પાર્વતીજીએ મનમાં નક્કી કરેલું કે શંકરને જ પરણવું. એ માટે ઉગ્ર તપશ્ચર્યા આદરેલી. ભલે કરોડ

જન્મ થાય, રખડવું પડે પણ શિવજીને જ પરણીશ. અથવા કુંવારી રહીશ. આવી દૃઢતા હતી.

- આમ, આ મનુષ્યદેહે કરીને ભગવાન ભજાય તો જ સાર્થક જીવન કહેવાય. બાકી તો પાણી વલોવ્યા જેવું છે.
- ગમે તેટલું આ લોકનું કરો પણ આંખ મીંચાયા પછી કશું જ સાથે નથી.

◆

૧૮. સ્વામીની વાત : 3/33

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

સત્સંગમાં એમ વાત થાય છે જે, જીવ બ્રહ્મરૂપ થઈ જાય. ત્યારે પૂછ્યું જે, 'સત્સંગમાં વાત તો થાય છે, તોય જીવ બ્રહ્મરૂપ કેમ થાતો નથી?' પછી સ્વામી બોલ્યા જે, 'હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી અને સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ન આવે.' ત્યારે વળી પૂછ્યું જે, 'હેતે કરીને જીવ બાંધ્યો હોય તેનો વિશ્વાસ કેમ ન આવે?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ જલે ભક્તે મારા સાથે જીવ ઘણો બાંધ્યો છે પણ મારો વિશ્વાસ ન આવે.' એમ કહીને વળી બોલ્યા જે, 'વિશ્વાસ તો હોય, તો પણ નિષ્કપટપણે વર્તાય નહીં, ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહીં, એ સિદ્ધાંત વાત છે.'

(નોંધ : '◎' નિશાની પછી આવતું નિરૂપણ એકસ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.)

● સત્સંગનો મહિમા :

❊ સત્સંગનો મહિમા અપાર છે. શ્રીજીમહારાજ કહેતા કે, 'આ સત્સંગ તો બ્રહ્મરૂપ ને મહાવિષ્ણુરૂપ છે.'

❊ ગુણાતીતાનંદ સ્વામીએ પણ ૧/૧૬૬મી વાતમાં કહ્યું કે, 'આ સત્સંગ મળ્યો છે, એ તો પરમ ચિંતામણિ મળી છે, તેમાં જીવ બહુ વૃદ્ધિને પામે છે.'

❊ આ સત્સંગમાં જોબન પગી, વાલેરા વરુ જેવા અનેક પતિત જીવ પણ એકાંતિક થયા છે.

❊ મહંતસ્વામી મહારાજ ઘણી વાર કહે છે કે, 'આ સત્સંગમાં શ્રીજીમહારાજના વખતમાં અનેક એકાંતિક થયા છે ને આજે પણ એકાંતિક થાય છે અને આગળ પણ થશે.'

● એકાંતિક થવામાં ખૂટતું તત્ત્વ :

❊ આપણે પણ એકાંતિક થવા માટે સત્સંગ કરીએ છીએ, સેવા-ભક્તિ કરીએ છીએ. પરંતુ એકાંતિક થવામાં, બ્રહ્મરૂપ થવામાં કોઇક તત્ત્વ ખૂટે છે, જેની ઉપર ગુણાતીતાનંદ સ્વામી આપણું ધ્યાન દોરવા માંગે છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં ત્રણ મુદ્દા પર આપણું ધ્યાન દોરે છે.

૧. સત્પુરુષ સાથે દૃઢ હેત
૨. સત્પુરુષમાં દૃઢ વિશ્વાસ
૩. સત્પુરુષ સાથે નિષ્કપટપણું

આ ત્રણે મુદ્દાને આપણે થોડો સમજવા પ્રયત્ન કરીશું.

૧. સત્પુરુષ સાથે દૃઢ હેત :

❊ શ્રીજીમહારાજ **વચનામૃત વરતાલ-૧૧**માં કહે છે કે, 'સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.'

શ્રીજીમહારાજે સત્પુરુષ સાથે દૃઢ પ્રીતિનો આટલો બધો મહિમા કહ્યો છે. અહીં નોંધ કરવા જેવી બાબત એ છે કે આ સામાન્ય પ્રીતિનો મહિમા નથી, પરંતુ 'દૃઢ પ્રીતિ'નો મહિમા છે.

❊ એક વાર જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામીને તેમના સેવક બાલમુકુંદ સ્વામી નવરાવતા હતા. એટલામાં એક ઘોડી હણહણી એટલે ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું કે, 'ઘોડી કેમ હણહણે છે?' ત્યારે બાલમુકુંદ સ્વામીએ કહ્યું કે, 'તેની સાથેની બીજી ઘોડી ગઈ કાલે વેચી દીધી એટલે તેની સાથે હેડો હશે તેથી હણહણે છે.' આ સાંભળી ગુણાતીતાનંદ સ્વામીએ તેમને પૂછ્યું કે, 'તમને સત્સંગમાં આવ્યે કેટલાં વર્ષ થયાં?' તેઓ કહે, 'ચૌદ વર્ષ થયાં.'

ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું, 'આ ઘોડી જેટલો હેડો સત્પુરુષમાં થયો છે?' તેઓ કહે, 'ના' ગુણાતીતાનંદ સ્વામી કહે, 'મોટા પુરુષ સાથે જીવ જોડ્યા વિના સુખ, શાંતિ કે ગુણ આવે જ નહીં.'

❊ બાલમુકુંદ સ્વામી સારા સાધુ હતા, ગુણાતીતાનંદ સ્વામી સાથે હેત પણ હતું, તેમની મહિમાથી સેવા પણ કરતા, પરંતુ ગુણાતીતાનંદ સ્વામી તેમને આ હેત વધુ દૃઢ થાય તેના માટે વાત કરી રહ્યા હતા.

❊ કોઈ વિદ્યાર્થી સ્કૂલમાં જવાથી વર્ગમાં બેસવાથી કે શિક્ષક સાથે વાતચીત કરવાથી એમ માની લે કે મને બધું જ્ઞાન થઈ ગયું તો એ તેની ભૂલ છે. કેટલીક વાર આપણે નિત્યપૂજા કરીએ, સત્સંગ સભા ભરીએ, નાની-મોટી સેવા કરીએ, તેમાંય વળી મહંતસ્વામી મહારાજ દૃષ્ટિ કરે, આપણને બોલાવે, વાત કરે તો આપણે એમ માની લઈએ છીએ કે મારે તેમની સાથે દૃઢ હેત છે, આ આપણી એક ભ્રમણા છે.

હા, સ્વામીશ્રી સાથે આપણને હેત છે, પરંતુ 'દૃઢ હેત' નથી.

❊ જેમ સોય કેડે દોરો સોંસરો ચાલ્યો આવે, તેમ જેને સત્પુરુષ સાથે દૃઢ હેત થયું હોય, તો તેનો વિશ્વાસ પણ આવે જ. પણ દૃઢ હેત નથી તેથી તેમનો વિશ્વાસ આવતો નથી.

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં જલા ભક્તનું દૃષ્ટાંત આપે છે. જલા ભગત પાર્ષદ તરીકે જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી પાસે રહેતા હતા. સ્વામી જ્યાં જાય ત્યાં સાથે જ રહે ને સેવા કરે. એક વાર તેઓ સ્વામી સાથે વરતાલ ગયા ત્યારે કોઈએ મજાકમાં

કહ્યું કે, 'હવે સ્વામીને અહીં જ રાખવા છે.' તે સાંભળી જલા ભક્ત ખૂબ રડ્યા હતા, છતાં સ્વામી ઉપાસના કે વ્યવહાર સંબંધી આજ્ઞા કરે, તે જલા ભક્તને માન્યામાં ન આવતું. જલા ભક્તને સ્વામીમાં હેત હતું તેથી તેમનો વિયોગ સહી ન શકતા, પરંતુ 'દૃઢ હેત' નહોતું. તેથી સ્વામીનો યથાર્થ વિશ્વાસ તેમને આવતો નહીં અને આજ્ઞા પાળી શકતા નહીં.

૨. સત્પુરુષમાં દૃઢ વિશ્વાસ :

* **વચનામૃત સારંગપુર-૯** પ્રમાણે જેને ભગવાન અને સંતમાં દૃઢ વિશ્વાસ હોય અને તે સાચે ભાવે સત્સંગ કરે તો તે દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય.
* ભગતજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીના એક-એક શબ્દમાં વિશ્વાસ હતો, તો આપણી બુદ્ધિમાં પણ ન બેસે એવી વાતોમાં પણ ભગતજીને શંકા નથી થઈ. સ્વામીની આજ્ઞાથી ગિરનારને બોલાવવા ગયા.
* આજે, આપણને મહંતસ્વામી મહારાજ ગિરનાર બોલાવવા જવાનું કહે તો? આપણે ભગતજીને યાદ કરી જઈશું, પરંતુ અઠવાડિયે બે વાર ઘરસભા કરવી, વચનામૃતનું દરરોજ વાંચન કરવું તેવી આજ્ઞામાં શંકા રહે કે આટલું બધું કરવાની ક્યાં જરૂર છે? આટલી આજ્ઞા નહીં પાળીએ તો શું બ્રહ્મરૂપ નહીં થવાય?
* જો ભગતજી મહારાજ જેવો સ્વામીના વચનમાં દૃઢ વિશ્વાસ હોય તો દેહ છતાં બ્રહ્મરૂપ થવાય.
* આપણને મહંતસ્વામી મહારાજના વચનમાં વિશ્વાસ તો છે, પરંતુ 'દૃઢ વિશ્વાસ' નથી. ઊંડે ઊંડે શંકા રહ્યા કરે છે, તેથી બ્રહ્મરૂપ થવાતું નથી અને નિષ્કપટપણે પણ વર્તી શકાતું નથી.

૩. સત્પુરુષ સાથે નિષ્કપટપણું :

* સત્પુરુષ સાથે જીવ નિષ્કપટપણે વર્તે તો બ્રહ્મરૂપ થયા વિના રહે જ નહીં, પરંતુ જીવ પોતાના સ્વભાવને વશ થઈ તેમની સાથે કપટ રાખે છે.

● **કપટ કરવાથી નુકસાન :**

* બ્રહ્મરૂપ થવામાં મોટામાં મોટું આવરણ કપટ છે. એટલે કે કપટ મુમુક્ષુ માટે શત્રુ સમાન છે. કપટને કારણે જીવનું શિવમાં રૂપાંતર થઈ શકતું નથી.
* યોગીબાપા ઘણી વાર એક દૃષ્ટાંત આપતા - લોઢાની દાબડીમાં ચિનાઈ કાગળમાં વીંટીને પારસમણિ મૂક્યો હોય તો તે લોઢાની દાબડી સોનાની થાય નહીં. પારસમણિ તો સાચો છે, તેમ છતાંય લોઢાનું સોનું નથી થઈ શકતું. કારણ કે, વચ્ચે ચિનાઈ કાગળનું આવરણ છે, તેમ ગુણાતીત સંત તો સાચા છે, સત્સંગ પણ સાચો છે, છતાં આપણે ભ્રમ દૂર કરી બ્રહ્મ નથી થઈ શકતા, તેનું કારણ કપટરૂપી ચિનાઈ કાગળનું આવરણ છે. થોડું કપટ પણ આપણી આધ્યાત્મિક પ્રગતિમાં અવરોધરૂપ બની જાય છે.
* આંખમાં પડેલું નાનું તણખલું સામે ઊભેલા હિમાલયને જોવા દેતું નથી, તેમ નાનું સરખું કપટ પણ ભગવાન-સંતમાં પૂર્ણપણે જોડાવા દેતું નથી.

જ્યાં સુધી કપટ છે, ત્યાં સુધી સાચી ભક્તિ પણ પ્રગટ થતી નથી, ને જેની ભક્તિ કરીએ છીએ તેને જ છેતરીએ છીએ.

જ્યાં સુધી વિષયમાં રાગ ને પ્રીતિ છે, ત્યાં સુધી ભગવાન ને સંત સાથે કપટ રહે છે. વિષય ભોગવવા માટે ગમે તે રીતે યુક્તિ-પ્રયુક્તિ કરીને જીવ ભગવાન અને સંતને છેતરે છે.

* અંતર્યામી ભગવાન પાસે કપટ કરવાથી ચપટ થવાય છે. શ્રીજીમહારાજ વડતાલમાં ગોમતી તળાવ ખોદાવતા હતા. શ્રીજીમહારાજે દરેકને સેવામાં જોડાવાનો આદેશ આપેલો. મહિમાવંત ને નિષ્ઠાવાન ભક્તો તો સંપૂર્ણપણે સેવામાં જોડાઈ ગયા હતા, પરંતુ કેટલાંક પોતાનું શરીર ને કપડાં ન બગડે, તે હેતુથી કોઈને ખબર ન પડે તેમ છટકી જઈ નજીકની ઝાડીમાં આઘાપાછા થઈ જતા... આ બધું શ્રીજીમહારાજથી અજાણ્યું નહોતું. મહારાજે વિચાર્યું કે જે ભક્તો નિષ્ઠાથી સેવા કરે છે, તેઓને મારે લાભ આપવો, જેથી સેવા ન કરનારને પસ્તાવો થાય. આવું વિચારી મહારાજે સેવાભાવી ભક્તોને ભેટવાની શરૂઆત કરી. બધાનાં કપડાં ને શરીર ગારાવાળાં હતાં. મહારાજ ભેટે તેથી તેઓનું શરીર પણ ગારાવાળું થાય, તેથી મુક્તાનંદ સ્વામી કહે, 'મહારાજ ! આ બધાનાં શરીરે ગારો છે. આપ ભેટશો એટલે આપનું શરીર પણ

ગારાવાળું થશે.' ત્યારે શ્રીજીમહારાજ હેતથી કહે, 'મુક્તાનંદ સ્વામી! આ ગારો નથી, આ તો ચંદન છે ચંદન. અમારી આજ્ઞાથી દેહભાવ મૂકીને સેવામાં મંડી પડ્યા છે, એમની ઉપર અમે અતિ પ્રસન્ન થયા છીએ. તેમના આ ગારામાંથી તો ચંદનની સુવાસ આવે છે અને તેમને ભેટવામાં અમને અતિશય આનંદ આવે છે.' શ્રીજીમહારાજ વારાફરતી દરેકને ભેટતા હતા. તે દરમ્યાન જેઓ સેવા નહોતા કરતાં તેમને પણ ખબર પડી ગઈ. એટલે તેઓ શરીરે ગારો ચોપડીને મહારાજને ભેટવા માટે લાઇનમાં આવ્યા, પરંતુ જેવા એ કપટી ભક્તોની લાઈન શરૂ થઈ ત્યાં જ શ્રીજીમહારાજે કહ્યું, 'હવે અમો થાકી ગયા છીએ, એટલે હવે ભેટવાનું બંધ કરીએ.' જેણે કપટ કર્યું હતું તે સૌ મનમાં સમજી ગયા.

'રામ ઝરૂખે બૈઠકે સબકા મુજરા લેત
જૈસી જિનકી ચાકરી વૈસા ઉનકું દેત.'

❋ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ-૬૮**માં કહ્યું છે કે, 'અમે પુરુષોત્તમપુરીને વિશે જઈને શ્રીજગન્નાથજીની મૂર્તિને વિશે પ્રવેશ કરીને રહ્યા. અને તે મૂર્તિ તો કાષ્ઠની જણાય પણ તેને નેત્રે કરીને અમે સર્વેને દેખતા અને પૂજારીનો ભક્તિભાવ તથા છળકપટ સર્વ દેખતા.'

ભગવાનનો કેમેરો સતત ફરતો જ રહે છે. તે દરેકની સેવા, ભક્તિ ને કપટ બધું જાણે જ છે. સાચા વોચમેન તો ભગવાન જ છે. દરેકનાં કર્મોનું વોચીંગ કરતા જ હોય છે, પરંતુ કપટી ભક્ત ભગવાનને પણ બનાવવાનો પ્રયત્ન કરે છે. તેથી તો શાયદાએ કટાક્ષ કરતાં કહ્યું છે :

'મને એ જોઈ પ્રભુ ! હસવું હજાર વાર આવે છે
કે તારા બનાવેલા આજે તને જ બનાવે છે.'

ભગવાન માટે કહેવાય છે કે **'यो वेत्ति युगपत्सर्वम्।'** જેઓ સમગ્ર બ્રહ્માંડોના જીવોની ક્રિયાને એકી સાથે હસ્તામલકવત્ જોઈ શકે છે.

બીજા લોકોને તો કદાચ આપણે છેતરીએ, પરંતુ ભગવાનને પણ છેતરવાનો પ્રયત્ન કરીએ તે એક કરુણ ઘટના કહી શકાય.

❋ એક વકીલે પોતાની ઓફિસ બનાવેલી... ને તેમાં બે-ત્રણ ફોન મૂકેલા. બધા લાઈન લીધા સિવાયના ફોન હતા... પરંતુ બહારથી આવેલા અસીલને પ્રભાવિત કરવા માટે જ વકીલે ટેબલ પર બે-ત્રણ મૂકેલા. ને કોઈ અસીલ ઓફિસમાં પ્રવેશે એટલે તરત જ બે-બે ફોન પકડી દિલ્હી, કોલકાતા ને ચેન્નાઈ સુધી વાતો કરે, જેથી અસીલ એ વકીલને મોટો સમજી પોતાના કેસનું કાર્ય સોંપે. વકીલની આવી રીતભાતની કોઈને ગંધ આવતી નહીં. પરંતુ એક દિવસ એક વ્યક્તિએ ઓફિસમાં પ્રવેશ કર્યો એટલે તરત જ વકીલે ફોનમાં વાતો શરૂ કરી. ફોન પૂરો કર્યા પછી વકીલે તેને હસવાનું કારણ પૂછ્યું. તે વ્યક્તિ કહે, 'આ તો આપ ફોન કરતા હતા એટલે હસવું આવ્યું હતું.'

વકીલ કહે, 'તેમાં હસવાનું કારણ શું છે ? ફોન તો મારે કરવા જ પડે !' ત્યારે એ વ્યક્તિએ કહ્યું, 'વકીલ સાહેબ ! હું ટેલિફોન ઓફિસમાંથી આપના ફોનનું કનેક્શન જોડવા જ આવ્યો છું. આપ લાઇન જોડ્યા સિવાય વાત કરી રહ્યા છો, તેથી મને હસવું આવે છે. આપ બીજાને તો બનાવો છો, પરંતુ ટેલિફોન ખાતાવાળાને પણ બનાવો છો, તેથી મને હસવું આવે છે.'

બીજાની સાથે બનાવટ કરીએ તે તો ચાલે, પરંતુ ભગવાન સાથે પણ કપટ કરીએ તે કેટલો સમય ચાલે ?

❋ સાપ બધે વાંકો ચાલે તેનો વાંધો નહીં, પરંતુ પોતાનું દર આવે ત્યાં તો સીધા ચાલવું પડે ને ! દરમાં જો સીધો ન ચાલે તો પોતાની ચાલ જ તેના શરીરને નુકસાન પહોંચાડે.

ભગવાન આગળ જે કપટ કરે, તે ચપટ થઈ જાય.

❋ અયોધ્યાપ્રસાદજી મહારાજે બનાવેલા એક કીર્તનમાં કહ્યું કે 'એક કપટી ન તરે મહારાજ, શરણ આયે સબ હી તરે...'

❋ શ્રીજીમહારાજે **વચનામૃતમ ગઢડા પ્રથમ-૭૬**માં કહ્યું છે કે, 'ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તોપણ તે સાથે અમારે બને નહીં.'

કપટી સાથે ભગવાનને સુવાણ થતી નથી એટલે કે સેટીંગ થતું જ નથી...

પોતાની પ્રતિભા સારી દેખાડવા કોઈ પણ વ્યક્તિ હાથીદાંત જેવું કરે છે. ચાવવાના જુદા ને દેખાડવાના જુદા. કરવાનું બીજું કંઈ અને કહેવાનું બીજું કાંઈ, પરંતુ તે દંભ અને કપટ લાંબો સમય ટકતાં નથી.

કસુંબલનો રંગ કેટલા દિવસ ટકે ?

કપૂરનું અસ્તિત્વ કેટલા દિવસ ?

મરેલો ઉંદર ઘરમાં કેટલા કલાક સુધી છૂપો રહી શકે?

❋ શ્રીજીમહારાજે એક બાઈને પૂછ્યું, 'તમારી પાસે કેટલા રૂપિયા છે ?' બાઈને થયું કે વધારે કહીશ તો મહારાજ કદાચ સેવા માટે માગશે. તેથી વીસ હજાર રૂપિયા હોવા છતાં તેમણે પાંચ હજાર જ કહ્યા.

મહારાજે તેમની પાસે પાંચ હજાર માગી લીધા. બાઈએ આપ્યા. તેમને થયું કે સારું થયું કે મહારાજને પાંચ હજાર જ કહ્યા. જો વીસ હજાર કહ્યા હોત તો મહારાજ મારી પાસે બધા માગી લેત.

પરંતુ બન્યું એવું કે બે-ત્રણ દિવસમાં જ તે બાઈ હરિભક્તને ત્યાં ચોરી થઈ અને ઘરમાં બાકીના પંદર હજાર પડેલા તે ચોરાઈ ગયા. એટલે તેઓ તો રડવા માંડ્યાં.

શ્રીજીમહારાજે પૂછ્યું, 'કેમ રડો છો ?'

ત્યારે તે બાઈએ કહ્યું, 'મારે ઘેર ચોરી થઈ ને ૧૫,૦૦૦/- રૂપિયા ચોરાઈ ગયા.'

મહારાજ કહે, 'તમારી પાસે તો પાંચ હજાર જ હતા ને ? પંદર હજારની ચોરી થાય ક્યાંથી ? તમારી ભૂલ થતી લાગે છે.'

બાઈ કહે, 'મહારાજ ! રૂપિયા તો વીસ હજાર હતા, પરંતુ આપની આગળ હું જૂઠું બોલેલી.'

શ્રીજીમહારાજ કહે, 'લ્યો ! આ તમારા પાંચ હજાર પાછા. અમારે તમારા રૂપિયાની જરૂર નહોતી. અમારે તો તમારા રૂપિયા સાચવવા હતા એટલે માગ્યા હતા !!' બાઈ હરિભક્ત મહારાજના કહેવાનો અર્થ સમજી ગયા. બાઈને થયું કે મહારાજને ૨૦,૦૦૦ આપ્યા હોત તો કેવું સારું થાત ?! બધા રૂપિયા બચી જાત ને ?! પરંતુ પોતાનું કપટ પોતાને નડ્યું. તેને થયું કે મહારાજને પાંચ હજાર આપ્યા તો એટલા બચ્યા.

❋ ભગવાન આપણું બચાવવા પ્રયત્ન કરે છે, પરંતુ આપણે તેનાથી કપટ રાખી બધું છુપાવવા પ્રયત્ન કરીએ છીએ, તે આપણા જ કપટનું પરિણામ આપણે ભોગવીએ છીએ.

ભગવાનની કૃપાવર્ષા તો અહર્નિશ ચાલુ હોય છે, પરંતુ કોઈ પાત્ર ઊંધું વાળીને મૂકે તો તે ક્યાંથી ભરાય ? ને પાત્ર ન ભરાય તો દોષ કોનો ?

● **કોની પાસે નિષ્કપટ થવું ?**

❋ ભગવાન ને સંત આગળ તો નિષ્કપટ થવામાં જ લાભ છે. ગુણાતીતાનંદ સ્વામીએ ૨/૧૨૫મી વાતમાં કહ્યું છે :

'મોટા આગળ નિષ્કપટ થવામાં લાભ છે.'

અહીં, મોટા એટલે વડવાનળ જેવા મોટાપુરુષ, ગુણાતીત સત્પુરુષ.

❋ બરોબરિયા સાથે નિષ્કપટ થવામાં લાભ નથી. એ તો 'સાપને ઘરે પરોણો સાપ, મુખ ચાટીને વળ્યો આપ.' એના જેવું છે. એમાં કાંઈ કાર્ય સરે નહીં, પરંતુ ભગવાન અને ગુણાતીત સંત આગળ નિષ્કપટ થવામાં જ માલ છે.

સત્પુરુષ સાથે પ્રત્યક્ષરૂપે નિષ્કપટ થવાની શક્યતા ન હોય તો ફોન દ્વારા અથવા પત્ર લખીને પણ નિષ્કપટ થઈ જવું. કદાચ સત્પુરુષ પાસે નિષ્કપટ થવું શક્ય ન બને, તો સદ્‌ગુરુ સંતો પાસે પણ નિષ્કપટ થઈ જવું.

❋ પ્રમુખસ્વામી મહારાજે વિદ્યાનગરમાં એક વાર કહેલું કે 'ગુરુનું મન-કર્મ-વચને સેવન કરવું. પૂરો વિશ્વાસ રાખવો. બે પૈસાના મિત્રને બધું ખુલ્લા દિલથી કહી દઈએ છીએ. ગુરુને મિત્ર જેવા જાણીએ તો બધું કહી દેવાય. ગુરુમાં આંધળો વિશ્વાસ મૂકવો.'

❋ તા.૯/૭/૨૦૧૭ના રોજ શિકાગોમાં મહંતસ્વામી મહારાજે કહ્યું કે, 'સત્પુરુષમાં વિશ્વાસ ન હોય તો નિષ્કપટ ન થવાય. નિષ્કપટ ન થાય તેમાં વ્યક્તિનું માન છે. (માન આડું આવે છે.)'

● **નિષ્કપટ થવાથી લાભ :**

❋ આપણા સત્સંગનો ઈતિહાસ સાક્ષી પૂરે છે કે જે જે ભગવાન ને સંત આગળ પોતાનું દિલ ખોલીને નિષ્કપટ થયા, તેના બધાના અંતઃશત્રુઓ ટળી ગયા.

કામરોળના દરબાર દાજીભાઈ એક વાર સરકારી કામે જૂનાગઢ આવેલા. મંદિરમાં ઉતારો રાખ્યો હતો. ગુણાતીતાનંદ સ્વામીએ તેમની તથા તેમના ચાકર તેમજ ઘોડાની સારી બરદાસ્ત કરી. સ્વામીની સરભરાથી દાજીભાઈ રાજી થયા. સવારે સ્વામી સભામાં વાતો કરતા હતા. દાજીભાઈ સભામાં આવીને બેઠા. તેમને જોઈ સ્વામીએ પૂછ્યું, 'દરબાર ! ગુરુ કર્યા છે ?'

ત્યારે દાજીભાઈએ કહ્યું : 'હજુ તો કર્યા નથી, પણ હું ગુરુ જ ગોતું છું. હજુ સુધી ગુરુ મળ્યા નથી. કાં જે, જેને ગુરુ કરવા જાઉં છું, તે દારૂના બે શીશા અને બે બકરાં માગે છે. એટલે મને વિચાર થાય છે કે એવું તો હું પણ કરું છું, એટલે એવા ગુરુ મારું શું ભલું કરે ?'

દરબારની આ વાત સાંભળી સ્વામી હસ્યા ને પછી કહ્યું, 'દરબાર ! આ ગુરુ તેવું માગે તેવા નથી. આ તો બધું છોડાવે તેવા છે. અમે તો દારૂ, માટી, ચોરી, છીનાળી ને વટલવું-વટલાવવું નહીં - એ પાંચે નિયમો પળાવી સ્વામિનારાયણનું ભજન કરાવીએ છીએ.'

સ્વામીનાં દર્શન અને વાતોથી દરબારનું હૈયું ટાઢું થઈ ગયું. તેમના સંકલ્પો શમી ગયા. અંતર સ્વામી પ્રત્યે ખેંચાયું, તેથી તેમણે હાથ જોડી કહ્યું, 'સ્વામી ! આજથી આપના વચને હું દારૂ નહીં પીવું, તેમજ માંસ નહીં ખાઉં, ચોરી તો હું કરતો નથી, તેમજ વટલવું-વટલાવવું હું હવે કરીશ નહીં.'

પછી આગળ પણ તેમણે પોતાની બધી કરણી સ્પષ્ટ કરી દેતાં કહ્યું, 'સ્વામી ! મેં યુવાવસ્થામાં ત્રાંબાની ભસ્મ ખાધી છે ને ચકલાંની જીભો કપાવીને ખાધી છે, જેથી નિષ્કામધર્મ મારાથી પળે તેમ નથી.'

દરબારે નિષ્કપટપણે પોતાની હકીકત સભામાં સ્વામીને કહી, તેથી સ્વામી તેમની ઉપર રાજી થયા. પછી કહ્યું, 'આ ચાર નિયમો તમે પાળજો. પાંચમો નિષ્કામધર્મ અમે તમને પળાવીશું.' એમ કહી દરબારને વર્તમાન ધરાવ્યા, કંઠી પહેરાવી, પૂજા આપીને સ્વામિનારાયણની પાંચ માળા પોતાની તરફ દૃષ્ટિ રાખીને ફેરવવાની આજ્ઞા કરી. એટલે દરબારે સ્વામી તરફ દૃષ્ટિ રાખી પાંચ માળા ફેરવી કે તરત જ સ્વામીએ તેમનાં નેત્રમાંથી કામ ખેંચી લીધો. સ્વામીની અસાધારણ કૃપાથી દરબાર કૃતકૃત્ય થઈ ગયા. સંકલ્પમાત્ર બંધ થઈ ગયા. ભજનનું જોર વધવા લાગ્યું.

સ્વામી આગળ નિષ્કપટ થવાથી સ્વામીના પ્રતાપે તેઓ એવા તો નિર્દોષ ને નિષ્કામી થઈ ગયેલા કે રોજ પાંચ શેર દૂધ દોહીને તેમાં શેર સાકર નાખીને પીતા ને બશેર લોટની પૂરી જમી જતા. એવા બળવાન હોવા છતાં તેમને કામનો સંકલ્પ ઊઠતો નહીં.

ભગવાન અને ગુણાતીત સંતની આગળ નિષ્કપટ થવાથી જે કાર્ય અસંભવ ને અશક્ય લાગે તે સહજ સિદ્ધ થઈ જાય છે.

❋ શાસ્ત્રોમાં કહ્યું છે :

'અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનશ્યતિ ।
તીર્થક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ ॥'

બીજે બધે પાપો કર્યાં હોય તે ભગવાન અને સંતની આગળ આવવાથી બળી જાય છે, પરંતુ તેમના શરણમાં આવ્યા પછી જો કપટ કરીને પાપ કરીએ તો તે પાપ વજ્રલેપ થાય છે.

❋ તેમના શરણમાં આવીને જો સેવા કે ભક્તિ કરવામાં કપટ કરીએ તો તે પાપ વજ્રલેપ થાય છે. માટે ક્યારેય એમની આગળ દંભ કે કપટ આચરવું નહીં. દંભ ને કપટ ક્યારે ન થાય ?
જો ભગવાન તથા સંતને અંતર્યામી જાણીએ તો.

ભગવાન અને સંત સર્વજ્ઞ છે, ને તેઓ સતત મારી સાથે છે ને પ્રત્યેક ક્રિયા નિહાળે છે - આ વિચાર જો સતત રહે તો દંભ ને કપટ ક્યારેય પ્રવેશ ન કરી શકે.

❋ આમ, હેત, વિશ્વાસ અને નિષ્કપટપણું એ ત્રણેયના ત્રિકોણી સંયોજનથી સત્સંગમાં બ્રહ્મરૂપ થવાના માર્ગે આગળ વધી શકાય છે.

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે :

સત્સંગમાં એમ વાત થાય છે જે, જીવ બ્રહ્મરૂપ થઈ જાય. ત્યારે પૂછ્યું જે, 'સત્સંગમાં વાત તો થાય છે, તોય જીવ બ્રહ્મરૂપ કેમ થાતો નથી ?' પછી સ્વામી બોલ્યા જે, 'હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી, અને સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ન આવે.' ત્યારે વળી પૂછ્યું જે, 'હેતે કરીને જીવ બાંધ્યો હોય તેનો વિશ્વાસ કેમ ન આવે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ જલે ભક્તે મારા સાથે જીવ ઘણો બાંધ્યો છે, પણ મારો વિશ્વાસ ન આવે.' એમ કહીને બોલ્યા જે, 'વિશ્વાસ તો હોય, તોપણ નિષ્કપટપણે વર્તાય નહીં, ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહીં, એ સિદ્ધાંત વાત છે.'

● **પ્રારંભ અને પૂર્વભૂમિકા :**

❋ મધ્યપ્રદેશના ગ્વાલિયર શહેરના એક પત્રકારની વાત છે. એક વાર તેના એક મિત્રનો દીકરો બીમાર પડ્યો. માંદગી જીવલેણ હતી. ડૉક્ટરોએ કહ્યું કે 'અમુક પ્રકારનું ઈન્જેક્શન આપવામાં આવે તો બચી શકે !' પણ પ્રશ્ન એ હતો કે એ ઈન્જેક્શન ખૂબ મોઘું હતું, અને એ લેવું હોય તો મુંબઈમાં જ મળે તેવું હતું. આ પત્રકારે મુખ્યપ્રધાન માધવરાવ સિંધિયાની મદદથી પ્રાઈવેટ હેલિકોપ્ટરની વ્યવસ્થા કરી. તે લઈ મુંબઈ ગયો અને ઈન્જેક્શન ખરીદ્યું. જ્યારે તે પાછો આવ્યો અને હોસ્પિટલનાં પગથિયાં ચડતો હતો, ત્યારે જ પેલા છોકરાનો મૃતદેહ હોસ્પિટલમાંથી ડીસ્ચાર્જ થઈ રહ્યો હતો. આ ઘટનાથી તેને આઘાત લાગ્યો. તેને થયું કે 'પૈસા, સત્તા અને લૌકિક આવડતથી પણ હું આનો જીવ ના બચાવી શક્યો ! તો તે બધું વ્યર્થ છે ! શું કામ જીવન એની પાછળ વેડફવું ?' તે ધાર્મિક પુસ્તકોનો અને ગ્રંથોનો અભ્યાસ કરવા લાગ્યો, અને તેને એક વાત દૃઢ થઈ કે જીવનમાં સંપત્તિને બદલે મોક્ષપ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ. હિમાલયના પ્રદેશોમાં જઈને ત્યાંના પ્રસિદ્ધ સંતો-મહાત્માઓને મળ્યો અને પૂછ્યું 'મારે મોક્ષ જોઈએ છે.' પરંતુ કોઈ મહાત્મા તેને પ્રતીતિકર જવાબ આપી શક્યા નહીં. તેને હિમાલયમાં એક બર્ફાની બાબા મળ્યા. તેઓએ કહ્યું, 'હું પણ મોક્ષ માટે વર્ષોથી હિમાલયમાં સાધના કરું છું. તું મારી સાથે આવ. આ ભૂમિમાં કોઈક તો મોક્ષ કરાવનારું મળી જ રહેશે.' અને અંતે તે પત્રકાર ભાઈ સંન્યાસી થઈ મોક્ષપ્રાપ્તિની આશાથી હિમાલયમાં સાધના કરવા લાગ્યા. ઈ.સ. ૨૦૦૪માં આપણા સંતો હિમાલય યાત્રામાં ગયેલા ત્યારે આ સંન્યાસીનો પરિચય થયેલો.

❋ આજે વિશ્વમાં મોક્ષ પ્રાપ્ત થશે તેની ખાતરી કોઈ આપી શકતું નથી. કેટલાક તો એવું માને છે કે હજારો વર્ષોમાં એકાદ વ્યક્તિ જ મોક્ષ પ્રાપ્ત કરી શકે.

❋ એક બાજુ આ પરિસ્થિતિ છે, તો બીજી બાજુ સત્સંગમાં આપણે ગાઈએ છીએ...

જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ,
આજ ધર્મવંશીને દ્વાર નરનારી... જેને.

નાનાં નાનાં બાળકોય સ્વામીની વાતો મોઢે કરી બોલે છે : 'આપણે તો અક્ષરધામમાં જાવું છે એવો એક સંકલ્પ રાખવો.'

❋ મોક્ષપ્રાપ્તિ અને છતી દેહે બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરી બ્રહ્મરૂપ થવાની વાત સત્સંગમાં ખૂબ જ સરળતાથી થાય છે.

❋ એટલે આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામીને પ્રશ્ન પુછાયો છે કે 'સત્સંગમાં એમ વાત થાય છે કે જીવ બ્રહ્મરૂપ થઈ જાય, છતાં બ્રહ્મરૂપ થયા હોઈએ એવો અનુભવ કેમ થતો નથી ?'

❋ સત્સંગમાં વાતો તો થાય છે, પણ આપણે વાસ્તવિકતા સામે જોઈએ તો આપણને આપણા સ્વભાવો દેખાય, બીજાની ખામીઓ દેખાય, એ જોતાં મનમાં વિચાર

થાય, શું ખરેખર બ્રહ્મરૂપ થવાશે જ ?

* વર્ષોથી સત્સંગ કરીએ છતાં અનુભવ થતો નથી. એવું શા માટે ?

* એક પરિસ્થિતિ પરથી આનું કારણ સમજવા પ્રયત્ન કરીએ...

* બાથરૂમમાં નળ નીચે ડોલ મૂકીને નળ ચાલુ કરીએ, છતાં પાણી ન આવે તેનું શું કારણ હોઈ શકે ?
  (૧) કાં તો ટાંકીમાં પાણી નથી.
  (૨) પાણી તો છે, પણ નળના ટાંકી સાથેના જોડાણમાં ખામી છે. દા.ત. પાઈપમાં કચરો ભરાયો છે.

* એ પ્રમાણે સત્સંગમાં બ્રહ્મરૂપ થવાતું નથી, તેનાં પણ બે કારણો હોઈ શકે...
  (૧) કાં તો ભગવાન ને સત્પુરુષની એમ કરવાની સામર્થી નથી.
  (૨) કાં તો તેમની સાથેના આપણા જોડાણમાં ખામી છે.

* પ્રથમ કારણ સાચું હોઈ જ શકે નહીં, કારણ કે...
  - આપણને અનેકવાર પ્રમુખસ્વામી મહારાજે જાહેરમાં કોલ આપ્યો છે કે 'અક્ષરધામ પાક્કું.'
  - ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગઢડા મધ્ય-૫૦ અને વચનામૃત ગઢડા મધ્ય-૪૫માં આપણી કસર ટાળી સ્થિતિ કરાવવાનો કોલ આપ્યો છે.
  - અને સત્સંગના ઇતિહાસમાં એવી સ્થિતિ પ્રાપ્ત કરી હોય તેવા સંતો-ભક્તોના દાખલા મોજૂદ છે. જેમ કે, ગોરધનભાઈને મીઠું અને સાકર બે સમ થઈ ગયેલાં, પર્વતભાઈ, સુરાખાચર, શિવલાલ શેઠ, લાલાભાઈ વગેરે સ્થિતિવાળા ભક્તોની આ યાદી હજુય લાંબી થઈ શકે તેમ છે.

આમ, શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાએ બ્રહ્મરૂપ કરવાનો કોલ આપ્યો છે અને એ પ્રમાણે ભક્તોની સ્થિતિ પણ તેઓની કૃપાથી થઈ છે. તેથી તેઓ આપણને બ્રહ્મરૂપ કરવા સમર્થ છે તે વાતમાં કોઈ જ શંકાને સ્થાન નથી.

* એનો અર્થ એ કે બ્રાહ્મીસ્થિતિ અનુભવાતી નથી, તેનું બીજું કારણ સાચું છે, એટલે કે સત્પુરુષ સાથેના આપણા જોડાણમાં ખામી છે.

* એ ખામીને સુધારવાની વાત ગુણાતીતાનંદ સ્વામીએ જવાબમાં કહી છે. એ છે...
  (૧) હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી.
  (૨) હેત હોય પણ સત્પુરુષમાં વિશ્વાસ નથી.
  (૩) હેત અને વિશ્વાસ હોય, પણ નિષ્કપટપણે વર્તાય નહીં.

* આમ, સત્પુરુષ સાથે જોડાણનાં ત્રણ ક્રમબદ્ધ પગથિયાં છે. તે આપણા જીવનમાં સિદ્ધ થાય તો સત્સંગનું ફળ મળે, બ્રહ્મરૂપ થવાય.

* જેણે જેણે સત્પુરુષ સાથે હેત, વિશ્વાસ અને નિષ્કપટભાવે જોડાણ કર્યું છે, તેને આવું ફળ મળ્યું જ છે.

આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીમાં એવું અપાર હેત હતું કે તેઓને સ્વામી ટકોર પણ કરી શકતા. વળી, આચાર્ય મહારાજને સ્વામીમાં વિશ્વાસ પણ હતો. સ્વામીએ તેઓને કહેલું, 'જો ભગવત્પ્રસાદજીને ગાદી સોંપીને તીર્થવાસી થઈ જૂનાગઢ આવો, તો તમારી તમામ ગ્રંથિઓ ગાળી નાખું.' આ વચનમાં વિશ્વાસ રાખી તેઓ સં. ૧૯૧૭માં તીર્થવાસી થઈ જૂનાગઢ રહેલા. વળી, પોતે આચાર્ય હતા, સંપ્રદાયના ઉચ્ચ સ્થાને હતા, છતાં સ્વામી આગળ એ મોભો રાખતા નહીં. અંતરની વાત નિષ્કપટપણે કહેતાં, 'સ્વામી, મને હૃદયમાં ગ્રંથિઓ પીડે છે.', 'અંતરમાં ટાઢું થતું નથી, તો તેનો ઉપાય બતાવો.' વગેરે જેવા પ્રશ્નો નિષ્કપટપણે પૂછી સ્વામીનો સમાગમ કરતા. એના ફળ સ્વરૂપે તેઓની સ્થિતિ થઈ હતી. ગોવર્ધનદાસ કોઠારીએ એ વાતની ખાતરી આપતાં શાસ્ત્રીજી મહારાજને કહેલું, 'જ્યારે સત્તરની સાલમાં રઘુવીરજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરી આવેલા ત્યારે સ્વામીરૂપ થઈ ગયેલા.' ગુણાતીતાનંદ સ્વામીએ પણ પોતાની વાતોમાં કહ્યું છે, 'ધર્મકુળમાં રઘુવીરજી જેવી સ્થિતિ અને રહેણી ક્યાંય જોવા ન મળે.' આમ, જો

આ ત્રણ પગથિયાં દ્વારા આપણું સત્પુરુષ સાથેનું જોડાણ દૃઢ કરીએ, તો બ્રહ્મરૂપ થવાય જ.

તો ચાલો, આ ત્રણ પગથિયાં કેવી રીતે સર કરી શકાય તે સમજીએ.

(૧) હેતે કરીને સત્પુરુષમાં જીવ જોડવો :

* સત્પુરુષમાં હેત કરવું, આત્મબુદ્ધિ કરવી, એ ખૂબ જ પાયાની સાધના છે.

(૧.૧) સત્પુરુષમાં હેતનું ફળ :

* ગુણાતીતાનંદ સ્વામીના સમયની વાત છે. એક વાર બાલમુકુંદદાસજી ગુણાતીતાનંદ સ્વામીને સ્નાન કરાવતા હતા. તે વખતે મંદિરની ઘોડશાળમાં અચાનક ઘોડી હણહણી. એટલે સ્વામીએ પૂછ્યું, 'ઘોડી કેમ હણહણે છે ?' ત્યારે બાલમુકુંદ સ્વામીએ કહ્યું, 'તેની સાથેની બીજી ઘોડી ગઈ કાલે વેચી દીધી છે. તેની સાથે હેડો (હેત) હશે એટલે હણહણે છે.' (એટલે કે, પશુને એકબીજા સાથે લાંબો સમય રહેવાથી હેત થઈ ગયું હોય, તેથી તેના વિના ન ગમે.) આ સાંભળી સ્વામી બોલ્યા, 'તમોને સત્સંગમાં આવ્યે કેટલાં વર્ષ થયાં ?' તેમણે કહ્યું, 'ચૌદેક વર્ષ થયાં.' સ્વામીએ ફરી પૂછ્યું, 'આ ઘોડી જેટલો હેડો સત્પુરુષમાં થયો છે ?' તેમણે કહ્યું, 'ના, સ્વામી.' ત્યારે સ્વામીએ કહ્યું, 'મોટાપુરુષ સંગાથે હેત કર્યા વિના અને જીવ જોડ્યા વિના સુખ-શાંતિ કે ગુણ આવે જ નહીં.'

આમ, સ્વામીએ સત્પુરુષમાં હેત કરવાથી જ જીવનમાં સુખ-શાંતિ અને સદ્ગુણોની પ્રાપ્તિ થાય છે, એ વાત સમજાવી.

* ભગવાન સ્વામિનારાયણે પણ વચનામૃત વરતાલ-૧૧, ગઢડા અંત્ય-૩૮, ગઢડા મધ્ય-૫૯, ગઢડા મધ્ય-૫૪ વગેરેમાં સત્પુરુષ સાથે હેત કરવાની વાત કરી છે, અને તેનું આવું જ ફળ બતાવ્યું છે.

(૧.૨) હેત થવાના ઉપાય :

* સત્પુરુષ સાથે હેત કેવી રીતે થાય, તેના ઉપાયો આપણે વચનામૃતના આધારે સમજીએ...

(A) ગુણના વિચારથી હેત :

* વચનામૃત સારંગપુર-૨માં શ્રીજીમહારાજે કહ્યું છે કે 'સ્નેહ તો રૂપે કરીને થાય છે તથા કામે કરીને પણ થાય છે તથા લોભે કરીને પણ થાય છે તથા સ્વાર્થે કરીને પણ થાય છે. તેમાં (રૂપ) લોભ, કામ અને સ્વાર્થે કરીને જે હેત થયું હોય તે પણ અંતે નાશ પામે છે, અને જે ગુણે કરીને સ્નેહ થયો હોય તે તો અંતે (કાયમ) રહે છે.'
* સત્પુરુષના ગુણ વિચારીએ, જાણીએ તો તેમનામાં હેત થાય અને તે કાયમ ટકે, પણ સ્વાર્થથી થયેલ હેત તે સ્વાર્થ પૂરો થઈ જતાં ટકતું નથી.
* લોકમાં પણ આ જ રીત દેખાય છે કે ગુણ જોઈને કરેલું હેત જ ટકે છે.

વિશ્વપ્રસિદ્ધ અભિનેતા ચાર્લી ચેપ્લીને પોતાની આત્મકથામાં એક વાત લખી છે. તેણે ત્રણ વાર લગ્ન કર્યાં હતાં. પોતાની સાથે રંગમંચ પર કામ કરતી એક અભિનેત્રી સાથે તેને પ્રેમ થઈ ગયો, લગ્ન કર્યાં અને એકાદ વર્ષમાં જ બંને છૂટાં થઈ ગયાં. ફરી પણ ફિલ્મોમાં કામ કરતી એક અન્ય અભિનેત્રી સાથે બીજી વાર લગ્ન કર્યાં. તે પણ દોઢ-બે વર્ષમાં છૂટું કરવું પડ્યું. અને ત્રીજી વાર પણ એક ફિલ્મી અભિનેત્રી સાથે જ લગ્ન કર્યાં, પણ તે લગ્ન જિંદગીભર નભ્યાં. આવું શા માટે થયું ? ત્રણેયમાં રૂપ તો હતું, પણ ત્રીજીના ગુણ ચાર્લીને સ્પર્શી ગયેલા. પોતાની આત્મકથામાં તેણે જણાવ્યા પ્રમાણે ત્રીજી પત્નીએ લગ્ન બાદ ફિલ્મમાં કામ કરવાનું છોડી દીધું હતું. વળી, પુસ્તકમાં જ્યારે જ્યારે તેણે ત્રીજી પત્નીનો ઉલ્લેખ કર્યો છે, ત્યારે ત્યારે તેના ગુણોની જ પ્રશંસા કરી છે અને લખ્યું છે કે 'એ શાંત છે, સાલસ (મૃદુ સ્વભાવની) છે, સરળ છે, અને સૌથી મોટો ગુણ એ કે એ સહિષ્ણુ છે.' આમ, ગુણે કરીને થયેલું હેત કાયમ માટે નભ્યું.

* સત્પુરુષ સાથે હેત કરવા અને હેતને વધુ દૃઢ કરવા તેમના ગુણોનું મનન-ચિંતન સતત કરવું પડે.

* મહંત સ્વામીને પ્રશ્ન પૂછ્યો હતો કે 'આપ યુવકમાં હતા ત્યારે પહેલાં તો યોગીબાપાથી દૂર ભાગતા. તેઓ ઘરે આવે અને આપ પાછલા દરવાજેથી બહાર જતા રહો. તો પછી એમનામાં આવું હેત કેવી રીતે થઈ ગયું કે સાધુ બની ગયા ?'

તેઓએ જણાવેલું : ''જ્યારે તળાવની પાળે હું બેઠેલો અને યોગીબાપા ત્યાંથી વિદાય થતા હતા, ત્યારે તેઓએ મારી પાસે આવી માફી માંગી કે 'આપને ત્યાં અમે ઉતારો કર્યો, તો તમને તકલીફ પડી હોય તો માફ કરજો.' આ ઘટના બન્યા પછી મને થયું, આ સંત કેવા ગુણિયલ છે કે મારા જેવા તોફાની છોકરાની માફી માંગે. પછી ત્યાં જ બે-ત્રણ કલાક હું બેસી રહ્યો, અને યોગીબાપાનો આ ગુણ જ વિચારતો રહ્યો. પછી તો ધીરે ધીરે યોગીબાપા સાથે મળવાનું વધાર્યું, અને તેમના ગુણોનો પરિચય થતો ગયો. એમ કરતાં એમની સાથે હેત થઈ ગયું.''

આમ, સત્પુરુષના ગુણનો વિચાર કરવાથી તેમનામાં હેત થાય છે અને હેતની વૃદ્ધિ થાય છે.

* સ્વામીશ્રીનાં ચરિત્રો તથા પ્રસંગોનાં વાંચન, કથાશ્રવણ અને મનન દ્વારા તેઓના ગુણોનો વિચાર સતત થયા કરે, તો તેમનામાં હેત દૃઢ થાય.

(B) સત્પુરુષ આપણા સાચા સગા છે, તે વિચાર :

* વચનામૃત ગઢડા મધ્ય-૫૯માં મહારાજે કહ્યું છે, 'ભગવાનના સંત સાથે તો એવું હેત રાખવું, જેવું સ્ત્રી ઉપર છે કે પુત્ર ઉપર છે કે મા-બાપ ને ભાઈ ઉપર છે તેવું હેત રાખવું. તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય.'

જેવું હેત સગા-સંબંધીમાં છે, તેવું હેત સત્પુરુષ સાથે કરવું. એવી આજ્ઞા શ્રીજીમહારાજે કરી છે, પરંતુ સંબંધી જેવું હેત સત્પુરુષમાં કેવી રીતે થાય ?

* સત્પુરુષ આપણા સાચા સ્વજન છે. દેહના સંબંધી કરતાંય વિશેષ પ્રેમ આપણાને સત્પુરુષે આપ્યો છે. આ વિચાર રહે તો સ્ત્રી, પુત્રાદિક સાથે જેવું હેત છે, તેવું હેત સહેજે જ સત્પુરુષ સાથે થઈ જાય.

* જે જે હરિએ કર્યું હેત, એવું કરે કોણ આપણે રે;
માત તાત સગાં સમેત, માન્યાં સનેહી ભેળાપણે રે.
જો ને ગર્ભવાસની ત્રાસ, ટાળી કેમ ટળે કોઈની રે;
પણ ટાળીને અવિનાશ, રાખે ખબર અન્ન તોયની રે.
વળી સમે સમે સંભાળ, જાણો કરે હરિજનને રે;
બીજું એવું કોણ દયાળ, કાં રે મનાય નહીં મનને રે.

(સમેત = સહિત, તોય = જળ)

* સત્પુરુષ જ આપણા સાચા સગા છે, સંબંધી છે. ગુણાતીત સત્પુરુષોએ આપણી સાથે દિવ્ય પ્રેમનો સંબંધ જોડ્યો છે. તેઓ આપણાં સુખે સુખી અને આપણાં દુઃખે દુઃખી થયા છે. તેઓ જ આપણા સાચા સગા છે.

* મુંબઈના એક યુવકને એન્જિનિયરિંગમાં જવાની ઈચ્છા, પરંતુ પિતાના આગ્રહને લીધે ન ગમતી લાઈન લેવી પડી. વળી, પરિવારના પ્રશ્નો અને ત્રાસદાયક વાતાવરણથી તે યુવક માનસિક રીતે હતાશ થઈ ગયેલો. પોતાના જ શહેરમાં ઘરને બદલે હોસ્ટેલમાં રહીને ભણતા આ યુવકને પ્રમુખસ્વામી મહારાજે સંભાળી લીધો. તેને આર્થિક મદદથી માંડી માનસિક હૂંફ પણ આપી. આજે તેજસ્વી કારકિર્દી સાથે સંસ્કારી જીવન જીવનાર આ યુવક એ દિવસો યાદ કરીને કહે છે, 'એ સમયે જો સ્વામીશ્રીએ મારો હાથ ન ઝાલ્યો હોત, તો હું માનસિક અશાંતિને લીધે વ્યસનો કે ડ્રગ્સના રવાડે ચડી ગયો હોત, અને મારું જીવન બરબાદ થઈ જાત. ખરેખર એક પિતાથીય વધુ પ્રેમ સ્વામીશ્રીએ મને આપ્યો છે.'

* ઈ.સ. ૨૦૦૫માં દિલ્હી અક્ષરધામના ઉદ્‌ઘાટનમાં રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને વિરોધપક્ષના નેતા જેવી મોટી હસ્તીઓને મળવાની પાંચ મિનિટ પહેલાં સ્વામીશ્રી હરિભક્તના પ્રશ્નોના પત્ર વાંચી જવાબ લખાવવામાં વ્યસ્ત હતા.

* યોગીબાપાએ યોગીગીતામાં કહ્યું છે, 'સંત એ જ મા-બાપ. જ્યાં સંત ત્યાં જ આપણું ઘર.' આમ, સત્પુરુષ આપણા સાચા સ્વજન મનાય, તો સહેજે જ તેમનામાં હેત થઈ જાય.

(C) માનસી પૂજા :

* વચનામૃત ગઢડા અંત્ય-૨૩માં શ્રીજીમહારાજે માનસી પૂજા કરવાની રીત વિસ્તારથી વર્ણવી અને આ માનસી પૂજાનું ફળ બતાવતાં અંતે કહ્યું, 'એવી રીતે માનસી પૂજા કરે, તો તે ભક્તને ભગવાનને વિષે હેતની વૃદ્ધિ થાય છે.'
* ભગવાનની જેમ સત્પુરુષની માનસી પૂજા નિત્ય કરીએ, તો સત્પુરુષમાં હેતની વૃદ્ધિ થતી રહે. વચનામૃત વરતાલ-૫માં શ્રીજીમહારાજે આ ને આ જ જન્મે ઉત્તમ ભક્ત થવા માટે એટલે કે બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરવા માટે ભગવાન ભેળી સત્પુરુષની પણ માનસીપૂજા કરવાની આજ્ઞા કરી છે. આમ, માનસીપૂજા દ્વારા સત્પુરુષ સાથે હેતની વૃદ્ધિ થાય, અને બ્રહ્મરૂપ થવાની દિશામાં આગળ વધી શકાય.
* સામાન્ય રીતે આપણને થાય કે સ્વામીશ્રીનો પ્રત્યક્ષ લાભ મળે, તેઓ સાથે રહેવા મળે, વાત થાય, તેઓ કંઈક સ્મૃતિ આપે તો તેમનામાં હેત વધે, પરંતુ સાથે રહેવા છતાં મનથી જોડાણ ન હોય તો હેત થતું નથી. મનથી જોડાણ માટે માનસી પૂજા છે.
* પ્રત્યક્ષ રીતે તો સત્પુરુષની અવસ્થા અને સત્પુરુષની રીતભાત પ્રમાણે અમુક મર્યાદામાં જ લાભ મળે.
* જ્યારે માનસી પૂજાનો લાભ એ છે કે આપણે મનથી જોડાઈએ છીએ, અને આપણી રીતે આપણા ભાવ પ્રમાણે સત્પુરુષને લાડ લડાવીએ છીએ. આપણને ભાવતી વાનગી માનસીમાં થાળમાં જમાડી શકીએ. આપણે સ્વામી સાથે ગાડીમાં ફરવું હોય તો માનસીમાં ફરી શકીએ.
* વળી, એનું ફળ તો પ્રત્યક્ષ પૂજા જેટલું જ મળે. એ માનસી પૂજાનો મુખ્ય લાભ છે. એ દૃષ્ટિએ સત્પુરુષની માનસીપૂજા કરવાથી તેઓ પ્રત્યે હેતની વૃદ્ધિ થાય છે.
* આમ, સત્પુરુષમાં હેતે કરીને જીવ બંધાય તે બ્રહ્મરૂપ થવાનું પ્રથમ પગથિયું છે. સ્વામી બીજું પગથિયું દર્શાવતાં કહે છે કે 'સત્પુરુષમાં હેત તો હોય, પણ વિશ્વાસ ન હોય, એટલે કે હેતની સાથે વિશ્વાસ પણ જરૂરી છે.

(૨) હેતની સાથે વિશ્વાસ :

(૨.૧) હેત તો હોય, પણ વિશ્વાસ ન પણ હોય :

* પ્રથમ દૃષ્ટિએ એવું લાગે કે આવું તો બનતું હશે કે જેમાં હેત હોય તેનો વિશ્વાસ ન હોય ? પણ હા. આવું હોય છે.
* પતિ-પત્નીને પરસ્પર હેત હોય પણ એક-બીજાનો વિશ્વાસ ન હોય. ફેમિલી કોર્ટમાં છૂટાછેડાના ઘણા કેસ આવે છે, જેમાંના મોટા ભાગના કેસમાં પતિ-પત્ની વચ્ચેના ઝઘડાનું એક જ કારણ હોય છે, પરસ્પર શંકા. હેત હોય પણ થોડા દિવસ પતિ મોડો ઘેર આવે, તો શંકા થાય કે ક્યાં જતો હશે ?
* મા-બાપને દીકરા-દીકરી પર હેત હોય છે, પણ એમનો વિશ્વાસ નથી હોતો. સતત શંકા રહ્યા કરે કે કુસંગમાં તો નહીં લેવાઈ જાય ને ?
* અહીં પણ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે જલાભગતને અમારામાં હેત બહુ પણ અમારો વિશ્વાસ નહીં.

(૨.૨) હેત અને વિશ્વાસનું ફળ :

* જો હેત અને વિશ્વાસ બંને ભેગાં થાય, તો મોટું કામ થઈ જાય.
* વચનામૃત કારિયાણી-૧૨ પ્રમાણે 'વિશ્વાસ અને પ્રીતિ સાથે કથા સાંભળે તો મન નિર્વિષયી થઈ જાય.'
* વચનામૃત ગઢડા મધ્ય-૩૭ પ્રમાણે, 'વિશ્વાસ અને પ્રીતિ હોય તો સ્વાભાવિક પ્રકૃતિ પણ ટળી જાય.'
* આમ, સત્પુરુષ સાથે હેત થાય, પણ સાથે સાથે સત્પુરુષમાં વિશ્વાસ હોય, તો સ્વભાવ-પ્રકૃતિ ટળે અને બ્રહ્મરૂપ થવાના માર્ગે પ્રગતિ થાય.

(૨.૩) બે પ્રકારનો વિશ્વાસ જરૂરી છે :

(A) સત્પુરુષના વચનમાં વિશ્વાસ :

* વચનમાં વિશ્વાસ એટલે તેઓ જે આજ્ઞા કરે, તેમાં વિશ્વાસ.
* ઈ.સ. ૧૯૮૭માં પ્રમુખસ્વામી મહારાજને રતનપુરના

મામલતદાર શ્રી સ્વાદિયા મળ્યા હતા. તેમણે પોતાના અનુભવનો યોગીજી મહારાજનો એક પ્રસંગ કહ્યો હતો કે, "ઈ.સ. ૧૯૬૭માં મારા એક મિત્ર સાથે હું ભાદરા યોગીજી મહારાજનાં દર્શને ગયેલો. મને સત્સંગનો પરિચય નહોતો. યોગીજી મહારાજને રસોડામાં દૃષ્ટિ કરવા જવું હતું. કોઈની ગાડી ન હતી. આથી મારી ગાડીની પાછળની સીટ પર બેઠા. મને નામ પૂછ્યું અને પાછળથી ધબ્બો માર્યો. એટલે મેં જવાબ આપવા પાછળ જોયું તો યોગીજી મહારાજ હસતા હતા. મને તેઓના મુખમાં બ્રહ્માંડ દેખાયું. હું તો અવાચક થઈ ગયો. પછી યોગીજી મહારાજે મારો પરિચય કેળવ્યો અને મને કહ્યું, 'તમે આ મામલતદારની નોકરી છોડી દો અને રાજકારણમાં જાવ.' પણ મારી અલ્પ મતિ તે થયું કે 'રાજકારણમાં ન ફાવીએ તો ઘરનું શું ?' અને મને એમનામાં વિશ્વાસ ન આવ્યો. તે હજી આટલાં વર્ષે મામલતદારનો મામલતદાર જ છું."

આપણું મન એવું છે કે સત્પુરુષની આજ્ઞામાં શંકા થાય. વિશ્વાસ ન આવે, પરંતુ સત્પુરુષની આજ્ઞા એ તો સાધનામાર્ગની જીવનદોરી છે.

❋ એટલે જ કહ્યું છે કે 'ગુરોઃ આજ્ઞા હિ-અવિચારણીયા'

❋ વળી, ભજનમાં પણ ગાઈએ છીએ કે...

વચનમાં વિશ્વાસ રાખી ભજનમાં ભળી,
પૂરવ કેરાં પાપ તારાં તો જાશે બળી...
ભજી લે ભગવાન સાચા સંતને મળી...

❋ પ્રમુખસ્વામી મહારાજ સાથે થયેલ એક પ્રશ્નોત્તરીમાં પૂછવામાં આવ્યું હતું કે 'વિશ્વાસનું આટલું બધું મહત્ત્વ શા માટે છે ?' સ્વામીશ્રીએ જવાબ આપતાં સમજાવેલું કે 'ગુરુની દૃષ્ટિથી જ બધું થાય છે. આપણું તત્ત્વજ્ઞાન એ જ છે. એમનામાં સંપૂર્ણ વિશ્વાસ રાખીએ એમાં બધું આવી જાય.'

પછી સ્વામીશ્રીએ શબરીની વાત કરી અને કહ્યું, 'શબરીએ ગુરુના વચનમાં વિશ્વાસ રાખ્યો, અને એ વિશ્વાસથી રાહ જોઈને રામનું ભજન કરતી બેઠી રહી. એની આંખો ચાલી ગઈ (વૃદ્ધ થઈ ગઈ) છતાં બેઠી રહી. તો રામ મળ્યા. મૂળ શું કે ગુરુના વચનમાં વિશ્વાસ હતો. તેથી કામ થયું.

એ જ રીતે સત્યકામ જાબાલિ બ્રહ્મજ્ઞાન લેવા ગયેલો, પણ ગુરુએ ગાયો ચરાવવાની આજ્ઞા કરી. તેને ગુરુની આજ્ઞામાં વિશ્વાસ હતો તેથી ૪૦૦માંથી હજાર ગાયો કરી. વિશ્વાસ રાખી આજ્ઞા પાળી તો તેને ગાયો ચરાવતાં ચરાવતાં જ બ્રહ્મજ્ઞાન થઈ ગયું. ગુરુ પાસે જઈને એ કહે તેમ કરવું, તેમાં તત્ત્વજ્ઞાન, વેદ, ભાગવત બધું જ આવી ગયું.'

❋ આમ, સત્પુરુષ-ગુરુમાં વિશ્વાસ રાખી તેઓનાં વચન પ્રમાણે વર્તીએ, તે જ શાસ્ત્રમાત્રનો સાર છે, સાધનાનું હાર્દ છે.

❋ **વચન સ્વામીજીનું શિરસે હું ધારું,**
પાંચમો વેદ પ્રમાણું;
છો ને ભુલાતી આ દેહની શૂધબૂધ
સ્વામીના વેણે હું નાચું.

આવી દૃઢતા સાથે સત્પુરુષના વચનમાં વિશ્વાસ રાખવો જોઈએ. સાથે સાથે બીજું છે...

(B) સત્પુરુષના સ્વરૂપમાં વિશ્વાસ :

❋ સત્પુરુષના સ્વરૂપમાં વિશ્વાસ એટલે સ્વામીશ્રી આપણા મોક્ષના દાતા છે, સાક્ષાત્ અક્ષરબ્રહ્મ છે, ભગવાનના અખંડ ધારક સંત છે, દિવ્ય છે. એવી દૃઢતા.

❋ આવો વિશ્વાસ એક વાર દૃઢ કરવો, અને ગમે તેવા સંજોગોમાંય તે ડગવા દેવો નહીં.

વચનામૃત વરતાલ-૧માં મહારાજ કહે છે, 'આંબાના વૃક્ષને જાણી લીધું પછી કામ વ્યાપે, ક્રોધ વ્યાપે, છતાં શંકા ન જાય કે આંબો હશે કે નહીં?'

❋ ઈ.સ. ૧૯૮૭માં જામનગરથી ડૉ. હર્ષદભાઈ જોષી પ્રમુખસ્વામી મહારાજના ચેકઅપ માટે ગોંડલ આવેલા. તેઓને ઉદ્દેશીને એક વાર કથાપ્રસંગે સ્વામીશ્રીએ વાત કરેલી કે "દેહ મૂકીને જેને પામવા હતા, એ દેહ છતાં મળ્યા છે. આ છે, એ જ અક્ષરધામ. જે શ્રીજીમહારાજની વાત કરીએ છીએ, એના એ જ

અહીં આવ્યા છે. શું ડૉક્ટર ? બાટલા લઈ જવા પડે, ચેક કરવા પડે. આવું બધું દેખાય એટલે થઈ જાય કે 'આ તો આપણા જેવા જ છે.' પણ હકીકતે જુદા છે. આવી વાતો બધાને ક્યાંથી મનાય ? એ તો વિશ્વાસ હોય તેને મનાય.''

સ્વામીશ્રીએ સ્વમુખે પોતાના સ્વરૂપની ઓળખ ઘણી વાર કરાવી છે.

* સ્વામીશ્રીનાં વચનોમાં અને સ્વરૂપમાં વિશ્વાસ દૃઢ રહે, તે માટેનો ઉપાય શો ? કેવી રીતે વિશ્વાસ આવે ?

(૨.૪) જીવન જોઈને વિશ્વાસ આવે :

* સત્પુરુષના વચનમાં અને સ્વરૂપમાં વિશ્વાસ આવે તે માટે તેઓનું જીવન જોવું પડે. તેઓની જીવનભાવનાનો વારંવાર વિચાર કરવો પડે.
* સત્પુરુષ સાચાબોલા છે. તેઓ સૌનું હિત ઇચ્છે છે, અને તેઓ શાસ્ત્રો પ્રમાણે અણિશુદ્ધ પવિત્ર જીવન જીવે છે. આ બાબતોની દૃઢતા તેઓનું જીવન જોઈએ તો થાય, અને એનાથી જ તેઓનાં વચનમાં અને સ્વરૂપમાં દૃઢ વિશ્વાસની ગાંઠ બંધાય.
* ડૉક્ટર સ્વામી યુવકથી ખૂબ જ તાર્કિક બુદ્ધિવાળા. તેઓએ કહેલું, 'મેં યોગીજી મહારાજના વચને શ્રીજીમહારાજ સર્વોપરી છે, એવો નિશ્ચય કરેલો.' યોગીજી મહારાજમાં વિશ્વાસ કેમ આવ્યો, એ સમજાવતાં તેઓએ જણાવેલું, 'યોગીજી મહારાજ સાચાબોલા પુરુષ હતા. તેઓ નિર્દંભ હતા. તેમનું જીવન આપણે જોયેલું કે તેમને લોકની જરાય સ્પૃહા નથી અને સ્વાર્થ નથી. એટલે લાગેલું કે આ પુરુષ ખોટું ના બોલે.' આમ, સત્પુરુષનું જીવન જોઈએ તો વિશ્વાસ આવે.
* પ્રમુખસ્વામી મહારાજનું જીવન કેવું છે ?
* વચનામૃત ગઢડા પ્રથમ-૬૭ પ્રમાણે, 'તેઓને આ લોકનાં સુખની તો ઇચ્છા જ નથી, ને પરલોક જે ભગવાનનું ધામ ને ભગવાનની મૂર્તિ તેને વિષે જ વાસના છે...'
* એટલે જ આજે ૯૩ વરસ થઈ ગયાં, છતાં એમના જીવનને એક ડાઘ પણ લાગ્યો નથી.
* એમને માન-મોટપની કંઈ જ પડી નથી. ઈ.સ. ૨૦૦૫માં દિલ્હી અક્ષરધામ વખતે કેટલાય મોટા મોટા માણસો મોં-ફાટ વખાણ કરતા હતા, છતાંય તેઓ ક્યારેય ફુલાઈ ગયા નથી. ને ઈ.સ. ૧૯૭૪માં નૈરોબીથી લીલા તોરણે પાછા ફરવું પડ્યું, ભયંકર અપમાન થયું, છતાંય એ અપમાનજનક પરિસ્થિતિમાં કરમાઈ ગયા નથી. આવા પુરુષનો વિશ્વાસ કેમ ન આવે ?
* તેઓ નિર્દંભ છે. એક વાર સ્વામીશ્રી બોલેલા, 'મને દંભ પહેલેથી જ નથી ગમતો.' ખુલ્લી કિતાબ જેવું જેમનું જીવન હોય, તેમનો વિશ્વાસ કેમ ન આવે ?
* શ્રીજીમહારાજે આપેલાં પંચવર્તમાન : નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિસ્નેહ, નિર્માનમાં સ્વામીશ્રીએ ક્યારેય ચૂક આવવા દીધી નથી, તેમનો વિશ્વાસ કેમ ન આવે ?
* જેમને ત્રિકાળમાં પણ સ્ત્રીનો સંકલ્પ થયો નથી, તેમનો વિશ્વાસ કેમ ન આવે ?
* જેમને કોઈનું પણ અહિત થાય એવો વિચાર સુધ્ધાં આવ્યો નથી, તેમનો વિશ્વાસ કેમ ન આવે ?
* જેમણે આપણું હિત કરવા દેહની પરવા કર્યા વિના દિવસ-રાત વિચરણ કર્યું છે, પત્ર લેખન કર્યું છે, તેમનો વિશ્વાસ કેમ ન આવે ?
* આમ, જેટલો તેમના જીવનનો વિચાર કરીએ, તેટલો વધુ ને વધુ વિશ્વાસ આવે.
* આમ, હેત અને વિશ્વાસ હોય તો બ્રહ્મરૂપ થવાના માર્ગનું બીજું પગથિયું સિદ્ધ થાય. પછી સ્વામી ત્રીજું સોપાન દર્શાવે છે કે...

(3) હેત અને વિશ્વાસની સાથે સાથે નિષ્કપટપણું :

* હેત અને વિશ્વાસની સાથે ત્રીજું મહત્ત્વનું પગથિયું છે, નિષ્કપટપણું.
* ધર્મસ્વરૂપ સ્વામી સારંગપુર મંદિરના પૂજારી હતા. તેઓએ એક વાર યોગીબાપા પાસે નિષ્કપટ થતાં કહ્યું, 'બાપા ! કામ ખૂબ પીડે છે.' યોગીજી મહારાજે

આશીર્વાદ આપ્યા. ત્યારથી તેઓને કામના સંકલ્પ બંધ થઈ ગયા. આજે પ્રમુખસ્વામી મહારાજ પણ તેમનું પ્રમાણ કરતાં કહે છે, 'થાંભલાને કામનો સંકલ્પ થાય તો આમને થાય.' નિષ્કપટ થવાથી મોટાપુરુષની કૃપા થાય છે. એમની કૃપાથી જ દોષો ટળે છે.

* ઉપેન્દ્રાનંદ સ્વામી અને કામરોળના દાજીભાઈ ગુણાતીતાનંદ સ્વામી પાસે નિષ્કપટ થયા, તો તેમના કામદોષ સ્વામીની કૃપાથી ટળી ગયેલા.
* પરંતુ જો કપટ રાખીને વર્તે તો કામ બગડી જાય.

ઈ.સ. ૧૯૯૮માં લંડનમાં હળવી ગોષ્ઠિમાં પ્રમુખસ્વામી મહારાજે વાત કરેલી કે 'કપટ રાખે ત્યાં સુધી બ્રહ્મરૂપ ન થવાય. સત્પુરુષ આગળ બધી વાત ઓપન કરવી પડે. વકીલ આગળ, ડૉક્ટર આગળ બધું ઓપન કરવું પડે છે ને ? તો પછી કલ્યાણ લેવા જઈએ ત્યાં કપટ કેમ ચાલે ?'

* આમ, સત્પુરુષ સાથે અંતરાય ન રાખીએ, નિષ્કપટપણે વર્તીએ, તો આપણે જીવદશામાંથી બ્રહ્મદશામાં આવી જઈએ.

(૩.૧) કઈ બાબતોમાં નિષ્કપટ થવું ?

* વચનામૃત લોયા-૫ પ્રમાણે :
  (૧) પોતાને પંચવર્તમાનમાં કાચપ હોય (૨) કોઈનો અવગુણ આવતો હોય (૩) નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થતો હોય. (સ્વરૂપનિષ્ઠામાં-મહિમામાં શંકા થતી હોય.)
* આ બાબતોમાં તરત નિષ્કપટ થવું જોઈએ.

(૩.૨) કોની આગળ નિષ્કપટ થવું ?

* વચનામૃત ગઢડા પ્રથમ-૩૮માં મહારાજે જેની આગળ નિષ્કપટ થઈ શકાય, તેનાં લક્ષણ બતાવ્યાં છે.
– મનમાં ભૂંડો ઘાટ ન થવા દે તેવા બળિયા હોય.
– આપણી ખામી સાંભળી તે સુધારવા વાત કરે, અને જ્યાં સુધી સુધરે નહીં, ત્યાં સુધી વાતો કર્યા કરે; એવી ચાડ (લગની, ખટક) જેને હોય.
* આપણને નિષ્કપટ થવા ઉત્તમ પાત્ર એવા ગુણાતીત સત્પુરુષ તો મળ્યા જ છે, પણ સાથે સાથે એમની આજ્ઞા પ્રમાણે જીવન જીવનારા, મનના ઘાટને દાબી વર્તનારા બળિયા સદ્ગુરુ સંતોનો પણ યોગ છે. વળી, આ મોટેરા સદ્ગુરુ સંતો સતત કથાવાર્તા દ્વારા આપણી ખામી તરફ નિર્દેશ કરી, આપણને સુધરવાની પ્રેરણા આપ્યા કરે છે. તેઓ આગળ પણ પોતાની અંતરની વાત રજૂ કરી નિષ્કપટ થઈ શકાય.
* આમ, હેત, વિશ્વાસ અને નિષ્કપટપણું એ ત્રણેયના ત્રિકોણી સંયોજનથી સત્સંગમાં બ્રહ્મરૂપ થવાના માર્ગે આગળ વધાય.

● **સમાપન :**

* અંતે એક વાત સમજવી જરૂરી છે કે બ્રહ્મરૂપ થવાનો માર્ગ એક દિવસમાં સર ન થાય. તે માટે તો ધીરજ રાખવી પડે, સતત પુરુષાર્થ ચાલુ રાખવો પડે.
* સફળ ડૉક્ટર થવામાં કેટલાં વર્ષ લાગે ?
– ૨ વર્ષ કે.જી.નાં (બાલમંદિરનાં), ૧૨ વર્ષ ૧ થી ૧૨ ધોરણ પાસ કરવામાં, સાડા ચાર વર્ષ કૉલેજનાં, ૧ વર્ષ ઇન્ટર્નશીપનું, ૩ વર્ષ એમ.ડી.નાં. આમ, ૨૨ વર્ષની સતત અને સખત મહેનત પછી ડૉક્ટર થવાય. પછી પણ વર્ષો સુધી ક્લિનિકલ પ્રેક્ટીસ કરે અને દવાખાનું સારું ચાલે, તો સફળ ડૉક્ટર બનાય.
* સફળ ડૉક્ટર બનવા આટલી ધીરજ અને પુરુષાર્થ જોઈએ, તો બ્રહ્મરૂપ થવા કેટલી શ્રદ્ધા જોઈએ ?
* બ્રહ્મરૂપ થવું એ અઘરું છે, અશક્ય નથી. કારણ કે ટાંકીમાં પાણી તો છે જ, બસ નળનું કનેક્શન સરખું (રીપેર) કરવાનું છે. એટલે કે, આપણું સત્પુરુષ સાથેનું જોડાણ સુદૃઢ કરવાનું છે.
* તો ચાલો, તે માટે ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતમાં દર્શાવેલ ઉપાય પ્રમાણે શ્રદ્ધાપૂર્વક પુરુષાર્થ કરીએ, અને ભવજળ તરવાનું ટાણું સાર્થક કરી લઈએ. અને નારાયણદાસ કવિની આ પંક્તિઓ નજર સમક્ષ રાખીએ...

સજની ભક્તિ કરીએ રે, સાચા ભાવથી;
પાછાં પગલાં ન ભરીએ, ભવજળ પાર ઊતરીએ,
નારાયણદાસ'કે તરીએ, સત્સંગ કીજીએ...
સજની ટાણું આવ્યું રે, ભવજળ તરવાનું...

૫. સ્વામીની વાત : પ્રકરણ : ૩, વાત : ૩૩

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે :

સત્સંગમાં એમ વાત થાય છે જે, જીવ બ્રહ્મરૂપ થઈ જાય. ત્યારે પૂછ્યું જે, 'સત્સંગમાં વાત તો થાય છે, તોય જીવ બ્રહ્મરૂપ કેમ થાતો નથી?' પછી સ્વામી બોલ્યા જે, 'હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી, અને સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ન આવે.' ત્યારે વળી પૂછ્યું જે, 'હેતે કરીને જીવ બાંધ્યો હોય તેનો વિશ્વાસ કેમ ન આવે?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ જલે ભક્તે મારા સાથે જીવ ઘણો બાંધ્યો છે, પણ મારો વિશ્વાસ ન આવે.' એમ કહીને બોલ્યા જે, 'વિશ્વાસ તો હોય, તોપણ નિષ્કપટપણે વર્તાય નહીં, ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહીં, એ સિદ્ધાંત વાત છે.'

● **પ્રારંભ અને પૂર્વભૂમિકા :**

■ સત્સંગમાં આપણે ગાઈએ છીએ...

જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ,
આજ ધર્મવંશીને દ્વાર નરનારી... જેને.

નાનાં નાનાં બાળકોય સ્વામીની વાતો મોઢે કરી બોલે છેઃ 'આપણે તો અક્ષરધામમાં જાવું છે એવો એક સંકલ્પ રાખવો.'

મોક્ષપ્રાપ્તિ અને છતી દેહે બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરી બ્રહ્મરૂપ થવાની વાત સત્સંગમાં ખૂબ જ સરળતાથી થાય છે.

❊ એટલે આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામીને પ્રશ્ન પુછાયો છે કે 'સત્સંગમાં એમ વાત થાય છે કે જીવ બ્રહ્મરૂપ થઈ જાય, છતાં બ્રહ્મરૂપ થયા હોઈએ એવો અનુભવ કેમ થતો નથી?'

સત્સંગમાં વાતો તો થાય છે, પણ આપણે વાસ્તવિકતા સામે જોઈએ તો આપણને આપણા સ્વભાવો દેખાય, બીજાની ખામીઓ દેખાય, એ જોતાં મનમાં વિચાર થાય, શું ખરેખર બ્રહ્મરૂપ થવાશે?

વર્ષોથી સત્સંગ કરીએ છતાં અનુભવ થતો નથી. એવું શા માટે?

■ એક પરિસ્થિતિ પરથી આનું કારણ સમજવા પ્રયત્ન કરીએ...

બાથરૂમમાં નળ નીચે ડોલ મૂકીને નળ ચાલુ કરીએ, છતાં પાણી ન આવે તેનું કારણ શું હોઈ શકે?

(૧) કાં તો ટાંકીમાં પાણી નથી.

(૨) પાણી તો છે, પણ નળના ટાંકી સાથેના જોડાણમાં ખામી છે. દા.ત. પાઈપમાં કચરો ભરાયો છે.

■ એ પ્રમાણે સત્સંગમાં બ્રહ્મરૂપ થવાતું નથી, તેનાં પણ બે કારણો હોઈ શકે...

(૧) કાં તો ભગવાન ને સત્પુરુષની એમ કરવાની સામર્થી નથી.

(૨) કાં તો તેમની સાથેના આપણા જોડાણમાં ખામી છે.

❊ પ્રથમ કારણ સાચું હોઈ જ શકે નહીં, કારણ કે...

આપણને અનેકવાર પ્રમુખસ્વામી મહારાજે અને મહંત સ્વામી મહારાજે જાહેરમાં કોલ આપ્યો છે કે 'અક્ષરધામ પાક્કું.'

ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગઢડા મધ્ય-૫૦ અને વચનામૃત ગઢડા મધ્ય-૪૫માં આપણી કસર ટાળી સ્થિતિ કરાવવાનો કોલ આપ્યો છે.

❊ વળી સત્સંગના ઈતિહાસમાં એવી સ્થિતિ પ્રાપ્ત કરી હોય તેવા સંતો-ભક્તોના દાખલા મોજૂદ છે. જેમ કે, ગોરધનભાઈને મીઠું અને સાકર બે સમ થઈ ગયેલાં, પર્વતભાઈ, સુરાખાચર, શિવલાલ શેઠ, લાલાભાઈ વગેરે સ્થિતિવાળા

ભક્તોની આ યાદી લાંબી થઈ શકે તેમ છે.

આમ, મહારાજ અને ગુરુપરંપરાએ બ્રહ્મરૂપ કરવાનો કોલ આપ્યો છે અને એ પ્રમાણે ભક્તોની સ્થિતિ પણ તેઓની કૃપાથી થઈ છે. તેથી તેઓ આપણને બ્રહ્મરૂપ કરવા સમર્થ છે તે વાતમાં કોઈ જ શંકાને સ્થાન નથી.

■ એનો અર્થ એ કે બ્રાહ્મીસ્થિતિ અનુભવાતી નથી, તેનું બીજું કારણ સાચું છે, એટલે કે સત્પુરુષ સાથેના આપણા જોડાણમાં ખામી છે.

❋ એ ખામીને સુધારવાની વાત ગુણાતીતાનંદ સ્વામીએ જવાબમાં કહી છે. એ છે...

(૧) હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી.
(૨) હેત હોય પણ સત્પુરુષમાં વિશ્વાસ નથી.
(૩) હેત અને વિશ્વાસ હોય, પણ નિષ્કપટપણે વર્તાય નહીં.

આમ, સત્પુરુષ સાથે જોડાણનાં ત્રણ ક્રમબદ્ધ પગથિયાં આપણા જીવનમાં સિદ્ધ થાય તો સત્સંગનું ફળ મળે, બ્રહ્મરૂપ થવાય.

■ જેણે જેણે સત્પુરુષ સાથે હેત, વિશ્વાસ અને નિષ્કપટભાવે જોડાણ કર્યું છે, તેને આવું ફળ મળ્યું જ છે.

❋ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીમાં એવું અપાર હેત હતું કે તેઓને સ્વામી ટકોર પણ કરી શકતા. વળી, આચાર્ય મહારાજને સ્વામીમાં વિશ્વાસ પણ હતો. સ્વામીએ તેઓને કહેલું, 'જો ભગવત્પ્રસાદજીને ગાદી સોંપીને તીર્થવાસી થઈ જૂનાગઢ આવો, તો તમારી તમામ ગ્રંથિઓ ગાળી નાખું.' આ વચનમાં વિશ્વાસ રાખી તેઓ સં. ૧૯૧૭માં તીર્થવાસી થઈ જૂનાગઢ રહેલા. વળી, પોતે આચાર્ય હતા, સંપ્રદાયના ઉચ્ચ સ્થાને હતા, છતાં સ્વામી આગળ એ મોભો રાખતા નહીં. અંતરની વાત નિષ્કપટપણે કહેતાં, 'સ્વામી, મને હૃદયમાં ગ્રંથિઓ (દોષો) પીડે છે.', 'અંતરમાં ટાઢું થતું નથી, તો તેનો ઉપાય બતાવો.' વગેરે જેવા પ્રશ્નો નિષ્કપટપણે પૂછી સ્વામીનો સમાગમ કરતા.

એના ફળસ્વરૂપે તેઓની બ્રાહ્મીસ્થિતિ થઈ હતી. ગોવર્ધનદાસ કોઠારીએ એ વાતની ખાતરી આપતાં શાસ્ત્રીજી મહારાજને કહેલું, 'જ્યારે સત્તરની સાલમાં રઘુવીરજી મહારાજ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરી પરત આવેલા ત્યારે સ્વામીરૂપ થઈ ગયેલા.' ગુણાતીતાનંદ સ્વામીએ પણ પોતાની વાતોમાં કહ્યું છે, 'ધર્મકુળમાં રઘુવીરજી જેવી સ્થિતિ અને રહેણી ક્યાંય જોવા ન મળે.' આમ, જો આ ત્રણ પગથિયાં દ્વારા આપણું સત્પુરુષ સાથેનું જોડાણ દૃઢ કરીએ, તો બ્રહ્મરૂપ થવાય જ.

તો ચાલો, આ ત્રણ પગથિયાં કેવી રીતે સર કરી શકાય તે સમજીએ.

(૧) હેતે કરીને સત્પુરુષમાં જીવ જોડવો :

■ સત્પુરુષમાં હેત કરવું, આત્મબુદ્ધિ કરવી, એ ખૂબ જ પાયાની સાધના છે.

(૧.૧) સત્પુરુષમાં હેતનું ફળ :

❋ ગુણાતીતાનંદ સ્વામીના સમયની વાત છે. એક વાર બાલમુકુંદદાસજી ગુણાતીતાનંદ સ્વામીને સ્નાન કરાવતા હતા. તે વખતે મંદિરની ઘોડશાળમાં અચાનક ઘોડી હણહણી. એટલે સ્વામીએ પૂછ્યું, 'ઘોડી કેમ હણહણે છે?' ત્યારે બાલમુકુંદ સ્વામીએ કહ્યું, 'તેની સાથેની બીજી ઘોડી ગઈ કાલે વેચી દીધી છે. તેની સાથે હેડો (હેત) હશે એટલે હણહણે છે.' (એટલે કે, પશુને એકબીજા સાથે લાંબો સમય રહેવાથી હેત થઈ ગયું હોય, તેથી તેના વિના ન ગમે.)

આ સાંભળી સ્વામી બોલ્યા, 'તમોને સત્સંગમાં આવ્યે કેટલાં વર્ષ થયાં?' તેમણે કહ્યું, 'ચૌદેક વર્ષ થયાં.' સ્વામીએ ફરી પૂછ્યું, 'આ ઘોડી જેટલો હેડો (સ્નેહ) સત્પુરુષમાં થયો છે?' તેમણે કહ્યું, 'ના, સ્વામી.' ત્યારે સ્વામીએ કહ્યું, 'મોટાપુરુષ સંગાથે હેત કર્યા વિના અને જીવ

જોડ્યા વિના સુખ-શાંતિ કે ગુણ આવે જ નહીં.' આમ, સ્વામીએ સત્પુરુષમાં હેત કરવાથી જ જીવનમાં સુખ-શાંતિ અને સદ્‌ગુણોની પ્રાપ્તિ થાય છે, એ વાત સમજાવી.

❊ ભગવાન સ્વામિનારાયણે વરતાલ-૧૧, ગઢડા અંત્ય-૩૮, ગઢડા મધ્ય-૫૯, ગઢડા મધ્ય-૫૪ વગેરે વચનામૃતોમાં સત્પુરુષ સાથે હેત કરવાની વાત કરી છે, અને તેનું આવું જ ફળ બતાવ્યું છે.

(૧.૨) હેત થવાના ઉપાય :

■ સત્પુરુષ સાથે હેત કેવી રીતે થાય, તેના ઉપાયો આપણે વચનામૃતના આધારે સમજીએ...

(A) **ગુણના વિચારથી હેત :**

❊ વચનામૃત સારંગપુર-૨માં શ્રીજીમહારાજે કહ્યું છે કે 'સ્નેહ તો રૂપે કરીને થાય છે તથા કામે કરીને પણ થાય છે તથા લોભે કરીને પણ થાય છે તથા સ્વાર્થે કરીને પણ થાય છે. તેમાં (રૂપ) લોભ, કામ અને સ્વાર્થે કરીને જે હેત થયું હોય તે પણ અંતે નાશ પામે છે, અને જે ગુણે કરીને સ્નેહ થયો હોય તે તો અંતે (કાયમ) રહે છે.'

સત્પુરુષના ગુણ વિચારીએ, જાણીએ તો તેમનામાં હેત થાય અને તે કાયમ ટકે.

■ સત્પુરુષ સાથે હેત કરવા અને હેતને વધુ દૃઢ કરવા તેમના ગુણોનું મનન-ચિંતન સતત કરવું પડે.

❊ મહંત સ્વામી મહારાજને પ્રશ્ન પૂછ્યો હતો કે 'આપ યુવકમાં હતા ત્યારે પહેલાં તો યોગીબાપાથી દૂર ભાગતા. તેઓ ઘરે આવે અને આપ પાછલા દરવાજેથી બહાર જતા રહો. તો પછી એમનામાં આવું હેત કેવી રીતે થઈ ગયું કે સાધુ બની ગયા?'

તેઓએ જણાવેલું, ''જ્યારે તળાવની પાળે હું બેઠેલો અને યોગીબાપા ત્યાંથી વિદાય થતા હતા, ત્યારે તેઓએ મારી પાસે આવી માફી માંગી કે 'આપને ત્યાં અમે ઉતારો કર્યો, તો તમને તકલીફ પડી હોય તો માફ કરજો.' આ ઘટના બન્યા પછી મને થયું, આ સંત કેવા ગુણિયલ છે કે મારા જેવા તોફાની છોકરાની માફી માંગે. પછી ત્યાં જ બે-ત્રણ કલાક હું બેસી રહ્યો, અને યોગીબાપાનો આ ગુણ જ વિચારતો રહ્યો. પછી તો ધીરે ધીરે યોગીબાપા સાથે મળવાનું વધાર્યું, અને તેમના ગુણોનો પરિચય થતો ગયો. એમ કરતાં એમની સાથે હેત થઈ ગયું.''

❊ આમ, સત્પુરુષના ગુણનો વિચાર કરવાથી તેમનામાં હેત થાય છે અને હેતની વૃદ્ધિ થાય છે. સ્વામીશ્રીનાં ચરિત્રો તથા પ્રસંગોનાં વાંચન, કથાશ્રવણ અને મનન દ્વારા તેઓના ગુણોનો વિચાર સતત થયા કરે, તો તેમનામાં હેત દૃઢ થાય.

(B) **સત્પુરુષ આપણા સાચા સગા છે, તે વિચાર :**

■ વચનામૃત ગઢડા મધ્ય-૫૯માં મહારાજે કહ્યું છે, 'ભગવાનના સંત સાથે તો એવું હેત રાખવું, જેવું સ્ત્રી ઉપર છે કે પુત્ર ઉપર છે કે મા-બાપ ને ભાઈ ઉપર છે તેવું હેત રાખવું. તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય.'

સત્પુરુષ જ આપણા સાચા સગા છે, સંબંધી છે. ગુણાતીત સત્પુરુષોએ આપણી સાથે દિવ્ય પ્રેમનો સંબંધ જોડ્યો છે. તેઓ આપણાં સુખે સુખી અને આપણાં દુઃખે દુઃખી થયા છે. તેઓ જ આપણા સાચા સગા છે.

❊ મુંબઈના એક યુવકને એન્જિનિયરિંગમાં જવાની ઇચ્છા, પરંતુ પિતાના આગ્રહને લીધે ન ગમતી લાઇન લેવી પડી. વળી, પરિવારના પ્રશ્નો અને ત્રાસદાયક વાતાવરણથી તે યુવક માનસિક રીતે હતાશ થઈ ગયેલો. પોતાના જ શહેરમાં ઘરને બદલે હોસ્ટેલમાં રહીને ભણતા આ યુવકને પ્રમુખસ્વામી મહારાજે સંભાળી લીધો. તેને આર્થિક મદદથી માંડી માનસિક હૂંફ પણ આપી. આજે તેજસ્વી કારકિર્દી સાથે સંસ્કારી જીવન જીવનાર આ યુવક એ દિવસો યાદ કરીને કહે

છે, 'એ સમયે જો સ્વામીશ્રીએ મારો હાથ ન ઝાલ્યો હોત, તો હું માનસિક અશાંતિને લીધે **વ્યસનો** કે ડ્રગ્સના રવાડે ચડી ગયો હોત, અને મારું જીવન બરબાદ થઈ જાત. ખરેખર એક પિતાથીય વધુ પ્રેમ સ્વામીશ્રીએ મને આપ્યો છે.'

❊ યોગીબાપાએ યોગીગીતામાં કહ્યું છે, 'સંત એ જ મા-બાપ. જ્યાં સંત ત્યાં જ આપણું ઘર.' આમ, સત્પુરુષ આપણા સાચા સ્વજન મનાય, તો સહેજે જ તેમનામાં હેત થઈ જાય.

■ આમ, સત્પુરુષમાં હેતે કરીને જીવ બંધાય તે બ્રહ્મરૂપ થવાનું પ્રથમ પગથિયું છે. સ્વામી બીજું પગથિયું દર્શાવતાં કહે છે કે 'સત્પુરુષમાં હેત તો હોય, પણ વિશ્વાસ ન હોય, એટલે કે હેતની સાથે વિશ્વાસ પણ જરૂરી છે.

(૨) હેતની સાથે વિશ્વાસ :

(૨.૧) હેત તો હોય, પણ વિશ્વાસ ન પણ હોય :

■ પ્રથમ દૃષ્ટિએ એવું લાગે કે આવું તો બનતું હશે કે જેમાં હેત હોય તેનો વિશ્વાસ ન હોય? પણ હા. આવું હોય છે.

❊ પતિ-પત્નીને પરસ્પર હેત હોય પણ એક-બીજાનો વિશ્વાસ ન હોય. ફેમિલી કોર્ટમાં છૂટાછેડાના ઘણા કેસ આવે છે, જેમાંના મોટા ભાગના કેસમાં પતિ-પત્ની વચ્ચેના ઝઘડાનું એક જ કારણ હોય છે, પરસ્પર શંકા. હેત હોય પણ થોડા દિવસ પતિ મોડો ઘેર આવે, તો શંકા થાય કે ક્યાં જતો હશે?

મા-બાપને દીકરા-દીકરી પર હેત હોય છે, પણ એમનો વિશ્વાસ નથી હોતો. સતત શંકા રહ્યા કરે કે કુસંગમાં તો નહીં લેવાઈ જાય ને?

અહીં પણ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે જલાભગતને અમારામાં હેત બહુ પણ અમારો વિશ્વાસ નહીં.

(૨.૨) હેત અને વિશ્વાસનું ફળ :

■ જો હેત અને વિશ્વાસ બંને ભેગાં થાય, તો મોટું કામ થઈ જાય.

- વચનામૃત કારિયાણી-૧૨ પ્રમાણે 'વિશ્વાસ અને પ્રીતિ સાથે કથા સાંભળે તો મન નિર્વિષયી થઈ જાય.'
- વચનામૃત ગઢડા મધ્ય-૩૭ પ્રમાણે, 'વિશ્વાસ અને પ્રીતિ હોય તો સ્વાભાવિક પ્રકૃતિ પણ ટળી જાય.'

આમ, સત્પુરુષ સાથે હેત થાય, પણ સાથે સત્પુરુષમાં વિશ્વાસ હોય, તો સ્વભાવ ટળે અને બ્રહ્મરૂપ થવાના માર્ગે પ્રગતિ થાય.

(૨.૩) બે પ્રકારનો વિશ્વાસ જરૂરી છે :

(A) **સત્પુરુષના વચનમાં વિશ્વાસ :**

■ વચનમાં વિશ્વાસ એટલે તેઓ જે આજ્ઞા કરે, તેમાં વિશ્વાસ.

❊ ઈ.સ. ૧૯૮૭માં પ્રમુખસ્વામી મહારાજને રતનપુરના મામલતદાર શ્રી સ્વાદિયા મળ્યા હતા. તેમણે પોતાના અનુભવનો યોગીજી મહારાજનો એક પ્રસંગ કહ્યો હતો કે, ''ઈ.સ. ૧૯૬૭માં મારા એક મિત્ર સાથે હું ભાદરા યોગીજી મહારાજનાં દર્શને ગયેલો. મને સત્સંગનો પરિચય નહોતો. યોગીજી મહારાજને રસોડામાં દૃષ્ટિ કરવા જવું હતું. કોઈની ગાડી ન હતી. આથી મારી ગાડીની પાછળની સીટ પર બેઠા. મને નામ પૂછ્યું અને પાછળથી ધબ્બો માર્યો. એટલે મેં જવાબ આપવા પાછળ જોયું તો યોગીજી મહારાજ હસતા હતા. મને તેઓના મુખમાં બ્રહ્માંડ દેખાયું. હું તો અવાચક થઈ ગયો.

પછી યોગીજી મહારાજે મારો પરિચય કેળવ્યો અને મને કહ્યું, 'તમે આ મામલતદારની નોકરી છોડી દો અને રાજકારણમાં જાવ.' પણ મારી અલ્પ મતિ તે થયું કે 'રાજકારણમાં ન ફાવીએ તો ઘરનું શું?' અને મને એમનામાં વિશ્વાસ ન આવ્યો. તે હજી આટલાં વર્ષે મામલતદારનો મામલતદાર જ છું.''

❊ આપણું મન એવું છે કે સત્પુરુષની આજ્ઞામાં વિશ્વાસ ન આવે, પરંતુ સત્પુરુષની આજ્ઞા એ

તો સાધનામાર્ગની જીવનદોરી છે.

■ એટલે જ કહ્યું છે કે **'ગુરોઃ આજ્ઞા હિ-અવિચારણીયા'**

વળી, ભજનમાં પણ ગાઈએ છીએ કે...

વચનમાં વિશ્વાસ રાખી ભજનમાં ભળી,
પૂરવ કેરાં પાપ તારાં તો જાશે બળી...
ભજી લે ભગવાન સાચા સંતને મળી...

❊ પ્રમુખસ્વામી મહારાજ સાથે થયેલ એક પ્રશ્નોત્તરીમાં પૂછવામાં આવ્યું હતું કે 'વિશ્વાસનું આટલું બધું મહત્ત્વ શા માટે છે?' સ્વામીશ્રીએ જવાબ આપતાં સમજાવેલું કે 'ગુરુની દૃષ્ટિથી જ બધું થાય છે. આપણું તત્ત્વજ્ઞાન એ જ છે. એમનામાં સંપૂર્ણ વિશ્વાસ રાખીએ એમાં બધું આવી જાય.'

પછી સ્વામીશ્રીએ શબરીબાઈની વાત કરી અને કહ્યું, 'શબરીબાઈએ ગુરુના વચનમાં વિશ્વાસ રાખ્યો, અને એ વિશ્વાસથી રાહ જોઈને રામનું ભજન કર્યા કર્યું. એમની આંખો ચાલી ગઈ (વૃદ્ધ થઈ ગયા) છતાં ભજન કર્યા કર્યું. તો ભગવાન શ્રીરામ મળ્યા. મૂળ શું કે ગુરુના વચનમાં વિશ્વાસ હતો. તેથી કામ થયું.

❊ એ જ રીતે સત્યકામ જાબાલિ બ્રહ્મજ્ઞાન લેવા ગયેલો, પણ ગુરુએ ગાયો ચરાવવાની આજ્ઞા કરી. તેને ગુરુની આજ્ઞામાં વિશ્વાસ હતો તેથી ૪૦૦માંથી હજાર ગાયો કરી. વિશ્વાસ રાખી આજ્ઞા પાળી તો તેને ગાયો ચરાવતાં ચરાવતાં જ બ્રહ્મજ્ઞાન થઈ ગયું. ગુરુ પાસે જઈને એ કહે તેમ કરવું, તેમાં તત્ત્વજ્ઞાન, વેદ, ભાગવત બધું જ આવી ગયું.'

આમ, સત્પુરુષ-ગુરુમાં વિશ્વાસ રાખી તેઓનાં વચન પ્રમાણે વર્તીએ, તે જ શાસ્ત્રમાત્રનો સાર છે, સાધનાનું હાર્દ છે.

(B) **સત્પુરુષનું જીવન જોઈને વિશ્વાસ :**

❊ પૂ. ડૉક્ટર સ્વામી યુવાનીથી ખૂબ જ તાર્કિક બુદ્ધિવાળા. તેઓએ કહેલું, 'મેં યોગીજી મહારાજના વચને શ્રીજીમહારાજ સર્વોપરી છે, એવો નિશ્ચય કરેલો.' યોગીજી મહારાજમાં વિશ્વાસ કેમ આવ્યો, એ સમજાવતાં તેઓએ જણાવેલું, 'યોગીજી મહારાજ સાચાબોલા પુરુષ હતા. તેઓ નિર્દંભ હતા. તેમનું જીવન આપણે જોયેલું કે તેમને લોકની જરાય સ્પૃહા નથી અને સ્વાર્થ નથી. એટલે લાગેલું કે આ પુરુષ ખોટું ના બોલે.' આમ, સત્પુરુષનું જીવન જોઈએ તો વિશ્વાસ આવે.

■ મહંત સ્વામી મહારાજનું જીવન કેવું છે?

❊ વચનામૃત ગઢડા પ્રથમ-૬૭ પ્રમાણે, 'તેઓને આ લોકનાં સુખની તો ઇચ્છા જ નથી, ને પરલોક જે ભગવાનનું ધામ ને ભગવાનની મૂર્તિ તેને વિષે જ વાસના છે...'

એટલે જ આજે ૯૦ વર્ષે પણ, એમના જીવનને એક ડાઘ પણ લાગ્યો નથી.

❊ એમને માન-મોટપની કંઈ જ પડી નથી. ઈ.સ. ૨૦૨૩માં અમેરિકા અક્ષરધામ લોકાર્પણ વખતે કેટલાય મોટા મોટા માણસો મોં-ફાટ વખાણ કરતા હતા, છતાંય તેઓ ક્યારેય ફુલાઈ ગયા નથી. ને કલકત્તા એરપોર્ટ પર ભયંકર અપમાન થયું, છતાંય એ અપમાનજનક પરિસ્થિતિમાં કરમાઈ ગયા નથી. આવા પુરુષનો વિશ્વાસ કેમ ન આવે?

- તેઓ નિર્દંભ છે. સ્વામીશ્રી ઘણીવાર કહે છે કે, 'મને દંભ પહેલેથી જ નથી ગમતો.' ખુલ્લી કિતાબ જેવું જેમનું જીવન હોય, તેમનો વિશ્વાસ કેમ ન આવે?
- શ્રીજીમહારાજે આપેલાં પંચવર્તમાનઃ નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિસ્નેહ, નિર્માનમાં સ્વામીશ્રીએ ક્યારેય ચૂક આવવા દીધી નથી, તેમનો વિશ્વાસ કેમ ન આવે?
- જેમને ત્રિકાળમાં પણ સ્ત્રીનો સંકલ્પ થયો નથી, તેમનો વિશ્વાસ કેમ ન આવે?
- જેમને હંમેશાં દરેકનું ભલું થાય એવો વિચાર

આવે છે, તેમનો વિશ્વાસ કેમ ન આવે?

- જેમણે આપણું હિત કરવા દેહની પરવા કર્યા વિના દિવસ-રાત વિચરણ કર્યું છે, પત્રલેખન કર્યું છે, તેમનો વિશ્વાસ કેમ ન આવે?

આમ, જેટલો તેમના જીવનનો વિચાર કરીએ, તેટલો વધુ ને વધુ વિશ્વાસ આવે. આમ, હેત અને વિશ્વાસ હોય તો બ્રહ્મરૂપ થવાના માર્ગનું બીજું પગથિયું સિદ્ધ થાય. પછી સ્વામી ત્રીજું સોપાન દર્શાવે છે કે...

(3) હેત અને વિશ્વાસની સાથે સાથે નિષ્કપટપણું:

■ હેત અને વિશ્વાસની સાથે ત્રીજું મહત્ત્વનું પગથિયું છે, નિષ્કપટપણું.

❊ ધર્મસ્વરૂપ સ્વામી સારંગપુર મંદિરના પૂજારી હતા. તેઓએ એકવાર યોગીબાપા પાસે નિષ્કપટ થતાં કહ્યું, 'બાપા! કામ ખૂબ પીડે છે.' યોગીજી મહારાજે આશીર્વાદ આપ્યા. ત્યારથી તેઓને કામના સંકલ્પ બંધ થઈ ગયા. પ્રમુખસ્વામી મહારાજ પણ તેમનું પ્રમાણ કરતાં કહેતા, 'થાંભલાને કામનો સંકલ્પ થાય તો આમને થાય.' નિષ્કપટ થવાથી મોટાપુરુષની કૃપા થાય છે. એમની કૃપાથી જ દોષો ટળે છે.

❊ ઉપેન્દ્રાનંદ સ્વામી અને કામરોળના દાજીભાઈ ગુણાતીતાનંદ સ્વામી પાસે નિષ્કપટ થયા, તો તેમના કામદોષ સ્વામીની કૃપાથી ટળી ગયેલા.

❊ પરંતુ જો કપટ રાખીને વર્તે તો કામ બગડી જાય. ઈ.સ. ૧૯૯૮માં લંડનમાં હળવી ગોષ્ઠિમાં પ્રમુખસ્વામી મહારાજે વાત કરેલી કે 'કપટ રાખે ત્યાં સુધી બ્રહ્મરૂપ ન થવાય. સત્પુરુષ આગળ બધી વાત ઓપન કરવી પડે. વકીલ આગળ, ડૉક્ટર આગળ બધું ઓપન કરવું પડે છે ને? તો પછી કલ્યાણ લેવા જઈએ ત્યાં કપટ કેમ ચાલે?'

આમ, સત્પુરુષ સાથે અંતરાય ન રાખીએ, નિષ્કપટપણે વર્તીએ, તો આપણે જીવદશામાંથી બ્રહ્મદશામાં આવી જઈએ.

(૩.૧) કઈ બાબતોમાં નિષ્કપટ થવું?

❊ વચનામૃત લોયા-૫ પ્રમાણેઃ

(૧) પોતાને પંચવર્તમાનમાં કાચપ હોય

(૨) કોઈનો અવગુણ આવતો હોય

(૩) નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થતો હોય. (સ્વરૂપનિષ્ઠામાં-મહિમામાં શંકા થતી હોય.)

ઉપરોક્ત બાબતોમાં તરત નિષ્કપટ થવું જોઈએ.

(૩.૨) કોની આગળ નિષ્કપટ થવું?

❊ વચનામૃત ગઢડા પ્રથમ-૩૮માં મહારાજે જેની આગળ નિષ્કપટ થઈ શકાય, તેનાં લક્ષણ બતાવ્યાં છે.

- મનમાં ભૂંડો ઘાટ ન થવા દે તેવા બળિયા હોય.
- આપણી ખામી સાંભળી તે સુધારવા વાત કરે, અને જ્યાં સુધી સુધરે નહીં, ત્યાં સુધી વાતો કર્યા કરે; એવી ચાડ (લગની, ખટક) જેને હોય.

❊ આપણને નિષ્કપટ થવા ઉત્તમ પાત્ર એવા ગુણાતીત સત્પુરુષ મહંત સ્વામી મહારાજ તો મળ્યા જ છે.

સાથે સાથે એમની આજ્ઞા પ્રમાણે જીવન જીવનારા, મનના ઘાટને દાબી વર્તનારા બળિયા સદ્‌ગુરુ સંતોનો પણ યોગ છે.

વળી, આ મોટેરા સદ્‌ગુરુ સંતો સતત કથાવાર્તા દ્વારા આપણી ખામી તરફ નિર્દેશ કરી, આપણને સુધરવાની પ્રેરણા આપ્યા કરે છે. તેઓ આગળ પણ પોતાની અંતરની વાત રજૂ કરી નિષ્કપટ થઈ શકાય.

❊ આમ, હેત, વિશ્વાસ અને નિષ્કપટપણું એ ત્રણેયના સંયોજનથી સત્સંગમાં બ્રહ્મરૂપ થવાના માર્ગે આગળ વધાય, એ જ મહારાજ-સ્વામી તથા મહંત સ્વામી મહારાજના ચરણોમાં પ્રાર્થના...

સ્વામીની વાત : ૧, પ્રકરણ : 3, વાત : 33

સ્વામિનારાયણ હરે..... સ્વામીએ વાત કરી જે.....

સત્સંગમાં એમ વાત થાય છે જે, જીવ બ્રહ્મરૂપ થઈ જાય. ત્યારે પૂછ્યું જે, સત્સંગમાં વાત તો થાય છે, તોય જીવ બ્રહ્મરૂપ કેમ થાતો નથી ? પછી સ્વામી બોલ્યા જે, હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી અને સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ન આવે ? ત્યારે વળી પૂછ્યું જે હેતે કરીને જીવ બાંધ્યો હોય તેનો વિશ્વાસ કેમ ન આવે ? ત્યારે સ્વામી બોલ્યા જે, આ જલે ભક્તે મારા સાથે જીવ ઘણો બાંધ્યો છે પણ મારો વિશ્વાસ ન આવે. એમ કહીને વળી બોલ્યા જે, વિશ્વાસ તો હોય, તો પણ નિષ્કપટપણે વર્તાય નહીં, ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહીં, એ સિદ્ધાંત વાત છે.

● **વાતનું નિરૂપણ :**

❋ આ વાતમાં સ્વામી આપણને બ્રહ્મરૂપ થવા માટેની પાયાની જરૂરિયાત પર પ્રકાશ પાથરે છે.

❋ બ્રહ્મરૂપ થવું એટલે શું ? નિર્વાસનિક થવું.

સ્વાભાવથી રહિત થવું. સત્પુરુષના દિવ્ય અને કલ્યાણકારી ગુણો પ્રાપ્ત કરવા.

● **બ્રહ્મરૂપ શા માટે થવું ?**

* બ્રહ્મરૂપ થાય તો જ અખંડ શાંતિ રહે.
* પોતાનું સ્વરૂપ બ્રહ્મ મનાય તો તમામ પ્રશ્નોના સમાધાન મળી જાય. પંચવિષયમાંથી આસક્તિ ટળી જાય.

● **બ્રહ્મરૂપ ક્યારે થવાય ?**

* અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો હૈયામાં દોષ રહે નહીં અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય.
* વિષયનો તિરસ્કાર તો બદરીકાશ્રમમાં, શ્વેતદ્વિપમાં, અક્ષરધામમાં અને અહીં એકાંતિક સંત પાસે છે. (સ્વામીની વાત) માટે આ સત્સંગમાં જ, આ સંતના યોગમાં જ બ્રહ્મરૂપ થવાશે.
* સત્સંગમાં બ્રહ્મરૂપ થવાય છે, એવી વાતો વાંચીએ - સાંભળીએ છીએ, છતાં બ્રહ્મરૂપ થયાની પ્રતીતિ કેમ આવતી નથી ? તેનો ઉકેલ સ્વામી અહીં ત્રણ મુદ્દામાં દર્શાવે છે.
* સત્સંગ કરીએ છીએ ખરા, પણ જે રીતે કરવો જોઈએ, તે રીતે થતો નથી. એટલે બ્રહ્મરૂપ થવાતું નથી. કોમ્પ્યુટરને ચલાવવા માટે એરકંડીશન રૂમ જોઈએ. રૂમમાં ધૂળનો એક રજકણ પણ ન ચાલે, વીજળીનો સતત પ્રવાહ જોઈએ... આવી કેટલીક શરતો સંતોષાય તો કોમ્પ્યુટર કામ કરે, એમ સત્સંગ કરવાની પણ કેટલીક રીત છે તે સંતોષાવી જોઈએ. તો બ્રહ્મરૂપ થવાય.
* જમીનમાં કેવળ દાણા નાખવાથી છોડ ન ઊગે. તે માટે ખેડ, ખાતર, પાણી, વાતાવરણ બધું જ ધ્યાનમાં રાખવું પડે. તે રીતે સત્સંગ કરવામાં શું ધ્યાનમાં રાખવું તે અહીં સ્વામી જણાવે છે.

૧. હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધવો પડે :

* હેત એટલે પ્રીતિ. ભગવાનના સંતમાં તો એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી પર છે કે પુત્ર ઉપર છે કે મા-બાપ ઉપર છે કે ભાઈ ઉપર છે, એવું હેત રાખવું. તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે.
* આવું હેત હોય, તેની નિશાની શું ? - અવગુણ ન આવે.
* રાજાને પોતાના દીકરા ઉપર હેત હોય તો તે દીકરો ગાંડો હોય, મૂંછો તાણે, ગામમાં અનીતિ કરી આવે તોય તેનો અવગુણ આવે નહીં. (ગ.મ. ૫૪)
* એક વાર મુક્તાનંદ સ્વામી અને સંતો સુરતની બજારમાંથી પસાર થતા હતા. રસ્તામાં એક ઘરમાં કઠિયારા-કઠિયારણ વચ્ચે ઝઘડો થયો. કઠિયારાએ કઠિયારણને કુહાડી મારી. માથામાંથી લોહી નીકળવા માંડ્યું. ને પોતે જંગલમાં લાકડા કાપવા ગયો. છતાં કઠિયારણ ઊભી થઈને રોટલા ઘડવા માંડી. કોઈકે કઠિયારા માટે કહ્યું તો કહે : 'મારી જીભ ઊપડી તો એનો હાથ ઊપડ્યો ને ?' આનું નામ હેત. આપણને જો સત્પુરુષમાં હેત હોય તો તેનો અવગુણ આવે જ નહીં.
* સીતાજીને રામચંદ્રજીએ વગર વાંકે વનમાં મૂક્યાં તો ય રામચંદ્રનો અવગુણ ન લીધો. (ગ.અં.૧૧)
* જેમાં હેત હોય, તેનું સતત ચિંતવન રહ્યા કરે :
* ભરતજીને મૃગલીના બચ્ચામાં હેત થયું તો તેનું જ રટણ-ભજન થતું. (ગ.અં. ૧૭)
* આણંદજી સંઘેડિયાને મહારાજ કહે : 'શાહુકારનો દીકરો મરે તો તમારે કેમ ?' તો કહે : 'બહુ ભૂંડું કહેવાય.' પછે કહે : 'રાજાનો દીકરો મરે તો કેમ ?' તો કહે : 'હું બહુ ખરખરો કરું.' પછી કહે : 'આ તમારો મરે તો ?' તો કહે : 'ત્યારે તો તે ઘડીએ સંઘેડો બંધ રહી જાય ને ભૂંડું થાય.' આનું નામ હેત.
* નિષ્કુળાનંદ સ્વામીને શ્રીજીમહારાજમાં સ્ત્રીને જેવું પતિમાં હેત હોય તેવું હેત હતું. તેથી જ

તેઓ લખે છે :

વણ સમરતિ આંખ મટકું ન ભરતી,
સૂતા બેઠા જાગતા, જાય છે એ ચિંતવતા,
એણે કરીને આનંદ, એમ કહે નિષ્કુળાનંદ.

* એક વાર યોગીજી મહારાજ ગંગામાં સ્નાન કરતા બોલ્યા : 'જય નર્મદા મૈયા.' બધા કહે : 'બાપા ! આ તો ગંગા છે.' યોગીજી મહારાજ 'અમારા ગુરું. શાસ્ત્રીજી મહારાજ નર્મદામાં નાહેલા એટલે તેમની સ્મૃતિ થઈ આવી.'
* એક વાર પ્રમુખસ્વામી મહારાજ સારંગપુરમાં લીમડાની ડાળનો સ્પર્શ કરી કહે : 'આ લીમડો શાસ્ત્રીજી મહારાજની પ્રસાદીનો છે.'

આમ, જેમાં હેત હોય તેનું અખંડ ચિંતવન રહે.

* આપણે સત્પુરુષમાં જીવ બાંધ્યો છે કે નહીં તેની બે નિશાની છે. એક તો તેનો અવગુણ ન આવે અને બીજું તેનું અખંડ ચિંતવન રહે.

૨. વિશ્વાસ હોવો જોઈએ.

* હેત માત્ર પૂરતું નથી. વિશ્વાસ પણ હોવો જોઈએ.
* શ્રીજીમહારાજ : 'વિશ્વાસી જ શ્રેષ્ઠ છે.'
* મુક્તાનંદ સ્વામીને મહારાજે રૂમાલ બતાવ્યો ને કહ્યું : 'આ તલવાર છે.' તો કહે : 'તલવાર.' પછી કહે : 'આ રૂમાલ છે.' તો કહે : 'હા, મહારાજ રૂમાલ.' આનું નામ વિશ્વાસ. વિશ્વાસ હોય તો વચન-આજ્ઞા શંકા વિના મનાય જ.

તું દિન કહે તો દિન, તું રાત કહે તો રાત;
મનની ગાંઠો મેલી હવે, બસ તારા ચાંદે ચાંદ

* ભગતજી મહારાજ એંઠા વાસણો સાફ કરતા હતા. ત્યાં ગુણાતીતાનંદ સ્વામી આવ્યા. સ્વામીનો પગનો અંગૂઠો એંઠવાડની કૂંડીમાં સ્પર્શતો હતો. તે વખતે સ્વામી બોલ્યા : 'પ્રાગજી ! અડસઠ તીરથ ક્યાં હશે ?' તરત વિશ્વાસી પ્રાગજી ભક્ત એંઠવાડની કૂંડીમાં ન્હાવા લાગ્યા.
* સોમા ભગતને શાસ્ત્રીજી મહારાજના વચનમાં વિશ્વાસ હતો તો માત્ર એક દોરડા પર લટકી રહેલા ૧૫૦ મણના પથ્થર પર ચઢ્યા ને સેવા કરી.
* આપણને બસના ડ્રાઈવર, ડૉક્ટરના ઈંજેક્ષન કે વાળંદના હાથ પર વિશ્વાસ હોય છે, એટલે જ તે કાર્યો સફળ થાય છે.

વચનમાં વિશ્વાસ રાખી ભજનમાં ભળી,
પૂર્વ કેરા પાપ તારા તો જાશે બળી.

૩. નિષ્કપટપણે વર્તવું જોઈએ.

* આ અતિ મહત્ત્વની કલમ છે.
* સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે તેના માટે
  ૧. સર્વજ્ઞ જાણવા. ૨. નિર્દોષ જાણવા. ૩. અંતરાય ટાળવો. આ ત્રણ મુદ્દા અનિવાર્ય છે. આ ત્રણમાંથી પણ સૌથી મહત્ત્વનો મુદ્દો છે-અંતરાય ટાળવો, એટલે કે નિષ્કપટપણે વર્તવું.
* પારસમણિ લોખંડને સોનું કરે પરંતુ લોઢાના ડાબલામાં રહેલો પારસમણિ ડાબલાને સોનાનો કરી શકતો નથી કારણ કે વચ્ચે ચિનાઈ કાગળનું પાતળું પડ છે. આ આવરણ એટલે કપટ.
* આપણે આવું આવરણ ભગવાન કે સંત સાથે ન રાખવું જોઈએ. શ્રીજીમહારાજે એક ડોશીમાને પૂછ્યું : 'તમારી પાસે કેટલા રૂપિયા છે ?' ડોશીને એમ કે મહારાજ બધા માગી લેશે. એટલે તેણે ૧૦,૦૦૦ હતા તોય કહ્યું : '૫૦૦૦ રૂપિયા છે.' મહારાજ કહે : 'જાઓ, લઈ આવો.' ડોશી રાજી થયા. એ જ રાતે ચોર આવ્યા. ૫૦૦૦ રૂપિયા લઈ ગયા. ડોશીમા રડવા લાગ્યાં. મહારાજ કહે : 'લો, તમારા ૫૦૦૦ રૂપિયા પાછા. અમારે તો તમારી રક્ષા કરવી હતી. પણ તમે કપટ રાખ્યું તો બરબાદ થયા.'
* ડૉક્ટર આગળ જઈને દર્દીએ તમામ પ્રકારે ખુલ્લા થવું પડે. ત્યાં કપટ રાખે તો રોગ ન ટળે. તેમ અંતરનો રોગ ટાળવા માટે ભગવાન અને

સંત આગળ યથાર્થ રીતે નિષ્કપટ થવું પડે.

* એક છોકરો મોચીને ત્યાં નવા બૂટનું માપ આપવા ગયો. બૂટના પૈસા ઓછા થાય એ હેતુથી પગને સંકોચીને માપ આપ્યું. ઘેર આવીને માને કહે : 'મેં મોચીને છેતર્યો.' એની માતા કહે : 'મોચી નહીં, તું છેતરાયો છે. જોડા પહેરવાના તારે છે, કાયમ તું પગ સંકોચીને કેવી રીતે ચાલી શકીશ ?' એમ ભગવાન અને સંત આગળ કપટ રાખવામાં આપણે જ છેતરાતા હોઈએ છીએ, માટે તેમની આગળ જેમ છે તેમ જણાવી દેવું.

* નિષ્કપટ થવામાં ત્રણ બાબતો પર અવશ્ય નિષ્કપટ થવું.

૧. પંચવર્તમાનમાં કંઈ લોપ થયો હોય તો.

૨. નિશ્ચયમાં - અનિશ્ચયનો ઘાટ એટલે કે સ્વામી બાપામાં મનુષ્યભાવ આવી ગયો હોય, અવગુણ આવી ગયો હોય.

૩. સત્સંગમાં કોઈનો અવગુણ આવ્યો હોય ને તે પોતાને વિચારે કરીને ટળતો ન હોય.

● **નિષ્કપટ કોની આગળ થવું ?**

* નિષ્કપટ સ્વામીશ્રી આગળ થવું અથવા સદ્‌ગુરુ સંતો આગળ પણ થઈ શકાય.

* ગ.પ્ર. ૩૮ મનના ભૂંડા ઘાટ કોને કહેવા. તો જેના મનમાં કોઈ દિવસ જગતનો ભૂંડો ઘાટ ન થતો હોય એવો બળિયો હોય તેની આગળ કહેવાય. એમ ઘાટ ન થાય એવા પણ ઘણા હોય, તો તેમાંથી પણ એવાને ઘાટ કહેવો જે તે ઘાટને સાંભળીને તે ઘાટ ઉપર વાત કરે ને જ્યાં સુધી તે કહેનારાનો ઘાટ ટળી જાય ત્યાં સુધી બેઠતો-ઊઠતો-ખાતો- પીતો સર્વ ક્રિયામાં વાત કર્યા કરે.

● **નિષ્કપટ કેવી રીતે થવું ?**

જ્યારે પ્રત્યક્ષ યોગ થાય ત્યારે સ્વામીને રૂબરૂ મળીને વાત કરવી અને જ્યારે એવો યોગ ન થાય તો પત્ર દ્વારા પણ લખી શકાય. પત્ર દ્વારા જે સંદેશ હોય તે વિશ્વાસપાત્ર વ્યક્તિ દ્વારા મોકલવો.

* અથવા નિત્યપૂજામાં કે મંદિરમાં ગદ્‌ગદ્‌ભાવે પ્રાર્થના કરીને પણ સાચા ભાવે નિષ્કપટ થાય તો હૃદય શુદ્ધ થાય જ છે.

* ગ.પ્ર.૩૦ : 'જેને રજોગુણ સંબંધી મલિન ઘાટ ટાળવા હોય તેને મન-કર્મ- વચને નિષ્કપટપણે સત્સંગ કરવો, તો સત્સંગના પ્રતાપથી એ ઘાટની નિવૃત્તિ થઈ જશે.' ◆

સ્વામીની વાત : ૧ પ્રકરણ : 3 વાત : 3૪

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે.....

એક દિવસ સ્વામી નાના નાના સાધુ, પાળા ને બ્રહ્મચારી સામું જોઈને બોલ્યા જે,

'દેશ દેશાંતર બ્હોત ફિર્યા, મનુષ્યકા બ્હોત સુકાળ, જાકું દેખે છાતી ઠરે, વાકા પડ્યા દુકાળ,' એમ કહીને બોલ્યા જે, જેમ મહારાજને જોઈને સમાધિ થઈ જાય ને જીવ સુખિયો થઈ જાય છે, તેમ નિરંજનાનંદ સ્વામીને દર્શને કરીને સમાધિ જેવું સુખ વરત્યા કરે, એવાના દુકાળ છે. ત્યારે પૂછ્યું જે, જેને દર્શને કરીને છાતી ઠરે છે એવો એમાં શો ગુણ હોય જે આગલ્યાને જોઈને પોતાની છાતીમાં ઠરે ? ત્યારે સ્વામી બોલ્યા જે, જેની સામું જોઈએ ને વૃત્તિ પાછી વળી આવે ત્યારે છાતી ઠરે છે ને જેની સામું જોઈએ ને વૃત્તિ ચળાયમાન થાય તો તેને દેખીને છાતી ઠરે નહિ. ત્યારે પૂછ્યું જે, જેને દેખીને આગલ્યાની છાતી ઠરે છે એવા ગુણ આવ્યાનું શું કારણ છે ? પછી સ્વામી બોલ્યા જે, એવા ગુણ તો ન જ આવે, તે ગમે તો ભેળો રહે કે સેવા કરે ને ગમે તો કહે તેમ કરે, તો પણ મોટાના ગુણ તો આવે જ નહિ. ત્યારે વળી હાથ જોડીને પૂછ્યું જે, હે મહારાજ, શો ઉપાય કરે ત્યારે એવા ગુણ આવે ? ને વચનામૃતમાં તો બહુ ઠેકાણે કહ્યું છે જે, સત્પુરુષના ગુણ તો મુમુક્ષુમાં આવે છે. ત્યારે સ્વામી બોલ્યા જે, સત્પુરુષના ગુણ તો, તો આવે, જો એવાને નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે ને એવા છે તેની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહિ, તો સત્પુરુષના ગુણ એ મુમુક્ષુમાં આવે છે પણ તે વિના તો આવે જ નહિ.

આ પ્રમાણે આપણા મંદિરોમાં પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓ અને ગુણાતીત સત્પુરુષ એવા પ્રમુખસ્વામી મહારાજ દ્વારા ભગવાન આજે પ્રગટ છે. આવી મહિમાએ યુક્ત સમજણ હોય તો આપણું આત્યંતિક કલ્યાણ નિશ્ચિત જ થઈ જવાનું છે. ◆

❀ આ વાતની વિશેષતા :

સત્પુરુષના ગુણ શુદ્ધ મુમુક્ષુમાં જ આવે છે, અને તે કયા ઉપાયે આવે તે આ વાતમાં સ્વામી બતાવે છે.

❀ સત્પુરુષ કોણ ?

- શ્રીજીમહારાજે વચનામૃતમાં ઠેર ઠેર ઓળખાવ્યા છે એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંતની આ વાત છે.
- વચ.વર.૩માં મોટાપુરુષના ચાર પ્રકાર બતાવ્યા છે, તેમાં દીવા જેવા ને મશાલ જેવા તો વિષયના વાયુથી ઓલવાઈ જાય, એમની અહીં વાત નથી. ત્રીજા પ્રકારના સત્પુરુષ વીજળી જેવા છે. વીજળીનો અગ્નિ વાદળોની વચ્ચે જ રહેવા છતાં ઓલવાતો નથી, એમ એવા સત્પુરુષ પોતે માયામાં લેવાઈ જાય નહિ, પણ પોતાના આશ્રિતને પોતાના જેવા કરી શકતા નથી. જ્યારે આ વાતમાં ચોથા પ્રકારના એટલે કે વડવાનળ અગ્નિ જેવા સત્પુરુષની વાત કરી છે. વડવાનળ અગ્નિ સમુદ્રના ખારા પાણીને મીઠું કરીને વરસાવે છે, એમ આવા સંત અનંત

જીવોની માયા ટાળીને એમને પોતાના જેવા ગુણો આપે છે.

❀ સત્પુરુષના ગુણ જ શા માટે ? બીજા કેમ નહિ ?

❈ સત્પુરુષના ગુણ જીવને બ્રહ્મરૂપ કરવા તરફ ગતિશીલ કરે છે.

❈ વિવેક, વિનય, દયા, ધીરજ વગેરે ગુણો સારા ગણાય, પણ તે સત્ત્વગુણની અંદર કેદી બની રહે છે - બ્રહ્મરૂપ થવા સુધી મદદ કરતા નથી. સત્ત્વગુણને સોનાની બેડી કહી છે. સત્ત્વગુણીને નિશ્ચય પણ જલ્દી થતો નથી. પૃથ્વીના રાજપાટનો ત્યાગ કરનાર ભરતજી દયારૂપી સદ્‌ગુણે કરીને મૃગલામાં બંધાઈ ગયા, અને એ ગુણ મોક્ષમાર્ગમાં વિઘ્નરૂપ નીવડ્યો.

❈ લૌકિક દૃષ્ટિએ સદ્‌ગુણી વ્યક્તિઓને પણ જીવનમાં હતાશા-નિરાશા સાંપડી છે. મહારાષ્ટ્રના સમાજસેવક સાને ગુરુજીએ હતાશ થઈને આપઘાત કર્યો. વિવેકાનંદ સ્વામીને પણ જીવનમાં હતાશા સાંપડી હતી.

❀ સત્પુરુષના ગુણ આવવાના ત્રણ ઉપાયો :

૧. સત્પુરુષને નિર્દોષ જાણવા :

❈ વચ.ગ.પ્ર.૬૭ : 'આ પુરુષ તો અતિશય મોટા છે અને એની આગળ લાખો માણસ હાથ જોડીને ઊભાં રહે છે તો પણ લેશમાત્ર સંસારના સુખને ઇચ્છતા નથી, અને હું તો અતિશય પામર છું જે કેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું અને પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી માટે મને ધિક્કાર છે.' એવી રીતે અનુતાપ કરે અને મોટા પુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઉપજે અને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે.

❈ વચ.ગ.પ્ર.૫૮ : જો મોટા પુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય.

❈ સત્પુરુષ શુદ્ધ દર્પણ જેવા છે. એમનામાં જે સ્વભાવ વિ. દેખાતું હોય, એ ખરેખર તો આપણા જ દોષોનું પ્રતિબિંબ એમનામાં દેખાય છે, પણ એ તો એકદમ શુદ્ધ છે.

❈ સત્પુરુષ સ્વભાવ બતાવે તો તે પણ જીવના કલ્યાણ માટે જ હોય છે. યોગીજી મહારાજે ઈશ્વરચરણ સ્વામીને ગઢડામાં કહેલું કે, 'જો હું ધારું તો સૂઉં નહિ, જો હું ધારું તો જમું નહિ, જો હું ધારું તો કોઈનો ટેકો ન લઉં, પણ તેમાં તમે વૃદ્ધિ કેમ પામો !'

❈ મુંબઈમાં પ્રમુખસ્વામી મહારાજે સંતોને કહેલું કે, 'જો હું મારી સ્થિતિમાં વર્તું તો તમે કોઈ મારી પાસે બેસી શકો નહિ, પણ તમને સુખ આવે તે માટે તમારી જેવા થયા છીએ. તમારી સાથે હાસ્ય-વિનોદ કરીએ છીએ.'

❈ જૂનાગઢના એક નાગર હરિભક્ત અતિશય સ્વાદિયા હતા. એક વખત 'આટલા મોટા મંદિરના મહંત નક્કી સારું સારું જમતા હશે.' - એવા કુતૂહલથી ગુણાતીતાનંદ સ્વામી જમતા હતા, ત્યાં જોવા ગયા, ત્યાં સ્વામીને સૂકો રોટલો ને ખાટી છાશ જમતા જોયા, એટલે એમને અતિશય ગુણ આવ્યો અને એઓ પોતે નિઃસ્વાદી થઈ ગયા.

૨. સત્પુરુષને સર્વજ્ઞ જાણવા :

❈ સર્વજ્ઞ એટલે સત્પુરુષ જીવપ્રાણીમાત્રની સમગ્ર ક્રિયાઓ તથા ભૂત-ભવિષ્ય-વર્તમાનનું તમામ હથેળીમાં પાણીનું ટીપું જોઈએ એમ જુએ છે.

❈ સ્વા. વાત : यो वेत्ति युगपत्सर्वम् એમ સમજે તો ભૂંડું આચરણ શું, ભૂંડો સંકલ્પ પણ ન થાય.

* પંચાળાથી ગોવિંદભાઈ અને બળેજથી મોરારભાઈ ઠક્કર ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા. ત્રીજે દિવસે તેમણે પાછા જવાની રજા માગી ત્યારે સ્વામીએ કહ્યું, 'સત્સંગ અંતરમાં દૃઢ રાખજો. ઓણ સાલ રૂનો વેપાર કરશો નહિ.' મોરારભાઈને રૂનો વેપાર કરવાનો તીવ્ર વેગ હતો, એટલે એમને આ વાતથી ધ્રાસકો પડ્યો. ગોવિંદભાઈએ એમને રૂના વેપારની ના પાડી તો એ કહે, 'સ્વામી રૂના ભાવમાં શું જાણે ? એ તો મંદિરમાં બેસી માળા ફેરવી જાણે. ધંધામાં એમની સલાહ કામની નહિ.' અને એમણે ૧૬ કોરીની ખાંડીના લેખે ૧૧૦૦ ખાંડી રૂ ખરીદ્યું. પણ પછી રૂના ભાવ ગગડ્યા. એક ખાંડીની ૬ કોરી થઈ ગઈ. આથી એમને ૧૧૦૦૦ કોરીની ખોટ ગઈ અને દેવાળું કાઢ્યું. જો એમણે સ્વામીમાં વિશ્વાસ રાખ્યો હોત તો ખોટ ન જાત.
* પ્રમુખસ્વામી મહારાજે કેટલાય હરિભક્તોને ભવિષ્યમાં આવનાર મુશ્કેલીને અંતર્યામીપણે જાણી લઈને હરિભક્તોની રક્ષા કરી છે. ૧૯૭૫માં ભાઈલાલભાઈ ઠક્કર સત્સંગી થયા પછી એક મહિના બાદ એમને બહુ મોટી ખોટ ગઈ, અને લગભગ હાથેપગે થઈ ગયા. સ્વામીબાપાને આ વાત કરી ત્યારે એમણે કહ્યું, 'એક વાત કહું ? માનશો ? વિશ્વાસ આવશે ?' ભાઈલાલભાઈ તૈયાર હતા. સ્વામીબાપાએ એમને ધંધો અને સ્થળ બદલી બીજે ગોઠવાઈ જવાની આજ્ઞા કરી. એમનામાં વિશ્વાસ મૂકી ભાઈલાલભાઈએ તારાપુરમાં કાપડનો ધંધો શરૂ કર્યો. ચાર જ વર્ષમાં તેઓ અગ્રગણ્ય વેપારી બની ગયા.

૩. સત્પુરુષ સાથે અંતરાય ન રાખવો :

* અંતરાય એટલે સત્પુરુષને પોતાની સંપૂર્ણ વાત ન કહેવી, પણ દિલ ચોરવું.
* વચન ન મનાય, શંકા-કુશંકા થાય એ પણ અંતરાય જ છે.

❀ નિષ્કપટ થયા ક્યારે કહેવાય ?

શ્રીજી મહારાજે વચ.લોયા.૫માં કહ્યું છે તે પ્રમાણેની વાત સત્પુરુષને કરીએ, તો નિષ્કપટ થયા કહેવાય :

૧. પંચવર્તમાન સંબંધી કાચ્યપ હોય ને તે પોતાથી ન ટળતી હોય તો તે કહેવું.
૨. ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો હોય તો તે કહેવું.
૩. કોઈક સંતનો અવગુણ આવ્યો હોય તે કહેવું.

* સ્વા.વાત-૩/૩૩ : આ જલે ભક્તે મારા સાથે જીવ ઘણો બાંધ્યો છે પણ મારો વિશ્વાસ ન આવે એમ કહીને વળી બોલ્યા જે, વિશ્વાસ તો હોય, તો પણ નિષ્કપટપણે વર્તાય નહિ ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ.

*** સત્પુરુષ સાથે અંતરાય રહી જવાનાં કારણો :**

૧. 'હું મારું અંતર ખોલીશ ને બધાં જાણતા થઈ જશે તો ?' આવી લાજ-શરમને લીધે નિષ્કપટ થવાતું નથી.
૨. સત્પુરુષને મનુષ્ય જેવા જાણ્યા હોય તો પણ અંતરાય રહી જાય.
૩. 'હું સ્પષ્ટ કહીશ તો સત્પુરુષ મને કેવો ધારશે ? હેત નહિ રાખે તો ?' - આવી શંકાઓને લીધે પણ અંતરાય ટળતો નથી.

* યોગીજી મહારાજ (યોગી ગીતા) : નિર્દોષ સમજવા, સર્વજ્ઞ જાણવા અને અંતરાય ન રાખવો તેમાં અધિક શું ? અંતરાય ન રાખે તો સર્વ ગુણ આવે. અંતરાય રાખવો તે, નિર્દોષ ન જાણવા ને સર્વજ્ઞ ન જાણવા તેના કરતાં વધુ ખરાબ છે.

❀ અંતરાય ટાળ્યાથી થતા લાભ :

૧. સત્પુરુષ નિર્વાસનિક કરી મૂકે છે :

❊ કામરોળના દરબાર દાજીભાઈ ગુણાતીતાનંદ સ્વામી પાસે ભરસભામાં નિષ્કપટ થયા ને કહ્યું, 'બાપજી ! વ્યાભિચાર ન કરવો - એ વર્તમાન પાળવું મારા માટે અશક્ય છે.' સ્વામીએ એમનો નિષ્કપટભાવ જોઈને પોતાની માળા તેમને આપીને કહ્યું, 'મારી સામે જોઈને પાંચ માળા ફેરવો.' એ વખતે સ્વામીએ દરબારની આંખોમાંથી કામ ખેંચી લીધો.

❊ વાઘા ખાચરને ધીંગાણાંનાં સ્વપ્ન આવતાં. તેમણે ગુણાતીતાનંદ સ્વામીને વાત કરી. સ્વામીએ તેમને સંઘમાં સાથે લીધા. ધીરે ધીરે સ્વામી સાથે હેત બંધાયું તો સ્વામીએ તેમને નિરાવરણ દૃષ્ટિવાળા કરી દીધા.

૨. અંતરનો ભાર હળવો થાય છે :

❊ યોગીજી મહારાજ પાસે હિંમતનગરના દરબાર દિગ્વિજયસિંહજી નિષ્કપટ થયા. તેમણે વિદેશમાં જે કંઈ ભૂલો કરેલી, સ્ત્રીને છરાથી મારેલી - તે બધું કહ્યું. તો સ્વામીએ તેમના પર કરુણાની દૃષ્ટિ કરી અને શાંતિ પમાડી દીધી.

❊ યોગીજી મહારાજ પાસે એક યુવક આવ્યો. બાપાએ સહેજે પૂછ્યું, 'કેટલો પગાર મળે છે ?' તેણે કહ્યું, 'બાપા ! ૭૦૦/- રૂ. મળે છે.' બાપાએ આશીર્વાદ આપ્યા ને કહ્યું, 'જાવ હજાર થઈ જશે.' તે યુવકને ખરેખર ૧૫૦૦/- રૂ. પગાર મળતો હતો તેમાંથી ૧૦૦૦/- રૂ. થઈ ગયો. કપટ રાખ્યું તો ચપટ થઈ ગયો !

❊ પ્રમુખસ્વામી મહારાજ એક કંજૂસ છોકરાનું દૃષ્ટાંત આપે છે : એક છોકરો મોચીને ત્યાં જોડાનું માપ આપવા ગયો ને ઘેર આવી માને કહ્યું, 'મા, મા, મેં મોચીને છેતર્યો.' 'કેવી રીતે ?' 'મેં મારી આંગળીઓ સંકોચી લીધી એટલે ઓછા પૈસામાં જૂતાં બનશે.' તેની માએ કહ્યું, 'તું છેતરાયો, મોચી નહિ. કારણ કે જૂતાં નાનાં પડશે, તો તું હેરાન થઈશ.' આમ, આપણે ભગવાન અને સંતને છેતરવા જઈએ છીએ પણ હકીકતે આપણે જ છેતરાઈએ છીએ.

૭. સ્વામીની વાત : પ્રકરણ : ૩, વાત : ૪૬

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે :

વરતાલમાં આંબા હેઠે ચાર પાટીદારે મહારાજને કહ્યું જે, 'મહારાજ, તમારા ચરણારવિંદ સામું જોઈએ છીએ તો તમે પુરુષોત્તમ જણાઓ છો ને તમારા શરીર સામું જોઈએ છીએ તો તમે મનુષ્ય જેવા જણાઓ છો. ત્યારે મહારાજે કહ્યું જે : 'વૈરાટ બ્રહ્મા છે તેણે તેનાં પચાસ વરસ ને દોઢ પહોર દિવસ ચડ્યો ત્યાં સુધી આ ચરણારવિંદની સ્તુતિ કરી, ત્યારે આ બે ચરણારવિંદ પૃથ્વી ઉપર આવ્યાં છે, પછી તમારે તો સૂઝે એમ સમજાય.'

❊ ભગવાન સ્વામિનારાયણનાં ચરણારવિંદમાં ૧૬ ચિહ્નો હતાં. પ્રેમાનંદ સ્વામી તેનું વર્ણન કરતાં લખે છે :

અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા, સ્વસ્તિક જંબુ જવ વ્હાલા;
વજ્ર અંકુશ કેતુ ને પદ્મ, જમણે પગે નવ વ્હાલા.
ત્રિકોણ કળશ ને ગોપદ સુંદર, ધનુષ્ય ને મીન વ્હાલા;
અર્ધચંદ્ર ને વ્યોમ સાત છે, ડાબે પગે ચિહ્ન વ્હાલા.

❊ સામાન્ય મનુષ્યના પગમાં આવાં ચિહ્ન હોવાનો કોઈ સંભવ નથી. એટલે તેના અનુસંધાનમાં ચાર પાટીદાર મહારાજને કહે છે : તમારાં ચરણારવિંદ સામું જોઈએ છીએ તો તમે પુરુષોત્તમ જણાઓ છો.

❊ ચરણમાં ૧૬ ચિહ્નો જોઈ ઘણા મુમુક્ષુઓને શ્રીજીમહારાજનો ભગવાનપણાનો નિશ્ચય થયો હતો.

❊ ભાવનગરથી લાડુદાનજી બારોટ ગઢડા સ્થિત શ્રીજીમહારાજના ભગવાનપણાની પરીક્ષા કરવા નીકળ્યા. રસ્તામાં સંકલ્પ કર્યો કે સ્વામિનારાયણ ખરેખર ભગવાન હોય તો તેમનાં બંને ચરણોમાં શાસ્ત્રોક્ત સોળ ચિહ્નો હોય. લાડુદાનજી

દાદાખાચરના દરબારમાં પ્રવેશ્યા તે સાથે જ શ્રીજીમહારાજે તેમનાં નામ-વૃત્તાંત સર્વ સભાજનોને કહ્યાં અને પોતાનાં ચરણારવિંદ લાંબા કરીને તેમાં સોળ ચિહ્નોનું દર્શન કરાવ્યું. આ રીતે લાડુદાનજીને મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય થયો અને ત્યારબાદ શ્રીહરિનાં ચરણે જીવન સમર્પિત કરી લાડુદાનજી સંપ્રદાયમાં બ્રહ્માનંદ સ્વામી તરીકે વિખ્યાત થયા.

❊ ભગવાન સ્વામિનારાયણ વર્ણીવેશે વન વિચરણમાં હતા ત્યારે પગમાંથી કાંટા કાઢવાને બહાને જયરામદાસ નામના મુમુક્ષુને પોતાનાં ચરણારવિંદમાં ૧૬ ચિહ્નોના દર્શન કરાવ્યાં અને જયરામદાસને મહારાજ ભગવાન છે એવો નિશ્ચય થયો હતો.

❊ વર્ણીવેશે મહારાજ જ્યારે બદરીનાથ પધાર્યા ત્યારે ઉત્સવને કારણે પ્રાંગણમાં કુમકુમ અને ગુલાલ છવાયેલો હતો. નીલકંઠવર્ણી ત્યાં ચાલીને પ્રદક્ષિણા કરી રહ્યા હતા ત્યારે બદરીનાથના પૂજારીએ તેમનાં ચરણોની છાપમાં સોળ ચિહ્નો જોયાં અને તેમને વર્ણી ભગવાન છે એવો ભાવ થયો હતો. મુક્તાનંદ સ્વામીએ એક પદમાં ગાયું છે :

ચરણકમળની શોભા જોઈને, મોહી રહ્યું છે મન મારું રે;
સોળે ચિહ્ન સહિત કુચ કુમકુમ, અંકિત પલ ન વિસારું રે.
પ્રાત સમે શ્રી પુરુષોત્તમની, મૂરતિ મનમાં સંભારું રે.

❊ ચાર પાટીદારોને પણ ચરણારવિંદ જોતાં શ્રીજીમહારાજ પુરુષોત્તમ છે તેવું લાગે છે, પણ શરીર સામે જોતાં મનુષ્ય જેવા જણાય છે.

❊ નરસિંહ મહેતા એટલે જ કહે છે સાધારણ મનુષ્ય ભગવાનને પોતાના જેવા જાણે છે :

પોતાના સરખી કરીને જાણે, પુરુષોત્તમની કાયા રે;
નરસૈયાના સ્વામીની લીલા, ઓલ્યા મતિયા કહે છે માયા રે.

ભગવાન પ્રગટ હોય ત્યારે ઓળખવા અઘરા છે. કારણ કે ભગવાન પૃથ્વી પર માનવ શરીર ધારીને પ્રગટે ત્યારે ચાર હાથ કે પાછળ તેજનું વર્તુળ ન હોય. તેમની આકૃતિ અને દરેક ક્રિયા પણ મનુષ્ય જેવી જ હોય. અને મનુષ્યના જેવા જ બધા ભાવો બતાવે.

❊ પંચાળાના ચોથા અને લોયાના અઢારમાં વચનામૃત પ્રમાણે ભગવાન પણ કામ, ક્રોધ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, મદ, મત્સર, ઈર્ષ્યા ઈત્યાદિક સ્વભાવ બતાવે છે. તેઓ પણ સામાન્ય માણસની જેમ સુખ-દુઃખ ધારણ કરે.

❊ રામ ભગવાન જાણતા હતા કે આવતી કાલે રાજ્યાભિષેક થવાનો નથી. પિતા દશરથ મૃત્યુ પામશે. મારે વનમાં જવાનું છે. તેમ છતાં મનુષ્યભાવ બતાવી સંપૂર્ણ અજાણ બની રહ્યા.

જંગલમાં પણ જ્યારે રાવણ સીતાજીને ઉપાડી ગયો ત્યારે બાવરા બની સીતાજીને શોધતાં ગાંડાની પેઠે વર્ત્યા. ઝાડ, વેલી, વૃક્ષ, પાંદડાઓને પાગલની જેમ સીતાના સમાચાર તેઓ પૂછતા હતા.

❊ શ્રીકૃષ્ણ ભગવાને પણ માખણની ચોરી, જરાસંધ આગળ હારવા જેવા અનેક મનુષ્યચરિત્ર બતાવ્યાં છે.

❊ એવી રીતે શ્રીજીમહારાજે પણ સાધારણ મનુષ્ય જેવાં અનેક ચરિત્રો કર્યાં છે.

❊ ગઢડામાં શ્રીજીમહારાજ ઢોલિયા ઉપર સૂતા હતા, ને કાનખજૂરો નીકળ્યો. મહારાજ કહે : 'આ કરડે તો શું થાય ?' સુરાખાચર કહે : 'સોજો ચડી જાય.' મહારાજ કહે : 'આપણે ઢોલિયો ઉપાડો.' એમ ત્રણ વાર ઢોલિયો ઉપડાવ્યો. અંતે મૂળજી બ્રહ્મચારી કહે : 'મહારાજ તમે સૂઈ જાવ. હું જાગું છું તે કાનખજૂરાને નજીક નહિ આવવા દઉં.' પછી મહારાજ સૂતા.

❊ શ્રીજીમહારાજ સંતો સાથે સરકારપર ગામે પધાર્યા. મહારાજે સંતોને સ્નાન કરવા કહ્યું ને પોતે સંતો માટે ઝોળી માંગવા ગામમાં ગયા. એક વાણિયાની ઘરવાળી ઘઉંની રોટલી બનાવતી હતી. મહારાજ નજર ચુકાવીને છ રોટલી ઉપાડીને ભાગ્યા. પાછળ વાણિયા આવ્યા. ગામને પાદર જ્યાં સંતો ધ્યાન કરતા હતા ત્યાં મહારાજ પણ માથે ઓઢી બેસી ગયા. વાણિયાઓએ મુક્તાનંદ સ્વામીને ફરિયાદ

કરી. મુક્તાનંદ સ્વામી બધું સમજી ગયા. વાણિયાને કહે : 'તમારી છ રોટલીના બદલામાં અમે તમને છ મોતૈયા લાડું આપીએ તે લો.' વાણિયા કહે : 'છ જ ?' અંતે મુક્તાનંદ સ્વામીએ આઠ લાડુ આપ્યા ત્યારે વાણિયા ઘરે ગયા.

પરંતુ ભગવાનનાં તમામ ચરિત્રો સહેતુક જ હોય છે. આ બાજુ વાણિયાભાઈ આઠ લાડુ લઈને ઘરે ગયા ત્યારે તેમની પત્નીએ ઠપકો આપ્યો કે બિચારા સાધુના લાડવા લઈ આવ્યા ! કેટલા ભૂખ્યા હશે ત્યારે રોટલી લઈ ગયા હશે. વાણિયાભાઈને પણ પસ્તાવો થયો ને હૈયામાં બળતરા થઈ. પછી તો સંતોને રસોઈ દેવાનો સંકલ્પ કર્યો ને રસોઈ દીધી. મહારાજનો વિશેષ સત્સંગ થયો ને ઘરમાંથી બે વાણિયાભાઈ સાધુ પણ થઈ ગયા.

❊ સંવત ૧૮૬૫ના વૈશાખ માસમાં શ્રીજીમહારાજ ખોખરા-મહેમદાવાદ હતા. અહીં લોલંગર બાવો મહારાજને મારવા આવ્યો. મહારાજ પણ ભય બતાવી ત્યાંથી ભાગી ગયા ને સીધા જ વહેલાલ પધાર્યા. મહારાજ ધ્રૂજતા ધ્રૂજતા જેસિંગભાઈના મકાનમાં સંતાઈ ગયા. ઘરમાં કોઈ પુરુષ હતા નહિ, વખતબા એક જ ઘરે હતા. મહારાજ કહે : અમારી પાછળ લોલંગર બાવો પડ્યો છે. અમને બીક લાગે છે. વખતબા કહે : 'મહારાજ, અમે બાઈઓ આપનું રક્ષણ કરીશું.' મહારાજ પણ સંતાઈ રહ્યા. થોડી વારમાં જેસિંગભાઈ તથા વહેલાલના ભક્તો પણ આવી ગયા. મહારાજ હજુ સંતાઈને બેઠા હતા. આ જોઈ જેસિંગભાઈએ કહ્યું : 'દયાળુ ! આપનાં ચરિત્રો ખરેખર મોહ પમાડે એવાં છે.' આ વાત સાંભળી શ્રીજીમહારાજે હસતાં હસતાં કહ્યું : 'તે સિવાય તો તમારી બુદ્ધિ અમારા સ્વરૂપમાં સ્થિર થઈ છે કે નહિ અર્થાત્ તમને અમારો નિશ્ચય થયો છે કે નહિ તેની તમને કેમ ખબર પડે ?'

આમ, ભગવાન આપણે આપણા નિશ્ચયની પરીક્ષા કરી શકીએ એ માટે પણ મનુષ્યભાવ બતાવતા હોય છે. પરંતુ મનુષ્યના સ્વરૂપમાં પ્રગટેલા ભગવાનની મનુષ્ય જેવી ક્રિયામાં પણ ભગવાનપણાનો ભાવ પરઠવો તે સાચું ભક્તપણું.

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા મધ્ય-૧૦માં** કહે છે, જયારે ભગવાન પ્રાકૃત ચરિત્ર કરે તેને વિષે પણ જેને દિવ્યપણું જણાય ત્યારે તે પરમેશ્વરનો ભકત સાચો.

❊ ભગવાને સ્વયં **ગીતાના ૪/૯૩માં** કહ્યું છે :

જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ ।
ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોઽર્જુન ॥

મારાં જન્મ તથા કર્મોને જે દિવ્ય જાણે છે તે દેહ ત્યજીને પુનર્જન્મ પામતો નથી, પણ મને પામે છે.

❊ આંખને અતિ સૂક્ષ્મ વસ્તુ જોવા માઇક્રોસ્કોપ જોઈએ, અતિ મોટું દૃશ્ય જોવા ટેલિસ્કોપ જોઈએ અને દરિયાની નીચે સબમરીનમાંથી બહાર સપાટી પર જોવા પેરીસ્કોપ જોઈએ. તેમ દેહધારી ભગવાનને ઓળખવા મુમુક્ષુતા-સ્કોપ જોઈએ. મુમુક્ષુતા હોય તો ભગવાનની માનુષી ક્રિયામાં પણ મનુષ્ય કરતાં જુદું અનુભવાય, દિવ્યતા અનુભવાય.

❊ એક વખત શંકરાચાર્યે શૃંગાર રસ સંબંધી જ્ઞાન પ્રાપ્ત કરવા એક મૃત રાજાના શરીરમાં પ્રવેશ કર્યો. ચિતા ઉપર મૂકેલ રાજા બેઠા થઈ ગયા. પ્રજાજનો રાજી થઈ ગયા. કોઈને ખ્યાલ ન આવ્યો, પરંતુ રાણી ચતુર હતી. તેને થોડા વખતમાં ખ્યાલ આવ્યો કે રાજાના દેહમાં કોઈ બીજા જીવે પ્રવેશ કર્યો છે. કારણ કે રાજાની ક્રિયા આમ સરખી દેખાતી હતી છતાં અગાઉના કરતાં અલગ હતી. આ સૂક્ષ્મ વસ્તુ રાણીના ધ્યાનમાં આવી ગઈ. એમ જે ભક્ત હોય તેને ખ્યાલ આવે છે કે ભગવાનમાં ભલે મનુષ્ય જેવી ક્રિયા દેખાય છે, પરંતુ તેમાં અને મનુષ્યમાં ઘણો ફેર છે.

❊ જે ખરેખરા ભક્ત હોય તે જ આવી રીતે જાણી શકે છે.

મહારાજે મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : 'આ શેર ચોખામાં કેટલા માણસો જમે ?' મુક્તાનંદ સ્વામી કહે : 'આપ ઈચ્છો એટલા જમે.' મહારાજ કહે :

'પાંચ જમે ?' 'હા, મહારાજ પાંચ તો જરૂર જમે.' 'દશ જમે ?' 'હા, મહારાજ દશ તો જમે જ.' 'પાંચસો જમે ?' 'હા, મહારાજ આપ ધારો તો પાંચસો જરૂર જમે.' મહારાજ કહે : 'મુક્તાનંદ સ્વામી તમે કેમ ખોટું હા એ હા કરો છો ? એક શેર ચોખામાં પાંચસો માણસ કેવી રીતે જમે ?' મુક્તાનંદ સ્વામી કહે : 'આપના હાથની વાત છે, આપ તૃપ્તિ મૂકી દો તો એક ચોખાના દાણામાં મનુષ્ય તૃપ્ત થઈ જાય તો શેર ચોખામાં કેટલા માણસો તૃપ્ત થાય !'

મુક્તાનંદ સ્વામીમાં મુમુક્ષુતા હતી તો મહારાજની આવી વાતોથી તેમને મનુષ્યભાવ ન આવ્યો, પણ દિવ્યભાવ જ રહ્યો.

❊ શ્રી હરિચરિત્રામૃતસાગરમાં આધારાનંદ સ્વામીએ એક પ્રસંગ નોંધ્યો છે. ભગવાન સ્વામિનારાયણ કારિયાણીમાં વસ્તાખાચરના ભવનમાં બિરાજમાન હતા ત્યારે એક નાગર સેનાપતિ શ્રીહરિનાં દર્શને પધાર્યા. તેમને ઉપદેશ આપતાં શ્રીહરિએ કહેલું : 'ચિંતામણિ પથ્થર જેવી જ લાગે પણ જેને તેનું જ્ઞાન છે તેને તે અલૌકિક લાગે છે. તેમ, ભગવાન અને સંત મનુષ્ય જેવા જ લાગે, પણ જેને ઓળખાણ થઈ તેને દિવ્ય અલૌકિક લાગે છે.'

❊ આજે એના એ જ શ્રીજીમહારાજ પ્રમુખસ્વામી મહારાજ રૂપે પ્રગટ છે. સ્વામીશ્રીનું ખાવું, પીવું, સૂવું, બેસવું, ઊઠવું, ઊંઘવું, હરવું, ફરવું વગેરે ક્રિયા સામાન્ય મનુષ્ય જેવી જ જણાય છે. પરંતુ જાણપણું એ જ રાખવાનું છે કે એ મનુષ્ય જેવા દેખાય છે પણ મનુષ્ય નથી. તેઓ દિવ્ય જ છે. અને તેમની દરેક ક્રિયા દિવ્ય જ છે. આવો ભાવ આપણે સ્વામીશ્રીમાં રાખી શકીએ તે માટે તેમને પ્રાર્થના કરીએ અને માંગીએ કે,

વળી તમારે વિશે જીવન, ના'વે મનુષ્યબુદ્ધિ કોઈ દન;
જે જે લીલા કરો તમે લાલ, તેને સમજુ અલૌકિક ખ્યાલ.

❁ ❁ ❁

૭. સ્વામીની વાત : પ્રકરણ : ૩, વાત : ૪૮

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે :

લાખમણ લોઢાની લોઢી ધગી હોય તેના ઉપર એક-બે પાણીના ઘડા ઢોળીએ તેણે કરીને ઠરે નહિ. ને ઠારવી હોય તો ગંગાના ધરામાં લઈને નાખીએ તો દસ-પંદર દિવસ સુધી તો હવેલી જેવડી છોળ્યું ઊછળે ત્યારે માંડ માંડ ઠરે. તેમ પંચવિષયે કરીને તો જીવ ધગી જાય છે, તેને એક-બે દિવસ રહીને જાણે જે ટાઢો કરી જાઉં, એમ ટાઢો થાય નહિ. ને જેને ટાઢો કરવો હોય તેને તો દશ-પંદર દિવસ સુધી તો ફેર ચઢ્યો હોય તે ઊતરે ત્યારે વાત માંહી પેસે, પછી ટાઢું થાય છે... ને જે સાધુ પાસે આવે છે તેને તો કોઈ વાતની કસર રહે જ નહિ.

● **મધ્યવર્તી વિચાર :**

❊ બહુકાળથી પંચવિષય ભોગવવામાં અને વ્યવહારની ક્રિયામાં જીવ એવો રચ્યો-પચ્યો રહ્યો છે કે જીવમાં કચરાના ગંજના ગંજ ખડકાયા છે.

❊ જીવનો બગાડ કાઢવા અને જીવને શાંતિ પમાડવા ઘણા કાળ સુધી ખપ રાખીને સત્સંગ કરવો પડે.

● **પંચવિષયની આસક્તિ :**

❊ પંચવિષયનો યોગ આસક્તિ જન્માવે છે.

❊ તુલસીદાસ કહે છે :

નાથ વિષય સમ મદ કછુ નાહિ ।
મુનિમન મોહ કરઈ છન માંહી ॥ (તુલસી રામાયણ)

❊ મોટા મોટા પણ પંચવિષયનો ક્ષણભર યોગ થતાં તેમાં મોહ પામી જાય છે.

❊ એકલશૃંગીને પિતા વિભાંડકે વિષયોના યોગથી દૂર આશ્રમના વાતાવરણમાં રાખ્યા હતા. લોમપાદ રાજાના દરબારમાં દુષ્કાળ નિવારવા માટે એકલશૃંગી જેવા પવિત્ર પુરુષ આવે તે જરૂરી હતું. પરંતુ વિભાંડક ઋષિ પુત્રને વસ્તીમાં મોકલવા તૈયાર નહોતા. રાજાએ કેટલીક સ્ત્રીઓને વાનગીઓના થાળ સાથે જંગલમાં મોકલી. સ્ત્રીઓ આશ્રમમાં ગઈ. એકલશૃંગીને કોઈ દેવતાઈ જીવો આવ્યા હોય એવું લાગ્યું. સ્ત્રીઓએ આપેલી વાનગીઓ ખાવાથી અને તેમની સાથે સ્પર્શાદિક વિનોદ કરવાથી એકલશૃંગીનું મન તેમનામાં ખેંચાયું. પછી તો પિતા ન હોય ત્યારે વનમાં સ્ત્રીઓ સાથે વિહાર કરતા અને છેવટે સ્ત્રીઓ સાથે રાજાના નગરમાં પહોંચી ગયા. ત્યાં રાજાની કુંવરીઓ સાથે લગ્ન કરી લીધા.

સહેજ પંચવિષયોનો યોગ થતાં તેમાં આટલા આસક્ત થઈ ગયા. આવા પ્રબળ પંચવિષય છે.

❊ બહુકાળથી જીવે પંચવિષય ભોગવ્યા છે. તેથી જીવ સાથે પંચવિષય એટલા ઓતપ્રોત થઈ ગયા છે કે શ્રીજીમહારાજ કહે છે : 'આ સંસારમાં જે જીવ છે તે પંચવિષય વિના રહી શકતા નથી.'

(વચનામૃત ગઢડા પ્રથમ-૩૨)

આમ, જીવને વિષયે કરીને જીવનપણું મનાઈ ગયું છે.

આથી જ જીવમાત્ર પંચવિષયની પ્રાપ્તિ માટે દાખડો કર્યા જ કરે છે. તેની પંચવિષય પ્રત્યેની આસક્તિ અને માત્ર વહેવાર પ્રધાન ક્રિયાથી અંતર કાયમ ધગેલું જ રહે છે.

● **પંચવિષયની આસક્તિથી નુકસાન :**

૧) પંચવિષયની આસક્તિથી ભગવાન પાસે પણ અયોગ્ય માંગણી થાય :

❊ જીવને પંચવિષયની અત્યંત આસક્તિને લીધે સારા-નરસાનો કાંઈ વિવેક રહેતો નથી. તેથી ભગવાન પાસે પણ તેની જ માંગણી થાય છે.

❊ એક વખત ઘનશ્યામ અયોધ્યામાં એક શિવ મંદિરમાં બપોરે આરામ કરતા હતા. ત્યાં એક કાયસ્થ બ્રાહ્મણ આવ્યો અને ગાલ વજાડીને શિવજીને પ્રાર્થના કરવા મંડ્યો : 'હે શિવજી ! મને કોઈ દિવસ

મનુષ્યનો અવતાર દેશો મા. મને તો જન્મોજન્મ લંબકર્ણનો જ અવતાર દેજ્યો, જેથી લાજ-મર્યાદા મૂકીને વિષય ભોગવી શકાય.'

પંચવિષયની આસક્તિને લીધે અમૂલ્ય મનુષ્ય દેહ છોડીને ગધેડાનો દેહ માગ્યો.

૨) અંતસમયે પણ પંચવિષયની આસક્તિ-વાસના છૂટતી નથી :

❊ એક ડોસો મરણપથારીએ હતો. આખી જિંદગી પૈસા કમાવામાં જ કાઢી હતી. વૃદ્ધાવસ્થા છતાં દીકરાઓને કાંઈ સોંપ્યું નહોતું. ડોસો મરણપથારીએ કાંઈક બોલવા પ્રયત્ન કરે પણ 'સા....સા...'થી આગળ બોલાય નહીં. દીકરાઓનાં મનમાં એમ કે કંઈક બોલે તો મિલકતની ખબર પડે. આથી ડૉક્ટરને બોલાવ્યા. ડૉક્ટર કહે : 'ઈન્જેક્સન મોઘું છે. વળી, તે માર્યા પછી પણ વધારે જીવે કે નહીં, તેની કોઈ ખાતરી નહીં.' દીકરાઓએ જવાબદારી માથે લઈને પણ ઈન્જેક્સન મારવા કહ્યું. ઈન્જેક્સન માર્યું ત્યાં જ ડોસો બોલ્યો, 'અહીં શું ઊભા છો ? પેલો પાડો સાવરણો ચાવી જાય છે એને હાંકો.' આટલું બોલીને ડોસો મરી ગયો.

વાસના મૃત્યુ ઘડીએ પણ છૂટતી નથી.

❊ સંસ્કૃતમાં કહેવાયું છે કે,

અંગં ગલિતં પલિતં મુંડં, દશનવિહીનં જાતં તુંડમ્ ।
વૃદ્ધો યાતિ ગૃહીત્વા દંડં, તદપિ ન મુંચત્યાશાપિંડમ્ ॥

અંગો ગળી ગયા હોય, માથે ધોળા વાળ આવી જાય, મોઢું દાંત વિનાનું થઈ ગયું હોય એવો ઘરડો માણસ હાથમાં લાકડી લઈને ચાલતો હોય તોપણ અંતકાળ નજીક આવવા છતાં આસક્તિ મૂકી શકતો નથી.

3) પંચવિષયમાં આસક્તિ-વાસના મૃત્યુનું પણ કારણ બને છે :

❊ એક શ્લોકમાં કહ્યું છે :

ભોગા ન ભુક્તા વયમેવ ભુક્તાઃ ।
તૃષ્ણા ન જીર્ણા વયમેવ જીર્ણાઃ ॥

ભોગો ભોગવાતા નથી આપણે ભોગવાઈ જઈએ છીએ, વાસના જીર્ણ થતી નથી પણ આપણે જીર્ણ થઈ જઈએ છીએ.

❊ એક ભાઈને ભવાઈમાં ખૂબ આસક્તિ. એક વાર ગામમાં ભવાયા રમવા માટે આવ્યા. આ ભાઈને પેશાબ લાગ્યો પણ જો ઊભો થાય તો જગ્યા જતી રહે. આથી ભવાઈ પૂરી ન થઈ ત્યાં સુધી ઊભો ન થયો ને મૂત્રકચ્છ બંધાઈ ગયો ને સવારે મરી ગયો.

● **સંસાર-વ્યવહારની આસક્તિ :**

❊ જેમ પંચવિષયમાં આસક્ત થઈને જીવ દુઃખી થાય છે, તેમ જ વહેવારની ક્રિયાઓ પણ તેવી જ છે. સતત વ્યવહાર પ્રધાન જીવન જીવવાથી જીવને ચિંતા, તણાવ વગેરેને લીધે અનેક દુઃખો ભોગવવાં પડે છે. છતાં વ્યવહાર છોડી શકાતો નથી.

આ લોકના વ્યવહારમાં જીવ એટલો ગૂંચવાઈ ગયો છે કે જાગ્રત અવસ્થામાં તો ઠીક, સ્વપ્ન અવસ્થામાં પણ તેને વ્યવહારના જ વિચારો આવે.

❊ ગઢાળીના આંબા શેઠ કાપડનો વેપાર કરતા હતા. એક દિવસ સ્વપ્નમાં તેઓ કાપડની દુકાનમાં બેઠા હતા અને એક ઘરાક કાપડ ખરીદવા આવ્યો. બંને વચ્ચે ભાવ બાબતમાં સારી એવી રકઝક થઈ. અંતે આંબા શેઠે કહ્યું : 'તું જૂનું ઘરાક છે. તારું ને મારું બેયનું રહ્યું. આટલી રકમ આપજે.' એમ કહી જે ચોરસો ઓઢ્યો હતો, તેનો એક ટુકડો ફાડી ઘરાક તરફ ફેંક્યો. આંખ ખુલી ગઈ. જોયું તો ચોરસાના બે ટુકડા.

■ **વ્યવહારમાં આસક્તિ ભગવાન કે સંતના સમાગમમાં બાધારૂપ :**

❊ વ્યવહારથી ધગેલા વસોના એક પાટીદાર શાંતિ મેળવવા અને બ્રહ્મરૂપ થવાની ઇચ્છાથી જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા ગયેલા. દીકરાને ભલામણ કરી હતી કે તમાકુના ભાવ જણાવતાં રહેવું. થોડા દિવસ થયા અને દીકરાનો પત્ર આવ્યો કે તમાકુના ભાવ વધ્યા છે. પાટીદાર

ગુણાતીતાનંદ સ્વામી પાસે પહોંચ્યા ને કહ્યું : 'સ્વામી ! બ્રહ્મરૂપ કરી દો. તમાકુના ભાવ વધ્યા છે, મારે ઘરે જવું છે.' સ્વામીએ કહ્યું : 'હજુ થોડું રોકાવ, પછી વાત.' ફરી થોડા દિવસ પછી પત્ર આવ્યો કે તાત્કાલિક ઘરે આવી જાવ, તમાકુના ભાવ ફરી વધ્યા છે.

પાટીદાર ફરી ગુણાતીતાનંદ સ્વામી પાસે ગયા ને કહેવા લાગ્યા : 'સ્વામી ! ઝટ બ્રહ્મરૂપ કરી દ્યો.' સ્વામી કહે : 'હમણાં રોકાવ, પછી વાત.' આવું બે-ચાર વાર થયું. એટલે છેલ્લે સ્વામીને કહેવું પડ્યું, 'ભગત ! આમ, બે-ત્રણ અઠવાડિયામાં બ્રહ્મરૂપ ન થવાય. આ બધા સંતો ૨૦-૨૦ વર્ષથી મુંડાવીને બેઠા છે. તેમનો વારો આવવા દો, પછી તમારી વાત.'

આપણે ઈન્સ્ટન્ટ બ્રહ્મરૂપ થવું છે અને અંતરમાં શાંતિ કરવી છે. પરંતુ એ કાંઈ બે-ત્રણ દિવસનો ખેલ નથી.

દરેક માણસને વાસના ટાળી અંતરથી સુખિયા થવું છે, પરંતુ આ વાસના મન દઈને સંતસમાગમ કરવા દેતી નથી અને સમાગમ કર્યા વિના વાસના ટળે નહિ.

- **જીવને ટાઢું એટલે કે સુખ ક્યારે થાય ?**

❋ **તન તપાવી પિંજર કરે, ધરે રજની દિન ધ્યાન,**
તુલસી મટે ન વાસના, વિના વિચારે જ્ઞાન.

અનંત જન્મોની વાસના ટાળવા અતિશય સંતસમાગમ કરી જ્ઞાન પ્રાપ્ત કરવું પડે.

❋ ભગતજી મહારાજે જ્યારે ગુણાતીતાનંદ સ્વામી પાસે ત્રણ વરદાન માગ્યાં કે (૧) તમારું ઘર બતાવો (૨) તમારું જ્ઞાન આપો (૩) મારો જીવ સત્સંગી કરો. ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ ભગતજી મહારાજને કહ્યું ,

તપ ત્યાગ ને વૈરાગ્યથી, નિવૃત્તિ ધર્મને આચરો,
આ સાધુમાં જીવ જોડીને, તન મન થકી સેવા કરો,
ત્યારે સિદ્ધ દશાને પમાય,
માગો માગો ભગતજી આજ...

એટલે સિદ્ધદશા પામવી હોય, બ્રહ્મરૂપ થવું હોય તો આવી રીતે વ્યવહારમાંથી નિવૃત્તિ લઈને સંતસમાગમ કરવો પડે તો જ્ઞાન થાય અને વાસના ટળે.

❋ રઘુવીરજી મહારાજને પણ ગુણાતીતાનંદ સ્વામીએ આવી જ વાત કરી હતી કે જો ગ્રંથિઓ ગાળવી હોય તો વડતાલમાં રહ્યા રહ્યા થોડી કથાવાર્તા સાંભળીને ટળી શકશે નહિ. પરંતુ ગુણાતીતનો નિરંતર સમાગમ કરશો તો જ ગ્રંથિઓ ગળશે. અને ખરેખર જ્યારે રઘુવીરજી મહારાજ નિવૃત્તિ-પરાયણ થઈને જૂનાગઢ ગયા અને ગુણાતીતાનંદ સ્વામીનો અવિરત સમાગમ કર્યો તો ગ્રંથિઓ ગળી ગઈ.

રઘુવીરજી મહારાજ સવારના મંગળા આરતી વખતે તૈયાર થઈ કથામાં આવી જતા અને શણગાર આરતી સુધી કથા સાંભળતા. પછી ઉતારે જઈ ખીચડી કે મગની દાળ ઝટ ઝટ બનાવીને વળી કથામાં બેસી જતા, તે રાજભોગ આરતી વખતે જમવા જતા. ત્યાર પછી આરામ ન કરતાં સભામાં આવીને સ્વામીની વાતો સાંભળતા.

આમ, સમગ્ર દિવસ દરમ્યાન કથાનો જ અખાડો ચાલતો. આવી રીતે ગુણાતીતાનંદ સ્વામીનો રઘુવીરજી મહારાજે સમાગમ કર્યો, તો રઘુવીરજી મહારાજની ગ્રંથિઓ ગળી ગઈ અને તેમની સ્થિતિ થઈ ગઈ, અંતરે ટાઢું થઈ ગયું. ખુદ ગોરધનદાસ કોઠારીએ શાસ્ત્રીજી મહારાજને કહ્યું હતુ કે સ્વામીનો સમાગમ કરીને આવ્યા પછી રઘુવીરજી મહારાજની સ્થિતિ થઈ ગઈ હતી.

❋ એટલે જ એક સાખીમાં કહ્યું છે :

બહોત કાલ કરત સત્સંગા, તબ હોવત સંશયકા ભંગા.

- **ભગવાન અને સંતના શબ્દોની ચોટ લાગે તો નિરંતર સમાગમ થાય :**

❋ શ્રીજીમહારાજના વખતમાં જમા ખત્રી પરણવા જતા હતા. મહારાજના આશીર્વાદ લેવા આવ્યા અને

મહારાજે માત્ર એટલું જ કહ્યું : 'જાવ ભાઈ જાવ પરણો, પરણેતર કેડે પડ્યું છે તે આ જીવ ભગવાન શું ભજશે ?' જમા ખત્રીને આ શબ્દોની ચોંટ એવી તો લાગી કે દીકરો ૧૮ વર્ષનો થયો કે તરત જ બધો વ્યવહાર દીકરાને સોંપી દીધો અને પોતે મંદિરમાં જઈને રહ્યા. અને જિંદગીના અંત સુધી ભજન-ભક્તિમાં જ મન પરોવ્યું.

ગુણાતીતાનંદ સ્વામીએ **૨/૫૧મી વાતમાં** કહ્યું છે : 'અર્ધોઅર્ધ કથાવાર્તાનો જોગ રાખશે તેનું જ સારું રહેશે.'

એટલે અંતરમાં ટાઢુ કરવું હોય તો સત્સંગ-સભા, સત્સંગ-વાંચન, મનન, સ્મૃતિ, માળા, કથાવાર્તામાં રચ્યાપચ્યા રહેવું, એ જ શ્રેષ્ઠ ઉપાય છે.

❀ ❀ ❀

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

લાખમણ લોઢાની લોઢી ધગી હોય તેના ઉપર એક-બે પાણીના ઘડા ઢોળીએ તેણે કરીને ઠરે નહિ. ને ઠારવી હોય તો ગંગાના ધરામાં લઈને નાખીએ તો દસ-પંદર દિવસ સુધી તો હવેલી જેવડી છોળ્યું ઊછળે ત્યારે માંડ માંડ ઠરે. તેમ પંચવિષયે કરીને તો જીવ ધગી જાય છે, તેને એક-બે દિવસ રહીને જાણે જે ટાઢો કરી જાઉં, એમ ટાઢો થાય નહિ. ને જેને ટાઢો કરવો હોય તેને તો દશ-પંદર દિવસ સુધી તો ફેર ચડ્યો હોય તે ઊતરે ત્યારે વાત માંહી પેસે, પછી ટાઢું થાય છે... ને જે સાધુ પાસે આવે છે તેને તો કોઈ વાતની કસર રહે જ નહિ.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

* ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં કહે છે કે, 'પંચવિષયે કરીને તો જીવ ધગી જાય છે.' આ કથનમાં સ્વામી એમ કહેવા માંગે છે કે જ્યાં સુધી પંચવિષય પ્રત્યે રાગ - આસક્તિ - વાસના છે, ત્યાં સુધી સાધકને ભગવાનનું સુખ આવતું નથી.
* શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૩૮માં** કહે છે, 'એક દ્રવ્યાદિકનો લોભ તથા સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના તથા રસને વિષે જિહ્વાની આસક્તિ તથા દેહાભિમાન તથા કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય, એ છો વાનાં જેને હોય તેને કોઈ દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહીં.'
* નંદ રાજા અતિ લોભી હતા. તેમણે પૃથ્વીમાંનું બધું જ ધન પોતાની પાસે ભેગું કરી દીધું હતું. તેમની પાસે વરાહનું હાડકું હતું, જેના દ્વારા તેઓ સમુદ્રમાં તળિયે જઈ શકતા અને ત્યાં બધું ધન મૂકી આવતા. એકવાર નારદજીએ નંદરાજાની રાણીને કહ્યું, 'આ હાડકું નંદ રાજાની અગાઉની રાણીનું હાડકું છે. રાજાને પ્રથમ પત્ની જેવો તમારા માટે પ્રેમ નથી.' આથી રાણીએ તે હાડકાંને ચૂલામાં બાળી દીધું. આ સમાચાર મળતાં નંદ રાજા તરત મૃત્યુ પામ્યા.

  રાજાને ધનનું બંધન હતું તો ધન જવાથી તેઓ પણ મૃત્યુ પામ્યા.
* બહુકાળથી કહેતાં અનંત જન્મોથી જીવે પંચવિષય ભોગવ્યા છે. તેથી જીવ સાથે પંચવિષય ઓતપ્રોત થઈ ગયા છે. જીવને વિષયે કરીને જીવનપણું મનાઈ ગયું છે.

  આથી જ જીવમાત્ર પંચવિષયની પ્રાપ્તિ માટે દાખડો કર્યા જ કરે છે. તેની પંચવિષય પ્રત્યેની આસક્તિ અને માત્ર વહેવાર પ્રધાન ક્રિયાથી અંતર કાયમ ધગેલું જ રહે છે.

◎ જીવને પંચવિષયની અત્યંત આસક્તિને લીધે સારા-નરસાનો કાંઈ વિવેક રહેતો નથી. તેથી ભગવાન પાસે પણ તેની જ માંગણી થાય છે.

◎ એક વખત ઘનશ્યામ મહારાજ અયોધ્યામાં એક શિવ મંદિરમાં બપોરે આરામ કરતા હતા. ત્યાં એક કાયસ્થ બ્રાહ્મણ આવ્યો અને ગાલ વજાડીને શિવજીને પ્રાર્થના કરવા મંડ્યો : 'હે શિવજી ! મને કોઈ દિવસ મનુષ્યનો અવતાર દેશો મા. મને તો જન્મોજન્મ લંબકર્ણનો જ અવતાર દેજ્યો, જેથી લાજ-મર્યાદા મૂકીને વિષય ભોગવી શકાય.'

પંચવિષયની આસક્તિને લીધે અમૂલ્ય મનુષ્ય દેહ છોડીને ગધેડાનો દેહ માગ્યો.

* જેમ પંચવિષયમાં આસક્ત થઈને જીવ દુઃખી થાય છે, તેમ જ સંસાર-વ્યવહારની ક્રિયાઓ પણ તેવી જ છે. ભિન્ન-ભિન્ન પ્રકારના સ્વભાવવાળી વ્યક્તિઓ સાથે કામ કરવાનું થાય ત્યારે

બોલવા-ચાલવાનું થાય, ઘર્ષણ થાય, અહં-મમત્વ બંધાય, આપણું ધાર્યું ન થાય, અપમાન થાય ત્યારે હતાશા-નિરાશા, ક્રોધ, અશાંતિ વગેરે થાય તે સ્વાભાવિક છે.

❊ પંચવિષય પ્રત્યેની આસક્તિ અને વ્યવહાર પ્રધાન જીવનથી થયેલ અશાંતિ ટાળવાનો ઉપાય સંત સમાગમ છે.

❊ સંત સમાગમ કહેતા સત્સંગથી આપણા અંતરમાં સાચી સમજણ આવે છે, ધીરજ આવે છે, ભગવાનનો નિશ્ચય દૃઢ થાય છે, આપણા સ્વભાવ-દોષ-આસક્તિ ટળે છે.

આમ તો સંતના યોગમાં, તેમના દર્શનમાત્રથી શાંતિ થવા માંડે છે.

❊ સન ૨૦૧૬માં મુંબઈમાં એક મોટી કંપનીના માલિક મહંત સ્વામી મહારાજનાં દર્શન કરવા પધારેલા. દર્શન બાદ તેમણે સંતોને કહ્યું, 'मैंने महंत स्वामीजी के प्रथमबार दर्शन किए, पर शांति हो गई ।'

◎ સન ૨૦૧૭માં કેટસ્કિલ (અમેરિકા) ખાતે સાંજે મહંત સ્વામી મહારાજ એક જળાશય પાસે વોકિંગ કરી રહેલા. ત્યાંથી પસાર થઈ રહેલા ન્યૂયોર્કના એક ભાવિક સ્વામીશ્રીનાં દર્શનથી સ્થિર થઈ ગયા. સંતોની પાછળ ઊભા ઊભા તે દર્શન કરવા લાગ્યા. સંતોએ તેમનો પરિચય અને અહીં ઊભા રહેવાનું કારણ પૂછ્યું. ત્યારે તે ભાવિક કહે, 'મારું નામ કેવિન ગોડબે છે. હું વેબસાઈટ પબ્લિશર છું. દુનિયામાં મેં ઘણું જોયું છે અને ઘણું બતાવ્યું છે, પણ આવા દર્શન મને પ્રથમ વખત જ થયા છે. મને અહીં શાંતિ, પરમ શાંતિ અનુભવાય છે.' (I am feeling calmness and serenity here.)

❊ ટૂંકમાં, સાચા સંતનાં દર્શનથી પૂર્વે ક્યારેય ન અનુભવી હોય તેવી શાંતિ થાય છે. પણ શાશ્વત શાંતિ, કાયમી શાંતિ માટે આંતરિક રૂપાંતર થવું જરૂરી છે, જે સંત સમાગમથી થાય છે. તેના માટે ઉપરઉપરનો સત્સંગ ન ચાલે.

❊ વસોના તુલસીભાઈને અંતરમાં ઇચ્છા રહ્યા કરતી કે મારા પુત્ર વાઘજીભાઈ જેવી અંતરમાં અખંડ શાંતિ થાય. તેથી તેમણે ગુણાતીતાનંદ સ્વામીને વસો પધારી સમાગમનો લાભ આપવા ખૂબ વિનંતી કરી. તેમની વિનંતીથી ગુણાતીતાનંદ સ્વામી વસો પધાર્યા. તુલસીભાઈએ સ્વામીનાં દર્શન કર્યા પણ કથા સમયે તેઓને વ્યવહાર સાંભરે. 'હું હમણાં આવું છું' એમ સ્વામીને કહી દૂકાને જાય. ફરી મંદિરે આવી સ્વામીને કહે, 'સ્વામી ! તમે બહુ દયા કરી વસો પધાર્યા. બેના ચાર દિવસ રહો ને ચારના આઠ દિવસ રહો પણ મુને મારા દીકરા વાઘજી જેવું ટાઢું કરો.' સ્વામી કહે, 'ટાઢું કરવા આવ્યા છીએ.' પણ તુલસીભાઈને વ્યવહારમાં એવી આસક્તિ કે તેઓ સ્વામીના સમાગમનો લાભ લઈ જ ન શક્યા. તેથી સ્વામીએ તેમને ઉંમર પૂછી. તેઓ કહે, 'બોંતેર.' સ્વામી કહે, 'આ બોંતેર વરસના ચૈત્ર-વૈશાખ માસના તાપથી તમારું હૈયું એટલું બધું ધગી ગયું છે કે એક બે વાતોથી તે શાંત ન થાય. જેમ લાખમણ લોઢાની લોઢી ધગી હોય પછી તેના ઉપર પાણીના એક બે ઘડા ઢોળીએ તો તે ટાઢી થાય ? એ તો ગંગાના ધરામાં માંડ બે મહિને ટાઢી થાય તેમ તમે ઘડી બે ઘડી બેસો તેથી ટાઢું ન થાય.'

આપણે પણ તુલસીભાઈની જેમ શાંતિ જોઈએ છે. પણ પંચવિષયમાં આસક્તિ હોય અને રાત-દિવસ વ્યવહાર કર્યા કરીએ તો શાંતિ ક્યાંથી થાય?

❊ અંતરમાં ટાઢું કરવું હોય તો શ્રદ્ધાપૂર્વક સંત સમાગમ કરવો પડે. શ્રદ્ધાપૂર્વક સંત સમાગમ એટલે -

૧. **સ્થૂળ રીતે સમાગમ :** આપણે દેહે કરીને નિયમિત રીતે, લાંબા સમય સુધી સમાગમ કરીએ.

* એક સાખીમાં કહ્યું છે,

બહોત કાલ કરત સત્સંગા,
તબ હોવત સંશયકા ભંગા.

* આપણે ગૃહસ્થ છીએ. આપણો પરિવાર અને સમાજ છે. તેથી આપણે તે જવાબદારીઓમાંથી સંપૂર્ણપણે નિવૃત્તિ લઈ સત્સંગ કરીએ તે કદાચ શક્ય ન બને. પરંતુ વ્યવહારની સાથે-સાથે સત્સંગ પ્રધાન જીવન કરવું તો શક્ય છે. રવિસભા, પરાવિસ્તારની સભા, ઘરસભા, નિત્ય વચનામૃત - સ્વામીની વાતો - જીવનચરિત્ર વાંચન વગેરે તો અન્ય જવાબદારીઓ સંભાળતા પણ થઈ શકે તેમ છે.
* યોગીજી મહારાજે પણ સંપૂર્ણ નિવૃત્તિ લેવાનો આગ્રહ ન રાખતા ઘણી છૂટ આપી અને રવિસભાની વાતો કરી. તા.૨૫/૧/૫૮ના રોજ અટલાદરાથી યોગીજી મહારાજે હરિભક્તો પર પત્રમાં લખ્યું, 'સ્વામી-શ્રીજી તથા શાસ્ત્રીજી મહારાજને રાજી કરવા સભા ભરો, તેટલી અમારી આગ્રહભરી વિનંતી છે... આ કામ સભાનું મુદ્દાનું છે, તે કિંમતી મોક્ષની વસ્તુ છે એમ માની સભા ભરો.'

૨. આંતરિક રીતે સમાગમ : દેહની સાથે મન પણ જોડાવું તેટલું જ આવશ્યક છે. સત્સંગ વખતે નોકરી-ધંધા-પરિવારના વિચારો કરીએ, મોબાઈલ ફોનમાં મન રહે તો ભગવાન-સંતના શબ્દો અંતરમાં ક્યાંથી સ્થિર થાય ?

* સત્સંગમાં મનને જોડી, સાચા ભાવથી, વિશ્વાસપૂર્વક, તીવ્રતાથી સમાગમ કરીએ તો બહુ જ મોટી સિદ્ધિ હાંસલ થઈ શકે તેમ છે.
* શ્રીજીમહારાજ **વચનામૃત સારંગપુર-૯માં** કહે છે, 'અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહીં અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય.'
* આજે સત્સંગ કહેતા સંત સમાગમ તો ઘણા કરે છે પણ અખંડ શાંતિ નથી થતી તેનું કારણ આ છે. શિવ ખેરા નામના લેખકે કહ્યું છે, 'जितनेवाले लोग अलग काम नहीं करते, अलग ढंग से करते है।'

અલગ ઢંગ એટલે સાચા ભાવથી, વિશ્વાસપૂર્વક અને તીવ્રતા સાથેનો સમાગમ.

* આપણા સત્સંગમાં અનેક ભક્તો છે જે વ્યવહારમાં જોડાવા છતાં નિયમિતપણે સાચા ભાવથી સત્સંગ કરે છે. પરિણામે તેમના અંતરમાં શાંતિ રહે છે.

દાર-એ-સલામના સુભાષભાઈ પટેલનું જીવન પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવવાથી પરિવર્તિત થયું. તમામ વ્યસન-દૂષણ મૂકી તેઓ આદર્શ સત્સંગી બન્યા. અનેક દેશોમાં તેમનો વ્યવસાય ચાલી રહેલો. તેમના હાથ નીચે ૩૦૦૦ માણસો કામ કરતા. વ્યવહારની અનેક જવાબદારીઓ વચ્ચે પણ તેઓ સત્સંગને પ્રાધાન્ય આપતા. દેશ-પરદેશ જવાનું થાય છતાં નજીકના વિસ્તારમાં થતી રવિસભા તેઓ અચૂક ભરી લેતા. નિયમિત આરતી, કથા, ચેષ્ટા વગેરેનું તેમણે અંગ જ પાડ્યું હતું. દર મહિને એકવાર થતી સત્સંગ મંડળની ગોષ્ઠિ માટે તેઓ દુનિયાના ગમે તે ખૂણેથી પહોંચી જતા. પૂર્વે પંચવિષય અને વ્યવહારથી દગ્ધ થયેલું તેમનું અંતર નિયમિત અને સાચા ભાવથી થયેલ સત્સંગ વડે ટાઢું થયું. તેમને હવે અંતરે શાંતિ હતી. જીવનના અંતિમ વર્ષોમાં તેમણે વ્યવહારની તમામ આસક્તિ છોડી મહારાજ-સ્વામીમાં વૃત્તિ જોડી દીધી હતી. રાજકારણ કે વ્યાપારને કોઈ યાદ કરે તો મૂર્તિ સામે આંગળી ચીંધે પણ અન્ય વાતોમાં લેશ પણ રસ ન દાખવે.

આપણે આવા ભક્તોના જીવનમાંથી પ્રેરણા લઈ સ્વામીએ કહ્યું તેમ નિયમિત અને સાચા ભાવ સાથે સત્સંગનો લાભ લઈ શાંતિની અનુભૂતિ કરી શકીએ તે પ્રાર્થના...

સ્વામીની વાત : ૧ પ્રકરણ : ૩ વાત : ૫૭

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે.....

ક્રિપાનંદ સ્વામીનો એમ મત જે ગળામાં ઊની કોશ [illegible] આજ્ઞા લોપવી નહિ. ને વળી ક્રિપાનંદ સ્વામી એમ કહેતા જે [illegible] પડે તો દેહ પડી જાય, એવો પોતાનો ઠરાવ; ને વિષયની બીક તો કેવી રહે જે [illegible]

પાડવી.

૬. મોટા પુરુષોએ કેવા વિકટ સંજોગોમાં, કેવા [illegible]

૭. મહારાજ એમ પ્રમુખસ્વામી મહારાજને

પડે તો મહત્ વચનમાં ફેર પડ્યો હોય, એટલી બીક લાગે. તે મેં એક દિવસ નજરે દીઠું છે. એવા ક્રિપાનંદ સ્વામી તે તો ગંગા જેવા ? તે જેમ ગંગાનો પ્રવાહ ચાર ગાઉમાં ચાલ્યો જાય છે, તે કોઈનો હઠાવ્યો હઠે નહિ; તેમ તેમની વૃત્તિ કોઈની હઠાવી ભગવાનના સ્વરૂપમાંથી પાછી હઠે નહિ, તે એક દિવસ ક્રિપાનંદ સ્વામીની સમાધિ જોઈને સચ્ચિદાનંદ સ્વામીએ કહ્યું જે, અમારે ક્રિપાનંદ સ્વામીના જેવું હેત નહિ ને એવા હેતવાળા તે તો ગંગા જેવા ને ગોપાળાનંદ સ્વામી તે તો દરિયા જેવા ! તે તો અનંત જીવને સુખિયા કરી નાખે તેવા હતા. એમ કહીને બોલ્યા જે, જેવા રઘુવીરજી મહારાજ હતા ને જેવા ગોપાળાનંદ સ્વામી હતા, તેવા તો જણાણા જ નહિ ! ને આજ હશે તે પણ જાણતા નથી, તેને બહુ ખોટ જાશે ! કેમ જે એવા મોટા વિના મહારાજનો સિદ્ધાંત કોણ કહેશે ? ને બીજા તો પોતાની સમજણ પ્રમાણે સમજાવશે, પણ જેમ છે તેમ સમજાવતાં આવડશે નહિ, એ સિદ્ધાંત વાત છે.

❀ સ્વામીની વાતનું નિરૂપણ :

ગુણાતીતાનંદ સ્વામીએ આ વાતમાં શ્રીજીમહારાજના પરમહંસ કૃપાનંદ સ્વામીના દૃષ્ટાંતથી આજ્ઞાની મહત્તા સમજાવી છે.

અક્ષરધામમાં જવા માટે બે પાંખો છે - આજ્ઞા અને ઉપાસના. જેમ પક્ષી એક પાંખે ઊડી ન શકે, તેમ આ બેમાંથી એક પણ ઓછું હોય તો અક્ષરધામમાં ન જવાય.

❀ આજ્ઞા શા માટે પાળવી ?

❊ વચ.ગ.પ્ર.૩૪માં શ્રીજીમહારાજ જણાવે છે કે સુખી થવા અને ભગવાનનો આનંદ મેળવવા આજ્ઞા પાળવી જરૂરી છે.

❊ વચ.ગ.પ્ર.૨૫માં મહારાજે સમજાવ્યું છે કે ભગવાનની પ્રસન્નતા મેળવવા માટે આજ્ઞા પાળવી અત્યંત જરૂરી છે.

- શ્રી નવીનભાઈ સ્વામિનારાયણે લંડન ગયા પછી પણ વર્ષો સુધી આજ્ઞામાં ફેર પડવા દીધો નહોતો. આથી યોગીજી મહારાજ ખૂબ રાજી થયા અને સામે ચાલીને એમના ઘરે પધરામણી કરવા ગયા.

❊ વચ.ગ.મ.૧૬ મુજબ આજ્ઞા પાળવાથી પંચ વિષય જીતાય છે.

❊ વચ.ગ.અં.૩૫ મુજબ આજ્ઞા પાળવાથી વાસના ટળે છે.

- કામરોળના દાજીભાઈએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, 'કામ બહુ પીડે છે.' ત્યારે સ્વામીએ એમને વર્તમાન ધરાવી, ચાર નિયમો બરાબર પાળવાનું કહી, પોતાના તરફ દૃષ્ટિ રાખીને પાંચ માળા ફેરવવાની આજ્ઞા કરી. તેમણે માળા ફેરવી કે તરત જ સ્વામીએ એમના નેત્રમાંથી કામ ખેંચી લઈ એમને પરમ શાંતિ પમાડી દીધી.

આમ, આધ્યાત્મિક માર્ગમાં સાધકે જે જે બાબતો સાધવાની છે, તે તમામની સિદ્ધિ આજ્ઞા પાળવાથી જ થઈ શકે છે.

❊ આજ્ઞા ન પાળીએ તો દુઃખ આવે :

- *મોટપ માનવી કેમ મળે, વાઢી કાઢે વચનનાં મૂળ,*
  સુખ થાવાનું શાનું રહ્યું, થયું સામું સોગણું શૂળ.
  - નિષ્કુળાનંદ સ્વામી
- વ્યાપકાનંદ સ્વામીએ એક ગામમાં મંદિરના ઘુમ્મટમાં કોતરેલી સ્ત્રીઓની પૂતળી દેખી. 'એમાં શું વાંધો છે, એ તો નિર્જીવ કહેવાય.' - એવું વિચારીને જોઈ, તો તેમને અંતરમાં વિક્ષેપ થયો.

❀ કઈ આજ્ઞાઓ પાળવાની છે ?

૧. **અગિયાર નિયમો :** જે પ્રેમાનંદ સ્વામીએ સાયંપ્રાર્થનામાં વણી લીધા છે - 'નિર્વિકલ્પ ઉત્તમ અતિ, નિશ્ચય તવ ઘનશ્યામ...'

૨. **શિક્ષાપત્રીમાં વર્ણવેલા નિયમો :** ગ.અં.૧લા વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાના તમામ

આશ્રિતોએ શિક્ષાપત્રીનું નિત્ય વાચન અને અનુસરણ કરવું - એવી આજ્ઞા કરી છે.

૩. **પ્રગટ સત્પુરુષની આજ્ઞા :** પ્રમુખસ્વામી મહારાજ જે જે સમયોચિત તથા કાયમી આજ્ઞાઓ કરે તે તમામ પાળવાની છે. દા.ત. નિત્યપૂજા, ઘરસભા, રવિસભા, ટેલીવીઝનનો ત્યાગ, કોઈપણ સેવાની આજ્ઞા વિગેરે.

❀ આજ્ઞા કેવી રીતે પાળવી ?

૧. અદ્ધર વચન ઝીલવાં :

ભગવાન અને સંત જે આજ્ઞા-વચન કહે તે તરત અદ્ધર ઝીલી લેવાં જોઈએ.

* શ્રીજીમહારાજે જૂનાગઢમાં નવું મંદિર બાંધવાની શરૂઆત કરી ત્યારે પરમહંસોને કહ્યું, 'જૂનાગઢ મંદિર બાંધવા કોણ જશે ?' ત્યારે કોઈ ઊભું ન થયું. કારણ, જૂનાગઢમાં મુસલમાનનું નવાબી રાજ, નાગરોની ઉપાધિ, પથ્થરીયું પાણી, વિ. તકલીફોનો સામનો કરવાનો હતો. તે સમયે મહારાજની મરજી જોઈ ગુણાતીતાનંદ સ્વામી તરત જ જવા તૈયાર થઈ ગયા. મહારાજ એમના પર અતિ પ્રસન્ન થયા.
* ભગતજી મહારાજે પણ ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાઓ - ચંદની સીવવાની, વાતું કરવાની, ચૂનો કાલવવાની, વેરણીયાની, વિગેરે અદ્ધર ઝીલી, તો સ્વામીએ એમની બ્રહ્મસ્થિતિ કરી દીધી.

૨. બુદ્ધિથી સંશય કર્યા વિના આજ્ઞા પાળવી :

* સ્વામીએ એકવાર ભગતજીને ગિરનારને બોલાવી લાવવા આજ્ઞા કરી. ભગતજી કોઈપણ પ્રકારની શંકા કર્યા વિના ગિરનારને બોલાવવા દોડ્યા !

૩. આજ્ઞા પાલનમાં સાતત્ય જળવાવું જોઈએ :

* યોગીજી મહારાજને શાસ્ત્રીજી મહારાજે એક જ વાર આજ્ઞા કરી કે - 'દાડિયા-મજૂરોને રોટલા કરીને જમાડવા.' યોગીજી મહારાજે ૪૦ વર્ષ સુધી એ આજ્ઞા સારધાર પાળી.

૪. કઠણ સંજોગોમાં પણ આજ્ઞા પાળવી :

* પ્રમુખસ્વામી મહારાજ ૧૯૯૫ની સાલમાં વિદેશયાત્રાએ ગયેલા. લંડન પહોંચીને સ્વામીશ્રી ભોજન કરવા બેઠા, પણ જે ગાડીમાં સ્વામીનું પત્તર હતું, તે ગાડી મોડી પડી. સ્વામીબાપા પોતાનું પત્તર ન આવ્યું, ત્યાં સુધી ન જમ્યા. શ્રીજીમહારાજની આજ્ઞા પાળવામાં સ્વામીશ્રીએ કઠણ સંજોગો(જેવા કે પોતાની વૃદ્ધ અવસ્થા, અનેક રોગો, લાંબી મુસાફરીનો થાક વિગેરે)માં પણ નમતું ન જોખ્યું.
* વડોદરાના મનુભાઈ પટેલ વ્યવસાય નિમિત્તે સાઉદી એરેબિયા ગયેલા. એરપોર્ટ પર જ એમને પોતાની વ્યક્તિગત પૂજા કરવાની મનાઈ ફરમાવવામાં આવી. તો મનુભાઈ દેશ પાછા ફરવા તૈયાર થયા, પણ પૂજાનો નિયમ છોડવા લેશમાત્ર તૈયાર ન થયા. છેવટે ઑફિસરોએ એમને છૂટ આપવી પડી.
* અમેરિકામાં મિલિટરીમાં નોકરી કરતા પ્રકાશભાઈ મહેતા તિલક-ચાંદલો કરતા. ઑફિસરોએ એમને ના પાડી. એમણે સરકાર ઉપર કેસ કર્યો. કેસ જીતી ગયા ને આજે પણ ભપકાબંધ તિલક-ચાંદલો કરીને અમેરિકામાં ફરે છે.
* કેનેડા સત્સંગ મંડળના પ્રમુખ ભગવાનજીભાઈ માંડવિયાને ક્વીન એલિઝાબેથની શાહી પાર્ટીમાં આવવાનું આમંત્રણ મળ્યું. લોકો તો આવા અતિ દુર્લભ પ્રસંગમાં જવા મરી પડતાં હોય છે. પણ તેમણે આવવાની ના પાડી. કેમ ? તો એ કહે, 'મારા માટે અલગ શાકાહારી ભોજનની વ્યવસ્થા કરવામાં આવે તો જ આવીશ.' તે પ્રમાણે પ્રબંધ થયો ત્યારે જ ગયા. તેમની આવી દૃઢતા જોઈને પરદેશીઓ પણ આશ્ચર્યચકિત થઈ અહોભાવ વ્યક્ત કરવાં

લાગ્યાં.

❀ આજ્ઞાલોપ થતાં દુઃખ થવું જોઈએ :

❄ આ વાતમાં કૃપાનંદ સ્વામીનો ઉલ્લેખ છે, જેમને આજ્ઞા લોપ થતાં ગળામાં ઊની કોશ ઘાલે ને જેવું દુઃખ થાય તેવું દુઃખ થતું. એક વખત તેમને નદીના સામા કિનારે લાલ લૂગડું દેખાઈ ગયું, તો સ્ત્રીને જોવાઈ ગઈ હોય એવું વસમું લાગ્યું અને તેઓ હાંફળા-ફાંફળા થઈ ક્યાંય સુધી દોડી ગયા.

સ્વામીની વાત : પ્રકરણ - ૪ : વાત - ૧૦

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે...

મોટા સાથે જીવ જોડે ત્યારે દોષ ટળી જાય છે ને તેના ગુણ આવે છે, તેમાં દૃષ્ટાંત જેમ કાચને સૂર્ય સામો રાખે છે તેમાંથી દેવતા થાય છે.

■ **મધ્યવર્તી ઉપદેશ :**

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં દોષો ટાળવાનો અને ગુણ મેળવવાનો ઉપાય - સત્પુરુષમાં જોડાણ બતાવે છે. જેમ બિલોરી કાચને સૂર્ય સામે રાખવાથી તેમાં કિરણો એકત્ર થતાં એક જ કિરણમાં બધી ગરમી ભેગી થાય છે. નીચે રૂ કે છાણું મૂકવાથી તેમાં આગ લાગે છે. તેવી રીતે મોટા સંતમાં જીવ જોડીએ તો આપણામાં તેના જેવા ગુણો આવે છે.

❊ તેમના જેવા ગુણો એટલે નિર્વાસનિકપણું, સ્વભાવથી રહિતપણું. વાસનાની પ્રબળતા આગળ કોઈ જીત્યું નથી.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે આ વાસના અગ્નિથી, સૂર્યના અગ્નિથી, જઠરાગ્નિથી કે મહાપ્રલયકાળના અગ્નિમાં પણ બળતી નથી. આવી પ્રબળ વાસના ટાળવાનો સીધો ઉપાય આવા ગુણાતીત સંત છે.

❊ અહીં ''મોટા'' એટલે ગુણાતીત સંતની વાત સમજવાની છે. તેમાં જોડાણ કરવાનું છે.

❊ 'હીરો છે તે કોઈ રીત્યે ફૂટે નહિ પણ તે માંકડના લોહીથી ફૂટે. તેમ વાસના કોઈ રીતે ટળે નહિ પણ મોટા કહે તેમ કરે, તેનો ગુણ આવે ને તેની ક્રિયા ગમે તો તેથી ટળે; નીકર સાધન તો સૌભરી આદિકનાં કેવાં ? તોપણ વાસના ટળી નહિ.'

(સ્વામીની વાત : ૧/૨૮)

❊ ''સત્સંગમાં એમ વાત થાય છે જે, જીવ બ્રહ્મરૂપ થઈ જાય. ત્યારે પૂછ્યું જે, 'સત્સંગમાં વાત તો થાય છે, તોય જીવ બ્રહ્મરૂપ કેમ થતો નથી ?' પછી સ્વામી બોલ્યા જે, 'હેતે કરીને સત્પુરુષમાં જીવ બાંધ્યો નથી અને સત્પુરુષમાં જીવ બાંધ્યો હોય તો તેનો વિશ્વાસ ન આવે.' ત્યારે વળી પૂછ્યું જે, 'હેતે કરીને જીવ બાંધ્યો હોય તેનો વિશ્વાસ કેમ ન આવે?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'આ જલા ભક્તે

મારા સાથે જીવ ઘણો બાંધ્યો છે પણ મારો વિશ્વાસ ન આવે.' એમ કહીને વળી બોલ્યા જે, 'વિશ્વાસ તો હોય, તોપણ નિષ્કપટપણે વર્તાય નહિ, ને નિષ્કપટપણે વર્તે તો જીવ બ્રહ્મરૂપ થયા વિના રહે નહિ.' એ સિદ્ધાંત વાત છે.''

(સ્વામીની વાત : ૩/૩૩)

❊ ઉપરોક્ત બે વાતમાંથી જોડાણ એટલે શું ? તે આપણને જાણવા મળે છે. જોડાણ એટલે સત્પુરુષ કહે તેમ કરવું, તેમનો ગુણ આવવો; તેમની ક્રિયા ગમવી; તેમનામાં હેત; તેમનો વિશ્વાસ અને તેમની આગળ નિષ્કપટ થવું.

(૧) જોડાણ એટલે સત્પુરુષ કહે તેમ કરવું તે :

❊ 'સંતમાં જોડાણો હોય તેનું એ લક્ષણ છે જે, તેની અનુવૃત્તિમાં રાજી રહે ને તે કહે તેટલું જ કામ કરે પણ જાસ્તી કરે નહિ ને એવાની ફકર તો સંતને રહે. પછે તેની તે પાંચ દિવસે, મહિને, બે મહિને કે ચાર મહિને ખબર રાખ્યા કરે, ને ખબર ન રાખે તો બગડી જાય માટે ખબર રાખે, ને તમોગુણીને તો કંઈ સૂઝે નહિ માટે તેને મોકળો મેલીએ તો ઠીક પડે ને મરોડીએ તો મૂંઝાય.'

(સ્વામીની વાત : ૫/૩૫૩)

❊ 'આજ્ઞામાં રહે તે છેટે છે તોપણ અમારા ઢોલિયાની પાસે છે. આજ્ઞા નથી પાળતો તે પાસે છે તોપણ છેટો છે. ને ગમે તેવો જ્ઞાની હશે, હેતવાળો હશે ને મોટેરો હશે પણ આજ્ઞા લોપે તો સત્સંગમાં ન રહેવાય. ત્યાં દૃષ્ટાંત દીધું જે, પતંગ ઉડાવવાથી છેટો ગયો છે પણ દોરી હાથમાં છે તો સમીપમાં જ છે. તેમ આજ્ઞારૂપી દોરી હાથમાં છે તો મહારાજની પાસે જ છે.' **(સ્વામીની વાત : ૫/૧૫૨)**

❊ શ્રીજીમહારાજ કારિયાણીના ૧૧મા વચનામૃતમાં કહે છે કે 'તે ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે અને જેમ એ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી તેમજ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી. અને એ ભક્તના હૃદામાંથી આંખનું મટકું ભરીએ એટલી વાર છેટે રહેતા નથી. માટે એ ભક્તને પાંચ પ્રકારે ભગવાન સંગાથે અખંડ સંબંધ રહે છે.'

❊ ઉપેન્દ્રાનંદ સ્વામીએ ગુણાતીતાનંદ સ્વામીના કહ્યા મુજબ ગાર લીંપવાની સેવા કરી તો જોડાણ થઈ ગયું ને દોષો ટળી ગયા.

❊ 'મન, કર્મ, વચને મોટાની અનુવૃત્તિમાં રહીએ તો તેમની દૃષ્ટિ પડી જાય ને સર્વ દોષ ટળી જાય; ને માણસ રાજાને, સિપાઈને ને જમાદારને - એવા અવળાને પણ રાજી કરે છે તો આ સાધુ તો તરત રાજી થઈ જાય એવા છે.'

(સ્વામીની વાત : ૨/૮૧)

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, 'અંતર્યામી આગળ મનને ચોરે તે મૂરખ કહેવાય. સત્પુરુષને સેવવા તેનો અર્થ કર્યો જે, હાથ જોડવા ને અનુવૃત્તિ ને મહિમા સમજવો તેને કાંઈ કસર રહે નહિ.'

(સ્વામીની વાત : ૫/૩૬)

❊ મહારાજે ટેલ નાંખી : ''ધોલેરાના મહંત થવા કોઈ તૈયાર છે ?'' કોઈ તૈયાર ન થયું. અદ્ભુતાનંદ સ્વામી બિમાર હતા. સભામાં ગયા. મહારાજે રાજી થઈને ઊઠીને સોનેરી મોળિયું ટોપી સાથે એમને માથે મૂક્યું. શેલું ઓઢાડ્યું. પોતે જેની નિત્ય પૂજા કરતા તે શાલિગ્રામ આપ્યા. તેઓ દૂર ગયા છતાં જોડાણ રહ્યું.

❊ જૂનાગઢ મંદિરે રહેવા કોઈ તૈયાર ન થયા. ગુણાતીતાનંદ સ્વામી તૈયાર થયા. શ્રીજીમહારાજ રાજી થઈને બોલ્યા : 'જે જૂનાગઢ જશે તેની કરોડ જન્મની કસર અમે આ જન્મે ટાળીશું'

દૂર ગયા પણ મહારાજ ભેળા ગયા. જોડાણ રહ્યું. અને પોતાનો આ અનુભવ સ્વામી પોતાની આ વાતમાં આ રીતે કહે છે.

માગશર માસમાં સ્વામીએ વાત કરી જે, ''અમે મહારાજની આજ્ઞા કોઈ દિવસ લોપી નથી ને લોપાવી યે નથી; ને આ જૂનેગઢ પાંચસે સાધુમાંથી કોઈ આવતું નહોતું. પછે મુને કહ્યું, ત્યારે હું

આવ્યો ને મુને શું થઈ ગયું ? કાંઈ કોઈ દુઃખ આવ્યું નહિ, ને આ જૂનાગઢના તો મહારાજ જમાન થયા છે તે જુઓને આવી વાતુંચીતું નો જોગ ક્યાંઈ છે ? પૂછો આ પરદેશી હરિજનને. ત્યારે તેણે કહ્યું જે, 'ના મહારાજ, આવો જોગ તો આંહીં જ છે.' પછે સ્વામી બોલ્યા જે, 'આંહીં તો સંત ભેગા પ્રગટ સહજાનંદ સ્વામી પોતે વિરાજે છે તેણે એમ છે. નીકર આમ કેમ રહે ?''

(સ્વામીની વાત : ૬/૨૨૪)

- ❊ શાંતાનંદ ગોદડિયા સુરતથી ગુણાતીતાનંદ સ્વામી સાથે ચાલીને મુક્તાનંદ સ્વામીની આજ્ઞા વિરુદ્ધ આવેલા તો શ્રીજીમહારાજ બોલ્યા : 'ગુણાતીતાનંદ સ્વામીને બાવીસવાર ભેટતાં કઠણ ન પડ્યું પણ આમને એકવાર ભેટવું કઠણ પડે છે.' આજ્ઞા લોપી સાથે રહ્યા તોય જોડાણ ન થયું.
- ❊ જાગા સ્વામી સાંખડાવદરના બીડમાં ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી લાભ છોડીને રહ્યા તો ગુણાતીતાનંદ સ્વામી રાજી થયા. ત્યાં રહ્યા થકા પણ સમૈયાનાં સુખ આવ્યા. દૂર ગયા પણ આજ્ઞા પાળી તો જોડાણ રહ્યું.
- ❊ વચનામૃત ગઢડા પ્રથમ-૭૩માં શ્રીજીમહારાજ કહે છે કે પરમેશ્વર જ્યારે કોઈકને પરદેશ મૂક્યાની આજ્ઞા કરતા હોય, ત્યારે જેણે મન અર્પ્યું હોય તેના મનમાં થાય છે, 'જો મને આજ્ઞા કરે તો બુરાનપુર તથા કાશી જ્યાં મૂકે ત્યાં રાજી થકો જાઉં' એવી રીતે પરમેશ્વરના ગમતામાં રહીને જે રાજી રહેતો હોય તે તો હજારો ગાઉ ગયો હોય તોય અમારી પાસે છે અને જેણે એવી રીતે મન ન અર્પ્યું હોય અને તે અતિશય અમારે સમીપે રહેતો હોય તોય લાખો ગાઉ છેટે છે.

(૨) જોડાણ એટલે સત્પુરુષનો ગુણ આવે. :

- ❊ ગુણ આવે અર્થાત્ સત્પુરુષને વિષે સદ્ભાવ રહે.
- ❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, 'સત્પુરુષના ગુણ તો, તો આવે, જો એવાને નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે ને એવા છે તેની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહીં, તો સત્પુરુષના ગુણ એ મુમુક્ષુમાં આવે છે પણ તે વિના તો આવે જ નહિ.'

(સ્વામીની વાત : ૩/૩૪)

- ❊ 'મોટાને વિષે સદ્ભાવ એ જ નિર્વાસનિકપણાનો હેતુ છે ને મોટાને વિષે અસદ્ભાવ એ જ વાસનનો હેતુ છે. અને ભગવાન ઓળખાણા, સાધુ ઓળખાણા તે સમજી રહ્યા, હવે કાંઈ ધ્રોડ કરવો નહિ.' **(સ્વામીની વાત : ૧/૧૫૧)**
- ❊ બાલમુકુંદદાસ તથા યોગેશ્વરદાસને ગુણાતીતાનંદ સ્વામી સવારે ૧૧-૦૦ વાગ્યા સુધી ભંડારમાં સેવા કરાવે. તે પછી કલાક તડકે ધ્યાનમાં બેસાડે. આવી કસણી કરતાં છતાં સ્વામી પ્રત્યે તેમને અસદ્ભાવ આવ્યો નહીં તો ઉચ્ચ સ્થિતિ પામી ગયા.
- ❊ એક હરિભક્ત કહે, 'શાસ્ત્રીજી મહારાજના અક્ષર સારા નથી.' તરત યોગીજી મહારાજ કહે : 'ગુરુ ! એ તો અક્ષરધામના અક્ષર છે, આપણને ઓળખતા નથી આવડતું'
- ❊ સત્પુરુષનો ગુણ ગ્રહણ કરવાની રીત સમજાવતાં શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા પ્રથમ-૬૭માં કહે છે : ''જે પુરુષને પરમેશ્વર વિનાની બીજે ક્યાંય પ્રીતિ ન હોય તેનો એમ ગુણ ગ્રહણ કરે જે 'આ પુરુષ તો અતિશય મોટા છે અને એને આગળ લાખો માણસ હાથ જોડીને ઊભા રહે છે તોપણ લેશમાત્ર સંસારના સુખને ઈચ્છતા નથી અને હું તો અતિશય પામર છું જે કેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું અને પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી માટે મને ધિક્કાર છે.' એવી રીતે અનુતાપ કરે. પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે એના હૃદયને વિષે વૈરાગ્ય ઉપજે અને પછી તેમાં સત્પુરુષના જેવા ગુણ આવે છે.''

(૩) જોડાણ એટલે સત્પુરુષની ક્રિયા ગમે. :

- ❊ **વચનામૃત ગઢડા પ્રથમ-૭૩ :** ''આ મુકુન્દ બ્રહ્મચારી છે તે ભોળા જેવા જણાય છે તોપણ અમારા સ્વભાવને યથાર્થ જાણે છે જે, 'મહારાજ

તો આકાશ સરખા નિર્લેપ છે અને એમને કોઈ પોતાનું પણ નથી અને પારકું પણ નથી.' અને એવી રીતે જો અમારા સ્વભાવને જાણે છે તો જેવા ઈશ્વરમાં ગુણ હોય તેવા ગુણ બ્રહ્મચારીમાં વર્તે છે અને અંતર્યામી સૌમાં રહ્યા છે તે બાઈભાઈને મનમાં એમ સમજાવે છે જે બ્રહ્મચારીમાં કોઈ વાતની ખોટ નથી.' એવા રૂડા ગુણ આવ્યાનું કારણ એ છે જે મોટા પુરુષને વિષે જે નિર્દોષ બુદ્ધિ રાખે છે તે પોતે સર્વ દોષ થકી રહિત થાય છે. અને જે મોટા પુરુષને વિષે દોષ પરઠે છે, તે દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને કામાદિક શત્રુ તે સર્વે તેના હૈયામાં આવીને નિવાસ કરે છે. પછી એ સત્પુરુષને વિષે દોષબુદ્ધિનો પરઠનારો જે પુરુષ તેના હૈયામાં ભૂંડા ધાટ પણ પીડ્યા કરે છે અને એ સત્સંગ કરે છે તોય પણ દુઃખિયો મટે નહિ.''

❊ જો મૂળજી બ્રહ્મચારીને શ્રીજીમહારાજની બધી ક્રિયામાં દિવ્યભાવ હતો તો તેઓ ગુણ પામી શક્યા.

❊ પ્રમુખસ્વામી મહારાજને પૂછ્યું : 'તમને શાસ્ત્રીજી મહારાજની કઈ ક્રિયા દિવ્ય લાગતી ?' ત્યારે સ્વામીશ્રી કહે, 'બધી જ.'

❊ કારિયાણીમાં મહારાજને એક ભક્તે રૂપિયા ૨૦૦/- ભેટ મૂક્યા. મહારાજે તે રૂપિયા ખોબો ભરીને કૂવામાં નાંખ્યા અને બાકીના બધા ખોરડા પર નાંખ્યા. મહારાજે પૂછ્યું : 'ભગત, તમને કાંઈ સંકલ્પ તો નથી થયો ને ?' તે કહે, 'આપે રૂપિયા સ્વીકાર્યા એ જ મારાં મોટાં ભાગ્ય.' દિવ્યભાવ જોઈ મહારાજ અતિ પ્રસન્ન થઈ ગયા.

❊ શાસ્ત્રીજી મહારાજ, ભગતજી મહારાજનાં દર્શન કરવા જાય તો ભગતજી મહારાજ અકળાઈને અપમાન કરતા, છતાં શાસ્ત્રીજી મહારાજને દિવ્યભાવ.

❊ ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને શ્રીજીમહારાજનાં ચરણારવિંદની જોડ રામરતનદાસને આપવા કહ્યું. શાસ્ત્રીજી મહારાજે એ આપી દીધી. ભગતજી મહારાજ જે કરે તે દિવ્ય.

❊ રુચિરાધિપતેરખિલં રુચિરમ્ - ભગવાન ને સંતનું બધું જ દિવ્ય, રુચિર છે.

❊ યોગીજી મહારાજનો સરદારગઢનો કાર્યક્રમ તેમાં વિઘ્ન આવ્યું. ટ્રસ્ટીઓ અકળાયા : 'કોણે કાર્યક્રમ ગોઠવ્યો હતો ?' કાર્યક્રમ ગોઠવેલો યોગીજી મહારાજે પણ તેઓએ 'પ્રમુખસ્વામીએ ગોઠવેલો' તેમ કહ્યું. સૌ સ્વામીશ્રીને ઠપકો દેવા માંડ્યા. સ્વામીશ્રીએ સૌનું સાંભળી લીધું. યોગી મહારાજની આ ક્રિયામાં પ્રમુખસ્વામી મહારાજને લેશ પણ સંશય થયો નહીં. આનું નામ જોડાણ.

❊ યોગીજી મહારાજ કહેતા, 'સત્પુરુષ આપણા ધાર્યા ભેગા ભળી જાય તો નિર્દોષ સમજાય ને ન ભળે તો ન મનાય.' પણ બંને પ્રસંગની ક્રિયા ગમે તો દોષ ટળે.

❊ પ્રત્યક્ષ ભગવાન અને સંતનાં ચરિત્રમાં મનુષ્યભાવ આવે તો અમાવાસ્યાના ચંદ્રમાની પેઠે ઘટી જાય છે અને દિવ્યભાવ જાણે તે બીજના ચંદ્રમાની પેઠે વધે છે. **(સ્વામીની વાત : ૫/૩૯૫)**

❊ શ્રીજીમહારાજ વરજાંગ જાળિયામાં બિમાર હતા ને ગાડામાં બેઠા હતા. ભગુજીને ગાડું લાંબું કરવા માટે ખેંચવા કહ્યું. ભગુજીએ નિસ્તર્કપણે ખેંચ્યું, તેથી મહારાજ રાજી થયા.

❊ ભાયલીના જીવાભાઈ (પાછળથી નીલકંઠ સ્વામી બનેલા) પર શાસ્ત્રીજી મહારાજ ખૂબ જ ગુસ્સે થયા. સૌને લાગ્યું કે જીવાભાઈ સત્સંગમાંથી પાછા પડી જશે. પણ તેઓને લેશ પણ સંશય થયો નહીં.

❊ **વચનામૃત ગઢડા પ્રથમ-૬૭ :** ''જેના હૃદયમાં સત્પુરુષના ગુણ ન જ આવે તેનાં લક્ષણ કહીએ તે સાંભળો જે, જે પુરુષ એમ સમજે જે 'આ મોટા કહેવાય છે પણ વિવેક તો કોઈ પ્રકારનો નથી અને ખાતાંપીતાં પણ આવડતું નથી અને ઓઢતાં-પહેરતાં પણ આવડતું નથી અને પરમેશ્વરે સુખ ઘણું આપ્યું છે તેને ભોગવતાં પણ આવડતું નથી

અને કોઈને આપે છે તોપણ વિવેક વિનાનું આપે છે.' એવી રીતે સત્પુરુષમાં અનંત પ્રકારના અવગુણ પરઠે, એવો જે કુમતિ પુરુષ હોય તેને વિષે કોઈ કાળે સત્પુરુષના ગુણ આવે જ નહિ.''

(૪) જોડાણ એટલે સત્પુરુષમાં હેત :

❊ **વચનામૃત ગઢડા પ્રથમ-૪૪ :** ''સ્નેહ તો એનું નામ જે 'ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે.' એનું નામ સ્નેહ કહીએ. અને જે ભક્તને પરિપૂર્ણ ભગવાનને વિષે સ્નેહ હોય તેને એક ભગવાન વિના બીજો સંકલ્પ જ ન થાય અને જેટલો ભગવાન વિના બીજો ઘાટ થાય છે તેટલો તેના સ્નેહમાં ફેર છે.''

❊ આમ, હેત હોય તો સત્પુરુષની સ્મૃતિ રહે.

❊ મૂળજી બ્રહ્મચારીને ઝોલું આવ્યું. સ્વપ્નામાં આગ દેખી. તેથી મહારાજ દાઝી ન જાય તે માટે મહારાજ સભામાં બેઠેલા તેમને ઉપાડીને ભાગ્યા. સ્વપ્નાવસ્થામાં પણ સ્મૃતિ રહે તેવું તેમનું જોડાણ હતું.

❊ રાધિકાજી ભગવાનને છાતી પર રાખતા (સ્મૃતિ અંતરમાં કરતા) ને જરાક જો ભગવાન વિસરાય તો ચીસ પાડતા.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે માછલું જેમ પાણીમાં રહીને હાલે, ચાલે ને ક્રિયા કરે તેમ અમે ભગવાનની મૂર્તિમાં રહીને વ્યવહાર કરીએ છીએ. ને જો એક ક્ષણ મૂર્તિ વિસરાય તો તાળવું ફાટી જાય.

❊ શાસ્ત્રીજી મહારાજને રાજપુરમાં હરિભક્તો કહે : 'સ્વામી ! હવે આપ આરામ કરો.' શાસ્ત્રીજી મહારાજ કહે : 'હું મહારાજની મૂર્તિમાં અખંડ આરામ કરું છું.'

❊ સ્વરૂપાનંદ સ્વામીને શ્રીજીમહારાજમાં હેત-પ્રીતને કારણે તૈલધારાવત્ વૃત્તિ રહેતી.

❊ **સૂતાં બેસતાં જાગતાં ઉઠતાં, જાય દન એમ ચિંતવતા; તેણે કરીને રહે છે આનંદ, એમ કહે નિષ્કુળાનંદ.**

❊ પ્રેમાનંદ સ્વામીને આવું હેત હતું એટલા માટે વચનામૃત ગઢડા મધ્ય-૪૮માં શ્રીજીમહારાજ કહે છે : 'આ સાધુને આવી રીતે ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન છે, એ સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ.'

❊ હેતના લક્ષણની બીજી સુંદર વ્યાખ્યા શ્રીજીમહારાજ કારિયાણી પ્રકરણના અગિયારમા વચનામૃતમાં કહે છે : 'પોતાના પ્રિયતમાની મરજી પ્રમાણે વર્તે એ પ્રીતિનું લક્ષણ છે.' એટલે ભગવાન અને સંતની ઉપસ્થિતિમાં જેવું વર્તન હોય, તેવું જ વર્તન તેમની ગેરહાજરીમાં જ રહે, તેમની મરજી મુજબ જ જીવન બને એ જ સાચી પ્રીતિ છે.

(૫) જોડાણ એટલે સત્પુરુષનો વિશ્વાસ :

❊ **વચનામૃત ગઢડા પ્રથમ-૧૬ :** ''ભગવાન અને સંત તે જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને પણ તે વચનને વિષે સંશય કરે નહિ અને સંત કહે જે 'તું દેહ, ઈન્દ્રિયો મન પ્રાણથી જુદો છું અને સત્ય છું અને એનો જાણનારો છું અને એ દેહાદિક સર્વે અસત્ય છે.' એમ વચન કહે તેને સત્ય માનીને તે સર્વેથી જુદો આત્મારૂપે વર્તે પણ મનના ઘાટ ભેળો ભળી જાય નહિ.''

❊ **વચનામૃત ગઢડા મધ્ય-૩૭ :** 'જે સત્પુરુષ ઉપદેશ કરતા હોય તેના વચનને વિષે અતિશય વિશ્વાસ હોય અને ઉપદેશના કરનારાની ઉપર સાંભળનારાને અતિશય પ્રીતિ હોય અને ઉપદેશનો કરનારો હોય તે ગમે તેટલો દુઃખવીને કઠણ વચન કહે તોપણ તેને હિતકારી જ માનતો જાય, તો સ્વાભાવિક જે પ્રકૃતિ છે તે પણ નાશ થઈ જાય પણ તે વિના બીજો કોઈ ઉપાય નથી.'

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે જેને મોટા સાધુનો વિશ્વાસ હશે તેને જ પાધરું પડશે.

(સ્વામીની વાત : ૫/૪૦૧)

❊ એક બાવો ગિરનારને પ્રદક્ષિણા દંડવત્ કરતાં કરતાં કરી રહેલો. ગુણાતીતાનંદ સ્વામીએ તેને કહ્યું : 'આ કૃપાનંદ સ્વામી બહુ મોટા છે. તેને એક દંડવત્ કર તો બધું ફળ મળશે.' પેલાને વિશ્વાસ ન આવ્યો ને દંડવત્ ન કર્યો.

❊ જલા ભગતને ગુણાતીતાનંદ સ્વામીની વાતમાં વિશ્વાસ ન આવે તેથી દરવાણીને પૂછવા જાય.

❊ સારંગપુરના વાઘા ખાચરને સ્વામીનો વિશ્વાસ હતો. સ્વામીશ્રીએ કહ્યું : 'હું અક્ષર છું.' આ એમને મનાઈ ગયું તો નિરાવરણ દૃષ્ટિ થઈ ગઈ ને કાયમ શાંતિ થઈ ગઈ.

❊ રઘુવીરજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીનો વિશ્વાસ હતો. સ્વામીએ કહ્યું : 'જૂનાગઢ આવો તો કસર ટાળી દઉં.' તે ગયા ને ખરેખર બ્રાહ્મી સ્થિતિ પ્રાપ્ત કરી લીધી.

❊ સ્વામીશ્રીની આજ્ઞાથી પૂજા, તિલક-ચાંદલો, ઘરસભા, અઠવાડિક સભા વગેરેથી કલ્યાણ થશે તેવો ઘણીવાર દૃઢ વિશ્વાસ નથી હોતો, તેથી કામ અટકે છે.

❊ નાયગરા ધોધ પર દોરડું બાંધી એક વ્યક્તિ તે પર ચાલ્યો. વજન ઊંચકીને એક છેડેથી બીજે છેડે ગયો ને પાછો આવ્યો. લોકોએ તાળીઓ પાડી વધાવી લીધો. ધારો કે આ ખેલ જોવા માટે આપણે પણ ત્યાં ઊભા હોઈએ તો તાળી પાડતા હોઈએ. તે સમયે તે વ્યક્તિ ત્યાં આવીને કહે કે, 'ચાલો મારે ખભે બેસી જાઓ. હું તમને ઊંચકીને દોરડા પર ચાલી બતાવું.' આપણે ના પાડી દઈએ. સગી આંખે જોયું છે પણ વિશ્વાસ આવ્યો નથી. તેમ સ્વામીશ્રીનો મહિમા આપણે જોઈએ, વાંચીએ, સાંભળીએ, કહીએ છીએ, પણ વિશ્વાસ આવવો એ જુદી વસ્તુ છે. વિશ્વાસ આવે ને આજ્ઞા પળાય તો દોષ ટળે જ.

❊ પાર્વતીએ શંકરને પૂછ્યું : 'આટલા બધા માણસો ગંગામાં સ્નાન કરે છે તો કોઈ પાપી તો રહેતું જ નહિ હોય ખરું ને ? શંકર કહે, 'એવું નથી, પણ જેને વિશ્વાસ હોય તેનાં જ પાપ દૂર થાય.' એમ કહી શંકર ખાડામાં પડી ગયા. લોકો બહાર કાઢવા આવે પણ શંકર કહે : 'તમે જો નિષ્પાપ હોય તો જ અડજો નહીં તો બળી મરશો.'' બધા જતા રહે. એક આવ્યો તે કહે : 'હું ગંગામાંથી સ્નાન કરીને જ આવી રહ્યો છું માટે નિષ્પાપ છું.' શંકરને કાઢ્યા. શંકર પ્રસન્ન થઈ ગયા. પાર્વતી સમજી ગયા કે કેમ બધાનાં પાપ ટળતા નથી ? તેમ સત્પુરુષના વચનમાં વિશ્વાસ રાખે તો જ દોષ ટળે.

❊ **દેવાનંદ સ્વામી :**

વચનમાં વિશ્વાસ રાખી, ભજનમાં ભળી;
પૂરવ કેરા પાપ તારાં, તો જાશે બળી.

❊ ચેકમાં આપણને વિશ્વાસ હોય છે કે તેમાંથી રૂપિયા મળશે, તેમ સંતમાં વિશ્વાસ હોય તો જોડાણ કહેવાય.

(૬) જોડાણ એટલે સત્પુરુષ પાસે નિષ્કપટપણું :

❊ **ઔર સબ હી તરે, એક કપટી ન તરે મહારાજ**

❊ કપટ રાખે તે કદાપિ નિર્દોષ ન થાય.

❊ **વચનામૃત ગઢડા પ્રથમ-૭૬ :** 'ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની એ ચાર પ્રકારના જે મનુષ્ય તે જો હરિભક્ત હોય તોપણ તે સાથે અમારે બને નહિ.' કપટ હોય તો જોડાણ ન થાય.

❊ યોગીજી મહારાજ કહેતા કે સત્પુરુષને નિર્દોષ જાણવા, સર્વજ્ઞ જાણવા ને અંતરાય ન રાખવો તેમાં અધિક શું ? સત્પુરુષ સાથે અંતરાય ન રહે તેને નિર્દોષ જાણવા ને સર્વજ્ઞ જાણવા તે કરતાંય અધિક છે.

❊ અંતરાય રહે તેટલી જોડાણમાં ખામી આવે. પારસમણિ પર ચિનાઈ કાગળ જેટલો અંતરાય આવે તોય લોઢાનો ડબ્બો સોનાનો ન થાય.

❊ **વચનામૃત ગઢડા પ્રથમ-૩૦ :** 'જેને રજોગુણ સંબંધી મલિન ઘાટ ટાળવા હોય તેને મન-કર્મ-વચને નિષ્કપટપણે સત્સંગ કરવો.'

❊ વચનામૃત ગઢડા પ્રથમ-૫૮ માં પણ સંતને રાજી કરવાની પ્રથમ કલમ નિષ્કપટપણે વર્તવાની મૂકી.

❊ **વચનામૃત સારંગપુર-૯ :** 'અતિ સાચે ભાવે કરીને સત્સંગ કરે તો તેને કોઈ જાતનો દોષ હૈયામાં રહે નહિ અને દેહ છતાં જ બ્રહ્મરૂપ થઈ જાય.'

❊ કામરોળના દરબાર દાજીભાઈ જૂનાગઢ ગયા.

સ્વામીએ સરભરા કરી પછી પૂછ્યું : 'ગુરુ કર્યા છે?' 'ના ગુરુ કરું તો તે બધા દારૂના બે શીશા ને બે બકરાં માંગે. તે તો હું કરું જ છું.' ગુણાતીતાનંદ સ્વામી કહે, 'આ ગુરુ એવું માંગે તેવા નથી. પાંચ નિયમો વર્તમાનમાં પાળી-પળાવીને ભજન કરાવીએ છીએ.' સ્વામીએ દાજીભાઈને કંઠી પહેરાવી પંચવર્તમાન ધારણ કરાવ્યા. દાજીભાઈ કહે 'સ્વામી, ચાર નિયમ પાળીશ પણ યુવાનીમાં તાંબાની ભસ્મ બહુ ખાધેલી, તે નિષ્કામી વર્તમાન નહીં પળે.' જાહેરમાં નિષ્કપટ થયા તેથી ગુણાતીતાનંદ સ્વામી રાજી થયા. સ્વામી કહે : 'તે અમે પળાવીશું.' એમ કહી તેમના તરફ જોઈ પાંચ માળા ફેરવવાની આજ્ઞા કરી. આંખમાંથી કામ ખેંચી લીધો. નિષ્કપટ થયા તો દોષ ટળ્યા.

❊ જૂનાગઢમાં લંગડા મીરે મહારાજને કહ્યું : 'મહારાજ! કદાચ બાઈયુંને જોઈને મારા મને ભૂંડા ઘાટ કર્યા હશે, પણ દેહે કરીને તો હું ભ્રષ્ટ થયો નથી.' મહારાજ કાઠીઓને કહે : 'કેવો નિષ્કપટ છે?! આજ તેના મનનાં બધાં પાપ બળી ગયા.

❊ ધર્મસ્વરૂપાનંદ બ્રહ્મચારીએ ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું : 'સ્વામી ! મને રસાસ્વાદ નડતો નથી પણ બીજા દોષ નડે છે. તો ટળે તેવી કૃપા કરો.' નિષ્કપટ થયા તો સ્વામીનો સંબંધ પામી નિર્દોષ બન્યા.

❊ માટે ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે મોટા પાસે નિષ્કપટ થાવામાં બહુ લાભ છે.

(સ્વામીની વાત : ૨/૧૨૮)

❊ નિષ્કુળાનંદ સ્વામી :

સખી દંભપણું ન દેખાડીએ,
અંતરની રે,જાણે જીવન પ્રાણ,
સખી પ્રપંચે પિયુ ન પામીએ,
સાચે દિલે રે, હરિ રહે છે હજૂર.

❊ ડૉક્ટર પાસે કપટ રાખી પૂરી વાત રોગની ન કરીએ તો રોગ ન ટળે, તેમ સત્પુરુષ પાસે પણ કપટ રાખીએ તો કસર ન ટળે.

❊ એક દર્દી ડૉક્ટર પાસે ગયા. જૂના કેસની ૧૦૦ રૂપિયા અને નવા કેસની ૨૦૦ રૂપિયા ફી હતી. તેને થયું જૂનો કેસ જ કહેવા દેને. તેથી ૧૦૦ રૂપિયામાં પતે. ડૉક્ટરને ક્યાં ખબર પડવાની છે ?

ડૉક્ટરે તેને તપાસ્યો. પછી કહે કેસ જૂનો છે ને? તો આગળ આપેલી દવા ચાલુ રાખજો. લાવો ૧૦૦ રૂપિયા.

આમ, કપટ રાખ્યું તો ડૂબ્યો.

❊ પ્રમુખસ્વામી મહારાજ કહે છે કે મોટા સંત સાથે કપટ રાખે તે ચપટ થઈ જાય.

❊ 'નિષ્કપટપણું એ અમૃત સરખો ગુણ છે.'

(હરિચરિત્રામૃતસાગર)

■ **નિષ્કપટ થયા ક્યારે કહેવાઈએ ? :**

❊ શ્રીજીમહારાજ વચનામૃત લોયા-૫ માં કહે છે : 'પંચવર્તમાન સંબંધી પોતામાં કાચ્યપ હોય ને તે પોતાના વિચારે કરીને ટળતી ન હોય તો તે કાચ્યપ જેમાં ન હોય એવા જે સંત તેને આગળ કહેવું અને કોઈક સંતનો અવગુણ પોતાને આવ્યો હોય તો તે કહેવા અને ભગવાનના નિશ્ચયમાં અનિશ્ચયનો ઘાટ થયો હોય તે પણ કહેવો, ત્યારે તે નિષ્કપટ કહેવાય અને એ માહિલો સંકલ્પ થયો હોય ને તેને સંતની આગળ ન કહે તેને કપટી જાણવો.'

❊ ઉપરોક્ત છ પ્રકારે સત્પુરુષનો સમાગમ કરીએ તો જોડાયા કહેવાઈએ. પછી ભલે દૂર હોઈએ કે સમીપમાં. તે વિના સમીપ હોય તોપણ દૂર કહેવાય.

❊ ગોપીઓને ભગવાનનો વિયોગ હતો છતાં ભગવાનની મરજીમાં રહી; રાસલીલા જેવી ક્રિયામાં પણ દિવ્યભાવ રાખ્યો; ભગવાનને અખંડ સંભારતી રહી તો તે જોડાયેલી ગણીએ છીએ. અને યાદવો ભગવાનની સાથે જ રહેતા હતા, છતાં તેને નિરંતરના અભાગિયા ભાગવતમાં લખ્યા. કારણ કે આવી રીતે સાથે ન રહ્યા.

❊ **દુર્ભગો બત લોકોઽયં યદવો નિતરામપિ ।**
યે સંવસન્તો ન વિદુર્હરિ મીના ઈવોડુપમ્ ॥

માછલાં જેમ નાવનો મહિમા નથી જાણતા ને

તેને પોતાની જેમ માછલું જ સમજે છે, તેમ યાદવો ભગવાનની સાથે રહ્યા પણ ભગવાનને પોતાના જેવા જાણી ઓળખી ન શક્યા, માટે તે નિરંતર અભાગિયા છે.

❊ માટે ઉપરોક્ત છ રીતે રહીએ તો સંગ કર્યો કહેવાય ને સત્પુરુષના ગુણ આવે. તે વિના ભેગા રહીએ તોપણ ન આવે.

❊ પ્રીતમદાસ કહે છે :

ચંદન ભેળો વીંટીને રે'તો રે, રાત દિવસ ભોયંગ;
તોય કંઠેથી વિષ ન ગયું રે, એને ન આવી શીતળતા અંગ...
સંગત તેને શું કરે...
દાદુર રહેતો તળાવમાં રે, નિત્ય કમળ સુપાસ;
કલબલ કરતો કીચમાં રે, એને ન આવી કમળની સુવાસ...
સંગત તેને શું કરે...
પથ્થર રહેતો પાણીમાં રે, ઊંડો કરીને નિવાસ;
પ્રીતમ કહે ટાંકણે તણખા ઝરે રે, એને ન લાગ્યો પાણીનો પાશ..
સંગત તેને શું કરે...

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે સંગ કરવામાં ને સત્સંગ કરનારામાં બહુ ભેદ છે. કેમ જે, મહારાજનો સંગ કેટલાક સાધુએ કર્યો ને ગૃહસ્થે પણ કર્યો પણ સમજણમાં અનંત ભેદ પડ્યા છે ને સમાગમ કરવો ને ભેળું રહેવું તેમાં પણ ઘણો ફેર છે. જેમ ગાયના આઉમાં ઈતરડી રહે છે પણ તેને દૂધનો સ્વાદ આવતો નથી, ને વાછરું છે તે છેટે રહે છે તોપણ તેને દૂધનો સ્વાદ આવે છે.

❊ આ રીતે સત્પુરુષ સાથે જોડાયા હોઈએ તો ભગવાન ને સંત આપણી ફિકર રાખે છે. ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે મોટા સાધુ સાથે જીવ બાંધ્યો હોય ને તેને કોઈક દેશકાળ લાગે ને સત્સંગમાંથી જાવું પડે એવું હોય તોપણ તેનું પ્રાયશ્ચિત કરવાનું એ સંત પોતાને માથે લે અથવા તેને પ્રાયશ્ચિત કરવાનું બળ આપે અને છેલ્લી વારે તેને રોગ પ્રેરીને પણ સત્સંગમાં રાખે, પણ એને જાવા દે નહિ.

સ્વામીની વાત : પ્રકરણ - ૪ : વાત - ૧૨

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે...

તીર્થને વિષે જળની બુદ્ધિ ન કરવી ને ભગવાનના ભક્તને વિષે જાતિની બુદ્ધિ ન કરવી; મરને ભગવાનનો ભક્ત શ્વપચ હોય તોપણ પોતાના કુટુંબે સહિતનો મોક્ષ કરે છે ને તે વિના બાર ગુણે યુક્ત એવો બ્રાહ્મણ છે તોપણ પોતાનો મોક્ષ કરી શકતો નથી.

■ **મધ્યવર્તી ઉપદેશ :**

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં ભગવાન અને સંતના સંબંધનો મહિમા સમજવાની વાત કરે છે. આ સત્સંગમાં જેને શ્રીજીમહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજનો યોગ થયો છે, તેનો મહિમા સમજવાની વાત અહીં કરી છે.

■ **સંબંધનો મહિમા શા માટે સમજવો ? :**

❊ સત્સંગનું સુખ લેવા અને સત્સંગમાં પ્રગતિ માટે સંબંધનો મહિમા સમજવો જરૂરી.

❊ **વચનામૃત ગઢડા પ્રથમ-૨૮ :** ''જે સત્સંગી સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેને અસદ્વાસનાની વૃદ્ધિ થાય છે ને તેને પ્રથમ તો દિવસે દિવસે સત્સંગીમાત્રનો અવગુણ આવે છે ને પોતાના હૈયામાં એમ જાણે જે, 'સર્વે સત્સંગી તો અણસમજુ છે ને હું સમજુ છું' એમ સર્વથી અધિક પોતાને જાણે અને રાત્રિદિવસ પોતાના હૈયામાં મૂંઝાયા કરે અને દિવસમાં કોઈ ઠેકાણે સુખે કરીને બેસે નહિ અને રાત્રિમાં સૂવે તો નિદ્રા પણ આવે નહિ અને ક્રોધ તો ક્યારેય મટે જ નહિ. અને અર્ધબળેલા કાષ્ટની પેઠે ધૂંધવાયા કરે, એવું જેને વર્તે ત્યારે તેને એમ જાણીએ જે 'સત્સંગમાંથી પડવાનો થયો છે.' અને એવો હોય અને તે જેટલા દિવસ સત્સંગમાં રહે પણ તેના હૈયામાં કોઈ દિવસ સુખ આવે નહિ અને અંતે પાછો પડી જાય છે.

અને સત્સંગમાં જેને વધારો થયાનો હોય તેને શુભ વાસના વૃદ્ધિ પામે છે ત્યારે તેને દિવસે દિવસે સત્સંગીમાત્રનો હૈયામાં ગુણ જ આવે અને સર્વ હરિભક્તને મોટા સમજે ને પોતાને ન્યૂન સમજે ને આઠે પહોર તેના હૈયામાં સત્સંગનો આનંદ વર્ત્યા કરે, એવાં લક્ષણ જ્યારે હોય ત્યારે જાણીએ જે, 'શુભ વાસના વૃદ્ધિ પામી છે.' અને તે જેમ જેમ વધુ વધુ સત્સંગ કરે તેમ તેમ વધુ વધુ સમાસ થતો જાય અને અતિશય મોટ્યપને પામી જાય છે.''

❊ **વચનામૃત કારિયાણી-૯ :** 'માટે જે ભગવાનનું તથા ભગવાનના ભક્તનું માહાત્મ્ય ન જાણતો હોય ને તે સત્સંગી છે તોપણ તેને અર્ધો વિમુખ જાણવો અને ભગવાનના ભક્તનો મહિમા સમજે તેને પૂરો સત્સંગી જાણવો.'

❊ ભગતજી મહારાજને કોઠારી ગોરધનભાઈએ પૂછ્યું કે 'તમારા જેવો સત્સંગનો આનંદ મને કેમ નથી રહેતો ?, ત્યારે ભગતજી મહારાજ કહે, 'આ બધા સંતો-ભક્તોને હું બ્રહ્મની મૂર્તિ દેખું છું, તેથી આનંદ રહે છે.'

❊ યોગીજી મહારાજ કહેતા, 'સત્સંગનું સુખ કેસર કેરી જેવું ગળ્યું છે, જો અભાવ-અવગુણરૂપ ખટાશ ન ભળે તો.'

❊ **ગુણ કો ગ્રહણ સો કીજિયે, ત્યાગી સકલ વિકાર;**
જીનતે ઉપજે મુક્ત સુખ, સો હી ભલો વિચાર.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, ભગવાનના ભક્તના ગુણ કહેવા; તેમાંથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય. ને એમાં દાખડો કાંઈ પણ ન મળે એમ કરવાનું કહ્યું, પણ ફલાણો આવો ને ફલાણો આવો, એમ ભગવાનના ભક્તના દોષ ન કહેવા ને તેનું આપણે શું કામ છે ? ને કોઈને નહિ સમજાતું હોય તો વળી આગળ સમજાશે; તેની શી ઉતાવળ છે ? ને ક્યાં ભાગી જાય એમ છે ? પણ કોઈના દોષ ન કહેવા. તેમાં લવા અને બાદશાહની દાઢીનું દૃષ્ટાંત દીધું, તે મુખ્ય માથે લેવું. **(સ્વામીની વાત : ૪/૧૪૦)**

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, ભગવાનના ભક્તના દોષ વિચારે તો જીવ ભ્રષ્ટ થઈ જાય છે. માટે ગુણ વિચારવા. ને નારદાદિકને જે લાંછન કહેવાય છે તે તો દેશકાળ લાગ્યાથી તથા ભગવાનની માયાનું બળ છે એમ સમજવું. ને એ સર્વે તો ડાહ્યા હતા, મોટા હતા ને અનેક જીવનાં કલ્યાણ કર્યાં છે તે ગુણ વિચારવા. **(સ્વામીની વાત : ૫/૧૯૦)**

❊ **વચનામૃત લોયા-૧૮ :** એવી રીતે ગુણ અવગુણ પરઠ્યા કરે છે તેણે કરીને એનું અંતર દિવસે-દિવસે પાછું પડીને અંતે તે વિમુખ થાય છે. માટે ભગવાનને વિષે તો મનુષ્યભાવ ન જ પરઠવો અને ભગવાનના ભક્તને વિષે પણ મનુષ્યભાવ ન પરઠવો. કાં જે, દેહે કરીને તો ભગવાનના ભક્તમાં કોઈક આંધળો હોય, લૂલો હોય, કોઢિયો હોય, બહેરો હોય, વૃદ્ધ હોય, કુરૂપ હોય અને તે જ્યારે દેહ મૂકે છે ત્યારે શું ભગવાનના ધામમાં એવા આંધળા-લૂલા જ રહે છે? નથી રહેતા. એ તો સર્વ મનુષ્યપણાના ભાવ છે તેને મૂકીને દિવ્યરૂપ થાય છે - બ્રહ્મરૂપ થાય છે. માટે હરિના ભક્તને વિષે મનુષ્યભાવ ન પરઠાય તો પરમેશ્વરને વિષે કેમ પરઠાય ? અને આ જે વાત છે તે સૂઝે તો આજ સમજો તો એટલી સમજવી છે અને સૂઝે તો સો વર્ષે કરીને સમજો તોપણ એટલી સમજવી છે. અને આ વાત સમજીને એની દૃઢતાની ગાંઠ પાડ્યા વિના છૂટકો નથી. માટે આ અમારી વાત છે તે સર્વે હરિભક્તને યાદ રાખીને પરસ્પર કરવી અને જ્યારે કોઈને અણસમજણે કરીને ધોખો થાય ત્યારે તેને આ વાત કરીને ચેતાવી દેવો. અને આ જે અમારી વાર્તા છે તેને નિત્ય પ્રત્યે દિવસમાં એકવાર કરવી, એમ અમારી આજ્ઞા છે તેને ભૂલશો મા, જરૂર ભૂલશો મા.

❊ શ્રીજીમહારાજના પાર્ષદ જેસાજીને હરિભક્તોના અવગુણ જોવાની ટેવ. શ્રીજીમહારાજને પણ તે વાત કરે. મહારાજ સમજાવે કે, તેમનામાં ભલે દોષ હોય પણ તેઓને મારો સંબંધ થયો છે તે સામે તમે જુઓ.'' પણ તેઓ તે મહિમા ન સમજી શક્યા. અંતર પાછું પડતું ગયું ને અંતે ત્યાગાશ્રમ મૂકી ગૃહસ્થાશ્રમમાં આવી ગયા - માટે સંબંધનો મહિમા ન સમજવાથી પ્રગતિ નથી થતી.

❊ **વચનામૃત ગઢડા પ્રથમ-૬૩ :** મારે સર્વે પ્રાપ્તિ થઈ રહી છે અને જ્યાં પ્રત્યક્ષ ભગવાન રહ્યા છે ત્યાં જ પરમધામ છે અને આ સર્વે સંત તે નારદ-સનકાદિક જેવા છે અને સત્સંગી સર્વે તે તો જેવા ઉદ્ધવ, અક્રુર, વિદૂર, સુદામા અને વૃંદાવનના ગોપ તેવા છે અને બાઈ હરિભક્ત છે તે તો જેવી ગોપીઓ તથા દ્રૌપદી, કુંતાજી, રૂક્મિણી, લક્ષ્મી, પાર્વતી એવી છે અને મારે હવે કાંઈ કરવું રહ્યું નથી અને ગોલોક, વૈકુંઠ, બ્રહ્મપુર તેને હું પામી રહ્યો છું, એવી રીતના ઘાટ થાય અને પોતાના હૃદયમાં અતિ આનંદ વર્તે એવી રીતે જેના અંતરમાં વર્તતું હોય તેને પરિપક્વ નિશ્ચય જાણવો.

આમ, અંતરે આનંદ અનુભવવા સંબંધનો મહિમા સમજવો.

❊ ગઢડા પ્રથમ-૨૪માં બ્રહ્માનંદ સ્વામીનો પ્રશ્ન છે : ‘કોઈ વિષયમાં પણ પોતાના ઈન્દ્રિયો તણાતાં ન હોય ને અંતઃકરણને વિષે પણ ખોટા ઘાટ થતા ન હોય ને તેને ભગવાનનો નિશ્ચય પણ યથાર્થ છે તોપણ અપૂર્ણપણું રહે છે અને અંતર સૂનું સૂનું રહે છે તેનું શું કારણ છે ?’ શ્રીજીમહારાજે જવાબમાં કહ્યું,‘મને તો કરુણાએ કરી પ્રગટ પુરુષોત્તમે પોતાનું સ્વરૂપ ઓળખાવ્યું છે ને કામક્રોધાદિક સર્વ વિકારથી રહિત કર્યો છે અને નારદ-સનકાદિક જેવા સંત તેના સમાગમમાં રાખ્યો છે, માટે મારું મોટું ભાગ્ય છે, એવો વિચાર નથી કરતો ને આઠો પહોર અતિશય આનંદમાં નથી વર્તતો એ મોટી ખોટ્ય છે.’

❊ વળી, તે જ વચનામૃતમાં આગળ કહે છે : ‘અને જ્યારે કોઈ હરિભક્તનો દોષ નજરમાં આવે ત્યારે એમ સમજવું જે આનો સ્વભાવ તો સત્સંગમાં ન

ઘટે તેવો છે, તોય પણ એને જો સત્સંગ મળ્યો છે અને એ જો જેવો તેવો છે તોય પણ સત્સંગમાં પડ્યો છે તો એનો પૂર્વજન્મનો અથવા આ જન્મનો સંસ્કાર ભારે છે તો આવો સત્સંગ મળ્યો છે, એમ સમજીને તેનો પણ અતિશય ગુણ લેવો.'

- ❊ લાકડું ગમે તેવું વાંકું-ચૂંકું હશે પણ સારા સુથારના હાથમાં છે તો સારી મૂર્તિ થશે જ.
- ❊ પથ્થર ગમે તેવો બરછટ હોય પણ સારા શિલ્પીના હાથમાં છે તો સારું શિલ્પ થશે જ.
- ❊ હીરો ગમે તેવો હોય પણ સારા રત્નકલાકાર પાસે છે તો ચમક આવશે જ.
- ❊ રોગ ગમે તેવો વકર્યો હોય પણ સારા ડૉક્ટર સાથે છે તો તે મટશે જ.
- ❊ તેમ સત્સંગીમાં અવગુણ દેખાય પણ તે તમામ અવગુણ ટાળનાર સમર્થ સંત પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે તો અંતે તે બ્રહ્મરૂપ થવાનો છે, તેમ વિચારી તેનો ગુણ જ લેવો.
- ❊ સાવરણી હોય પણ તે સોનાની હોય તો પછી તેની કિંમત સાવરણીના ભાવે નહીં પણ સોનાના ભાવે અંકાય, તે બારણાની પાછળ નહીં પણ તિજોરીમાં મૂકાય. તેમ હરિભક્ત ભલે સામાન્ય હોય પણ શ્રીજીમહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજના સંબંધે તે સોનાના થયા તેથી તેની કિંમત વધી છે - આ રીતે સંબંધનો મહિમા સમજવો જોઈએ.
- ❊ પ્રસિદ્ધ વ્યક્તિઓની કેટલીક વસ્તુઓની હરાજી થાય તો તેની કિંમત હજારો ને લાખો રૂપિયા અંકાય છે. વસ્તુ તો બજારમાં સામાન્ય કિંમતે મળે તેવી જ હોય છે પણ સંબંધથી ભાવ વધી ગયો. તેમ હરિભક્ત તો સામાન્ય જ દેખાતા હોય પણ ભગવાનના સંબંધે માથાના મુગટ માનવા.
- ❊ ગંગાનું પાણી દૂષિત હોય તોય બધા તેમાં સ્નાન કરે છે તેમ ભગવાનના ભક્તમાં કદાચ કંઈક દોષ હોય તોપણ ભગવાનના સંબંધે તેનો મહિમા સમજવો.
- ❊ સ્વરૂપાનંદ સ્વામી શ્રીજીમહારાજના રાજીપાવાળા અનન્ય પરમહંસ હતા. કોઈક કારણોસર તેમને અંતરમાં અશાંતિ જેવું વર્તવા લાગ્યું. શ્રીજીમહારાજ પાસે ગયા. અને મહારાજને વિનંતી કરી, 'મહારાજ! અંતરમાં અસુખ વર્તે છે.

  શ્રીજીમહારાજે કહ્યું, 'સ્વામી ! અગતરાયના પર્વતભાઈની વાતો સાંભળો. શ્રીજીમહારાજની આજ્ઞા થતાં જ સ્વામી પર્વતભાઈ પાસે પહોંચી ગયા અને કહ્યું, 'પર્વતભાઈ કંઈક વાત કરો.' પર્વતભાઈ કહે, 'સ્વામી હું ગૃહસ્થ અને તમે ત્યાગી. મારે તો તમારી વાત સાંભળવાની હોય.'

  સ્વરૂપાનંદ સ્વામીએ કહ્યું કે મને અંતરમાં અશાંતિ વર્તે છે તેથી હું મહારાજ પાસે ગયો. પણ મહારાજે મને કંઈ વાત કરવાને બદલે તમારી પાસે વાતો સાંભળવા મોકલ્યો છે. માટે મહારાજની આજ્ઞા છે તો વાતો કરો.

  પર્વતભાઈએ શ્રીજીમહારાજની આજ્ઞા સાંભળી કહ્યું, 'સ્વામી મહારાજની આજ્ઞા છે તેથી કહું છું કે તમો દાદા ખાચરના નળિયાનું ધ્યાન કરો તેનાથી અંતરે શાંતિ થશે. અને તેમ કરવાથી સ્વરૂપાનંદ સ્વામીને શાંતિ થઈ.

  આપણને પ્રશ્ન થાય કે નળિયાનું ધ્યાન કરવાથી વળી શાંતિ થતી હશે પણ દાદાખાચરના નળિયા શ્રીજીમહારાજના સંબંધવાળા હતા. તેથી સંબંધના મહિમાથી શાંતિ થઈ.
- ❊ ટૂંકમાં, સત્સંગમાં આગળ વધવાનો ઉપાય તથા મહારાજ-સ્વામીની પ્રાપ્તિના આનંદને ભોગવવાનું એક અગત્યનું સાધન સંબંધનો મહિમા સમજવો તે છે.

■ શ્રીજીમહારાજ તથા ગુણાતીત પરંપરામાં સંબંધનો મહિમા :

- ❊ વચનામૃત ગઢડા મધ્ય-૨૮માં શ્રીજીમહારાજ કહે છે : 'મારે તો એ જ અંગ છે જે, જો ભગવાનનો ખરેખરો ભક્ત હોય તો હું તે ભગવાનના ભક્તનો પણ ભક્ત છું અને ભગવાનના ભક્તની ભક્તિ કરું છું એ જ મારે વિષે મોટો ગુણ છે.'

❊ વચનામૃત ગઢડા અંત્ય-૨૧માં શ્રીજીમહારાજ કહે છે, 'ભગવાનનો ભક્ત હોય ને એ ગમે તેટલા વાંકમાં આવ્યો હોય તોપણ અમારે એનો અવગુણ આવતો નથી અને અમે તો એમ જાણીયે છીએ જે ભગવાનના ભક્તમાં જોઈ સ્વાભાવિક અલ્પ દોષ હોય તોપણ તે જોવા નહિ. અને જો એ દોષ જો પોતાનામાં હોય તો તેને ટાળવાનો ઉપાય કરવો પણ ભગવાનના ભક્તનો એ જાતનો દોષ હોય તોપણ એ હરિજનનો અવગુણ લેવો નહિ.'

❊ એકવાર ખૂબ વરસાદને લીધે પાંચુબાના ઓરડામાં પાણી ટપકવા લાગ્યું. કોઠીઓ ખસેડવાની જરૂર પડી. તે કામમાં મહારાજ પણ જોડાયા. આ જોઈ રામપ્રતાપભાઈ બોલ્યા : 'અરે ઘનશ્યામ ! આ કાઠીઓની નોકરી કરે છે ?' ત્યારે મહારાજે કહ્યું : 'આ બધા તો દેવતાથીય અધિક છે.' શ્રીજીમહારાજને ભક્તોનો આવો મહિમા હતો.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે નિત્યે લાખ રૂપિયા લાવતો હોય ને સત્સંગનું ઘસાતું બોલતો હોય તો તે મને ન ગમે; ને સૂતો સૂતો ખાય પણ ભગવાનના ભક્તનું સારું બોલતો હોય તો તેની ચાકરી હું કરાવું, એવો મારો સ્વભાવ છે.

(સ્વામીની વાત : ૧/૨૩૭)

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, આશરાનું રૂપ કહ્યું કે કોઈક આપણા મંદિરમાં કાલનો આવેલો હોય ને તે માંદો પડે ને વીસ વરસ માંદો રહે તોપણ તેની ચાકરી આપણે કરવી પડે. ને વળી જેમ ગૃહસ્થનાં બાયડી - છોકરાને તેનો આશરો છે તે દેશપરદેશમાં જઈને તેની ખબર રાખે છે, તેમ ભગવાન પોતાના આશ્રિતની ખબર રાખે છે.

(સ્વામીની વાત : ૧/૧૬૭)

❊ ગુણાતીતાનંદ સ્વામી રૂપશંકર કિકાણીને કહે, 'આ ગોદડી બજારમાં વેચો તો શું ઉપજે ?' - 'દશ દોકડાય ન આવે.' ગુણાતીતાનંદ સ્વામી કહે, 'દશ કરોડ રૂપિયા ખરચતાં પણ આ ગોદડી ન મળે. આ ગોદડીનાં દર્શનથી પંચમહાપાપ બળે. કારણ કે મહારાજની આ પ્રસાદીની ગોદડી છે.' ગુણાતીતાનંદ સ્વામીને મહારાજના સંબંધમાં આવેલી વસ્તુનો પણ આવો મહિમા હતો.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે આ સત્સંગીનાં છોકરાં સામું જોઈએ છીએ ત્યારે તેમાં અવતારો કરતાં અનંતગણું ઐશ્વર્ય જણાય છે.

❊ ભગવાનના એકાંતિક સાધુ જેને ઘેર ભિક્ષા માંગવા જઈને ઊભા રહે તેનું ઘર તીર્થરૂપ થઈ રહ્યું ને સર્વે તીર્થ ગયાનું એને ફળ થાય છે ને તેવા સમામાં તેનો દેહ પડે તો ભગવાનના ધામને પામે એવું માહાત્મ્ય છે. તે ભગવાનને આપણે પામ્યા તેથી આપણે પંડે જ તીર્થરૂપ થયા છીએ ને હાલમાં જેટલું હરિભક્તમાં તથા સાધુમાં સામર્થ્ય છે તેટલું બીજા અવતાર થયા તેમાં સામર્થ્ય નથી. તે ઉપર ગામ ઘાણલાની ડોશીની વાત કરી જે, ડોશીએ એના ધણીને કહ્યું જે, 'મેં ભગવાનના પગ ચાંપ્યા છે એટલે મારા હાથ પરસાદીના થયા છે. તેથી મારા ગોળાનું પાણી જેણે પીધું તથા મારા હાથના રોટલા જેણે ખાધા તેનું કલ્યાણ થાશે તો તારા કલ્યાણમાં શો સંદેહ છે ?'

(સ્વામીની વાત : ૫/૬૦)

❊ સંવત-૧૯૪૪માં ડભાણના બંડ વખતે ભગતજી મહારાજને આચાર્ય મહારાજે તેડાવ્યા. ભગતજી મહારાજે વડોદરામાં રાતે બે વાગે ઊઠીને સર્વે હરિભક્તને દંડવત્ કર્યા. દાજીભાઈ જાગી ગયા ને રોક્યા ત્યારે કહે : 'તમે આટલો દાખડો કરી આ પ્રાગજી દરજીને મળવા આવો તો હું આટલોય તમારો મહિમા ન સમજું ?'

❊ માના ભગત ભગતજી મહારાજને કહે, 'આ બધા બાબુલા જેવા શિષ્યોમાં બંધાશો નહીં.' ભગતજી મહારાજ કહે, 'હું તો બધાને બ્રહ્મની મૂર્તિ સમજુ છું. તેમને બાબુલા ન કહેવાય, જીવ નાશ પામી જાય.'

❊ ભગતજી મહારાજ ભાદરોડમાં ભદ્રેશ્વર મહાદેવના મંદિરે રાત્રે દર્શને ગયા. આરતી-અષ્ટક કરી પાછા

વળતી વખતે કેશવપ્રસાદ પુરાણીએ કાકડો ચેતવી અજવાળું કર્યું. ભગતજી મહારાજ કહે 'ઓલવી નાંખો. ચંદ્રને લાભ મળે.' તેઓ કહે, 'પણ અમને ન મળે ને ?' કો'ક કહે : 'હવે વાળંદનો અવતાર નહીં આવે.' ભગતજી મહારાજ કહે, 'હવે વાળંદનો અવતાર હોય ? પ્રગટના સંબંધે તમે જેનું અન્ન ખાશો તેનું પણ કલ્યાણ થશે. એવો તમારો મોટો મહિમા છે.'

❊ શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'આ ધૂળા ભગતનો મહિમા સમજો તો મારો મહિમા સમજાશે.' - ધૂળા ભગત મંદિરના અતિ સામાન્ય સેવક હતા, પણ શાસ્ત્રીજી મહારાજ તેનો મહિમા સમજવાનું સૌને કહેતા.

❊ શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'અક્ષરપુરુષોત્તમના મહિમાની વાત મારી પાટ પર બેસીને તો શું મારા માથા પર બેસીને કરે તોય ઓછું છે.' અક્ષરપુરુષોત્તમની વાત કરનાર સત્સંગીનો આવો મહિમા શાસ્ત્રીજી મહારાજને હતો.

❊ યોગીજી મહારાજ : 'સત્સંગીને આપણા માથાના મુગટ .... કૈવલ્યમૂર્તિ - ચૈતન્યમૂર્તિ... બ્રહ્મની મૂર્તિ સમજવા. મને તેમાં માયિકભાવ આવે જ નહીં.'

❊ યોગીજી મહારાજ દરરોજ અક્ષરદેરીમાંથી સર્વ હરિભક્તોની ચરણરજ મંગાવી આંખે અડાડતા.

❊ બંધિયામાં રાત્રે બધા મંદિરના ચોકમાં સૂતા હતા. યોગીજી મહારાજ રાતે પેશાબ કરવા ઊઠ્યા. પેશાબ કરીને આવ્યા. મહંત સ્વામીની આંખ ખૂલી ગઈ. યોગીજી મહારાજ દંડવત્ કરતાં હતા. પૂછ્યું, 'અત્યારે દંડવત્ શાના ?' યોગીજી મહારાજ કહે, 'ગુરુ ! યુવકોને દંડવત્ કરું છું. મુંબઈ છોડીને આવ્યા છે. બધું ફરવાનું મૂકી અહીં આવ્યા છે, ભીડો વેઠે છે, તેથી દંડવત્ કરું છું.'

❊ હરિભક્તોના સામાનને પણ યોગીજી મહારાજે પ્રદક્ષિણા, દંડવત્ કર્યા છે.

❊ ૨૬/૪/૧૯૮૧ - અમદાવાદના પ્રેમાભાઈ હોલમાં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દીમાં જેણે સેવા કરેલી તે કાર્યકરોની સ્વાગતસભા હતી. દરેકને સ્વામીશ્રીએ ભેટ આપી - આશીર્વાદમાં કહે : 'સંતોએ આ મહોત્સવમાં સેવા કરી છે. પણ તેમને શું આપવું? તેમને તો કરોડ કરોડ દંડવત્ કરું તોપણ ઓછા છે.'

❊ ૧૯૮૫ - ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવમાં સ્વયંસેવકોને પ્રમુખસ્વામી મહારાજે કહ્યું, 'તમને કરોડ કરોડ દંડવત્ કરીએ તોય ઓછા છે.'

❊ ૨૬/૧/૧૯૮૩- અમદાવાદમાં સ્વામીશ્રી જમતા હતા. તે વખતે એક સંતે પૂછ્યું : 'આવું કોરું-લૂખું જમતાં કેમનું ફાવે છે ?' સ્વામીશ્રી : 'લૂખું ક્યાં છે? આ સંતો-ભક્તો છે તો ભરેલું જ છે. બધુંય હોય પણ આ ન હોય તો લૂખું જ છે.'

❊ સ્વામીશ્રી સારંગપુર પધાર્યા. દર્શન બાદ દંડવત્ કરવા ગયા, ત્યારે એક સંત પોતાનું ગાતરિયું નીચે પાથરવા ગયા, જેથી સ્વામીશ્રીને ઠંડુ ન લાગે ને ધૂળ ન ચોંટે. પણ સ્વામીશ્રીએ ના પાડી ને બોલ્યા : 'રહેવા દો. જરૂર નથી. હરિભક્તોની ચરણરજ મારા શરીર પર ક્યાંથી ?'

❊ મહારાજ વડતાલમાં થોડા જ દિવસ રહેવાના હતા. આસનની ભાંજગડ ન કરતાં જ્યાં ત્યાં બેસીને વાતો કરતા. એકવાર મંદિરના પગથિયે બેસી ગયા. સેવકો કહે , 'મહારાજ ! આસન લાવીએ.' મહારાજ કહે : 'આ દેહને હજારો હરિભક્તોની ચરણરજનો સ્પર્શ થાય તે મહાભાગ્ય ટાળીને આસન શા માટે રાખવું ?'

❊ આમ, શ્રીજીમહારાજથી લઈને પ્રમુખસ્વામી મહારાજ સુધી સૌમાં આ સંબંધનો મહિમા ભારોભાર જણાય છે, તો આપણે પણ તે જ માર્ગે ચાલવું.

❊ **'એની રીતે રીત આપણી રે, બીજી રીતે બાધ'**

■ **સંબંધનો મહિમા કેવી રીતે સમજાય ? :**

❊ ભગવાનનો મહિમા સમજાય તો તેના સંબંધવાળાનો મહિમા સમજાય.

❊ **વચનમૃત કારિયાણી-૯ :** 'જેના હૈયામાં ભગવાનની

ભક્તિ હોય ને ભગવાનનો મહિમા જાણતો હોય તેને ભગવાનના ભક્તનો અવગુણ આવે નહિ અને ભગવાનના ભક્ત ઉપર રીસની આંટી બંધાય જ નહિ.' વળી, આ જ વચનામૃતમાં આગળ શ્રીજીમહારાજ કહે છે જે, 'ભગવાનના મહિમાને જાણતો હોય તે તો ભગવાનના સંબંધને પામ્યા એવા જે પશુ, પક્ષી તથા વૃક્ષ-વેલી આદિક તેને દેવતુલ્ય જાણે, તો જે મનુષ્ય હોય ને ભગવાનની ભક્તિ કરતા હોય તથા વર્તમાન પાળતા હોય તથા ભગવાનનું નામ-સ્મરણ કરતા હોય ને તેને દેવતુલ્ય જાણે ને અવગુણ ન લે તેમાં શું કહેવું ? માટે ભગવાનનો મહિમા સમજે તેને ભગવાનના ભક્ત સંગાથે વૈર ન બંધાય અને જે માહાત્મ્ય ન સમજે તેને તો ભગવાનના ભક્ત સંગાથે વેર બંધાય.'

❊ એક સ્ત્રીએ ગઢપુરમાંથી ૪૦૦ રૂા. ની ચોરી કરી. મહારાજ દાદા ખાચરને કહે : 'માથું કાપી નાંખો.' દાદા ખાચર કહે : 'જેના મુખમાં આપનું નામ, તેને આવી શિક્ષા ન કરાય.' મહારાજ રાજી થયા ભેટ્યા. દાદાખાચરને શ્રીજીમહારાજનો મહિમા હતો તો બાઈભક્તનો મહિમા સમજી શક્યા.

❊ કાયાભાઈને શ્રીજીમહારાજનો મહિમા હતો તો ગઢડાના કૂતરાનેય દંડવત્ કરતા.

❊ જાગા ભગત અક્ષરપુરુષોત્તમની નિષ્ઠાવાળા હરિભક્તોની નામાવલિ પૂજામાં રાખતા ને પાઠ કરતા. તેઓને અક્ષરપુરુષોત્તમ મહારાજનો મહિમા હતો તો તેમ કરી શક્યા.

❊ ઉકા ખાચરને મહારાજે પૂછ્યું, 'પૂજા કરો છો ?' 'હા, મહારાજ નિત્ય.' 'કેટલી મૂર્તિ રાખો છો ?' '૫૦૦.' મહારાજને આશ્ચર્ય થયું. મૂર્તિઓનાં નામ પૂછ્યા તો પરમહંસોનાં નામ બોલવા લાગ્યા. શ્રીજીમહારાજનો મહિમા હતો તો સંબંધવાળા સંતોનો આવો મહિમા તેઓ સમજી શક્યા.

❊ **વચનામૃત ગઢડા અંત્ય-૨૮ :** ''દ્યુપતય એવ તે ન યયુરન્તમનન્તતયા' એવી રીતે માહાત્મ્યે સહિત ભગવાનને જાણ્યા હોય ને એવા જે ભગવાન તેના જે સંત તે સાથે માન, ઈર્ષ્યા, ક્રોધ કેમ થાય ? અને જો થાય છે તો જાણ્યામાં ફેર છે, કેમ જે ગર્વનર સાહેબને જાણ્યો છે જે એ સમગ્ર પૃથ્વીનો પાદશાહ છે ને બળિયો છે, ને જો તેનો એક ગરીબ સરખો હમેલિયો આવતો હોય તો તેનો હુકમ મોટા રાજા હોય તે પણ માને ને તે જેમ કહે તેમ દોર્યો દોરાય શા માટે જે, તે રાજાએ એમ જાણ્યું છે જે,'બળિયો જે ગર્વનર સાહેબ તેનો એ હમેલિયો છે અને જેથી જે બળિયો હોય તેની આગળ માન રહે નહિ' તેમ ભગવાનને સમગ્ર ઐશ્વર્ય-સમૃદ્ધિના ધણી જાણ્યા હોય તો તેને સંતની આગળ માન કેમ રહે ?''

❊ વાઈસરોય પ્લેનમાંથી ઉતરે તે પહેલાં તેનો કૂતરો ઉતર્યો. જામ સાહેબ કૂતરાને ભેટી પડ્યા કે, 'વાઈસરોયનો કૂતરો !' - સંબંધનો મહિમા સમજાયો, કારણ કે વાઈસરોયનો મહિમા હતો.

❊ ઉદ્ધવજી બુદ્ધિશાળી વહીવટકર્તા હતા. પણ ભગવાનનો મહિમા સમજતા તો તેમને ભગવાનને ભજતી ગોપીઓનો મહિમા સમજાયો ને ભગવાનને પ્રાર્થના કરી કે,

આસામહો ચરણરેણુજુષામહં સ્યાં ।
વૃન્દાવને કિમપિ ગુલ્મલતૌષધિનામ્ ॥
યા દુસ્ત્યજં સ્વજનમાર્યપથં ચ હિત્વા ।
ભેજુર્મુકુન્દપદવીં શ્રુતિભિર્વિમૃગ્યામ્ ॥

અહો ! જે ગોપીઓ કોઈથી પણ ત્યાગ ન થઈ શકે એવા સંબંધીજનોનો એ આર્યોના ધર્મમાર્ગનો ત્યાગ કરીને વેદોએ પણ ગોતવા યોગ્ય એવી મુકુંદ ભગવાનની પદવીને ભજે છે; તે આ ગોપીઓના ચરણરજના સ્પર્શવાળી વૃંદાવનમાં વર્તતી ગુલ્મ, લતા, ઔષધિ વગેરેને મધ્યે હું પણ કો'ક થાઉં. (જેથી તેમની ચરણરજ મારા પર પડે ને હું પવિત્ર થાઉં.)

❊ બ્રહ્મા પણ ભગવાનનો મહિમા સમજતા હતા તો

ભગવાનના સંબંધને પામેલ ગોપિકાઓનો મહિમા સમજી શક્યા ને બોલ્યા :

અહો ભાગ્યમ્ અહો ! ભાગ્યં નંદગોપવ્રજૌકસામ્ ।
યન્મિત્રં પરમાનંદં પૂર્ણ બ્રહ્મ સનાતનમ્ ॥

પરમાનંદરૂપ, સનાતન, પૂર્ણ પરબ્રહ્મ જેમના મિત્ર થઈને રહ્યા છે, તે નંદગોપ-વ્રજવાસીઓનાં અહોભાગ્ય છે, તેમનાં ભાગ્યનું વર્ણન થઈ શકે તેમ નથી.

❊ તુલસીદાસને રામચંદ્રજીનો મહિમા હતો તો કહ્યું ;

તુલસી જ્યા કે મુખન સે, ભૂલે નિકસે રામ ;
તાકે પગકી પહેનિયાં, મેરે તનકી ચામ

જે રામનામ બોલે તેના માટે મારી ચામડીના જોડા કરી આપું તોપણ ઓછું છે.

❊ મુક્તાનંદ સ્વામીને શ્રીજીમહારાજનો મહિમા હતો તો ગાયું :

મારા વ્હાલાજી શું વ્હાલપ દિસે રે,
તેનો સંગ શીદ તજીએ; તે વિના કોને ભજીએ...

❊ યોગીજી મહારાજ વડતાલ ગયેલા. ગોમતી કિનારે ઓટો છે. ત્યાં પહેલાં આંબાનું ઝાડ હતું, એ જગ્યાએ બાપા કહે : 'અહીં પ્રસાદીનો આંબો હતો. સત્પુરુષ આજ્ઞા કરે કે આ પ્રસાદીનો આંબો છે. દશ શેર દૂધ પાઓ તો પાઈ દે. પણ બે હરિભક્તોને ચા પાવાનું કહીએ તો માથું ખંજવાળે. કારણ ? મહિમાની ખામી.'

❊ આફ્રિકાવાળા મગનભાઈને શાસ્ત્રીજી મહારાજ અને શ્રીજીમહારાજનો મહિમા અપરંપાર સમજાયેલો તો હરિભક્તોને દંડવત્ કરે, સ્ટેશને વળાવવા જાય તો છૂટા પડતાં રડી પડે.

❊ પંચાળાના દરબાર ઝીણાભાઈને શ્રીજીમહારાજનો મહિમા સમજાયેલો તો વાંઝા જેવી હલકી જ્ઞાતિના માંદા હરિભક્ત કમળશીનો ખાટલો ઊંચકી ઘેર લઈ આવ્યા. જાતે સેવા કરી અને સાજા કર્યા. મહારાજ રાજી થયા. ઝીણાભાઈ ધામમાં ગયા ત્યારે મહારાજે તેઓની નનામી ખભે ઉપાડી અને ઝીણાભાઈ કમળશીનો ખાટલો ઊંચકી ચાલેલા તેનાં કરતાં બમણાં પગલાં નનામી ઊંચકીને ચાલ્યા.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, 'રૂપરામ ઠાકર બિનસત્સંગી બ્રાહ્મણને ન જમાડે ને સત્સંગી કોળીને જમાડતાં.' **(સ્વામીની વાત : ૫/૨૬૧)**

❊ ઘણીવાર આપણને પ્રશ્ન થાય કે ભલે ભક્તને ભગવાનનો સંબંધ થયો પણ તેમના દોષ છે તો તે કેમ ન જોવા ? આ વાત સાચી છે પણ વિચાર વગરની છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, 'ભગવાનના ભક્તનો અવગુણ આવે ત્યારે તેમાં ગુણ હોય તે વિચારવા તો તે અવગુણ ટળી જાય, જેમ પાંચ લડવા આવ્યા હોય તો તે સામા પચાસ આવે તો તેને હઠાવી દિયે; તેમ ગુણ તો ઘણાય હોય તે વિચારવા તો દોષ થોડા હોય તે ટળી જાય; ને જો દોષ ઝાઝા હોય તો સત્સંગમાં રહેવાય નહિ.'

(સ્વામીની વાત : ૨/૧૮)

❊ આમ, જો કોઈ સત્સંગમાં હોય તો તેમાં અવગુણ કરતાં ગુણ વધારે હોય જ. પણ આપણે તે નથી જોતા એટલે સંબંધનો મહિમા સમજી શકતા નથી.

■ **સંબંધનો મહિમા ન સમજાય ત્યારે ? :**

❊ શ્રીજીમહારાજનો કુરાજીપો વહોરવો પડે. શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા મધ્ય-૬૩માં કહે છે. : 'ભગવાનના ભક્ત છે તે તો કેવળ બ્રહ્મની જ મૂર્તિઓ છે એને વિષે મનુષ્યભાવ લાવવો જ નહિ અને જેમ પોતાના દેહના કુટુંબી હોય છે ને તેના હિતને અર્થે આપણે તેને વઢીને કહીએ ને આપણને તે વઢીને કહે પણ અંતરમાં કોઈને આંટી પડતી નથી, તેમ ભગવાનના ભક્તને સંગાથે વર્ત્યું જોઈએ અને જેને ભગવાન ને ભગવાનના ભક્ત સંગાથે આંટી પડી જાય છે તે તો અમને દીઠો પણ ગમતો નથી, ને તે ઉપરથી રીસ પણ કોઈ દિવસ ઊતરતી નથી.'

❊ **વચનામૃત ગઢડા અંત્ય-૨૧ :** 'અમારી આગળ જે કોઈ ભગવાનના ભક્તનું ઘસાતું બોલે તે તો

અમને દીઠો જ ગમે નહિ અને જે ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તેના હાથનું અન્નજળ પણ ભાવે નહિ અને દેહનો સંબંધી હોય પણ જો ભગવાનના ભક્તનો અવગુણ લે તો તે સાથે અતિશય કુહેત થઈ જાય.'

❊ વચનામૃતના પરથારામાં મહારાજની સ્વાભાવિક પ્રકૃતિ વર્ણવતાં લખવામાં આવ્યું છે કે, 'પોતાની આગળ કોઈ સાધુનું અથવા કોઈક હરિભક્તનું કોઈ ઘસાતું બોલે તેને સાંભળીને તેની ઉપર પોતે કચવાઈ જાય છે, ને તેનો અનાદર કરીને ઠપકો દે છે.'

❊ યોગીજી મહારાજ : 'હે શાસ્ત્રીજી મહારાજ ! તમે નિર્દોષબુદ્ધિના ભૂખ્યા છો. તમારા ભક્તમાં અમે નિર્દોષબુદ્ધિ રાખીશું તો તમે પાંહે (પાસે) બેસાડશો. નહીં તો કાઢી મૂકશો.' - આમ, સંબંધનો મહિમા ન સમજાય તો ભગવાન અને સંત કુરાજી થાય છે.

મનધાર્યું છોડાવે, કે બનાવે, તો એની પાછળ આપણું કેમ સારું થાય એવી ભાવના એમના અંતરમાં રહેલી હોય છે - આમ સમજીને આપણે ભગવાને મોકલેલા સુખદુઃખને સ્વીકારી લઈ, આનંદમાં રહીને ભગવાનનું ભજન કરવું. ◆

સ્વામીની વાત : ૨ પ્રકરણ : ૪ વાત : ૩૭

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે.....

પ્રગટ ભગવાન વિના કરોડ નિયમ પાળે, પણ કલ્યાણ ન થાય અને પ્રગટ ભગવાન ને આ પ્રગટ સાધુની આજ્ઞાથી એક નિયમ રાખે તો કલ્યાણ થાય. ને આજ તો મોજ આપી છે તે મોજનું મૂલ હોય નહિ. માટે અગિયાર નિયમ પાળવા ને મહારાજને ભગવાન પુરુષોત્તમ સર્વના કારણ સમજવા, એવી જ્ઞાનની દૃઢતા કરવી. તેને કાંઈ કરવું રહ્યું નથી. ભજન ઓછું થાશે, તીર્થ ઓછાં થાશે, તેની ફિકર નથી.

❀ સ્વામીની વાતનું નિરૂપણ :

❊ આધ્યાત્મિક માર્ગના આરાધકો કલ્યાણ માટે ભજન-ભક્તિ, તીર્થયાત્રા, શાસ્ત્રકથિત કે મનસ્વી અનેક પ્રકારના નિયમો પાળવા વગેરે સાધનો કરે છે. પરંતુ આ બધાં નિયમો- સાધનો વડે તન-મનને અત્યંત કષ્ટ આપવા છતાં પણ એનું ફળ ? સ્વામી અહીં તેની ફળશ્રુતિ બતાવતાં કહે છે કે જે હેતુ માટે કરે છે તે કલ્યાણ તો તેનાથી થતું જ નથી. કારણ કે સ્વામી કહે છે :

❀ પ્રગટ ભગવાન વિના કલ્યાણ ન થાય :

❊ સ્વામી આ વાતમાં કહે છે કે પ્રગટ ભગવાન વિના કરોડ નિયમ પાળે તો પણ કલ્યાણ ન થાય.

❊ બ્રહ્માનંદ સ્વામી :

कोउ करत उपवास, कोउक अन्न खात अलूना;

कोउ खात फूल कंद, कोउ बोलत कोउ मुना.
कोउ टाढे तप करत, कोउक ऊँधे शिर झूले;
मन कृत कुं सत्य मान, मोक्ष मारग से भूले.
वासना हृदय त्यागे बिना, विफल करत वनवास है;
कहे ब्रह्ममुनि हरि प्रगट बिन, सब माया के दास है.

❊ મુક્તાનંદ સ્વામી કહે છે :

પરોક્ષથી ભવ તણો પાર આવે નહીં,
વેદ વેદાંત કહે સત્ય વાણી...

❊ સ્વા.વાત-૫/૧૫ : ભોગાવાને કાંઠે ઢૂંઢિયો તાપમાં તપ કરતો હોય તે નર્કમાં જાય ને આશરાવાળાને છોકરાં હોય તો પણ તેનો કુટુંબે સહિત મોક્ષ થાય. એ વાત સર્વેને સમજ્યામાં ન આવે.

❊ કોઈ પોતાની મેળે કોઈ શેઠના બંગલાનું આંગણું સાફ કરી દે, તો તેને કોણ વળતર આપે ? પણ શેઠના કહેવાથી વાળે તો પગાર મળે. તેમ મનમાન્યા ગમે તેટલા કઠણ નિયમો પાળીએ, પણ તેનું ફળ ન મળે અને પ્રગટ ભગવાન કે સત્પુરુષની આજ્ઞાથી એક નિયમ પાળવાથી પણ કલ્યાણ થાય.

❊ શાસ્ત્રમાં ભલે અનેક નિયમો બતાવ્યા હોય પણ તે કલ્યાણના સાધનરૂપ ન બની શકે, જેમ આપણો પોતાનો મૅડિકલ સ્ટોર હોય, તેમાં બધા જ પ્રકારની દવા આપણી જ માલિકીની હોય, છતાં પોતાની મેળે લેવાથી રોગ ન જાય. તેને માટે તો ડૉક્ટર જે દવા બતાવે તે જ દવા તે રીતે જ લેવાથી રોગ દૂર થાય છે. આથી સ્વામી આગળ કહે છે :

❀ પ્રગટ ભગવાનની આજ્ઞાથી એક નિયમ પાળવાથી કલ્યાણ થાય.

❊ મુક્તાનંદ સ્વામી :

મનમત્ત થઈને તું કોટિ સાધન કરે,
સદ્‌ગુરુ શબ્દ વિણ સર્વ કાચું

❊ 'યોગી ગીતા'માં યોગીજી મહારાજે કહ્યું છે : 'પ્રગટની એક આજ્ઞા એ બીજી કરોડ આજ્ઞાઓ કરતાં વધારે છે.'

❊ મુંબઈમાં એક ગુણભાવી ૧૩ મહિનાના ધારણા-પારણા કરીને યોગીજી મહારાજના આશીર્વાદ લેવા આવ્યા. યોગીજી મહારાજે તેમની ખૂબ પ્રશંસા કરી, રાજીપો બતાવ્યો. તેમના ગયા પછી યોગીજી મહારાજે સંતો-યુવકોને કહ્યું, 'શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી એક ઉપવાસ કરે તો આ ૧૩ મહિનાના ધારણા-પારણાથી અધિક ફળ મળે.'

❊ ગુણાતીતાનંદ સ્વામી કૃપાનંદ સ્વામીના મંડળ સાથે ગિરનારની તળેટીમાંથી પસાર થતા હતા. એક મુમુક્ષુ ગિરનાર પર્વતની દંડવત્ કરતાં કરતાં પ્રદક્ષિણા કરતો હતો. ગુણાતીતાનંદ સ્વામીએ કારણ પૂછ્યું, તો કહે, 'આ પર્વતમાં કોઈ સમર્થ સિદ્ધ પુરુષ હોય, તો તેને દંડવત્-પ્રદક્ષિણા થઈ જાય તો મારું કલ્યાણ થઈ જાય.' ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'આ કૃપાનંદ સ્વામી એવા સિદ્ધ પુરુષ છે, એમને એક દંડવત્ કરો. કલ્યાણ થશે.' પણ પેલાને ન મનાયું.

❊ શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં અર્જુનને કહ્યું કે : 'તારા મનના માનેલા બધા ધર્મો મૂકીને મારે એકને જ શરણે તું આવ. હું તને સર્વ પાપોમાંથી મૂકાવી મોક્ષ કરીશ.'

❊ તેમ, અત્યારે શ્રીજીમહારાજ પ્રમુખસ્વામી મહારાજ દ્વારા પ્રગટ છે. એમની આજ્ઞા પાળવામાં જ મોક્ષ કે કલ્યાણ સમાયેલું છે. ઘરસભા, નિત્યપૂજા, રવિસભા... વગેરે ભલે સામાન્ય આજ્ઞાઓ લાગે, પણ તેથી જ કલ્યાણ થાય. પેટનો દુખાવો મટાડવાની ગોળી પેટ જેટલી ન હોય, માથાનો દુખાવો મટાડવાની ગોળી માથા જેટલી ન હોય, છતાં રોગ ટાળે. તેમ પ્રગટની એક આજ્ઞાથી પણ કલ્યાણ થાય,

ભલે તે આજ્ઞા સામાન્ય લાગે.

* ખરેખર ! પ્રગટના આશરાનું આ બળ છે. કૃપાનું ફળ છે. તેથી તો સ્વામી આગળ કહે છે :

❀ આજે અમૂલ્ય મોજ આપી છે :

* મોજ અર્થાત્ હૈયાની ઊલટ, અકારણ દયા. એનાથી થોડામાં ઝાઝું કામ થાય છે પણ એ ક્યારે મળે ? એમને રાજી કરી લઈએ ત્યારે, એમની આજ્ઞા - અનુવૃત્તિ પાળીએ ત્યારે.
* જૂનાગઢના નવાબને હોકો ભરી આપ્યો તેટલામાં ગોંડલ નરેશને નવાબે મોજમાં આવીને સારામાં સારા ૪૦ ગામોનું ધોરાજી પરગણું બક્ષિસરૂપે આપી દીધું ! તેમ સ્વામીની મોજમાં મોક્ષ મળી જાય.
* રામદાસ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી જૂનાગઢથી વંથળી કલ્યાણભાઈને સંદેશો આપવા ગયા. રસ્તામાં ભજન કરતાં કરતાં જવાનું સ્વામીએ કહેલું, તેમ કરવાથી રામદાસ સ્વામીને વંથળી ગામના કોટના કાંગરે કાંગરે મહારાજની મૂર્તિનાં દર્શન થયાં.
* સ્વામી કહે છે આપણે ઝાઝું કાંઈ કરવાનું નથી. ફક્ત અગિયાર નિયમ પાળવા. પ્રેમાનંદ સ્વામીએ આ અગિયાર નિયમો પ્રાર્થનામાં ગૂંથ્યાં છે : 'निर्विकल्प उज्ज़म अति निश्चय तव घनश्याम...'
* પ્રો. નવીનભાઈ સ્વામિનારાયણ લંડન સ્થાયી થવા ગયા ત્યારથી નિયમ-ધર્મમાં ચૂસ્ત રહ્યા હતા, તો '૭૦માં યોગી બાપા લંડન ગયા, ત્યારે સામેથી એમને ત્યાં પધરામણીએ ગયા અને ખૂબ રાજીપો દર્શાવ્યો. આ માટે ખૂબ તકલીફ વેઠવી પડી, એને પણ ગણકારી નહીં.

❀ જ્ઞાનની દૃઢતા રાખવી :

સ્વામી આ જ વાતમાં સમજાવે છે એ પ્રમાણે મહારાજને ભગવાન પુરુષોત્તમ સર્વના કારણ સમજવા. કારણ કે :

* સ્વા.વાત-૩/૧૨ : મહારાજને પુરુષોત્તમ જાણ્યા વિના અક્ષરધામમાં જવાય નહિ.
* વચ.ગ.મ.૧૩માં શ્રીજીમહારાજે કહ્યું છે કે, 'ઉપાસના વિના વાંધો ભાંગશે નહિ.'
* અમોધાનંદ સ્વામી શ્રીજીમહારાજના દીક્ષિત સંત હતા, ધર્મનિયમમાં પણ બરાબર વર્તતા હતા, પણ ઉપાસનામાં ફેર હતો. તેઓ મહારાજને શ્રી રામચંદ્રજી જેવા જાણતા હતા, તો વૈકુંઠમાં વાસ થયો, અક્ષરધામની પ્રાપ્તિ ન થઈ.
* આથી પ્રગટની આજ્ઞા પાળવાની સાથે સાથે પ્રગટના સ્વરૂપને યથાર્થ ઓળખવું અર્થાત્ ઉપાસનાના જ્ઞાનની દૃઢતા કરવી તે પણ અતિ મહત્ત્વનું છે. ગુણાતીતાનંદ સ્વામી 'આજ્ઞા અને ઉપાસના બેય પાંખ છે' - એવું કહીને બંનેની અનિવાર્યતા - અગત્યતા બતાવે છે. જો આ બે

વાનાં બરાબર હોય, તો આ જ વાતમાં સ્વામી કહે છે એ મુજબ તેને હવે કો ઈ સાધન

નથી, અર્થાત્ તેનું

કલ્યાણ નિશ્ચિત થાય છે.

सरखी गौरवतानु

સ્વામીની વાત : પ્રકરણ - ૪ : વાત - ૯૨

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે...

જે જે લખ્યું છે તે વાંચ્યું નહિ, તો તે લખ્યું તે ન લખ્યું; ને કદાપિ વાંચ્યું પણ તેમાં શરત ન રાખી, તો તે વાંચ્યું તે ન વાંચ્યું. ને કદાપિ શરત રાખી પણ તેમ કરવાને માર્ગે ન ચલાય, તોપણ શું ? માટે રજ, તમ ન હોય ને સત્ત્વની પ્રવૃત્તિ હોય ત્યારે સ્થિર થઈને સ્થિર મને વાંચીને મનનો તપાસ કરવો તો તે સમાસ કરે. તે મનના તપાસનું કહ્યું છે જે, શબ્દ સર્વે જુદા જુદા પોતાના ઉરમાં લેવા ને તપાસવા; ને એમ થાય છે કે નહિ, તેનો તપાસ કરીને એમ જ કરવું.

■ **મધ્યવર્તી ઉપદેશ :**

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં આપણને અંતર્દષ્ટિ કરતા રહેવાની શીખ આપે છે.

■ **અંતર્દષ્ટિ શા માટે ? :**

(૧) સુખ માટે

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે, 'પ્રતિલોમપણે હૃદયમાં સંકલ્પ સામું જોવું તથા પ્રતિલોમપણે ભગવાનનું ધ્યાન કરવું ને તેમાં જ સુખ છે પણ પ્રતિલોમ જેવો બીજો સુખનો ઉપાય નથી, માટે પ્રતિલોમનો અભ્યાસ નિરંતર રાખવો એ સિદ્ધાંત વાત છે તે વચનામૃતમાં મહારાજે બહુ ઠેકાણે કહ્યું છે ને મોટા સંતનો એ આગ્રહ મુખ્ય છે ને પ્રતિલોમ વિના યથાર્થ જ્ઞાન થાતું નથી.'

❊ નિષ્કુળાનંદ સ્વામી :

મૈં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ;
સદ્ગુરુ મિલિયા અનાદિ, મીટ ગઈ સર્વે ઉપાધિ.

❊ અંતર્દષ્ટિ કરી પોતાના સ્વરૂપનું જ્ઞાન મેળવ્યું તો ઉપાધિ મટી ગઈ.

❊ એક ફકીરને રસ્તે ચાલતા દોરડું મળ્યું. ખભે નાખ્યું. બપોરે ઝાડ નીચે આરામ કરવા રોકાયો. દોરડું બાજુમાં મૂક્યું. કોઈ ચોરી ગયું તેથી દુ:ખી થયો. પણ પછી વિચાર્યું : 'રસ્સા પાયા જ નો'તા. ઘેરથી નીકળ્યો ત્યારે ક્યાં મારી પાસે હતું તે અત્યારે શોક કરવા બેઠો ?' ઉદાસી ટળી ગઈ ને સુખ થઈ ગયું.

❊ એક વાણિયે પરદેશમાં જઈને કરોડ સોનાનાં રાળ (રાળ એટલે અગાઉના વખતમાં સોનામહોર જેવું ચલણી નાણું. એક પ્રકારનો સિક્કો. દિવના પોર્ટુગીઝોના આ સિક્કાની પ્રતિષ્ઠા ઊંચી હતી.) ભેગા કર્યાં. બે વહાણ ભરીને આવ્યો. તેણે કાંઠે ઊતરતાં પાટિયા પર પગ દીધો કે વહાણ બૂડ્યું. વાણિયે વિચાર્યું : 'અહો ! થયું ને માથે.' પણ પછી કહે, 'હશે જન્મ્યા ત્યારે એ ક્યાં હતા ?' - શાંતિ થઈ ગઈ.

(૨) આપણા દોષ સૂઝે તે માટે

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે અંતર્દષ્ટિ કરીને હૈયામાં જોવું ને તે વિના ગુણદોષ યથાર્થ ન સૂઝે ને અંતર્દષ્ટિ કરવી એ નિર્ગુણપણું છે ને બાહ્યદષ્ટિમાં સગુણપણું છે. વળી, બાહ્યદષ્ટિ દૈત્યની કહી છે ને અંતર્દષ્ટિ રાખવાનો અભ્યાસ કરતાં સુખ પણ થાય ને જેમ ચકમક ખરે ને ખેરતાં દેવતા કળીમાં લાગી જાય, એમ કોઈક દિવસ પ્રકાશ થઈ જાય, એ સિદ્ધાંત છે.

બુરા દેખન મૈં ચલા, બુરા મિલા ન કોય;
દિલ મેં ખોજા અપના, તો મુજસે બુરા ન કોય.

❊ પરમચૈતન્યાનંદ સ્વામી મોટા સદ્ગુરુ હતા પણ અંતર્દષ્ટિ કરી ત્યારે બોલ્યા : 'બાર વર્ષ ગુરુ રહ્યો, બાર વર્ષ સદ્ગુરુ રહ્યો પણ સત્સંગી તો આજ થયો.'

❊ સરાણિયો ચપ્પાને ધાર કાઢતાં વારે વારે જુએ - તેવી અંતર્દષ્ટિથી ખબર પડે કે કેટલા દોષો ટળ્યા ને કેટલા બાકી છે.

❊ અમેરિકાનો પ્રખ્યાત ચિંતક 'બેન્જામિન ફ્રેંકલીન' વાર પ્રમાણે કોષ્ટક બનાવતો કે આજે એને કેટલો ક્રોધ થયો વગેરે... અને ધીરેધીરે તે સ્વભાવને ટાળતો.

❊ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા પ્રથમ-૬૦માં કહે છે : ''વાસના ટાળવાની એમ વિગતિ જે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેને વિષે જેટલી પોતાને તૃષ્ણા હોય તેનો વિચાર કરવો જે, મારે જેટલી ભગવાનને વિષે વાસના છે તેટલી જ જગતને વિષે છે કે ઓછી વધુ છે ? તેની પરીક્ષા કરવી ને જેટલી ભગવાનની વાત સાંભળવામાં શ્રોત્ર ઈન્દ્રિય લોભાતી હોય તેટલી જ જગતની વાત સાંભળવામાં લોભાતી હોય તો એમ જાણવું જે 'ભગવાનમાં ને જગતમાં બરોબર વાસના છે' એવી જ રીતે સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સર્વે

વિષયનો તપાસ કરવો. અને જ્યારે એવી રીતે તપાસ કરતો કરતો જગતની વાસનાને ઘટાડતો જાય ને ભગવાનની વાસના વધારતો જાય તેણે કરીને તેને પંચવિષયને વિષે સમબુદ્ધિ થઈ જાય છે; ને સમબુદ્ધિ થયા પછી નિંદા ને સ્તુતિ સરખા લાગે અને સારો સ્પર્શ અને ભૂંડો સ્પર્શ સરખો લાગે; તેમ સારું રૂપ ને ભૂંડું રૂપ તથા બાળ, યુવાન ને વૃદ્ધ એવી જે સ્ત્રીઓ તથા કચરો ને કંચન એ સર્વે સરખું લાગે તેમજ સારા ને ભૂંડા જે રસ ને ગંધ તે પણ સરખા ભાસે.'' આમ, અંતર્દષ્ટિ કરવાથી વાસના ટાળવાનો ખ્યાલ આવે.

- ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે પાછું વળવું એમ મહારાજનો ને મોટા સાધુનો સિદ્ધાંત છે.

(સ્વામીની વાત : ૬/૧૫૩)

- ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે લખવું, ભણવું તે તો ઠીક છે ને ભક્તિનું કાંઈ સરું આવતું નથી, પણ નિયમ રાખી બબ્બે ઘડી આત્મા-અનાત્માનો વિવેક કરવા માંડે ને બબ્બે ઘડી રટણ કરે ને બબ્બે ઘડી વૃત્તિઓ રુંધીને બંધ કરે ને બબ્બે ઘડી ભક્તિ કરે, તો એમ જણાય જે, જીવ વૃદ્ધિ પામે છે તો ખરો, ને નિયમ વિનાનું તો પાણીનો ઘડો ઢોળ્યા જેવું થાય છે. **(સ્વામીની વાત : ૨/૪૦)**
- પ્રમુખસ્વામી મહારાજ ઘણીવાર વાત કરે છે કે, 'આગળ જાય વાવતો ને પાછળ જાય ટોરતો.' તેમ સત્સંગ કરીએ પણ અંતર્દષ્ટિ ન કરીએ તો દોષ વધ્યા-ઘટ્યા તેનો ખ્યાલ ન આવે.
- અલૈયા ખાચરે બે હજારને સત્સંગ કરાવ્યો પણ પોતાનો કેવો દૃઢ છે ? તેની અંતર્દષ્ટિ ન કરી તો વિઘ્ન આવ્યું.
- વચનામૃત ગઢડા અંત્ય-૩૦માં શ્રીજીમહારાજ પાંચ વાર્તાનું નિરંતર અનુસંધાન રાખવાનું કહે છે. તેમાં આ જ વાત કહી છે, ''અમારા મનમાં પંચવિષયની વાસના ટળી ગઈ છે કે નથી ટળી ? અને એમ જાણું છું જે ટળી તો ગઈ છે ત્યારે તે વિષયની જે ક્રિયા તે કેમ થાય છે ? ત્યારે રખે ન ટળી હોય ? એમ અણવિશ્વાસનું નિરંતર અનુસંધાન રહે છે.''
- સિંહ બે ડગલાં આગળ ચાલે ને વળી પાછું વાળીને જુએ. આવી સિંહાવલોકી દૃષ્ટિ સત્સંગમાં હોય તો પોતાના દોષ સૂઝે.
- સુરાખાચરને શ્રીજીમહારાજે પૂછ્યું : ''કેટલી માળા ફેરવો છો ?''. ''૫૦૦''. પછી મુક્તાનંદ સ્વામીને પૂછ્યું, 'તમે માળા કેટલી ફેરવો છો ?' '૫૦.' 'કેવી રીતે ફેરવો છો ?' મુક્તાનંદ સ્વામીએ કહ્યું, 'માળા કરતો હોઉં ને વચ્ચે આપની મૂર્તિ સિવાય બીજો સંકલ્પ થાય તો તે માળા રદ ગણું.'' સુરાખાચરને આ વિચાર જ નહોતો. મુક્તાનંદ સ્વામી અંતર્દષ્ટિવાળા હતા તો સંકલ્પને ઓળખી શકતા.
- એકવાર મહારાજે સુરાખાચરને પૂછ્યું : ''સંકલ્પ-વિકલ્પ થાય છે ?'' સુરાખાચર કહે ''મહારાજ ! તમે મળ્યા ને સંકલ્પ-વિકલ્પ શેના ?'' પછી મુક્તાનંદ સ્વામીને પૂછ્યું. ત્યારે મુક્તાનંદ સ્વામીએ ધૂળનો ખોબો ભર્યો ને મહારાજને કહ્યું : 'આમાં જેટલાં રજકણ છે, તેટલા સંકલ્પ થાય છે.'' મુક્તાનંદ સ્વામી અંતર્દષ્ટિવાળા હતા તો સંકલ્પ-વિકલ્પને ઓળખી શકતા. માટે સત્સંગમાં આગળ ગયા કે પાછળ ગયા તે જોવા - જાણવા અંતર્દષ્ટિ જરૂરી.

મુક્તાનંદ સ્વામી માટે અંતર્દષ્ટિ કરીએ તો આપણી સ્થિતિની ખબર પડે.

- ગુણાતાતીનંદ સ્વામી કહે છે કે, ''વારંવાર અંતર્દષ્ટિ કરવી જે, આ તે હું શું કરવા આવ્યો છું ને શું થાય છે. દેહ ઉન્મત્ત છે, ઈન્દ્રિયું ઉન્મત્ત છે. તે સારુ પ્રથમ ભક્તિ કરવી, કેમ જે, મહારાજ ભક્તિવાળા ઉપર બહુ રાજી થાતા ને થાળ આપતા, અને ભક્તિએ કરીને, વ્રત ઉપવાસે કરીને, તપે કરીને નિર્દય થકો ઈન્દ્રિયું ને દેહને દંડ દેવો ત્યારે ભગવાન

ભજવા દે ને ભગવાન રાજી થાય છે; ને પ્રકૃતિપુરુષ સુધી પંચવિષય રૂપી હોળી લાગી છે તે કૂટે છે. મહારાજ કહે પંચવિષય રૂપી પાતાળ ફાટ્યાં છે તે પાણીએ ભરવા માંડે પણ ભરાય નહિ. 'વેરી ઘરમાં હિ તેરે જાનત સનેહિ મેરે' તે માટે માયિક ધૂળ્ય જેવા પંચવિષય તેનો ત્યાગ કરી દેવો ને આને આ દેહે ખોટા કરી નાખવા ને મળવત્ કરીને સર્વેને નાશવંત ને તુચ્છ જાણવા. એવી રીતે દેહ, લોક, ભોગ, દેવતાના લોક એ સર્વેનો નિષેધ કરવો, તેણે કરીને વૈરાગ્યને પમાય છે ને તેને પામીને અંતર્દષ્ટિ કરવી. આ લોકમાં શો માલ છે! ને આ વાડી લીધી છે તે શું ? પાણા ને કાંટા છે. અમને તો કાંઈ માલ જણાણો નહિ, પણ આ બજારના કાંટા કરતાં એ સારા છે અને શહેર સેવવે કરીને પણ બહુ જ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. ને શહેર કરતાં ગામડું સારું, કેમ જે, ગામડામાં એકવાર હોળી અને શહેરમાં બારેમાસ હોળી ને બારેમાસ દિવાળી, ને ગામડામાં વિવાહ હોય ત્યારે વિવાહ ને શહેરમાં બારેમાસ વિવાહ પણ એમાં કાંઈ માલ નથી.''

(સ્વામીની વાત : ૬/૭૫)

❊ ગુણાતાતીનંદ સ્વામી : નિરંતર સર્વ ક્રિયામાં પાછું વાળી વાળીને જોવું જે, મારે ભગવાન ભજવા છે ને હું શું કરું છું ? એમ જોયા કરવું.

(સ્વામીની વાત : ૨/૩૫)

■ **અંતર્દૃષ્ટિ કેવી રીતે કરવી ? :**

❊ હું કોણ છું ? ક્યાં છું ? ક્યાં જઈશ ? ક્યા કારણે અહીં છું ? શા માટે શોક-દુઃખ કરું છું ? તેમ જ્ઞાનીઓએ વિચારવું. **(મહાભારત)**

❊ દોષોની અધિકતા અને લાઘવતાની પરીક્ષા કરીને પોતાનામાં કયા કયા દોષ છે, કયા કયા નષ્ટ થયા છે અને કયા કયા દોષ બાકી છે એને એક-એક કરીને સદા વિચાર કરવો. **(મહાભારત)**

❊ માનવે દરરોજ પોતાના આચરણની પરીક્ષા કરતા રહેવું જોઈએ અને તપાસવું જોઈએ કે મારું આચરણ પશુઓની સાથે સરખાવાય એવું છે કે સજ્જનોની સાથે ?

❊ **ગઢડા પ્રથમ-૩૮ :** ''જે સત્સંગી હોય તેને જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે, પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું અને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી, એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો અને પોતાના મનમાં જેટલી જગતની વાસના બાકી રહી ગઈ હોય તેને થોડે થોડે નિરંતર ટાળવી.''

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે આપણે તપાસ કરવો જે, હજાર રૂપિયા મળે તેનું શું ફળ છે ને લાખ રૂપિયા મળે તેનું શું ફળ છે ને કરોડ રૂપિયા મળે તેનું શું ફળ છે ? કેમ જે રોટલાથી વધારે ખવાતું નથી માટે તેનો તપાસ કરવો ને પાછા વળવા શીખવું. **(સ્વામીની વાત : ૧/૩૪)**

❊ ગઢડા મધ્યના ૮મા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે બાહેર અથવા માંહેલી કોરે ભગવાનની મૂર્તિ સામે જે વૃત્તિ કરવી એ જ અંતર્દષ્ટિ છે ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તેનું પૂજનવંદનાદિક જે કરવું તે પણ અંતર્દષ્ટિ છે. બાહેર ભગવાનનું દર્શન તથા પૂજન તથા ભગવાનનાં કથા-કીર્તન એ આદિક જે જે ભગવાન સંબંધી ક્રિયાઓ હોય તે સર્વે અંતર્દષ્ટિ જ છે.

❊ ગઢડા પ્રથમના ૪૯મા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તે સામું જોઈ રહેવું અથવા બહાર ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું તેનું નામ અંતર્દષ્ટિ છે.

❊ અહીં ભગવાનની મૂર્તિ કે સંતની મૂર્તિ સામે જોઈ રહેવું એટલે તેમના જીવન સામે જોઈને તે આપણા જીવન સાથે સરખાવતા જવું. સ્વામીબાપા કેવી દઢતાથી નિયમ પાળે છે ને મારે કેટલી દઢતા રહે છે ?

❊ સ્વામીબાપા કેવા નિર્માની થઈને સેવા કરે છે ને હું સત્સંગમાં ક્યારે, ક્યાં, કેવું, કેટલું માન રાખીને સેવા કરું છું ? કે કેટલી માનની ઈચ્છા રહે છે ?

❊ સ્વામીબાપા કેટલા અનાસક્ત થઈ વિચરે છે ? જ્યારે હું તો વિષયમાં જ રચ્યોપચ્યો છું ?

આ રીતે સત્પુરુષ સામે અને ભગવાન સામે જોવાનું.

❊ વચનામૃત ગઢડા પ્રથમ-૬૭મા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે જે પુરુષને પરમેશ્વર વિનાની બીજે ક્યાંય પ્રીતિ ન હોય તેનો એમ ગુણ ગ્રહણ કરે જે, આ પુરુષ તો અતિશય મોટા છે અને એને આગળ લાખો માણસ હાથ જોડીને ઊભા રહે છે તોપણ લેશમાત્ર સંસારના સુખને ઈચ્છતા નથી. અને હું તો પામર છું જે કેવળ સંસારના સુખમાં આસક્ત થઈ રહ્યો છું અને પરમેશ્વરની વાતમાં તો લેશમાત્ર સમજતો જ નથી માટે મને ધિક્કાર છે, એવી રીતે અનુતાપ કરે અને મોટા પુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અવગુણ ગ્રહણ કરીને અનુતાપ કરે. પછી એમ ને એમ પરિતાપ કરતે કરતે તેના હૃદયને વિષે વૈરાગ્ય ઉપજે અને પછી સત્પુરુષના જેવા ગુણ આવે છે.

❊ અંતર્દષ્ટિમાં મુખ્ય ચાર વિચાર કરવાના.

■ **આત્મવિચાર :**

❊ હું કોણ ને જઈશ ક્યાં તેનો કરું હવે નિરધારજી ?

❊ તું કોણ ને અલ્યા કોને વળગી રહ્યો ?

❊ **વણ સમજ્યે કહે મારું મારું.......** - નરસિંહ મહેતા

❊ તમારી જાતને ઓળખો - સોક્રેટીસ

❊ **ગઢડા પ્રથમ-૨૦ :** ''આ દેહમાં રહેનારો જે જીવ છે તે રૂપને જુવે છે અને કુરૂપને જુવે છે તથા બાળ, યૌવન અને વૃદ્ધપણાને જુવે છે, એવા અનંત પદાર્થને જુવે છે પણ જોનારો પોતે પોતાને જોતો નથી અને કેવળ બાહ્યદૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે પણ પોતે પોતાને નથી જોતો તે જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે અને તે જ ઘેલામાં અતિશય ઘેલો છે અને એ જ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે. અને એ જ સર્વ નીચમાં અતિશય નીચ છે.''

❊ આપણું સાચું સ્વરૂપ આત્મા છે તે અંતર્દષ્ટિ કરીને દૃઢ કરવાનું છે. જે શરીર ૧૦૦ કિલો વજન ઉપાડી શકે તે આત્મા નીકળી ગયા પછી એક કાગળનો ટુકડો પણ નથી ઉપાડી શકતું તો ક્યાં ગઈ શક્તિ? કોની હતી શક્તિ ? મૃત્યુ બાદ શરીર તો એવું ને એવું જ દેખાય છે, છતાં કંઈક એવું હતું જે નીકળી જવાથી શક્તિ ગઈ. તે આત્મા આપણું સ્વરૂપ છે. શરીરમાં આત્મા હોય તો સહેજ અગરબત્તી અડે તોય માણસ ઝબકી જાય પણ આત્મા નીકળ્યા પછી શરીરને અગ્નિમાં બાળી દે છે તોય શરીર હલતું નથી. તો ક્યાં ગઈ સંવેદના ? ને કોની હતી સંવેદના ? તે જેને લીધે હતી તે આત્મા આપણું સાચું સ્વરૂપ છે.

❊ આપણા બાળપણ, કિશોર, યુવાની ને ઘડપણના શરીરમાં તો ઘણા ફેરફાર થઈ ગયા હોય છે. છતાં તેના ફોટા પાડેલા હોય ને કોઈ પૂછે તો ઓળખાણ ચારેય ફોટાની એક જ અપાય કે 'આ મગનભાઈ છે.' જો શરીર આપણું સ્વરૂપ હોય તો ઓળખાણ બદલાવી જોઈએ. કારણ કે શરીર તો બદલાયેલા સ્પષ્ટ દેખાય છે. પરંતુ અંદર આત્મા છે તે આપણું સાચું સ્વરૂપ છે ને તે એક છે તેથી ઓળખાણ એક રહે છે. આ રીતે અંતર્દષ્ટિ કરી 'હું આત્મા છું, દેહ નહીં' તે વિચાર કરવો.

❊ બંગલામાં કોઈ રહેતું હોય ને આપણે તેના નામની બૂમ મારીએ તો હોંકારો દે, અંદર કોઈ ન હોય તો જવાબ ન મળે. તેમ શરીરમાં આત્મા છે તો નામ સાંભળતા જ માણસ જવાબ આપે છે. મૃત્યુ બાદ શરીર તો પડ્યું હોય છે છતાં તે વ્યક્તિ ઉત્તર આપતો નથી. તે પરથી ખ્યાલ આવે કે અંદર આત્મા છે ને તેથી જ જોઈ,

બોલી, ચાલી શકાય છે. આવો આત્મા આપણું સ્વરૂપ છે તે વિચાર કરવો.

❊ આત્મા સુખરૂપ છે, સત્તારૂપ છે, આનંદરૂપ છે, અવિનાશી છે તે વિચાર પણ કરવો. આ વિચારથી શાંતિ રહે.

❊ એક રાજા ખૂબ દુઃખી હતો. એક સાધુએ કહ્યું : 'તમે સુખી માણસનું ખમીસ પહેરશો ત્યારે સુખી થશો.' રાજાએ સુખી માણસની શોધ માટે ચારેબાજુ સિપાઈઓ દોડાવ્યા ને એક માણસ એવો મળ્યો કે જેને કોઈ પ્રશ્ન નહોતો અને સુખી હતો. પણ તેની પાસે ખમીસ પણ પહેરવા નહોતું. સિપાઈઓએ રાજાને વાત કરી. રાજા બુદ્ધિશાળી હતો. સમજી ગયો કે આ વ્યક્તિ અંદરથી સુખ મેળવતી હોવી જોઈએ. તે પણ અંતર્દષ્ટિ કરી સુખિયો થયો.

❊ કસ્તુરી મૃગની નાભિમાંથી જ કસ્તુરીની સુવાસ આવતી હોય છતાં તે જંગલમાં લેવા ભટકે છે. તેમ સુખ આત્મામાં રહેલું છે પણ આપણે બહાર શોધવા ભટકીએ છીએ. અંતર્દષ્ટિ કરતાં આ ખ્યાલ આવે તો ઘણા ઉધામા શમી જાય.

❊ આત્માનો વિચાર રહે તો સાધનામાર્ગ નિર્વિઘ્ન રહે, માન-અપમાન ન લાગે. 'જ્યાં લગી આત્મતત્વ ચિન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વે જૂઠી''

❊ ધોબીઓ ભાંગ પી હોડી ચલાવવા બેઠા. આખી રાત હલેસાં માર્યાં. સવારે જોયું ત્યાંના ત્યાં જ હતા. લંગર છોડવાનું ભૂલી ગયેલા. આત્માને ઓળખ્યા વિના સર્વે સાધના ખોટી થઈ રહે છે. માટે આત્મ-વિચાર અંતર્દષ્ટિમાં કરવો.

■ **સાંખ્યવિચાર :**

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે 'સાંખ્યની દૃઢતા કેમ થાય ? એ પ્રશ્નનો ઉત્તર કર્યો જે, માણસ મરી જાય છે, દેહ ઘરડો થાય છે, તે જોવું. ને નિત્યપ્રલય, નિમિત્તપ્રલય ને પ્રાકૃતપ્રલય તેનો વિચાર કરવો. ને સાંખ્ય ને જોગ સિદ્ધ કરવાનું કારણ આ સમાગમ છે.' **(સ્વામીની વાત : ૧/૯૭)**

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે ''સત્યુગ, દ્વાપર, ત્રેતા ને કળિ એ ચાર યુગની ચોકડી. એવી એકોતેર ચોકડી એક ઈન્દ્ર રાજ કરે, એવા ચૌદ ઈન્દ્ર પડે ત્યારે એક દિવસ વૈરાટ નારાયણનો થાય. તે એવા ત્રીસ દિવસનો એક માસને એવા બાર માસનું એક વરસ, એવાં સો વરસ થાય ત્યારે તે વૈરાટ નારાયણ પડે ત્યારે પ્રધાનપુરુષનો એક દિવસ થાય. ને એવાં સો વર્ષ થાય ત્યારે પ્રકૃતિપુરુષનો એક દિવસ થાય. ને એવાં સો વર્ષ પ્રકૃતિપુરુષ જીવે તોપણ એક દિવસ તેને કાળ નાશ કરી નાખે છે. ત્યારે કહો, એની આગળ આપણી શું આયુષ ? એટલા સારુ જીવ શું મારું મારું કરતા હશે ? માટે કાંઈ છે જ નહિ; માટે થોડાકમાં કામ સાધી લેવું ને એવું મંડવું કે 'અર્થં સાધયામિ વા દેહં પાતયામિ.''

(સ્વામીની વાત : ૬/૧૮)

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે ''સર્વત્ર 'જન્તોર્વ્યસનાવગત્યા॥' સર્વે જોવું જે કેટલાકને દાણા નથી મળતા ને ભગંદર, જળંધર, કઠોદર એવા અનંત રોગ થાય છે. વણથળીના બળદનું, મારવાડના ઊંટનું ને પિશોરીના ગધેડાનું એ સર્વેનાં દુઃખ જોવા ને ઢોરને ચાર મહિના ચાંદ્રાયણ ઉનાળામાં થાય છે, એવાં જન્મમરણ, ગર્ભવાસ, ચોરાસી, જમપુરી એવાં હજારો દુઃખ છે તે 'જન્મમૃત્યુજરાવ્યાધિદુઃખદોષાનુદર્શનમ્ ॥' એમ જોઈને વિચારવું જે હમણાં સારું દેહ છે માટે થોડામાં કામ કાઢી લેવું.''

(સ્વામીની વાત : ૬/૮૭)

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે 'સાંખ્ય વિચાર કરવા શીખવો ને સાંખ્ય વિના લોભ, કામ, સ્વાદ, સ્નેહ ને માન એ પાંચ દોષ તથા અધ્યાત્મ, અધિભૂત ને અધિદૈવ એ ત્રણ તાપ એ સર્વેનું દુઃખ મટે નહિ ને સાંખ્ય વિના અરધો સત્સંગ કહેવાય. માટે સુખિયા રહેવાને અર્થે સાંખ્ય વિચાર શીખવો'

(સ્વામીની વાત : ૧/૨)

❊ સાંખ્ય વિચારથી સાંસારિક સુખ-દુઃખમાં શાંતિ રહે.
- સદાશિવને હવેલી બળી ગઈ તોય સ્થિરતા રહી.
- દેવજી ભગતને એકનો એક દીકરો મર્યો તોય ધીરજ રહી.

❊ પ્રભુદાસ લાલાજી -૧૯૭૧માં આફ્રિકામાંથી ઈદી અમીને બધાને કાઢ્યા તો તેમને બધી મિલકત મૂકીને આવવું પડ્યું - કો'કે પૂછ્યું : 'તમારે ઘણું બધું ગુમાવવું પડ્યું.' તેઓ કહે : 'હું કાંઈ ગુમાવીને નથી આવ્યો. મેળવીને આવ્યો છું. ધોતિયું પહેરીને ગયેલો તે પાટલૂન પહેરીને આવ્યો છું.' - સાંખ્યની દૃઢતા હતી તો શાંતિ રહી.

❊ **પગ પર્વત ઠેલી પાડતા, નભ તારા નખથી ઊખાડતા;**
કરી અંજલિ સિંધુ પી જતા, નવ જાણે જન કોઈ ક્યાં હતા.
નભ ઈન્દ્રધનુષ દેખિયે, પળ વિત્યા પછી તે ન પેખીયે;
વળી વાદળ કેરી છાંયડી, પળમાં જાય ટકે નહીં ઘડી.
નિજનું તન એવું જોઈને, શીદ રોવું પછી અન્ય કોઈને;
જન ઉદ્‌ભવ નાશ થાય છે, રુચિ જેવી પ્રભુની જણાય છે;
(હરિલીલામૃત)

❊ અંતર્દષ્ટિમાં આવો સાંખ્યવિચાર પણ રોજ કરવો.

❊ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા પ્રથમ ૨૧માં કહે છે કે 'આ દેહને તો પોતાનું સ્વરૂપ માનવું નહિ અને દેહના સંબંધી તેને પોતાનાં માનવાં નહિ, કેમ કે આ જીવ છે તે ચોરાસી લાખ જાતના દેહ ધરી આવ્યો છે અને જેટલી જગતમાં સ્ત્રીઓ છે તે સર્વેને પેટ જન્મ લીધા છે તથા જગતમાં જેટલી કૂતરીઓ, જેટલી મીનડીઓ, જેટલી વાનરીઓ એ આદિક જે જે ચોરાશીમાં જીવ છે તે સર્વેને પેટ કેટલીકવાર જન્મ ધર્યા છે અને આ જગતમાં જેટલી જાતની સ્ત્રીઓ છે તેમાં કઈ એણે સ્ત્રી નથી કરી ? સર્વેને પોતાની સ્ત્રી કરી છે. તેમજ એ જીવે સ્ત્રીના દેહ ધરી ધરીને જગતમાં જેટલી જાતના પુરુષ છે તે સર્વેને પોતાના ધણી કર્યા છે, તેટલા માટે જેમ એ ચોરાશી લાખનાં સગપણને હમણે માનતા નથી તથા ચોરાશી લાખ જાતનાં દેહને પોતાનું દેહ માનતા નથી, તેમજ આ દેહને પોતાનું સ્વરૂપ માનવું નહિ અને દેહના સંબંધીને પોતાના સંબંધી માનવા નહિ કેમ જે ચોરાસી લાખ જાતના દેહ ધર્યા તેનો સંબંધ રહ્યો નહિ તો આ દેહનો સંબંધ પણ નહિ જ રહે.'

■ **પ્રાપ્તિનો વિચાર :**

❊ આપણને જે શ્રીજીમહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજ મળ્યા છે, તેમના મહિમાનો વિચાર કરવો.

❊ મહિમાનો , પ્રાપ્તિનો વિચાર ચાર રીતે થઈ શકે -
૧. શ્રીજીમહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજના જીવનનો, સદ્‌ગુણોનો વિચાર.
૨. શ્રીજીમહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજના કાર્યનો વિચાર.
૩. શ્રીજીમહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજના ઉપદેશવચનોમાં તેઓએ સ્વમુખે કહેલ પોતાના પરિચયના શબ્દોનો વિચાર.
૪. શ્રીજીમહારાજ તથા પ્રમુખસ્વામી મહારાજ વિષે મહાનુભાવોએ આપેલા અભિપ્રાયના આધારે.

■ **દોષ ટાળવાનો વિચાર :**

❊ સત્સંગમાંથી દોષો ટાળવાનું જે માર્ગદર્શન મળે તે પ્રમાણે તે ટાળવાના વિચાર કરવા.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે દોષોથી કેટલી હેરાનગતિ થાય છે, તેનો વિચાર કરી પાછા વળવું.

❊ 'નંદરાજાએ આખી પૃથ્વીનું ધન ભેળું કર્યું ને પછી છેલ્લી વારે એમાંથી મોત થયું, ને ચિત્રકેતુ રાજાએ કરોડ સ્ત્રી ભેળી કરી ને છેલ્લીવારે તેમાંથી દુઃખ થયું ત્યારે મૂકી; તે માર્ગ જ એવો છે.'
(સ્વામીની વાત : ૧/૮૫)

■ **અંતર્દૃષ્ટિ કરવામાં વિઘ્ન :**

❊ 'પ્રતિલોમ કરવામાં ચાર વિઘ્ન છે; તેની વિક્તિ જે - સ્ત્રી, દ્રવ્ય, આ લોકની મોટાઈ ને ક્રિયા.'
(સ્વામીની વાત : ૨/૯)

❊ સ્ત્રીને પુરુષની અને પુરુષને સ્ત્રીની વાસના તે અંતર્દૃષ્ટિમાં નડે.

❊ ઋષિઓ જંગલમાં પાછી વૃત્તિ વાળી તપ કરતા હતા, પણ સ્ત્રી સામે આવી તો બાહ્યવૃત્તિ થઈ ગઈ. ચ્યવન ઋષિ સુકન્યામાં મોહાયા. સૌભરી ઋષિ માંધાતા રાજાની ૫૦ કુંવરીઓને પરણ્યા, કંડુ ઋષિ પ્રમ્લોચનામાં ને વિશ્વામિત્ર ઋષિ મેનકામાં ફસાયા - માટે આ વિઘ્ન છે.

❊ દ્રવ્યની આસક્તિ પણ અંતર્દૃષ્ટિમાં વિઘ્નરૂપ છે. દ્રવ્યનો વેગ ઉપડે પછી અંતર્દૃષ્ટિ કરવા નવરું ન થવાય.

❊ મુંબઈના એક શેઠને ત્યાં યોગીજી મહારાજ તથા સંતોનો ઉતારો. સંતો કથા કરે પણ શેઠ બેસે નહીં. તેથી એક સંતે કહ્યું : 'અમે કથા કરીએ છીએ તો આપ પણ બેસો.' શેઠ કહે : 'હું એક મિનિટ બેસું તો ૧ લાખ રૂપિયાની ખોટ જાય. માટે તમે જે કહો તે લાવી આપીશ. આ બીજા છે તેને કથા કરો.'

❊ વસોના તુલસીભાઈ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામીના સમાગમમાં ગયેલા પણ તમાકુના ભાવ વધ્યા, તો સમાગમમાં મન રહ્યું નહીં ને પાછા આવી ગયા.

❊ આ લોકની મોટાઈ તથા ક્રિયાથી પણ અંતર્દૃષ્ટિ ન થાય.

❊ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે 'જેમ સુતારનું મન બાવળિયે ને જેમ દૂબળા વાણિયાને અજમે હાથ, એમ ભગવાનને રાજી કરવા કરવું, ને હવે તો ક્રિયાને ગૌણ રાખવી ને ભગવાનને પ્રધાન રાખવા ને કથાને ને ક્રિયાને વેર છે, માટે બેય ભેળું તો થાય જ નહિ; ને કરે તો વૃત્તિ સ્થિર રહે જ નહિ.' **(સ્વામીની વાત : ૬/૧૦૫)**

❊ 'ઉપશમ કરે તે મુને ગમે ને હું રાજી થાઉં ને જે જે ક્રિયા અચાલાની હોય તે કરવી પણ પછે ધબ પડી મેલવી; સંકલ્પ કર્યા ન કરવા. આ તો મર્કટની ઘોડ્યે છે તે એક બુઢિયો વાનરો તેને બીજાએ વાંદરી પાસેથી કાઢી મૂક્યો પછી બોકાસા નાંખે. એમ આપણને પણ વિષયમાંથી દુઃખ ઉપજે છે ને બોકાસા નાખીએ છીએ. માટે વિષયથી છેટે રહેવું.' **(સ્વામીની વાત : ૬/૨૧૦)**

❊ ''કહ્યું છે કે 'ચેતના મુખી તે સદા સુખી' એવી રીત્યે કેટલાંક કહીએ ? એ કહ્યાં તેથી ઘણાં ઝાડ હૈયામાં ઊગ્યાં હોય પછે શું ધ્યાન ભજન થાય ? બીજાનું જોઈને બેસે પણ થાય નહિ. તે એક બાવો ગુલાબગર હતો તે સૌનું જોઈને માથે ઓઢીને બેઠો. ત્યાં તો રૂપિયા, ઢોરાં ને ઉઘરાણી તે સ્ફુર્યાં એટલે આકળો થઈને ઊઠી ગયો ને કહે, 'ઊઠો ઊઠો શું બેઠા છો ? આટલું આ કરવું છે તે કરીએ.' એમ થાય છે માટે ટિખળ ઘાલવા નહિ.'' **(સ્વામીની વાત : ૬/૪૭)**

❊ અંતર્દૃષ્ટિ કરવામાં આ બધાં વિઘ્ન છે. પણ જો ગુરુ મળે તો તે વિઘ્ન ન નડે.

❊ જનક રાજાની સભામાં સુલભા નામે સંન્યાસિની આવી છતાં ગુરુ પંચશિખ ઋષિના પ્રતાપે રાજા જનકને સાંખ્યજ્ઞાન સિદ્ધ થયેલું તો વૃત્તિઓ અનુલોમ ન થઈ. સ્ત્રીરૂપી વિઘ્ન તેમને ન રહ્યું.

❊ શિવલાલ શેઠ અને અભેસિંહ મોટા ધનાઢ્ય હતા. દ્રવ્ય, આ લોકની મોટાઈ તથા ક્રિયા બધુંય હતું છતાં તેઓ અંતર્દૃષ્ટિ કરી શકતા. શિવલાલ શેઠ પ્રવૃત્તિ વચ્ચેય પોર-દોઢપોર (એટલે કે ત્રણ થી ચાર કલાક) ધ્યાનમાં બેસી શકતા અને અભેસિંહ બે પોર (છ કલાક) ધ્યાનમાં બેસતા. ગુણાતીતાનંદ સ્વામીના સમાગમથી તેઓને વિઘ્નરૂપ દ્રવ્ય, લોકમોટપ કે ક્રિયા નડી શકતા નહીં.

❊ આમ, ગુરુ મળે તો અંતર્દૃષ્ટિ થાય ને તો સુખ થાય તથા સત્સંગમાં પણ પ્રગતિ થાય, દોષો ટળે.

સખી પતિવ્રતાનું એ પણ છે, સરાયે નહિ કરે,
બીજો સુપને શ્યામ

સ્વામીની વાત : ૧ પ્રકરણ : ૪ વાત : ૧૦૧

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે.....

આપણો જન્મ બે વાત સાધવા સારુ થયો છે, તેમાં એક અક્ષરરૂપ થાવું, એમાં દેહ અંતરાયરૂપ છે, ને બીજું ભગવાનમાં જોડાવું, તેમાં સંગ અનેક પ્રકારના અંતરાયરૂપ છે. એ બે ખોટ ટાળવી.

* શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી સિવાય જાગ્રતમાં તો શું ? પણ સ્વપ્નમાં પણ બીજાને ઈષ્ટ આશરો કે રક્ષક કે પોષક ન મનાય, તો

❀ સ્વામીની વાતનું નિરૂપણ :

* સ્વામી આ વાતમાં જીવનનું ધ્યેય નક્કી કરી આપે છે. કોઈપણ ક્ષેત્રમાં ધ્યેય વિનાનું કાર્ય એ સઢ અને નાવિક વિનાની મધદરિયે રહેલી નાવ જેવું છે, જે ક્યારેય કિનારે પહોંચી શકતી નથી.
* શ્રીજીમહારાજ વચ.ગ.મ.૪૫માં પોતાનું ધ્યેય કહે છે, 'જે જે મારા કહેવાયા છો એમાં મારે તલમાત્ર કસર રહેવા દેવી નથી.'
* ગુણાતીતાનંદ સ્વામી પણ કહે છે : અમને તો એક જન્મમરણનો રોગ ટાળતાં આવડે છે, બીજું કાંઈ આવડતું નથી.'-એમનો ધ્યેય ખૂબ સ્પષ્ટ છે.
* આપણને ઉપરોક્ત સાચા ધ્યેયને પામવામાં જે વિઘ્નો નડે છે તેની વાત પણ સ્વામી અહીં કરે છે.

❀ આપણું પહેલું ધ્યેય : અક્ષરરૂપ થવું

અક્ષરરૂપ થવું એટલે અક્ષરબ્રહ્મનું સ્વરૂપ એવા પ્રમુખસ્વામી મહારાજ જેવા થવું, સત્પુરુષના ગુણો પ્રાપ્ત કરવા.

* અક્ષરરૂપ શા માટે થવું જોઈએ ?

* આપણું સાચું સ્વરૂપ આત્મા છે. આત્મારૂપ થઈને પરમાત્માની ભક્તિ કરીએ તો જ આત્યંતિક કલ્યાણ થાય અને શાશ્વત શાંતિ અનુભવાય.
* આ ધ્યેયને મૂકીને જેણે જેણે બીજેથી સુખ મેળવવા માટે પ્રયત્ન કર્યા છે, તે બધાંને અશાંતિ ને દુઃખ જ મળ્યાં છે.

૧. નંદરાજાએ આખી પૃથ્વીનું ધન ભેગું કરીને દરિયામાં રાખ્યું. એના લોભથી લોકો દુઃખી દુઃખી થઈ ગયાં. આથી નારદજીએ યુક્તિપૂર્વક એની પત્નીને ભરમાવી. જે વરાહ ભગવાનના અસ્થિથી દરિયામાં જવાનો માર્ગ બની જતો હતો, તે અસ્થિને પત્ની પાસે સળગાવી મુકાવ્યું. ભેળું કરેલ ધન હવે દરિયામાં જ રહી જવાનું, એ જાણ્યું કે નંદરાજાનું તત્કાળ મૃત્યુ થયું. ધનને જીવનનું ધ્યેય માન્યું તો આવી હાલત થઈ.

૨. દુર્યોધન, રાવણ, સિકંદર, હિટલર, ઈદી અમીન, હેઈલ સેલાસી વગેરેએ વિશાળ સત્તા પ્રાપ્ત કરવા જીંદગી બરબાદ કરી, પણ અંતે દુઃખ જ મળ્યું.

* જ્યારે, અક્ષરરૂપ થવાના ધ્યેય સાથે જેમણે જીંદગી પસાર કરી છે, તે તમામને શાશ્વત સુખ-શાંતિનો છતી દેહે જ અનુભવ થયો છે :

૧. ગુણાતીતાનંદ સ્વામીના સંગે બ્રહ્મરૂપ થયેલા ભગતજી મહારાજને ઘણાં દુઃખો આવ્યાં - વિમુખ કર્યા, ઝેરના લાડવા આપ્યા, અપમાનો કર્યા - છતાં એમના અંતરનો આનંદ અને કેફ સહેજ પણ ઓછાં ન થયાં.

૨. શાસ્ત્રીજીમહારાજની સેવામાં સંવત્ ૧૯૬૭થી યોગીજી મહારાજ જોડાઈ ગયા. તેમને ઠેર ઠેર અપમાન, મારઝૂડ, ભૂખ-તરસ બધું જ સહન કરવું પડયું પણ તેઓ સદાય આનંદમાં જ રહ્યા.

* શ્રીજીમહારાજે લો.૭ના વચનામૃતમાં સમજાવ્યું છે કે અક્ષરરૂપ થયા વિના ભગવાનની ભક્તિનો અધિકાર મળતો નથી.
* અક્ષરરૂપ થયા વિના સત્સંગમાં દોષ-સ્વભાવ નડે :

૧. પરમચૈતન્યાનંદ સ્વામી સદ્‌ગુરુ હતા. શ્રીજીમહારાજ પણ એમનું ખૂબ સાચવતા. એક વખત ગઢડામાં જળઝીલણીના સમૈયામાં સંતો એમને બોલાવવાનું ભૂલી ગયા અને નીકળી ગયા. આથી એમને ખૂબ વસમું લાગ્યું. પણ પછી બાલમુકુંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામીએ કથાવાર્તા કરીને એમને શાંત પાડ્યા, ત્યારે એ બોલી ઊઠયા, 'હું ૧૨ વરસ ગુરુ

રહ્યો, ૧૨ વરસ સદ્‌ગુરુ રહ્યો, પણ સત્સંગી તો આજે થયો.' આમ અક્ષરરૂપ થયા વિના ખોટ રહી જાય છે.

૨. સોખડાના ત્રિભોવનદાસે શાસ્ત્રીજી મહારાજની તન-મન-ધનથી ખૂબ સેવા કરેલી. એમને વિષે પ્રીતિ પણ જબરજસ્ત હતી. પરંતુ, એમની સમજણ કરતાં શાસ્ત્રીજી મહારાજે બીજી રીતે વાત કરી, તો એમને એટલો અભાવ આવી ગયો કે શાસ્ત્રીજી મહારાજને વિષેથી ગુરુભાવ તો જતો રહ્યો, બલ્કે એક વખત તો આણંદ સ્ટેશને શાસ્ત્રીજી મહારાજને લાકડી લઈને મારવા દોડયા હતા.

❀ અક્ષરરૂપ થવા શું કરવું ?

૧. સ્વા. વાત ૩/૧૨ : બ્રહ્મરૂપ તો એમ થવાય છે જે, આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે.

૨. વચ.કારિ.૧૨ : જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે, ને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદામાં ધારે તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે.

* ભગતજી મહારાજે ગુણાતીતાનંદ સ્વામીના વચન ઉપર પોતાનું સર્વસ્વ કુરબાન કર્યું, એમની અનુવૃત્તિ પાળી એમને રાજી કરી લીધા, તો સ્વામીએ એમને બ્રાહ્મી સ્થિતિને પમાડ્યા.

* અક્ષરરૂપ થવામાં દેહ આડો આવે છે :

૧. વચ.ગ.મ.૫૧ પ્રમાણે સત્પુરુષની આજ્ઞાને વિષે વર્તે છે એ આત્મસત્તા રૂપે વર્તે છે, પણ આજ્ઞા પાળવામાં દેહ આડો આવે છે.

* મહારાજે જૂનાગઢ મંદિર બાંધવા હાકલ કરી ત્યારે ત્યાં જવા કોઈ તૈયાર ન થયું, કારણ કે ત્યાંનું પથ્થરિયું પાણી, વળી નાગરોનો ત્રાસ અને ખૂણાનો પ્રદેશ. ત્યાં જે જાય તેને દૈહિક રીતે બધી જ જાતનો ભીડો પડે. મનનો પણ ભીડો સહન કરવો પડે. તેથી કોઈ તૈયાર ન થયું. પણ ગુણાતીતાનંદ સ્વામી તૈયાર થયા. કારણ કે તેઓ દેહના ભાવોથી પર હતા.

* ગુણાતીતાનંદ સ્વામીએ કેરિયાના ભગુભાઈને સમાગમ કરવા સાથે આવવા કહ્યું. પણ ભગુભાઈને ગરમ રોટલી, ઊનાં પાણી ન મળે તેથી ના પાડી. એવામાં, એમણે એક ચોરને સાથી તરીકે રાખ્યો હતો, તેના દંડ બદલ એમને સાબરમતી જેલમાં જવું પડ્યું. દેહભાવને ગણકાર્યા સિવાય સ્વામીની આજ્ઞા પાળી હોત, તો જેલનું દુઃખ ન આવત !

૨. દેહભાવ છે ત્યાં સુધી પંચવિષયમાં આસક્ત થઈ જવાય છે.

* નારદજીએ શીલનિધિ રાજાની વિશ્વમોહિની નામની કન્યાનો જોષ જોવા માટે હાથ જોયો, એમાં તો એમને મોહ વ્યાપી ગયો અને કન્યા ને વરવા માટે પોતે જ તૈયાર થઈ ગયા.

❀ આપણું બીજું ધ્યેય : ભગવાનમાં જોડાવું

* અક્ષરરૂપ થયા એટલે પૂરું થતું નથી. પણ તે પછી ભગવાનની ભક્તિ કરવાની બાકી રહે છે, એટલે કે ભગવાનમાં જોડાવાનું બાકી રહે છે.

* ભાગવત-૨/૧/૯ : परिनिष्ठितोऽपि... શુકદેવજી આત્મારૂપ થયા હતા, તો પણ ભગવાનની ભક્તિ કરતા હતા.

* ભગવાનમાં જોડોવામાં સંગ અંતરાય રૂપ છે :

૧. કુસંગે કરીને અંતરની વૃત્તિઓ મલિન થઈ જાય છે :

* વચ.ગ.પ્ર.૧૮ : સાત માળની હવેલી હોય, દારૂના શીશા પડ્યા હોય, વેશ્યાઓ થૈ...થૈ..કાર કરતી હોય તેવા સમામાં ગમે તેવો હોય તો

પણ અંતર ભ્રષ્ટ થઈ જાય.

* વસોના બે મુમુક્ષુઓ જૂનાગઢ ગુણાતીતાનંદ સ્વામી પાસે આવ્યા. એક સીધો સ્વામી પાસે પહોંચ્યો. બીજાને છ આંગળિયો સાધુ લઈ ગયો. તે સાધુએ બીજા મુમુક્ષુને સ્વામી પાસે જવા જ ન દીધો. આથી સ્વામી બોલ્યા, 'તે ગયો, ગયો, ગયો.' (ગર્ભવાસ, લખચોરાશી ને જમપૂરીમાં ગયો.)
* વસ્તાખાચરના કાને ગઢડાના જીવાખાચરના ઝેરી શબ્દો પડયા તો તુરત જ મહારાજના દર્શન કર્યા વિના કારિયાણી જતા રહ્યા. મહારાજનો અવગુણ આવ્યો.
* આવા અનેક પ્રકારના કુસંગને મૂકીને ભગવાન અને સંતમાં જોડાયા હોય તેની નિશાની શું ?

૧. 'આજ્ઞા, સેવા, કથા, ચિહ્નો-ચરિત્રો-ચેષ્ટાની સ્મૃતિ કરવામાં કંટાળો ન આવે.' - ગુણાતીતાનંદ સ્વામી

૨. આવા સાધુમાંથી હેત ટળે જ નહિ - જાગાસ્વામીને ગઢડાના મહાપુરુષદાસે કહ્યું કે, 'તું મારામાં જીવ જોડ તો કલ્યાણ થશે.' ત્યારે જાગા સ્વામીએ કહ્યું કે, 'એક જીવ હતો, તે ગુણાતીતાનંદ સ્વામીમાં જોડ્યો છે. બીજો હોત તો તમારામાં જોડત.' આમ કોઈના ડગાવ્યા ડગ્યા નહિ.

૩. યોગીજી મહારાજ ઉપર આફ્રિકાથી પત્ર આવ્યો કે, 'દેશના હરિભક્તો જેમ આપનામાં જોડાઈ ગયા છે તેમ અમે પણ જોડાઈ જઈએ તે પ્રાર્થના.' આ વાંચી યોગીબાપા ખૂબ હસ્યા ને પછી કહે, 'એમ જોડાયા ન કહેવાય. જેમ અમે શાસ્ત્રીજી મહારાજની આજ્ઞામાં જોડાયા તેમ (જોડાય તો) જોડાયા કહેવાય.'

❀ આ વાતનું આદર્શ દૃષ્ટાંત : પ્રમુખસ્વામી મહારાજ

* તેઓ અનેક પ્રકારનો દૈહિક, માનસિક ભીડો વેઠીને સત્સંગની અપાર સેવા કરી રહ્યા છે. દેહને એમના કાર્યમાં ક્યારેય આડો જ આવવા નથી દીધો.
* ભગવાનની ભક્તિ વિના એમની એક ક્ષણ પણ જતી નથી. ઠાકોરજીની પરાભક્તિ તેઓ ભારે અપમાન વખતે પણ ચૂક્યા નથી. નૈરોબીથી પ્લેનમાં પાછા આવવાનું થયું ત્યારે મુંબઈ ઉતરીને પ્રથમ હરિકૃષ્ણ મહારાજને રાત્રે થાળ ધરાવીને પછી જ સૂતા. અતિ સન્માનમાં પણ પરાભક્તિ ચૂક્યા નથી. બ્રિટનની પાર્લામેન્ટના સન્માન વખતે પ્રથમ પોતે નહિ પણ ઠાકોરજીને આગળ ધર્યા.

૨૨. સ્વામીની વાત : ૪/૧૦૭

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

મોટા સાથે જીવ જોડે ત્યારે દોષ ટળી જાય છે ને તેના ગુણ આવે છે, તેમાં દૃષ્ટાંત જેમ કાચને સૂર્ય સામો રાખે છે તેમાંથી દેવતા થાય છે.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

◎ મધ્યવર્તી વિચાર :

❊ સત્પુરુષ સાથે જોડાણ કરવાથી શો લાભ થાય છે, તે ગુણાતીતાનંદ સ્વામી આપણને સમજાવે છે.

◎ **સ્વભાવ-દોષોનું પ્રબળપણું :**

❊ જાત-જાતના અને ભાત-ભાતના દોષો મનુષ્યમાં જોવા મળે છે. મનુષ્ય ખારા અને ખોરા, તૂરા અને બૂરા, આકરા અને અકારા - આવા સર્વે સ્વભાવ-દોષોનું સંગ્રહસ્થાન છે. અનંત જન્મોથી આપણને આ દોષો પીડે છે, રંજાડે છે, ત્રાસ પમાડે છે જેને લઈને આપણને અભ્યાસમાં, નોકરી-ધંધામાં, પરિવારમાં કે સત્સંગમાં સુખ આવતું નથી. બીજમાંથી કાંટા ફૂટે તેમ કારણ શરીરમાંથી અનેક નાના-મોટા દોષના ફણગા ફૂટતા જ રહે છે.

❊ પ્રમુખસ્વામી મહારાજે એક સત્સંગ કેન્દ્રમાં સતત દોઢ કલાક સુધી વચનામૃતના આધારે વાસના ટાળવાની અદ્ભુત વાતો કરી, પણ આ કથા પૂર્ણ થયા બાદ એક આધેડ વયના શ્રોતા સ્વામીબાપા પાસે આવી કહે, 'સ્વામી ! મારે લગ્ન કરવાં છે.' તે સાંભળી સ્વામીબાપા કહે, 'દોઢ કલાક વાસના છોડવાની વાત કરી, તમે તે વાત પર પાણી ફેરવ્યું.' મોટા સાથે જીવ ન જોડ્યો હોય તો સ્વભાવ ટાળવાનું કામ નેવાનું પાણી મોભે ચઢાવ્યા જેવું દુષ્કર છે.

● **પ્રબળ સ્વભાવ-દોષોને ટાળવાનો ઉપાય :**

❊ આવા પ્રબળ સ્વભાવ-દોષોને ટાળી સદ્ગુણરૂપી પુષ્પો ખીલવી શકાય તેમ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં જણાવે છે. સત્પુરુષમાં જોડાણ થાય તો આવું અશક્ય કાર્ય પણ શક્ય થઈ શકે છે.

જેમ બિલોરી કાચને સૂર્ય સામે રાખવાથી તેમાં કિરણો એકત્ર થતાં ગરમી ભેગી થાય છે. નીચે રૂ મૂકવાથી તેમાં આગ લાગે છે. તે રીતે મોટા સંતમાં જીવ જોડીએ તો દોષો ટળી જાય છે અને તેમના જેવા ગુણો આવે છે.

❊ **ગુણાતીતાનંદ સ્વામીએ ૩/૧૨**મી વાતમાં કહ્યું કે **'આવા સાધુને બ્રહ્મરૂપ જાણીને મન, કર્મ, વચને તેનો સંગ કરે છે તે બ્રહ્મરૂપ થાય છે.'**

આપણને મહંત સ્વામી મહારાજ જેવા ગુણાતીત સત્પુરુષની પ્રાપ્તિ થઈ છે. તેમને બ્રહ્મરૂપ જાણી, માયા પરના અલૌકિક પુરુષ સમજીને જો મન-કર્મ-વચને તેમનો સંગ કરીએ તો સાચું જોડાણ થયું કહેવાય. તેમ કરવાથી સ્વભાવ-દોષ ટળે છે અને સદ્ગુણો આત્મસાત્ થાય છે. ટૂંકમાં, સત્પુરુષમાં આ રીતે જોડાણ કરવાથી બ્રહ્મરૂપ થવાય છે.

૧. મને કરીને સત્પુરુષમાં જોડાણ :

❊ મને કરીને સત્પુરુષમાં જોડાણ એટલે સત્પુરુષના મહિમાનો વિચાર કરવો, તેમના કર્તાપણાનો વિચાર કરવો, તેમને રાજી કરવાનું તાન રાખવું અને તેમને વિષે નિર્દોષબુદ્ધિ રાખવી.

૧.૧ સત્પુરુષમાં જોડાણ એટલે સત્પુરુષના મહિમાનો વિચાર કરવો :

❊ શ્રીજીમહારાજ વચનામૃત **ગઢડા મધ્ય-૨૨**માં કહે છે કે, **'જેમ રાજા હોય ને તેની રાણી હોય, તે જેટલામાં રાજાનું રાજ્ય છે તેટલામાં રાણીનું રાજ્ય પણ કહેવાય અને જેવો રાજાનો હુકમ ચાલે તેવો જ રાણીનો પણ હુકમ ચાલે, તેમ ભગવાનનો જેવો પ્રતાપ છે તેવો જ એ સાધુનો (ગુણાતીત સત્પુરુષનો) પણ પ્રતાપ છે.'**

❋ ઉપનિષદો જેમને અક્ષરબ્રહ્મસ્વરૂપ, પરબ્રહ્મનિષ્ઠ અને શ્રોત્રિય મહાપુરુષ કહે છે, શ્રીમદ્‌ભાગવત જેમને પરમ ભાગવત કહે છે, શ્રીમદ્‌ભગવદ્‌ગીતા જેમને ગુણાતીત અને સ્થિતપ્રજ્ઞ કહે છે, શ્રીજીમહારાજ જેમને પરમ એકાંતિક સત્પુરુષ કહે છે, અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જેમને ભગવાનની હજૂરમાં રહેનારા સાધુ કહે છે, તે બીજું કોઈ નહીં, પરંતુ પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ છે. આપણા સત્શાસ્ત્રોમાં આવા ગુણાતીત સંતનો ખૂબ મહિમા લખાયો છે.

◎ શ્રીમદ્‌ભાગવતના નવમા સ્કંધમાં ગંગાજી પૃથ્વી પર કેવી રીતે પધાર્યા તેનું વિવરણ આપેલું છે. સગર રાજાના સાઠ હજાર પુત્રો કપિલમુનિના દ્રોહથી મૃત્યુ પામ્યા. આ સાઠ હજારના આત્માનો ઉદ્ધાર ગંગાજી થકી જ થાય તેમ હતો. તેથી સગર રાજાના પૌત્ર અંશુમાન રાજાએ ઘોર તપ કર્યું, પરંતુ તેઓ ગંગાજીને પૃથ્વી પર લાવવામાં નિષ્ફળ ગયા. અંશુમાન રાજાના દીકરા દિલીપ રાજા પણ આ કાર્યમાં નિષ્ફળ ગયા. છેવટે દિલીપ રાજાના દીકરા ભગીરથે ખૂબ તપ કર્યું, ત્યારે ગંગાજીએ દર્શન આપ્યાં.

ભગીરથ રાજાએ ગંગાજીને મૃત્યુલોકમાં પધારવા પ્રાર્થના કરી ત્યારે ગંગાજીએ કહ્યું કે, 'હું પૃથ્વી પર ઊતરીશ ત્યારે મારા વેગને ઝીલનાર કોઈ જોઈએ, નહીંતર હું પૃથ્વી ફાડી રસાતલમાં જઈશ. બીજું, લોકો મારામાં પોતાના પાપને ધોશે, પરંતુ હું તે પાપને ક્યાં ધોઈશ ?'

ભગીરથ રાજાએ તેમના બંને પ્રશ્નોના ઉકેલ આપતાં કહ્યું કે, 'આપને શિવજી પોતાના મસ્તક પર ધારણ કરશે. બીજું, **બ્રહ્મિષ્ઠા લોકપાવનાઃ**। પરબ્રહ્મનિષ્ઠ અને લોકને પાવન કરનારા સંત તમારામાં રહેલા પાપ ધોશે. કારણ કે એવા સંતના હૃદયમાં ભગવાન નિવાસ કરીને રહે છે.'

દુનિયાના લોકો જે ગંગા નદીમાં પાપ ધોઈ પવિત્ર થાય છે, તે ગંગા નદી ગુણાતીત સત્પુરુષના સ્પર્શથી પવિત્ર થાય છે.

❋ શ્રીજીમહારાજે વચનામૃત **વરતાલ-૩**માં કહ્યું કે, **'વડવાનળ અગ્નિ જેવા જે મોટા પુરુષ (પરમ એકાંતિક સાધુ) છે તે સમુદ્રના જળ જેવા ખારા જીવ હોય તેને પણ મીઠા કરી નાંખે છે.'**

❋ સન ૧૯૮૫માં ગુણાતીતાનંદ સ્વામીનો દ્વિશતાબ્દી મહોત્સવ ૬૦ દિવસ સુધી ખૂબ ભવ્યતાથી અમદાવાદમાં ઊજવાયો હતો. આ મહોત્સવમાં અમદાવાદના વતની હેમંતભાઈ પટેલે સારી આવક થશે તેવા આશયથી મિત્રો સાથે સ્વામિનારાયણ નગરમાં એક સ્ટોલ રાખ્યો, પરંતુ ધંધો ધારણા પ્રમાણે ન ચાલવાથી તેમનાં બધાં સ્વપ્ન તૂટી ગયાં. નાનપણથી તેમને સાધુ-સંતો માટે નફરત હતી, જેણે અત્યારે વધુ વેગ પકડી. પ્રમુખસ્વામી મહારાજનું નામ દઈને તેઓ જાહેરમાં અપશબ્દો બોલતા. તેમની એક છબિ-મૂર્તિનું અઘટિત રીતે જાહેરમાં અપમાન કર્યું.

ત્રણ વર્ષ બાદ જ્યારે હેમંતભાઈને સ્વામીબાપાનાં જીવન અને કાર્ય વિષે જાણ થઈ ત્યારે તેમને પસ્તાવો થયો. તેઓ ક્ષમાયાચના સાથે સ્વામીબાપા પાસે ગયા ત્યારે તેમણે પોતાની તમામ ભૂલો કબૂલી. સ્વામીબાપાએ ખૂબ જ સહજતાથી કોઈ પણ પ્રકારના રોષ વિના તેમને સહજતાથી માફી આપી દીધી. આ પ્રસંગનો હેમંતભાઈ પર એવો પ્રભાવ પડ્યો કે જેમની છબિનું તેમણે અપમાન કરેલું, તેમની જ છબિને તેઓ ફોટોગ્રાફર તરીકે કેમેરામાં કેદ કરવામાં અપાર શાંતિ અનુભવવા લાગ્યા.

સ્વામીબાપાની સાધુતાનો પ્રભાવ એવો હતો કે અનેક લોકો પોતાના ભૂંડા સ્વભાવનો ત્યાગ કરી શકતા.

❋ ગુણાતીત સત્પુરુષ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિ અનંત ગુણોના ધારક છે. જેનો અનુભવ અનેક મુમુક્ષુઓને તેમના અલ્પ સહવાસમાંથી

થાય છે. આવા એકાંતિક સત્પુરુષ થકી જીવ ભવબંધનોથી મુકત થઈ અક્ષરધામને પામે છે, તે વાત જણાવતાં શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ ૫૪**માં કહે છે કે, **'ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન તેણે સહિત જે ભગવાનની ભક્તિ તેણે યુક્ત એવા જે ભગવાનના એકાંતિક સાધુ તેના પ્રસંગ થકી ભાગવત ધર્મનું પોષણ થાય છે અને વળી જીવને મોક્ષનું જે દ્વાર તે પણ એવા સાધુના પ્રસંગ થકી ઉઘાડું થાય છે.'**

❋ પ્રમુખસ્વામી મહારાજે આપણો મોક્ષ કરવાની કૂંચી (ચાવી) મહંત સ્વામી મહારાજને સોંપી છે. મહંત સ્વામી મહારાજ આપણા મોક્ષદાતા છે.

સન ૨૦૧૮માં સ્વામીશ્રી હોંગકોંગમાં બિરાજમાન હતા. સ્વામીશ્રીના કક્ષમાં એક રચનાત્મક બોર્ડ મૂકવામાં આવ્યું હતું, જેમાં કિશોરી મંડળે અંગ્રેજીમાં પ્રાર્થના લખી હતી. જ્ઞાનેશ્વર સ્વામીએ તેનું ભાષાંતર કરતાં કહ્યું, 'સ્વામી! અમારી પાસે પાંખો છે, પરંતુ જ્યાં સુધી અમે આજ્ઞા અને ઉપાસનાનું યથાર્થ પાલન નહીં કરીએ, ત્યાં સુધી અક્ષરધામમાં અમારી ગતિ નહીં થાય. તો સ્વામી ! શું કરવું?' સ્વામીશ્રી એકદમ ભાવથી કહે, 'ખેંચી લેશું.' આપણને ભવસાગરમાંથી ખેંચી અક્ષરધામ પમાડનાર, દૃષ્ટિમાત્રે સ્વભાવ-દોષો ટાળી સુખિયા કરનાર મહંત સ્વામી મહારાજ છે. તેવા ગુરુની પ્રાપ્તિ અને મહિમાનો વિચાર એ સત્પુરુષમાં જોડાણ છે.

૧.૨. <u>સત્પુરુષમાં જોડાણ એટલે સત્પુરુષના કર્તાપણાનો વિચાર</u> :

❋ શ્રીજીમહારાજ **વચનામૃત** ગઢડા **પ્રથમ-૨૭**માં કહે છે કે, **'પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે.'**

અહીં પ્રત્યક્ષ ભગવાન એટલે ભગવાન સ્વામિનારાયણ. તેઓના અંતર્ધાન થયા બાદ તેઓ અક્ષરબ્રહ્મ સંત દ્વારા પ્રગટ રહી પોતે કાર્ય કરે છે. કારણ કે, તે અક્ષરબ્રહ્મ સંતે ભગવાનને સમ્યક્ પ્રકારે ધારણ કર્યા છે. વળી, પુરુષોત્તમ નારાયણ જેવા અક્ષરમાં છે તેવા પ્રકૃતિપુરુષ પર્યંત કોઈમાં નથી. (**વચનામૃત ગઢડા પ્રથમ - ૪૧**) તેથી અક્ષરબ્રહ્મમાં રહી શ્રીજીમહારાજ કાર્ય કરે છે.

શ્રીજીમહારાજના પ્રતાપે તે સંત કેવું સામાર્થ્ય ધરાવે છે, તેની વાત કરતાં **વચનામૃત ગઢડા પ્રથમ** - ૨૭માં આગળ કહ્યું કે 'એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વ જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે.'

❋ સિડનીમાં નિવાસ કરતા પ્રફુલ્લભાઈ જેઠવાનો પુત્ર વિપ્ર પાંચ વર્ષનો થયો છતાં એક શબ્દ બોલી શકતો નહોતો. પરિવારજનો પુત્રના મૌનથી ચિંતિત હતા. ૨૦૧૫ની સાલમાં મહંત સ્વામી મહારાજ સિડની પધાર્યા હતા, ત્યારે પ્રફુલ્લભાઈ તેમના પુત્ર વિપ્રને આશીર્વાદ લેવા માટે લઈ આવ્યા. સ્વામીશ્રીએ ત્યારે 'બોલતો થઈ જશે' તેવા આશીર્વાદ આપ્યા હતાં અને થોડા દિવસોમાં જ તેની જિહ્વા ઇન્દ્રિયને સ્વામીશ્રીએ પૂર્ણપણે કાર્યરત કરી હોય તેમ તે આ મુશ્કેલીથી મુક્ત થઈ ગયો હતો.

◎ આણંદના તેજસભાઈ ઠક્કરનો આઠ વર્ષનો પુત્ર તિલક ૨૦૧૨ની સાલમાં સખત બીમાર પડ્યો. તપાસ કરાવતાં ખબર પડી કે તેની બંને કીડની ફક્ત ૮% જ કામ કરતી હતી. તેથી તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. નિષ્ણાત ડોક્ટરોનો મત એવો હતો કે, કીડની ટ્રાન્સપ્લાન્ટ કરાવવી જ પડશે. અચાનક આવી પડેલ આફતથી મુક્ત થવા તેજસભાઈ પોતાના પુત્રને મહંત સ્વામી મહારાજ પાસે લઈ આવ્યા. સ્વામીશ્રીએ વિગત જાણી અને કીડનીના સ્થાને હાથ ફેરવી આશીર્વાદ આપ્યા કે, 'ટ્રાન્સપ્લાન્ટ

નહીં કરાવવું પડે. સારો ડોક્ટર મળી જશે અને કીડની ૫૦% કામ કરતી થઈ જશે.' અને ખરેખર એક સારા કીડની સ્પેશિયાલિસ્ટે થોડી સારવાર આપી અને થોડા સમયમાં જ બંને કીડની ૫૦% કામ કરતી થઈ ગઈ.

* ભવભૂતિએ 'ઉત્તરરામચરિતમ્'માં કહ્યું છે,
'ઋષિણાં પુનરાદ્યાનાં વાચમ્ અર્થોનુધાવતિ ।'
સત્પુરુષ જે જે વચન ઉચ્ચારે છે, તેને અર્થ અનુસરે છે.

* એક બાબતની આપણે ખાસ નોંધ લેવી જોઈએ કે ભગવાનના પ્રતાપે સત્પુરુષનું ધાર્યું અનંત કોટિ બ્રહ્માંડમાં થાય છે, પરંતુ તેમણે કાળ, કર્મ, માયાને અમુક કાર્ય કરવાની સ્વતંત્રતા આપી છે. સત્પુરુષ કાળ, કર્મ, માયાના દરેક કાર્યમાં દખલગીરી કરતા નથી.

બીજું, આપણા જીવનમાં દુ:ખ અથવા નિષ્ફળતાનો સામનો કરવો પડે ત્યારે પણ એવી સમજણ રાખવી ઘટે કે આ પણ સત્પુરુષની ઈચ્છાથી જ આવ્યું છે, અને આમાં નક્કી કંઈક સારું થવાનું હશે.

ગુણાતીતાનંદ સ્વામીએ વાતમાં કહ્યું,
'દાસના દુશ્મન હરિ કે'દી હોય નહીં,
જેમ કરશે તેમ સુખ જ થાશે.'

આ પ્રમાણે સત્પુરુષના કર્તાપણાનો વિચાર કરવો તે જોડાણ જ છે.

૧.૩ <u>સત્પુરુષમાં જોડાણ એટલે સત્પુરુષને પ્રસન્ન કરવાનું અનુસંધાન</u> :

* ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે તેમાં સત્પુરુષને પ્રસન્ન કરવાનું અનુસંધાન રાખવું તે સર્વે વિચારોમાં સૌથી શ્રેષ્ઠ વિચાર છે. મહંત સ્વામી મહારાજ કહે છે કે, 'આ વિચાર સર્વે વિચારનો રાજા છે. King of all thoughts.'

* કેટલીક વાર આપણને સત્પુરુષ કરતાં વ્યક્તિ, સ્થાન, પદાર્થ આદિક વધુ પ્રધાન થઈ જાય છે. પરિણામે સત્પુરુષ ગૌણ થઈ જાય છે, પરંતુ જે ભક્તને સત્પુરુષની પ્રસન્નતા મેળવવાનું અનુસંધાન રહે છે, તેને વ્યક્તિ, સ્થાન કે પદાર્થ વિઘ્નરૂપ થતાં નથી.

* શાસ્ત્રીજી મહારાજના મંડળમાં રામરતનદાસ નામે સાધુ હતા. તેમની પાસે જે શ્રીજીમહારાજનાં ચરણારવિંદ હતાં, તે ઝાંખાં હતાં. તેથી તેમણે શાસ્ત્રીજી મહારાજ પાસે જે ચરણારવિંદ હતાં તે લેવા તજવીજ કરી. અનેક વડીલ સંતો પાસે સિફારસ કરી પણ શાસ્ત્રીજી મહારાજે પોતાની પાસે રહેલાં મહારાજનાં ચરણારવિંદ આપવાની સ્પષ્ટ ના જ પાડી દીધી. છેવટે રામરતનદાસે ભગતજી મહારાજ પાસે જઈ ચરણારવિંદની જોડ બદલાવી આપવા વિનંતી કરી.

ભગતજી મહારાજે શાસ્ત્રીજી મહારાજને બોલાવી પૂછ્યું કે 'મારું વચન પાળી મને રાજી કરશો ?' ગુરુને પ્રસન્ન કરવાની આવી તક શાસ્ત્રીજી મહારાજ કેવી રીતે ચૂકે ? તેમણે હા પાડી એટલે રામરતનદાસે ચરણારવિંદ બદલવાને સ્થાને આખી જોડ માંગી જ લીધી. ભગતજી મહારાજ રામરતનદાસની લોભી પ્રકૃતિથી ઉદાસ થયા, પણ શાસ્ત્રીજી મહારાજે ભગતજીને પ્રસન્ન કરવા જોડ આપી દીધી. ભગતજી મહારાજે પણ રાજીપો દર્શાવી બે હાથ તેમના માથે મૂક્યા.

આચાર્ય વિહારીલાલજી મહારાજને ખબર પડી તો તેમણે ભગતજીને બોલાવી ઠપકો આપ્યો કે, 'મંડળ ચલાવનારને ચરણારવિંદની જરૂર પડે ને ચરણારવિંદ હોય તો જ સાધુ ભેગા રહે.' ત્યારે ભગતજીએ સ્વસ્થતાપૂર્વક કહ્યું, 'ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજ એને હું આપીશ એટલે ઘણા સાધુઓ તેમની પાસે રહેશે.'

શાસ્ત્રીજી મહારાજને મન લૌકિક વ્યવહારમાં મહત્ત્વ ગણાતી વસ્તુઓ કરતાં પણ સત્પુરુષની પ્રસન્નતા વધુ અગત્યની હતી, તેથી ચરણારવિંદ

જતાં કરવામાં પણ તેમને સંકોચ ન થયો.

◎ શ્રીજીમહારાજ અને ગુણાતીત સત્પુરુષની પ્રસન્નતા મેળવવાનું જે અનુસંધાન રાખે છે તેને મહારાજે **વચનામૃત ગઢડા અંત્ય ૨૭**માં 'બ્રહ્મર્ષિ' તથા 'સાધુ'ની ઉપમા આપી છે. ગૃહસ્થ હોય છતાં આ અનુસંધાન રહે તો તે 'સાધુ' જ છે. મહારાજ કહે છે, **'જે ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ કરતો હોય તથા વર્તમાન પાળતો હોય તે તો બ્રહ્મર્ષિ કહેવાય ને તે સાધુ કહેવાય.'**

◎ આફ્રિકામાં સુખી જીવન વિતાવનારા ગોરધનભાઈ પટેલ નામના હરિભક્તને યોગીજી મહારાજે ૧૯૫૬ની સાલમાં ભારત બોલાવી લીધા. ગોરધનભાઈને યોગીબાપા જી.કે. સ્વામીના હુલામણા નામથી બોલાવતા. ગોંડલમાં રહી તેઓ મંદિરના એકાઉન્ટમાં સેવા બજાવતા, પરંતુ મકરાણામાં પત્થરના હિસાબ-કિતાબ માટે સારા માણસની જરૂર હતી, તેથી યોગીબાપાએ જી.કે. સ્વામીને વાત કરી, તો તેઓ ગુરુહરિને પ્રસન્ન કરવા સહર્ષ તૈયાર થઈ ગયા. મકરાણાના જંગલમાં રહેવું તે વખતે મોટું તપ ગણાતું. અસહ્ય ગરમી, ઊંડા કૂવામાંથી પાણી ખેંચવાનું, નાની ઓરડીમાં રહેવાનું, ઘણી વાર તો ફક્ત ચણા ફાકીને દિવસ પસાર કરવાનો વગેરે અનેક મુશ્કેલીઓ વચ્ચે ત્યાં અઢી વર્ષ રહ્યા. ત્યારબાદ યોગીબાપાની આજ્ઞાથી બોચાસણ મંદિરના વ્યવહારની સેવામાં જોડાયા.

પ્રમુખસ્વામી મહારાજ જ્યારે જ્યારે બોચાસણ પધારતા ત્યારે તેમને અવશ્ય મળી ખબર-અંતર પૂછતા. પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે આ જી.કે. સ્વામી 'ધોળે લૂગડે સાધુ છે.'

૧.૪ <u>સત્પુરુષમાં જોડાણ એટલે સત્પુરુષમાં નિર્દોષબુદ્ધિ</u> :

❋ ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત સત્પુરુષ માયાથી પર છે. તેઓ પૃથ્વી પર મનુષ્ય દેહ ધરે છે પણ તેઓ દિવ્ય છે. તેમને વિષે કોટિ કલ્પે દોષ છે જ નહીં. ભક્ત જ્યારે પોતાના મનથી સત્પુરુષમાં નિર્દોષભાવ રાખે છે ત્યારે તેને બહુ જ મોટો લાભ થાય છે. તે ભક્તના સર્વે દોષ ટળી જાય છે અને સત્પુરુષના સદ્‌ગુણ ભક્તમાં આવે છે.

❋ શ્રીજીમહારાજ વચનામૃત **ગઢડા પ્રથમ** - ૭૩માં જણાવે છે, **'રૂડા ગુણ આવ્યાનું કારણ એ છે જે, મોટાપુરુષને વિષે જે નિર્દોષબુદ્ધિ રાખે છે તે પોતે સર્વ દોષ થકી રહિત થાય છે.'**

❋ જૂનાગઢના એક ભક્તને સ્વાદ ખૂબ નડતો હતો. રસોઈ સ્વાદિષ્ટ ન હોય તો ઘરમાં કંકાસ કરે. પરિવારમાં સૌનાં મન તેને લધી ઊંચા રહે. પણ આ ભાઈ એકવાર ગુણાતીતાનંદ સ્વામી શું જમે છે તે જોવા ગયા. ભોજન દર્શનથી તેમને પ્રતીતિ થઈ કે સ્વામી તો અત્યંત નિઃસ્વાદી છે. સ્વામીને નિઃસ્વાદી જાણ્યા તો તેમનો પણ સ્વાદ ટળી ગયો.

❋ અમદાવાદના એક ભક્તનો ઉતાવળિયો સ્વભાવ. કોઈ કાર્ય યોગ્ય રીતે સમયસર પૂર્ણ ન થાય તો ગુસ્સો આવે. પરંતુ મહંત સ્વામી મહારાજનાં દર્શનથી તેમને પ્રતીતિ થઈ કે સ્વામીશ્રી અત્યંત ધીર છે. કેટલી ધીરજ સાથે બીજા પાસેથી કામ લે છે. આ વિચારથી આ ભક્તના સ્વભાવમાં પરિવર્તન આવ્યું. તેઓની કાર્યશૈલી બદલાઈ ગઈ.

આવી નિર્દોષબુદ્ધિ સત્પુરુષમાં રાખવાથી આપણું જોડાણ દૃઢ થાય છે.

૨. <u>કર્મે કરીને સત્પુરુષમાં જોડાણ</u> :

કર્મે કરીને સત્પુરુષમાં જોડાણ એટલે દેહે કરીને એમની સેવા કરવી અને એમની આજ્ઞા પ્રમાણે વર્તવું.

❋ ગુણાતીતાનંદ સ્વામીએ જૂનાગઢમાં નવી હવેલીનું કામ ચાલુ કરાવ્યું હતું. તેમાં પાયા ખોદવાનું કામ પૂરું થયા પછી રેતી ધોઈને નાખવાની હતી. રેતી ધોઈ, પાણીમાં પલાળી, ટોપલામાં નાખી, પાયામાં નાખવાની હતી. આમ કરવાથી તો લૂગડાં પલળે અને બગડે, એટલે બધા યુક્તિ કરી ખસી ગયા.

ગુણાતીતાનંદ સ્વામીએ પ્રાગજી ભક્તને આ સેવા કરવા કહ્યું, તો તેઓ તરત તૈયાર થઈ ગયા. ઘડીભર વિસામો લીધા વિના દિવસભર સેવામાં રત રહેતા. સ્વામી પણ તેમની ધગશ જોઈ રાજી થતા.

વળી, ચૂનાના કારખાનાની સેવામાં સૌને હાથ-પગ ફાટી જવાની તથા આંખે અંધાપો આવવાની બીક રહેવાથી કોઈ જોડાતું નહીં, પણ સ્વામીશ્રીની આજ્ઞાથી ભગતજીએ તે સેવામાં પણ ઝંપલાવ્યું. કેટલાક દ્વેષીઓ તેમના પર બાર-બાર મણના ચૂનાના કોથળા ફેંકતા પણ સ્વામી જ તેમનામાં રહી પોતાની કસોટી કરી રહ્યા છે, તેમ વિચારી તેઓ સેવામાં અડગ રહેતા. ચૂનાની ગરમીથી આંખે અંધાપો આવશે તેવી બીક કોઈ બતાવે તો તેઓ કહેતા કે, 'આ ગુણાતીતાનંદ સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે. મારે તો ગમે તેમ થાય, પણ તેમને રાજી કરી દેવા છે !'

ભગતજી મહારાજ દેહે કરીને સ્વામીની આજ્ઞા પ્રમાણે જુદી-જુદી સેવાઓમાં જોડાતા અને અંતરથી તેઓ સ્વામીરૂપ થઈ ગયા હતા. સ્વામી પણ તેમના પર અંતરથી રાજી થયા હતા.

❊ **ગુણાતીતાનંદ સ્વામી**એ ૬/૨૪૧મી વાતમાં કહ્યું, **'મોટા સાધુ હોય તેની આ દેહે કરીને સેવા કરવી ને ચકચૂર કરી દે તો રાજી થઈ જાય.'**

◎ યોગીજી મહારાજનો સંકલ્પ હતો કે યમુના નદીના તટ પર મંદિર કરવું. આ સંકલ્પને સાકાર કરવા માટે પ્રમુખસ્વામી મહારાજ કૃતનિશ્ચયી હતા. સ્વામીબાપાની આજ્ઞાથી પૂ. ઈશ્વરચરણ સ્વામીએ જમીન સંપાદન કાર્ય માટે અનેકવાર દિલ્હી જઈ પ્રયત્નો કર્યા. સ્વામીબાપાના આશીર્વાદથી ૨૦૦૦ની સાલમાં જમીન પ્રાપ્ત થઈ. ત્યારપછી પણ બાંધકામનું કાર્ય કરવું સહેલું નહોતું. પરંતુ પ્રમુખસ્વામી મહારાજને પાંચ વર્ષમાં અક્ષરધામનું નિર્માણ કાર્ય પૂરું કરવું હતું. સ્વામીબાપાને પ્રસન્ન કરવા પૂ. ઈશ્વરચરણ સ્વામી અને સંતોએ ખૂબ દાખડો કર્યો. અને અક્ષરધામનું કાર્ય પાંચ વર્ષમાં પૂર્ણ થયું.

તા.૬/૧૧/૨૦૦૫ના રોજ અક્ષરધામ લોકાર્પણ સમારોહ ખૂબ જ ભવ્યતા અને દિવ્યતા સાથે ઊજવાયો. લોકાર્પણ સમારોહના બીજે દિવસે સાંજે સ્વયંસેવકોની સભામાં પ્રમુખસ્વામી મહારાજે તમામ સદ્‌ગુરુ સંતોને હાર પહેરાવ્યા. ઈશ્વરચરણ સ્વામીને સ્વામીબાપાએ બીજી વાર બોલાવી હાર પહેરાવ્યો અને તેમના પર કૃપાવર્ષા કરતાં તેમને ભેટી પડ્યા. અક્ષરધામ બાંધકામની સેવામાં ઈશ્વરચરણ સ્વામી જે રીતે હોમાઈ ગયા હતા તેનો આ રાજીપો હતો.

આપણા સદ્‌ગુરુ સંતોએ દિવસ-રાત સેવા-ભક્તિ કરી, અત્યંત ભીડો વેઠી સત્પુરુષ સાથેનું દૃઢ જોડાણ સાધી લીધું છે.

૩. <u>વચને કરીને સત્પુરુષમાં જોડાણ</u> :

વચને કરીને સત્પુરુષમાં જોડાણ એટલે એમના મહિમાનું ગાન કરવું.

❊ ગુણાતીતાનંદ સ્વામીનું સાચું સ્વરૂપ ભગતજી મહારાજ જાણતા હતા. તેમના અંતરમાં દૃઢ પ્રતીતિ હતી કે સામાન્ય મનુષ્ય સ્વરૂપે દેખાતા ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મ છે, શ્રીજીમહારાજને રહેવાનું સાક્ષાત્ અક્ષરધામ છે. વળી, સ્વામીએ પોતાનું આ સ્વરૂપ સૌને ઓળખાવવાની પ્રાગજી ભક્તને આજ્ઞા કરી. આથી સ્વામી મૂળ અક્ષર છે તે વાત તેમણે છડેચોક કહેવા માંડી.

રાજકોટથી મંગળજી ઠક્કર વગેરે ૨૦૦ હરિભક્તો ગુણાતીતાનંદ સ્વામીનાં દર્શન-સમાગમ કરવા જૂનાગઢ આવેલા. મંગળજી ઠક્કરે પ્રાગજી ભક્તને પૂછ્યું કે, 'આ અક્ષરધામ કહે છે તે શું ?' ત્યારે પ્રાગજી ભક્તે સ્વામી તરફ નિર્દેશ કરી કહ્યું કે, 'આ સૂતું છે

એ જ અક્ષરધામ છે.' એમ સ્વામીના મહિમાની વાતો કરી અને તેમને સ્વામીના સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો.

પ્રાગજી ભક્તને અનેકવાર સ્વામીનો આવો મહિમા કહેવા બદલ અપમાન-તિરસ્કાર સહન કરવા પડતા. જૂનાગઢ મંદિરના કોઠારી ત્રિકમદાસ ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય હતા, પણ અક્ષરબ્રહ્મ તરીકે અપાર મહિમા પ્રાગજી ભક્તના મુખે સાંભળ્યો તો તેમને ન ગમ્યું અને કહે, 'આવો બહુ જ છકમાં સ્વામીનો મહિમા કહે છે તે કોઈ વખત માર પડશે.'

ઊનાના મુખ્ય હરિભક્ત કમા શેઠને પ્રાગજી ભક્તે સ્વામીનો મહિમા કહ્યો, તો તે તેમને વઢ્યા અને ઉશ્કેરાઈને એક ધોલ મારી દીધી. અપમાન-તિરસ્કાર અને માર તો કદાચ કોઈ સહન કરી લે, પરંતુ પ્રાગજી ભક્તને સ્વામીનો મહિમા કહેવા બદલ સંપ્રદાયમાંથી વિમુખ કરવામાં આવ્યા. એટલું જ નહીં, ઝેર આપવામાં આવ્યું. છતાં તેમણે તો સ્વામીનું મહિમાગાન ચાલુ જ રાખ્યું. વિમુખ થયા પછી પણ દરવાજા બહાર બેસી તેઓ કહેતા કે, 'આ અક્ષરધામ જાય છે, દર્શન કરી લ્યો.' એમ વિમુખ સ્થિતિમાં પણ અક્ષરની મોરલી વગાડવી ચાલુ જ રાખી.

અનેક વિઘ્નો વચ્ચે ગુરુના મહિમાનો પ્રચાર-પ્રસાર કરવો, એ સત્પુરુષ સાથેના જોડાણનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત પ્રાગજી ભક્તે પૂરું પાડ્યું છે.

* સત્પુરુષમાં જોડાણ કેવી રીતે કરવું જોઈએ તેનો આદર્શ ગુણાતીતવર્યોએ પોતાના જીવન દ્વારા આપણને શીખવ્યું છે. જો તેમણે બતાવેલ રીત પ્રમાણે મન-કર્મ-વચને તેમનો સંગ કરીએ તો આપણા વ્યસન-દૂષણ છૂટે છે, સ્વભાવ-વાસના બળે છે અને બ્રહ્મરૂપ થવાય છે.

* ઓદરકાના રામસંગ બાપુનું પૂર્વ જીવન ક્ષત્રિયવટ અને શૂરવીરતાને લીધે દારૂ-માંસ, લૂંટફાટ, નિર્દય હત્યા જેવા દુર્ગુણોથી ભરપૂર હતું. પ્રમુખસ્વામી મહારાજના યોગમાં આવતા તેમના જીવનમાં નવો વળાંક આવ્યો. વર્તમાન ગ્રહણ કર્યાં ત્યારથી જીવન બદલાતું ગયું. તેઓ ફક્ત દુર્ગુણોથી મુક્ત ન થયા, પરંતુ એક આદર્શ સત્સંગી બન્યા. ૧૯૯૦માં પ્રમુખસ્વામી મહારાજે આ ક્ષત્રિયોનાં ૪૨ ગામોમાં ૨૦૦ વર્ષ જૂનાં પરસ્પર અબોલાં-અપૈયાં તોડાવ્યાં, તેમાં રામસંગ બાપુએ સ્વામીબાપાની આજ્ઞાથી પહેલ કરી હતી.

૧૯૯૦ પછી તો બાપુનું જીવન ઉચ્ચ કોટિનું બની ગયું હતું. લોકો એમની પાસે જીવન-ઘડતરની શીખ લેવા આવતા, કથા સાંભળતા, ધન્ય થતા. બાપુ પણ પ્રગટના મહિમાની અપરંપાર વાતો કરતા અને સ્વામીબાપામાં સૌને જોડતા.

આવા તો અનેક ભક્તો સત્પુરુષમાં જોડાવાથી વ્યસન, સ્વભાવ અને દુર્ગુણોથી મુક્ત થયા છે. અને છતી દેહે મુક્તદશાને પામી ધન્ય થયા છે. આપણે પણ તેમના જીવનમાંથી પ્રેરણા લઈ સત્પુરુષમાં યથાર્થ જોડાણ કરી શકીએ તે પ્રાર્થના...

❀ ❀ ❀

૮. સ્વામીની વાત : પ્રકરણ - ૪, વાત - ૧૩૬

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

ભગવાનના ભક્તના ગુણ કહેવા, તેમાંથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય ને એમાં દાખડો કાંઈ પણ ન મળે, એમ કરવાનું કહ્યું, પણ ફલાણો આવો ને ફલાણો આવો, એમ ભગવાનના ભક્તના દોષ ન કહેવા ને તેનું આપણે શું કામ છે ? ને કોઈને નહીં સમજાતું હોય તો આગળ સમજાશે, તેની શી ઉતાવળ છે ? ને ક્યાં ભાગી જાય એમ છે ? પણ કોઈના દોષ ન કહેવા. તેમાં લવા અને બાદશાહની દાઢીનું દૃષ્ટાંત દીધું. તે મુખ્ય માથે લેવું.

(નોંધ : '◎' નિશાની પછી આવતું નિરૂપણ એક્સ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.)

● **સૃષ્ટિ નહીં, દૃષ્ટિ બદલવાની જરૂર :**

❋ જીવદશામાં રહેનાર મનુષ્યમાત્રમાં વધતા-ઓછા અંશે ગુણ-અવગુણ રહેલા છે. ગુણાતીતાનંદ સ્વામી આપણું કર્તવ્ય સમજાવતાં કહે છે કે આપણે દરેકમાંથી ગુણગ્રહણ તરફ દૃષ્ટિ રાખવી, અવગુણ તરફ નહીં.

❋ એક કહેવત છે કે :

જેની આંખમાં અમી, તેને આખી દુનિયા ગમી.

આંખમાં મોતિયો આવ્યો હોય તો સ્પષ્ટ દેખાય નહીં. બધું ઝાંખું ઝાંખું ભાસે. આંખ સારી હોય તો બધું સ્પષ્ટ દેખાય, પણ દૃષ્ટિ જો સારી હોય તો બધું સારું દેખાય.

❋ કમળો થયો હોય એટલે આંખથી બધું પીળું જ દેખાય તે સ્વાભાવિક છે. ચક્કર ચડ્યા હોય તો બધું ભમતું હોય તેવું જ લાગે. પોતાનામાં ખામી હોય એટલે સૃષ્ટિમાં પણ ખામી દેખાય.

◎ ભગવાનની આ સૃષ્ટિ ખામી અને ખૂબીઓથી ભરેલી છે. આ ધરતી ઉપર ખાડા પણ છે ને ટેકરા પણ છે. આ ભૂમિમાં મીઠું જળ પણ છે ને ખારું જળ પણ છે. આ ધરા પર ઝેરી વૃક્ષો પણ છે, ને સારાં વૃક્ષો પણ છે. કોઈ વૃક્ષ પર કડવાં ફળ તો, કોઈ વૃક્ષ પર મીઠાં ફળ પણ છે. કેટલાંક વૃક્ષો કાંટાળા તો કેટલાંક વૃક્ષો સુંવાળાં પણ છે. સારાં-નરસાં બંને તત્ત્વો આ સૃષ્ટિમાં આપણને જોવા મળે છે.

પરંતુ જેમ ખારા જળને છોડી આપણે મીઠું જળ જ ગ્રહણ કરીએ છીએ, ને કડવાં ફળોનો ત્યાગ કરી મીઠાં ફળ જ આરોગીએ છીએ, તેમ સમાજમાં જે સારું તત્ત્વ છે, તેને ગ્રહણ કરવું તે બુદ્ધિશાળી વ્યક્તિનું લક્ષણ છે.

◎ ગુણગ્રહણ કરવાની બાબતમાં આનાથી તદ્દન ઊંધો જ અભિગમ આપણે અજમાવીએ છીએ. હંમેશાં નરસી વસ્તુ ઉપર જ આપણી દૃષ્ટિ પડે છે. પરંતુ જે પ્રગતિ કરવા ઝંખે છે તે દુર્યોધનની નજરે નહીં, પરંતુ યુધિષ્ઠિરની નજરે સૃષ્ટિને નિહાળે છે.

● **સાચા ભક્તનું ભોજન :**

❋ પ્રમુખસ્વામી મહારાજે સત્સંગમાં આવનાર એક નવા મુમુક્ષુ યુવકને કહેલું કે આ સત્સંગ દરિયા જેવો છે. દરિયામાં છીપલાં પણ હોય ને માછલાં પણ હોય. રેતી પણ હોય ને મોતી પણ હોય. પરંતુ માછીમારની નજર માછલાં ઉપર હોય ને મરજીવાની નજર મોતી ઉપર હોય છે. માછીમાર થવું કે મરજીવા, તે આપણે નક્કી કરવાનું છે. મોતી મેળવવાં છે કે માછલાં, તે નિર્ણય આપણે કરવાનો છે. સત્સંગમાં અને દુનિયામાં માછલાં ને મોતી બધું જ પડેલું છે, પરંતુ આપણે મરજીવા થઈશું તો મોતી હાથ આવશે. એટલે ગુણગ્રહણ એ મરજીવાનો માર્ગ છે.

◎ સદ્. પ્રેમાનંદ સ્વામીએ ભગવાનના ભક્તોને શું ગમે, ને તે ભક્તો કેવા હોય તે લક્ષણ બતાવતાં પોતાના કીર્તનમાં કહ્યું છે :

સખી હંસ તો મુક્તાફળને જમે જો,
મૂઆબગલાનેએકમાછલાંગમેજો.

ભગવાનના ભક્તો તો હંસ જેવા હોય. તેમને તો મોતી જ ભાવે. જે બગલા જેવા હોય, તેમને માછલાં જ ગમે.

❊ સત્સંગમાં તો આપણે હંસ અને પરમહંસ બનવા આવ્યા છીએ, અને કાગમાંથી હંસ બનવા માટે શ્રીજીમહારાજે આપણને એક અદ્‌ભુત સિદ્ધાંત બતાવ્યો છે. તે સિદ્ધાંત છે - દરેકમાંથી સારા ગુણો ગ્રહણ કરવા.

❊ કારણ, સૃષ્ટિમાં કોઈ જ પૂર્ણ નથી. ફક્ત ભગવાન અને ગુણાતીત સંત બે જ પૂર્ણ છે. બાકી તો બધામાં સારું- નરસું બંને દેખાશે જ. તેમાં જે સારું હોય તે ગ્રહણ કરવું, તે આપણું કર્તવ્ય છે.

❊ એક વાર શ્રીજીમહારાજ સંતોને પીરસવાના હતા. સંતોપણ મહારાજના હસ્તે પ્રસાદી ગ્રહણ કરવા ઉત્સુક હતા. મહારાજે પીરસવા માટે એક સંતનું પત્તર હાથમાં લીધું ને તેની સામે નજર કરી. મહારાજ તો અંતર્યામી હતા, તેથી અવગુણ જાણતા હતા. મહારાજે પહેલા સંતના અવગુણ જોયા એટલે પત્તર દૂર કરી દીધું. બીજા સંત આવ્યા. તેમનું પત્તર પણ એ જ રીતે દૂર કરી દીધું. આમ વારાફરતી બધા આવતા જાય, ને મહારાજ દરેકમાં રહેલા અવગુણ જોઈ ખિન્ન થઈ પત્તર ધકેલતા જાય. કોઈના પત્તરમાં પ્રસાદ આપે નહીં.

આ જોઈ ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું, 'મહારાજ ! કેમ આવું ચરિત્ર કરો છો ?' ત્યારે મહારાજ કહે, 'દરેકમાં રહેલા નાના-મોટા અવગુણ અમે જોયા, તેથી પ્રસાદ દેવાનું મન થતું નથી, તેથી પત્તર હડસેલી દઈએ છીએ.'

ત્યારે સ્વામીએ હસતાં હસતાં કહ્યું, 'મહારાજ! જો એવું કરશો તો આપણા બે સિવાય બીજું કોઈ નહીં રહે. આ બધો પ્રસાદ પડ્યો રહેશે. જીવદશા છે, તેથી દરેકમાં નાની-મોટી ખામી તો રહેવાની. હવે આપના સંગે સૌ ધીરે ધીરે શુદ્ધ થશે.' ત્યાર પછી મહારાજે સૌને પ્રેમથી ભોજન પીરસ્યું.

આ પ્રસંગ ઉપરથી મહારાજે આપણને જણાવ્યું છે કે શુદ્ધ તો ફક્ત બે જ તત્ત્વ છે, બ્રહ્મ અને પરબ્રહ્મ. આ બેમાં જ કોઈ અવગુણ નથી. બાકી બીજામાં તો વત્તા-ઓછા પ્રમાણમાં ઊણપ રહેવાની, પરંતુ આપણે તો તેના ગુણ સામે જ જોવાનું.

◎ દરિયામાં ઊંડાઈ છે તો ઊંચાઈ નથી. પર્વતમાં ઊંચાઈ છે તો ઊંડાઈ નથી. મીણબત્તીમાં અજવાળું છે તો સુગંધ નથી. અગરબત્તીમાં સુગંધ છે તો અજવાળું નથી.

● **ગુણગ્રહણ કરવાનો આદેશ :**

❊ શ્રીજીમહારાજે 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે' ગ્રંથમાં કહ્યું છે કે 'હરિજનના ગુણ ગ્રહણ કરનારમાં તલમાત્ર દોષ રહેતા નથી.'

❊ શ્રીજીમહારાજે લોયાના પાંચમા વચનામૃતમાં કહ્યું કે જેનો ગુણગ્રહણ કર્યાનો સ્વભાવ હોય તેનો જ સત્સંગમાં દૃઢ પાયો છે અને જે અવગુણ ગ્રહણ કરે છે, તે **વચનામૃત ગઢડા પ્રથમ-૨૮** પ્રમાણે અર્ધબળ્યા કાષ્ઠની પેઠે ધૂંધવાયા કરે છે, પણ તેને સત્સંગમાં રહેવા છતાં સુખ-શાંતિ થતાં નથી.

❊ યોગીબાપા કહેતા કે ગુણાતીત બાગના કાંટાનો પણ અવગુણ ન લેવો. શ્રીજીમહારાજે તો **ગઢડા પ્રથમ-૨૪મા વચનામૃતમાં** ત્યાં સુધી કહ્યું કે, 'કોઈનો સ્વભાવ સત્સંગમાં ન ઘટે તેવો હોય તોપણ તેને આ સત્સંગનો યોગ થયો છે. માટે ભારે સંસ્કારી છે, એમ સમજી અતિશય ગુણ લેવો.'

❊ શ્રીજીમહારાજે અને મોટા પુરુષોએ આપણને અવગુણના માર્ગે જવાની ના પાડી છે, તોપણ એ જ તરફ ઢસડાઈએ છીએ, ને એની જ કથા ને એની જ ચર્ચા કરી મંદિર અને મંડળના વાતાવરણમાં પણ કચરો ઠાલવીએ છીએ. ભગવાન અને સંતના મહિમાની વાતો નિરંતર કરવાને બદલે કોઈના અભાવ-અવગુણની વ્યર્થ ચર્ચામાં સમય બરબાદ કરી ભગવાન ને સંતનો કુરાજીપો મેળવીએ છીએ.

❊ મહંતસ્વામી મહારાજે અભાવ-અવગુણ નિષેધની અનેકવાર વાતો કરી છે. તેઓ કહે છે, 'આપણા બી.એ.પી.એસ. મંડળમાં અભાવ-અવગુણ પેસવા જ ન દેવો. ચોકી રાખવી. પેસી જાય તો ધોકાઈને કાઢવો. મહારાજ-સ્વામી અને ગુરુપરંપરાને આની સખત એલર્જી છે.'

● **અવળી દૃષ્ટિથી નુકસાન :**

❊ ઘણી વાર તો આપણે કોઈ વ્યક્તિની હકીકતોને પૂરેપૂરી જાણતા નથી. તેથી તેના વિષે જાતજાતના અભિપ્રાયો બાંધીએ છીએ, અનુમાન અને અટકળો કરીએ છીએ.

❊ બટાકામાં ચીકુની કલ્પના અને ચીકુના ઢગલામાં બટાકાની કલ્પના કરી આપણે ભૂલા પડીએ છીએ. માટે જેટલા દાઢીવાળા એટલા મુસલમાન ને ખાદીધારી એટલા ગાંધીવાદી એવું માની લેવાની કંઈ જરૂર નથી.

❊ સદ્. બ્રહ્માનંદ સ્વામીના મંડળમાં લહિયા તરીકે સેવા કરતા વાસુદેવાનંદ નામના એક સંતને બ્રહ્માનંદ સ્વામી સાથે પ્રશ્ન થવાથી એકડમલ થવા તૈયાર થયા. મુક્તાનંદ સ્વામીને ખબર પડી, તેથી તે સંતને સમજાવીને બ્રહ્માનંદ સ્વામીના સદ્ગુણો કહ્યા, પણ તેમના માન્યામાં આવ્યું નહીં. છેવટે તેમની ઉદાસીનતા ટળે તેથી પોતાના મંડળમાં રાખ્યા. આ વાતથી અજાણ બ્રહ્માનંદ સ્વામીને મુક્તાનંદ સ્વામી માટે અવળો અભિપ્રાય બંધાઈ ગયો કે મારો ચેલો પડાવી લીધો. એટલે અઠવાડિયા સુધી મુક્તાનંદ સ્વામીને પગે લાગવા જઈ ન શક્યા. પછી તો જોકે બ્રહ્માનંદ સ્વામીની શંકાનું સમાધાન થઈ ગયેલું, પરંતુ અઠવાડિયા સુધી તો ખોટું અનુમાન કરી બેઠા.

❊ આવી રીતે આપણે અનુમાનોમાં જ ફસાઈને સામેની વ્યક્તિ માટે જાતજાતના અભિપ્રાયો બાંધી લઈએ છીએ. સાચી હકીકતોને અભાવે આપણે અટકળોની દુનિયામાં સરી પડીએ છીએ, અને કર્ણોપકર્ણ સાંભળેલી, વોટ્સ-એપમાં ફરતી કેટલીક તથ્ય વિનાની વાતો ઉપર વિશ્લેષણ કરી મોટે ભાગે સમયને વેડફીએ છીએ, અને એવી અવગુણની વાતો દ્વારા જ્યાં-ત્યાં દુર્ગંધ ફેલાવીએ છીએ. કોઈ વાત જોયા-જાણ્યા વિના અયોગ્ય વાતોનું પ્રસારણ કરી અફવાને વહેતી મૂકીએ છીએ. અફવાને પાંખો હોય છે, પરંતુ આંખો હોતી નથી. તેથી જ્યાં-ત્યાં ઊડ્યા કરે છે. અંતે જ્યારે સાચી હકીકત જાણવા મળે ત્યારે આપણને ખ્યાલ આવે કે આપણે હવામાં જ બાચકાં ભર્યાં છે.

❊ એક વ્યક્તિ ખોડંગાતી ખોડંગાતી આવી રહી હતી. બે ડોક્ટરો બાંકડા ઉપર બેઠેલા. તેમણે આ વ્યક્તિની ચાલ જોઈ. એક ડોક્ટર કહે, 'આ વ્યક્તિને જરૂર ઘૂંટીનો દુઃખાવો લાગે છે.' બીજો ડોક્ટર કહે, 'મને તો પગે ફ્રેક્ચર થયું હોય તેમ લાગે છે.' બંને ચર્ચા કરતાં કરતાં શરત ઉપર ઊતરી પડ્યા. પેલી વ્યક્તિ નજીક આવી એટલે બંને ડોક્ટરોએ તેને પૂછ્યું કે, 'તને શું થયું છે ? પગનું ફ્રેક્ચર છે કે ઘૂંટીનો દુખાવો?' પેલો કહે, 'મને તો કાંઈ જ નથી.' ડોક્ટરોએ કહ્યું, 'તો કેમ ખોડંગાતો ચાલે છે ?' પેલો કહે, 'મારા ચંપલની પટ્ટી તૂટી ગઈ છે એટલે.'

હકીકત કાંઈક જુદી જ હોય છે ને આપણી અટકળો કાંઈક જુદી જ હોય છે.

❊ ઘણી વાર અંતરમાં આવી જાતજાતની ધારણાઓ, અનુમાનો, શંકા-કુશંકાઓથી આપણે કોઈ પણ વ્યક્તિ વિષે અભિપ્રાયો બાંધી દઈએ છીએ, પરંતુ તે યોગ્ય નથી.

❊ કહેવાનો ભાવાર્થ એવો નથી કે આપણે હંમેશાં અનુમાનો જ કરીએ છીએ. કદાચ હકીકત સાચી પણ હોય, પરંતુ કોઈના અવગુણ જોવાથી કે ગાવાથી આપણને શો ફાયદો ? માટે એ રસ્તો જ બંધ.

❊ શ્રીજીમહારાજે આપણને ફક્ત એક જ વ્યક્તિના અવગુણ જોવાની છૂટ આપી છે, તે વ્યક્તિ બીજું કોઈ નહીં, પરંતુ આપણે પોતે જ. પોતાના જ અવગુણ જોવા તે જ આપણી સાધના છે.

● **વિવેકી ભક્તનું લક્ષણ :**

❊ મહારાજે **ગઢડા પ્રથમ-૬** અને **ગઢડા પ્રથમ-૧૬**મા વચનામૃતમાં વાત કરતાં કહ્યું છે કે સત્સંગમાં જે વિવેકી છે, તે તો પોતાને વિષે અવગુણને દેખે છે ને બીજાને વિષે ગુણને દેખે છે.

◎ વળી, **ગઢડા પ્રથમ ૨૦**મા વચનામૃતમાં મહારાજે કહ્યું, 'જે પોતે પોતાનું નથી જોતો તે જ અજ્ઞાનીમાં

અતિશય અજ્ઞાની, ઘેલામાં અતિશય ઘેલો, મૂર્ખમાં અતિશય મૂર્ખ અને નીચમાં અતિશય નીચ છે.'

❋ દરેક મોટાપુરુષોએ પોતાના તરફ જ આંગળી ચીંધી છે. કબીરદાસે કહ્યું છે કે -

બૂરા દેખન મૈં ચલા, બૂરા ન મિલા કોઈ,
અંતર ખોજા આપ સે, મુઝ સે બૂરા ન કોઈ.

પોતામાં જે અવગુણ પડેલા છે તે જ જોવા, પરંતુ પોતાના અવગુણ પીઠ ઉપર લખેલા છે, તેથી દેખાતા નથી, એમ ભગતજી મહારાજ કહેતા.

❋ ઊંટને બીજાનાં અંગો વાંકાં જોઈ દુ:ખ થાય, પરંતુ પોતાનાં અઢારેય અંગો વાંકાં હોવા છતાં કોઈ અફસોસ નથી!

❋ શ્રીજીમહારાજે પ્રથમ મંદિર અમદાવાદમાં બાંધ્યું. મંદિરની પ્રતિષ્ઠા બાદ સંતોને ત્યાં રાખ્યા ને ભજન-કીર્તન કરવાનો આદેશ આપ્યો. સંતો દરરોજ રાત્રે સભામાં ભજન-કીર્તન કરે. આજુબાજુ રહેતા નાયક લોકોને ભજન-કીર્તન રુચે નહીં. એક વાર શ્રીજીમહારાજ અમદાવાદ પધાર્યા, ત્યારે આ નાયક લોકો ફરિયાદ કરવા માટે આવ્યા. તેમણે ફરિયાદ કરી કે તમારા સંતો ભજન-કીર્તન કરે છે ને અમને ખલેલ પાડે છે ને ઊંઘવા દેતા નથી. મહારાજે તેઓને કહ્યું કે તમે ગામોગામ ખેલ કરવા જાઓ છો ને ભેરી-ભૂંગળ વગાડી અવાજ કરો છો, તે લોકોને ખલેલ નથી પડતો ? તો તમને કોઈ ફરિયાદ કરે છે ?

આ સાંભળી એક નાયક કહે, 'અમને તો અમારી માતાનો હુકમ છે એટલે ખેલ કરીએ છીએ.' ત્યારે મહારાજ કહે, 'આ સંતોને પણ એમના પિતાનો હુકમ છે એટલે ભજન-કીર્તન કરે છે.' મહારાજની વાત સાંભળી કોઈ કશું બોલી શક્યું નહીં ને શાંતિથી વિખરાઈ ગયા.

પછી મહારાજે હસતાં હસતાં કહ્યું, 'જુઓ ને, જીવમાત્રને પોતાની ભૂલ દેખાતી જ નથી. બીજાની જ ભૂલ બતાવવા પ્રયત્ન કરે છે.' બીજાના દોષ જોવા કરતાં પોતાના ટાળવામાં માલ છે, મજા છે.

❋ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં લવા અને બાદશાહની દાઢીનું દૃષ્ટાંત આપે છે. એક વાર લવો અને બાદશાહ બંને બેઠા હતા. બાદશાહે લવાને પૂછ્યું, 'તને મારા વિષે કેવું હેત ?' લવો કહે, 'ખરેખરું.' બાદશાહે કહ્યું, 'જો મારી અને તારી બંનેની દાઢી હારે (સાથે) સળગે તો તું પહેલી કોની ઓલવે ?' લવાએ કહ્યું, 'બાદશાહ, આપ ખાવિંદ ધણી ખરા, પણ મારી દાઢીએ બે લહરકા મારી લઉં ને પછી તમારી દાઢી ઓલવું.'

યોગીજી મહારાજ પોતાની કથામાં આ દૃષ્ટાંત સમજાવી કહેતા કે 'આપણે સૌપ્રથમ પોતાના મોક્ષનું જતન કરવું.' બીજાના દોષો ટાળવાનો આગ્રહ મૂકી, પોતાના સ્વભાવ-દોષ ટાળવા પર તાન રાખવું જોઈએ.

◎ **'પરોપદેશે પાણ્ડિત્યં સર્વેષાં સુકરં નૃણામ્'** બીજાને ઉપદેશ આપવો બહુ સરળ છે, પણ પોતાની જાતને ઉપદેશ આપવો તે જુદી જ વાત છે.

યોગીજી મહારાજ કહેતા, 'જમવા બેઠા હોઈએ તો માણસ બીજાના ભાણેથી માખો ઉડાડે કે પોતાના ? તેમ આપણે આપણા ભાણાની માખો ઉડાડવી!'

◎ ટ્રેનમાં મુસાફરી કરનાર શેઠ પાસે રૂપિયાની કોથળી હતી. ચોરને આ જાણ થઈ ગઈ કે આની પાસે રૂપિયા છે, એટલે તે એ જ ડબ્બામાં પેઠો. મુસાફરને આની ગંધ આવી ગઈ. તેથી તે ચોર જરા આઘોપાછો થયો ત્યારે પોતાની રૂપિયાની કોથળી ચોરના જ ઓશીકા નીચે મૂકી સૂઈ ગયો. પછી ચોરે શેઠના સામાનનો ખૂણે ખૂણો તપાસી લીધો પણ કાંઈ ન મળ્યું. પછી શેઠે પોતાનું સ્ટેશન આવે તે પહેલાં ચોરની જાણ બહાર તેના ઓશીકા નીચેથી રૂપિયાની કોથળી સરકાવી લીધી. ચોરે છેવટે હાર માનીને પૂછી લીધું કે 'મને કેમ સફળતા ન મળી?' ત્યારે શેઠ કહે, 'તેં બધું જ તપાસ્યું પણ તારું જ તપાસ્યું નહીં. ઓશીકા નીચે તપાસ્યુ હોત તો રૂપિયા મળી જાત.'

માણસમાત્રની આ દશા છે. એ પોતાના દોષ ક્યારેય તપાસતો નથી ને બીજાના દોષ તપાસવામાં જ સમય બગાડે છે !

◎ ગુણાતીતાનંદ સ્વામીએ પણ કહ્યું છે, 'જેવો બીજાના દોષ જોવાનો આગ્રહ છે, તેવો પોતાના દોષ ટાળવાનો આગ્રહ હોય તો કાંઈ ખોટ રહે જ નહીં.'

◎ વળી તેમણે કહ્યું, 'નિરંતર સર્વ ક્રિયામાં પાછું વાળીને જોવું કે હું શું કરવા આવ્યો છું ને શું કરું છું.'

બીજો શું કરવા આવ્યો છે ને શું કરે છે તે જોવાનું નથી. માટે અવગુણ જોવાનો માર્ગ બંધ કરી ગુણ જોવાનો, ગુણગ્રહણ કરવાનો માર્ગ અપનાવવો તે આપણું ધ્યેય છે.

● **ગુણગ્રાહક દૃષ્ટિ સાથે મહિમા :**

❊ ફક્ત ગુણગ્રાહક દૃષ્ટિ સુધી જ આપણે નથી પહોંચવાનું, પરંતુ મહિમાની દૃષ્ટિ કેળવી દરેકમાં બ્રહ્મભાવ નિહાળવા સુધીની કક્ષાએ પહોંચવાનું છે. યોગીબાપા સૌને માથાના મુગટ સમજવાનું કહેતા, કૈવલ્યમૂર્તિ સમજવાનું કહેતા, ને શ્રીજીમહારાજે ગઢડા મધ્ય- ૬૩મા વચનામૃતમાં કહ્યું, 'ભગવાનના ભક્તો બ્રહ્મની મૂર્તિ છે. માટે તેમાં મનુષ્યભાવ લાવવો નહીં.' આ મહિમાની દૃષ્ટિ છે.

❊ વડતાલના સર્વોચ્ચ કોઠારી ગોવર્ધનભાઈએ એક વાર ભગતજી મહારાજને પૂછ્યું કે ભગતજી! આપણે બંને સ્વામિનારાયણનું જ ભજન કરીએ છીએ, ને સેવા પણ એમની જ કરીએ છીએ, તોપણ તમારા અંતરમાં જેવો આનંદ છે તેવો આનંદ મને કેમ આવતો નથી? ત્યારે ભગતજી મહારાજ કહે : તમે આ બધા ભક્તોને બ્રહ્મની મૂર્તિ સમજો તો તમને પણ એવો આનંદ આવશે. હું આ બધાને બ્રહ્મની મૂર્તિ દેખું છું.

ભગતજી મહારાજે આવી બ્રહ્મદૃષ્ટિ પ્રાપ્ત કરેલી, ને એમના પ્રસંગ દ્વારા આપણને પણ આવી દિવ્ય દૃષ્ટિ કેળવવાનો સંદેશ આપ્યો છે.

❊ યોગીજી મહારાજે મુંબઈમાં એક સંતને બીજા નામથી બોલાવ્યા. બધા કહે, 'બાપા, એમનું નામ તો જુદું છે.' ત્યારે બાપા કહે, 'ગુરુ, અમે તો સૌને બ્રહ્મરૂપ સમજીએ છીએ પછી નામનો ભેદ ક્યાં રહ્યો ?' કેવી બ્રહ્મદૃષ્ટિ !

❊ જંબુસરમાં ઈશ્વરભાઈ નારણભાઈને ત્યાં યોગીબાપા ઊતરેલા. બીજે દિવસે સવારે ઊઠ્યા. પછી સ્નાન વગેરે કરીને બાપા રૂમમાં પધાર્યા, ને ધીરેન્દ્રભાઈ વીંછીને કહે, 'આજે ઊંઘ બહુ સારી આવી.' ધીરેન્દ્રભાઈ આ સાંભળીને આશ્ચર્યથી કહે, 'બાપા! શું વાત કરો છો ? આપના પલંગની ચાદરમાંથી તો માંકડ કેટલાંય નીકળ્યાં. માંકડ હોય તો ઊંઘ કેવી રીતે આવે ?' એમ કહી ૨૦-૨૫ માંકડ વાડકીમાં ભેગાં કરેલાં તે બતાવ્યાં અને કહ્યું, 'રાત્રે તે કેટલાંય કરડ્યાં હશે.'

યોગીબાપા કહે, 'ગુરુ એમ ન બોલાય', ધીરેન્દ્રભાઈ કહે, 'પણ બાપા ! માંકડ તો કરડે જ.' બાપા કહે, 'જો પાછું બોલ્યા ! ગુરુ, આ તો સત્સંગીનાં માંકડ કહેવાય. નો કરડે', તેઓ કહે, 'પણ બાપા ! માંકડ થોડા સત્સંગી હોય ? એને થોડી ખબર હોય કે આ યોગીબાપા છે, એને ના કરડાય ?' એટલે વાતને અટકાવતાં બાપા કહે, 'હવે બીજી વાર બોલશો તો ઉપવાસ કરવો પડશે.' આગળ દલીલ અટકાવી દીધી. માંકડના પણ સ્વભાવ કે અવગુણની ચર્ચા નહીં કરવાની, મહિમા જ સમજવાનો, આ રહસ્ય યોગીજી મહારાજે આ પ્રસંગ દ્વારા સૌને દર્શાવ્યું.

❊ માંકડના અવગુણની પણ ચર્ચા ન કરવા દે, તે કોઈ હરિભક્તના અવગુણની ચર્ચા તો કરવા દે જ કઈ રીતે ?

❊ તુલસીદાસની સાખી યોગીબાપા અનેકવાર બોલતા. ફક્ત બોલતા એટલું જ નહીં, આ સાખી પોતાના જીવનમાં સંપૂર્ણ ચરિતાર્થ હતી.

તુલસી જ્યાકે મુખન સે ભૂલે નિકસે રામ,
તાકે પગ કી પહેનિયાં મેરે તન કી ચામ.

યોગીબાપા આ સાખીનું મૂર્તિમાન સ્વરૂપ હતા. વળી, આ મહિમાની દૃષ્ટિ આપણામાં પણ દૃઢ થાય તે માટે પ્રસંગે પ્રસંગે પ્રેરણા પણ આપતા.

◎ પ્રમુખસ્વામી મહારાજ પણ આ દૃષ્ટિથી જ સૌને નિહાળતા. અમેરિકામાં કાર્યકર્તાઓની મીટિંગમાં

સ્વામીબાપાએ સૌને થોડી ટકોર કરી. મીટિંગ પૂરી થયા પછી એક કાર્યકર કહે, 'બાપા! અમે તો અવગુણથી ભરેલા છીએ, આપને તકલીફ આપી, માફ કરશો.' ત્યારે સ્વામીબાપા કહે, 'ના ના, તમે બધા તો માથાના મુગટ છો. કેવી સેવા-ભક્તિ કરો છો ! યોગીબાપાને રાજી કરવા કેવો દાખડો કરો છો!'

આપણી ભૂલ કે વાંક બદલ ક્યારેક ટકોર પણ કરવી પડે, છતાં સ્વામીબાપા સૌને કેવી દૃષ્ટિથી નિહાળતા, તે આવા પ્રસંગે ખ્યાલ આવે છે.

◎ ઈ.સ. ૧૯૯૪માં એક સંતે એક વાર સ્વામીબાપાને કહ્યું, 'આપ હરિભક્તોને પણ કાગળમાં પૂજ્ય લખી સંબોધન કરો છો.' (સામાન્ય રીતે સંતો માટે પૂજ્ય સંબોધન થતું હોય છે.)

સ્વામીબાપા કહે : બધા પૂજ્ય જ કહેવાય ને !

સ્વામીબાપા દરેકને પૂજ્યભાવથી-દિવ્યભાવથી નિહાળતા અને આપણને પણ આ દૃષ્ટિથી સૌને નીરખવાની શીખ આપતા.

◎ તા.૯/૧૦/૨૦૧૬, ભાવનગર : મહંતસ્વામી મહારાજે ભ્રમણ પૂર્વે સૌ હરિભક્તોને દૃષ્ટિ દ્વારા મળી લીધું. પછી બીજે ઠેકાણે એ જ હરિભક્તોને ફરીથી વંદન કરતા હતા. એક સંત સહેજે બોલ્યા, 'સ્વામી ! (હરિભક્તો) એના એ જ છે.'

તરત સ્વામીશ્રી થોડું અકળાઈને બોલ્યા, '(હરિભક્તો) એના એ જ હોય તોય શું ? આમનાં દર્શન તો હજારવાર કરીએ તોય ઓછું છે !'

❋ તા.૧૨/૨/૨૦૧૭, સારંગપુર : યુવા તાલીમ કેન્દ્રના યુવકોએ લઘુસંવાદ રજૂ કર્યો. એક યુવક કહે, 'શું દિવ્ય દિવ્ય કરો છો ? મેં ફલાણાને ટી.વી. જોતા જોયો અને પેલાને ચા પીતા જોયો...'

મહંતસ્વામી મહારાજ કહે, 'બધા દિવ્ય જ છે. આ બધા દોષો તો ક્યાંય નીકળી જશે.'

❋ આપણે આવી દૃષ્ટિથી હરિભક્તને કે સંબંધવાળાને નીરખીશું તો કંઈ સામેવાળો બદલાઈ નહીં જાય. એનો સ્વભાવ તો બદલાય કે ન બદલાય, પરંતુ આ રીતે નિહાળતાં આપણી દૃષ્ટિ તો જરૂર બદલાઈ જશે. આપણું પરિવર્તન તો જરૂર થઈ જશે.

❋ માટે ગુણગ્રહણને માર્ગે આગેકૂચ ને અવગુણને માર્ગે પીછેહઠ કરી અધ્યાત્મયાત્રાની ટોચ ઉપર પહોંચવાનો પૂર્ણ પ્રયત્ન કરી મહારાજ સ્વામીને પ્રસન્ન કરી શકીએ તે પ્રાર્થના.

❀ ❀ ❀

સ્વામીની વાત : ૨, પ્રકરણ : ૪, વાત : ૧૪૦

સ્વામિનારાયણ હરે..... સ્વામીએ વાત કરી જે.....

'ભગવાનના ભક્તના ગુણ કહેવા. તેમાંથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય ને એમાં દાખડો કાંઈ પણ ન મળે એમ કરવાનું કહ્યું. પણ ફલાણો આવો ને ફલાણો આવો એમ ભગવાનના ભક્તના દોષ ન કહેવા ને તેનું આપણે શું કામ છે. ને કોઈને નહીં સમજાતું હોય તો વળી આગળ સમજાશે, તેની શી ઉતાવળ છે ? ને ક્યાં ભાગી જાય એમ છે ? પણ કોઈના દોષ ન કહેવા. તેમાં લવા ને બાદશાહની દાઢીનું દૃષ્ટાંત દીધું, તે મુખ્ય માથે લેવું.

● સ્વામીની વાતુનું નિરૂપણ

* આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામી બ્રહ્મરૂપ થવાનો સરળ અને સચોટ ઉપાય બતાવે છે અને આ માર્ગમાં આવતા વિઘ્નોથી દૂર રહીને ધ્યેયને પાર પાડવાના માર્ગે સરળતાથી ચાલી શકાય એવું માર્ગદર્શન આપે છે.
* સ્વામીની વાત : 'આપણો જન્મ બે વાત સિદ્ધ કરવા સારુ થયો છે - એક તો બ્રહ્મરૂપ થાવું ને બીજું પુરુષોત્તમમાં જોડાવું.'
* ઘોઘાવદરને પાદર શિવાલયની બેઠકે ગુણાતીતાનંદ સ્વામીએ પાંચ વચનામૃતો ગ. પ્ર. ૨૩, ગ.મ.૩૦, ગ.મ.૪૫, અમ.૨ અને ૩ - વંચાવીને કહ્યું હતું કે બ્રહ્મરૂપ થઈને ભક્તિ કર્યા વગર છૂટકો નથી.
* શિક્ષાપત્રી ૧૧૬માં શ્લોકમાં શ્રીજીમહારાજે 'નિજાત્માનં બ્રહ્મરૂપમ્...' ના શ્લોકમાં પણ બ્રહ્મરૂપ થવાની આજ્ઞા કરી છે.
* બ્રહ્મરૂપ થવું એ આધ્યાત્મિક માર્ગની સર્વોચ્ચ સ્થિતિ છે. જેને પામ્યા પછી કાંઈ પામવાનું બાકી રહેતું નથી. આવી દુર્લભ સ્થિતિ માટેનો ખૂબ જ સરળ ઉપાય આ વાતમાં સ્વામીએ સમજાવ્યો કે ભગવાનના ભક્તના ગુણ કહેવા.
* આનું કારણ શું ? - બ્રહ્મરૂપ થવાની સ્થિતિ ભગવાન અને સંતની પ્રસન્નતાથી જ પમાય છે.

તે પ્રસન્નતાનો ઉપાય છે - ગુણગ્રાહક બનવાનો, ગુણગ્રાહક દૃષ્ટિ કેળવવાનો.

* ગ.પ્ર. ૨૮ : ગુણ ગ્રહણ કરે તે વધતો જાય છે.
* ગ.અં. ૨૧ : જે ભગવાનના ભક્તનો અવગુણ લેતો હોય તેના હાથનું તો (અમને) અન્નજળ પણ ભાવે નહીં. દેહનો સંબંધી હોય પણ જો ભગવાનના ભક્તનો અવગુણ લે તો તે સાથે પણ અતિશય કુહેત થઈ જાય છે.
* સ્વા. વાત : 'નિત્યે લાખ રૂપિયા લાવે પણ સત્સંગનું ઘસાતું બોલે તો તે મને ન ગમે ને સૂતો સૂતો ખાય પણ ભગવાનના ભક્તનું સારું બોલે તો તેની ચાકરી હું કરાવું એવો મારો સ્વભાવ છે.
* વચનામૃતનો પરથારો : શ્રીજીમહારાજની પ્રકૃતિ કેવી છે ? તો : પોતાની આગળ કોઈક સાધુનું અથવા હરિભક્તનું કોઈ ઘસાતું બોલે તે સાંભળીને તેની ઉપર પોતે કચવાઈ જાય છે ને તેનો અનાદર કરીને ઠપકો આપે છે.
* યોગીજી મહારાજ પાસે કંડારી ગામમાં ડૉ.સ્વામી ખાનગી કરવા ગયા. કોઈ હરિભક્ત વિષે બહાર સંભળાતી વાતનો માત્ર ઉલ્લેખ જ કર્યો ત્યાં જ યોગીબાપા હાથ છોડાવીને બહાર આવી ગયા.
* આણંદથી અમદાવાદ જતા ટ્રેનમાં મહંત સ્વામીને ન છૂટકે કોઈ હરિભક્તના મોંઢે અભાવ-અવગુણની વાતો સાંભળવી પડી. અમદાવાદમાં યોગીજી મહારાજે પૂછ્યું : 'રસ્તામાં શું વાતો થઈ ?' મહંત સ્વામીએ વાત કરી. પ્રાયશ્ચિત્તરૂપે સળંગ બે ઉપવાસ (નિર્જળ) યોગીજી મહારાજે આપ્યા.

● આમ છતાં અવગુણની વાતો કેમ થાય છે ?

* બીજાના અવગુણની વાતો કરવામાં પોતાનો અહંકાર પોષાય છે અને તેથી આનંદ આવે છે.
* યોગીજી મહારાજ : 'બત્રીસ પ્રકારના ભોજનમાંથી પણ ન આવે એવો સ્વાદ જીવને અભાવ-અવગુણની વાતોમાંથી આવે છે.
* માણસનો સ્વભાવ કાગડા જેવો છે. કાગડો પ્રાણીના શરીરે પડેલા ચાંદા ઉપર જ જઈને બેસે. એમ અભાવ-અવગુણ પર જ વ્યક્તિની દૃષ્ટિ પહેલી જાય છે.

● અવગુણની વાતો કરવાથી શું થાય ?

* આનાથી આપણને જ હૈયામાં અશાંતિ વર્ત્યા કરે. બીજાના દોષોનું ચિંતવન કરતાં આપણામાં પણ તે સ્વભાવ આવે.
* બંધિયાના જાડેજા દરબાર જેસોજી શ્રીજી મહારાજના પાર્ષદ હતા. - સેવા ખૂબ કરતા - તેથી શ્રીજીમહારાજે અંતર્યામીપણું આપ્યું - તેનાથી બધાના દોષો જાણતા થયા અને કહેવા લાગ્યા - આવું કરવાની ના પાડી છતાં શ્રીજીમહારાજ જેના ગુણ ગાય તેના દોષો જોઈને તેની વાત જેસોજી કરે - પરિણામે એમને અંતરમાં ભૂંડા ઘાટ થવા લાગ્યા. છેવટે પરણીને સંસાર માંડ્યો.
* આ વાત ગ.પ્ર.૨૮, ગ.પ્ર.૫૩મા વચનામૃતમાં કરી છે :
અવગુણ લેવાનો સ્વભાવ હોય તે દિવસે-દિવસે સત્સંગમાં પાછો પડતો જાય. અર્ધ બળેલા કાષ્ટની પેઠે ધૂંધવાતો રહે.
* યોગીજી મહારાજ કેફમાં કહેતા 'વન વે' અક્ષરધામમાં જવાનો એક જ રસ્તો છે. અવગુણ લેવાના રસ્તા બંધ.'
* યોગી ગીતા : 'સત્સંગમાં અભાવ-અવગુણરૂપ ખટાશ ન આવે તો સત્સંગનું સુખ કેસર કેરી જેવું ગળ્યું આવે.'
* પ્રમુખસ્વામી મહારાજ મુંબઈના કોઠારી સ્વામીને જ્યારે પહેલી વખત મળ્યા ત્યારે વાત કરેલી : 'સત્સંગ તો સમુદ્ર જેવો છે. તેમાં છીપલાં પણ છે અને મોતી પણ છે. આપણે મોતી વીણી લેવા. એટલે કે ગુણો ગ્રહણ કરવા.
* યોગીજી મહારાજ : 'અવગુણ કોઈનો લેવાનો -

ઝેર ખાવાનો રસ્તો ન લેવો.'

* જેમને અધિકાર છે તે પણ જોતા નથી તો આપણાથી કોઈનો અવગુણ કેમ જોવાય ?
* ગ.અં. ૨૧ : 'ભગવાનનો જે ભક્ત હોય તે ગમે તેવા વાંકમાં આવ્યો હોય, તો પણ અમારે એનો અવગુણ આવતો નથી.'
* પ્રમુખસ્વામી મહારાજ : 'આપણને બીજાના દોષો જોવાનો અધિકાર જ નથી.'
* સ્વા.વાત : 'ભગવાન પોતાના આશ્રિતના દોષો સામે જોતા જ નથી. જેમ ગૃહસ્થ પોતાની મા, બહેન, દીકરીને ઉઘાડા જુએ તો અવળું જોઈ જાય છે તેમ.'
* યોગીજી મહારાજ : 'મને પચાસ વર્ષ સત્સંગમાં થયા પણ થાથા થાબડા જેવો હોય કાંઈ ન આવડતું હોય, વિરોધી હોય તો પણ કે'દી એનો અવગુણ આવ્યો નથી.'
* પ્રમુખસ્વામી મહારાજને શાસ્ત્રીજી મહારાજની સુવર્ણતુલા વખતે હરિભક્તો વગર વાંકે વઢ્યા. છતાં અવગુણ ન લીધો. અને બોલ્યા 'એ બધા જૂના સમર્પિત ભક્તો હતા. એમને કહેવા-વઢવાનો અધિકાર હતો.' એમ ગુણ જ લીધો.

● અવગુણ લેવાની ટેવ પડે તો નાના હરિભક્તોથી અવગુણ શરૂ થાય. પછી આગળ વધતા છેક ભગવાન અને સત્પુરુષ સુધી અવગુણ લેવાઈ જાય.

* બુઢા ધાધલને પ્રથમ દાદાખાચરનો પછી મુક્તાનંદ સ્વામીનો અને છેવટે શ્રીજીમહારાજનો પણ અવગુણ આવ્યો.
* લો.૧ : 'મોટાનો અવગુણ આવે એ માથું કપાયા બરાબર છે.'
* લોટિયા સાધુ મહાત્યાગ-વૈરાગ્યવાળા પણ જો ગુણાતીતાનંદ સ્વામીનો અવગુણ આવ્યો તો સત્સંગ છોડી જતા રહ્યા.
* મુક્તાનંદ સ્વામી -

જે સૂરજ સામી રજ નાખે
તે ઊલટી આવી પડે આંખે,
રવિ રોષ રાગ મન નવ રાખે...

* ગ.પ્ર. ૨૪ : 'ભગવાન ને સંતને વિષે દોષ પરઠે તે દોષ એને જ પીડે છે.

● આની સામે જો મોટા પુરુષ કે સત્સંગનો ગુણ આવે તો ફાયદો પણ મોટો છે.

* નાગર હરિભક્તને ગુણાતીતાનંદ સ્વામીનો ગુણ આવ્યો તો તેનો રસાસ્વાદ ટળ્યો.

કોઈ કહેશે આ સંત બહુ સારા રે,
ખરા કલ્યાણના કરનારા રે,
એટલો જ ગુણ કોઈ ગ્રહેશે રે,
તે તો બ્રહ્મમહોલે વાસ લેશે રે.

-ભક્તચિંતામણિ

* જૂનાગઢમાં બાંગ પોકારતો મુસલમાન ગુણાતીતાનંદ સ્વામીને જોઈને બોલ્યો : 'સ્વામિનારાયણકા બાવા કૈસા બન્યા હૈ !' આટલો જ ગુણ લીધો. તો સ્વામીએ આશીર્વાદ દીધો, 'હવે એને બાંગ પોકારવી નહીં પડે.'
* ગુણો કહેવા-સાંભળવાથી સત્સંગ, સંતો, હરિભક્તોને જોવાની દૃષ્ટિ દિવ્ય થઈ જાય છે.
* ભગતજી મહારાજને ગઢડાના માના ભક્તે કહ્યું : 'આ તમારા બાબુલા જેવા શિષ્યોમાં બંધાશો નહીં. ત્યારે ભગતજી મહારાજ કહે : 'આ ભગવાનના ભક્તોને બાબુલા જેવા કહેવાય જ કેમ ? જો બાબુલા કહીએ તો જીવ નાશ પામી જાય. હું તો આ બધા ભક્તોને બ્રહ્મની મૂર્તિ દેખું છું.
* ગ.અં. ૨ : 'જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક-વૈકુંઠમાં સભા છે ને જેવી બદ્રિકાશ્રમને વિષે સભા છે તેથી પણ આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વે હરિભક્તને અતિશય પ્રકાશયુક્ત દેખું છું. એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે.'
* મુક્તાનંદ સ્વામી :

મારા વહાલાજી શુ વાલપ દીસે રે,
તેનો સંગ શીદ તજીએ તે વિના કેને ભજીએ.

* જાગા સ્વામી પોતાની પૂજામાં ભક્તોની નામાવલિ રાખતા અને તેનો રોજ પાઠ કરતા. આવો મહિમા સમજતા.
* પર્વતભાઈને ભક્તોનો અદ્ભુત મહિમા હતો.

શ્રીજીમહારાજે પૂછ્યું : 'ઢોલિયાના સત્સંગી હોય તે અહીં અમારી પાસે બેસે ને સત્સંગીના સત્સંગી હોય તે હરિભક્તો પાસે બેસે. બધા ઢોલિયાના સત્સંગી થઈને ઢોલિયાની બાજુમાં બેઠા. પણ પર્વતભાઈએ કહ્યું : 'હું સત્સંગીનો સત્સંગી છું.' તેથી મહારાજે દૂર પાછળ બેસાડ્યા. પછી શ્રીજીમહારાજ એમની પાસે જઈને બેઠા અને કહ્યું કે 'અમે તો સત્સંગીના સત્સંગી છીએ.'

આથી તો પર્વતભાઈ દાદાખાચરના ગોલા થવા તૈયાર થયા.

* શ્રીજીમહારાજની પણ એવી પ્રકૃતિ હતી કે ભક્તોના અવગુણ સામે નહીં પણ નાનામાં નાના ગુણને મોટો કરીને જુએ.

આથી દીનાનાથ ભટ્ટે પોતાના સ્તોત્રમાં ગાયું કે

'અણુમપ્ય તુલં હિ મન્યતે, સહજાનંદ ગુરું ભજે સદા.

* પ્રમુખસ્વામી મહારાજ પણ આ રીતે નાના-મોટા તમામનો મહિમા ગાય છે. શાસ્ત્રીજી મહારાજના વખતનો હીરો ભરવાડ સારંગપુર મંદિરની સેવા કરે છે. આટલી જ વિશેષતા હોવા છતાં એની ઓળખાણ સ્વામીશ્રીએ નૈરોબીના કરોડપતિ હર્ષદભાઈ રાણાને કરાવી મહિમા ગાયો.
* વડતાલના કોઠારી ગોવર્ધનભાઈનો ભગતજી મહારાજને પ્રશ્ન : 'મને તમારા જેવો આનંદ કેમ આવે ?'

ભગતજી મહારાજ કહે : 'વડતાલના ૨૦૦૦ સાધુઓને બ્રહ્મની મૂર્તિ માનો.'

આમ ભક્તોના ગુણ ગાવાથી, મહિમા ગાવાથી સત્સંગનો આનંદ આવે.

● કોઈને નહીં સમજાતું હોય તો આગળ સમજાશે :

દર્દી હોસ્પિટલમાં દાખલ થાય. પછી તેનો રોગ મટવાનો જ છે. કોઈને વહેલો મટે, કોઈને મોડો મટે, પણ ડૉક્ટર કાબેલ હોય તો રોગ કાઢે ને તંદુરસ્ત કરે જ. તેમ આપણા સત્સંગમાં પણ સૌને વહેલી-મોડી બ્રહ્મસ્થિતિ થવાની જ છે. કારણ કે ગુરુરૂપી ડૉક્ટર સમર્થ છે.

* લવા અને બાદશાહની દાઢીનું દૃષ્ટાંત - 'પહેલા આપણી પોતાની દાઢી ઓલવી લેવી.' - એમ આપણા પોતાના સામું જોવું, પોતાના અવગુણ જોવા.

'જેમ નટ ચડે વળી વાંસડે, જોવા મળે સઘળું ગામ,
પણ નટ ન જુએ કોઈને, જો જુએ તો બગડે કામ.

* વેપારી પોતાના ચોપડા મૂકીને બીજાના તપાસવા બેસે તો દેવાળું કાઢે. એમ પોતાના દોષ જોવાનું મૂકીને દોષ ટાળવાનો અભ્યાસ ન રાખે તો ખોટ જ ખાવાની થાય. ◆

સ્વામીની વાત : પ્રકરણ - ૪, વાત - ૧૪૦

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

ભગવાનના ભક્તના ગુણ કહેવા. તેમાંથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય ને એમાં દાખડો કાંઈ પણ ન મળે. એમ કરવાનું કહ્યું. પણ ફલાણો આવો ને ફલાણો આવો એમ ભગવાનના ભક્તના દોષ ન કહેવા ને તેનું આપણે શું કામ છે ? ને કોઈને નહીં સમજાતું હોય તો આગળ સમજાશે. તેની શી ઉતાવળ છે ? ને ક્યાં ભાગી જાય એમ છે ? પણ કોઈના દોષ ન કહેવા. તેમાં લવા અને બાદશાહની દાઢીનું દૃષ્ટાંત દીધું. ને મુખ્ય માથે લેવું.

❊ એક કહેવત છે કે :

જેની આંખમાં અમી, તેને આખી દુનિયા ગમી.
જેની જીભમાં અમી, તેને આખી દુનિયા નમી.

કહેવત હંમેશાં અનુભવજન્ય નક્કર સત્ય દર્શાવતી હોય છે. જીવનનો સાર ઘણીવાર સૂત્રાત્મક કહેવતોમાં સમાઈ જતો હોય છે. કહેવતમાં તો જે જિવાતું હોય છે તેનું પ્રતિબિંબ ઝિલાતું હોય છે.

❊ આંખમાં મોતિયો આવ્યો હોય તો સ્પષ્ટ દેખાય નહિ. બધું ઝાંખું ઝાંખું ભાસે. આંખ સારી હોય તો બધું સ્પષ્ટ દેખાય, પણ દૃષ્ટિ જો સારી હોય તો બધું સારું દેખાય.

❊ આંખમાં કમળો થયો હોય એટલે બધું પીળું જ લાગે તે સ્વાભાવિક છે. ચક્કર ચડ્યા હોય તો બધું ભમતું હોય તેવું જ લાગે. પોતાનામાં ખામી હોય એટલે સૃષ્ટિમાં પણ ખામી દેખાય.

❊ એક ભાઈ દૂધપાક જમવા બેઠા. પણ દૂધપાકમાં એમને કીડી દેખાણી, તેથી એમણે બીજી વાડકી મંગાવી, એમાં પણ કીડી દેખાણી. તેથી ત્રીજી વાડકીમાં દૂધપાક મંગાવ્યો, એમાં પણ કીડી દેખાણી. આવું ત્રણ-ચાર વાર થયું તેથી બધાને થયું કે દરેક વાડકીમાં કીડી થોડી હોય ? પછી બરાબર તપાસ કરતાં ખબર પડી કે તે ભાઈનાં ચશ્માંના કાચ ઉપર કીડી હતી, તેથી તેમને દૂધપાકમાં કીડી દેખાતી હતી. પોતાનાં ચશ્માંના કાચ સાફ હોય તો દૃશ્ય સરસ લાગે. પ્રશ્નો સૃષ્ટિના નથી. પ્રશ્નો દૃષ્ટિના છે.

❊ ભગવાનની આ સૃષ્ટિ ખામી અને ખૂબીઓથી ભરેલી છે. આ ધરતી ઉપર ખાડા પણ છે ને ટેકરા પણ છે. આ ભૂમિમાં મીઠું જળ પણ છે ને ખારું જળ પણ છે. આ ધરા પર ઝેરી વૃક્ષો પણ છે ને સારાં વૃક્ષો પણ છે. કોઈ વૃક્ષ પર કડવાં ફળ તો, કોઈ વૃક્ષ પર મીઠાં ફળ પણ છે. કેટલાંય વૃક્ષો કાંટાળા તો કેટલાંક વૃક્ષો સૂંવાળાં પણ છે. સારાં-નરસાં બંને તત્ત્વો આ સૃષ્ટિમાં આપણને જોવા મળે છે.

❊ પરંતુ જેમ ખારા જળને છોડી આપણે મીઠું જળ જ ગ્રહણ કરીએ છીએ, ને કડવાં ફળોનો ત્યાગ કરી મીઠાં ફળ જ આરોગીએ છીએ, તેમ સમાજમાં જે સારું તત્ત્વ છે તેને ગ્રહણ કરવું તે બુદ્ધિશાળી વ્યક્તિનું લક્ષણ છે.

❊ આંખ દરેકની પાસે છે પરંતુ દૃષ્ટિ બહુ થોડાની પાસે છે. અંતર્દૃષ્ટિ તો કોઈક પાસે જ હોય છે. સારી અથવા નરસી દેખાતી આ સૃષ્ટિનો આધાર આપણી દૃષ્ટિ પર રહેલો છે. ભગવાને આંખો તો આપી પણ દૃષ્ટિ તો આપણે કેળવવી પડે છે. મહાપુરુષો અને સંતોની વિશેષતા એ છે કે તેમણે સૃષ્ટિ બદલવાનો પ્રયત્ન નથી કર્યો, પરંતુ પોતાની દૃષ્ટિ બદલી છે. જે કરોળિયાના પગમાં આપણને બદસૂરતી દેખાય છે, તે જ કરોળિયાના જાળામાં મોટાપુરુષને ખૂબસૂરતી દેખાય છે. આપણે પગ તરફ જોઈએ છીએ. તેઓ જાળા તરફ જુએ છે.

નંદનવન અને નરકાગાર પૃથ્વી ઉપર નથી, પરંતુ જોનારાની આંખમાં જ છે.

પ્રભુ તો દે છે બે નયનમાત્ર
પરંતુ જોવા માટે થવું પડે પાત્ર.

પાત્ર થયો હોય તેની દૃષ્ટિ હંમેશાં સારા તરફ જ હોય.

❊ બાવળની સોટી ફેંકી દઈ કાંટા ઘેર લઈ જતા કોઈને જોયા ? કેળું નાખી દઈ કેળાની છાલ ખાતા કોઈને જોયા ? ગુલાબનાં ફૂલને બદલે ગુલાબના છોડના કાંટા કોઈ ભરી લાવે છે ? (કદાચ આવો કોઈ મળે, તો તેની ગણતરી બુદ્ધિશાળીમાં થતી નથી.)

❊ આ બધી બાબતમાં આપણને વિવેક છે, સમજ છે. ફક્ત ગુણગ્રહણ કરવાની બાબતમાં જ આપણે બુદ્ધિશાળી ગણાતા માણસો પણ થાપ ખાઈ જઈએ છીએ.

❊ ગુણગ્રહણ કરવાની બાબતમાં આનાથી તદ્દન ઊંધો જ અભિગમ આપણે અજમાવીએ છીએ. હંમેશાં નરસી વસ્તુ ઉપર જ આપણી દૃષ્ટિ પડે છે. પરંતુ જે પ્રગતિ કરવા ઝંખે છે તે દુર્યોધનની નજરે નહિ, પરંતુ યુધિષ્ઠિરની નજરે સૃષ્ટિને નિહાળે છે.

❊ પ્રમુખસ્વામી મહારાજે સત્સંગમાં આવનાર એક નવા મુમુક્ષુ યુવકને કહેલું કે આ સત્સંગ દરિયા જેવો છે. દરિયામાં છીપલાં પણ હોય ને માછલાં પણ હોય. રેતી પણ હોય ને મોતી પણ હોય. પરંતુ માછીમારની નજર માછલાં ઉપર હોય ને મરજીવાની નજર મોતી ઉપર હોય છે. માછીમાર થવું કે મરજીવા તે આપણે નક્કી કરવાનું છે. મોતી મેળવવાં છે કે માછલાં તે નિર્ણય આપણે કરવાનો છે. સત્સંગમાં અને દુનિયામાં માછલાં ને મોતી બધું જ પડેલું છે. પરંતુ આપણે મરજીવા થઈશું તો મોતી હાથ આવશે. એટલે ગુણ ગ્રહણ એ મરજીવાનો માર્ગ છે.

❊ સાંકરીમાં '૮૧મા જન્મજયંતી પ્રસંગે સ્વામીશ્રીએ આશીર્વચન આપતાં જણાવેલું કે કાગડો હોય તે ચાંદા ઉપર જ બેસે, સારી જગ્યા હોય તોય ત્યાં ન બેસે, તેને ચાંદું જ ગમે. તેમ ઘણા કાગડા જેવા જીવ હોય તેની દૃષ્ટિ અવગુણ ઉપર જ હોય. પરંતુ હંસ હોય તે તો મોતી જ ચરે, તેની નજર સદ્ગુણ સિવાય બીજે જાય જ નહિ.

❊ સદ્. પ્રેમાનંદ સ્વામીએ, ભગવાનના ભક્તોને શું ગમે, ને તે ભક્તો કેવા હોય તે લક્ષણ બતાવતાં પોતાના કીર્તનમાં કહ્યું છે :

સખી હંસ તો મુક્તાફળને જમે જો,
મૂઆ બગલાને એક માછલાં ગમે જો.

❊ ભગવાનના ભક્તો તો હંસ જેવા હોય તેમને તો મોતી જ ભાવે. જે બગલા જેવા હોય તેમને માછલાં જ ગમે. વળી, દેડકાને ગારામાં જ મઝા આવે. તે તો કાદવમાં જ કલબલ કલબલ કર્યા કરે, પણ કમળના રસનો સ્વાદ ન લઈ શકે, ને જે ભ્રમર છે તે તો પુષ્પનો રસ જ ગ્રહણ કરે. તેને કાદવ-કીચડ ન ગમે. ભગવાનના ભક્તો ભ્રમર જેવા છે. તેમને ભક્તના ગુણ રૂપી રસમાં જ મઝા પડે. જે દેડકા જેવા જીવ હોય તેમને અભાવ-અવગુણરૂપ કીચડ જ ફાવે.

❊ ઘણાં ગીધ જેવા હોય. ગીધ આકાશમાં ઊડે, પરંતુ નજર માંસના લોચા ઉપર જ હોય. તેમ ઘણા સત્સંગમાં બેઠા હોય પરંતુ નજર અવગુણ તરફ જ હોય. પોલીસની દૃષ્ટિ જેમ ગુનેગાર ઉપર હોય, તેમ ઘણાની નજર અવગુણ ઉપર જ હોય.

❊ પાણી ઢાળ શોધી જ લે તેમ આપણે અવગુણ શોધી જ લઈએ. કબીરદાસે લખ્યું :

હંસ બગુલા એક સા માનસરોવર માંહી,
બગ ઢંઢોરે માછરી, હંસા મોતી ખાહી.

હંસ ને બગલો માનસરોવરમાં જ રહે છે, પરંતુ બગલો માછલી શોધી લે છે ને હંસ મોતી મેળવી લે છે.

❊ આપણે આપણી રુચિ અનુસાર ભાવતું ભોજન મેળવી જ લઈએ છીએ. મશાલને નીચી કરો તો પણ તેની જ્વાળા ઊંચી જ જાય, ને પથ્થરને ગમે તેટલો ઊંચે ફેંકો તોપણ નીચે જ આવે, તેમ આપણે ગમે તેટલી વાતો સાંભળીએ છતાં તરત અવગુણ તરફ જ ઊતરી જઈએ છીએ. નદીઓની ગતિ સમુદ્ર તરફ હોય તેમ આપણી ગતિ ને મતિ અવગુણ તરફ જ હોય છે.

❊ બે પ્રકારની માખી હોય છે. એક સાદી માખી ને બીજી મધમાખી. મધમાખી હોય તે મધ સિવાય ક્યાંય ન બેસે. સાદી માખી બધે જ બેસે. ઘડીકમાં જલેબી ઉપર પણ બેસે ને ઘડીકમાં વિષ્ટા ઉપર પણ બેસે. આપણે સાદી માખી જેવા છીએ, આપણે બધે જ બેસીએ. તેમ છતાંય ગંદકી થોડી વધારે ફાવે.

માખી ચંદન છોડીને દુર્ગંધ હોય ત્યાં જાય. તેમ ઘણા ગુણોની સુવાસ મેળવવાને બદલે અવગુણરૂપી દુર્ગંધ તરફ મોં ફેરવીને બેસતા હોય છે.

❊ કહેવાય છે કે :

કાગ મોતીને શું કરે, મોતી ભરખે મરાળ;
પાનબીડાં પાડાને શા કામનાં, પાડો શોધે પરાળ;
જેનું મન જ્યાં લાગિયું, તેને તે જ સોહાય;
દ્રાક્ષ તણો તજી માંડવો, કાગ લીંબોળી ખાય.

પાડાને પાનબીડાં ફાવે જ નહિ, તે તો પરાળ જ શોધે. સુંદર મીઠી દ્રાક્ષ છોડીને કાગડો લીંબોળી જ ખાય. તેમ આવા દિવ્ય સત્સંગ-સમાજમાંથી પણ ઘણા અવગુણનો જ આહાર શોધી કાઢે.

❊ સત્સંગમાં તો આપણે હંસ અને પરમહંસ બનવા આવ્યા છીએ, અને કાગમાંથી હંસ બનવા માટે શ્રીજી મહારાજે આપણને એક અદ્‌ભુત સિદ્ધાંત બતાવ્યો છે, તે સિદ્ધાંત છે - 'સારું એટલું મારું' **'Fine is mine'**. જ્યાંથી સારું મળે ત્યાંથી ગ્રહણ કરવું.

❊ કારણ સૃષ્ટિમાં કોઈ જ પૂર્ણ નથી. ફક્ત ભગવાન અને સંત બે જ પૂર્ણ છે. બાકી તો બધામાં સારું-નરસું બંને દેખાશે જ. તેમાં જે સારું હોય તે ગ્રહણ કરવું તે આપણું કર્તવ્ય છે.

❊ એકવાર શ્રીજી મહારાજ સંતોને પીરસવાના હતા. સંતો પણ મહારાજના હસ્તે પ્રસાદી ગ્રહણ કરવા ઉત્સુક હતા. મહારાજે પીરસવા માટે એક સંતનું પત્તર હાથમાં લીધું ને તેની સામે નજર કરી. મહારાજ તો અંતર્યામી હતા તેથી અવગુણ જાણતા હતા. મહારાજે પહેલા સંતના અવગુણ જોયા એટલે પત્તર દૂર કરી દીધું. બીજા સંત આવ્યા. તેમનું પત્તર પણ એ જ રીતે દૂર કરી દીધું. આમ વારાફરતી બધા આવતા જાય. ને મહારાજ દરેકમાં રહેલા અવગુણ જોઈ ખિન્ન થઈ પત્તર ધકેલતા જાય. કોઈના પત્તરમાં પ્રસાદ આપે નહિ.

આ જોઈ ગુણાતીતાનંદ સ્વામીએ પૂછ્યું, 'મહારાજ ! કેમ આવું ચરિત્ર કરો છો ?' ત્યારે મહારાજ કહે, 'દરેકમાં રહેલા નાના-મોટા અવગુણ અમે જોયા, તેથી પ્રસાદ દેવાનું મન થતું નથી, તેથી પત્તર હડસેલી દઈએ છીએ.'

ત્યારે સ્વામીએ હસતાં હસતાં કહ્યું, 'મહારાજ! જો એવું કરશો તો આપણા બે સિવાય બીજું કોઈ નહિ રહે. આ બધો પ્રસાદ પડ્યો રહેશે. જીવદશા છે તેથી દરેકમાં નાની-મોટી ખામી તો રહેવાની. હવે આપના સંગે સૌ ધીરે ધીરે શુદ્ધ થશે.' ત્યાર પછી મહારાજે સૌને પ્રેમથી ભોજન પીરસ્યું.

આ પ્રસંગ ઉપરથી મહારાજે આપણને જણાવ્યું છે કે શુદ્ધ તો ફક્ત બે જ તત્ત્વ છે, બ્રહ્મ અને પરબ્રહ્મ. આ બેમાં જ કોઈ અવગુણ નથી. બાકી બીજામાં તો વત્તા-ઓછા પ્રમાણમાં ઊણપ રહેવાની. પરંતુ આપણે તો તેના ગુણ સામે જ જોવાનું.

❊ સર્વગુણે સંપન્ન તો શ્રીજી મહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી બ્રહ્મસ્વરૂપ સંત જ છે. મુક્તાનંદ સ્વામીએ પણ આવા ગુણાતીત સંત માટે

કહ્યું છે કે - 'સબ ગુન પૂરન પરમ વિવેકી' બધા જ ગુણોથી પૂર્ણ તો સત્પુરુષ જ છે.

❊ દેવો-દાનવોએ સમુદ્રમંથન કર્યું ત્યારે લક્ષ્મીજી વરમાળા લઈને ઉત્પન્ન થયાં. લક્ષ્મીજી સર્વગુણે સંપન્ન હોય તેવી વ્યક્તિને વરમાળા પહેરાવવા ઈચ્છતાં હતાં. પરંતુ તેમણે જોયું તો જેનામાં રૂપ હતું તેમાં ગુણ નહોતા. જેનામાં ગુણ હતા તેમાં રૂપ નહોતું. દરેકમાં કંઈક ને કંઈક તો ખામી હતી જ. પછી સર્વ રૂપ અને ગુણથી યુક્ત ભગવાન વિષ્ણુને દીઠા ને ભગવાનને વરમાળા પહેરાવી.

❊ શ્રીજી મહારાજે વચનામૃત **ગ.મ.૧૦**માં આ પ્રસંગનો નિર્દેશ કરી આપણને સહુને જણાવ્યું કે ભગવાન સિવાય આ સૃષ્ટિમાં કોઈ પૂર્ણ નથી. બીજામાં તો કંઈક ને કંઈક અપૂર્ણતા હોવાની જ.

❊ દરિયામાં ઊંડાઈ છે તો ઊંચાઈ નથી. પર્વતમાં ઊંચાઈ છે તો ઊંડાઈ નથી. મીણબત્તીમાં અજવાળું છે તો સુગંધ નથી. અગરબત્તીમાં સુગંધ છે તો અજવાળું નથી.

❊ આમ, ગુણ-અવગુણ બંનેથી ભરેલી આ સૃષ્ટિ છે. તેમાં જેટલું સારું હોય તેટલું જ ગ્રહણ કરી લેવાનું, આ માર્ગ આપણને શ્રીજી મહારાજે દર્શાવ્યો છે.

❊ મહારાજે **લોયાના પાંચમા** વચનામૃતમાં આપણને દત્તાત્રેયનું દૃષ્ટાંત આપી સત્સંગમાં પાયો દૃઢ કરવા ગુણગ્રહણ કરવાની વાત જ બતાવી છે. ગુણગ્રહણ કરે છે તેને શો લાભ થાય છે ને અવગુણ ગ્રહણ કરે છે તેની શી દશા થાય છે, તે બતાવતાં મહારાજે ગ.પ્ર.૨૮માં કહ્યું છે કે ગુણગ્રહણ કરે છે તેના હૈયામાં આઠે પહોર સત્સંગનો આનંદ વર્ત્યા કરે, ને તેને વધુ સમાસ થતો જાય ને અતિશય મોટપને પામતો જાય છે. ને જે અવગુણ લે છે તે તો રાત્રિદિવસ મૂંઝાયા કરે, ને દિવસે કોઈ ઠેકાણે સુખેથી બેસી પણ ન શકે ને રાત્રે નિદ્રા પણ આવે નહિ, ને ક્રોધ તો ક્યારેય મટે નહિ, અને અવગુણ લેનારો અર્ધબળેલા કાષ્ઠની પેઠે ધૂંધવાયા કરે છે, ને ગમે તેટલા દિવસ સત્સંગમાં રહે તોપણ તેને સુખશાંતિ થતાં જ નથી.

❊ માટે યોગીજી મહારાજ તો કહેતા, 'અવગુણ જોવાના રસ્તા જ બંધ. અવગુણ લેવાનો રસ્તો એ ઝેર પીવાનો રસ્તો છે. માટે એ માર્ગે જવાનું માંડી જ વાળવું.'

❊ યોગીબાપા કહેતા કે ગુણાતીત બાગમાં કાંટાનો પણ અવગુણ ન લેવો. શ્રીજી મહારાજે તો પ્રથમના ૨૪મા વચનામૃતમાં ત્યાં સુધી કહ્યું કે, 'કોઈનો સ્વભાવ સત્સંગમાં ન ઘટે તેવો હોય તોપણ તેને આ સત્સંગનો યોગ થયો છે. માટે ભારે સંસ્કારી છે, એમ સમજી અતિશય ગુણ લેવો.'

❊ શ્રીજી મહારાજે અને મોટા પુરુષોએ આપણને અવગુણના માર્ગે જવાની ના પાડી છે. તોપણ એ જ તરફ ઢસડાઈએ છીએ. ને એની જ કથા ને એની જ ચર્ચા કરી મંદિર અને મંડળના વાતાવરણમાં પણ કચરો ઠાલવીએ છીએ. ભગવાન અને સંતના મહિમાની વાતો નિરંતર કરવાને બદલે કોઈના અભાવ-અવગુણની વ્યર્થ ચર્ચામાં સમય બરબાદ કરી ભગવાન ને સંતનો કુરાજીપો મેળવીએ છીએ.

❊ યોગીબાપા તો કહેતા કે મંદિરના ઓટલા ઉપર જો અભાવ-અવગુણની કે ગ્રામ્યવાર્તા કરે તો તે સટાક ચોરો કહેવાય.

❊ ઘણીવાર તો આપણે કોઈ વ્યક્તિની હકીકતોને પૂરેપૂરી જાણતા નથી. તેથી તેના વિષે જાતજાતના અભિપ્રાયો બાંધીએ છીએ, અનુમાન અને અટકળો કરીએ છીએ.

❊ ઘણીવાર રસગુલ્લાં ખાતી વ્યક્તિને ઈંડાં ખાનાર તરીકે માની લઈએ છીએ. તાડીના ઝાડ નીચે દૂધ પીનાર વ્યક્તિને દારૂડિયો માની લઈએ છીએ.

❊ બટાકામાં ચીકુની કલ્પના અને ચીકુના ઢગલામાં બટાકાની કલ્પના કરી આપણે ભૂલા પડીએ છીએ. માટે જેટલા દાઢીવાળા એટલા મુસલમાન ને ખાદીધારી એટલા ગાંધીવાદી એવું માની લેવાની

કંઈ જરૂર નથી.

❊ એકવાર મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી ભંડારમાં જમવા પધાર્યા. સ્વામીએ પત્તરમાં છાશ લીધી, પરંતુ દૂર ઊભા રહી બારીમાંથી આ દૃશ્ય નિહાળનાર એક સ્વાદિયા નાગર ભક્તે છાશને દૂધ જ માની લીધું. જોકે સ્વામીએ અંતર્યામીપણે નાગર ભક્તનો સંકલ્પ જાણ્યો ને મીઠું મંગાવી છાશમાં નાખ્યું, ને નાગરનો ભ્રમ ભાંગી નાખ્યો.

❊ સદ્. બ્રહ્માનંદ સ્વામીના મંડળમાં રહેતા વાસુદેવાનંદ નામના એક સંતનું મન મૂંઝાયું. મુક્તાનંદ સ્વામીને ખબર પડી તેથી તે સંતને સમજાવીને પોતાના મંડળમાં રાખ્યા. તેથી બ્રહ્માનંદ સ્વામીના મનમાં મુક્તાનંદ સ્વામી માટે અવળો અભિપ્રાય બંધાઈ ગયો. ને અઠવાડિયા સુધી મુક્તાનંદ સ્વામીને પગે લાગવા જઈ ન શક્યા. પછી તો જોકે બ્રહ્માનંદ સ્વામીની શંકાનું સમાધાન થઈ ગયેલું. પરંતુ અઠવાડિયા સુધી તો ખોટું અનુમાન કરી બેઠા.

❊ સ્યમંતકમણિની ચોરીનો આરોપ કૃષ્ણ ઉપર આવેલો, તે પણ પ્રસિદ્ધ વાત છે. બલરામને પણ કૃષ્ણ માટે શંકા થયેલી, પછી તો સંપૂર્ણ વિગત બહાર આવી ત્યારે ભ્રમણા દૂર થઈ.

❊ આવી રીતે આપણે અનુમાનોમાં જ ફસાઈને સામેની વ્યક્તિ માટે જાતજાતના અભિપ્રાયો બાંધી લઈએ છીએ. સાચી હકીકતોને અભાવે આપણે અટકળોની દુનિયામાં સરી પડીએ છીએ, અને કર્ણોપકર્ણ સાંભળેલી તથ્ય વિનાની વાતો ઉપર વિશ્લેષણ કરી મોટે ભાગે સમયને વેડફીએ છીએ, અને એવી અવગુણની વાતો દ્વારા જ્યાં-ત્યાં દુર્ગંધ ફેલાવીએ છીએ. કોઈ વાત જોયા-જાણ્યા વિના અયોગ્ય વાતોનું પ્રસારણ કરી અફવાને વહેતી મૂકીએ છીએ. અફવાને પાંખો હોય છે, પરંતુ આંખો હોતી નથી. તેથી જ્યાં- ત્યાં ઊડ્યા કરે છે. અંતે જ્યારે સાચી હકીકત જાણવા મળે ત્યારે આપણને ખ્યાલ આવે કે આપણે હવામાં જ બાચકાં ભર્યાં છે.

❊ એક વ્યક્તિ ખોડંગાતી ખોડંગાતી આવી રહી હતી. બે ડોક્ટરો બાંકડા ઉપર બેઠેલા. તેમણે આ વ્યક્તિની ચાલ જોઈ. એક ડોક્ટર કહે, 'આ વ્યક્તિને જરૂર ઘૂંટીનો દુ:ખાવો લાગે છે.' બીજો ડોક્ટર કહે, 'મને તો પગે ફ્રેક્ચર થયું હોય તેમ લાગે છે.' બંને ચર્ચા કરતાં કરતાં શરત ઉપર ઊતરી પડ્યા. પેલી વ્યક્તિ નજીક આવી એટલે બંને ડોક્ટરોએ તેને પૂછ્યું કે, તને શું થયું છે ? પગનું ફ્રેકચર છે કે ઘૂંટીનો દુખાવો? પેલો કહે : 'મને તો કાંઈ જ નથી.' ડોક્ટરોએ કહ્યું, 'તો કેમ ખોડંગાતો ચાલે છે ?' પેલો કહે : 'મારા ચંપલની પટ્ટી તૂટી ગઈ છે એટલે.'

હકીકત કાંઈક જુદી જ હોય છે ને આપણી અટકળો કાંઈક જુદી જ હોય છે.

❊ એકવાર એક બાળકે તેના બાપુજી પાસે પાંચ રૂપિયા માંગ્યા. પરંતુ પિતાએ કાંઈ દાદ ન આપી. બે-ત્રણ વાર માંગણી કરી પરંતુ સફળતા ન મળી, એટલે બાળકે કહ્યું : 'પાંચ રૂપિયા આપો, નહીંતર મમ્મી દૂધવાળાને શું કહેતી હતી તે તમને નહિ કહું.' પિતાએ તરત જ પાંચની નોટ કાઢી અને પુત્ર આગળ ધરી. પરંતુ દીકરાએ ૨૦ રૂા. માંગ્યા, તો પિતા તરત જ વીસ રૂપિયા આપવા તૈયાર થયા. દીકરાએ કહ્યું : 'આજે નહિ, આવતી કાલે આપને કહીશ.' પિતાને તો આખી રાત ઊંઘ ન આવી. સામેથી પુત્રને ૨૦ રૂા. આપી મમ્મી અને દૂધવાળાની વાત પૂછી. છોકરાએ કહ્યું : મમ્મી દૂધવાળાને કહેતી હતી કે જો હવે પાણીવાળું દૂધ લાવીશ તો દૂધ લેવાનું બંધ કરી દઈશું. પિતાએ મનમાં ચણેલો અટકળોનો મહેલ ક્ષણમાં પડી ભાંગ્યો.

❊ ઘણીવાર અંતરમાં આવી જાતજાતની ધારણાઓ, અનુમાનો, શંકા-કુશંકાઓથી આપણે કોઈ પણ વ્યક્તિ વિષે અભિપ્રાયો બાંધી દઈએ છીએ, પરંતુ તે યોગ્ય નથી.

❊ કહેવાનો ભાવાર્થ એવો નથી કે આપણે હંમેશાં અનુમાનો જ કરીએ છીએ. કદાચ હકીકત સાચી

પણ હોય, પરંતુ કોઈના અવગુણ જોવાથી કે ગાવાથી આપણને શો ફાયદો ? કોઠી ધોઈએ તો કાદવ સિવાય બીજું શું નીકળે ? માટે એ રસ્તો જ બંધ.

❊ શ્રીજી મહારાજે આપણને ફક્ત એક જ વ્યક્તિના અવગુણ જોવાની છૂટ આપી છે. અને તે વ્યક્તિ બીજું કોઈ નહિ પરંતુ આપણે પોતે જ. પોતાના જ અવગુણ જોવા તે જ આપણી સાધના છે.

❊ મહારાજે **ગ.પ્ર. ૬** અને **ગ.પ્ર.૧૬**મા વચનામૃતમાં વાત કરતાં કહ્યું છે કે સત્સંગમાં જે વિવેકી છે, તે તો પોતાને વિષે અવગુણને દેખે છે ને બીજાને વિષે ગુણને દેખે છે.

❊ **પંચાળાના ત્રીજા વચનામૃત**માં તો પોતાના અવગુણ જોનારને અને બીજાના ગુણ જોનારને મહારાજ બુદ્ધિશાળી કહે છે.

❊ વળી, **પ્રથમના ૨૦**મા વચનામૃતમાં મહારાજે કહ્યું, 'જે પોતે પોતાનું નથી જોતો તે જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની, ઘેલામાં અતિશય ઘેલો, મૂર્ખમાં અતિશય મૂર્ખ અને નીચમાં અતિશય નીચ છે.'

❊ દરેકે પોતા તરફ જ આંગળી ચીંધી છે.

❊ કબીરદાસે કહ્યું છે કે -

બૂરા દેખન મૈં ચલા, બૂરા ન મિલા કોઈ,
અંતર ખોજા આપ સે, મુજ સે બૂરા ન કોઈ.

પોતામાં જે અવગુણ પડેલા છે તે જ જોવા, પરંતુ પોતાના અવગુણ પીઠ ઉપર લખેલા છે તેથી દેખાતા નથી, એમ ભગતજી મહારાજ કહેતા.

❊ જો અરીસો ધરે તો પીઠ ઉપરનું પણ દેખાય, તેમ અંતર્દષ્ટિ રૂપી અરીસો હોય તો પોતાના અવગુણ સૂઝે.

❊ પરંતુ નવાઈ અને આશ્ચર્યની વાત તો એ છે કે કોઈ વ્યક્તિને પોતાના અવગુણ તો દેખાતા જ નથી.

❊ છત્રીનો કાળો રંગ જોઈ ભેંશ તરત ભડકે છે, પરંતુ પોતાના કાળા રંગનો એને વાંધો નથી હોતો. ઊંટને બીજાનાં અંગો વાંકાં જોઈ દુઃખ થાય, પરંતુ પોતાનાં અઢારેય અંગો વાંકાં હોવા છતાં કોઈ અફસોસ નથી!

❊ શ્રીજી મહારાજે પ્રથમ મંદિર અમદાવાદમાં બાંધ્યું. મંદિરની પ્રતિષ્ઠા બાદ સંતોને ત્યાં રાખ્યા ને ભજન-કીર્તન કરવાનો આદેશ આપ્યો. સંતો દરરોજ રાત્રે સભામાં ભજન-કીર્તન કરે. આજુબાજુ રહેતા નાયક લોકોને ભજન-કીર્તન રુચે નહિ. એકવાર શ્રીજી મહારાજ અમદાવાદ પધાર્યા. ત્યારે આ નાયક લોકો ફરિયાદ કરવા માટે આવ્યા. તેમણે ફરિયાદ કરી કે તમારા સંતો ભજન-કીર્તન કરે છે ને અમને ખલેલ પાડે છે ને ઊંઘવા દેતા નથી. મહારાજે તેઓને કહ્યું કે તમે ગામોગામ ખેલ કરવા જાઓ છો ને ભેરી-ભૂંગળ વગાડી અવાજ કરો છો, તે લોકોને ખલેલ નથી પડતી ? તો તમને કોઈ ફરિયાદ કરે છે ?

આ સાંભળી એક નાયક કહે, 'અમને તો અમારી માતાનો હુકમ છે એટલે ખેલ કરીએ છીએ.' ત્યારે મહારાજ કહે, 'આ સંતોને પણ એમના પિતાનો હુકમ છે એટલે ભજન કીર્તન કરે છે.' મહારાજની વાત સાંભળી કોઈ કશું બોલી શક્યું નહિ ને શાંતિથી વિખરાઈ ગયા.

પછી મહારાજે હસતાં હસતાં કહ્યું, 'જુઓ ને, જીવમાત્રને પોતાની ભૂલ દેખાતી જ નથી. બીજાની જ ભૂલ બતાવવા પ્રયત્ન કરે છે.'

❊ બીજી વ્યક્તિ જો વાંકમાં આવે તો આપણે ન્યાય માંગીએ છીએ, ને આપણે જો ગુનામાં આવીએ તો માફી માંગીએ છીએ.

❊ માટે બીજાના દોષ જોવા કરતાં પોતાના ટાળવામાં માલ છે, મઝા છે.

❊ ગુણાતીતાનંદ સ્વામીએ પણ કહ્યું છે, 'જેવો બીજાના દોષ જોવાનો આગ્રહ છે, તેવો પોતાના દોષ ટાળવાનો આગ્રહ હોય તો કાંઈ ખોટ રહે જ નહિ.'

❊ વળી તેમણે કહ્યું, 'નિરંતર સર્વ ક્રિયામાં પાછું વાળીને જોવું કે હું શું કરવા આવ્યો છું ને શું કરું છું.'

બીજો શું કરવા આવ્યો છે ને શું કરે છે તે જોવાનું નથી. માટે અવગુણ જોવાનો માર્ગ બંધ કરી ગુણ જોવાનો, ગુણગ્રહણ કરવાનો માર્ગ અપનાવવો તે આપણું ધ્યેય છે.

❊ સવળી દૃષ્ટિ અને ગુણગ્રાહક દૃષ્ટિ એ બંનેમાં ઘણો ફરક છે. જેમ સરળતા ને ભોળપણ બંને એક નથી. તેમ સવળી દૃષ્ટિ ને ગુણગ્રાહક દૃષ્ટિ બંને એક નથી.

❊ કોઈ પણ સંજોગોમાં કે મુશ્કેલીમાં સવળી દૃષ્ટિ રાખી તે પ્રસંગને મૂલવવો તે સવળી દૃષ્ટિ છે. અડધો પાણીથી ભરેલો ગ્લાસ જોઈને કોઈ કહે કે અડધો ખાલી છે, ને કોઈ કહે કે અડધો ભરેલો છે. અડધો ભરેલો છે તેવું કહેનાર સવળી દૃષ્ટિવાળો છે. નિરાશાવાદીને અડધો ખાલી દેખાય, અને આશાવાદીને અડધો ભરેલો દેખાય. આશાવાદીને સવળી દૃષ્ટિ હોય જેને **Positive thinking** કહેવાય છે. આશાવાદીને **Optimist** પણ કહેવામાં આવે છે.

❊ પગરખાંની એક કંપનીનો સેલ્સમેન પગરખાં લઈને એક ગામમાં ગયો. બીજી એક કંપનીનો સેલ્સમેન પણ પગરખાં લઈને એ જ ગામમાં ગયો. પરંતુ તે ગામમાં કોઈ જ જોડા પહેરતું નહોતું. બધા જ લોકો ઉઘાડા પગે ફરતા હતા. આથી એક કંપનીના સેલ્સમેને પોતાની કંપનીને ફોન કરી જણાવ્યું કે હું પગરખાં પાછાં મોકલું છું, અહીં તો વેચાણનો જરા પણ અવકાશ નથી.

❊ બીજી કંપનીના સેલ્સમેને પોતાની કંપનીમાં ફોન કરીને કહ્યું કે હજુ બીજાં પગરખાં મોકલી આપો. અહીં વેચાણની ૧૦૦% તક છે.

❊ એકનું નેગેટીવ થિંકિંગ, બીજાનું પોઝીટીવ થિંકિંગ. એકની નિરાશાભરી દૃષ્ટિ. બીજાની સવળી દૃષ્ટિ. પરંતુ ગુણગ્રાહક દૃષ્ટિ એ તો જુદી જ વાત છે.

❊ ગમે તેવા અવગુણથી ભરેલી વ્યક્તિમાં પણ કાંઈક ગુણ શોધી કાઢવો એ ગુણગ્રાહક દૃષ્ટિ.

❊ એકવાર યોગીબાપાની આગળ કોઈએ એક વ્યક્તિના અવગુણની વાત કરી, તો બાપાએ તે ધ્યાન પર ન લેતાં તરત જ કહ્યું, 'તે વ્યક્તિ આરતી કેવી સરસ ઉતારે છે !'

❊ ગમે ત્યાંથી ગુણ શોધી કાઢવો તે મોટા પુરુષની વિશેષતા છે, ને ખૂણેખાંચરેથી પણ માઈક્રોસ્કોપ લઈને દુર્ગુણ શોધી કાઢવો તે આપણી વિશેષતા છે.

❊ વળી, ગુણગ્રાહક દૃષ્ટિ એટલે બીજાનો સારો ગુણ જોઈ તેમાંથી પ્રેરણા લઈ તે પ્રમાણે વર્તવું.

❊ ફક્ત ગુણગ્રાહક દૃષ્ટિ સુધી જ આપણે નથી પહોંચવાનું, પરંતુ મહિમાની દૃષ્ટિ કેળવી દરેકમાં બ્રહ્મભાવ નિહાળવા સુધીની કક્ષાએ પહોંચવાનું છે. યોગીબાપા સૌને માથાના મુગટ સમજવાનું કહેતા, કૈવલ્યમૂર્તિ સમજવાનું કહેતા, ને શ્રીજી મહારાજે **ગઢડા મધ્યના-૬૩**મા વચનામૃતમાં કહ્યું, 'ભગવાનના ભક્તો બ્રહ્મની મૂર્તિ છે માટે તેમાં મનુષ્યભાવ લાવવો નહિ.' આ મહિમાની દૃષ્ટિ છે.

❊ વડતાલના સર્વોચ્ચ કોઠારી ગોવર્ધનભાઈએ એકવાર ભગતજી મહારાજને પૂછ્યું કે ભગતજી ! આપણે બંને સ્વામિનારાયણનું જ ભજન કરીએ છીએ, ને સેવા પણ એમની જ કરીએ છીએ, તોપણ તમારા અંતરમાં જેવો આનંદ છે તેવો આનંદ મને કેમ આવતો નથી ? ત્યારે ભગતજી મહારાજ કહે : તમે આ બધા ભક્તોને બ્રહ્મની મૂર્તિ સમજો તો તમને પણ એવો આનંદ આવશે. હું આ બધાને બ્રહ્મની મૂર્તિ દેખું છું.

❊ ભગતજી મહારાજે આવી બ્રહ્મદૃષ્ટિ પ્રાપ્ત કરેલી, ને એમના પ્રસંગ દ્વારા આપણને પણ આવી દિવ્ય દૃષ્ટિ કેળવવાનો સંદેશ આપ્યો છે.

❊ યોગીજી મહારાજે મુંબઈમાં એક સંતને બીજા નામથી બોલાવ્યા. બધા કહે, 'બાપા, એમનું નામ તો જુદું છે.' ત્યારે બાપા કહે, 'ગુરુ, અમે તો સૌને બ્રહ્મરૂપ

સમજીએ છીએ પછી નામનો ભેદ ક્યાં રહ્યો ?' કેવી બ્રહ્મદૃષ્ટિ !

❊ જંબુસરમાં ઈશ્વરભાઈ નારણભાઈને ત્યાં યોગીબાપા ઊતરેલા. બીજે દિવસે સવારે ઉઠ્યા. પછી સ્નાન વગેરે કરીને બાપા રૂમમાં પધાર્યા. ને ધીરેન્દ્રભાઈ વીંછીને કહે, 'આજે ઊંઘ બહુ સારી આવી.' ધીરેન્દ્રભાઈ આ સાંભળીને આશ્ચર્યથી કહે, 'બાપા! શું વાત કરો છો ? આપના પલંગની ચાદરમાંથી તો માંકડ કેટલાંય નીકળ્યાં. માંકડ હોય તો ઊંઘ કેવી રીતે આવે ?' એમ કહી ૨૦-૨૫ માંકડ વાડકીમાં ભેગાં કરેલાં તે બતાવ્યાં અને કહ્યું, 'રાત્રે તે કેટલાંય કરડ્યાં હશે.'

યોગીબાપા કહે, 'ગુરુ એમ ન બોલાય', ધીરેન્દ્રભાઈ કહે, 'પણ બાપા ! માંકડ તો કરડે જ'

બાપા કહે, 'જો પાછું બોલ્યા ! ગુરુ, આ તો સત્સંગીનાં માંકડ કહેવાય. નો કરડે', તેઓ કહે, 'પણ બાપા ! માંકડ થોડાં સત્સંગી હોય ? એને થોડી ખબર હોય કે આ યોગીબાપા છે એને ના કરડાય ?' એટલે વાતને અટકાવતાં બાપા કહે, 'હવે બીજીવાર બોલશો તો ઉપવાસ કરવો પડશે.' આગળ દલીલ અટકાવી દીધી. માંકડના પણ સ્વભાવ કે અવગુણની ચર્ચા નહિ કરવાની. મહિમા જ સમજવાનો. આ રહસ્ય યોગીજી મહારાજે આ પ્રસંગ દ્વારા સૌને દર્શાવ્યું.

❊ માંકડના અવગુણની પણ ચર્ચા ન કરવા દે, તે કોઈ હરિભક્તના અવગુણની ચર્ચા તો કરવા દે જ કઈ રીતે ?

❊ તુલસીદાસની સાખી યોગીબાપા અનેકવાર બોલતા. ફક્ત બોલતા એટલું જ નહિ. આ સાખી પોતાના જીવનમાં સંપૂર્ણ ચરિતાર્થ હતી.

તુલસી જ્યાકે મુખન સે ભૂલે નિકસે રામ,
તાકે પગ કી પહેનિયાં મેરે તન કી ચામ.

યોગીબાપા આ સાખીનું મૂર્તિમાન સ્વરૂપ હતા. વળી, આ મહિમાની દૃષ્ટિ આપણામાં પણ દૃઢ થાય તે માટે પ્રસંગે પ્રસંગે પ્રેરણા પણ આપતા.

❊ સ્વામીશ્રી પણ આ દૃષ્ટિથી જ સૌને નિહાળે છે. અમેરિકામાં કાર્યકર્તાઓની મીટિંગમાં સ્વામીશ્રીએ સૌને થોડો ઠપકો પણ આપ્યો. મીટિંગ પૂરી થયા પછી એક કાર્યકર કહે : બાપા ! અમે તો અવગુણથી ભરેલા છીએ, આપને તકલીફ આપી, માફ કરશો. ત્યારે સ્વામી કહે : 'ના ના, તમે બધા તો માથાના મુગટ છો. કેવી સેવા-ભક્તિ કરો છો ! યોગીબાપાને રાજી કરવા કેવો દાખડો કરો છો !'

❊ આપણી ભૂલ કે વાંક બદલ ક્યારેક ઠપકો પણ આપવો પડે, છતાં સ્વામીશ્રી સૌને કેવી દૃષ્ટિથી નિહાળે છે તે આવા પ્રસંગે ખ્યાલ આવે છે.

❊ ઈ.સ. ૧૯૯૪માં પૂ. અમૃતદર્શન સ્વામીએ એકવાર સ્વામીશ્રીને કહ્યું, 'આપ હરિભક્તોને પણ કાગળમાં પૂજ્ય લખી સંબોધન કરો છો.' (સામાન્ય રીતે સંતો માટે પૂજ્ય સંબોધન થતું હોય છે.)

સ્વામીશ્રી કહે : બધા પૂજ્ય જ કહેવાય ને !

સ્વામીશ્રી દરેકને પૂજ્યભાવથી-દિવ્યભાવથી નિહાળે છે. અને આપણને પણ આ દૃષ્ટિથી સૌને નીરખવાની શીખ આપે છે.

❊ આપણે આવી દૃષ્ટિથી હરિભક્તને કે સંબંધવાળાને નીરખીશું તો કંઈ સામે વાળો બદલાઈ નહિ જાય. એનો સ્વભાવ તો બદલાય કે ન બદલાય, પરંતુ આ રીતે નિહાળતાં આપણું પરિવર્તન તો જરૂર થઈ જશે. આપણી દૃષ્ટિ તો જરૂર પલટાઈ જશે.

❊ માટે ગુણગ્રહણને માર્ગે આગેકૂચ ને અવગુણને માર્ગે પીછેહઠ કરી અધ્યાત્મયાત્રાની ટોચ ઉપર પહોંચવાનો પૂર્ણ પ્રયત્ન કરવાનો છે.

❊ આપણા વેદોએ પણ કહ્યું છે,

આ નો ભદ્રા : ક્રતવો યન્તુ વિશ્વત :

સઘળી દિશાઓમાંથી અમને શુભ વિચારો પ્રાપ્ત થાઓ.

ભદ્રં કર્ણેભિઃ શ્રૃણુયામ ।

અમે અમારા કાન વડે પવિત્ર વાત સાંભળીએ.

ભદ્રં પશ્યેમાક્ષભિઃ યજત્રાઃ ।

અમે અમારી આંખો વડે ભદ્ર વસ્તુ નિહાળીએ.

આ વૈદિક સંદેશાનું ભાષાંતર એટલે ગુણગ્રાહક દૃષ્ટિ, ''સારું એટલું મારું.''

આ વૈદિક આદેશ આપણા સૌના જીવનમાં દૃઢ થાય તે માટે જ આપણા ગુરુહરિ રાતદિવસ વિચરતા રહ્યા છે.

સ્વામીની વાત : ૪, પ્રકરણ : ૫, વાત : ૧

સ્વામિનારાયણ હરે..... સ્વામીએ વાત કરી જે.....

ભગવાન મળ્યા પછે કરવાનું એ છે જે, જાણપણારૂપ દરવાજે રહેવું તથા સંગ ઓળખવો તથા હઠ, માન ને ઈર્ષ્યા ન રાખવી.

● વાતનું નિરૂપણ

આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામી આપણને મળેલી અલૌકિક પ્રાપ્તિને ટકાવી રાખવા, એમાં આવતા વિઘ્નોથી બચવાનો માર્ગ બતાવે છે.

* 'આપણને ભગવાન મળ્યા છે.' એ સૌથી મોટી પ્રાપ્તિ છે. ભગવાનની પ્રાપ્તિ કરવા આગળ ભક્તોએ કેવી કપરી સાધના કરી છે ? સંત ફરીદ નામે એક મુમુક્ષુ ઝાડ પર ઊંધા માથે લટકીને તપ કરે. લોહી જામી જતા શરીરમાંથી ધારા છૂટે. તેને કાગડા ફોલવા લાગ્યા. મોં પર એક કાગડો બેઠો ને આંખ પર ચાંચ મારવા ગયો. ત્યારે કવિ કહે :

'કાગા સબ તન ખાઈઓ, ચુનચુન ખાઈઓ માંસ,
દો નૈના મત ખાઈઓ, મોહે પ્રભુ મિલનકી આશ.'

* કોઈ દાન કરે, તીરથ કરે, વ્રત કરે, યાત્રા કરે... આ બધાં જ સાધનોથી ભગવાન મળતા નથી, કારણ કે ભગવાન ક્રિયાસાધ્ય નથી, કૃપાસાધ્ય છે.
* ભગવાનની કૃપાની વાત દર્શાવતા ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'મોરે તો મુમુક્ષુ ભગવાનને ખોળતા. આજ તો ભગવાન મુમુક્ષુને ખોળે છે.
* 'જ્ઞાની અજ્ઞાની સર્વે મને દેખો.' આવો શુભ સંકલ્પ કરીને ભગવાન કૃપાએ કરીને આ લોકમાં પધારે છે. (ગ.પ્ર. ૭૮)
* ચોમાસામાં જેમ દેડકાનું બહાર નીકળવું ને વરસાદનું વરસવું, એમ આપણો મનુષ્ય અવતાર અને ભગવાનનું પ્રાગટ્ય - બે ય તકેતક થયું છે.
* હવે થયેલી આ દુર્લભ પ્રાપ્તિને જાળવી રાખવાની છે. કુંભારને માટલા સાચવવા 'સેફ ડિપોઝિટ વૉલ્ટ' ન જોઈએ, પણ સોનીની દુકાનમાં સોનું સાચવવું પડે, કારણ કે સોનું કિંમતી છે.

માનો મળી છે મોટી વાત, હાથ આવી તે'મા હારજો રે
કરી જતન દિવસ-રાત, સૂતા બેઠા સંભારજો રે...

- નિષ્કુળાનંદ સ્વામી

* આ પ્રાપ્તિને સાચવવા સ્વામી ત્રણ વાતનું ધ્યાન રાખવા જણાવે છે :

૧. જાણપણારૂપ દરવાજે રહેવું :

* ભગવાન વિના અન્ય વસ્તુનું કે વ્યક્તિનું પ્રધાનપણું ન થાય એ માટેની સતત જાગૃતિ એટલે જાણપણું.
* કચ્છમાં સમૈયા બાદ હરિભક્તો શ્રીજી-મહારાજની રજા લેવા ગયા ને કહ્યું : 'હે મહારાજ ! અમારા પર દયા રાખજો.' ત્યારે મહારાજે કહ્યું : 'તમે પણ અમારા પર દયા રાખજો.' હરિભક્તોને આ નવાઈ લાગી મહારાજને આનું કારણ પૂછ્યું. મહારાજ કહે 'તમારા પાંચ હાથના શરીરમાં મૂઠી જેવડું હૃદય છે. એમાં મારો નિવાસ છે. એને શુદ્ધ રાખજો જેથી એમાં હું સુખેથી રહી શકું. મારા પ આટલી દયા કરજો.'
* ગુણાતીતાનંદ સ્વામી : 'નિરંતર સર્વ ક્રિયામ પાછું વાળીને જોવું જે મારે ભગવાન ભજવા ને હું શું કરું છું ? - એમ જોયા કરવું.'
* જમીન પર દોડવામાં ય વાંધો ન આવે, પણ ર માળના મકાનની અગાશી કે પાળી ચાલવાનું હોય તો કેટલું ધ્યાન રાખવું પડે ?
* આ માટે મહારાજે સત્સંગમાં નામું રાખવા વાત કરી છે. (ગ.પ્ર. ૩૮, સા. ૧૮)
* યોગીજી મહારાજ : જાણપણું એટલે શું ?
  ૧. ભગવાન અને સંતમાં મનુષ્યભાવ ન અ એ જાણપણું. ૨. કોઈનો અભાવ ન આવે જાણપણું.
* ગુણાતીતાનંદ સ્વામી : સારામાં સારું શું ભૂંડામાં ભૂંડું શું ? તો આ ભગવાન ને સંતનો સંબંધ થયો એથી કાંઈ સારું નથી. ભૂંડામાં ભૂંડું શું તો એમનામાં મનુષ્યભાવ ર એ .
* જો એમનો અવગુણ આવ્યો તો માથું કા જાણવું. મોક્ષના દ્વાર પર તાળું લાગી ગયું.

* ભગવાન અને સંત આપણા જેવા લાગે છે. તેમની ક્રિયા, વાણી, દેહની રીતિ, બાળ, યુવા, વૃદ્ધાવસ્થા વગેરે આપણા જેવું જ જણાય છે. પણ જેટલો ફેર રાયણ અને લીંબોળીમાં છે એટલો ફેર આપણામાં અને એમનામાં છે.
* એમની બધી ક્રિયા નટની માયાની પેઠે છે. (પં. ૭) સાથોસાથ બધી ક્રિયા અને ચરિત્રો દિવ્ય અને કલ્યાણકારી છે. જેમ સાકરનું નાળિયેર હોય તેના છોતરાં, કાચલી, નાળિયેર કે પાણી બધું જ સાકરનું હોય તેમ ભગવાન અને એમના ધારક સંતની પણ સર્વ ક્રિયા દિવ્ય ને કલ્યાણકારી જ છે.
* પરંતુ પ્રગટમાં આવો દિવ્યભાવ રાખવો અઘરો પડે. ભગવાન પરોક્ષ થઈ જાય તેમાં દિવ્યભાવ રહે.
* **પ્રગટ હોય પ્રભુજી જ્યારે, જીવથી ના ઓળખાય;**
  મનુષ્યભાવ કલ્પ્યા કરે છે, પાછળથી ગુણ ગાય.
* રામચંદ્રને સીતાની પાછળ વનમાં પાગલ થઈને ભટકતા જોઈને પાર્વતીજીને મનુષ્યભાવ આવેલો.
* શ્રીકૃષ્ણ ભગવાન એમના ગોપબાળકો સાથે એઠું ખાતા, એ જોઈને બ્રહ્માને મનુષ્યભાવ આવ્યો. એ જ રીતે શ્રીજીમહારાજે અદીબાને ખભે હાથ મૂક્યો. એ જોઈને ગઢાળીના આંબા શેઠને મનુષ્યભાવ આવી ગયો.
* રૂપિયાની નોટ અને બીજા કાગળ આમ સરખા લાગે, પણ નોટ પર ગવર્નરનો સિક્કો છે તો તેની કિંમત અનેકગણી થઈ જાય છે. તેમ સ્વામીશ્રી અને સામાન્ય મનુષ્ય લાગે સરખા, પણ સ્વામીશ્રીને શ્રીજીમહારાજનો અખંડ સંબંધ છે. એટલે તેઓ દિવ્ય છે.
* બીજું જાણપણું અભાવ-અવગુણ ન આવે એ રાખવાનું છે.
* યોગીજી મહારાજ : 'સત્સંગનું સુખ કેસર કેરી જેવું ગળ્યું છે. એમાં જો અભાવ-અવગુણરૂપ ખટાશ ભળે તો સુખ ન આવે.'
* 'ભગવાનના ભક્તોને બ્રહ્મની મૂર્તિ જ માનવી તેને વિષે મનુષ્યભાવ ન લાવવો.' (ગ.મ. ૬૩)
* અભાવ-અવગુણ લેવાથી અર્ધબળ્યા કાષ્ઠની પેઠે ધૂંધવાવું પડે ને સુખ ન આવે. (ગ.પ્ર. ૨૮)

  સત્સંગી જે તમારા કહાવે,
  તેનો કે'દિ અભાવ ન આવે;
  દેશકાળ ને ક્રિયાએ કરી,
  કે'દી તમને ન ભૂલીએ હરિ...ફગવા

  - (ભક્તચિંતામણિ પ્રકરણ - ૬૪)

૩. સંગ ઓળખવો :

* સત્સંગમાં સંગનું ખૂબ મહત્ત્વ છે.
* સ્વામીની વાત : 'એક તો સો જન્મે એકાંતિક થવાનો હોય તે આ જન્મે થાય, જો સારાનો સંગ મળે તો ને આ જન્મે એકાંતિક થવાનો હોય તો ૧૦૦ જન્મ ધરવા પડે, જો ઉતરતાનો સંગ મળે તો.'
* ૧૦૦ મણ લાકડું મણ પથ્થરને તારે ને ૧૦૦ મણ પથ્થર, મણ લાકડાને ડૂબાડે. એમ સંગે કરીને જ ડૂબે કે તરે.
* ત્રણ પ્રકારનો કુસંગ છે તેને ઓળખી રાખવો.
  ૧. બહારનો કુસંગ : ટી.વી., સિનેમા, ખરાબ મિત્રો વગેરે.
  ૨. ઈન્દ્રિયો-અંતઃકરણનો કુસંગ : ન ખાવાનું ખવાય, ન જોવાનું જોવાય, ખોટા ઘાટ સંકલ્પ થાય વગેરે.
  ૩. સત્સંગમાં કુસંગ : મોળી વાત અને અભાવ અવગુણની વાતો કરવી, ખટપટમાં પડવું તે.
* આમાં સત્સંગમાં કુસંગ ઓળખવો. મોળી વાત કરનારથી દૂર રહેવું. કારણ કે એ સાકર મઢ્યું ઝેર છે. ગુણાતીતાનંદ સ્વામીના વખતમાં ગુજરાતમાંથી બે હરિભક્તો સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢ આવ્યા. મંદિરમાં આવતા જ છ આંગળિયો સાધુ મળ્યો. તેને ગુણાતીતાનંદ સ્વામીનો અભાવ હતો. પોતાના આસન પર

લઈ જઈ સ્વામી સંબંધી અભાવની વાતો કરી ને પેલો સ્વામીને મળ્યા વિના જ ઘેર જતો રહ્યો. ગુણાતીતાનંદ સ્વામીને ખબર પડી ત્યારે બોલ્યા : 'ગયો, ગયો, ગયો... ગર્ભવાસ, લખચોરાશી અને જમપુરીમાં ગયો.'

* શ્રીજીમહારાજ પણ હરિભક્તો-સંતોની તપાસ રાખતા કે કોને કોની સાથે હેત છે ને કોની સાથે બેસે છે ?
* કારિયાણીના વસ્તાખાચરને જીવાખાચરનો સંગ થયો તો મહારાજનો અભાવ આવી ગયો.

૩. હઠ, માન, અને ઈર્ષ્યાનો ત્યાગ કરવો.

* હઠ એટલે પોતાનું મનધાર્યું કરવું.
* ગુણાતીતાનંદ સ્વામી : 'કોઈપણ વાતનો મમત કે પક્ષપાત ન રાખવો. કાં જે એમાંથી જીવનું બહુ ભૂંડું થાય છે.'
* મછિયાવના ફઈબાએ મહારાજ આગળ પોતાની હઠ ન મૂકી તો મહારાજે મછિયાવનું પાણી હરામ કર્યું.

સરળ વર્તવે છે સારું રે મનવા,
સરળ વર્તવે છે સારું,
માન એટલું વચન મારું રે મનવા,
સરળ વર્તવે છે સારું...

- નિષ્કુળાનંદ સ્વામી

* **ઈર્ષ્યા :** ઈર્ષ્યાને લીધે કોઈનો ઉત્કર્ષ ન ખમી શકાય.

એક ગામમાં બે પટેલ રહે. એકને બીજા પર ખૂબ ઈર્ષ્યા. એક વાર પટેલના ઘેર આગ લાગી. બધું જ બળી ગયું. બીજો ખૂબ રાજી થયો. પણ મનમાં વિચાર થયો કે ગાડું બળી ગયું હશે કે નહીં ? જો એ નહીં બળ્યું હોય તો ફરી સમૃદ્ધ થઈ જશે. એ જોવા ફરી પાછો આવ્યો ને ખોટો ખોટો શોક કરવા લાગ્યો. પેલો પટેલ કહે : 'તારા મનમાં છે એ પણ બળી ગયું.'

* ગ.મ. ૫૨ : 'શ્રદ્ધાએ સહિત અને ઈર્ષ્યાએ રહિત ભક્તિ કરવી.'
* **માન :** માન તમામ દોષોનો રાજા છે. યોગીજી મહારાજ એને સુપ્રિન્ટેન્ડેન્ટ પ્રકૃતિ ગણતા.
* મહારાજ ગ.પ્ર. ૭૬માં કહે છે : ક્રોધી, ઈર્ષ્યાવાળો, કપટી અને માની - એ ચાર પ્રકારના હરિભક્ત હોય, તો પણ એની સાથે અમારે બને નહીં.

સાંભળ બેની હરિ રીઝયાની રીતડી,
મોહન વરને માન સંગાથે વેર જો;
સાધન સર્વે માન બગાડે પળ વિષે,
જેમ ભળીયું પય સાકરમાં અહિ ઝેર જો...

- મુક્તાનંદ સ્વામી.

* આપણી તમામ સાધના-ભક્તિ સેવા પર માન ફરી વળે ત્યારે તેનું ફળ શૂન્ય થઈ જાય છે. માટે માનથી દૂર રહેવું.
* આપણી પ્રાપ્તિની જાળવણીમાં ઉપરોક્ત બધા જ મુદ્દાનો વિચાર પળે પળે કરવાનો છે.

જેની પાસે હોય જોખમ, જાળવો તે જતન કરી,
માથે મોટા છે વેરી વિષમ, ખોટી નહીં વાત ખરી....

- નિષ્કુળાનંદ સ્વામી.

◆

૬. સ્વામીની વાત : ૫/૮૩

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...
સત્સંગ, એકાંતિકપણું ને ભગવાનની મૂર્તિ - એ ત્રણ વાનાં દુર્લભ છે. તે આપણને મળ્યા છે, માટે ગરીબ થઈને બીજાને માન આપીને સાચવી રાખવાં.

(નોંધ : '◎' નિશાની પછી આવતું નિરૂપણ એક્સ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.)

❋ આપણને દુર્લભ થયેલી પ્રાપ્તિને જાળવવાની અનુપમ જડીબુટ્ટી ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં આપણને બતાવે છે. એ જડીબુટ્ટી છે - ગરીબ થવું, દીન થવું અને દાસભાવ દૃઢ કરવો.

● **દાસ થવાની દુર્લભ છતાં અનિવાર્ય સાધના :**

❋ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે :
દોહ્યલું થાવું હરિદાસ રે સંતો, દોહ્યલું થાવું હરિદાસ.
બીજી બધી જ પદવી કે હોદ્દા પ્રાપ્ત કરી શકાય, પરંતુ ભગવાનના દાસપણાની ડિગ્રી મેળવવી અત્યંત કઠિન છે.

❋ દાસ શબ્દ બે અક્ષરનો છે, પરંતુ દાસ બનવામાં વર્ષોની સાધના પણ ટૂંકી પડે. જેમ ડોક્ટર બોલવું સરળ છે, પરંતુ ડોક્ટર થવું અઘરું છે, તેમાં વર્ષો નીકળી જાય. સી.એ. શબ્દ બોલવો સહેલો, પરંતુ સી.એ. થવું કઠિન છે, તેમ દાસ શબ્દ બે અક્ષરનો છે, પરંતુ તે સિદ્ધ કરવામાં વર્ષો વહી જાય. વળી, સત્સંગમાં આવીને આ જ સિદ્ધ કરવાનું છે.

❋ સત્સંગમાં પ્રવેશ મેળવવા માટે પણ દાસત્વ જોઈએ, સત્સંગમાં ટકવા માટે પણ દાસત્વ જોઈએ અને સત્સંગ કર્યા પછી પણ દાસત્વ જ સિદ્ધ કરવાનું છે.

❋ દાસ થયા સિવાય ભગવાન ને સંત પાસે પ્રવેશ મળતો નથી. કારણ ભગવાનના ઘરનો દરવાજો ખૂબ નાનો છે. તેથી નીચા વળીને જ પ્રવેશ કરવો પડે છે. શ્રીજીમહારાજે આ રહસ્ય મગનીરામના પ્રસંગ દ્વારા સૌને સમજાવ્યું છે.

❋ દેવીવાળો મગનીરામ કેવો પ્રભાવશાળી ! મેલી વિદ્યાથી સૌને વશ કરનારો દેવીભક્ત. મલિન વિદ્યાના જોરે સૌને ડરાવી રૂપિયાની માંગણી કરી, સૌને રંઝાડતો. જગન્નાથપુરીથી દ્વારકા સુધી અનેક પાસેથી પૈસા પડાવતો. માંગરોળમાં તેણે શ્રીજીમહારાજ પાસે રૂપિયા અને મિષ્ટ ભોજનની માંગણી મૂકી. શ્રીજીમહારાજ તો પરોપકારી અને ઉદાર હતા, છતાં આ માંગણી પાછળનો મગનીરામનો અહંકાર દૂર કરીને દાસભાવનું દાન કરવા માટે શ્રીજીમહારાજે તેને દાદ ન આપી. તેથી મગનીરામ છંછેડાયો ને મંત્રના પ્રતાપથી શ્રીજીમહારાજને ડરાવવા પ્રયત્ન કર્યો, પણ તેમાં નિષ્ફળતા મળી. એટલે પોતાની દેવીને રાત્રે આરાધી. દેવીએ તો દર્શન દઈ કહ્યું, 'આ તો પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. મારા જેવી તો અનંત દેવીઓ એની દાસીઓ છે. તું એને શરણે જા, તારો ઉદ્ધાર થઈ જશે.'

મગનીરામે નક્કી કર્યું કે શ્રીજીનું શરણું સ્વીકારવું, પરંતુ આ શરણું સ્વીકારવું એ સામાન્ય વાત ન હતી. બીજે દિવસે મગનીરામે આવીને મહારાજને વિનંતી કરી કે મને આપની સેવામાં રાખો.

મહારાજે કહ્યું કે અમારી સેવામાં રહેવું હોય તો અમે કહીએ તેમ કરવું પડે, તમારું માન મૂકવું પડે.

મગનીરામ કહે : 'બધું કરવા તૈયાર છું.' તો મહારાજ કહે : 'પહેલાં તો જટા ઉતરાવી નાંખો.'

દરબારને મૂછ, વાંદરાને પૂંછ અને જોગીને ગુચ્છ (જટા) વહાલાં હોય. પરંતુ મગનીરામે તરત એ ઉતરાવી નાંખી. એક પેપરમાં તો પાસ થઈ ગયા. પરંતુ શ્રીજીમહારાજે કહ્યું : 'આ તો બરાબર છે, પરંતુ સત્સંગમાં રહેવું હોય તો અમે કહીએ તેમ કરવું પડે. આ બધા સંતો-હરિભક્તોનાં પગરખાંઓનું પોટલું માથે ઉપાડી પ્રદક્ષિણા કરો.'

મગનીરામે એ પ્રમાણે કર્યું ને મહારાજ ખૂબ રાજી થઈ ગયા. મગનીરામનો દાસભાવ જોઈ મહારાજ

રાજી થઈ ગયા. એમની દાસ થવાની તૈયારી જોઈ એટલે મહારાજે તેમને સત્સંગમાં પ્રવેશ આપ્યો.

❊ જો ભગવાનને પામવાની ઈચ્છા હોય તો પોતાનું સંપૂર્ણ અસ્તિત્વ ઓગાળવું પડે છે, ગુલામ થવાની તૈયારી રાખવી પડે છે.

● **દાસનું લક્ષણ :**

૧. મનધાર્યું મૂકવું :

❊ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું,

'સખી મેલી દે મનના મરોડને,
એવો આમળો રે કરે કેને જો કાજ.'

મનના વિચારો પ્રમાણે વર્તવાનું શું તાત્પર્ય છે? તેમાંથી કોઈને લાભ નથી થયો.

❊ રશિયાના તત્ત્વચિંતક ગુર્જીફે પોતાના શિષ્યોને આ ભાવ (દાસત્વ) દૃઢ કરાવવા માટે Stop Exercise (સ્ટોપ એક્સરસાઈઝ) શરૂ કરાવેલી. (સાંપ્રદાયિક ભાષામાં કહીએ તો પ્રકરણ શરૂ કરેલું) પોતાના શિષ્યો આશ્રમમાં ગમે તે સેવા કે ક્રિયા કરતા હોય તે વખતે Stop શબ્દનો ઉચ્ચાર થાય, એટલે બધું જ કામ તરત જ સ્થગિત કરી દેવાનું. કોઈનો કોળિયો હાથમાં હોય તો એ જ સ્થિતિમાં રાખવાનો, કોઈનો કોળિયો મોઢામાં હોય તો એ જ દશામાં રાખવાનો, કોઈનું મોઢું બગાસું ખાતાં પહોળું થયેલું હોય તો એ જ સ્થિતિમાં રાખવાનું.

નાના છોકરા 'સ્ટેચ્યુ' બોલીને સામેવાળાને સ્થિર કરવાની રમત રમે છે, તે રીતે ગુરુના વચને પોતાની ક્રિયા અટકાવવાની. આ કસરત દ્વારા તેઓએ શિષ્યોને મનધાર્યું મૂકવાની તાલીમ આપેલી.

❊ મનધાર્યું મૂકવું એટલે ગુલામ થવું. ગુલામ એટલે પોતાની જાત ઉપર કે ઈચ્છા ઉપર કોઈ અધિકાર નહીં. માલિક આપે તે ખાવાનું, માલિક આપે તે પહેરવાનું, માલિક રાખે ત્યાં રહેવાનું, માલિક મોકલે ત્યાં જવાનું. માલિકની ઈચ્છા એ જ એનું જીવન.

❊ જેમ મદારી ને કઠપૂતળી, તે જ રીતે માલિક ને ગુલામ. કઠપૂતળી મદારીની આંગળીના ઈશારે નાચે, તેમ માલિકના ઈશારે નાચે તે ગુલામ. મહારાજે આવી ગુલામી સિદ્ધ કરવાની વાત કરી છે.

❊ પ્રમુખસ્વામી મહારાજ સારંગપુર મંદિરના કોઠારી હતા, તે અરસામાં મંદિરના દરવાજા આગળથી વહેતી ફલ્ગુ નદી પર પુલ બાંધવાનું કાર્ય તેમણે ઉપાડેલું. શાસ્ત્રીજી મહારાજને પુલ ચોવીસ ફૂટ પહોળો કરવાની ઈચ્છા હતી, પરંતુ તે વખતે ગામની વસ્તી ઓછી, આવનારા યાત્રાળુઓનાં વાહનોની સંખ્યા પણ ઘણી મર્યાદિત, મંદિરની ઓછી આવક વગેરે કારણોસર સ્વામીબાપા અને બાંધકામની દેખરેખ રાખનાર અર્જુનભાઈએ પુલ સોળ ફૂટ પહોળો કરવા વિચાર્યું.

આ વિચાર સાથે સ્વામીબાપા શાસ્ત્રીજી મહારાજને મળવા માટે અટલાદરા પહોંચ્યા. શાસ્ત્રીજી મહારાજને પુલ બાબતે પોતાનો વિચાર રજૂ કર્યો. શાસ્ત્રીજી મહારાજે ત્યારે કોઈ પ્રતિભાવ ન આપ્યો, પરંતુ તે જ રાત્રે સ્વામીબાપાને બોલાવી 'ભક્તચિંતામણિ'માંથી ૮૬મું પ્રકરણ વાંચવા કહ્યું. તેનું ગાન પૂરું થયું ત્યારે શાસ્ત્રીજી મહારાજે તેઓને પૂછ્યું, 'આમાં જે વાત આવી, તેમાં તું કાંઈ સમજ્યો ?'

સ્વામીબાપાએ 'હા' પાડી. શાસ્ત્રીજી મહારાજે પૂછ્યું, 'શું સમજ્યો ?'

સ્વામીબાપા કહે, 'પુલ ચોવીસ ફૂટનો કરવાનો છે.'

પોતાના મનનો વિચાર ત્યજી ગુરુ મરજીમાં ભળનારા સ્વામીબાપા પર શાસ્ત્રીજી મહારાજ ખૂબ પ્રસન્ન થયા.

૨. ઈષ્ટદેવ - ગુરુની આજ્ઞા પ્રમાણે રહેવું :

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા પ્રથમ-૧૪**માં કહ્યું છે કે દાસ હોય તે પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ કરે જ નહીં.

❊ દાસત્વપણાનો રણકાર યોગીજી મહારાજના અંતરમાંથી સદાય નીકળ્યા કરતો. લીમડી સ્ટેશને સદાશંકરભાઈએ તેમને કહ્યું, 'આપ તો હવે યુગપુરુષ છો, હું તો આપને વંદન કરવા આવ્યો છું.' તો યોગી બાપાએ તરત કહ્યું, 'ના ભાઈ ના, આપણે તો શ્રીજીમહારાજના દાસ છીએ, એમની

ભક્તિ કરવા આવ્યા છીએ.' આવી દાસત્વભાવના સતત ડોકાયા કરતી.

યોગીજી મહારાજે શ્રીજીમહારાજની આજ્ઞા મુજબ જ પોતાનું જીવન વિતાવેલું. એક વાર એક મુમુક્ષુને ત્યાં પધરામણી પ્રસંગે ભાવિક ભક્તે ચરણ ધોવા માટે તૈયારી કરી રાખેલી, પરંતુ બાપાએ તરત ના પાડી કે ચરણ ધોવાય નહીં. ઠાકોરજીનાં ધુઓ. પેલાએ બહુ આગ્રહ કર્યો તો બાપા કહે, 'અમારાં ચરણ ન ધોવાય, અમારે સંતોને શ્રીજીમહારાજની આજ્ઞા નથી.' તો પેલા ભાવિકે કહ્યું, 'શ્રીજીમહારાજની આજ્ઞા તો નથી, પરંતુ આપની શું મરજી છે ?' યોગી બાપા કહે, 'જ્યાં શ્રીજીમહારાજની આજ્ઞા ન હોય ત્યાં અમારી મરજી હોય જ નહીં.' ભગવાનની મરજી મુજબ જ પોતાનું જીવન એ દાસત્વની પરાકાષ્ઠા છે.

૩. સંતો-ભક્તોની સેવા થાય :

❋ 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે'માં શ્રીજીમહારાજે દાસનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે 'બીજાનો મહિમા સમજી સેવા કરે અને પોતાના દોષ જુએ તે દાસ.'

❋ દાસ હોય તે પોતાના ઈષ્ટદેવ અને ગુરુની સેવા તો મહિમાથી કરે, પણ નાના-મોટા સૌ સંતો-ભક્તોની સેવા પણ હોંશે હોંશે કરે. સન ૧૯૬૮માં શરદપૂનમના સમૈયા પર પ્રમુખસ્વામી મહારાજના સેવક પ્રગટ ભગતના જમણા હાથની પહેલી આંગળી પાકેલી. તેથી તેઓ પોતાનાં ધોતિયાં પણ પોતાના હાથે નિચોવી શકતા નહીં. એક વાર પ્રગટ ભગત સ્નાન કરી સ્વામીબાપા માટે ગરમ પાણી લેવા ગયા તો બાથરૂમમાં સ્વામીબાપાએ પ્રગટ ભગતના કપડાં ધોઈ દીધાં.

પોતે સંસ્થાના પ્રમુખપદે છે, તે વાત પર તેમણે ક્યારેય લક્ષ્ય જ નહોતું આપ્યું, પરંતુ દાસ થઈને સૌની સેવા કરવામાં જ માલ માન્યો હતો.

● **દાસભાવ દૃઢાવવાથી લાભ :**

૧. વિઘ્નોથી રક્ષા થાય :

❋ 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે' ગ્રંથમાં શ્રીહરિએ કહ્યું છે કે, 'જે ભગવાન અને સંતનો દાસ થઈને રહેતો હોય તેને દેશકાળ (વિઘ્ન) લાગતા નથી', 'જે ભક્તના દાસ થઈને વર્તે છે તેને વિઘ્ન નથી', 'પોતામાં ગમે તેવા ગુણ હોય ને સત્સંગના પ્રતાપથી ઈશ્વર જેવો સમર્થ હોય, છતાં હરિભક્ત આગળ તેનો છક રાખે નહીં, ત્યારે તેને કાંઈ વિઘ્ન રહેતું નથી.'

❋ જો દાસ ન થયા હોય તો સત્સંગમાં ગમે ત્યારે વિઘ્ન આવીને ઊભું રહે ને ભગવાન તથા સંતથી વિખૂટા પડવું પડે.

❋ શાસ્ત્રીજી મહારાજના સમયમાં એક હરિભક્ત ગોંડલ મંદિરે આવ્યા. તે હરિભક્તે એક વૃદ્ધ સંત પાસે પાણી માંગ્યું. તે સંતને શારીરિક તકલીફ હોવાથી હાથથી ઈશારો કરીને નળ સામે જ છે, ત્યાં જઈ પાણી પી લેવા કહ્યું, પણ પેલા ભાઈનું માન ઘવાયું કે 'મને કેમ પાણી ન આપ્યું ?' તેથી પાણી પીવા નળ પાસે ન ગયા, પણ સત્સંગ છોડી જવા તૈયાર થયા. પછી નિર્ગુણદાસ સ્વામીએ તે હરિભક્તને સમજાવી રોક્યા ત્યારે માંડ શાંત થયા.

સત્સંગમાં સ્વભાવનું ખંડન થાય, અપેક્ષા પૂરી ન થાય, વિવિધ પ્રકારના માણસો સાથે વ્યવહાર કરવામાં પ્રશ્નો ઊભા થાય વગેરે સમયે જો દાસભાવ ન હોય તો પોતાના સ્વભાવ કે અન્યના સ્વભાવના કારણે સત્સંગનો અભાવ આવી જાય અને સત્સંગમાંથી મન પાછું પડી જાય, પરંતુ દાસભાવ દૃઢ કર્યો હોય તો આવાં વિઘ્નોમાં અડીખમ ટકી રહેવાય.

◎ યોગીબાપા ઘણી વાર કૃષ્ણજી અદાની પ્રસાદીની સાખી બોલતા,

નાને સે હો નાને રહીએ, જૈસી નાની દૂબ,
ઘાસ ફિસ સબ ઊડ ગયા, દૂબ ખૂબ કી ખૂબ.

નદીમાં પૂર આવે તો કિનારે ઊભેલાં મોટાં મોટાં વૃક્ષો ધરાશાયી થઈ જાય છે, પણ લીલી ધ્રો (ધરો) નમી જાય છે તો તેની ઉપર થઈને કેટલુંય પાણી પસાર થઈ જાય છે, છતાં પૂર વહી ગયા પછી ધ્રો (ધરો)કિલ્લોલ કરતી ઊભી થઈ જાય છે. વૃક્ષ અક્કડ રહ્યું તો પડ્યું, ને ધ્રો નમી ગઈ તો ટકી ગઈ. નમતા રહીએ, દાસ બની રહીએ તો ગમે તેવાં વિઘ્નો આવે તોપણ સત્સંગમાં ટકી રહેવાય.

૨. પ્રગતિ થાય :

❊ એક વાર ગઢડામાં શ્રીજીમહારાજે વાત કરતાં કહ્યું કે, 'ભગવાનનો દાસ થાય તો તેનામાં ભગવાન જેવા ગુણ આવે છે. જે દાસાનુદાસ રહે છે, તે વધતો વધતો વધી જાય છે.'

(પુરુષોત્તમ બોલ્યા પ્રીતે - ૨૧૧)

❊ ગોંડલમાં એક વાર પ્રુખસ્વામી મહારાજ સમક્ષ ૧૪,૦૦૦ની કિંમતનાં ચશ્માંની વાત નીકળી. આ મોંઘી કિંમતનાં ચશ્માંની ફ્રેમ એવી હોય કે જેમ વાળો તેમ વળે. આ સાંભળી સ્વામીબાપા એક ભક્તને કહે, 'તારે મોંઘી કિંમતના થવું છે? તો જેમ વાળે તેમ વળજે.' સત્સંગમાં પણ જેમ વાળે તેમ વળીએ એટલે કે દાસ બનીએ તો જ પ્રગતિ છે.

◎ ગ્રીસ દાર્શનિક પ્લેટોએ પશ્ચિમ જગતમાં સર્વપ્રથમ પાઠશાળા અભ્યાસ માટે સ્થાપેલી. પ્લેટો પાસે અનેક ઠેકાણેથી લોકો જાણવા માટે, શીખવા માટે આવતા. પ્લેટો તેમની પાસેથી પણ કંઈક જાણવા પ્રયત્ન કરતા અને પ્રશ્નો પૂછતા. આ જોઈ બીજા શિષ્યો તેમને કહેતા, 'લોકો તમારી પાસે શીખવા આવે છે ને તમે એમને પૂછો છો. તેથી તમારી આબરુ ઘટે છે.' પણ પ્લેટો હંમેશાં નાના બની બધા પાસેથી જ્ઞાન મેળવતા રહ્યા અને પ્રગતિ પામતા રહ્યા. નદી પર્વતોને મૂકી સમુદ્રમાં ભળે છે, તેમ આપણે પર્વતની જેમ અટંટ ન રહીએ અને દાસભાવ રાખીએ તો જ્ઞાનરૂપી નદી બધેથી આવી આપણામાં એકત્રિત થાય.

3. પ્રસન્નતા થાય :

❊ ભગવાન કે ગુરુની પ્રસન્નતા પામવા માટે આપણે કંઈક હોમવું પડે છે. જેમ શ્રીફળને અગ્નિકુંડમાં હોમે તેમ આપણે પણ આપણી જાતને હોમવી પડે છે. આપણા અહંકારને ઓગાળવો પડે છે. દાસત્વ સ્વીકારવું પડે છે, એ સિવાય પ્રસન્નતા પામી શકાતી નથી.

❊ દાસત્વ કે ગુલામી સ્વીકાર્યા સિવાય ભગવાન રાજી થતા નથી. મહારાજે **ગઢડા પ્રથમ ૫૮ના વચનામૃતમાં** જણાવ્યું કે ભગવાન અને સંતને રાજી કરવા હોય તો સંતના ગુલામ થઈને રહેવું.

શ્રીજીમહારાજને દાસભાવ એટલો બધો પ્રિય છે કે પોતાની પરાવાણીના ગ્રંથ 'વચનામૃત'માં તેમણે ઉદ્ધવજીને છ વખત તેમના આ દાસત્વના ગુણ માટે વખાણ્યા છે.

શ્રીકૃષ્ણ ભગવાને વ્રજ છોડ્યાના ઘણા સમય બાદ ઉદ્ધવજીને બોલાવી કહ્યું, 'તમે વ્રજમાં જાઓ, ગોપીઓને મારો વિરહ લાગ્યો હશે! તમે જ્ઞાન આપી તેમની મનોવ્યથા દૂર કરો.' ઉદ્ધવજી વ્રજમાં ઘણા મહિના સુધી રોકાયા. તેઓ ગોપીઓનો શ્રીકૃષ્ણ ભગવાન પ્રત્યેનો પ્રેમ જોઈ અભિભૂત થઈ ગયા અને એટલે જ ઉદ્ધવજીએ વૃંદાવનમાં જ્યાં ગોપીઓની નિત્ય ચરણરજ પડતી રહે છે, એવા લતા, તૃણ અથવા વેલીનો અવતાર માંગી લીધો. પોતે જ્ઞાની હોવા છતાં અભણ ગોપીઓના દાસ થવાનું માંગ્યું. તેથી શ્રીજીમહારાજ ઉદ્ધવજી પર વારી ગયા છે.

◎ શ્રીજીમહારાજ તાવી ગામને પાદર વાળંદ પાસે વતું કરાવવા બેઠા, પણ વાળંદનો હાથ ભારે હોવાથી દેહનું જોખમ હતું. જાલમસિંહબાપુ અનુવૃત્તિ સમજી સારા વાળંદને લેવા ત્રણ ગાઉ દૂર દેવળિયા ગયા. વાળંદને તાવી જવા તૈયાર કર્યો. પહોંચવાની ઉતાવળ હતી એટલે વાળંદ જાલમસિંહની ઘોડી સાથે દોડતો હતો, પણ તેના બગલમાં થેલો હતો, તેથી તે દોડવામાં ધીમો પડતો હતો. જાલમસિંહે આ જોયું. તેથી તેમને વિચાર આવ્યો કે પોતાના ઈષ્ટદેવ માટે શું ન થાય? અને તેમણે વાળંદનો થેલો પોતાની બગલમાં લઈ લીધો. પોતાનું દરબાર હોવાનું માન ભગવાન આગળ મૂકી દીધું. મહારાજે તેમનું દાસત્વ જોયું અને પ્રસન્નતાનો કળશ તેમના પર ઢોળ્યો.

● **શ્રીજીમહારાજના જીવનમાં દાસભાવ :**

❊ શ્રીજીમહારાજે પોતાના જીવન દ્વારા પણ આપણને આ વાત શિખવાડી છે. પોતે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ હોવા છતાં રામાનંદ સ્વામીનો સંદેશો આવ્યો કે સત્સંગમાં રહેવું હોય તો થાંભલાને બાથ ભીડીને રહેવું પડશે, તો પોતે તરત થાંભલાને

વળગી પડ્યા. રામાનંદ સ્વામીનો કહેવાનો આશય હતો કે જે પ્રમાણે કહીએ તે પ્રમાણે કરવું પડશે. તો શ્રીજીમહારાજે રામાનંદ સ્વામીના આદેશ મુજબ સત્સંગમાં સ્તંભ સમાન વડીલ મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં કેટલાક મહિના સુધી લોજમાં રહી નાનામાં નાની સેવા કરી. છાણ-વાસીદું કરવાનું, છાણાં થાપવાનાં, વાસણ ઊટકવાનાં, સંતોની કૌપીનો ધોવાની વગેરે સેવા-કાર્યમાં તેમણે નાનપ ન અનુભવી.

ક્યાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણ અને ક્યાં આવી નાની સેવા !

❋ અમેરિકાના રાષ્ટ્રપતિ અહીં આવે તો તેની પાસે કોઈ સંડાસ-બાથરૂમ સાફ કરાવે ? મહારાજે સ્વયં આ બધું કરીને આપણને શિખવાડ્યું કે આપણે દરેકે પોતાનો હોદ્દો, માન, અહંકાર મૂકીને નાનામાં નાના થઈને સેવા કરવાની છે.

વળી, મહારાજે અવાર-નવાર એવા પ્રસંગો ઊભા કરીને આ વાત વારંવાર ઘૂંટાવી છે.

● **મહાન સંતો-ભક્તોનાં જીવનમાં દાસભાવ :**

❋ શ્રીજીમહારાજ ગઢડામાં સભા કરી બિરાજ્યા હતા. જે કોઈ આવે તેને પૂછતા કે 'તમે દાદાખાચરના ગોલા (નોકર) થશો ?' બધા કહે, 'દાદાના શું કરવા ? અમે તો તમારા થઈએ !' બધાએ ના પાડી. પછી પર્વતભાઈ આવ્યા. તેમને પૂછ્યું, તો તરત હા પાડી ને કહ્યું, 'અનંત જન્મથી બૈરાં-છોકરાંના ગોલા છીએ જ ને! ભક્તના ગોલા થવું તે તો મોટાં ભાગ્ય કહેવાય.' પર્વતભાઈ મોટા ખેડૂત હતા, છતાં દાસના દાસ થવામાં પોતાના મોટાં ભાગ્ય માનતા.

❋ બ્રહ્માનંદ સ્વામી પણ કેવા સમર્થ હતા, તે સંપ્રદાયમાં સૌ કોઈ જાણે છે. એમના જેવા કોઈ કવિ હજુ સુધી ચારણજ્ઞાતિમાં થયા નથી, તેવું ભારતના મહાન કવિ પદ્મશ્રી દુલા કાગ કહેતા.

કેટલાંય રાજા દ્વારા અપાતાં રાજકવિના પદને ઠોકર મારીને બ્રહ્માનંદ સ્વામી મહારાજનાં ચરણમાં બેસી ગયા, ને મહારાજે અનેક કસોટીઓ પણ કરી. એક વાર તો કસોટી કરતાં મહારાજે તેઓને ત્રણ હાથ કંતાનથી સહેજ પણ વધારે ન આપ્યું, તોપણ હાથ જોડી ઊભા રહ્યા. મહારાજને વળગી રહ્યા.

એક બાજુ રાજ-રજવાડાંઓ દ્વારા મળતાં ઉચ્ચ સન્માનો, હાથી, ઘોડા, ઊંટ, પાલખી, સેવકો, અંગરક્ષકો, પાર વિનાનાં ઘરેણાં, જાહોજલાલી - આ બધાંનો ત્યાગ ને બીજી બાજુ ત્રણ હાથ કંતાનથી સહેજ પણ વધારે કંતાન ન મળે તેવી શ્રીજીની કસોટી. બીજો હોય તો ઊભો પણ ન રહે, પરંતુ બ્રહ્માનંદ સ્વામીએ તો એક જ સમજણ દૃઢ કરેલી કે,

મૈં ઢાઢી મહારાજ કો હાજર હુકમ હજૂર,
ગાયો જશ ગોવિંદ કો પાયો ધન ભરપૂર.

જેને ભગવાનનો મહિમા સમજાય તેને અહંકાર ક્યારેય આવે નહીં અને દાસભાવ ટળે નહીં. બાકી તો બ્રહ્માનંદ સ્વામીનો વિચાર કરીએ તો એમને પળે પળે અહંકાર આવી શકે એટલી બુદ્ધિ-ચતુરાઈ, કુશળતા, કળા અને ગુણો હતા. પરંતુ તેમને -

હું કરું હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે...

એ નરસિંહ મહેતાની પંક્તિઓ સ્પષ્ટ સમજાઈ ગઈ હતી, તેથી દાસ થઈને સેવા કરી શક્યા.

● **ગુણાતીત સત્પુરુષના જીવનમાં દાસભાવ :**

❋ મહંતસ્વામી મહારાજ મુંબઈ વિરાજ્યા હતા. એ દરમ્યાન એક દિવસ સંતોને વ્યક્તિગત મુલાકાતનો લાભ આપીને તેમને સાધુતા અને આધ્યાત્મિક માર્ગની પ્રેરણાઓ આપી રહ્યા હતા. નવદીક્ષિત યુવાન સંતો સાથેની આ અંગત મુલાકાતમાં સૌથી છેલ્લા દિવ્યાનંદ સ્વામી હતા. તેમને પગનું ઓપરેશન કરાવ્યું હોવાથી તેઓ વ્હીલચેરમાં બેઠા હતા. સ્વામીશ્રીના એ ખંડમાં તેઓ અને સ્વામીશ્રી બે જ હતા. વાતચીત પૂરી થઈ, દિવ્યાનંદ સ્વામીને હવે એ ખંડની બહાર આવવું હતું, પણ વ્હીલચેર ચલાવે કોણ ? તેઓ કંઈ વિચારે એટલામાં તો પોતાના આસન પરથી ઊભા થઈને સ્વામીશ્રીએ તેમની વ્હીલચેર હાથમાં લઈ લીધી. દિવ્યાનંદ સ્વામી કાંઈ બોલે તે પહેલાં તો સ્વામીશ્રી વ્હીલચેર લઈને કક્ષની બહાર પધારી ગયા. કક્ષની બહાર ઊભેલા સંતો તથા

અન્ય સૌ આ દૃશ્ય જોઈને અવાક્ થઈ ગયા. તેઓ દોડીને સ્વામીશ્રીના હાથમાંથી વ્હીલચેર લેવા ગયા, પરંતુ સ્વામીશ્રીએ ન આપી અને હસતાં હસતાં છેક બહારની લોબી સુધી વ્હીલચેર હંકારી ગયા.

◎ નડિયાદમાં મહંતસ્વામી મહારાજ ભોજન લઈ રહ્યા હતા. દર્શન કરી રહેલા વિદ્યાર્થીઓએ પ્રમુખસ્વામી મહારાજ સમક્ષ ગવાયેલી એક ભક્તિરસ કવ્વાલી ગાઈ :

'આ સૂરજ પૂછે છે, આ ચાંદો પૂછે છે, ગગનમાં ચમકતો સિતારો પૂછે છે.. પ્રમુખસ્વામી શું છે ? મહંતસ્વામી શું છે ?'

અંતે વિદ્યાર્થીઓએ કહ્યું, 'આ કવ્વાલી ગવાયા પછી પ્રમુખસ્વામી મહારાજને તેમની ઓળખ પૂછી, ત્યારે તેમણે તો પોતાની આગવી ઓળખ આપીને ઇતિહાસ રચી દીધો હતો, પરંતુ આજે આપ આપની ઓળખ આપો. મહંતસ્વામી શું છે? એ સવાલનો જવાબ આપો.'

સૌના કાન સરવા થઈ ગયા. સ્વામીશ્રી સમક્ષ માઈક ધર્યું ને ક્ષણનાય વિલંબ વિના હૈયાની પ્રતીતિ સાથે સ્વામીશ્રીએ કહ્યું, 'દાસના દાસ.'

અનન્ય દાસત્વભાવની આ અદ્ભુત ક્ષણ સૌનાં હૈયે જડાઈ ગઈ.

સૌનાં હૈયે કબીરજીની પેલી પંક્તિ ગુંજી ઊઠી, **'નીચા નીચા જો કોઈ ચાલે સબસે ઊંચા હોઈ....'**

❋ તો ચાલો ! સંપ્રદાયના મહાન સંતો-ભક્તો, આપણા ગુરુ અને ઈષ્ટદેવના જીવનમાંથી પ્રેરણા લઈએ અને આપણે પણ દાસભાવ જીવનમાં દૃઢ કરીએ. બાપના બાપ તો ઘણા જન્મો સુધી થયા, હવે દાસના દાસ થઈને મહારાજ-સ્વામીનો રાજીપો લઈએ...

❀ ❀ ❀

સ્વામીની વાત : પ્રકરણ - ૫ : વાત - ૮૪

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

સત્સંગ, એકાંતિકપણું ને ભગવાનની મૂર્તિ - એ ત્રણ વાના દુર્લભ છે. તે આપણને મળ્યા છે, માટે ગરીબ થઈને બીજાને માન આપીને સાચવી રાખવા.

❊ આપણને દુર્લભ થયેલી પ્રાપ્તિને જાળવવાની અનુપમ જડીબુટ્ટી સ્વામી આ વાત આપણને બતાવે છે. એ છે ગરીબ થવું, દીન થવું, દાસ થવું.

એક સુંદર સાખીમાં કહ્યું છે :

મિટા દે અપની હસ્તી કો અગર કુછ મતરબા ચાહે ।
દાના ખાક મેં મિલકર ગુલે ગુલઝાર હોતા હૈ ॥

કંઈક પામવા માટે કંઈક ગુમાવવું પડે. કંઈક મેળવવા માટે કંઈક હોમવું પડે. વૃક્ષને ફરી ઊગવા માટે બીજને પૃથ્વીમાં દટાવું પડે છે. ભગવાન કે ગુરુની પ્રસન્નતા પામવા માટે પણ આપણે કંઈક હોમવું પડે છે. જેમ શ્રીફળને અગ્નિકુંડમાં હોમે તેમ આપણે પણ આપણી જાતને હોમવી પડે છે. આપણા અહંકારને ઓગાળવો પડે છે. દાસત્વ સ્વીકારવું પડે છે, એ સિવાય પ્રસન્નતા પામી શકાતી નથી.

❊ સુંદરજી સુથાર કચ્છના રાજાના કારભારી. એકવાર તેઓ ભુજના રાજાનું ખાંડું એટલે કે જાન લઈને ગોંડલથી પસાર થતા હતા. ત્યાં તેમને સમાચાર મળ્યા કે શ્રીજીમહારાજ બંધિયા ગામે બિરાજે છે.

સુંદરજી શ્રીજીને શોધતા દરબારમાં આવી પહોંચ્યા. મહારાજને દંડવત્ પ્રણામ કરી પગે લાગી હાથ જોડી ઊભા રહ્યા.

શ્રીજીએ પૂછ્યુંઃ કોણ આવ્યું ? સુંદરજી કહેઃ ''દાસ''.

મહારાજે બીજો પ્રશ્ન કર્યોઃ 'દાસનું લક્ષણ શું?'

સુંદરજીએ ઉત્તર વાળ્યોઃ 'કહે તેમ કરે તે દાસ.'

શ્રીજીએ આગળ પૂછ્યુંઃ 'અમે કહીએ તેમ કરશો?'

'હા, કેમ નહિ?'

'તો આ કપડાં ઉતારી દાઢી-મૂછ મૂંડાવી સાધુ થઈ કાશીની જાત્રાએ જઈ આવો.'

સુંદરજી તો બંદૂકમાંથી ગોળી છૂટે તેમ કોઈ સંશય કે પ્રશ્ન વિના કપડાં ઉતારી, દાઢી-મૂછ મૂંડાવી, ત્યાગીની દીક્ષા લઈ જાત્રા માટે ચાલી નીકળ્યા.

મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'જુઓ ! અમે કેવાં કામ કર્યાં ? રાજાના કારભારીને પણ મૂંડી નાંખ્યા.'

❊ મુક્તાનંદ સ્વામીએ જરા વ્યંગમાં છણકો કરી કહ્યું 'શું સારાં કામ કર્યાં ? કાઠિયાવાડ ને ગુજરાતમાં તો અમારે મતવાદીઓ ને બીજાત્રીજાનો ઘણો ત્રાસ હતો પણ કચ્છમાં શાંતિ હતી. કારણ કે સુંદરજી સુથાર ત્યાંના કારભારી, તેથી તેમના પ્રભાવથી કોઈ કંઈ કરી શક્તું નહિ. હવે અમારે વિશ્રામ લેવાનું ઝાડ હતું તે પણ આપે કાપી નાંખ્યું. વળી, કચ્છના રાજાએ સુંદરજીને પોતાના દીકરાના લગ્નપ્રસંગે ખાંડાના અધિપતિ બનાવી મંગળ કાર્ય માટે મોકલ્યા છે, તે આ વાતની રાજાને જાણ થશે તો તેને પણ ખોટું લાગશે કે મારા મંગળ કાર્યમાં સ્વામિનારાયણે

વિઘ્ન નાંખ્યું. તેથી તેનો પણ વિરોધ જાગશે.' મુક્તાનંદ સ્વામીની વાત મહારાજને ઠીક લાગી. તેથી સુંદરજીને પાછા બોલાવવાનું વિચાર્યું.

સુંદરજી પાછા આવ્યા. જાત્રા માટે પ્રયાણ કરી ચૂકેલા ને ત્યાગીના વેશમાં સુંદરજી પાછા આવ્યા. મહારાજને દંડવત્ પ્રણામ કરી બે હાથ જોડી ઊભા રહ્યા. મહારાજે પૂછ્યું : 'કોણ આવ્યું ?'

'દાસ'

ફરીવાર એ જ પ્રશ્નોની પરંપરા શરૂ થઈ, 'દાસનું લક્ષણ કયું ?'

''કહે તેમ કરે.''

શ્રીજીએ પૂછ્યું કે અમે કહીએ તેમ કરશો ? સુંદરજીએ કહ્યું, 'હા.'

'તો આ કપડાં ઉતારી નાંખો ને પાછા પહોંચી જાવ. જાનૈયા તમારી રાહ જુએ છે.'

કોઈ પણ સંશય કે શંકા વગર ત્યાગીનાં વસ્ત્રો ઉતારી પાછા કારભારીનો પોશાક ધારણ કરી ઢાલ-તલવાર સાથે સુંદરજી જવા તૈયાર થયા. ખાંડા પાસે આવ્યા. બધાએ પોતાના કારભારીને જોયા. પરંતુ દેખાવ થોડો જુદો લાગ્યો. એટલે નવાઈ પામી બધાએ પૂછ્યું, 'સુંદરજી ! તમારાં દાઢી-મૂછ ક્યાં ગયાં ? આ મંગળ કાર્યમાં અમંગળ શું કરીને આવ્યા ?'

સુંદરજીએ નિધડકપણે ઉત્તર આપ્યો કે હું અમારા કુળદેવતાનાં દર્શન માટે ગયેલો. ત્યાં બ્રાહ્મણોએ કહ્યું : દાઢી-મૂછ ઉતરાવ્યા વિના માનતા નહિ ફળે. તેથી જાનમાં ક્યાંય વિઘ્ન ન આવે તે માટે દાઢી-મૂછ અને વાળ કઢાવી નાંખ્યાં છે. સૌને આ સાંભળી આનંદ થયો ને સુંદરજી માટે આદર થયો. પરંતુ સુંદરજીના મુખ ઉપર આજે સૌથી વધુ આનંદ હતો. કારણ આજે તેઓ શ્રીજીની પરીક્ષામાં પાસ થયા હતા.

ઉચ્ચાર અને આચારમાં ઘણું અંતર છે. મહારાજ ! હું તમારો દાસ છું. એમ કહેવું તે જુદી વાત છે ને ટાણું આવ્યે તે સિદ્ધ કરી બતાવવું જુદી વાત છે.

❋ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે :

દોહ્યલું થાવું હરિદાસ રે સંતો, દોહ્યલું થાવું હરિદાસ.

❋ બીજી બધી જ પદવી કે હોદ્દા પ્રાપ્ત કરી શકાય, પરંતુ ભગવાનના દાસપણાની ડિગ્રી મેળવવી અત્યંત કઠિન છે. દાસ શબ્દ બે અક્ષરનો છે, પરંતુ દાસ બનવામાં વર્ષોની સાધના પણ ટૂંકી પડે.

❋ જેમ ડોક્ટર બોલવું સરળ છે પરંતુ ડોક્ટર થવું અઘરું છે, તેમાં વર્ષો નીકળી જાય. સી.એ. શબ્દ બોલવો સહેલો પરંતુ સી.એ. થવું કઠિન છે, તેમ દાસ શબ્દ બે અક્ષરનો છે પરંતુ તે સિદ્ધ કરવામાં વર્ષો વહી જાય. વળી સત્સંગમાં આવીને આ જ સિદ્ધ કરવાનું છે.

❋ જેમ કોલેજમાં પ્રવેશ મેળવ્યા પછી વ્યક્તિ બી.એ., બી.કોમ, એમ.બી.બી.એસ. કે બી.ઈ. ની ડિગ્રી પ્રાપ્ત કરતો હોય છે, તેમ સત્સંગની આ કોલેજમાં આવીને આપણે દાસની ડિગ્રી હાંસલ કરવાની છે. દાસ તરીકેની ગુલામ તરીકેની ડિગ્રી મેળવવાની છે.

❋ સત્સંગમાં પ્રવેશ મેળવવા માટે પણ દાસત્વ જોઈએ, સત્સંગમાં ટકવા માટે પણ દાસત્વ જોઈએ, અને સત્સંગ કર્યા પછી પણ દાસત્વ જ સિદ્ધ કરવાનું છે.

❋ દાસ થયા સિવાય ભગવાન ને સંત પાસે પ્રવેશ મળતો નથી, કારણ ભગવાનના ઘરનો દરવાજો ખૂબ નાનો છે તેથી નીચા વળીને જ પ્રવેશ કરવો પડે છે. શ્રીજી મહારાજે આ રહસ્ય મગનીરામના પ્રસંગ દ્વારા સૌને સમજાવ્યું છે.

❋ દેવીવાળો મગનીરામ કેવો પ્રભાવશાળી ! મેલી વિદ્યાથી સૌને વશ કરનારો દેવીભક્ત. મલિન વિદ્યાના જોરે સૌને ડરાવી રૂપિયાની માંગણી કરી, પરંતુ મહારાજે દાદ ન આપી તેથી છંછેડાયો, ને,

પોતાની દેવીને રાત્રે આરાધી. દેવીએ તો દર્શન દઈ કહ્યું, 'આ તો પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. મારા જેવી તો અનંત દેવીઓ એની દાસીઓ છે. તું એને શરણે જા, તારો ઉદ્ધાર થઈ જશે.'

મગનીરામે નક્કી કર્યું કે શ્રીજીનું શરણું સ્વીકારવું, પરંતુ આ શરણું સ્વીકારવું એ સામાન્ય વાત ન હતી. બીજે દિવસે મગનીરામે આવીને મહારાજને વિનંતી કરી કે મને આપની સેવામાં રાખો.

મહારાજે કહ્યું કે અમારી સેવામાં રહેવું હોય તો અમે કહીએ તેમ કરવું પડે, તમારું માન મૂકવું પડે.

મગનીરામ કહે : 'બધું કરવા તૈયાર છું.' તો મહારાજ કહે : 'પહેલાં તો જટા ઉતરાવી નાંખો.'

દરબારને મૂછ, વાંદરાને પૂંછ અને જોગીને ગુચ્છ (જટા) વહાલાં હોય. પરંતુ મગ્નીરામે તરત એ ઉતરાવી નાંખી. એક પેપરમાં તો પાસ થઈ ગયા. પરંતુ શ્રીજી મહારાજે કહ્યું : 'આ તો બરાબર છે પરંતુ સત્સંગમાં રહેવું હોય તો અમે કહીએ તેમ કરવું પડે. આ બધા સંતો-હરિભક્તોનાં પગરખાંઓનું પોટલું માથે ઉપાડી પ્રદક્ષિણા કરો.'

મગનીરામે એ પ્રમાણે કર્યું ને મહારાજ ખૂબ રાજી થઈ ગયા. મગનીરામનો દાસત્વભાવ જોઈ શ્રીજી રાજી થઈ ગયા. એમની દાસ થવાની તૈયારી જોઈ એટલે મહારાજે તેમને સત્સંગમાં પ્રવેશ આપ્યો.

❊ કવિ મન્સુરે કહ્યું છે,

અગર હૈ શૌક મિલને કા તો હરદમ લૌ લગાતા જા,
જલાકર ખુદનુમાઈ કો ભસમ તન પર લગાતા જા,
મુસલ્લા છોડ તસ્બી તોડ કિતાબેં ડાલ પાની મેં,
પકડ દસ્ત તૂ ફિરસ્તોં કા ગુલામ ઉનકા કહાતા જા.

❊ જો ભગવાનને પામવાની ઇચ્છા હોય તો પોતાનું સંપૂર્ણ અસ્તિત્વ ઓગાળવું પડે છે. ગુલામ થવાની તૈયારી રાખવી પડે છે.

● આ દાસત્વ શા માટે સ્વીકારવાનું ?

તો મહારાજે **ગ.મ.૬૨**મા વચનામૃતમાં જણાવ્યું છે : અમે જે દિવસથી વિચારીએ છીએ તે દિવસથી અમારી નજરમાં એમ આવે છે જે જીવના કલ્યાણને અર્થે ત્રણ અંગ છે તે અતિ સુખદાયી છે. એક આત્મનિષ્ઠા, બીજું પતિવ્રતાપણું ને ત્રીજું દાસત્વપણું. આ ત્રણ અંગ વિના કોઈ રીતે કરીને જીવનું કલ્યાણ થતું નથી. એ ત્રણમાંથી જેને એકેય અંગ હોય તે જીવ કૃતાર્થ થાય છે.

❊ જીવના કલ્યાણ માટે મહારાજે ત્રણ અંગ બતાવ્યાં તેમાં દાસત્વનો પણ સમાવેશ થાય છે. તો આપણે અહીં કલ્યાણ માટે આવ્યા છીએ ને કલ્યાણ માટે આ અંગ અનિવાર્ય છે.

❊ એટલે જીવના કલ્યાણ માટે, જન્મમરણના ચક્રમાંથી મુક્ત થવા માટે ત્રણ રસ્તા છે. ત્રણ અંગ છે, જોકે ત્રણેય અંગ આખરે તો એક થઈ જાય છે. જેમ જુદી જુદી દિશામાંથી આવતી નદીઓ આખરે તો સાગરમાં મળી જાય છે, ને પોતાનું સંપૂર્ણ અસ્તિત્વ મિટાવી દઈ સાગરનું બિરુદ પામે છે, તેમ આ ત્રણેય અંગો આખરે તો ભગવાનને જ પમાડે છે, તેથી જેને જે અંગ અનુકૂળ આવે તે સિદ્ધ કરવાનું હોય છે. પરંતુ આ બધાંમાં દાસત્વપણું તો આવે જ.

❊ જેમ ગમે તે શાક બનાવો પરંતુ તેમાં મીઠું - મરચું તો આવે જ, તેમ દાસત્વપણું તો બધાં જ અંગોની સાથે વણાયેલું છે.

દાસત્વપણું એટલે સ્થૂળ અર્થમાં જોઈએ તો આપણું દરેક પ્રકારનું અભિમાન મૂકી ભગવાન ને સંતની ઇચ્છા મુજબ વર્તવું તે.

❊ શ્રીજી મહારાજે **અંત્ય-૧૨**મા વચનામૃતમાં આ જ વાત કરી છે. કોઈને રૂપ કે સૌંદર્યનું અભિમાન તો કોઈને પૈસાનું ગુમાન, કોઈને સત્તાનું તો કોઈને વિદ્વત્તાનું, કોઈને ઉચ્ચ કુળનું માન તો કોઈને

પોતાની કલાનું, તો કોઈને વળી પોતાના ગુણનું પણ માન હોય છે. આ બધા જ પ્રકારનાં માન મૂકીને ભગવાન ને સંતના વચન પ્રમાણે સરળતાથી વર્તવું તે દાસત્વપણું છે.

❊ બરફ ઓગળે તો જ ગતિ કરી શકે, તેમ સત્સંગમાં જેટલું હુંપણું પીગળે તેટલી પ્રગતિ થાય છે.

❊ ગોંડલમાં એકવાર સ્વામીશ્રી સમક્ષ ૧૪,૦૦૦ની કિંમતનાં ચશ્માંની વાત નીકળી. આ મોંઘી કિંમતનાં ચશ્માંની ફ્રેમ એવી હોય કે જેમ વાળો તેમ વળે. આ સાંભળી સ્વામીશ્રી એક વ્યક્તિને કહે : તારે મોંઘી કિંમતના થવું છે ? તો જેમ વાળે તેમ વળજે. સત્સંગમાં પણ જેમ વાળે તેમ વળીએ તો ઊંચી કિંમત થાય.

❊ જો દાસ ન થયા હોય તો સત્સંગમાં ગમે ત્યારે વિઘ્ન આવીને ઊભું રહે. ને ભગવાન તથા સંતથી વિખૂટા પડવું પડે.

❊ પૂર્ણાનંદ સ્વામીને માન હતું તો મહારાજના શબ્દો સહન કરી ન શક્યા, અપમાન લાગ્યું ને સત્સંગ છોડી નીકળી ગયા.

❊ કીડી સખીને પોતાની ગાનકળાનું માન આવ્યું તો મહારાજને છોડી જતા રહ્યા. જો દાસત્વ સિદ્ધ ન થયું હોય તો વિઘ્ન આવ્યા સિવાય રહે જ નહિ.

❊ વળી જ્યાં સુધી માન છે, હુંપણું છે ત્યાં સુધી ભગવાન પાસે આવતા નથી. દાસ થયા તો ભગવાન નજીક આવે.

❊ તેથી જ મુક્તાનંદ સ્વામીએ કહ્યું કે

હું ટળ્યે હરિ ઢૂંકડા તે ટળાય દાસે રે,
જે થાય હરિના જ દાસ, રહે સદા શ્રીજી તેની પાસ.

❊ વળી દાસત્વ કે ગુલામી સ્વીકાર્યા સિવાય ભગવાન રાજી થતા નથી. મહારાજે **પ્ર. ૫૮**મા વચનામૃતમાં જણાવ્યું કે ભગવાન અને સંતને રાજી કરવા હોય તો સંતના ગુલામ થઈને રહેવું.

❊ ગુલામ એટલે પોતાની જાત ઉપર કે ઇચ્છા ઉપર કોઈ અધિકાર નહિ. માલિક આપે તે ખાવાનું, માલિક આપે તે પહેરવાનું, માલિક રાખે ત્યાં રહેવાનું, માલિક મોકલે ત્યાં જવાનું, માલિકની ઈચ્છા એ જ એનું જીવન.

❊ જેમ મદારી ને કઠપૂતળી, તે જ રીતે માલિક ને ગુલામ. કઠપૂતળી મદારીની આંગળીના ઈશારે નાચે તેમ માલિકના ઈશારે નાચે તે ગુલામ. મહારાજે આવી ગુલામી સિદ્ધ કરવાની વાત કરી છે.

❊ જે જે ભગવાનના દાસ ને ગુલામ થયા તે બધા જ આ રીતે વર્ત્યા છે.

❊ મીરાંબાઈએ કહ્યું,

રામ રાખે તેમ રહીએ ઓધવજી,
રામ રાખે તેમ રહીએ.

ભગવાનની ઈચ્છા એ જ દાસનું પ્રારબ્ધ. એને જે યોગ્ય લાગે તે રીતે રહેવાનું.

❊ કબીરદાસે કહ્યું,

કબીર કુત્તા રામ કા, મોતિયા મેરા નાઉં (નામ)
ગલે રામ કી જેવડી, જિત ખેંચે તિત જાઊં,
તો તો કરે તો બાહુડૌ, દૂરી દૂરી કરે સો જાઊં,
જ્યું હરિ રાખે ત્યું રહૂં, જ્યું દેવે સો ખાઊં.

હું તો ભગવાનનો કૂતરો છું. માલિક જે રીતે રાખે તે રીતે જ મારે રહેવાનું છે.

❊ રશિયાના તત્ત્વચિંતક ગુર્જીફે પોતાના શિષ્યોને આ ભાવ (દાસત્વ) દૃઢ કરાવવા માટે **Stop Exercise** (સ્ટોપ એક્સરસાઈઝ) શરૂ કરાવેલી. (સાંપ્રદાયિક ભાષામાં કહીએ તો પ્રકરણ શરૂ કરેલું) પોતાના શિષ્યો આશ્રમમાં ગમે તે સેવા કે ક્રિયા કરતા હોય તે વખતે Stop શબ્દનો ઉચ્ચાર થાય, એટલે બધું જ કામ તરત જ સ્થગિત કરી દેવાનું. કોઈનો કોળિયો હાથમાં હોય તો એ જ સ્થિતિમાં રાખવાનો, કોઈનો કોળિયો મોઢામાં હોય તો એ જ દશામાં રાખવાનો, કોઈનું મોઢું બગાસું ખાતાં પહોળું

થયેલું હોય તો એ જ સ્થિતિમાં રાખવાનું.

❊ મૂળ તો પોતાની ઇચ્છાનો ભાંગીને ભૂક્કો કરી પોતાનું મનધાર્યું મૂકી સંપૂર્ણ અસ્તિત્વ ઓગાળી ગુરુના આદેશ મુજબ ચાલવાનો આમાં નિર્દેશ હતો. આ જોઈને લાગે છે કે દરેક ઠેકાણે દાસભાવ એ પ્રથમ સિદ્ધાંત આવીને ઊભો રહે છે.

❊ નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું,

સખી જેમ વાળે તેમ વળજે,
તજી તરત રે તનમનની તાણ કે માન શિખામણ માહરી.

❊ યોગીબાપા ઘણીવાર કૃષ્ણજી અદાની પ્રસાદીની સાખી બોલતા,

નાને સે હો નાને રહીએ, જૈસી નાની દૂબ,
ઘાસ ફિસ સબ ઊડ ગયા, દૂબ ખૂબ કી ખૂબ.

❊ નદીમાં પૂર આવે તો કિનારે ઊભેલાં મોટાં મોટાં વૃક્ષો ધરાશાયી થઈ જાય છે, પણ લીલી ધ્રો (ધરો) નમી જાય છે તો તેની ઉપર થઈને કેટલુંય પાણી પસાર થઈ જાય છે, છતાં પૂર વહી ગયા પછી ધ્રો (ધરો)કિલ્લોલ કરતી ઊભી થઈ જાય છે. વૃક્ષ અક્કડ રહ્યું તો પડ્યું ને, ધ્રો નમી ગઈ તો ટકી ગઈ. મૂળ તો નમ્ર થવાનો, દાસ થવાનો, સરળ થઇ વળતા રહેવાનો ઉપદેશ આ સાખી દ્વારા યોગીબાપા સૌને આપતા.

❊ ચીનના વિખ્યાત ફિલસૂફ કોન્ફ્યુશિયસની અંતિમ અવસ્થામાં તેના શિષ્યોએ કહ્યું, 'આપ આપનો કંઈક અંતિમ ઉપદેશ આપો.'

તે વખતે કોન્ફ્યુશિયસે પોતાનું મોં પહોળું કરી દાંત અને જીભ બતાવ્યાં, પછી પૂછ્યું, 'મારા મોઢામાં કેટલા દાંત છે ?'

શિષ્યો કહે, 'ત્રણ - ચાર.'

પછી કોન્ફ્યુશિયસે પૂછ્યું કે જીભ અને દાંત બંનેમાંથી પહેલું કોણ આવેલું ?

શિષ્યોએ કહ્યું : 'જીભ' 'અને પહેલું કોણ ગયું?' સૌ કહે : 'દાંત.'

કોન્ફ્યુશિયસે પૂછ્યું, 'જીભ વહેલી આવી તો વહેલી જવી જોઈએ. દાંત પછીથી જવા જોઈએ, એને બદલે દાંત જતા રહ્યા ને જીભ હજુ ટકી છે તેનું કારણ શું ?''

કોઈ ઉત્તર ન આપી શક્યું એટલે પછી તેમણે રહસ્ય સમજાવતાં કહ્યું, 'જુઓ, દાંત અક્કડ રહ્યા તો વહેલા પડી ગયા ને જીભને જેમ વાળો તેમ વળતી રહી એટલે કે સરળ બની તો હજુ ટકી છે. જીવનમાં અક્કડ નહિ બનવાનું, સરળતા રાખીને વળતાં શીખવાનું અર્થાત્ નમ્ર અને દાસ બનવાનું. આ અંતિમ ઉપદેશ.'

❊ બધા જ ધર્મગ્રંથો કે મહાપુરુષોના ઉપદેશનો સાર નમ્રતા અને દાસત્વ ઉપર આવીને ઊભો રહે છે.

❊ કબીરદાસે કહ્યું,

બકરી ને મેં મેં કહી તો કબીર કટાયો શીશ,
મૈના ને મે ના કહી તો મોલ ભયો દશ-વીશ.

❊ બકરી મેં મેં એટલે કે હું હું કરે છે તો તેનું મસ્તક કપાય છે. અને મૈના મૈં ના મૈં ના કહે છે એટલે કે હું કાંઈ નથી એમ નમ્રતા રાખે છે તો તેને સૌ પાળે છે.

❊ કબીરદાસે બીજી સાખીમાં પણ કહ્યું છે,

દેને કો અન્નદાન હૈ લેને કો હરિનામ,
તરને કો હૈ દીનતા ડૂબન કો અભિમાન.

દીનતા તારે છે ને અભિમાન ડુબાડે છે.

જે નમ્ર થાય છે તેને જ બધા આદર, માન ને પ્રતિષ્ઠા આપે છે. કહ્યું છે કે :

ઊંચાને સૌ કોઈ તજે નીચાને દે સન્માન,
સાગરને નદીઓ ભજે છોડી ઊંચા સ્થાન.

❊ કબીરે એમના કીર્તનમાં જણાવ્યું,

ઊંચા ઊંચા સબ કોઈ ચાલે નીચા ન ચાલે કોઈ,
નીચા નીચા જો કોઈ ચાલે સબ સે ઊંચા હોઈ ....

રામરસ ઐસો હૈ મેરે ભાઈ,
જો કોઈ પીવે અમર હો જાઈ.

❊ દરેક મહાપુરુષની વાતોમાં નમ્રતાના પાઠ જ જોવા મળે છે.

❊ શ્રીજી મહારાજે પોતાના જીવન દ્વારા પણ આપણને આ વાત શિખવાડી છે. પોતે પૂર્ણ પુરુષોત્તમ નારાયણ હોવા છતાં રામાનંદ સ્વામીનો સંદેશો આવ્યો કે સત્સંગમાં રહેવું હોય તો થાંભલાને બાથ ભીડીને રહેવું પડશે, તો પોતે તરત થાંભલાને વળગી પડ્યા. રામાનંદ સ્વામીનો કહેવાનો આશય હતો કે જે પ્રમાણે કહીએ તે પ્રમાણે કરવું પડશે. તો શ્રીજી મહારાજે રામાનંદ સ્વામીના આદેશ મુજબ સત્સંગમાં સ્તંભ સમાન વડીલ મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં કેટલાય મહિનાઓ સુધી લોજમાં રહી નાનામાં નાની સેવા કરી. છાણ-વાસીદું કરવાનું, છાણાં થાપવાનાં, વાસણ ઊટકવાનાં, સંતોની કૌપીનો ધોવાની વગેરે...

ક્યાં પૂર્ણ પુરુષોત્તમ નારાયણ અને ક્યાં આવી નાની સેવા !

❊ અમેરિકાના પ્રેસીડન્ટ અહીં આવે તો તેની પાસે કોઈ સંડાસ-બાથરૂમ સાફ કરાવે ? મહારાજે સ્વયં આ બધું કરીને આપણને શિખવાડ્યું કે આપણે દરેકે પોતાનો હોદ્દો, માન, અહંકાર મૂકીને નાનામાં નાના થઈને સેવા કરવાની છે.

વળી, મહારાજે અવાર-નવાર એવા પ્રસંગો ઊભા કરીને આ વાત વારંવાર ઘૂંટાવી છે.

❊ એકવાર મહારાજ સભામાં ઊભા થઈ જે સંત આવે તેને દંડવત્ પ્રણામ કરે. બધાએ પૂછ્યું, 'મહારાજ ! આમ કેમ ?' ત્યારે મહારાજ કહે : 'આખી દુનિયા રાજાને પગે લાગે, તેથી રાજાને સૌથી વધુ માન હોય, પરંતુ તે રાજા પણ બાહ્મણને પગે લાગે, તેથી બ્રાહ્મણમાં વધુ માન હોય, પરંતુ તે બ્રાહ્મણ પણ તમને પગે લાગે, તેથી તમારામાં વધુ માન આવે, ને તમે સૌ પણ મને પગે લાગો, તેથી મારામાં વધુ માન આવી જાય. તે માન ન આવી જાય તેથી હું દંડવત્ પ્રણામ કરું છું.'

❊ જોકે મહારાજને તો માન આવવાનો કોઈ પ્રશ્ન જ નથી, પરંતુ આપણને સૌને માન ન આવી જાય ને જાણપણું રહે તે માટે પોતાના પ્રસંગ દ્વારા શીખ આપી. બાકી મહારાજે પોતાનો જ કહેલો ગુણ ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં જણાવતાં કહ્યું છે કે મહારાજ કહેતા કે અમારામાં ગુણ કયો ? તો બ્રહ્માંડના બધા જ જીવો અમને માને તોપણ તેનું માન અમને ન આવે.

❊ એટલે મહારાજને તો માન ઉત્પન્ન થવાની કોઈ વાત જ નથી. એ તો પૂર્ણ પુરુષોત્તમ નારાયણ છે. સંપૂર્ણ નિર્દોષ છે. પરંતુ પ્રસંગ ઊભો કરી આપણને સૌને નમ્રતાની પ્રેરણા આપી.

❊ જેને જેને ભગવાનનો મહિમા સમજાયો છે તે દરેકમાં દાસત્વપણું સહેજે સહેજે જોવા મળે છે.

❊ મુક્તાનંદ સ્વામી તો સંપ્રદાયમાં કેટલા મોટા ગણાય! રામાનંદ સ્વામીએ નિયુક્ત કરેલા વરિષ્ઠ સદ્‌ગુરુ વળી શ્રીજી મહારાજ પણ નવ માસ જેની આજ્ઞામાં રહેલા ! સંપ્રદાયના ધુરંધર સંત, વળી મહારાજથી ઉંમરમાં ૨૪ વર્ષ મોટા. વળી સાધુતામાં પણ અજોડ! ગમે તેવી ક્રોધી વ્યક્તિને પોતાનાં દર્શનથી શાંત કરી શકે તેવા સમર્થ ! વડોદરાની સભામાં પંડિતોને શાસ્ત્રાર્થમાં હરાવી દિગ્વિજય કરી શકે તેવા વિદ્વાન. વળી, સંપ્રદાયના વિદ્વત્તા સભર કેટલાય ગ્રંથોના લેખક. તથા મહારાજના મહિમાનાં તેમજ સમજણનાં અનેક પદોની રચના કરનાર સિદ્ધહસ્ત કવિ. ઊંચી કક્ષાના નૃત્યકાર અને સારામાં સારા નાડીવૈદ્ય, બધી કળાઓમાં કુશળ અને સાધુતાના ગુણોએ યુક્ત છતાં કેટલી નમ્રતા !

❊ મહારાજે, ચાલુ સભામાં સહેજ ઝોકું આવી જતાં નિયમ પ્રમાણે મુક્તાનંદ સ્વામીને બેરખો માર્યો. તો મુક્તાનંદ સ્વામી તરત જાગી ગયા. ઊભા થઈ મહારાજને બેરખો આપ્યો ને સભામાં બેસી ગયા.

બધાની વચ્ચે આવું અપમાન થાય તો કેવું લાગે ! પરંતુ મુક્તાનંદ સ્વામીને સહેજ પણ એવો ભાવ આવ્યો નહિ.

❊ મહારાજે બેરખો મારવા બદલ માફી માંગી તો મુક્તાનંદ સ્વામી કહે : મહારાજ ! આપે માફી માંગવાની હોતી હશે ? નિયમ તો બધા માટે સરખો.

❊ દાસભાવ દૃઢ થયો હોય તો જ આ બની શકે. વળી, મહારાજે જે જે પ્રકરણો ફેરવ્યાં તે બધાં પ્રકરણોમાં પોતે વડીલ હોવા છતાં સારધાર પાર ઊતર્યા, તે નમ્રતા ને દાસત્વ સિવાય શક્ય જ નથી. પોતાના કીર્તનમાં પણ આ સમજણ તેમણે દૃઢ કરાવતાં કહ્યું છે,

મોહનને ગમવાને ઈચ્છો માનની
ત્યાગો સર્વે જૂઠી મનની ટેક જો ...
ત્યાગો મદ-મત્સર જૂઠી કુળલાજ જો,
દાસી થઈ રહેજે તું દીનદયાળની,
નીચી ટેલ મળે તો માને ભાગ્ય જો ...
સાંભળ બેની હરિ રીઝ્યાની રીતડી.

❊ બ્રહ્માનંદ સ્વામી પણ કેવા સમર્થ હતા તે સંપ્રદાયમાં સૌ કોઈ જાણે છે. એમના જેવા કોઈ કવિ હજુ સુધી ચારણજ્ઞાતિમાં થયા નથી, તેવું ભારતના પદ્મશ્રી દુલા કાગ કહેતા.

❊ કેટલાય રાજ-રજવાડાઓની ઓફરને ઠોકર મારીને બ્રહ્માનંદ સ્વામી મહારાજના ચરણમાં બેસી ગયા, ને મહારાજે અનેક કસોટીઓ પણ કરી. એકવાર તો કસોટી કરતાં મહારાજે તેઓને ત્રણ હાથ કંતાન પણ વધારે ન આપ્યું, તોપણ હાથ જોડી ઊભા રહ્યા. મહારાજને વળગી રહ્યા.

❊ એક બાજુ રાજ-રજવાડાઓ દ્વારા મળતાં ઉચ્ચ સન્માનો, હાથી, ઘોડા, ઊંટ, પાલખી, સેવકો, અંગરક્ષકો, પાર વિનાનાં ઘરેણાં, જાહોજલાલી - આ બધાંનો ત્યાગ - ને બીજી બાજુ ત્રણ હાથ કંતાન પણ વધારે ન મળે તેવી શ્રીજીની કસોટી. બીજો હોય તો ઊભો પણ ન રહે, પરંતુ બ્રહ્માનંદ સ્વામીએ તો એક જ સમજણ દૃઢ કરેલી કે

મૈં ઢાઢી મહારાજ કો હાજર હુકમ હજૂર,
ગાયો જશ ગોવિંદ કો પાયો ધન ભરપૂર.

❊ જેને ભગવાનનો મહિમા સમજાય તેને અહંકાર ક્યારેય આવે નહિ. બાકી તો બ્રહ્માનંદ સ્વામીનો વિચાર કરીએ તો એમને પળે પળે અહંકાર આવી શકે એટલી બુદ્ધિ-ચતુરાઈ, કુશલતા, કળા અને ગુણો હતા. પરંતુ તેમણે -

હું કરું હું કરું એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જેમ શ્વાન તાણે ...

❊ એ નરસિંહ મહેતાની પંક્તિઓ તેમને સ્પષ્ટ સમજાઈ ગઈ હતી, તેથી દાસ થઈને સેવા કરી શક્યા.

❊ આપણને ભગવાનના મહિમાનો ખ્યાલ નથી એટલે નાની બાબતમાં પણ અહંકાર છોડી શકતા નથી, ને હુંપણાનો ભાવ વધુ ઘૂંટતા રહી સત્સંગમાં અક્કડ થતા જઈએ છીએ.

❊ મારા વગર કશું નહિ થઈ શકે ... મારા વગર સત્સંગમાં ખૂબ તકલીફ પડશે ... મારા વગર આ સેવા કોણ કરશે ? આવા સૂક્ષ્મ ભાવોનું રટણ આપણે રાતદિવસ કરતા જ રહીએ છીએ. અને જાણી-જોઈને આપણે ઘણી વાર કોઈક સેવાના પ્રસંગોમાં ગેરહાજર રહી આપણા વિના બધાને પડતી તકલીફનો અનુભવ કરાવવા માંગીએ છીએ.
આપણે ગેરહાજર રહી આપણા વિના મંડળમાં પડતી તકલીફોનું નિરીક્ષણ કરતા રહી, સૌને આપણા અસ્તિત્વનો અહેસાસ કરાવવા માંગીએ છીએ, ને આપણા અહમ્‌ને પોષીએ છીએ. પરંતુ યાદ રાખવું ઘટે કે કૂકડા વિના પણ સવાર તો પડતી જ હોય છે.

❊ એક માણસે દરિયામાં પેશાબ કર્યો ને પછી દરિયાની સપાટી કેટલી ઊંચી આવી છે તે જોવા કિનારે ઊભો રહ્યો. આપણા પેશાબથી દરિયાની સપાટી ક્યારેય

ઊંચી આવતી નથી. પરંતુ આપણે આપણા અજ્ઞાનને લીધે અહંકારને પોષી દાસત્વના પાઠ વિસરી જઈએ છીએ. પરંતુ જેણે જેણે ભગવાનનો મહિમા દૃઢ કરેલો તેઓને પોતાનું માન મૂકતાં કઠણ ન પડ્યું.

❊ ઝીણાભાઈ તો પંચાળાના ગામધણી ને દરબાર, છતાં કમળશી વાંઝા જેવા સામાન્ય ભક્તનો ખાટલો ઊંચક્યો ને સેવા કરી. ભગવાનના દાસ તો થાય, પરંતુ આ તો ભક્તના પણ દાસ થયા.

❊ દેવળિયાના જાલમસિંહ બાપુ દરબાર હોવા છતાં મહારાજને વતું કરાવવા માટે વાળંદને લેવા ગયા, અને વાળંદને જલદીથી દોડવાનું ફાવે તેથી વાળંદનો થેલો પોતાની બગલમાં ભરાવીને લાવ્યા. શ્રીજી મહારાજ તેમનું આ નિર્માનીપણું જોઈ ખૂબ રાજી થયા.

❊ પર્વતભાઈ અગતરાઈના મોટા ખેડૂત. છતાં દાદા ખાચરના ગોલા થવા તૈયાર થયા. જેને મહિમા નહોતો તે બધા કહેવા લાગ્યા કે અમારે ઘેર તો માણકિયું (ઘોડીની એક જાત) પૂંછડાં ઝાટકે છે, અમે કંઈ દાદા ખાચરના ગોલા થવા નથી આવ્યા.

❊ આપણી ગુરુપરંપરામાં પણ આપણે નજર કરીએ તો ખ્યાલ આવે કે કેવું દાસત્વપણું એમણે સિદ્ધ કરેલું હતું !

❊ મહારાજે **ગ.પ્ર. ૧૪**ના વચનામૃતમાં દાસનાં લક્ષણો બતાવતાં કહ્યું છે કે ભગવાનના દાસ હોય તે દેહને મિથ્યા જાણે ને પોતાના આત્માને સત્ય જાણે, અને પોતાના જે સ્વામી તેને ભોગવ્યાના જે પદાર્થ તેને પોતે ભોગવવાને અર્થે ઇચ્છે જ નહિ, અને પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ કરે જ નહિ.

આ બધાં જ લક્ષણો આપણી ગુણાતીત પરંપરામાં જોવા મળે છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ મંદિરના મહંત, બીજાં બધાં મંદિરોના મહંત કરતાં શ્રેષ્ઠ મહંતાઈ કરી બતાવનાર કુશળ મહંત, મોટા મોટા દરબારો ને પ્રતિષ્ઠિત હરિભક્તો એમના શિષ્ય, વડતાલના આચાર્ય રઘુવીરજી મહારાજ પણ જેનો સમાગમ કરવા આવે તેવા સમર્થ અને સ્વયં મૂળ અક્ષરનો અવતાર, છતાં દરરોજ મંદિરનો ચોક વાળતા. 'સેવા કરે (ચોક વાળે) તે મહંત.' એવું સૂત્ર આપી તેમણે મહંતની વ્યાખ્યા બદલી નાંખી. મહંતની નવી વ્યાખ્યાને અસ્તિત્વમાં લાવ્યા. એક-બે દિવસ નહિ, પરંતુ વર્ષો સુધી સ્વામી ચોક વાળતા.

❊ વળી, અમદાવાદના આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજે સ્વયં સોનાના પાત્રમાં જમવાની વિનંતી કરી તોપણ ના પાડી. આચાર્ય મહારાજે દલીલ કરીને કહ્યું : 'તમારે મન તો બધું ધૂળનું છે, આમાં જમો કે એમાં જમો તો શું ફેર પડવાનો છે ?' તો સ્વામીએ કહ્યું : 'તમારા બાપની આજ્ઞા છે કે આ ધૂળમાં જમાય ને આ ધૂળમાં ન જમાય.' આમ કહી શ્રીજીની આજ્ઞા પ્રમાણે જ રહ્યા. પરંતુ આચાર્યની વિનંતીને વશ ન થયા. છેવટે ખૂબ આગ્રહને અંતે સોનાની થાળીમાં લાકડાનું પત્તર મૂક્યું, પણ જમ્યા તો પત્તરમાં જ. શ્રીજી મહારાજની મરજી વિરુદ્ધ આચરણ ન કર્યું. પોતાના સ્વામીનું ગમતું મૂકીને બીજું આચરણ ન કરે તે પણ દાસત્વનું લક્ષણ અહીં જોવા મળે છે.

❊ ભગતજી મહારાજની દાસત્વભક્તિનો અનુભવ પણ સત્સંગમાં દરેકને થયેલો છે. તેઓ તો સદા દાસ થઈને જ રહેલા. સદા દાસ શબ્દ એવો છે કે તેને ગમે તે બાજુથી વાંચીએ તોપણ કોઈ ફરક ન પડે. સદા દાસ જ રહેવાનો.

❊ સત્સંગમાં વગર વાંકે કેટલાંય અપમાન થયાં છતાં બધાને હાથ જોડી દંડવત્ પ્રણામ કરી સત્સંગમાં સ્થિર રહ્યા. કોઈ નવા મુમુક્ષુને ભગતજીનો પરિચય પણ એ રીતે અપાતો કે જેનું સૌથી વધુ અપમાન થતું હોય છતાં હસતા હોય તેને ભગતજી જાણવા. આ તેમની નમ્રતા હતી. દાસત્વ હતું.

❊ શાસ્ત્રીજી મહારાજ તો એમ જ કહેતા : હું તો અક્ષરપુરુષોત્તમનો બળદિયો છું. બળદને એના

માલિકની મરજી પ્રમાણે જ રહેવાનું. ખાવા માટેની કોઈ માંગણી નહિ. રહેવા માટેની કોઈ અપેક્ષા નહિ. કાર્ય માટે વેળા - કવેળા જોવાની નહિ. જેમ માલિક દોરે તેમ દોરાવાનું. ઈષ્ટદેવ ને ગુરુની મરજી પ્રમાણે એમના દોર્યા દોરાવાનું.

❊ યોગી બાપા તો કહેતા : આપણે તો દાસ છીએ. આપણી મોટપ વાસણ ઊટકવામાં છે. સેવક થવામાં માલ છે. ગુરુ થવામાં માલ નથી. તેઓ તો કહેતા : કોઈ ગુરુ થશો નહિ. માથે ખીલા પડશે.

કોઈ એમના ગુણો જોઈ અધિક મહિમા ગાઈ બેસે તોપણ યોગી બાપા તરત શરમાઈ જતા. સંકોચ પામતા ને તરત કહેતા : આપણે તો કંઈ નથી. આપણે તો શ્રીજી મહારાજના હમેલિયા છીએ, એમના ચાકર છીએ.

❊ સદાય દાસત્વપણાનો રણકાર એમના અંતરમાંથી નીકળ્યા કરતો. લીમડી સ્ટેશને સદાશંકરભાઈએ તેમને કહ્યું, 'આપ તો હવે યુગપુરુષ છો, હું તો આપને વંદન કરવા આવ્યો છું.' તો યોગી બાપાએ તરત કહ્યું, 'ના ભાઈ ના, આપણે તો શ્રીજી મહારાજના દાસ છીએ, એમની ભક્તિ કરવા આવ્યા છીએ.' આવી દાસત્વભાવના સતત ડોકાયા કરતી.

વળી, શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ જ પોતાનું જીવન તેમણે વિતાવેલું. એકવાર એક મુમુક્ષુને ત્યાં પધરામણી પ્રસંગે ભાવિક ભક્તે ચરણ ધોવા માટે તૈયારી કરી રાખેલી. પરંતુ બાપાએ તરત ના પાડી કે ચરણ ધોવાય નહિ. ઠાકોરજીના ધુઓ. પેલાએ આગ્રહ કર્યો તો બાપા કહે : અમારા ચરણ ન ધોવાય, અમારે સંતોને શ્રીજી મહારાજની આજ્ઞા નથી. તો પેલા ભાવિકે કહ્યું, 'શ્રીજી મહારાજની આજ્ઞા તો નથી પરંતુ આપની શું મરજી છે ?' યોગી બાપા કહે : 'જ્યાં શ્રીજી મહારાજની આજ્ઞા ન હોય ત્યાં અમારી મરજી હોય જ નહિ.' ભગવાનની મરજી મુજબ જ પોતાનું જીવન એ દાસત્વની પરાકાષ્ઠા છે.

❊ યોગી બાપાને તો આ ભાવના દૃઢ હતી, પરંતુ આ નમ્રતા, દાસત્વ વગેરે ગુણો દરેકમાં આવે તે માટે તેઓ પોતાની સાથે ફરતા કોલેજિયન યુવકોને પણ, નાનામાં નાની સેવા કરવા મોકલે, કાંકરા વિણાવે, ઉકરડા સાફ કરાવે, વાસણ ઉટકાવે, સંડાસ-બાથરૂમ સાફ કરાવે, એકબીજાનો મહિમા સમજાવી પરસ્પર દંડવત્ પ્રણામ પણ કરાવે.

❊ વર્તમાન કાળે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજમાં પણ આ ગુણોનું દર્શન આપણને દિન-પ્રતિદિન થાય છે.

❊ જ્યારે તેઓની સંસ્થાના પ્રમુખ તરીકેની વરણી કરી તે દિવસે પણ સૌનાં એંઠાં વાસણ ઊટકીને સૌને દાસત્વનું દર્શન કરાવ્યું. સેવા કરે તે મહંત અને સેવા કરે તે પ્રમુખ - એ ગુણાતીત ગુણોનું સામ્ય સૌએ નજરે નિહાળ્યું.

❊ ધર્મજમાં ૫૧મી જન્મજયંતી પ્રસંગે સવારના પહોરમાં જ દિવસ ઊગતાંની સાથે આજુબાજુ પડેલી દાતણની ચીરીઓ ઉપાડીને કચરાપેટીમાં નાંખી સૌને પોતાના દાસપણાનો - સેવકપણાનો પરિચય કરાવ્યો. હૈયામાં જે ભાવના હોય તે તરત બહાર આવ્યા વિના રહે નહિ.

❊ એકવાર અંગ્રેજી ભણતા બે સંતોએ પ્રમુખસ્વામી મહારાજને પોતાની ચોપડીમાં આશીર્વાદ લખી આપવા વિનંતી કરી. આશીર્વાદ અંગ્રેજીમાં લખવાના હતા. **I am Blessing You.** એવું લખવાનું હતું. સ્વામીશ્રીએ લખ્યું, **i am Blessing You.** બંને સંતો કહે : બાપા ! બરાબર લખ્યું છે, પણ એક ભૂલ છે. સ્વામીશ્રી કહે : કઈ ભૂલ ? સંતો કહે : **I** મોટો કરવાને બદલે નાનો કર્યો છે. સ્વામીશ્રી કહે : 'સત્સંગમાં **i** નાનો જ હોય.' કેટલો અદ્‌ભુત ઉત્તર! (આઈ એટલે હું) જે કાયમ સેવક થઈને - દાસ થઈને રહ્યા હોય તેના મુખેથી જ આવો અકલ્પનીય ઉત્તર સંભવી શકે.

❊ એકવાર એક સંતે તેના મંડળધારી સંતને નિર્દેશીને સ્વામીશ્રીને કહ્યું : આ અમારા બોસ. ત્યારે તે મંડળધારી સંતે ગમ્મતમાં કહ્યું : સત્સંગમાં તો બોસ થઈએ તો લોસ જાય તેમ છે. સ્વામીશ્રી તરત જ કહે : વાત એકદમ સાચી છે. બોસ થાય તેને લોસ જાય જ, માટે દાસ જ રહેવું. એમાં જ ખરી મઝા છે.

❊ જે દાસ થયો હોય તે હંમેશાં બીજાને જ મોટપ આપવામાં રાજી રહે. બીજાને માન આપવામાં તત્પર રહે.

❊ ગઢડામાં એકવાર ડોક્ટર સ્વામી તથા નરેન્દ્રપ્રસાદ સ્વામી (આચાર્ય સ્વામી) સ્વામીશ્રીને મળવા ગયેલા. બંનેએ જેવો રૂમમાં પ્રવેશ કર્યો કે લાઈટ ગઈ. સ્વામીશ્રીએ અંધારામાં જ બંનેને બેસવાના આસનનો નિર્દેશ કરી તેમને આવકાર્યા. અંધારામાં સ્વામીશ્રી સાથે વાતો શરૂ થઈ. થોડીવારમાં લાઈટ આવી. પરંતુ લાઈટ આવી ત્યારે બંનેએ જોયું તો ડઘાઈ જ ગયા. સ્વામીશ્રી નીચે બેઠેલા ને આ બંને સંતો આસન પર.

બંનેએ કહ્યું : 'સ્વામી ! આ શું કર્યું ?'

સ્વામીશ્રી કહે : આ તો અંધારાનો લાભ લઈ લીધો.

સામાન્ય રીતે અંધારાનો લાભ તો બીજાનું ઝૂંટવી લેવામાં જ થતો હોય છે. પરંતુ જે દાસ કે સેવક થયા હોય તે અંધારાનો લાભ બીજાને માન-સન્માન આપવામાં લેતા હોય છે. આપણા ગુરુઓએ તો તેમના જીવન દ્વારા દાસત્વપણાના પાઠ અવાર-નવાર ભણાવ્યા છે. ને શ્રીજી મહારાજે પણ આ વાતો દૃઢ કરાવી છે. વળી, ભગવાન સમક્ષ આ ભાવ દૃઢ રહે તે માટે આપણે ત્યાં દંડવત્ પ્રણામ કરવાની પ્રથા મહારાજે સ્થાપી છે. અને એકબીજાને પગે લાગીને જય સ્વામિનારાયણ કરવાની પ્રણાલીમાં પણ મૂળ તો દાસત્વભાવ દૃઢ કરવાનું જ રહસ્ય છુપાયેલું છે.

❊ આવો ભાવ દૃઢ થાય તો મહારાજ આપણી ઉપર અચૂક રાજી થાય છે. ગઢડા મધ્યના ૨૫મા વચનામૃતમાં સ્વયંપ્રકાશાનંદ સ્વામીનો પ્રશ્ન છે કે જેણે કરીને ભગવાન અતિશય રાજી થાય એવું કયું સાધન છે ?

❊ તો શ્રીજી મહારાજ તેનો પ્રત્યુત્તર આપતાં જણાવે છે : જ્યારે ઘરમાં એક મણ અન્ન મળતું હોય ને ત્યારે જેવી સંત ઉપર પ્રીતિ હોય ને જેવું દીનપણું હોય, અને પછી તેને એક ગામનું રાજ્ય આવે અથવા પાંચ ગામનું રાજ્ય આવે અથવા પચાસ ગામનું રાજ્ય આવે અથવા સો ગામનું રાજ્ય આવે અથવા સર્વે પૃથ્વીનું રાજ્ય આવે, તોપણ સંતની આગળ જેવો કંગાલ હતો ને દીનઆધીન રહેતો, તેવો ને તેવો જ પ્રીતિએ યુક્ત થકો દીનઆધીન રહે. તેમજ ઈન્દ્રલોક ને બ્રહ્મલોકનું રાજ્ય પામે તો- પણ સંતની આગળ તેવો ને તેવો જ દીનઆધીન રહે. અને ત્યાગી હોય ને તે જેવો પ્રથમ ગરીબ હોય, અને જેમ સૌ સંતની ટેલચાકરી કરતો હોય, તેવી ને તેવી જ પોતામાં ભગવાનનાં જેવાં ઐશ્વર્ય આવે તો પણ કરતો રહે, પણ સાધુ સાથે પિતરાઈ દાવો બાંધે નહિ ને બરોબરિયાપણું કરે નહિ. એવાં જેનાં લક્ષણ હોય તેની ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે.

❊ દાસત્વપણું એ ભગવાનનો અતિશય રાજીપો મેળવવાનું એકમાત્ર સાધન છે. આવું દાસત્વપણું સત્પુરુષના પ્રસંગમાં રહી આપણે સિદ્ધ કરવાનું છે.

• • •

સ્વામીની વાત : ૨ પ્રકરણ : ૫ વાત : ૧૦૬

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે.....

જગતમાં દાન, પુણ્ય, સદાવ્રત ઘણાં કરે છે પણ દ્રૌપદીની ચીંથરી તથા વિદુરની ભાજી તથા સુદામાના તાંદુલ એટલું લખાણું. ભગવાન તો અધમ ઓધારણ છે, પતિતપાવન છે ને અશરણશરણ છે, પણ ભગવાનનો આશરો કરે તો. તે ઉપર અજામેળ તથા વેશ્યાની નિયમ પાળ્યાની વાત કરી. માટે આધાર વિના દૃઢતા રહે નહિ. આધાર તે શું ? જે કૂવામાં બુડતા હોઈએ ને મૂળિયું હાથમાં આવે તો નહીં બુડાય એવી દૃઢતા રહે છે. તેમ પ્રગટમૂર્તિના આધારથી મોક્ષની દૃઢતા રહે છે. તે ઉપર ઇન્દ્રની વાત કરી જે, નારદજીના વચનથી પોતાના ભાઈ વામનજીને ભગવાન જાણીને તેનું ધ્યાન કર્યું તેથી ચાર બ્રહ્મહત્યા ટળી. પ્રગટ સૂર્યથી અજવાળું થાય, પ્રગટ જળથી મળ ધોવાય ને પ્રગટ ચિંતામણિથી દ્રવ્યની ભૂખ જાય તેમ જ પ્રગટ ભગવાનથી મોક્ષ થાય.

❀ સ્વામીની વાતનું નિરૂપણ :

- આ વાતમાં પૂર્વે થઈ ગયેલાં ભક્તોનાં આખ્યાનો દ્વારા સ્વામી આપણને મોક્ષમાર્ગની સરળ રીત બતાવી રહ્યા છે.
- મોક્ષ એટલે શું ? યોગીજી મહારાજ કહેતા કે મોહનો ક્ષય એટલે મોક્ષ. મોહ એટલે સત્યમાં

અસત્યની ભ્રાંતિ અને અસત્યમાં સત્યની ભ્રાંતિ. જગત ખોટું છે છતાં સાચું મનાયું છે અને ભગવાન સત્ય છે છતાં સાચા મનાતા નથી અને એમનામાં ચિત્ત ચોંટતું નથી - આ જ મોહ છે.

❀ મોક્ષનું શ્રેષ્ઠ સાધન : પ્રગટ ભગવાનનો આશરો

* આ જગતમાં લોકો મોક્ષને માટે કેવાં કેવાં સાધનો કરે છે ! માની ન શકાય એવાં આકરાં તપ કરે છે. ખૂબ ખૂબ મોટી રકમોનાં દાન કરે છે. પૂર્વે કેટલાંકે તો પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી દીધું હતું. કેટલાંક અતિશય દુર્ગમ એવી તીર્થયાત્રાઓ કરે છે. કોઈક સદાવ્રત ચલાવે છે. કોઈક ધાબળા અને વસ્ત્રોનું દાન કરે છે. એવાં અનંત સાધનો મોક્ષને માટે લોકોએ પૂર્વે કર્યાં હતાં અને આજે પણ કરે છે. પરંતુ એમાંથી ખરેખર મોક્ષ કેટલાંનો થયો ?
* શાસ્ત્રકાર જ્ઞાની ઋષિઓએ ભક્તોએ કરેલાં અમુક સામાન્ય સાધનોની મોક્ષના સફળ સાધનો તરીકે નોંધ લીધી છે, જેવાં કે -

- શ્રીકૃષ્ણ ભગવાનની આંગળી છોલાઈ અને લોહી નીકળવા લાગ્યું ત્યારે દ્રૌપદીએ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર પોતે પહેરેલ સાડીમાંથી એક લીરો ફાડીને પાટો બાંધી દીધો.
- વિદુરજીએ શ્રીકૃષ્ણ ભગવાનને સામાન્ય ભાજી પ્રેમથી જમાડી.
- સુદામા અત્યંત ગરીબ હતા. તેઓ શ્રીકૃષ્ણ ભગવાનને માટે સામાન્ય તાંદુલ લાવ્યા હતા, પણ સંકોચના માર્યા એમને ધરાવી શકતા ન હતા, તો ભગવાને પોતે એ તાંદુલ ઝૂંટવી લઈને હોંશે હોંશે ખાધા.
- આવાં સામાન્ય સાધનોનો શાસ્ત્રોમાં શાથી ખૂબ મહિમા ગવાયો છે ? કારણ કે આ સાધનો પ્રગટ ભગવાનને અર્થે મહિમાપૂર્વક કરવામાં આવ્યાં હતાં.

* વિશ્વરૂપ ઈન્દ્રનો ગોર હતો. તેનું મોસાળ દૈત્ય પક્ષે થતું હોવાથી તે ઈન્દ્ર દ્વારા કરાવાતા યજ્ઞોમાંથી દૈત્યોને છૂપી રીતે ભાગ મોકલતો. આથી ઈન્દ્રે તેની હત્યા કરી. તેનાથી ઈન્દ્રને ચાર બ્રહ્મહત્યા વળગી. એમાંથી છૂટવા માટે કોઈ જોરદાર સાધનની જરૂર હતી. ત્યારે નારદજીએ એ ઉપાય બતાવ્યો કે વામનજીનો પ્રત્યક્ષ ભગવાન જાણીને આશરો કરવો. વામન ભગવાન લૌકિક રીતે કશ્યપ મુનિ અને અદિતિના પુત્ર થતા હોવાથી ઈન્દ્રના નાનાભાઈ થાય. પરંતુ ઈન્દ્રે નારદજીના વચને એમનો પ્રગટ ભગવાન જાણીને આશરો કર્યો, તો ચાર બ્રહ્મહત્યાનું પાપ ટળી ગયું.

❀ પ્રગટ ભગવાન એટલે કોણ ?

* શ્રીજીમહારાજ જ્યારે પૃથ્વી ઉપર પ્રગટ હતા, ત્યારે તેઓ પોતે પ્રગટ ભગવાન હતા. તેઓ ગ.મ.૧૩ના વચનામૃતમાં કહે છે કે, 'જે તેજને વિષે મૂર્તિ છે (સર્વોપરી ભગવાનની) તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો.'
* શ્રીજીમહારાજ અંતર્ધાન થયા પછી પ્રગટ બ્રહ્મસ્વરૂપ સંત દ્વારા તેઓ સત્સંગમાં સદાય પ્રગટ રહે છે.
* શ્રીજીમહારાજ કહે છે :

સંત માનજો મારી મૂરતિ રે, તેમાં ફેર નથી એક રતિ રે;
સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે.
(ભક્ત ચિંતામણિ)

* નિષ્કુળાનંદ સ્વામી :

ધન્ય ધન્ય એ સંત સુજાણને;
જેનું ઊલટી પલટ્યું આપ... સંત તે સ્વયં
હ િર .,
આપ ટળી મળ્યા ભગવાનમાં,
જેના આપમાં હરિનો વ્યાપ... સંત...

❀ પ્રગટ ભગવાનના આશરાની મહત્તા :

૧. પ્રગટ ભગવાનના આશરાથી મોક્ષ થાય :

મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલે કલ્યાણ રે;
તેહ વિના કોટિ ઉપાય રે, આત્યંતિક કલ્યાણ નવ થાય રે.

❋ ધરમપુર રાજ્યના રાણી કુશળકુંવરબા રોજ બ્રાહ્મણ પાસે કથા વંચાવતાં. રુક્મિણીનું કાંડું ભગવાને પકડ્યું એ વાત કથામાં આવી. કુશળકુંવરબા કહે, 'આમ પ્રગટ ભગવાન આપણું કાંડું ઝાલે તો મોક્ષ થાય, બાકી કથા સાંભળ્યે પાર આવે એમ નથી.' અંતે એમને ભગવાન સ્વામિનારાયણનો યોગ થયો, અને એમની સેવા-સમાગમનો લાભ લીધો, ત્યારે એમને છતી દેહે કલ્યાણ મનાઈ ગયું.

૨. પ્રગટ ભગવાનના આશરાથી કલ્યાણની દૃઢ પ્રતીતિ છતી દેહે થાય :

❋ શ્રીજીમહારાજ વચ.ગ.અં.૭માં સ્પષ્ટ કહે છે, 'ભગવાનનો જેને પ્રત્યક્ષ પ્રમાણ દૃઢ આશરો હોય તેને મનમાં એવી બીક ન રાખવી જે, 'હું રખે મરીને ભૂતપ્રેત થાઉં કે રખે ઈન્દ્રલોકને જ પામું...' એવી આશંકા મનમાં રાખવી નહિ કેમ જે, જે એવો ભગવાનનો ભક્ત હોય તે તો ભગવાનના ધામને જ પામે પણ વચમાં ક્યાંય તેને ભગવાન રહેવા દે નહિ.'

❋ સ્વામી આ વાત સરળ દૃષ્ટાંતથી સમજાવે છે કે કૂવામાં ડૂબતાં હોઈએ ને કોઈ વૃક્ષનું મૂળિયું હાથમાં આવે તો ડૂબવાની બીક ટળી જાય છે. તેમ આ સંસાર સાગરમાં પ્રગટ ભગવાન અને પ્રગટ સંતનો આશરો દૃઢ હોય તો મોક્ષ થઈ જ ગયો છે એવી અંતરમાં દૃઢતા રહે. અને ભગસાગરમાં ડૂબી જવાશે નહીં, એટલે કે લખચોરાશી, ગર્ભવાસ, જમપુરીમાં જવાનું થશે જ નહીં, એવી દૃઢ પ્રતીતિ રહે.

❋ ઘાણલાનાં મૂળી ડોશીને પ્રગટ ભગવાન શ્રીજીમહારાજની નિષ્ઠા હતી. ધામમાં જતી વખતે તેમણે તેમના પતિને કહ્યું કે, 'મારા હાથના રોટલા જેણે ખાધા હશે તેનું પણ કલ્યાણ થશે, તો તમારા કલ્યાણમાં શો સંશય છે ? અને તો પછી મારા કલ્યાણમાં તો કોઈ શંકા જ નથી !'

❋ ગાધકડાના ગોવિંદ દરજીને કોઈ દ્વેષીએ પૂછ્યું કે, 'તું સ્વામિનારાયણનું ભજન કરે છે તે તને પ્રતીતિ આવે છે કે કલ્યાણ થશે ?' ત્યારે ગોવિંદ દરજીએ કહ્યું : 'મારા કલ્યાણની ક્યાં વાત છે ? મારાં સીવેલાં કપડાં પહેરે તેનું પણ કલ્યાણ !' આમ, પ્રગટ ભગવાનના આશરાથી કલ્યાણની દૃઢતા થાય છે.

❋ દાન, પુણ્ય, સદાવ્રત વિગેરે સાધનોથી કલ્યાણની પ્રતીતિ આવતી નથી. આનું કારણ સમજાવતાં ગુણાતીતાનંદ સ્વામી એક વાતમાં દૃષ્ટાંત આપે છે કે એક તો પરપુરુષનો ગર્ભ ને એક પોતાના પતિનો ગર્ભ - તેમાં જેટલો ફરક અનુભવાય, એટલો ફરક સાધનના બળથી જે કલ્યાણની પ્રતીતિ આવી શકે તેમાં અને પ્રગટ ભગવાનના આશરાથી જે કલ્યાણની પ્રતીતિ આવે એમાં છે.

❋ તા. ૧૨-૧૧-૮૮, નૈરોબી : સ્વામીશ્રીને એકલા બેઠેલા જોઈને શુકમુનિ સ્વામીએ પૂછ્યું : 'એકલા કેમ બેઠા છો ?'

સ્વામીશ્રી : 'એકલો ક્યાં બેઠો છું ? ભગવાનને ધારીને બેઠા છીએ, તો એકલા ન કહેવાય.'

'મને તો ભગવાન દેખાતા નથી.'

'ભગવાન જોવા છે ?'

'હા.'

સ્વામીશ્રી શુકમુનિની આંખમાં આંખ પરોવીને કહે, 'લે, દેખાય, જો.'

૧૫-૨૦ સેકન્ડ આવી રીતે જોઈ રહ્યા ને પછી કહે, 'જે અક્ષરધામમાં છે તે જ આ છે. માટે સાક્ષાત્ ભગવાન મળ્યા છે એવો જ ઉમંગ, કેફ ને બળ રાખવાં. કોઈ કહે કે ભગવાન જોયા છે ? તો હા પાડવી.'

૫. સ્વામીની વાત : ૫/૧૫૧ (આજ્ઞાપાલન)

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

આજ્ઞામાં રહે ને છેટે છે તોપણ અમારા ઢોલિયાની પાસે છે ને આજ્ઞા નથી પાળતો તે પાસે છે તોપણ છેટો છે. ને ગમે તેવો જ્ઞાની હશે, હેતવાળો હશે ને મોટેરો હશે પણ આજ્ઞા લોપે તો સત્સંગમાં ન રહેવાય. ત્યાં દૃષ્ટાંત દીધું જે, પતંગ ઉડાડવાથી છેટો ગયો છે પણ દોરી હાથમાં છે તો સમીપમાં જ છે. તેમ આજ્ઞારૂપી દોરી હાથમાં છે તો મહારાજની પાસે જ છે.

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પુરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

* સહજાનંદ નામાવલિમાં પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણ માટે એક વિશિષ્ટ નામ લખાયું છે - **'ૐ શ્રી સર્વ-તન્ત્ર-સ્વતન્ત્રાય નમઃ।'** ભગવાન સર્વ પ્રકારે સ્વતંત્ર છે. તેમના સિવાય દરેક વ્યક્તિ જીવનના દરેક ક્ષેત્રમાં કોઈકની આજ્ઞામાં રહીને કાર્ય કરતી હોય છે. અમુક ક્ષેત્રોમાં તો આજ્ઞાપાલન ઉપર અત્યંત ભાર મૂકવામાં આવે છે અને એ રીતે તેમને તાલીમ આપવામાં આવે છે.
* ઈ.સ. ૧૮૫૪ના ઓક્ટોબરની ૨૫મી તારીખે રશિયાના યુક્રેન રાજ્યમાં એક યુદ્ધમાં બ્રિટિશ સૈન્ય લડતું હતું. સામે શત્રુઓની તોપો મંડાયેલી હતી. બ્રિટિશ ફોજના કમાન્ડરને આનો ખ્યાલ ન રહ્યો ને તેણે 'આગે બઢો'નો હુકમ આપી દીધો. સૈનિકોએ નિશાન લેવા દેહની પરવા કર્યા વગર પોતાના સરદારના વચનને માન આપવા તોપોના નાળચે સામી છાતીએ કૂચ આદરી ને બધી દિશાઓમાંથી તોપો ધણધણી ઊઠી. કોઈ પણ હટ્યા નહીં. ૬૭૩ સૈનિકોમાંથી ૨૭૨ તો ત્યાં જ ઢળી પડ્યા.

આ પ્રસંગને વર્ણવતાં લોર્ડ આલ્ફ્રેડ ટેનીસને અદ્‌ભુત કવિતા લખી છે. કવિતાનું નામ છે -

'The charge of the light brigade'

'નાની કુમકનો હુમલો.' તેમાં લખે છે :

Cannon to the right of them,
Cannon to the left of them,
Cannon in the front of them

ડાબે, જમણે અને સામે તોપો જ હતી છતાં, 'આગે બઢો'નો આદેશ પાળી, સૈનિકોએ 'યા હોમ' કર્યું. તેમને તો પોતાના સરદારને કંઈ જ પૂછવાનું ન હતું, કંઈ જવાબ મેળવવાનો નહોતો, કોઈ બુદ્ધિ લડાવવાની નહોતી. તેમને તો બસ એક જ તાન હતું કે સરદારનો હુકમ પાળવો ને મૃત્યુની ખીણમાં કેસરિયાં કરવાં.

* જેમ સૈનિકને તેના સરદારનો હુકમ પાળવાનો હોશ અને જોશ છે, તેવું જ આજ્ઞા પાળવાનું તાન આધ્યાત્મિક માર્ગે આગળ પ્રયાસ કરવા ઇચ્છતા સાધકને હોય તો તેનું કેવું મીઠું ફળ પ્રાપ્ત થાય છે, તે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી આપણને આ વાતમાં સમજાવે છે.
* દરેક ભક્તને અંતરમાં એવી ઇચ્છા હોય કે શક્ય તેટલો વધારે મહંત સ્વામી મહારાજનો જોગ રહે, તેમની સમીપમાં રહેવાય, પણ આપણે તેઓ સાથે ૨૪ કલાક રહી શકીએ તેમ નથી. કારણ કે આપણે સંસાર-વ્યવહાર લઈને બેઠા છીએ.

કદાચ કોઈ નિવૃત્તિ લઈ સ્વામીશ્રી સાથે વિચરણમાં જોડાઈ જાય તોય સ્વામીશ્રી પરદેશ જાય ત્યારે સાથે કેવી રીતે રહેવું ? કદાચ પરદેશ જવાના 'વિઝા' મેળવી કોઈ સાથે જાય તોય ૨૪ કલાકનું તો સાંનિધ્ય શક્ય જ નથી. કારણ કે આપણે ખાવા-પીવા-સૂવા વગેરે ક્રિયા કરવા અળગા થવું જ પડે. પણ અહીં ગુણાતીતાનંદ સ્વામી આપણને કાયમ શ્રીજીમહારાજ અને મહંત સ્વામી મહારાજની સાથે રહેવાય તેવો ઉપાય

બતાવે છે અને તે છે, આજ્ઞાપાલન.

◎ વીજળી કાયમ આપણી સાથે જ હોય તો અંધારામાં કદી અટવાઈએ જ નહીં.
પાણી કાયમ સાથે હોય તો તરસનું દુઃખ મટે,
અન્ન કાયમ સાથે હોય તો ભૂખનું દુઃખ મટે,
તેમ ભગવાન અને સંત કાયમ સાથે રહે તો બધાં જ દુઃખ ટળે તેમ છે.

જેને ભગવાનની આવી પ્રાપ્તિ થાય, તેને કેવો લાભ થાય તેનું વર્ણન કરતાં એક કવિ કહે છે કે,

નાવ મિલી જીસ કો જલ અંદર,
બાહુ સે નીર તરે ન તરે.
પારસમણિ જીસ કે ઘર માંહી,
સો ધન સંચ કરે ન કરે.
સૂરજ કો પ્રકાશ ભયો જબ,
દીપ કી જ્યોતિ કરે ન કરે.

દરિયામાં નાવ મળે તો હાથથી તરવાનું મટે, પારસમણિ મળે તો ધનનો સંગ્રહ કરવાની જરૂર ના રહે, ને ઘરમાં સૂરજ આવે તો દીવાની જરૂર ન પડે, એ રીતે ભગવાન આવે તો આવું કામ થાય છે.

કારણ કે, ભગવાન સર્વ સુખના સિંધુ છે, સર્વ સમર્થ છે, સર્વ કર્તા-હર્તા છે, સર્વશક્તિમાન છે.

તમામ પ્રકારની સમૃદ્ધિ, સુખ, શાંતિ, સદ્ગુણો, મોક્ષ કે અન્ય જે કાંઈ પણ આપણને ઇચ્છિત છે, તે તમામનું મૂળ ભગવાન છે.

❋ જેમ કોઈ વ્યક્તિના બૅંક એકાઉન્ટમાં એક અબજ રૂપિયા હોય તો મર્સિડીઝ ગાડી, મોટો બંગલો, રાચરચીલું, સારું ભોજન, સુખસગવડો બધું જ હાથવગું છે, તેમ ભગવાનની આજ્ઞા પાળવાથી તમામ પ્રકારનાં સિદ્ધિ-ઐશ્વર્ય સાથે રહે છે. કારણ કે, ભગવાનની આજ્ઞા પાળીએ તેટલા ભગવાન પાસે રહે છે.

❋ ૧૯૫૮ની સાલમાં અન્નકૂટ પહેલાં શરદપૂનમના સમૈયાની તૈયારી કરવા યોગીજી મહારાજે સાથે ફરતા યુવકોને ગોંડલ વહેલા મોકલ્યા હતા. પછી યોગીજી મહારાજ ગોંડલ પધાર્યા અને શરદપૂનમ, દીવાળી, અન્નકૂટોત્સવનો ખૂબ લાભ આપ્યો. પછી કોલેજ ખૂલતી હોવાથી ડો. રમણભાઈ(પૂ. ડોક્ટર સ્વામીનું પૂર્વાશ્રમનું નામ) પરત જઈ રહ્યા હતા. તેમને યોગીજી મહારાજે પૂછ્યું, 'આપણે કેટલા દિવસ ભેગા રહ્યા ?' ડો. રમણભાઈએ યોગીજી મહારાજ ગોંડલ પધાર્યા ત્યારથી દિવસો ગણી બતાવ્યા. ત્યારે યોગીજી મહારાજ કહે, 'તમે અહીં વહેલા આવી સેવા કરી તે દિવસો કેમ ન ગણ્યા ?' તેઓ કહે, 'તે વખતે આપ અહીં ન હતા.' યોગીજી મહારાજ કહે, 'આજ્ઞાથી સેવા કરી તેથી સાથે જ હતા !'

યોગીબાપાના મત અનુસાર રમણભાઈ જે દિવસથી આજ્ઞા પાળીને ગોંડલ આવી સેવામાં જોડાયા, તે દિવસથી યોગીબાપા સાથે જ હતા. આજ્ઞાપાલનથી આપણા ઇષ્ટદેવ અને ગુરુ હંમેશાં આપણી ભેગા જ રહે છે.

❋ શ્રીજીમહારાજે **વચનામૃત કારિયાણી ૧૧**માં કહ્યું છે કે, **'ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ ભક્ત ભેળી જ જાય છે ને જેમ એ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી, તેમ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી અને એ ભક્તના હૃદયમાંથી આંખ્યનું મટકું ભરીએ એટલી વાર છેટે રહેતા નથી.'**

◎ ૧૯૫૫ની સાલમાં યોગીજી મહારાજ અને સંતો પ્રથમ વાર ભારત બહાર સત્સંગ ધર્મયાત્રા અર્થે પધારવાના હતા. યોગીજી મહારાજ સાથે એમના સેવક તરીકે બાલમુકુંદ સ્વામીની પસંદગી થયેલી. બધા મંદિરોનાં દર્શન કરતાં કરતાં યોગીજી મહારાજ બોચાસણ પધાર્યા. અહીં રહેતા વયોવૃદ્ધ અક્ષરપુરુષોત્તમ સ્વામી (નાના અક્ષર સ્વામી)ને તેઓ મળવા માટે ગયા. ઔપચારિક વાતચીત પછી યોગીજી મહારાજે કહ્યું, 'અમે પરદેશ જઈએ છીએ અને આ બાલમુકુંદ સ્વામીને પણ ભેગા

લઈ જઈએ છીએ.' આ વાત સાંભળતાં જ નાના અક્ષર સ્વામી સહેજ ખિન્ન થઈ ગયા, કારણ કે બાલમુકુંદ સ્વામી તેમને અનુકૂળ સેવક મળેલા. બાલમુકુંદ સ્વામી ખંતપૂર્વક નાના અક્ષર સ્વામીની તમામ પ્રકારની સેવા કરતા. આવા સારા સેવકને યોગીજી મહારાજ સાથે લઈ જાય તો પોતાની સેવા કોણ કરશે ? તેવો વિચાર તેમના મનમાં આવ્યો, તે તેમણે યોગીજી મહારાજને જણાવ્યો. યોગીજી મહારાજે આ વાત સાંભળી બાલમુકુંદ સ્વામી સામે જોયું. બાલમુકુંદ સ્વામી પરિસ્થિતિ સમજી ગયા. તેમણે યોગીજી મહારાજને કહ્યું, 'આપની આજ્ઞા એ જ મારું જીવન છે. તેથી આપ કહો તેમ કરું.' યોગીજી મહારાજે તેમને બોચાસણ રોકાઈ નાના અક્ષર સ્વામીની સેવા કરવા કહ્યું. તેમણે આ વૃદ્ધ સંતની ખૂબ ખંતપૂર્વક સેવા કરી. તેમણે કરેલ આ સેવાથી યોગીજી મહારાજ ખૂબ રાજી થયેલા અને બોલેલા કે 'આવા સાધુ ભેળા તો કાયમ રહીએ.'

બાલમુકુંદ સ્વામી આફ્રિકા યાત્રામાં યોગીજી મહારાજના સેવકરૂપે સ્થૂળ રીતે ભેગા રહ્યા હોત તોપણ આવો રાજીપો અને દૃષ્ટિ ન પામ્યા હોત, જેવો રાજીપો અને દૃષ્ટિ આ પ્રસંગે આજ્ઞાપાલનથી તેમણે મેળવ્યો.

* ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે આજ્ઞા અને વચન એ બેમાં જ માલ છે અને તેમાં મોક્ષ પણ રહ્યો છે.

પાવર-હાઉસથી આપણું ઘર બસો કિ.મી. દૂર હોય છતાં વીજળીનું કનેક્શન લીધું હોય તો રૂમમાં અજવાળું થાય, અને પાવર-હાઉસને અડીને જ ઘર હોય પણ જો કનેક્શન ન લીધું હોય તો અંધારું જ રહે - તેમ આજ્ઞારૂપી કનેક્શન છે. તે હોય તો ભગવાન અને સંત પાસે જ છે ને તે ન હોય તો પાસે હોય તોપણ દૂર જ છે.

● **આજ્ઞા કઈ પાળવી ?**

આજ્ઞા બે પ્રકારની છે :

૧. **કાયમી (નિત્ય) આજ્ઞા** : શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાની કેટલીક આજ્ઞાઓ કાયમી છે. દા.ત. સ્ત્રી-પુરુષ મર્યાદા જાળવવી, હોટલની ખાણી-પીણીનો ત્યાગ.

૨. **પ્રાસંગિક (નૈમિત્તિક) આજ્ઞા** : શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાની કેટલીક આજ્ઞાઓ પ્રાસંગિક છે. દા.ત. મહોત્સવની સેવામાં જોડાવું

● **આજ્ઞા કેવી રીતે પાળવી ?**

ભગવાન અને સંતની આજ્ઞા - અનુવૃત્તિ કેવી રીતે પાળવી જોઈએ તેના વિષે શ્રીજીમહારાજ અને ગુરુપરંપરાએ જે માર્ગદર્શન આપ્યું છે, તેને સમજવા પ્રયત્ન કરીએ.

૧. **આજ્ઞા તત્કાળ પાળવી** :

* સાચો ભક્ત ભગવાન અને સંત જે વખતે જે આજ્ઞા કરે તે તત્કાળ પાળવા માટે તત્પર બને છે.

* યોગીજી મહારાજનો અમૃત મહોત્સવ ઊજવવા માટે પ્રમુખસ્વામી મહારાજે અપાર મહેનત ઉઠાવેલી. ઉનાળાના એ દિવસોમાં પાણીની તંગી હતી અને સામે વપરાશ ઝાઝો હતો. આથી પ્રમુખસ્વામી મહારાજે ખેતીવાડીમાં સેવા આપતા ડાહ્યાભાઈને આ પરિસ્થિતિની જાણ કરી કહ્યું કે, 'ખેતીવાડીમાં આ વખતે પાણી આપી શકાશે નહીં. તો આ પરિસ્થિતિમાં જે પાક લઈ શકાતો હોય તે લેજો.' સ્વામીબાપાની આ વાતથી ડાહ્યાભાઈ તો રીસાઈને ગામ ભેગા થઈ ગયા.

યોગીજી મહારાજને આ વાતની જાણ થઈ એટલે તેમણે સ્વામીબાપાને બોલાવી દેવચડી જઈ ડાહ્યાભાઈને બોલાવી લાવવા આજ્ઞા કરી. અનેકવિધ અગત્યની જવાબદારીઓ વચ્ચે સ્વામીબાપાને સાવ ક્ષુલ્લક કામ માટે આજ્ઞા થઈ હતી, પરંતુ સ્વામીબાપાને કાર્ય કરતાં કાર્ય ચીંધનારાની વધુ કિંમત હતી. સ્વામીબાપાએ દેવચડી જઈ ડાહ્યાભાઈને ગોંડલ આવવા ખૂબ સમજાવ્યા. આખા દિવસની મથામણના અંતે ડાહ્યાભાઈ પાછા ગોંડલ આવ્યા.

આજ્ઞાપાલનની પ્રમુખસ્વામી મહારાજની તત્પરતા જોઈ સૌ મનોમન તેમને વંદી રહ્યા.

* શ્રીજીમહારાજે **વચનામૃત સારંગપુર-૨**માં કહ્યું, **'પરમેશ્વર તથા મોટા સંત તે પોતાને કોઈ વચન યોગ્ય કહે અથવા અયોગ્ય કહે ત્યારે તે વચનને તત્કાળ સ્નેહ સહિત માનવું.'** ભગવાન-સંત ક્યારેય અયોગ્ય વચન તો કહેતા જ નથી, પણ આપણને કદાચ વચનમાં આશંકા રહેતી હોય તો મોટા સંત પાસે જઈ દીન થઈને વાત કરવી. પછી તે મોટા સંત સમાધાન કરી આપે, પણ તત્કાળ ના પાડવી નહીં.

૨. <u>રાજી થકા આજ્ઞા પાળવી</u> :

* પ્રત્યેક આજ્ઞા રાજી થકા અર્થાત્ પ્રસન્ન ચિત્તે પાળવી, પરંતુ આજ્ઞા પાળતી વખતે કોઈ પ્રકારનો શોક કે ઉદ્વેગ મનમાં આવવા દેવો નહીં.
* શ્રીજીમહારાજ **વચનામૃત લોયા-૪**માં કહે છે કે **'પોતપોતાના ધર્મમાં રહીને જે રીતની ભગવાનની આજ્ઞા હોય તેને રાજી થકા પાળવી પણ પોતાનું ગમતું કરવા સારુ કોઈ રીતે મૂંઝાવું નહીં.'**
* સને ૧૯૮૫માં લંડનમાં 'કલ્ચરલ ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા'નું આયોજન કરવામાં આવ્યું, ત્યારે લંડનના યુવકો પોતાની રોલ્સરોયઝ ને મર્સિડીઝ ગાડીઓમાં આવીને ઉત્સવ સ્થળે ખાડા ખોદવા, કચરો ઉપાડવા મંડી પડતા. મહિલા મંડળે પણ નાસ્તાનાં એક લાખ પેકેટ બનાવ્યાં હતાં. એ સમયે પ્રમુખસ્વામી મહારાજની સુવર્ણતુલા પણ પ્રથમ જ વાર થવાની હતી. સુવર્ણતુલાનો દિવસ નક્કી થઈ ગયો, પણ તુલાનું સ્થળ નગરથી જુદું હતું. તુલા QPR સ્ટેડિયમમાં હતી. ઉત્સવ સ્થળે 'સ્વામિનારાયણ નગર' ચાલુ હોય ને બધા સ્વયંસેવકો પોતપોતાની સેવા મૂકીને સુવર્ણતુલાનો લાભ લેવા જાય તો તકલીફ ઊભી થાય તેમ હતું, કારણ કે શનિ-રવિવારે તો નગરમાં દર્શનાર્થી પણ ઘણા આવે. સ્વયંસેવકોને સુવર્ણતુલાના કાર્યક્રમમાં આવવાની ના પાડી શકાય તેમ પણ ન હતું. કારણ કે તેમાંના ઘણાંએ મન મૂકીને સુવર્ણતુલા પ્રસંગે આર્થિક સેવા નોંધાવી હતી. હવે કરવું શું ? પ્રમુખસ્વામી મહારાજે તે સમયે ૪૦૦ જેટલા સ્વયંસેવકોની સભા બોલાવી. પછી કહ્યું કે, 'તમને ન ગમે એવી વાત કરવાની છે.' સૌની ઈંતેજારી વધી ગઈ. પછી સ્વામીબાપાએ ઘટસ્ફોટ કર્યો, 'કોઈએ સુવર્ણતુલા થાય ત્યાં આવવાનું નથી. દરેકે પોતપોતાની સોંપાયેલી સેવામાં જ રહેવાનું છે.' બધાએ અત્યંત ઉત્સાહથી જય બોલાવી દીધી ને કહ્યું, 'બાપા ! આપ જેમ રાજી તેમ અમે રાજી.' સ્વામીબાપાની આંખોમાં આંસુ આવી ગયેલાં કે, 'મેં નહોતું ધાર્યું કે આટલા ઉમંગથી બધા આવી આજ્ઞા સ્વીકારી લેશે.' સુવર્ણતુલામાં એક પણ સ્વયંસેવક પોતાની સેવા છોડી સ્ટેડિયમમાં નહોતા આવ્યા! ભોજનશાળા ને રસોઈની સેવામાં મહિલા મંડળ હતું. તેમાંથી પણ કોઈ જ નહીં ! એક સત્સંગીએ પોતાના નાનકડા પુત્રને કહ્યું કે, 'તું તો જા, તારે વાંધો નહીં. તારે બીજી કોઈ સેવા નથી.' તો કહે, 'જ્યારે સભા થઈ ને સ્વામીબાપાએ આજ્ઞા કરેલી ત્યારે હું હાજર હતો ને બાપા બોલ્યા હતા કે અહીં બેઠેલા કોઈએ સુવર્ણતુલામાં આવવું નહીં, પછી મારે ક્યાંથી જવાય ?!' આવી સુવર્ણતુલા તો એક જ વખત થવાની હતી. વળી, આ તુલા તો શાસ્ત્રીજી મહારાજની સુવર્ણતુલા પછી સંપ્રદાયમાં ૩૬ વર્ષ પછી સૌ પ્રથમ વાર થવાની હતી. તેમાં કેટલી બધી જિજ્ઞાસા હોય! ઉત્સાહ-ઉમંગ હોય! પણ સ્વામીબાપાના ગમતામાં સર્વ સ્વયંસેવકો ભળી ગયા. સ્વામીબાપાએ રાજી થઈને મહોત્સવ પૂર્ણ થયા બાદ પુનઃ સ્વયંસેવકો માટે ખાસ કાર્યક્રમ યોજ્યો.

સાચો ભક્ત હોય તેને હંમેશાં એમ રહ્યા કરે કે, મને મારા ઈષ્ટદેવ અને ગુરુહરિ કાંઈક આજ્ઞા કરે તો હું અતિશય હર્ષે કરીને પાળું. તે આજ્ઞાને વિષે જ પરમ આનંદ માને.

૩. <u>મનગમતું મૂકીને આજ્ઞા પાળવી</u> :

* આપણો જીવ કરોડો જન્મોથી પોતાના મનનું જ ધાર્યું કરતો આવ્યો છે. તેણે મનગમતા વિષયો

ભોગવ્યા છે અને મનધાર્યાં જ સાધનો કર્યાં છે, તેથી તેને મનગમતું કરવાની સહજ ટેવ પડી ગઈ છે. પરંતુ શ્રીજીમહારાજે **વચનામૃત જેતલપુર-૩માં** કહ્યું કે, **'આ દેહે કરીને ભગવાનનું ગમતું કરવું એથી બીજી વાત કોઈ મોટી નથી. ને એ જ ભક્તિ છે ને એણે કરીને જ ભગવાનને પમાય છે.'**

※ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજને જેમણે અક્ષરપુરુષોત્તમ નિષ્ઠા અને અનેક સેવાઓથી પ્રસન્ન કર્યા હતા, તેવા શ્રી હર્ષદભાઈ દવે એક મહાન ભક્તરાજ હતા. ૧૯૬૧ની સાલમાં તેમણે પોતાના મોટા દીકરા અરુણભાઈને (પૂ. ઈશ્વરચરણ સ્વામીને) યોગીજી મહારાજની સેવામાં સમર્પિત કર્યા હતા. તે વખતે તેમની આર્થિક સ્થિતિ પણ સાધારણ હતી. આવા સમયે મુંબઈના લાલભાઈ પટેલ જેઓ એક અંગ્રેજી ધાર્મિક મેગેઝિન પ્રકાશિત કરતા હતા, તેમણે આ મેગેઝિનનું તંત્રી તરીકેનું કામ સંભાળવા હર્ષદભાઈને જણાવ્યું. હર્ષદભાઈને ઘેર રહીને જ કામ કરવાનું હતું. વળી, ધાર્મિક ક્ષેત્રને લગતું જ કામ હતું, સારો પગાર પણ મળે તેમ હતો. તે સમયની ઘરની આર્થિક કટોકટીમાં એટલો પગાર ઘણો સહાયરૂપ થાય તેમ હતું, છતાં તેમણે લાલભાઈને કહ્યું, 'પૂ. યોગીજી મહારાજને પૂછીને જણાવીશ.'

યોગીજી મહારાજને મેગેઝિનમાં તંત્રી તરીકે કામ કરવા અંગે પૂછ્યું ત્યારે યોગીજી મહારાજે કહ્યું કે, 'આપણે સત્સંગનું બીજું ઘણું કામ છે. એ કામ કરવાની જરૂર નથી.' યોગીજી મહારાજના વચને તેમણે તે લાભ જતો કર્યો. ફરી ક્યારેય આ વાત તેમણે સંભારી પણ નહીં.

પોતાના ગુરુનો વિચાર એ જ પોતાનો વિચાર માની તેઓ સંસ્થાના સેવાકાર્યમાં હોમાઈ ગયા હતા.

※ મુક્તાનંદ સ્વામીએ ગાયું છે...

મેલ મન તાણ ગ્રહી વચન ગુરુદેવનું,
સેવ તું રૂપ એ શુદ્ધ સાચું.
મનમત્ત થઈને તું કોટિ સાધન કરે,
સદ્‌ગુરુ શબ્દ વિણ સર્વે કાચું.

◎ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે આજ્ઞાપાલનની રીત જણાવતાં કહેલું કે, "ભગવાનનું કેમ ગમતું છે તે જાણીને પછી તેના વચનમાં દેહને ને મનને જેમ-તેમ, જ્યાં-ત્યાં કચડી નાંખવું. જે કહે તેમાં તૂટી પડવું. બેસ કહે તો બેસવું, ઊઠ કહે તો ઊઠવું. મોટા કહે 'આમ' તો 'આમ' એમ સરળ પ્રકૃતિ રાખવી, કટ વળી જવું."

※ આપણી બુદ્ધિની અમુક મર્યાદા છે તેથી આજ્ઞા પાછળનું તાત્પર્ય ન જણાય અને વિચાર આવે કે આ આજ્ઞા પાળવાની શી જરૂર છે ? આ આજ્ઞા આજ સુધી નહોતી પાળી, તો વાંધો નહોતો આવ્યો, તો આગળ પણ નહીં પાળીએ તો ચાલશે, પણ મહંત સ્વામી મહારાજ ૨૦૧૮ની સાલમાં ચેન્નાઈમાં આ જ સંદર્ભમાં બોલ્યા હતા કે, 'ભલે આજ સુધી વિઘ્ન ન આવ્યું હોય, પણ ભવિષ્યમાં આવશે તો ?' પછી કડક શબ્દોમાં કહે, 'આજ્ઞા સામે આર્ગ્યુમેન્ટ ન જોઈએ. જે આજ્ઞા કરવામાં આવે છે તે બધી વિચારીને કરે છે, એમનેમ અધ્ધરતાલ નથી કરતા, એટલે આજ્ઞા સામે આર્ગ્યુમેન્ટ ન જોઈએ.'

આપણું મન કહે તેમ કરવું અથવા દુનિયાના લોકો કહે તેમ કરવા કરતાં ભગવાન ને સંત કહે તેમ કરવું તે શ્રેષ્ઠ બાબત છે. કારણ કે તેમ કરવાથી જ અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. ગુણાતીતાનંદ સ્વામીએ વાતમાં કહ્યું કે 'કોટિ જન્મે ભગવાનનું ધામ ન મળે તે આવા સાધુને હાથ જોડે એટલામાં મળે છે.' મહંત સ્વામી મહારાજે એક વાર આ વાક્ય વાંચી પાછળ ઉમેર્યું કે 'કહે એમ કરે તો (ધામ મળે)'. માટે જેને ભગવાનનું

સામીપ્ય અખંડ અનુભવવું હોય, અક્ષરધામનું સુખ મેળવવું હોય તેને આજ્ઞાપાલન વિના બીજો કોઈ વિકલ્પ જ નથી.

- **આજ્ઞાલોપથી કુરાજીપો :**

જે લોકોએ આજ્ઞા બહાર પગ મૂક્યો છે, તેઓ હંમેશાં દુઃખી થયા છે. કદાચ ફળ તાત્કાલિક ન જણાય, પણ વહેલા-મોડા દુષ્પરિણામ ભોગવવું તો પડે જ છે.

❊ જેમ વિદ્યાર્થી શિક્ષકના કહ્યા પ્રમાણે અભ્યાસ ન કરે તો તાત્કાલિક કોઈ વાંધો નથી આવતો, પણ પરીક્ષાના પરિણામમાં ફેર પડતો હોય છે. કદાચ પરિણામમાં ઓછા ગુણાંક મળે તો તાત્કાલિક કોઈ વાંધો નથી આવતો, પણ વર્ષો પછી જીવનની દિશા બદલાઈ જતી હોય છે.

બસ, એ જ રીતે આધ્યાત્મિક માર્ગે ભગવાન અને સંતની આજ્ઞાના લોપથી કુરાજીપો થાય છે, સત્સંગમાંથી પડતી થાય છે અને તેને ભગવાનનું સામીપ્ય કદાપિ નથી અનુભવાતું.

❊ શ્રીજીમહારાજે **વચનામૃત ગઢડા મધ્ય ૩૩**માં કહ્યું કે, **'જેને નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ હોય ને તે જો અમારી પાસે રહે છે તોય પણ લાખ ગાઉ છેટે છે.'**

❊ સં. ૧૯૧૫માં ગાંગડ ગામમાં ગુણાતીતાનંદ સ્વામી પધાર્યા. સ્વામી મુસાફરીના થાકને લીધે આસન પર બેઠા હતા. ત્યાં ખીમા ભગતનો દીકરો રામ આવ્યો અને સ્વામીના પગ દાબવા માંડ્યો. તેને જોઈને સ્વામીએ પોતાના બંને પગ ખેંચી લીધા. પછી સ્વામીએ તેને ઠપકો આપતા કહ્યું કે, 'તું જમપુરીને ખોટી જાણીને શ્રીજીમહારાજની મોટી આજ્ઞા નિષ્કામધર્મ સંબંધી લોપે છે, તે શું અમે નથી જાણતા? અમે તો જીવોની તમામ ક્રિયા જાણીએ છીએ. લોકો ભલે અમને સામાન્ય માણસ જેવા જાણે, પણ અમે તો જૂનાગઢમાં બેઠાં બેઠાં અનંતકોટિ બ્રહ્માંડના જીવમાત્રની ક્રિયા હથેળીમાં જળના ટીપાની જેમ જોઈએ છીએ.' પછી તેને નવા પાપ ન કરવા સમજાવ્યો.

ભગવાન અને સંતના અંતર્યામીપણા અને સામર્થ્યને ભૂલીને જીવ આજ્ઞા લોપે છે, પણ તેનાથી કુરાજીપો થાય છે અને હૈયામાં અશાંતિનો અનુભવ થાય છે.

- **આજ્ઞાલોપથી સત્સંગનો વિયોગ :**

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં કહે છે કે, 'ગમે તેવો જ્ઞાની હશે, હેતવાળો હશે ને મોટેરો હશે પણ આજ્ઞા લોપે તો સત્સંગમાં ન રહેવાય.' અર્થાત્ સત્સંગમાં નાના-મોટા ત્યાગી-ગૃહી તમામે આજ્ઞા પાળવાની છે. જે આજ્ઞા લોપે તેનો પગ સત્સંગમાં ટકતો નથી.

❊ નિષ્કુળાનંદ સ્વામી 'ચોસઠપદી'માં કહે છે,

'જેમ મહાજળમાં મગર, સાગર સહુને રાખે રે;
નાનાં મોટા કરી રહે ઘર, કોઈને ન કાઢી નાખે રે.
પણ જ્યાં લગી જીવ હોય, ત્યાં લગી તેમાં રહે રે;
વણ જીવે રહે નહીં કોય, લે'ર દૂર નાખી દહે રે.'

સમુદ્રમાં નાના-મોટા અનેક જીવો ઘર કરીને રહે છે. સમુદ્ર કોઈને બહાર કાઢી નાખતો નથી, પણ મડદું પડ્યું હોય તેને કાંઠે કાઢી નાખે, તેમ ભક્ત નિયમ-ધર્મ અને આજ્ઞા પાળે તો સત્સંગમાં રહી શકે, નહીંતર સત્સંગમાંથી ફેંકાઈ જાય.

❊ ભગવાનનો ભક્ત આજ્ઞા લોપે તો તેને પોતાને અંતરમાં અશાંતિ વર્તે અને પછી ધીમે-ધીમે સત્સંગમાંથી પાછો પડતો જાય.

પતંગની દોરી કપાઈ જાય તો પતંગ હાથમાં રહેતો નથી, તેમ ભગવાન અને સંતની આજ્ઞા લોપાય તો ભગવાનની મૂર્તિ સમીપમાં રહેતી નથી. ભગવાન અને સંતની સમીપમાં રહેવું હોય તો તેમની આજ્ઞા પાળવી આવશ્યક છે. આ જ ગુણાતીતાનંદ સ્વામીની વાતનો મર્મ છે. તે મર્મને સમજીને જીવનમાં દૃઢ કરી શકીએ તે પ્રાર્થના.

પ્રવચન - ૨ : સ્વામીની વાત : પ્રકરણ - ૫ : વાત - ૧૫૨

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

આજ્ઞામાં રહે ને છેટે છે તોપણ અમારા ઢોલિયાની પાસે છે ને આજ્ઞા નથી પાળતો તે પાસે છે તોપણ છેટો છે. ને ગમે તેવો જ્ઞાની હશે, હેતવાળો હશે ને મોટેરો હશે પણ આજ્ઞા લોપે તો સત્સંગમાં ન રહેવાય. ત્યાં દૃષ્ટાંત દીધું જે, પતંગ ઉડાડવાથી છેટો ગયો છે પણ દોરી હાથમાં છે તો સમીપમાં જ છે. તેમ આજ્ઞારૂપી દોરી હાથમાં છે તો મહારાજની પાસે જ છે.

■ **મધ્યવર્તી ઉપદેશ :**

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં શ્રીજી મહારાજ અને પ્રમુખસ્વામીની સાથે કાયમ રહેવાનો કીમિયો સમજાવે છે.

અત્યારે પ્રમુખસ્વામી મહારાજની સાથે આપણે ૨૪ કલાક રહી શકીએ તેમ નથી. કારણ કે આપણે સંસાર - વ્યવહાર લઈને બેઠા છીએ. કદાચ કોઈ નિવૃત્તિ લઈ સ્વામીશ્રી સાથે વિચરણમાં જોડાઈ જાય તોય સ્વામીશ્રી પરદેશ જાય ત્યારે સાથે કેમનું રહેવું ? કદાચ પરદેશ જવાના 'વિઝા' મેળવી કોઈ સાથે જાય તોય ૨૪ કલાકનું તો સાંનિધ્ય શક્ય જ નથી. કારણ કે આપણે ખાવા-પીવા-સૂવા વગેરે ક્રિયા કરવા અળગા થવું જ પડે. પણ અહીં ગુણાતીતાનંદ સ્વામી કાયમ શ્રીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજ આપણી સાથે રહે તેવો ઉપાય બતાવે છે અને તે છે, આજ્ઞાપાલન.

વડાપ્રધાનની સાથે કાયમ ફરવાનું મળે તો ?

ટાટા-બિરલા સાથે કાયમ ફરવાનું મળે તો ?

સચીન તેંડુલકર સાથે કાયમ ફરવાનું મળે તો ?

આ બધામાં આપણને લાભ દેખાય છે, તેમ ભગવાન અને સંત આપણી સાથે કાયમ રહે તોપણ ખૂબ લાભ છે.

❊ વીજળી કાયમ આપણી સાથે જ હોય તો અંધારામાં કદી અટવાઈએ જ નહિ.

પાણી કાયમ સાથે હોય તો તરસનું દુઃખ મટે,

અન્ન કાયમ સાથે હોય તો ભૂખનું દુઃખ મટે,

તેમ ભગવાન અને સંત કાયમ સાથે રહે તો બધાં જ દુઃખ ટળે તેમ છે.

બ્રહ્માનંદ સ્વામી જેને ભગવાનની આવી પ્રાપ્તિ થાય, તેને કેવો લાભ થાય તે વર્ણવે છે.

નાવ મિલી જીસ કો જલ અંદર, બાહુ સે નીર તરે ન તરે.
પારસમણિ જીસ કે ઘર માંહી, સો ધન સંચ કરે ન કરે.
સૂરજ કો પ્રકાશ ભયો જબ, દીપ કી જ્યોતિ કરે ન કરે.

દરિયામાં નાવ મળે તો હાથથી તરવાનું મટે, પારસમણિ મળે તો ધનનો સંગ્રહ કરવાની જરૂર ના રહે, ને ઘરમાં સૂરજ આવે તો દીવાની જરૂર ન પડે. એ રીતે ભગવાન આવે તો આવું કામ થાય છે.

કારણ કે, ભગવાન સર્વ સુખના સિંધુ છે, સર્વ સમર્થ છે, સર્વ કર્તા હર્તા છે, સર્વશક્તિમાન છે.

તમામ પ્રકારની સમૃદ્ધિ, સુખ, શાંતિ, સદ્‌ગુણો, મોક્ષ કે અન્ય જે કાંઈ પણ આપણને ઈચ્છિત છે, તે તમામનું મૂળ ભગવાન છે.

❊ જેમ તમારા ખિસ્સામાં ૧ કરોડ રૂપિયાનો ચેક હોય તો મારુતિ ગાડી, મોટો બગલો, રાચરચીલું, સારું ભોજન, સુખસગવડો બધું જ ખિસ્સામાં છે. તેમ ભગવાનમાં તમામ પ્રકારના સિદ્ધિ-ઐશ્વર્ય આવે છે.

એ ભગવાનને ભેગા રાખવાનો ઉપાય છે : આજ્ઞા.

ભગવાનની આજ્ઞા પાળીએ તેટલા ભગવાન પાસે રહે છે.

❊ વચ.કા.૧૧ : 'ભક્ત ભગવાનની આજ્ઞાએ કરીને જ્યાં જ્યાં જાય છે, ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ ભક્ત ભેળી જ જાય છે ને જેમ એ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી, તેમ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી અને એ ભક્તના હૃદયમાંથી આંખ્યનું મટકું ભરીએ એટલી વાર

છેટે રહેતા નથી.'

❋ વચ. મ. ૩૩ : 'એક નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તેને આ લોકમાં તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહે નહિ, અને અમારે પણ તે ઉપરથી કોઈ દિવસ હેત ઓછું થાય નહિ, અને અમે અહીં ટક્યા છીએ તે પણ અહીંયાંના હરિભક્તને અતિ નિષ્કામી વર્તમાનનો દૃઢાવ દેખીને ટક્યા છીએ, અને જેને નિષ્કામી વર્તમાન દૃઢ હોય તે થકી અમે હજાર ગાઉ છેટે જઈએ તોપણ તેની પાસે જ છીએ, અને જેને નિષ્કામી વર્તમાનમાં કાચ્યપ છે ને તે જો અમારી પાસે રહે છે તોય પણ તે લાખ ગાઉ છેટે છે.'

ગુણાતીતાનંદ સ્વામી : 'આજ્ઞા ને વર્તમાન જે પાળે તે ઉપર મહારાજની નિરંતર દૃષ્ટિ રહે છે.' (૬/૧૮૦)

❋ રામદાસજી ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી વંથળી કાગળ પહોંચાડવા ગયા, તો કાંગરે કાંગરે મહારાજની મૂર્તિ દેખાઈ.

કૃષ્ણની આઠ પટરાણીઓએ દ્રૌપદીને પૂછ્યું : 'પાંચેય પતિ તમને કઈ રીતે વશ રહે છે ?' દ્રૌપદી: 'હું તેમને વશ છું, તેઓ કહે તેમ હું કરું છું, તેથી તે વશ રહે.' તેમ ભગવાનની આજ્ઞા પાળીએ તો તે આપણને વશ થઈ સાથે રહે.

❋ ગોકળ ભાટિયાની માતાને સત્સંગ નહિ. શ્રીજી મહારાજ એકવાર તેને ઘેર પધાર્યા ને દર્શન કરતાં મૂર્તિ અંતરમાં ચોંટી ગઈ - કામકાજ કરતાં અખંડ દેખાય - મૂંઝાઈ - તેને લાગ્યું કે : સ્વામિનારાયણ મને વળગ્યા. - કો'કે કહ્યું : 'સ્વામિનારાયણ તેના સત્સંગીને ડુંગળી-લસણ ખાવાની ના પાડે છે. તું તે ખાવાનું ચાલુ કર તો તે જતા રહેશે.' - તેણે ખાધું ને મૂર્તિ અલોપ થઈ ગઈ. આજ્ઞા લોપાય તો ભગવાન જતા રહે, તે મર્મ શ્રીજી મહારાજે સમજાવ્યો.

ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'આ જે સ્વામિનારાયણ તેને જે કોઈ કચવાવશે તેનું બહુ ભૂંડું થાશે.'

કચવાવા એટલે એમની આજ્ઞા લોપવી.

❋ યોગીજી મહારાજ ૧૯૭૦માં લંડન હતા. ત્યારે એકવાર કહે : 'મારે નવીનભાઈ સ્વામિનારાયણને ઘેર પધરામણીએ જવું છે.' બધા કહે : 'ઠંડી ખૂબ છે. વળી, તેમનું ઘર બીજે માળે છે. દાદરા સાંકડા છે.' છતાં યોગીજી મહારાજ કહે : 'ભલે રહ્યા, અમે ચડી જઈશું.' એમ કહી પધરામણી કરી. પાછા વળતાં કહે : 'અમે નવીનભાઈને ત્યાં પધરામણીએ કેમ ગયા તે ખબર પડી ? આ નવીનભાઈ અહીં લંડન આવવાના હતા ત્યારે અમને મળવા આવેલા. તે વખતે અમે તેમને જે જે આજ્ઞાઓ કરેલી તે બધી અહીં રહેવા છતાં તેઓએ સારધાર પાળી. તેથી અમને જવાનું મન થઈ ગયું.'

આમ, આજ્ઞા પાળીએ તો ભગવાન અને સંત સદા આપણા ઘરમાં અને હૃદયમાં પધરામણી કરી વિરાજમાન થાય છે, તે મર્મ યોગીજી મહારાજે સમજાવ્યો.

❋ ગુણાતીતાનંદ સ્વામી કહે છે કે આજ્ઞા અને વચન એ બેમાં જ માલ છે અને તેમાં મોક્ષ પણ રહ્યો છે.

પાવર-હાઉસથી આપણું ઘર બસો કિ.મી. દૂર હોય છતાં વીજળીનું કનેક્શન લીધું હોય તો રૂમમાં અજવાળું થાય, અને પાવર-હાઉસને અડીને જ ઘર હોય પણ જો કનેક્શન ન લીધું હોય તો અંધારું જ રહે - તેમ આજ્ઞારૂપી કનેક્શન છે. તે હોય તો ભગવાન અને સંત પાસે જ છે ને તે ન હોય તો પાસે હોય તોપણ દૂર જ છે.

આપણને ઘણીવાર થાય કે આપણે આજ્ઞા તો પાળીએ છીએ છતાં ભગવાન અને સંત સાથે હોય ને જે સુખશાંતિનો અનુભવ થાય તે કેમ થતો નથી ? તો તેમાં ઘણીવાર, આપણો જ વાંક હોય છે. જે રીતે આજ્ઞા પાળવી જોઈએ તે રીતે ન પળાતી હોય તો અનુભવ ન થાય.

ડોકટરે જે રીતે ગોળી લેવાની કહી હોય, ચરી પાળવાની કહી હોય તે રીતે ન કરીએ ને ડોક્ટરનો

૪×૪ ફૂટનો મોટો ફોટો રાખીએ, એને હાર પહેરાવીને, એની આરતી ઉતારીએ, તેની જય બોલીએ, તેનું પોકેટ કેલેન્ડર ખિસ્સામાં રાખીએ ને તેનાં વખાણ ૨૪ કલાક કર્યા કરીએ તો રોગ ન જાય.

તેવું સ્વામીશ્રીનું પણ સમજવાનું. તે કહે એમ કરીએ તો પ્રગતિ થાય, દોષો ટળે.

■ **આજ્ઞા કેવી રીતે પાળવી ? :**

❊ યોગીજી મહારાજ કહેતા અમે સંવત્ ૧૯૬૭માં સ્વામી (શા.મ.) પાસે આવ્યા ને સંવત્ ૨૦૦૭માં સ્વામી ધામમાં ગયા, ત્યાં સુધી એકધારી આજ્ઞા પાળી સ્વામીને રાજી કર્યા છે.

અહીં 'એકધારી' શબ્દ અગત્યનો છે. આજ્ઞા સતત પાળવાની છે - પૂજા રોજ કરવાની છે, સભા દર અઠવાડિયે ભરવાની છે, ઘરસભા રોજ કરવાની છે, સિનેમા-બહારનું ખાવું-પીવું વગેરેનો કાયમ ત્યાગ કરવાનો છે ... તેમાં તપાસો કે ભૂલ થઈ છે ? ચંદ્રને જેમ સુદ-વદ આવે તેમ ઘણીવાર સત્સંગીને સુદ-વદ આવે - ક્યારેક પૂજા અને તિલક-ચાંદલો થાય ને ક્યારેક ન થાય, ક્યારેક ઘરસભા - અઠવાડિક સભા થાય ને ક્યારેક ન થાય - આમ ચાલે તેને ભગવાનની મૂર્તિ પાસે ન રહે.

યોગીજી મહારાજ કહેતાં : 'અત્યારે સ્વામી (શા.મ.) દર્શન દે છે ને સુખ આવે છે.' તેઓને શા.મ.નું અખંડ સાંનિધ્ય હતું. કારણ કે એકધારી આજ્ઞા પાળેલી. શાસ્ત્રીજી મહારાજે એકવાર યોગીજી મહારાજને આજ્ઞા કરી કે, 'જોગી, મજૂરોને રોટલા કરી જમાડવા.' યોગીજી મહારાજ કહેતાં : '૪૦ વર્ષમાં ફરીવાર કહેવું પડ્યું નથી.'

આમ, એકધારી આજ્ઞા પાળીએ તો ભગવાન અને સંત અખંડ પાસે રહે.

❊ યોગીજી મહારાજને ૧૯૭૦ના વિદેશ પ્રવાસ દરમ્યાન સંતોએ પ્લેનમાં જ્યુસ પીવા આગ્રહ કર્યો, પણ યોગીજી મહારાજે ના જ પાડી. છેવટે ખૂબ આગ્રહ થતાં એક ઘૂંટડો જળ લીધું. કો'કે પૂછ્યું : બાપા ! આટલું બધું કેમ ?' ત્યારે યોગીજી મહારાજ બોલ્યા : '૪૦ વર્ષ પહેલાં શાસ્ત્રીજી મહારાજે વાત કરેલી કે મુસાફરીમાં કાંઈ ખાવું - પીવું નહિ. તે નિયમ અત્યાર સુધી પળાય છે.' આટલી સામાન્ય આજ્ઞા પણ યોગીજી મહારાજ એકધારી પાળતા. આપણે પણ તે રીતે આજ્ઞા પાળીએ તો આ અનુભવ થાય.

■ **સંશય-રહિત થઈને આજ્ઞા પાળવી પડે :**

પારસમણિ લોઢાના ડબ્બામાં હતો, છતાં લોઢાનો ડબ્બો સોનાનો કેમ ન થયો ? તો પારસમણિ ચિનાઈ કાગળમાં વીંટીને મૂકેલો. અલ્પ આવરણ આવી ગયું તોય કામ ન થયું, તેમ આજ્ઞાપાલનમાં આશંકાનું આવરણ આવી જાય, સંશય થાય તો આજ્ઞા પાળવા છતાં કામ ન થાય.

સ્વામીશ્રી આપણને કેવી આજ્ઞા કરે છે ?

પૂજા નિયમિત એકાગ્ર મને સૂર્ય ઉગે તે પહેલાં ઊઠીને કરવી. હવે આ આજ્ઞા સંશય વગર પાળી ક્યારે કહેવાય ? આ પ્રમાણે ચાલુ કરીએ તો. પણ એમ થાય કે સ્વામી તો કહ્યા કરે. એમ કાંઈ થતું હશે ? આવું થાય તો આજ્ઞા પાળવા છતાં ભગવાન ને સંતના સમીપપણાનો અનુભવ ન થાય. માટે નિઃસંશય થઈ આજ્ઞા પાળવી.

❊ ભગતજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીએ ગિરનાર બોલાવી લાવવાની આજ્ઞા કરી તો સંશય કર્યા વગર ઊપડ્યા.

ભગતજી મહારાજને ગુણાતીતાનંદ સ્વામીએ મંદિરમાંથી બસો તગારાં ને પાવડા ભેગાં કરવાની આજ્ઞા કરી. ભગતજી મહારાજને ખબર હતી કે આટલાં બધાં તગારાં-પાવડા નથી, છતાં તેઓ સંશય કર્યા વગર ઊપડ્યા.

❊ યોગીજી, મહારાજ કહેતાં : 'આજ્ઞા પાળવામાં ટૂક ટૂક થઈ જવું.' અર્થાત્ સંશય વગર તત્પર થઈ જવું. જેમ ઝોળિયાં પારેવાં માલિક ઝીલી લેશે તેમ માની સંશયરહિત અધ્ધરથી પડતું મૂકે, તેમ ભગવાન અને સંતની આજ્ઞામાં સંશય વિના પડતું મૂકવું.

❊ સત્યકામ જાબાલિને ઢોર ચરાવવાની આજ્ઞા કરી તો સંશય કર્યા વિના નીકળી ગયો.

સંતો આપણને ઘરસભા નિત્ય કરવાની આજ્ઞા કરે છે. તે આજ્ઞા આ રીતે સત્યકામની જેમ પળાય, તો કામ જુદી રીતનું થાય.

❊ ઉપેન્દ્રાનંદ સ્વામીને ગાર લીપવાની આજ્ઞા કરી તો સંશય કર્યા વિના મંડી પડ્યા.

આજ્ઞા થઈ તમારી પછી ન કંઈ જ રાખ્યું,
આજ્ઞા હોય તમારી પછી કહો હોય શું બાકી.

આ રીતે જે વર્તે તેને અનુભવ થાય.

તિલક-ચાંદલાથી શું લાભ ? ઘરસભાથી શું ફાયદો ? વગેરે સંશયો થાય તો લાભ ન થાય.

ડોકટરની ગોળી શંકારહિત થઈ ગળી જઈએ છીએ તો ફાયદો દેખાય છે, તેમ ભગવાન અને સંતની આજ્ઞા પણ શંકારહિત થઈ પાળવી જોઈએ.

આજ્ઞાપાલનથી ભગવાન અને સંત સદાય આપણી સાથે રહે, તે લાભ ઉપરાંત બીજા પણ લાભ આપણને થાય છે.

■ **આજ્ઞાપાલનથી દેહની રક્ષા :**

❊ યોગીજી મહારાજે નારાયણસિંગને પ્લેનની ટિકિટ કેન્સલ કરી રોકાઈ જવા આજ્ઞા - રોકાઈ ગયા તો રક્ષા થઈ. તે જે પ્લેનમાં જવાના હતા તે તૂટી ગયું.

❊ મનજીભાઈને મારી નાંખવાનું કાવતરું - ગુણાતીતાનદં સ્વામીએ રોકાવાની આજ્ઞા કરી - રોકાયા તો બચી ગયા. **(સ્વા. વાતો : ૮/૨૧૮)**

❊ યોગીજી મહારાજે વાસણાના એક હરિભક્તને ગોંડલ આવવા કહ્યું. પણ તેમને થયું કે પછી જઈશું ને ન ગયા, ઘેર રોકાયા - અદાવતીએ રસ્તામાં મારી નાંખ્યા.

❊ મેમકાના ચાર હરિભક્તોએ શ્રીજી મહારાજની આજ્ઞાથી ગામ ખાલી કર્યું ને બીજે રહેવા ગયા તો સુખી થયા.

❊ નિષ્કુળાનંદ સ્વામી :

તેમ ભક્ત થઈ ભગવાનનો, કરે વચનની વિઘાત;
પછી ઈચ્છે સુખ માણવા, એમ કેમ બનશે વાત.

સીતાજીએ લક્ષ્મણરેખા ઓળંગી તો હરાયાં.

■ **આજ્ઞાપાલનથી જાનમાલની રક્ષા-વ્યવહારે સુખિયા :**

❊ ભાદરાના ચાર ભક્તો મહારાજની આજ્ઞા સાંભળી ગઢડે ગયા તો તેમના ખેતરની રક્ષા થઈ - ન ગયા તેની ન થઈ.

❊ મહારાજ એકવાર મેથાણ પધાર્યા - શિયાળો - પૂછ્યું : 'અત્યારે વરસાદ પડે તો અનાજને નુકસાન થાય ?' હા - તો ખળાં ઢાંકી આવો. કેટલાકને શંકા કે શિયાળો છે, વળી, આકાશ સ્વચ્છ છે, માટે વરસાદ ક્યાંથી પડશે ? તેથી ન ગયા - મહારાજે બીજી વાર કહ્યું તેથી ગયા, પણ જેમ તેમ ઢાંકીને પાછા - વરસાદ પડ્યો - જેમ તેમ ઢાંકનારને નુકસાન - વ્યવસ્થિત ઢાંકનારનું અનાજ બચી ગયું.

❊ એકવાર સંતોનું મંડળ ગામડે વિચરણ કરી જૂનાગઢ આવ્યું. ગુણાતીતાનંદ સ્વામીએ હરિભક્તો વિષે પૂછ્યું, ત્યારે સંતો કહે : 'સ્વામી ! બધાએ વરસાદ ખેંચાયો છે, એટલે તે વરસાદ પાડવા પ્રાર્થના કરી છે.' ગુણાતીતાનંદ સ્વામી કહે, 'હરિભક્ત જો શિક્ષાપત્રી પ્રમાણે રહેશે તો સાત દુકાળ જેવું દુઃખ આવશે તોય મહારાજ રક્ષા કરશે. ને પત્રી લોપશે તો છતે વરસાદે દુઃખી રહેશે.'

❊ વચ.પ્ર.૩૪ : 'ત્યાગીને જે જે આજ્ઞા કરી છે તે પ્રમાણે ત્યાગીને રહેવું, અને ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે, તે પ્રમાણે ગૃહસ્થને રહેવું, ને તેમાં જેટલો ફેર પડે છે તેટલો કલેશ થાય છે.'

❊ વચ.જે.૫ : 'અને વળી અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો, તો તમને મહાકષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાત દકાલી જેવું પડશે તે થકી રક્ષા કરશું અને કોઈ ઊગર્યાનો આરો ન હોય એવું કષ્ટ આવી પડશે, તોય પણ રક્ષા કરશું, જો અમારા સત્સંગ, ધર્મ બહુ રીતે કરીને પાળશો તો, ને સત્સંગ રાખશો તો. અને નહિ રાખો તો મહાદુઃખ પામશો.'

શિર પર સાહેબ રાખિયે, ચલિયે આજ્ઞામાંહિ;
કહહિં કબીર તા દાસ કો, તિન લોક ભય નાહિ.

❊ માટે ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં કહે છે કે આજ્ઞા લોપે તો સત્સંગમાં ન રહેવાય.

નિષ્કુળાનંદ સ્વામી :

'પણ મોટી મોજ મળે નહિ, મોટાની મરજી મૂકતાં;
મૂળગા મૂળમાંથી મટે, વડાના વચનમાંથી ચૂકતા.
બની વાત જાય બગડી, જો લેશ લોપાય વચન;
લેખે ન આવે દાખડો, વળી થઈ જવાય નિરધન.'
(વચનવિધિ - ૫/૫,૭)

❊ હરબાઈ, વાલબાઈએ સ્ત્રી-પુરુષ મર્યાદાની મહારાજની આજ્ઞા ન પાળી તો સત્સંગમાંથી નીકળી ગયાં.

❊ શ્રીજી મહારાજે કાષ્ઠ વગેરેની સ્ત્રીની પ્રતિમા પણ જોવાની ના પાડી - વ્યાપકાનંદ સ્વામીને સંશય - યે કાષ્ઠ કી પૂતળી ક્યા કરનેવાલી ? થાનગઢમાં વાસુકિ નાગના મંદિરમાં ઉતારો - ઘુમ્મટમાં પૂતળીઓ - તે પર દૃષ્ટિ ગઈ - મૂર્તિઓ નૃત્ય કરતી હોય તેમ લાગ્યું - અંતરમાં અશાંતિ - મહારાજને સંભાર્યા - દૃષ્ટિ ખેંચી લીધી - શાંતિ થઈ - માટે ગમે તેવી સ્થિતિ થઈ હોય પણ આજ્ઞા લોપે તો વિઘ્ન આવે જ.

ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું : 'તાવ આવે ત્યારે દેહ બળે ને આજ્ઞા લોપાય ત્યારે તો દેહને જીવ બેય બળે છે.'

❊ મહારાજની છેલ્લી માંદગી વખતે મહારાજે ગઢડાના મહંત વિરક્તાનંદને સંતો માટે શેર-શેર ઘી અને સાકર નાખી ચૂરમાના લાડુ બનાવવાનું કહ્યું - બે વાર કહ્યું તોય ગોળના લાડુ બનાવ્યા - મુક્તાનંદ સ્વામીને આ આજ્ઞાની ખબર ન હતી. તેથી તેમને મહારાજે પૂછ્યું ત્યારે જેમ હતું તેમ કહ્યું - મહારાજને દુઃખ - આ આજ્ઞાલોપથી વિરક્તાનંદ સ્વામી ગાંડા જેવા થઈ ગયા.

❊ શેખજીએ શ્રીજી મહારાજની આજ્ઞા લોપી તો સત્સંગમાંથી પાછા પડી ગયા.

❊ સુખાનંદ સ્વામી - શ્રીજી મહારાજની ના છતાં સંબંધીનું કલ્યાણ કરવા ગયા, તો રસ્તામાં જ મૃત્યુ - શ્રીજી મહારાજનો સંબંધ છૂટ્યો ને સંબંધીને મળી ન શકાયું.

❊ રામ ભગવાને લક્ષ્મણજીને રાવણની ગાદી પર બેસવાની ના પાડેલી - છતાં વિજય પછી લંકા જોવા નીકળ્યા, તેમાં રાવણનું સિંહાસન જોઈ તે પર લક્ષ્મણજી બેઠા અને,

પછી જઈ જોઈ લંકાપુરી, દીઠી રાવણની રિદ્ધિ અતિ;
ગમ વિના બેઠા ગાદીએ, ત્યાં તર્ત ફરી ગઈ મતિ.
ત્યાં તો સુણ્યું નગારું સેનનું, શ્રીરામનું શ્રવણે કરી;
કહે કેનું નગારું એ કોણ છે ? મારી કાઢો એ સેના પરી.
એમ વચન વિસારતાં, મતિ રતિ પણ નવ રઈ;
પછી આસનથી ઊતર્યા, ત્યારે ભારે અતિ ભોંઠપ થઈ.
(વચનવિધિ - ૧૬/૩-૫)

રામનાં વિજય-નગારાં સાંભળીને લક્ષ્મણ કહે : 'એ સેના બહાર કાઢો. કોણ છે રામ ?' આ સાંભળતાં બધાને આશ્ચર્ય - પછી આસનથી ઊતાર્યા ને મતિ ઠેકાણે આવી ગઈ. આમ, લક્ષ્મણજી જેવા મોટાને પણ આજ્ઞાલોપથી વિઘ્ન.

જી.ઈ.બી. (ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડ)ના ચેરમેન ચાલુ પ્લગમાં આંગળી નાખે તો તેનેય કરંટ લાગે. તેમ આજ્ઞા લોપે તેને સત્સંગમાં વિઘ્ન લાગે જ.

❊ સાધુએ સ્ત્રીનો હાથ ન જોવાય તેવી આજ્ઞા છે, છતાં નારદજીએ શીલનિધિ રાજાની કન્યાનો હાથ જોયો તો પરણવાનું મન થયું - મોટેરાને પણ વિઘ્ન આવ્યું.

સ્ત્રીનાં મુખે ગવાતાં ગીતો સાધુએ ન સંભળાય, તેવી આજ્ઞા છે, છતાં સુરતની સવારીમાં શ્રીજી મહારાજ સાથે ચાલતાં પ્રેમાનંદ સ્વામીને કાને સ્ત્રીના શબ્દો પડ્યા અને તેઓ સૂર-સમાધિમાં ઊતરી ગયા ને સાંભળવા ઊભા રહી ગયા - સવારી આગળ નીકળી ગઈ ને તેઓ પાછળ રહી ગયા - મહારાજે બોલાવી ચાંદ્રાયણનું પ્રાયશ્ચિત્ત

આપ્યું - હેતવાળાને પણ વિઘ્ન આવ્યું.

❊ શંકર ભગવાને મોહિની સ્વરૂપ જોવાની રઢ લીધી - ભગવાને ના પાડી છતાં બતાવવા આગ્રહ કર્યો - બતાવ્યું, જોયું ને મોહ પામ્યા - કલંક લાગ્યું. માટે નિષ્કુળાનંદ સ્વામી કહે :

'સો વાતની એક વાત છે, નવ કરવો આજ્ઞાલોપ.'

યોગીજી મહારાજના સમયમાં કેટલાકે સંપ્રદાયની શ્રીજી મહારાજની સ્ત્રી-પુરુષ, સ્ત્રી-સાધુ મર્યાદા લોપી, તો સત્સંગમાંથી નીકળી ગયા.

■ **કઈ આજ્ઞા પાળવાની ?:**

૧. શિક્ષાપત્રી
૨. નિર્વિકલ્પ ઉત્તમ અતિ ... તે પ્રાર્થનામાં કહ્યું છે તે.
૩. પ્રગટ સત્પુરુષ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ જે આજ્ઞા કરે તે.

આટલી આજ્ઞાઓ પાળીએ તો,

આજ્ઞારૂપી દોરી હાથમાં છે તો મહારાજ અને સંતની પાસે જ છે. **(૫/૧૫૨)**

પતંગ ગમે તેટલો છેટે ઊડતો હોય પણ દોરી ઉડાડનારના હાથમાં હોય તો પતંગ હાથમાં જ છે. ને કપાયેલો પતંગ આપણાથી પાંચ હાથ છેટે હોય, તો પણ તે પકડાય નહિ.

તેમ પતંગને ઠેકાણે ભગવાનની મૂર્તિ છે. એમ મૂર્તિ કોઈ રીતે પકડાય એવી નથી, વશ થાય એવી નથી, ભેગી રહે એવી નથી. પણ આજ્ઞારૂપી દોરી જો મજબૂત હોય, તો ભગવાન ક્ષણવાર છેટા ન થઈ શકે.

પ્રામાણિક અને નિયમિત આજ્ઞાપાલનથી જીવમાં બળ આવે છે ને અંતરમાં સુખ અને પૂર્ણકામપણું અનુભવાયા જ કરે.

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

'સત્ય, હિત ને પ્રિય એવું વચન બોલવું ને ઉપેક્ષારહિત બોલવું, પણ આગ્રહથી વચન કહેવું નહીં.'

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો,</u> '◎' <u>નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

❊ 'મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની વાતો' આધ્યાત્મિક તેમજ વ્યાવહારિક માર્ગે આપણી આંગળી પકડીને દોરનારો ગ્રંથ છે. સદ્. ગોપાળાનંદ સ્વામીએ બોટાદના શિવલાલ શેઠને કહ્યું હતું કે, 'તારે વ્યવહાર અને મોક્ષ બંને શીખવા હોય તો જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી પાસે જજે.' ટૂંકમાં, જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં પ્રગતિ માટે 'સ્વામીની વાતો' ખૂબ ઉપયોગી બની રહે છે.

❊ દુનિયાની આશરે પોણા આઠ અબજની વસ્તીનો કારોબાર શબ્દોની લેવડ-દેવડ દ્વારા ચાલે છે. શબ્દોનો વ્યવહાર ચાર પ્રકારે થાય છે - લેખન, વાંચન, કથન(બોલવું) અને શ્રવણ. વર્તમાનકાળે ૬ ટકા લેખન અને ૧૬ ટકા વાંચન દ્વારા વ્યવહાર થાય છે. બાકીના ૭૮ ટકા વ્યવહાર બોલવા અથવા સાંભળવાથી ચાલે છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં વાણીના-શબ્દોના ઉપયોગની સાચી રીત આપણને શીખવે છે. વર્તમાન યુગમાં વાણી-વિવેક શીખવાની ખૂબ જરૂર છે, કારણ કે -

૧. વાણીમાં અપાર શક્તિ રહેલી છે,

૨. વાણી વ્યક્તિનો પરિચય આપે છે.

૧. <u>વાણીમાં અપાર શક્તિ</u> :

❊ કોઈ પણ વ્યક્તિ, સમાજ કે દેશ પોતાની શક્તિ કે સંપત્તિનો સવળો ઉપયોગ કરી સુખ કે સફળતા પામી શકે છે. પરંતુ તે જ શક્તિ કે સંપત્તિનો અવળો ઉપયોગ તેને દુઃખ કે નિષ્ફળતા તરફ ઘસડી જાય છે.

❊ એક સાખીમાં કહેવાયું છે -

'શબ્દે માર્યા મરી ગયા, શબ્દે છોડ્યાં રાજ;
જેણે શબ્દ વિચાર્યા, તેનાં સર્યાં કાજ.'

ગુજરાતનાં ગામડાંઓમાં બોલાતી આ સાખીમાં વાણીનો પ્રભાવ નિચોવાયેલો છે.

❊ **<u>શબ્દે માર્યા મરી ગયા</u> :** થોડાં વર્ષો પહેલાં અમેરિકાના કનેક્ટીકટ (Connecticut) શહેરમાં એક શ્રીમંત વ્યાપારીએ આપઘાત કર્યો. તે નિઃસંતાન હતો. એક પત્ની અને અઢળક મિલકત મૂકી તે મરણ પામ્યો. મરણ પછી તેનું વિલ વાંચવામાં આવ્યું તો સ્વાભાવિક રીતે જ એણે પોતાની મિલકત પત્નીને આપી હતી. પરંતુ

મિલકત સોંપણી સાથે એક શરત લખેલી હતી. શરત એવી હતી કે દર વર્ષે પતિની મરણ તારીખે પત્નીએ શહેરનાં તમામ છાપાંમાં જાહેરખબર આપવાની કે 'મેં મારી જીભ જો ટૂંકી રાખી હોત, તો મારા પતિ ઘણું જીવ્યા હોત!' આવી જાહેરાત આપે ત્યારે જ પત્નીને દર વર્ષે મિલકતમાંથી ભાગ મળે.

પત્નીના શબ્દોનો કેવો કારમો ઘા પતિને વાગ્યો હશે કે તેને આપઘાત કરવો પડ્યો. શબ્દે માર્યા મરી ગયા...

❊ <u>શબ્દે છોડ્યાં રાજ</u> :

રાજા ગોપીચંદને ૧૧ વર્ષની ઉંમરે દાસીઓ અત્તર, તેલ-ફુલેલથી શરીર ચોળી સ્નાન કરાવતી હતી. ઝરૂખામાંથી આ દૃશ્ય જોઈ વિધવા માતા મેનાવતીની આંખમાંથી આંસુ સરી પડ્યાં. અને બનવાજોગ એવું થયું કે માતા મેનાવતીનાં એ ઊનાં આંસુ ગોપીચંદના શરીર પર પડ્યાં. ગોપીચંદે તરત ઊંચે જોયું તો માતા મેનાવતીની આંખનાં આંસુ હતાં. ભીને વસ્ત્રે ગોપીચંદ માતા પાસે ગયા અને રડવાનું કારણ પૂછ્યું. તો મેનાવતીએ જણાવ્યું, 'બેટા આ બધી રાજ્યસમૃદ્ધિમાં મને કોઈ વાતનું દુઃખ નથી. પણ તારી આ કંચનવર્ણી કાયા જોઈ તારા પિતા યાદ આવી ગયા. તેમની પણ તારા જેવી કંચનવર્ણી કાયા હતી, પણ એ આ રાજ્યવૈભવમાં રોળાઈ ગઈ. માટે બેટા ! તારી પણ આ કંચનવર્ણી કાયા રાખમાં રોળાય, તે પહેલાં જંગલમાં જઈ સાધના કરી તારા જીવનો મોક્ષ કરી લે.'

માતાના આ શબ્દે રાજા ગોપીચંદ રાજપાટનો ત્યાગ કરી ભીને કપડે નીકળી પડ્યા. આ વાણી માટે કહ્યું - શબ્દે છોડ્યાં રાજ...

❊ <u>જેણે શબ્દ વિચાર્યા તેના સર્યાં કાજ</u> :

સન ૨૦૦૬માં પ્રમુખસ્વામી મહારાજ અટલાદરામાં બિરાજમાન હતા. તે સમયે ભરૂચ મંદિરના અભિષેક મંડપના પૂજારીએ સ્વામીબાપાને વાત કરતાં કહ્યું કે, "એક પ્રતિષ્ઠિત કુટુંબનાં પત્ની ભરૂચમાં નીલકંઠ વર્ણીનો અભિષેક કરવા માટે આવ્યાં હતાં. અભિષેક દરમ્યાન તેઓ ચોધાર આંસુએ રડતાં હતાં. આ જોઈને મેં પૂછ્યું કે, 'બહેન ! રડો છો કેમ?' ત્યારે એણે કહ્યું : 'મારા પતિ ઊંચા હોદ્દા ઉપર છે, પરંતુ ૩૧મી ડિસેમ્બરે આપઘાત કરવાના છે.' મેં કહ્યું કે, 'તમે એમનો ટેલિફોન નંબર મને આપો. અમે સંતો દ્વારા વાત કરાવીએ.' ત્યારે એ બહેને કહ્યું કે, 'ભૂલેચૂકે પણ જો હું ટેલિફોન નંબર આપું તો મને મારી મારીને બેવડી વાળી દે, એવી ભયંકર પરિસ્થિતિ છે.' ત્યારે મેં કહ્યું કે, 'તમારો પતિ સાવ મરી જાય એના કરતાં માર સહન કરવો સારો.' આ દલીલથી તેઓએ સેલફોન નંબર આપ્યો. આપ ત્યારે ભરૂચમાં વિરાજમાન હતા. ૨૪મી તારીખે તેઓને દર્શને બોલાવવામાં આવ્યા. આપનાં દર્શને સાંજની સભામાં તેઓ આવ્યા. આપના આશીર્વાદ સાંભળ્યા અને તેઓના મનનું જાણે પરિવર્તન થઈ ગયું. તેઓ બોલી ઊઠ્યા - 'સ્વામીજીએ જે કાંઈ વચનો કહ્યાં એ મારા માટે જ હતાં.' અને આપનાં વચનોથી તેઓને અંતર્દષ્ટિ થઈ જતાં આપઘાત કરવાનું માંડી વાળ્યું." તેથી જ કહ્યું, જેણે શબ્દ વિચાર્યા તેના સર્યાં કાજ...

❊ આપણાં વચન ક્યારેક કાતિલ ઝેરનું પણ કામ કરે છે ને ક્યારેક અમૃત-સંજીવનીનું કામ પણ કરે છે. જીવતા માણસના પ્રાણ હરવાની શક્તિ પણ વચનમાં છે, અને મરતા માણસમાં જીવન પૂરવાની તાકાત પણ વચનમાં છે.

◎ એક વાર જીભ અને દાંત વચ્ચે સંવાદ થયો. બત્રીસ દાંતે ભેગા થઈને જીભને દાટી મારી.

હમ બત્તીસ તુમ અકેલી, બસે હમારે માંહી;
જરા સી કુચલ ડાલી, તો ફરિયાદ કહાં લે જાઈ.

સામે જીભે જરાય ડર્યા વગર જવાબ આપ્યો :

તુમ બત્તીસ મૈં અકેલી, બસું તુમારે માંહી;
જરા સી ટેઢી ચલું, તો બત્તીસી ગિર જાઈ.

જીભમાં ભલે હાડકાં નથી, પણ ભલભલાનાં

હાડકાં ભંગાવી શકે તેવી તાકાત છે.

જર્મનીના સરમુખત્યાર એડોલ્ફ હિટલર પોતાની જીભની આ શક્તિને સારી રીતે જાણતો હતો. તેણે પોતાનાં પ્રવચનો દ્વારા જર્મન લોકોને યહુદીઓ સામે ઉશ્કેર્યા. તે કહેતો, 'જર્મન પ્રજા આખી દુનિયામાં સર્વશ્રેષ્ઠ પ્રજા છે. જર્મન લોહી બીજી પ્રજાઓના લોહીથી ભિન્ન છે, યહૂદી પ્રજા નીચ છે, આખી દુનિયાની સામે જર્મની એકલું યુદ્ધ જીતી શકે.' હિટલરનાં આવાં પ્રવચનો જ બીજા વિશ્વયુદ્ધનું કારણ બન્યાં, જેમાં આશરે સાડા સાત કરોડ લોકોનું મૃત્યુ થયું.

૨. <u>વાણી વ્યક્તિનો પરિચય આપે છે</u> :

❋ સાઈરસ(Syrus) નામના ગ્રીક લેખકે કહ્યું, 'Speech is the mirror of the soul. As a man speaks, so is he.' સાઈરસના આ કથનનો ભાવાર્થ એ છે કે વાણી એ આત્માનું દર્પણ છે. મનુષ્ય જેવાં વચન ઉચ્ચારે છે, એવો એ હશે, એ સીધું સમીકરણ છે.

❋ એક રાજાની સવારી આવતી હતી. માર્ગની બરાબર વચ્ચે એક આંધળો માણસ બેઠો હતો. તે બુદ્ધિશાળી હતો.

સવારીની શરૂઆતમાં સિપાઈ આવ્યા અને આંધળાને રસ્તામાં બેઠેલો જોઈ બોલ્યા, 'ઊઠ, આંધળા ! શું રસ્તા વચ્ચે બેઠો છે? રાજાની સવારી આવે છે. ઊઠી જા, નહીંતર મારીશું.'

આંધળો વાણી ઉપરથી માણસને પારખતો. તેણે જાણી લીધું કે, 'આ સિપાઈ છે.' એટલે તે બોલ્યો, 'સિપાઈ, રાજાજીને આવવા તો દો. ઊઠી જઈશ.'

દૂરથી દીવાને અંધને જોયો એટલે દીવાનથી રહેવાયું નહીં. તે અંધ પાસે આવ્યા અને બોલ્યા, 'ઓ મારા આંધળા નગરજન! રાજાની સવારી આવે છે.'

આંધળાએ વાણી ઉપરથી પારખી લીધું કે 'આ દીવાન છે.' એટલે તે બોલ્યો, 'દીવાનજી! તમે?'

એટલામાં ત્યાં રાજા આવી પૂગ્યા. તેઓ બોલ્યા, 'સુરદા...સ!!' આંધળાએ વાણીની મીઠાશ અને વિવેક પારખી લીધો અને જાણ્યું કે 'રાજા પધાર્યા છે.' એટલે તે ઊભો થઈ બોલ્યો, 'બોલો હજૂર !'

વ્યક્તિની વાણી તેની બુદ્ધિ, શક્તિ, સદ્‌ગુણોનો પરિચય આપે છે.

◎ નિષ્કુળાનંદ સ્વામીએ ચોસઠપદીમાં કહ્યું,
'કામી બોલે કામે ભરિયું રે, લોભી બોલે લોભ લઈ;
ક્રોધી બોલે ક્રોધે અનુસરિયું રે, માની બોલે માન સઈ.
સ્વાદી બોલે સ્વાદ વખાણી રે, દંભી બોલે દંભ ભરી;
અહંકારી અહંકાર આણી રે, કપટી બોલે કપટ કરી.'

❋ ભગવાન સ્વામિનારાયણ **વચનામૃત ગઢડા પ્રથમ ૧૨**માં કહે છે કે, **'શબ્દ જે તે બોલનારની જે જાતિ અને સ્વરૂપ તેનો જણાવનારો છે.'**

❋ છાંદોગ્ય ઉપનિષદમાં સત્યકામ જાબાલની રસપ્રદ વાત આવે છે. સત્યકામ એક વાર હારિદ્રુમત ઋષિ પાસે જઈ પહોંચ્યો અને તેઓને કહ્યું, 'હું બ્રહ્મચર્ય પાલન કરી આપના શિષ્ય તરીકે આપની પાસે રહેવા આવ્યો છું.' તે વખતે ઋષિ સત્યકામને એના ગોત્ર વિષે પૂછે છે. ત્યારે સત્યકામ જવાબ આપે છે, 'હું કયા ગોત્રનો છું એ વિષે હું કાંઈ જાણતો નથી. મને મારી માતાએ ફક્ત એટલું જ કહ્યું છે કે એનું નામ જબાલા છે, અને તું સત્યકામ જાબાલ છે.'

સત્યકામ સાથેના આ બે ઘડીના વાર્તાલાપમાં ઋષિએ સત્યકામના ગોત્રનું માપ કાઢી લીધું હોય તેમ બોલ્યા, 'હે સત્યકામ! તું કદી સત્યથી અળગો થયો નથી. આવી વાણી બ્રાહ્મણ સિવાય કોઈ બોલી શકવા સમર્થ નથી.' સત્યકામની વાણી પરથી તેના ગોત્રનો નિશ્ચય કરી ઋષિએ તેને શિષ્ય તરીકે સ્વીકાર્યો.

વ્યક્તિની લાગણી, વિચારો, રીતિ-નીતિ, કેળવણી એ બધાનો પડઘો વાણીમાં પડે છે. ટૂંકમાં, વ્યક્તિની વાણીમાં તેનું આખેઆખું વ્યક્તિત્વ નીતરતું હોય છે.

● **વચન કેવાં હોવાં જોઈએ ?**

* ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં કહે છે કે, 'સત્ય, હિત ને પ્રિય એવું વચન બોલવું, ને ઉપેક્ષારહિત બોલવું.'

મહંત સ્વામી મહારાજ પણ આ જ વાતને સત્સંગદીક્ષા ગ્રંથના ૧૬૨મા શ્લોકમાં જણાવતાં કહે છે કે,

સત્યાં વદેદ્ હિતાં ચૈવ વદેદ્ વાણીં પ્રિયાં તથા ।

૧. સત્ય વચન બોલવાં :

* સત્ય પ્રકાશનો પુંજ છે, જેનાથી અંધકાર દૂર નાસે છે. ખોટી વાણી ઉચ્ચારવી નહીં, ખોટાં વચનો આપવાં નહીં, વચન આપ્યા પછી ક્યારેય ફરી જવું નહીં, જે બોલ્યા તે પ્રતિજ્ઞાની પેઠે પાળવું વગેરે સત્યનિષ્ઠ પુરુષનાં લક્ષણ છે. પરંતુ આપણે કેટલીક વાર સ્વાર્થ સાધવા અથવા દોષ ઢાંકવા સારુ જૂઠું બોલતા હોઈએ છીએ. કેટલાક તો છાશવારે અસત્યનો આશરો લેતા હોય છે.

* એક વાર એક યુવાન નોકરી શોધવા એક શેઠ પાસે પહોંચ્યા.

શેઠ : 'દારૂ પીઓ છો?'

યુવાન : 'ના'

શેઠ : 'ચોરીની ટેવ છે?'

યુવાન : 'ના'

શેઠ : 'ધૂમ્રપાનની ટેવ છે?'

યુવાવ : 'ના'

શેઠ : 'સ્ત્રીઓ પાછળ ફરવાની ટેવ છે?'

યુવાન : 'ના, બિલકુલ નહીં.'

શેઠ અચંબામાં પડી ગયો. તેણે છેલ્લે પૂછ્યું : 'તમારામાં એક પણ બૂરી આદત નથી?'

યુવાન : 'એક જ બૂરી આદત છે. શેઠજી, મને વાક્યે વાક્યે જૂઠું બોલવાની ટેવ છે. એ વિના બીજી કોઈ બૂરી ટેવ નથી.'

આવી વ્યક્તિ આધ્યાત્મિક માર્ગે તો ડગલું નથી માંડી શકતી, પરંતુ લૌકિક માર્ગમાં પણ હવાતિયાં મારતી રહી જાય છે.

* આપણાં શાસ્ત્રોએ હંમેશાં **'સત્યં વદ'** અર્થાત્ સાચું બોલવાની પ્રેરણા આપી છે.

આપણા ગુરુવર્યોએ પણ હંમેશાં સત્યનો જ પક્ષ રાખ્યો છે. પ્રમુખસ્વામી મહારાજે બી.એ.પી.એસ. સંસ્થાને વિશ્વફલકે મૂકી, પણ સત્યને આગળ રાખીને. એમની વાણીમાં કે વર્તનમાં આડંબરનો અંશમાત્ર નહોતો, તેથી અનેક લોકો તેમની પાસે સહેજે આકર્ષાતા.

* સન ૧૯૮૫માં ઇંગ્લેન્ડમાં ભારતનું ગૌરવ કરતો ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં ભક્તિભાવપૂર્વક ઊજવાયો. લંડનમાં એક મહિના સુધી લાખો બ્રિટનવાસીઓએ આ મહોત્સવ નિહાળ્યો, પરંતુ સાધુ-સંન્યાસી પ્રત્યે કોઈક પૂર્વગ્રહને લીધે, લંડન ખાતેના ભારતીય વિદ્યાભવનના ચેરમેન, શ્રી માણેક દલાલ મહોત્સવથી દૂર રહ્યા હતા. યોગાનુયોગ એક સમારોહમાં સ્વામીબાપાને ભારતીય વિદ્યાભવનમાં જવાનું થયું. ત્યાં એક નાની એવી સભા થઈ. શ્રી દલાલ તેમાં ઉપસ્થિત હતા. સભામાં સ્વામીબાપાની વાણી સાંભળતાં જ તેમને લાગ્યું કે આ સંતમાં નર્યું સત્ય જ નીતરે છે! અને પલભરમાં તેમનો પૂર્વગ્રહ ઓગળી ગયો. તેઓ બોલી ઊઠ્યા : 'પ્રમુખસ્વામી મહારાજની કેવી નિર્મળ વાણી ! કોઈ આડંબર નહીં ! મેં ઘણાંનાં પ્રવચનો સાંભળ્યાં છે, પણ આવી દંભરહિત ને પવિત્ર વાણી ક્યારેય સાંભળી નથી !'

જેમની વાણી કે વર્તનમાં અસત્ય કે આડંબરનો લેશ પણ ન હોય, તેમની સાથે પૂર્વગ્રહ કેવી રીતે ટકી શકે! મોટી મોટી યુનિવર્સિટીઓમાં ભણાવાતા માનવીય સંબંધ(Human Relations)ના મોંઘાદાટ કોર્સ કરતાં પણ ગુણાતીત સત્પુરુષોનાં વચન અને જીવન આપણને સત્યનિષ્ઠ થવા અનેકગણી પ્રેરણા આપે છે.

૨. હિતકારી વચન ઉચ્ચારવાં :

* ગુણાતીતાનંદ સ્વામી સત્યની સાથે હિતકારી વચન ઉચ્ચારવાની વાત કરી રહ્યા છે.

* જીવનના કેટલાક પ્રસંગોમાં સ્થૂળ રીતે સત્ય બોલવામાં પોતાનો કે પારકાનો દ્રોહ થવાનો સંભવ રહે છે. તેવા પ્રસંગોમાં સ્થૂળ રીતે અસત્ય બોલાય તેમાં વિશેષ હિત રહેલું હોય છે. તેવા પ્રસંગો માટે ભગવાન સ્વામિનારાયણ શિક્ષાપત્રીના ૨૬મા શ્લોકમાં કહે છે કે,

સ્વપરદ્રોહજનનં સત્યં ભાષ્યં ન કર્હિચિત્ ।

જે સત્ય વચન બોલવે કરીને પોતાનો તથા પારકાનો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે ક્યારેય ન બોલવું.

દા.ત.: કોઈ કસાઈ ગાયની હિંસા કરવા પાછળ પડ્યો હોય, તેવા સમયે ગાય ભાગે અને કસાઈ આવી પૂછે કે 'ગાય કઈ દિશામાં ગઈ ?' ત્યારે સાચું જાણવા છતાં કસાઈને અવળો રસ્તો બતાવવો તે અસત્ય નથી, પરંતુ હિતકારી વચન છે.

* શ્રીકૃષ્ણ ભગવાન મહાભારતના યુદ્ધમાં અનેકવાર લોકોની દૃષ્ટિએ અસત્ય બોલ્યા હતા. પાંડવો પાસે પણ અસત્ય બોલાવ્યું અને આચરણ કરાવ્યું, છતાં તેમાં ભૂતપ્રાણીમાત્રનું હિત હોવાથી તે સત્ય જ હતું. જો તેમ ન થાય તો સમસ્ત ભૂમિ પર કૌરવો જેવા સ્વચ્છંદી, અહંકારી રાજાઓનું રાજ્ય રહે અને સૌને ત્રાસ થાય. તેથી જ પરીક્ષિત જન્મસમયે મરેલો જન્મ્યો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને પ્રતિજ્ઞા કરી, 'હું પહેલાં ક્યારેય પણ અસત્ય ન બોલ્યો હોઉં તો બાળક જીવતો થાય.' અને ખરેખર બાળક જીવતો થયો.

ભૂતપ્રાણીમાત્રના હિત માટે બોલાયેલું અસત્ય પણ સત્ય જ છે. એટલે જેમાં પોતાનો અથવા પારકાના અત્યંત હિતનો નાશ થતો હોય (જાનહાનિ જેવું નુકસાન થતું હોય)તેવું સત્ય ન બોલવું.

* અહીં શ્રીજીમહારાજે પોતાના દોષને ઢાંકવા કે સ્વાર્થ સાધવા અસત્ય બોલવાની છૂટ નથી આપી.

૩. <u>પ્રિય વચન બોલવાં</u> :

* સત્ય અને હિતકારી વચન કડવાશ સાથે કહેવામાં આવે તો ઉદ્વેગ થવાની સંભાવના રહે, જ્યારે તે જ વચનને મીઠાશ સાથે કહેવામાં આવે તો શાંતિદાયક, સ્ફૂર્તિદાયક અને મંગલકારી બને છે.
* અંગ્રેજીમાં કહ્યું છે - 'A kind word may heal and bless.' સ્નેહસભર વચનો ઘા રૂઝવે છે અને આશીર્વાદ સમ પુરવાર થાય છે.
* એક વાર યોગીજી મહારાજ જામનગરમાં શ્રી દાસાણી સાહેબના બંગલામાં હતા. યોગીબાપાએ ભક્તોને સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપ્યો. સત્સંગ સભા પૂરી થઈ એટલે દાસાણી સાહેબ થાળીમાં પ્રસાદ લઈ ઠાકોરજીને ધરાવવા જતા હતા. ત્યાં એક ભાઈ ઊભા થવા ગયા અને થાળી સાથે અથડાયા. થાળી નીચે પડી પ્રસાદ બધો ઢોળાઈ ગયો. વાતાવરણ ગંભીર થઈ ગયું. યોગીજી મહારાજ વાતાવરણ પારખી ગયા અને તરત જ બોલ્યા, 'પરસાદનો વરસાદ થયો.'

યોગીજી મહારાજ એવા લહેકા સાથે હાથ ઊંચો કરીને બોલ્યા કે ગંભીર વાતાવરણ પણ રમૂજમાં ફેરવાઈ ગયું.

યોગીજી મહારાજની વાણીથી ગમે તેવા ગંભીર વાતાવરણમાં પણ તાજગી પથરાઈ જતી.

* સામાન્ય રીતે સત્તા, બળ કે હોદ્દો અપરિપક્વ વ્યક્તિના હાથમાં આવે ત્યારે સહેજે જ અન્ય વ્યક્તિની ઉપેક્ષા કડવા અને કઠોર વચનોથી થતી હોય છે. પરંતુ સફળ વ્યક્તિ બે વાર વિચાર્યા બાદ વાણી ઉચ્ચારતા હોય છે.

તાતા ગ્રુપના ચેરમેન શ્રી જે.આર.ડી.તાતા એક વખત તેમની ઈન્ડસ્ટ્રીઝની મુલાકાતે ગયા હતા. ત્યાં એક વિભાગમાં 'NO SMOKING' (ધૂમ્રપાન નિષેધ)નું બોર્ડ મારેલું હતું, છતાં કેટલાક કર્મચારી જ તે ઠેકાણે બીડી પીતા હતા. એક વાર શ્રી તાતાએ પોતાના જ સિગારેટ બોક્સમાંથી કર્મચારી તરફ સિગાર લંબાવતાં કહ્યું કે, 'આપ આ સિગારેટ બહાર જઈને પીશો તો મને આનંદ થશે.' અને તાતાના આ શબ્દોથી ગજબની અસર થઈ. તે પછી તે કર્મચારીઓને ફરી ક્યારેય કહેવું નથી પડ્યું.

કોઈ વ્યક્તિ આપણા કથન અને નિર્દેશનો અમલ કેવી રીતે કરશે, તેનો આધાર ઘણી વાર આપણી વાણીની મીઠાશ પર રહેલો હોય છે.

❊ આપણી ઓફિસ, ઘર કે સત્સંગ મંડળમાં પણ મોટેભાગે કંકાસ કે કુસંપ વાણીના અવિવેકને કારણે જ સર્જાતો હોય છે. કેટલાક તો આપણી ઉપસ્થિતિ- માત્રથી ગભરાતા હોય છે. સત્પુરુષ પણ આવી વ્યક્તિ પર પ્રસન્ન થતા નથી.

એક સત્સંગ કેન્દ્રમાં એક બાળકની કાંઈક નાની ભૂલ થઈ. તેથી એક ભાઈ તેના પર જાણે તૂટી જ પડ્યા. બાળકે તો બધું ચૂપચાપ સાંભળી લીધું. મહંત સ્વામી મહારાજને આ વાતની જાણ થઈ ત્યારે સ્વામીશ્રીએ તે ભાઈને બોલાવી સમજાવ્યા કે 'તમે પેલા બાળકને ડારો દીધો. તે કેવો થઈ ગયો હતો? થોડો વધુ ડારો આપ્યો હોત તો રડી પડત. તેને શોધીને માફી માંગજો.' પેલા ભાઈએ આજ્ઞા તરત સ્વીકારી લીધી, પરંતુ થોડો અવિવેક સત્પુરુષના કુરાજીપાનું કારણ બને છે.

❊ આપણું કાર્ય, પ્રવૃત્તિ કે સેવા એવી હોય કે કોઈકને કહેવું જ પડે તેમ હોય, ત્યારે કેવી રીતે કહેવું તેનું માર્ગદર્શન આપતાં મહંત સ્વામી મહારાજ કહે છે- ૧. વિવેકથી, ૨. નમ્રતાથી, ૩. પોતાના માનીને અને ૪. એના જીવનું ન બગડે તે રીતે કહેવું.

❊ યોગીજી મહારાજ વાણીવિવેકની બાબતમાં એક અગત્યની બાબત શીખવતાં 'યોગીગીતા'માં કહે. છે કે, 'એકબીજાની ખટપટ ન કરવી. ખટપટ શું? તો કો'કની વાત બીજાને કરવી ને બીજાની વાત કો'કને કરવી. તે સ્વભાવ સાધુતાના માર્ગમાં ખામી રાખે. માટે જેને મોક્ષ જોઈતો હોય તેમને તે સ્વભાવ મૂકવો.'

◎ એક હરિભક્ત અન્ય સંપ્રદાયના આશ્રમમાં ગયા હશે. ત્યાંથી પરત આવી તેમણે મુંબઈમાં યોગીજી મહારાજને વાત કરી કે, 'એક મોટા આશ્રમમાં અમે ગયા હતા. ત્યાં જોયું તો રંગરાગ અને મોજશોખ હતા. ત્યાગ-વૈરાગ્ય કાંઈ ન મળે.'

યોગીબાપા તેમને રોકતાં કહે, 'આપણે એ કાંઈ જોવું નહીં. આપણને મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજ મળી ગયા. આપણો ગોળ ચોળી ખાવો. બીજાનું જોવું નહીં. આપણે કરવાનું છે તે કરી લેવું.'

અન્યના અવગુણની ચર્ચા ન કરતાં, દરેકના ગુણ કહેવા - એ વાણી-વિવેકનો આદર્શ છે. મહંત સ્વામી મહારાજને પણ આવો વાણી-વિવેક અત્યંત પ્રિય છે.

❊ આપણે પણ ગુણાતીત સત્પુરુષોએ શીખવેલ વાણી-વિવેકને જીવનમાં ઉતારી જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સુખ, શાંતિ અને પ્રગતિ પામી તેમને

❀ ❀ ❀

પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાતીત [illegible]

સ્વામીની વાત : ૨, પ્રકરણ : ૫, વાત : ૨૫૭

સ્વામિનારાયણ હરે..... સ્વામીએ વાત કરી જે.....

વ્યવહાર છે તે કરવો ને મને કરીને જુદાં રહેવું. ધૃતરાષ્ટ્ર ને ભીમ મળ્યા એવું હેત વ્યવહારમાં દેહે કરીને રાખવું. ગરાસિયાના જેવું હેત રાખવું, મને કરીને ને જીવે કરીને જુદા રહેવું, તેમાં ભળવા આવે તેનો ત્યાગ કરવો. વહેવારમાં હરખશોક થાય એ જ માયાનું રૂપ છે. દેહે કરીને રાજ કરવું પણ જીવ

તો ભગવાનમાં જ જોડી દેવો જે, હું ભગવાનનો છું ને ભગવાન મારા છે, એમ જીવ જડી દેવો ને ભજન ઓછું થાશે, કીર્તન ઓછાં ગવાશે તેની ફિકર નથી.

● આ વાતની વિશેષતા :

* એક વાર શિવલાલ શેઠે ગોપાળાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો, 'આપના ધામમાં ગયા પછી અમારે કોનો આધાર ?' ત્યારે ગોપાળાનંદ સ્વામી બોલ્યા : 'જો તમારે વ્યવહાર શીખવો હોય તો સુંદરિયાણાના પૂજા શેઠ પાસે જજો ને વ્યવહાર અને મોક્ષ બંને શીખવા હોય તો જૂનાગઢના જોગી ગુણાતીતાનંદ સ્વામી પાસે જજો.'

આમ, ગુણાતીતાનંદ સ્વામી હરિભક્તોના વ્યવહારની સાથે સાથે તેની આધ્યાત્મિક પ્રગતિની પણ સંભાળ રાખતા. ગૃહસ્થમાત્રે વ્યવહાર તો કરવાનો જ છે પરંતુ તે કેવી રીતે કરવો તેની સાચી શીખ સ્વામી આ વાતમાં આપે છે.

● વ્યવહાર એટલે શું ?

* વ્યવહાર એટલે દેહ, દેહના સંબંધી અને તેના નિભાવ માટે કરવી પડતી પ્રવૃત્તિઓ. આપણી નોકરી, ખેતી, વેપાર, ધંધો કે દિવસ દરમ્યાન થતી બધી જ નાની મોટી ક્રિયાઓ વ્યવહારમાં ગણી શકાય.
* શાસ્ત્રીજી મહારાજ : 'વ્યવહાર એ ઊંટના બેસણા જેવો છે. એમાં હેલા આવ્યા જ કરે. તેમ સંસારમાં સુખદુ:ખના હેલા આવ્યા જ કરે.'

તેમ છતાં આ વ્યવહારની જવાબદારી નિભાવ્યા વિના ચાલે એમ નથી. તે વ્યવહાર કેવી રીતે કરવો એનું સચોટ માર્ગદર્શન અહીં સ્વામી આપે છે.

૧. મને કરીને જુદા રહેવું :

* જો મનમાં વ્યવહાર પેસે તો દુ:ખ આવે.
* હોડી દરિયામાં તરે અને રહે એનો વાંધો નથી, પણ દરિયો હોડીમાં આવે તો વાંધાનો પાર નથી ને હોડી ડૂબી જાય. તેમ આપણા મનમાં વ્યવહારનો ડંસ પડે તો આપણે દુ:ખી થઈએ છીએ.
* વ્યવહારમાં આસક્તિને કારણે જન્મમરણના દુ:ખ ઊભા થયા છે. ભરતજીએ આખી પૃથ્વીના, રાજનો ત્યાગ કર્યો, પરંતુ એક મૃગના બચ્ચામાં હેત થયું તો ત્રણ જન્મ લેવા પડ્યા.
* શ્રીજીમહારાજ પાસે દ્વારિકાની યાત્રાએ જતો એક બાવો પોતાનો દાબડો સાચવવા મૂકી ગયો. યાત્રામાં જ તે ધામમાં ગયો. તેનો શિષ્ય પાછો આવ્યો ને ગુરુના સમાચાર આપ્યા કે ગુરુ ધામમાં ગયા. મહારાજે દાબડામાંથી એક ડબ્બી ખોલી ને તેમાં એક રૂપિયાની ફરતે સાપનો કણો વીંટાઈને પડેલો બતાવ્યો. 'જો આ તારા ગુરુ, પૈસામાં જીવ રહી ગયો હતો તો સાપ થયા.'

તુલસી જગમેં યું રહો, જ્યું જીહ્વા મુખમાંહી,
ઘી ઘણું ભક્ષણ કરે, ફિર ભી ચિકની નાહીં.

* સ્વામી કહે છે : 'ધૃતરાષ્ટ્ર અને ભીમ જેવું હેત રાખવું.' મહાભારતના યુદ્ધ પછી ધૃતરાષ્ટ્રે પાંડવોને મળવા બોલાવ્યા. ભીમે દુર્યોધનને માર્યો હોવાથી ધૃતરાષ્ટ્રને તેના પર ખૂબ દાઝ હતી. પાંડવો આવ્યા ત્યારે ધૃતરાષ્ટ્રે ભીમ પર અતિશય પ્રેમ બતાવીને કહ્યું : 'આવ દીકરા તને ભેટવું છે.' શ્રીકૃષ્ણને આની ખબર હતી. તેમણે ભીમના કદનું જ લોઢાનું પૂતળું તૈયાર કરાવેલું તે આગળ ધર્યું. ધૃતરાષ્ટ્રે તે પૂતળાને એવી જોશમાં બાથ ભીડી કે પૂતળાના ફૂરચે ફૂરચા ઊડી ગયા. ઉપરથી બહુ પ્રેમ હતો. પણ અંતરમાં જરાય નહોતું, એવું જ હેત સંસારમાં રાખવું.
* ગરાસિયા જેવું હેત : એક ગામમાં બ્રાહ્મણ ગયો. ગામના ગરાસિયા બ્રાહ્મણને જોઈને કહે : 'મહારાજ ! બે દા'ડા રોકાવ. આઠ દા'ડા રોકાવ

અમને લાભ આપીને જાવ.' બ્રાહ્મણ બધાનો આગ્રહ જોઈને કહે : 'સારું, પણ હવે કહો મારે ઊતરવાનું છે કોના ઘેર ?' આ સાંભળી બધા ગરાસિયા એકબીજાનું મોં જોવા લાગ્યા ને કહે : 'હા, ઈ તમે કહો.' બધાનો ખોટો ભાવ જોઈને બ્રાહ્મણ વિદાય થઈ ગયો. એમ વ્યવહાર કરવો, પણ મનથી નિર્લેપ રહેવું.

૨. વ્યવહારની ક્રિયા દરમ્યાન ભગવાનમાં અનુસંધાન રાખવું જરૂરી છે.

* જાગા સ્વામી હવેલીના બેલા એટલે કે પથ્થર ઘડતા હતા. ત્યાં ગુણાતીતાનંદ સ્વામી ગયા ને કહે : 'બે બેલા ઓછા ઘડાશે તેનો વાંધો નથી, પણ ભગવાનની સ્મૃતિ સહિત ઘડો.'
* ગુણાતીતાનંદ સ્વામી : ભજન કરતાં કરતાં ક્રિયા કરીએ તો અંતરમાં ટાઢું રહે. (૩/૩૨)
* શિવલાલ શેઠ પેઢીએ બેઠા હોય, તો ય વચનામૃતનો ગ્રંથ સાથે રાખે ને નવરા પડે કે તરત જ વાંચવા માંડે.
* પર્વતભાઈ હળ હાંકતાં હાંકતાં ભગવાનની માનસીપૂજા કરતા.

આગે ધંધા પીછે ધંધા, ધંધા મધ્યે ધંધા;
ધંધા મધ્યે ધ્યાન લાગવે, સો સાહેબકા બંદા.

* ઢોર અને પંખી આખો દિવસ ચારો ચરવા જાય પણ રાત્રે પોતાના ખીલે અને માળામાં આવી જ જાય એમ ભગવાનના ભક્તે પણ આખો દિવસ વ્યવહાર કરી રાત્રે ભગવાનની મૂર્તિ અને કથાવાર્તારૂપી માળા અને ખીલામાં વિરામ કરવો. (ગ.પ્ર. ૩૨)
* આખો દિવસ પ્રવૃત્તિ માર્ગમાં જોડાય અને ભજન કરવા બેસે ત્યારે એક ઘડી કે અર્ધી ઘડી પણ જો એકાગ્ર થઈને ભજનમાં જોડાય તો સર્વે પાપ બળી જાય (ગ.મ. ૬૨) પરંતુ ભજનમાં બેસીએ ત્યારે મન એકાગ્ર તો જ થાય. જો સતત અનુસંધાન રાખ્યું હોય તો.
* ગઢડામાં અન્નકૂટ વખતે બાઈ હરિભક્તો વિવિધ વાનગીઓ બનાવે. તો તે દરેક વાનગીમાં તેમને મહારાજની મૂર્તિ દેખાતી. કારણ અખંડ ભજન ચાલુ જ હતું.
* ગુણાતીતાનંદ સ્વામી કહેતા : 'અમે તો હજારો ક્રિયા કરાવીએ પણ આંખ મીંચીને ઉઘાડીએ એટલી વાર પણ જો ભગવાન ભૂલાય તો તાળવું ફાટી જાય.' (૩-૬૫)
* પ્રમુખસ્વામી : 'દેશપરદેશમાં ફરીએ, પણ મન તો ભગવાનનાં ચરણારવિંદમાં રાખીએ.'

રૂડું સ્વામિનારાયણ નામ નિત્ય સંભારીએ રે...
વળી કરતા ઘરનું કામ, ઘડી ન વિસારીએ રે...

* આપણે વ્યવહારમાં પણ ભગવાનપરાયણ રહીએ એ માટે સ્વામીશ્રીએ નિત્યપૂજા-ઘરસભા-આરતી-થાળ-રવિસભા વગેરે આદેશો આપ્યા છે. જો આવી રીતે પ્રવૃત્તિ કરીએ તો વ્યવહાર બંધનરૂપ ન થાય.
* ગુણાતીતાનંદ સ્વામી : 'બીજા તો બેલા હૈયા પર ખડકે છે. પણ આપણે તો બહાર જ ખડકવાં ને હૈયામાં તો ભગવાન ને સંત જ રાખવા.'

૩. વ્યવહારમાં હરખશોક થાય એ જ માયા છે.

* હરખ-શોકનું મુખ્ય કારણ મમત્વ છે.

નિજનું કરી જે મનાય છે,
ક્ષય થાતા દિલદુઃખ થાય છે;
મમતા મનમાં ન હોય તો,
દિલ દુઃખ ન ધરે કોઈ તો.

- હરિલીલામૃત

* આ મમત્વ સંત સમાગમથી ટળે. ખંભાતના સદાશિવભાઈની હવેલી બળી ગઈ, પણ તેમને દુઃખ ન થયું, કારણ કે ગોપાળાનંદ સ્વામીનો સમાગમ હતો.
* નેનપુરના દેવજી ભગતનો એકનો એક દીકરો ધામમાં ગયો, પણ તેઓ શોક ન પામ્યા. કારણ કે ભગવાનનું સતત અનુસંધાન હતું ને મને કરીને વ્યવહારમાં જોડાતા ન હતા. ◆

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

'સંચિત, ક્રિયમાણ ને પ્રારબ્ધ(કર્મને) પણ જાણવું, તે નિયમ ધર્યાં તે દિવસથી સંચિત જે પૂર્વે કર્યાં પાપ તે બળી જાય, ને ક્રિયમાણ કરવું નહીં, ને પ્રારબ્ધ ભોગવવું પડે તેમાં મૂંઝાવું નહીં, ને જો તે પ્રારબ્ધ ન ભોગવાવે તો દેહ છૂટી જાય. કેમ જે, પ્રારબ્ધે કરીને તો દેહ બંધાણું છે, માટે ભોગવવાં. તે શૂળીનું કષ્ટ કાંટે ઉગારે.'

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

* હિંદુ ધર્મના ઘણા સિદ્ધાંતો છે, પરંતુ ચાર મુખ્ય સિદ્ધાંતોને કારણે તે અન્ય ધર્મોથી જુદો પડે છે. ૧)અવતારવાદ, ૨)મૂર્તિપૂજા, ૩)કર્મસિદ્ધાંત અને ૪)પુનર્જન્મ.
* મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં કર્મસિદ્ધાંત જાણવા અને સમજવાનું કહી રહ્યા છે.

● **કર્મસિદ્ધાંત સમજવાની આવશ્યકતા :**

૧. માનવજીવનમાં જણાતી અસમાનતા કે વિષમતા સમજવા માટે :

* આપણે જે સમાજ વચ્ચે રહીએ છીએ, તેમાં લોકો વચ્ચે સહેજે અસમાનતા કે વિષમતા દેખાય છે. ક્યારેક એક જ કુટુંબમાં ઊછરેલ બે જોડિયા ભાઈઓમાંથી એક અત્યંત બુદ્ધિશાળી બને છે તો બીજો તદ્દન બુદ્ધિહીન, એક સજ્જન બને છે તો બીજો દુર્જન, એક કરોડપતિ બને છે તો બીજો રોડપતિ(ભિખારી) જણાય છે.
* ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું કે, 'કોઈ રળીને મરી જાય તોય ખાવા ન મળે ને કોઈને ગાડાં મોઢે રૂપિયા ચાલ્યા આવે...'
* આપણે એક એવા સમાજની કલ્પના કરી શકીએ કે જેમાં લોકો વચ્ચે કોઈ આર્થિક અસમાનતા ન હોય, આપણે એવા સમાજની કલ્પના કરીએ જેમાં જ્ઞાતિ-જાતિના કોઈ ભેદ ન હોય, પરંતુ બૌદ્ધિક, નૈતિક અથવા આધ્યાત્મિક સમાનતા સ્થાપવી અશક્ય છે. પૃથ્વી પરની બધી વ્યક્તિઓનાં રૂપ અને આકાર સમાન હોવાં અશક્ય બાબત છે.
* પૃથ્વી પરની ગમે તે બે વ્યક્તિઓ વચ્ચે જણાતી આ અસમાનતાનું કારણ કર્મસિદ્ધાંત દ્વારા સમજાય છે.

૨. વ્યક્તિને લાગતા અન્યાયનું સમાધાન મેળવવા માટે :

* મહંત સ્વામી મહારાજ અને સંતો દેશ-પરદેશમાં વિચરણ કરે છે, ત્યારે કેટલાક મુમુક્ષુઓ વ્યક્તિગત મુલાકાત અથવા પત્રોમાં આવા કંઈક પ્રશ્નો પણ રજૂ કરતા હોય છે -

- 'મેં મારા જીવનમાં ક્યારેય અધર્મનું આચરણ કર્યું નથી, મેં કોઈનું ક્યારેય બગાડ્યું નથી, તેમ છતાં મને જ આવું દુઃખ કેમ આવ્યુ?'
- 'નિયમિત સત્સંગ કરવા છતાં મારી આર્થિક પરિસ્થિતિ કેમ સુધરતી નથી?'
- 'તિલક-ચાંદલા સહિત પૂજા અને યુવક સભામાં નિયમિત હોવા છતાં હું જ કેમ પરીક્ષામાં નિષ્ફળ થયો?'
- 'મેં મંદિરમાં આટલી આર્થિક સેવા કરી, તેમ છતાં મને જ કેમ આવો રોગ આવ્યો?'
- 'ભગવાને મને જ કેમ રૂપ ન આપ્યું?'

આવા આવા અનેક પ્રશ્નો વ્યક્તિના મનમાં ઊઠે છે, મન એ પ્રશ્નોના ઉત્તર શોધે છે, પરંતુ કોઈ જવાબ મળતો નથી. તેથી મનમાં વધુ મૂંઝવણ અને ગૂંચવણ ઊભી થાય છે.

ક્યારેક તો વિકટ પરિસ્થિતિઓમાં ભગવાનનો જ વાંક જણાય છે. પોતાને થયેલ અન્યાયના મૂળમાં ભગવાન-સંત જ જણાય છે. આવી વ્યક્તિને ભગવાન અને સંતમાંથી શ્રદ્ધા ઊઠી જાય છે, સ્વચ્છંદી બની જાય છે. નિરાશા, હતાશા અને

અન્યાયની ભાવનાઓના હુમલાથી માણસ ભાંગી પડે છે.

આ તમામ પ્રશ્નોનું સમાધાન કર્મસિદ્ધાંત સમજવાથી મળી રહે છે.

● **કર્મસિદ્ધાંતનો મર્મ :**

❋ કર્મસિદ્ધાંત ક્રિયા અને તેની પ્રતિક્રિયાનો નિયમ છે. આ નિયમ સમજાવે છે કે સારી ક્રિયાનું સારું અને ખરાબ ક્રિયાનું ખરાબ પરિણામ અચૂક મળે છે.

ટૂંકમાં, કર્મસિદ્ધાંત એટલે 'વાવે તેવું લણે અને કરે તેવું પામે.'

❋ આ કર્મનો સિદ્ધાંત બે વાત સમજાવે છે -

૧. કરેલાં કર્મોની અસર લુપ્ત થતી નથી.

૨. જગતમાં વિના પ્રયોજન કદી કાંઈ જ બનતું નથી.

❋ પ્રત્યેક માનવી આજે જે છે - સુખી કે દુ:ખી, અમીર કે ગરીબ, બુદ્ધિમાન કે બુદ્ધિહીન - બધાનું કારણ પોતે જ છે. કારણ કે આ બધું એણે પોતે આ જન્મમાં અથવા પૂર્વજન્મમાં જે કંઈ કર્મો કર્યા છે, એ બધાંનાં પરિણામોનો સરવાળો છે.

❋ ગાંધીનગર અને દિલ્હી અક્ષરધામના પ્રદર્શન ખંડમાં પણ આ જ ભાવનાને દૃઢાવતો અણઘડ પથ્થર દર્શાવવામાં આવ્યો છે, જેમાં એક વ્યક્તિ છીણી-હથોડી લઈ પોતાને ઘડી રહી છે. દૃશ્યના સારરૂપે નીચે લખ્યું છે કે -

You are the stone, you are the chiesel, you are the sculptor. તમે જ પથ્થર છો, તમે જ છીણી છો, તમે જ તેના શિલ્પી છો.

❋ યોગીજી મહારાજ કર્મસિદ્ધાંત સમજાવતી સુંદર વાર્તા કહેતા -

એક રાજ્યમાં બાદશાહે લવા(સેવક)ને બોલાવ્યો. બાદશાહને થયું કે લવાને દર વખતે જે પ્રશ્ન પૂછું છું, તેનો સાચો જવાબ આપી દે છે. તેથી આ વખતે લવાને એવો ગૂંચવું કે તેને જવાબ આવડે જ નહીં.

બાદશાહે લવાને ચાર પ્રકારના માણસ શોધી લાવવા કહ્યું, જેમાં

૧. છે, છે અને છે

૨. નથી, નથી અને નથી

૩. નથી અને છે

૪. છે અને નથી.

પછી બાદશાહ કહે: 'લવા! એક અઠવાડિયામાં આવા માણસો શોધી લાવ. નહીંતર શૂળીએ ચઢાવીશ.'

લવો બુદ્ધિશાળી હતો. અંતિમ દિવસે તે ત્રણ વ્યક્તિને લઈને બાદશાહ પાસે આવી પહોંચ્યો. તેમાં પ્રથમ નગરશેઠને લવાએ આગળ કર્યો. લવો કહે : 'નગરશેઠ છે, છે અને છે. આ નગરશેઠે પહેલા બહુ સારાં કામ કર્યાં હશે એટલે અત્યારે એને મળે છે. અત્યારે એટલાં દાનપુણ્ય કરે છે, તે આગળ જતાં પણ તેને મળશે. માટે નગરશેઠ - છે, છે અને છે.' બાદશાહને પ્રથમ વ્યક્તિને જોઈ સંતોષ થયો.

લવાએ બીજી વ્યક્તિરૂપે માછીમારને આગળ કર્યો. લવો કહે, 'આ માછીમાર નથી, નથી અને નથી. તેણે પહેલાં સારાં કામ કર્યાં નહોતાં, તેથી હાલ તેની પાસે કાંઈ નથી. હવે માછલાં મારે છે, તેથી આગળ પણ નહીં મળે.' બાદશાહે બીજી વ્યક્તિને જોઈ મુખ મલકાવ્યું.

લવાએ ત્રીજી વ્યક્તિરૂપે એક તપસ્વીને આગળ કર્યો. પછી લવો કહે, 'આ તપસ્વી નથી અને છે. તેણે પૂર્વે કાંઈ નહોતું કર્યું એટલે અત્યારે ગરીબ છે અને તપ કરે છે. પરંતુ હવે તપ કરે છે તેથી આગળ જતાં મળશે.' બાદશાહ ત્રીજી વ્યક્તિને જોઈ પ્રસન્ન થયો.

પછી બાદશાહે કહ્યું, 'ચોથી વ્યક્તિ ક્યાં છે?'

લવો કહે, 'એ જવાબ નહીં આપું.'

બાદશાહે પૂછ્યું, 'કેમ?'

લવો કહે, 'તમે પહેલાં વચન આપો કે હું તને દંડ નહીં કરું, બક્ષિસ આપીશ.'

બાદશાહ કહે, 'સારું'

લવો કહે, 'ચોથી વ્યક્તિ આપ પોતે છો. છે અને નથી - વ્યક્તિમાં આપ યોગ્ય છો. પૂર્વે આપે સારાં કર્મો કર્યા હતાં, તેથી અત્યારે આપ સુખી છો, પરંતુ અત્યારે આપ રોજનાં કેટલાં પાપ કરો છો?! તેથી ભવિષ્યમાં આપની પાસે કાંઈ નહીં હોય.'

બાદશાહ લવાના ઉત્તરથી ખૂબ રાજી થયો અને તેને બક્ષિસ આપી. યોગીજી મહારાજે આ બોધકથામાં આપણને આખો કર્મસિદ્ધાંત સમજાવી દીધો.

જે વ્યક્તિ જેવું કર્મ કરશે, તે પ્રમાણે તેવું ફળ ગમે ત્યારે પામશે.

* જેમ અનાજની કોઠીમાં ઉપરથી જે પ્રમાણે અનાજ ભરીશું, તે પ્રમાણે નીચેના દરવાજામાંથી એ જ ક્રમમાં નીકળશે. પ્રથમ દાળ ભરીશું પછી ઘઉં, અને ત્રીજા ક્રમે ચોખા ભરીશું, તો નીચેના દરવાજામાંથી પ્રથમ દાળ નીકળશે, પછી ઘઉં નીકળશે, છેલ્લે ચોખા નીકળશે.
* કર્મ મુખ્યત્વે ત્રણ પ્રકારનાં છે :

૧. **<u>ક્રિયમાણ કર્મ</u> :** મનુષ્ય પોતાના શરીર વડે જે ક્રિયા કરી રહ્યો છે, તેને ક્રિયમાણ કહે છે. તેમાં જે કર્મ ભગવાન-સંતની આજ્ઞાનુસાર, તેમની પ્રસન્નતા માટે કરવામાં આવે તેનું બંધન થતું નથી, જ્યારે લૌકિક ફળની ઇચ્છાથી થતાં શુભ-અશુભ કર્મ બંધનરૂપ થાય છે.

૨. **<u>સંચિત કર્મ</u> :** મનુષ્ય જે કાંઈ લૌકિક ઇચ્છાથી શુભ-અશુભ કર્મ કરે છે, તેના સંસ્કાર જીવ સાથે ચોંટે છે અને જીવના ખાતામાં જમા થતાં રહે છે, એટલે કે સંચિત થતાં રહે છે. તેને સંચિત(ભેગા થયેલાં) કર્મ કહે છે.

૩. **<u>પ્રારબ્ધ કર્મ</u> :** સંચિત કર્મોમાંથી જે કર્મો પાકીને ફળ આપવા માટે તૈયાર થાય અને પોતાનું ફળ આપવાનું શરૂ કરે તેને પ્રારબ્ધ કર્મ કહેવાય છે. જેમ કોઈ વ્યક્તિના બેંક એકાઉન્ટમાં દસ લાખ રૂપિયા પડ્યા હોય, તેમાંથી એક લાખ રૂપિયા ઉપાડવામાં આવે, તેમ સંચિત કર્મમાંથી પ્રારબ્ધ તૈયાર થાય છે. **આ પ્રારબ્ધનું નિર્માણ વ્યક્તિ પોતે નથી કરતી, સ્વયં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ કરે છે, તેથી તેમને કર્મફળપ્રદાતા કહેવાય છે.**

- ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં કર્મસિદ્ધાંતને લગતી અન્ય પણ કેટલીક બાબતો પર આપણું ધ્યાન દોરે છે -

૧. **<u>નિયમ ધર્યા તે દિવસથી સંચિત કર્મ બળી જાય</u> :**

* અહીં ગુણાતીતાનંદ સ્વામીના કહેવાનું તાત્પર્ય એ છે કે મુમુક્ષુ વર્તમાન ધરાવી ભગવાન સ્વામિનારાયણનો આશ્રિત થાય ત્યારથી સંચિત કર્મોનો નાશ થવાના માર્ગે તે ચડે છે, પછી નિષ્ઠા અને આજ્ઞાપાલન દ્વારા ભગવાન-સંતની પ્રસન્નતા મેળવવાથી સંચિત કર્મોનો સંપૂર્ણ નાશ થાય છે.
* જેમ કોઈક અમદાવાદથી દિલ્હી જવા નીકળ્યો હોય, અને એના વિષે આપણને કોઈ પૂછે તો આપણે કહીએ છીએ કે દિલ્હી ગયો. ભલે તે હજુ અમદાવાદથી નીકળી ૧૦ કિલોમીટર દૂર પહોંચ્યો હોય, પણ એ દિલ્હી પહોંચવાનો છે, એમ માનીને આપણે આ ઉત્તર આપીએ છીએ. તેમ મુમુક્ષુને જેમ જેમ નિષ્ઠા દૃઢ થતી જાય અને આજ્ઞાપાલન કરતો જાય, તેમ તેમ તેનાં સંચિત કર્મોનો નાશ થતો જાય છે.

૨. **<u>ક્રિયમાણ કરવું નહીં</u> :**

* ક્રિયમાણ એટલે ક્રિયા. કોઈ પણ વ્યક્તિ ક્રિયા વિના રહી શકતી નથી. અહીં ગુણાતીતાનંદ સ્વામીનો ભાવાર્થ એમ છે કે વર્તમાન ધરાવ્યા પછી નિયમ લોપવા નહીં. ભગવાન અને સંત પ્રસન્ન થાય તે વિચાર સાથે દરેક ક્રિયા કરવી. લૌકિક ઇચ્છાથી કોઈ શુભ-અશુભ કર્મ ન કરવાં કે જે બંધનકારી બને.

દુનિયામાં લોકો કર્મયોગનો અર્થ કરતાં કહે છે કે જે કર્મ કરો તે સારી રીતે કરો. પણ શ્રીજીમહારાજ કહે છે કે દરેક કર્મમાં ભગવાનની પ્રસન્નતાનો વિચાર રાખવો. તેઓ **વચનામૃત**

ગઢડા અંત્ય-૨૫માં કહે છે કે, **'એવી (ભગવાનની પ્રસન્નતાની) ઈચ્છા રાખ્યા વિના અમથું કરે તો તેને તમોગુણી કહેવાય.'**

૧૯૯૧ની સાલમાં પ્રમુખસ્વામી મહારાજ ગઢડામાં બિરાજમાન હતા. ત્યારે સ્વામીબાપાએ એક પ્રસંગે કહેલું કે, 'જેવી ભાવનાથી કર્મ કર્યાં હોય એવું એને ફળ મળે. સારાં કર્મો કર્યાં હોય, મંદિરે જતો હોય, તપ-સદાવ્રત કરતો હોય પણ જો ભાવના ધન-સંપત્તિની હોય તો પૈસા મળે. સકામભાવથી કર્મ કરે એને એવું ફળ મળે, પણ જો કોઈ જાતની ઈચ્છા ન હોય, જે કરે એમાં ભગવાન પ્રસન્ન થાય એ જ ભાવના હોય, તો બીજો જન્મ લેવો જ ન પડે, ભગવાન મળી જાય.'

૩. **<u>પ્રારબ્ધ ભોગવવું પડે તેમાં મૂંઝાવું નહીં</u> :**

❊ સંચિત કર્મમાંથી અમુક કર્મો ભગવાન ફળ આપવા માટે પસંદ કરે છે, જેને પ્રારબ્ધ કહેવાય છે. આ પ્રારબ્ધનું ફળ વ્યક્તિને ક્યારેક સુખ, તો ક્યારેક દુઃખની પ્રાપ્તિ કરાવે છે.

❊ પ્રારબ્ધનું ફળ દુઃખરૂપે આવે ત્યારે જીવ મુંઝાય છે, હતાશ-નિરાશ થઈ જાય છે. ક્યારેક તેમાંથી નાસીપાસ થઈ આપઘાતનો માર્ગ પસંદ કરે છે. પરંતુ આપઘાત કરવાથી પ્રશ્નો ટળી જતા નથી. બીજે જન્મે ફરી વધુ દુઃખ ભોગવવાં પડે છે. માટે દુઃખના વિચાર બાજુ પર મૂકીને તેને ભગવાનની ઈચ્છા માની સ્વીકારી લેવા જોઈએ.

❊ ૨૦૦૬ની સાલમાં પ્રમુખસ્વામી મહારાજ પર લંડનના એક હરિભક્ત સી.પી.પટેલનો ફોન આવ્યો. વાત એમ હતી કે સી.પી.પટેલના એક સ્નેહીજનને અમેરિકામાં ગંભીર અકસ્માત નડ્યો હતો. તેઓ ઘણા મહિનાઓથી હોસ્પિટલમાં પીડાઈ રહ્યા હતા. તેથી સી.પી.પટેલે પરિસ્થિતિનું વર્ણન કરી સ્વામીબાપાને પૂછ્યું, 'એનું દુઃખ જોઈને બધા દુઃખી થાય છે અને હવે તો લોકો પણ બોલે છે કે, 'ભક્તને આવું દુઃખ શા માટે?''

સ્વામીબાપા કહે, 'લોકો તો બોલે, પણ પ્રારબ્ધનું લઈને આવ્યો હોય એટલે આવું બને. પ્રારબ્ધનું દુઃખ તો બધાને આવે છે. ભગવાનની ઈચ્છા માનીને તેને સ્વીકારી લેવું.'

❊ ૧૯૯૧ની સાલમાં સારંગપુરમાં ઊંઝા અને મહેસાણાના જીરાના વેપારીઓ પ્રમુખસ્વામી મહારાજનાં દર્શને આવ્યા હતા. તેમાંના એક મુમુક્ષુએ સ્વામીબાપાને પૂછ્યું, 'અમારે ઘણાં દુઃખ હોય છે, તેનું શું કરવું?'

સ્વામીબાપા કહે, 'પ્રારબ્ધમાં લખ્યું હોય એટલે દુઃખ તો આવે જ, પણ પુણ્યે પાપ ઠેલાય. એમ ભગવાન અને સંતનો આશરો કર્યો એટલે દુઃખ ઠેલાશે. જમીનમાં જેમ જુદા જુદા થર આવે છે, એમ જીવનના આ થર(સુખ-દુઃખના થર) છે. ભગવાનમાં શ્રદ્ધા રાખીને કામ કરવું અને બીજા કોઈ વહેમમાં પડવું નહીં. હિંમત રાખજો. ભગવાન સહાય કરશે.'

❊ ભગવાન જો આપણને પ્રારબ્ધ ન ભોગવાવે તો આપણો દેહ પડી જાય. કારણ કે પ્રારબ્ધનું ફળ ભોગવવું, એ દેહની પ્રાપ્તિનું એક નિમિત્ત છે. માટે પ્રારબ્ધનું આવેલું દુઃખ રાજી થકા સહન કરી લેવું જોઈએ.

૪. **<u>ભગવાન શૂળીનું દુઃખ કાંટે મટાડે છે</u> :**

❊ દરેક જીવને પોતે કરેલાં કર્મોનું ફળ ભોગવવું પડે છે, પરંતુ ભગવાન ભક્તવત્સલ છે. તે પોતાના આશ્રિત ભકતનું શૂળી જેવું દુઃખ કાંટો વાગ્યા જેટલું અલ્પ કરી આપે છે.

❊ એક ગામમાં કેટલાક ચોર રહેતા હતા. તેમાંનો એક ચોર સંત સમાગમ કરવા જતો હતો, ત્યારે તેને માર્ગને વિષે પગમાં કાંટો વાગ્યો, તે પગમાં સોંસરો નીકળ્યો. તેથી તેનો પગ સૂઝી ગયો અને તે બીજા ચોર ભેગો ચોરી કરવા ન જઈ શક્યો. બીજા સર્વે ચોરે રાજમહેલમાં જઈ રાજાનો ખજાનો લૂંટ્યો, તેથી દરેક પાસે ઘણા રૂપિયા આવ્યા. આ બાજુ જે ચોરને કાંટો વાગ્યો હતો, તેનાં સગાં-વહાલાં તેને વઢવા લાગ્યા કે, 'તું ચોરી કરવા ન ગયો અને

સાધુ પાસે ગયો તે આપણું ભૂંડું થયું ને તે ચોરો ચોરી કરીને લાવ્યા તો કેટલાય પૈસા એમને પ્રાપ્ત થયા.' ત્યાં તો રાજાનું લશ્કર આવ્યું અને બીજા ચોર ભેગા આ ચોરને પકડીને શૂળીની સજા દેવા લઈ ગયા. પરંતુ ગામલોકો અને સંતે આ નિર્દોષ ચોરને છોડવા સાખ પૂરી 'આ તો ચોરી કરવા નો'તો ગયો, એને તો કાંટો વાગ્યો હતો.' ત્યારે રાજાએ તે ચોરને છોડી મૂક્યો, અને બીજા બધા ચોરોને શૂળીએ ચડાવ્યા.

ભગવાન સ્વામિનારાયણ **વચનામૃત ગઢડા પ્રથમ ૭૦**માં આ વાર્તાનો સાર આપી કહે છે કે, **'એમ જે સત્સંગ કરે છે તેને શૂળી જેટલું દુઃખ હોય તો કાંટે મટે છે.'**

◎ મૂળજી શેઠ એક ઉત્સવ પ્રસંગે લીમલીથી ગઢડા શ્રીજીમહારાજનાં દર્શન કરવા જઈ રહ્યા હતા. રસ્તામાં શેઠને કાંટો વાગ્યો. અત્યંત પીડાને કારણે તેઓ ગઢડા સુધી પહોંચી શકે તેમ ન હતા. ઘરે પાછા ગયા અને પાટાપિંડી કરાવ્યા. શેઠ દોઢ મહિને પૂર્વવત્ ચાલતા થયા, પછી ગઢડા મહારાજ પાસે પહોંચ્યા.

શ્રીજીમહારાજે તેમને પૂછ્યું કે, 'શેઠ, તમે સમૈયામાં કેમ ન આવ્યા?' મૂળજીભાઈએ પગમાં કાંટો વાગ્યાની વાત કરી. પછી મહારાજ કહે, 'એ કાંટો અમે જ તમને વગાડ્યો હતો. જો એ કાંટો ન વાગ્યો હોત, તો ત્યાંથી થોડે આગળ તમારા શત્રુઓ તમારું કાસળ કાઢવા તત્પર ઊભા હતા.' શેઠને આ સાંભળી કાંટાની પીડા ક્યાંય વિસરાઈ ગઈ અને તેઓ મનોમન મહારાજનો આભાર માનવા લાગ્યા.

* આપણે ભવિષ્યનું જોઈ શકતા નથી, પરંતુ ભગવાન તો ત્રણેય કાળનું ઇદમ્ જોઈ શકે છે. પૂર્વના ભૂંડાં કર્મને કારણે આપણને આવનાર દુઃખને તેઓ સારી રીતે જાણે છે. તેઓ તો આપણને આવનાર મહાદુઃખને અતિ અલ્પ કરી આપે છે. પણ અજ્ઞાની જીવ અલ્પ દુઃખને પણ મહત્ માની બેસે છે. ક્યારેક ભગવાનનો આભાર માનવાને સ્થાને તેમને દોષ દે છે. પરંતુ કૃપાળુ ભગવાનના અંતરમાં એ જ તાન છે કે ગમે તેમ આ જીવને અલ્પ દુઃખ ભોગવાવીને, તેના પ્રારબ્ધનું દુઃખ પૂરું કરી, નિર્વાસનિક કરી અક્ષરધામમાં બેસાડી દેવો.

* આણંદના એક અતિ દૃઢ હરિભક્તને છેલ્લી અવસ્થામાં અસહ્ય દુઃખ પડતું હતું. તેને તો કાંઈ વાંધો નહોતો, પણ તેના સંબંધીઓ યોગીજી મહારાજ પાસે ગયા. યોગીજી મહારાજને સંબંધીઓએ કહ્યું, 'મહારાજને પ્રાર્થના કરો કે તેમને જલદી ધામમાં તેડી જાય.' યોગીજી મહારાજ કહે, 'વીસ દિવસ પછી ધામમાં લઈ જશે.' સંબંધીઓ કહે, 'આજે ન તેડી જાય?'

યોગીજી મહારાજ કહે, 'મહારાજને કહીએ તો આજે જ તેડી જાય, પણ તેમને બીજા વીસ જન્મ ધરવા પડશે. તેમની વીસ જન્મની કસર મહારાજને વીસ દિવસમાં કાઢવી છે.' વીસ જન્મમાં આવનારું મોટું દુઃખ આપણા ઈષ્ટદેવ અને ગુરુ વીસ દિવસ જેટલું અલ્પ કરી આપે છે. **'દાસના દુશ્મન હરી કે'દી હોય નહીં, જેમ કરશે તેમ સુખ જ થાશે.'** આવી ઉચ્ચ સમજણ રાખી આપણે રાજી રહેતાં શીખવું જોઈએ.

* મહંત સ્વામી મહારાજે આ જ વાતને દૃઢાવતાં તા.૧૯/૧૦/૨૦૧૭ના રોજ દીપાવલિના દિવસે લંડનમાં હરિભક્તોને કહેલું કે, 'ભગવાનમાં વધારે ને વધારે દૃઢતા સાથે જોડાવાનું છે. કોઈ પણ મુશ્કેલી આવે તો ભગવાનને છોડવા નહીં. ભગવાનનું કામ અલૌકિક છે. કદાચ આપણું કામ ન થાય તો તે આપણને આગળ લઈ જવા માટે છે. મુશ્કેલી આવે અને દૂર ન થાય તો તે આપણને આગળ લઈ જવા માટે છે.'

* આપણે કર્મસિદ્ધાંતને બરાબર સમજી, ગુણાતીત સત્પુરુષોની રુચિ અનુસાર પ્રારબ્ધને કારણે આવતાં નાનાં-મોટાં દુઃખ સહન કરી, છેલ્લો જન્મ કરી અક્ષરધામ પામી શકીએ તે જ પ્રાર્થના.

સ્વામીની વાત : ૧, પ્રકરણ : ૬, વાત : ૭૯

સ્વામિનારાયણ હરે... સ્વામીએ વાત કરી જે...

આ દેહે ભગવાનને ભજી લેવા ને દેહ તો હમણાં પડશે. માટે આ તો વીજળીના ઝબકારામાં મોતી પરોવી લેવું તેમ થોડામાં કામ કાઢી લેવું, ને કોઈ વાતનો મમત કે પક્ષપાત ન રાખવો. કાં જે, એમાં બહુ ભૂંડું થાય છે.

● વાતનું નિરૂપણ

※ આ વાતમાં ક્ષણભંગુર એવા મનુષ્યદેહથી ભગવાનના ભજનરૂપ શ્રેષ્ઠ કાર્ય સાધી લેવાની વાત સમજાવે છે. સાથેસાથે એમાં આવતા વિઘ્નથી દૂર રહેવાની શીખ પણ આપે છે.

● આ દેહે કરીને ભગવાન ભજી લેવા

* ભગવાનને ભજવા એથી તો બીજી કોઈ મોટી વાત નથી - જેતલપુર : ૫.
* ગુણાતીતાનંદ સ્વામી તો જીવનનું ધ્યેય જ ભગવાનનું ભજન છે એ સમજાવતાં કહે છે : આપણો જન્મ બે વાત સિદ્ધ કરવા સારુ થયો છે. એક તો અક્ષરરૂપ થવું ને બીજું પુરુષોત્તમમાં જોડાવું. (૪/૧૦૧)
* શંકરાચાર્ય કહે છે :

પુનરપિ જનનં પુનરપિ મરણં,
પુનરપિ જનની જઠરે શયનમ્ ।
ઈહ સંસારે, ખલુ દુસ્તારે,
કૃપયા પારે પાહિ મુરારે ॥
ભજ ગોવિંદં ભજ ગોવિંદં,
ગોવિંદં ભજ મૂઢમતે...

જીવ માત્રને વારંવાર જન્મ છે. વારંવાર મરણ છે અને માતાના ઉદરમાં વારંવાર શયન છે. તરી ન શકાય (દુસ્તર) એવા આ સંસારમાં, ભગવાન મોરારીની કૃપાથી જ પાર ઊતરાય છે. માટે હે મૂઢમતિ જીવ તું ભગવાનનું ભજન કર.
* મુકતાનંદ સ્વામી :
હરિ ભજતા સહુ મોટ્યપ પામે,
જન્મમરણ દુઃખ જાય રે...
* યોગીજી મહારાજ : ભગવાન ભજી લેવા.
* માંગરોળના બજારમાં શ્રીજીમહારાજ પસાર થયા. સામે એક ગાંડો માણસ નારિયેળની કાચલીના ત્રાજવા બનાવી તેમાં છાણ, પથ્થર, રેતી ભરીને 'લ્યો એલાયચી, લ્યો સાકર...' એમ બોલીને વેપાર કરતો હતો. મહારાજે આ કોણ છે એ પૂછતા ખબર પડી કે આ કબા શેઠને વેપારમાં મોટી ખોટ જવાથી ગાંડા થઈ ગયા છે. ત્યારે મહારાજ બોલ્યા : 'અમે તો જે ભગવાન નથી ભજતા, એ બધાયને કબા ગાંડા જ સમજીએ છીએ.'
● ને દેહ તો હમણાં પડશે : આપણને એમ થાય કે ભગવાન પછી ભજીશું. શું ઉતાવળ છે ? પણ સ્વામી કહે છે કે આ દેહ તો હમણાં પડી જશે.
* **કુંભ કાચો કાયા જાણવી રે, તેનો નહીં નિરધાર,**
નાશ પામે પળ એકમાં, તેનો નહીં નિરધાર

- જગદીશારાનંદ
* યક્ષે યુધિષ્ઠિરને પ્રશ્ન પૂછ્યો : 'પૃથ્વી પર મોટામાં મોટું આશ્ચર્ય કયું છે ?' ત્યારે યુધિષ્ઠિર કહે છે : 'રોજ હજારો માણસો મરે છે. છતાં બાકી રહેલા એમ જાણે છે કે અમે સ્થિર છીએ, અમર છીએ, આ જ મોટું આશ્ચર્ય છે.
* શ્રીજીમહારાજને દેહની ક્ષણભંગુરતાનું સતત અનુસંધાન રહેતું.
* ગ.અં. ૩૦ : આપણે આ દેહને મૂકીને જરૂર મરી જવું છે. ને તેનો વિલંબ નથી જણાતો. એ તો એમ જ નિશ્ચય જણાય છે જે આ ઘડી, આ ક્ષણમાં આપણે મરવું છે ને સુખદુઃખ, રાજીપો-કુરાજીપો સર્વ ક્રિયામાં એવી રીતે વર્તે છે.
* ગ.મ. ૫૫ : જેમ મનુષ્યને મૂવાટાણે પથારી પર સુવાર્યો હોય, તેમનું તેમ અમારે પોતાની કોરનું અને બીજાની કોરનું અંત અવસ્થા જેવું સદા વર્તે છે.
* **સવાર થાય ને સાંજ પડે છે,**
દિન ઉપર દિન જાયેજી,
આજકાલ કરતા આવરદા,
જો ને ઓછી થાયેજી.

- નારાયણદાસ
* ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જૂનાગઢના સ્થાનિક નાગરોને એમ થતું કે મોડા જઈશું તો શું વાંધો છે ? સ્વામી ક્યાં ચાલ્યા જવાના છે ? અત્યારે નોકરી કરી લઈએ.' ત્યારે સ્વામી કહે : 'નોકરો પડ્યો રહેશે ને ચાલ્યું જવાશે. ને આ સાધુ ય ચાલ્યા જશે.

કાલે કર્યાનું શુભ જેહ કાજ, તે તો ત્વરાથી કરવું જ આજ.
આ દેહ કેરો નહીં નિરધાર, ન થાય પૂરા મનના વિચાર....

- હરિલીલામૃત
* જનક રાજા રાજ્ય કરતા હતા, છતાં આ અનુસંધાન નિરંતર રાખતા. નવ યોગેશ્વર

એમના દરબારમાં આવ્યા ત્યારે જનકરાજા એક સાથે નવને ભેટ્યા. પછી વારાફરતી એક એકને ભેટ્યા. કારણ પૂછતાં કહ્યું : 'નવને વારાફરતી ભેટું અને વચ્ચે દેહ પડી જાય તો બાકીનાને મળવાનું રહી જાય ને ?'

* બંધિયાના ડોસાભાઈને મહારાજે સંદેશો મોકલ્યો. ત્યારે દુકાન પરથી સીધા જ નીકળ્યા. ઘરે કહેવા ન ગયા. કોઈએ ઘરે જવા કહ્યું તો કહે : 'કાળનું તેડું આવે ત્યારે ઘરે કહેવાની રાહ જોવા રહેવાય છે ? તો આ તો ભગવાનનું તેડું છે.'
* કાળની ગતિ કેવી છે ?

ચપેટા કાલકા ઐસા, જપેટા બાજકા જૈસા
કડાકા ગાજકા જાનો, સડાકા બિજુરી માનો...

- પ્રેમાનંદ સ્વામી

* બાળપણ જુવાનીમાં અડધું ગયું,
નથી ભક્તિ મારગમાં પગલું ભર્યું
હવે બાકી છે એમાં દ્યો ધ્યાન, જીવન થોડું રહ્યું...
* યુધિષ્ઠિર સદાવ્રત આપતા હતા. રાત પડી. આથી બંધ કર્યું. આ વાતની ભીમને ખબર પડી. એમણે નગારું વગાડ્યું. સામાન્ય રીતે દુશ્મન પર વિજય થાય ત્યારે નગારું વગાડવામાં આવે છે. ભીમને આનું કારણ પૂછ્યું. તો કહે : 'રાજા યુધિષ્ઠિરનો મૃત્યુ પર વિજય થયો છે. માટે વગાડ્યું.' આવતી કાલે સવાર સુધી તેઓ જીવતા રહેશે એવી તેમને ખાત્રી છે. માટે જ સદાવ્રત બંધ કર્યું.'' આ વાત સાંભળીને યુધિષ્ઠિરે તરત જ સદાવ્રત શરૂ કર્યું.

• કોઈ વાતનો મમત કે પક્ષપાત ન રાખવો.

* ભગવાન ભજ્યામાં બે મોટા વિઘ્ન મમત્વ અને પક્ષપાત છે
* અહીં મમત્વનો અર્થ છે માન અને સ્નેહ. મનધાર્યું કરવું તે. માન હોય તો મોટા પુરુષ પાસે પણ અટંટ રહેવાય એમનું વચન ન મનાય.
* **સખી મેલી દે મનના મરોડને,**
એવો આમળો રે કરે કેને જો કાજ કે...

- નિષ્કુળાનંદ સ્વામી

* બોટાદના ભગા દોશી રસોઈ આપવા ગયા. મહારાજે તેમને કહ્યું : 'આ પૈસાથી કડિયાના પગાર ચૂકવી દો. તેમાં અમે રસોઈ માની લઈશું.' ભગા દોશી ન માન્યા. આગ્રહ કરી રસોઈ જ કરાવી. જે પાછળથી ખૂટી. આમ, મહારાજ રાજી ન થયા. મમત્વને કારણે.
* મછિયાવના ફઈબાને પોતાની વહુ સાથે આંટી પડેલી. આ મનની અવળી આંટી તેઓ મૂકી શક્યા નહીં. ને મહારાજે મછિયાવનું પાણી હરામ કરેલું.

સાધન સર્વે માન બગાડે પળ વિશે,
જેમ ભળિયું પય સાકરમાં અહિ ઝેર જો..

- મુક્તાનંદ સ્વામી

* દેહનું, સગાસંબંધીનું, પદાર્થનું, મમત્વ પણ ભગવાન ભજવામાં વિઘ્નરૂપ છે. ઉદ્ધવજી આટલા જ્ઞાની હતા, પણ શ્રીકૃષ્ણ ભગવાને ઘર છોડવાનું કહ્યું તો કઠણ પડ્યું.
* નીલકંઠ વર્ણી લોઢવામાં લખુ ચારણને ત્યાં પધાર્યા. લખુ ચારણ આત્મજ્ઞાની હતી. વર્ણીની ખૂબ ભાવથી સેવા કરી. વર્ણી ત્રણ માસ રહ્યા ને વરદાન માગવાનું કહ્યું, તો કહે : 'મારો દીકરો વીરો ને સાઠ ભેંસ અમર રહે.' મમત્વને કારણે સાક્ષાત્ ભગવાન પાસે નાશવંત વસ્તુ માગી.
* મમત્વને કારણે જ રૂપરામ ઠાકર શ્રીજીમહારાજને ખાંડ ન આપી શક્યા.
* આ મમત્વ ટાળવા સાંખ્ય વિચાર કરવો.

ક્યાં ગયું કુળ રાવણ તણું, સગર સુત સાઠ હજારજી;
ના રહ્યું નાણું રાજા નંદનું, સર્વે સુપન વ્યવહારજી...

- નિષ્કુળાનંદ સ્વામી

* આવા મોટાનું રહ્યું નથી તો આપણું કેમ રહેશે ?
* તપાસીને જુએ તો ૧૦૦ વર્ષ પહેલા નાતમાં કોઈ નહોતું ને ૧૦૦ વર્ષ પછી કોઈ નહીં હોય.

- ગુણાતીતાનંદ સ્વામી

● પક્ષપાત

* જેવું અવળે પક્ષે કરીને જીવનું ભૂંડું થાય છે, તેવું તો પંચવિષયે કરીને પણ થતું નથી

  - ગુણાતીતાનંદ સ્વામી

* અવળા પક્ષમાં ભળવાથી ભગવાન અને સંતનો દ્રોહ થાય. ને પડવાનું થાય. ગોપાળાનંદ સ્વામી જેવા મહાસમર્થ સંતની ઝોળીમાં પણ અવળા પક્ષે કરીને દેવતા નાંખ્યો.

* આચાર્ય ભગવત્પ્રસાદજી મહારાજ બીજાના કહેવાથી ગુણાતીતાનંદ સ્વામીની પ્રસાદીની ચોકડી તોડવા તૈયાર થયા ને પહેલી કોદાળી એમણે મારી. તેના ફળરૂપે હાથ સડવા લાગ્યો.

* સત્સંગમાં અવળા પક્ષે કરીને મોટા પુરુષમાં મનુષ્યભાવ આવી જાય પરંતુ મોટા પુરુષની રીત તો સર્વનું રૂડું કરવાની જ હોય.'

'અમે કાંઈ સારું નરસું કહીએ છીએ તે તો ભગવાનના ભક્તને સારું લગાડવાને અર્થે કહીએ છીએ. અમારી સર્વે ક્રિયા ભગવાનના ભક્તને અર્થે જ છે. પણ પોતાના સુખને અર્થે એકેય ક્રિયા નથી.' - શ્રીજીમહારાજ

મોટાપુરુષનો આ આશય આપણને ન સમજાય તો પક્ષપાતે કરીને જેની ઉપર હેત હોય તેને વઢે ત્યારે મનુષ્યભાવ આવે.

● પક્ષમાં એક વાત બીજી સમજવાની છે : ભગવાન અને ગુરુનો પક્ષ માથા સાટે રાખવો.

જે સત્સંગનો દ્રોહી હોય ને પરમેશ્વરનું ને મોટા સંતનું ઘસાતું બોલતો હોય, તેની આગળ તો માન રાખવું તે જ સારું છે અને તે ઘસાતું બોલે ત્યારે તેને તીખા બાણ જેવું વચન મારવું. (પં-પ)

◆

સ્વામીની વાત : ૨, પ્રકરણ : ૬, વાત : ૧૪૪

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે :

જો રોટલા મળતા હોય તો આઘોપાછો પગ જ ન ભરવો, ને જો ભરે તો દુઃખી થાય; ને રોટલા તો સૂતા રહે તો પણ મહારાજ સોડમાં દઈ જાય ને નીકર દીધા હોય તે લઈ જાય; માટે દાળ રોટલા ખાઈને ભજન કરી લેવું, લોકના ફિતુરમાં ને વ્યસન જેટલામાં તો આપણા રોટલા છે એમ જાણવું ને ડોળ ન કરવો.

● નિરૂપણ

* આ વાતમાં ગુણાતીતાનંદ સ્વામી જગતના પદાર્થોમાં સંતોષ પામી, તેમાંથી વૃત્તિ પાછી વાળીને ભગવાનને જીવનમાં પ્રધાન કરવાનું સમજાવે છે.
* જગતની તમામ પ્રવૃત્તિ દેહ ને દેહના સંબંધી માટેની છે.
* ગુણાતીતાનંદ સ્વામી : આ લીધું ને આ લેવું છે, આ દીધું ને આ દેવું છે ને આ કર્યું ને આ કરવું છે, આ ખાધું ને આ ખાવું છે, આ જોયું ને આ જોવું છે - એ આદિક અનેક વાતો ખૂટે તેમ નથી. માટે એમાંથી નિવૃત્તિ પામવી ને ભગવાન ભજવા.'
* ગુણાતીતાનંદ સ્વામીએ માવા ભક્તને પૂછ્યું : 'દુનિયા આખી શું કરે છે ?' માવાભાઈ કહે : 'ધૂળનું ધાન અને ધાનની ધૂળ કરે છે.'
* જગતની આ પ્રવૃત્તિનો ક્યારેય અંત નથી. વિષયભોગનાં આ માર્ગમાં ક્યારેય તૃપ્તિ થતી નથી.

  ગ.મ. ૪૭ - પાતાળ સુધી પૃથ્વી ફાટી છે, તે પાણીએ કરીને ભરવા માંડીએ તોય ભરાય તેમ નથી. તેવું જ વિષયભોગનું છે.
* આગળ જેમ જેમ વધીએ તેમ તેમ વધુ ને વધુ પામવાની ઇચ્છા :

નર ઈચ્છે છે નરેશ થાવા, રાજા ઈચ્છે અમરલોક જાવા
અમર ઈચ્છે છે ઈન્દ્રપદવી, ઈન્દ્ર ઈચ્છે થાવા આદ્યકવિ

એટલે કે માણસને રાજા (નરેશ) થવાની ઇચ્છા છે. રાજાને દેવ (અમર) બનવું છે. દેવતાઓને ઇન્દ્રપદ લેવું છે. ને ઇન્દ્રને બ્રહ્માની પદવી (આદ્યકવિ) જોઈએ છે.

* આવી તૃષ્ણાઓમાં જગત આખું ખદબદે છે. કોઈના જીવનમાં સ્થિરતા-સંતોષ જોવા મળતો નથી. તેથી જ કહ્યું છે કે -

આસાનાં મનુષ્યાણાં કશ્ચિદાશ્ચર્યશ્રૃંખલા ।
યયા બદ્ધાઃ પ્રધાવન્તિ, મુક્તાસ્તિષ્ઠન્તિ પઙ્ગુવત્ ॥

આશા નામની સાંકળ એવી આશ્ચર્યકારક છે કે એનાથી બંધાયેલા દોડ્યા કરે છે અને જે મુક્ત છે તે પંગુની જેમ સ્થિર છે.

* આ બધામાંથી પાછા ક્યારે વળાય? જ્યારે એના અંતિમ ફળનો વિચાર કરે ત્યારે.

* સ્વામીની વાત : - તપાસ કરાવો જે હજાર રૂપિયા મળે તો તેનુ શું ફળ છે અને લાખ રૂપિયા મળે તેનું શું ફળ છે, ને કરોડ રૂપિયા મળે તેનું શું ફળ છે. કેમ જે રોટલાથી તો વધારે ખવાતું નથી. માટે પાછા વળવા શીખવું.'

* દેવાનંદ સ્વામી :

'મારું મારું કરીને ધન મેળવ્યું રે; તેમાં તારું નથી તલભાર,
અંતકાળે સગું નથી કોઈનું રે...'

* ગુણાતીતાનંદ સ્વામી : 'જ્યાંથી અચાનક ઉચાળા ભરવા, તે ઠેકાણે ઉદ્યમ કરે છે અને જ્યાંથી કોટી કલ્પે પણ ઉચાળા ન ભરવા, તેના અર્થે ઉદ્યમ નહીં, એ જ અજ્ઞાન છે.'

'ખાલી આવ્યા ખાલી જાશું;
સાથે શું લાવ્યા લઈ જાશું,
જીવન ધન્ય રે બનાવો ભકિતભાવથી...

* એક ખેડૂત બપોર સુધી કામ કરે પછી સૂઈ જાય એક શહેરનો માણસ 'તું વધારે મહેનત કેમ કરતો નથી ?'

જવાબ : 'વધારે રળવાથી શું થાય ?'

શહેરી કહે : 'વધારે પૈસા મળે.'

ખેડૂત : 'પછી શું ?'

શહેરી કહે : 'નિરાંતે ઊંઘ આવી જાય. શાંતિ, શાંતિ.'

ખેડૂત કહે : 'આટલી મહેનત-મજૂરી કર્યા પછી પણ શાંતિથી ઊંઘવાનું હોય, તો તે તો હું અત્યારે કરું જ છું.'

* આ લોકમાં ગમે તેટલું પ્રાપ્ત કરો પછી પણ એ કાયમ તો સાથે રહેતું જ નથી. આથી જીવનમાં મુખ્ય લક્ષ્યને ધ્યાનમાં રાખીને એને માટે પ્રયત્ન કરવો જોઈએ. નહીંતર બધું મેળવ્યા પછી પણ પસ્તાવાનો વારો આવે.

* વિશ્વવિખ્યાત ચિત્રકાર, શિલ્પકાર, માઈકલ એન્જેલો ખૂબ સફળતાઓ પછી ૯૦ વર્ષની ઉંમરે બોલ્યા :

I regret that I have not done enough for the salvation of my soul.

(મને પસ્તાવો થાય છે કે મેં મારા આત્માના કલ્યાણ માટે પૂરતું કામ કર્યું નથી.)

* સિકંદરે આખી જિંદગી રાજ્ય સમૃદ્ધિ અને રાજ્ય વિસ્તારની પ્રાપ્તિ માટે લડાઈઓમાં કાઢી. સમ્રાટ બન્યો પણ અંતકાળે લૌકિક સિદ્ધિની તુચ્છતા અનુભવી ત્યારે બોલી ઊઠ્યો અને ફરમાન કર્યું :

'મારી નનામી સાથે એહને, કબ્રસ્તાનમાં લાવજો,
મારું મરણ થતાં બધુ તૈયાર લશ્કર લાવજો,
આગળ રહે મૃતદેહ ને પાછળ સર્વને દોડાવજો.'
મારા વૈદો અને હકીમોને અહીં બોલાવજો,
મારી નનામી એહને કાંધે ઉપડાવજો.'

છેલ્લે બોલ્યો કે :

'બહુ બહુ બળથી મેળવ્યું પણ ભોગવી હું ના શક્યો,
અબજોની મિલકત ખર્ચતા પણ આ સિકંદર ના બચ્યો.'

* આવા મોટાને પણ છેવટે પસ્તાવો થયો કારણ કે કરવાનું હતું તે ના કર્યું. આથી કવિ નારણદાસ કહે છે :

'નાશવંત આ દેહ વડેથી અવિનાશી ફળ લેવું જી,
પતરાવળાને જમી-કરીને બહાર ફેંકી દેવું જી.'

* સત્સંગ મળ્યા પછી પણ જો સંતોષ ન હોય, પાછી વૃત્તિ વાળવાની ટેવ ન હોય તો

ભગવાનને છોડી વ્યવહાર પ્રધાન થઈ જાય અને વિઘ્ન આવે.

* મયારામ ભટ્ટ અને ગોવિંદરામ ભટ્ટે દુકાન કરવાનો વિચાર કર્યો - રાતે લેખું કરવા બેઠા - આખી રાત ચર્ચામાં જ જતી રહી. સવારે કૂકડો બોલ્યો. પછી વિચાર્યું. કે 'હજી દુકાન શરૂ નથી કરી અને રાતની ઊંઘ ગઈ. તો ભવિષ્યમાં શું થશે ? માટે પાણી લો.' આમ વિચાર માંડી વાળી, યજમાનવૃત્તિ ચાલુ રાખી.

* વસોના વાઘજીભાઈના પિતાશ્રી તુલસીભાઈએ ગુણાતીતાનંદ સ્વામીને વસો બોલાવ્યા. અને કહે : 'બે નહિ, ચાર દિવસ રહો પણ મારા દીકરા વાઘજી જેવું ટાઢું કરો.' આમ કહે ખરા પણ સભામાં ન બેસે અને દુકાને રહે ને આખો દિવસ વેપાર ધંધો કર્યા કરે.

  જ્યારે સ્વામી આરામમાં જવાના થાય ત્યારે આવે અને ટાઢું કરવાની વાત કરે. આવું બે-ચાર દિવસ ચાલ્યું. પછી સ્વામી કહે : 'આ રીતે ટાઢુ ન થાય. આ બધું છોડીને સમય કાઢીને જૂનાગઢ સમાગમ કરવા આવો તો વાત અંદર ઊતરે.'

* વળી, વધુ સંપત્તિ મળે તો એ પણ ભજનમાં વિઘ્નરૂપ છે. 'રૂપવાન સ્ત્રી, ઝાઝું દ્રવ્ય, સારી મેડી મળે તો સત્સંગીને પણ માયાનું બંધન થાય. કેમ જે એમાંથી જીવ નીકળે નહીં. માટે એ તો જેવું-તેવું સાધારણ મળે એ જ સારું છે.' (સ્વા.વાત.)

* ગોપાળાનંદ સ્વામી કહે : 'મારે જો ફરી જન્મ ધરવાનું નિમિત્ત થાય તો ગરીબ સત્સંગી બ્રાહ્મણને ઘરે જ જન્મ ધારણ કરું... કારણ કે રાજ્ય સમૃદ્ધિમાં જીવ અવરાઈ જાય.'

* આથી ભગવાને આપણને જે પરિસ્થિતિમાં રાખ્યા હોય તે સારા માટે નહીંતર ભગવાન ન ભજાય. (કોઈ મર્સીડીઝવાળો રવિસભામાં સમયસર આવતો નથી.)

* રોટલા તો સોડમાં આવીને પણ ભગવાન દઈ જાય.'

* શ્રીજીમહારાજે આપણા માટે બે વરદાન માગેલા છે. આથી અન્નવસ્ત્રે તો દુઃખી નહીં થવા દે. (ગ.પ્ર. ૭૦)

* સ્વામીની વાત : 'રોટલા તો ભગવાનને દેવા છે, સાધુને દેવા છે તે દેશે દેશે ને દેશે.'

* યોગીગીતા : 'આપણે આશરો દૃઢ રાખવો ને ભજન કરવું ને સેવા કરવી તો કોઈ દા'ડો દુઃખ નહીં આવે.'

* સ્વામીની વાત : 'ભગવાન જેવું તો કોઈ પદાર્થ નથી. તે આપણને મળ્યા છે ને જેણે દાંત આપ્યા છે તે ચાવવાનું નહીં આપે ? ને આપણા કપાળમાં કાંઈ રોટલા નહીં લખ્યા હોય ? ને આપણે કાંઈ પ્રભુ વેચી ખાધા છે ? માટે ભગવાન ભૂખ્યા ઉઠાડે, પણ ભૂખ્યા સૂવાડે નહીં. તે પ્રભુ ભજાય તે સારુ ગરીબ રાખ્યા છે. કદાપિ પૃથ્વીનું રાજ આપ્યું હોત તો નરકમાં પડી ચૂક્યા હોત. માટે આપણને આપ્યું નથી.' (૧/૨૪૫)

● **'દાળ-રોટલા ખાઈને ભજન કરવું.'**

* 'દૂધપાક-માલપૂડા ખાઈને' ભજન કરવું એમ ન કહ્યું કારણ કે થોડામાં સંતોષ એ ભક્તનું લક્ષણ છે.'

* આપણા જીવનમાં સાદાઈ ને સંયમ જોઈએ કારણ કે ભક્તને આનંદ ભગવાનનો હોય ફેલફતુરની જરૂર તો જગતના લોકો માટે છે.

* રશિયન તત્ત્વચિંતક મેક્સિમ ગોર્કી અમેરિક ગયા હતા અને બધું જોયું. પાછા વળત પત્રકારોએ પૂછ્યું : 'અમેરિકા કેવું લાગ્યું ? ગોર્કી કહે : 'અરેરે ! આ દેશ એટલો બધ દુઃખી છે કે એને સુખ-શાંતિ મેળવવા આટલ બધાં મનોરંજનનાં સાધનોની જરૂર પડે છે ?'

* ભક્તને સુખ તો ભગવાનની મૂર્તિનું જ હોય.

  'તમારી મૂર્તિ વિના મારા નાથ રે,
  બીજું મને આપશો મા...'

  - પ્રેમાનંદ સ્વામ

● લોકના ફતુરમાં આપણા રોટલા -

જગતમાં ખોટા ફેલફતુરમાં કરોડો રૂપિયા ખર્ચાય છે. પણ સત્સંગીને આવા મોસલ ઊઠી જાય તેથી ખોટા ખર્ચ બંધ થઈ જાય.

* કુસંગીના ફેલમાં સત્સંગીના રોટલા. કારણ કે સત્સંગ થયા પછી બીડી, તમાકુ, દારૂ, બહારની ખાણી-પીણી, હરવા ફરવા ને સિનેમા કે બીજા ખોટા ફેલનો ત્યાગ થઈ જાય ને એમાંથી જે પૈસા બચે એમાંથી સમૃદ્ધિ વધે.
* આથી આ બધાથી સંતોષ પામીને સ્વામી કહે : 'દાળ-રોટલા ખાઈને ભજન કરવું.' દૂધપાક-માલપૂવા ખાઈને ભજન કરવું એમ ન લખ્યું. કારણ કે એમાં તો આરો છે જ નહીં.
* આપણા જીવનમાં કરકસરને સ્થાન આપવું જરૂરી છે.
* પ્રમુખસ્વામી મહારાજના હાથમાંથી દાંત ખોતરવાની સળી પડી ગઈ. એની એ જ શોધાવીને પછી વાપરી. પણ નવી ન લીધી.
* ચશ્માંના કાચ બદલવાના હતા. હરિભક્ત નવી ફ્રેમ લઈ આવ્યા ત્યારે સ્વામીશ્રી કહે : 'મારે કાચમાંથી જોવાનું છે કે ફ્રેમમાંથી.' નવી ફ્રેમ ન સ્વીકારી.
* સારંગપુર ફૂલદોલમાં ભક્તોની શ્રીજીમહારાજને કરેલી પ્રાર્થનામાં આ જ ભાવ છે. (ભક્ત-ચિંતામણિ પ્રકરણ - ૬૪)

'કે'દિ દેશો મા સંસારી સુખ, દેશો મા પ્રભુ વાસ વિમુખ;
દેશો મા પ્રભુ જક્ત મોટાઈ, મદ મત્સર ઈર્ષ્યા કાંઈ.
દેશો મા દેહ સુખ સંયોગ, દેશો મા હરિજનનો વિયોગ;'

◆

૧૪. સ્વામીની વાત : ૬/૧૫૬

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

''એકવાર મહારાજે ઊભા થઈને કહ્યું હતું જે, 'કોઈ નિયમ ભંગ કરશો મા, ને જેને કરવો હોય તે સત્સંગમાં રહેશો મા, ને આ સૂરજ સરખી ગોદડિયું તેમાં ભલા થઈને ડાઘ લાગવા દેશો મા. ને મુને ભગવાન જાણશે ને કુસંગમાં હશે તોપણ કલ્યાણ થાશે, ને સત્સંગમાં રહીને નિયમ ભંગ થાશે એનું તો ભૂંડું જ થાશે.' એમ મહારાજે કહ્યું હતું, ને એના સાધુ પણ રોજ કહે છે...''

(નોંધ : સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.)

● **ગ્રંથ મહિમા :**

❊ વચનામૃતની જેમ 'સ્વામીની વાતો' પણ બ્રહ્મવિદ્યાનો એક અમૂલ્ય ગ્રંથ છે. શાસ્ત્રોનાં ગહન રહસ્યોને સરળ કરી આપનારી આ મર્મસભર વાતો છે.

❊ ગુણાતીતાનંદ સ્વામી સત્સંગ, ઉપાસના તથા એકાંતિક ધર્મની બળભરી વાતો જૂનાગઢ મંદિરમાં તથા ગામોગામ વિચરણ કરીને કરતા. એટલું જ નહીં, પરંતુ તેમના પોતાના જીવનમાં પણ તેની ખૂબ દૃઢતા હતી. તેઓ સાધુતા સંપન્ન અને પંચવ્રતે પૂરા-શૂરા હતા, તેથી વરતાલ અને અમદાવાદ દેશના આદિ આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ તથા શ્રીઅયોધ્યાપ્રસાદજી મહારાજ તેમનો ખૂબ મહિમા સમજતા.

સંવત ૧૯૨૩માં આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજના આમંત્રણથી સ્વામી અમદાવાદ પધાર્યા હતા. અહીં એક દિવસ સ્વામી આચાર્ય મહારાજની હવેલીમાં જમવા પધાર્યા હતા. આચાર્ય મહારાજે સોનાનો થાળ લાવી પિરસાવ્યું અને સ્વામીને તે સોનાના થાળમાં ભોજન ગ્રહણ કરવા વિનંતિ કરી. સ્વામી કહે, 'ધાતુના પાત્રમાં સાધુથી જમાય નહીં.' એ સાંભળી આચાર્ય મહારાજ કહે, 'સ્વામી! આપ તો મહારાજનું સ્વરૂપ છો. એટલે આપને જમવામાં બાધ નથી. આપને તો કચરો ને કંચન બધું સરખું છે.' સ્વામીએ તેમને સમજાવતાં કહ્યું, 'આપ કહો છો તેમ કચરો ને કંચન સરખું છે એ વાત સાચી, પણ મહારાજની આજ્ઞા છે કે આ ધૂળના પાત્ર(લાકડા)માં જમાય અને આ ધૂળના પાત્ર(સોના)માં ન જમાય.' પછી મહારાજશ્રીના આગ્રહથી પત્તરને થાળમાં મૂકી જમ્યા, પણ મહારાજે ત્યાગી માટે આપેલ નિયમનો ત્યાગ ન જ કર્યો.

ગુણાતીતાનંદ સ્વામીના જીવનમાં નિયમ-ધર્મની આવી દૃઢતા હતી, તેથી જ તેઓ બળભરી વાતો કરી શકતા.

❊ ગુણાતીતાનંદ સ્વામીની વાતો સાંભળી મોટા મોટા વિદ્વાન પરમહંસો પણ ખૂબ પ્રસન્ન થતા. એકવાર સ્વામીની આકરી અને બળભરી વાતો સાંભળી સદ્. નિત્યાનંદ સ્વામી બોલી ઊઠ્યા, 'અહોહો! સ્વામી કેટલા બળથી વાતો કરે છે! બીજાથી આવું ન બોલાય. પંડનું વર્તન સારું ન હોય તો શું બોલી શકે? અને કદાચ બોલે તો કોઈને ભાર પણ પડે નહીં... સ્વામીનું તો વર્તન તેવી જ વાણી. વાણીમાં કદાચ સંકોચ રાખે, પણ વર્તનમાં તો શ્રીજીની આજ્ઞામાં રંચમાત્ર પણ ફેર પડવા દેતા નથી.'

● **નિયમપાલનનો ઉપદેશ :**

❊ ગુણાતીતાનંદ સ્વામી ૬/૧૫૬મી વાતમાં શ્રીજીમહારાજની સ્મૃતિ કરી તેમનાં જ ઉપદેશવચનો સંતો-ભક્તોને કહી રહ્યા છે. મહારાજે એકવાર સભામાં આશ્રિતોને

નિયમ-ધર્મ દૃઢાવવા ઊભા થઈને વાત કરી હતી, તે જ વચનોને આજે સ્વામી પુનરાવર્તિત કરી રહ્યા છે. વર્ષો પૂર્વે શ્રીજીમહારાજના મુખે જે વચનોનું શ્રવણ કર્યું હતું, તેનું સ્વામીએ કેટલું મનન-નિદિધ્યાસન કર્યું હશે, ત્યારે તે જ વચનો ઇદમ્ કહી શકે છે.

● **નિયમ-ધર્મની આવશ્યકતા :**

❋ આ પૃથ્વી પર દરેક વ્યક્તિએ અમુક પ્રકારના નિયમોનું પાલન કરવું જ પડે છે. તેમાંથી બાકાત રહી કોઈ આગળ વધી શક્યું નથી, સફળતાના શિખર સર કરી શક્યું નથી. ઘર, કુટુંબ, સમાજ, દેશ, નાના-મોટા ઉદ્યોગો, રમત-ગમત, વિવિધ સ્પર્ધાઓ વગેરે દરેક ઠેકાણે નિયમનની ખૂબ જ જરૂર હોય છે.

◎ એકવાર નાદિરશાહે દિલ્હી ઉપર ચડાઈ કરી દિલ્હી જીતી લીધું. તેને હાથી ઉપર બેસવાની ઇચ્છા થઈ. હાથી મંગાવવામાં આવ્યો. હાથી ઉપર બેસીને નાદિરશાહ કહે, 'લગામ લાવો.' મહાવતે કીધું, 'જહાંપનાહ, હાથીને લગામ ન હોય પણ અંકુશ હોય.' નાદિરશાહ કહે, 'અંકુશ લાવો.' ત્યારે તે કહે, 'એ તો મહાવત પાસે હોય.' આ સાંભળતાં જ નાદિરશાહ હાથી ઉપરથી નીચે ઊતરી ગયો અને બોલ્યો, 'જે પ્રાણીનું નિયમન મારી પાસે ન હોય, તેના ઉપર મારે સવારી કરવી નથી.'

પ્રાણી ઉપર નિયમન આવશ્યક છે, એટલા માટે ઘોડાને લગામ હોય છે અને હાથીને અંકુશ હોય છે. આજના જમાનામાં ગાડીને બ્રેક હોય છે.

ઘોડાને જેટલી લગામની જરૂર છે, ગાડીને જેટલી બ્રેકની જરૂર છે, તેવી માણસ માટે નિયમની જરૂર છે.

❋ આપણે કલ્પના કરીએ કે આપણી પાસે બે ગાડી છે. એક સુવિધાસજ્જ મર્સીડીઝ કાર છે, પણ તેની બ્રેક ફેઈલ થઈ છે. બીજી, સામાન્ય કાર છે. પણ તેની બ્રેક વ્યવસ્થિત છે. તો કઈ કારનો ઉપયોગ કરીશું? સ્વાભાવિક છે, બ્રેકવાળી ગાડીનો. તેમ કોઈ વ્યક્તિ પાસે બુદ્ધિ, શક્તિ, આવડત વગેરે બધું જ હોય પણ નિયમપાલનની ટેક નથી, અને બીજી વ્યક્તિ પાસે બુદ્ધિ, શક્તિ, આવડત વગેરે સામાન્ય છે, પણ નિયમપાલનમાં દૃઢ રહે છે તો સત્પુરુષ કોને પસંદ કરશે? સ્વાભાવિક છે કે જેને નિયમની ટેક છે, તેને જ પસંદ કરશે.

❋ નીતિ-નિયમ, વિધિ-નિષેધ કે કાયદા-કાનૂન લોકોને પૂર્વે પણ કડવાં લાગતાં હતાં, આજે પણ લાગે છે અને ભવિષ્યમાં પણ લાગશે. પણ તેના વિના કોઈ પણ તંત્ર ચાલે તેમ નથી. કોઈ પણ દેશ, સમાજ, ઉદ્યોગ કે વ્યવસ્થામાં અમુક બંધારણ હોય છે અને તે અનુસાર પ્રત્યેક વ્યક્તિએ કાર્ય કરવું અનિવાર્ય છે.

● **નિયમપાલનથી લાભ :**

❋ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં નિયમભંગ ન કરવા લાલબત્તી ધરે છે. નિયમપાલનથી શો લાભ છે, તે સમજાય તો સહેજે નિયમભંગ કરતાં અટકી જવાય.

૧. <u>ભગવાન અને સંતની પ્રસન્નતા થાય</u> :

ભગવાન અને સંતને પ્રસન્ન કરવાનો સુગમ ઉપાય નિયમપાલન છે.

❋ શ્રીજીમહારાજ વચનામૃત ગઢડા **પ્રથમ-૭૮**માં કહે છે કે, **'પંચવર્તમાન સંપૂર્ણ રાખીએ ને તેમાં કોઈ રીતે ખોટ આવવા દઈએ નહિ, તો ભગવાન ને ભગવાનના સંત પ્રસન્ન થાય છે એમાં લેશમાત્ર સંશય નહીં.'**

❋ સન ૧૯૮૮ની સાલમાં પ્રમુખસ્વામી મહારાજ અમેરિકા ધર્મયાત્રામાં પધાર્યા હતા. ત્યારે અનેક નિયમબદ્ધ યુવાનો સ્વામીબાપાનાં દર્શન-સમાગમ માટે આવતા હતા. આ યુવાનો વ્યસન-દૂષણ તો ઠીક, પણ ડુંગળી-લસણ જેવી અભક્ષ્ય વસ્તુઓથી પણ દૂર રહેતા. આમાંના ઘણા યુવાનો દર

મહિને બે એકાદશી ઉપવાસ નિર્જળા કરતા. સ્ત્રી-પુરુષ મર્યાદામાં પણ દૃઢ રહેતા. નિયમિત સત્સંગ સભા ભરતા હતા.

આ યુવકોને જોઈ સ્વામીબાપાની છાતી ગજગજ ફૂલતી હતી. તેઓ મનોમન રાજી થતા હતા. ધર્મયાત્રા બાદ મુંબઈમાં સ્વામીબાપા બોલ્યા પણ હતા કે, 'અમેરિકામાં તો સત્સંગ કરતા યુવકોને જોઈને લાગે કે કોલસાની ખાણમાં કામ કરવા છતાં કાળો ડાઘ ન લાગે એવા આ યુવકો છે.'

◎ નડિયાદ છાત્રાલયમાં અભ્યાસ કરેલા એક યુવાનને આંધ્રપ્રદેશની એક કંપનીમાં નોકરી માટે જવાનું થયું. અહીં ભોજનમાં માંસાહાર તથા ડુંગળી-લસણનું ચલણ હોવાથી તેને શરૂઆતના દિવસોમાં જમવામાં ખૂબ તકલીફ પડી. કેટલાક દિવસો તો ફ્રૂટ પર ચલાવ્યું. પણ પછી સંતો પાસેથી ખીચડી બનાવવાની રીત શીખ્યો. પછી તેણે કંપનીમાં રસોઈયાને આ રીત શીખવી. સહકર્મચારીઓને પણ ખીચડીનો સ્વાદ ભાવ્યો. આ યુવાને આહાર-વિહારની એવી બળભરી વાતો કરી કે ૨૪ કર્મચારીઓ સંપૂર્ણ શાકાહારી બન્યા. પછી તો કંપનીની કેન્ટીનમાં ડુંગળી-લસણ વિનાનું શુદ્ધ શાકાહારી ભોજન બનવાનું શરૂ થઈ ગયું.

મહંત સ્વામી મહારાજ સમક્ષ સંતોએ જ્યારે આ યુવાનના નિયમપાલનની દૃઢતા સંબંધી વાત કરી ત્યારે સ્વામીશ્રી તાળી પાડી ઊઠ્યા અને પોતાનો રાજીપો તે યુવાન પર દર્શાવ્યો.

૨. <u>રક્ષા થાય</u> :

❊ શ્રીજીમહારાજ 'પુરુષોત્તમ બોલ્યા પ્રીતે' ગ્રંથમાં કહે છે, 'સત્સંગીઓની રક્ષા કાજે અમે નિયમરૂપી કોટ બાંધ્યો છે.'

'હરિ કહે હમારે બચન જિતનાં,
વજ્ર કે કોટ સમ રહે તિતનાં'

મહારાજનાં વચન વજ્રના કોટ સમાન છે. તેમાં જેટલું ભક્ત રહે તેટલી તેની રક્ષા થાય છે.

❊ એકવાર યોગીજી મહારાજ પાસે એક યુવક તેના પિતા સાથે આવ્યો. યુવક પરદેશ જઈ રહ્યો હતો, તેથી આશીર્વાદ લેવા આવ્યો હતો. યોગીબાપાએ તેને આશીર્વાદ આપી કહ્યું, 'ત્યાં નિયમ-ધર્મ પાળજો, આડું-અવળું કરતા નહીં, તો રક્ષા થશે.' આ સાંભળી યુવકના પિતાશ્રી વચમાં બોલી ઊઠ્યા, 'અમારે ત્રણ પેઢીનો સત્સંગ છે.' યોગીબાપા કહે, 'ચોથી પેઢીએ સત્સંગ ઊડી પણ જાય... પેઢી-બેઢીનું કામ ન આવે. નિયમ-ધર્મ પાળવા પડે.'

ટૂંકમાં, જે વ્યક્તિ નિયમ દૃઢપણે પાળે છે, તેની લૌકિક તેમજ આધ્યાત્મિક રક્ષા થાય છે.

❊ સન ૨૦૦૭માં પ્રમુખસ્વામી મહારાજ શિકાગો (અમેરિકા) પધારેલા. ત્યારે અમેરિકાની કેટલીક વિશેષતાઓની વાત કરતાં એક યુવકે કહ્યું, 'અહીં એવું રડાર પણ મળે છે કે પોલીસનું રડાર પણ જામ કરી નાંખે.' બીજો યુવક કહે, 'બાપા! આપ પણ એવું રડાર અમને આપો જેથી કામ, ક્રોધ, લોભ, મોહ બધું જ જામ થઈ જાય. એકાંતિક ધર્મ સિદ્ધ કરવામાં જે સ્વભાવો નડે છે તેનાથી રક્ષા થાય.'

પ્રમુખસ્વામી મહારાજ કહે, 'નિયમરૂપી રડાર શ્રીજીમહારાજે આપ્યું જ છે. નિયમ પ્રમાણે વર્તે તો દોષમાત્ર જામ થઈ જાય અને રક્ષા થાય તેમ છે.'

● **નિયમભંગથી નુકસાન :**

❊ ભગવાને આપેલા નિયમોનો ભંગ કરવાથી વ્યક્તિને અનેક પ્રકારે નુકસાન છે.

૧. <u>દુઃખ, કલેશ અને અશાંતિનો અનુભવ</u> :

❊ શ્રીજીમહારાજ વચનામૃત **ગઢડા મધ્ય-૫૧**માં કહે છે કે, **'મોટાપુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી.'**

❊ શિક્ષાપત્રી અને સત્સંગદીક્ષા ગ્રંથમાં આપણને નિયમ આપવામાં આવ્યો છે કે, 'ધન, દ્રવ્ય તથા

જમીન આદિના લેણ-દેણમાં હંમેશાં લિખિત કરવું, સાક્ષીએ સહિત કરવું ઇત્યાદિ નિયમો અવશ્યપણે પાળવા.' આ એક નિયમ લોપવાથી દુનિયામાં અનેક લોકો દુઃખી થયા છે.

આપણા એક હરિભક્ત હીરાનો વ્યાપાર કરતા હતા. સન ૧૯૮૫માં ઊજવાનાર ગુણાતીતાનંદ સ્વામી દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે તેઓને સ્વયંસેવક તરીકે જોડાવાની ઇચ્છા હતી. તેથી કેટલાક હીરા તેમણે મિત્રને સોંપ્યા, પણ કાંઈ લેખિત ન કર્યું. તેમને શ્રીજીમહારાજે આપેલ નિયમ વિષે ખ્યાલ હતો, પણ મિત્ર ઉપર અતિ વિશ્વાસ મૂકી નિયમ લોપ્યો. મહોત્સવમાં સેવા બાદ તેઓ મિત્રને હીરા અથવા તેની રકમ પરત મેળવવા મળ્યા પણ મિત્ર વાતને ઠેલવા લાગ્યો. ન તો હીરા મળ્યા, ન તો રૂપિયા. એક દિવસ તેણે સામેથી તે હરિભક્તને બોલાવી પોતાની ઓફિસમાં બેસાડ્યા. તેણે અગાઉથી પોલીસને ખોટી ફરિયાદ કરેલ કે, 'આ મને રોજ ધમકી આપે છે.' પોલીસ તે હરિભક્તની ધરપકડ કરી જેલમાં લઈ ગઈ.

એક નિયમ લોપ્યો તો હીરા તો ગુમાવ્યા, સાથે જેલની હવા પણ ખાવી પડી.

૨. <u>અધોગતિ થાય</u> :

* જીવ મોટેભાગે પંચવિષયનું સુખ મેળવવા નિયમભંગ કરતો હોય છે. પણ તેમ કરવાથી તેને સુખ તો મળતું જ નથી.
* નિષ્કુળાનંદ સ્વામી પણ વચનવિધિમાં કહે છે, **'અલ્પ સુખ સારુ આજ્ઞા, લોપે છે શ્રીહરિ તણી; પરમ સુખ કેમ પામશે, ભાઈ ધારજો તેના ધણી.'**
* શ્રીજીમહારાજ વચનામૃત **ગઢડા મધ્ય-૩૯**માં કહે છે કે, '**જે (ધર્મમર્યાદામાં) ન રહે તે મોટા હોય તોપણ પોતાની સ્થિતિ થકી પડી જાય. અને જે સાધારણ હોય ને તે મર્યાદા લોપે તો તેની અધોગતિ થાય છે.**'

આપણા ઘરે ભલે બાપ-દાદા વખતનો સત્સંગ હોય અથવા આપણે પોતે વર્ષો જૂના સત્સંગી હોઈએ, પણ નિયમ-ધર્મની મર્યાદાનો ભંગ કરી પંચવિષય ભોગવીએ, તો આપણી પડતી નિશ્ચિત છે.

* પ્રમુખસ્વામી મહારાજ પાસે એક યુવાને પોતાની ભૂલની રજૂઆત નિષ્કપટભાવે કરી હતી. નાનપણમાં તે સત્સંગના યોગમાં હતો, પણ કુસંગી મિત્રોના યોગે તેણે પોતાના નિયમ નેવે મૂકી દીધા. અશ્લીલ સાહિત્ય અને ફિલ્મોમાં તેણે પોતાનો અભ્યાસ પણ બગાડ્યો. તેનું જીવન ખુવાર થઈ ગયું.

આવા તો દુનિયામાં કેટલાય લોકો છે જે નિયમભંગ કરી પોતાનું જીવન ખુવાર કરે છે.

૩. <u>ભગવાન અને સંતનું ખોટું દેખાય</u> :

* ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં કહે છે કે, 'આ જે સૂરજ સરખી ગોદડિયું તેમાં ભલા થઈને ડાઘ લાગવા દેશો મા.' અર્થાત્ આ શુદ્ધ સ્વામિનારાયણ સંપ્રદાયને, ભગવાન અને સંતને સંપ્રદાયના નિયમ વિરુદ્ધ વર્તનથી કલંકિત કરશો નહીં.
* આ લોકમાં પણ કોઈક વ્યક્તિના અયોગ્ય વર્તનથી તેના કુળ, સમાજ, દેશને લાંછન લાગે છે.

માર્ચ ૨૦૧૮માં ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાની ક્રિકેટ ટીમ વચ્ચે ટેસ્ટ મેચ રમાઈ રહી હતી. ત્રીજી ટેસ્ટ મેચમાં કેમેરોન બેન્ક્રોફ્ટ નામનો બોલર બોલ સાથે ચેડા કરતો કેમેરામાં દેખાયો. ક્રિકેટના નિયમ અનુસાર આમ ન કરી શકાય. આ કાર્યમાં ટીમના કેપ્ટન અને વાઈસ-કેપ્ટન પણ સંડોવાયા હતા. International Cricket Council(ICC)એ આ ત્રણે ખેલાડીઓને યોગ્ય દંડ આપ્યો. વાત અહીંથી અટકતી નથી. ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રીને આ સમાચારથી અત્યંત દુઃખ થયું. તેમણે ઓસ્ટ્રેલિયાના સ્થાનિક ક્રિકેટ બોર્ડને

આ ત્રણે ખેલાડીઓ તરફ કડક પગલાં ભરવા કહ્યું. આ ત્રણે ખેલાડી આંતરરાષ્ટ્રીય ક્રિકેટરો, અધિકારીઓ, ક્રિકેટ ચાહકોના પણ ટીકાપાત્ર બન્યા. કેટલીક વ્યક્તિઓએ કરેલ નિયમભંગ વિશ્વભરમાં ફજેતીનું કારણ બની. તેમાં ટીમનું તથા દેશનું નામ વગોવાયું.

આ જ પ્રમાણે સત્સંગમાં આપણા દ્વારા થતો નિયમભંગ કેટલીક વાર સત્સંગ સમાજ, ઈષ્ટદેવ અને ગુરુની નિંદાનું કારણ બને છે. આપણાથી સેવા વત્તા-ઓછા પ્રમાણમાં થાય તેનો વાંધો નથી, પરંતુ અસેવા તો ન જ કરવી જોઈએ.

* બ્રહ્માનંદ સ્વામી કીર્તનમાં કહે છે,

'ब्रह्मानंद कहे धर्मसे पाव डगे,
होये कायर मन मेरो पीछो भगे,
तो मेरे कुलकुं मोटो कलंक लगे।'

● નિયમ દૃઢ કરવાના ઉપાય :

અંતર્દૃષ્ટિ કરવાથી વ્યક્તિને નિયમપાલનમાં પોતાની ખામી જણાય છે. ભગવાનના સાચા ભક્ત હંમેશાં પોતાની આ ખામી દૂર કરવા તત્પર રહે છે. નિયમપાલન દૃઢ કરવા નીચેના ત્રણ ઉપાયો અજમાવી શકાય.

૧. <u>રાજીપાનો વિચાર</u> :

આપણે પાકો નિરધાર કરવો જોઈએ કે આ દેહે કરીને મારે શ્રીજીમહારાજ અને મહંત સ્વામી મહારાજને રાજી કરવા માટે મારા નિયમ-ધર્મ અતિશય દૃઢપણે પાળવા જ છે.

* મહંત સ્વામી મહારાજ પોતાના અનુભવની વાત કરતાં કહે છે, 'યોગીજી મહારાજ યુવકોને નિત્યપૂજા, તિલક-ચાંદલો કરવા, નિયમ-ધર્મ પાળવા, રવિસભા ભરવા પ્રેરણા આપતા. વર્ષ દરમ્યાન યુવકના મનમાં આ જ વિચાર રમતો હોય કે યોગીબાપાએ જે નિયમો આપ્યા છે તે દૃઢપણે પાળવા છે અને તેમને રાજી કરવા છે. યુવકોને વેકેશન પડે એટલે સૌ યોગીબાપા પાસે પહોંચે. ત્યારે જે યુવકોએ વર્ષ દરમ્યાન બરાબર નિયમ પાળ્યા હોય તે દોડીને યોગીબાપાના ચરણોમાં પડે. જે શિથિલ વર્ત્યા હોય તેનું પોતાનું મન પાછું પડે.'
* આપણા મનમાં પણ જો આવો મહંત સ્વામી મહારાજને રાજી કરવાનો વિચાર રમવા લાગે તો નિયમપાલન સુગમ બની રહે.
* અંકલેશ્વર વસતા એક હરિભક્તનું સ્વાસ્થ્ય બગડ્યું. તાવ અને અશક્તિ રહ્યા કરે. ડોક્ટરે કમળો હોવાનું નિદાન કર્યું. કમળાની અસર વિશેષ હોવાથી ડોક્ટરે તાત્કાલિક દવા લેવા સૂચવ્યું. પણ આ હરિભક્તને હજુ સ્નાન, નિત્યપૂજા બાકી હતાં. તેમણે ડોક્ટરને સ્નાન-પૂજા થઈ ગયા બાદ દવા લઈશ તેવી વાત કરી. ડોક્ટરને આ વાત ગળા નીચે ન ઊતરી. તેમણે પોતાના આ દર્દીની સારવાર વહેલી શરૂ થાય તેથી દવા તાત્કાલિક લેવા કહ્યું. આવા સમયે આ હરિભક્તના મનમાં પ્રમુખસ્વામી મહારાજને રાજી કરવાનો વિચાર ચાલી રહેલો. 'મારે સ્વામીશ્રીને રાજી કરવા નિત્યપૂજાનો નિયમ લોપવો નથી.' એવા વિચારથી તેઓ સ્પષ્ટ અને મક્કમ રહ્યા. અશક્તિ હોવા છતાં સ્નાનવિધિ પતાવી. હોસ્પિટલના બિછાને સૂતાં સૂતાં પૂજા કરી. પછી જ દવા લીધી.

ભગવાન અને સંતને રાજી કરવાનો વિચાર હોય તો નિયમ દૃઢપણે પાળી શકાય છે.

૨. <u>લાજ</u> :

* શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા અંત્ય-૨૬**માં કહે છે કે, જેના હૈયામાં લાજ હોય તે નિયમ લોપી શકે નહીં.
* અમેરિકા નિવાસી શ્રી પરેશભાઈ ત્રિવેદીએ સન ૧૯૭૪-૭૭ દરમ્યાન વલ્લભ વિદ્યાનગરમાં રહી અભ્યાસ કર્યો. તેઓ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સંચાલિત છાત્રાલયમાં રહેતા હતા. મિત્રો સાથે મોજ-શોખ કરવાં તેમને ગમતાં. કોલેજમાં 'ધમાલ ગ્રુપ'ના તેઓ સભ્ય હતા. છાત્રાલયમાં

રહે ત્યારે રોજ સવારે તિલક-ચાંદલો કરે, પરંતુ છાત્રાલયની બહાર નીકળે ત્યારે તિલક-ચાંદલો ભૂંસી નાંખે.

એક દિવસ પ્રમુખસ્વામી મહારાજે તેમને તિલક-ચાંદલા અંગે પૂછ્યું અને તિલક-ચાંદલો ન ભૂસવા માટે આજ્ઞા પણ કરી. પરેશભાઈ હવે રોજ તિલક-ચાંદલો કરી કોલેજ જવા લાગ્યા. તેમ કરવાથી કોલેજમાં તેમની છાપ બદલાઈ ગઈ. લોકોને ખબર પડી કે આ તો સ્વામિનારાયણનો સત્સંગી છે. પરિણામે મિત્રો સાથે પૂર્વેની જેમ તેઓ હોટલમાં જાય તો તેઓ કશું ખાઈ શકતા નહીં. બહારની ચા પણ બંધ થઈ ગઈ. તેમને લાગતું કે એક સત્સંગી તરીકે હું નિયમ તોડીશ તો મારા ઈષ્ટદેવ, ગુરુ અને સત્સંગનું ખોટું દેખાશે. લાજે કરીને તેઓ સત્સંગના નિયમ પાળતા થયા.

૩. <u>શૂરવીરપણું</u> :

❊ નિયમપાલનમાં ઇન્દ્રિયો-અંતઃકરણ, કુસંગ, મહોબત અને અનેક પ્રલોભનો વિઘ્નરૂપ છે. આ વિઘ્નરૂપ તત્ત્વો સામે નિયમની દૃઢતા રાખવા માટે શૂરવીરતાની જરૂર છે.

❊ અંગ્રેજીમાં કહ્યું છે, 'Develop the courage to say no.' આપણે ના કહેવાની હિંમત કરવી પડે.

❊ એકવાર ઇંગ્લેન્ડનાં મહારાણી એલિઝાબેથનાં માતુશ્રી કેનેડા પધાર્યાં હતાં. તેમના આગમન નિમિત્તે ડીનર પાર્ટીનું આયોજન થયું હતું. આપણા સત્સંગીબંધુ ભગવાનજીભાઈ માંડવિયાને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આવી પાર્ટીમાં દારૂ, માંસ વગેરે હોય જ. આવા સમયે કાચા-પોચાને એમ જ વિચાર ચાલે કે હું આવું કંઈ લેવાની ના પાડીશ તો કેવો લાગીશ? પણ ભગવાનજીભાઈએ તો અગાઉથી જ આવી કોઈ વસ્તુ ગ્રહણ કરવાની સ્પષ્ટ ના પાડી દીધી. પાર્ટીમાંથી ઘરે પાછા મોકલી દે તેનો ભય જ નહીં!

❊ ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું, **'ખરેખરા શૂરવીર હોય તે માથું જાય તોપણ વર્તમાન લોપે નહીં.' (અક્ષરામૃતમ્-૮/૨૭)**

આમ, જે ભક્તને ઈષ્ટદેવ અને ગુરુને રાજી કરવાનો વિચાર હોય, તેમની લાજ હોય અને શૂરવીરપણું હોય તે નિયમોને દૃઢપણે પાળી શકે છે.

● **અંતિમ વાક્યનું તાત્પર્ય :**

❊ ગુણાતીતાનંદ સ્વામી છેલ્લે કહે છે કે, "મુને ભગવાન જાણશે ને કુસંગમાં હશે તોપણ કલ્યાણ થાશે, ને સત્સંગમાં રહીને નિયમ ભંગ થાશે એનું તો ભૂંડું જ થાશે.' એમ મહારાજે કહ્યું હતું."

❊ અહીં શ્રીજીમહારાજ કે ગુણાતીતાનંદ સ્વામીનો કહેવાનો ભાવ એવો નથી કે સત્સંગની બહાર રહીને નિયમ ન પાળે છતાં શ્રીજીમહારાજને ભગવાન જાણવા-માનવાથી એનું કલ્યાણ થાય, અને જે હરિભક્ત સત્સંગમાં રહીને નિયમભંગ કરે તો તેનું અકલ્યાણ થાય. પરંતુ શ્રીજીમહારાજનું કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે સત્સંગમાં રહ્યા છીએ અને ભગવાન અને સંતનો મહિમા જાણ્યો છે, તો કોઈ રીતે નિયમભંગ ન કરવો.

ઉપરોક્ત વાક્યોમાં તેમનો સત્સંગીઓને નિયમ પ્રમાણે વર્તાવવાનો આગ્રહ દેખાય છે.

❊ જો કોઈ વ્યક્તિ એમ માની લે કે આપણને મહારાજ-સ્વામીની પ્રાપ્તિ થઈ તેથી નિયમ-ધર્મ કદાચ ન પળાય તો પણ આપણું કલ્યાણ નિશ્ચિત છે, તો તે વિચાર ખોટો છે. અક્ષરધામમાં જવાની બે પાંખો છે - આજ્ઞા અને ઉપાસના. અક્ષરધામમાં જવા માટે ઉપાસનાની સાથે આજ્ઞા જરૂરી છે. અહીં મહારાજ કહે છે કે નિયમ ભંગ કરશે તેનું ભૂંડું જ થાશે. તેથી તમામ આશ્રિત ભક્તોએ નિયમો દૃઢપણે પાળવા જ જોઈએ.

આપણે સૌ મહારાજ-સ્વામીની નિયમ-ધર્મની આ રુચિ અનુસાર નિયમમાં દૃઢ થઈએ એ જ પ્રાર્થના.

સ્વામીની વાત : ૧, પ્રકરણ : ૬, વાત : ૧૫૮

સ્વામિનારાયણ હરે..... સ્વામીએ વાત કરી જે.....

એક વાર મહારાજે ઊભા થઈને કહ્યું હતું જે, કોઈ નિયમ ભંગ કરશો મા, ને જેને કરવું હોય તે સત્સંગમાં રહેશો મા, ને આ જે સૂરજ સરખી ગોદડિયું તેમાં ભલા થઈને ડાઘ લાગવા દેશો મા. ને મુને ભગવાન જાણશે ને કુસંગમાં હશે તો પણ કલ્યાણ થાશે, ને સત્સંગમાં રહીને નિયમભંગ થાશે એનું તો ભૂંડું જ થાશે. એમ મહારાજે કહ્યું હતું, ને એના સાધુ પણ રોજ કહે છે. તે માટે ન રહેવાય તો માગ દેજો. ને ઉંદર ને મીંદડી વહાણમાં બેઠા. તે મીંદડી કહે, ધૂડ્ય ઉડાડ મા. ત્યારે ઉંદર કહે, મારનારી થઈ હો તો આમ જ મારને. એમ જે જનારા થયા હો તે જજો પણ મીંદડીની પેઠે કરશો મા.

● વાતનું નિરૂપણ

* ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં મહારાજની વાતનો ઉલ્લેખ કરીને સત્સંગમાં નિયમ પાલનની મહત્તા સમજાવે છે. આ વાતમાં સત્સંગને સૂરજની ઉપમા આપી છે. જેમ સૂર્ય નિષ્કલંક, પ્રકાશવાન અને અતિ શક્તિશાળી છે. જેનાથી સમગ્ર પૃથ્વીનું અંધારું પળમાં નાશ પામે છે અને જીવપ્રાણીમાત્ર, ફળ-ફૂલ વધે છે. એ જ રીતે સત્સંગીના શુદ્ધ અને નિષ્કલંક જીવનથી પણ આવો જ સમાસ થાય છે. આથી

સ્વામિનારાયણ સંપ્રદાયને ઉજળા સંપ્રદાય તરીકે વર્ણવેલો છે.

* મહારાજે કહ્યું છે કે આ સાધુ ને આ નિયમ અમે અક્ષરધામમાંથી લાવ્યા છીએ. (૩/૫૫)

કલિમેં સાચો સતયુગ આયો,
સ્વામિનારાયણ દેવ પ્રગટ ભયે...
ચાર વરણ કે ધર્મ સનાતન, વેદ પુરાન બતાયો.
નેમ સહિત પાલત નરનારી, ભવજલ પાર પમાયો.

- દેવાનંદ સ્વામી

* મહારાજે એવી સુંદર રીત પ્રવર્તાવી છે જેનાથી સહેજે ગુણ આવે.
* કવિ નાનાલાલ : શ્રીજીએ પ્રવર્તાવેલ ધર્મમાર્ગની લાક્ષણિકતા એ છે કે એ આચાર સ્વચ્છતાનો, વિચાર સ્વચ્છતાનો, વ્યવહાર સ્વચ્છતાનો, અને સર્વદેશીય આંતરબહિર સ્વચ્છતાનો માર્ગ છે.
* આપણા સંપ્રદાયમાં આપણા પૂર્વજો એવું ઉજળું જીવન જીવી ગયા, જેનાથી સંપ્રદાયનો ઇતિહાસ ઉજ્જવળ છે.
* પરમહંસો : આત્માનંદ સ્વામી વચનની મૂર્તિ કહેવાતા, જ્યારે કૃપાનંદ સ્વામીને તો નિયમ લોપ થાય તો ગળામાં ઊની કોસ ઘાલે એટલી પીડા થાય.
* હરિભક્તો : સુરા ખાચર પાસે જસદણમાં એક કુલટા સ્ત્રી તેમને ભ્રષ્ટ કરવા આવી તો, શૂરવીરતા દાખવી રાતોરાત ગઢડા જવા નીકળી ગયા. જ્યારે અભેસિંહ દરબારે જામ સાહેબની મહોબત છોડી, પણ દારૂ ન પીધો. સગરામ વાઘરીએ રસ્તામાં પડેલો ચાંદીનો તોડો ન લીધો.
* છાણીના તેજા વણકરે નાગર બ્રાહ્મણની રસોઈ ન લીધી. કારણ કે શંકા ગઈ કે પાણી ગાળીને વાપર્યું હશે કે નહીં ?
* રાજબાઈ જેવા બાઈ હરિભક્તો પણ બ્રહ્મચર્યનિષ્ઠ હતા. તેમણે દેહ મૂક્યો તો અગ્નિ પણ ચિતામાં પ્રવેશ ન કરી શક્યો.
* આજે પણ એવા શુદ્ધ વર્તનવાળા હરિભક્તો છે જ.
* ઉપેન્દ્ર ઓઝાને યુગાન્ડાથી કેનેડા જવાનું થયું. ત્યાં શાકાહારી ભોજનની વ્યવસ્થા ન હતી. તો કેનેડાની સખત ઠંડીમાં ૩ મહિના સુધી ફક્ત બાફેલા ચણા ખાઈને રહ્યા.
* અમેરિકાના ડૉ. કે.સી. પટેલ એક પાર્ટીમાં ગયા. પણ એ દિવસે એકાદશી હતી. તેથી નિર્જળા ઉપવાસ સારધાર પાળ્યો. સૌને ઘણો અહોભાવ થયો.
* લંડનમાં એક બાળકે બિમારીમાં ડૉક્ટરોના આગ્રહ છતાં ઈંડાં ન ખાધાં.
* જામનગરની બાજુમાં ગુલાબનગરના રમણિકભાઈ દુષ્કાળ દરમ્યાન એક જણના ઘેર કામ કરવા જતા હતા. માલિકના ઘરમાંથી રૂપિયા અઢી લાખની ચાંદી મળી. ન લીધી.
* અમેરિકામાં હાર્વર્ડમાં સારો અભ્યાસ કરી ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરનાર વિપુલ પટેલે પાંચ વર્ષથી ટી.વી. જોયું નથી.
* નૈરોબીમાં અનિલભાઈ અને દીનેશભાઈ સામાણીએ હેન્ડન વિસ્તારમાં આવેલ રોલેક્સના શો રૂમમાંથી લાખ રૂપિયાનું એક એવા બે ઘડિયાળ લીધા. ભૂલમાં મેનેજરે ત્રણ આપી દીધા. ત્રીજું પાછું આપવા ગયા. મેનેજરને આશ્ચર્ય. બંનેએ સ્વામીશ્રીનો ફોટો બતાવી કહ્યું : 'અમારા ગુરુનો આદેશ છે કે પ્રામાણિકપણે રહેવું.

● **આપણી ગુરુપરંપરાના જીવનમાં પણ મહારાજની આજ્ઞા અને નિયમોનું અતિ દૃઢ પાલન છે.**

* યોગીજી મહારાજ નૈરોબીથી એન્ટેબે જતા હતા. પ્લેનમાં સ્ત્રીઓ પહેલા બેસી ગઈ. નિયમ સાચવવો હોય તો બધાને ઉતારવા પડે. પણ યોગીજી મહારાજે એ ઢીલું ન મૂક્યું. 'નિયમ સચવાય તો જ આ પ્લેનમાં જવું છે.' છેવટે બધા ઊતર્યા. ત્યારે જ પ્લેનમાં બેઠા.

* ગોંડલમાં શાસ્ત્રીજી મહારાજને ૮૦ વર્ષની ઉંમરે બાળકી અડી ગઈ. તો પણ ઉપવાસ કર્યો.
* ગુણાતીતાનંદ સ્વામીને અમદાવાદના આચાર્ય મહારાજે સોનાના થાળમાં જમવા અતિશય આગ્રહ કર્યો છતાં લાકડાના પત્તરમાં જ જમ્યા.
* ૧૯૯૫માં સ્વામીશ્રી લંડન ગયા. ત્યાં પત્તર બીજી ગાડીમાં રહી ગયું. સાડા ત્રણ વાગે પત્તર આવ્યું ત્યારે જ જમ્યા.
* ગુજરાતના બે વિદ્વાન સાક્ષરો દ્વારા સ્વામીશ્રીને સલાહ મળી : 'જો સ્ત્રીઓ સાથેના નિયમમાં થોડી છૂટછાટ લો તો આખી દુનિયામાં સત્સંગ વધે.' ત્યારે સ્વામી બોલ્યા : 'ચાલે એટલા દિવસ અમારું ચલાવીશું. નહીંતર ખૂણામાં બેસી ભજન કરીશું. પણ મહારાજે આપેલા નિયમોનો ભંગ કરીને સત્સંગ ફેલાવવો નથી.'
* યોગીજી મહારાજ : 'ધન કરતા ધરમ વધે. અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજનો આ સિદ્ધાંત હતો.'
* આપણા ગુરુઓએ આવું અણીશુદ્ધ વર્તન પોતાના જીવનમાં આચરીને આપણને આદર્શ ચીંધી આપ્યો છે. 'આપણે કોના છીએ ?' આવી અસ્મિતા જો આપણને જાગે તો ય શુદ્ધ વર્તન જીવવાની પ્રેરણા મળે.
* જોગીદાસ ખુમાણને એક વાર પરસ્ત્રી સામે કુદૃષ્ટિથી જોવાઈ ગયું. 'હું જોગીઓનો દાસ કહેવાઉં ને મને આ વિચાર આવ્યો.' પોતાની આંખમાં મરચું ભર્યું. એમ આપણને આવું થાય તો અવળું વર્તાય જ નહીં.
* ભગતજી મહારાજ : 'મુમુક્ષુ હોય એ તો ગુરુની લાજ જાય એવું વર્તન કરે જ નહીં.'
* ગુણાતીતાનંદ સ્વામીની આજ્ઞાથી જોરા ભગત અને વેરાભાઈ આલેશના નેસમાં ખીમા ટાલિયાને ત્યાં ગાયો લેવા ગયા છે. ગાયો લીધી. ભરવાડણે બંને ગાયોને ચાંદલા કરી ખોળો પાથરી પગે લાગી શીખ આપી, 'માવડીયું શીંગડે પૂંછડે કે પગે કોઈને મારશો નહીં. ટાણે કટાણે દોહવા દેજો ને ઝોકની લાજ રાખજો.''

સ્વામીશ્રીને આ વાત કરી ત્યારે સ્વામી કહે : 'ભરવાડણને ઝોકની લાજની ચિંતા છે. તેમ આપણે સ્વામિનારાયણની ઝોકની લાજ રાખવી.'

● આપણા માટે નિયમો કયા છે ?

૧. શિક્ષાપત્રીની આજ્ઞાઓ. ૨. નિર્વિકલ્પ ઉત્તમ અતિ. પ્રાર્થનાના અગિયાર નિયમો. ૩. સ્વામીશ્રી દ્વારા અપાતી સમય સમયની આજ્ઞાઓ જેવી કે રવિસભા, ઘરસભા, દશાંશ ધર્માદો...

* મહારાજે વચનામૃતમાં 'ભક્તિ'નું પ્રાધાન્ય બતાવ્યું છે. પણ બધે જ 'ધર્મે સહિત' ભક્તિ એ શબ્દ અવશ્ય મૂક્યો છે.
* ગ.મ. ૩૫ : 'જો ધર્મ ન હોય તો માથે પાણો લઈને સમુદ્રને તરવાને ઇચ્છે એવો જાણવો ને તેને ચાંડાળ જેવો જાણવો.'

સૌ તમે પાળજો રે સર્વે દૃઢ કરી મારા નેમ,
તમ પર રીઝશે રે, ધર્મ ને ભક્તિ કરશે ક્ષેમ

– પ્રેમાનંદ સ્વામી, ઓરડાનાં પદો.

* એક હરિભક્ત મહારાજની કેડ દાબતા હતા. મહારાજ કહે : 'ઉપર ચડીને દાબો.' હરિભક્ત કહે : 'આપની કેડ પર પગ કેમ દેવાય ?' મહારાજ કહે : 'મારી જીભ પર તો પગ મૂકે જ છે. ત્યાં વિચાર નથી આવતો.' મહારાજના આપેલા નિયમો લોપવા એટલે એમની જીભ પર પગ દીધા બરાબર જ છે.
* 'આ નિયમો પ્રમાણે જે ન વર્તે તે તો અમારા સંપ્રદાયની બહાર છે.' – શિક્ષાપત્રી
* સત્સંગીને દુઃખ આવવાનું કારણ આજ્ઞાલોપ જ છે. ગ.પ્ર. ૩૪ મુજબ
* આપણે જો આજ્ઞા પાળીએ તો જ ભગવાન ને સંત આપણને પોતાના માનીને રક્ષા કરે.
* 'અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો તમને મહાકષ્ટ કોઈક આવી પડશે.

તેથી અથવા સાત દકાળી જેવું દુઃખ પડશે તે થકી રક્ષા કરશું અને કોઈ ઉગર્યાનો આરો ન હોય એવું કષ્ટ આવી પડશે તે થકી રક્ષા કરશું. જો અમારા સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો ને સત્સંગ રાખશો તો. ને નહીં રાખો તો મહાદુઃખ પામશો તેમાં અમારે ને તમારે લેણાદેણા નથી.'(જેતલપુર-૫)

સુખદુઃખ આવે સર્વે ભેળું, તેમાં રાખજો સ્થિર મતિ,
જાળવીશ મારા જનને, વળી કરીશ જતન અતિ
એમ કરતા જો પંડ પડશે, તો આગળ સુખ છે અતિ ઘણું.
પણ વ્રત ટેક જો ટાળશો તો, ભોગવશો સહુ સહુ તણું.

- ભક્તચિંતામણિ

* ગુણાતીતાનંદ સ્વામીએ રઘુવીરજી મહારાજને કહ્યું : 'તમે મહારાજના પુત્ર છો, પણ અમને સમાચાર મળે કે સિગરામમાં તમારી ભેગી ૬ માસની બાળકી છે, તો જૂનાગઢ મંદિરના દરવાજા બંધ કરાવી દઉં. આપણે ધર્મનું હેત છે.'
* માટે નિયમ ધર્મ શિર સાટે પાળવા. નિયમધર્મનો લોપ કરીને સત્સંગમાંથી વિમુખ થવું પડે એ ઉંદર ને મીંદડી જેવું કર્યું કહેવાય. એક વાર વહાણમાં ઉંદર અને બિલાડી બેઠા હતા. બિલાડીને ઉંદર મારવો હતો. એટલે તે કહે : 'ઉંદર, ધૂડ ના ઉડાડીશ.' હવે સમુદ્રમાં ધૂડ ક્યાંથી ઊડે. એટલે ઉંદરે કહ્યું : 'મને મારવાનું આવું બહાનું કાઢવાની જરૂર નથી. મારવો હોય તો આમ જ મારને. ઓઠું ન લે.' એમ આપણે પણ સત્સંગ મૂકવો હોય તો સીધો જ મૂકી દેવો. ન પળે તો નિયમ ધર્મ લોપીને ન મૂકવો.

◆

૮. સ્વામીની વાત : ૬/૧૬૯

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

માંગરોળમાં મહારાજ મૂલચંદભાઈને ત્યાં જમવા ગયા, તે રસ્તામાં એક કબો વાણિયો વેપારમાં ખોટ ગઈ તે ઘેલો થઈ ગયેલ, તે હાટમાં બેઠો બેઠો ત્રાજવામાં ધૂડ્ય ને છાણ ને પાણા ભરી ભરીને તોળે, પછી કહે જે, 'લિયો સાકર, લિયો એલચી', એમ કહે. પછી મહારાજ કહે, 'આ કોણ છે ?' એટલે હરિભક્તે કહ્યું જે, 'એ તો કબો ગાંડો છે.' ત્યારે મહારાજ કહે, 'હું તો જે જીવ ભગવાનને નથી ભજતા એ બધાય કબા ગાંડા છે એમ જાણું છું.'

(નોંધ : <u>સમયની મર્યાદામાં મેટર પૂરું થાય તેમ ન હોય તો, '◎' નિશાનીવાળું મેટર છોડી દેવું.</u>)

* કબો વાણિયો માંગરોળમાં રહેતો. વ્યાપાર અર્થે દૂરદેશાવર સફર ખેડતાં તેનાં કિંમતી માલ-સામાનવાળાં વહાણ ડૂબી જવાથી તેનું મગજ અસ્થિર થઈ ગયું હતું. ત્યારથી તે બજારમાં ઠીકરાના ધૂળ-કાંકરા ભરેલા ત્રાજવામાં વેપારની ક્રિયા કરતો. પછી કહે, 'લિયો સાકર, લિયો એલચી.' તેથી લોકો તેને કબો ગાંડો કહી સંબોધતા. શ્રીજીમહારાજ એકવાર માંગરોળ પધાર્યા ત્યારે તેના પર દૃષ્ટિ કરીને કહ્યું હતું કે, 'જે ભગવાન નથી ભજતા, તે બધા કબા ગાંડા જ છે!'
* શ્રીજીમહારાજ અહીં ભગવાનના ભજનનો મહિમા કહે છે કે ભજન વિનાનું મનુષ્ય જીવન નિરર્થક છે. ગમે તેવો ડાહ્યો, બુદ્ધિશાળી, લોકમાં પ્રતિષ્ઠિત કે સંપત્તિવાન હોય, પણ જો સત્સંગ ન હોય, ભગવાનની ભક્તિ ન કરતો હોય તો તે અર્થહીન છે.
* શ્રીજીમહારાજે **ગઢડા પ્રથમના ૫૦**મા વચનામૃતમાં બુદ્ધિશાળીની વ્યાખ્યા કરતાં કહ્યું છે : **'જે કલ્યાણને અર્થે જતન કરે છે તેની બુદ્ધિ થોડી છે તોપણ તે કુશાગ્રબુદ્ધિવાળો છે.'** અને બાકી મંદબુદ્ધિવાળા મૂરખ કે ગાંડા છે.
* સામાન્ય રીતે આપણને વ્યવહારમાં અતિ ડાહ્યા હોય એનો ભાર હોય છે. જે વ્યક્તિ પાસે વિશેષ સત્તા, ધન અથવા વિદ્વત્તા હોય તેની સર્વ ઠેકાણે વાહ-વાહ થાય. અને આપણા સત્સંગ મંડળમાં કોઈ સામાન્ય હરિભક્ત કથા-કીર્તન, સેવા-ભજન કરતો હોય તેમાં કોઈ વિશેષ ન જણાય. પરંતુ શ્રીજીમહારાજ કહે છે કે જે કેવળ લૌકિકમાર્ગે વ્યવહારકુશળ છે, તે કબા ગાંડા જેવા છે અને જે કલ્યાણનું જતન કરી ભગવાન ભજે છે તે જ સાચી દિશામાં આગળ વધ્યા છે.
* રાવણ પાસે ત્રિલોકીનું રાજ્ય હતું, સોનાની લંકા હતી, સત્તાની સાથે વેદો ઉપર ભાષ્ય લખ્યું હતું એવો બુદ્ધિશાળી પણ હતો, છતાં તે ભગવાનને ન ઓળખી શક્યો. બીજી તરફ, શબરીબાઈ સામાન્ય ઝૂંપડીમાં રહેતી, સત્તા કે વિદ્વત્તા જેવું કાંઈ નહોતું, પણ હૃદયમાં ભગવાન શ્રીરામચંદ્ર માટે ભક્તિભાવ હતો, તો આજે લાખો લોકો તેમને યાદ કરે છે અને તેમના જીવનમાંથી પ્રેરણા મેળવે છે.
* વડોદરામાં ગાયકવાડી રાજ્યમાં વિઠ્ઠલરાવ દેવાજી દીવાનપદે હતા. ગાયકવાડ સરકારે તેમની નિમણૂક સૌરાષ્ટ્રના ચીફ રેવન્યૂ કમિશ્નર તરીકે કરી હતી. આ દીવાનને શ્રીજીમહારાજ પ્રત્યે દ્વેષબુદ્ધિ હતી. મહારાજને પકડવાનું ષડયંત્ર પણ તેણે રચ્યું હતું.

બીજી બાજુ વડોદરા પાસે કણભા ગામના નાથ ભક્તનો લૌકિક વ્યવહાર સામાન્ય હતો. તેઓ શાક વેચી ગુજરાન કરતા, પરંતુ

શ્રીજીમહારાજ પ્રત્યે તેમને અનન્ય ભક્તિભાવ હતો.

તેથી જ મહારાજ કહેતા કે, 'નાથ ભક્ત બુદ્ધિવાળા છે ને દીવાનજી મૂર્ખ છે.'

◎ લાહોરના રાજમાર્ગ પર સંત કબીર એકવાર ચાલ્યા જતા હતા. તે વખતે એક માણસ મૃત્યુ પામેલો. તેની નનામી લઈને 'રામ બોલો ભાઈ રામ' એમ બોલતા માણસો સ્મશાનમાં જઈ રહ્યા હતા. સ્મશાનયાત્રામાં જોડાયેલા માણસોને કબીરે પૂછ્યું, 'તમે બધા રામ બોલો ભાઈ રામ ભજન કરો છો, પણ પેલો સૂતો છે એ કેમ બોલતો નથી?' એક વ્યક્તિએ કહ્યું : 'મૂરખ! જોતો નથી કે એ મરી ગયો છે. તે થોડું ભજન કરતો હશે?' કબીર કહે, 'તો પછી જે ભગવાનનું ભજન ન કરે તેને મરેલા કહેવાય કે ન કહેવાય?'

❋ દેવાનંદ સ્વામી પણ એક કીર્તનમાં કહે છે : **'ભજ્યો નહિ ભગવાન, મૂરખ જીવતાં મર્યો...'**

❋ યોગીજી મહારાજ ઘણી વાર એક દૃષ્ટાંત આપતા.

એક રાજાના દરબારમાં સંગીત, ચિત્રકામ, લેખનકાર્ય એવી ઘણી કળાઓના નિષ્ણાત માણસો હતા. એક દિવસ રાજાને વિચાર આવ્યો કે બધા નિષ્ણાતોની સાથે એક મૂરખમાં પણ શ્રેષ્ઠ એટલે કે મૂરખનો પણ સરદાર દરબારમાં હોય તો સારું. તેણે પ્રધાનમંત્રીને એવી વ્યક્તિ શોધી કાઢવા હુકમ કર્યો. એવી એક વ્યક્તિને રાજા સમક્ષ હાજર કરવામાં આવી. રાજાએ તેને કહ્યું કે તારે 'મૂરખના સરદાર' એવું પાટિયું ગળામાં ભરાવી દરબારમાં બેસવાનું, બદલામાં તને રાજમહેલ, નોકર-ચાકર વગેરે મળશે. મૂરખના સરદારે હા પાડી, પણ સાથે સાથે પૂછ્યું : 'આ પાટિયું મારે ક્યાં સુધી ગળામાં રાખવાનું ?' રાજાએ કહ્યું : 'તારા કરતાં વધારે મૂરખ ન મળે ત્યાં સુધી.' થોડાં વર્ષ પછી રાજાને ગંભીર બીમારી થઈ. આ મૂરખ રાજાની ખબર કાઢવા ગયો. જોયું તો રાજાની અંત અવસ્થા હતી. તેણે રાજાને પૂછ્યું : 'રાજા સાહેબ, શું થયું ?' રાજા કહે, 'બસ, હવે લાંબી મુસાફરીએ જાઉં છું.' મૂરખ કહે, 'મુસાફરીએ જવાની પૂરતી તૈયારી તો કરી છે ને ? ભાથું વગેરે સાથે લઈ જશો ને ?'

રાજાએ કહ્યું, 'ના, હવે કશું સાથે નહિ આવે અને કશું સાથે લઈ જઈ શકાય તેવું નથી.' મૂરખે તરત જ પોતાનું પાટિયું રાજાના ગળામાં પહેરાવી દીધું અને કહ્યું : 'આટલી લાંબી મુસાફરીએ જવાના છો અને છતાં કાંઈ પૂર્વ તૈયારી નહિ કે સાથે ભાથું પણ નથી લઈ જઈ શકવાના ! તો તમારા જેવો કોઈ મૂરખ નહિ !'

આપણે પણ જે સાથે આવવાનું છે તે ભાથું તૈયાર નથી કરતા, પરંતુ નાશવંત પદાર્થોનું ભાથું તૈયાર કરીએ છીએ, પણ એ કાંઈ સાથે આવતું નથી.

◎ એક સુભાષિતમાં કહ્યું છે : 'ધન ભૂમિમાં, પશુ કોઢમાં, સ્ત્રી ઘરના બારણા સુધી, મિત્રો સ્મશાન સુધી, દેહ ચિતા સુધી સાથ આપે છે, પરંતુ પરલોક માર્ગે પાપ, પુણ્ય, ભગવાનનું ભજન, કીર્તન અને ભક્તિ સાથે આવે છે.'

❋ તેથી જ ગુણાતીતાનંદ સ્વામી ૨/૧૦૧મી વાતમાં કહે છે : 'જ્યાંથી અચાનક ઉચાળા ભરવા તે ઠેકાણે ઉદ્યમ કરે છે ને જ્યાંથી કોટિ કલ્પે પણ ઉચાળા ન ભરવા તેને અર્થે ઉદ્યમ નહિ એ જ અજ્ઞાન છે !'

❋ જગતમાં એવાં હજારો દૃષ્ટાંતો મળશે જેમણે આ લોકને અર્થે ઉદ્યમ કર્યો હોય અને તેમને અંતે નિરાશા, હતાશા સાંપડી હોય અને પસ્તાવાનું થયું હોય.

સિકંદર, કિંગ સોલોમન, માઈકલ એંજલો અને માઈકલ જેક્સનના પણ આ જ પ્રકારના ઉદ્‌ગારો છે.

❋ માઈકલ જેક્સન અમેરિકાનો વિશ્વવિખ્યાત

ડાન્સર, મ્યુઝીક ડિરેક્ટર, પ્રોડ્યુસર હતો. આ ઉપરાંત ૧૩ ગ્રેમી એવોર્ડ્સનો પણ વિજેતા થયેલો. ૫૫૦ કરોડ ડોલરનું બેંક બેલેન્સ હતું. દુનિયાનાં શ્રેષ્ઠ કક્ષાનાં ભોજન, મોટર, પ્લેન, બંગલા વગેરેનું સુખ ભોગવતો હતો. લોકો તેની ઝાંખી માટે આતુર રહેતા. છતાં તે પોતાના પુસ્તક 'The magic and the madness' માં લખે છે કે, 'લોકો સમજે છે કે તેઓ મને ઓળખે છે, પણ ખરેખર તેઓ મને નથી ઓળખતા. આ દુનિયામાં સૌથી વધુ એકલવાયું અનુભવનારો હું છું.'

◎ થોડાં વર્ષો પૂર્વે ભારતના એક રાજનેતાનું નિધન થયું. તેઓ પોતાના ક્ષેત્રમાં ખૂબ પ્રગતિ પામ્યા હતા, પણ મૃત્યુ પહેલાં તેમણે કહ્યું, 'મને લાગતું હતું કે મેં જીવનમાં ઘણાં સારાં કામ કર્યાં, પણ આજે હું એકલો પડી ગયો છું. મેં પોતાના આત્મકલ્યાણ માટે કાંઈ ન કર્યું તેનું મને દુઃખ છે.'

❊ જેમ કોઈ ચિત્રકાર બ્રશ અને કલર લઈ નદીના વહેતા જળમાં ચિત્ર દોરવા બેસે તો બધા તેને મૂરખ કહે, તેમ આપણી બુદ્ધિ, શક્તિ, આવડત આ વહેતા સંસારનાં કાર્યો માટે વાપરીએ તો તે ગાંડપણ જ છે.

❊ માટે સંતો કહે છે :

કોટિ જન્મના પુણ્યથી, મળ્યો મનુષ્ય અવતાર;
ભાવ ધરીને પ્રભુ નવ ભજે, તેને લાખો વાર ધિક્કાર.

❊ મનુષ્ય દેહનું ફળ ભગવાનની પ્રાપ્તિ છે. તેની પાછળ પ્રયત્ન કરે તે જ બુદ્ધિશાળી. આ દેહનો હેતુ ભગવાનનું ભજન કરવું એ જ છે.

❊ શ્રીજીમહારાજે **વચનામૃત જેતલપુર-૫**માં કહ્યું છે : **'સર્વે સાંભળો, આજે તો અમારે જેમ છે તેમ વાત કરવી છે જે, ભગવાનને ભજવા એથી બીજી વાત મોટી નથી.'**

❊ યુરોપના ઝેક દેશના પ્રાગ શહેરમાં એક વિશિષ્ટ પ્રકારનું પુરાતન ઘડિયાળ છે. જેમાં દર કલાકે એક હાડપિંજર દોરી ખેંચે છે, અને તેટલા ટકોરા પડે છે અને ઈસુના બાર એપોસ્ટલ એક પછી એક બારીએ આવી દર્શન દે છે. આ યાંત્રિક કરામતનો ભાવાર્થ એવો છે કે હાડપિંજરરૂપી કાળ આપણા આયુષ્યની દોરી ખેંચી રાખે છે અને પેલા સંતો દર્શન દઈ જાણે એમ બોલે છે : 'ભાઈ, કાળ તો વીતે છે, આવરદા કપાય છે, માટે 'ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં, ગોવિન્દં ભજ મૂઢમતે ।'

❊ એક કીર્તનમાં પણ કહ્યું છે :

તમે ભાવે ભજી લ્યો ભગવાન જીવન થોડું રહ્યું,
જરા ચેતીને ભક્તિનું ભાતું ભરો,
કાંઈક ડર તો પ્રભુજીનો દિલમાં ધરો,
છીએ થોડા દિવસના મહેમાન...
જીવન થોડું રહ્યું.

❊ પ્રમુખસ્વામી મહારાજ કહેતા, 'ટેલિફોનમાં સમય પૂરતી વાત કરી લીધા પછી તેને પાછો મૂકી દઈએ છીએ, તેમ થોડો વ્યવહાર કરી લીધા પછી ભજન-ભક્તિ, સત્સંગ, કથાવાર્તામાં મન લગાડી દેવું.'

❊ ૧૯૭૦માં કમ્પાલાથી લંડન જતાં સંતોએ યોગીજી મહારાજને કહ્યું : 'વજન કરી લઈએ.'

યોગીજી મહારાજે કહ્યું : 'વજન શું કરવું ? ભગવાન ભજી લેવા.' ભજનના વજન ઉપર તાન ! મુસાફરી કે નવરાશની પળોમાં તેઓ ભજન કરવાનું કહેતા.

તેઓ કહેતા : 'ભજન કરી લેવું ચોવીસેય કલાક ! સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ....'

ટૂંકમાં, ભગવાન ભજવાનું પ્રાધાન્ય રાખી, દુનિયાની દૃષ્ટિએ ભલે ગાંડા કહેવાઈએ, પરંતુ ભગવાન અને મોટાપુરુષની દૃષ્ટિએ ડાહ્યા બની શકીએ તે પ્રાર્થના.

❀ ❀ ❀

૫. સ્વામીની વાત : પ્રકરણ : ૬, વાત : ૧૭૧

સ્વામિનારાયણ હરે સ્વામીએ વાત કરી જે :

માંગરોળમાં મહારાજ મૂલચંદભાઈને ત્યાં જમવા ગયા, તે રસ્તામાં એક કબો વાણિયો વેપારમાં ખોટ ગઈ તે ઘેલો થઈ ગયેલ, તે હાટમાં બેઠો બેઠો ત્રાજવામાં ધૂડ્ય ને છાણ ને પાણા ભરી ભરીને તોળે, પછી કહે જે : 'લિયો સાકર, લિયો એલચી', એમ કહે, પછી મહારાજ કહે : 'આ કોણ છે ?' એટલે હરિજને કહ્યું જે : 'એ તો કબો ગાંડો છે.' ત્યારે મહારાજ કહે : 'હું તો જે જીવ ભગવાનને નથી ભજતા એ બધાય કબા ગાંડા છે એમ જાણું છું.'

❋ આ વાતમાં શ્રીજીમહારાજ ભગવાનના ભજનનો મહિમા કહે છે કે ભજન વિનાનું મનુષ્ય જીવન નિરર્થક છે. ગમે તેવો ડાહ્યો, બુદ્ધિશાળી, લોકમાં પ્રતિષ્ઠિત કે સંપત્તિવાન હોય, પણ જો સત્સંગ ન હોય, ભગવાનની ભક્તિ ન કરતો હોય તો તે અર્થહીન છે.

❋ શ્રીજીમહારાજે **ગઢડા પ્રથમના ૫૦મા વચનામૃતમાં** બુદ્ધિશાળીની વ્યાખ્યા કરતાં કહ્યું છે : 'જે કલ્યાણને અર્થે જતન કરે છે તેની બુદ્ધિ થોડી છે તોપણ તે કુશાગ્રબુદ્ધિવાળો છે.' અને બાકી મંદબુદ્ધિવાળા મૂરખ કે ગાંડા છે.

❋ લાહોરના રાજમાર્ગ પર સંત કબીર એક વાર ચાલ્યા જતા હતા. તે વખતે એક માણસ મૃત્યુ પામેલો તેની નનામી લઈને 'રામ બોલો ભાઈ રામ' એમ બોલતા માણસો સ્મશાનમાં જઈ રહ્યા હતા. સ્મશાનયાત્રામાં જોડાયેલા માણસોને કબીરે પૂછ્યું : 'તમે બધા રામ બોલો ભાઈ રામ ભજન કરો છો, પણ પેલો સૂતો છે એ કેમ બોલતો નથી ?' એક વ્યક્તિએ કહ્યું : 'મૂરખ ! જોતો નથી કે એ મરી ગયો છે. તે થોડું ભજન કરતો હશે ?' કબીર કહે : 'તો પછી જે ભગવાનનું ભજન ન કરે તેને મરેલા કહેવાય કે ન કહેવાય ?'

❋ એટલે જ દેવાનંદ સ્વામી એક કીર્તનમાં કહે છે :

'ભજ્યો નહિ ભગવાન, મૂરખ જીવતા મર્યો...'

❋ ગુરુ નાનક પણ કહે છે :

કૂપ નીર બિનું, ધેનું ક્ષીર બિનું, ધરતી મેહ બિના;
જૈસે તરૂવર ફલ બિન હિના, તૈસે પ્રાણી હરિનામ બિના.
દેહ નૈન બિન, રૈન ચંદ બિના, મંદિર દીપ બિના;
જૈસે પંડિત વેદ વિહિના, તૈસે પ્રાની હરિનામ બિના.
સુમિરન કરલે મેરે મના, તેરી બીતી ઉંમર હરિનામ બિના.

અર્થાત્ જેમ પાણી વગર કૂવો, દૂધ વગર ગાય, વરસાદ વગર ધરતી, ફળ વગર વૃક્ષ, આંખો વગર દેહ, ચંદ્ર વિના રાત્રિ, દીવા વિના મંદિર, વેદના જ્ઞાન વિના પંડિત નિરર્થક છે. તેમ, ભગવાનનાં ભજન વિના મનુષ્યદેહ નિરર્થક છે.

❊ જો ભગવાનના ભજન વિના આપણી શક્તિ સંસારનાં કાર્યોમાં વાપરી નાંખીએ તો ઘી રાખમાં ઢોળ્યા બરાબર છે. ગાંડા માણસને ભાન નથી હોતું કે તે શું કરે છે અને જે કરે છે તેનું ફળ શું પ્રાપ્ત થશે ? તેમ, દુનિયાના કહેવાતા બુદ્ધિશાળી અને ડાહ્યા માણસો પણ ન કરવાનું કરે છે અને કરવાનું રહી જાય છે. એટલે જ તેમને દુનિયાની દૃષ્ટિએ ડાહ્યા પણ સંતની દૃષ્ટિએ ગાંડા કહેવાય છે.

❊ યોગીજી મહારાજ ઘણી વાર એક દૃષ્ટાંત આપતા.

એક રાજાના દરબારમાં સંગીત, ચિત્રકામ, લેખનકાર્ય એવી ઘણી કળાઓના નિષ્ણાત માણસો હતા. એક દિવસ રાજાને વિચાર આવ્યો કે બધા નિષ્ણાતોની સાથે એક મૂરખમાં પણ શ્રેષ્ઠ એટલે કે મૂરખનો પણ સરદાર દરબારમાં હોય તો સારું. તેણે પ્રધાનમંત્રીને એવી વ્યક્તિને શોધી કાઢવા હુકમ કર્યો. એવી એક વ્યક્તિને રાજા સમક્ષ હાજર કરવામાં આવી. રાજાએ તેને કહ્યું કે તારે 'મૂરખના સરદાર' એવું પાટિયું ગળામાં ભરાવી દરબારમાં બેસવાનું, બદલામાં તને રાજમહેલ, નોકર-ચાકર વગેરે મળશે. મૂરખના સરદારે હા પાડી, પણ સાથે સાથે પૂછ્યું : 'આ પાટિયું મારે ક્યાં સુધી ગળામાં રાખવાનું ?' રાજાએ કહ્યું : 'તારા કરતાં વધારે મૂરખ ન મળે ત્યાં સુધી.' થોડાં વર્ષ પછી રાજાને ગંભીર બીમારી થઈ. આ મૂરખ રાજાની ખબર કાઢવા ગયો. જોયું તો રાજાની અંત અવસ્થા હતી. તેણે રાજાને પૂછ્યું : 'રાજા સાહેબ, શું થયું ?' રાજા કહે : 'બસ હવે લાંબી મુસાફરીએ જાઉં છું.' મૂરખ કહે : 'મુસાફરીએ જવાની પૂરતી તૈયારી તો કરી છે ને ? ભાથું વગેરે સાથે લઈ જશો ને ?'

રાજાએ કહ્યું : 'ના, હવે કશું સાથે નહિ આવે અને કશું પણ સાથે લઈ જઈ શકાય તેવું નથી.' મૂરખે તરત જ પોતાનું પાટિયું રાજાના ગળામાં પહેરાવી દીધું અને કહ્યું : 'આટલી લાંબી મુસાફરીએ જવાના છો અને છતાં કાંઈ પૂર્વ તૈયારી નહિ કે સાથે ભાથું પણ નથી લઈ જઈ શકવાના ! તો તમારા જેવો કોઈ મૂરખ નહિ !'

આપણે પણ જે સાથે આવવાનું છે તે ભાથું તૈયાર નથી કરતા, પરંતુ નાશવંત પદાર્થોનું ભાથું તૈયાર કરીએ છીએ પણ એ કાંઈ સાથે આવતું નથી.

❊ એક સુભાષિતમાં કહ્યું છે : **'ધન ભૂમિમાં, પશુ કોઢમાં, સ્ત્રી ઘરના બારણા સુધી, મિત્રો સ્મશાન સુધી, દેહ ચિતા સુધી સાથ આપે છે, પરંતુ પરલોક માર્ગે પાપ, પુણ્ય, ભગવાનનું ભજન, કીર્તન અને ભક્તિ સાથે આવે છે.'**

❊ તેથી જ ગુણાતીતાનંદ સ્વામી **બીજા પ્રકરણની ૧૦૧મી વાતમાં** કહે છે : 'જ્યાંથી અચાનક ઉચાળા ભરવા તે ઠેકાણે ઉદ્યમ કરે છે ને જ્યાંથી કોટિ કલ્પે પણ ઉચાળા ન ભરવા તેને અર્થે ઉદ્યમ નહિ એ જ અજ્ઞાન છે !'

❊ જગતમાં એવાં હજારો દૃષ્ટાંતો મળશે જેમણે આ લોકને અર્થે ઉદ્યમ કર્યો હોય અને તેમને અંતે નિરાશા, હતાશા સાંપડી હોય અને પસ્તાવાનું થયું હોય.

સિકંદર, કિંગ સોલોમન, માઇકલ એંજલો અને માઇકલ જેક્સનના પણ આ જ પ્રકારના ઉદ્ગારો છે.

❊ માટે સંતો કહે છે :

કોટિ જન્મના પુણ્યથી, મળ્યો મનુષ્ય અવતાર;
ભાવ ધરીને પ્રભુ નવ ભજે, તેને લાખો વાર ધિક્કાર.

❊ જેમ કોઈ ચિત્રકાર બ્રશ અને કલર લઈ નદીના વહેતા જળમાં ચિત્ર દોરવા બેસે તો બધા તેને મૂરખ કહે : તેમ આપણી બુદ્ધિ, શકિત, આવડત આ વહેતા સંસારનાં કાર્યો માટે વાપરીએ તો તે ગાંડપણ જ છે.

❊ જેમ આંબો વાવીએ તે કેરી માટે, નહિ પાંદડા કે છાયાં માટે. જો આંબાને પાંદડા આવે અને કેરી ન આવે તો તે આંબો નિરર્થક. તેમ ધન, કીર્તિ, સત્તા,

વ્યવહાર સર્વે લાકડાં અને પાંદડા અને છાયાં જેવું છે. તેની પાછળ દોડવું તે પડછાયા પાછળ દોડવા જેવું છે. તે હાથ આવે જ નહિ, સવારથી સાંજ સુધી દેખાય પછી રાત્રે અદૃશ્ય થઈ જાય. પડછાયાને પકડવા પાછળ બુદ્ધિશાળી પ્રયત્નો નથી કરતા. મનુષ્યદેહનું ફળ ભગવાનની પ્રાપ્તિ છે. તેની પાછળ પ્રયત્ન કરે તે જ બુદ્ધિશાળી.

આમ, મનુષ્ય દેહનો હેતુ ભગવાનનું ભજન કરવું એ જ છે.

❊ શ્રીજીમહારાજે **વચનામૃત જેતલપુર-૫માં** કહ્યું છે : 'સર્વે સાંભળો આજે તો અમારે જેમ છે તેમ વાત કરવી છે. જે ભગવાનને ભજવા એથી બીજી વાત મોટી નથી.'

❊ વિદુરજી ધૃતરાષ્ટ્રને કહે છે :

દિવસેનૈવ તત્કુર્યાદ્ યેન રાત્રૌ સુખં વસેત્ ।
અષ્ટમાસેન તત્કુર્યાદ્ યેન વર્ષાઃ સુખં વસેત્ ॥
પૂર્વે વયસિ તત્કુર્યાદ્ યેન વૃદ્ધઃ સુખં વસેત્ ।
યાવજ્જીવેન તત્કુર્યાદ્ યેન પ્રેત્ય સુખં વસેત્ ॥
(વિદુરનીતિ : ૩/૬૭,૬૮)

અર્થાત્ દિવસે (આપણે) એવું કાર્ય કરવું કે જેથી રાત્રે નિરાંતે નિદ્રા આવે, વર્ષના આઠ મહિના એવું કાર્ય કરવું કે જેથી ચોમાસાના ચાર માસ શાંતિ રહે, યુવાનીમાં એવું કાર્ય કરવું કે જેથી ઘડપણમાં શાંતિ રહે. જીવીએ ત્યાં સુધી એવું કાર્ય કરવું કે જેથી મર્યા બાદ શાંતિ રહે.

❊ ગુણાતીતાનંદ સ્વામી **૧/૨૩૦મી વાતમાં** કહે છે : 'સર્વ કરતાં ભજન કરવું અધિક છે.'

❊ યુરોપના ઝેક દેશના પ્રાગ શહેરમાં એક વિશિષ્ટ પ્રકારનું પુરાતન ઘડિયાળ છે. જેમાં દર કલાકે એક હાડપિંજર દોરી ખેંચે છે, અને તેટલાં ટકોરા પડે છે અને ઈસુના બાર એપોસ્ટલ એક પછી એક બારીએ આવી દર્શન દે છે. આ યાંત્રિક કરામતનો ભાવાર્થ એવો છે કે હાડપિંજરરૂપી કાળ આપણા આયુષ્યની દોરી ખેંચી રાખે છે અને પેલા સંતો દર્શન દઈ જાણે એમ બોલે છે : 'ભાઈ, કાળ તો વીતે છે, આવરદા કપાય છે,માટે '**ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં, ગોવિન્દં ભજ મૂઢમતે ।**'

❊ શ્રીજીમહારાજે **ગઢડા અંત્ય ૩૦મા વચનામૃતમાં** આ જ વાત કરી છે : મરી તો સર્વેને જવું છે પણ આવી રીતે ભક્તિ કરવી એ જ જીવ્યાનો મોટો લાભ છે.

❊ એક કીર્તનમાં પણ કહ્યું છે :

તમે ભાવે ભજી લ્યો ભગવાન જીવન થોડું રહ્યું,
જરા ચેતીને ભક્તિનું ભાતું ભરો,
કાંઈક ડર તો પ્રભુજીનો દિલમાં ધરો,
છીએ થોડા દિવસના મહેમાન...જીવન થોડું રહ્યું.

❊ સુભાષિતમાં કહ્યું છે :

શતં વિહાય ભોક્તવ્યં સહસ્રં સ્નાનમાચરેત્ ।
લક્ષં વિહાય દાતવ્યં કોટિં ત્યક્ત્વા હરિં ભજેત્ ॥

અર્થાત્ : સો કામ પડતાં મૂકી જમી લેવું. હજાર કામ પડતાં મૂકી નાહી લેવું, લાખ કામ પડતાં મૂકી દાન આપવું. કરોડ કામ પડતાં મૂકી ભગવાનને ભજી લેવા. જેમણે જેમણે ભજનનો મહિમા સમજી ભજન કર્યું છે, તેમને જીવનમાં સુખ, સંતોષ આનંદ અને શાંતિ પ્રાપ્ત થયાં છે.

❊ નાથ ભક્ત માત્ર શાકબકાલાનો વેપાર કરતા. આર્થિક સ્થિતિ સાધારણ હતી, પરંતુ ભજનનો આનંદ હતો.

❊ મીરાંબાઈ વિષનો પ્યાલો પીને પણ ખુમારીથી ગાતાં:
વિષના પ્યાલા રાણાજીએ મોકલ્યા ચરણામૃત કરી લેશું.

❊ પાંચસો પરમહંસોએ પણ અનેક મુશ્કેલીઓ, સંકટો અને દુઃખોની વચ્ચે ગાયું છે :

આજ આનંદ વધામણાં હૈયે હરખ ન માય;
કોણ જાણે આ કેમ થયું આવ્યું અણચિંતવ્યું સુખ.

એટલે જીવનની સાર્થક્તા ભગવાનનું ભજન કરવું તે જ છે. પ્રમુખસ્વામી મહારાજ કહે છે : 'ટેલિફોનમાં સમય પૂરતી વાત કરી લીધા પછી તેને પાછો મૂકી દઈએ છીએ. તેમ, થોડો વ્યવહાર કરી લીધા પછી ભજન-ભક્તિ, સત્સંગ, કથાવાર્તામાં મન લગાડી દેવું.'

❊ ૧૯૭૦માં કમ્પાલાથી લંડન જતાં સંતોએ યોગીજી મહારાજને કહ્યું : 'વજન કરી લઈએ.'

યોગીજી મહારાજે કહ્યું : 'વજન શું કરવું ? ભગવાન ભજી લેવા.' ભજનના વજન ઉપર તાન ! મુસાફરી કે નવરાશની પળોમાં તેઓ ભજન કરવાનું કહેતા.

તેઓ કહેતા : 'ભજન કરી લેવું ચોવીસેય કલાક ! સ્વામિનારાયણ.... સ્વામિનારાયણ....'

❊ સ્વામીશ્રી એક વાર અમેરિકામાં હતા અને સાંજે ૪.૦૦ વાગે ફ્રૂટ જમતા હતા. એક બાળક બકુલ ચેરી અને દ્રાક્ષ લાવ્યો અને કહે આ સિઝનેબલ છે. સ્વામીશ્રીએ કહ્યું : 'ભગવાન ભજવાની સિઝન કઈ ?' બધા નિરુત્તર રહ્યા ત્યારે સ્વામીશ્રી બોલ્યા : 'ભગવાન ભજવાની સિઝન બારે માસ.'

ટૂંકમાં, ભગવાન ભજવાનું પ્રાધાન્ય રાખી, દુનિયાની દૃષ્ટિએ ભલે ગાંડા કહેવાઈએ, પરંતુ ભગવાન અને મોટાપુરુષની દૃષ્ટિએ ડાહ્યા બની શકીએ તે પ્રાર્થના.

❀ ❀ ❀

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે ...

કલ્યાણના માર્ગમાં વિઘ્ન કરનારા ઘણા. તેને ઓળખી રાખવા.

(નોંધ : '◎' નિશાની પછી આવતું નિરૂપણ એકસ્ટ્રા હોવાથી સમયની અનુકૂળતા પ્રમાણે રજૂઆત કરવી.)

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં મોક્ષમાર્ગમાં આપણને આવતા અનેકવિધ અવરોધ સામે સાવધ રહેવાની શીખ આપે છે. મુમુક્ષુને આવતા આવા વિઘ્નોમાં કેટલાક બહારના છે ને કેટલાક પોતાના અંદરના છે. આંતરિક વિઘ્નો એટલે સ્વભાવ. કામ, ક્રોધ, લોભ, રાગ-દ્વેષ, ઈર્ષ્યા, મદ, મત્સર આદિ અનેક સ્વભાવમાંથી સૌથી મોટો વિઘ્નકારી સ્વભાવ છે - દેહાભિમાન.

❊ શ્રીજીમહારાજ **વચનામૃત લોયા-૬**માં જણાવે છે કે 'દેહાભિમાનરૂપ દોષ છે તેમાં સર્વે દોષ રહ્યા છે ને તેનો ત્યાગ કરે તો સર્વે દોષનો ત્યાગ થઈ જાય છે.'

❊ ગુણાતીતાનંદ સ્વામી ૬/૨૭૫મી વાતમાં કહે છે કે, 'એક દેહાભિમાન ટળે તો બધા દોષમાત્ર એની વાંસે ટળે.'

❊ દેહને પોતાનું રૂપ માનવાથી જ વિભિન્ન પ્રકારના વિષયોમાં આસક્તિ જાગે છે અને તેને લીધે કામ-ક્રોધાદિક દોષો ઉદ્ભવે છે. તેથી દોષમાત્રનું મૂળ કારણ દેહાભિમાન છે. આધુનિક ભાષામાં દેહાભિમાનને દોષોનું જનરેટર કહી શકાય. જેમ જનરેટર વીજળી ઉત્પન્ન કરે, તેમ આ દેહાભિમાન પણ અનેક પ્રકારના દોષો ઉત્પન્ન કરે છે.

● **દેહાભિમાનનાં દુષ્પરિણામો :**

❊ જ્યાં સુધી વ્યક્તિ બ્રહ્મરૂપ નથી થઈ, ત્યાં સુધી તેને દેહાભિમાનરૂપી દોષ વધતા-ઓછા અંશે નડતા રહે છે. આધ્યાત્મિક માર્ગે સાધના કરનાર ભક્તોએ દેહાભિમાનનાં દુષ્પરિણામો જાણી તેનો ત્યાગ કરવા પ્રયત્નશીલ થવું જોઈએ. અનેક દુષ્પરિણામોમાંથી આપણે કેટલાકને સમજવા પ્રયત્ન કરીએ...

૧. લોકો પાસેથી પ્રશંસાની અપેક્ષા રહે :

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૫૬**માં કહે છે કે 'ભગવાનના ભક્તને ભગવાન વિના બીજી કોઈ જાતની કામના રહે એ મોટી ખોટ છે.'

❋ આપણી આધ્યાત્મિક સાધનાનો હેતુ ભગવાન અને સંતની પ્રશંસા હોવી જોઈએ, પરંતુ દેહાભિમાનને યોગે વ્યક્તિ ભગવાન અને સંતને ગૌણ કરી દે છે અને તેને અન્ય લોકોની પ્રશંસાની અપેક્ષા પ્રધાનપણે રહેવા લાગે છે.

❋ તુલસીદાસજી કહે છે,

કનક તજ્યો કામિની તજ્યો, તજ્યો ધાતુકો સંગ ।
તુલસી લઘુ ભોજન કરી, જીવે માનકે રંગ ॥

સુવર્ણ, સ્ત્રી અને દ્રવ્યનો ત્યાગ તથા સૂક્ષ્મ ભોજન લેવા પાછળ કેટલીક વાર લોકોની પ્રશંસા મેળવવાની ઝંખના રહેલી હોય છે, જેનું મૂળ કારણ દેહાભિમાન છે.

❋ નીલકંઠવર્ણી પુલ્હાશ્રમમાં ઉગ્ર તપ કરી નેપાળના એક રાજ્યમાં પધાર્યા. ત્યાંના રાજાએ પોતાના ગુરુની વાત નીલકંઠવર્ણીને કરતા કહ્યું કે, 'અમારા ગુરુ ખૂબ તપસ્વી છે. આખું વર્ષ ગુફામાં નિરાહાર રહી તેઓ તપ-સાધના કરે છે. મહાત્મા વર્ષમાં ચાર દિવસ માટે જ ગુફામાંથી બહાર નીકળી દર્શન આપે છે. તે સમયે પ્રજા તેમનાં દર્શન માટે એકત્રિત થાય છે અને મોટો મેળો ભરાય છે.'

નીલકંઠવર્ણી જાણતા હતા કે 'મહાત્મા બહાર નીકળે ત્યારે જે મોટો મેળો ભરાય છે અને મહાત્માને માન આપે છે, એ જ તેનો ખોરાક છે.'

નીલકંઠવર્ણીએ રાજાને કહીને એવો બંદોબસ્ત કરાવ્યો કે જે દિવસ મહાત્મા બહાર આવે ત્યારે કોઈ પણ વ્યક્તિ દર્શનાર્થે જાય જ નહીં. મહાત્મા નિરાશ થઈ ગયા. તેમણે ઝાડ પર ચડીને પણ દૂર સુધી જોયું, પણ કોઈ જ દેખાયું નહીં. 'કોઈ ભી નહીં ?' એમ બોલતાં જ તેમનો દેહ પડી ગયો. પ્રાણપંખેરું ઊડી ગયું. રાજાને આ જોઈ આશ્ચર્ય થયું કે આખું વરસ ભૂખે રહેનાર મહાત્મા અચાનક કેમ મૃત્યુ પામ્યા ? નીલકંઠવર્ણીએ રાજાને સમજાવ્યા કે આ મહાત્મા લોકોનાં માન-સન્માનને આધારે જીવતા હતા. માન ગયું તેની સાથે જ તેમના પ્રાણ પણ ચાલ્યા ગયા !

◎ વર્તમાન જગતના કેટલાક લેખકો ને ચિંતકો પણ એમ માને છે કે માનને લીધે જ જગતનું કાર્ય ચાલી રહ્યું છે. અમેરિકાના જાણીતા લેખક માર્ક ટ્વેઈન કહેતા કે, 'I can live for two months on good compliments.' - હું બે માસ સુધી પ્રશંસા ઉપર જીવી શકું છું.

◎ માટે જ યોગીજી મહારાજ માનને સુપ્રિન્ટેન્ડેન્ટ પ્રકૃતિ કહેતા. વળી, માન એ તો સૂકા હાડકા જેવું છે. શ્રીજીમહારાજ **ગઢડા મધ્ય-૪૧**માં કૂતરાનું દૃષ્ટાંત આપીને કહે છે કે જેમ શ્વાન હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે પછી તેણે કરીને પોતાનું મોઢું છોલાય ને તે હાડકું લોહીવાળું થાય તેને ચાટીને રાજી થાય છે, પણ મૂર્ખ એમ નથી જાણતો જે, મારા જ મોઢાનું લોહી છે તેમાં હું સ્વાદ માનું છું. તેમ ભગવાનનો ભક્ત હોય તોપણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી. અને જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે....

આ રીતે ત્યાગ, વૈરાગ્ય, આત્મનિષ્ઠા, ભક્તિ, સેવા વગેરેનું કારણ ઘણી વાર દેહાભિમાન હોઈ શકે છે.

❋ આપણે પણ કેટલીક વાર ધારણા-પારણા, ચાંદ્રાયણ, લિકવીડ ઉપવાસ, ખટરસ વગેરે કઠણ તપ-વ્રત કરતા હોઈએ છીએ, પરંતુ આ વ્રતના મૂળમાં કેવળ ભગવાન-સંતની પ્રસન્નતા પ્રાપ્તિની ઇચ્છા છે કે લોકો દ્વારા પ્રશંસાની અપેક્ષા તે અંતર્દષ્ટિનો વિષય છે. ભગવાન-સંતની પ્રસન્નતા માટે કરાયેલી કોઈ પણ સાધના ભક્તિ બની રહે છે અને દેહાભિમાનનો નાશ કરે છે, જ્યારે લોકો દ્વારા પ્રશંસાની અપેક્ષા દેહાભિમાન વધુ દૃઢ કરે છે.

૨. ભગવાન-સંતના ઉપકાર ભૂલી જવાય :

❋ જેનાં બળ અને આશીર્વાદથી વ્યક્તિ સફળતાનાં ઉચ્ચ શિખરો સર કરે છે, તેવા ભગવાન અને સંતના અનંત ઋણને પણ દેહાભિમાનને કારણે વ્યક્તિ ભૂલી જતી હોય છે.

◎ કેન ઉપનિષદમાં આ વાત સમજાવતો દેવો અને યક્ષનો સંવાદ ખૂબ પ્રચલિત છે. એક સમયને વિષે

દેવતા અને દાનવોનું યુદ્ધ થયું. પરમાત્માની કૃપાથી દેવતાઓને શક્તિ મળી અને યુદ્ધમાં તેઓનો વિજય થયો, પરંતુ દેવોને અભિમાન આવ્યું. વિજયના નશામાં પરમાત્માની કૃપા, કર્તાપણું બધું ભૂલાઈ ગયું. તેઓ આડંબર કરવા લાગ્યા કે, 'આ વિજય અમારા જ પૌરુષ અને બાહુબળથી પ્રાપ્ત થયો છે, આ અમારો જ મહિમા છે.'

દયાળુ પરમાત્માને થયું કે, ''દાનવો થકી તો મેં વિજય અપાવ્યો, પણ બિચારા દેવો! પાછા આસુરીભાવથી તો પરાજય જ પામ્યા ! 'હું જ કરું છું.' એવું અભિમાન આસુરીભાવ જ છે. આ આસુરીભાવ વધશે તો વિજયના અંતે પણ દુઃખી જ થશે.'' તે આસુરીભાવનો નાશ કરવા પરમાત્મા યક્ષનું રૂપ ધારણ કરી પ્રગટ થયા.

યક્ષે અગ્નિદેવ સમક્ષ તણખલું મૂકી તેને બાળવા કહ્યું. અગ્નિદેવે પૂરા વેગથી બધા પ્રયાસ કરી જોયા, પણ તણખલું ન બળ્યું. તેથી અભિમાનથી લજ્જિત થઈ યક્ષ કોણ છે તે જાણ્યા વિના જ પાછા ફર્યા. અગ્નિદેવ બાદ વાયુદેવ આવ્યા. પદાર્થમાત્રને ઉડાડી શકનાર વાયુદેવ યક્ષે મૂકેલ એક તણખલું હલાવી પણ ન શક્યા. તેઓ પણ હતાશ થઈ ચાલી નીકળ્યા. આ જોઈ દેવરાજ ઈન્દ્ર પોતે તૈયાર થયા, પરંતુ ભગવાન અંતર્ધાન થઈ ગયા. યક્ષના સ્થાને તેને એક સુંદર સ્ત્રી દેખાઈ. તે હેમવતી ઉમા હતા. ઈન્દ્રે તે સ્ત્રીને યક્ષ બાબતે પૂછ્યું ત્યારે હેમવતી બોલ્યા, 'એ તો પરમાત્મા હતા.' એમ તેણે ખુલાસો કર્યો. પછી તે સ્ત્રી કહે, 'તેમને લીધે જ તમને વિજય મળ્યો છે અને મહત્તા પામ્યા છો.'

ઈન્દ્ર અને દેવતાઓની સાન ઠેકાણે આવી ગઈ. તેમને થયું કે દાનવો સામેના યુદ્ધમાં પરમાત્માની શક્તિ વડે જ આપણે યુદ્ધમાં વિજયી થયા, પરંતુ દેહાભિમાનને કારણે આપણે તેમના ઉપકારને વિસરી ગયા.

◎ દેહાભિમાનરૂપી અસુર, દેવોને તો હેરાન કરે છે, પરંતુ ભગવાનનો ભક્ત જો જાણપણું ચૂકે તો તે પણ માનરૂપી અસુરના મુખનો ગ્રાસ બની જતો હોય છે.

❋ વડોદરાના મંદિરમાં સેવા કરતા મંગળિયાને ગોપાળાનંદ સ્વામીની કૃપાથી રાજ્યમાં સારો હોદ્દો મળ્યો. રાજકારભારને કારણે મંગળિયામાંથી તેઓ મંગળદાસ બની ગયા. ઘણા સમયે બે-ચાર રાજપુરુષો સાથે મંગળદાસ ગોપાળાનંદ સ્વામીને મળવા આવ્યા. ગોપાળાનંદ સ્વામીએ તો સહજભાવે 'આવ, આવ, મંગળિયા' એમ બોલાવ્યા. તેને બહુ જ ખોટું લાગ્યું! પાછા વળતાં તેણે એક હરિભક્ત દ્વારા કહેવડાવ્યું કે સ્વામીને કહેજો કે જરા વિવેક શીખે. મને આટલા બધાની વચ્ચે મંગળિયો કહ્યો તે ઠીક ન કહેવાય.

ગોપાળાનંદ સ્વામી તો આ જાણીને કાંઈ બોલ્યા નહીં, ફક્ત-ભલે, મંગળદાસ કહીશું ! એમ કહ્યું. પણ થોડા જ સમયમાં મંગળદાસ રાજાના ગુનામાં આવ્યા અને હોદ્દેથી ઊતરી જવું પડ્યું !

પછી ફાટેલાં લૂગડાં પહેરી મંદિરમાં ગોપાળાનંદ સ્વામીના પગમાં પડી માફી માંગી, 'હે સ્વામી ! દયા કરો. મારો અપરાધ માફ કરો. આપને પ્રતાપે હું ઊંચા હોદ્દા પર ચડ્યો હતો. સરકારનો કારભારી થયો હતો. મને પૂછીને બધા વ્યવહાર કરતા, પણ અધિકારને લઈને મુને માન આવી ગયું. તેથી આપનો અપરાધ થઈ ગયો.' સ્વામીએ તેમને માફ કર્યા.

અહંકારની આંટીમાં આવી મંગળદાસ શેઠ મોટા સંતનો ઉપકાર ભૂલી બેઠા અને હોદ્દા પરથી ઊતરવું પડ્યું.

❋ પ્રમુખસ્વામી મહારાજ અને મહંતસ્વામી મહારાજે આપણને દયા કરીને સ્વીકાર્યા, આપણને લૌકિક અને આધ્યાત્મિક માર્ગે આગળ વધાર્યા. પછી તેમની આગળ પોતાની સત્તા, મિલકત, વિદ્વત્તા, સેવાનું માન રાખી તેમને ઓશિયાળા કરીએ ત્યારે માયાને દુઃખી કરવાનો લાગ મળે છે અને અંતે ભક્ત ખુવાર થાય છે.

❊ નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીમાં કહે છે,

'જ્યારે કરી દીનતા ત્યાગ, અંગે લીધો અહંકાર રે,
ત્યારે મળ્યો માયાને લાગ, ખરો કરવા ખુવારને રે.'

❊ ભગવાન અને સંત કદાચ પોતે આપણા દેહાભિમાનનું ખંડન ન કરે, તો કોઈકને નિમિત્ત બનાવીને પણ કરે. દા.ત. આપણે મંદિરમાં, સંસ્થામાં તન-મન-ધનથી ઘણી સેવાઓ કરી હોય, પણ આપણું નામ હારતોરામાં ન બોલાય, કોઈક વિશિષ્ટ સભાનું આયોજન થયું હોય અને આપણને આગળ બેસવા ન મળે, મોટા સમૈયામાં આપણી જમવાની કે ઉતારાની વ્યવસ્થા ન સચવાય, વી.આઈ.પી. પાસ ન મળે... આવું થાય ત્યારે ભગવાન અને સંતના ઉપકારો ભૂલી જઈ વર્ષો સુધી કરેલા સત્સંગને તિલાંજલિ આપવા આપણે તત્પર થઈ જઈએ છીએ.

૩. વિવેક ચૂકી જવાય :

❊ દેહાભિમાનને કારણે ભક્ત ક્યારેક સંતો-ભક્તો સાથેના વ્યવહારમાં વિવેક ચૂકી જાય છે અને પરિણામે દુ:ખી થાય છે.

❊ રાજા પરીક્ષિત પાંડવપૌત્ર હતા. રાજ્ય, સત્તા, કીર્તિ, વૈભવ અને લક્ષ્મીથી સુખી-સંપન્ન રાજા પરીક્ષિત શિકાર કરવા જંગલમાં ગયા હતા. પાણીની તરસ લાગી, તેથી શમીક ઋષિના આશ્રમમાં આવ્યા. શમીકઋષિ તો ધ્યાનાવસ્થામાં હતા, તેથી પાણી ન આપી શક્યા. તેમાં પરીક્ષિત રાજાને પોતાનું અપમાન લાગ્યું. અભિમાનને વશ થઈને ઋષિના ગળામાં તેમણે મરેલો સર્પ નાંખ્યો. ઋષિના પુત્રે આ જોઈને, 'પરીક્ષિતનું સાત દિવસમાં તક્ષક નાગ કરડીને મૃત્યુ થજો' એમ શાપ આપી દીધો ! ઋષિના પુત્રને પરીક્ષિતના આ દુષ્કૃત્યનો ખ્યાલ આવતા તેણે પરીક્ષિતને શાપ આપ્યો.

ઋષિ સાથે અવિવેક કર્યો તો મોત આવી પહોંચ્યું !

❊ કબીરજી આ અંગે ચેતવણી આપતાં કહે છે કે

કબીર ગર્વ ન કીજિયે, ચામ લપેટી હાડ,
એક દિન તેરા છત્ર સિર, દેગા કાળ ઉખાડ.

◎ શ્રીમદ્ ભાગવત મહાપુરાણના ચોથા સ્કંધમાં દક્ષ પ્રજાપતિનું આખ્યાન છે.

એક વાર પ્રજાપતિના યજ્ઞનું આયોજન થયું હતું. તેમાં બધા મોટા મોટા ઋષિઓ, દેવતાઓ, મુનિઓ એકત્ર થયા હતા. તે સભામાં દક્ષ પ્રજાપતિનું આગમન થયું. બધાએ તેમને આસન પરથી ઊઠીને સન્માન આપ્યું, પણ મહાદેવજી તરફથી કોઈ પણ પ્રકારનું સન્માન ન થયું. આથી દક્ષ ક્રોધે ભરાયા અને શિવજીને ખરાબ વચનો કહી અપમાનિત કર્યા અને શાપ આપ્યો. તે વખતે પોતપોતાના પક્ષ માટે નંદી અને ભૃગુઋષિએ પણ સામસામે શાપ આપ્યા. દક્ષે પોતાના અપમાનનો બદલો લેવા યજ્ઞનું આયોજન કર્યું અને તેમાં શિવજીને ન આમંત્ર્યા. યજ્ઞમાં પણ તેમનો ભાગ ન રાખ્યો. સતીને આ યજ્ઞની જાણ થતાં મહાદેવજીના રોકવા છતાં પિતાને ઘેર ગયાં. ત્યાં કોઈએ તેમને બોલાવ્યા નહીં. વળી, શિવજીનો યજ્ઞમાં ભાગ નથી એમ જાણ્યું ત્યારે ક્રોધિત થઈને યજ્ઞમાં જ ક્રોધાગ્નિથી પોતાનું શરીર બાળી દીધું.

મહાદેવજીએ જ્યારે નારદજી પાસેથી જાણ્યું કે દેવી સતીએ પ્રાણ ત્યજી દીધા છે અને તેમના પાર્ષદોની સેનાને યજ્ઞવેદીમાંથી પ્રગટ થયેલા ઋભુઓએ મારી ભગાડ્યા છે ત્યારે તેમને ઘણો ક્રોધ થયો. પોતાની જટામાંથી એક વીરભદ્ર ઉત્પન્ન કર્યો. તેને દક્ષનો અને તેના યજ્ઞના નાશનો આદેશ કર્યો. તે મુજબ વીરભદ્રે યજ્ઞ તોડી દક્ષનું માથું કાપી નાંખ્યું અને યજ્ઞના દક્ષિણાગ્નિમાં નાંખી દીધું.

બ્રહ્માજી અને દેવતાઓની વિનંતીથી શિવજી પ્રસન્ન થયા અને તેમના આદેશથી દક્ષને બકરાનું મુખ જોડવામાં આવ્યું. ત્યારબાદ દક્ષે શિવજીની માફી માંગી. માનને લીધે દક્ષ વિવેક ચૂકી ગયા અને શિવજીની સામે પડ્યા. પરિણામે તેમને કેટલું બધું સહન કરવું પડ્યું ?!

૪. ભગવાન-સંતનો દ્રોહ થાય :

❊ એક કવિએ કહ્યું છે કે,

લેને કો સત નામ હૈ, દેને કો અન્નદાન,
તરને કો હૈ દીનતા, ડૂબન કો અભિમાન.

* વિદુરનીતિ કહે છે કે રૂપને વૃદ્ધાવસ્થા હરી લે છે, મૃત્યુ પ્રાણને હરી લે છે, કામ લજ્જાને હરે છે ... પરંતુ અભિમાન તો સર્વસ્વ હરી લે છે. એટલે જ તો અહીં પંક્તિમાં કહે છે કે ડૂબન કો અભિમાન.
* અભિમાની ભક્તની ભક્તિ પણ જ્યાં સુધી માન ઘવાયું નથી, ત્યાં સુધી જ સરસ લાગે છે. પરંતુ ભગવાન કે સત્પુરુષ માનનું ખંડન કરે ત્યારે એ ભક્તિ દ્રોહમાં રૂપાંતર પામી જાય છે.
* શાસ્ત્રીજી મહારાજના અનન્ય નિષ્ઠાવાન સત્સંગી સોખડાના ત્રિભોવનદાસ ગોપાળભાઈ ભક્તિ ને સેવામાં અગ્રેસર હતા. શાસ્ત્રીજી મહારાજ સમક્ષ કીર્તનો ગાય ને સેવા પણ સારી કરે. બોચાસણ મંદિરનો પ્રથમ વાર ખરડો આણંદમાં થયો ત્યારે ત્રિભોવનદાસે રૂપિયા પાંચ હજારની સેવા લખાવેલી. વળી, બોચાસણ મંદિરની સેવા માટે તેમણે પોતાની ખેતી બંધ રાખી છ ગાડાં અને છ બળદની જોડ શાસ્ત્રીજી મહારાજને આપી દીધી હતી, પરંતુ તેમને પીજના મોતીભાઈ સાથે હેડો બંધાઈ ગયો (અતિશય હેત થઈ ગયું). આ બંધન કેમ તોડાવવું તે અંગે મોતીભાઈએ શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું. શાસ્ત્રીજી મહારાજે પ્રત્યુત્તર આપ્યો કે તમારે ત્રિભોવનભાઈની ઉપેક્ષા કરવી. ત્રિભોવનભાઈએ આ વાત જાણી ત્યારે તેમનું માન ઘવાયું. અભિમાનનું ખંડન થતાં જ શાસ્ત્રીજી મહારાજમાં મનુષ્યભાવ પરઠાઈ ગયો. અંતે આણંદ રેલવે સ્ટેશન ઉપર શાસ્ત્રીજી મહારાજને લાકડી લઈ મારવા માટે પાછળ પડ્યા. ઉપસ્થિત હરિભક્તોએ તેઓને વારી લીધા, પરંતુ ભક્તિની લીલીછમ વસંત અભિમાનના એક ગરમ ઉચ્છ્વાસમાં ક્યાંય સુકાઈને ભસ્મ થઈ ગઈ!
* શ્રીજીમહારાજ આવા ભક્ત વિષે **વચનામૃત લોયા-૧૭**માં કહે છે કે ‘એને જ્યાં સુધી કોઈક ધક્કો નથી લાગ્યો ત્યાં સુધી નભ્યો જાય છે, પણ જ્યારે કોઈક મોટા સંત અથવા ભગવાન તે માનને ખોદશે તથા સ્વાદ, દેહાભિમાન, લોભ, કામ, ક્રોધ એને ખોદશે ત્યારે એને જરૂર તે સંતનો અભાવ આવશે, ત્યારે એ સંતનો દ્રોહ કરશે ને સત્સંગમાંથી વિમુખ થશે ’

◎ તત્કાલીન સમાજમાં અનેક પ્રકારનાં અંતરાયો અને વિઘ્નો વચ્ચે ઝિંઝાવદરના અલૈયા ખાચરે અનેક મનુષ્યોને સત્સંગનો રંગ લગાડ્યો હતો. સત્યનિષ્ઠ, બ્રહ્મચર્યનિષ્ઠ અને ભક્તનું બિરુદ પામેલા આ અલૈયાખાચર અભિમાન છોડી શક્યા નહીં.

શ્રીજીમહારાજે એક વાર સભામાં મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યો, ‘સૌથી મોટા હરિભક્ત કોણ?’ મુક્તાનંદ સ્વામી કહે, ‘દાદાખાચર.’ અલૈયા ખાચર હાજર હતા. તેમને બહુ ખરાબ લાગ્યું કે, ‘મારું નામ કેમ ન બોલ્યા ?’ તેમને થયું કે ‘બીજા નંબરમાં તો બોલશે જ.’ પણ બીજા નંબરે ‘સુરાખાચર’, ત્રીજા નંબરે ‘માંચા ખાચર’ એમ મુક્તાનંદ સ્વામી બોલ્યા.

અલૈયાખાચરના માનનો ભંગ થયો. આવેશના વેગથી તલવારની મૂઠ ઉપર તેમનો હાથ ગયો. શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને રોક્યા અને કહ્યું, ‘આમાં તમે કાંઈ સમજ્યા નહીં. અલૈયો તે અલૈયો. બીજા ગમે તેવા ભક્ત હોય પણ આવા નિષ્કામી વર્તમાન પાળનાર અલૈયાની તોલે કોઈ ન આવે.’ આટલું સાંભળી અલૈયાખાચરે તલવાર મ્યાન કરી દીધી. પોતે રાજી થયા.

શ્રીજીમહારાજે **વચનામૃત લોયા-૧૭**માં આ પ્રસંગને ઉદ્દેશીને જ વાત કરી કે, ‘પંચવિષયનો અત્યંત અભાવ ન થયો હોય... તો મુક્તાનંદ સ્વામી જેવાનું માથું શસ્ત્રે કરીને મૂકાવી દે એવો દ્રોહ કરે...’

એક વખત શ્રીજીમહારાજ ભક્તમંડળ સાથે ઉન્મત્તગંગામાં સ્નાન કરીને ‘ડૂબકીદાવ’ રમતા હતા. ડૂબકી મારીને એકબીજાને પકડવાની રમત જામી હતી. શ્રીજીમહારાજે ડૂબકી મારી અલૈયાને પાણીની અંદર ઉછાળીને નાખ્યા. અલૈયાની ફાંદ મોટી હતી. મહારાજે પગને અંગૂઠે ફાંદે વીંટેલી ધોતિયાની ગાંઠ છોડી નાખી. અલૈયો ઉઘાડો થઈ ગયો ને ઝાંખો પડી ગયો. મહારાજ તો દેખાયા જ નહીં ને દૂર જઈને નીસર્યા. સૌ હસવા લાગ્યા.

અલૈયાખાચરે શ્રીજીમહારાજ પાસે ધોતિયું પરત માંગ્યું, પણ પાછું ન મળતાં તેને ખૂબ દુઃખ થયું. શ્રીજીમહારાજ માટે જેમ તેમ બોલવા લાગ્યો અને ક્રોધમાં આવી એ જ દશામાં ચાલી નીકળ્યો. પછી તો જેટલાને સત્સંગ કરાવ્યો હતો તેટલાને 'ગઢડે જશો નહીં, ત્યાં તો ભગવાન નથી, પૂરબિયો બ્રાહ્મણ છે.' એમ કહી પાછા પાડ્યા.

◎ મનુષ્યભાવ Atom bomb છે. આ બોમ્બ પોતાનો તો નાશ કરે જ છે. સાથે સાથે પોતાનો સંગ કરનાર અનેકનો વિધ્વંસ કરી નાંખે છે.

◎ રાવણ જન્મજાત બ્રાહ્મણ હતો. વેદવિદ્યામાં પારંગત ને વળી અતિશય પરાક્રમી હતો. બ્રહ્માજી અને શિવજી પાસેથી તપ કરીને વરદાન પ્રાપ્ત કર્યાં, તેમાં અતિશય અભિમાની બની ગયો. તપનું અભિમાન, બળનું અભિમાન, જ્ઞાનનું અભિમાન અને કુળના અભિમાનમાં મદોન્મત્ત બનેલો રાવણ ભગવાન રામ સાથે યુદ્ધ છેડી બેઠો. ભગવાન પાસે પણ અભિમાન મૂકી ન શક્યો. તેની આસુરી બુદ્ધિએ તેને ભગવાન સાથે યુદ્ધ કરવા પ્રેર્યો. પરિણામ આવ્યું... રાવણ લંકા સહિત નાશ પામ્યો !

જે ભગવાન અને સંતને સાધના કરી પ્રસન્ન કરવાના છે, આ દેહ મૂકી જેમને પામવાના છે, તે જ ભગવાન અને સંત સાથે યુદ્ધ થાય તે દેહાભિમાનનું કાર્ય છે.

◎ આપણને સ્વાભાવિકપણે મનમાં વિચાર આવે કે, આપણે ક્યાં ત્રિભોવનદાસ, અલૈયાખાચર અથવા રાવણની કક્ષાએ પહોંચ્યા છીએ અથવા પહોંચવાના છીએ ? પણ આપણે યાદ રાખવું જોઈએ કે વૃક્ષ સીધું જમીનમાંથી નથી ઊગતું, પરંતુ બીજમાંથી છોડ થાય છે અને છોડમાંથી વૃક્ષ. તેમ કોઈ વ્યક્તિ જન્મની સાથે દ્રોહ નથી કરતો, પરંતુ જેમ જેમ દેહાભિમાનનું પોષણ થતું જાય, તેમ તેમ તેની અવનતિ થતી જાય છે.

માટે જ્યાં સુધી નિર્વાસનિક નથી થયા, બ્રહ્મરૂપ નથી થયા ત્યાં સુધી જાણપણું તો રાખવું જ પડે.

● **માન જીતવાનો ઉપાય કયો ?**

❊ શ્રીજીમહારાજ **વચનામૃત ગઢડા પ્રથમ-૫૯**માં કહે છે, ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણીને પોતે દેહે કરીને નમસ્કાર કરે, તેમની સેવાચાકરી કરે અને જો હૈયામાં માનનો સંકલ્પ થાય તો તેને ઓળખે ને વિચારનું બળ રાખે તો માન ટળી જાય. ગુણાતીત ગુરુપરંપરામાં દરેક સત્પુરુષ અતિશય નિર્માનીભાવે જ વર્ત્યા છે. નિર્માનીપણું તેમને સ્વયંસિદ્ધ છે. ગુરુપરંપરાને આપણા જીવનનો આદર્શ બનાવીએ અને અંતર્દષ્ટિ કરીએ તો તેમની જેમ નિર્માની થઈ શકાય છે.

❊ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ મંદિરની નાની-મોટી તમામ પ્રકારની સેવામાં જોડાઈ જતા. ૮૨ વર્ષની ઉંમરે પણ ગુણાતીતાનંદ સ્વામીને મંદિરનો ચોક વાળતા જોઈને તરણેતર મંદિરના મહંત અચંબામાં મુકાઈ ગયા હતા ! સ્વામીએ તો સહજ કહી દીધું કે નિર્માની થઈને સેવા કરે તે મહંત!

❊ અનેક પ્રકારના વિરોધો, અપમાનો, તિરસ્કારો વેઠીને પણ ભગતજી મહારાજ સ્થિતપ્રજ્ઞ રહ્યા છે. જ્ઞાનનું કે ધ્યાનનું, સેવાનું કે ભક્તિનું અભિમાન એમને સ્પર્શી શક્યું જ નથી. અતિશય દાસભાવે વર્ત્યા. જ્યારે વરતાલના કોઠારી ગોવર્ધનભાઈએ, 'તમને અખંડ સુખ કેમ વર્તે છે ?' એવો પ્રશ્ન પૂછ્યો ત્યારે ભગતજી મહારાજે એટલું જ કહ્યું, 'હું તો દરેક સત્સંગી-સાધુને બ્રહ્મની મૂર્તિ માનું છું. તમે પણ બ્રહ્મની મૂર્તિ સમજો તો શાંતિ થશે.' જે સત્પુરુષ સામાન્ય જીવનો પણ આટલો ઊંચો મહિમા સમજતા હોય, તેને અહંકાર ક્યાંથી અડકી શકે ? અભિમાન આવે જ નહીં.

❊ પ્રમુખસ્વામી મહારાજ અત્યંત અહંશૂન્ય પુરુષ ! અનેક પ્રકારની સિદ્ધિઓ, માન-સન્માન મળવા છતાં ક્યારેય અહંકાર સ્વામીશ્રીના ચિત્તમાં સ્થાન જમાવી શક્યો નથી.

❊ ભારત સાધુસમાજના અગ્રેસર સ્વામી હરિનારાયણાનંદજી ઘણી વખત કહેતા કે 'મૈંને મેરી જિંદગી મેં પ્રમુખસ્વામી જૈસે નિર્માની સંત કહીં ભી નહીં દેખે હૈં!'

❊ એક વાર એક યુવકે સ્વામીબાપાને પ્રશ્ન પૂછ્યો હતો કે 'આપનાં આટલાં બધાં વખાણ થાય છે તો આપ કયો વિચાર કરો છો ?' સ્વામીબાપાએ તરત જ કહ્યું કે 'આપણે ક્યાં કર્તા છીએ ! મહારાજ અને સ્વામીની ઇચ્છાથી, એમની શક્તિથી બધું કાર્ય થાય છે !'

❊ સ્વામીબાપાને કોઈકે પૂછ્યું : આપને શું થવું ગમે? સ્વામીબાપા તરત જ બોલી ઊઠ્યા : સેવક !

❊ સ્વામીબાપાનું સમગ્ર જીવન જ અહંશૂન્ય હતું. સંસ્થાના પ્રમુખ તરીકે નિમાયા ત્યારે પણ વાસણ ઊટક્યાં હતાં. તેઓ સેવાની તક શોધતા. સ્વામીબાપાનું વર્તન જ અનેકને આ માર્ગે આગળ વધવા પ્રેરણા આપી રહ્યું છે.

◎ ઝેકોસ્લોવેકિયા દેશના પ્રો. યોરોસ્લાવ ફ્રીચ કે જેમની સાથે ૧૯૫૮ની સાલમાં રશિયન ગવર્મેન્ટે પોતાના પ્રચાર માટે કરાર કરેલા, જેમણે ૧૦ વર્ષ સુધી ઈરાનના શાહ સાથે રહીને કામ કરેલું, જાપાનમાં સોકોગકાઈ નામની બુદ્ધ ધર્મની એક મોટી શાખાના વડા ઈકેડાએ જેમને આમંત્રણ આપેલું ને લગભગ ૫૦૦૦ સ્વયંસેવકોએ એમનું સ્વાગત કરેલું, જેમણે ૭૦ દેશોમાં કામ કરેલું અને જેમણે (ગાંધીનગર) અક્ષરધામમાં મલ્ટીમીડિયા શો કર્યો હતો એવા પ્રો. ફ્રીચને ૧૯૯૩ની સાલમાં જર્મનીમાં આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળ્યો હતો.

તેઓ પ્રમુખસ્વામી મહારાજના પ્રસંગમાં આવ્યા. જ્યારે અક્ષરધામના મલ્ટીમીડિયા શોનું એડીટિંગ પૂર્ણ થયું અને કોઈ પણ ઠેકાણ ફિલ્મમાં એમનું કે એમની કંપનીનું નામ એમણે મૂક્યું નહીં ત્યારે સંતોએ તેમને પૂછ્યું કે, 'જગતમાં તો કોઈ માણસ પાંચ મિનિટની ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવે તો એમાં પણ ડાયરેક્ટર, એક્ટર, મ્યુઝિશિયન વગેરેનાં નામ હોય, ને તમે આટલું મોટું કાર્ય કર્યું એમાં તમારું નામ કેમ નથી ?' ત્યારે પ્રો. ફ્રીચે કહ્યું, 'I am not a fool to write my name. પોતાનું નામ લખનારો હું કોઈ મૂર્ખ નથી. આ આખા અક્ષરધામ સંકુલમાં તેના રચયિતા પ્રમુખસ્વામી મહારાજના નામની એકપણ તકતી મેં જોઈ નથી. વળી, આ સંકુલની રચનામાં ઘણા સંતો-હરિભક્તોનો ફાળો હોવા છતાં કોઈનાય નામની મેં તકતી જોઈ નથી, તેમાંથી હું આટલી તો પ્રેરણા લઉં!'

વર્તમાનકાળે પ.પૂ. મહંતસ્વામી મહારાજ આવા અનેક સદ્‌ગુણોના ધારક સંત છે, જેમના જીવનમાંથી અનેક મુમુક્ષુઓ આગળ વધવા પ્રેરણા લઈ રહ્યા છે.

❊ ૨૦૧૬, પ્રમુખસ્વામી મહારાજના ૯૬મા જન્મજયંતી મહોત્સવમાં મહંતસ્વામી મહારાજ સુરત પધાર્યા ત્યારે રોજ હજારો હરિભક્તો હાથ જોડી એકચિત્તે તેઓનાં દર્શન કરે, ત્યારે એક વાર સ્વામીશ્રી સહેજે બોલ્યા, 'આ બધું ઠાકોરજીને લીધે જ છે. મારી જય બોલાય ત્યારે ઠાકોરજી અને અક્ષરપુરુષોત્તમ મહારાજનું સન્માન છે, એમ ધારીને આપણે છૂટા. ડોક્ટર સ્વામી વગેરે દંડવત્ કરે તો ઠાકોરજીને બાયપાસ કરી દઉં. પા ટકાનોય ભાર નહીં, બધું મહારાજ પર, આપણે છૂટાને છૂટા.'

❊ સ્વામીશ્રીએ એક વાર નિર્માની થવા બળ આપતાં કહ્યું હતું કે, 'નિર્માનીને બધાને રાજી કરવાનું, બધાની સેવા કરવાનું મન થાય. આપણને માન ન આવી જાય તેનું ધ્યાન રાખવું, છતાં આવી જાય તો દાબી દેવું. એને ચોર સમજવો, એની સાથે ફાઈટ (લડાઈ) લેવી.'

❊ ચાલો, આપણે પણ આપણા પ્રાણપ્યારા ગુરુવર્યોનાં જીવનમાંથી પ્રેરણા લઈને અહંકારનો નાશ કરીએ, સેવા ને સમજણ શીખી સૌને નમતા રહીએ. આવા નિર્માની ભક્ત ઉપર જ ભગવાન અને સત્પુરુષની અતિશય મોટી કૃપા ઊતરતી હોય છે.

સ્વામીની વાત : પ્રકરણ - ૬ : વાત - ૨૮૧

સ્વામિનારાયણ હરે, સ્વામીએ વાત કરી જે...
કલ્યાણના માર્ગમાં વિઘ્ન કરનારા ઘણા. તેને ઓળખી રાખવા.

❊ ગુણાતીતાનંદ સ્વામી આ વાતમાં મોક્ષમાર્ગમાં આપણને આવતા અનેકવિધ અવરોધ સામે સાવધ રહેવાની શીખ આપે છે. મુમુક્ષુને આવતા આવા વિઘ્નોમાં કેટલાક બહારના છે ને કેટલાક પોતાના અંદરના છે. પોતાના વિઘ્નો એટલે સ્વભાવો ને આ સ્વભાવોમાં સૌથી મોટો વિઘ્નકારી સ્વભાવ છે માન.

એક કવિએ કહ્યું છે :

લેને કો સત નામ હૈ, દેને કો અન્નદાન,
તરને કો હૈ દીનતા, ડૂબન કો અભિમાન.

❊ માનવમાત્ર નહિ પરંતુ જીવપ્રાણીમાત્ર જેને ઇચ્છે છે તેવું એક તત્ત્વ છે માન. જેને અહં, અહંકાર, ઘમંડ, અભિમાન તથા દેહાભિમાન એમ જુદાં જુદાં નામોથી ઓળખવામાં આવે છે.

❊ વિદુરનીતિ કહે છે કે રૂપને વૃદ્ધાવસ્થા હરી લે છે, મૃત્યુ પ્રાણને હરી લે છે, કામ લજ્જાને હરે છે ... પરંતુ અભિમાન તો સર્વસ્વ હરી લે છે. એટલે જ તો અહીં પંક્તિમાં કહે છે કે ડૂબન કો અભિમાન.

❊ રાવણ જન્મજાત બ્રાહ્મણ હતો. વેદવિદ્યામાં પારંગત ને વળી અતિશય પરાક્રમી હતો. ભગવાન શંકર પાસેથી તપ કરીને વરદાનો પ્રાપ્ત કર્યાં, તેમાં અતિશય અભિમાની બની ગયો. તપનું અભિમાન, બળનું અભિમાન, જ્ઞાનનું અભિમાન અને કુળના અભિમાનમાં મદોન્મત્ત બનેલો રાવણ ભગવાન રામ સાથે યુદ્ધ છેડી બેઠો. પરિણામ આવ્યું ... રાવણ લંકા સહિત નાશ પામ્યો !

❊ માન રાખવું પ્રથમ તો સ્વાદિષ્ટ લાગે છે, પરંતુ તેનો અંત હળાહળ વિષ જ છે. સદ્. મુક્તાનંદ સ્વામી ઘણી જ સરળતાથી આ વાત સમજાવે છે,

સાંભળ બેની હરિ રીઝયાની રીતડી,
મોહનવરને માન સંગાથે વેર જો,
સાધન સર્વે માન બગાડે પળ વિષે,
જેમ ભળિયું પયસાકરમાં અહિઝેર જો ...

(અહિ = સાપ, ઝેર = વિષ)

❊ અનેક પ્રકારની શ્રેષ્ઠ આધ્યાત્મિક સાધનાને અભિમાન ક્ષણવારમાં ભસ્મીભૂત કરી નાંખે છે; જેમ દૂધ-સાકર જેવા અમૃત સમાન અન્નને વિષે સર્પનું ઝેર પડે તો તે બધું જ ઝેર બની જાય છે.

❊ શ્રીજી મહારાજ વચનામૃત **લોયા ૬**માં જણાવે છે કે દેહાભિમાનરૂપ દોષ છે, તો તેમાં સર્વે દોષ રહ્યા છે. ને તેનો ત્યાગ કરે તો સર્વે દોષનો ત્યાગ થઈ જાય છે.

❋ અર્થાત્ દેહાભિમાનને સાથે રાખીને જે કાંઈ સાધના કરે છે તે સર્વે અંતે દેહાભિમાનને લીધે શૂન્ય, દોષરૂપ બની જાય છે.

❋ તત્કાલીન સમાજમાં અનેક પ્રકારનાં અંતરાયો અને વિઘ્નો વચ્ચે ઝિંઝાવદરના અલૈયા ખાચરે અનેક મનુષ્યોને સત્સંગનો રંગ લગાડ્યો હતો. સત્યનિષ્ઠ, બ્રહ્મચર્યનિષ્ઠ અને ભક્તનું બિરુદ પામેલા આ અલૈયા ભક્તરાજ અભિમાન છોડી શક્યા નહિ. તેથી જ્યારે ભગવાન સ્વામિનારાયણે જળક્રીડા કરતી વખતે ગમ્મતમાં જ તેમની પોતડી ખેંચી, તેમના અભિમાન પર પ્રહાર કર્યો. ત્યારે અલૈયા ખાચરે સત્સંગ મૂકી દીધો. સત્સંગનો રંગ ઊતરી ગયો અને અભિમાનનું વિષ રગેરગમાં વ્યાપી ગયું.

❋ શ્રીજી મહારાજ આવા ભક્ત વિષે કહે છે કે એને જ્યાં સુધી કોઈક ધક્કો નથી લાગ્યો ત્યાં સુધી નભ્યો જાય છે, પણ જ્યારે કોઈક મોટા સંત અથવા ભગવાન તે માનને ખોદશે તથા સ્વાદ, દેહાભિમાન, લોભ, કામ, ક્રોધ એને ખોદશે ત્યારે એને જરૂર તે સંતનો અભાવ આવશે, ત્યારે એ સંતનો દ્રોહ કરશે ને સત્સંગમાંથી વિમુખ થશે ... **(લોયા : ૧૭)**

❋ દેહાભિમાન વિનાશને જ નોતરે છે. પરંતુ માન અંતરમાં ઉદ્ભવે છે તેથી એને જોઈ શકાતું નથી. ક્રોધ - ઈર્ષ્યા અને અવિવેક એની પ્રજા છે, જેને આધારે માનનું તારણ-અનુમાન કરી શકાય છે. વિનાશનું નિમિત્ત બનનારું માન દેવતાઓને પણ છોડતું નથી.

❋ દક્ષ પ્રજાપતિ દેવોની સભામાં પધાર્યા, ત્યારે બધા જ દેવતાઓએ દક્ષનો આદર-સત્કાર કર્યો. આ સભામાં ભગવાન શંકર પણ બેઠા હતા. તેઓ ધ્યાનસ્થ હોવાથી ઊભા થઈ શક્યા નહિ. દક્ષનું અભિમાન ઘવાયું. તેણે શંકરનું માનખંડન કરવા યજ્ઞ યોજ્યો. શંકરને જ આમંત્રણ આપ્યું નહીં. અંતે શંકરની મરજી લોપીને આવેલાં સતી-પાર્વતીએ યજ્ઞમાં બલિદાન આપ્યું. જેને પરિણામે શંકરના ગણોએ દક્ષના યજ્ઞનો વિનાશ કર્યો ને દક્ષનું મસ્તક પણ છેદી નાખ્યું !

❋ જ્ઞાનીઓ, મુનિઓ, દેવતાઓને પણ અભિમાને પરાજિત કરી દીધા છે. દુર્વાસા તો મહાન ઋષિ કહેવાય. તેઓ બદરિકાશ્રમની સભામાં પધાર્યા. ઋષિમુનિઓ તથા ભગવાન નારાયણથી સન્માન ન થઈ શક્યું ને દુર્વાસાનું માન ઘવાયું ! તેમણે તરત જ દરેકને શાપ આપી દીધો !

❋ માનની વિશિષ્ટતા કઈ ? તો શ્રીજી મહારાજ વચનામૃત **સારંગપુર - ૮**માં કહે છે કે, માનમાંથી ક્રોધ, ઈર્ષ્યા, મત્સર અને અસૂયા પ્રવર્તે છે. માન છે તે ક્રોધ, મત્સર, ઈર્ષ્યા ને દ્રોહ તેનો આધાર છે **(વરતાલ. ૧૧)**

❋ માન સર્વે પાપનું મૂળ છે. એક જ દોષ બીજા ક્રોધ, ઈર્ષ્યા જેવા દોષોનો આધાર છે.

કોટિ કરમ લાગે રહે, એક ક્રોધ કી લાર,
કિયા કરાયા સબ ગયા, આયા જબ હુંકાર.

❋ શેખજી મુસ્લિમ હોવા છતાં શ્રીજી મહારાજના ભક્ત થયા હતા. સિંધમાં સત્સંગ કરાવવા શ્રીજીએ તેમને સમાધિ કરાવી શકે તેવું ઐશ્વર્ય આપીને મોકલ્યા. પરંતુ તેઓને અહંકાર આવી ગયો. સિંધમાં જઈ શક્યા જ નહિ ને વચ્ચે જ ભગવાન થઈ બેસી ગયા. મહારાજે શેખજીને પાછા બોલાવવા માણસ મોકલ્યો, પરંતુ અભિમાનથી છાકટા બનેલા શેખજીએ તો 'કૌન હૈ સહજાનંદ ?' એમ સંભળાવી દીધું. અભિમાનના મદમાં આ સમાધિનું ઐશ્વર્ય મહારાજે આપ્યું હતું તે ભુલાઈ ગયું. મહારાજે તરત જ ઐશ્વર્ય ખેંચી લીધું ને શેખજી મડદા જેવા નિસ્તેજ બની ગયા.

❋ સત્સંગમાં અભિમાન કેવું અધોગામી પરિણામ લાવે છે તેનું સુંદર શબ્દચિત્ર આલેખતાં નિષ્કુળાનંદ સ્વામી ચોસઠપદીના ૩૧મા પદમાં કહે છે કે ...

જેણે ગણ્યો પોતામાં ગુણ, જાણ્યું હું પણ છું કોઈ કામનો રે,
ત્યારે કો'ને વધ્યો કુણ, લેતાં આશરો સુંદર શ્યામનો રે,

જ્યારે કરી દીનતા ત્યાગ, અંગે લીધો અહંકારને રે,
ત્યારે મળ્યો માયાને લાગ, ખરો કરવા ખુવારને રે,
પછી પ્રભુ પામવા કાજ, જે જે કર્યું હતું આ જગમાં રે,
તે તો સર્વે ખોયો સાજ, પડ્યો ઠાઉકો જઈ ઠગમાં રે.

❊ ભગવાનના આશ્રયે જ ભક્તનું શ્રેય છે. પરંતુ ગુણના અભિમાનમાં ભક્ત ભગવાનને ભૂલી જાય છે ને ત્યાં જ તેનું અધઃપતન થાય છે.

❊ મહારાજના પરમહંસોમાં કીડીસખી સંગીતકલામાં અત્યંત નિપુણ હતા. કીડીસખીને પોતાની ગાયનકલાનું અતિશય અભિમાન આવ્યું, તો મહારાજે તેનું ખંડન કર્યું. પરિણામે કીડીસખી મહારાજના હાથમાંથી કાંડું છોડાવીને જતા રહ્યા ! જેનાં ગુણગાન દિવસરાત ગાતા હતા તે ભગવાનથી જ કીડીસખી છૂટા પડી ગયા, કારણ - એકમાત્ર અહંકાર.

❊ મહારાજ તો વચનામૃતમાં કહે છે કે જે સેવક માની હશે તે તો કોઈને નહિ ગમતો હોય.અને માની પાસે સેવા કરાવવી તે તો કાળમાં કોદરા ખાવા જેવી છે. (**અમદાવાદ : ૩**) માટે જ ભગવાનને માની ભક્ત લેશ પણ ગમતો નથી.

❊ જુઓ, શ્રીજી મહારાજ **લોયા : ૧૪**માં સ્પષ્ટપણે કહે છે : ક્રોધ, માન, ઈર્ષ્યા એ ત્રણ અંગ જેમાં હોય તે ઉપર બહુ અભાવ રહે છે ...તે તો સત્સંગમાંથી જરૂર પાછા પડી જતા દેખાય છે. માટે એ ત્રણ ઉપર બહુ ખેદ છે.

❊ વડોદરા ગાયકવાડ સરકારની સભામાં મુક્તાનંદ સ્વામીને શાસ્ત્રાર્થ કરવા શ્રીજી મહારાજે મોકલ્યા હતા. જેમાં મુક્તાનંદ સ્વામીની સાધુતા ને વિદ્વત્તાનો વિજય થયો હતો. અત્યંત આનંદજનક સમાચાર સાંભળીને મહારાજ રાજી રાજી થઈ ગયેલા. પરંતુ નિર્વિકલ્પાનંદ ને હરિહર્યાનંદ મુક્તાનંદ સ્વામીનું સન્માન જોઈ શક્યા નહિ. તેમણે કહ્યું : એમાં શું ધાડ મારી ! અમે ગયા હોત તો અમે પણ જીતી આવ્યા હોત. મહારાજ તો આ સાંભળીને અતિશય ઉદાસ થઈ ગયા. અને સત્સંગ છોડી ચાલી નીકળ્યા!

❊ અભિમાની ભક્તની ભક્તિ પણ જ્યાં સુધી માન ઘવાયું નથી, ત્યાં સુધી જ સરસ લાગે છે. પરંતુ ભગવાન કે સત્પુરુષ માનનું ખંડન કરે ત્યારે એ ભક્તિ દ્રોહમાં રૂપાંતર પામી જાય છે.

❊ શાસ્ત્રીજી મહારાજના અનન્ય નિષ્ઠાવાન સત્સંગી સોખડાના ત્રિભોવનભાઈ ગોપાળભાઈ ભક્તિ ને સેવામાં અગ્રેસર હતા. શાસ્ત્રીજી મહારાજ સમક્ષ કીર્તનો ગાય ને સેવા પણ સારી કરે. તેમને પીજના મોતીભાઈ સાથે હેડો બંધાઈ ગયો. આ બંધન કેમ તોડાવવું તે અંગે મોતીભાઈએ શાસ્ત્રીજી મહારાજને પૂછ્યું, શાસ્ત્રીજી મહારાજે પ્રત્યુત્તર આપ્યો કે તમારે ત્રિભોવનભાઈની ઉપેક્ષા કરવી. ત્રિભોવનભાઈએ વાત જાણી ત્યારે તેમનું માન ઘવાયું. અભિમાનનું ખંડન થતાં જ શાસ્ત્રીજી મહારાજમાં મનુષ્યભાવ પરઠાઈ ગયો. અંતે આણંદ રેલવે સ્ટેશન ઉપર શાસ્ત્રીજી મહારાજને લાકડી લઈ મારવા માટે પાછળ પડ્યા. ઉપસ્થિત હરિભક્તોએ તેઓને વારી લીધા, પરંતુ ભક્તિની લીલીછમ વસંત અભિમાનના એક ગરમ ઉચ્છ્વાસમાં ક્યાંય સુકાઈને ભસ્મ બની ગઈ!

❊ માનની આ અવસ્થાને સ્પષ્ટ કરતાં શ્રીજી મહારાજ **લોયા : ૧૭**માં કહે છે કે જે દેહાભિમાની હોય ને પંચવિષયનો અતિશય અભાવ ન થયો હોય તેને જ્યારે સંત એ વિષયનું ખંડન કરે ત્યારે તે સંત મોટેરા હોય તેનો પણ અભાવ આવે ને ભગવાનનો પણ અભાવ આવે. અને ભગવાનનો તો યથાર્થ નિશ્ચય હોય તોપણ જો પંચવિષયનો અત્યંત અભાવ ન થઈ ગયો હોય ને તેની આસક્તિ હોય ને તે વિષયનું મુક્તાનંદ સ્વામી જેવા ખંડન કરે તો તેનું માથું શસ્ત્રે કરીને મુકાવી દે એવો દ્રોહ કરે.

❊ શ્રીજી મહારાજના આ કથન સાથે ઉપરોક્ત પ્રસંગ એકદમ સત્યતાની ખાતરી કરાવી જાય છે. વળી, મહારાજનો સ્વાનુભવ પણ છે.

❊ એક વખત ગઢડામાં મહારાજે મુક્તાનંદ સ્વામીને ઉત્તમ ભક્તોનાં નામ પૂછ્યાં. અલૈયા ખાચર પણ સભામાં જ બેઠા હતા. તેઓના અંતરમાં એમ જ હતું કે મુક્તાનંદ સ્વામી સૌથી પહેલું જ નામ મારું બોલશે. પરંતુ પ્રથમ ત્રણ ભક્તોમાં પણ અલૈયાનું નામ ન આવતાં અલૈયા ખાચર ક્રોધે ભરાયા. કારણ કે અભિમાનનું પોષણ ન થયું ! તેઓનો હાથ તલવારની મૂઠ ઉપર ગયો પણ મહારાજે 'અલૈયો તે અલૈયો' કહીને બાજી સંભાળી લીધી !

❊ માનખંડન મુક્તાનંદ સ્વામી જેવા નિર્મળ સંતનો પણ દ્રોહ કરાવી શકે છે. અલૈયાનું માન અહીં તો ઘવાયું જ નથી, માત્ર પોષણ ન મળ્યું તેમાં પણ તેઓ દાઝી ગયા.

❊ આ મનોવૈજ્ઞાનિક સત્યને શ્રીજી મહારાજે આ રીતે કહ્યું છે : માની હોય તેનો એવો સ્વભાવ હોય જે, જે પોતાને વખાણે તેમાં સો અવગુણ હોય તે સર્વેને પડ્યા મૂકીને તેમાં એક ગુણ હોય તેને બહુ માને, અને જે પોતાને વખાણતો ન હોય ને તેમાં સો ગુણ હોય તે સર્વેને પડ્યા મૂકીને તેમાં કાંઈક જેવો-તેવો એક અવગુણ હોય તેને બહુ માનીને તેનો પ્રથમ તો મન તથા વચન તેણે કરીને દ્રોહ કરે છે, પછી દેહે કરીને પણ દ્રોહ કરે. **(લોયા : ૧૬)**

❊ આમ, માન એ ભારે અંતઃશત્રુ છે. કબીરજી આ અંગે ચેતવણી આપતાં કહે છે કે

કબીર ગર્વ ન કીજિયે, ચામ લપેટી હાડ,
એક દિન તેરા છત્ર સિર, દેગા કાળ ઉખાડ.

❊ રાજા પરીક્ષિત પાંડવપુત્ર હતા. રાજ્ય, સત્તા, કીર્તિ, વૈભવ અને લક્ષ્મીથી સુખી સંપન્ન રાજા પરીક્ષિત શિકાર કરવા જંગલમાં ગયા હતા. પાણીની તરસ લાગી તેથી શમીક ઋષિના આશ્રમ પાસે આવ્યા. શમીકઋષિ તો ધ્યાનાવસ્થામાં હતા, તેથી પાણી ન આપી શક્યા. તેમાં પરીક્ષિત રાજાને પોતાનું અપમાન લાગ્યું. અભિમાનને વશ થઈને ઋષિના ગળામાં તેમણે મરેલો સર્પ નાંખ્યો. ઋષિના પુત્રે આ જોઈને, પરીક્ષિતનું સાત દિવસમાં તક્ષકનાગ કરડીને મૃત્યુ થજો, એમ શાપ આપી દીધો ! 'એક દિન તેરા છત્ર સિર, દેગા કાળ ઉખાડ' -એમ અભિમાનથી મોત આવી પહોંચ્યું !

❊ માટે જ યોગીજી મહારાજ માનને સુપ્રિન્ટેન્ડેન્ટ પ્રકૃતિ કહેતા. વળી, માન એ તો સૂકા હાડકા જેવું છે. શ્રીજી મહારાજ **ગઢડા મધ્ય-૪૧**માં કૂતરાનું દૃષ્ટાંત આપીને કહે છે કે જેમ શ્વાન હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે પછી તેણે કરીને પોતાનું મોઢું છોલાય ને તે હાડકું લોહીવાળું થાય તેને ચાટીને રાજી થાય છે, પણ મૂર્ખ એમ નથી જાણતો જે, મારા જ મોઢાનું લોહી છે તેમાં હું સ્વાદ માનું છું. તેમ ભગવાનનો ભક્ત હોય તોપણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી. અને જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે....

❊ ભગવાનનો ભક્ત પણ જો ભગવાનની પ્રસન્નતા માટે જ સાધન ન કરે, તો માનરૂપી મદ ચઢ્યા વગર રહેતો નથી.

જય-વિજય બંને ભગવાનના જ પાર્ષદ હતા અને દ્વારપાળ તરીકેની સેવા કરતા હતા. છતાં અભિમાનને વશ થઈને સનકાદિક ઋષિઓનું અપમાન કર્યું. તો અસુર યોનિને પામ્યા.

❊ રાધાજી તો ભગવાનનાં ઉત્તમ ભક્ત હતાં. છતાં તેમને પણ અભિમાન આવ્યું, તો શ્રીદામા પાર્ષદ અને રાધાજીને સામસામે શાપ થયા અને ભગવાનના ધામમાંથી પડવું પડ્યું !

❊ સ્વર્ગારોહણ વખતે ધર્મરાજા યુધિષ્ઠિર સિવાયના તમામ ભાઈઓના દેહ જલદીથી પડી ગયા, કારણ અભિમાન.

❊ ભીમને પોતાના બળનું અભિમાન હતું, અર્જુનને બાણવિદ્યાનું, સહદેવને પોતાના ત્રિકાળજ્ઞાનનું ને નકુલને પોતાના રૂપનું અભિમાન હતું !

❊ ભગવાનના ભક્તની પણ આવી સ્થિતિ જોઈને તુલસીદાસ માન વિષે કહે છે કે

કનક તજ્યો કામિની તજ્યો, તજ્યો ધાતુ કો સંગ,
તુલસી લઘુ ભોજન કરી, જીવે માન કે રંગ.

❊ માનને લીધે માનવી કઠિન સાધનાઓ પણ કરી શકતો હોય છે. નીલકંઠવર્ણી વનવિચરણમાં હતા ત્યારે એક બાવા વિશે સાંભળ્યું હતું કે આ મહાત્મા અલ્પ ભોજન કરી વરસમાં એક જ વખત ભોંયરામાંથી લોકોને દર્શન આપવા બહાર પધારે છે. કઠિન સાધના જોઈને હજારો લોકો તેમની ઝાંખી કરવા પડાપડી કરતા.

❊ નીલકંઠવર્ણીએ રાજાને કહીને એવો બંદોબસ્ત ગોઠવાવ્યો કે જે દિવસે મહાત્મા બહાર આવ્યા ત્યારે કોઈ પણ વ્યક્તિ દર્શનાર્થે ગઈ જ નહિ. મહાત્મા નિરાશ થઈ ગયા. તેમણે ઝાડ પર ચડીને પણ દૂર સુધી જોયું, પણ કોઈ જ દેખાયું નહિ. ''કુછ ભી નહિ.'' એમ બોલતાંક જ તેમનો દેહ પડી ગયો અને મહાત્માજીના પ્રાણ નીકળી ગયા. બીજે દિવસે રાજાને આ જોઈ આશ્ચર્ય લાગ્યું! એક વરસ ભૂખે રહેનાર માણસ અચાનક કેમ મરી ગયો ? નીલકંઠવર્ણીએ સાનમાં સમજાવ્યું કે આ મહાત્મા લોકોના માન-સન્માનને આધારે જીવતા હતા. માન ગયું તેની જ સાથે પ્રાણ પણ ચાલ્યા ગયા !

❊ વર્તમાન જગતના કેટલાક સમજુ લેખકો ને ચિંતકો પણ આ વાતનો સ્વીકાર કરે છે કે માનને લીધે જ જગતનું કાર્ય ચાલી રહ્યું છે. માર્ક ટ્વેઈન જાણીતા લેખક તો કહેતા કે હું બે માસ સુધી માત્ર પ્રશંસા ઉપર જીવી શકું.

❊ માન આ જીવાત્માને વિનાશ તરફ જ દોરી જાય છે. શ્રીજી મહારાજ તો ત્યાં સુધી કહે છે કે વૈરાગ્ય અથવા આત્મજ્ઞાન કે ભગવાનને વિષે દૃઢ ભક્તિનું બળ હોય તેના માનને યોગે કરીને જો ગરીબ હરિભક્તને નમાય નહિ અથવા તેની આગળ દીન વચન બોલાય નહિ, તો એ પણ એને મોટી ખોટ છે. જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ તેના માનમાં જે અટંટ રહે તો એ મોટો તો કહેવાય, પણ જેવા નિર્માની ભક્તમાં મોટા ગુણ આવે તેવા મોટા ગુણ એમાં ન આવે. (**ગ.પ્ર.૫૬**)

❊ સદ્‌ગુણનું પણ માન આવે છે. એ માન ભગવાન અને સત્પુરુષમાં મનુષ્યભાવ પરઠાવી દે છે, અને અંતે જીવનું માનમાંથી અતિશય ભૂંડું થાય છે.

❊ વડોદરાના મંદિરમાં સેવા કરતા મંગળિયાને ગોપાળાનંદ સ્વામીની કૃપાથી રાજ્યમાં સારો હોદ્દો મળ્યો. રાજકારભારને કારણે મંગળિયામાંથી તેઓ મંગળદાસ બની ગયા. ઘણા સમયે બે-ચાર રાજપુરુષો સાથે મંગળજી ગોપાળાનંદ સ્વામીને મળવા આવ્યા. ગોપાળાનંદ સ્વામીએ તો સહજભાવેઃ આવ, આવ, મંગળિયા-એમ બોલાવ્યા. તેને બહુ જ ખોટું લાગ્યું! પાછા વળતાં તેણે એક હરિભક્ત દ્વારા સ્વામીને કહેવડાવ્યું કે સ્વામીને કહેજો કે જરા વિવેક શીખે. મને આટલા બધાની વચ્ચે મંગળિયો કહ્યો તે ઠીક ન કહેવાય.

ગોપાળાનંદ સ્વામી તો આ જાણીને કાંઈ બોલ્યા નહિ, ફક્ત-ભલે, મંગળદાસ કહીશું ! એમ કહ્યું. પણ થોડા જ સમયમાં મંગળજી રાજાના ગુનામાં આવ્યા અને હોદ્દેથી ઊતરી જવું પડ્યું !

❊ હનુમાનજીને પણ લંકામાં મૂર્છા પામેલા લક્ષ્મણજી માટે ઔષધિની જગ્યાએ આખો ગંધમાદન પર્વત ઉપાડી લાવતા હતા ત્યારે અભિમાન આવી ગયું હતું. તે ક્ષણે ભરતજીનું બાણ વાગતાં જ હનુમાનજી પર્વત સહિત નીચે પડ્યા. ભરતજીએ હનુમાન પાસેથી સત્ય હકીક્ત જાણી. તેમણે તરત જ હનુમાનજીને સમગ્ર પર્વત સહિત એક બાણ પર બેસાર્યા. મંત્ર ભણીને બાણ ફેક્યું. હનુમાનજી સીધા જ લંકા પહોંચ્યા. તેમનું અભિમાન ઓસરી ગયું.

❊ માટે અસુરથી લઈ ભગવાનના ભક્ત પણ માનની આંટીઘૂંટીમાં આવી જાય છે. તેથી જ ભગવાન

પોતાના ભક્તોની સુરક્ષા કરવા સૌથી પ્રથમ તેનું માન ખાઈ જાય છે. તેથી ભગવાનને ગર્વગંજન કહ્યા છે. કોઈનું પણ અભિમાન તેઓ રહેવા દેતા જ નથી, તો ભક્તનું તો કેમ રહેવા દે ?

❊ ગઢડામાં શ્રીજી મહારાજે સોમબા ફૂઈને કહેલું કે માન અમારું પ્રિય ભોજન છે. ભક્ત પોતાનું માન અર્પણ કરે તેમાં જેટલો હું પ્રસન્ન થાઉં છું એવો બીજી વાતે થતો નથી. માટે ભગવાન ગર્વગંજન છે.

❊ ઉપનિષદની વાર્તા પણ જાણીતી છે. દેવો અસુરો સામેના યુદ્ધમાં જીતી ગયા. તેની ખુશાલીમાં ઈન્દ્રે સભા ગોઠવી. પરંતુ અહીં અગ્નિ, વાયુ, વરુણદેવ બધાને ગર્વ ચડ્યો હતો કે હું હતો એટલે જ યુદ્ધ જીતી શકાયું. ભગવાને યક્ષનું રૂપ લઈને દેવોની સભામાં પ્રવેશ કર્યો. ભગવાનની ઈચ્છાથી કોઈ પણ દેવતા ભગવાને મૂકેલું એક તણખલું એક તસુભાર પણ ખસેડી શક્યા નહિ. અંતે ભગવાનની જ શક્તિથી બધું થાય છે તે ભાન થતાં બધા જ દેવતાઓનો ગર્વ ઓગળી ગયો.

❊ માટે, માની ભક્તના અંતરમાં ઝાઝું બળ હોય નહિ.

- વળી, માન તો નાસ્તિકપણાનો હેતુ પણ છે, કારણ કે નારદ-સનકાદિક જેવા સંત વાત કરે તો તે પણ મનાય નહિ. (ગ.પ્ર. ૬૮)

❊ માની ભક્તની ભક્તિ પણ આસુરી કહેવાય. (**વર.૧૧**) તેથી જ ભગવાન માનનું ખંડન જ કરતા રહે છે.

❊ મહારાજ **ગઢડા પ્રથમ : ૬૨**માં કહે છે કે જે અહંકારને વશ થઈને જેને-તેને દુખવતો ફરે, તો ગર્વગંજન એવા જે ભગવાન તે અંતર્યામી રૂપે સર્વમાં વ્યાપક છે તે ખમી શકે નહિ. પછી ગમે તે દ્વારે પ્રકટ થઈને એ અભિમાની પુરુષના અભિમાનનો સારી પેઠે નાશ કરે છે.

❊ આ માનને ઓળખ્યા પછી નિર્માની ભક્ત થવું એ ભક્તની નિશાની છે. નિર્માની ભક્તમાં અતિશય બળ હોય છે. **મધ્ય : ૪૧**માં મહારાજ કહે છે કે માનને તજીને જે ભગવાનને ભજે છે તેને તો સર્વ હરિભક્તમાં અતિશય મોટો જાણવો.

❊ ગુજરાતીમાં કહેવત છે કે ''નમે તે સર્વને ગમે.'' તેથી માન મૂકે તો માન (આદરભાવ) વધી જતું હોય છે. સત્પુરુષના જીવનમાં નિરહંકારીપણું એકદમ સહજ જોવા મળે છે.

❊ નિષ્કુળાનંદ સ્વામી તો લખી ગયા છે કે જેના નિર્માની ભગવાન, તેના જનને જોઈએ કેમ માન? વળી,

દાસના દાસ થઈને, વળી જે રહે સત્સંગમાં,
ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં.

● માન જીતવાનો ઉપાય કયો ?

❊ શ્રીજી મહારાજ **ગઢડા પ્રથમ-૫૬**માં કહે છે, ભગવાનના ભક્તનું માહાત્મ્ય જાણીને પોતે દેહે કરીને નમસ્કાર કરે, તેમની સેવાચાકરી કરે અને જો હૈયામાં માનનો સંકલ્પ થાય તો તેને ઓળખે ને વિચારનું બળ રાખે તો માન ટળી જાય. ગુણાતીત ગુરુપરંપરામાં દરેક સત્પુરુષ અતિશય નિર્માનીભાવે જ વર્ત્યા છે. નિર્માનીપણું તેમને સ્વયંસિદ્ધ જ છે.

❊ મૂળ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢ મંદિરની નાનીમોટી તમામ પ્રકારની સેવામાં જોડાઈ જતા. ૮૨ વર્ષની ઉંમરે પણ ગુણાતીતાનંદ સ્વામીને મંદિરનો ચોક વાળતા જોઈને તરણેતર મંદિરના મહંત અચંબામાં મુકાઈ ગયા હતા ! સ્વામીએ તો સહજ કહી દીધું કે નિર્માની થઈને સેવા કરે તે મહંત!

❊ અનેક પ્રકારના વિરોધો, અપમાનો, તિરસ્કારો વેઠીને પણ ભગતજી મહારાજ સ્થિતપ્રજ્ઞ રહ્યા છે. જ્ઞાનનું કે ધ્યાનનું, સેવાનું કે ભક્તિનું અભિમાન એમને સ્પર્શી શક્યું જ નથી. અતિશય દાસભાવે વર્ત્યા. જ્યારે વરતાલના કોઠારી ગોવર્ધનભાઈએ, 'તમને અખંડ સુખ કેમ વર્તે છે ?' એવો પ્રશ્ન પૂછ્યો

ત્યારે ભગતજી મહારાજે એટલું જ કહ્યું : હું તો દરેક સત્સંગી-સાધુને બ્રહ્મની મૂર્તિ માનું છું. તમે પણ બ્રહ્મની મૂર્તિ સમજો તો શાંતિ થશે. જે સત્પુરુષ સામાન્ય જીવનો પણ આટલો ઊંચો મહિમા સમજતા હોય તેને અહંકાર ક્યાંથી અડકી શકે ? અભિમાન આવે જ નહિ.

❊ શ્રીજી મહારાજ આવા માનરહિત ભક્તની પ્રશંસા કરતાં વચનામૃત **ગઢડા અંત્ય:૨૬**માં કહે છે: પોતાનો આત્મા તેને બ્રહ્મરૂપ સમજે અને ધર્મમાં દૃઢ રહ્યો હોય અને ભગવાનની અચળ ભક્તિ કરતો હોય... તોપણ સત્સંગમાં કોઈ કાંઈ ન સમજતો હોય ને ભગવાનનો નિશ્ચય તો હોય તેને મોટો જાણે ને તેની આગળ પોતાને અતિતુચ્છ જાણે, અને વાર્તા કર્યામાં પોતાના મુખે કરીને પોતાની સમજણનો કેફ કોઈની આગળ લગાર પણ જણાવે નહિ. એવો જે હોય તે અમને બહુ ગમે.

❊ આ નિર્માનીપણાની અતિ ઉચ્ચ કક્ષા ગુણાતીત સત્પુરુષ સિવાય બીજે ક્યાંય દેખાય નહિ.

❊ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તનના કાર્યમાં તમામ માન-સન્માનો મૂકીને ઝંપલાવી દીધું હતું. શાસ્ત્રીજી મહારાજને વડોદરામાં કૃષ્ણપ્રિયદાસ નામના વિરોધી સાધુએ ક્રોધમાં આવીને લાકડી મારી. લાકડી એટલા વેગથી શાસ્ત્રીજી મહારાજને વાગી કે એના બે ટુકડા થઈ ગયા. શાસ્ત્રીજી મહારાજે તરત જ નીચા નમી લાકડીના બંને ટુકડા કૃષ્ણપ્રિયદાસને પાછા આપ્યા. અજાતશત્રુતા નિર્માનીપણાનું જ બીજું સ્વરૂપ છે ! શાસ્ત્રીજી મહારાજ અજાતશત્રુ પુરુષ હતા. કારણ કે તેઓ સંપૂર્ણ અહંશૂન્ય પુરુષ હતા.

❊ યોગીજી મહારાજ પણ અતિશય નિર્માની ! 'અમે ચાળીસ વરસ સુધી ધોકા ખાધા હતા. તે ખમવાનો સ્વભાવ પડી ગયો છે.' યોગીજી મહારાજના આ કથનમાં તેઓની નિર્માની સાધુતા સ્પષ્ટ જણાઈ આવે છે.

❊ અને આ જ ગુણાતીત પરંપરામાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અત્યંત અહંશૂન્ય પુરુષ ! અનેક પ્રકારની સિદ્ધિઓ, માન-સન્માન મળવા છતાં ક્યારેય અહંકાર સ્વામીશ્રીના ચિત્તમાં સ્થાન જમાવી શક્યો નથી.

❊ ભારત સાધુસમાજના અગ્રેસર સ્વામી હરિનારાયણાનંદજી ઘણી વખત કહે છે કે મૈંને મેરી જિંદગી મેં પ્રમુખસ્વામી જૈસે નિર્માની સંત કહીં ભી નહીં દેખે હૈં ।

❊ એકવાર એક યુવકે સ્વામીશ્રીને પ્રશ્ન પૂછ્યો હતો કે આપનાં આટલાં બધાં વખાણ થાય છે તો આપ કયો વિચાર કરો છો ? સ્વામીશ્રીએ તરત જ કહ્યું કે આપણે ક્યાં કર્તા છીએ ! મહારાજ અને સ્વામીની ઇચ્છાથી, એમની શક્તિથી બધું કાર્ય થાય છે !

❊ સ્વામીશ્રીને કોઈકે પૂછ્યું : આપને શું થવું ગમે ? સ્વામીશ્રી તરત જ બોલી ઊઠ્યા : સેવક !

❊ સ્વામીશ્રીનું સમગ્ર જીવન જ અહંશૂન્ય છે. સંસ્થાના પ્રમુખ તરીકે નિમાયા ત્યારે પણ વાસણ ઊટક્યાં અને આજે વધતી ઉંમરે અને વૃદ્ધાવસ્થામાં પણ નિર્માનીપણે સતત સેવાકાર્યમાં જ જીવન વિતાવી રહ્યા છે.

❊ ચાલો, આપણે પણ આપણા પ્રાણપ્યારા ગુરુહરિના જીવનમાંથી પ્રેરણા લઈને અહંકારનો નાશ કરીએ. સેવા ને સમજણ શીખી સૌને નમતા રહીએ. આવા નિર્માની ભક્ત ઉપર ભગવાન અને સત્પુરુષની અતિશય મોટી કૃપા ઊતરતી હોય છે.

❊ આ માન દોષમાં અનેક દૂષણો હોવા છતાં શ્રીજી મહારાજે એક વાત સ્પષ્ટ શિખવાડી છે કે જેનો સત્સંગ થકી કાંઈક પાછો પગ પડી ગયો હોય તેની આગળ તો માન રાખવું. (**લોયા : ૬**)

❊ વળી, જે સત્સંગનો દ્રોહી હોય તે પરમેશ્વરનું ને મોટા સંતનું ઘસાતું બોલતો હોય તેની આગળ તો માન રાખવું એ જ સારું છે. (**પંચાળા : ૫**)